ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૫૦

સોમવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૦
ફાલ્ગુન ૧૭, ૧૯૩૧ શાકે

થી

શુક્રવાર,તા.૧૨મી માર્ચ, ૨૦૧૦
ફાલ્ગુન ૨૧, ૧૯૩૧ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**છઠ્ઠું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૧૭, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ - ૫૬ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૭ - ૭૯ |
| અરધા કલાકની ચર્ચા નિયમ- ૯૨ | ૮૦ - ૮૬ |
| **મંગળવાર, તા.૯ મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૧૮, ૧૯૩૧ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૮૭ - ૮૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૮૮ - ૧૨૨ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૩ - ૧૩૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૬ - ૨૦૩ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૦૪ - ૨૧૯ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૨૦ - ૨૨૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૨૨ - ૨૩૦ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૨૩૧ - ૨૩૪ |
| **બુધવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૧૯, ૧૯૩૧ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૩૫ - ૨૩૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૩૮ - ૨૪૬ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૪૭ - ૨૭૦ |

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૭૧ - ૨૯૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૨ - ૩૪૫ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૩૪૬ - ૩૪૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૪૮ - ૩૭૨ |
| **ગુરૂવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૨૦, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૭૩ - ૩૮૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૮૫ - ૪૪૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૧ - ૪૭૪ |
| **શુક્રવાર,તા.૧૨મી માર્ચ, ૨૦૧૦ / ફાલ્ગુન ૨૧, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૭૫ - ૪૮૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૮૬ - ૫૬૫ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૫૬૬ - ૫૬૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૬૭ - ૫૬૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૬૮ - ૫૯૬ |


***

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૭, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

*૧૩૭૧૩ **શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૨૨૪૪.

(૨) ૧૧૧૯.

(૩) ૧૧૧૯.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં છેલ્લા ૧૫ દિવસ થયા, છાપામાં એક જાહેરાત આવે છે. (અંતરાય) પ્રશ્ન જ છે કે દરેક ગામડામાં ગરીબ લોકોને છત્ર આપવા માટે કેન્દ્ર સરકાર સહાય આપે છે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નમાં નથી આવતું, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : હું મારો પ્રશ્ન પૂછવા માગું છું કે ગરીબ આવાસ યોજનામાં ગુજરાતમાં કઈ કઈ અને કેટલી યોજનાઓ ચાલે છે. મારો બીજો પ્રશ્ન એ છે કે કેન્દ્ર સરકાર સહાયિત કે જેમાં કેન્દ્રનો હિસ્સો મળતો હોય એવી કેટલી યોજનાઓ છે અને ત્રીજું કે, રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૨૪૪ અરજીઓ આવેલી એમાંથી ૧૧૧૯ મંજૂર કરવામાં આવેલ છે તો ૧૧૧૯ મંજૂર કરી એમાં પહેલો હપ્તો કેટલાને ચૂકવાયો અને બીજો હપ્તો કેટલાને ચૂકવાયો અને જે ૧૧૨૫ અરજીઓ બાકી છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પહેલો પ્રશ્ન છે કે આવાસ માટેની વિવિધ કેટલી યોજનાઓ રાજ્ય સરકાર (અંતરાય) આવાસ યોજનાઓ ચાલે છે એ પૂછી શકે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન રાજકોટ જિલ્લા પૂરતો મર્યાદિત છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હું એમ પૂછું કે આંબેડકર યોજના તો બાકીની કઈ આવાસ યોજનાઓ છે એ પૂછી શકું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : સ્પષ્ટ પ્રશ્ન છે કે જે આંબેડકર આવાસ યોજના છે તેવી રાજ્યમાં કેટલી આવાસ યોજનાઓ છે અને કઈ કઈ યોજનામાં કેન્દ્ર સરકારનો હિસ્સો છે?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન રાજકોટ જિલ્લા પૂરતો મર્યાદિત છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આંબેડકર યોજના પૂરતો છે. આપ આંબેડકર યોજનાની મર્યાદામાં જવાબ આપશો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એમનો જે બીજો પ્રશ્ન હતો કે બે વર્ષમાં જે ૨૨૪૪ અરજીઓ આવી એમાં કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ તથા પડતર કેટલી છે. આ બાબતે જણાવવાનું કે જે ૧૧૨૫ અરજીઓ છે એ નામંજૂર થઈ છે એટલે એક પણ અરજી પડતર નથી.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડૉ. આંબેડકર આવાસ યોજનાની સહાય રાજકોટ જિલ્લામાં ચૂકવવામાં આવી એ સહાયમાં કોઈ વધારો થયો છે કે કેમ? અને થયો હોય તો કેટલો વધારો થયો છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : આ અગાઉ મકાન સહાય યોજનામાં ૪૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવતી હતી. એમાં વધારો કરીને ગયા વર્ષથી આપણે એમાં ૪૩૫૦૦ અને ૬૫૦૦ શ્રમ ફાળો એ રીતે ૩૫૦૦ કેશ વધારવામાં આવ્યા છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૧૧૯ અરજીઓ મંજૂર થઈ એમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી અને પહેલો હપ્તો કેટલો ચૂકવવામાં આવ્યો અને બાકીની કેટલી રકમ ચૂકવવાની છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જે મંજૂર થયેલ અરજીઓ છે એમાં કુલ ૪,૨૩,૩૩,૭૫૦/- રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. એમનો બીજો પ્રશ્ન છે કે પ્રથમ હપ્તો કેટલો અને બીજો હપ્તો. તો ૧૧૧૦ મંજૂર કરવામાં આવી,એના પ્રથમ હપતાના ૨,૨૬,૬૫,૦૦૦ અને બીજા હપતામાં ૯૮૩ અરજીઓમાં ૧,૯૬,૬૮,૭૫૦ ચૂકવવામાં આવ્યા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૨૪૪ અરજીઓ આવી હતી એમાંથી ૧૧૧૯ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજકોટ જિલ્લાની અંદર જે ૧૧૧૯ અરજીઓ મંજૂર થઈ એમાં બી.પી.એલ. પરિવાર ના હોય એવી અરજીઓ હતી કે કેમ? અને જે નામંજૂર થઈ એમાં બી.પી.એલ. ના હોવાના કારણે નામંજૂર થઈ હોય તો આવા જે બાકી રહી ગયેલા બી.પી.એલ. પરિવારો ના હોય એના માટે ખાસ રાજકોટ જિલ્લામાં જોગવાઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન હતો કે બી.પી.એલ.માં ના હોય એવી કેટલી નામંજૂર થઈ તો જે અરજીઓ આવી હતી તે પૈકી ૧૦૪ અરજીઓ ૦ થી ૨૦ ની બી.પી.એલ. યાદીમાં ના હોવાથી નામંજૂર થઈ છે. બીજો પ્રશ્ન એમનો હતો કે આમના માટેનું કોઈ આયોજન છે. ૦ થી ૧૬ રાજ્યની પ્રાયોરિટી રહી છે કે એ સૌથી ગરીબ તબક્કામાં આવે એટલે પ્રથમ ૦ થી ૧૬ ના તબક્કાને પતાવીને પછી ૧૭ થી ૨૦ અને એના પછી બાકીના લોકોને આવાસ યોજનાનો લાભ આપવામાં આવશે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મારા મતવિસ્તારમાં લોધિકા તાલુકો અને કોટડાસાંગાણી તાલુકામાં કેટલી અરજીઓ નામંજૂર થઈ અને કેટલી અરજીઓ મંજૂર થઈ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનો બે તાલુકાનો પ્રશ્ન છે તો લોધિકાની અંદર ૬૪ અરજીઓ મળી. ૩૦ મંજૂર થઈ, ૩૪ નામંજૂર થઈ કોટડાસાંગાણી તાલુકામાં ૯૨ અરજીઓ મળી, એમાંથી ૭૨ મંજૂર થઈ અને ૨૦ નામંજૂર થઈ.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે મોરબી અને માળિયામાં કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ? નામંજૂર થઈ એમને કેટલા સમયમાં દેવા માગો છો?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સાહેબ, મોરબી તાલુકામાં ૮૦ અરજીઓ આવેલી એમાંથી ૩૭ મંજૂર થઈ છે અને ૪૩ નામંજૂર થઈ છે અને જે નામંજૂર થઈ છે એને કોઈ આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી. માળિયા તાલુકામાં એક પણ અરજી નહોતી એટલા માટે એક પણ અરજી મંજૂર થયેલ નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે અનુસૂચિત લાભાર્થીઓ માટે ખાસ આ આવાસ યોજના બનાવવામાં આવેલી હતી. પરંતુ છેલ્લા એક વર્ષથી જ આને બી.પી.એલ.માં યોજનાને આવરી લીધેલ છે, પરિણામે બી.પી.એલ. સિવાયના જે અનુસૂચિત જાતિના લાભાર્થીઓ છે એ લાભાર્થીઓ ઘણાં બધા આનાથી વંચિત રહેવા પામે છે તો આ યોજના પુરતુ જેમ અગાઉ બી.પી.એલ.માંથી મુકિત આપવામાં આવેલી તો સરકાર આ બાબતમાં કોઈ વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હાલમાં નહિ. મેં પહેલા અગાઉ કહ્યું બી.પી.એલ. યાદીને પૂર્ણ કરીએ એના પછી એનો વિચાર થઈ શકશે.

### સાબરકાંઠા જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

*** ૧૨૫૦૯ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સાબરકાંઠા જિલ્લામાંથી તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માનવ ગરિમા યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) આ ચાર તાલુકાઓની કેટલી અરજીઓ પડતર છે, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) અરજીઓ લાંબા સમયથી પડતર રહેવાનાં શાં કારણો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) પત્રક મુજબ

| અનુક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૯૦ |
| ૨ | ઈડર | ૨૭૬ |
| ૩ | વડાલી | ૮૨ |
| ૪ | પ્રાંતિજ | ૪૨ |
| ૫ | તલોદ | ૬૯ |
| ૬ | મોડાસા | ૭૯ |
| ૭ | ધનસુરા | ૫૩ |
| ૮ | વિજયનગર | ૪૮ |
| ૯ | ખેડબ્રહ્મા | ૫૩ |
| ૧૦ | ભિલોડા | ૧૪૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | બાયડ | ૧૦૦ |
| ૧૨ | મેઘરજ | ૨૫ |
| ૧૩ | માલુપર | ૪૭ |
| | કુલ | ૧૨૦૪ |

(૨)

| **અનુક્રમ** | **તાલુકો** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૦૨ |
| ૨ | માલપુર | ૧૩ |
| ૩ | ઘનસુરા | ૧૦ |
| ૪ | બાયડ | ૪૪ |
| | **કુલ :** | **૬૯** |

(૩)

| **અનુક્રમ** | **તાલુકો** | **ના મંજૂર અરજીઓ** |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૦૧ |
| ૨ | માલપુર | ૦૪ |
| ૩ | ઘનસુરા | ૧૦ |
| ૪ | બાયડ | **૧૧** |
| | **કુલ :** | **૨૬** |

એક પણ અરજી પડતર નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનવર ગરિમા યોજના હેઠળ અનુસૂચિત જાતિની મારા મત વિસ્તારમાં કેટલી અરજીઓ મળી એ મારો પ્રશ્ન હતો. એમાં અરજદારોની અરજીઓ મળી લગભગ ૨૨૫. માલપુર, મેઘરજ, બાયડ અને ઘનુસરામાં મળી. ૬૯ મંજૂર કરી છે, ૨૬ ના મંજૂર કરી છે એક પણ અરજી પડતર નથી એવું કીધેલું છે તો પછી ૧૩૦ અરજીઓ પડતર છે તેનું કારણ શું અને કયાં ગઈ એ અરજીઓ? અને બીજો મારો પ્રશ્ન છે કે મેઘરજ અને માલપુરમાં માનવ ગરિમા યોજનાનો લક્ષ્યાંક શું હતો અને લક્ષ્યાંક પૂર્ણ કરવા સરકાર શું ધારે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે મઘરજ, માલપુર, ઘનસુરા અને બાયડ માટેની વાત કરી છે એનો પ્રશ્ન પૂછયો હતો એમાં ૯૨ અરજીઓ મળી, મંજૂર ૬૯ અને ૨૬ ના મંજૂર થઈ છે. જે આ ના મંજૂર થઈ છે એના કારણોમાં એમણે અરજી ફોર્મની સાથે પૂરતા પુરાવા જોઈએ એ આપી શકાયા નથી. અમુક અરજીઓની અંદર આવકના દાખલા રજૂ થયા નથી.માનવ ગરિમા યોજના હેઠળ અગાઉ જેમણે લાભ લીધેલ હોય એમની અરજી નામંજૂર થઈ છે. અમુક અરજીની અંદર તાલુકા કક્ષાની ચકાસણી સમિતિ હોય એમાં ફોર્મની અંદરની વિગતો ખોટી ભરી હોય તો એ પણ નામંજૂર કરવામાં આવી છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરિમા યોજનામાં ભીલોડા અને વિજયનગર તાલુકામાં ૧૪૦ અને ૪૮ એમ કુલ ૧૮૮ અરજી મળી છે તો કેટલી અરજી મંજૂર કરી, લક્ષ્યાંક શું હતો અને કેટલી આરજી નામંજૂર થઈ આ અરજી નામંજૂર થવાના કારણો કયા છે? અને સહાય કીટ તદ્દન નબળી કક્ષાની હતી એના માટે કોઈ અરજી વિભાગને મળી છે કે કેમ અને એના માટે વિભાગે કોઈ પગલાં લીધાં છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પ્રશ્નનો જવાબ એમણે પહેલા આપું તો આ અંગેની કોઈ અરજી વિભાગને મળેલ નથી. બીજો પ્રશ્ન ભીલોડાની કુલ ૧૪૦ અરજી મળી છે એમાંથી ૫૮ મંજૂર થઈ, ૮૨ નામંજૂર થઈ. એ નામંજૂર કારણો અલગ અલગ છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું હિંમતનગર તાલુકામાં આ યોજના હેઠળ કેટલી અરજી આવી?, કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ કેટલી પડતર છે? અને કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? મારલ બીજો પ્રશ્ન છે. આ યોજના હેઠળ સહાયના ધોરણમાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ? જો કરવામાં આવ્યો હોય તો કેટલો અને કયારથી કરવામાં આવેલ છે? ત્રીજો પ્રશ્ન છે આ સહાય કઈ રીતે ચૂકવવા માગો છો? અને કયા કયા ધંધા માટે ચૂકવવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : પહેલો પ્રશ્ન છે હિંમતનગર તાલુકામાંથી ૧૯૦ અરજી મળી છે. એમાંથી ૫૨ મંજૂર થઈ, ૧૩૮ નામંજૂર થઈ અને એક પણ અરજી પડતર નથી. સહાયના ધોરણમાં વધારો કરવામાં આવેલ છે કે કેમ? તો હાજી. અગાઉ માનવ ગરિમા માટેની કીટમાં ૩૦૦૦ આપવામાં આવતા હતા. ગયા વર્ષથી ૧૦૦૦નો

વધારો કરીને ૪૦૦૦ રૂપિયાની કીટ કરી છે. ત્રીજો પ્રશ્ન હતો કયા કયા ધંધામાં મળે? તો ૨૫ જેટલા નાના નાના ધંધા છે. જેના માટે કીટ ૪૦૦૦ મળે છે. સાઈકલ રીપેરીંગ, સુથારી કામ, પેન્ટીંગ, ભરતકામ, બ્યુટીપાર્લર,વાયરમેન,કડિયા કામ વગેરેમાં મળે છે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માલપુર અને મેઘરજમાં કેટલો લક્ષ્યાંક હતો? અને કયારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : તાલુકામાં લક્ષ્યાંક નથી. જિલ્લાના લક્ષ્યાંક નકકી કરીને પછી તાલુકા કક્ષાએ એડજસ્ટમેન્ટ કરતા હોઈએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ લેખિત જવાબ આપ્યો છે. ધનસુરામાં ૫૩, બાયડમાં ૧૦૦, મેઘરજમાં ૨૫, માલપુરમાં ૪૭ કુલ ચાર તાલુકાની ૨૨૫ અરજી આવી છે. સરવાળો આપ્યો નથી પણ મેં કર્યો છે. ૨૨૫માંથી ૬૯ મંજૂર કરી અને ૨૬ નામંજૂર કરી એટલે લગભગ ૯૫ અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે. ૨૨૫માંથી ૯૫ નો નિકાલ થયો. મંત્રીશ્રીએ કહ્યું એક પણ અરજી પડતર નથી. હકીકત એ છે કે ૯૫ સિવાય બાકીની અરજી પડતર જ ગણાય. પડતર નથી એ જવાબ સાચો નથી એમનો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પહેલો પ્રશ્ન બે વર્ષ માટેનો છે અને બીજો પ્રશ્ન છે એમનો એ એક વર્ષ માટેનો પૂછયો છે એટલા માટે આ તફાવત એમને દેખાય છે.

**સાબરકાંઠા જિલ્લામાં મજૂરીમાંથી મુકત કરાયેલ બાળમજૂરો**

*** ૧૩૯૦૩ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા બાળમજૂરોને તાલુકાવાર બાળમજૂરીમાંથી વર્ષવાર મુકિત અપાવી, અને

(૨) આવા બાળકોને બાળમજૂરીએ રાખનાર ઈસમો સામે શા પગલાં ભરવામાં આવ્યા છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :-**

(૧)

| | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
|---|---|---|---|
| હિંમતનગર | ૦૬ | ૦૨ | ૦૮ |
| મોડાસા | ૦૨ | ૦૧ | ૦૩ |
| ઈડર | ૦૩ | ૧૦ | ૧૩ |
| | ૧૧ | ૧૩ | ૨૪ |

(૨) બાળમજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ કાર્યવાહી કરી સક્ષમ અદાલતોમાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવ્યા.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મેં સાબરકાંઠા જિલ્લાનો બાળ મજૂર ધારાનો પ્રશ્ન પૂછયો છે.સાબરકાંઠા જિલ્લાની અંદર તાલુકા ૧૩ આવેલા છે, પણ મને જે માહિતી આપવામાં આવી છે તે ફક્ત ૩ તાલુકાની માહિતી આપવામાં આવી છે. એનો અર્થ એ થાય કે બાળમજૂરો ૩ તાલુકામાં કામ કરતાં હોય એવું લાગે છે. બીજા તાલુકામાં બાળમજૂરો કામ કરતાં નહિ હોય એવું લાગે છે. જે આંકડા બતાવવામાં આવ્યા છે. ૨૦૦૮-૦૯ એની અંદર બાળમજૂરોની સંખ્યા બતાવવામાં આવી છે તે ફક્ત ૨૪ બતાવવામાં આવી છે. એ આપણે બધા જાણીએ છીએ કે બાળમજૂરોએ કયાં કેટલું કામ કરે છે. આંકડા જોતા ઘણું દુઃખ લાગે છે. એટલે મારો પ્રશ્ન એ છે કે કેટલા માલિકો સામે પગલાં લીધાં? અને બીજો પ્રશ્ન એ છે કે આ માલિકો પાસેથી કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો? ત્રીજો પ્રશ્ન એ છે કે દંડ જે વસૂલ કર્યો, એમાંથી કેટલી રકમ બાળમજૂરોના વિકાસ માટે ફાળવણી કરવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે અમારે ત્યાં જેટલા તાલુકા છે, તે તમામ તાલુકાની માહિતી આપી નથી. ફક્ત ૩ તાલુકાની માહિતી આપી છે. ખરેખર હકીકત એવી છે કે આ ૩ તાલુકાની અંદર બાળમજૂરો મળ્યા છે. હિંમતનગરની અંદર ૫૭૬ જગ્યાએ મુલાકાત લીધી, એમાંથી બાળમજૂરો ૮ જેટલા મળ્યા. ઈડરમાંથી ૨૯૩ જગ્યાએ તપાસ કરી, ત્યાં આગળ બાળમજૂરો ૧૩ જેટલા મળ્યા. મોડાસામાંથી ૩૨૨ જગ્યાએ તપાસ કરી ત્યાં આગળ ૩ બાળમજૂરો મળ્યા. હવે મેઘરજમાં ૭૦ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. ભિલોડામાં ૧૫૯ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. પ્રાંતિજમાં ૩૬૩ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. વડાલી ખાતે ૮૦ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય કોઈ જગ્યાએ બાળમજૂરો મળ્યા નહિ. ખેડબ્રહ્મામાં ૬૯ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. તલોદ ખાતે ૩૨૭ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. વિજયનગર ખાતે ૯ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. ધનસુરા ખાતે ૧૩૪ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. બાયડ ખાતે ૧૫૬ જગ્યાએ તપાસ કરી, પણ કયાંય બાળમજૂરો મળ્યા નહિ. માલપુરમાં ૧૪૩ જગ્યાએ તપાસ કરી. આ પ્રમાણે ૧૩ તાલુકામાં તપાસ કરી કુલ ૨૭૦૧ જગ્યાએ તપાસ કરી અને આ બાળમજૂરો છે,

એના માટે થઈને માનનીય સભ્યશ્રીએ કહ્યું કે કેટલો દંડ કર્યો અને કેટલો તેમના હિત માટે વાપર્યો. તો દંડ સીધેસીધો કોર્ટમાં જમા થાય છે. આપણને પૈસા એ રીતે મળતા નથી. અને આ બાળમજૂર પ્રતિબંધક ધારો છે, એની અંદર જે ૧૬ પ્રકારના ધંધાઓ છે. અને ૬૫ પ્રકારની પ્રક્રિયાઓ છે. એની અંદર ૧૦૦ ટકા પ્રતિબંધક છે, એની અંદર રેલ્વે દ્વારા ઉતારુ હોય એ રેલ્વેનો માલસામાન કે ટપાલની હેરફેર એમાં બાળમજૂરો રાખી શકાય નહીં. રેલ્વેની જગ્યાએ બળેલો કોલસા ઉપાડવાના હોય ત્યાં બાળમજૂર રાખી શકાય નહીં. ખાવાપીવાની દુકાન રેલ્વે ત્યાં બાળમજૂરો રાખી શકાતા નથી. રેલ્વે સ્ટેશનના બાંધકામ અને બીજાં કામ અંગે કોઈપણ બાંધકામ હોય ત્યાં બાળમજૂરો રાખી શકાતા નથી. કોઈપણ બંદરની હદની અંદર બંદર સત્તાધીકારી સાથે સંકળાયેલ હોય તેવા કોઈ ધંધામાં...

**અધ્યક્ષશ્રી** : લાંબુ લિસ્ટ છે.?

**શ્રી વજુભાઈ વાળા** : થોડું ક છે. બાકી તો ૬૫ પ્રક્રિયાઓ છે. એની અંદર અને ફૅકટરી એકટની અંદર ફૅકટરી એકટમાં કવર થાય એમાં બાળમજૂરો રાખી શકાતા નથી, પરંતુ જે જગ્યાએ આ પ્રક્રિયાઓ ધંધાઓ સિવાય બાળમજૂરો રાખવાની વાત હોય છે, ત્યાં એના માટે નિયમો છે. બાળમજૂરોને મીનીમમ વેજીસ પ્રમાણે પૂરેપૂરો પગાર આપવાનો, બાળમજૂરો પાસેથી ૩ કલાકથી સળંગ વધુ કામ લેવાનું નહિ, ૩ કલાક પછી એક કલાક રિસેસ અને પછી પાછો ૩ કલાક કામ કરવાનું એમ ટોટલ ૬ કલાક કરતાં વધુ કામ લેવું નહીં. એની પાસેથી ઓવર ટાઈમ પણ લેવો નહીં. જે બાળ મજૂરે એક જગ્યાએ એક દિવસ કામ કર્યુ હોય અને તે જ દિવસે બીજી જગ્યાએ કામ કરે તો તેને રાખનાર ગુનેગાર બને છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારની અંદર અને ફૅકટરીની અંદર બાળ મજૂર માટે પૂરતી ચકાસણી કરવામાં આવે છે. આના માટે આપણે સખત પગલાં લઈએ છીએ. આપે કહ્યું તેની અંદર અમે જે કેસ દાખલ કર્યા છે તે ૨૪ બાળ મજૂરો પકડયા હતા અને તેના માટે ૨૬ કેસ દાખલ કર્યા છે. એક જગ્યાએથી બે બે બાળ મજૂરો પકડાયા હતા એટલે તે પ્રમાણે કેસ કર્યા છે. તમામ કેસો કોર્ટની અંદર આજની તારીખે પડતર છે. કોઈ કેસનો નિકાલ થયેલ નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સાબરકાંઠા જિલ્લામાં બાળ મજૂરોનું પ્રમાણ ખૂબ વધારે છે. આમાં હોટલોમાં બાળકો હોય છે અને ખેતી સાથે સંકળાયેલ બાળ મજૂરો હોય છે અને ખેતીમાં તો તેમના મા-બાપ સાથે કામ કરતા હોય છે. આપે જે ૨૪ બાળ મજૂરોની વાત કરી તો આ બાળ મજૂર અધિનિયમ-૧૯૮૬ પ્રમાણે કેટલા ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા અને તેનું પરિણામ શું આવ્યું?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૪ બાળ મજૂરો પકડયા છે અને તેના માટે ૨૬ કેસ દાખલ કર્યા છે. આ તમામ કેસો આજની તારીખે પડતર છે. આ કેસો કોઈ ખાસ અદાલતમાં નહીં પરંતુ જયુડીશીયલ મૅજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એટલે કે જે.એમ.એફ.સી.માં ચાલે છે. આ અદાલતોમાં સાહેબ ક્રમ આવે તે પ્રમાણે કેસ ચાલે છે. આજની તારીખે આ તમામ કેસો પેન્ડિંગ છે.

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ**

***૧૩૭૧૯ શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૯૯૨

(૨) ૮૧૮

(૩) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ ૨૪ અરજીઓ પડતર છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ જિલ્લાની અંદર ૯૯૨ અરજીઓ મળી અને ૮૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી. તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ ૨૪ અરજીઓ પડતર છે. તો આ જે અરજીઓ ૨૪ પડતર છે તેની આજની સ્થિતિ શું છે? મારો બીજો પ્રશ્ન છે કે આ જે અરજીઓ મળી તેમાં અનુસૂચિત જાતિની કેટલી અને બક્ષીપંચની કેટલી અરજીઓ છે? અને મારો ત્રીજો પ્રશ્ન છે કે મારા દસક્રોઈ અને સીટી તાલુકામાં કેટલી અરજીઓ મળી, તેમાંથી કેટલી નામંજૂર કરી અને આજે શું સ્થિતિ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પહેલો પ્રશ્ન હતો તેમાં ૯૯૨ અરજીઓ મળી અને તેમાંથી ૮૧૮ અરજીઓ મંજૂર થઈ છે. ૧૫૦ અરજીઓ નામંજૂર થઈ છે અને જે ૨૪ અરજીઓ પડતર હતી તે તમામનો આજે નિકાલ થઈ ગયો છે. આજની તારીખે એકપણ અરજી પડતર નથી. તેમનો બીજો પ્રશ્ન હતો કે આ અરજીઓ પૈકી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ એટલે કે બક્ષીપંચની કેટલી અરજીઓ હતી તો

અનુસૂચિત જાતિની ૬૯૩ અને બક્ષી પંચ એટલે કે વિકસતી જાતિની ૨૯૯ અરજીઓ હતી. આ રીતે ૯૯૨ અરજીઓ થાય છે. એમનો ત્રીજો પ્રશ્ન હતો કે એમના મત વિસ્તારના તાલુકાઓમાં દસક્રોઈ તાલુકામાં ૧૯ અરજીઓ આવી છે અને ૧૭ મંજૂર થઈ છે અને ૨ અરજીઓ નામંજૂર થઈ છે. સીટી તાલુકાની અંદર ૬૮૩ અરજીઓ આવી અને ૫૬૫ અરજીઓ મંજૂર થઈ છે અને ૧૦૩ અરજીઓ નામંજૂર થઈ છે.

**શ્રી કાનજીભાઈ ૨ા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં ૯૯૨ અરજીઓ આવી છે તેમાંથી ૮૧૮ અરજીઓ મંજૂર કરી છે. તો મારા ધોળકા તાલુકામાં કેટલી અરજીઓ મળી છે અને તેમાંથી કેટલી નામંજૂર કરી છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા તાલુકામાં અનુસૂચિત જાતિની ૧૦ અને વિકસતી જાતિની ૨૦ એમ કરીને ૩૦ અરજીઓ મળી છે. તેમાંથી ૧૮ અરજીઓ મંજૂર થઈ છે અને ૩ અરજીઓ નામંજૂર થઈ છે અને ૯ અરજીઓ પડતર હતી. આજની તારીખે તેનો પણ નિકાલ થઈ ગયેલ છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કુંવરબાઈનું મામેરું યોજનાના માપદંડો કયા છે? આ યોજનાની શરૂઆત કયારથી થઈ અને તેમાં ફેરફાર ક્યારે કરવામાં આવ્યો? મારો બીજો પ્રશ્ન છે કે આ યોજનામાં કેન્દ્ર સરકારની કોઈ ભાગીદારી કે સહાય ખરી?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઈનું મામેરું યોજના છે એના માપદંડો છે એમાં કન્યાની વય ૧૮ વર્ષ, યુવકની વય ૨૧ વર્ષ, એક કુટુંબની અંદર એક જ દીકરીને આ સહાય આપવામાં આવે છે, અને આવકના જે ધોરણો છે એ બીપીએલની જે યાદી કેન્દ્ર સરકારે નકકી કરી એ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૯૭૬ અને શહેરી વિસ્તારમાં ૨૧૨૦૬ છે અને એક વર્ષની અંદર આ અરજી કરવાની હોય છે, એમનો બીજો પશ્ન છે કે એની પધ્ધતિમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં પાંચ હજાર રૂપિયાનું કુંવરબાઈનું મામેરું આપવામાં આવતું હતું એમાં બે હજાર રૂપિયા એના વાલીને રોકડા આપવામાં આવતા હતા અને ત્રણ હજાર રૂપિયાના રાષ્ટ્રિય બોન્ડ આપવામાં આવતા હતા, બે વર્ષથી લોકોની ફરિયાદ આવી એના કારણે એમાં આપણે ફેરફાર કરીને હવે રૂપિયા પાંચ હજાર ચેક દ્વારા આપવામાં આવે છે અને આ યોજના સંપૂર્ણતઃ રાજય સરકારની છે અને કેન્દ્ર સરકારનોનો એમાં કોઈ હિસ્સો નથી.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસ છે અને આખું વિશ્વ આ મહિલા વર્ષ ઉજવી રહયું છે ત્યારે અમારા અમદાવાદ જિલ્લાની અંદર ૮૧૮ દીકરીઓનાં મામેરાં આ સરકારે ભરી અને ગરીબ દીકરીઓને મદદ કરી એ બદલ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને સમાજ કલ્યાણ મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું, અને મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પણ આજના દિવસે શુભેચ્છા મને પણ માનનીય મંત્રીશ્રીનો જવાબ મળી ગયો છે.

### બનાસકાંઠા જિલ્લામાં શોધી કાઢેલ બાળમજૂરો

*** ૧૩૧૨૫ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળમજૂરો શોધી કાઢવામાં આવ્યા છે, અને

(૨) આ બાળમજૂરો પાસે કરાવવામાં આવતી મજૂરી રોકવા સરકારે શી વ્યવસ્થા કરી છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૧૬.

(૨) રાજયમાં બાળશ્રમયોગી પ્રથા નાબૂદ કરવા, કામની જગાએથી બાળ શ્રમયોગીઓને મુકત કરાવવા માટે બાળ કામદાર ( પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ના ચુસ્તપણે અમલ અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આપણે ૧૬ બાળ મજૂરોને શોધી કાઢયા, એમને મજૂરીમાંથી મુકત કર્યા, એ આજે મુકત થયા છે પણ એ મુકત થયેલા કાલે કામે નહીં લાગે બાળમજૂરીમાં એનો કોઈ આધાર રહેશે ખરો? અને આવા બાળમજૂરોના ઉજજવળ ભાવિ માટે રાજય સરકારે આવા બાળમજૂરો માટે કોઈ આયોજન વિચારેલ છે કે વિચારવામાં આવશે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે બાળમજૂરો શોધી કાઢવામાં આવે છે એ તમામને ઓબ્ઝરવેશન હોમની અંદર મોકલી આપવામાં આવે છે, પછી સમાજ સુરક્ષા ખાતું એના વાલીઓ પાસેથી કબુલાત લઈને ભવિષ્યમાં બીજી વાત ન આવે એની પૂરેપૂરી તકેદારી એ રીતે રાખવામાં આવે છે, અને એ બાળક જો સાવ નાનું હોય તો એને અભ્યાસ કરવા માટેની પ્રેરણાને એ બધુ એ રીતે આપવામાં આવે છે એટલે શ્રમ વિભાગ પાસેથી જે બાળમજૂરો શોધેલા હોય એમને ઓબ્ઝરવેશન હોમની અંદર મોકલે છે અને ત્યાં એની ચોકસાઈ કરી એના વાલીઓને એ સોંપવામાં આવે છે અને પછીની કાર્યવાહી ઓબ્ઝરવેશન હોમ કરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બંને પક્ષના માનનીય સભ્યશ્રીઓ તરફથી બાળમજૂરોની ચિંતા થઈ છે, માનનીય મંત્રીશ્રીએ કેટલાક આંકડાઓ આપીને કેટલાક તાલુકાઓમાં નહીં હોવાની વાત કરી છે, અને ઓછા પકડાયા છે એની પણ વાત કરી છે, અને બંને પક્ષના ધારાસભ્યશ્રીઓની ચિંતા છે ત્યારે કાં તો આપણું તંત્ર તપાસ કરવા જાય છે એને વધારે મોનીટરિંગ કરીને કડક રાખવાની જરૂર છે અને કાં તો આપણે કોઈક જગ્યાએ સુધારો કરવાની જરૂરિયાત હોય એવું આ બંને બાજુથી આ રજૂઆત આવી છે ત્યારે એ અંગે સરકાર વિચારણા કરવા માગે છે કે કેમ?

બીજું, અત્યારની જે પરિસ્થિતિ છે આપણે ઓબ્ઝરવેશન હોમની અંદર મોકલી દઈએ છીએ, આપણે એના માબાપ પાસેથી લખાણ લઈએ છીએ અને જવા દઈએ છીએ પણ બાળમજૂરી કરવા માટે જનારું બાળક કે એને મોકલનાર માતાપિતા એની મજબૂરી ન હોય તો કોઈ માતાપિતા એવું નહીં ઈચ્છે કે મારું બાળક એ બાલ્ય અવસ્થામાં મજૂરી કરવા જાય તો જે પકડાય છે એની પાસેથી બાહેધરી કે ઓબ્ઝરવેશન હોમના બદલે એ પરિવારને એ બાળકને રાજય સરકાર દત્તક લે કે આ જે બાળક બાળમજૂરી કરવા ગયું હતું એનો એનો અર્થ જ એ થયો કે આના પરિવાર ઉપર વધારે મુશ્કેલીઓ હતી તો એને દત્તક લઈને એને ભવિષ્યના ઘડતર માટે એની ચોક્કસ ઉંમર સુધી એની જવાબદારી રાજ્ય સરકાર સ્વીકારવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, જે બાળ મજૂરો ભૂતકાળમાં જેટલી સંખ્યાઓ હતી એને બદલે હવે દિવસે દિવસે ઘટતી જાય છે એનું કારણ એ છે કે, આજે ગ્રામ્ય વિસ્તારમાં ૬ વર્ષ કે ૭ વર્ષની ઉપરની ઉંમરનું બાળક હોય એ તમામને નિશાળે બેસાડે છે અભ્યાસ કરવા માટે થઈને અને આજે ગામડાની અંદર એક પણ બાળક એવું નથી રહેતું કે જે નિશાળે ન જતું હોય ગામડામાં સો ટકા બાળક નિશાળે જાય છે સાત વર્ષથી એના કારણે આ બાળ મજૂરો છે એનું પ્રમાણ ઘટયું છે અને ઘટવા માટેનું કારણ એ છે કે આ શ્રમ વિભાગ દ્વારા સતત એનું ચેકીંગ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુર તાલુકામાં ૩૦૯ વખત ચેકીંગ કર્યું અને ફકત ૩ જ બાળ મજૂરો મળ્યા, દાંતામાં ૧૨૯ વખત ચેકીંગ કર્યું અને ૪ જ બાળ મજૂરો મળ્યા, ડીસામાં ૧૯૦ વખત ચેકીંગ કર્યું ફકત ૬ જ બાળ મજૂરો મળ્યા આનો અર્થ એવો કે આજે બાળકો સ્કૂલમાં જાય છે એના કારણે બાળ મજૂર ઓછા મળે છે અને આ ઓછા મળવાના જે કાંઈ મળે છે એને સમાજ સુરક્ષા ડિપાર્ટમેન્ટ ઓબ્ઝર્વેશન હોમમાંથી એના મા બાપને શીખામણ આપે છે અને બાળ મજૂર બાળક મજૂરીએ ન જાય એના માટે થઈને સતત રાજ્ય સરકાર ચિંતિત છે. શ્રમ વિભાગમાં શહેરી વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારમાં ચેકીંગ થાય છે ફેકટરીમાં ચેકીંગ થાય છે આ તમામ જગ્યાએ થતાં સતત ચેકીંગના કારણે આજે બાળ મજૂરો ઓછા મળે છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, ધાનેરા તાલુકામાં કેટલીવાર ચેકીંગ થયું અને કેટલા બાળ મજૂરોને પકડવામાં આવ્યા, અને હાલ આમાં શું કાર્યવાહી થઈ છે? તે જણાવવા કૃપા કરશો.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, ધાનેરા તાલુકાની અંદર ૯૬ જગ્યાએ ચેકીંગ કર્યા પરંતુ એમાં કોઈ બાળ મજૂરો મળ્યા નથી એટલે એના માટે કોઈ કાર્યવાહીનો સવાલ રહેતો નથી.

**દાહોદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની મળેલ અરજીઓ**

***૧૨૯૯૭શ્રી વજેસિંગભાઈ પા. પણદા(દાહોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ આવાસ મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી મંજૂર થઈ અને કટલી નામંજૂર થઈ અને,

(૨) ના મંજૂર થવાના કારણો શું?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) અને (૨)

| અ.નં. | તાલુકાનનું નામ | મળલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | લીમખેડા | ૧૦૮૨ | ૪૩૫ | ૫૭૧ |
| ૨ | દેવગઢ બારીયા | ૩૪૫ | ૨૨૯ | ૮૫ |
| ૩ | ધાનપુર | ૩૪૩ | ૧૨૮ | ૧૬૦ |
| ૪ | ગરબાડા | ૧૦ | ૧૦ | - |
| ૫ | દાહોદ | ૫૦ | ૩૨ | ૧૮ |
| ૬ | ઝાલોદ | ૧૮૯ | ૯૫ | ૮૧ |
| ૭ | ફતેપુરા | ૬૭ | ૩૬ | ૩૧ |
| | કુલ | ૨૦૮૬ | ૯૬૫ | ૯૪૬ |

(૨) રહેવા લાયક મકાન હોવાથી, અરજદારના નામે પ્લોટ ન હોઈ અગાઉ અન્ય ખાતામાંથી સહાય મેળલ હોઈ, આવક વધુ હોવાથી, બી.પી.એલ.લાભાર્થી ન હોવાથી વગેરે.

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં અરજીઓ કેટલી આવી અને કેટલી નામંજૂર થઈ? અનુક્રમ નંબર ૧ થી ૭ માં કુલ ૨૦૮૬ અરજીઓ મળેલ છે અને ૯૬૫ મંજૂર અને ૯૪૬ નામંજૂર આ ૯૪૬ જે નામંજૂર કરવામાં આવેલ છે એના કારણો શું અને બીજું કે આ આવાસ ૦ થી ૧૬ કે ૧૭ થી ૨૦ ના સ્કોરમાં આપવામાં આવે છે અને તાલુકાવાર કુલ કેટલો લક્ષ્યાંક ફાળવવામાં આવે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ દાહોદ જિલ્લાની કુલ કેટલી અરજીઓ મળી એમ પૂછયું છે તો એમાં ૨૦૮૬ અરજીઓ મળી છે મંજૂર અરજીઓ ૯૬૫ કરવામાં આવી છે અને ૯૪૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એમાં મને કહેતાં ખૂબ આનંદ થાય છે કે એમણે જે પ્રશ્ન પૂછ્યો હતો ૩૧-૧૨-ની સ્થિતિએ પરંતુ આજની તારીખમાં એક પણ અરજી પેન્ડીંગ નથી. ૧૭૫ પડતર અરજીઓ હતી એને પણ મંજૂરી આપી દેવામાં આવી છે. બીજો એમણે પ્રશ્ન પૂછ્યો કે ૦ થી ૧૬ સુધીનો લક્ષ્યાંક, તો આઝાદીના ૫૦ વર્ષ પછી ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોના કારણે આજે અમૂક જિલ્લાઓ એવા છે કે રિપોર્ટ કરે છે કે ૦ થી ૧૬ વચ્ચેનો અમારી પાસે એક પણ લાભાર્થીની અરજી પેન્ડીંગ નથી.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જે અરજીઓ મંજૂર થઈ છે એમાંથી કેટલી સહાય મંજૂર થઈ છે દાહોદ જિલ્લામાં અને જે સહય મળતી હતી એમાં સરકાર વધારો કરવા માગે છે નહીં, અને બી.પી.એલ. સિવાયને આ લાભ મળે છે કે નહીં, કેમ કે જેમને બી.પી.એલ.માં નામ ન હોય છતાં પણ ખરેખર મકાન ન હોય તો એમને આ લાભ મળવાપાત્ર છે કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય સભ્યશ્રીએ વાત કરી કે દાહોદ જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મળી, એનો મેં જવાબ આપ્યો. પરંતુ કુલ કેટલી સહાય દાહોદ જિલ્લામાં આપવામાં આવી છે, એના માટે મને જણાવતા આનંદ થાય છે કે ચાલુ વર્ષે દાહોદ જિલ્લા માટે ૧,૧૧,૩૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન એ પૂછયો કે અગાઉ કેટલી સહાય આપવામાં આવતી હતી. અને અત્યારે કેટલી આપવામાં આવે છે? માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગરીબોની પીડા સમજીને અગાઉ ૪૦ હજાર રૂપિયાની જે સહાય આપવામાં આવતી હતી, એની જગ્યાએ ૪૩,૫૦૦/- રૂપિયાની સહાય, મતલબ કે ૩,૫૦૦ રૂપિયાનો સહાય વધારો કરવામાં આવ્યો છે. ત્રીજું એમણે પૂછયું કે ઝીરોથી ૧૬ સુધીના બાકીના લાભાર્થીનું શું, એ પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે બી.પી.એલ.ના નોર્મ્સ સિવાય ૧૭ થી ૨૦ સુધીમાં જો એ લાભાર્થી આવતા હોય તો એના માટે ચોકકસ સહાય મંજૂર કરવામાં આવશે અને મકાનો મંજૂર કરવામાં આવશે.

### ઔદ્યોગિક ક્ષેત્રે માનવદિનની સંખ્યામાં રાજયનો ક્રમ

***૧૩૭૪૨શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં ઔદ્યોગિક ક્ષેત્રે ગુમાવેલ માનવદિનની સંખ્યા કેટલી, અને

(૨) ગુમાવેલ માનવદિનની સંખ્યા સંબંધે રાષ્ટ્રીય કક્ષાએ કોઈ સર્વે બહાર પડેલ છે કે કેમ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) ૩૨,૨૮૨

(૨) રાષ્ટ્રીય કક્ષાએ કોઈ સર્વે બહાર પડેલ નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે માનવદિન ગુમાવવામાં આવે છે, એની પાછળના શું કારણો છે એ હું જાણવા માગું છું. બીજું કે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ જયારે રેકોર્ડ ૧૩ ટકાના દરે વધી રહ્યો છે, ત્યારે માનવદિન ગુમાવવા એ ઉદ્યોગોને પાલવે નહીં. એવા સંજોગોમાં રાજય સરકાર ઔદ્યોગિક સંબંધો સુમેળભર્યા ચાલુ રહે અને હડતાલ કે તાળાબંધીના બનાવો બને નહીં, એ અંગે શું પગલાં ભરવામાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા**: માનવદિન ઓછા રહેવા માટેનું કારણ એ છે કે ઉદ્યોગોમાં કામદારો અને માલિકો વચ્ચે જયારે તનાવ ઉત્પન્ન થાય છે. ડિસ્પ્યુટ ઉત્પન્ન થાય છે, ત્યારે બે રીતે હોય છે. એક તો માલિકે તાળાબંધી જાહેર કરતા હોય અને બીજું મજદુરો યુનિયનના કારણે હડતાલ ડીકલેર કરતા હોય એવી પરિસ્થિતિ હોય, પરંતુ એ પહેલા લેબર વિભાગમાં અરજી કરે છે અને પછી માલિક અને મજદુર બન્નેને બોલાવીને સમાધાન માટે ભૂમિકા માટે તૈયાર કરે છે અને ભૂમિકામાં લગભગ તૈયાર થઈ જાય છે, પરંતુ કયારેક જ તૈયાર ન થાય અને માલિક કહે છે કે અમારે તાળાબંધી કરવી છે, તો અમે કહીએ છીએ કે તમે ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટ પ્રમાણે તમે કોર્ટમાં જાઓ, કન્સીલીએશન કરો. પરંતુ અમે લોકઆઉટ જાહેર કરવા દેતા નથી અને એ જ પ્રમાણે મજદુરો હડતાલ પાડવાની વાત કરે ત્યારે કહીએ કે હડતાલના બદલે કાયદેસરના પગલાં લો, અને માલિકો અને મજદુરો ન માને તો તાળાબંધી ગેરકાયદેસર ડીકલેર કરીએ છીએ અને હડતાલને પણ ગેરકાયદેસર ડીકલેર કરીએ છીએ. તાળાબંધી

ગેરકાયદેસર જાહેર કરીએ ત્યારે મજદુરોનો તમામ પગાર માલિકોને આપવો પડે છે અને હડતાલ ગેરકાયદેસર જાહેર થાય તો માલિકો મજદુરો ઉપર પગલાં લઈ શકે. આ ભયના કારણે અને સમજાવટના કારણે આ આજે ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત રાજયમાં શાંતિ છે. જે કંઈ આંકડા છે એ કેન્દ્ર સરકારના લેબર બ્યુરો, સિમલા ખાતેથી શ્રમ વિભાગ મારફતે પ્રસારિત થાય છે અને એ જે આંકડા પ્રસારિત કરે છે એમાં ગુજરાતમાં માનવદિન ઓછામાં ઓછા લોસ થાય છે. એના આંકડા આ સિમલા લેબર બ્યુરો ડિકલેર કરે છે, એના આધારે આ આંકડા મળે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગુજરાતમાં આ સમયગાળા દરમ્યાન કેટલી હડતાલ ગેરકાયદેસર જાહેર કરવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા**: માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું કહીશ કે ૧૦૦ કરતાં વધારે શ્રમયોગીઓ રાખતી સંસ્થાઓ જયાં છે, એમાં બે પાંચ દાખલા જ આપીશ, કહેતા હોય તો મારી પાસે આખું લિસ્ટ છે.

**અધ્યક્ષશ્રી** : આંકડો જ આપી દો ને.

**શ્રી વજુભાઈ વાળા**:હડતાલના દિવસો જો હોય તો એ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: આપે જે કહ્યું એ પ્રમાણે કેટલી હડતાલ ગેરકાયદેસર જાહેર કરવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા:** પહેલા વર્ષમા ૧૬, બીજા વર્ષમાં પણ ૧૬ અને ત્રીજા વર્ષમાં ૧૩ છે એટલે એમ કુલ ૪૫ છે અને એમાં જે પ્રતિબંધિત કર્યા એવા ૨૦૦૭ માં ૩ અને ૨૦૦૯ માં ૨ ને કર્યા હતા. એટલે બાકીનામાં પણ માનદિન ગુમાવવાની સંખ્યા છે એ પ્રમાણમાં બહુ ઓછી છે.

**શ્રી આત્મારામભાઈ પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શાંત, સલામત અને સમૃધ્ધ છે. આમાં બે પ્રકારે માનવદિન ગુમાવાવની પરિસ્થિતિ પેદા થઈ છે. એક તો હડતાલને કારણે અને બીજું જે લોક આઉટ થાય છે એના લીધે. તો મારે જાણવું છે કે છેલ્લા એક વર્ષમાં કેટલા યુનિટમાં લોક આઉટની પરિસ્થિતિ પેદા થઈ છે?

**શ્રી વજુભાઈ વાળા**: આ લોક આઉટ અને હડતાલ એ બન્ને માટે સરખી રીતે જ છે. આ બન્નેમાં સમજાવટથી પતાવટ કરીને ઓછા માનવદિન ગુમાવાય એ માટે રાજય સરકારે પતાવટથી પ્રયત્નો કરેલ છે.

**વડોદરા જિલ્લામાં ખેતમજૂરોના આકસ્મિક મૃત્યુ અન્વયે સહાયની મળેલ અરજીઓ**

***૧૩૩૬૩ શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી) :માનનીય શ્રમ અનેરોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજુરોને આકસ્મિક મૃત્યુના વીમા સહાયની કેટલી અરજીઓ તાલુકાવાર મળેલ છે,

(૨) મળેલ અરજીઓમાંથી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરી વીમા સહાયની રકમ ચુકવવામાં આવેલ છે,

(૩) મળેલ અરજીઓમાં કેટલાને વીમા સહાય ચુકવવાની બાકી છે, અને

(૪) બાકી ચુકવવાપાત્ર સહાય ક્યાં સુધી ચુકવવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

**(૧)**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | પાદરા | ૦૫ |
| ૨. | વડોદરા | ૦૫ |
| ૩. | કરજણ | ૧૦ |
| ૪. | ડભોઇ | ૦૬ |
| ૫. | સાવલી | ૧૧ |
| ૬. | શીનોર | ૦૩ |
| ૭. | વાઘોડીયા | ૦૪ |
| ૮. | નસવાડી | ૦૯ |
| ૯. | પાવીજેતપુર | ૦૫ |
| ૧૦. | છોટાઉદેપુર | ૧૪ |
| ૧૧. | સંખેડા | ૦૨ |

(૨) ૪૨ (બેંતાળીસ)

(૩) ૧૬ (સોળ)

(૪) બાકી રહેલ અરજીઓની વિગતવાર ચકાસણી કરીને નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા:** માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષમાં ખેતમજૂરોની આકસ્મિક મૃત્યુ સહાયની કેટલી અરજીઓ તાલુકાવાર મળી છે એના જવાબમાં જણાવેલ છે કે કુલ ૭૪ અરજીઓ મળી છે અને એ પૈકી ૪૨ અરજીઓમાં વીમાની કેટલી ચૂકવણી કરવામાં આવી અને ૧૬ બાકી રહી ગયેલ અરજીઓની વિગતવાર ચકાસણી કરીને નિયમાનુસાર નિકાલ કરવામાં આવશે એમ જણાવેલ છે. તો મારે જાણવું છે કે આ ૭૪ જે

અરજદારો છે એમણે આ વીમા સહાય મેળવવા માટે કયા કયા વર્ષમાં છેલ્લા ૩ વર્ષમાં કરી હતી એની મહિતી આપે તો સારું.

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, એ જે કાંઈ હશે એ કહેતા હોય તો આખું લિસ્ટ વાંચી સંભળાવું કે કયા કયા વર્ષમાં કોની કોની કેટલી અરજીઓ આવી, પણ એ રીતે એ માહિતી આપવી શકય નથી છતાં પણ કહું કે આ ૭૪ અરજીઓ આવી એમાં ૪૨ અરજીઓ મંજૂર કરી છે અને ૧૬ અરજીઓ હજુપણ પડતર છે એ પૂર્તતા માટે પડતર છે અને ૧૬ અરજીઓ નામંજૂર કરી છે. એટલે ૧૬ પડતર છે અને ૧૬ નામંજૂર કરી છે એટલે ૩૨ અને ૪૨ મંજૂર કરી છે એટલે આ રીતે એ મંજૂર કરવામાં આવી છે અને અકસ્માતમાં જે માણસ ગુજરી જાય એને ૧ લાખ રૂપિયાનું વીમાનું વળતર અપાય છે અને આવા જે અસંગઠિત શ્રમયોગીઓ છે એ શ્રમયોગીઓની સંખ્યા છે રાજયમાં ૮૫.૯૩ લાખ એટલે લગભગ ૮૬ લાખ થવા જાય છે જેને આપણે આ યોજના નીચે આવરી લીધા છે અને એનું સો એ સો ટકા પ્રિમિયમ એ રાજય સરકાર ભરે છે, મજૂરોને આ પ્રિમિયિમ ભરવાનું હોતું નથી અને આ આ રીતે અકસ્માતથી મૃત્યુ પામે એવા લોકોને આ રકમની સહાય મળે છે અને ખાસ કરીને લાભ મેળવનાર છે એમાં ખેતમજૂરો, પશુધન વ્યવસાય કરનાર, વન ઉછેર કરનાર, મત્સ્યોદ્યોગ કરનાર, પ્લાન્ટેશન અને બાગબગીચા માટેના કામદારોને અપાય છે અને એ સિવાય ખાણ, ખનીજ અને કવારી વ્યવસાયમાં રોકાયેલા કામદારોને પણ આમાં આવરી લેવામાં આવ્યા છે. ગૃહ ઉદ્યોગ ઉત્પાદનમાં પ્રોસેસિંગ, સર્વિસીંગ અને રિપેરિંગ એના કામદારોને પણ આમાં કવર થાય છે, બાંધકામની પ્રવૃત્તિમાં રોકાયેલા લોકો છે એમને પણ કવર કર્યા છે અને આ યોજના ૨૬-૧-૮૬ થી શરૂ થયેલ છે અને શરૂઆતમાં જેને પાર્ટલી ઈજા થઈ હોય એને ૨૫ હજાર રૂપિયા આપતા હતા અને આજે જો પાર્ટલી ઈજા થાય તો એને ૫૦ હજાર રૂપિયા અપાય છે અને માણસ મૃત્યુ પામે તો ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કોઈ ખેતમજૂરનું આકસ્મિક મૃત્યુ થાય તો એને વીમો આપવામાં આવે છે તો એના નિયમો શું છે અને એ વીમાની જે એજન્સી હોય છે એ કયા પ્રકારની છે?વીમાની એજન્સી એટલે ગવર્નમેન્ટ વીમા વિભાગ છે એ જ ડિપાર્ટમેન્ટ છે, તેને આપી દઈએ છીએ, પહેલા જુદી જુદી એજન્સીઓને આપતા હતા પણ હવે ફાઈનાન્સ વિભાગની નીચે જે આવે છે તેને જ આપીએ છીએ.ખેતમજૂરોમાં મેં અગાઉ કહયું એટલા લોકો ગ્રામ્ય વિસ્તારના છે તેને આવરી લઈએ છીએ, એમાં ખાણ ખનીજનું કામ કરનારા છે, ગૃહ ઉદ્યોગમાં ઉત્પાદન અને પ્રોસેસીંગમાં કામ કરનારા, બાંધકામ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ, આ બધા મજૂરો છે જે અસંગઠીત મજૂરો છે તેને આમાં આવરી લેવામાં આવેલ છે. અને આવા મજૂરોને મેં કહયું તેમ તેની અંદાજે ૮૬ લાખ જેટલી સંખ્યામાં તેને આનો લાભ મળે છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મોટાભાગે ખેતમજૂરો અભણ હોય છે અને એમને કેટલીક વાર આ વીમાની સહાય મળે છે તેની ખબર પણ હોતી નથી. તો એમને જાણકારી આપવા માટે સરકાર શું પ્રયત્ન કરે છે, અને બીજું એ કે જે ખેત મજૂરો નોંધાયેલા હોય તેને જ સહાય મળે છે કે નોંધાયેલા ન હોય તેવા ખેત મજૂરોને પણ આ સહાય મળે છે?

**શ્રી વજુભાઈ વાળા** : આમાં નોંધાયેલા હોય કે નોંધાયેલા ન હોય બધાને આની સહાય મળી શકે છે, પણ છતાં શ્રમિકો છે તેને નોંધણી કરવા માટે રાજય સરકાર તરફથી પ્રયત્ન કરીએ છછીએ. અને આવી નોંધણી થયેલા મજૂરો રાજય સરકાર પાસે લગભગ ૩૭ લાખ જેટલા છે જે કાર્ડ ધારકો છે. એ જ રીતે અગરીયાઓનો ધંધો કરતા હોય અને અસંગઠીત હોય કોઈ ફેકટરી નીચે કવર ન થતા હોય તેવા ૧૯ હજાર નોંધાયેલા છે. પણ આ આપણી જાણકારી માટે આપણે નોંધીએ છીએ, પણ વગર નોંધાયેલા છે તેના માટે થઈ અને આવા બનાવો બને તો નોંધાયેલા મજૂરો છે તે લોકો જ એમને ગ્રામ્ય વિસ્તારમાં કહે છે કે તમને આનો લાભ મળશે. અને ગ્રામ્ય વિસ્તારમાં શ્રમ વિભાગ તરફથી પણ આનો પ્રચાર કરવામાં આવે છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : મેં એક જ વાત પૂછી હતી કે ૪૨ જેટલા અરજદારોને વીમાની સહાયની રકમ કેટલી ચૂકવવામાં આવી અને આ ૧૬ બાકી છે તેને કેટલા સમયમાં સહાય ચુકવવામાં આવશે?

**શ્રી વજુભાઈ વાળા** : જે ૪૨ અરજીઓ હતી તે મંજૂર કરી તેમાં દરેકને વ્યકિતદીઠ એક એક લાખ એટલે ૪૨ લાખ ચુકવી દીધા છે. અને જે સોળ અરજીઓ બાકી છે તેમણે ૯૦ દિવસમાં અરજી કરી દીધી છે. પણ એમાં કંઈક અને કંઈક સર્ટિફિકેટ અથવા પુરાવાઓ રજૂ કરવાના અને પુર્તતા કરવાની બાકી છે તે પુરાવા રજૂ કરી દે એટલે તાતકાલિક તેના કેસ મંજૂર થઈ જાય છે.

### ખેડા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા

***૧૨૨૧૦ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી?

**નાણા મંત્રીશ્રી :**

(૧) ૧૫.
(૨) રૂપિયા ૫૨.૬૩ લાખ.
(૩) કુલ ૧૫ દરોડાઓ પાડવામાં આવેલ છે તે પૈકી ૧૨ એકમો સામે ગુજરાત વેટ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને ૩ એકમોમાં કોઈ ક્ષતિ જણાયેલ નથી.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં જે ૧૫ દરોડા પાડવામાં આવ્યા છે, પણ જયાં પાડવા જેવા છે ત્યાં નથી પાડયા, જો પાડવા જેવા છે ત્યાં દરોડા પાડયા હોય તો સરકારને આવક પણ થાય એટલે નથી પાડવા જેવા ત્યાં પાડયા છે અને જયાં પાડવા જેવા હોય ત્યાં પાડે તો સરકારને વેચાણ વેરો વધારે મળે, એટલે પાડવા જેવા હોય ત્યાં પાડવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પાડવા જેવા છે તેને પાડી દીધા છે, અને હજુ બાકી રહી ગયા છે તેને પણ પાડી દઈશું, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો તેની અંદર ૧૫ દરોડાઓ પાડવામાં આવ્યા હતા. એમાં જે ગેરરીતિઓ છે તેમાં ૫૨.૬૩ લાખની ગેરરીતિઓ હતી અને એમાં ૩ જગ્યાએ કોઈ ક્ષતિ નહોતી, એક જગ્યાઓ વોરંટ પરત આવ્યું ત્યાં કોઈ વ્યકિત આવા નામની મળેલી નહોતી, જે સાતની આકારણી પૂરી કરી છે અને તેની પાસેથી રકમ વસુલ કરી અને બાકીના ૪ કેસો વધ્યા એ ૪ કેસમાંથી એક કેસની આકારણી હજુ બાકી છે અને ૩ કેસની આકારણી કરી એમાં ૧૬૪.૬૪ લાખની આપણે પૂરક માગણી ઉભી કરી છે એમાંથી ૧૬૨.૩૯ લાખ વસુલ કરી લીધા છે અને એ પૈકીના ૨.૨૫ લાખ ફકત એક કેસ પાસેથી હજુ વસુલ કરવાના બાકી છે. આ પ્રમાણે જે ૨૪.૮૩ ની આકારણી કરી અને તેનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યોહતો. અને તે ૨૪.૮૩ લાખ રૂપિયા વસુલ કરેલા છે. અને આકરણી કરીને ૧૬૨.૩૯ લાખ વસૂલ કર્યા છે. આ પ્રમાણે ૧૮૭.૨૨ લાખ રૂપિયા વસૂલ કર્યા પછી એક કેસ આકરણીનો બાકી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડા બતાવે છે કે આપે ૧૫ જગ્યાએ દરોડા પાડ્યા એમાંથી ત્રણ એકમો સિવાય ૧૨ એકમોમાં કોઈને કોઈ પ્રોબ્લેમ નીકળ્યા છે. એનો અર્થ એ છે કે એમાં મોટા ભાગની જગ્યાએ આ પ્રકારની પ્રવૃત્તિ ચાલે છે. માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી છે કે ૧૫ જગ્યાએ દરોડા પાડ્યા પછી પણ રકમ એટલી મોટી નથી આવી ત્યારે રાજકીય રીતે પાડવા જેવા રાજકોટ થી દિલ્હી સુધી ઘણા પડે છે એમાં હું નથી પડવા માગતો. દરોડામાં સભ્યશ્રીની લાગણી છે કે નાના વેપારીઓને ત્યાં પાડીને સંતોષ માનવાને બદલે મોટા માથા હોય એને ત્યાં પાડવા માટે આપણે શું કરવા માગીએ છીએ? જે ૫૨.૬૩ લાખની ગેરરીતિઓ પકડાઈ. ૧૨ વેપારીઓ પાસેથી ૫૨.૬૩ લાખની ગેરરીતિઓ પકડાઈ છે. આમાં ગેરરીતિની રકમ ૫૨.૬૩ લાખ અને એની ઉપર દંડ અને બીજી રકમ કરીને કેટલી આકારણી આપણે આકારી અને એના ઉપર આજની તારીખે આવેલ વસુલાતની રકમ કેટલી છે?

**શ્રી વજુભાઈ વાળા** : પહેલી વાત કરી એનો કોઈ જવાબ નથી. રાજકારણની રીતે વાત નથી કરતો પણ બંને બાપુએ સવાલ પૂછ્યો છે અને પાછા આંકડાકીય સવાલ છે એટલે ક્રેડિટ કહેવાય. ૧-૧-૮ થી ૩૧-૧૨-૦૮ સુધીમાં વેરો વસૂલ કર્યો ૩૯.૭૦ લાખ એના માથે દંડ ૧૨૭.૬૫ લાખ અને એના માથે વ્યાજ ૪.૯૭ લાખ વસૂલ કર્યુ. વેરાની રકમ હતી ૩૯.૭૦ લાખ એના ઉપર દંડ વ્યાજ વગેરે થઈને ૧૭૨ લાખ રૂપિયા થયા. આ બંનેનો સરવાળો કરીએ તો રૂા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં એમાં ૧૨.૯૨ લાખનો વેરો વસૂલ કર્યો. કુલ વ્યાજ, દંડ ૧૭.૧૫ લાખ થયો. કુલ ૫૨.૬૩ લાખ. હમણાં વાત કરી એમ મૂળ રકમ ઉપર દંડ પેટે ૧૩૧.૬૯ લાખ અને વ્યાજની રકમ ૫.૧૫ લાખ વસૂલ કર્યા એ કુલ સરવાળો કરીએ તો ૧૮૯.૪૭ લાખ વસૂલ કર્યા, એમાં જે રકમ આવી ગઈ છે તે ૧૮૭.૨૨ લાખ છે જ્યારે ૨.૨૫ લાખની રકમ વસૂલ કરવાની બાકી છે. એટલે ખરેખર ૫૨.૬૩ લાખ ઉપર ૧૮૭ લાખ વ્યાજ અને દંડ થયો. આ રીતે અંદાજે લગભગ પોણાચાર ગણો દંડ અને વ્યાજની રકમ એની સાથે વસૂલ કરવામાં આવેલ છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : જે ૧૨ એકમો સામે કાર્યવાહી કરવામાં આવી છે એ એકમો કયા કયા છે અને ત્રણ એકમો સામે કોઈ ક્ષતિ નથી જણાઈ એ એકમો કયા કયા છે?

**શ્રી વજુભાઈ વાળા** : ચાર કેસ જપ્ત કર્યા છે એમાં એક સાઈનાથ મોટર્સ છે. બીજુ કર્મવીર કન્સ્ટ્રકશન, છે. ત્રીજુ આઈસબર એકવા પ્રા. લિ. છે. ચોથું છે શૈલાની એગ્રોટેક ઈન્ડ. છે. બિન જપ્ત જે કર્યા છે એમાં બેવરીઝસ કંપની છે. એમ.ડી હેલ્થ છે, શ્રી પોપટ ટીમ્બર છે, ત્રિમૂતિ ટ્રેડર્સ છે, સીંગલ રોડ કેરીયર્સ છે મંગલ મેટલ માર્ટ છે. મેસર્સ . એમ.બી. સી. ટ્રેડર્સ છે અને લક્ષ્મી કેટલ ફૂડ છે. અને બીજા બે છે એમાં જાનકી ટ્રેડસ , મે. મેકવેલ લુબ્રીકેન્ટસ અને મહાલક્ષ્મી વાસણ ભંડાર. આટલા લોકો સામે જપ્ત અને બિન જપ્તના છે. પ્રશ્ન ક્રમાંક-૧૩૮૮૩ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

### કચ્છ જિલ્લામાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અન્વયે મંજૂર કરેલ સહાય

*** ૧૩૬૫૪ શ્રી જયંતીલાલ ૫. ભાનુશાલી (અબડાસા) : માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પેટે કચ્છ જિલ્લામાં એક વર્ષમાં કેટલી નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી, કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી, અને

૨. તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ અબડાસા-નખત્રાણા અને લખપત તાલુકામાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

**રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :**

| | |
|---|---|
| ૧. મંજૂર કરેલ રકમ રૂપિયા. | ચૂકવણી કરેલ રકમ રૂપિયા |
| ૨૬,૧૯,૦૦૦/- | ૯,૭૦,૦૦૦/- |
| ૨. અબડાસા | રૂા. શૂન્ય |
| નખત્રાણા | રૂા. ૮૪,૫૦૦/- |
| લખપત | રૂા. ૫૦,૦૦૦/- |
| કુલ.... | રૂા. ૧,૩૪,૫૦૦/- |

**શ્રી જયંતીલાલ ૫. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતનું સ્વપ્ન એ પોતાની માતૃભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવાનું સ્વપ્ન છે. આ સ્વપ્ન આવવું પણ એક વિરલ વ્યકિતના જે ગુજરાતનો અપાર પ્રેમ છે એવા વ્યકિતને એક સ્વપ્ન આવ્યું અને ગુજરાતનું આ સ્વપ્ન પૂરું કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને જે સ્વપ્ન આવ્યું તે બદલ હું વંદન કરું છું. એ તમારામાં નથી, મેં ગયા વખતે પણ કહ્યું છે. આ વંદન એ અમારી સંસ્કૃતિનો વિષય છે અને આ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પેટે કચ્છ જિલ્લામાં એક વર્ષમાં મને જવાબ આપ્યો છે તેમાં ૨૬, ૧૯,૦૦૦ રૂપિયા મંજૂર કરવામાં આવેલ, એ શેના શેના છે અને તે પૈકી ૯,૭૦,૦૦૦ ચૂકવણી થઈ તે શાના છે? પ્રશ્ન ક્રમાંક બીજો, સ્વર્ણિમ સંકલ્પ જ્યોત રથયાત્રા કાર્યક્રમ દરમ્યાન કેવા પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરાઈ છે? આમાં સોગંદ ખાવાના હોય, તમે લોકો તો ખાતા નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી જયંતિભાઈ, આપ જવાબ ન આપો. આપે પ્રશ્ન પૂછયો છે તે બરાબર છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો જે પહેલો પ્રશ્ન હતો કે આ માટે કેટલી રકમ મંજૂર થઈ અને કયા કયા હેડ નીચે છે, શાનું છે, તેમાં સ્વર્ણિમ જયંતિ સંકલ્પ રથ યાત્રાનો જે પ્રથમ તબક્કો હતો તેના માટે ૧,૦૦,૦૦૦/-રૂપિયા, પછી બીજો તબક્કો જે ૧૨મી ફેબ્રુઆરીથી મહામહિમ્ રાજયપાલશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી એમની હાજરીમાં જેનું લોન્ચીંગ થયું એના માટે જિલ્લા કો-ઓર્ડીનેટરની એક જગ્યા ઉભી કરવામાં આવી છે તેના ૩૬,૦૦૦/- છે. જિલ્લાને કન્ટીજન્સી ગ્રાન્ટ માટે ૧૫,૦૦૦/- આપવામાં આવ્યા છે અને સાથે સાથે તાલુકા કો-ઓર્ડીનેટરની ૧૦ જગ્યાઓ ઉભી કરવામાં આવી છે એના ૩,૬૦,૦૦૦/- રૂપિયા. પછી શરૂઆતના તબક્કે એવું નક્કી થયું કે જે ગ્રામપંચાયતો છે એ પોતે આર્થિક સક્ષમ નથી હોતી તો દરેક ગ્રામ પંચાયતને ૨,૦૦૦/- રૂપિયા ફાળવવાના એ રીતે કચ્છ જિલ્લાની ૬૧૯ ગ્રામ પંચાયતોને ૧૨,૩૮,૦૦૦/-ની એમાં મંજૂરી આપવામાં આવી છે. એના પછી ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેઝર્ટ ઈકોલોજી-કચ્છ તેની જે સંસ્થા છે તેને સ્ટેટસ ઑફ એન્વાયરમેન્ટ ઈન કચ્છ એની ટેબલ બુક છાપવા માટે ૮,૭૦,૦૦૦/- એ રીતે ૨૬,૧૯,૦૦૦/-નું આયોજન કરવામાં આવ્યું છે. જે ચૂકવણી થઈ તેમાં પ્રથમ તબક્કાના જે ૧,૦૦,૦૦૦/- હતા તેની પૂરેપૂરી ચૂકવણી થઈ ગઈ. જે ટેબલ બુક છે એના ૮,૭૦,૦૦૦/- એની પણ ચૂકવણી થઈ ગઈ અને બાકીના મેં ખર્ચા કહ્યા તે ૧૨મી ફેબ્રુઆરીથી હવે થશે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ સંકલ્પ રથયાત્રા દરમ્યાન જે બીજા તબક્કામાં ૧૨મી ફેબ્રુઆરીએ શરૂ થઈ તે અત્યાર સુધી કચ્છ જિલ્લાના કેટલા ગામોમાં ફરી એ જાણવા માગું છું.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી ફેબ્રુઆરીથી જે બીજા તબક્કાની રથયાત્રા શરૂ થઈ એ કચ્છ જિલ્લાના ૪થી માર્ચ સુધીના મારી પાસે આંકડા છે. ૨૦૬ ગામડાઓમાં ફરી છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સ્વર્ણિમ જયંતિની ઉજવણી, કે જે ૫૦ વર્ષ ગુજરાતના પૂરા થાય છે તે પ્રસંગે જે આયોજન કરવામાં આવ્યું સ્વર્ણિમ જ્યોત રથનું, આ પહેલાં શહેરોમાં ફર્યો અને હવે ગ્રામ્ય વિસ્તારમાં ફરી રહ્યો છે. પણ મુખ્યમંત્રીશ્રીએ જે આ આયોજન કર્યું અને આ પ્રસંગને એક ઉત્સવમાં ફેરવ્યો અને ગામેગામ અને શહેરે શહેર આજે ઉત્સવ મનાવવામાં આવ્યો તેના માટે અભિનંદન આપું છું અને તેમાં માસ અવેરનેસના કાર્યક્રમો કરી..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્ય સરકારનું દેવું

૧૩૦૫૧**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યનું કેન્દ્રનું અને બહારનું દેવું કેટલું છે,

(૨) આ દેવા ઉપર તે અન્વયે સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં ડીસેમ્બર-૦૯ અંતિત વ્યાજ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) મુદ્દલ રકમ કેટલી ચૂકવાઈ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેન્દ્રનું દેવું અંદાજીત રૂા. ૧૦૩૧૨ કરોડ છે. જ્યારે બહારનું દેવું શૂન્ય છે.

(૨) અને (૩)

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ | ચૂકવેલ મુદ્દલ |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૮૪૯ | ૫૫૯ |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ સુધી અંદાજીત) | ૫૭૦ | ૬૧ |

------------

### વડોદરા જિલ્લામાં બક્ષીપંચ વિદ્યાર્થીઓના છાત્રાલયોની સંખ્યા

૧૩૮૮૩**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો આવેલ છે, અને

(૨) તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી?

**જવાબ**

(૧) ગ્રાન્ટ ઈનએઈડ છાત્રાલયો

| ક્રમ | તાલુકો | છાત્રાલયની સંખ્યા | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પાદરા | ૧ | ૦ |
| ૨ | વડોદરા | ૧ | ૦ |
| ૩ | સાવલી | ૧ | ૦ |
| ૪ | ડભોઈ | ૨ | ૦ |
| ૫ | સંખેડા | ૧ | ૦ |
| | **કુલ** | ૬ | **૦** |

સરકારી છાત્રાલય

| ક્રમ | તાલુકો | છાત્રાલયની સંખ્યા | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વડોદરા | ૧ | ૧ |

(૨) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પાદરા | ૨૬ | ૦ |
| ૨ | વડોદરા | ૩૯ | ૦ |
| ૩ | સાવલી | ૫૦ | ૦ |
| ૪ | ડભોઈ | ૭૦ | ૦ |
| ૫ | સંખેડા | ૨૦ | ૦ |
| | **કુલ** | **૨૦૫** | **૦** |

સરકારી છાત્રાલય

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની સંખ્યા | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વડોદરા | ૩૮ | ૨૯ |

**રાજ્યમાં ગુમાવેલ માનવદિનની સંખ્યામાં ઘટાડો કરવા અંગે**

૧૩૮૨૮**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ગુમાવેલ માનવદિનની સંખ્યા કેટલી છે, અને | (૧) **વર્ષ** — **ગુમાવેલ માનવદિનની સંખ્યા**<br>વર્ષ-૨૦૦૭ — ૮૭,૪૫૧<br>વર્ષ-૨૦૦૮ — ૪૧,૯૦૯<br>વર્ષ-૨૦૦૯ — ૩૨,૨૮૨ |
| (૨) તેમાં ઘટાડો કરવા રાજ્ય સરકારે શાં પગલાં લીધાં? | (૨) રાજ્યના શ્રમતંત્ર દ્વારા આગોતરી દરમ્યાનગીરી તેમજ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન શક્ય બને તે માટે ઘનિષ્ઠ ચર્ચા અને પરામર્શ કરી ઓદ્યોગિક વિવાદને પ્રાધાન્ય આપી તેનો ઉકેલ લાવવાના સતત પ્રયાસ કરવામાં આવે છે. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૩૭૧૭**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭૧. |
| (૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૮૮. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે? | (૩) એક પણ નહીં. |

------------

**શ્રમયોગીઓના સ્વાસ્થ્ય અંગે કરેલ કામગીરી**

૧૩૮૨૫ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કારખાનાઓમાં શ્રમયોગીઓના સ્વાસ્થ્ય જોખમાય તેવા હાનિકારક ધુમાડાની ચકાસણી કરવા માટે સરકાર પાસે કોઈ તંત્ર છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ તંત્ર ધ્વારા ક્યા પ્રકારની કામગીરી કરવામાં આવે છે? | (૨) જ્યાં હાનિકારક ધુમાડા નીકળતા હોય તેવા કારખાનામાં સતત ચકાસણી કરાવવામાં આવે છે. |

------------

**આણંદ જિલ્લામાં વેટ ચોરીના પાડેલ દરોડા**

૧૨૨૪૩**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં વેટ ચોરી અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને | (૧) ૯. |
| (૨) કેટલી રકમની વેટ ચોરીઓ પકડાઈ? | (૨) રૂા. ૭.૭૬ લાખ. |

------------

**રાજ્ય સરકારને પેટ્રોલ અને ડીઝલ ઉપર વેટ અને સેસની થયેલ આવક**

૧૩૮૫૭**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ ડીઝલ ઉપર કેટલો વેટ અને સેસ વસુલ કરાય છે, અને

(૨) તે અન્વયે આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક સરકારે મેળવી?

**જવાબ**

(૧)

| | **વેટ** | **સેસ** |
|---|---|---|
| પેટ્રોલ | ૨૩% | ૨% |
| ડીઝલ | ૨૧% | ૩% |

(૨) (રૂા. કરોડમાં)

| વર્ષ | વેટ | સેસ |
|---|---|---|
| ૨૦૦૮ | ૩૧૩૧.૭૪ (નેટ) (પ્રોવીઝનલ) | ૫૨૮.૪૩ (નેટ) (પ્રોવીઝનલ) |
| ૨૦૦૯ | ૨૧૦૩.૭૧ (નેટ) (પ્રોવીઝનલ) | ૪૯૪.૫૮ (નેટ) (પ્રોવીઝનલ) |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૩૭૩૭**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જિલ્લા રોજગાર વિનિયમ કચેરી સુરેન્દ્રનગર ખાતે તા.૩૧-૧૨-૨૦૦૯ સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) ૨૬૦૯૬.

(૨) ૧૭૬૧.

------------

**રાજ્ય સરકારનું દેવું તેમજ ચૂકવેલ વ્યાજ**

૧૩૯૦૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યનું કુલ કેટલું દેવું છે,

(૨) આ દેવાના વ્યાજ પાછળ કેટલી રકમ ચૂકવાઈ, અને

(૩) દેવાના હપ્તા પેટે કુલ કેટલી રકમ ચૂકવાઈ ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | વર્ષવાર દેવું | ચૂક્વેલ વ્યાજ | ચૂક્વેલ મુદ્દલ |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૭૨૬૩૨ | ૬૧૯૨ | ૧૭૭૧ |
| ૨૦૦૭-૦૮ | ૭૯૩૦૮ | ૬૬૭૭ | ૧૯૩૪ |
| ૨૦૦૮-૦૯ | ૮૭૦૧૦ | ૭૦૬૫ | ૨૬૦૫ |

------------

**રાજ્ય સરકારનું જાહેર દેવું તેમજ ચૂકવેલ વ્યાજ**

૧૩૪૪૧**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે?

**જવાબ**

રૂા. ૯૪૫૫૩ કરોડ (અંદાજીત).

------------

## રાજ્યમાં પેટ્રોલ ડીઝલ અને અનાજ ઉપરના વેટથી થયેલ આવક

૧૩૭૩૩**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ ડીઝલ અને અનાજ ઉપર કેટલો વેટનો દર લેવાય છે, અને | (૧) ડીઝલ ૨૧%<br>પેટ્રોલ ૨૩%<br>અનાજવેરામુક્ત |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની આવક કેટલી થઈ? | (૨) વર્ષ ૨૦૦૮ ૩૧૩૧.૭૪ ક્રોડ (નેટ) (પ્રોવીઝનલ)<br>વર્ષ ૨૦૦૯ ૨૧૦૩.૭૧ ક્રોડ (નેટ) (પ્રોવીઝનલ) |

------------

## વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાઓના ભંગની મળેલ ફરીયાદો

૧૩૮૨૯ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાના ભંગ માટે કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૭૧૧ ફરીયાદો મળી. |
| (૨) આ ફરિયાદોમાં કારખાનાના માલિકો સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૨) કસુરવાર કારખાનાના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી. |

------------

## જામનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજનાની મળેલ અરજીઓ

૧૩૭૧૨**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરસ્વતી સાધના યોજના હેઠળ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલી અરજીઓ મળી, | (૧) બક્ષીપંચની વર્ષ ૨૦૦૮-૦૯માં ૩૧૭ અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૦૧ અરજીઓ મળી અને અનુસૂચિત જાતિની વર્ષ ૨૦૦૮-૦૯માં ૬૦ અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૫૨ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) બક્ષીપંચની વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૮૧ અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૮૯ અરજીઓ મંજુર કરવામાં આવી. અનુસૂચિત જાતિની વર્ષ ૨૦૦૮-૦૯માં ૬૦ અને વર્ષ ૨૦૦૯-૧૦માં ૫૨ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી છે? | (૩) બક્ષીપંચનીવર્ષ૨૦૦૮-૦૯માં<br>રૂા. ૫,૬૨,૦૦૦/- અને વર્ષ ૨૦૦૯-૧૦માં<br>રૂા. ૩,૨૮,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવી.<br>અનુસૂચિતજાતીનીવર્ષ૨૦૦૮-૦૯માં<br>રૂા. ૧,૨૦,૦૦૦/-અને વર્ષ ૨૦૦૯-૧૦માં<br>રૂા. ૧,૦૪,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવી. |

------------

## ભાવનગર જિલ્લામાં વિકલાંગોને આપેલ ઓળખપત્રો

૧૩૭૦૨**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા વિકલાંગોને ઓળખપત્ર કાઢી આપવામાં આવ્યા? | ૧,૦૨૩. |

------------

**નર્મદા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૩૦૮૯**શ્રી અમર સિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી નોંધાયેલ છે, અને

(૨) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા બેરોજગારોને રોજગારી તકો આપવામાં આવી?

**જવાબ**

(૧) શિક્ષિત ૯૦૭૩
અર્ધશિક્ષિત ૪૩૧
કુલ ૯૫૦૪

(૨) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ નીચે મુજબ બેરોજગારોને રોજગારીની તકો આપવામાં આવી.

| **વર્ષ** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૬૯૮ | ૩૩૧ | ૩૦૨૯ |
| ૨૦૦૯-૧૦ | ૨૧૦૪ | ૩૬૦ | ૨૪૬૪ |

------------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર મુક્ત કરાયેલ બાળમજૂરો**

૧૩૬૬૫ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા બાળ મજૂરોને બાળ મજૂરીમાંથી તાલુકાવાર મુક્ત કરવામાં આવ્યા, અને

(૨) આવા બાળ મજૂરો હોટલ અને ફેકટરીઓમાં વધુ પ્રમાણમાં કામગીરી કરતા હોય છે ત્યારે કેટલી વખત રેડ તે અન્વયે પાડવામાં આવી?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ૧૪ બાળ મજુરોને બાળમજૂરીમાંથી મુક્ત કરવામાં આવ્યા.

(૨) ૧૬.

------------

**વેટના દરમાં ઘટાડો કરવા અંગે**

૧૩૩૫૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને ખાદ્ય પદાર્થો ઉપર તેમજ ખાદ્ય તેલ અને ખાંડ ઉપર કેટકેટલો વેટનો દર લેવામાં આવે છે, અને

(૨) આ વેટનો દર ઘટાડવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) પેટ્રોલ ૨૩%
ડીઝલ ૨૧%
ખાદ્ય પદાર્થો ખાદ્ય પદાર્થોમાં મુખ્યત્વે ૪% અથવા વેરામુક્તિ છે.
ખાદ્ય તેલ ૫%
ખાંડ વેરામુક્તિ

(૨) રાજ્ય સરકારે તા. ૧૦/૦૬/"૦૮ થી પેટ્રોલનો વેટ દર ૨૬% થી ઘટાડી ૨૩%, ડીઝલ પરનો વેટ દર ૨૪% થી ઘટાડી ૨૧% તથા ૧૫/૦૯/"૦૯ થી આયાતી ખાંડને વેરા મુક્તિ આપેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ**

૧૩૮૩૮**શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧)

| **જાતિ** | **મળેલ અરજીઓ** | **મંજૂર કરેલ અરજીઓ** |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | ૩૧૨ | ૨૯૭ |
| વિકસતી જાતિ | ૨૨૮ | ૧૯૭ |

(૨) ૫ (પાંચ) અરજીઓ પડતર છે.

------------

**ગુમાવેલ માનવદિનની સંખ્યામાં ઘટાડો કરવા અંગે**

૧૩૭૨૦ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ગુમાવેલ માનવદિનની સંખ્યા કેટલી છે, અને | (૧) **વર્ષ** / **ગુમાવેલ માનવદિનની સંખ્યા**<br>વર્ષ-૨૦૦૭ ૮૭,૪૫૧<br>વર્ષ-૨૦૦૮ ૪૧,૯૦૯<br>વર્ષ-૨૦૦૯ ૩૨,૨૮૨ |
| (૨) તેમાં ઘટાડો કરવા રાજ્ય સરકારે શાં પગલાં લીધાં છે? | (૨) રાજ્યના શ્રમતંત્ર દ્વારા આગોતરી દરમ્યાનગીરી તેમજ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન શક્ય બને તે માટે ઘનિષ્ઠ ચર્ચા અને પરામર્શ કરી ઔદ્યોગિક વિવાદને પ્રાધાન્ય આપી તેનો ઉકેલ લાવવાના સતત પ્રયાસ કરવામાં આવે છે. |

------------

**જામનગર જિલ્લાની દિગ્વીજય સિમેન્ટ કંપની પાસેથી વસૂલવાની બાકી વેટની રકમ**

૧૨૬૬૯**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની દિગ્વીજય સિમેન્ટ કંપની પાસેથી તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલો વેટ કેટલા સમયથી વસૂલવો બાકી છે, અને | (૧) શૂન્ય. |
| (૨) આ બાકી વેટ ઘણા લાંબા સમયથી બાકી હોય તે વસૂલવા માટે ક્યા ક્યા અસરકારક પગલાંઓ લીધા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જૂનાગઢ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાની મળેલ અરજીઓ**

૧૩૭૧૪**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૯૦૯. |
| (૨) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂા. ૨૩૯.૪૦ લાખ. |

------------

**ખેડા જિલ્લામાં મુક્ત કરાયેલ બાળમજૂરો**

૧૩૬૫૯**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળ મજૂરોને વર્ષવાર મુક્ત કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| **વર્ષ** | **તાલુકો** | **મુક્ત કરાયેલ બાળમજૂરો** |
|---|---|---|
| ૨૦૦૮ | - | શૂન્ય |
| ૨૦૦૯ | નડીયાદ | ૦૨ |
| | કપડવંજ | ૦૨ |
| | ઠાસરા | ૦૧ |
| | મહેમદાવાદ | ૦૨ |
| | **કુલ :** | **૦૭** |

(૨) આ બાળકોને મજૂરીએ રાખનાર માલિકો સામે કેટલી રકમનો દંડ કરી શી કાર્યવાહી કરી, અને

(૩) આ દંડની રકમ બજેટના ક્યા હેડે જમા લેવાય છે?

(૨) બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ૭ ફોજદારી કેસો કરવામાં આવેલ છે જે હાલ અદાલતમાં પડતર છે.

(૩) અદાલતમાં જમા લેવામાં આવે છે.

------------

**ભાવનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

૧૩૭૦૭ **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંત સુરદાસ યોજના અન્વયે ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તેઓને કેટલી સહાય ચૂકવેલ છે?

**જવાબ**

(૧) ૧,૯૯૬.

(૨) રૂા. ૭૩,૬૧,૫૫૦/-.

------------

**સુરત અને તાપી જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૨૮૧૯**શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):: માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે.

**સુરત જિલ્લાની વિગત**

| તાલુકો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| સુરત સીટી | ૨૧૩૦૦ | ૨૧૭૦ | ૨૩૪૭૦ |
| ચોર્યાસી | ૭૨૭૮ | ૩૫૨ | ૭૬૩૦ |
| ઓલપાડ | ૩૨૮૭ | ૨૨૨ | ૩૫૦૯ |
| કામરેજ | ૧૩૮૧ | ૭૦ | ૧૪૫૧ |
| પલસાણા | ૬૭૦ | ૨૭ | ૬૯૭ |
| બારડોલી | ૨૧૯૭ | ૬૭ | ૨૨૬૪ |
| માંડવી | ૪૧૬૨ | ૧૦૯ | ૪૨૭૧ |
| મહુવા | ૨૬૯૪ | ૫૮ | ૨૭૫૨ |
| માંગરોળ | ૨૦૮૨ | ૧૦૬ | ૨૧૮૮ |
| ઉમરપાડા | ૮૧૯ | ૧૨ | ૮૩૧ |
| **કુલ :** | **૪૫૮૭૦** | **૩૧૯૩** | **૪૯૦૬૩** |

**તાપી જિલ્લાની વિગત**

| તાલુકો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| વ્યારા | ૬૭૯૨ | ૬૦૮ | ૭૪૦૦ |
| વાલોડ | ૧૫૨૮ | ૨૦૩ | ૧૭૩૧ |
| ઉચ્છલ | ૬૬૨ | ૧૫ | ૬૭૭ |
| નિઝર | ૮૩૯ | ૨૪ | ૮૬૩ |
| સોનગઢ | ૫૦૭૨ | ૩૦૭ | ૫૩૭૯ |
| **કુલ :** | **૧૪૮૯૩** | **૧૧૫૭** | **૧૬૦૫૦** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલાને રોજગારી આપવામાં આવી?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં રોજગાર ક્ચેરીના પ્રયત્નોથી નોકરીદાતાઓ દ્વારા આપવામાં આવેલ તાલુકાવાર રોજગારી

**સુરત જિલ્લાની વિગત**

| તાલુકો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| સુરત સીટી | ૭૧૦૬ | ૬૪૦૮ | ૧૩૫૧૪ |
| ચોર્યાસી | ૩૧૬૭ | ૬૧૮૬ | ૯૩૫૩ |
| ઓલપાડ | ૯૦૭ | ૬૦૦ | ૧૫૦૭ |
| કામરેજ | ૪૩૯ | ૨૧૨ | ૬૫૧ |
| પલસાણા | ૬૭૬૯ | ૭૪૫૮ | ૧૪૨૨૭ |
| બારડોલી | ૫૪૦ | ૫૩૦ | ૧૦૭૦ |
| માંડવી | ૭૫૪ | ૪૭ | ૮૦૧ |
| મહુવા | ૪૭૯ | ૪૦ | ૫૧૯ |
| માંગરોળ | ૧૨૨૧ | ૧૪૨૭ | ૨૬૪૮ |
| ઉમરપાડા | ૪૨૧ | ૧૬ | ૪૩૭ |
| **કુલ :** | **૨૧૮૦૩** | **૨૨૯૨૪** | **૪૪૭૨૭** |

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં રોજગાર ક્ચેરીના પ્રયત્નોથી નોકરીદાતાઓ દ્વારા આપવામાં આવેલ તાલુકાવાર રોજગારી

**તાપી જિલ્લાની વિગત**

| તાલુકો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| વ્યારા | ૮૧૯ | ૪૭૬ | ૧૨૯૫ |
| વાલોડ | ૩૮૨ | ૪૬ | ૪૨૮ |
| ઉચ્છલ | ૩૦૫ | ૨૫ | ૩૩૦ |
| નિઝર | ૩૨ | ૬ | ૩૮ |
| સોનગઢ | ૧૩૩૮ | ૧૦૬ | ૧૪૪૪ |
| **કુલ :** | **૨૮૭૬** | **૬૫૯** | **૩૫૩૫** |

------------

**પંચમહાલ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં સાયકલોની ફાળવણી અંગે**

૧૨૫૯૪**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧ જાન્યુઆરી ૨૦૧૦ની સ્થિતિએ તા. ૧-૧-૧૦થી યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના કેટલા ઈસમોને સાયકલો ફાળવવામાં આવી, અને

(૨) આ સાયકલની કિંમત શું છે?

**જવાબ**

(૧) માનવ ગરિમા યોજના હેઠળ
બક્ષીપંચના -૧૭
અનુસૂચિત જાતિના- ૦ ઈસમોને સાયકલો ફાળવવામાં આવેલ છે.

(૨) રૂા. ૨૫૧૪/-

------------

**આણંદ જિલ્લામાં મકાન બાંધવા આપેલ સહાયની મળેલ અરજીઓ**

૧૩૧૧૩**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિધવા બહેનો ધ્વારા મકાન બાંધવા માટે સહાય મેળવવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) આ સાથે સામેલ **પત્રક -ક** મુજબ

**પત્રક-ક**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | કુલ |
|---|---|---|---|

| | | ૨૦૦૮ | ૨૦૦૯ | |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૭ | ૨૫ | ૩૨ |
| ૨ | ઉમરેઠ | ૮ | ૮ | ૧૬ |
| ૩ | બોરસદ | ૧૯ | ૪૪ | ૬૩ |
| ૪ | આંકલાવ | - | ૧૬ | ૧૬ |
| ૫ | પેટલાદ | ૧૪ | ૧૦ | ૨૪ |
| ૬ | સોજીત્રા | ૧ | ૩ | ૪ |
| ૭ | ખંભાત | ૧૮ | ૩૧ | ૪૯ |
| ૮ | તારાપુર | ૯ | ૩ | ૧૨ |
| | **કુલ :** | **૭૬** | **૧૪૦** | **૨૧૬** |

(૨) વર્ષવાર તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર તથા નામંજૂર કરવામાં આવી, અને

(૨) આ સાથે સામેલ **પત્રક-ખ** મુજબ.

**પત્રક-ખ**

| ક્રમ | તાલુકાનુ નામ | મંજૂર અરજીઓ | | | નામંજૂર અરજીઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
| ૧ | આણંદ | ૭ | ૨૪ | ૩૧ | - | ૧ | ૧ |
| ૨ | ઉમરેઠ | ૩ | ૮ | ૧૧ | ૫ | - | ૫ |
| ૩ | બોરસદ | ૧૯ | ૪૪ | ૬૩ | - | - | - |
| ૪ | આંકલાવ | - | ૧૬ | ૧૬ | - | - | - |
| ૫ | પેટલાદ | ૧૪ | ૧૦ | ૨૪ | - | - | - |
| ૬ | સોજીત્રા | ૧ | ૩ | ૪ | - | - | - |
| ૭ | ખંભાત | ૧૮ | ૩૧ | ૪૯ | - | - | - |
| ૮ | તારાપુર | ૯ | ૩ | ૧૨ | - | - | - |
| | **કુલ :** | **૭૧** | **૧૩૯** | **૨૧૦** | **૫** | **૧** | **૬** |

(૩) તાલુકાવાર વર્ષવાર કેટલી બહેનોને કુલ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવી?

(૩) આ સાથે પત્રક-ગ મુજબ.

**પત્રક-ગ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૦૮** | | **૨૦૦૯** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|---|
| | | **બહેનોની સંખ્યા** | **ચૂકવેલ સહાય રૂા. લાખમાં** | **બહેનોની સંખ્યા** | **ચૂકવેલ સહાય રૂા. લાખમાં** | **બહેનોની સંખ્યા** | **ચૂકવેલ સહાય રૂા. લાખમાં** |
| ૧ | આણંદ | ૭ | ૧.૪૦ | ૨૪ | ૪.૮૦ | ૩૧ | ૬.૨૦ |
| ૨ | ઉમરેઠ | ૩ | ૦.૬૦ | ૮ | ૧.૮૫ | ૧૧ | ૨.૪૫ |
| ૩ | બોરસદ | ૧૯ | ૩.૮૦ | ૪૪ | ૧૨.૩૦ | ૬૩ | ૧૬.૧૦ |
| ૪ | આંકલાવ | - | - | ૧૬ | ૧.૭૦ | ૧૬ | ૧.૭૦ |
| ૫ | પેટલાદ | ૧૪ | ૨.૮૦ | ૧૦ | ૩.૦૦ | ૨૪ | ૫.૮૦ |
| ૬ | સોજીત્રા | ૧ | ૦.૨૦ | ૩ | ૦.૯૦ | ૪ | ૧.૧૦ |

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૮ | | ૨૦૦૯ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | બહેનોની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. લાખમાં | બહેનોની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. લાખમાં | બહેનોની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. લાખમાં |
| ૭ | ખંભાત | ૧૮ | ૩.૬૦ | ૩૧ | ૧૧.૪૦ | ૪૯ | ૧૫.૦૦ |
| ૮ | તારાપુર | ૯ | ૧.૮૦ | ૩ | ૧.૦૦ | ૧૨ | ૨.૮૦ |
| | **કુલ :** | **૭૧** | **૧૪.૨૦** | **૧૩૯** | **૩૬.૯૫** | **૨૧૦** | **૫૧.૧૫** |

------------

**મહેસાણા જિલ્લામાં ટી.બી. ના દર્દીઓને આપેલ સહાય**

૧૩૭૦૯**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| મફત તબીબી સહાય યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના ટી.બી.ના કેટલા દર્દીઓને વર્ષ ૨૦૦૮-૦૯માં સહાય ચૂકવવામાં આવી છે? | ૧૧૮. |

------------

**રૂા. એક કરોડથી વધુ બાકી વેચાણવેરાના એકમો**

૧૩૪૭૭**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં એક કરોડથી વધુ વેચાણ વેરો બાકી હોય તેવા ઉદ્યોગ ગૃહોના એકમો કેટલા અને ક્યા ક્યા, | (૧) ***પત્રક-૧** મુજબ. |
| (૨) સદર રકમ કેટલા સમયથી બાકી છે, અને | (૨) સદર રકમ સને ૧૯૮૫-૮૬થી અલગ-અલગ કંપનીની અલગ અલગ વર્ષો માટે બાકી છે. |
| (૩) તે રકમ વસુલાત માટે સરકારે શાં પગલાં લીધા છે? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે. |

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

------------

**અમદાવાદ શહેરમાં વેટના પાડેલ દરોડા**

૧૩૮૯૯**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં વેટ તથા સેલટેક્ષ અન્વયે કેટલા દરોડા વેપારીઓને ત્યાં પાડવામાં આવ્યા, અને | (૧) ૧૫૫. |
| (૨) કેટલા વેપારીઓ સામે દંડનીય પગલાં લેવામાં આવ્યા? | (૨) ૧૦૨. |

------------

**રાજકોટ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ**

૧૩૭૦૫**ડો. ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી અરજીઓ આવી. | (૧) ૧,૧૭૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી | (૨) ૧૦૪૪ અરજીઓ મંજૂર કરી. -રૂા. ૧૫,૧૧,૦૦૦/- રકમ ચુકવવામાં |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૫૧. |
| (૪) કેટલી અરજીઓ પડતર છે? | (૪) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિ ૮૩ અરજીઓ પડતર હતી. જે જાન્યુઆરી-૨૦૧૦માં મંજૂર કરી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવેલ છે. |

------------

### કચ્છ જિલ્લામાં અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ

૧૩૭૦૬ **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૯૪. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮૬ અરજીઓ મંજુર કરવામાં આવી.<br>-૦૮ અરજીઓ નામંજુર કરવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે? | (૩) શુન્ય. |

------------

### સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ

૧૩૭૦૪**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૯૪૦૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૨૧૫. |
| (૩) કેટલી અરજી નામંજૂર કરવામાં આવી? | (૩) ૨૦૭૧. |

------------

### પાટણ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં નિરાધાર વૃધ્ધ સહાયના લાભાર્થીઓ

૧૩૦૯૦**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૧૦માં પાટણ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં વૃધ્ધ પેન્શન યોજના અને નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે કેટલા લાભાર્થીઓને કેટલી રકમના લાભ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | યોજનાનું નામ | લાભાર્થીની સંખ્યા | લાભાર્થી દીઠ ચૂકવેલ સહાય |
|---|---|---|---|
| (૧) | રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને વયવંદના અંતર્ગત | ૧૩૨ | ૪૦૦/- |
| (૨) | રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના અંતર્ગત. | ૯ | ૨૦૦/- |

(૨) આ ખર્ચમાં ભારત સરકારનો ફાળો કેટલો અને રાજ્ય સરકારનો ફાળો કેટ કેટલો છે?

(૨) (૧) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને વયવંદના અંતર્ગત ભારત સરકાર અને રાજ્ય સરકારનો ફાળો ૫૦-૫૦ ટકા છે.

(૨) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના અંતર્ગત રૂા. ૨૦૦/- ની રકમનો ફાળો રાજ્ય સરકારનો છે.

------------

**અમદાવાદ જિલ્લામાં વૃધ્ધ પેન્શનના લાભાર્થીઓ**

૧૩૩૫૯**શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વૃધ્ધોને પેન્શન મળવા બાબતની કેટલી અરજીઓ વર્ષવાર મળી,

(૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર ક્યારે કેટલી મંજૂર કરી પેન્શન લાભ આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ લાવવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩) પડતર અરજીઓનો તા. ૧-૩-૨૦૧૦ની સ્થિતીએ નિકાલ થઈ ગયેલ છે.

**પત્રક-૧**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **રાજ્ય સરકારની વૃધ્ધ સહાય યોજના અંતર્ગત વર્ષવાર મળેલ અરજીઓ** | | **ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય અને વયવંદના યોજના હેઠળ વર્ષવાર મળેલ અરજીઓ** | |
|---|---|---|---|---|---|
| | | **તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન** | **તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન** | **તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન** | **તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન** |
| ૧ | સીટી તાલુકો | ૯૧૨ | ૩૧૪ | ૪૨૩ | ૨૩૩૩ |
| ૨ | દસક્રોઈ | ૧૭૨ | ૧૦૩ | ૨ | ૫૦૫ |
| ૩ | દેત્રોજ | ૪૮ | ૧૫ | ૨ | ૯૦૫ |
| ૪ | માંડલ | ૧૨ | ૦ | ૫ | ૯૪૭ |
| ૫ | વિરમગામ | ૬૯ | ૨૯ | ૧૫૯ | ૧૩૭૫ |
| ૬ | ધોળકા | ૮૨ | ૨૮ | ૫૨૫ | ૫૬૮ |
| ૭ | ધંધુકા | ૮૩ | ૯૧ | - | ૧૪૩૮ |
| ૮ | બાવળા | ૨૭ | ૧૪ | ૧૬૯ | ૪૮૩ |
| ૯ | સાણંદ | ૩૦ | ૧૦ | ૩૯૫ | ૫૭૪ |
| ૧૦ | રાણપુર | ૪ | ૮ | - | ૩૫૨ |
| ૧૧ | બરવાળા | ૧૮ | ૪૦ | - | ૨૦૮ |
| | **કુલ** | **૧૪૫૭** | **૬૫૨** | **૧૬૮૦** | **૯૬૮૮** |

**પત્રક-૨**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **રાજ્ય સરકારની વૃધ્ધ સહાય યોજના અંતર્ગત** | | | **ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય અને વયવંદના યોજના અંતર્ગત** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **નામંજૂર** | **પડતર** | **મંજૂર** | **નામંજૂર** | **પડતર** |
| ૧ | સીટી તાલુકો | ૧૧૨૪ | ૧૦૨ | ૦ | ૧૩૮૫ | ૧૩૭૧ | - |
| ૨ | દસક્રોઈ | ૧૯૪ | ૮૧ | ૦ | ૩૧૧ | ૧૯૬ | - |
| ૩ | દેત્રોજ | ૩૭ | ૨૬ | ૦ | ૭૩૨ | ૧૭૫ | - |
| ૪ | માંડલ | ૪ | ૮ | ૦ | ૭૨૧ | ૨૩૧ | - |
| ૫ | વિરમગામ | ૬૪ | ૩૪ | ૦ | ૧૦૬૭ | ૪૬૭ | - |
| ૬ | ધોળકા | ૬૬ | ૩૬ | ૮ | ૯૦૮ | ૧૨૦ | ૬૫ |

| ક્રમ | તાલુકાનું નામ | રાજ્ય સરકારની વૃધ્ધ સહાય યોજના અંતર્ગત | | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય અને વયવંદના યોજના અંતર્ગત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | પડતર | મંજૂર | નામંજૂર | પડતર |
| ૭ | ધંધુકા | ૯૭ | ૬૨ | ૧૫ | ૧૩૦૭ | ૯૬ | ૩૫ |
| ૮ | બાવળા | ૨૨ | ૧૩ | ૬ | ૫૧૭ | ૬૦ | ૭૫ |
| ૯ | સાણંદ | ૨૮ | ૧૦ | ૨ | ૭૪૮ | ૧૫૨ | ૬૯ |
| ૧૦ | રાણપુર | ૯ | ૦૩ | ૦ | ૨૫૭ | ૭૫ | ૨૦ |
| ૧૧ | બરવાળા | ૨૮ | ૨૧ | ૯ | ૧૬૩ | ૨૦ | ૨૫ |
| | કુલ | ૧૬૭૩ | ૩૯૬ | ૪૦ | ૮૧૧૬ | ૨૯૬૩ | ૨૮૯ |

------------

**રાજકોટ જિલ્લામાં લઘુમતીઓના કલ્યાણ પાછળ કરેલ ખર્ચ**

૧૩૩૫૨**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં લઘુમતીઓના કલ્યાણ માટે વર્ષવાર તાલુકાવાર કેટ કેટલી રકમ ક્યા ક્યા હેતુ માટે ખર્ચ કરવામાં આવી?

**જવાબ**

સામેલ પત્રક-અ અને બ મુજબ.

**પત્રક-અ**

**(રૂપિયા લાખમાં)**

| અ. નં. | તાલુકાનું નામ | શિષ્યવૃત્તિ | | ૧ થી ૭ ધોરણના બાળકોને મફ્ત ગણવેશ | | બંકેબલ સબસીડી યોજના | | માનવગરિમા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ધોરાજી | ૦.૬૨ | ૦.૩૭ | ૦.૨૩ | ૦.૧૯ | ૦.૦૫ | ૦ | ૦ | ૦ |
| ૨ | ગોંડલ | ૦.૨૪ | ૦.૦૬ | ૦.૧૫ | ૦.૦૯ | ૦ | ૦.૦૮ | ૦.૦૩ | ૦ |
| ૩ | જામકંડોરાણા | ૦.૦૩ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૩ | ૦ | ૦ | ૦ |
| ૪ | જસદણ | ૦.૧૬ | ૦.૨૦ | ૦.૨૫ | ૦.૨૧ | ૦ | ૦ | ૦.૦૬ | ૦.૦૬ |
| ૫ | જેતુપર | ૦.૫૭ | ૦.૫૮ | ૦.૨૦ | ૦.૧૧ | ૦ | ૦.૦૩ | ૦.૦૩ | ૦ |
| ૬ | કોટડા સાંગાણી | ૦.૦૮ | ૦.૧૪ | ૦.૦૪ | ૦.૧૮ | ૦ | ૦ | ૦.૦૬ | ૦ |
| ૭ | લોધીકા | ૦.૦૫ | ૦.૦૬ | ૦.૧૨ | ૦.૧૩ | ૦ | ૦ | ૦.૦૩ | ૦ |
| ૮ | મોરબી | ૧.૪૬ | ૧.૫૧ | ૦.૨૨ | ૦.૨૨ | ૦ | ૦ | ૦.૦૩ | ૦.૦૩ |
| ૯ | પડધરી | ૦.૦૪ | ૦.૦૯ | ૦.૦૩ | ૦.૦૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | માળીયા મીયાણા | ૦.૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | રાજકોટ | ૧૦.૫૮ | ૯.૫૭ | ૩.૧૩ | ૨.૫૨ | ૦.૦૩ | ૦.૨૦ | ૦.૦૬ | ૦.૦૯ |
| ૧૨ | ટંકારા | ૦.૫૯ | ૦.૧૬ | ૦.૫૨ | ૦.૦૦ | ૦ | ૦.૦૩ | ૦ | ૦ |
| ૧૩ | ઉપલેટા | ૦.૪૦ | ૦.૫૧ | ૦.૨૩ | ૦.૦૦ | ૦.૦૩ | ૦ | ૦ | ૦.૦૩ |
| ૧૪ | વાંકાનેર | ૬.૦૧ | ૯.૦૨ | ૯.૩૮ | ૯.૧૯ | ૦ | ૦ | ૦.૧૨ | ૦.૧૫ |
| | **કુલ** | **૨૦.૮૫** | **૨૨.૨૯** | **૧૪.૫૦** | **૧૨.૮૫** | **૦.૧૪** | **૦.૩૪** | **૦.૪૨** | **૦.૩૬** |

**પત્રક-બ**

**(રૂપિયા લાખમાં)**

| અ. નં. | તાલુકાનું નામ | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ ધ્વારા કરવામાં આવેલ ખર્ચ | | | | | | કુલ સરવાળો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક ધિરાણ યોજના | | સીધા ધિરાણની યોજના | | માઈક્રો ક્રેડીટ ધિરાણની યોજના | | કુલ | | કુલ |
| | | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૦૯ |
| ૧ | ૨ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૧ | ધોરાજી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૯૧ | ૦.૫૬ | ૧.૪૭ |
| ૨ | ગોંડલ | ૦ | ૦ | ૧.૨૦ | ૦.૩૦ | ૦ | ૦ | ૧.૬૨ | ૦.૫૪ | ૨.૧૫ |
| ૩ | જામકંડોરાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૬ | ૦.૦૧ | ૦.૦૭ |
| ૪ | જસદણ | ૦ | ૦ | ૦ | ૦ | ૧.૦૦ | ૦ | ૧.૪૭ | ૦.૪૮ | ૧.૯૫ |
| ૫ | જેતુપર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૭૯ | ૦.૭૨૨૨ | ૧.૫૧ |
| ૬ | કોટડા સાંગાણી | ૦ | ૦ | ૧.૨૦ | ૦ | ૦ | ૦ | ૧.૩૮ | ૦.૩૨ | ૧.૭૦ |
| ૭ | લોધીકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૨૦ | ૦.૨૦ | ૦.૪૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | મોરબી | ૦ | ૦ | ૨.૩૦ | ૦.૪૦ | ૦ | ૦ | ૪.૦૧ | ૨.૧૬ | ૬.૧૭ |
| ૯ | પડધરી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૭ | ૦.૧૧ | ૦.૧૮ |
| ૧૦ | માળીયા મીયાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૧ | ૦ | ૦.૦૧ |
| ૧૧ | રાજકોટ | ૦.૨૦ | ૦.૫૦ | ૧૫.૯૦ | ૧૫.૯૫ | ૦ | ૦ | ૨૯.૯૧ | ૨૮.૮૨ | ૫૮.૭૩ |
| ૧૨ | ટંકારા | ૦ | ૦ | ૧.૨૦ | ૦ | ૦ | ૦ | ૨.૩૧ | ૦.૧૯ | ૨.૫૧ |
| ૧૩ | ઉપલેટા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૬૬ | ૦.૫૪ | ૧.૨૦ |
| ૧૪ | વાંકાનેર | ૦.૩૫ | ૦.૮૩ | ૩.૧૦ | ૦.૯૦ | ૧.૦૦ | ૦ | ૧૯.૯૬ | ૨૦.૦૮ | ૪૦.૦૪ |
| | **કુલ** | ૦.૫૫ | ૧.૩૩ | ૨૪.૯૦ | ૧૭.૫૫ | ૨.૦૦ | ૦.૦૦ | ૬૩.૩૬ | ૫૪.૭૨ | ૧૧૮.૦૮ |

------------

## ભરૂચ જિલ્લામાં ઓ.બી.સીના નવા છાત્રાલયો શરૂ કરવા કરેલ આયોજન

**૧૨૬૭૧શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઓ.બી.સી.ના છાત્રાલયો ક્યા ક્યા સ્થળે કાર્યરત છે.

(૨) તેમાં કેટ કેટલા વિદ્યાર્થીઓ લાભ લે છે, અને

(૩) વધારાના નવા છાત્રાલયો શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તાલુકાના કાર્યરત છાત્રાલયોની સંખ્યા | સ્થળ અને સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જંબુસર | ૬ | નહાર-૨ |
| | | | નોધણા-૧ |
| | | | જંબુસર-૨ |
| | | | પીલુદરા-૧ |
| ૨ | હાંસોટ | ૨ | ઈલાવ-૨ |
| ૩ | અંકલેશ્વ ર | | માંડવા-૧ |
| | કુલ | ૯ | ૯ |

(૨)

| સ્થળ | સ્થળોએ કાર્યરત છાત્રાલયની સંખ્યા | લાભ લેતા વિદ્યાર્થીઓ |
|---|---|---|
| નહાર | ૨ | ૬૯ |
| નોધણા | ૧ | ૬૬ |
| જંબુસર | ૨ | ૯૬ |
| પીલુદરા | ૧ | ૨૪ |
| ઈલાવ | ૨ | ૮૧ |
| માંડવા | ૧ | ૯૭ |
| | ૯ | ૪૩૩ |

(૩) હાલમાં કોઈ આયોજન નથી.

------------

## વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાઓના ભંગની મળેલ ફરીયાદો

**૧૩૭૨૨ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાના ભંગ માટે કેટલી ફરીયાદો મળી, અને

(૨) આ ફરીયાદોમાં કારખાનાના માલિકો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૭૧૧ ફરીયાદો મળી.

(૨) કસુરવાર કારખાનાના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

## અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

**૧૩૪૮૨શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાયેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) બેરોજગારી ઘટાડવા શા શા પગલાં ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ શિક્ષિત અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે.

| તાલુકો | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
|---|---|---|---|
| દસક્રોઈ | ૧૬૫૨૯ | ૩૪૮ | ૧૬૮૭૭ |
| ધોળકા | ૪૨૫૪ | ૨૧૦ | ૪૪૬૪ |
| બાવળા | ૧૪૧૪ | ૧૦૩ | ૧૫૧૭ |
| ધંધુકા | ૧૫૨૨ | ૧૪૬ | ૧૬૬૮ |
| રાણપુર | ૩૫૬ | ૨૮ | ૩૮૪ |
| **તાલુકો** | **શિક્ષિત** | **અર્ધ શિક્ષિત** | **કુલ** |
| બરવાળા | ૪૬૮ | ૨૦ | ૪૮૮ |
| સાણંદ | ૩૦૮૦ | ૨૫૯૫ | ૫૬૭૫ |
| વિરમગામ | ૨૦૨૯ | ૨૭૯ | ૨૩૦૮ |
| માંડલ | ૧૩૦૦ | ૫૮ | ૧૩૫૮ |
| દેત્રોજ | ૯૫૨ | ૫૨ | ૧૦૦૪ |
| અમદાવાદ | ૬૦૬૩૫ | ૭૧૬૫ | ૬૭૮૦૦ |
| **કુલ** | **૯૨૫૩૯** | **૧૧૦૦૪** | **૧૦૩૫૪૩** |

(૨) નીચે મુજબ શિક્ષિત અર્ધશિક્ષિત બેરોજગારોને રોજગારી આપી

| તાલુકો | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
|---|---|---|---|
| દસક્રોઈ | ૩૩૫ | ૫૭ | ૩૯૨ |
| ધોળકા | ૧૭૬ | ૧૭ | ૧૯૩ |
| બાવળા | ૩૦ | ૧૬ | ૪૬ |
| ધંધુકા | ૨૫૬ | ૧૨ | ૨૬૮ |
| રાણપુર | ૬ | ૦ | ૬ |
| બરવાળા | ૯૪ | ૦ | ૯૪ |
| સાણંદ | ૫૧૦ | ૩૦૫ | ૮૧૫ |
| વિરમગામ | ૩૨ | ૧૮ | ૫૦ |
| માંડલ | ૧૮ | ૦ | ૧૮ |
| દેત્રોજ | ૬ | ૦ | ૬ |
| અમદાવાદ | ૪૫૪૯૦ | ૧૨૩૪૩ | ૫૭૮૩૩ |
| **કુલ** | **૪૬૯૫૩** | **૧૨૭૬૮** | **૫૯૭૨૧** |

(૩) બેરોજગારી ઘટાડવા નીચે મુજબનું આયોજન કરવામાં આવે છે.

- નોકરીદાતાઓની માંગણી મુજબ બેરોજગાર ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.
- ઓદ્યોગિક ભરતી મેળાઓ અને લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે.
- સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે દ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.
- આ ઉપરાંત રાજ્યની ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં લાંબા અને ટૂંકા ગાળાનાં તાલીમ વર્ગો ચલાવીને યુવાનોની રોજગાર ક્ષમતા (કોશલ્ય વર્ધન) વધારવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

-----------

**રમત માટેની હોસ્ટેલ સુવિધા શરૂ કરવા અંગે**

૧૨૮૨૬**શ્રી તુષારસિંહ મહારાઉલ (દેવગઢ-બારીયા) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવગઢ-બારીઆમાં શ્રી જયદિપસિંહની જિલ્લા રમત સંકુલમાં આવેલ સાગર મહેલ બિલ્ડીંગમાં સરકાર ફરીથી સ્પોર્ટસ હોસ્ટેલ શરૂ કરવા માંગે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ચોક્કસ રમત માટેની સુવિધા સહીત હોસ્ટેલ શરૂ કરવા માંગો છો કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આર્ચરી અને એથ્લેટીક્સની રમત શરૂ કરવા માંગો છો કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં આ કાર્યવાહી શરૂ કરવામાં આવશે ? | (૪) સત્વરે. |

------------

**રાજ્યમાં કાર્યરત ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓની સંખ્યા**

૧૩૭૪૭**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, | (૧) ૬૯૬. (૧૮૫ સરકારી આઈ.ટી.આઈ. સહીત) |
| (૨) તે પૈકી ગ્રાન્ટ ઈન એઈડ કેટલી, અને | (૨) ૧૩૧. |
| (૩) સ્વનિર્ભર સંસ્થાઓ કેટલી ? | (૩) ૩૮૦. |

------------

**અમદાવાદ શહેરમાં બેરોજગારોને રોજગારી**

૧૨૮૨૩**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત બેરોજગાર લોકોની નોંધણી કરવામાં આવી છે, અને | (૧) ૯૧૯૨૮. |
| (૨) કેટલા લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી? | (૨) ૪૬૯૫૩. |

------------

**અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૩૭૧૧**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરસ્વતી સાધના યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૦૮-૦૯માં ૧૩૦૦ અને ૨૦૦૯-૧૦માં ૧૧૬૪ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૦૮-૦૯માં ૧૧૧૨ અને ૨૦૦૯-૧૦માં ૧૧૧૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. |
| (૩) આ સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૨૦૦૮-૦૯માં રૂા. ૨૨.૨૪ લાખ અને ૨૦૦૯-૧૦માં રૂા. ૧૪.૭૬ લાખની સહાય ચુકવાઈ છે. |

------------

**વડોદરા શહેર અને જિલ્લામાં માનવ ગરીમા યોજનાના લાભાર્થીઓ**

૧૩૬૬૨**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માનવ ગરીમા યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના કેટલા ઈસમોને લાભ આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ આવી હતી, અને

(૩) અરજીઓનો નિકાલ ન થયેલ હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| તાલુકો | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| વડોદરા શહેર | ૪૯ |
| વડોદરા ગ્રામ્ય | ૩૦ |
| પાદરા | ૨૩ |
| કરજણ | ૦૯ |
| ડભોઈ | ૧૯ |
| શિનોર | ૦૫ |
| સાવલી | ૨૦ |
| સંખેડા | ૧૨ |
| નસવાડી | ૧૬ |
| વાઘોડીયા | ૦૪ |
| જેતપુર પાવી | ૧૫ |
| છોટા ઉદેપુર | ૧૩ |
| ક્વાંટ | ૧૩ |
| **કુલ :-** | **૨૨૮** |

(૨) ૧૦૯૭ અરજીઓ.

(૩) વર્ષ ૨૦૦૯-૧૦ની ૨૭૨ અરજીઓ મંજુર કરવામાં આવે છે, તેઓને ગ્રીમકો પાસેથી ટુલ્સકીટ/સાધન મળેથી તુરત જ વિતરિત કરવામાં આવશે.

------------

**બક્ષીપંચ જ્ઞાતિ માટે ક્રિમીલેયરની આવક મર્યાદા**

૧૨૯૧૩**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બક્ષીપંચની જ્ઞાતિની ક્રિમીલેયરની આવક મર્યાદા કેટલી છે,

(૨) આ આવક મર્યાદામાં વધારો કરવાનું સરકારની વિચારણા હેઠળ છે, તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આ આવક મર્યાદામાં કેટલો અને ક્યારે વધારો કરવામાં આવે છે?

**જવાબ**

(૧) રૂા. ૨.૫૦ લાખ.

(૨) હા, જી.

(૩) પુખ્ત વિચારણાને અંતે નક્કી થાય તે.

------------

**રાજુલા વિસ્તારના ઓદ્યોગિક એકમોમાં આપેલ સ્થાનિક લોકોને રોજગારી**

૧૨૮૨૧**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકામાં ઓદ્યોગિક કંપનીઓ ધ્વારા કરવામાં આવતી કર્મચારી ભરતીમાં સ્થાનિક કક્ષાએ ૮૫ ટકાને રોજગારી આપવા અંગેના પરિપત્રનું પાલન કરવામાં આવતું નથી તેવી કોઈ ફરિયાદ સરકારમાં મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકાર તરફથી આ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા એક વર્ષમાં મળેલ તમામ ફરિયાદો અન્વયે ફરિયાદ કરનારશ્રીઓને હકીક્તલક્ષી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

------------

**મહેસાણા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૩૭૩૮**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મહેસાણા ખાતે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૫૪૨૯૬.

(૨) ૧૮૧૭.

------------

**રાજ્ય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અન્વયે એરિયર્સ રકમ પરના વ્યાજ અંગે**

૧૩૦૪૯**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચમાં આપવામાં આવેલા પગાર વધારાનો તા.૧-૧-૨૦૦૬ થી થતો વધારો ચૂકવવામાં આવેલ નથી કે જી.પી.એફ. માં રકમ જમા કરાવવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૧-૧-૦૬ થી તારીખ ૩૧-૧૨-૦૯ સુધીનો આ પગાર વધારાની અંદાજે કેટલી રકમ થાય છે અને વર્ષવાર આ રકમ કેટલી થાય, અને

(૩) આ છઠ્ઠા પગાર પંચનો વધારો કઈ તારીખથી ચૂકવવામાં આવ્યો અને જે પગાર વધારાનાં તફાવતની રકમ ચૂકવાઈ નથી તે રકમ પર કઈ તારીખથી વ્યાજ સરકારે ચૂકવવાનું નક્કી કરાયું છે ?

**જવાબ**

(૧) ના, જી.

પગાર તફાવતની વર્ષ ૨૦૦૯-૧૦માં ચુકવવાપાત્ર પ્રથમ હપ્તાની ૨૦% રકમ તા. ૩૧-૩-૨૦૧૦ સુધી સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવા અંગેના આદેશો કરવામાં આવેલ છે.

(૨) તા. ૧-૧-૨૦૦૬ થી ૩૧-૧૨-૨૦૦૯ સુધીની પગાર વધારાની રકમ અંદાજે રૂા. ૭૦૮૭.૭૬ કરોડ થાય છે. તેમાંથી તા. ૧-૪-૨૦૦૯થી તારીખ ૩૧-૧૨-૨૦૦૯ના સમયગાળાની પગાર વધારાની રકમ રૂા. ૧૬૭૬.૪૯ રોકડમાં ચુકવવામાં આવેલ છે. જ્યારે પગાર વધારાના તફાવતની વર્ષવાર રકમ અંદાજ નીચે જણાવ્યા પ્રમાણેની થશે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૫-૨૦૦૬ | રૂા. ૪૨૩.૦૬ કરોડ |
| વર્ષ ૨૦૦૬-૨૦૦૭ | રૂા. ૧૬૪૦.૪૫ કરોડ |
| વર્ષ ૨૦૦૭-૨૦૦૮ | રૂા. ૧૫૭૫.૮૯ કરોડ |
| વર્ષ ૨૦૦૮-૨૦૦૯ | રૂા. ૧૭૭૧.૮૭ કરોડ |

એમ કુલ રૂા. ૫૪૧૧.૨૭ કરોડ ચુકવવાના થાય છે.

(૩) છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયે કર્મચારીઓને તા. ૦૧-૦૪-૨૦૦૯થી પગાર વધારો ચુકવવામાં આવેલ છે. તફાવતની રકમના ૨૦% રકમના દરેક હપ્તા ઉપર જે તે વર્ષની પહેલી એપ્રિલથી વ્યાજ ચુકવવામાં આવશે.

------------

**જૂનાગઢ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં વ્યાખ્યાતાઓની જ્યાઓ ભરવા બાબત**

૧૨૨૩૭**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કઈ કઈ ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં ક્યા ક્યા ટ્રેડમાં વ્યાખ્યાતાઓની કેટલી જ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાની નીચે દર્શાવેલ ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તેની સામે દર્શાવેલ ટ્રેડમાં વ્યાખ્યાતાઓની ખાલી જ્યા છે.

| ક્રમ | આઈ.ટી.આઈ.નું નામ | ટ્રેડનું નામ | વ્યાખ્યાતાઓની ખાલી જ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક | ૦૨ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૧ |
| | | વાયરમેન | ૦૩ |
| | | મિકેનિક મોટર વ્હીકલ | ૦૧ |
| | | વેલ્ડર કમ ફેબ્રીકેશન | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ | ૦૧ |
| | | સીઓઈ ઈલેક્ટ્રીક્લ બેઝીક મોડ્યુલ-૬ | ૦૧ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૧ |
| | | પ્લાસ્ટિક પ્રોસેસીંગ ઓપરેટર | ૦૧ |
| | | **કુલ સંખ્યા** | **૧૨** |
| ૨ | કેશોદ | ફીટર | ૦૧ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૧ |
| | | મિકેનિક મોટર વ્હીક્લ | ૦૧ |
| | | **કુલ સંખ્યા** | **૦૩** |
| ૩ | માળીયા હાટીના | વાયરમેન | ૦૧ |
| | | વેલ્ડર | ૦૧ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૨ |
| | | ફીટર | ૦૨ |
| | | **કુલ સંખ્યા** | **૦૬** |
| ૪ | મેંદરડા | ફીટર | ૦૧ |
| | | મિકેનિક મોટર વ્હીક્લ | ૦૧ |
| | | વેલ્ડર | ૦૧ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૨ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૧ |
| | | **કુલ સંખ્યા** | **૦૬** |
| ૫ | તલાલા (ધુસીયા) | ઈલેક્ટ્રીશ્યન | ૦૧ |
| | | વાયરમેન | ૦૧ |
| | | **કુલ સંખ્યા** | **૦૨** |
| ૬ | ઉના | ફીટર | ૦૧ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૧ |
| | | વેલ્ડર | ૦૧ |
| | | મિકેનિક્લ ડીઝલ | ૦૧ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૨ |
| | | **કુલ સંખ્યા** | **૦૬** |
| | | **કુલ =** | **૩૫** |

(૨) આ જગ્યાઓ ન ભરવાના શાં કારણો છે, અને

(૨) આ જગ્યાઓ નિયમિત નિમણૂંકથી ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને તા. ૨-૭-૨૦૦૮ના રોજ માંગણી પત્રક મોક્લી આપવામાં આવેલ છે.

(૩) સન ૨૦૧૦-૧૧ માં આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન ક્રેલ છે ?

(૩) આ જગ્યાઓ નિયમિત નિમણૂંકથી ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને તા. ૨-૭-૨૦૦૮ના રોજ માંગણી પત્રક મોક્લી આપવામાં આવેલ છે.

**સાવરકુંડલા તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાની મકાન બાંધકામની મળેલ માંગણીઓ**

૧૩૧૨૬ **શ્રી કાળુભાઈ વિરાણી** (કુંડલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા શહેર અને તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન બાંધકામની સહાય ચૂકવવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ડૉ. આંબેડકર આવાસ યોજનાની છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ તાલુકામાંથી આવેલ છે, અને | (૨) ૨૯૧. |
| (૩) તેમાંથી કેટલી માંગણીઓ મંજૂર કરવામાં આવી અને બાકી રહેતી માંગણીઓ ક્યારે મંજૂર કરવા આયોજન છે ? | (૩) ૧૬૫ માંગણીઓ મંજુર કરવામાં આવેલ છે. કોઈ માંગણી પડતર નથી. |

------------

**ક્રિમીલેયરની આવક મર્યાદામાં સુધારો કરવા અંગે**

: ૧૩૧૧૭ **ડૉ. અનિલભાઈ જોષીયારા**(ભિલોડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની જ્ઞાતિઓને નોન-ક્રિમીલેયરની આવક મર્યાદા રૂા. સાડા-ચાર લાખ તા.૧૪-૧૦-૨૦૦૮ના રોજ ઠરાવી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ભારત સરકારની ઉપરોક્ત જોગવાઈની અનુસરણમાં રાજ્ય સરકારે ક્રિમીલેયરની આવક મર્યાદામાં તા.૩૧-૧-૧૦ સુધીમાં કોઈ સુધારો કર્યો છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો ના, તો એના કારણો શાં છે ? | (૩) વિચારણા હેઠળ છે. |

------------

**ઉમરગામ તાલુકામાં મીતના શબ્દ સુધારવા અંગે**

: ૧૨૫૨૫ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકામાં મીતના સમાજ રહે છે, એ સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મીતનાની જ્ગ્યા ઉપર બીતના શબ્દ વપરાયેલ છે, સરકાર આ અંગે સુધારો કરવા માંગે છે કે કેમ, અને | (૨) તા. ૬-૨-૨૦૧૦ના ઠરાવથી "બિતના" ને બદલે "મીતના" સુધારવામાં આવેલ છે. અર્થાત સુધારો થયેલ છે. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં વિદ્યાર્થીઓના ગણવેશ પાછળ કરેલ ખર્ચ

૧૨૮૧૭**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં બક્ષીપંચના કેટલા અને ક્યા ક્યા ધોરણના વિદ્યાર્થીઓને ગણવેશ યોજના હેઠળ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી, અને | (૧) સને ૨૦૦૮માં ધોરણ ૧ થી ૭ ના ૧,૬૧,૨૨૭ વિદ્યાર્થીઓને રૂા. ૨,૪૧,૮૪,૦૫૦/- અને સને ૨૦૦૯માં ૧,૫૩,૮૪૬ વિદ્યાર્થીઓને રૂા. ૨,૩૦,૭૬,૯૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. |
| (૨) આ યોજના અન્વયે કેટલી રકમની જોગવાઈ આ જિલ્લા માટે કરવામાં આવી હતી ? | (૨) રૂા. ૪૯૦.૧૦ લાખ. |

------------

## અમદાવાદ જિલ્લામાં કેન્સરના દર્દીઓને ચૂકવેલ સહાય

૧૩૭૧૦**શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મફત તબીબી સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા કેન્સરના દર્દીઓને વર્ષ ૨૦૦૮-૦૯ માં સહાય ચૂકવવામાં આવી ? | ૧૧૬. |

------------

## કપડવંજ તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાના લાભાર્થીઓ

૧૩૧૨૧**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસો મંજૂર થયા છે, | (૧) ૧૯૩. |
| (૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયા, કેટલા બાકી છે, અને | (૨) ૧૩૩ લાભાર્થીઓને પુરેપુરી સહયની રકમ ચુકવાઇ ગઇ છે, જ્યારે ૬૦ લાભાર્થીઓને સહાયનો પ્રથમ હપ્તો ચુકવાયેલ છે. |
| (૩) લાભાર્થીદીઠ કેટલા નાણા ચૂકવવામાં આવેલ છે ? | (૩) (૧) ૧૩૩ લાભાર્થીઓને, લાભાર્થી દીઠ રૂા. ૪૦,૦૦૦/ પ્રમાણે, તથા<br>(૨) ૬૦ લાભાર્થીઓને લાભાર્થી દીઠ રૂા. ૪૩,૫૦૦/- મંજુર કરી લાભાર્થી દીઠ પ્રથમ હપ્તા પેટે રૂા. ૨૧,૭૫૦/-. |

------------

## રાજ્ય સરકારનું જાહેર દેવું તેમજ ચૂકવેલ વ્યાજ

૧૨૨૪૦**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારનું જાહેર દેવું કેટલું છે, અને | (૧) રૂા. ૯૪૫૫૩ કરોડ (અંદાજીત). |
| (૨) આ દેવા ઉપર કેટલું વ્યાજ છેલ્લા એક નાણાકીય વર્ષમાં ચૂકવવામાં આવ્યું ? | (૨) નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯માં ચૂકવેલ વ્યાજ રૂા. ૭૦૬૫ કરોડ છે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાના લાભાર્થીઓ**

૧૨૫૦૮**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કેટલા લાભાર્થીઓની અરજીઓ આવેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૮૩ |
| ૨ | પ્રાંતિજ | ૭૧ |
| ૩ | તલોદ | ૫૮ |
| ૪ | મોડાસા | ૬૯ |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
| ૫ | ધનસુરા | ૩૫ |
| ૬ | ઇડર | ૧૫૮ |
| ૭ | ખેડબ્રહ્મા | ૧૬ |
| ૮ | ભિલોડા | ૫૭ |
| ૯ | બાયડ | ૧૯ |
| ૧૦ | માલપુર | ૨૨ |
| ૧૧ | વડાલી | ૩૧ |
| ૧૨ | વિજયનગર | ૧૧ |
| ૧૩ | મેઘરજ | ૫૩ |
| | કુલ : | ૭૮૩ |

(૨) તે પૈકી મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૧ |
| ૨ | માલપુર | -- |
| ૩ | બાયડ | ૪ |
| ૪ | ધનસુરા | ૨ |
| | કુલ : | ૭ |

(૩) આ અરજીઓ પડતર રહેવાનાં શાં કારણો છે, કેટલા સમયમાં અરજીઓ કરનાર લાભાર્થીઓને સહાય આપવામાં આવશે ?

(૩) લગ્ન નોંધણી પ્રમાણપત્રો રજુ ન થવાથી અરજદારો તરફથી લગ્ન નોંધણી પ્રમાણપત્રો રજુ થયેથી લાભાર્થીઓને સહાય આપવામાં આવશે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં વૃધ્ધોને પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

૧૩૯૦૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વૃધ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને કેટલી પડતર છે,

(૨) પત્રક-૨ (અ) મુજબ તેમજ પત્રક-૨(બ) મુજબ.

(૩) મંજૂર કરેલ પેકી કેટલાને સહાય ચૂકવવામાં આવી,

(૩) મંજૂર કરેલ તમામને સહાય ચૂકવવામાં આવી.

(૪) નામંજૂર કરવાના અને પડતર રહેવાના કારણો શાં શાં છે, અને

(૪) ૧. નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

**(અ) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના**

૧. પુખ્ત ઉંમરનો પુત્ર હોઇ.
૨. આવક વધુ હોવાથી.
૩. ઉંમર ઓછી હોવાથી.
૪. સ્થળે ન રહેતા હોવાથી.
૫. પોષણક્ષમ જમીન ધરાવતા હોઇ.

**(બ) ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય (વયવંદના) યોજના હેઠળ**

**૧.** બી.પી.એલ. યાદીમાં નામ ન હોઇ.
૨. નિયત ઉંમર ધરાવતા ન હોઇ.
૩. બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ નો સ્કોર ધરાવતા ન હોઇ.

**૨.** અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. અરજદારની અરજીઓ ચકાસણી હેઠળ હોવાથી.

(૫) પડતર અરજીનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૫) સત્વરે નિકાલ કરવામાં આવશે.

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય અને વયવંદના યોજના હેઠળ વર્ષવાર મળેલ અરજીઓ | | રાજ્ય સરકારની વૃધ્ધ સહાય યોજના અંતર્ગત વર્ષવાર મળેલ અરજીઓ | |
|---|---|---|---|---|---|
| | | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન |
| ૧ | હિંમતનગર | ૧૦૦૬ | ૧૨૮૧ | ૨૫૦ | ૧૪૮ |
| ૨ | ભિલોડા | ૨૯૭ | ૯૯૯ | ૧૦૮ | ૧૪૦ |
| ૩ | પ્રાંતિજ | ૩૭૪ | ૪૧૩ | ૮૪ | ૬૮ |
| ૪ | તલોદ | ૩૪૮ | ૪૭૦ | ૬૭ | ૮૬ |
| ૫ | ઇડર | ૪૪૮ | ૪૫૫ | ૧૦૯ | ૨૩૧ |
| ૬ | વડાલી | ૨૬૦ | ૧૫૧ | ૨૬ | ૧૫ |
| ૭ | ખેડબ્રહ્મા | ૮૧ | ૯૩૮ | ૧૯ | ૧૨ |
| ૮ | વિજ્યનગર | ૩૪૩ | ૨૯૭ | ૧૨ | ૧૭ |
| ૯ | મોડાસા | ૧૯૯ | ૪૨૨ | ૬૮ | ૧૬૭ |
| ૧૦ | બાયડ | ૫૮૩ | ૫૮૧ | ૬૮ | ૪૫ |
| ૧૧ | ધનસુરા | ૮૦ | ૪૧ | ૩૧ | ૭૨ |
| ૧૨ | માલપુર | ૨૪૪ | ૨૩૮ | ૩૫ | ૮ |
| ૧૩ | મેઘરજ | ૩૫૪ | ૭૨૧ | ૧૯ | ૫૦ |
| | કુલ : | ૪૬૧૭ | ૭૦૦૭ | ૮૯૬ | ૧૦૫૯ |

## પત્રક-૨ (અ)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | | | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | પડતર | મંજૂર | નામંજૂર | પડતર |
| ૧ | હિંમતનગર | ૩૪૮ | ૯૩ | ૫૬૫ | ૧૨૫૫ | ૪૫૬ | ૧૩૫ |
| ૨ | ભિલોડા | ૩૩ | ૯૨ | ૧૭૨ | ૧૦૩૨ | ૧૩૧ | ૮ |
| ૩ | પ્રાંતિજ | ૩૧૦ | ૫૯ | ૫ | ૩૪૩ | ૭૪ | ૧ |
| ૪ | તલોદ | ૧૮૬ | ૭૫ | ૮૭ | ૩૯૪ | ૧૧૭ | ૪૬ |
| ૫ | ઇડર | ૪૧૦ | ૩૮ | ૦ | ૪૧૦ | ૧૬ | ૨૯ |
| ૬ | વડાલી | ૨૨૩ | ૩૭ | ૦ | ૭૯ | ૬૮ | ૪ |
| ૭ | ખેડબ્રહ્મા | ૮૧ | ૦ | ૦ | ૩૫૨ | ૫૮૧ | ૫ |
| ૮ | વિજયનગર | ૨૩૩ | ૧૧૦ | ૦ | ૨૬૯ | ૨૭ | ૧ |
| ૯ | મોડાસા | ૧૭૬ | ૨૩ | ૦ | ૩૦૫ | ૯૨ | ૨૫ |
| ૧૦ | બાયડ | ૫૪૫ | ૩૮ | ૦ | ૪૫૪ | ૧૧૩ | ૧૪ |
| ૧૧ | ધનસુરા | ૪૭ | ૩૩ | ૦ | ૩૩ | ૮ | ૦ |
| ૧૨ | માલપુર | ૨૩૫ | ૯ | ૦ | ૨૦૮ | ૩૦ | ૦ |
| ૧૩ | મેઘરજ | ૩૫૧ | ૩ | ૦ | ૬૯૩ | ૨૮ | ૦ |
| | કુલ : | ૩૧૭૮ | ૬૧૦ | ૮૨૯ | ૫૮૨૭ | ૧૭૪૧ | ૨૬૮ |

## પત્રક-૨ (બ)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ દરમ્યાન | | | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ દરમ્યાન | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | પડતર | મંજૂર | નામંજૂર | પડતર |
| ૧ | હિંમતનગર | ૧૩૩ | ૭૮ | ૩૯ | ૧૦૬ | ૬૪ | ૧૭ |
| ૨ | ભિલોડા | ૫૩ | ૩૬ | ૧૯ | ૧૦૧ | ૫૬ | ૨ |
| ૩ | પ્રાંતિજ | ૬૦ | ૨૧ | ૩ | ૫૨ | ૧૯ | ૦ |
| ૪ | તલોદ | ૪૧ | ૧૬ | ૧૦ | ૬૩ | ૩૨ | ૧ |
| ૫ | ઇડર | ૭૭ | ૩૨ | ૦ | ૧૧૩ | ૯૦ | ૨૮ |
| ૬ | વડાલી | ૧૫ | ૧૧ | ૦ | ૮ | ૪ | ૩ |
| ૭ | ખેડબ્રહ્મા | ૧૨ | ૭ | ૦ | ૬ | ૧ | ૫ |
| ૮ | વિજયનગર | ૬ | ૬ | ૦ | ૧૦ | ૪ | ૩ |
| ૯ | મોડાસા | ૫૨ | ૧૬ | ૦ | ૯૭ | ૬૬ | ૪ |
| ૧૦ | બાયડ | ૪૫ | ૨૩ | ૦ | ૧૯ | ૨૨ | ૪ |
| ૧૧ | ધનસુરા | ૨૬ | ૫ | ૦ | ૫૧ | ૧૫ | ૬ |
| ૧૨ | માલપુર | ૧૮ | ૧૭ | ૦ | ૦ | ૮ | ૦ |
| ૧૩ | મેઘરજ | ૭ | ૧૨ | ૦ | ૧૮ | ૨૯ | ૩ |
| | કુલ : | ૫૪૫ | ૨૮૦ | ૭૧ | ૬૪૪ | ૪૧૦ | ૭૬ |

------------

## બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

**૧૩૭૧૬શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૩૬. |
| (૨) તે પૈકી તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૧૨. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે ? | (૩) એક પણ નહીં. |

------------

## છઠ્ઠા પગારપંચ અન્વયે પડતર માગણીઓના હલ અંગે

૧૩૦૫૨**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છઠ્ઠા પગારપંચ અન્વયે રાજ્યના સરકારી કર્મચારીઓની કઈ કઈ માગણીઓ સરકાર સમક્ષ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પડતર છે,

(૨) આ માંગણીના ઉકેલ માટે સરકારના મંત્રીઓ અને અધિકારીઓ વચ્ચે મહામંડળના આગેવાનો સાથે આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી બેઠકો યોજાઈ, અને

(૩) આ બેઠકમાં કેટલા પ્રશ્નો હલ થયા ?

**જવાબ**

(૧) કર્મચારી મહામંડળો સાથે તા. ૧૬-૧૨-૨૦૦૮ના રોજ મળેલ બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા તેમજ વાટાઘાટો મુજબ નિર્ણય લઇ છઠ્ઠા પગાર પંચની ભલામણોના અનુંસંધાનમાં રાજ્ય સરકારે અમલ કરેલ છે અને તે અંગેના હુકમો કરેલ છે.

(૨) તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ના એક વર્ષના સમયગાળામાં કર્મચારી સંગઠનો સાથે કુલ ચાર (૪) બેઠકો યોજાયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## વડોદરા જિલ્લામાં નિવૃત્ત પેન્શનરોને રીવાઈઝ પેન્શન ચૂકવવાના પડતર કેસો

૧૩૩૬૪**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૧-૧-૨૦૦૬ પછી નિવૃત્ત થયેલા પેન્શનરોને છઠ્ઠા પગાર પંચ અન્વયે રીવાઈઝ પેન્શન ચૂકવવાના તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા કેસો તાલુકાવાર પડતર છે,

(૨) પડતર રહેવાના શાં કારણો છે, અને

(૩) તમામ નિવૃત્ત પેન્શનરોને ક્યાં સુધીમાં રીવાઈઝ પેન્શન ચૂકવી આપવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | પડતર રીવીઝન કેસો. |
|---|---|
| વડોદરા | ૫૦૯ |
| કરજણ | ૬ |
| શીનોર | ૯ |
| **તાલુકાનું નામ** | **પડતર રીવીઝન કેસો.** |
| જેતપુર-પાવી | ૩ |
| છોટા ઉદેપુર | ૬ |
| સંખેડા | ૩ |
| ડભોઇ | ૧૮ |
| પાદરા | ૧૨ |
| વાઘોડિયા | ૧ |
| નસવાડી | ૦ |
| સાવલી | ૧૧ |
| ક્વાંટ | ૨ |
| કુલ : | ૫૮૦ |

(૨) ચકાસણીની પ્રક્રિયાને કારણે.

(૩) ૫૮૦ કેસો પેકી.
૪૧૩ કેસમાં અધિકૃત થયેલ છે.
૫૬ કેસ પૂર્તતા અર્થે જે તે કચેરીને પરત કરેલ છે, અને
૧૧૧ કેસ ચકાસણીની પ્રક્રિયામાં છે.
આમ, પૂર્તતા/ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થયેથી રીવાઇઝ પેન્શન ચૂકવી આપવામાં આવશે.

------------

## ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૨૨૧૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરીએ થયેલ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં બેરોજગારોની નોંધણી |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૧૪૩૬ |
| ૨ | કઠલાલ | ૧૬૭૬ |
| ૩ | કપડવંજ | ૨૪૭૨ |
| ૪ | વિરપુર | ૧૬૩૮ |

| | | |
|---|---|---|
| ૫ | બાલાસીનોર | ૨૩૫૩ |
| ૬ | ખેડા | ૧૫૯૧ |
| ૭ | માતર | ૧૦૧૨ |
| ૮ | ઠાસરા | ૨૦૨૬ |
| ૯ | મહુધા | ૧૩૩૮ |
| ૧૦ | નડિયાદ | ૬૬૬૧ |
| | **કુલ** | **૨૨૨૦૩** |

(૨) આ પેકી કેટલા બેરોજગારોના નામો રોજગારી માટે મોકલવામાં આવેલ અને તે ક્યા ક્યા તાલુકાના છે ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી માટે મોકલેલ નામો |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૪૨૫ |
| ૨ | કઠલાલ | ૨૮૪ |
| ૩ | કપડવંજ | ૧૪૨૧ |
| ૪ | વિરપુર | ૩૫૬ |
| ૫ | બાલાસીનોર | ૧૦૬ |
| ૬ | ખેડા | ૭૬૨ |
| ૭ | માતર | ૩૬૦ |
| ૮ | ઠાસરા | ૮૦૨ |
| ૯ | મહુધા | ૪૦૮ |
| ૧૦ | નડિયાદ | ૧૩૦૧ |
| | **કુલ** | **૬૨૨૫** |

## નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો

૧૩૮૮૪**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે, અને

(૧) ૭૧૫ કેસ.

(૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે ?

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા.

## લખપત તાલુકાને કરેલ સહાય

૧૩૬૫૫ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાળી(અબડાસા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કચ્છ જિલ્લાના લખપત તાલુકાને પછાત જાહેર કર્યા પછી છેલ્લા એક વર્ષમાં કેટલી રકમની સહાયની ચૂકવણી કરવામાં, અને

(૧) રૂા. ૧૫.૬૭ લાખ.

(૨) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા હેતુ માટે આ રકમની ચૂકવણી કરવામાં આવી ?

(૨) નીચેના હેતુઓ માટે આ રકમની ચુકવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | યોજના (હેતુ) | ચુકવેલ સહાય |
|---|---|---|
| ૧ | ધો. ૧ થી ૪ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | રૂા. ૧.૭૧ લાખ |
| ૨ | એસ.એસ.સી. પૂર્વેની શિષ્યવૃત્તિ | રૂા. ૧.૯૦ લાખ |
| ૩ | અતિ પછાત જાતિને ભારત સરકારની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ | રૂા. ૦.૬૪ લાખ |
| ૪ | કન્યાઓને પો.મે.શિષ્યવૃત્તિ | રૂા. ૦.૦૬ લાખ |
| ૫ | ગણવેશ સહાય | રૂા. ૮.૫૭ લાખ |
| ૬ | ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ | રૂા. ૦.૦૧ લાખ |
| ૭ | ટેકનિકલ વ્યવસાયિક સ્ટ્રાઈપેન્ડ | રૂા. ૦.૪૪ લાખ |
| ૮ | માનવ ગરિમા યોજના (ક્ટિસ) | રૂા. ૦.૧૨ લાખ |
| ૯ | મફત તબીબી સહાય | રૂા. ૦.૦૭ લાખ |
| ૧૦ | કુંવરબાઈનું મામેરૂં યોજના | રૂા. ૦.૧૫ લાખ |
| ૧૧ | ખાસ પ્લાન યોજના | રૂા. ૨.૦૦ લાખ |
| | **કુલ :-** | **રૂા. ૧૫.૬૭ લાખ** |

**આણંદ જિલ્લામાં બક્ષીપંચ તથા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપેલ શૈક્ષણિક લોન**

૧૨૨૪૪**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૦૦૮-૦૯ના વર્ષમાં આણંદ જિલ્લામાં બક્ષીપંચ તથા અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શૈક્ષણિક લોન આપવામાં આવી ? | બક્ષીપંચના ૧ (એક) તથા અનુસૂચિત જાતિના ૭ (સાત) વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે શૈક્ષણિક લોન આપવામાં આવેલ છે. |

------------

**આણંદ જિલ્લામાં મજૂરીમાંથી મુક્ત કરાયેલ બાળમજૂરો**

૧૩૮૫૮**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળમજૂરોને મજૂરીમાંથી વર્ષવાર મુક્તિ અપાવી, અને

(૨) આવા બાળકોને બાળમજૂરીએ રાખનાર ઈસમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | મુક્ત કરાયેલ બાળમજૂરો |
|---|---|
| ૨૦૦૮ | ૦૫ |
| ૨૦૦૯ | ૦૦ |

(૨) બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ હેઠળ કાર્યવાહી હાથ ધરી પાંચ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

------------

**તાપી જિલ્લામાં નવા છાત્રાલયો શરૂ કરવા કરેલ આયોજન**

૧૩૭૩૫**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતીના વિદ્યાર્થીઓ માટે કેટલા કન્યા છાત્રાલય અને કેટલા કુમાર છાત્રાલયો કાર્યરત છે, તેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની સંખ્યા કેટલી છે, અને | (૧) બક્ષીપંચનું એક કુમાર છાત્રાલય છે જેમાં ૨૦ વિદ્યાર્થીઓ છે અનુસૂચિત જાતિનું એક કન્યા છાત્રાલય છે જેમાં ૨૬ વિદ્યાર્થીનીઓ છે. |
| (૨) વધારાના છાત્રાલયો શરૂ કરવા સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં તાપી જિલ્લામાં વધારાના છાત્રાલયો શરૂ કરવા કોઈ આયોજન નથી. |

------------

**નર્મદા જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ. સંસ્થાઓ**

૧૩૦૮૮**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે.

(૨) આ આઈ.ટી.આઈ. માં ક્યા ક્યા વિષયો શિખવાડવામાં આવે છે, અને

**જવાબ**

(૧) ૦૬ (છ).

(૨)

| ક્રમ | કોર્ષનું નામ |
|---|---|
| ૧ | ફીટર |
| ૨ | વાયરમેન |
| ૩ | મીકેનીક મોટર વ્હીકલ |

| | |
|---|---|
| ૪ | વેલ્ડર |
| ૫ | મીકેનીક ડિઝલ |
| ૬ | ઈલેક્ટ્રીશ્યન |
| ૭ | ઈન્સ્ટુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) |
| ૮ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |

(૩) તે અન્વયે કેટલા યુવાનો તેનો લાભ લે છે?

(૩) ૮૨૪ (આઠસો ચોવીસ)

------------

**વલસાડ જિલ્લામાં મુક્ત કરાવવામાં આવેલ બાળમજૂરો**

૧૩૩૫૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં બાળમજૂરી કરતાં કેટલા બાળકોને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મુક્ત કરવામાં આવ્યા, અને | (૧) ૧૦. |
| (૨) આ રીતે બાળમજૂરીએ રાખનાર માલિકો સામે કઈ કલમો લગાવી કાયદેસરની કાર્યવાહી કરી? | (૨) બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૩ લગાવી કાયદેસરની કાર્યવાહી કરી. |

------------

**જામનગર જિલ્લામાં એસ્સાર જૂથની કંપનીઓનો બાકી વેટ**

૧૨૬૬૮**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં આવેલ એસ્સાર જૂથની કંપનીઓ પાસે તા. ૩૧ ડિસે. ૨૦૦૯ની સ્થિતિએ કેટલો વેટ વસૂલવાનો બાકી છે.<br>(૨) બાકી વેટ કેટલા લાંબા સમયનો છે, અને<br>(૩) બાકી વેટ વસુલવા શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૧), (૨) અને (૩) : ગુજરાત મૂલ્યવર્ધિતવેરા અધિનિયમ અન્વયે કંપની સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. કંપનીએ વિલંબીત કર ચુકવણી બાબતે નામ. હાઈકોર્ટમાં કેસ દાખલ કરેલ હતો. નામ. હાઈકોર્ટના ચુકાદા સામે રાજ્ય સરકારે સુપ્રિમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પીટીશન દાખલ કરેલ છે. નામ. સુપ્રિમ કોર્ટના તા. ૧૧-૦૮-૨૦૦૮ના ચુકાદા મુજબ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી આકરા પગલાં ન લેવા આદેશ થઈ આવેલ છે. તદ્ અન્વયે એપ્રિલ-૨૦૦૮ થી એસ્સાર જૂથની કંપની પાસેથી રૂા. ૨૨૧૩.૦૭ કરોડની રકમ બાકી છે. |

------------

**આશ્રીતોને નોકરી અંગે મળેલ દરખાસ્તો**

૧૨૫૯૬**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસે રહેમરાહે આશ્રિતોને નોકરી આપવા માટેની કેટલી દરખાસ્તો પડતરમાં છે, અને | (૧) ૩ (ત્રણ). |
| (૨) આ દરખાસ્તોનો વહેલાસર નિકાલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) નિયમાનુસાર જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

## આણંદ જિલ્લામાં કોમર્શિયલ પાયલોટના તાલીમ માટે લોનની મળેલ અરજીઓ

૧૩૧૧૪**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે લોન મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ખેડા જિલ્લામાં પેન્શનરોને સમયસર પેન્શન ચૂકવવા અંગે

૧૩૪૭૯**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં પી.એસ.બી. સ્કીમ હેઠળ પેન્શન મેળવતા પ્રાથમિક શિક્ષકોને કેટલા સમયથી પેન્શન મળતું નથી.

(૨) સરકાર આ પેન્શનરોને સમય-મર્યાદામાં પેન્શન ચૂકવવા માગે છે, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં પી.એસ.બી. સ્કીમ હેઠળના તમામ પેન્શનરોને આઈ.આર.એલ.એ. હેઠળ નિયમિત પેન્શન ચૂકવાય છે.

(૨) તમામ પેન્શનરોને સમય-મર્યાદામાં પેન્શન ચૂકવાય છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## પાટણ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના વધુ છાત્રાલયો ખોલવા કરેલ આયોજન

૧૩૦૯૧**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતીના કુમાર છાત્રાલયો તાલુકાવાર કેટલા કાર્યરત છે, તેમાં કેટકેટલા વિદ્યાર્થીઓ રહે છે, અને

(૨) વધુ છાત્રાલયો ખોલવા સરકારે શું આયોજન

**જવાબ**

(૧)

| (અ) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો | | | | | |
|---|---|---|---|---|---|
| | | બક્ષીપંચ | | અનુસૂચિત જાતિ | |
| ક્રમ | તાલુકો | કાર્યરત કુમાર છાત્રાલયોની સંખ્યા | વિદ્યાર્થી-ઓની સંખ્યા | કાર્યરત કુમાર છાત્રાલયો ની સંખ્યા | વિદ્યાર્થી-ઓની સંખ્યા |
| ૧ | પાટણ | ૬ | ૨૫૫ | ૩ | ૯૫ |
| ૨ | સિધ્ધપુર | ૧ | ૮૨ | ૧ | ૨૬ |
| ૩ | ચાણસ્મા | ૪ | ૨૧૯ | ૩ | ૧૬૫ |
| ૪ | હારીજ | ૩ | ૯૯ | ૨ | ૧૦૩ |
| ૫ | સમી | ૧૦ | ૩૬૬ | ૧ | ૪૫ |
| ૬ | રાધનપુર | ૧૩ | ૬૩૮ | ૮ | ૧૮૬ |
| ૭ | સાંતલપુર | ૩ | ૯૮ | ૧ | ૨૦ |
| | કુલ | ૪૦ | ૧૭૫૭ | ૧૯ | ૬૪૦ |
| (બ) સરકારી છાત્રાલયો | | | | | |
| ૧ | પાટણ | ૧ | ૫૦ | ૦ | ૦ |
| ૨ | રાધનપુર | ૧ | ૫૦ | ૦ | ૦ |
| | કુલ | ૨ | ૧૦૦ | ૦ | ૦ |

(૨) બક્ષીપંચના છાત્રાલયો માટે કોઈ આયોજન

કરેલ છે ?

કરવામાં આવેલ નથી જ્યારે અનુસૂચિત જાતિના જુન ૨૦૧૦ સુધીમાં કાર્યરત થાય તે રીતે નીચે મુજબના છાત્રાલયો મંજુર કરવામાં આવેલ છે.
સાંતલપુર-૧ કુમાર ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય
રાધનપુર- ૧ કન્યા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય
પાટણ- ૧ કન્યા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય
ચાણસ્મા-૧ કન્યા સરકારી છાત્રાલય
સમી- ૧ કન્યા સરકારી છાત્રાલય

------------

**વેટના દરમાં ઘટાડો કરવા અંગે**

૧૩૩૫૩**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, ખાંડ અને ખાદ્ય તેલ ઉપર કેટ કેટલો વેટનો દર છે, અને

(૨) આ વેટનો દર ઘટાડવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) ૧. પેટ્રોલ ૨૩%
૨. ડીઝલ ૨૧ %
૩. ખાંડ વેરામુક્ત
૪. ખાદ્ય તેલ ૫ %

(૨) રાજ્ય સરકારે તા. ૧૦-૦૬-"૦૮થી પેટ્રોલનો વેટ દર ૨૬%, થી ઘટાડી ૨૩% ડીઝલ પરનો વેટ દર ૨૪% થી ઘટાડી ૨૧% તથા તા. ૧૫-૦૯-"૦૯થી આયાતી સહિત તમામ પ્રકારની ખાંડને વેરા મુક્તિ આપેલ છે.

------------

**ભરૂચ જિલ્લામાં નવા છાત્રાલયો શરૂ કરવા અંગે**

૧૩૪૮૪**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ માટે તાલુકાવાર કેટલા કન્યા અને કુમાર છાત્રાલયો છે, તેમાં કેટલા બાળકો અભ્યાસ કરે છે, અને

(૨) સન. ૨૦૦૯-૧૦ના વર્ષમાં જિલ્લામાં વધુ નવા છાત્રાલયો ખોલવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| તાલુકો | કન્યા છાત્રાલય | કુમાર છાત્રાલય |
|---|---|---|
| ભરૂચ | ૧ | ૨ |
| અંકલેશ્વર | ૧ | ૦ |
| જંબુસર | ૧ | ૧ |
| આમોદ | ૦ | ૧ |

તેમાં ૧૩૯ બાળકો અભ્યાસ કરે છે.

(૨) જંબુસર તાલુકામાં એક નવું સરકારી કન્યા છાત્રાલય મંજૂર કરવામાં આવેલ છે.

------------

**અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાના લાભાર્થીઓ**

૧૩૪૮૩**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને અનુસૂચિત જાતિના યુગલોને લગ્ન માટે મદદરૂપ થવા સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ કેટલા યુગલોને લાભ આપવામાં આવ્યો,

(૨) કેટલી અરજીઓ પડતર છે,

(૩) અરજીઓ પડતર રહેવાના કારણો શા છે,

**જવાબ**

(૧)

| | |
|---|---|
| સા.શૈ.પ.વ. | ૪૬ |
| અનુસૂચિત જાતિ | ૯૫ |
| કુલ | ૧૪૧ |

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અને

(૪) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ લોન**

૧૨૮૨૪**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્ય સરકારે તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન આંતરિક બાહ્ય તથા સરકારી લોન કેટલી લીધેલ છે, અને

(૧)

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | આંતરિક લોન | બાહ્ય લોન | કેન્દ્ર સરકારની લોન (સરકારી લોન) |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૮૪૦૨ | શૂન્ય | ૨૦૯ |
| ૨૦૦૮-૦૯ | ૧૦૦૭૯ | શૂન્ય | ૨૨૭ |

(૨) આ લોન પેટે કેટ કેટલું વ્યાજ ચૂકવવામાં આવેલ છે?

(૨)

(રૂા. કરોડમાં)

| | ચૂકવવામાં આવેલ વ્યાજ | | |
|---|---|---|---|
| નાણાકીય વર્ષ | આંતરિક લોન | બાહ્ય લોન | કેન્દ્ર સરકારની લોન (સરકારી લોન) |
| ૨૦૦૭-૦૮ | ૬૩ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૮-૦૯ | ૭૦૫ | શૂન્ય | ૧૯ |

------------

**વડોદરા જિલ્લામાં નવિન આઈ.ટી.આઈ.માં શરૂ કરેલ નવા કોર્ષ**

૧૩૬૬૩**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

(૧) વડોદરા શહેરમાં ૦૫ અને જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આઈ.ટી.આઈ. કાર્યરત છે.

| ક્રમ | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ. ની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૦૧ |
| ૨ | ક્વાંટ | ૦૧ |
| ૩ | નસવાડી | ૦૧ |
| ૪ | પાદરા | ૦૧ |
| ૫ | પાવી જેતપુર | ૦૧ |
| ૬ | સંખેડા | ૦૧ |
| ૭ | સાવલી | ૦૧ |
| ૮ | વાઘોડીયા | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવિન આઈ.ટી.આઈ. શરૂ કરી, અને

(૨) ૦૩.

(૩) આવી નવિન આઈ.ટી.આઈ.માં કેટલા અને ક્યા ક્યા નવા કોર્ષ દાખલ કરવામાં આવ્યા?

(૩) ૦૯ કોર્ષ.

| **ક્રમ** | **કોર્ષનું નામ** |
|---|---|
| ૧ | વેલ્ડર |
| ૨ | મીકેનીક ડિઝલ |
| ૩ | વાયરમેન |
| ૪ | ફીટર |
| ૫ | સર્ટીફીકેટ કોર્ષ ઈન ઈ-કોમર્સ |
| ૬ | કટીંગ એન્ડ સુઇંગ |
| ૭ | ઈલેક્ટ્રોનિક્સ મીકેનિક |
| ૮ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| ૯ | ટેલીફોન મોબાઈલ ફોન રીપેરીંગ |

------------

**બક્ષીપંચની કારીગર જ્ઞાતિને ક્રિમીલેયરમાંથી મુક્તિ ન આપવાના કારણો અંગે**

૧૨૯૧૪ **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય બક્ષીપંચની કુલ જ્ઞાતિઓમાં કારીગર જ્ઞાતિઓ (આર્ટીઝન કાસ્ટ)ને ક્રિમીલેયરમાંથી મુક્તિ આપવા અંગે સરકારે એક હુકમમાં જોગવાઈ કરેલ તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં આ વર્ગોને ક્રિમીલેયરમાંથી મુક્તિ ન આપવાના શાં કારણો છે, અને

(૨) આવી યાદી ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ન હોવાથી.

(૩) સરકાર આ કારીગર જ્ઞાતિઓને ક્રિમીલેયરમાંથી મુક્તિ આપવા માટે ચોક્ક્સ કેટલા સમયમાં નિર્ણય કરવાનું આયોજન છે ?

(૩) આવી યાદી ભારત સરકાર દ્વારા બહાર પાડ્યા બાદ વિચારણા કરવામાં આવશે.

------------

**જૂનાગઢ જિલ્લાના વાંકિયા પાસેના સાણા ડુંગરની જાળવણી અંગે**

૧૨૮૨૨**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના વાંકિયા ગામ પાસે આવેલ પ્રસિધ્ધ સાણા ડુંગર એતિહાસિક વારસો ધરાવે છે. તે જ્ગ્યા પુરાતત્વ ખાતા હેઠળ રક્ષિત તરીકે જાહેર થયેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ એતિહાસિક જ્ગ્યાની જાળવણી અને સુરક્ષા માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવેલ છે?

(૨) આ એતિહાસિક જ્ગ્યાની જાળવણી પુરાતત્વ ખાતા દ્વારા કરવામાં આવે છે. રાજકોટ સ્થિત સહાયક પુરાતત્વ નિયામકની કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા સ્મારકની સમયાંતરે મુલાકાત લેવામાં આવે છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનુ મામેરું યોજના અન્વયેના લાભાર્થીઓ

૧૨૨૩૮**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુંવરબાઈનું મામેરું યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓની અરજી આવેલ છે,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | આવેલ અરજીઓ અનુસૂચિત જાતિ | આવેલ અરજીઓ વિકસતિ જાતિ |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૭૦ | ૭૭ |
| ૨ | વંથલી | ૦૯ | ૫૩ |
| ૩ | માણાવદર | ૨૪ | ૩૭ |
| ૪ | કેશોદ | ૧૮ | ૧૦૫ |
| ૫ | માંગરોળ | ૦૮ | ૪૭ |
| ૬ | માળીયા | ૧૧ | ૨૪૦ |
| ૭ | વેરાવળ | ૦૮ | ૧૧૩ |
| ૮ | ઉના | ૦૧ | ૧૨૨ |
| ૯ | કોડીનાર | ૦૫ | ૧૬૬ |
| ૧૦ | સુત્રાપાડા | ૦૨ | ૫૩ |
| ૧૧ | તલાલા | ૦૪ | ૭૮ |
| ૧૨ | મેંદરડા | ૦૦ | ૧૦૯ |
| ૧૩ | વિસાવદર | ૦૨ | ૧૩૦ |
| ૧૪ | ભેંસાણ | ૦૦ | ૩૦ |
| | **કુલ :** | **૧૬૨** | **૧૩૬૦** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) અનુસૂચિત જાતિના એક પણ લાભાર્થીને સહાય ચૂકવવાની બાકી નથી, જ્યારે વિકસતિ જાતિના તલાલા તાલુકાના ૨ (બે) લાભાર્થીને રૂા. ૧૦,૦૦૦/- સહાય ચૂકવવાની બાકી હતી.

(૩) જે લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે તેને સરકાર ચૂકવવા માગે છે ?

(૩) જાન્યુઆરી, ૨૦૧૦માં સહાય ચૂકવી દેવામાં આવેલ છે.

------------

## સાવરકુંડલા તાલુકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે ચૂકવેલ સહાય

૧૩૧૨૮**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા શહેર અને તાલુકામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મકાન બાંધકામની સહાય ચૂકવવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંડિત દીનદયાળ આવાસ યોજનાની છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ તાલુકામાંથી આવેલ છે, અને

(૩) તેમાંથી કેટલી માંગણીઓ મંજૂર કરવામાં આવી અને બાકી રહેતી માંગણીઓ ક્યારે મંજૂર કરવા આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૧૧.

(૩) ૯૪ મંજૂર
કોઈ માંગણીઓ બાકી રહેતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પ્રિ-મેટ્રિક અને પોષ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અન્વયે કેન્દ્ર સરકારની મળેલ રકમ**

૧૩૧૧૯**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે ભારત સરકાર તરફથી પ્રિ-મેટ્રિક અને પોષ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના હેઠળ કેટલી રકમ મળી, અને

(૨) તે પૈકી કેટલી રકમની ચૂકવણી વિદ્યાર્થીઓને કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | અનુસૂચિત જાતિ રૂા. લાખમાં | | બક્ષીપંચ રૂા. લાખમાં | |
|---|---|---|---|---|
| વર્ષ | પ્રિ.મેટ્રિક | પ્રો.મેટ્રિક | પ્રિ.મેટ્રિક | પ્રો.મેટ્રિક |
| ૨૦૦૮-૦૯ | ૮૬.૫૯ | ૧૫૫૬.૨૯ | ૨૬૭.૨૪ | ૨૮૮.૬૯ |
| ૨૦૦૯-૧૦ | ૬૩૭૩.૨૭ | ૨૦૦૦.૦૦ | ૧૩૩.૦૦ | - |

(૨) પૂરેપૂરી રકમની.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ**

૧૨૮૧૮**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા તાલુકાવાર કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે.

(૨) મંજૂર કરવામાં આવેલી રકમમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રમતગમત ક્ષેત્રે તાલુકાવાર નીચે મુજબની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| તાલુકા | તા. ૦૧-૦૧-૦૮થી તા. ૩૧-૧૨-૦૮ સુધીની ફાળવણી | તા. ૦૧-૦૧-૦૯થી તા. ૩૧-૧૨-૦૯ સુધીની ફાળવણી |
|---|---|---|
| વઢવાણ | ૧૯૮૮૪૪ | ૬૨૬૯૦ |
| ધ્રાંગધ્રા | ૧૧૩૩૮૩ | ૧૬૧૭૪૧૯ |
| લીંબડી | ૫૯૮૭૩ | ૧૧૫૬૯૦ |
| હળવદ | ૧૪૫૭૫ | ૩૫૭૦૦૦ |
| મુળી | ૨૨૯૨૫ | ૨૪૭૨૦ |
| સાયલા | ૪૩૭૫ | ૭૦૦૦ |
| લખતર | ૪૩૭૫ | ૭૦૦૦ |
| પાટડી | ૪૩૭૫ | ૭૦૦૦ |
| ચુડા | ૪૩૭૫ | ૭૦૦૦ |
| ચોટીલા | ૮૪૭૫૨૪ | ૭૧૪૦૧૭ |
| **કુલ :** | **૧૨૭૪૬૨૪** | **૨૯૧૯૫૩૬** |

(૨) મંજૂર કરવામાં આવેલી રકમમાંથી નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| તાલુકા | તા. ૦૧-૦૧-૦૮થી તા. ૩૧-૧૨-૦૮ સુધીનો ખર્ચ | તા. ૦૧-૦૧-૦૯થી તા. ૩૧-૧૨-૦૯ સુધીનો ખર્ચ |
|---|---|---|
| વઢવાણ | ૧૮૪૦૯૬ | ૫૩૬૧૩ |
| ધ્રાંગધ્રા | ૯૭૫૬૭ | ૧૬૧૬૮૮૭ |
| લીંબડી | ૪૧૫૭૯ | ૯૫૩૬૮ |
| હળવદ | ૧૪૫૭૫ | ૩૫૬૫૩૩ |
| મુળી | ૨૨૯૨૫ | ૨૪૩૧૬ |
| સાયલા | ૪૩૭૫ | ૬૪૫૩ |
| લખતર | ૪૩૭૫ | ૬૬૯૮ |
| પાટડી | ૪૩૭૫ | ૬૫૨૩ |
| ચુડા | ૪૩૭૫ | ૬૪૭૩ |
| ચોટીલા | ૮૪૭૫૨૪ | ૭૧૩૪૮૦ |
| **કુલ :** | **૧૨૨૫૭૬૬** | **૨૮૮૬૩૪૪** |

(૩) કેટલી રકમ વણ-વપરાયેલી રહી, અને

(૩)
નીચે મુજબની રકમ વણવપરાયેલ રહી.

| તાલુકા | તા. ૦૧-૦૧-૦૮થી તા. ૩૧-૧૨-૦૮ સુધી વણવપરાયેલ રકમ | તા. ૦૧-૦૧-૦૯થી તા. ૩૧-૧૨-૦૯ સુધી વણવપરાયેલ રકમ |
|---|---|---|
| વઢવાણ | ૧૮૪૦૯૬ | ૯૦૭૭ |
| ધ્રાંગધ્રા | ૧૫૮૧૬ | ૫૩૨ |
| લીંબડી | ૧૮૨૯૪ | ૨૦૩૨૨ |
| હળવદ | ૦ | ૪૬૭ |
| મુળી | ૦ | ૪૦૪ |
| સાયલા | ૦ | ૫૪૭ |
| લખતર | ૦ | ૩૦૨ |
| પાટડી | ૦ | ૪૭૭ |
| ચુડા | ૦ | ૫૨૭ |
| ચોટીલા | ૦ | ૫૩૭ |
| **કુલ :** | **૪૮૮૫૮** | **૩૩૧૯૨** |

(૪) આ રકમનો ખર્ચ કઈ કઈ રમતો માટે કરવામાં આવ્યો ?

(૪) સ્વીમીંગ, કબડ્ડી, ખો-ખો, ફૂટબોલ, ટેબલટેનિસ, લોન ટેનીસ, બેડ મીન્ટન, કુસ્તી, હેન્ડ બોલ, બાસ્કેટ બોલ, આર્ચરી, જીમ્નાસ્ટીક, ફેન્સીંગ, બોલ બેડમીન્ટન, ક્રિકેટ, જુડો, સોફ્ટ બોલ, હોકી, વોલીબોલ, રોલર સ્કેટીંગ, યોગાસન, એથ્લેટીક્સ, ટગ ઓફ વોર, વેઈટ લીફ્ટીંગ, જવાહર નહેરૂ જુનીયર હોકી, સબ જુનીયર હોકી, સુબ્રટો મુકરજી કપ ફૂટબોલ, લંગડી, ગેડી દડો, સ્ટ્રોન્ગેસ્ટ મેન, લાડવા ખાવાની હરીફાઈ, લાકડી ફેરવવાની હરીફાઈ, અશ્વ દોડ, અશ્વરેવાલ, અશ્વ શણગાર ઉપરાંત ક્રિકેટ, સ્પોર્ટસ હોસ્ટેલમાં પ્રવેશ આપવા સારૂં પ્રતિભા શોધ કસોટીઓના આયોજન માટે કરવામાં આવેલ છે.

------------

**ખેડા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ પ્રવૃત્તિ**

૧૩૧૨૨**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાદીઠ શી પ્રવૃત્તિ કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) વર્ષ ૦૧-૦૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ તથા ૦૧-૦૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ દરમ્યાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

**૧. નડિયાદ :** તાલુકા બાળ કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ જિલ્લા શાળાકીય હેન્ડબોલ, યોગાસન, જીમ્નાસ્ટીક્સ, કુસ્તી, જુડો, બાસ્કેટબોલ, ફૂટબોલ, ટેબલ ટેનીસ, **બેડમીન્ટન, સ્વીમીંગ, આર્ચરી, સોફ્ટબોલ, બોલ બેડમીંન્ટન,** હોકી, લોન ટેનિસ, જિલ્લા બાળ યોગાસન, જીમ્નાસ્ટીક્સ, કુસ્તી, જુડો, ફૂટબોલ, ટેબલટેનિસ, સ્વીમીંગ, બાસ્કેટબોલ, લોન ટેનીસ, જિલ્લા અં.-૧૬ કુસ્તી, બાસ્કેટ બોલ, ટેબલ ટેનીસ, અન્ય જ.ન.જુ.હોકી, સબ જુ. હોકી, જિલ્લા ગ્રામિણ વોલીબોલ, કબડ્ડી, ફુટબોલ, કુસ્તી, આર્ચરી, ટગ ઓફ વોર, હોકી, જિલ્લા મહિલા હેન્ડબોલ, વોલીબોલ, જીમ્નાસ્ટીક્સ, લોન ટેનીસ, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, કબડ્ડી, નવી રમતો જુડો, સ્કેટીંગ, સોફ્ટબોલ, ફૂટબોલ, રાજ્યકક્ષા કુસ્તી, જિલ્લા પતંજલી યોગ, તાલુકા યુવા ઉત્સવ, જિલ્લા યુવા ઉત્સવ,

યોગાસન તાલીમ શિબિર, યુવક નેતૃત્વ તાલીમ શિબિર, ડાયરો, જિલ્લા કક્ષા નવરાત્રી ગરબા સ્પર્ધા, જિલ્લા કક્ષા નૃત્ય નાટિકા સ્પર્ધા, અનુસૂચિત જાતિનો લોકનૃત્ય શિબિર, લોક નૃત્ય તાલિમ શિબિર, સુગમ સંગીત કાર્યક્રમ, જિલ્લા અં.-૧૬ કુસ્તી, બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, અન્ય જ.ન.જુ. હોકી, સબ જુ. હોકી, જિલ્લા ગ્રામિણ વોલીબોલ, એથ્લેટીક્સ, હેન્ડબોલ, કબડ્ડી, ફુટબોલ, કુસ્તી, આર્ચરી, હોકી, જિલ્લા મહિલા બેડમીન્ટન, હેન્ડબોલ, વોલીબોલ, જીમ્નાસ્ટીક્સ, ખો-ખો, લોન ટેનીસ, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, કબડ્ડી, હોકી, એથ્લેટીક્સ રાજ્યકક્ષા શાળાકીય કુસ્તી, રાજ્ય બાળ કુસ્તી, જિલ્લા પતંજલી યોગ, તાલુકા યુવા ઉત્સવ, યોગાસન તાલીમ શિબિર, યુવક નેતૃત્વ તાલીમ શિબિર, ડાયરો, જિલ્લા કક્ષા નવરાત્રી ગરબા સ્પર્ધા, જિલ્લા કક્ષા નૃત્ય નાટિકા સ્પર્ધા, અનુસૂચિત જાતિનો લોકનૃત્ય શિબિર, લોક નૃત્ય તાલીમ શિબિર, સુગમ સંગીત કાર્યક્રમ, બાળ પ્રતિભાશોધ સ્પર્ધા, કલ કે કલાકાર શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ.

**૨. માતર :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ જિલ્લા ગ્રામિણ ખો-ખો, જિલ્લા મહિલા ખો-ખો, તાલુકા યુવા ઉત્સવ જિલ્લા બાળ વોલીબોલ, અનુસૂચિત જાતિ યોગાસન તાલિમ શિબિર.

**૩. મહેમદાવાદ :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ જિલ્લા શાળાકીય કબ્બડી, શાળાકીય, બાળ, અં. ૧૭, અં.-૧૬ ગ્રામીણ, મહિલા એથ્લેટીક્સ, રાજ્ય કક્ષા ગ્રામીણ એથ્લેટીક્સ, જિલ્લા શાળાકીય કબ્બડી, તાલુકા યુવા ઉત્સવ.

**૪. કઠલાલ :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ તાલુકા યુવા ઉત્સવ

**૫. મહુધા :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ જિલ્લા બાળ કબ્બડી, તાલુકા યુવા ઉત્સવ.

**૬. કપડવંજ :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ જિલ્લા સ્કેટીંગ, બેડમીન્ટન, રોલર સ્કેટીંગ, વોલીબોલ, અં.-૧૬ બેડમીન્ટન, મહિલા બેડમીન્ટન, મહિલા હોકી, તાલુકા યુવા ઉત્સવ, અનુસૂચિત જાતિ યોગાસન, તાલિમ શિબિર.

**૭. વીરપુર :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, તાલુકા યુવા ઉત્સવ.

**૮. ખેડા :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ જિલ્લા શાળાકીય ખો-ખો, વોલીબોલ, જિલ્લા બાળ ખો-ખો, તાલુકા યુવા ઉત્સવ, જિલ્લા બાળ કબ્બડી.

**૯. બાલાસિનોર :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ જિલ્લા બાળ હેન્ડબોલ, જિલ્લા મહિલા બાસ્કેટ બોલ, તાલુકા યુવા ઉત્સવ, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઉજવણી ડાયરો, પ્રાદેશિક બાળ પ્રતિભાશોધ સ્પર્ધા.

**૧૦. ઠાસરા :** તાલુકા બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, શાળાકીય બાળ કબ્બડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટીક્સ, સુબ્રટો મુ.ક. ફુટબોલ, અંડર-૧૪.૧૭, જિલ્લા ગ્રામીણ વેઈટ લીફટીંગ, તાલુકા યુવા ઉત્સવ, જિલ્લા શાળાકીય ફેન્સીંગ, આર્ચરી, ગ્રામીણ ફેન્સીંગ, કબ્બડી, ફુટબોલ, ખો-ખો, આર્ચરી, જિલ્લા સુબ્રટો ફુટબોલ, અનુસૂચિત જાતિ યોગાસન તાલિમ શિબિર, જિલ્લા યુવા ઉત્સવ, યોગાસન તાલીમ શિબિર, યુવક નેતૃત્વ તાલીમ શિબિર, જિલ્લા કક્ષા બાળ નૃત્ય નાટિકા સ્પર્ધા.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| તાલુકો | તા. ૧-૧-૦૮થી ૩૧-૧૨-૦૮ નો ખર્ચ | તા. ૧-૧-૦૯થી ૩૧-૧૨-૦૯ નો ખર્ચ | કુલ |
|---|---|---|---|
| નડિયાદ | ૪૯૧૪૪૩ | ૩૫૭૧૫૫ | ૮૪૮૫૯૮ |
| માતર | ૭૯૦૦ | ૫૫૩૮૧ | ૬૩૨૮૧ |
| વીરપુર | ૬૨૯૦ | ૮૫૦૦ | ૧૪૭૯૦ |
| ખેડા | ૧૩૧૫૬ | ૧૧૧૦૦ | ૨૪૨૫૬ |
| કઠલાલ | ૬૧૪૦ | ૮૫૦૦ | ૧૪૬૪૦ |
| બાલાસિનોર | ૨૦૮૩૩૮ | ૯૫૦૦ | ૨૧૭૮૩૮ |
| મહેમદાવાદ | ૨૭૫૯૬૦ | ૧૦૫૦૦ | ૨૮૬૪૬૦ |
| મહુધા | ૮૭૨૫ | ૮૫૦૦ | ૧૭૨૨૫ |
| ઠાસરા | ૧૦૬૨૫ | ૯૬૭૦૦ | ૧૦૭૩૨૫ |
| કપડવંજ | ૬૯૧૮૫ | ૧૪૦૦૦ | ૮૩૧૮૫ |
| **કુલ :** | **૧૦૯૭૭૬૨** | **૫૭૯૮૩૬** | **૧૬૭૭૫૯૮** |

## વેટની થયેલ આવક તેમજ વેટના દરો અંગે

૧૨૨૪૧**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ૩૧/૧૨/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વેલ્યુ એડેડ ટેક્ષ (વેટ) અન્વયે કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને

(૧) રૂપિયા ૧૬૧૪૫.૩૨ કરોડ (નેટ) (પ્રોવિઝનલ)

(૨) ડીઝલ, પેટ્રોલ, ઘઉં, ચોખા, દાળ અને ખાંડ ઉપરના વેટના દરો કેટ કેટલા છે ?

(૨) ડીઝલ ૨૧%
પેટ્રોલ ૨૩%
ઘઉં, ચોખા, દાળ અને ખાંડ માફી.

## નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો

૧૩૯૦૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે, અને

(૧) ૫૫૨ કેસ.

(૨) આ કેસો કેટલા-કેટલા સમયથી પડતર છે.

(૨) એક થી બે માસથી.

(૩) પડતર રહેવાના કારણો શાં છે,

(૩) ચકાસણીની પ્રક્રિયામાં હતા.

(૪) પડતર કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) કુલ-૫૫૨ કેસ પેકી
૩૬૩ કેસની અધિકૃતિ થઈ ગયેલ છે.
૧૩૨ કેસવધુ પુર્તતા અર્થે જે તે કચેરીને પરત કરેલ છે. અને ૫૭ કેસ ચકાસણીની પ્રક્રિયામાં છે. આમ, સંબંધિત વિભાગો તરફથી પૂર્તતા/ચકાસણી થઈ પરત આવ્યેથી બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

**અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરમાં જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં પડતર કેસોના નિકાલ અંગે**

૧૩૦૫૩ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ શહેરમાં જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં કેટલા બાળ ગુનેગારોના કેસો કેટલા સમયથી પડતર છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા કેસોનો ક્યારે નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સને ૨૦૦૮-૦૯ સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ શહેરમાં જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં પડતર રહેલા કેસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | પડતર રહેલ કેસોની સંખ્યા | પડતર રહેલ કેસોનો સમય ગાળો | |
|---|---|---|---|---|
| | | | ૧ વર્ષની અંદરના | ૧ વર્ષની ઉપરના |
| (૧) | સુરત | ૨૪૩૫ | ૩૪૪ | ૨૦૯૧ |
| (૨) | અમદાવાદ | ૬૬૭૭ | ૫૮૫ | ૬૦૯૨ |
| (૩) | વડોદરા | ૨૧૮૬ | ૨૨૯ | ૧૯૫૭ |
| (૪) | રાજકોટ | ૯૮૧ | ૧૯૨ | ૭૮૯ |

(૨) નિકાલ થયેલા કેસોની વિગત

| ક્રમ | શહેરનું નામ | સંખ્યા |
|---|---|---|
| (૧) | સુરત | ૧૪૪૨ |
| (૨) | અમદાવાદ | ૬૯૮ |
| (૩) | વડોદરા | ૩૯૯ |
| (૪) | રાજકોટ | ૫૮૧ |

------------

**રાજ્યમાં માથાદીઠ આવક તેમજ દેવું**

૧૩૩૬૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી અને માથાદીઠ દેવું કેટલું છે, અને

(૨) આ માથાદીઠ દેવું ઘટાડવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવક્નો અંદાજ બાંધી શકાય નહિં. આમ છતાં વર્ષ ૨૦૦૮-૦૯માં રાજ્યમાં માથાદીઠ આવક રૂા. ૪૯૨૫૧/- અંદાજવામાં આવી છે અને માથાદીઠ દેવું રૂા. ૧૬૬૨૮/- છે.

(૨) રાજવિત્તિય શિસ્તના પાલન દ્વારા દેવું રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરીયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહેશે.

------------

**વડોદરા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત ચૂકવેલ સહાય**

૧૩૮૮૫**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત ક્યા માસ સુધીનું ચૂકવણું થયેલ છે ?

**જવાબ**

(૧) પ્રાંત વડોદરા નવેમ્બર-૨૦૦૯
(૨) પ્રાંત ડભોઈ ડીસેમ્બર-૨૦૦૯
(૩) છોટા ઉદેપુર પ્રાંત ઓક્ટોબર-૨૦૦૯
હાલની સ્થિતિએ છોટા ઉદેપુર પ્રાંત વિસ્તારમાં ડીસેમ્બર-૨૦૦૯ સુધી ચૂકવણું થયેલ છે.

**રાજ્યની માથાદીઠ આવક તેમજ દેવું**

૧૨૨૪૫**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવક કેટલી, અને | (૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહીં. આમ છતાં વર્ષ ૨૦૦૮-૦૯માં રાજ્યની માથાદીઠ આવક રૂા. ૪૯૨૫૧/- અંદાજવામાં આવી છે. |
| (૨) માથાદીઠ દેવું કેટલું છે? | (૨) રૂા. ૧૬૩૨૮/-. |

------------

**આણંદ જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

૧૩૮૫૯**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વૃધ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ | ૯,૭૭૦ |
| તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ | ૬,૪૪૭ |

(૨) તે અન્વયે કેટલી મંજૂર કરી, અને

(૨)

| **વર્ષ** | **મંજૂર કરેલ અરજીઓ** |
|---|---|
| તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ | ૭,૭૭૭ |
| તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ | ૪,૯૬૪ |

(૩) આ વૃધ્ધોને માસિક કેટલું પેન્શન આપવામાં આવે છે, તેમાં વધારો કરવા માંગે છે કે કેમ?

(૩)

૧. રાજ્ય સરકારની વૃધ્ધસહાય યોજના અંતર્ગત માસિક રૂા. ૨૦૦/-
૨. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન અને વયવંદના યોજના અંતર્ગત રૂા. ૨૦૦/-ગુજરાત સરકાર અને રૂા. ૨૦૦/-ભારત સરકારના એમ કુલ રૂા. ૪૦૦/- લાભાર્થી દિઠ પેન્શન આપવામાં આવે છે.
૩. પેન્શનમાં વધારો કરવાનું હાલ વિચારણામાં નથી.

------------

**વલસાડ જિલ્લામાં નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા કરેલ આયોજન**

૧૩૩૫૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે, અને તેમાં કેટલા વિદ્યાર્થીઓ લાભ લે છે, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સંસ્થાની સંખ્યા** | **વિદ્યાર્થીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | પારડી | ૦૧ | ૭૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ધરમપુર | ૦૧ | ૪૨૧ |
| ૩ | વલસાડ | ૦૧ | ૦૬૬ |
| ૪ | ઉમરગામ | ૦૧ | ૩૪૫ |
| ૫ | કપરાડા | ૦૧ | ૩૧૧ |
| | **કુલ .....** | **૦૫** | **૧૯૧૭** |

(૨) સન ૨૦૦૯-૧૦માં જિલ્લામાં નવી વધારાની આઈ.ટી.આઈ. શરૂ કરવા સરકારે શી વ્યવસ્થા કરી?

(૨) ખંડ ૧ અન્વયે વલસાડ જિલ્લાના તમામ તાલુકામાં આઈ.ટી.આઈ. કાર્યરત હોઈ વધારાની આઈ.ટી.આઈ. શરૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર જિલ્લામાં ખેત મજુરોના મૃત્યુ અન્વયે ચૂકવેલ વીમાની રકમ**

૧૨૬૭૦**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ખેતમજુર મૃત્યુ વીમા સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા ખેતમજુરોને વીમાની રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| **તાલુકો** | **સંખ્યા** |
|---|---|
| ૧. જામનગર | ૧૩ |
| ૨. જામજોધપુર | ૦૯ |
| ૩. કાલાવડ | ૦૨ |
| ૪. જામકલ્યાણપુર | ૧૬ |
| ૫. ભાણવડ | ૦૬ |
| ૬. જોડીયા | ૦૧ |
| ૭. ઓખામંડળ | ૦૬ |
| ૮. જામખંભાળીયા | ૦૮ |
| ૯. ધ્રોળ | ૦૧ |
| ૧૦. લાલપુર | ૦૯ |
| **કુલ ..** | **૭૧** |

(૨) ૧૬ (સોળ)

(૩) સત્વરે નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

**ગુમાવેલ માનવદિનની સંખ્યામાં રાજ્યનો ક્રમ**

૧૩૪૭૮**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગુમાવેલ માનવદિનની સંખ્યામાં દેશમાં રાજ્યનો ક્રમ ક્યો છે,

(૨) ગુમાવેલ માનવદિન ઘટાડવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) ગુમાવેલ માનવદિનની સંખ્યા સબંધે રાષ્ટ્રિય કક્ષાએ કોઈ સર્વે બહાર પડેલ નથી.

(૨) ગુમાવેલ માનવદિનની સંખ્યામાં ઘટાડો કરવા માટે હડતાળ, તાળાબંધી જેવી શ્રમ પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે રાજ્યના શ્રમતંત્ર દ્વારા આગોતરી દરમ્યાનગીરી તેમજ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન શક્ય બને તે માટે ઘનિષ્ઠ ચર્ચા અને પરામર્શના પ્રયાસો કરવામાં આવે છે. ત્યારબાદ પણ, સમાધાન શક્ય ન બને તો હડતાળ કે તાળાબંધી તાત્કાલિક અસરથી પ્રતિબંધિત કરવામાં આવે છે. આ રીતે રાજ્યમાં ઓદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેને કેન્દ્ર સ્થાને રાખી અસરકારક પગલાં ભરવામાં આવે છે.

**અંકલેશ્વર તેમજ ઝગડીયા દહેજ ખાતે જી.આઈ.ડી.સી.માં મજૂરોના વેતન અંગે**

૧૩૪૮૫**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લાની અંકલેશ્વર-ઝગડીયા દહેજ જી.આઈ.ડી.સી.માં મજૂરોનો લઘુત્તમ વેતન દર જુદો જુદો રાખવામાં આવેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) ના જી, લઘુત્તમ વેતનના દરો સમાન છે. |
| (૨) મજૂરોનું આ રીતે થતુ શોષણ અટકાવવા સરકારે શાં પગલાં લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વડોદરા જિલ્લામાં વેટના વસૂલાતના બાકી એકમો**

૧૩૬૬૪**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં કઈ કઈ કંપનીઓ પાસેથી વેટની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) આ બાકી રકમ સત્વરે વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત મૂલ્ય વર્ધીત વેરા કાયદા અન્વયે વસુલાતનાં જરૂરી પગલાં લેવામાં આવેલ છે. |

**પત્રક-૧**

**(રકમ રૂપિયામાં)**

| અનુ. | કંપનીનું નામ | તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ વસુલ કરવાની બાકી રકમ | તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ વસુલ કરવાની બાકી રકમ |
|---|---|---|---|
| | **વડોદરા શહેર** | | |
| ૧ | રોલ્ટા ઇન્ડસ્ટ્રીઝ | ૦ | ૧૪૫૫૯૦૩ |
| ૨ | કેમરોક ઇન્ડ લી. | ૦ | ૪૮૬૨૩૬૧૪ |
| ૩ | બંડી ઇન્ડિયા લી. | ૦ | ૫૨૮૭ |
| | **વડોદરા જિલ્લો** | | |
| ૧ | ફાસ્ટ ટ્રેક લુબ્રીકન્ટ | ૦ | ૬૫૫૨૧ |
| ૨ | માર્સ રેમેડીઝ પ્રાલી | ૦ | ૪૨૮૯૧ |
| ૩ | હિતકારી પેકેજીંગ | ૦ | ૩૬૪૨૮૯ |
| ૪ | બરોડા ગ્રીસીસ એન્ડ ઓટોકેર | ૦ | ૨૩૦૩૫૧ |
| ૫ | ઇસ્ટ આફ્રીકા મોટર લી. | ૦ | ૪૩૩૭૨૭૦ |
| ૬ | મીડોજ ફાર્માસ્યુટીક્લ્સ | ૦ | ૨૯૮૬ |
| ૭ | ધી સુપ્રીમ ઇન્ડ લી. | ૦ | ૧૪૩૬૦૬ |
| ૮ | સોડીયમ મેટ્લ પ્રા. લી. | ૦ | ૨૭૩૩૭૫ |
| ૯ | ઇસ્ટ આફ્રીકા મોબાઇલ લી. | ૦ | ૪૪૪૭૨૯૧ |
| ૧૦ | ગેસ પ્રોઝેક્ટ (ઇ) પ્રા. લી. | ૦ | ૧૭૪૨ |
| ૧૧ | ન્યુ ફીલ્ડ ઇન્ડિયા ઇક્વીપમેંટ પ્રા. લી. | ૦ | ૮૮૬૮ |
| ૧૨ | એડ્રોઇડ સ્ટ્રક્ચર એન્જી. પ્રા. લી. | ૦ | ૯૩૬ |
| ૧૩ | કોમર્શિયલ કેટર્સ ગુજરાત પ્રા. લી. | ૦ | ૭૯૪ |
| ૧૪ | ફેરડીલ એન્જી કું. | ૦ | ૪૦૧ |

------------

**નવસારી જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૩૭૩૬**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર વિનિમય કચેરી નવસારી ખાતે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને | (૧) ૨૨૫૯૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૫૩૧. |

------------

## જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગારોને આપેલ રોજગારી

૧૨૨૩૯**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલા બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૫૦૮૫ |
| ૨ | મેંદરડા | ૧૫૮૮ |
| ૩ | તાલાલા | ૨૩૯૯ |
| ૪ | સુત્રાપાડા | ૨૨૦૮ |
| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલા બેરોજગારોની સંખ્યા |
| ૫ | વેરાવળ | ૪૫૧૦ |
| ૬ | કોડીનાર | ૪૯૬૩ |
| ૭ | માળીયા હાટીના | ૩૩૨૬ |
| ૮ | માંગરોળ | ૩૬૮૮ |
| ૯ | કેશોદ | ૪૨૫૪ |
| ૧૦ | માણાવદર | ૩૩૫૩ |
| ૧૧ | વંથલી | ૨૩૧૮ |
| ૧૨ | ભેંસાણ | ૯૯૧ |
| ૧૩ | વિસાવદર | ૧૭૮૪ |
| ૧૪ | ઉના | ૩૩૭૮ |
| | કુલ : | ૫૩૮૪૫ |

(૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી પુરી પાડેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૫૬૮ |
| ૨ | મેંદરડા | ૪૨૦ |
| ૩ | તાલાલા | ૨૮ |
| ૪ | સુત્રાપાડા | ૨૫૯ |
| ૫ | વેરાવળ | ૨૫૪ |
| ૬ | કોડીનાર | ૧૦૧ |
| ૭ | માળીયા હાટીના | ૧૭૫ |
| ૮ | માંગરોળ | ૯૬ |
| ૯ | કેશોદ | ૫૧ |
| ૧૦ | માણાવદર | ૨૬૬ |
| ૧૧ | વંથલી | ૩૩ |
| ૧૨ | ભેંસાણ | ૧૩ |
| ૧૩ | વિસાવદર | ૧૩૯ |
| ૧૪ | ઉના | ૬૬ |
| | કુલ : | ૨૪૬૯ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૨૮૨૦**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કરવામાં આવી છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | બેરોજગારોની નોંધણી |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૯૯૦૭ |
| ક્રમ | તાલુકાનું નામ | બેરોજગારોની નોંધણી |
| ૨ | ધાંગધ્રા | ૪૨૩૨ |
| ૩ | પાટડી | ૧૬૭૫ |
| ૪ | લખતર | ૮૮૪ |
| ૫ | લીંબડી | ૨૫૦૧ |
| ૬ | મુળી | ૯૦૭ |
| ૭ | ચુડા | ૧૦૦૮ |
| ૮ | ચોટીલા | ૨૦૫૫ |
| ૯ | હળવદ | ૨૧૩૨ |
| ૧૦ | સાયલા | ૭૯૫ |
| | કુલ : | ૨૬૦૯૬ |

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા તાલુકાના કેટલા બેરોજગારોના નામો રોજગારી માટે મોકલવામાં આવ્યાં, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી માટે મોકલેલ ઉમેદવારોની સંખ્યા. |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૬૯૨૬ |
| ૨ | ધ્રાંગધ્રા | ૨૫૪૦ |
| ૩ | પાટડી | ૨૭૮૩ |
| ૪ | લખતર | ૯૩૬ |
| ૫ | લીંબડી | ૨૫૦૬ |
| ૬ | મુળી | ૯૯૨ |
| ૭ | ચુડા | ૮૯૮ |
| ૮ | ચોટીલા | ૧૪૫૮ |
| ૯ | હળવદ | ૧૪૦૭ |
| ૧૦ | સાયલા | ૯૭૧ |
| | કુલ : | ૨૧૪૧૭ |

(૩) તે પૈકી કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી મેળવેલ બેરોજગારોની સંખ્યા. |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૧૦૫૧ |
| ૨ | ધ્રાંગધ્રા | ૨૪૪ |
| ૩ | પાટડી | ૫૨૪ |
| ૪ | લખતર | ૭૩ |
| ૫ | લીંબડી | ૩૯૭ |
| ૬ | મુળી | ૩૭૬ |
| ૭ | ચુડા | ૨૨૦ |
| ૮ | ચોટીલા | ૫૨૦ |
| ૯ | હળવદ | ૫૧૩ |
| ૧૦ | સાયલા | ૩૪૫ |
| | કુલ : | ૪૨૬૩ |

------------

## ભરૂચ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં ટ્રેડ વાર વિદ્યાર્થીઓ

૧૨૨૪૨**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કુલ કેટલી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલ છે,

(૧) ૦૮.

(૨) આ સંસ્થાઓ પૈકી ભરૂચ અને વાગરા તાલુકામાં કેટલી આવેલ છે,

(૨) ભરૂચ તાલુકામાં - ૦૧
વાગરા તાલુકામાં - ૦૨

(૩) આ સંસ્થાઓમાં ક્યા ટ્રેડમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને

(૪) ટ્રેડ વાર કેટલી કેટલી બેઠકોની ફાળવણી કરી છે?

(૩) અને (૪) આ સંસ્થાઓમાં ટ્રેડવાઇઝ અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓની સંખ્યા તથા ટ્રેડવાર ફાળવેલ બેઠકોની વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

### પત્રક
### ભરૂચ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં ટ્રેડવાર વિદ્યાર્થીઓ

| ક્રમ | ટ્રેડનું નામ | ટ્રેડવાઇઝ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | ટ્રેડવાર ફાળવેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૧૩૧ | ૧૭૬ |
| ૨ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) | ૧૨૦ | ૯૬ |
| ૩ | સર્ટિફીકેટ કોર્સ ઇન કોમ્પ્યુટર એડેડ ડીઝાઇન એન્ડ ઓટોકેડ-૨૦૦૦ | ૦૦ | ૨૪ |
| ૪ | સર્ટિફીકેટ કોર્સ ઇન ઇ-કોમર્સ | ૪૯ | ૪૮ |
| ૫ | સર્ટિફીકેટ કોર્સ ઇન સોફ્ટવેર પ્રોગ્રામીંગ | ૪૧ | ૪૮ |
| ૬ | સીઓઇ કેમીકલ (એડવાન્સ) | ૧૦૪ | ૯૬ |
| ૭ | સીઓઇ કેમીકલ (બીબીબીટી) | ૧૦૦ | ૧૯૨ |
| ૮ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૪૦૯ | ૪૬૦ |
| ૯ | કટીંગ એન્ડ સુઇંગ | ૩૩ | ૩૨ |
| ૧૦ | ડ્રાફ્ટસમેન સીવીલ | ૩૧ | ૩૨ |
| ૧૧ | ડ્રાફ્ટસમેન મીકેનીક | ૭૨ | ૬૪ |
| ૧૨ | ઇલેક્ટ્રીશીયન | ૩૬૩ | ૪૦૦ |
| ૧૩ | ઇલેક્ટ્રોનિક્સ મીકેનીક | ૨૯ | ૩૨ |

| ક્રમ | ટ્રેડનું નામ | ટ્રેડવાઇઝ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | ટ્રેડવાર ફાળવેલ બેઠકો |
|---|---|---|---|
| ૧૪ | ફીટર | ૪૭૧ | ૪૯૬ |
| ૧૫ | ઇન્ફોરમેશન ટેક્નોલોજી એન્ડ ઇલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ | ૬૫ | ૬૦ |
| ૧૬ | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક | ૯૩ | ૯૬ |
| ૧૭ | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) | ૧૧૦ | ૧૧૨ |
| ૧૮ | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમીકલ પ્લાન્ટ) | ૧૧૧ | ૯૬ |
| ૧૯ | મશીનીષ્ટ | ૮૬ | ૧૦૮ |
| ૨૦ | મશીનીષ્ટ (ગ્રાઇન્ડર) | ૩૦ | ૨૪ |
| ૨૧ | મરીન એન્જીનીયરીંગ ટેકનીશીયન | ૦૦ | ૬૪ |
| ૨૨ | મીકેનીક ડીઝલ | ૧૨૪ | ૧૪૪ |
| ૨૩ | મીકેનીક મેન્ટેનન્સ (કેમીકલ પ્લાન્ટ) | ૪૧ | ૩૨ |
| ૨૪ | મીકેનીક મોટર (વ્હીકલ) | ૫૩ | ૬૪ |
| ૨૫ | પ્લમ્બર | ૪૨ | ૪૮ |
| ૨૬ | રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મીકેનીક | ૫૬ | ૬૪ |
| ૨૭ | સર્વેયર | ૨૪ | ૩૨ |
| ૨૮ | ટર્નર | ૧૪૭ | ૧૫૬ |
| ૨૯ | ટુ વ્હીલર રીપેરર (ઓટો) | ૩૩ | ૪૮ |
| ૩૦ | વેલ્ડર | ૨૨૬ | ૨૮૮ |
| ૩૧ | વેલ્ડર કમ ફેબ્રીકેટર | ૮૦ | ૭૨ |
| ૩૨ | વાયરમેન | ૪૦૨ | ૪૦૦ |
| | કુલ : | ૩૬૭૬ | ૪૧૦૪ |

------------

### વિશ્વ મહિલા દિન નિમિત્તે અભિનંદન

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા:** માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે તમામ બહેનોને આજના દિવસે અભિનંદન પાઠવું છું અને સાહેબશ્રી, આ સભાગૃહે જે ૫૦ ટકા મહિલા અનામતનું બિલ પસાર કર્યું છે એ કાયદો જલદી આવે એવી અમારા સૌની લાગણી છે.

### /મહિલા અનામત વિધેયકને ટેકા બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષે મહિલા અનામતની જે શરૂઆત કરી છે અને એને સમર્થન આપવા બદલ ભારતીય જનતા પક્ષને હું અભિનંદન આપું છું..

**અધ્યક્ષશ્રી** : આપને બોલવું છે? બધી બહેનોને બોલવા દેવાનું છે?

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આઠમી માર્ચ વિશ્વ મહિલા દિન નિમિત્તે સમગ્ર મહિલાઓને અભિનંદન પાઠવવા દેવા માટે આપ મંજૂરી આપો.

**અધ્યક્ષશ્રી** : વિશ્વની બધી મહિલાઓને આ સભાગૃહે વિશ્વ મહિલા દિન નિમિત્તે અભિનંદન આપ્યા છે એમાં હું જોડાઉં છું.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### પત્રકાર ગેલેરીમાં પત્રકારોની ગેરહાજરી બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો એક અન્ય મુદ્દો છે. આજે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ૩૪ મિનિટ સુધી પત્રકાર ગેલેરીમાં પત્રકારો ગેરહાજર રહ્યા હતા. કારણ કે, એમાં આપની એક વ્યવસ્થા ગોઠવેલી છે. અહીં જે ગૃહની કોઈ વાત થાય એ પ્રજા સુધી પહોંચાડવાનું કામ પત્રકાર મિત્રો કરતા હોય છે. એટલે જ એમની ગેલેરીમાં આપની જે વ્યવસ્થા ગોઠવાયેલી છે એમાં ૩૪ મિનિટ સુધી એમની અનુપસ્થિતિ હતી અને જે રીતે આજ સુધી કોંગ્રેસના ધારાસભ્યો મંચ ઉપર ન પહોંચે પછી એ એરેસ્ટ થાય, મારે બિન લોકશાહી મુદ્દો કરવો પડ્યો. આજે અહીં હૉસ્પિટલમાં પત્રકાર મિત્રો દાખલ ન થાય એ પ્રકારના પરિપત્રના કારણે આ પરિસ્થિતિ થઈ છે. ત્યારે આપની પાસે રક્ષણ પણ માગું છું. આપના મારફત આ લાગણી સરકાર સુધી પહોંચે, કે જેથી આપની વ્યવસ્થાના ભાગરૂપે એની અંદર કોઈને ગેરહાજર રહેવાની પરિસ્થિતિનું નિર્માણ ન થાય એ માટે આપના આદેશોની અપેક્ષા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : સામાન્ય રીતે આપણે પત્રકાર ગેલેરી કે બીજી કોઈ ગેલેરી માટે પ્રશ્ન ઉપસ્થિત થવા દેતા નથી. પત્રકાર મિત્રો માટે એક વ્યવસ્થા કરવામાં આવી છે. એમાં એમણે ક્યારે આવવું અને ક્યારે ન આવવું એ એમનો સ્વતંત્ર અધિકાર છે. અધિકૃત રીતે પત્રકારોએ કોઈ કારણની મને જાણ કરી નથી. આપને જાણ કરી હોય તો એ આપની અંગત જાણ હશે. લેખિત જાણ મને નથી કરી. એટલા માટે કે અમે ગેરહાજર રહેવાના છીએ એવી પત્રકારોએ આપને જાણ કરી છે. આ મારા પરવ્યુમાં આવતું નથી. એમણે હાજર રહેવું કે ન રહેવું એ માટે તેઓ સ્વતંત્ર છે. (અંતરાય) માનનીય શકિતસિંહ, મેં આપને મુદ્દો ઉપાડવા દીધો. હું જાણું છું. મેં ઉપાડવા દીધો એ મારું કાર્ય છે. આ પત્રકાર મિત્રોને અહીં આપેલ વ્યવસ્થામાં કોઈ મુશ્કેલી પડે તો ચોક્કસ આ ગૃહની જવાબદારી છે. એ

સિવાય એ આ ગૃહમાં હાજર રહે ન રહે એ એમનો સ્વતંત્ર અધિકાર છે. એની ચર્ચા આપે ઉપસ્થિત કરી એ આપની પાસે રજૂઆત આવી હશે માટે કરી હશે. મારી પાસે સત્તાવાર રજૂઆત પત્રકારો તરફથી આવી નથી એટલે મારે કાંઈ કરવાનું રહેતું નથી. મારા ક્ષેત્રાધિકાર બહાર બનેલ ઘટના સંબંધમાં તેઓની અનુપસ્થિતિ અંગે હું કોઈ દરમિયાનગીરી કરી શકું નહીં. ત્યાર પછી આપે કહ્યું એ પ્રમાણે બરાબર એક કલાકમાંથી ૩૪ મિનિટ એ ગેરહાજર રહ્યા અને આવી ગયા, એટલે અંશતઃ આવી ગયેલા છે એટલે આપનો પ્રશ્ન પણ અંશતઃ રહે છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### નાણાકીય સમિતિઓ પર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત.

**અધ્યક્ષશ્રી :** અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપરના પંદર-પંદર સભ્યોની ચૂંટણી કરવા માટે નીચે મુજબના કાર્યક્રમની જાહેરાત કરવાની છે. અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિના ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવુ છું.

| | | |
|---|---|---|
| ૧ | નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય. | સોમવાર, તા:૧૫-૦૩-૨૦૧૦<br>સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |
| ૨ | નામ-નિર્દેશનપત્રોની<br>ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | ગુરુવાર, તા:૧૮-૦૩-૨૦૧૦<br>સાંજના ૫-૩૦ વાગે<br>નાયબ સચિવશ્રી પંકજ બુચની ચેમ્બરમાં |
| ૩ | નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય .. | ગુરુવાર, તા:૨૫-૦૩-૨૦૧૦<br>સાંજના ૫-૦૦ વાગ્યા સુધી |
| ૪ | મતદાર જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામનિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલે માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

### કૃષિ વિભાગ

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૬૩,૨૨,૯૧,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૨ રજૂ કરું છું.,

**પૂરક માગણી ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

### સહકાર વિભાગ

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર અને સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૭૦,૯૫,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરું છું.,

**પૂરક માગણી ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

### શિક્ષણ વિભાગ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૮,૩૦,૦૭,૦૮,૦૦૦/-ની અને મૂડીખર્ચ માટેની ૪૨,૮૮,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરું છું.,

**પૂરક માગણી ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૨૦,૦૭,૪૫,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦/-પૂરક માગણી ક્રમાંક :૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.**

**પૂરક માગણી નં. ૬૭**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૬૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૬૭ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી સોમવાર, તા.૮-૩-૨૦૧૦ (બીજા અને છેલ્લા દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં.૨** | | |
| ૧. * | ૨૪૦૧ પાક... વ્યવસ્થા<br>૦૦૧ નિર્દેશ અને વહીવટ<br>૦૧ કૃષિ નિયામકની કચેરી<br>રૂ.૧,૫૬,૪૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૩-૪ | ૧૦૦ | કૃષિ પાકના સાચા આંકડા રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | --"-- | ૧૦૦ | કૃષિ મેળાઓમાં લાભાર્થીઓને અપાતી કીટસમાં થયેલ વ્યાપક ગેરરિતી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહ વડોદીયા |
| ૩. | --"-- | ૧૦૦ | કૃષિ નિયામક કચેરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| ૪. | ૨૪૦૧ પાક ....... વ્યવસ્થા<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>૧૦૮ વાણિજય પાક<br>૦૧ કપાસ ઉત્પાદન<br>રૂ.૪૮,૮૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૩-૪ | ૧૦૦ | કપાસ ઉત્પાદનમાં થયેલ વધારાના પ્રમાણમાં ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| | | **માગણી નં.૫** | | |
| ૫. | ૨૪૨૫ સહકાર<br>૦૧ સહકારી ...... તપાસણી<br>રૂ.૨,૧૪,૫૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૧૬ | ૧૦૦ | સહકારી મંડળીઓના ઓડિટમાં થતો વિલંબ અને વ્યાપક ભ્રષ્ટાચાર રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરસિંહ બારડ |
| | | **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૯** | | |
| ૬. | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૧ પ્રારંભિક શિક્ષણ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું કથળતું સ્તર ઉંચું લાવવામાં તંત્રની | શ્રી પ્રભુભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૬ શિક્ષકો .... સેવાઓ ૬ - પ્રાથમિક ...... અનુદાન રૂ.૧૨,૯૧,૬૦,૭૨,૦૦૦ પૂરક પત્રક પા.નં. ૨૨ | | ઉદાસીનતા. | |
| ૭. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૮. | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ ૦૨ માધ્યમિક શિક્ષણ ૧૧૦ બિન..... સહાય ૦૧ ઈએનડી ૧૮ બિન... વિકાસ (૭) ઉચ્ચતર.... શાળાઓ રૂ.૭,૫૫,૫૦,૦૦૦ પૂરક પત્રક પા.નં. ૨૨ | ૧૦૦ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કથળેલા શિક્ષણના સ્તરને સુધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૯. | --"-- | ૧૦૦ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમયસર અભ્યાસક્રમ પૂરો કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૧૦. | ૪૨૦૨ શિક્ષણ ...... જોગવાઈ ૦૧ સામાન્ય શિક્ષણ ૨૦૧ પ્રાથમિક શિક્ષણ ૦૧ ઈડીએન-૨ વર્ગ ખંડોનું બાંધકામ રૂ.૪૨,૮૮,૦૦,૦૦૦ પૂરક પત્રક પા.નં. ૨૩ | ૧૦૦ | શાળાઓના વર્ગખંડોના બાંધકામ સત્વરે પૂરા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૧૧. | --"-- | ૧૦૦ | દરેક જિલ્લામાં વર્ગખંડોની જરૂરિયાતોનો સર્વે કરી વર્ગખંડો તૈયાર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| | **<u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ</u>**<br>**<u>માગણી નં.૩૯</u>** | | | |
| ૧૨. | ૨૨૧૦ તબીબી...આરોગ્ય ૦૧ શહેરી... એલોપથી ૦૦૧ નિદેશ અને વહીવટ ૦૧ આરોગ્ય...કચેરી રૂા. ૪૨,૧૦,૦૦૦ પૂરક પત્રક પા.નં. ૭૭ | ૧૦૦ | સરકારી દવાખાનાઓમાં આરોગ્ય સેવાઓનું કથળેલું સ્તર ઉંચું લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩. | --"-- | ૧૦૦ | ડોકટરોની વ્યાજબી રજૂઆતો ઉપર પૂરતું ધ્યાન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૧૪. | --"-- | ૧૦૦ | ડોકટરો દવાખાનાઓમાં સમયસર હાજર રહે તેવું આયોજન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૫. | ૨૨૧૦ તબીબી...આરોગ્ય ૧૧૦ હોસ્પિટલ અને દવાખાના ૦૧ સિવિલ...વહીવટ રૂા.૧૦,૩૧,૮૫,૦૦૦ પૂરક પત્રક પા.નં. ૭૭-૭૮ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં એકસ-રેની કામગીરી કાર્યક્ષમ બનાવી દર્દીઓની હાલાકી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૬. * | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં અસામાજીક તત્વોનો ત્રાસ દૂર કરી સલામત વાતાવરણ પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭. | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓ માટે વધારાની પથારીઓ પુરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** **માગણી નં. ૬૭** | | | | |
| ૧૮. | ૪૨૧૫ પાણી... જોગવાઈ ૧૦૧ શહેરી.. પુરવઠો ૦૧ ધકકઢ, શહેરી....પુરવઠો રૂા. ૧૦૦૦ પૂરક પત્રક પા.નં. ૧૬૧ | ૧૦૦ | ભાવનગર શહેરમાં પૂરતા પ્રેસરથી નર્મદાના પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા. અનિલ જોષીયારા |

- **આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી** : પૂરક માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટેનો આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય ૧૨-૦૦ વાગ્યાથી ૫-૧૫ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલા પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચાઓ પૂરી કરવાની થાય છે. તેથી તદનુસાર જે પૂરક માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને બાકીની બીજી બધી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે મૂકવામાં આવશે. હવે પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાયું એ પ્રમાણે આજે વિશ્વ મહિલા દિન છે અને આજે રાજ્યસભાની અંદર ભારત સરકાર મહિલાઓને લોકસભા અને વિધાનગૃહોમાં ૩૩ ટકા અનામત મળે એના માટેનું બિલ મૂકી રહી છે. આપણા સૌની ભાવના એવી છે કે આ પસાર થાય. સાથોસાથ ભારતીય ઉપખંડ એવો છે કે એમાં મહિલાઓના એમ્પાવરમેન્ટ માટે ઘણું બધું કરવાનું છે પણ એની સાથોસાથ હું એના ઉપર ચર્ચા નથી કરતો (અંતરાય) એક જ

મિનિટમાં વાત પૂરી કરવાનો છું. (અંતરાય) ૫૦ ટકા નહીં, ૩૩ ટકાની શરૂઆત સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ કરી હતી એના પછી અહીંયા કરવામાં આવ્યું છે. (અંતરાય) આપે એવી રીતે મૂક્યું છે કે ૫૦ ટકા થાય જ નહીં. ૫૦ ટકાનું સેપરેટ બિલ આવતીકાલે લઈ આવો અમે ટેકો આપીએ. આપે બે વિધેયકો ભેગા કર્યા છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, જે બિલની ચર્ચા થઈ ગઈ છે એ ચર્ચાને નહીં લો. આપણી બહુ મર્યાદા છે. જે પૂરક માગણી ઉપર બોલતા હોય એના ઉપર આવો. બાકીનું વિષયાંતર ઉપર ન જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વિષય ઉપર આવું છું. મને ક્રોસ ટોક કરવાની ના પાડો છો. મારી રાજકીય અવલોકનો કરવાની ઈચ્છા ન હતી. માત્ર એ વાત કરી હતી કે....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપે શું વાત કરી એ ફરીથી દોહરાવશો તો મર્યાદિત સમય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ભારતીય ઉપખંડ છે એણે શ્રેષ્ઠ મહિલા રત્નો આપ્યા છે. માત્ર એ મહિલા રત્નોના નામ જ આપીશ. સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધી, શ્રીમતી શીરીમાઓ ભંડાર નાયક, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આજની પૂરક માગણીમાં કયાં આવે છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને રોકો છો ત્યારે મને અત્યંત દુઃખ થાય છે. કારણ કે આજનો દિવસ છે એના માટે વાત કરી પણ આખે આખું ભાષણ પૂરક માગણીઓ સિવાયમાં જાય એમાં ન રોકો અને હું તો એક લાઈન બોલવા ઈચ્છું છું એમાં આપ મને રોકો છો. મારું કોઈ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી. હું એવું કંઈ કહું તો શબ્દો રદ કરી નાખજો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો રદ નથી કરતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી ભાવના એક જ લાઈનમાં વ્યક્ત કરવાની ઈચ્છા છે. મને રોકો તો મને દુઃખ થાય છે.

**અધ્યક્ષશ્રી** : આપને છૂટ આપવાની થશે તો બધાને છૂટ આપવી પડશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ગઈ વખતે આપનું ધ્યાન દોર્યું હતું કે આખું ભાષણ પૂરક માગણીઓ સિવાયના વિષયમાં થયું છતાં આપે એને રોક્યા નહીં. અમે એનો વિરોધ પણ નથી કર્યો. હું એક લાઈન બોલી રહ્યો છું એમાં આપ મને રોકો છો. (અંતરાય) હું તો માત્ર જે ૯ મહિલા રત્નો છે એના નામ આપવા માગું છું. સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધી, શ્રીમતી શીરીમાઓ ભંડાર નાયક, એમના પુત્રી શશીકલાજી,બેનજીર ભુટ્ટો અને એના પછી અત્યારે હયાત મહિલાઓ છે એમાં સોનિયા ગાંધી, હસીના શેખ, ખાલીદા ઝીયા, પ્રતિભા પાટિલ, મીરા કુમાર અને સૃષ્મા સ્વરાજ જે વિરોધપક્ષના નેતા છે. આ બધીજ મહિલાઓને હું તમામ આખા દેશવાસીઓ તરફથી અને આ રાજ્ય તરફથી એમને જે દિગવંત મહિલાઓ છે એને વંદન કરું છું અને અત્યારની હયાત મહિલાઓને બધા વતી સલામ કરું છું.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપણે શરૂઆત કરવાની હોય તો કસ્તુરબા ગાંધીથી કરવાની હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછીની મહિલાઓના નામ આપ્યા છે. લેવા હોય તો કસ્તુરબા સહિતના, સરોજીની નાયડુ જેવા અનેક હતા. આપ વાજબી રીતે મારું ધ્યાન દોરો એ હું પણ ઈચ્છું સાહેબ. પણ આપે પોલિટિકલી..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કસ્તુરબાના નામમાં પોલિટીકલ થવાય જ નહિ ભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કસ્તુરબા મારા ગામના હતા. મહાત્મા ગાંધી મારા ગામના હતા. મને એ બાબતમાં યાદ કરવવું પડે, શિખવાડવું પડે. મારે તો એટલું જ કહેવું છે કે આઝાદી પછી (અંતરાય) કન્ટ્રીબ્યુશન શું હતું? આ દેશની અંદર..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પાંચ મિનિટ સુધી માત્ર ને માત્ર વિશ્વ મહિલા દિનના સંદર્ભમાં કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઈ બેઠકમાં પૂરક માગણીઓની ચર્ચા થઈ ત્યારે આપે અમારા સભ્યોને રોક્યા હતા. પરંતુ આજે એમણે જે શરૂઆત કરી છે એ શરૂઆત પ્રમાણે અમાર સભ્યશ્રીઓને બોલે એટલી અનુમતિ આપજો માનનીય અધ્યક્ષશ્રી.

**અધ્યક્ષશ્રી** : તમે કહેશો તો દરેકને એક મિનિટ બોલવા દઈશ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજનીતિની ચર્ચા નથી. આ દિવસની ચર્ચા છે અને હું ઈચ્છું કે આપના પક્ષમાં એકાદ મહિલા છે આવી અનેક મહિલાઓ આવે. માનનીય અધ્યક્ષશ્રી, હવે પૂરક માગણીઓ ઉપર આવું છું. આ જે ૨૦૦૯-૨૦૧૦ ની ખર્ચની જે પૂરક માગણીઓ છે એ પૂરક માગણીઓમાં પ્રિએમ્બલમાં કહેવાયું છે અને લગભગ દરેક વિભાગની પૂરક માગણીઓમાં કહેવાયું છે કે એની અંદર પૂરક માગણીઓ એટલા માટે લઈ આવવી પડી કે છઠ્ઠા પગારપંચનો અમલ કરવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારે બજેટ અને પૂરક માગણીઓ અમારા વજુભાબાપુ છે કે એ ૧૬ વખત બજેટ લઈ આવ્યા છે. હું એમનેય અભિનંદન આપું કે ૧૬ મી વખત રેકોર્ડ બ્રેક એમણે (અંતરાય)

**સભાપતિ ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

બેન તો લગભગ માનનીય અધ્યક્ષશ્રીની બારમાં આવે છે હું એમનેય અભિનંદન આપું છું અને બેન પણ ઘણાં અભિનંદન આપે છે એમાંય કાંઈ વાંધો નથી. હું વાત એ કહતો હતો કે, આ ૧૬મી વખત વજુભાબાપુની હાજરી અને અમારાં થાનની અંદર થોડાક પાત્રો એવા હતા કે એ કોઈનો પણ વરઘોડો હોય એમાં એની હાજરી હોય એમાં વનેચંદ હોય. નાથુભાબાપુ હોય, નટુબાપુ હોય એમ ઘણાં બધા હતા. એમ અહીંયા પણ બજેટ આવે એમાં વજુભાબાપુ તો હોયજ તો એકાદ વખત વજુભાબાપુ અમારાં સૌરભભાપુનેય એક તક આપોને કે આ પૂરક માગણીઓ, બજેટ ના લઈ આવે તો વાંધો નહિ. એટલે આ પૂરક માગણીનો જવાબ એ આપે અથવા પૂરક માગણીઓ એ રજૂ કરે એવું કાંઈક કરો. આપણે તો હોયજ, હું હોય તમે હોય બધી જગ્યાએ હોય. એટલે આ જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં મોટેભાગે તો છઠ્ઠા પગાર પંચની પૂરક માગણીઓ છે પણ હું ૨૪માં પાના ઉપર એકજ પૂરક માગણી છે અને એમાં વર્ણન છે એજ વાંચી જાઉં છું. પાંચમા પેરેગ્રાફ છે એમાં લખ્યું છે કે- "સરકારે રાજ્યના ૫૦ ટકાથી ઓછી સ્ત્રી સાક્ષરતા ધરાવતા ૧૩ જિલ્લાઓમાં કેન્દ્ર પુરષ્કૃત યોજના તરીકે **સાક્ષર ભારત યોજના** શરૂ કરવાનું નક્કી કર્યુ છે. તેથી ઉકત યોજનાના પ્રથમ હપતા માટે ગુજરાત સરકારે આ નવી સેવા તરીકે દાખલ કરી છે." કેટલા જિલ્લાઓ આપણે ત્યાં? ૨૬. અને એમાંથી ૧૩ જિલ્લાઓ એવા છે કે જેમાં મહિલા સાક્ષરતાનો દર ૫૦ ટકા કરતા ઓછો છે એમ રાજ્ય સરકારે સ્વીકાર્યુ છે. અને એમાં સાક્ષર ભારતની યોજના છે એ દાખલ કરવાનું નક્કી કર્યુ છે.પણ એણે શું કર્યું કે આ ૧૩ જિલ્લામાં આ યોજનાને સરસ્વતિ યાત્રા નામ આપ્યું. ભારત સરકારની સાક્ષર ભારત યોજના અને એમાં સરસ્વતિ યાત્રા એના પછી જ લખ્યું છે કે આ સરસ્વતિ યાત્રા યોજના તરીકે ઓળખાશે. આ ૧૩ જિલ્લા રાજયના જેમાં સાક્ષરતાનો દર ગુજરાતના અડધા કરતા વધારે જિલ્લાઓ જેમાં સાક્ષરતાનો દર ૫૦ટકા કરતા નીચો હોય એ આપણી આંખ ઉઘાડનારું છે અને એમાં ભારત સરકાર જે પૈસા આપે સાક્ષર ભારત માટેના એને પોતાનું નામ સરસ્વતિ યાત્રા યોજના કરાવી દેવું એ અત્યંત દુ:ખદ છે. હું વાત એ કરતો હતો કે એ સિવાય ઘણી યોજનાઓ છે કે કેન્દ્ર સરકારની યોજના હોય અને ગુજરાત સરકારના નામે કરી છે પણ મારે તો....

**શ્રી રમણલાલ વોરા:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે કહી રહયા છે તે ભારત સરકારની યોજના છે. ૫૦ટકા સાક્ષરતા હોય એવા રાજયના ૧૩ જિલ્લાઓનો સમાવેશ કર્યો છે પણ થોડું વાંચવાનો પ્રયત્ન કરે. રાજય સરકારે પ્રયાસ એ કર્યો છે કે ૧૩ જિલ્લા ભલે કેન્દ્ર સરકારે નકકી કર્યું હોય આ ગુજરાત સરકાર પચ્ચીસે પચ્ચીસ જિલ્લાઓમાં આ યોજના લાગુ કરવા માગે છે અને એટલા માટે રાજય સરકારના બજેટમાંથી આ કરવાના છે અને એના માટે સરસ્વતિ યાત્રાનો કાર્યક્રમ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત તો એ કરતો હતો કે આની અંદર મોટાભાગે જે ખર્ચ થવાનો છે આ પૂરક માગણીઓનો એ છઠ્ઠા પગારપંચ પાછળનો ખર્ચ છે. એ રાજય સરકારે કરાવ્યો છે. છઠ્ઠું પગારપંચ બેઠું અને રાજય સરકારે સ્વીકાર્યું કે છઠ્ઠું પગાર પંચ છે અને પહેલાં એવું હતું કે રાજય સરકારના કર્મચારીઓ માટે અલગ પંચ બેસાડવું પણ પછી એવું નકકી કર્યું કે અલગ અલગ ધોરણો નથી રાખવા. કેન્દ્ર સરકાર જે રીતે, જે ધોરણે પગારપંચની ભલામણ કરે એ ધોરણે અમે સ્વીકારીશું. આ રાજય સરકારે એમ કહ્યું કે અમે સ્વીકાર્યું છે પણ જે કેન્દ્ર સરકારે સ્વીકાર્યું હતું એમાંથી જે નથી સ્વીકારાયું એની અંદર કેન્દ્ર સરકાર છે એ દરેક કર્મચારીને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપે છે. રાજય સરકારે કહ્યું કે અમે નહીં આપીએ. જે બાળકો ભણે છે કર્મચારીના એના માટે ચિલ્ડ્રન એજયુકેશન એલાઉન્સ આપીશું. રાજય સરકારે કહ્યું કે અમે નહીં આપીએ. એ ઉપરાંત કર્મચારી સરકારી ફરજ માટે એક ગામથી બીજે ગામ જાય તો એને ડેઈલી એલાઉન્સ આપીશું તો એ એલાઉન્સ પણ રાજય સરકારે ના પાડી કે અમે નહીં આપીએ. આટલું ન આપ્યું એ ઉપરાંત જે એરીયર્સ છે એના માટે એમ કહ્યું કે અમે એરીયર્સ નહીં ચુકવીએ. ૨૦-૨૦ટકાના અમે હપ્તા કરીએ. દર વર્ષે પી.એફ.માં એ જમા કરાવીશું. ૨૦૧૫ સુધીમાં એ જમા થઈ જાય એટલે પાંચ વર્ષનો લોકીંગ પિરિયર્ડ રાખવાનો એટલે ૨૦૨૦ની અંદર આપવાનું. માત્ર કર્મચારીઓને જ શા માટે આવું કરીએ છીએ? એટલું જ નહીં આ જે દરેક કર્મચારી છે એને કુલ સાડા ત્રણ વર્ષનું એરીયર્સ આપવાનું હતું અને એવરેજ કુલ આપણા કર્મચારીઓ/ અધિકારીઓ સહિત એ સાડા છ લાખ કર્મચારીઓ છે. દરેક કર્મચારીના ભાગની અંદર જો પગાર પંચ પ્રમાણે પ્રોવિડન્ટ ફંડમાં જમા ન કરાવ્યા હોત તો એવરેજ એક કર્મચારીને પોણા ત્રણ લાખ રોકડા આવ્યા હોત. આપણે આપ્યા નહીં અને જમા કરાવી દીધા એટલું જ નહીં આ જે કર્મચારીઓ છે એ કર્મચારીઓ બેવડું કામ કરે છે. એ શિક્ષણના હોય, કૃષિના હોય, સહકારના હોય કે પાણી પુરવઠાના હોય. આજે વર્ગ-૧ની ૬૦ટકા જગ્યાઓ ખાલી છે. ૪૦ટકા કર્મચારીઓ છે એ સો ટકા કર્મચારીઓ જેટલું કામ કરે છે અને છતાં એમને મળવાપાત્ર હકકના પૈસા છે એ આપણે એમને આપતા નથી અને છતાં ગણતરી એવી થાય છે કે ૨૦૧૨ સુધી જો આ જ પદ્ધતિ ચાલુ રહી તો માત્ર આઠ ટકા કર્મચારીઓ બાકી રહેવાના છે. બાકીના બધા કર્મચારીઓ નિવૃત્ત થવાના છે.આ સ્થિતિ છે. આઉટ સોર્સીંગ કરાવીએ છીએ. એમ કહે છે કે આઉટ સોર્સીંગ કરાવીએ છીએ. હું બીજો શબ્દ નહીં વાપરું.કારણ કે અસંસદીય

છે. એટલું જરૂર કહીશ. ટિફિન સર્વિસ હોય, એને એમ કહીએ કે ના હવે પત્નીની જરૂર નથી. ટિફિન મંગાવી લઈશું. ઘરની જરૂર નથી. ઘરનું રસોડું ચલાવવાનું નથી. કોઈ સંજોગોમાં ચાલે નહિ. અને જે સોવેરિન ફંક્શન છે એ સોવેરિન ફંક્શન તો રાજ્ય સરકારે પોતે જાતે જ અમલ કરવો પડે. કાલે સવારે ભારત સરકાર એમ કહેશે કે અમે સૈનિકો છે, એની નિમણૂક અમારે નથી કરવી. અમે આઉટ સોર્સિંગ કરીશું. શું હાલત થવાની આપણી? આજે આઉટ સોર્સિંગના નામે કેવું થાય છે? આ સાડા છ લાખ કર્મચારીઓ છે. એમાંથી અઢી લાખ તો સહાયકો છે અને એમાં શિક્ષણ વિભાગની અંદર જ ૫૫૦૦૦ એ શિક્ષણ સહાયક છે. પગાર કેટલો? પટ્ટાવાળાની નિમણૂક બંધ કરી દીધી. આઉટ સોર્સિંગ કરીશું. શિક્ષકો, નર્સિંગ સ્ટાફ એને કેટલો પગાર આપવાનો? ૨૫૦૦, ૩૫૦૦. કૉલેજની અંદર હોય તો થોડાક ૧,૦૦૦, ૨,૦૦૦ હશે એમાં તો કહે કે એમાં ૭૫૦૦. ૨૫૦૦-૩૫૦૦ નરેગા યોજનામાં જે કામ કરવા જાય છે, એના કરતા પણ આપણે શિક્ષકોને અને આપણા બીજા લોકોને પગાર ઓછો આપીએ છીએ. આ જે સહાયકો છે, એ સહાયકોથી કેટલા વખત કામ લઈશું. ભારત સરકારની જે એસેટ છે એ એસેટ રજિસ્ટર પ્રમાણે ૨.૫ લાખ કરોડની એસેટ છે. એ કેવી રીતે સચવાય છે. એનો આ દાખલો છે. હવે તો જેમ પ્રજાની સુરક્ષાની જવાબદારી. આના ઉપરથી એવું થયું કે એ પણ આઉટ સોર્સિંગ કરી રહ્યા છે, કારણ કે એમાં સહાયકો, પોલીસ સહાયક, પોલીસ અધિકારીની નિમણૂક કરી, એમાં આ છે, એની પાસેથી પ્રમાણિકતાથી કામ કરશે. એ કેવી રીતે રાખીશું. એમ કહેવામાં આવ્યું કે હવે છઠ્ઠા પગાર પંચના ધોરણો લાગુ પડશે. આ પગાર પંચ એ ભારતીય જનતા પાર્ટીની સરકાર લઈ આવી છે. એનું એક સૂત્ર હતું. એક રાજ્યમે દો નિશાન, દો પ્રધાન, દો વિધાન. નહિ ચલેગા, નહિ ચલેગા. નહિ ચલેગા. નહિ ચલેગા. હવે આની અંદર પાંચમા અને છઠ્ઠા પગાર પંચ અત્યારે બંનેનો અમલ ચાલુ છે. શુકરવા? પાંચમાં પગાર પંચ હતું. હવે ૬૦ ટકા જગ્યા ખાલી છે, એનો ચાર્જ બીજા અધિકારીને આપવામાં આવે છે. તો આપણો નિયમ એવો છે કે જેનો મૂળ પગાર છે, એના ૧૦ ટકા એલાઉન્સ આપવું જોઈએ. એને આપણે કાંઈ નહિ. એને એમ કહીએ એલાઉન્સ મળશે, પણ પાંચમાં પગાર પંચનો સ્કેલ છે. એનું એલાઉન્સ આપવાનું છે. આ બે ધોરણો, એટલું જ નહિ પાંચમાં પગારની એનોમલી જે હતી. ૪૦૦ જેટલા સંવર્ગકો છે. એની એનોમલી કમિટી છે. એનો રિપૉર્ટ માનનીય નાણામંત્રી પાસે, વિભાગ પાસે પડેલો છે. આજે એનો નિર્ણય નથી થયો. તો આ છઠ્ઠા પગાર પંચની એનોમલી આવી ગઈ. આપણે આ કર્મચારીઓ પાસેથી ભૂતકાળની અંદર કોઈ કામ અહીયા બતાવ્યા છે. કૃષિ વિભાગની અંદર ગ્રામ સેવક હોય, શિક્ષક હોય કે બીજા એવા કર્મચારીઓ હોય. એને એના વિભાગનું કામ કરવાનું હતું, એને કોઈ દિવસ એમ નહિ કહેવાતું કે તમારે તમારા ગામમાંથી મુખ્યમંત્રીશ્રીના પ્રોગ્રામમાં આટલા બાળકો, આટલી વસ્તી લઈ આવવાની છે. નહિ લઈ આવો તો પગાર બંધ કરી દઈશું. એવી ધમકી નહોતી અપાતી. આજે વધારાનું કામ કરે છે. વધારાનું એલાઉન્સ નહિ, એટલું જ નહિ એને મીનીમમ વેજીસ છે. એ આપવા માટેની પણ આપણી તૈયારી નથી. આ સ્થિતિની અંદર આપણું વહીવટી તંત્ર કેવું ચાલતું હશે અને કેવા અરજદારો છે, એને કેવી મુશ્કેલી પડતી હશે એ આપણને ખબર છે. વિધાનસભાની અંદર જ્યારે મળવાનું હોય ત્યારે અધિકારીઓને વાત કરીએ તો પહેલી વાત આપણે પૂછીએ કે તમારે એવા કોઈ પ્રશ્ન છે કે તમારા વિસ્તારને લગતા હોય અને અટકતા હોય. તો પહેલી વાત કરે કે ૬૦ ટકા, ૭૦ ટકા જગ્યાઓ ખાલી છે. આખી જિલ્લા કક્ષાની ઑફિસ હોય અને ૩ માણસોથી ચાલતી હોય.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં સ્ટાફની ભરતી કરો તે અમારી સૌથી પહેલી જરૂરિયાત છે. અમુક કર્મચારીએ તો ખિસ્સાના પૈસા વાપરીને બહાર ટાઈપ કરાવવું પડે છે. આ સ્થિતિની અંદર આપણે આવી પૂરક માગણીઓ લઈને આવ્યા છે. આજે કર્મચારીઓને છઠ્ઠું પગાર પંચ તો આપ્યું પણ રાજયના કર્મચારીને જે પૈસા આપવાના હતા તેમાં ઓછામાં ઓછા દસ હજાર કરોડ રૂપિયા જેટલી રકમ છે તે વાત આપણે સ્વીકારી હતી, રાજય સરકારે આ આપ્યું છે અને છઠ્ઠા પગાર પંચનો અમલ કર્યો છે તેના કારણે રાજય સરકારના કર્મચારીઓને જે પૈસા આપવાના હતા તે દસ હજાર કરોડ રૂપિયા જેટલાનું નુકસાન થયેલ છે. આમાં એક કર્મચારી દીઠ ૨.૭૫ લાખ જેટલું નુકસાન થયેલ છે. મંત્રીશ્રી જ્યારે જણાવતા હતા કે કામ કરાવવું છે, વધારે કામ કરાવવું છે, પક્ષનું કામ કરાવવું છે, પ્રચારનું કામ કરાવવું છે તો તેને આપણે પગાર આપવાનો નથી તો તે કઈ રીતે કરી શકશે તે બાબતની શંકા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગની વાત કરું તો તેની અંદર ૭૦ ટકા એન્જિનિયરોની જગ્યાઓ ખાલી છે અને આ ૭૦ ટકા એન્જિનિયરોની જગ્યાઓ ખાલી છે એટલે આપણે ૩૦ ટકા લોકો પાસે કામ કરાવવાનું હોય તો તેની ગુણવત્તાથી શરૂ કરી નાણાકીય રીતે વપરાય છે કે નહીં તે બાબત રાજય સરકાર માટે ચિંતાનો વિષય છે. આ જગ્યાઓ આજે ખાલી છે. રાજય સરકારે નિમેલી કૌલગી કમિટીએ વહિવટી સુધારણા માટેનો રિપૉર્ટ આપ્યો છે. તેમાં ખાસ ચિંતા વ્યક્ત કરી છે કે ખાલી જગ્યાઓ રાજયની અંદર છે તે ખૂબ ચિંતાનો વિષય છે. કૌલગી સમિતિએ વહિવટી સુધારણા અંગેનો રિપોર્ટ આપ્યો છે તેનો રાજય સરકારે અમલ કર્યો છે કે કેમ? અથવા સ્વીકાર્યો છે કે કેમ? તે બાબતે માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે અથવા તે બાબતે માર્ગદર્શન મળે.

માનનીય અધ્યક્ષશ્રી, તે સિવાય આરોગ્યને લગતી પૂરક માગણીઓ છે. રોગી કલ્યાણ સમિતિનો અમલ અને દરેક રોગી કલ્યાણ સમિતિમાં ભારત સરકારનો ફાળો છે તેની સામે યુજર્સ ચાર્જીસ દાખલ કર્યા છે. રોગી કલ્યાણ સમિતિનો ફાળો રોગીઓના કલ્યાણ માટે વાપરવાનો છે. ગરીબ દર્દીઓને રાહત માટે આપવાનો છે. ગરીબોની વ્યવસ્થા માટે આપવાનો છે અથવા તો વેલ્યુ એડેડ સગવડતા માટે કરવો જોઈએ. તેના બદલે રોગી

કલ્યાણ સમિતિઓના નાણાં આવે છે તે કાં તો પડ્યા રહે છે અથવા તો પડયા ન રહ્યા હોય તો તેનો ઉપયોગ હૉસ્પિટલના બિલ્ડીંગની સુધારણા માટે વપરાય છે અથવા તો કોઈ જગ્યાએ રાચરચીલું લાવવામાં વાપરવામાં આવે છે. દવા લેવાની અંદર કે એક ગામની અંદર ડૉકટર ન હોય એવા લોકોની કોઈ જરૂરિયાત હોય તેની નિમણૂક માટે આ પૈસાનો ઉપયોગ થતો નથી. માનનીય માંત્રીશ્રી આ બાબતે તપાસ કરાવે અને તેનો ઉપયોગ બરાબર થાય તે માટે આરોગ્ય મંત્રીશ્રી આ બાબતે ચોકકસ ધ્યાન આપે અને તેનો ઉપયોગ થાય તેવી આપના મારફત વિનંતી કરું છું. તે સિવાય સાહેબ સ્વાઈન ફલુની અંદર છેલ્લા ચાર મહિનાની અંદર ૫૩૭ જેટલા દર્દીઓ નોંધાયા છે અને તેમાંથી ૧૨૪ જેટલા દર્દીઓ મૃત્યુ પામ્યા છે. તે રાજયનો ખૂબ ચિંતાનો વિષય છે. હું કહીશ કે જીવન બધાનું અમૂલ્ય હોય છે પછી તે મારું જીવન હોય કે મુખ્યમંત્રીશ્રીનું જીવન હોય કે વડાપ્રધાનશ્રીનું જીવન હોય. જીવન કિમતી હોય છે. તે નિવારવા માટે આપણે આગોતરા પગલાં લેવા જોઈએ તે લેવાયા નથી તો તે લેવાય અને મૃત્યુદર ઓછો થાય તેના માટેની કાળજી લેવાય તેવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં પૂરક માગણી ક્રમાંક : ૫, સહકાર વિભાગની છે એના અંગે મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે છેલ્લા વર્ષમાં આકસ્મિક સંજોગો ઉભા થયા, ખાસ કરીને છઠ્ઠું પગાર પંચ, કર્મચારીઓની નિવૃત્તિ અને એના પગાર ભથ્થામાં વીસ ટકાનો વધારો, એના કારણે જે મૂળ જોગવાઈ હતી એમાં છેલ્લા આઠ માસનો હિસાબ કરતાં કેટલીક રકમની ખાધ પડે છે એના માટે આ દરખાસ્ત લઈને માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે. કુલ જે જરૂરિયાત છે, એ ૪,૮૫,૬૧,૦૦૦ રૂપિયાની જરૂરિયાત ઉભી થવાની છે એમાંથી ૧,૧૪,૬૪,૦૦૦ રૂપિયાની જે બચત છે એ બચત બાદ કરતાં ૩,૭૦,૦૦૦૦૦/-ની ચોખ્ખી જરૂરિયાત ઉભી થાય છે. સહકારી ક્ષેત્રમાં ગુજરાતની જે કામગીરી થઈ રહી છે એ ખૂબ પ્રસંશનીય છે. ગુજરાતના કુલ જે સહકારી ક્ષેત્રનું કામ છે એમાં રાજય સહકારી બેંકથી શરૂ કરીને નાનામાં નાની મત્સ્યદ્યોગ સહકારી મંડળી સુધીના વિસ્તારને આ ફલકમાં સમાવવામાં આવ્યો છે. કુલ સહકારી ક્ષેત્રમાં નોંધાયેલી જે સંસ્થાઓ છે એનો આંકડો લગભગ ૬૩૪૩૩ જેટલો છે, કુલ ૧૩ દૂધ ઉત્પાદક સંઘો ગુજરાતની અંદર કાર્યરત છે એમાંથી ત્રણ દૂધ ઉત્પાદક સંઘ સૌરાષ્ટ્ર વિસ્તારમાં કાર્યરત છે, જેમાં લગભગ ૧૬૦૦ ઉપરની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ મારફત દૂધ એકઠું કરીને આ સંઘોમાં પહોંચતું કરવામાં આવે છે. જે સહકારી ક્ષેત્રમાં દૂધ મંડળીઓ છે એ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંમાંથી લગભગ ૧૩૬૪૬ ગામડાંમાંથી આ દૂધ સહકારી મંડળીઓ મારફત દૂધ એકઠું કરીને જે તે સંઘમાં પહોંચતું કરવામાં આવે છે, જેને કારણે ગામડાંના અર્થતંત્રનો એક મજબૂત પાયો આ દૂધ સહકારી મંડળીઓ મારફત ઉભો થયો છે દૂધ અને દૂધની બનાવટોની જે નિકાસ થાય છે આ દેશમાંથી એમાંથી લગભગ ૪૦૦ કરોડ જેટલી રૂપિયાની દૂધ અને દૂધની બનાવટોની નિકાસ આ દેશમાંથી થાય છે એમાં લગભગ ૧૩૫ કરોડનો હિસ્સો આ ગુજરાતનો છે, ૪૦૦ કરોડમાંથી ૧૩૫ કરોડનો હિસ્સો ગુજરાત રાજયનો દૂધની બનાવટોનો નિકાસ થાય છે. ગુજરાતનું દૂધ એ ઉત્તમ ગુણવત્તાવાળું દૂધ છે, દેશભરમાં ગુજરાતમાંથી દૂધ જાય છે, ઓસ્ટ્રલિયા અને ન્યુઝીલેન્ડમાં જેમ ટ્રેનો મારફતે દૂધ થાય છે એમ ગુજરાતમાંથી પણ બીજા રાજયોમાં ટ્રેનો મારફતે ગુજરાતનું દૂધ જાય છે અને ગુજરાતના દૂધની પૂરક માગણી છે, આજે જયારે ભેળસેળયુકત દૂધ બજારમાં વેચાય છે, એની સામે એ કવોલિટી, એ કવોલિટી મેઈન્ટેઈન્સ કરવાનું શ્રેય પણ ગુજરાત રાજયની આ દૂધની સહકારી મંડળીઓને જાય છે, આ દૂધનું સૌથી મોટું માર્કેટ આજે દિલ્હીમાં છે, અને દિલ્હીમાં ગુજરાતનનું દૂધ મળતું હોય ત્યાં સુધી બીજું કોઈ દૂધ કોઈ લેતા નથી. ગુજરાતના દૂધને નંબર વન એમ કહે છે અને એટલા માટે ક્કદિલ્હીવાલે કહેતે હૈ ગુજરાત સબમેં નંબર વન ક્ર

માનનીય અધ્યક્ષશ્રી, દરેક ક્ષેત્રની અંદર ગુજરાતે સહકારી ક્ષેત્રમાં જે પ્રકારે કામ કર્યુ છે, અને આ સહકારી ક્ષેત્રમાં કરેલા કામને કારણે રાજયનો જે માર્કેટિંગ મહાસંઘ છે એને ભારત સરકાર દ્વારા બીએસઆઈ - બેસ્ટ ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. એ જ રીતે ક્કરાજીવ ગાંધી નેશનલ કવોલિટીક્ર નો એવોર્ડ ૧૯૯૯માં બેસ્ટ ઓફ ઓલ સમગ્ર ભારત દેશમાં ધરાવતું માત્ર ગુજરાત છે. સહકારી ક્ષેત્રની જે આ પ્રકારની કામગીરીઓ છે એને પૂરતું મળી રહે એમાં જે આ પૂરક માગણી લઈને માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે એમાં કેટલીક રકમ એવી છે કે, રાજયના દૂધ ઉત્પાદક સંઘોમાંથી પાછી મેળવવામાં આવે છે પણ હાલની તકે એ પૂરક જરૂરિયાતના કારણે આપણે એમને આ બજેટમાં સમાવવી પડે છે અને એટલા માટે આ પૂરક માગણી લઈને આવ્યા છે. માનનીય નાણામંત્રીશ્રી જે દરખાસ્ત લઈને આવ્યા છે એને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે સહકારની પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં સમર્થન આપવા માટે ઉભો થયો છું. ૨૦૦૯ અને ૨૦૧૦માં ૧,૫૮,૪૮૪ની જોગવાઈ મંજૂર કરવામાં આવી હતી. સદર પેટા કેન્દ્રો, ૩૦ પેટા કેન્દ્રોમાં ખર્ચ અને જિલ્લા પંચાયતોનો પણ આ જોગવાઈમાં સમાવેશ થાય છે અને એના કારણે અને મુખ્ય કચેરીઓનો પગાર આમાં પડતો હોય છે એના કારણે ૮ મહિના પછી ૧,૯૧, ૪૦૫ મંજૂર કર્યું અને એના પછી આકસ્મિક ખર્ચાઓ એમાં છઠ્ઠં પગાર પંચ અને નિવૃત્ત

કર્મચારીઓ અને અધિકારીઓને આપવામાં આવેલ રોકડ લાભો અને ટ્રિબ્યુનલમાં ૪ લાખની જોગવાઈ આ બધી જોગવાઈના કારણે આકસ્મિક ખર્ચ થતો હોય અને એમાં સહકાર ખાતામાં લાંબો ખર્ચ થતો હોતો નથી એની પૂરક માગણી ૨,૧૪, ૦૫૫ રૂપિયાની છે એ કોઈ ખોટા ખર્ચ વગરની હોય એમાં હું મારું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં મારી વાત રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે દુનિયામાં મહિલા દિન તરીકે ઉજવણી થાય છે ત્યારે મારે પણ મહિલા દિવસની સાથે સાથે બે વાત કરવી છે કે, આ દેશમાં મહિલાઓએ પણ બલિદાન આપ્યા છે અને દેશમાં ત્યાગની ભાવના શું છે એની વાત પણ આ દેશમાં થઈ છે. સ્વ. ઈન્દિરા ગાંધીએ આ દેશ માટે બલિદાન આપ્યું છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ પૂરક માગણીઓ ઉપર આવો તો વધારે સારું.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જ મિનિટમાં આ વાત કહેવી છે. આજે મહિલા દિનની ઉજવણી ચાલી રહી છે ત્યારે (અંતરાય)

**સભાપતિશ્રી** : અભિનંદન આપવા પૂરતું બરાબર છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે અભિનંદન નથી આપવા એમણે જે બલિદાન આપ્યું છે એટલા માટે યાદ કરાવવું છે અને ત્યાગની વાત એટલા માટે મારે આ સભાગૃહમાં કહેવાની જરૂર પડી છે કે ભારત દેશમાં શ્રીમતી સોનિયાજી જ્યારે વડાપ્રધાન બનવાના હતા ત્યારે એમણે પોતે આ પદ ત્યાગીને ત્યાગની ભાવનાની વાત કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય અમરસિંહભાઈ, આપ વિષયાન્તર ન કરો અને માત્ર પૂરક માગણી ઉપર વાત કરો. અમરસિંહભાઈ, આપ પૂરક માગણી ઉપર વાત કરો પ્લીઝ.

**અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મહિલા દિન છે એટલા માટે વાત કરવી છે. હું ત્યાગની વાત કરવા માટે વાત કરું છું. (અંતરાય)

**સભાપતિશ્રી** :માનનીય અમરસિંહભાઈ, પ્લીઝ. આપ માત્ર પૂરક માગણી વિશે ચર્ચા કરો. ઓર્ડર ઓર્ડર પ્લીઝ.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એમાં મારે વાત કહેવી છે કે આ ગુજરાતમાં જે પૂરક માગણીઓની વાત થાય છે એમાં પ્રાથમિક શિક્ષણ હોય કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ હોય ખાસકરીને આદિવાસી વિસ્તારમાં પૂરક માગણીઓની બાબતમાં જ મારે વાત કહેવી છે કે, પૂરક માગણીઓમાં ૧૩ જિલ્લાઓમાં જેમ અમારા સભ્યશ્રીએ વાત કરી તેમ ૧૩ જિલ્લાઓમાં સ્ત્રીઓ માટે જે જોગવાઈ થવી જોઈએ એ નહીં થઈ. એવી પૂરક માગણીની પણ જોગવાઈ કરી છે. સ્કૂલોમાં જે શિક્ષકોની ભરતી થાય છે, એ શિક્ષકોથી સ્કુલો વંચિત રહી જાય છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં ઉપસ્થિત સભ્યશ્રીઓનું મારે ધ્યાન દોરવું છે કે શિક્ષકોના જે પ્રશ્નો છે અને શિક્ષકોની જે કામગીરી આપણે એમને સોંપીએ છીએ, એમને પગાર ઓછા મળે છે. માત્ર ૨૫૦૦ રૂપિયા પગાર મળે, કોઈને ૫૦૦૦ રૂપિયા પગાર મળે, એના કારણે ગુજરાતના શિક્ષકોએ સરકારને રજૂઆત કરવા માટે સરકાર પાસે પરમિશન માગી કે અમારા પગારમાં વધારો કરવો જોઈએ અને અમારી સ્કૂલોમાં જે નિભાવ ખર્ચ આપવામાં આવે છે એ પણ મળતો નથી. એ પૈસા બીજી જગ્યાએ ડાયવર્ટ થઈ જાય છે. નિભાવણી ખર્ચ મળી શકતો નથી. ત્યારે આખા ગુજરાતના ૨૫, ૨૬ જિલ્લામાંથી જે શિક્ષકોને અન્યાય થયો, એના માટે ગાંધીનગરમાં રજૂઆત કરવા માટે બધા શિક્ષકો આવતા હતા, પણ સરકારે પરમિશન ન આપી. ત્યારપછી આ પરમશિન પછી જે રજૂઆતો એમણે કરવી જોઈએ એ રોકવા માટે પણ આ ગુજરાતમાં એક તૂત ઉભું થયું. એના કારણે મને પણ શિક્ષકોએ મારા જિલ્લામાં બોલાવ્યો હતો કે એમના ૧૦૦ જેટલા પ્રશ્નો છે. એમને એટલી બધી કામગીરી સોંપવામાં આવી કે સ્કૂલોની કામગીરી એ લોકો કરી શકતા નથી. વહીવટી ખર્ચને કારણે અને જિલ્લા કે તાલુકા મથક ઉપર જ એમને સ્કૂલોની કામગીરી, ગ્રાન્ટ કે બીજી અન્ય જોગવાઈની કામગીરી કરવા માટે જિલ્લા મથક ઉપર એ જતા રહે છે. જેના કારણે એ સ્કૂલોનું શિક્ષણ દિન પ્રતિદિન આખા ગુજરાતમાં અને ખાસ કરીને પછાત વિસ્તારોમાં કથળી રહ્યું છે. મેં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ આ વાત કરી હતી અને આદિજાતિ સલાહકાર સમિતિમાં પણ આ...

**અધ્યક્ષશ્રી** : આની અંદરથી આ સવાલ ઉભો થતો નથી. આપ મર્યાદામાં રહો.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : એની ગ્રાન્ટનો સવાલ આવે છે..

**અધ્યક્ષશ્રી** : શિક્ષણ વિભાગની પૂરક માગણીઓ વખતે કહેજો. અત્યારે આ પ્રશ્ન પેદા થતો નથી. આપે શરૂઆતમાં પણ વાત કરી, તે મેં સાંભળી છે. એ પણ યોગ્ય નહોતી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી છઠ્ઠા પગારપંચની વાત સરકારે કરી છે, પણ છઠ્ઠા પગાર પંચની સાથે પણ જે શિક્ષકોને જે લાભ મળવા જોઈએ એ લાભ પણ શિક્ષકો પૂરા ટાઈમમાં નોકરી કરે, ત્યારે પહેલા એના પગાર ભથ્થાં એને મળવા જોઈએ એ મળી શકે એવું મને લાગતું નથી. જેથી આ પૂરક માગણીઓ જે છે એ છઠ્ઠા પગાર પંચ કે એની જોગવાઈ હોય એને કારણે જે આ સમાજને આગળ લાવવાનું કામ કરે છે, એના પ્રશ્નો જે ઘણાબધા પેન્ડિંગ રહી જાય છે, જેના કારણે સ્કૂલો હોય કે માધ્યમિક સ્કૂલો હોય. આજે ગામડામાં જે માધ્યમિક સ્કૂલો છે, એની અંદર ભરતી થતી નથી. આજે કોઈપણ જગ્યાએ શિક્ષકોથી માંડીને સ્ટાફનો એટલો બધો કાપ આવી રહ્યો છે કે જેના કારણે આ સ્કૂલોમાં ભણતા બાળકોને મોટો અન્યાય થાય છે. અને એને કારણે બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકારની જે પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું અનુમોદન આપું છું. કૃષિની પૂરક માગણી ૧,૬૩,૨૨,૯૧,૦૦૦ અને સહકારની ૩,૭૦,૯૫,૦૦૦ની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પૂરક માગણીઓની અંદર પૂરક માગણી એટલા માટે લાવવી પડી કે ખરેખર ખર્ચની ગણતરીમાં તૂટો પડતો હતો. નવી બાબતોની અંદર વાત કરીએ તો ૨૬ ખેડૂત તાલીમ કેન્દ્ર માટે ૨૫૦૦ લાખની જોગવાઈ કરી. નવા તાપી જિલ્લા માટે કૃષિ આયોજન માટે ૮૦ લાખની વ્યવસ્થા કરવી પડી. નવા વર્ષ ૨૦૧૦-૧૧ માટે ૪૪૧૬ લાખની જોગવાઈ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાયના ખેડૂતો માટે કૃષિ સહાયની વ્યવસ્થા કરવી પડી. ગોલ્ડન ગોલ ૨૦૧૦ ની વ્યુહરચના અન્વયે રૂા. ૧૨૦૦ લાખ જમીન સ્વાસ્થય સૂચિ પત્રક કાર્યક્રમ માટેની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. રૂા. ૧૧૦૦ લાખ બિયારણ બદલાવ પ્રમાણ (S.R.R.) માટે બિયારણ વૃદ્ધિ અને કાર્યક્રમમાં સૂચવવામાં આવેલ છે. સેન્દ્રિય ખેતી વ્યવસ્થા પધ્ધતિના અમલ માટે તથા પ્રમાણન માટે રૂા. ૪૦૦ લાખ, શેરડીના પાંચ ટીસ્યુ કલ્ચર લેબોરેટરી સંગીન બનાવવા માટે રૂા.૧૦૦ લાખ અને રૂા. ૨૫ લાખ શેરડીના ટીસ્યુ કલ્ચરલ રોપામાં સહાયકીની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦ માં તમામ ગામના ગામ દીઠ ૫ ગરીબ ખેડૂતોને માટે ૨૮૦૦ રૂપિયાની મર્યાદામાં વિના મૂલ્યે ખેત સાધનસામગ્રીના કીટ માટે ૧૨૦૦ લાખ રૂપિયાની ચાલુ જોગવાઈ ઉપરાંત રૂા. ૧૩૦૦ લાખની નવી જોગવાઈથી ૯૧૦૦૦ થી વધુ ગરીબ ખેડૂતોને આવરી લેવાશે. કૃષિ જોખમોના વ્યવસ્થાપન અંગે ૨૨૦૩૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે જેમાં પાક વીમો, ખેડૂત અકસ્માત વીમો, ભાવ સ્થિરીકરણ તથા કૃત્રિમ વરસાદના પ્રયોગોનો સમાવેશ થાય છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં કેન્દ્રિય ફાળો ૪૧૮૪૪ લાખ અને રાજયફાળો ૬૧૭૮.૦૫ લાખનું આયોજન છે વિવિધ કૃષિ ઉત્પાદનલક્ષી કાર્યક્રમના કારણે ઉત્પાદનમાં વધારો થયો છે. ૨૦૦૧ માં કૃષિ ઉત્પાદન ૩૧.૫૮ લાખ મેટ્રિક ટન થયું હતું અને ૨૦૦૯-૧૦ માં ૬૩.૪૫ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયું છે. ૨૦૦૩ ની સરખામણીમાં કપાસના ઉત્પાદનની વાત કરીએ તો ૨૦૦૮-૦૯ માં ૫૦ ટકાનો એમાં વધારો થયો છે. ૧૮.૮૪ લાખ ગાંસડી અગાઉ ઉત્પાદન થયું હતું એ ૮૦ લાખ ગાસડીનું ઉત્પાદન આજે થયું છે એટલે એમાં ખૂબ જ વધારો થયો છે.

ખેત વિષયક સુધારણાની વાત કરીએ તો સંશોધિત થયેલ ભલામણો સીધી ખેડૂત સુધી પહોંચે અને એ અપનાવાય એ હેતુથી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનો સહયોગ, કૃષિ મહોત્સવ, ખેડૂત તાલીમ, આકાશવાણી :પરથી અને દૂરદર્શન ઉપરથી ખેડૂતલક્ષી વૈજ્ઞાનિક અભિગમ સાથેના પરિસંવાદનું પ્રસારણ, ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે વિના મૂલ્યે કિસાન કોલ સેન્ટરો ઉપર પરિસેવાદ અને કૃષિ મેળાનું આયોજન કરેલ છે અને રાજય બહારની તાલીમનું પણ આયોજન થાય છે. ખેડૂતોને સરદાર પટેલ પુરસ્કારથી સન્માવવા જેવી વિવિધલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. ખેડૂતોમાં ખેત વિષયક યાંત્રિકકરણનો લાભ મળે અને સારાં ખેતઓજારો અપનાવે, યાત્રિક મશીનરી અપનાવે એ માટે મેક્રો મેનેજમેન્ટનો અમલ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને કુદરતી આફતો સામે રક્ષણ તેમજ કૃષિ જોખમ સામે આર્થિક વળતર આપવા માટે પાક વીમા યોજના , ખાતેદાર ખેડૂત અકસ્માત યોજના, પાક ઉત્પાદનના ભાવ જળવાઈ રહે એટલા માટે ટેકાના ભાવથી પાક ખરીદવા માટેનું આયોજન સરકારે કરેલ છે.

આદિજાતિ ખેડૂતો, અનુસૂચિત જાતિ અને જનજાતિના ખેડૂતો તેમજ નાના અને સીમાંત ખેડૂતોને સિંચાઈ સવલતો જેવી કે નાના કૂવાના બાંધકામ માટે, કૂવાની સિંચાઈ માટે, સુધારણા માટે, ઓઈલ એન્જિન કે વીજળીની મોટર ગોઠવવા માટે તેમજ પાઈપ લાઈન માટેની સહાય પૂરી પાડીને તેમના કૃષિ ઉત્પાદનમાં વધારો કરવાનો સરકારનો મુખ્ય આશય છે. નબળા ખેડૂતોને અનુસૂચિત જાતિ અને જનજાતિના નબળા ખેડૂતોને કૃષિ વિષયક સહાય આપીને વધારે ઉત્પાદન કરતા થાય એ માટે સરકારે ખૂબ જ મહેનત કરી છે અને એનું પરિણામ એ આવ્યું છે કે કૃષિમાં અત્યાર સુધીમાં મારે એ વાત કરવી છે કે વેપારીનો દીકરો વેપારી બને..કોન્ટ્રાકટરનો દીકરો કોન્ટ્રાકટર બને, અધિકારીનો દીકરો અધિકારી બને, રાજકારણીનો દીકરો રાજકારણી બને, પણ કયારેય ખેડૂતનો દીકરો ખેડૂત બનતો નહોતો, આ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાજયમાં ખેડૂતનો દીકરો ખેડૂત બન્યો છે. એ વાત મારે કરવી છે. આ થયું છે એ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગામડાંમાં જે રોડ સારા બન્યા, લાઈટના બિલ પંચાયતોના પાણીના માફ કર્યા, અને ટ્રેકટરોને ગાડા બનાવય, ૨૪ કલાક લાઈટ, સી. સી.

રોડ, આ બધાને કારણે આજે ખેડૂતોની પરિસ્થિતિ બદલાઈ છે. જેથી લોકો ખેડૂત બનવા માગે છે. જયારે હું સામા વાળા મિત્રોના રાજની વાત કરું.

**અધ્યક્ષશ્રી** : તમારો સમય પૂરો થઈ ગયો છે. સામે વાળાની વાત નથી કરવી.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ સાહેબ જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં કૃષિ અને સહકાર, શિક્ષણ, તબીબી, જાહેર આરોગ્ય, નર્મદા અને જળ સંપત્તિ અને કલ્પસર વગેરે છે. ગુજરાત ખેતી પ્રધાન રાજય છે, અને ૭૦ ટકા લોકો ખેતી ઉપર નભે છે. પણ આ સરકારની પૂરક માગણીઓની રકમ જે મુકી છે તે કઈ રીતે સરકાર વાપરે છે તે મહત્વનું છે. જો સારી રીતે વાપરે તો સારું, કારણ કે નાના અને સિમાન્ત ખેડૂતો છે જેમને બીજાના ઉપર આધારીત રહેવું પડે છે તે ન રહેવું પડે તે માટે એમને બે એચ.પી.ની મોટરની મંજૂરી આપે તો જે ૫૦ ટકા રોજગારી અને નોકરીઓ નહીં આપીએ તો પણ ચાલશે, ખેતીમાંથી એ નાના અને સિમાન્ત ખેડૂતોને રોજગારી મળી રહેશે. મેં આ વાત દસ વખત માનનીય વજુભાઈને કરી છે, કારણ કે બે એચ.પી.ની મોટર હોય તો પોતાનો પાક હોય પશુ રાખતા હોય તો ઘ ાસચારો વગેરે કરી અને તે જીવી શકે અને બીજી કોઈ રોજગારીની તેને જરૂર ન પડે. બે એચ. પી. ની મોટરો પશુપાલન અથવા ઘાસચારા માટે આપવામાં આવે તો પણ ઘણું થયું. અને આ દિશામાં કેટલાયને રોજગારી મળી શકે અને ભીખ માગવા ન જવું પડે, એટલે આના માટે માનનીય નાણા મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

બીજું કે બીજા દેશોનું બિયારણ આપણે લાવીએ છીએ અને મલ્ટી નેશનલ કંપનીઓનું બિયારણ લાવીએ છીએ પણ તે રાશી નીકળે તો ખેતી ફેઈલ થાય છે. એટલે આપણી જે કૃષિ યુનિવર્ષિટીઓ છે તેમણે સારું બિયારણ પકવવું જોઈએ અને ખેડૂતોને આપવું જોઈએ, જેથી આપણે બીજા ઉપર આધાર ન રાખવો પડે. બીજું જે નહેરો આપણી છે તે વ્યસ્થિત બનાવવાની જરૂર છે. અત્યારે એવું થાય છે કે અહીં નહેર હોય અને બીજે ન હોય, એક જગ્યાએથી બીજી જગ્યાએ બનાવવાની બાકી હોય એમ બનાવવાને બદલે સળંગ ઠેઠ મુળીયાથી બનાવવાની જરૂરે છે જેથી ખેડૂતોને છેક સુધી પાણી મળી શકે, નહીંતર આખી કેનાલ બને અને ડીસ્ટ્રીબ્યુશન કેનાલ ન બને તો એ નહીં ચાલે, આપણે પૈસા ફાળવીએ છીએ પણ તેના માટે થોડી ચિંતા પણ રાખવી જોઈએ. ભગવાને આપણને આટલું મોટું પદ આપ્યું છે તો તેનો સદઉપયોગ કરો, આ ગુજરાતમાં કોઈ ગરીબ નહીં રહે. આપણે હોદ્દાનો સદ ઉપયોગ કરવાની જરૂર છે. તે આપણે કરતા નથી.

બીજી શિક્ષણની મારે વાત કરવી છે. પ્રાથમિક શિક્ષણ છે તેમાં એકડો પણ આવડતો નથી. આ ખરી વાત હું કરું છું. હું સાબિત કરી આપું, એટલે શિક્ષણમાં ધ્યાન આપવાની જરૂર છે. શિક્ષકો ગેરહાજર રહે વહેલા જતા રહે તે નહીં ચલાવવું જોઈએ. તે લોકોને આપણે પગાર આપીએ છીએ તો શા માટે તેઓ સારું શિક્ષણ આપતા નથી? શિક્ષણ માટે જો વધુ બાળકો હોય તો તેને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની મંજૂરી આપવા જેવી છે. અમુક જગ્યાએ પ્રાથમિક અને માધ્યમિક શાળા હોતી નથી. એટલે જો પૂરતી સંખ્યા બાળકોની હોય તો તેને મંજૂરી આપવા જેવી છે. એ મંજૂરી આપવા માટે વિનંતી છે. બીજું અહીંયા એમ કહેવામાં આવે છે કે ગુજરાત શિક્ષણની અંદર ઘણું જ આગળ છે. કન્યાઓ માટે મફત શિક્ષણની વાત કરીએ તો માધવસિંહભાઈ સોલંકીની સરકારે પહેલા ધોરણથી માંડીને ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ મફત કર્યુ હતું. આઈ.એ.એસ. આઈ.પી.એસ. એન્જિનિયર, ડોકટર સુધીનું શિક્ષણ મફત કરેલ હતું આજે તમે કન્યાઓને મફત શિક્ષણ આપો છો ખરા? તમે આ કરતા નથી અને ફક્ત વાત જ કરો છો. (સમય સૂચક ઘંટડી)

પાણી પુરવઠાની અંદર અમુક જગ્યાએ જૂથ પાણી પુરવઠા યોજનાઓ સારી ચાલે છે. જ્યારે અમુક જગ્યાએ ખાલી ટાંકીઓ ઊભી છે, રિપેરીંગ થયા વગરની એમને એમ છે. આ ટાંકીઓ વહેલી તકે રિપેર કરવી જોઈએ. ઘણી જગ્યાએ રિપેર કરો છો પરંતુ અમુક જગ્યાએ થતું નથી. તેથી અધિકારીઓ આ બાબતમાં પૂરતું ધ્યાન આપે. તેઓએ જૂથ પાણી પુરવઠા યોજનાઓ બરાબર ચાલે છે કે કેમ એ જોવું જોઈએ. બરાબર ધ્યાન ન આપવાને લીધે સરકારના પૈસા વ્યર્થ જાય છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે એના અનુસંધાને મારી વાત કરવા માગું છું.

ગુજરાત રાજય જ્યારે દેશના વિકાસનું એન્જિન બની રહ્યું હોય ત્યારે પૂરતી નાણાકીય જોગવાઈ કરવી એ અનિવાર્ય બાબત છે અને તે મંજૂર કરવી એ આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓની ફરજ છે.

ગુજરાત સ્વર્ણિમ વર્ષ ૨૦૧૦ ઉજવી રહ્યું હોય ત્યારે ગુજરાતનો ખેડૂત એનું યોગદાન આપવામાં બિલકુલ પાછળ ન રહે એ માટે સરકારશ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન નીચે કૃષિરથનું ૨૦૦૫થી ગુજરાતમાં આયોજન કરવામાં આવેલું અને આપણે ૨૦૦૫ થી જોઈ રહ્યા છીએ કે આ કૃષિરથ દ્વારા ગ્રામીણ ખેડૂતો, ગ્રામીણ પશુપાલકો અને ગ્રામીણ મજદૂરોને ખૂબ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે ત્યારે કૃષિની અંદર પણ આપણે જોઈએ તો અનેક વિકાસના કામો થયા છે. જેમાં રાજયમાં અંદાજીત ૩૧ લાખ હેકટરમાં જમીન અને જળ સંરક્ષણની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. એવી રીતે સિંચાઈમાં ૭૦૧૦ ગામોના તળાવો ઊંડા કરવામાં આવેલા છે. ૫૦૭૫૦ ખેત તલાવડીઓ આ રાજયમાં બનાવવામાં આવેલી છે. એવી જ રીતે એક લાખ ઉપરાંત ચેકડેમો બનાવવામાં આવ્યા છે. ડ્રીપ ઈરિગેશન માટે આ વરસે ૧૫૦ કરોડ

રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આપણા માટે ગૌરવની બાબત એ છે કે ગુજરાતે ૧૦ ટકા જેવો વિકાસ દર હાંસલ કરેલ છે અને આ રાષ્ટ્રની સરેરાશ આવક છે એના કરતાં ત્રણ ગણો વિકાસ દર ગુજરાતે હાંસલ કરેલ છે. એ જ રીતે કૃષિ આવકની દ્રષ્ટિએ જોઈએ તો ૨૦૦૨માં કૃષિ પેદાશની આવક ૯ હજાર કરોડ રૂપિયા હતી તે વધીને આજે ૪૯ હજાર કરોડ રૂપિયા જેવી થવા જાય છે.

રાજયના ખેડૂતોને તાલીમ, માર્ગદર્શન અને શિક્ષણ મળી રહે તે માટે રાજયમાં ભૌગોલિક વિસ્તારની રીતે જુદી જુદી ચાર કૃષિ યુનિવર્સિટીઓ કરવામાં આવી છે. એ બદલ આ રાજયના કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. રાજયનો ભૌગોલિક વિસ્તાર અલગ અલગ હોવા છતાં એકજ કૃષિ યુનિવર્સિટી કામ કરતી હતી અને એમાં ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવતું હતું ત્યારે જે તે વિસ્તાર વાઈઝ માર્ગદર્શન આપવામાં મુશ્કેલી પેદા થતી હતી. તેથી રાજય સરકાર દ્વારા ચાર યુનિવર્સિટીઓ અલગ કરવાથી વિસ્તાર વાઈઝ યોગ્ય માર્ગદર્શન ખેડૂતો અને પશુપાલકોને આ રાજયની અંદર મળી રહ્યું છે. જુનાગઢ, આણંદ, દાતીવાડા અને નવસારી...

**અધ્યક્ષશ્રી** : માનનીય કનુભાઈ, આજે કૃષિ યુનિવર્સિટીની પૂરક માગણી નથી.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : પૂરક માગણી નંબર-૨ની વાત કરું તો પાક વિસ્તાર સદર હેઠળ ૭૨૭૮૭.૬૪ લાખની જોગવાઈ ચાલુ બાબત તરીકે કરવામાં આવી છે. એ જ રીતે ૨૭૨૦ લાખની જોગવાઈ નવી બાબત તરીકે સૂચવવામાં આવેલ હોય અને તેમજ આયોજન બહાર ૬૪૩૦ લાખની જોગવાઈ સૂચવેલ છે. જેમાં મુખ્ય બાબતો નીચે મુજબ છે. રાજય સરકારશ્રીએ સઘન વિસ્તરણ ઝુંબેશ કૃષિ મહોત્સવ ૨૦૧૦નું આયોજન આ વર્ષે કરેલું છે. આ હેતુ માટે રૂા. ૨૫૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલી છે. નવી બાબતમાં રાજયના ૨૬ ખેડૂત તાલીમ કેન્દ્રોની કચેરીઓમાં હોસ્ટેલ સુવિધા માટે ૨૬૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તેવી જ રીતે નવી બાબત, નવ રચિત તાપી જિલ્લા માટે કૃષિ વિકાસની કામગીરી કરવા માટે નવા મહેકમ ખર્ચ માટે રૂા. ૮૦,૦૦,૦૦૦/-ની જોગવાઈ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં રૂા. ૪,૪૧૬ લાખની અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયના ખેડૂતો માટે કૃષિ સહાય કાર્યક્રમ માટે જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેમાં જમીન સ્વાસ્થ્ય, સંકલિત જીવાત નિયંત્રણ, બિયારણ, વૃદ્ધિ અને વહેંચણી, કૃષિ યાંત્રિકરણ, સિંચાઈની સુવિધાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં ધ્યાનાકર્ષક બાબત તરીકે ગોલ્ડન ગોલ ૨૦૧૦ની વ્યૂહરચના અન્વયે રૂા. ૧૨૫૦ લાખની જમીન સ્વાસ્થ્ય સૂચિપત્રક કાર્યક્રમ માટે પણ જોગવાઈ કરવામાં આવેલ છે. તો આવી રીતે જ્યારે વિકાસલક્ષી બજેટમાં પૂરક માગણી લઈને જ્યારે મંત્રીશ્રી આવ્યા હોય ત્યારે અમારા તમામ સાથી ધારાસભ્યો આને સંપૂર્ણ ટેકો આપે અને માન્ય રાખે અને પૂરક માગણીઓની જે કાપ દરખાસ્ત છે એ મારા સાથી મિત્રો પાછી ખેંચે એવી આ તકે હું આશા રાખું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ (ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વિવિધ પૂરક માગણીઓ લઈને વિધાનસભા ગૃહમાં આવ્યા છે ત્યારે તેમાંની આરોગ્ય અંગેની પૂરક માગણી-૩૯ના અનુસંધાનમાં મારી વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ગુજરાત એ એક વાતમાં પાછળ રહી ગયું હતું. સેલ્ફ ફાયનાન્સ કૉલેજો અને તેમાંય ખાસ કરીને મૅડિકલ, એન્જિનિયરીંગ જેવી સેલ્ફ ફાયનાન્સ કૉલેજો આપણે ત્યાં ન હોવાથી ગુજરાતનું યુવાધન અને સાથે સાથે ગુજરાતનો પૈસો ગુજરાતની બહાર જતો હતો. કારણ કે સીટો ઓછી હોવાને કારણે વિદ્યાર્થીઓની ટકાવારી વધારે હોય તો પણ તેઓને બહાર એડમિશન લેવું પડતું હતું. તો ગુજરાતના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ નક્કી કર્યું કે આપણાં વિદ્યાર્થીઓના પૈસા અને વિદ્યાર્થીઓને કેટલીક વખત બોગસ કૉલેજોમાં એડમિશન મળતું હતું. તેમનું જીવન બગડતું હતું. એ વિદ્યાર્થીઓને ગુજરાતમાં ભણવાનું મળે અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજ થાય, એમાં મૅડિકલ કૉલેજો, ૨૦૧૦-૧૧માં શરૂ કરવા માટે ખાસ કરીને અમદાવાદમાં સોલા ખાતે, વડોદરામાં ગોત્રી ખાતે અને વલસાડમાં આ કૉલેજો શરૂ કરવી હોય તો ઑલ ઈન્ડિયા મૅડિકલ કાઉન્સિલની પરમીશન જરૂરી હોય છે. નવી કૉલેજો શરૂ કરવા માટે જે પ્રમાણપત્રો એસેન્શીયાલીટીના પ્રમાણપત્રો ગુજરાત મૅડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીને ઈસ્યુ કરેલ હતા. રાજય સરકારે નવી કૉલેજો તાજેતરમાં જ રચના કરી હતી અને સ્વનિર્ભર કૉલેજો ઉભી કરવાનું નક્કી કર્યું. આગામી ૨૦૧૦-૧૧માં આ કૉલેજો શરૂ કરવા વર્ષ ૨૦૦૯-૧૦માં મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા નવી દિલ્હીના ટાઈમ શીડયુઅલ મુજબ સપ્ટેમ્બર-૨૦૦૯માં ઈન્સ્ટ્રકશન ફી સહિત અરજી કરવાની હતી અને પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.નો કોર્સ આવશ્યક નીચેની પૂર્વ સવલતો ઈન્સપેકશન અગાઉ આપણે પરિપૂર્ણ કરવાની હતી. મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના ધારા-ધોરણ મુજબ નવી મૅડિકલ કૉલેજ સોલા, ગોત્રી, વલસાડ એનેટોમી, ફિઝિયોલૉજી અને બાયો કેમેસ્ટ્રી વિભાગના બાંધકામ માટે ૧૫૦ વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલના બાંધકામ માટે ફંડની જરૂર હતી. બીજું, ત્રણે મૅડિકલ કૉલેજો માટે ઑપરેશન થિયેટરો, ઓ.પી.ડી. બ્લૉક અને વૉર્ડના બાંધકામ માટે ફંડની જરૂર હતી. ત્રણેય મૅડિકલ કૉલેજનો ઇમરજન્સી સ્ટાફ માટે એમસીઆઈના ધારાધોરણ મુજબ પ્રોફૅસર ક્વાર્ટર, સ્ટાફ ક્વાર્ટર માટે ફંડની જરૂરિયાત હતી. ઉપરોક્ત ફંડ માટે બજૅટ સત્રની રાહ જોવામાં આવે તો ખૂબ મોડું થઈ જતું હતું અને એમસીઆઈને અરજી થઈ શકે તેમ ન હતી. રાજયના વિદ્યાર્થીઓના બહોળા હિતમાં ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ

અંગે બિન મત પાત્ર જોગવાઈ ન હોઈ એની જોગવાઈ કરવા માટેની ગુજરાત મૅડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીને રૂ.૧૫ કરોડનું સહાયક અનુદાન પૂરક માગણી લાવવામાં આવી છે. આ માટે એમસીઆઈના નોટિફિકેશન મુજબ પ્રથમ વર્ષે તબીબી શિક્ષકો અને પૅરા મૅડિકલ વહીવટની કુલ ૫૮૭ નવી જગ્યાઓ ઊભી કરી ભરવાની હતી. એને સંલગ્ન સ્વૈચ્છિક હૉસ્પિટલમાં ૩૦૦ બેડની પથારીઓની જોગવાઈ કરી ઓ.પી.ડી. શરૂ કરવાની હતી. તે માટે માઈનોર, સર્જીકલ સાધનોની ખરીદી માટે ફંડની આવશ્યકતા હતી. એમબીબીએસના પ્રથમ વર્ષના વિષયોમાં એનાટોમી ફિઝીયોલોજી, બાયો કેમેસ્ટ્રી અને પ્રિવેન્ટીવ સોસિયલ મૅડિસિન આ માટે ફંડ નહોતું આ ફંડ ફાળવવામાં આવ્યું છે અને કૅન્સરની હૉસ્પિટલ માટે, કિડની માટે અને હાર્ટ માટે બીપીએલને સારવાર આપવામાં મદદરૂપ થાય એ સંસ્થાઓને વધારે ફંડ મળે અને વધારે ગરીબ માણસોને લાભ મળે એ માટે પૂરક માગણીઓ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એમને હું અભિનંદન આપું છું.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યક્ત કરવા અને સૂચનો કરવા ઉપસ્થિત થયો છું. પૂરક માગણી નં. ૨, ૫, ૯, ૩૯, ૬૭માં માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, જ્યારે કૃષિ બાબતમાં, સામાન્ય રીતે ખેડૂતો એનો પાક પકવતા હોય ત્યારે કાં તો એના ભાવ વેપારીઓ નક્કી કરતા હોય છે અથવા તો સરકાર નક્કી કરતી હોય છે. જ્યારે ઇન્ડસ્ટ્રીઝમાં જે વસ્તુનું ઉત્પાદન થાય છે એની કિંમત એના માલિકો નક્કી કરતા હોય છે. એ પ્રમાણે ખેડૂતોને સામાન્ય રીતે આજના સમયમાં, આજના સંજોગોમાં જે મોંઘવારી છે એ મજૂરીથી લઈને તમામ વસ્તુઓ, ઇલેક્ટ્રિક મોટર પંપીંગથી પાણી લેતો હોય છે એ મોંઘવારીની દ્રષ્ટિએ ખૂબ મોંઘુ પડે છે. દુઃખની વાત એ છે કે, જ્યારે બજારોમાં ખાંડ જેવી વસ્તુના ભાવમાં વધારો થાય તો શહેરોમાં રેલી નીકળે છે. પણ ગામડાનો ખેડૂત છે એને એના ખેત ઉત્પાદનની વસ્તુ છે એના ભાવ વધશે તો ખેડૂતોને એના વધારે ભાવ મળશે. કારણ કે, આ સમય એવો છે કે, સામાન્ય રીતે વર્ષોથી ૫-૨૫ રૂપિયા ખાંડના ભાવ હતા. આજે વધારે છે. અમને ખેડૂતોને એનો આનંદ છે. તો ગામડાના ખેડૂતોને વિશેષ કરીને દક્ષિણ ગુજરાતના વડોદરાથી લઈને વલસાડ સુધીના ખેડૂતોને એનો લાભ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની બાબતમાં એક વસ્તુ નાનકડી છે પણ ખૂબ ગંભીર છે. સામાન્ય રીતે વર્ષો પહેલાં પ્રાથમિક શાળાઓ એકથી પાંચ અને એકથી સાત ધોરણની શાળાઓ હતી. જે તે સમયે એ શાળા શરૂ કરવા ગ્રામ પંચાયતનો સરપંચ હોય અને એણે નવી શાળા બનાવવી હોય તો એને દસ રૂપિયાના સ્ટૅમ્પ ઉપર લખાણ કરીને એક એકર કે વીસ ગુંઠા જમીન શાળાને દાનમાં આપે અને એ શાળા ચાલતી. મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે એ ૧૦ રૂપિયા કે ૨૦ રૂપિયાના સ્ટૅમ્પ ઉપર જમીન લખી આપેલ હોય એ જ એનો પુરાવો હોય છે. જેના કારણે આ જમીન આજે પણ એ શાળાના નામ ઉપર થતી નથી. ગુજરાતની સ્થાપના થયે ૫૦ વર્ષ પૂર્ણ થયા છે અને એ શાળાની જમીનો એ શાળાના નામ ઉપર ન થવાના કારણે મૂળ જમીન માલિકો છે એ જમીન પડાવવા માટેના કાવતરા કરતા હોય છે.

અથવા તો માપણી લાવીને મારી જમીન છે એવી રજૂઆતો કરીને પરત જમીન લેવાની કોશીશ કરતા હોય, એટલે એક સૈદ્ધાંતિક નિર્ણય છે સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને ગામડા વિસ્તારોમાં જે પ્રાથમિક શાળાઓ છે, જે હું એમ માનું છું કે ૧૯૬૦ થી ૧૯૭૦-૭૫ પહેલાના દાયકાની જે જમીન છે એ શાળાના નામ ઉપર છે પરંતુ એના પછીની જે પ્રાથમિક શાળાઓ જે બનાવવામાં આવેલી છે એ શાળાઓની જમીન એના નામ પર થયેલ નથી. એ સમગ્ર રાજયનો મુદ્દો છે એટલે એક નોંધ કરીને એ શાળાઓના નામ પર જમીન થાય એવી મારી વિનંતી છે. સરકાર અને ખાસ કરીને આરોગ્ય વિભાગની અંદર, એમાં છેલ્લા લગભગ હું એમ માનું છું કે ગામડાઓની અંદર પ્રાથમિક આરોગ્ય કેંદ્ર અને સામૂહિક આરોગ્ય કેંદ્ર, પી.એચ.સી. અને સી.એચ.સી.ની અંદર ફાર્મસીની જગ્યા વર્ષોથી ખાલી હતી. છેલ્લા લગભગ ચારેક મહીનાથી જગ્યા ભરવામાં આવી છે એટલે એ સારી બાબત છે કારણ કે નર્સો જે તે દવાખાનાઓમાં એટલે કે પી.એચ.સી. અને સી.એચ.સી.માં દવા અપાતી હતી પણ અત્યારે ફાર્મસીની જગ્યા ભરવામાં આવી છે. પરંતુ મારી એ પણ વિનંતી કે જે તે વિસ્તારમાં અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં આર્યુર્વેદિક ડૉકટરો જે ભરવામાં આવે છે, જે તે પી.એચ.સી. પર આર્યુર્વેદિક નહીં પણ એલોપેથિક ડૉકટરોની ભરતી કરવામાં આવે અને સી.એચ.સી. સૅન્ટરની અંદર જે ટૅક્નીકલ વર્ગની ભરતી કરવાની બાકી છે એ જે તે સમયે કારણ કે ગામડા વિસ્તાર જે અંતરિયાળ વિસ્તાર છે એની નજીકમાં ૫૦-૧૦૦ કિલોમીટર દૂર સીટી સિવાય કોઈ ડૉકટર મળતા નથી અને પી.એચ.સી. અને સી.એચ.સી. સિવાય અન્ય વિકલ્પ રહેતો નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ મારા બે-ચાર સૂચનો છે એ ધ્યાનમાં લે એવી મારી વિનંતી છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારો સૂર પુરાવં છું. આજે સૌપ્રથમ ૮મી માર્ચ, મહિલા દિન છે ત્યારે ગૃહમાં ઉપસ્થિત સહુ મહિલાઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ સરકાર જ્યારે મહિલાની ચિંતા કરે છે ત્યારે પાણી જેવી જે વસ્તુ છે, પાણી ઘરનું પૂરું પાડવાની જવાબદારી સામાન્ય રીતે બહેનોની હોય છે અને બહેનોને જ્યાં તકલીફ પડતી હોય એ વિષયમાં પણ આ સરકાર જરાપણ પીછેહઠ રાખતી નથી અને એટલે ભાવનગર શહેરમાં જે પાણીની જરૂરિયાત છે ત્યાં અત્યારે શેત્રુંજી ડૅમ દ્વારા આશરે ૪૦ એમ.એલ. જેટલું દરરોજ

પાણી આપવામાં આવે છે પરંતુ એની જે રેઈજીગમેન સેકશન છે એ જૂનું પૂરાણું હોવાથી ઘણી વખત એમાં વિક્ષેપ પડે છે અને વિક્ષેપ પડવાને કારણે પાણીનો જે પુરવઠો છે એ પૂરતો આપી શકાતો નથી. અપર્યાપ્ત માત્રામાં પાણી પહોંચવાને કારણે અનેક પ્રશ્નો ઉભા થાય છે. એને કારણે નર્મદા આધારીત પાણી જે અત્યારે ૨૦એમ.એલ. કરાર આધારિત પાણી આપવાનું છે એની સામે સરકાર અત્યારે ૪૦ એમ.એલ. પાણી દરરોજ એનો પૂરવઠો પૂરો પાડે છે અને આ પૂરવઠો પૂરો પાડવા માટે સરકારે ગયા બજૅટમાં પણ ૨૦ કરોડની જોગવાઈ મૂકેલ હતી, આ બજૅટમાં પણ ૨૫ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે અને આમ આ જે કામ છે એમાં ૪૫ કરોડના ખર્ચે એમ.એસ. પાઈપલાઈન નાખી અને નર્મદા આધારિત પાણી પુરવઠો, ભાવનગર શહેરને પૂરો પાડી ભાવનગર શહેરનો પાણીનો પ્રશ્ન છે એ હલ કરવા માટે મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આ જે દરખાસ્ત લઈને આવેલા છે એ દરખાસ્તમાં હું મારો સૂર પૂરાવું છું. એમાં કયારેય કાપ હોઈ શકે નહીં. માનનીય મુરબ્બી અર્જુનભાઈએ કહ્યું કે માનવીનું જીવન એ મહામૂલું છે અને માનવીનું જીવન સુરક્ષિત રહે એ પ્રયત્ન હોવો જોઈએ. માનવીનું જીવન એ પાણીને આધારિત છે. પીવાનું શુદ્ધ પર્યાપ્ત પાણી ના મળે તો માનવીનું જીવન સ્વસ્થ રહેવું એ ખૂબ જ મુશ્કેલ છે એટલે ગુજરાત સરકારે આ જે આયોજન કર્યુ છે એમાં હું મારો સૂર પુરાવું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને હું ખૂબખૂબ અભિનંદન પાઠવું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ઉચ્ચ શિક્ષણ મેળવવા ઝંખતા વિદ્યાર્થીઓની વધતી જતી આકાંક્ષાઓને માટે પ્રયત્નશીલ અને સંવેદનશીલ છે ત્યારે મધ્યમવર્ગના બાળકો પણ ડૉકટર બની શકે, તેનું સ્વપ્ન પૂરું કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને મક્કમ નિર્ણયશક્તિના કારણે વર્ષ ૨૦૦૯-૧૦માં મૅડિકલ ક્ષેત્રમાં ૫૦૦ બેઠકોનો વધારો થયો જે સ્વતંત્ર ભારતમાં પહેલો બનાવ છે તેમ કહું તો ખોટું નથી. રાજ્ય માટે આ બહુ મોટા ગૌરવની બાબત છે. આ વિક્રમ ગુજરાત રાજ્યે સ્થાપ્યો છે અને આજે એ વિક્રમને તોડવાનું સાહસ પણ રાજ્ય સરકાર કરશે. કારણ કે આગામી વર્ષ ૨૦૧૦-૧૧માં પાંચ નવી મૅડિકલ કૉલેજો આપણે શરૂ કરી રહ્યા છીએ. રાજ્યમાં શિક્ષણ અને આરોગ્યની બાબતમાં કોઈ સમાધાન નહીં તેવું માનનીય મુખ્યમંત્રીશ્રી માને છે ત્યારે મક્કમ નિર્ધાર સાથે એમણે આ મૅડિકલ કૉલેજો શરૂ કરવા માટે અને તેના માટેના ઈન્ફાસ્ટ્રકચર માટે અને મૅડિકલ સંલગ્ન અન્ય સુવિધાઓ પૂરી પાડવા માટેના ખર્ચનું આયોજન આ પૂરક માગણીમાં બતાવાયું છે. રાજ્યના વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સાયન્સમાં આવતા જ મધ્યમવર્ગના વાલીઓ માટે સતત ચિંતાનો વિષય બની રહેતો હતો અને એની હું સાક્ષી છું. કારણ કે ૧૨મા ધોરણના સાયન્સના વિદ્યાર્થીઓ મારી પાસે છે. ૯૩.૬ માર્કસ લાવનારને મૅડિકલમાં એડમિશન મળે અને ૯૩ ટકાવાળો વિદ્યાર્થી જ્યારે પાછળ રહી જાય ત્યારે આખા પરિવારને મેં તૂટતા જોયા છે. ત્યારે આ જે નિર્ણય લેવાયો છે અને સ્થિતિ બદલાઈ છે ત્યારે મારે કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મધ્યમવર્ગના વિદ્યાર્થીને પણ ડૉકટર બનવાનું સ્વપ્ન બતાવ્યું છે અને સાચા અર્થમાં કહું તો કચડાઈ જતાં, મૂરઝાઈ જતાં આ બાળકોને બચાવવાનો ભગીરથ પ્રયત્ન જે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય વિભાગે કર્યો છે ત્યારે તેમને હું અભિનંદન આપું છું. જ્યારે આપણી પાસે મૅડિકલ કૉલેજની પૂર્તતા ન હતી ત્યારે ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ રાજ્યની બહાર અથવા તો દેશ-વિદેશની અંદર મૅડિકલ કૉલેજનું શિક્ષણ મેળવવા માટે જતા હતા. લગભગ સાડા બાર કરોડ જેટલી રકમ આપણે ત્યાંથી ખર્ચાતી હતી. પરંતુ આજે જ્યારે આટલી મોટી સુવિધા આપણે ઊભી કરવા જઈ રહ્યા છીએ ત્યારે મારે ગૌરવ સાથે કહેવું પડશે કે અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ, બહારના વિદેશના વિદ્યાર્થીઓ આપણે ત્યાં મૅડિકલ કૉલેજમાં ભણવા આવશે. સાથોસાથ આ પૂરક માગણીની અંદર કિડની જેવા અસાધ્ય રોગની સેવા રાજ્ય સરકાર મફત આપી રહી છે ત્યારે બી.પી.એલ. લાભાર્થીઓને અમે ધારાસભ્ય બન્યા પછી અમારા એક કાગળ ઉપર આ મફત સેવા મેળવનારા દર્દીઓને એટલા માટે ખુશી થાય છે કે એ માટે જે ખર્ચ ફાળવવામાં આવ્યો છે એ પણ આ પૂરક માગણીઓમાં બતાવવામાં આવ્યો છે. વધારે દર્દીઓને સેવા આપી શકીએ એ માટે રૂપિયા બે કરોડની પૂરક માગણી આ ખર્ચમાં સૂચવાઈ છે. આરોગ્ય વિભાગે જે પ્રમાણે માનવ સૂચકાંકને આગળ લાવવા માટે, તબીબી સેવાઓને સસ્તી બનાવવા માટે જે આ ભગીરથ પ્રયત્ન કર્યો અને આ પૂરક માગણીઓ સાથે રજૂ કર્યું છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સને ૨૦૦૯-૧૦ના વર્ષના જોગવાઈ કરેલ શિક્ષણ ખાતાના બજૅટમાં રૂપિયા ૧૮૩૦ કરોડ ૭ લાખ ૮ હજારની મહેસૂલ માટેની તથા રૂપિયા ૪૨ કરોડ ૮૮ લાખની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક: ૯ લઈને આવ્યા છે તેના સમર્થન માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની પૂરક માગણી ક્રમાંક:૯ ના ૧૩ પેટા સદરોમાં મહેસૂલ માટે નીચે જણાવ્યા મુજબની વિભાગ મારફત પૂરક માગણીઓ કરવામાં આવી છે. પેટા સદર ૨૦૭૧-૦૧-૧૦૧-૦૧માં રૂપિયા ૧૫૭ કરોડ, ૨૦૭૧-૦૧-૧૦૫-૦૧માં ૭૫ કરોડ, ૨૨૦૨-૦૧-૧૦૬-૦૬માં ૧૨૯૧ કરોડ ૬૦ લાખ ૭૨ હજાર, ૨૨૦૨-૦૨-૧૧૦-૦૫માં ૨૭૮ કરોડ ૨૭ લાખ ૭૪ હજાર, ૨૨૦૨-૦૨-૧૧૦-૦૭માં ૭ કરોડ ૫૫ લાખ ૫૦ હજાર, ૨૨૦૩-૧૦૩-૦૧માં ૨ કરોડ ૮૪ લાખ ૭૨ હજાર, ૨૨૦૩-૧૦૫-૦૧માં ૧૧ કરોડ ૮૪ લાખ ૩૦

હજાર, ૨૨૦૩-૧૧૨-૦૧માં ૪ કરોડ ૯૪ લાખ ૦૫ હજાર, ૨૨૦૨-૦૨-૧૧૦-૦૧માં ૧૦૦૦, ૨૨૦૨-૦૫-૧૦૩-૦૧માં ૧૦૦૦,૨૨૦૨-૦૪-૨૦૦-૦૪માં ૧૦૦૦, ૨૨૦૨-૦૪-૨૦૦-૦૫માં ૧૦૦૦ અને ૨૨૦૩-૧૧૨-૦૧માં રૂપિયા ૧૦૦૦.માનનીય મંત્રી શ્રી આમ કરીને કુલે ૨૩૨ કરોડની પૂરક માગણી લઈને નાણામંત્રીશ્રી આવ્યા છે. પહેલા પ્રથમ બે સદર જોઈએ તો તેમાં ૨૩૨ કરોડની જે આવકની જોગવાઈ કરી છે તેમાં પ્રાથમિક શિક્ષકના મૃત્યને બાદ, પ્રાથમિક શિક્ષકોને વય નિવૃત્તિ, પેન્શન, ગ્રેચ્યુઈટી તથા પંચાયતના પ્રાથમિક શિક્ષકોના મૃત્યુ બાદ તેમના કુટુંબને પેન્શન આ સદરે ચૂકવાય છે. પગાર ધોરણમાં વધારો થવાથી અને કુટુંબ પેન્શનમાં વધારો તથા મોંધવારી ભથ્થામાં વધારો થવાથી ૩૬૦ કરોડની મૂળ જોગવાઈ સામે ૨૩૨ કરોડની જરૂરિયાત ઊભી થઈ છે અને તેથી આ પૂરક માગણી લઈને આવ્યા છે તેવી જ રીતે ૨૨૦૨-૦૧-૧૦૬-૦૬માં ૧૨,૯૧,૬૦,૭૨,૦૦૦, ૨૨૦૨-૦૨-૧૧૦-૦૫ માં ૨,૭૯,૨૭,૭૪,૦૦૦ અને ૨૨૦૨-૦૨-૧૧૦-૦૭ માં ૭,૫૫,૫૦,૦૦૦ એમ કરીને કુલ ૧૫,૭૮,૪૩,૯૬,૦૦૦ ની પૂરક માગણી લઈને આવ્યા છે. આ પૂરક માગણી ૪૭૧૪ કરોડ ૩૮ લાખ ૭૦ હજારની બજેટની જોગવાઈ સામે ૩૩.૪૭ ટકા પ્રમાણે ૧૫૭૮ કરોડ ૪૩ લાખ ૯૬ હજાર રકમની વધારાની પૂરક માગણી લઈને આવ્યા છે અને આ પણ પગારપંચના લાભ આપવાથી વખતો વખત મોંઘવારીના કારણે અને ભાડા-ભથ્થાના વધારાના કારણે આવી છે. તેવીજ રીતે ૨૨૦૩-૧૦૩-૦૧ માં ૨,૮૪,૭૨,૦૦૦ તકનીકી હાઈસ્કૂલો, ૨૨૦૩-૧૦૫-૦૧ માં ૧૧,૮૪,૩૦,૦૦૦ અને ૨૨૦૩-૧૧૨-૦૧ માં ૪,૪૯,૦૫,૦૦૦ એમ કરી કુલ્લે ૧૯,૬૩,૦૭,૦૦૦ પૂરક માગણી આ કોલેજો વધારી શૈક્ષણિક જગ્યાઓ મંજૂર કરવા માટે અને આ જગ્યાઓના તકનીકી અભ્યાસક્રમ કરતા વિદ્યાર્થીઓના ભવિષ્યમાં અસરના થાય તે માટે તાત્કાલિક એડહોક ધોરણે ભરાતા પગારખર્ચમાં વધારો થવાથી પૂરક માગણી મૂકવાની જરૂરિયાત ઊભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે ૨૨૦૨-૦૨-૧૧૦-૦૧ માં ૧૦૦૦ અને ૨૨૦૨-૦૫-૧૦૩-૦૧ માં ૧૦૦૦ની બિનસરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ અને સંસ્કૃત પાઠશાળાઓનો વિકાસ કરવાનો હોય છે. સને ૨૦૦૯-૧૦ ઈડીએન-૧૮ હેઠળ ૨૫ બિનઅનુદાનપાત્ર શાળાઓને અનુદાનપાત્ર શાળામાં રૂપાંતર કરવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. પરંતુ વર્ષ દરમ્યાન સરકારે આ નિર્ણયમાં પુનઃવિચારણાને અંતે તથા માધ્યમિક શિક્ષણની જરૂરિયાતને ધ્યાને લઈને ૨૫ના બદલે ૨૫૦ માધ્યમિક શાળાઓને અનુદાનપાત્રમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધેલ છે તે પૈકી ૧૭૭ શાળાઓ બિનઆદિજાતિ વિસ્તારમાં તથા બાકીની ૭૩ શાળાઓ આદિજાતિ વિસ્તારમાં ગ્રાન્ટેડ કરવાનું નક્કી કર્યુ છે. આ માટેનું જરૂરી ફંડ વિભાગની આજ પૂરક માગણી હેઠળના સદરની બચતમાંથી મળી શકે તેમ હોવાથી આ સદરે ટોકન પૂરક માગણી રૂા.૧૦૦૦ની મૂડી ઊભી કરવામાં આવી છે. એ જ રીતે ઈડીએન-૯૪ હેઠળ બિનસરકારી સંસ્કૃત્ત પાઠશાળાઓ જે બિનઅનુદાનપાત્ર છે તે પૈકી કુલ ૧૧ સંસ્કૃત પાઠશાળાને અનુદાનપાત્ર સંસ્કૃત પાઠશાળામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય કર્યો છે. આ સંસ્કૃત્ત ભાષાને પ્રોત્સાહન આપવાનો એક માત્ર પ્રયાસ છે. આ હેતુ માટેની રકમ પૂરક માગણી હેઠળની બચતમાંથી મળી શકે તેમ હોય ફક્ત ૧૦૦૦ની પૂરક માગણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૨૦૨-૦૪-૨૦૦-૦૪ માં ૧૦૦૦, ૨૨૦૨-૦૪-૨૦૦-૦૫ માં ૧૦૦૦ની પૂરક માગણી કરી છે. ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલય તરફથી જે જિલ્લામાં સ્ત્રી સાક્ષરતા દર ૫૦ ટકા કરતા ઓછો હોય તે જિલ્લામાં સાક્ષરતાના દરને વધારવા તથા આવા જિલ્લામાં પ્રૌઢોને શિક્ષિત કરવા તથા યોજનાના પ્રસાર માટે ૭૫ ટકા રકમ ભારત સરકારમાંથી મળેલ છે, ૨૫ ટકા રાજ્ય સરકાર દ્વારા જોગવાઈ કરવામાં આવી છે. આ માટે રાજ્યના ૫૦ ટકાથી ઓછી સાક્ષરતા હોય તેવા કુલ ૧૩ જિલ્લાઓમાં ૨૫ ટકા લેખે ૮ કરોડ રકમની જોગવાઈ છે. પરંતુ પ્રૌઢ શિક્ષણ હેઠળ જે અક્ષર સંસ્કાર પ્રકલ્પ યોજનાની બચતમાંથી આ રકમ મળી શકે તેમ હોવાથી, કેન્દ્ર સરકારની પુરસ્કૃત યોજના હોવાથી ૧૦૦૦ની પૂરક માગણી લઈને આવ્યા છે અને આનો અમલ આંતરિક બચતમાંથી કરવામાં આવશે. તેવીજ રીતે સ્ત્રી સાક્ષરતાનો દર ૫૦ ટકાથી ઓછો હોય અને તેમાં ૧૦૦ ટકા સાક્ષરતા અભિયાનના કારણે અક્ષર સંસ્કાર પ્રકલ્પ યોજનાની આંતરિક બચતમાંથી કરવામાં આવશે. તેવીજ રીતે ટીઈડી-૫ સરકારી ઈજનેરી કોલેજોમાં પણ ગોધરા અને પાલનપુર ઈજનેરી કોલેજમાં પ્રિન્સિપાલની જગ્યા ખાલી છે એ જગ્યા પૂરવી અગત્યની હોય અને આયોજન સદરને બચતમાંથી આ યોજનાનો મૂડીખર્ચ ટોકન પૂરતો લેવાનું નક્કી કર્યુ છે અને એટલા માટે હેડ ઊભું કરવામાં આવ્યું છે ૧૦૦૦નું. ઈડીએન-૨ વર્ગખંડોનું બાંધકામમાં ૪૨,૮૮,૦૦,૦૦૦ પૂરક માગણી કરવામાં આવી છે તે પ્રાથમિકશાળાના ઓરડાના કારણે અંતરિયાળ ગામમાં માધ્યમિક શિક્ષણની ઘટના કારણે પ્રાથમિક શિક્ષકો ઉપલબ્ધ નથી તેવા સ્થળોએ સરકારે હાલ ઉપલબ્ધ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ને પ્રાથમિક શાળામાં જોડવાનો નિર્ણય લેવાનો હોવાથી વધારાના પ્રાથમિક શાળાના ઓરડા બાંધવાની જરૂર છે. ૨૦૦૯-૧૦ માં ૭૫,૧૮,૭૫,૦૦૦ની બજેટમાં જોગવાઈ કરવાથી વધારાના પ્રાથમિક શાળાના ઓરડાની જરૂરિયાત હોવાથી પૂરક માગણી કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામ બાદ ૩-૧૫ કલાકે ફરીથી મળશે.

**વિરામ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર..ઓર્ડર... શ્રી રાજસીભાઈ જોટવા.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી નં.૯ જે લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એમાં ખાસ કરીને વય નિવૃત્ત શિક્ષકો, પેન્શનરો અને તેમના કુટુંબીજનોને ચુકવાતા પેન્શનને લીધે જે છઠ્ઠા પગારપંચના અમલને લીધે જે બોજ પડે છે એ પૂરક માગણીને લઈને આવ્યા છે ત્યારે વધારાનો ખર્ચ કરવાનો થતો હોય ત્યારે શિક્ષણમાં હું એટલા માટે થોડી વાત કરીશ કે ૧૯૯૮થી ૨૦૦૯-૧૦ સુધીમાં જે શિક્ષણમાં કામ થઈ રહયું છે. સુવિધા ઉભી થઈ છે અને છેલ્લે છેલ્લે પણ જે ધોરણ-૮ને પ્રાથમિક શાળામાં સમાવવાનો પ્રયત્ન થયો છે અને ગૃહમાં શિક્ષણ મંત્રીશ્રીએ જે જાહેરાત કરી છે. એને લીધે...

**અધ્યક્ષશ્રી** : રાજસીભાઈ, પૂરક માગણીની મર્યાદામાં રહેજો. શિક્ષણની જાહેર ચર્ચામાં ન જાવ.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ઓરડાની આપણે જરૂર પડવાની છે. શિક્ષણમાં લગભગ ખ્યાલ છે ત્યાં સુધી ધોરણ-૮ને પ્રાથમિક શાળામાં સમાવવામાં આવે તો તેમના મોટાભાગે લગભગ સિત્તેરહજારની આસપાસના ઓરડાની જરૂર પડવાની છે ત્યારે આ પૂરક માગણી યોગ્ય રહેવાની છે. ખાસ એથી વિશેષ અત્યાર સુધીમાં શિક્ષકોનું સેટ અપ ગુજરાતમાં ૧૮૨૦૦૦નું અત્યારે છે એમાં પણ વારંવાર કહેવામાં આવે છે લગભગ ૮૫૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી. ૮૫૦૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે તો જગ્યા ભૂતકાળમાં કેટલી ખાલી હશે એ આપણે નકકી કરવાનું છે. હાલમાં તપાસ કરીએ તો જયાં સુધી હું જાણું છું ત્યાં સુધી ૩૧ તારીખે ખાલી જગ્યાઓનો સવાલ છે એ સમગ્ર ગુજરાતમાં ફકત ૬૦૦૦ વિદ્યા સહાયકોની અત્યારે ઘટ છે. અને એ પણ આ પૂરક માગણી લઈને આવ્યા છે ત્યારે આ વર્ષમાં એ પરિપૂર્ણ કરવાની છે. પ્રાથમિક શાળાની સુવિધામાં લગભગ ગામની અંદર આપણે જઈએ છીએ અમે ગ્રામ્ય વિસ્તારમાંથી આવીએ છીએ ત્યારે ગામડાંમાં જયારે પણ જઈએ તો ભૂતકાળમાં પ્રાથમિક શાળાની સ્થિતિ શું હતી? આજની સ્થિતિ શું છે? એ કોઈ અજાણ્યો માણસ ગામમાં પ્રવેશ કરે અને રસ્તા ઉપર જતો હોય તો એમને નિશાળ શોધવા માટે કોઈને પૂછવું પડતું નથી. સીધી ગાડી પ્રાથમિક શાળા આગળ જઈને ઉભો રહે છે. પ્રાથમિક શાળાનું મકાન એટલી બધી સુવિધાવાળા અને સારા બની રહયા છે કે એના હિસાબે વિદ્યાર્થીઓ અને બાળકોને પડતી મુશ્કેલી હવે સંપૂર્ણપણે ખતમ થઈ રહી છે. ગામની અંદર જયારે પોતાના બાળકોની વાલીઓને ચિંતા થતી હતી કે મારા બાળકને પણ સારું શિક્ષણ મળે, સારી સુવિધા મળે એના માટે ભૂતકાળની સરકારની વાતમાં નથી પડવાનો પણ હાલમાં આ સરકાર કે જેણે વિદ્યા સહાયકોની ભરતી કરી છે એમાં પણ મોટાભાગના વિજ્ઞાન પ્રવાહવાળા શિક્ષકોને પ્રવેશ આપ્યો છે કે જેનાથી વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો મારફત શિક્ષણ મળી રહે છે ત્યારે પ્રાથમિક શાળાની સુવિધામાં ખરેખર અત્યંત સુધારો થયો છે.ત્યારે મધ્યાહન ભોજનની વાત કરીએ તો સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ૨૦૦ દિવસ ચલાવવાનું હોય છે, પરંતુ પ્રવર્તમાન સરકારે ૨૧૭ દિવસ સુધી આ મધ્યાહન ભોજન ચલાવી ખર્ચ પાડ્યો છે, ત્યારે સમગ્ર ગુજરાતની અંદર સમગ્ર બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે છે, તેનો આ સરકારે પ્રયત્ન કર્યો છે. સાથે સાથે સ્કૂલની અંદર અન્ય સુવિધાઓ જેવી કે કૉમ્પ્યૂટર, લેબ..

**અધ્યક્ષશ્રી** : આ બધુ પૂરક માગણીમાં નથી આવતું. આપનું વ્યક્તવ્ય પૂરું થાય છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણી ૩૯ ઉપર આરોગ્ય વિભાગની પૂરક માગણી ઉપર બોલવા ઊભો થયો છું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈને લાખ લાખ અભિનંદન આપું છું. અભિનંદન એ માટે આપું છું કે આ વખતના બજેટમાં ૫૮ ટકાની જોગવાઈ આરોગ્ય માટે છેલ્લાં ૧૦ વર્ષમાં થઈ ન હોય તેવી આ રાજય સરકારે રૅકૉર્ડ ધવારે તેવી જોગવાઈ કરી છે. આ રાજ્ય સરકારની જે ભાવના છે. લોકોનું આરોગ્ય સારું રહે, તંદુરસ્તી સારી રહે તે માટે અદ્યતનમાં અદ્યતન હૉસ્પિટલ તરફ આ રાજ્ય સરકાર જઈ રહી છે. મારે મારા મિત્ર કૉંગ્રેસના અર્જુનભાઈ નથી, બ્રિજરાજસિંહ છે, તો થોડું ક સાંભળો. આ રાજ્ય સરકારના ૫ નિયમો બનાવેલા છે. સત્ય એ સરકારનો આત્મા છે. ધર્મ એ સરકારનો આચાર છે. શાંતિ એ સરકારનો સ્વભાવ છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી મહેન્દ્રસિંહજી આ પૂરક માગણી નં.૩૯ માં કશું આવતું નથી.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : હું પૂરક માગણી ઉપર આવું છું. થોડોક વિષય છે.

**અધ્યક્ષશ્રી** : જનરલ ચર્ચા પરમ દિવસે શરૂ થાય ત્યારે બોલજો.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : બીજી વાત મારે એ કહેવી છે કે અર્જુનભાઈ કહેતા હતા કે રોગી કલ્યાણ સમિતિમાં આવું આવું થઈ રહ્યું છે. મારે એમના ધ્યાન ઉપર મૂકવું છું કે રોગી કલ્યાણ સમિતિમાં ધારાસભ્ય એના મેમ્બર છે. ધારાસભ્ય, ડૉક્ટર અને એની ટીમ, નગરપાલિકાના પ્રમુખ એનું આયોજન કરતા હોય છે. અગાઉના સમયમાં હૉસ્પિટલ ખંડેર જેવી હતી. હૉસ્પિટલની અંદર એક નળની ચકલી લાવવી હોય તો પણ નહોતી લાવી શકાતી. રોગી કલ્યાણ સમિતિમાં કલર કામ, લાદી કામ થઈ રહ્યા છે. અલગ અલગ સુવિધાઓ ઉત્પન્ન થાય છે. અર્જુનભાઈને ખ્યાલ હશે. રોગી કલ્યાણ સમિતિ રાજ્ય સરકારે સરસ મજાની સુવ્યવસ્થા કરેલ છે. મારે બાળ આરોગ્ય પરિયોજના, એમાં ચિરંજીવી યોજના આવેલ છે, તેમાં મારે કહેવું છે કે ૧૮ કરોડ ૬૦ લાખની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મૃત્યુ મરણ, શિશુ મરણનો દર ઘટે અને એના થકી માનવીનો વિકાસ સૂચકાંક વધે તે માટે નવજાત શિશું અને માતા બંનેની સલામતી રહે તે માટે ચિરંજીવી, બાળ ચિરંજીવી યોજના આ રાજ્ય સરકાર લાવી છે. અમે સમિતિના પ્રવાસે હિમાચલપ્રદેશમાં ગયા હતા. ત્યારે હિમાચલપ્રદેશના સ્વાસ્થ્ય મંત્રીશ્રીએ અમારી સાથે લગભગ આ ચિરંજીવી યોજના બાબતમાં ૨૦ મિનિટ ચર્ચા કરી હતી, ત્યારે મારી સાથે કોંગ્રેસનના ધારાસભ્યશ્રી ડો. અનીલભાઈ જોષિયારા સાથે હતા, ત્યારે તેના આરોગ્ય મંત્રીશ્રીએ ચિરંજીવી યોજનાની એટલી બધી પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ગુજરાત આ દેશમાં નંબર-૧ છે કે જે આ યોજનાનું સરસ રીતે સંચાલન કરીને આયોજન કરી રહી છે. ચિરંજીવી યોજનાના કારણે રાજકીય, સંસ્થાકીય પ્રવૃત્તિ ૨૦૦૫-૦૬ માં ૬૩.૨૪ ટકા હતી, તે વધીને હાલમાં ૮૮.૩ ટકા થવા જાય છે. ચિરંજીવી યોજનાના લાભના કારણે આપણે ૨૦૧૦૪ બાળકોને જીવાડી શક્યા છીએ. આ યોજનાના અમલીકરણથી પ્રભાવિત થઈ ધી વૉલ સ્ટ્રીટ જર્નલ એશિયા તેમજ ગ્લોબલ એન્ટરપોલિક એટ સીંગાપુરના સંસ્થાના સંયુકત ઉપક્રમે એશિયન ઈનોવેશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ગરીબી રેખા હેઠળ કુટુંબોને ૪,૩૫,૦૦૦ જેવી પ્રસૂતિઓ ચિરંજીવી યોજના અંતર્ગત લાભ લેવામાં આવેલ છે. યુ.એન.એફ.પી.એ. દ્વારા આ રાજ્ય સરકારને પ્રશંસાપત્ર મળેલ છે. બાળકોને સમયસર બાળ રોગના નિષ્ણાંતની સારવાર મળી રહે, (સમય સૂચક
ઘંટડી) ઉપરાંત બાળકોને બચાવી શકાય તેમ જણાય ત્યારે રાજ્ય સરકારે ૨૦૦૯માં બાળસખા યોજના પણ શરૂ કરેલ છે. આ બાળસખા યોજનાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માતાની કૂખે જન્મતા બાળકોને ખાનગી બાળકોના નિષ્ણાંતો દ્વારા સેવા મળી રહે તેવા આયોજન કરવામાં આવેલ છે. હું મારી વાતને આમાં સમર્થન આપું છું.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં કૃષિ અને સહકાર, શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર પ્રભાગની જે પૂરક માગણીઓ છે તે બાબતે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની અંદર નવી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે પણ સરકાર જઈ રહી છે. પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક તે પ્રકારે ચાર વિભાગમાં શિક્ષણ પ્રથા થવાની છે ત્યારે પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત થાય તે માટે થોડાક સૂચનો કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે વ્યવસ્થા છે તેમાં સંખ્યા આધારિત શિક્ષક આપવાની છે તેની જગ્યાએ વર્ગ આધારિત શિક્ષક કરવામાં આવે તો શિક્ષણની ગુણવત્તા સુધરે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓમાં બાળકોનું પ્રમાણ ઓછું હોય ત્યારે પ્રાથમિક શિક્ષકો મળતા નથી અને તેના કારણે શિક્ષણ ઉપર પ્રતિકૂળ અસરો થાય છે. પહેલાં જે પ્રમાણે હતું તે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે તો શિક્ષણ ઉપર પડતી વિપરીત અસરો ટાળી શકાય તેમ છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વખત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકની અંદર વર્ગ મંજૂર કરવામાં ઘણો સમય જાય છે. ત્યારે એક વર્ગની અંદર જે સંખ્યા નક્કી કરી હોય તેના કરતાં વધારે બાળકો એક વર્ગમાં બેસાડવા પડતા હોય છે. તેને સમયસર વર્ગ નહીં મળવાના કારણે અને સમયસર શિક્ષક નહીં મળવાના કારણે બે વર્ગના બાળકોને એક વર્ગમાં બેસાડી શિક્ષણ આપવાના જે પ્રયત્નો જે તે સંસ્થા કરતી હોય છે તેના કારણે શિક્ષણ ઉપર માઠી અસર થાય છે. જે વર્ગ મંજૂર થાય તેની સાથે શિક્ષક મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. મારું બીજું સૂચન છે કે ગ્રાન્ટ આપવાના નિયમો જે શિક્ષણ વિભાગમાં છે તે વર્ષો જૂના પુરાણા છે. આટલા વર્ષો પછી પણ જે ગ્રાન્ટ મળે છે જૂના નિયમોને આધારે મળે છે. તેના કારણે જે તે સંસ્થાને શિક્ષણના કાર્યમાં ઘણી મુશ્કેલીઓ પડે છે. ગ્રાન્ટની જૂની નીતિમાં સુધારો કરી તેને નવી નીતિમાં સુધારવાની આવશ્યકતા છે. બીજું કે કૉલેજ કક્ષાએ ઘણા વર્ષો સુધી શિક્ષકો મળતા નથી. શહેરી વિસ્તારોમાં મળે છે પણ ગ્રામ્ય વિસ્તારોમાં તે મળતા નથી. કેટલાક શિક્ષકો જ્યારે ફાજલ પડે છે તે પણ ગ્રામ્ય વિસ્તારમાં આવવા તૈયાર નથી, તે ન આવે અને ફાળવણી પણ કરવામાં આવતી નથી. આમાં સાહેબ વિષયવાર શિક્ષકો હોય છે. એક શિક્ષકનું કામ બીજા વિષયનો શિક્ષક ન કરી શકે. આવા સંજોગોમાં પણ ફેરફાર કરવો જોઈએ. પ્રાધ્યાપક અને અધ્યાપક મળી રહે તે માટે પ્રબંધ કરવો જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની પણ પૂરક માગણી છે. તેમાં અત્યારે આપણે નવી મૅડિકલ કૉલેજો કરીએ છીએ અને મૅડિકલ કૉલેજોમાં સીટોનો વધારો આ બધું થવા છતાં ઘણા બધા દવાખાના એવા છે કે જ્યાં ડૉકટરો

નથી. આરોગ્યના વિષયની આપણે એટલી ચિંતા કરીએ છીએ તેનો એક દાખલો આપું તો મારે ત્યાં લુણાવાડામાં કલાસ-૧ની હૉસ્પિટલ છે અને તે હૉસ્પિટલની અંદર છ ડૉકટરોની આવશ્યકતા નક્કી કરેલી છે. તેની જગ્યાએ ઘણા વર્ષોથી એક ડૉકટરથી આ હૉસ્પિટલ ચાલે છે. અને પરિણામે બહુ ગંભીર અસરો ગરીબ માણસો ત્યાં જયારે સેવા લેવા જાય છે ત્યારે પડતી હોય છે. બીજો સ્ટાફ પણ નથી હોતો, ટેકનીકલ સ્ટાફ પણ નથી હોતો, અને ગ્રામ્ય વિસ્તારોમાં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે ત્યાં એમબીબીએસ ડોકટરો મોટા ભાગે હોતા જ નથી. આપણે જે મેડિકલ અને બીજી જે દવાઓ આપીએ છીએ. તો એ બાબતમાં પણ ધ્યાન અપાય તે અતિઆવશ્યક છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પૂરક માગણી કૃષિ અને સહકાર વિભાગની છે, એમાં મારે એક જ વિનંતી કરવાની છે કે, પંચમહાલ અને દાહોદની જીવાદોરી સમાન જે પંચમહાલ ડિસ્ટ્રીકટ કોઓપરેટીવ બેંક છે, આજે જયારે ઓછા વ્યાજના દરે ખેડૂતોને ધિરાણ મળવાનું છે ત્યારે..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ પૂરક માગણી ઉપર બોલો.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્ર ઉપર આની ખૂબ મોટી અસર થતી હોય છે. અને એટલા માટે આ વાત અવારનવાર આ ગૃહમાં માનનીય શ્રી રાઉલજીભાઈએ પણ ભૂતકાળમાં કરી હતી અને એ વાત આજે હું દોહરાવું છું (સમયસૂચક ઘંટડી) એ જ પ્રમાણે પીવાના પાણીની જે વ્યવસ્થા છે, એમાં પણ અમારે ત્યાં સ્કેટર્ડ વસતિ હોવાના કારણે બહુ મુશ્કેલી છે, જૂથ પાણી પુરવઠાની યોજનાઓ બહુ કામ લાગે એવી નથી તે સંજોગોમાં પીવાના પાણી માટે હેન્ડપંપોની વ્યવસ્થા થાય એ જરૂરી છે, આટલાં સૂચનો કરીને હું મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, એમના અનુમોદનમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઋષિ અને કૃષિના આ દેશમાં સંસ્કૃત એ પાયાનો વિષય છે, આ પાયાના વિષયમાં સંસ્કૃત આપણે ભૂલીએ નહીં, એના માધ્યમને ધ્યાનમાં રાખીને ગુજરાતની સરકારે અને માનનીય નાણા મંત્રીશ્રીએ અને શિક્ષણ મંત્રીશ્રીએ જે ઈડીએન ૯૪ હેઠળ બિન સરકારી સંસ્કૃત પાઠશાળાઓ હતી એ બિન સરકારી સંસ્કૃત પાઠશાળાઓને બિન અનુદાનપાત્ર હતી જેમને કુલ ૧૧ શાળાઓને અનુદાનપાત્ર સંસ્કૃત પાઠશાળામાં રૂપાંતર કરવાનો નિર્ણય લીધો છે એ ખરેખર પ્રશંસાને પાત્ર છે અને એમના માટે આ અનુદાનની પૂરક માગણીઓમાં એમનો સમાવેશ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મારફતે સાક્ષર ભારત યોજના ૨૦૧૦ શરૂ કરવા જઈ રહયા છીએ, આ યોજનામાં દરેક રાજયમાં સ્ત્રી સાક્ષરતાનો પચાસ ટકા જે દર હોય એ સાક્ષરતા વધારવા માટે દરેક જિલ્લામાં પ્રચાર અને પ્રસાર અમલીકરણ થાય એમના માટે ૭૫ ટકા રકમ ભારત સરકાર તરફથી આપવામાં આવતી હતી અને જેમાં બાકીની રકમ છે એ ૨૫ ટકા રાજય સરકાર ભોગવતી હતી પણ આમાં ૧૩ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલો હતો અને આ ૧૩ જિલ્લામાં આ યોજનાનો અમલ થાય તો બાકીના ૧૩ જિલ્લાઓમાં પણ આ યોજના અમલી બને એના માટે રાજય સરકાર તરફથી આઠ કરોડ રૂપિયાની જરૂરિયાત હતી એ જરૂરિયાત પ્રમાણે નવી પુરસ્કૃત યોજના કુલ છવ્વીસે છવ્વીસ જિલ્લામાં શરૂ કરવા રાજય સરકાર જઈ રહી છે એના માટે આ પૂરક માગણીઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત સરકારની સાક્ષર યોજનાઓ જે ફકત સ્ત્રી સાક્ષર દર પચાસ ટકાથી ઓછો હોય અને એનો અમલ થનાર હોય એ રાજય સરકારે બાકીના જે ૧૩ જિલ્લાઓ છે એ ૧૩ જિલ્લાઓમાં પણ ફરીથી તેરેતેર જિલ્લાઓનો સમાવેશ કરીને સંપૂર્ણ ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા માટે પ્રયત્નો કરી રહયા છે એના માટે નિયત પૂરક માગણીઓમાં એની જોગવાઈ કરવામાં આવી છે, આ પૂરક માગણીઓમાં ૧૩ જિલ્લાઓમાં રાજય સરકારના ફંડમાંથી આમાં આપણે સરસ્વતી યોજના શરૂ કરવા જઈ રહયા છીએ અને જેના માધ્યમથી ૨૦૦૯-૧૦માં રૂપિયા પાંચ કરોડ પચીસ લાખ ઉપરાંતની જરૂરિયાત ઉભી થઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઈડીએન વર્ગ ખંડોનું બાંધકામ, માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ તથા આંતરિયાળ ગામોમાં માધ્યમિક શિક્ષણ ઉપલબ્ધ નથી તેવી શાળાઆને સરકારે હાલ ઉપલબ્ધ પ્રાથમિક શાળાઓમાં ધોરણ આઠને પ્રાથમિક શાળાઓમાં જોડવા માટેનો નિર્ણય લીધો છે, અને આને લીધે ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦માં પ્રાથમિક શાળાઓમાં કુલ ૭૫,૧૮,૭૫,૦૦૦ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે પરંતુ વધારાના પ્રાથમિક શાળાઓના ઓરડાઓની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં વધારાના ૪૨,૨૮,૦૦૦૦૦/- રૂપિયાની જરૂરિયાત હોઈ એટલા માટે આ પૂરક માગણીઓ માનનીય નાણા મંત્રીશ્રી લઈને આવ્યા છે. માનનીય સંસ્કૃત પાઠશાળાઓનો વિકાસ અને ઈ.ડી.એન. માધ્યમિક શાળાઓ અને વિકસિત વિનય માધ્યમિક શાળાઓ. ૨૦૧૦માં ફેરફાર કરેલા અંદાજ પત્ર પ્રમાણે ઈ.ડી.એન. ૧૮માં કુલ ૨૫ બિન અનુદાનપાત્ર શાળાઓને અનુદાન શાળા તરીકે રૂપાંતરીત કરવાની જોગવાઈ કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે સરકારે નિર્ણય લીધા પ્રમાણે પૂર્ણ વિચારણાને અંત માધ્યમિક શિક્ષણની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ૨૫ ના બદલે ૨૫૦ માધ્યમિક શાળાઓને અનુદાન પાત્ર રૂપાંતરીત કરવાનો નિર્ણય લીધેલ છે અને તેથી કુલ ૧૭૭ શાળાઓ બિન આદિવાસી વિસ્તારમાં તથા બાકીની ૭૩ શાળાઓ આદિજાતિ વિસ્તારમાં ગ્રાન્ટેડ શાળામાં રૂપાંતરીત કરવાનું નક્કી કરેલ અને જેને કારણે ફંડ જરૂરી હોય એટલા માટે નિયત પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા

છે એ માંગણીઓમાં હું મારો સૂર પૂરાવું છું અનુમોદન આપું છું, બધાને આ પૂરક માગણીઓ મંજૂર કરવા વિનંતી સાથે મારા વક્તવ્યને વિરામ આપું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચ વિશ્વ મહિલા દિન તરીકે ઉજવણી થઈ રહી છે ત્યારે મહિલાઓને શુભ કામના પાઠવું છું અને 'યત્ર પૂજ્યંતે નારી તત્રે રમંતે દેવતા' એવી સંસ્કૃતિના આપણે અનુયાયી છીએ એટલે આજે જે દિન ઉજવાય છે તેને ખૂબ ખૂબ શુભ કામના પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય મંત્રીશ્રી વધારાની પૂરક માગણી ૩૯ લઈને આવ્યા છે એના ઉપર મારે મારા વિચારો વ્યકત કરવા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાઈન ફ્લયુ H૧ અને N૧ આ રોગચાળો એ એક વિશ્વ મહામારી તરીકેનું રૂપ લઈ ચૂકયો છે અને સમગ્ર વિશ્વમાં આ રોગચાળાએ જ્યારે ભરડો લીધો છે ત્યારે આ જે વધારાની પૂરક માગણીઓ લઈને આરોગ્ય મંત્રીશ્રી આવ્યા છે એજ બતાવે છે કે, આ સરકાર કેટલી જાગૃત છે, આ સરકારનું કેવું આયોજન છે એ આના પરથી ફલિત થાય છે. સ્વાઈન ફ્લુનો પ્રથમ કેસ મેકિસકોમાં માર્ચ ૨૦૦૯માં નોંધાયો અને એ મહામારીએ પૂરા વિશ્વને પોતાના ભરડામાં લીધું છે. ભારતમાં આ રોગનો પ્રથમ કેસ હૈદરાબાદ ખાતે અમેરિકાથી આવેલા એક પ્રવાસીનો નોંધાયો. સમગ્ર ભારત પ્રાથમિક રીતે વિદેશી પ્રવાસીઓમાં અને બાદ સ્થાનિક લોકોમાં ફેલાયેલો જોવા મળે છે. હાલની પરિસ્થિતિ જોતા તા. ૩-૩-૨૦૧૦ની સ્થિતિએ કુલ ૨૯૭૪૪ કેસો અને ૧૩૮૩ મૃત્યુ આ રોગથી ભારતમાં નોંધાયા છે. સમગ્ર ભારતમાં મુખ્યત્વે દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત અને આંધ્રપ્રદેશ સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રોગ માટેની જે સારવાર સ્થાનિક રીતે ઉપલબ્ધ થાય દરેક જિલ્લામાં તેના માટે આ રાજ્ય સરકારે આયોજન કર્યું છે. દરેક સીવીલ હોસ્પિટલમાં અલગથી આની વ્યવસ્થા ઉભી કરવામાં આવી. મારો મત વિસ્તાર એ સરહદી જિલ્લો છે ત્યારે રાજસ્થાનથી કેટલાય લોકો આ સ્વાઈન ફ્લુની સારવાર માટે ત્યાં આવે છે અને ગુજરાત સરકારને ધન્યવાદ આપીને એમ કહે છે કે આ સરકારે જે કાંઈ વ્યવસ્થા કરી છે એના કારણે આજે અમારું આ જીવન બચ્યું છે. આ રીતની જે વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે તેને માટે હું આ સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. માનનીય આરોગ્યમંત્રીશ્રી એક સંવેદનશીલ અને વિદ્વાન વ્યકિત છે. આપણા મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને એમના માર્ગદર્શન નીચે જે આયોજન તેઓ કરી રહ્યાં છે, તે સુંદર છે. માનનીય આરોગ્યમંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, તેને સર્વાનુમતે મંજૂર કરવી જોઈએ. સ્વાઈન-ફ્લૂને અટકાવવા માટે સરકારશ્રી દ્વારા જે પ્રયત્નો કરવામાં આવે છે, એ પ્રયત્નો સરાહનીય છે અને આ રોગને ધ્યાનમાં લઈને જે કાંઈ આગોતરું આયોજન કરવાનું છે, તેના માટે જ આ પૂરક માગણી લાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં બીજી એક તકલીફ છે. ગરીબ, આદિવાસીઓ અને ગામડાની ગરીબ સગર્ભા બહેનો... (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મને ૭ મિનિટ આપી છે.

**અધ્યક્ષશ્રી** : તમને જે સમય ફાળવેલો હતો, તે પછી ઓછો થયેલો છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : બે વાત કરીને મારી વાત પૂરી કરું છું. આપણા મુખ્યમંત્રીશ્રીને મારી આ પંકિતઓ સમર્પિત કરું છું.

સતેજ રાખું દ્રષ્ટિ મારી, ખુલ્લા છે મારા કાન, સદૈવ સંવેદના રાખું, આળસનું નહીં નામ,
હરખ-શોકના ભાવ વગર પવિત્ર ભાવે કરું રાજ, સૌનો સરખો વિકાસ થાય,
કોઈથી ના રાખું રાગ કે દ્વેષ, કોઈથી ના રાખું રાગ કે દ્વેષ.

**અધ્યક્ષશ્રી** : બધા કવિતા પર ચડી ગયા. માનનીય અભેસિંહભાઈ.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક ૬૭ લઈને આવ્યા છે, એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જે જીવાદોરી છે, તે નર્મદા યોજના થકી આખા ગુજરાતને પાણી મળે એના માટે ભાજપની સરકાર આવી ત્યારથી પાણીનું આયોજન ખૂબ સારી રીતે થઈ રહ્યું છે.

મારે પહેલા થોડી વાત એવી કરવી છે કે સૌરાષ્ટ્રમાં પહેલા કોંગ્રેસની સરકાર હતી ત્યારે હું પણ સરકારી નોકર હતો અને તે વખતે પણ હું છાપા વાંચતો હતો. ત્યારે ટેન્કરથી પાણી આપવામાં આવતું હતું. એ ટેન્કર યુગમાં સરકારી ચોપડે ૪૦ ટેન્કર ઉધારવામાં આવે અને ખરેખર ૪ જ ટેન્કર પહોંચતા હતા. એવી પરિસ્થિતિ હું અખબારોમાં વાંચતો હતો. પરંતુ ભાજપની સરકાર આવી અને નરેન્દ્રભાઈ મોદી સાહેબનું શાસન આવ્યું ત્યારથી નર્મદા યોજનાને વેગ મળ્યો અને મુખ્યમંત્રીએ આ યોજનામાંથી સૌરાષ્ટ્રના જામનગર, ભાવનગર બધા શહેરોને પાણી જે મળે છે. અત્યારે લોકો સારી રીતે પાણીનો ઉપયોગ કરી શકે છે. ભાવનગરને અત્યારે જે પાણી મળે છે, એમાં ભાવનગર શહેરને દરરોજના ૨૦ એમ.એલ.ટી. પાણી આપવાના કરાર સામે દરરોજનું ૩૫ એમ.એલ.ટી. પાણી આપવામાં આવે છે. શેત્રુંજી ડેમ આધારિત યોજનામાંથી દરરોજના ૪૦ એમ.એલ.ટી. પાણી આપવામાં આવે છે. શેત્રુંજી ડેમ આધારિત યોજના બની, ત્યારથી શહેરીજનોને પૂરતું પાણી આપવાની વ્યવસ્થા, આંતરીક વ્યવસ્થા ભાવનગર મ્યુનિસિપલ કોરપોરેશને કરી છે. આ યોજનામાં મેઈનની સેકશન આયુષ્ય મર્યાદા પૂરી થવાને કારણે અવાર નવાર ભંગાણ થવાથી મુશ્કેલી પડે છે. તેથી તેમાં વધારે ખર્ચની પૂરક માગણી માનનીય મંત્રીશ્રી લાવ્યા છે.

કેનાલમાં પાણી સારું મળે, કેનાલો સારી બને, પાઈપલાઈન સારી નંખાય, તે હેતુથી આ પૂરક માગણી લાવ્યા છે, ત્યારે વિરોધ પક્ષના લોકોએ આમાં કાપ દરખાસ્ત રજૂ કરી છે. જયારે લોકોને પાણી આપવાની બાબત હોય, ત્યારે એમાં કાપ દરખાસ્ત લવાય ખરી? એટલે જ તમે પાછળ રહ્યાં છો ભાઈ. બાકી હવે તમારો નંબર હજુ પણ પડવાનો નથી. એટલે આ સરકારે, નરેન્દ્ર મોદી સરકાર, અમારા મુખ્યમંત્રી પાણીદાર છે, અમારા નીતિનભાઈ પાણીદાર છે, એટલે આ જે પૂરક માગણી લઈને આવ્યા છે, એમાં તમે પણ સહકાર આપો એ સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ પૂરક માગણીઓની વાત છે એમાં શરૂઆતમાં માનનીય શકિતસિંહજીએ જે વાત કરી એમાં એમણે આક્ષેપ કર્યો એ આક્ષેપ અથવા તો સમજના અભાવના હિસાબે કે ગેરસમજના હિસાબે એમણે રજૂઆત કરી છે એની સ્પષ્ટતા કરું. એમણે પહેલાં એવી વાત કરી કે બહારથી વીજળીની ખરીદી કરી છે, અદાણી એકસપોર્ટ પાસેથી ૬૭ ટકા લીધી. તો આ વીજળી લેવા માટે કેન્દ્ર સરકાર છે એ પોતે કંપનીઓ લિસ્ટેડ કરે છે અને કેન્દ્ર સરકાર જે કંપનીઓના નામનો લિસ્ટમાં સમાવેશ કરે એ જ લોકો આ પ્રમાણે વીજળીનું વેચાણ કરે શકે છે. ` વીજળીનું ઉત્પાદન ના કરતી હોય છતાં પણ એની પાસેથી વીજળી લીધી તો કેન્દ્ર સરકારની જ એ પાવર ટ્રેડિંગ કંપની છે જે ભારત સરકારની કંપની છે અને એ કોઈ પાવર ઉત્પાદન કરતી નથી છતાં પણ એ ટ્રેડિંગ કરી શકે છે. એના માટેનું લાઈસન્સ એમને કેન્દ્ર સરકાર આપે છે આપણે આપતા નથી. આપણે ટેન્ડર માગ્યા પછી જેનું લોએસ્ટ ટેન્ડર હતું એને જ આપીએ છીએ. આની અંદર કોઈ જ ગેરરીતિ થઈ નથી. રાજય સરકારની ઈચ્છાથી આપણે. આ કંપનીને લિસ્ટેડ કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત તેમણે કરી કે ભાવનગરમાં વિકટોરિયા પાર્ક છે એ રક્ષિત જંગલ છે અને સુપ્રીમ કોર્ટના હુકમનું ઉલ્લંઘન કરીને ૧૩૦ કરોડ રૂપિયાની જમીન આપી દીધી છે. પાલીતાણા સુગર ફેકટરીનો કેસ જે ચાલતો હતો એમાં સુપ્રીમ કોર્ટે જેને કહયું એટલી જ જમીન આપી છે એ સિવાયની એક ઈંચ પણ જમીન વધારાની રાજય સરકારે કોઈને આપી નથી અને સુપ્રીમ કોર્ટે અનો ચુકાદામાં આ પાલીતાણા સુગર મિલનો કેસ હતો એમાં એમ કહ્યું કે હવે ફાઈનલ કન્કલુઝન થઈ ગયું ગણાશે અને એટલે ફાઈનલ કરીને એને એ રીતે આપી છે અને સુંદરાવાસ અને આ વિકટોરીયા પાર્ક આ બે જમીન માટેની વાત છે. તો આ વિકટોરીયા પાર્કની જમીન એની બાજુમાં જ જમીન છે અને એ જમીન હાલ પણ વન વિભાગના કબજામાં છે અને એ જ સુપ્રીમ કોર્ટનો ચુકાદો એને લાગુ પડતો નથી. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પાલીતાણા સુગર મિલની ૯૫૧ એકર જમીન હતી એ જ જમીન માટે આપી છે એટલે આમાં કોઈ વાત રહેતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું માનનીય શ્રી સિધ્ધાર્થભાઈએ વાત કરી કે ઓકટ્રોય નાબૂદી કરી ત્યારે ૭ ટકા અને ૧૦ ટકા વૃદ્ધિદર સાથે ચૂકવણી કરીશું એવી વાત કરી. તો નગરપાલિકાઓ માટે ૭ અને ૧૦ ટકા વૃદ્ધિ દરની વાત હતી અને આજે પણ નગરપાલિકાઓને ૭ ટકાની વાત કરી હતી અને ૧૦ ટકા આપીએ છીએ અને કોરપોરેશનના બીજા પ્રોજેકટ માટે બીજી રીતે આપીએ છીએ. એટલે કોરપોરેશન અને નગરપાલિકાને પણ પૈસા આ રીતે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનનીય ઈકબાલભાઈએ વાત કરી કે તલાટીઓની ઘણી જગ્યાઓ ખાલી છે. તો આ તલાટીઓની લગભગ જે જગ્યાઓ ખાલી છે એમાં અંદાજે ૨૧૦૦ જેટલી જગ્યાઓ આ માસમાં જ લગભગ ભરાઈ જશે. એટલે એ કોઈ સવાલ રહેશે નહીં.

માનનીય અર્જુનભાઈએ આજે વાત કરી કે ઓછી સાક્ષરતા ધરાવનારને કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના નીચે જે ૧૩ જિલ્લાને આપવાની વાત છે એમાં ૧૨ જિલ્લા જે રહી ગયા એમાં માનનીય રમણભાઈએ પણ સ્પષ્ટતા કરી કે કેન્દ્ર જે આપે છે એના ઉપરાંત રાજય સરકાર આ ૧૨ જિલ્લાઓ માટે યોજનાના ખર્ચ માટે વાત કરે છે અને બીજી વાત એ કર્મચારીઓના છઠ્ઠા પગારપંચ માટેની કરી. તો એમાં મારે એટલું જ કહેવાનું કે કર્મચારીઓ સાથે છઠ્ઠા પગારપંચ અંગે રાજય સરકારે જે એના માટેની કમિટી નકકી કરી હતી એ કમિટી સાથે કર્મચારીઓના જુદા જુદા યુનિયનો સાથે બેસીને આ છઠ્ઠા પગારપંચની અમલવારી કેવી રીતે કરવી અને કયાં કેટલું આપવું અને ન આપવું. એ નકકી કરી અને તે જ પ્રમાણે આપેલ છે, એમાં એક પણ પૈસાભાર શરતનો ભંગ કરેલ નથી. બીજી વાત કરી કે શિક્ષણ સહાયકની ભરતી કરો છો એમાં પચ્ચીસો અને પાંત્રીસો રૂપિયા જ આપવામાં આવે છે. પણ આ જે ભરતી થાય છે તેમાં મીનીમમ વેજીસ એકટ રાજય સરકારને લાગુ પડતો નથી, પણ ૨૫૦૦ અને ૩૫૦૦ માં જે ભરતી થાય છે તેને અમે ગેરંટી આપીએ છીએ કે તમે પાંચવર્ષ પૂરા કરશો અને વ્યવહાર અને વર્તન સારા હશે તો કન્ફર્મ કરી દઈશું અને પૂરતા પગારથી કરી દઈશું. અને શિક્ષકોની જેટલી જગ્યાઓ ખાલી પડતી હોય એને પ્રાયોરીટી આપીને તે પ્રમાણે એમની જગ્યાઓ ભરી દેવામાં આવે છે એટલે પાંચ વર્ષ પહેલા પણ શિક્ષણ વિભાગમાં વહેલો વારો આવી જાય છે. એટલે મીનીમમ વેજીસ કરતા ઓછો પગાર મળે છે તે વાત રહેતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે માનનીય અર્જુનભાઈએ વાત કરી કે પાણી પુરવઠામાં ૭૦ જગ્યાઓ ખાલી છે. પણ એટલી બધી જગ્યાઓ ખાલી નથી. થોડુંક વ્યાજબી રાખે તો સારું, ૩૦ ટકા સુધી રાખે, છતાં જગ્યાઓ ખાલી હોય તો પણ પાણીની વ્યવસ્થામાં કયાંય પહોંચી શકતા નથી તેવું નથી, ૨૫ થી ૩૦

ટકા જગ્યાઓ તો લગભગ બધી જગ્યાએ ખાલી રહેતી હોય છે. એ જ રીતે કોલગી સમિતિનો વહીવટી સુધરણા બાબતનો અહેવાલની વાત થઈ, તો એ અહેવાલ હજુ સ્વીકાર્યો નથી, આ અહેવાલ હમણાં જ ડિસેમ્બરમાં આવ્યો છે એટલે તેને કોઈ લાંબો સમય પડતર પડયો છે તેવું નથી. બીજી આપે સ્વાઈન ફલુની વાત કરી અને આગોતરા પગલાં લેવાનું કહયું, તો આ પુરવણી બજેટમાં ૧૫ કરોડ રૂપિયા છે તે આના માટેની જોગવાઈ કરવામાં આવેલી જ છે. તે જ રીતે તમામ સભ્યશ્રીઓએ કહયું કે લગભગ આ બધી જ જે પૂરક માગણીઓ છે એમાં મોટાભાગની પૂરક માગણીઓ છઠ્ઠા પગારપંચને લગતી જ પગારની ચૂકવણી અંગેની છે એ રીતે એ હકીકત બરાબર છે કે મોટાભાગની પૂરક માગણીઓ મહેસૂલી ખર્ચ માટેની છે. પહેલી ૧૩ નંબરની પૂરક માગણી છે એમાં મહેસૂલી ખર્ચ સિવાયની મુડી ખર્ચ માટેની ૫૦ કરોડ રૂપિયાની ચાલુ વર્ષમાં ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કંપની લીમીટેડને સરકારી ફાળો આપવા માટેની છે. એટલી જ રકમ છે. એ જ રીતે ગૃહ ભિવાગની પૂરક માગણી છે એમાં પણ મોટા ભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી છે, અને એમાં જોઈએ તો મહેસૂલી ખર્ચ માટેની ૧૨૬ કરોડ ૧૬ લાખ ૯૨ હજારની પૂરક માગણી છે એમાંથી ૧૨૫ કરોડ ૭૨ લાખની પૂરક માગણી મોંઘવારી ભથ્થા, ઘર ભાડું, કચેરી ખર્ચ પગાર પંચનો અમલ વગેરે માટેની જ છે. વન અને પર્યાવરણ વિભાગમાં પણ મોંઘવારી ભથ્થું અને તેના માટેની જ પૂરક માગણી છે. મૂડી ખર્ચ માટેની પૂરક માગણી છે એ ઘાસીયા જમીમના ૬૪ એકમોના વિકાસ માટે ૫.૫૦ લાખના દરે રકમ મંજૂર કરવા માટેની આ પૂરક માગણી છે. એમાં પણ મૂડી ખર્ચ માટેની પૂરક માગણીનું પ્રમાણ ઓછું છે. એ જ રીતે મહેસૂલ વિભાગની પૂરક માગણી છે એમાં પણ મોટા ભાગની મોંઘ ıવારી, ઘરભાડુ, અને તેના માટેની જ છે. શહેરી વિકાસની પૂરક માગણીઓ છે એ પણ મહેસુલી ખર્ચ માટેની પૂરક માગણી છે એ જ પ્રમાણે આજે જે પૂરક માગણી ૮મી તારીખમાં રજૂ થઈ છે તે પૂરક માગણી ક્રમાંક ૨, ૫, ૯, ૩૯ અને ૬૭માં ૨, ૫, અને ૯ મોટાભાગની પગાર ખર્ચ માટેની જ છે. અને ૯ નંબરની પૂરક માગણી છે એમાં ૪૨.૮૮ કરોડ નવા વર્ગો બનાવવા માટેની પૂરક માગણી છે તે મુડી ખર્ચ માટેની પૂરક માગણી છે. એ જ રીતે પૂરક માગણી ક્રમાંક ૬૭ છે એમાં એક હજાર ટોકન રેટ તરીકે મુકયા છે તે ભાવનગર મ્યુનિસિપલ કોરપોરેશન માટે પાણી આપવા માગેની પૂરક માગણી છે એ રીતે જોતા કોઈ પણ પૂરક માગણી કોઈ વિવાદાસ્પદ નથી. કોઈ પણ પૂરક માગણીને કારણે એમાં કોઈ ભ્રષ્ટાચાર થયો હોય અને છાવરવા માટેની વાત છે તેવી પણ કોઈ પૂરક માગણી નથી. એવી પણ કોઈ પૂરક માગણી નથી. આ તો રાજય સરકારે જે કામગીરી કરે છે અને નવી કામગીરી હજી કરવાની છે એના ખર્ચ માટેની પૂરક માગણી લઈને આવ્યા છીએ એટલા માટે થઈને હું વિરોધપક્ષના સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે આ જે તમારી કાપદરખાસ્તો છે એ પાછી ખેંચે અને આ તમામ પૂરક માગણીઓ છે એ સર્વાનુમતે સ્વીકારવાની આપ સૌને વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું માનનીય નાણામંત્રીશ્રી પાસેથી વિકટોરીઆ પાર્ક બાબતમાં બે વાત જાણવા માગું છું.

સુંદરાવાસ બંગલો એ વિકટોરીઆ પાર્કમાં આવેલો છે. સુંદરાવાસ બંગલો અને વિકટોરીઆ પાર્કની જમીન ૧૫-૧૦-૨૦૦૦ના હુકમ પછી રીવ્યુ પિટિશન સરકારની ચાલતી હતી અને આપણી તરફેણમાં હતી અને એ રીવ્યુ પિટિશનનું જજમૅન્ટ આવે એ પહેલા ૧૦ જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ મહેસૂલ વિભાગે પત્ર લખ્યો. રીવ્યુ પેન્ડિંગ છે સુપ્રીમ કોર્ટમાં અને આપણી તરફેણમાં છે સુપ્રીમ કોર્ટ કહે છે કે કન્ટેઈમ નથી થતી માટે આને રીવ્યુ કરો એ પેન્ડિંગ હતું ત્યારે આપણે ૧૦ જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ પત્ર લખ્યો કે સુંદરાવાસ બંગલો જે વિકટોરીઆ પાર્કમાં છે. સુંદરાવાસ બંગલો અને એની સાથે સંલગ્ન ૧૨ એકર જમીન જે ફૉરેસ્ટની રિઝર્વ લેન્ડ છે એ આપી દેવાનો સરકારે સ્વીકાર કરીને નિર્ણય કર્યો છે તેવો પત્ર લખ્યો. એ પત્રને આપણે વિથડ્રો નહિ કરીએ ત્યાં સુધી આ જમીન છે એ આપણા હાથમાં નહિ રહે. સુંદરાવાસ બંગલો પણ નહિ રહે. મારી એટલી જ વિનંતી છે જો આપ કહેશો તો વ્યકિતગત રીતે આવીને એક પ્રજાની માલિકીની જમીન છે જે બચી શકે તેમ છે અને મેં આપને ખુલ્લા દિલથી કહ્યું છે કે આ જમીન બચાવવા માટે આપ કહો ત્યાં આવીને લીગલ પૉઈન્ટથી વાત કરીએ જો સરકારનું મન ખુલ્લુ હોય તો સાથે મળીને સુપ્રીમ કોર્ટમાં રીવ્યુ પિટિશન સરકાર ફાઈલ કરે. ૧૦ જાન્યુઆરી ૨૦૦૭નો પત્ર વિથડ્રો કરે અને રીવ્યુ કરીએ તો જ આ જમીન આપણા હાથમાં રહી શકે તેમ છે. એ કરવાની આપણી તૈયારી છે ખરી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ વાત કરી એમાં ૯૫૧ એકર જમીન જે પાલીતાણા સુગર મિલ પ્રા. લિ. ની છે એનાથી એક મીટર જમીન વધારે હશે તો રાજય સરકાર પાછી મેળવવા માટે થઈને જે કાર્યવાહી કરવી પડશે એના માટે તૈયાર છે. સુપ્રીમ કોર્ટે આપેલા જજમૅન્ટથી વિશેષ એક મીટર જમીન આપણે આપવાની નથી. સવાલ એ છે કે જે સુંદરાવાસ માટેનો બંગલો હતો એ ૧૯૬૩ થી જંગલ ખાતા હસ્તક છે એને ૨૪-૧૦ના જાહેરનામા અન્વયે ફૉરેસ્ટ એકટની કલમ ૪ નીચે એ જમીનને રક્ષિત વન નીચે જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવેલો. રાજય સરકારના ઉપરોક્ત નિર્ણયને નામદાર સુપ્રીમ કોર્ટે સ્વીકારેલ નહિ અને તેને ઓકટોબર, ૨૦૦૪ના ચુકાદાને ચાર અઠવાડિયામાં અમલ કરવા માટે ૨૦-૩-૨૦૦૭ના ચુકાદાથી જણાવેલ હતું અને જો એ કરવામાં અધિકારી નિષ્ફળ જાશે તો તેના પોતાના જોખમે હશે એમ પણ જણાવેલ અને આ ચાર અઠવાડિયાની મર્યાદા ૨૦-૪-૨૦૦૭ના રોજ પૂર્ણ થતી હતી તેથી વન વિભાગે ૨૪-૧૦ ૨૦૦૦નું

જાહેરનામું રદ કરેલ હતું. આ સુપ્રીમ કોર્ટના કહેવાથી કર્યુ હતું અને આપ કહો છો કે આ જે વિકટોરીઆ પાર્ક છે આ સુંદરાવાસનો ભાગ છે અને એ સુંદરાવાસના ભાગની અંદર જે એમને આ જમીન ૧૨.૦૭ એકરનો હિસાબ છે એનાથી જો વધારે વિસ્તાર આ વિકટોરીઆ પાર્કની અંદર હોય અને વિકટોરીઆ પાર્કની એ જમીન આ ૯૫૧ એકરમાં ન આવતી હોય તો રાજય સરકાર પાછી મેળવવા માટે થઈને સહમત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫-૧૦-૦૪નો હુકમ, ૨૦૦૭ના નામદાર સુપ્રીમ કોર્ટનો હુકમ મેં એની એકે એક લાઈન વાચી છે. એ પણ આપ જે ૧૨ એકર કહો છો એ વિકટોરીઆ પાર્કની જમીન છે અને સુંદરાવાસ બંગલો પણ રાજય સરકાર હસ્તકનો હતો. રિઝર્વ ફૉરૅસ્ટ ડિકલેર કરેલ હતું એ ડી- રિઝર્વ કરવાના ઇન્ડિયન ફૉરૅસ્ટ એકટ પ્રમાણે રાજય સરકારને સત્તા નથી એ કેન્દ્રને મોકલવું જોઈએ. એ મોકલાવ્યા વગર આપણે ડી -રિઝર્વ કરેલ છે. આપ તૈયારી બતાવો તો હું આખા બન્ને જજમૅન્ટ લઈને આપની પાસે આવું. એક પણ જગ્યાએ જો સુપ્રીમ કોર્ટે કહ્યું હોય કે રિઝર્વ ફૉરૅસ્ટ ડી-રિઝર્વ કરીને આપો, એક પણ જગ્યાએ નામદાર સુપ્રીમ કોર્ટે કહ્યું હોય કે વિકટોરિયા પાર્કની જગ્યા અથવા સુંદરાવાસ બંગલો આપી દો, આપની વાત સાથે સંમત. સુપ્રીમ કોર્ટનો નિર્ણય પેન્ડીંગ હતો. એ પેન્ડીંગ નિર્ણય દરમ્યાન મહેસૂલ વિભાગે એક પત્ર લખીને કહ્યું કે ૧૫-૧૦-૨૦૦૪નો હુકમ અક્ષરશઃ સ્વીકારીએ છીએ. સુંદરાવાસ બંગલો પણ સોંપી દેવો. ૧૨ એકર રિઝર્વ ફૉરૅસ્ટની જમીન પણ સોંપી દેવી આ નિર્ણયને જો ફેરવીએ તો આજની તારીખે પણ આ જગ્યા બચી શકે તેમ છે અને બચાવવા માટે હું કહું છું, કોઈ પોલીટીકલ ઓબ્ઝર્વેશન વગર કહું છું કે સાહેબ, આપણાં સૌની જવાબદારી છે અને આપણે આ કરીએ, સાથે મળીને કરીએ. તેમાં આપની તૈયારી જો રીવ્યુ પીટીશન ફરી ફાઈલ કરવાની હોય, હું આપને સમજાવીને આપની સાથે બેસું. લીગલ એક્સપર્ટ બેસે અને આ જગ્યા રીવ્યુ પીટીશન કરીએ, સુપ્રીમ કોર્ટ પણ આપણને રીવ્યુમાં ૧૦૦ ટકા ફાયદો કરશે અને નહીં કરે રીવ્યુ પીટીશનમાં તો જે ખર્ચ થાય તે કોંગ્રેસ વિધાનસભા પક્ષ ભોગવશે એટલી પણ વાત કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ પક્ષે નહીં, સરકાર ખર્ચ ભોગવવા માટે સક્ષમ છે. આપણે એક ઈંચ જમીન પણ સુપ્રીમ કોર્ટે આપેલું જજમૅન્ટ છે તેનાથી વિશેષ આપણે એક ઈંચ જમીન પણ કોઈને આપવી નથી. એક ઈંચ જમીન પણ વધારે જો પાલિતાણા સુપર મિલને જે જમીન આપી હોય તેના કરતા વિશેષ કોઈ જમીન આપી હશે તો એ પાછી મેળવવા માટે થઈને રાજય સરકાર તમામ પ્રયત્ન કરવા તૈયાર છે અને આપ આપના જજમૅન્ટ અને જે રીતે હશે તે લીગલ ડિપાર્ટમૅન્ટ સાથે આપ ચર્ચા કરી લો અને લીગલ ડિપાર્ટમૅન્ટ એમ કહે કે આ વાતમાં સત્યતા છે અને આપણે આમાં આગળ વધવું જોઈએ તો આગળ વધવામાં રાજય સરકાર જરાય અચકાશે નહીં. જરાય ખચકાશે પણ નહીં.

**અધ્યક્ષશ્રી** :હવે હું સભાગૃહમાં રજૂ થયેલી કાપદરખાસ્તો, કાપ દરખાસ્ત ક્રમાંક-૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩, ૧૪, ૧૫, ૧૭ અને ૧૮ મત માટે મૂકું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જો રીવ્યુ પીટીશન થાય તેની સંમતિ સરકાર આપે તો કાપ દરખાસ્ત પાછી ખેંચી લઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : સાહેબ, લીગલ ડિપાર્ટમૅન્ટના અભિપ્રાય વગર હું કેવી રીતે કહી શકું?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, આપની હાજરીમાં લીગલ ડિપાર્ટમૅન્ટ સાથે ચર્ચા કરીએ. Is the Hon'ble Finance Minister ready to come?

**શ્રી વજુભાઈ વાળા** : આ નાણાં ખાતાનો વિષય નથી. વન ખાતાની અને મહેસૂલ વિભાગની વાત છે. ડીસ્પ્યૂટ પણ એ જ લોકોએ બધાએ આખો હૅન્ડલ કર્યો છે..

**અધ્યક્ષશ્રી** : મેં મત માટે મૂકવાની કાર્યવાહી શરૂ કરી છે. એથી આગળ થઈ શકે તેમ નથી. ફરીથી કહું છું,

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક-૨, ૫, ૯, ૩૯ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## ગિલોટીન થયેલી પૂરક માગણીઓ

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૯-૧૦ના વર્ષની પૂરક માગણી ક્રમાંક-૧, ૩, ૪, ૬, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૩, ૨૫, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૫, ૯૬, ૯૭, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૫ અને ૧૦૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૧, ૩, ૪, ૬, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૩, ૨૫, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪,**

**૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૫, ૯૬, ૯૭, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૫ અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હું ગુજરાત વિધાનસભાની પૂરક માગણી ક્રમાંક- ૩૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૩૬ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક- ૩૬ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

# અરઘા કલાકની ચર્ચા નિયમ- ૯૨

## રાજયમાં વીજ ઉત્પાદન સામે વીજ માંગ

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૯૨ હેઠળની ચર્ચા મંજૂર કરવા માટે હું આપનો આભારી છું. હું નિયમ-૯૨ હેઠળ મારું ટૂંકું નિવેદન રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન પૂછયો હતો એ પ્રશ્ન રાજયની અંદર વીજ ઉત્પાદન એની ક્ષમતા જુદી જુદી એજન્સીઓ પાસેથી ખરીદવામાં આવેલ, એ ખરીદીના યુનિટ કોની પાસેથી લેવામાં આવ્યા? એ વીજ વપરાશ કેટલો થયો એના અંગેનો હતો. આ પ્રશ્નનો જો પૂરો જવાબ અપાયો હોત તો રાજયની અંદર વીજળીનું સાચું ચિત્ર જાણવામાં આવ્યું હોત. ગુજરાતની અંદર ત્રણ પ્રકારે વીજળી મેળવીએ છીએ. આપણા પોતાના યુનિટો પાસેથી, બીજું કેન્દ્ર પાસેથી અને ત્રીજું ખાનગી ઉત્પાદકો પાસેથી. જે રાજયની અંદર સ્થાપિત ક્ષમતા છે એ ગુજરાત ઊર્જા નિગમ લિમિટેડની ૨૦૦૬માં ૪૯૬૮ મેગાવોટ હતી એ ઘટી અને ૨૦૦૯માં ૪૭૬૬ મેગાવોટ થઈ. એની સામે કેન્દ્રિય નિગમોનો જે હિસ્સો હતો એની સ્થાપિત ક્ષમતા હતી એમાં વધારો થયો. ૨૦૦૬માં ૧૮૪૭ મેગાવોટ હતી એની ક્ષમતા વધી અને ૨૬૭૭ મેગાવોટ થઈ. ખાનગી કંપનીઓનો હિસ્સો છે એમાં નોમીનલ વધારો થયો. ૨૦૦૬માં ઉત્પાદન ૨૧૬૬ મેગાવોટ હતું એના બદલે ૨૪૨૧ મેગાવોટ થયું. એટલે ચાર વર્ષની અંદર જે કાંઈ વધારો થયો એ ૪૦ ટકા જેટલો વધારો માત્ર કેન્દ્રિય નિગમોમાં થયો. ખાનગી યુનિટો હતા અને રાજય સરકારના યુનિટો હતા એમાં તો ખાલી નામ પૂરતો પાંચથી છ ટકાનો વધારો થયો છે. જ્યારે કેન્દ્રિય નિગમોમાં ૩૫થી ૪૦ ટકાનો વધારો થયો છે. એમની ક્ષમતા પછી એનું કેટલું ઉત્પાદન થયું. આ જે રાજયનું કુલ ઉત્પાદન છે એ ૨૦૦૬માં ૫૮૭૨૪ મિલિયન યુનિટ હતું. એ ૨૦૦૯માં ૬૮,૯૬૫ મીલીયન યુનિટ થયું એમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડનો હિસ્સો જે છે એ ૨૦૦૬માં ૨૭,૧૩૦ મીલીયન યુનિટ હતો એ વધી અને ૨૮,૩૯૦ મીલીયન યુનિટ થયો. નોમીનલ વધારો થયો અહીંયા પણ. ખાનગી હિસ્સો છે ખાનગી કંપનીઓનો એ પણ ૨૦૦૬માં ૧૮,૨૬૦ મીલીયન યુનિટ હતો એમાં નોમીનલ વધારો થયો, એ પણ ૨૦૦૯માં ૨૦૧૯૪ યુનિટ થયો, જ્યારે કેંદ્રીય નિગમોનો જે હિસ્સો હતો ઉત્પાદનનો એ ૨૦૦૬માં ૧૩,૩૩૪ મીલીયન યુનિટ હતો એમાં વધી અને ૨૦૦૯માં ૨૦,૩૭૮ મીલીયન યુનિટ થયો. એટલે બીજાની અંદર જે રાજય સરકારના યુનિટોની અંદર ૫ થી ૭ ટકા વધારો, ખાનગી ઉત્પાદકો છે એમાં ૫ થી ૭ ટકા વધારો જ્યારે કેંદ્રીય નિગમોનો જે હિસ્સો હતો ઉત્પાદનનો એ ગુજરાતને મળતો હતો એમાં ૬૮ થી ૭૦ ટકાનો વધારો થયો માનનીય મંત્રીશ્રી એમ વારંવાર કહે છે કે આપણી હકની વીજળી લઈ લીધી, હકની વીજળી લઈ લીધી, આપણી હકની વીજળી તો આપણા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ ઉત્પાદન કરે એ જ હકની વીજળી ગણાય એમાં આપણે ઘટાડો કર્યો, જ્યારે કેંદ્રીય નિગમોનો હિસ્સો છે એમાં ૭૦ ટકા વધારો થયો છતા હકની વીજળી લઈ લીધી, પાછું એમ કહેવાય કે ખેડૂતો જે છે ખેડૂતોને આપણે વીજળી નથી આપી શકતા. હું ખેડૂતોના પણ આકડા આપું છું. ૨૦૦૦-૨૦૦૧માં ખેડૂતોને ૧૫૪૮૯..

**અધ્યક્ષશ્રી** : આમાં ૨૦૦૧નો પ્રશ્ન જ કયાં આવે છે. મૂળ પ્રશ્ન જ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦નો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એ જ કહુ છું. હું ૨૦૦૮-૦૯ના આકડા આપું છું.

**અધ્યક્ષશ્રી** : તમે ૨૦૦૧ થી શરૂ કર્યા એટલે.. ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના હું એક જ આકડો આપું છું.

**અધ્યક્ષશ્રી** : ના પણ એ આવતો જ નથી. જે પ્રશ્ન હોય એની મર્યાદામાં જ તમે રહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ કમ્પેરીઝન તો થશે જ. વીજ માંગ અને પેલાની અંદર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમ નહીં માનનીય શકિતસિંહજી આપણે ૩૩ (અંતરાય)માંગ નહીં એમનો મૂળ પ્રશ્ન છે એમાંથી પેદા થતા પ્રશ્નો

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માગની કમ્પેરીઝન તો થશેજ. ઈટ ઈઝ કવેશ્ચન ઓફ જનરેશન એન્ડ સપ્લાય. એના વર્ષની સરખામણી તો કરવી પડેને. અડધા કલાકની ચર્ચા છે.

**અધ્યક્ષશ્રી** : જનરેશન અને સપ્લાય ચોક્કસ છે એની ના નથી પાડતો

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અડધા કલાકની ચર્ચા છે. એની મર્યાદા તો આપ જોવો.

**અધ્યક્ષશ્રી** : હાફ એન્ડ અવર ડીસ્કરશનની અંદર પણ.. ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વાત ઉપર જ આવી જાઉ છું.

**અધ્યક્ષશ્રી** : તમે પાછળ ર વર્ષથી વધારે જશો તો તારાંકિત પ્રશ્નની મર્યાદાની બહાર આપ જાવ છો. (અંતરાય) ના આવે... ના આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે કશું નથી કહેવું સાહેબ મેં તો માત્ર ૨૦૦૦-૨૦૦૧નો એક જ આકડો આપ્યો હતો ૧૫,૪૮૯ મીલીયન યુનિટનો પણ હું ૨૦૦૮-૦૯નો આકડો આપું છું એની સામે ૧૧,૭૩૩ મીલીયન યુનિટ એટલે આની અંદર પણ ખેડૂતોની વીજળી છે એ સતત એને આપવાના જે છે યુનિટો એ સતત દર વર્ષે ઘટતા ઘટતા ૧૫હજાર મીલીયન યુનિટમાંથી ઘટીને ૧૧,૭૩૩ મીલીયન યુનિટ થયું. ૧૦ વર્ષની અંદર આપણે આટલો ઘટાડો કરી શકાયા. હવે મારી વાત એ હતી કે ઉત્પાદનની અંદર આપણે એમ કહીએ છીએ કે અમે સરપ્લસ છીએ. ૨૦૦૫-૦૬ની અંદર આપણે ૮.૨ ટકા ઘટ હતી એ ૨૦૦૮-૦૯માં ૯.૮ ટકા ઘટ થઈ અને કયારેય આપણું રાજય સરપ્લસ (અંતરાય) મારા આકડા નથી. મારી પાસે આકડા છે એ અંદાજપત્ર પ્રકાશન નં. ૩૪ના આકડા મેં આપ્યા છે. સામાજિક આર્થિક સમીક્ષાની અંદર એ સિવાય રાજયે પોતે જે આકડા આપ્યા છે એ પ્રમાણે આપણે આજે પણ ૯.૮ ટકા ખાધ રહે છે વીજ ઉત્પાદન અને વીજ માંગની સામે, એનાથી આગળ જઈને કહું કે આપણું સરપ્લસ રાજય છે એમ કીધું છે કે સરપ્લસ રાજય છે. જે આકડા અપાયા છે કે અગિયારમા પ્લાનની અંદર જે સરપ્લસ રાજયો થવાના છીએ એમાં નવ રાજયોના નામ આપ્યા છે. એ નવ રાજયોની અંદર ગુજરાતનું સ્થાન છે નહીં, અગિયારમી યોજનાના અંતે આ આકડા પણ રાજય સરકારે જે પ્રકાશિત કરેલી બૂકો છે એમાંથી આપ્યા છે. જે સરપ્લસ રાજયો છે એમાં હિમાચલ પ્રદેશ, જમ્મુકાશ્મીર, ઉત્તરાખંડ, દિલ્હી વેસ્ટબેંગાલ સિક્કીમ, ડી.વી.સી. અરુણાચલ પ્રદેશ અને મિઝોરમ આમાં કયાંય ગુજરાતનું નામ નથી.વીજળી ખરીદવાની અંદર એમ કહ્યું કે વીજળી ટ્રેડર્સ પાસેથી ખરીદી એની મને વિગતો આપો. પણ બીજા પાસેથી ખરીદી એની વિગતો ન આપી પણ ટ્રેડર્સ પાસેથી વીજળી ક્યારે ખરીદવી પડે? આમ ગણીએ તો ખેડૂતોને વીજળી આપવા માટે દર વખતે એમ કહેવાય કે અછત ડિમાન્ડ ઊભી થાય એટલે ટ્રેડર્સ પાસેથી ખરીદી. પરંતુ હકીકત એમ છે કે ખેડૂતોને આઠ કલાક વીજળી આપવી હોય તો વર્ષની ૩ હજાર કલાક વીજળી આપવી પડે. એની જગ્યાએ ૧૫૦૦ કે ૧૬૦૦ કલાક આપીએ છીએ. ખેડૂતો એમ કહે છે કે અમારે ૧૨ મહિના વીજળી નથી જોઈતી. અમારે ચોમાસાના સમયમાં જ્યારે વરસાદ ખેંચાય એ વખતે બીજા કલાકો પાછળ એડજેસ્ટ કરી દો, પણ એ વખતે અમને ૧૨-૧૫ કલાક વીજળી આપો અને એનું આયોજન અત્યારથી કરી રાખો. ત્યારે જે વીજળીની જરૂર પડશે એ બુક અત્યારથી કરી રાખો તો જે મોંઘી વીજળી વેપારીઓ પાસેથી ખરીદવી પડે છે એ ન ખરીદવી પડે. મારી પાસે આંકડાઓ છે એમાં ૯.૨૮ રૂપિયા પ્રતિ યુનિટ વીજળી ટાટા પાવર્સ પાસેથી ખરીદી છે. ૬ રૂપિયા, ૭ રૂપિયા, ૮ રૂપિયા ૭.૩૭ રૂપિયા આ જુદી જુદી કંપનીઓ પાસેથી ખરીદી. પાછા. એમ કહે કે લાયસન્સ તો કેન્દ્ર સરકાર આપે છે. લાયસન્સ તો માગે એને આપે પણ આપણે એની પાસેથી વીજળી ખરીદવી જોઈએ કે જે ઉત્પાદક હોય લાંબા ગાળા માટે આપણને સસ્તી પડતી હોય એની પાસેથી વીજળી ખરીદવી જોઈએ. એના માટેના કરાર અગાઉથી કરવા જોઈએ. આપણને ખબર છે કે ચોમાસામાં પીક-અવર્સમાં ડિમાન્ડ ઊભી થવાની છે એની કાળજી ન રાખીએ અને એ વખતે આપણે જે વીજળીના ભાવ માગીએ એ વખતે કોઈ ૮ રૂપિયા, ૯ કે ૧૦ રૂપિયા લગાડે એ ભાવે પૈસા આપણે આપીએ અને એમ કહીએ કે લાયસન્સ આપ્યું હતું એટલે લીધી. હું એમ કહું છું કે કરાર કરી લો કે ચોમાસામાં વધારાની વીજળી જોઈશે તો એના માટે તમે કેટલા ભાવે આપવા માગો છો? એ આપણે કર્યું નહીં અને પછી લાયસન્સ આપે છે, ભલે આપ્યું. ઉત્પાદક પાસેથી લઈએ તો સસ્તી પડે એની પાસેથી લેવી જોઈએ. પણ આપણે મળતિયાઓ પાસેથી લઈને એ વાજબી નથી. એટલા માટે આ પ્રશ્નની માહિતી પૂરતી મળી નહીં એટલા માટે મેં આ પ્રશ્ન ઊભો કર્યો હતો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જાગૃત અને અભ્યાસુ સભ્યશ્રીએ વીજળી વિશે ઘણી માહિતી આપી. મારે એમને એટલું જણાવવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આજની તારીખમાં કોઈ જગ્યાએ લોડ શેડિંગ નથી અને ગુજરાત એક માત્ર રાજ્ય છે. બીજું, આપ જાણતા હશો કે વીજળીનું સ્ટોરેજ થતું નથી. એના માટે જ્યારે વીજળી વધારે હોય ત્યારે વીજળી વેચવી પડે અને જ્યારે આપણા ખેડૂતો માટે જરૂરિયાત હોય ત્યારે બજારમાંથી વીજળી ખરીદવી પડે. વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ની ઘણી વાતો કરી પણ એમણે મોટાભાગે ઈન્સ્ટોલ્ડ કેપેસિટી અને મેગાવોટની વાત કરી છે. (અંતરાય) મેં તમને શાંતિથી સાંભળ્યા છે તેથી મને શાંતિથી સાંભળો એવી વિનંતી છે. વર્ષ ૨૦૦૮-૯ના આંકડા જોઈએ તો કેન્દ્ર સરકારમાંથી જેટલી વીજળી મળી છે એ ૧૬,૩૭૧ મિલિયન યુનિટ મળી છે. ૨૦૦૦-૧૦ના ડિસૅમ્બર સુધીના આંકડા જોઈએ તો ૧૩,૭૯૭ મિલિયન યુનિટ મળી છે. તમે આનો વધારો કરશો અને ૧૨ મહિનાના ગણી કાઢશો તો નોર્મલ ઈન્ક્રીઝ થતું હોય એનાથી વધારે થતું નથી. બીજું આપે કહ્યું કે કેન્દ્ર સરકાર પાસેથી વીજળી એટલે કે પ્રોડક્શનમાંથી મળતી વીજળી લેવી વધારે જરૂરી છે અને વેપારીઓ પાસેથી ન લેવી જોઈએ. આ સભાગૃહને જાણ કરું છું કે ૨૦૦૮-૦૯માં સૌથી મોંઘ ી એન.ટી.પી.સી. કવાસ પાસેથી રૂા. ૬.૮૬ પૈસાએ વીજળી મળી છે. કવાસ ગુજરાતમાં આવેલ છે. એની પાસેથી ૯૫૦ મિલિયન યુનિટ મળી છે. એ જ સમયમાં ખાનગી સાહસ પાસેથી જે વીજળી મળી છે એમાં એસ્સાર પાસેથી (અંતરાય) મને બોલી લેવા દો.

**અધ્યક્ષશ્રી** : એમનું પ્રવચન પતી જાય પછી તમને તક આપીશ.

**શ્રી સૌરભ પટેલ** : ભઈ, મને બોલી લેવા દો. તમને જે કલેરીફિકેશન જોઈશે તે આપીશ ભાઈ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનું પ્રવચન પતી જાય એટલે હું તમને તક આપી છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારે પોઈન્ટ ઓફ કલેરિફીકેશન જોઈએ છે.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) એમનું વકતવ્ય પતી જાય એટલે હું કલેરીફીકેશન કે જે (અંતરાય) .

**શ્રી સૌરભ પટેલ** : તમને જે કલેરીફિકેશન જોઈએ એ હું તમને આપીશ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હા, તમને કલેરીફીકેશનની તક આપીશ. એમનું વાક્ય તો પૂરું થવા દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, ના હોય પોઈન્ટ ઓફ કલેરીફીકેશન (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમની વાત પતી જાય પછી હું તમને તક આપીશ. ત્યાં સુધી આપે રાહ જોવી પડશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, ના હોય પોઈન્ટ ઓફ કલેરીફીકેશન છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપે રાહ જોવી જ પડે. એનો આખો કન્ટેન્ટસ પૂરો થવા દો. માનનીય મંત્રીશ્રીનો કન્ટેન્ટસ પૂરો થવા દેવો પડે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, પોઈન્ટ ઓફ કલેરીફીકેશનના નિયમો જોયા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પહેલા એમનું કન્ટેન્ટસ પૂરું થવા દો. (અંતરાય) મેં જોયું છે એટલા માટે કહું છું. હું આપને કહું છું કે એમનું વાક્ય પૂરું થાય, એમની વાત પૂરી થાય પછી હું તમને તક આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, પોઈન્ટ ઓફ કલેરીફીકેશનમાં એવું ના હોય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ નિયમોની અંદર જોઈ લો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મેં જોયેલા છે એટલે જ હું કહું છું.

**અધ્યક્ષશ્રી** : એટલે જ હું કહું છું કે, હું એમની વાત પૂરી થાય એટલે તરત જ તક આપીશ. ત્યાં સુધી રાહ જોવી પડે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું કહું છું (અંતરાય) કલેરીફીકેશનમાં એજ સમયે તક આપવી જોઈએ..

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ કલેરીફીકેશનની અંદર જેણે જે વાત કહેવી છે એ વાત પૂરી થાય પછી જ, (અંતરાય) એ સ્વભાવિક છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું વકતવ્ય નથી આપતો.

**અધ્યક્ષશ્રી** : વકતવ્ય નહિ. હું કલેરીફીકેશનની જ વાત કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એજ સમયે તક આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડરની અંદર તમે સાચા છો. પોઈન્ટ ઓફ કલેરીફીકેશનની અંદર એની વાત પૂરી થાય પછીજ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ પોઈન્ટ ઓફ કલેરીફીકેશન છે.

**અધ્યક્ષશ્રી** : વાત પૂરી થાય એટલે, એ કન્ટેન્ટસ પૂરું થવા દેવું પડે.

**શ્રી સૌરભ પટેલ** : ભાઈ, સાંભળો તો ખરા.

**અધ્યક્ષશ્રી** : કન્ટેન્ટસ પૂરું થાય પછી હું ચોક્કસ તક આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આના એક નહિ અનેક જજમેન્ટ છે.

**અધ્યક્ષશ્રી** : મને જજમેન્ટ બતાવો. જજમેન્ટ હોય તો હું સ્વીકારવા તૈયાર છું.

**શ્રી સૌરભ પટેલ** : બસ, શકિતસિંહ સાહેબ, બેસી જાવ.

**અધ્યક્ષશ્રી** : હા, જજમેન્ટ બતાવો. હું જજમેન્ટ સ્વીકારવા તૈયાર છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપણા નિયમો પણ છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નિયમ બતાવો. હું સાચો હોઈશ તો (અંતરાય) તમે સાચા હશો તો હું સ્વીકારીશ. પણ કંન્ટેન્સ (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે એમ કહો કે મને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સ્વાભાવિક રીતેજ તમે જે વાત કહો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જો આપ એમ કહેતા હોય કે આપને એ ખબર નથી મારે જજમેન્ટ બતાવવાના છે અને આપને નિયમની ખબર નથી કે પોઈન્ટ ઓફ ઓર્ડર કે પોઈન્ટ ઓફ કલેરીફીકેશન જ્યારે આવે ત્યારે એ પૂરું કરે ત્યાં સુધી રાહ જોવાની ના હોય. એજ સમયે એમને રોકી અને જે સભ્ય ઓન લેગ્સ હોય એને અડધી મિનિટ સાંભળ્યા પછી આપને એમ લાગે કે હું ખોટો છું તો મને આપ બેસાડી શકો છો.

**અધ્યક્ષશ્રી** : પહેલી વાત મને ખબર નથી એવું મેં કહ્યું નથી. મેં એમ કહ્યું છે કે જ્યારે કોઈ પણ વિદ્ધવાન સભ્ય નિયમને આધારે વાત કરવા માગતા હોય ત્યારે એમણે નિયમ ટાંકવો જોઈએ. મેં એમ કહ્યું કે આપ પોઈન્ટ ઓફ કલેરીફીકેશન ઊભું કરો ત્યારે એમનો કન્ટેન્ટસ પૂરો થાય, વાત અને પ્રશ્નનો જવાબ પૂરો થાય એમ નથી કીધું. એમનો કન્ટેન્ટસ પૂરો થાય પછી હું તમને તક આપું છું. એમની વાતનો કન્ટેન્ટસ પૂરો થાય પછી હું તમને તક આપું છું.કલેરીફીકેશનની તક નહિ આપવાની મારી વાત જ નથી. તમારે અને મારી વચ્ચે કોઈ મતભેદ નથી. મતભેદ એટલોજ છે કે તમે કહોને તરતજ એમને બેસાડી દઉં એ મારો મતભેદ છે.. મારી વાત આ છે કે એ જે વાત કરવા માગે છે એનો કન્ટેન્ટસ પૂરો થાય અને કન્ટેન્ટસ પૂરો થવા દેવાની જવાબદારી મારી છે અને પછી હું તમને કલેરીફીકેશનની તક આપીશ. તમે કન્ટેન્ટસ પૂરો કરોને પછી આપ કલેરીફીકેશન ઊભું કરો. (અંતરાય) હું તક આપું છું. વકતવ્ય નહિ, કન્ટેન્ટસ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે હું જે વાત કરતો હતો ખાનગી ઉદ્યોગ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ફરીવાર તમે રિપિટ કરીને કન્ટેન્ટસ પૂરું કરો, એમને પછી હું તક આપું છું.

**શ્રી સૌરભ પટેલ** : ના, સાહેબ, એમણે ૧૦ મિનિટ લીધી છે, મેં અડધી મિનિટ લીધી છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, અત્યારે જે મુદ્દા ઉપર શકિતસિંહ મુદ્દો ઉભો કરવા માગે છે એ જ બાબતમાં કહો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે ખાનગી ઉદ્યોગની કંપનીઓ છે એમાં એસ્સાર પાસેથી લીધી છે. એ સમયે ૩.૪૨ પૈસા યુનિટે લીધી છે અને એન.ટી.પી.સી.એ આપણને ૬.૮૬ પૈસે યુનિટ આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત કરું કે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે આપ પોઈન્ટ ઓફ કલેરીફીકેશન કરી શકશો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એટલા માટે કે રેકોર્ડ ઉપર ખોટી વાત છે. કારણ કે પ્રશ્નમાં આપેલી માહિતી છે. એજ પ્રશ્નમાં એન.ટી.પી.સી. પાસેથી ૬.૮૬ પૈસા નથી સાહેબ, એન.ટી.પી.સી.ના માત્ર ૯૪ મિલિયન યુનિટ છે અને માત્ર ૬.૫૪ પૈસા જ છે. અદાણી પાસેથી ૬૫૯ મિલિયન યુનિટ છે ૬.૨૭, ૯૪ મિલિયન ૬.૫૪ પૈસા આપ જોઈ શકો છો અને માનનીય મંત્રીશ્રી કહે છે ૬.૮૪ પૈસા આ એમણે આપેલી પ્રશ્નોત્તરીનો આ જવાબ છે. એટલા માટે હું કહું છું. આ પ્રશ્નોત્તરી છે સાહેબ, આ બુકલેટ છે. આઈ વીલ પાસ ઓન ટુ યુ.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે અર્જુનભાઈએ વાત કરી છે એ ૨૦૦૮-૦૯ ના પિરિયડમાં કેન્દ્ર (અંતરાય) સાંભળો તો ખરા ભાઈ. હું તમને પ્રશ્નનો જવાબ આપું છું અને એનો પણ વિગતવાર જવાબ આપું છું. અર્જુનભાઈ મોઢવાડીયાએ ગૃહમાં જે રજૂઆત કરી અને આખા વર્ષનો જે કેન્દ્ર સરકારે ૧૬૩૭૧ મિલિયન યુનિટ આપ્યા એમાંથી એન.ટી.પી.સી. કવાંસે જે ૯૫૦ મિલિયન યુનીટ જે રેગ્યુલર કોર્સ ઉપર આપ્યા એનો ભાવ ૬ રૂપિયા અને ૮૬ પૈસા છે. જે માનનીય વિરોધ પક્ષના નેતા વાત કરે છે એ ટુંકાગાળાની વીજળી જે આપણે ખરીદી છે અને એ જે પ્રશ્નોત્તરીમાં જવાબ આપ્યો છે એની વાત કરે છે. હું અર્જુનભાઈ સાહેબના સવાલનો જવાબ આપું છું. એ સંદર્ભમાં કહું છું કે કેન્દ્ર સરકારના આખા વર્ષના જે રેગ્યુલર એન.ટી.પી.સી. કવાંસના ભાવ હતા એ ખાનગી કંપનીઓ કરતા પણ વધારે હતા. માનનીય શકિતસિંહે જે વાત કરી અને માનનીય અર્જુનભાઈએ જે વાત કરી એ ટુંકાગાળાની વીજળીની હું વાત કરું છું. આ સરકાર ખેડૂતો માટે ગમે તે ભાવે વીજળી ખરીદશે. ખેડુતોના સમયમાં જયારે જરૂર પડે ત્યારે વીજળી ખરીદશે. મારે આપનું ધ્યાન દોરવું છે કે જે ૯૮૮ મિલિયન યુનીટ ૨૦૦૮-૦૯માં ખરીદી હતી એમાં ખેડૂતો માટે જુલાઈની અંદર ૨૭૪, ઓગષ્ટમાં ૨૨૫, સપ્ટેમ્બરમાં ૧૨૫, ઓકટોબરની અંદર ૧૫૫ અને નવેમ્બરની અંદર ૧૧૦ એ પ્રમાણે ખરીદી છે. જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચમાં એક મિલિયન યુનીટ ખરીદ્યું નથી. વધારે વાત કરું કે અર્જુનભાઈએ વાત કરી કે તમે ખાનગી કંપનીઓ પાસેથી વીજળી કેમ ખરીદી અને કેવી રીતે ખરીદી અને સરકારી કંપનીઓ પાસેથી કેમ ન ખરીદી? મારે એટલું જે કહેવું છે કે જયારે જુલાઈ મહિનાની અંદર ટેન્ડર બહાર પાડયું ત્યારે ૪૪ લોકો જે માન્યતા કેન્દ્ર સરકારે આપી છે એ કેન્દ્ર

સરકારની કંપનીઓએ આની અંદર ભાવ ભર્યા હતા. એમાં પીટી.સી. ઈન્ડીયા સૌથી મોટી ટ્રેડીંગ કંપની, સૌથી મોટા વચેટીયા. એન.ટી.પી.સી. એની જે ટ્રેડીંગ કંપની છે એ એન.વી.એન.એન.એલ. એણે પણ ભાગ લીધો હતો. અદાણીનો ભાવ આવ્યો જુલાઈ મહિનામાં પાંચ રૂપિયા અને ચૌદ પૈસા. એન.ટી.પી.સી.નો ભાવ આવ્યો બાર રૂપિયા અને પંચાવન પૈસા. ઓગષ્ટ મહિનામાં અદાણીનો ભાવ આવ્યો પાંચ રૂપિયા અને ચૌદ પૈસા. એન.ટી.પી.સી.નો ભાવ આવ્યો બાર રૂપિયા અને પંચાવન પૈસા. સપ્ટેમ્બર મહિનામાં અદાણીનો ભાવ આવ્યો છ રૂપિયા નવ્વાણુ પૈસા એન.ટી.પી.સી.નો ભાવ આવ્યો બાર રૂપિયા અને પંચાવન પૈસા. ઓકટોબર મહિનામાં રીલાયન્સ એનર્જી ૮ રૂપિયા ૨૮ પૈસા. એન.ટી.પી.સી.નો બાર રૂપિયા અને પંચાવન પૈસા નવેમ્બર મહિનાથી માંડીને દરેક મહિને તમે જોશો તો કેન્દ્ર સરકારની કંપનીના ભાવો વધારે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, તમને જવાબની ખબર હોય તો તમે જવાબ આપો. વચ્ચે ઈન્ટરવીંગ ન થાવ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે માહિતી આપવી છે વિધાનસભામાં. મેં પહેલા જ કીધુ કે વીજળીનો સ્ટોરેજ થતો નથી અને એના કારણે જરૂરિયાતવાળા રાજયો વીજળી ખરીદે છે. જે પાવર પર્ચેઝ ૨૦૦૮-૦૯માં બીજા રાજયોએ કર્યું છે. ગુજરાતે એવરેજ છ રૂપિયા અને એકસઠ પૈસા કર્યું છે. આંધ્ર પ્રદેશે સાત રૂપિયા અને ચોર્યાસી પૈસાએ કર્યું છે. દિલ્હીએ આઠ રૂપિયા અને બે પૈસાએ કર્યું છે. મહારાષ્ટ્રએ આઠ રૂપિયા અને પંચોતેર પૈસાએ કર્યું છે. ઓરીસ્સાએ નવ રૂપિયા અને ચાર પૈસાએ કર્યું છે અને વધારાની વાત કરું ૨૦૦૮-૦૯માં આપણે વીજળી ખરીદી એની જોડે વીજળી વેચી હતી પણ ખરી અને હું આપને ખાલી વેચવાના ભાવ આપું. આપણે જે એવરેજ ખરીદી એ ૯૮૯ એ છ રૂપિયા અને એકસઠ પૈસાએ ખરીદી અને સાત રૂપિયા અને એકયાસી પૈસાએ વેચી છે. એમાં આંધ્રપ્રદેશને સાત રૂપિયા અને અઠયોતેર પૈસાએ વેચી. દિલ્હીને સાત રૂપિયા અને ચુંમોતેર પૈસે વેચી. મહારાષ્ટ્રને સાત રૂપિયા અને પંચોતેર પૈસે વેચી. તામિલનાડુને આઠ રૂપિયા અને છયાસી પૈસે વેચી. રાજસ્થાનને છ રૂપિયા અને અઠયોતેર પૈસે વેચી. વધારે નહીં વાત કરું. ગઈકાલે જે અદાણી એન્ટરપ્રાઈઝે ગુજરાતને સૌથી વધારે વીજળી આપવાની વાત કરી.અદાણી એન્ટરપ્રાઈઝે આંધ્રપ્રદેશને ૭.૭૫ પૈ. વેચી છે. હરિયાણાને ૬.૫૫ પૈ. વેચી છે અને મહારાષ્ટ્રને ૭.૪૨ પૈ. વેચી છે. રાજસ્થાનને ૮.૪૮ પૈ. વેચી છે. આનાથી વધારે ભાવ એમણે લીધા છે. મારે ધ્યાન દોરવાનું છે કે આજની તારીખમાં આપણે ત્યાં વીજળી જ્યારે વધારે હોય, બ્રેકિંગ ડાઉન હોય, ન લેતા હોય ત્યારે વીજળી બહાર આપીએ છીએ, છતા આજની તારીખમાં પ્લાન્ટો બંધ કરવો પડે છે. હું આપને કહું આ જ વર્ષમાં ૨૦૦૯-૧૦ માં ન લેવાના કારણે અને આ વખતે માંગ ન હોવાના કારણે આખા વર્ષની ટોટલ ખાસ કરીને અત્યારે ડિસેમ્બર, જાન્યુઆરીની અંદર ખેતીમાં માંગ ઓછી હોય છે. બહાર કોઈ લેનાર નથી હોતું, ત્યારે પ્લાન્ટ બંધ કરવો પડે છે. આખા વર્ષની જોઈએ તો ૭૩૨ મિલિયન યુનિટ આપણે બંધ કરવામાં આવ્યા છે. મારે ખાસ આપને એ જ વાત કરવાની છે કે વીજળી ખરીદી અને વીજળી વેચીએ છીએ એ કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે વેચીએ છીએ. કેન્દ્ર સરકારે જે લાઈસન્સો આપ્યા છે, એ જ ટેન્ડરમાં ભાગ લે છે. એલ-૧ આવે છે એને આપીએ છીએ. અને એલ-૧, એલ-૨ માં ખાનગી પાર્ટી હોય કે સરકારી કંપની પાર્ટી હોય એ જોવાતું નથી. ટ્રેડર હોય અને સસ્તી મળતી હોય તે આપીએ છીએ. આનંદ થાય છે કે આજની તારીખમાં ગુજરાતને આખા વર્ષની વીજળી જરૂર પડે ત્યારે વીજળી આપે છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશભાઈ,

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈના પ્રશ્ન અંગે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર... ઑર્ડર.

**શ્રી રાકેશ શાહ** : હું ગંભીર મુદા ઉપર ધ્યાન દોરવા માગું છું કે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીજળીની ચર્ચા ચાલે છે, તો *(xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ આ પ્રશ્ન એમાંથી ઉપસ્થિત નહિ થાય. આ નહિ કહેવાય. અડધા કલાકની ચર્ચાની મર્યાદામાં આ પ્રશ્ન આવતો નથી. શ્રી શંકરભાઈ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો મૂળ પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : મેં રાકેશભાઈનો પ્રશ્ન એલાઉ નથી કર્યો. મૂળ પ્રશ્નના સંદર્ભમાં જે જવાબ અપાય છે. હું આપને તક આપીશ. શ્રી શંકરભાઈ ચૌધરી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે આપે ચર્ચાની મંજૂરી આપી છે.

**અધ્યક્ષશ્રી** : તમે ચર્ચામાં જે મુદો ઊભો કર્યો એનો જવાબ આપ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો મૂળ પ્રશ્ન જેના માટે ચર્ચા આપી છે એ ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો જ નથી.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : તમે ચર્ચામાં મુદો ઊભો કર્યો..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન એ હતો કે ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ એમાં આ..

**અધ્યક્ષશ્રી** : તમે જે પ્રશ્નો ઊભા કર્યા જે તમારો અડધા કલાકની ચર્ચામાં જવાબ એમણે આપ્યા છે. એ જવાબ આપ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નથી આપ્યો.

**અધ્યક્ષશ્રી** : તમે જોઈ જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ક્લેરિફિકેશન કરવા દો.

**અધ્યક્ષશ્રી** : હું તમને તક આપું છું. શંકરભાઈ પછી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ મૂળ પ્રશ્ન હતો એમાં ટ્રેડર્સ પાસેથી જ્યારે એકદમ પીક અવર્સ દરમ્યાન ખરીદેલી વીજળી હતી, એની વિગતો આની અંદર આપેલી છે. માનનીય મંત્રીશ્રીએ વિગતો આપી, એ ફરી પાછી એ જ આપી. મારો મૂળ પ્રશ્ન ટોટલ વીજળી ખરીદી, ઉત્પાદન થયું અને ટોટલ એનું વેચાણ થયું. એ કોની પાસેથી કેટલું ઉત્પાદન હતું અને કેટલું કોની પાસેથી વેચાણે લેવામાં આવ્યું. એ કુલ ઉત્પાદન છે, એનો જવાબ માનનીય મંત્રીશ્રીએ કયા ભાવે લીધી એ આવ્યું નથી.

**શ્રી સૌરભ પટેલ** : બધા નામ વાંચી જાઉં છું. કોની પાસેથી લીધી. ન્યુકિલયર પાવર કૉર્પોરેશન, તારાપુર ૧૦૯૧ મિલિયન યુનિટ, ન્યુક્લિયર પાવર કૉર્પોરેશન..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કયા ભાવે લીધી છે.

**શ્રી સૌરભ પટેલ** : બધુ કહું છું. સાહેબ ૩૫ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ઈશ્વરભાઈ, હર્ષદભાઈ જો આપ બધા બોલવાના હોય તો હાઉસ ચાલશે કેવીરીતે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર કેન્દ્ર સરકારના પણ ૧૩ યુનિટ છે. ખાનગી એકમના બે યુનિટ છે. ગુજરાત સ્ટેટ હસ્તકના સ્વતંત્ર ૫ એકમ છે અને ગુજરાત સ્ટેટ ઈલૅક્ટ્રીસીટી કૉર્પોરેશનના ૧૧ યુનિટ છે. તે ઉપરાંત પવનચક્કી અને કૅપ્ટિવ પાવર પ્રોજૅકટ જો આપ કહેતા હોવ તો બધાના નામો આપું. એક સાથે કહું. ન્યુકલિયર પાવર કૉર્પોરેશન તારાપુર સૌથી જૂનું યુનિટ છે.ફીકસ્ડ કોસ્ટ છે એટલે ૦.૯૮ પૈસે મળે છે. ન્યુકલિયર પાવર કૉર્પોરેશન બીજું ૨.૮૮ પૈસા. ન્યુકલિયર પાવર કૉર્પોરેશન કાકરાપાર ૨.૦૯ પૈસા, સાહેબ હું ૨૦૦૯ અને ૨૦૧૦ના સાથે બોલતો જાઉં. પહેલાં તારાપુરના ૦.૯૮ના ૦.૯૫ થયા. ૨.૮૮ ના ૨.૧૭ થયા, ન્યુકલિયર પાવર કૉર્પોરેશન કાકરાપારના ૨.૦૯ પૈસાના ૨.૨૦ પૈસા થયા. એન.ટી.પી.સી. વિંધ્યાચલના કોલસાના ભાવના વધારાને કારણે ૧.૪૩ પૈસાના ૧.૫૫ પૈસા થયા. એન.ટી.પી.સી.વિંધ્યાચલ-૨ ના ૧.૬૨ ના ૧.૯૦ થયા. એન.ટી.પી.સી. વિંધ્યાચલ-૩ના ૨.૦૦ના ૨.૧૩ પૈસા થયા. એન.ટી.પી.સી. કોરબાના ૦.૯૨ના ૧.૧૬ પૈસા થયા. કહું છું ભાઈ. પછી એન.ટી.પી.સી. કવાસના ૬.૮૬ પૈસા ઈમ્પોર્ટ ગેસથી મળતો હતો તે આજની તારીખમાં રીલાયન્સનો ગેસ આવવા માંડયો એટલે ૩.૬૭ પૈસા થયા. હજુ ઘટવાની શક્યતાઓ છે. કવાસ છે એટલે ગુજરાતને વધારે વીજળી મળે છે એટલે અપેક્ષા રાખીએ કે આવતા દિવસોમાં વધારે સસ્તો ગેસ આને આપે અને આપણને ફાયદો કરાવે. એન.ટી.પી.સી. ગંધાર ૧૫૨૮ના ૪.૯૦ પૈસાના ૩.૨૭ થયા. આ પણ ઈમ્પોર્ટેડ ગેસનો ભાવ હતો. એન.ટી.પી.સી. કરગાંવ ૨.૧૭ પૈસાના ૨.૩૭ પૈસા થયા. કોલસા આધારિત પ્લાન્ટ છે. એન.ટી.પી.સી. શીપતના ૧.૬૮ પૈસાના ૧.૭૩ થયા અને આ પણ કોલસા આધારિત પ્લાન્ટ છે. સરદાર સરોવર નિગમ ૨.૦૫ પૈસાના ૨.૦૫ પૈસા રહ્યા અને યુ.આઈ.એ માં ૫.૨૦ ના ૩.૯૩. આ સેન્ટ્રલ. આ ઉપરાંત આપ સૌને મારે જાણ કરવાની કે જે અનએલોકેટેડ પાવર આ વતો હતો તે અનએલોકેટેડ સેન્ટ્રલ સેકટર આપણને આપણું હતું તે સેન્ટ્રલ સૅકટરનો અનએલોકેટ પાવર કપાઈ ગયો.

**અધ્યક્ષશ્રી** : ચર્ચાનો સમય પૂરો થાય છે. ચર્ચા ૪.૦૭ મિનિટે શરૂ થઈ હતી અને ૪.૩૭ મિનિટે પૂરી થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪.૩૭ વાગ્યે પૂંરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૯મી માર્ચ,૨૦૧૦ ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૯ મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૮, ૧૯૩૧ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી શ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર... ઓર્ડર..

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, હું આપને તક આપું છું પણ પહેલા સૂચના આપી દઉંને. એટલે પછી

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા માટે માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા માટે ચાર બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઈ સિધ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કર નાંખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાવખતે નહિ પણ અનુદાનની માગણીઓ વખતે ચર્ચા કરવાની હોય છે. માનનીય સભ્યશ્રી આ બાબતમાં ધ્યાન રાખશે તો પુનરોકિત થશે નહિ અને ચર્ચા ઉપયોગી થશે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### અંદાજપત્રના પત્રકો સભ્યશ્રીઓને સમયસર નહિ મળવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના વખતો વખતના નિર્ણયો ઉપર ધ્યાન દોરીને હું મારો પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કરું છું અને આપે વારંવાર સૂચનાઓ એવી આપી છે કે અંદાજપત્રની સાથે જ જરૂરી પત્રકો છે એ એમની સાથેજ જોડીને આપવા જોઈએ. એટલું જ નહિ, આપણે જે ગુજરાત રાજ્ય વિતિય જવાબદારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ રજૂ કરવાના જે પત્રકો છે એ પત્રકોની પણ એ રાજ્ય વિતિય જવાબદારી અધિનિયમ લાવ્યા ત્યારે રાજ્ય સરકાર ઉપર જવાબદારી મૂકેલી હતી કે આટલા આટલા પત્રકો એની અંદર સામેલ કરવા જોઈએ. નિયમ પણ છે અને આપણે કાનૂન પણ બનાવેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને અંદાજપત્ર પ્રકાશન નંબર ૩૦ ઉપર આપનું ધ્યાન દોરવા માગુ છું. એમાં સાતમાં પેઈજ ઉપર મુખ્ય સદરવાર રાજ્યનું એકંદર..

**અધ્યક્ષશ્રી** : હું કોપી મંગાવી લઉં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, છતાં હું આપને એ દરમ્યાન વાત કરી લઉં.

**અધ્યક્ષશ્રી** : હા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાતમાં પેઈજ ઉપર કોષ્ટક ૩ (૧) અને ૩(૨) આપેલું છે. એમાં મુખ્ય સદરવાર રાજ્યનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન સામે સદરવાર ફાળો. આ પત્રક સ્ટાન્ડર્ડ ડિઝાઈન કરેલું પત્રક છે. એ ચાલુ ભાવે અને સ્થિર ભાવે એમ બન્ને ભાવ.આપવાનું હોય છે. સાચી રાજ્યની નાણાકીય સ્થિતિ એ માત્ર સ્થિરભાવે જ ગણતરી થઈ શકે પણ આની અંદર માત્ર ચાલુ ભાવે આપેલું છે. અગાઉના વર્ષ સુધી સ્થિર ભાવે અપાતું હતું. મારી પાસે ૨૦૦૯-૧૦ પત્રક છે અને એમાં આગળના વર્ષ પર વૃદ્ધિ દરની ટકાવારી ચાલુ ભાવે અને સ્થિર ભાવે બંને પત્રક આપેલા છે. જ્યારે આ વખતે આ પત્રક જે આપ્યું છે એ માત્ર ચાલુ ભાવે આપ્યું છે અને ચાલુ ભાવે જે પ્રાઈઝ ઈન્ડેક્ષ વધે એને કોમ્પેન્સેટ કરવામાં ના આવ્યું હોય એટલે સાચું ચિત્ર મળતું નથી. આખી દુનિયાની અંદર નાણાકીય જે ગણતરી થાય છે તેમાં તમામ ફિગરોનું રિફલેકશન છે એ સ્થિર ભાવે પણ આપવું પડતું હોય છે અને કાનૂનની જોગવાઈ છે અને આપના નિયમની જોગવાઈ છે. એ કાનૂનની જોગવાઈનું પણ પાલન કર્યુ નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય નાણામંત્રીશ્રી

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઈ રજૂઆત કરી છે પત્રકોની એ બરાબર રીતે કરી છે. બેય રીતે આપવાની જરૂર નથી હોતી. ચાલુ ભાવે કે સ્થિર ભાવે એમાંથી એક ભાવે આપવા માટેની વાત હોય, ભૂતકાળમાં બેય રીતે આપેલું હોય એવું કાંઈ નથી. કે આપણે બે રીતે આપવા જોઈએ. મેં જે આપ્યું છે એ બરાબર આપ્યું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું અપેક્ષા રાખતો હતો અને એટલા માટે જ પહેલા નહોતો ઉભો થયો કે માનનીય નાણામંત્રીશ્રી સામાન્ય રીતે રાજકીય ઓબ્ઝર્વેશન વગર પોઝીટીવ વાત કરતા હોય છે. સભ્યશ્રીને જે ફાઈનાન્શીયલ એકસપર્ટ નથી એને સરળ રીતે વધુ સારી રીતે સમજી શકાય. બંને પત્રકો આપવાની પદ્ધતિ હતી જ. આપ એવું શા માટે નથી કહેતા કે હું ચકાસી લઈશ મેમ્બરની રજૂઆત. વિભાગને સૂચના પણ આપીશ. આપને માત્ર એક કોલમ વધારવાની , જો સભ્યશ્રીને બીલ ઉપર બોલવામાં, ડિમાન્ડ ઉપર બોલવામાં અનુકૂળતા ઉભી થતી હોય અને આજ સુધી અપાતું હોય એનો અર્થ એવો નહીં કે એ બીનજરૂરી હતું. ભૂતકાળમાં અપાયેલું કોલમ અત્યારે હટી જતું હોય એ બરાબર નથી અને એટલા માટે આપ ચકાસીને વિભાગને સૂચના આપો કે જે ભૂતકાળની વર્ષોની પરંપરા મુજબ જે કોલમો અપાતા હતા એ કોલમો પાછળના લોજીક હોય છે અને" આપણા જાહેર ખર્ચ પર વિધાનસભાના અંકુશો" કાંતિલાલ પંચાલ લિખિત પુસ્તક છ જાહેર ખર્ચમાં વિધાનસભાના અંકુશો, એમાં પણ આપણે જોઈએ તો એક સ્પષ્ટ વાત કરવામાં આવી છે કે નાણાકીય બાબતતોમાં સભ્યોને અનુકૂળતાપૂર્વક મેકસીમમ ઈન્ફર્મેશન જેટલી આપી શકાય એટલા માટે માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ ઉપસ્થિત કરેલો મુદ્દો છે એ બંને ભાગના સભ્યશ્રીઓની સરળતા માટે, ઉપયોગીતા માટે છે એટલા માટે આપ ચકાસો હું અપેક્ષા એવી રાખું છું. જરૂર પડે માનનીય અર્જુનભાઈ સાથે ચર્ચા કરીને પણ જે ભૂતકાળમાં કોલમ અપાતું હતું એ કોલમ ભવિષ્યમાં આવે જ એવી વ્યવસ્થા થાય અને એ માટેના આપના જરૂરી આદેશો પણ અપેક્ષીત છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા કોઈએ આવો જવાબ આપ્યો હોત તો મારે કહેવાનું ન રહેત પરંતુ માનનીય નાણામંત્રીશ્રીએ એવું કીધું કે આ જે ચાલુ ભાવ છે એ અને જે સ્થિર ભાવ છે એમાં ચાલુ ભાવે આપ્યું હોય તો ચાલે એ વાત સાચી એટલા માટે નથી કે ચાલુ ભાવથી કોઈ દિવસ ગ્રોથ રેટ છે દેશનો કે રાજયનો કે દુનિયાના કોઈ દેશનો કયાંય ગણવામાં આવતો નથી એટલા માટે જે પ્રાઈઝ ઈન્ડેક્ષ વધે છે એ એક વર્ષના સાપેક્ષમાં એને કોમ્પેન્સેટ કરવાનો છે અને એનાથી જ સાચું ચિત્ર આપણને ખ્યાલ આવે છે. આજે દેશનો ચાલુ ભાવે વિકાસ દર ગણીએ તો દસ ટકા ઉપર જાય છે પરંતુ સ્થિર ભાવે ગણીએ તો ૭.૨ટકા થાય છે અને આખા દેશને ખબર છે કે આપણો વિકાસ દર ૭.૨ટકા છે. દસ ટકા ઉપર નથી. આખા રાજયનો વિકાસ દર પણ જો સાચું માપ એનું કાઢવાનું હોય તો માત્ર ને માત્ર એના સાપેક્ષ ૭.૨ટકાની સાપેક્ષમાં આપણો દર છે એ બધા જ રાજયો ગણે છે અને એટલા માટે જ અત્યાર સુધી અપાતું જ હતું આ. આ વખતે જ નવું કર્યું છે અને ચાલુ ભાવ છે એ તો એટલા માટે કરવામાં આવે છે કે અત્યારના ભાવથી પછી સ્થિર કાઢવાનું છે. ફાઈનલ પત્રક જે ગણવાનું છે એ તો સ્થિર ભાવનું પત્રક છે અને સ્થિર ભાવ ઉપરજ ચર્ચા થતી હોય છે એટલે માનનીય નાણામંત્રીશ્રી એમ કહે કે ના, ના ચાલુ ભાવે આપી દીધું છે તો અધુરુ પત્રક છે. જો પૂરી માહિતી આપવી હોય તો ૩.૨ અને ૩.૧ બંને પત્રકો એ સ્થિર ભાવે આપવા જોઈએ. ૨૦૦૫થી નહીં જયારથી બજેટ અપાતું હતું ત્યારથી શરૂ કરીને આજ દિવસ સુધી સ્થિર ભાવે અપાતું રહયું છે. માત્ર રાજયનું સાચું ચિત્ર બહાર ના આવી જાય એટલા માટેની આ પ્રોસેસ વ્યાજબી નથી અને બીજું એફ.આર.બી.એમ. આપણે જયારે એકટ લઈ આવ્યા છીએ ત્યારે એફ.આર.બી.એમ. એકટની અંદર બહુ સ્પષ્ટ વાત દેશની પાર્લામેન્ટે અને કેન્દ્ર સરકારે કહયું છે કે આટલા આટલા પત્રકો તમારે અમને આપવા પડશે તો એ પત્રકોની અંદર પણ આ વખતે પહેલી વખત છે આપના નિર્ણયોની વિરુધ્ધ છે, એફ.આર.બી.એમ. એકટની વિરુધ્ધ છે એટલે ના હોય તો વાંધો નહીં પછી મૂકી આપ એમને સૂચના આપો પણ એમ કહે કે એના વગર તો ચાલે તો એ ચાલે નહીં એટલું જ ધ્યાન દોરવા માગુ છું.

**અધ્યક્ષશ્રી** : તમારો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપરનો મારો નિર્ણય હું સ્થગિત રાખું છું કારણ કે મારે આપની ચર્ચા અને બાકીના અગાઉના પ્રોસીડિંગ્ઝ અને આપે જે લોકસભાની વાત કરી છે એનો પણ અભ્યાસ કરીને કેવા પ્રકારનું સાહિત્ય મૂકવું જોઈએ ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ભારત સરકારનો પણ..

**અધ્યક્ષશ્રી** : એ મારે જોવા જેટલો તો સમય મને મળેને એ સમય પછી હું ચોકકસ એ અંગેનો હું આજે કે આવતી કાલે મારો ઉપર નિર્ણય આપીશ. ચર્ચા આગળ ચાલુ કરીએ.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાતની સ્થાપનાને ૫૦માં વર્ષે સ્વર્ણિમ વર્ષમાં બજેટ લઈને આવ્યા. કંઈક અપેક્ષાઓ હતી કે સ્વર્ણિમ વર્ષનું બજેટ છે કઈક સ્વર્ણિમ વાત આવે, કઈક નવી, લોકોને ઉપયોગી વાત આવે. ૩ વર્ષથી ગુજરાતની જનતા ૨૫ ટકાનો સરચાર્જ ભોગવી રહી છે. દેશમાં કયાંય ન હોય, ભૂતકાળમાં કયારેય નંખાયો ન હોય એવો વેલ્યુ એડેડ ટેકસ ઉપરનો ૨૫ ટકાનો સરચાર્જ દૂર થાત એવી પરિકલ્પનાઓ હતી. કેટલાંકક સૂચનો આગોતરા અમે કર્યાં હતાં. આ સ્વર્ણિમ વર્ષમાં ગુજરાતની જનતા માટે કેવું બજેટ હોવું જોઈએ. મને અત્યંત આઘાત અને નિરાશા એ વાતની થઈ કે આ રાજ્યની જનતા માટે ટેકસનું ભારણ ઘટાડવામાં ન આવ્યું. ૨૫ ટકાનો વધારાનો સરચાર્જ આપે

દૂર ન કર્યો, પણ આપના ટેકસનો કોરડો કોની ઉપર વીંઝાયો, મધ્યમ વર્ગ ઉપર વીંઝાયો, સામાન્ય માણસ ઉપર વીંઝાયો. આપને જે વાત કરવા માગતા હતા. આપની પાસેની જે અપેક્ષાઓ હતી, એ પરિપૂર્ણ થાય તેવી વાત ન કરી. સૅકન્ડ હેન્ડ કાર કોણ લે છે? સામાન્ય માણસ લે છે, મધ્યમ વર્ગનો માણસ લે છે. એ સૅકન્ડ હેન્ડ કાર ઉપર આપ ટેકસ નાખો છો અને મોટા લોકો છે. મોટા લોકોની આપ ચિંતા નથી કરતા. જેની પાસે આપે ૭૩૦ કરોડ રૂપિયા વધારે લીધા. ગુજરાતની જનતા પાસેથી ટેકસના નામે લીધા. એક પણ રૂપિયાની જરૂર ન પડત. આ ગુજરાતમાં જે મોટા લોકો છે, જેની પાસે સેલ્સ ટેકસના, વેલ્યુ એડેડ ટેકસના ૧ કરોડ કરતા વધારે, હું નાના વેપારીની વાત નથી કરતો, એક કરોડ કરતા વધારે રૂપિયા ટેકસના આપે લેવાના બાકી છે. એવા ગુજરાતમાં કેટલા છે? માનનીય અધ્યક્ષશ્રી, ૬૮૬ ઉદ્યોગો એવા છે, જેની પાસે એક કરોડ કરતા વધારે ટેકસના પૈસા લેવાના બાકી છે. એ ગરીબના ઝૂંપડાવાળાને ત્યાં વીજ નિગમના અધિકારીઓ પહોંચે છે કે તે વીજ ચોરી કરી છે. ૫૦,૦૦૦ રૂપિયાની, ૨૫૦૦૦ રૂપિયાની, ૭૫૦૦૦ રૂપિયાની. જેલના સળિયા બતાવવામાં આવશે. કડકમાં કડક પગલાં લેવામાં આવશે અને વસૂલીની કાર્યવાહી કરવામાં આવશે અને જેની પાસે ૧-૧ કરોડથી વધારે રૂપિયા બાકી છે. થોડા ઘણા નહિ, ૬૮૬ વ્યકિતઓ પાસેથી એક કરોડથી વધારે પૈસા આપે લેવાના બાકી છે. આપે એના પૈસા પતાવ્યા હોત તો આપને ૧ રૂપિયો વધારે ટેકસ ન નાખવો પડ્યો હોત. આપે ઊલટાની બજેટમાં રાહત આપી શક્યા હોત, પરંતુ મોટા માટે મજા કરે, વાંધો નહિ, કરોડથી વધારે છે. એ પહોંચી શકશે, સમજી શકશે, ગોઠવી શકશે. પેલો નાનો માણસ ક્યાં જશે? એના ઉપર ટેકસ આવે, પરિસ્થિતિ શું થશે? આપે સૅકન્ડ હેન્ડ કાર ઉપર ટેકસ નાખ્યો છે. બધા જ ફાઈનાન્સ વાળા નથી હોતા. બધા જ સૅકન્ડ હેન્ડ સેલ છે એ કોઈ લીઝ ફાઈનાન્સિંગ વાળાના નથી કે જેનો રેકૉર્ડ મેઈન્ટેઈન કરી શકાશે. પરિણામ શું થશે? વેચનાર માણસ છે એ વાહન વેચશે, લેનાર માણસ લેશે. મધ્યમવર્ગનો માણસ માંડ માંડ છેડા ભેગા કરીને કરતો હશે, એ વાહન ટ્રાન્સફર નહિ કરે.અને વાહન ટ્રાન્સફર નહીં થાય એટલે વધારાની સમસ્યાઓ ઉભી થશે. કેટલી વખત આપ ટેક્સ લેશો? શું જેટલી વખત વાહન વેચાણ કરશે એટલી વખત ટેક્સનું મીટર ફરશે કે પહેલું વાહન વેચાણ થાય ત્યારે જ લેવા માગો છો? હું જે સમજ્યો છું તે પ્રમાણે આપ તો દરેક વખત લેવા માગો છો.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં તમાકુ ઉત્પાદન કરનારા પ્રથમ હરોળના રાજયોમાં ગુજરાત રાજય છે અને તમાકુનું સેવન કરનારા રાજયોમાં ગુજરાત બહું પાછળ છે. તમાકુનું બહું સેવન આપણું રાજય નથી કરતું. પરંતુ આપણા રાજયમાં તમાકુનું ઉત્પાદન વધારે થાય છે. આપણે આમાં શું કર્યુ? શબ્દો તો સારા વાપર્યા. તમાકુનું સેવન તે આરોગ્યને હાનિકારક છે અને એટલા માટે અમે ટેક્સ વધારીએ છીએ. ૨૦ ટકા ટેક્સ લઈ જઈએ છીએ. શું ટેક્સ વધારવાથી તમાકુનું સેવન ઘટી જશે તે મારો સવાલ આ છે. આપણે જાગૃતિ ઉભી કરીએ અથવા તો રસ્તો કાઢીને એવો કાયદો લઈને શકય કેટલો બનશે મને ખબર નથી? તમાકુના સેવન પર પ્રતિબંધની વાત કરી શકીએ પણ ટેક્સ વધારવા માટેની દલીલ તે આરોગ્યને હાનિકારક છે માટે તમાકુ પર ટેક્સ વધારીએ છીએ. કયાં લઈને જશો આપ આ પરિસ્થિતિ? દંડાશે કોણ? દંડાવવાનો છે નાનો માણસ. નિષ્ઠાવાન વેપારી દંડાશે. સ્મગલિંગ વધશે આપણું. બહારના રાજયમાં ટેક્સ ઓછો છે. આપ ૨૦ ટકા ટેક્સ કરશો પરિણામે બહારથી ગેરકાયદેસર ટોબેકો આવીને અહીંયાં વેચાશે. આપણા રાજયનો નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરનારો વેપારી, તેના વેપાર પર વિપરીત અસર પડશે અને તે સ્મગલિંગ કરશે. આપણા વેટના અધિકારીઓ સાથે અન્ડર ટેબલ ગોઠવણ કરશે અને તે માણસ બહારના રાજયોમાંથી લાવીને ટોબેકો વેચશે. પરિણામે આપણા રાજયની આવક વધશે નહીં અને તે આવક ઘટશે. ટેક્સ વધાર્યા પછી પણ રાજયની આવક ઘટશે અને બિન કાયદેસર રીતે વેચાણનો વેપાર વધશે. આની ચિંતા આપે નહીં કરવાની? આપે સ્ટડી કર્યો છે ખરો? આપે કોઈ પડોશી રાજયનો અભ્યાસ કર્યો છે ખરો? પડોશી રાજયોએ આ અખતરા કર્યા છે. ૨૦ ટકા ટેક્સ કર્યો હતો અને તે દિવસે ગુજરાતની આવક વધી હતી અને ત્યાંની ટેક્સની આવક ઘટી હતી. ફરી એમણે પાછો એ નિર્ણય કરવો પડયો કે તમાકુ પરનો ટેક્સ ઘટાડવો પડયો. કારણકે એમને એમના અનુભવે સમજાયું જે હું આજે આપને કહી રહ્યો છું. આ કરતાં પહેલાં આપે થોડો તો વિચાર કરવો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. આવે છે. થોડા સમયમાં આવે છે. આપણને એવી તો શું ઉતાવળ થઈ ગઈ કે આ વર્ષે આપણે આંતર રાજય વેચાણ જે થાય છે તેના પર ટેક્સ રાહતમાં આપે ૨ ટકા ઘટાડી દીધા? શું આપણે રાહ ન જોઈ શક્યા હોત? શું આપણને રસ નથી કે ગુજરાતનો વેપારી વેપાર ઉદ્યોગ કરતો હોય, ગુજરાતનો ઉત્પાદક તે ઉત્પાદન કરતો હોય તો બહારના રાજયનો માણસ બીજે કયાંય ખરીદવા ન જાય, ગુજરાતના દરવાજે ખરીદવા આવે કે યસ, મારે ગુજરાતમાંથી પરચેઝ કરવું છે. ફાયદો ગુજરાતને થાય. આપે શું કર્યુ? આપે ૨ ટકાનો માર તેના પર વધશે એટલે શું થશે આ એક જ વસ્તુ મહારાષ્ટ્રમાં ૧૦૦ રૂપિયે મળતી હોય, મધ્યપ્રદેશમાં ૧૦૦ રૂપિયે મળતી હોય અને ગુજરાતમાં તેના ૧૦૨ રૂપિયા થતા હશે તો રાજસ્થાનનો માણસ ગુજરાત પાસેથી નહીં ખરીદે. તે મહારાષ્ટ્રમાં જશે અથવા મધ્યપ્રદેશમાં જશે. પરિણામ શું થશે? આપ એવું નહીં કહી શકો કે બહારના રાજયવાળો ખરીદે છે તે બે ટકા ભોગવશે. આ તો માલ ઉપરની જકાત છે. નહીં સાહેબ, આખરે જે ગુજરાતનો ઉત્પાદક છે તેને કોમ્પીટીશનમાં જીવવું હશે તો આ વસ્તુ તમારા કારણે ૧૦૨ રૂપિયાની થઈ છે તેના પોતાના બે રૂપિયા જતા કરવા પડશે તો જ રાજસ્થાનનો માણસ મહારાષ્ટ્ર કે મધ્યપ્રદેશને છોડીને

આપણા આંગણે આવશે.કયાંય આ પરિસ્થિતિ નથી. બહારના રાજય પર માલ જાય એને તો આપણે પ્રોત્સાહક લાભો આપવા જોઈએ. એ લાભ આપણે આપતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, એક .ફેશન થઈ ગઈ છે, કંઈ પણ હોય તો કેન્દ્ર સરકાર અમને અન્યાય કરે છે, કેન્દ્ર સરકાર અમને જો રાહત આપી દેશે તો જુલાઈ પછી આ અમે લાગુ નહી પાડીએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાહત નથી માગતા, દયા પણ નથી માગતા, આપેલું વચન પૂરું કરે એટલી જ વાત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાહ, હું આભાર માનું છું વજુભાઈનો કે મને નવા એંગલથી આવી વાત કરવાની, આપને જવાબ આપવાની તક મળવાની છે અને આપને તક મળે એનો બરાબર ઉપયોગ કરજો, માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેટ અને સેન્ટ્રલ વચ્ચેના રિલેશન છે, સ્ટેટ અને સેન્ટ્રલ વચ્ચેના રિલેશન એમાં કોઈ ઈનજસ્ટીસ થાય તો આપણા દેશના બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણમાં બહુ સારી વ્યવસ્થા છે, નામદાર હાઈકોર્ટ છે, નામદાર સુપ્રિમ કોર્ટ છે, માનનીય અધ્યક્ષશ્રી, મારો પોતાનો અનુભવ છે કે કેટલાક કિસ્સાઓમાં કહયું છે, કે judiciary may not interfere. પણ જયાં અન્યાય થતો હોય છે ત્યાં આ દેશની જયુડીસરી એક પગલું આગળ વધીને ના ઈન્ટરફીયર કરવાનો હોય ત્યાં પણ નોટિસો કાઢે છે અને ઈન્ટરફીયર કરે છે. આપને એમ લાગતું હોય કે કેન્દ્ર સરકાર અન્યાય કરે છે, તો શું આપના દરવાજા બંધ થઈ ગયા છે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના? આપ નથી જઈ શકતા? આપ ન્યાય નથી લાવી શકતા? પણ વાત જ જયારે આપની મૂળમાં ખોટી હોય, ત્યારે ન્યાયના દરવાજે કયાંથી જાઓ? કારણકે ન્યાયના દરવાજે જાઓ તો આપને દંડો પડે, કારણ કે આપની વાતમાં જ બેઈઝ ના હોય, આ તો ભાષણોમાં કરવાનું, હવે તો નવી ફેશન, વિધાનસભાઓમાં ટીકા નહોતી થતી કેન્દ્ર સરકારની, પણ હવે એમાં પણ ટીકાઓ કરવાની કે કેન્દ્ર અમને અન્યાય કરે છે, બાકી તાકાત હોય, વચન હતું વચનનું પાલન કરાવવાનું હતું, અને કેન્દ્ર સરકાર પાલન નથી કરતી તો જાઓ સુપ્રિમ કોર્ટ પાસે, હુકમ લઈ આવો, પાલન કરાવો અને ન્યાય અપાવો ગુજરાતની જનતાને, પણ તમારી એ તૈયારી નથી, એટલે કોણ દંડાય છે? દંડાય છે ગુજરાતનો માણસ, તમે શું કર્યું ? તમે એ વાત કરી કે ગુજરાતના વેપારીઓ પર બે ટકાનો માર નાખો છો, કે અમને કેન્દ્ર કરશે તો જુલાઈ પછી અમલ નહીં કરીએ. અરે, સાહેબ, આપની વાતમાં વજૂદ નથી અને વજૂદ હોતને તો Federal structure માં, વજુભાઈ આપ જઈને ન્યાય લાવી શકયા હોત. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, ચર્ચા જે રીતે ચાલી રહી છે હું આપને ચોકકસ તક આપીશ જો આપ ઈન્ટરવીન થવા માગતા હશો તો આપના પછી આપને કહું કે તમે જવાબ આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બેઠાં બેઠાં બોલવું બહુ સહેલું છે,

**અધ્યક્ષશ્રી** : તો મેં કહયું છે આપ આપની વાત ચાલુ રાખો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બાકી તો વિધાનસભામાં દશ મિનિટ બોલતાં પહેલાં દશ કલાક..તૈયારી કરવી પડે છે..

**અધ્યક્ષશ્રી** : આપ આપની રીતે બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં આ જ વિધાનસભા ગૃહમાં ખૂબ મોટા શબ્દોથી માહિતી ખાતાના બોલ્ડમાં બોલ્ડ અક્ષરોથી પ્રેસ નોટિસ ઈસ્યુ થઈ, જાતે પીઠ થપથપાવી, કે અમે મહેસૂલી હિસાબ ઉપર ૨૬૫.૫૬ કરોડની પૂરાંત લઈને આવ્યા છીએ, મેં ત્યારે પણ કહયું હતું કે, સાચા હિસાબો આવે અને મહેસૂલી પૂરાંત રહેશે તો હું તમને અભિનંદન આપીશ, મેં મારી બજેટ સ્પીચમાં ઓન રેકોર્ડ કહયું હતું. આજે શું થયું સાહેબ? ૨૦૦૮-૦૯માં જયારે આપે ઢોલ વગાડીને કહયું હતું કે મહેસૂલી પૂરાંત ૨૬૫.૫૬ કરોડની છે, આજે ચોખ્ખા હિસાબના અંતે મહેસૂલી પૂરાંત ના રહી, મહેસૂલી ખાધ આવી અને ૬૫.૭૫ કરોડ રૂપિયાની મહેસૂલી ખાધ આપના બજેટમાં આવી છે, કયા મોઢે વાત કરો છો? આ વર્ષે પણ માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી ખાધની વાત કરું છું, માનનીય અધ્યક્ષશ્રી, ૪૫૦૨.૦૨ કરોડ રૂપિયાની આપ મહેસૂલી ખાધ લઈને આવ્યા છે. આ બધું કરવા છતાં ગુજરાત રાજ્યનું દેવું ક્યાં પહોંચ્યું? ૧,૧૨,૪૬૨ કરોડ રૂપિયાનું દેવું ગુજરાત ઉપર થયું. કહેશે મને ખબર છે કે, કેન્દ્ર પણ દેવું કરે છે. જેનામાં ત્રેવડ હોય એ દેવું કરે. યસ. આ વ્યવસ્થામાં એક ઈન્ડિપેન્ડન્ટ એજન્સી આપી છે કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ(કેગ) કેન્દ્ર સરકારને કેગે દંડો મારીને નથી કહ્યું કે, તમારી તાકાત વગરનું દેવું ન કરો તમારા અર્થતંત્રને નુકસાન થશે. કયારેય એવી ટીકા નથી કરી ગુજરાત સરકારના દેવા માટે કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર નજરલે કહ્યું છે કે ગુજરાત જે રીતે દેવું લઈ રહ્યું છે એ દેવાના કારણે ગુજરાતની આવતા દિવસોની અર્થવ્યવસ્થા છે એના ઉપર અવળી અસર પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં આપણે જે વ્યવસ્થા ગોઠવી હતી કેમિકલ્સની. કેમિકલ્સને આપણે સ્પેશિયલ શેડ્યુલમાં રાખ્યું હતું કારણ કે કેમિકલ્સ છે એ પ્રોસેસમાં જાય છે. ગુજરાતને સૌથી મોટો ફાયદો ઉત્પાદનોમાં, વિકાસમાં ગુજરાતને કેમિકલ્સનો મેકસીમમ ફાયદો હતો. આપે એને કલાસિફાઈડ એન્ટ્રીમાં રાખેલું હતું. કલાસિફાઈડ એન્ટ્રીમાં હોવાના કારણે એના પર ટેક્સ માત્ર ૪ ટકા હતો આપે એક વધારાનું જે ભારત નાંખ્યું એનો ૧ ટકો વધ્યો એટલે ૫ ટકા ટેક્સ હતો. ખબર નહીં શું થયું કલાસિફાઈડ એન્ટ્રીમાંથી કેમિકલ્સને હટાવી દીધું

એટલે ૧૨.૫ ટકા અને ૨.૫ ટકા આપનો સરચાર્જ ૧૫ ટકાનો ટેક્સ કેમિકલ્સ પર આવ્યો. હું આ સ્પીચ પર કોઈ પણ જાતના ભ્રષ્ટાચારના આક્ષેપ ન કરું તો પણ હું આપના મારફતે આ ગૃહને વિનંતી કરુ છું કે ગંભીરતાથી વિચારે જે એન્ડ પ્રોડક્ટ નથી એવી પ્રોડક્ટ પર કલાસિફાઈડ એન્ટ્રી હતી ૪ ટકા ટેક્સ એના ૧૫ ટકા થયા અને પછી શું કર્યું? નોટિફિકેશનથી, બાઈ વે ઓફ નોટિફિકેશન ચોક્કસ કેમિકલ્સને ચોક્કસ રાહતો આપવાની પ્રક્રિયા થઈ એની પાછળનું લોજીક શું છે આપનું? શું આપને કોઈ મળી જાય, શું આપણું ક્યાંય ગોઠવાઈ જાય એના માટેની આપણી આ ચિંતા છે?

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગરીબની વાત કરીએ છીએ. મારે સીધી વાત કરવી છે. દલિત ભાઈઓ માટે શેડ્યુલકાસ્ટ માટે સ્પેશિલ કોમ્પોનન્ટ પ્લાન છે અને પ્લાનિંગ કમિશને કહ્યું છે કે વસતિના ટકાવારી મુજબ એમને આપો. આ સૌથી મોટું કલ્યાણ તો જ થઈ શકે દલિત ભાઈઓની વસતિ ગુજરાતમાં ૭ ટકા છે અને એટલા માટે ટોટલ પ્લાનમાં ૭ ટકા પૈસા એ દલિત ભાઈઓ માટે વપરાવા જોઈએ. શું થયું? આપનો પ્લાન ૨૦૦૮-૨૦૦૯માં ૨૧ હજાર કરોડનો હતો અને એટલે ૭ ટકા મુજબ મીનીમમ ૧૪૦૦ કરોડ રૂપિયા દલિત ભાઈઓ માટે વપરાવા જોઈએ. આપે શું કર્યું? બજેટમાં એક એસ્ટિમેટ મુકયું ૧,૦૫૧ કરોડ. ૧૪૦૦ કરોડની સામે કેટલા ફાળવ્યા? ૧,૦૫૧ કરોડ અને વર્ષના અંતે વાપર્યા કેટલા? માત્ર ૯૬૦ કરોડના ૭ ટકા વાપરવાના હતા ૪.૫૭ ટકા જ માત્ર વાપર્યા. શું આપણે ઉદ્યોગપતિઓના જ છીએ? આપણને પેલો એન્ડ પર બેઠેલો માણસ નથી દેખાતો કે એના તો આપણે ફક્ત ભાષણો જ કરવાના છે? એની ચિંતા કરવાની જવાબદારી નથી? હું તો કહું છું કે, પક્ષથી ઉપર ઉઠીને આ વિધાનસભા ગૃહમાં સત્તાધારી પક્ષના ધારાસભ્યશ્રીઓએ પણ જ્યારે આવું થતું હતું ત્યારે અવાજ ઉઠાવીને કહ્યું હતું કે આ અન્યાય થાય છે. પરંતુ અહીં અન્યાયની ચિંતા નથી. સામાજિક સેવાઓ. જોગવાઈ કરવામાં આવે છે અને જોગવાઈના અંતે ૨૦૦૮-૨૦૦૯માં ૬૪,૨૨૦ કરોડ રૂપિયા સામાજિક સેવાઓના વપરાયા વગર પડ્યા રહ્યા આ સામાન્ય માણસને અન્યાય નહીં તો આને આપ બીજું શું કહી શકશો? ૬૪૨૨૦ કરોડ રૂપિયા સામાજિક સેવાઓના વણ વપરાયેલા રહ્યાં અને I am on record(અંતરાય) હું મારું પૂરું કર્યા પછી આપને બુક મોકલી આપીશ એટલે મારો અને તમારો બન્ને(અંતરાય) હું આખા પ્લાનના આપને પાંચ વર્ષના, ચાલુ વર્ષના બધાજ આપને આંકડાઓ મોકલી આપીશ.

**અધ્યક્ષશ્રી** : તેમનું પ્રવચન પૂરું થવા દો પછી આપને તક આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અરે, એમને તક છે અને હું બુક પણ મોકલી આપીશ. આ વર્ષના જ હું ફાઈવ ઈયર નથી પડતો. હું આપના ટોટલ કોમ્પોનન્ટની વાત કરું છું. ૨૦૦૮-૦૯માં આપે આપેલ આંકડાઓ, આ મારા નથી ૬૪૨૨૦ લાખ રૂપિયા તો માત્ર ૨૦૦૮-૦૯માં વણ વપરાયેલા તે આપના આજના આંકડાઓમાં પડેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યાઓના નામે બહુ વાત થાય છે. ૨૦૦૩-૦૪માં કન્યાઓ માટેની કેટલી શૈક્ષણિક સંસ્થાઓ આ રાજયમાં હતી? ૨૫૭૩ હતી. વસતિ વધી છે. કન્યાઓ માટેની વાત કરીએ છીએ. ગઈ કાલે આપણે કહેતા હતા કે હવે ઈન્ટરનેશલ વિમેન્સ ડે નિમિત્તે અભિનંદન આપીએ છીએ. ૨૫૭૩ જે મહિલાઓ માટેની શૈક્ષણિક શાળાઓ હતી તે શાળાઓ ઘટીને ૨૪૭૭ થઈ. આ વધવી જોઈએ તેના બદલે મહિલાઓની આ શાળાઓ જે છે તેની સંખ્યા ઘટી છે. મારે આપના બજટના પુસ્તકના કેટલાક આંકડાઓ આપવા છે. કેન્દ્રનો ફાળો આપના બે ભાગ હોય છે એક તો જે ટેક્સ કેન્દ્ર સરકાર ઉઘરાવે તેમાંથી આપનો હિસ્સો મળે. તેના ધોરણો હોય છે તે પંચ નક્કી કરે છે તે પ્રમાણે મળે. તે જ પૈસા આપને કરવેરાના હિસ્સા ઉપરાંત જેને કહેવાય કેન્દ્રની સહાય અને ફાળો તે પૈસા મળતાં હોય છે. એન.ડી.એ.ની સરકાર હતી માનનીય અધ્યક્ષશ્રી, એ સમયે જે સહાય હતી સહાય અને ફાળો તે ગુજરાતને માત્ર ૨૫૦૦ કરોડ રૂપિયાનો હતો. આ ટેક્સના આધાર ઉપર નથી કરવેરાનો ફાળો હું નથી કહેતો. કરવેરાનો ફાળો તો વધ્યો જ છે. ચાર હજાર કરોડ હતો આજે છ હજાર છસ્સો કરોડ થયો ગુજરાતને કેન્દ્રમાંથી પણ તે કરવેરાનો છે જેટલું ઉઘરાવો એના ટકા મળે પણ તે ઉપરાંતના કેન્દ્રની સહાય અને કેન્દ્રનો ફાળો જેને ઉઘરાવેલા ટેક્સ સાથે લેવા દેવા નથી એ ભૂતકાળમાં ૨૫૦૦ કરોડ રૂપિયા હતી આજે ૬૪૩૧ કરોડ રૂપિયા ગુજરાતને મળે છે. કેટલો વધારો થયો માનનીય અધ્યક્ષશ્રી ? ખેડૂતો માટેની વીજળી ગઈ કાલે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે માંગ હતી તે માંગ પૂરી નથી. મારી સીધી ચેલેન્જ છે એક વખત આપ ચોવીસ કલાક ખેડૂતને કયારેય વીજળી આપી શક્યાં છો ખરાં ? કયા આધાર આપ એમ કહો છો કે માંગ નહોતી. માંગ તો છે આપવા માંગતા નથી. મારે એ આંકડો આપવો છે કે ખેડૂતો માટે જે દિવસે તમે સત્તા ઉપર આવ્યા તે દિવસે ૧૫૬૯૫ મિલિયન યુનિટ ખેડૂતોને વીજળી મળતી હતી. આજે ખેડૂત, ખેતી સમૃદ્ધ થઈ છે આ આંકડો આજે વધવો જોઈએને ? આજે શું થયું ૧૫૬૯૫ મિલિયન યુનિટ ખેડૂતોને વીજળી મળતી હતી તે ઘટીને ૧૧૭૩૩ મિલિયન યુનિટ થઈ છે. આ ખેડૂતો માટેની વીજળી મળવાપાત્ર હતી હા, હું સમજી શકું કે આપ એમ કહો કે પાણી નથી, વપરાતું નહોતું અને માટે અમે પાવર આપતા હતા ચોવીસ કલાક પાવર આપતા હતા પણ ખેડૂતો વાપરી શકતા નહોતાં. એવું નથી સાહેબ, આપ ઉદ્યોગપતિને દિવસે પૂરો પાવર આપો છો અને ખેડૂતોને પણ આઠ કલાકમાં પણ રાત્રેના જવું હોય તો જજે અને તેમાંય કેટલાંય કાપ આવે. અરે, ખેડૂતોને તો ખેતીમાં જંગલી જનાવરો વચ્ચે, સાપ અને વીંછીની વચ્ચે કામ કરવાનું છે. પેલા ઉદ્યોગપતિઓને તો ૪ દિવાલોની વચ્ચે

આવી ઝળહળતી લાઈટમાં આવીને કામ કરવાનું છે, તો એને એ રીતે રાત્રે આપીને કામ લો ને. શા માટે ખેડૂતને દિવસે પૂરતો પાવર નથી આપતા? અને એ પણ વીજ વપરાશ તમારી વધ્યા પછી ઘટે છે?

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો માટે આપ પાવરમાં આવ્યા ત્યારે ૯૮૧૭ મિલિયન યુનિટ આપતા હતા, આજે કેટલી આપવામાં આવે છે? ૧૯૬૧૦ મિલિયન યુનિટ વીજળી આજે ઉદ્યોગકારો માટે આપવામાં આવે છે. ત્યાં ૧૦ હજાર મિલિયન યુનિટનો વધારો કરો છો અને અહીંયા ૪ હજાર મિલિયન યુનિટ ખેડૂતો માટે ઘટાડો છો.

મારે છેલ્લી વાત કરવી છે. કેન્દ્રમાંથી કેટલી વીજળી મળતી હતી? જયારે આપ સત્તામાં હતા. ગુજરાતને કેન્દ્રમાંથી ૧૩૫૩૪ મિલિયન યુનિટ વીજળી વર્ષે મળતી હતી, આજે કેટલી મળે છે? આજે ૨૦૩૭૮ મિલિયન યુનિટ વાર્ષિક વીજળી કેન્દ્રમાંથી ગુજરાતને પ્રાપ્ત થાય છે. આ વીજળી ઘટી કહેવાય કે વીજળી વધી કહેવાય? અમે તો ઈચ્છીએ છીએ. ગુજરાતનું હિત અમારા હૈયે પણ છે. કેન્દ્રમાંથી એક પણ રૂપિયો ગુજરાત માટે આવી શકતો હોય તો તેનો યશ કોઈને પણ મળે, પણ ગુજરાત યશસ્વી બનવું જોઈએ. ગુજરાતનો ફાયદો થવો જોઈએ. એના માટે મારો સમગ્ર પક્ષ, અમે સૌ એના માટે લડીએ છીએ કે ગુજરાતને વધુમાં વધુ કેન્દ્રમાંથી કેમ નાણા મળે, ગુજરાતને વધુમાં વધુ ફાયદો કેમ થાય, ત્યારે (અંતરાય) આટલા બધા દાખલા નીતિનભાઈ તમને આપ્યા તોય સમજાયા નહીં, હજી એક દાખલો આપો એમ કહો છો.

**અધ્યક્ષશ્રી** : આપ નીતિનભાઈને સંબોધીને વાત નથી કરતા. મને સંબોધો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીઓ બેઠા બેઠા બોલે ને, એને તો સાહેબ ઠમઠોરવા જ જોઈએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું એક છેલ્લી વાત કરીને મારા સમયની મર્યાદામાં પૂર્ણ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી એવી યોજનાઓ છે. ડિટેઈલ ડિમાન્ડ ઉપર હું અને મારા પક્ષના સભ્યો બોલીશું. આઈ.સી.ડી.એસ.માં સો કરોડ રૂપિયાની ફાળવણી મકાનો બનાવવા માટે કરી. કુલ ૩૩૦૦ મકાનો બનાવવાના છે. એકપણ મકાન બન્યું નહીં અને પૈસા કંયાક કોઈકના હવાલે મૂકાયા છે. આ એક નવી પદ્ધતિ શરૂ થઈ છે. બજેટરી પ્રોવિઝન કોઈકના હવાલે મૂકવાનું અને અમલીકરણ નહીં. છેલ્લી ઘડીની કંઈ ગોઠવણ. આ રાજયના નાણાનો દુર્વ્યય કરાઈ રહ્યો છે.

માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે, ત્યારે હું કહેવા માગું છું કે આપણી લોકશાહી વ્યવસ્થા કંયાક કલંકિત ન થાય, એની ચિંતા તો આપણે કરવી પડશે ને? આપના વિભાગો કેવા પરિપત્રો કરે છે? ૧૬/૨/૨૦૧૦નો આ પરિપત્ર છે. હોસ્પિટલોની અંદર..

**અધ્યક્ષશ્રી** : બજેટની ચર્ચામાં કયાં આવે. મને કંઈ વાંધો નથી આપ કહેશો તો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મને વાંધો નથી. હું ડિમાન્ડ ઉપર લઈ જઈશ. આરોગ્ય વિભાગની ચર્ચા ઉપર હું અથવા મારા પક્ષના સભ્યશ્રીઓ બોલીશું.

**અધ્યક્ષશ્રી** : આપે જે કક્ષાએથી શરૂઆત કરી છે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ આ જ કક્ષા સામા પક્ષે પણ જળવાવશો એવી અપેક્ષા રાખીને મારા શબ્દોને વિરામ આપું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી ભૂપેન્દ્ર લાખાવાલા. (અંતરાય) કહીશ કહીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (બેઠાં બેઠાં) મને એક શબ્દમાં રોકી પાડયો અને..

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ. મેં આપને જે કહ્યું, એમાં મારી વાત પૂરી થઈ નહોતી. મેં આપને કહ્યું કે આપે જે કક્ષાએથી અંદાજપત્રની ચર્ચાની શરૂઆત કરી હતી, ત્યાંથી આપ નીચે આવો એ હું નહોતો ઈચ્છતો એટલા માટે મેં આપને કહ્યું હતું. (અંતરાય) મને ખબર છે. આપણે જે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારી તો એટલી જ વિનંતી છે અને હું સંસદીય બાબતોનો આગ્રહી છું, અને એટલે આપે કહ્યું તો આપનો આદેશ સર આંખો પર. પણ એ પક્ષે પણ એ જ માપદંડ રહે એટલી જ મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષે માપદંડ સરખા રાખવાના અને એટલા માટે જ વિરોધ પક્ષના નેતા બોલતા હોય ત્યારે આ પક્ષમાંથી મેં કોઈને સહેજ પણ ક્રોસટોક કે એવું કરતા રોકયા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નીતિનભાઈથી માંડીને બધાએ કરી. મારી વાત જ આંકડાકીય હતી. એટલે ક્રોસટોકને ચાન્સ ન મળે. કોઈ બિન પાયાદાર આક્ષેપ નહોતો.

**અધ્યક્ષશ્રી** : બધાને રોકવાનો મેં પ્રયત્ન કર્યો છે, છતાં મારા એ રોકવાના પ્રયત્નો આપને ન દેખાયા હોય તો હું એમાં કમનસીબ છું, ભૂતકાળમાં જે ચર્ચાઓ થઈ, જે દખલો થતી હતી, એ દખલો કર્યા વિના ચર્ચાનું ધોરણ જે, આપે જે રીતે અંદાજપત્રની સર્વાંગી વાત આપના પક્ષે કરવાનો પ્રયત્ન કર્યો, એમાં ગઈકાલે કહેલી જે વાત હતી એ જ વાત આપ પુનરોકિત કરતા હતા, એટલા પૂરતું મેં આપનું ધ્યાન દોર્યું હતું. શ્રી લાખાવાલા.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના સ્વર્ણીમ જયંતી વર્ષમાં માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૨૦૧૦-૧૧ ના વર્ષનું અંદાજપત્ર લઈને આવ્યા છે એને આવકારવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧ ના વર્ષના અંદાજપત્રમાં ૨૯,૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે અને એમાં સામાજીક સેવાઓ માટે ૧૨૮૯૦ કરોડ રૂપિયાનું આયોજન છે. ૨૦૧૦-૧૧ નું કુલ અંદાજપત્ર ૬૯૫૬૫ કરોડ રૂપિયાનું છે અને જેમાં વિકાસલક્ષી ખર્ચ ૪૫,૮૬૦ કરોડ રૂપિયાનું છે અને બીન વિકાસલક્ષી ખર્ચ ૨૨,૭૦૭ કરોડ રૂપિયાનું છે. આમ રાજયના કુલ અંદાજપત્રના ૬૬.૭૫ ટકા રૂપિયા વિકાસલક્ષી ખર્ચ માટે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક સેવાઓના સદર પૈકી શિક્ષણ માટે શિક્ષણને લગતા સદર માટે ૮૮૪૭.૫૬ કરોડ રૂપિયાનો મહેસૂલી ખર્ચ છે તથા ૬૭૬.૫૬ કરોડ રૂપિયાની મહેસૂલી ખર્ચ માટે ફાળવણી થયેલ છે. આ જ વર્ષે પ્રાથમિક શિક્ષણમાં ધોરણ ૮ નો સમાવેશ થયો છે અને ધોરણ ૮ ના ૫ હજાર વર્ગો શરૂ કરવાના છે અને એના માટે ૧૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ છે. ૨૦૦૯-૧૦ માં ગુણોત્સવની શરૂઆત થઈ અને એ ગુણોત્સવની શરૂઆત સાથે ૧૫ વર્ષથી વધુ વયના રાજયના બધા જ નાગરિકોને શિક્ષણનો લાભ મળી રહે એ માટે ઘેર ઘેર શિક્ષણ પહોંચાડવાની સરસ્વતી યાત્રાનો આરંભ કરવાનું નકકી કર્યુ છે અને બન્ને અભિયાન માટે ૧૩૫ કરોડ રૂપિયાની આ અંદાજપત્રમાં જોગવાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીના ૪૦ વર્ષમાં ૪૩૭૬૫ કરોડ રૂપિયાનું આયોજન થયું હતું અને ૨૦૦૦-૨૦૧૦ ના દસકામાં ૧,૧૮,૭૬૧ કરોડ રૂપિયાનું આયોજન પૂરું થયું છે. આ જ ગુજરાત રાજયની વિકાસ યાત્રા બતાવે છે કે જે અગાઉના ૪૦ વર્ષમાં થયેલ નાણાકીય આયોજન કરતાં લગભગ ત્રણ ગણા આયોજનનું આ કદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના ૧૯૬૦ માં થઈ હતી. ૧૯૬૯-૬૧ નું પહેલું વર્ષ અને માનનીય સ્વ. શ્રી જીવરાજ મહેતા રાજયના મુખ્યમંત્રીશ્રી હતા એ સમયમાં વાર્ષિક યોજનાની યોજનાની જોગવાઈ ૩૬.૧૯ કરોડ રૂપિયાની હતી જે આજે ૨૦૦૯-૧૦ માં ૨૩,૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ હતી અને આ વર્ષે સ્વર્ણી જયંતી વર્ષમાં ૨૦૧૦-૧૧ માં વાર્ષિક વિકાસ યોજનાનું કદ ૨૯,૫૦૦ કરોડ રૂપિયાનું નિયત થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારસુધીની પંચવર્ષીય યોજનાઓમાં ૧૯૬૧ થી ૧૯૬૬ ની પંચવર્ષીય યોજનામાં ૨૩૭ કરોડ રૂપિયાનું આયોજન હતું જે ૧૧ મી પંચવર્ષીય યોજનામાં ૨૦૦૭-૧૨ માં આ આયોજન ૧૧,૧૧૧ કરોડ રૂપિયાનું થવા જાય છે જેમાં પણ વધારો થવાની સંભાવનાઓ રહેલી છે. શિક્ષણમાં વાત કરીએ તો ૨૦૦૪-૦૫ માં ૫૬૫ કરોડ રૂપિયાનું આયોજન હતું એ વધીને ૨૦૦૯-૧૦ માં ૧૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ હતી અને ૨૦૧૦-૧૧ માં એ ૧૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. રાજય સરકારે નકકી કર્યુ છે કે રાજયમાં અને દુનિયામાં પ્રથમ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપવા કરવી અને એ જ રીતે રાજયમાં અને ભારતમાં પહેલી રક્ષા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીનો જે કોર્સ અને અભ્યાસક્રમ છે એમાં સ્નાતક લેવલે છે અને અનુસ્નાતક લેવલે છે અને ડોકટરેટ કક્ષાએ પણ વર્ગ શરૂ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં ઉલ્લેખ થયો છે કે વિશ્વની પહેલી ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. એ જ રીતે પેટ્રા.લિયમ યુનિવર્સિટી પણ સ્થાપવાની છે. રાજયમાં ડેરી ઉદ્યોગનો વિકાસ વધ્યો છે અને દેશમાં રાજયનો ડેરી ઉદ્યોગ વધુમાં વધુ ખૂધ ઉત્પન્ન કરે છે. ખાસ કરીને તેને ધ્યાનમાં રાખીને ગૌ માતાનું ધ્યાન રાખીને કામધેનું યુનિવર્સિટીની સ્થાપના થનાર છે. રાજયનો ૧૬૦૦ કિલો મીટરનો દરિયા કિનારો છે તેના વિકાસ માટે મરીન એન્જિનિયરીંગ એન્ડ પોર્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેની સાથે સાથે ઈન્ફોરમેશન ટેકનોલોજીની તાલીમ આપવા માટે પણ રાજય સરકાર સજજ થઈ રહી છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજયમાં અનેક કાર્યક્રમો થઈ રહ્યા છે. ખાસ કરીને સર્વ શિક્ષા અભિયાનનો મુખ્ય હેતુ એ છે કે શિક્ષામાં સર્વાંગીકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તા વાળું શિક્ષણ આપવા માટે રાજય સરકારનું આયોજન છે. અને તેને ધ્યાનમાં રાખીને ટેકનિકલ ક્ષેત્રે પણ રાજય સરકારે અનેક આયામો સર કર્યા છે. ૨૧મી સદી એ ટેકનોલોજીની સદી છે. અને આ સદીમાં ડીગ્રી એન્જિનિયરીંગની સીટો ૩૫૬૪૯ નકકી થઈ છે. ડિપ્લોમા એન્જિનિયરીંગ માટે ૪૪૪૩૭ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં એન્જિનિયરીંગના શિક્ષણ માટે હજારો વિદ્યાર્થીઓ ઈચ્છે છે કે એમને એન્જિનિયરીંગનું શિક્ષણ મળે, અને તેને ધ્યાનમાં રાખીને આ વિદ્યાર્થીઓ માટે બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી છે, અને લોકભાગીદારીથી દસ નવી ઈજનેરી કોલેજો અને ૯ નવી ટેકનીકલ કોલેજો શરૂ કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણ માટે ૧૪ નવી સરકારી કોલેજોના બાંધકામ માટે પણ ૪૨ કરોડની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે. આમ શિક્ષણ સદર હેઠળ સર્વાંગી વિકાસ થાય તેમજ ગુજરાતની યુવા શકિત તેની આંતરીક શકિત બહાર લાવી શકે તે માટેના પ્રયાસો પ્રસંશનીય છે. માનનીય નાણા મંત્રીશ્રી રાજયના સર્વાંગી વિકાસ વાળું આ બજેટ લઈને આવ્યા છે તેને આવકારું છું અને મારું સમર્થન આપું છું.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ગુજરાતના સ્વર્ણીમ સંકલ્પ વર્ષમાં સ્વર્ણીમ બજેટ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. નર્મદા અને જળ સંપત્તિ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી અને બધા સભ્યશ્રીઓનું મારે ધ્યાન દોરવાનું કે તમે કોઈ એક વિભાગ ઉપર બોલશો તેનો મને વાંધો નથી. પણ આજની ચર્ચાને સમજવાનો પ્રયત્ન કરશો તો આપણે મુળ તત્વ આજની ચર્ચાનું છે એને સમજીને ચર્ચા કરીશું તો સારી રીતે ચર્ચા કરી શકીશું, વિભાગની વાત તો વિભાગોની માગણીની ચર્ચા આવશે તે વખતે કરી શકાશે, હું રોકતો નથી, પરંતુ આજે કુલ અંદાજપત્રની ચર્ચા એ સામાન્ય ચર્ચા છે એમાં આપણે જવાનું છે, વિભાગની વાત તો વિભાગની ચર્ચા વખતે આવવાની જ છે. એટલે આપ નર્મદા વિષે ચોકકસ કહો પણ તેમાં નર્મદાની સર્વાંગી વાત કરશો તો વાધારે સારું રહેશે.

**ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ઘણાં વર્ષથી વરસાદની અનિયમિતતા અને વરસાદ ઓછો થવાને કારણે અને ભૂગર્ભ જળ ખેંચવાના કારણે ભૂગર્ભ જળ ખૂબ ઉંડા થતા જાય છે. ભૂગર્ભ જળ મળે છે તે ફલોરાઈડ યુકત પાણી મળે છે અને તે પાણી પીવાના કરણે અંગોના સાંધા જકડાઈ જવા, આંગળા વળી જવા, કેડેથી વાંકા વળી જવું એવા કસ્ટદાયક પ્રશ્નો ઉભા થયા છે. અને તેમાંથી મુકિત અપાવવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં તે ઉદેશને પાર પાડવા માટે ઠેર ઠેર ચેક ડેમ, ખેત તલાવડી, નદીઓ ઉપર ઠેર ઠેર ચેક ડેમો બાંધી અને પાણીનો સંગ્રહ અને રિચાર્જ કરવાનો ભગીરથ પ્રયત્ન આદર્યો છે. અને જે કંઈ પાણી છે એનો સંગ્રહ કરીને એને રિચાર્જ કરવાનો ભગીરથ પ્રયાસ આદર્યો છે એને પરિણામે આપણે ખૂબ સારા ફળ જોઈ રહ્યા છીએ. ચાલુ બજૅટમાં ચેકડેમો, તળાવો ઊંડા કરવા તથા વિવિધ સિંચાઈ યોજનાઓનું વિસ્તરણ તથા આધુનિકરણ કરવા માટે ૫૪૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લામાં વાત્રક, મેશ્વો અને માઝૂમ, તથા બનાસકાંઠા જિલ્લામાં સીપુ અને બનાસ નદીને નર્મદાની મુખ્ય નહેર આધારિત ઉધ્વહન પાઈપ લાઈનથી ભરવાનું આયોજન કરવામાં આવેલ છે. એ જ રીતે પંચમહાલ જિલ્લામાં ગોધરા અને લુણાવાડા તાલુકાના ૭૫ ગામોને પાણી આપવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે એના માટે રૂપિયા ૧૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાની વાત કરું તો સીપુ અને બનાસ નદી આવેલી છે. આ નદીઓ બારમાસી નહિ હોવાને કારણે અને રાજસ્થાનમાં જે વરસાદ પડે એના કારણે પાણી વહેતું હોવાને કારણે અપર્યાપ્ત પાણીનો પ્રશ્ન ઊભો થયો છે. અગાઉના વરસોમાં જ્યારે ડેમ ભરાતો હતો ત્યારે પણ ચુનીભાઈ વૈદ્ય સમિતિના પ્રયત્નો હતા એના કારણે ડૅમનું પાણી યોગ્ય પ્રમાણમાં વાપરી શકાતું નહોતું. આજે એ ક્ષેત્રથી બહાર આવીને સરકારે ભગીરથ પ્રયત્નો આદર્યા છે, ઓછુ પાણી મળે છે ત્યારે ઉદવહન પાઈપ લાઈન દ્વારા ડેમોમાં પાણી ભરીને સિંચાઈ સવલતો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે એના કારણે મારા વિસ્તારને ખૂબ જીવતદાન મળશે અને મહેનતકશ ખેડૂત સિંચાઈના પાણી દ્વારા ખૂબ પાક પકવશે અને એના દ્વારા પોતાની આજીવિકા પૂરી કરી શકે એ માટે ખૂબ જ સારું આયોજન કર્યુ છે એ બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો આવેલો છે એના કારણે જેમ દરિયા કિનારો આશિર્વાદ રૂપ છે એમ દરિયાના કારણે કેટલીક બાબતોમાં મુશ્કેલી પણ ઊભી થાય છે. દરિયાકાંઠાના વિસ્તારોમાંથી જેમ જેમ ભૂગર્ભ જળ ખેંચતા ગયા તેમ તેમ ભૂગર્ભ જળ ઊંડા ઊતરતા ગયા તેના લીધે એમાં દરિયાનું ક્ષારવાળું ખારું પાણી પ્રવેશવા માંડ્યું તેના લીધે કેટલાક વિસ્તારો સાવ નિર્જન થવા લાગ્યા અને રણ વિસ્તાર આગળ વધવા માંડ્યો જેથી માનવ જીવનને હાલાકી ઊભી થઈ. આના માટે ગુજરાત સરકારે પહેલ કરીને આ વિસ્તારોમાં બંધારા, ચેકડેમો વગેરે બનાવીને ત્યાં પાણી ભરીને, પાણીને રિચાર્જ કરીને ભૂગર્ભ જળ ઊંડા ગયા હતા એને પુનઃ રિચાર્જ કરવાને કારણે દરિયાના પાણી અંદર આવતા હતા એને રોકવા માટેની ખૂબ સારી કામગીરી કરી છે. એના માટે આ બજૅટમાં ૧૫૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ રીતે દરિયાના પાણીને આગળ વધતાં રોકવા માટેની સુંદર કામગીરી આ સરકારે કરી છે.

ઉકાઈ, પૂર્ણા હાઈ લેવલ કેનાલ આધારિત આદિજાતિ વિસ્તાર ૮૭૦૦ હેકટરમાં સિંચાઈ કરવા માટેના કામો માટે ૧૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

આ સભાગૃહમાં અગાઉ ઘણા સભ્યશ્રીઓએ ચર્ચા કરી અને કહ્યું કે આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવતી નથી. પરંતુ આ સરકાર આદિવાસી વિસ્તાર માટે પણ જોગવાઈ કરવાનું ભૂલી નથી.

વધુમાં સહભાગી સિંચાઈ યોજના દ્વારા ગુજરાત સરકારે એક નવીનત્તમ પગલું ભરીને લોકોની ભાગીદારી દ્વારા સિંચાઈની કામગીરી સક્ષમ બનાવવામાં આવી છે. હું કહી શકું કે ૨૦૦૪-૦૫ના ચોમાસામાં પાણી અપર્યાપ્ત હોવાને કારણે ધરોઈ ડેમમાં માત્ર સાત ટકા જ પાણી હતુ, જ્યારે એની અગાઉના વરસોમાં દસ ટકા અને ૧૨ ટકા પાણી હતું ત્યારે પણ એ પાણીનો કોઈ ઉપયોગ નહોતો થતો અને પાણી વરાળરૂપે અથવા તો બાષ્પીભવન થઈને ઊડી જતું હતું તો આ પાણીનો મહત્તમ ઉપયોગ કરવા માટે સહભાગી સિંચાઈ યોજના દ્વારા જે ખેડૂત મિત્રોએ સહકારી મંડળીમાં જોડાય છે. માત્ર એ જે લોકોને પાણી આપીને સાત ટકા જે હતું એ અને બાકી

ધરોઈ પરિએજ ઉદવહન પાઈપ લાઈન દ્વારા આમાં પાણી નાખીને આપણે દસ હજાર હેકટરમાં એ વરસોમાં સિંચાઈ કરેલી અને માત્રને માત્ર આ યોજનામાં જોડાયેલા સહભાગી સિંચાઈ યોજનામાં એ લોકોને માટે સરસ મજાની કામગીરી થઈ હતી. અને ૧૦ હજાર હેકટરમાં જીરૂ, વરિયાળી, એરન્ડા અને ઈસબગુલનો પાક આપણે લઈ શક્યા હતા. સૂરત તથા ભરૂચ વિસ્તારમાં ભાડભૂત જોડે ટાઈડલ રેગ્યુલેટર બનાવીને પણ સમુદ્રના પાણી ઉંડે સુધી ભરતી વખતે જે નદીમાં વહી આવે છે, તેને રોકી આ જે જમીનોમાં ક્ષાર પ્રવેશે છે અને આપણું જે મીઠું પાણી છે એ પણ ક્ષારયુક્ત બને છે તેને આપણે રોકવાનું કામ કર્યું છે. જે પાણી નદીનું મીઠું આવે છે તેને બંધારા દ્વારા ત્યાં રોકીને તેને રિચાર્જ કરવાનું કામ કરી અને સમુદ્રના જે ભૂગર્ભજળ અંદર પ્રવેશે છે તેને ત્યાં રોકવાનો એક મહત્તમ પ્રયત્ન થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ તથા બનાસકાંઠા જિલ્લાના ૬૪૬ ગામોમાં સાડાચાર લાખ હેકટરમાં સિંચાઈ સુવિધા માટે રૂા. ૧૦૦૦ કરોડનું આયોજન કરેલ છે. આ વિસ્તારમાં જયાં જૂના સમયમાં નહેરો બનેલી છે આ નહેરોને અસ્તરવાળી બનાવી તેના જે કામો છે તેને સદ્ધરતા આપવી અને તેના દ્વારા સરકારે ખૂબ ખૂબ આયોજન કરીને સિંચાઈ ક્ષેત્રે હરણફાળ ભરી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧લી મે ૨૦૧૦ના રોજ ગુજરાત તેની સ્થાપનાના ૫૦મા વર્ષની ઉજવણી તરફ જઈ રહ્યું છે. સ્વર્ણિમ ગુજરાતના આ મંગલ પ્રસંગે ખૂબ લાંબી સફર ગુજરાતે કાપેલી છે. ગરવી ગુજરાતના અબાલ, વૃદ્ધ સૌ નાગરિકોને તેનું ગૌરવ છે. ડો. જીવરાજ મહેતાથી લઈને ૨૦૧૦ સુધીના તમામ મુખ્યમંત્રીઓ અને સરકારોએ ગુજરાતના વિકાસમાં, ગુજરાતની પ્રગતિના સોપાનો સર કરવામાં પોતાનું યોગદાન આપેલું છે. નાણાંમંત્રીશ્રી જે બજૅટ લઈને આવેલા છે તે પૂર્વે ઈંટ, માટી, ચૂનો અને પથ્થર બનીને અનેક મુખ્યમંત્રીઓ અને સરકારોએ અત્યાર સુધીના ગુજરાતના ઈતિહાસમાં પોતાનું યોગદાન આપેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦ના બજૅટ અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. દિનપ્રતિદિન ગુજરાત દેવાના ઉત્તરોત્તર વધારા સાથે, જંગી દેવા સાથે આગળ વધી રહ્યું છે. અર્થતંત્રની ચિંતાજનક સ્થિતિ છે અને આપણે જોઈએ તો છેલ્લા દસ વર્ષ દરમ્યાન ૨૦૦૧ની સરખામણીમાં દેવામાં ૩૦૮ ટકાનો વધારો થયો છે. ૨૦૦૧માં જે દેવુ હતું, ૨૯ ટકા દેવુ હતું. તેમાં ૩૦૮ ટકાનો કર્ઝમાં, દેવામાં વધારો થવા પામેલ છે. તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરકારના સત્તાવાર આંકડાઓ અનુસાર ૯૪,૫૫૩ કરોડ રૂપિયાનું માત્ર દેવુ થયેલ છે. તેના ઉપરનું વ્યાજ જોઈએ તો ૨૦૦૮-૦૯માં ચૂકવેલ વ્યાજ છે એ માત્ર ૭,૦૬૫ કરોડ રૂપિયાનું છે અને આટલા મોટા વ્યાજની ચૂકવણી એ દરેક ગુજરાતીના માથે ૧૯,૪૨૩ રૂપિયા પર ગુજરાતી, એક વ્યકિતદીઠ ૨૦,૦૦૦ રૂપિયાનું જેને કહી શકાય. તેવું એક ગુજરાતી માથે ર્કઝ થવા પામેલ છે. એટલું જ નહીં, દિનપ્રતિદિન આ સ્થિતિમાં ખરાબ પરિસ્થિતિ ઉભી થઈ રહેલી છે. એક અંદાજ મુજબ ૨૦૧૦ના અંતે ૧,૧૨,૪૬૨ કરોડ રુપિયા એટલે કે કુલ વિકાસના બજૅટના, ૩૦ હજાર કરોડના બજૅટના ૩૩ ટકા જેને કહેવાય એ આપણા માથે અત્યારે કર્ઝ છે. તેના ઉપરનું વ્યાજ છે અને તેનું વ્યાજ, ૧,૧૨,૪૬૨ ઉપરનું વ્યાજ આ વર્ષના અંતે ૯,૮૬૫ કરોડ રૂપિયા માત્ર વ્યાજ આ વર્ષના અંતે આપણે ચૂકવવું પડશે, એટલું જ નહીં, ૨૦૧૧ના આંકડાઓ જો આ જ સ્થિતિ ચાલે તો ૨૦૧૧માં ૧,૨૬,૦૦૦ કરોડ રૂપિયાનું ગુજરાતના માથે દેવુ હશે. ૨૦૧૨માં ૧,૪૨,૦૦૦ કરોડ રૂપિયા આ ગુજરાતનું દેવુ હશે. એનાથી ઉપર જઈને વાત કરીએ તો દિન-પ્રતિદિન અર્થતંત્ર આ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. આ સ્થિતિ ઉપર આપણે જોઈએ તો ૧૯૬૦થી ૨૦૦૦ સુધીમાં ૪૩૭૫૬ કરોડનું આપણું આયોજન હતું. આપણે ૧,૧૮,૭૬૧ કરોડના આયોજનની વાત કરી છે. ૧૯૬૧-૬૨માં પ્રથમ બજૅટ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી જીવરાજભાઈ મહેતા એ ૩૩ કરોડની વિકાસ યોજનાઓ સાથે રજૂ કરેલ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૨૩૫૦૦ કરોડની વિકાસ યોજનાઓની વાત કરવામાં આવેલ છે. ત્રીજી યોજના ૧૯૬૧-૬૬ સુધીમાં અને અગિયારમી પંચ વર્ષીય યોજના ૨૦૦૭-૨૦૧૨ સુધીમાં ૧,૧૧,૦૦૦ કરોડની વાત કરી છે. પરંતુ સાથોસાથ ટેક્સનું માળખું છે એમાં રાજયની પ્રજા ઉપર જંગી કરબોજ લાદવામાં આવેલ છે. પ્રજાને કરનો ભારે ડોઝ આપવામાં આવેલ છે. ગુજરાતના ઇતિહાસની અંદર ૫૦ વર્ષમાં ટેક્સના માળખા હેઠળ અત્યાર સુધીની કોઈપણ સરકારો કરતાં દરેક ચીજ વસ્તુને આવરી લઈ, નાનામાં નાની ચીજ વસ્તુઓને આવરી લઈ એના ઉપર ખૂબ મોટો ટેક્સ વેટના સ્વરૂપે લેવામાં આવે છે, સેલ્સ ટેક્સ સ્વરૂપે લેવામાં આવે છે. એટલે કોઈપણ સરકાર કરતા આ સરકારે સૌથી વધારે ટેક્સ ગુજરાતની પ્રજા ઉપર નાંખ્યો છે. તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીના એક જ વર્ષમાં ૧૬,૧૪૫ કરોડ રૂપિયા ફકત વેટ અન્વયે મેળવેલ છે અને આટલી જંગી આવક વેટ ઉપર એક હેડે મેળવાતી હોય છે. આ વેટ હેઠળ દરેક ચીજ વસ્તુ આવરી લીધેલ છે. આટલો મોટો ટેક્સ કલેકટ કરવામાં આવતો હોય તો તેની અસર સામાન્ય લોકો ઉપર પડતી રહેલી છે, તમામ ચીજ વસ્તુઓ મોંઘી થઈ રહી છે. ડિઝલના એક લિટર ઉપર રૂ.૧૦.૩૦ અને પેટ્રોલના એક લિટર ઉપર રૂ.૧૧.૩૦ તો રાજય સરકારનો ટેક્સ છે. સ્ટૅમ્પ ડ્યૂટી ઉપર પણ જંગી વધારો કરેલો છે. જંત્રીમાં પણ જંગી વધારો કરવામાં આવેલ છે. વીજળીમાં અસહ્ય વીજ ડ્યૂટી, વીજ ટેક્સ, વધારી સૌથી મોંઘી વીજળી કેવી રીતે મળે, સૌથી વધારે પૈસા કેવી રીતે ઈમ્પોઝ કરવામાં આવે એ જોવામાં આવેલું છે. લોકોની

પાસેથી પૈસા કેવી રીતે મળે તે જ જોવામાં આવ્યું છે. ટેક્સ બાબતમાં વીજળીની એકપણ બાબત છોડવામાં આવેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન બાકી હતું, એ વાહનમાં એક માણસ વાહન ખરીદે, બીજો માણસ, ત્રીજો માણસ ખરીદે તો આ ડયુઅલ પદ્ધતિ, ત્રીસ્તરીય કે ચાર સ્તરીય પદ્ધતિ હેઠળ વાહન જૂનું થાય પણ રાજય સરકારની આવક ચાલુ રહે. એના ઉપર ટેક્સ ચાલુ રાખવામાં આવે. જંગી કહેવાય એવો ટેક્સ આ રીતે લાગુ પાડવામાં આવ્યો છે. વેચાણ વેરાનો આર્થિક બોજ ગુજરાતની પ્રજા ઉપર ઊભો કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાજયને ચાર મહત્વની ૨૯,૫૦૦ કરોડ રૂપિયાની યોજનાઓ આપવામાં આવેલ છે. ચાર ક્ષેત્ર મહત્ત્વના કહેવાય. સામાજિક, સિંચાઇ, પરિવહન અને ચોથો ખેતીનો નંબર. સરકારમાં ખેતીનો બીજો ક્રમ હોય, પણ ત્રીજો ક્રમ ફાળવવામાં આવ્યો છે. ફાળવણીમાં જોઈએ તો ખેતીનો ચોથો ક્રમ છે. બટ નેચરલ આ રીતે કિસાનોની વિરોધી દર્શાવે છે. કિસાનોને અન્યાય કરવામાં કોઈ કમી રાખેલી નથી. કિસાનની વાત આવે, ઉદ્યોગોને પહેલી પ્રાયોરીટી આપેલ છે. ખેતીને બીજી પ્રાયોરીટી આપવી જોઈએ. ૧૮,૦૦૦ ગામડાઓ છે, રૂરલ વિસ્તાર છે, ગ્રામીણ વિસ્તાર છે એની ભારે ઉપેક્ષા કરવામાં આવેલ છે. ખેડૂતોની દશા ખરાબ થઈ રહી છે, દિન-પ્રતિદિન એને લાચાર કરવામાં આવે છે. કિસાનોનું વિરોધી બજૅટ કહેવાય એવું આ બજૅટ છે જેમાં કિસાનોને કોઈ રાહત આપવામાં આવેલ નથી. ચોથા નંબરની ફાળવણીમાં સરકારની જાહેરાત જોઈએ છીએ. નેશનલ ઈન્સ્યોરન્સની અંદર પૈસા આપવાના છે તેની જોગવાઈ છે, ડ્રીપ ઈરીગેશનની જોગવાઈ છે. ડ્રીપ ઈરીગેશનના બે હેડ બાદ કરતાં કિસાનો માટે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. કિસાનને જરૂર છે જેને મીકેનીઝમ કહેવાય એવા સાધનોના ઉપર રાહત આપવાની, કિસાનને જરૂર છે લૅબૉરેટરીઓની કિસાનને જરૂર છે એના ખેતીના તજજ્ઞોની, કિસાનને જરૂર છે દવાઓ સારી કવોલીટીની આપે એની , પરંતુ દુઃખ સાથે જણાવવાનું કે કિસાનના ઉપર ધ્યાન કેંદ્રિત કરવામાં આવેલું નથી. પીવાના પાણીની વાત કરી કેગના અહેવાલમાં છે ૩૧માર્ચ ૨૦૦૯ના અહેવાલમાં કે, ગુજરાતમાં ખર્ચ કરવા છતાં વિતરણ વ્યવસ્થાના અભાવે લક્ષિત ગામડાઓને જે પાણીની યોજનાઓ આપણે પહોંચાડવી જોઈએ એ આજે પણ Because of lack of distribution system we have not done it. આપણે એનું કરેલું નથી એ અને આજે પણ ઉનાળો આવી રહેલો છે. માસ્ટર પ્લાનમાં કોઈ તત્કાલીન જોગવાઈ જેની હોવી જોઈએ એ જોગવાઈ પણ આપણે કરેલી નથી, કોઈ જગ્યાએ હેન્ડપંપ બનાવવો હોય કોઈ, કોઈ જગ્યાએ ટૅન્કર પહોંચાડવું હોય, કોઈ જગ્યાએ બોરવેલ બનાવવો હોય કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. પંચાયતના ક્ષેત્રે પંચાયતની સિસ્ટમ દેશમાં નંબર-વન સિસ્ટમ ગુજરાતની ગણાય છે પરંતુ આ સરકારમાં ભારતીય જનતા પક્ષની સરકારમાં મોદી શાસનમાં સૌથી જો કમજોર બનાવવામાં આવેલું હોય તો પંચાયતને બનાવવામાં આવેલી છે. ત્રિસ્તરીય પદ્ધતિમાં પ્રમુખોના અધિકારો લઈ લીધા, પંચાયતોને જે આપણે આપેલું અત્યાર સુધીની સમિતિઓને આપણે મજબૂત બનાવેલી, જે સમિતિઓમાં આપણે વિવિધ સમિતિઓને મજબૂત બનાવીને જે કામ કરવાનું હતું એને આપણે ડે બાય ડે આપણે એને નબળી બનાવી છે, એના અધિકારી લઈ લીધેલા છે, એટલે સુધી લઈ લીધેલા છે કે ગ્રામસભાઓ બોલાવવાના અધિકારો પણ લઈ લીધેલા છે. ગ્રામસભા ગામનો સરપંચ તારીખ ન નક્કી કરી શકે, ક્યારે કોણ જવાનું છે એના મુજબ નક્કી કરવામાં આવે, અને બ્યુરોક્રસી જેને કહેવાય, વહીવટીતંત્ર જેને કહેવાય એ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉપર મજબૂત બનાવી દીધું છે. પ્રજાના પ્રતિનિધિઓ કમજોર બને, એની સત્તાઓ છીનવાઈ જાઈ, એની પાસે કોઈ અધિકાર ન રહે અને એના ઉપર સર્વોપરી અધિકારીઓ બને એટલા માટે સચિવાલયથી લઈને ગ્રામપંચાયત સુધીના રાજયની અંદર મંત્રીશ્રીઓ સહિત કોઈ આના ઉપર ઉપરવટ જઈ શકતું નથી. આ પરિસ્થિતિનું નિર્માણ ગુજરાતમાં જોવામાં આવે. હયાત માર્ગોના ઉપર કોઈ સુધારણાની જોગવાઈ નથી. કેટલા બધા કિલોમીટરના રસ્તાઓ ડેમેજ થયેલા છે.

**શ્રી રમણલાલ વોરા(શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની આ ચર્ચામાં નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૧૬મી વખત બજૅટ રજૂ કર્યુ છે એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. મંદીનો માહોલ છે, મોંઘવારીએ માજા મૂકી છે એ સમયે આ સ્વર્ણિમ બજૅટ લઈને માનનીય વજુભાઈ આ ગૃહમાં આવ્યા છે. ૧૯૬૨થી પ્રથમ બજૅટ ૩૩.૩૯કરોડનું હતું, ૨૦૦૯-૧૦નું બજૅટ ૨૩,૫૦૦કરોડનું હતું, અને આ જે ૨૦૧૦-૧૧નું બજૅટ ૨૯,૫૦૦કરોડ ૨૫.૫૩ટકાના વધારા સાથે આ સ્વર્ણિમ બજૅટ લઈને આવ્યા છે. આ બજૅટમાં સૌથી વધારે સામાજિક સેવાઓ પાછળ ખર્ચ કરવામાં આવ્યું છે. ૧૯૬૦થી ૨૦૦૦ સુધીમાં ૪૩,૭૫૬ કરોડનું આયોજન હતું, આ ૨૧મી સદીમાં આ દસકામાં માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હરણફાળ ભરીને ૧કરોડ, ૧૮,લાખ ૭૬૧કરોડ સુધી આપણે પહોંચ્યા છીએ, આ બજેટની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ ઘણીબધી વિગતે વાત કરી છે. પણ એની વાત કરું એની સાથે સાથે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ થોડીક ટિપ્પણી કરી છે એની પણ મારે થોડીક વાત કરવી પડશે. એમણે કહ્યું છે કે વેલ્યુએડેડ ટેક્સ પાછળ ૨૫ ટકા સરચાર્જ થયો છે. સેકન્ડહેન્ડ કાર ઉપર ટેક્સ થયો છે. ૧કરોડથી વધારે ૬૮૬ ઉદ્યોગો છે એના ઉપર જો ટેકસ વસૂલ કર્યો હોત તો આ વેરો નાખવાનો વારો ન આવેત, મારે એટલું જ કહેવાનું છે કે કેન્દ્ર સરકાર પાસેથી નીકળતા નાણા ૨૦૦૦કરોડ પાછા આવે તો આ કશું નાખવાની જરૂરિયાત ન ઉભી થાય. ક્રુડની રૉયલ્ટીના બાકી પૈસા એ સમયસર જો આ રાજય સરકારને આપવામાં આવે તો આ કશુંય ટેક્સ નાખવાની જરૂરિયાત ન ઉભી

થાય.ગુજરાતની વિધાનસભામાં બેસીને ગુજરાતના હિતની વાત નહીં કરતાં, કેન્દ્ર સરકારની તરફદારી કરવાની ફૅશન થઈ ગઈ છે. ગુજરાતની વાત નહીં પણ કેન્દ્ર સરકાર કેવું કરી રહી છે એના માટેની એક ફૅશન એમણે કરી છે. એમણે એવું કહ્યું છે કે કેન્દ્ર સરકાર જો કશો તમને અન્યાય કરે છે, કશું આપતી નથી તો તમે સુપ્રીમ કોર્ટમાં જાઓ. સુપ્રીમ કોર્ટમાં જઈને કરીએ શું? * (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું એ શબ્દો કાઢી નાખું છું. કોર્ટની ટીકા અને એ વાત ન કરતાં (અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : કોર્ટમાં જવાની વાત કરી છે.

**અધ્યક્ષશ્રી** : મેં સાંભળ્યું છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એમણે એમ કહ્યું કે સુપ્રીમ કોર્ટમાં જવાની વાત કરી છે પણ સુપ્રીમ કોર્ટે જે આદેશ કર્યો છે એનો અમલ કરતા નથી. એમાં સુપ્રીમ કોર્ટની ટીકા ક્યાં આવી? પાલન નથી કરતાં એની વાત કરી છે.

**શ્રી રમણલાલ વોરા** : આમાં ટીકાનો વિષય જ નથી. એમણે વાત કરી છે ગરીબોની અને દલિતોની. મને ખૂબ આશ્ચર્ય થયું કે દલિતોની વાતો પણ આવી ગઈ. કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ૫૩ હજાર ૬૦૦ કરોડ રૂપિયા આ વર્ષે વણવપરાયેલા પડેલા છે. જે દલિતોની વાતો કરે છે એ દલિતોને ધર્માંતરિત ખ્રિસ્તી અને મુસ્લિમોને દલિત અનામતનો લાભ આપીને આ દલિતોને અન્યાય કરવાનું કામ કેન્દ્રની સરકાર આ રંગનાથ મિશ્રના કમિશનના કારણે કરી રહી છે. ગરીબોની વાત કરનારને ગરીબ કલ્યાણ મેળાનો વિરોધ ન હોઈ શકે. એના માટે કાળા વાવટા ન બતાવી શકાય. આ રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજ્યમાં ૫૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ કરીને ૨૫ લાખ લોકોને સીધેસીધા મળીને ૨૦ લાખ લાભાર્થીઓને લાભો આપીને એક જ મહિનામાં ૨૭૦૦ કરોડ રૂપિયા હાથોહાથ આપીને આ વચેટિયાઓ અને દલાલોનો ધંધો એમણે બંધ કર્યો છે. સ્વર્ગસ્થ આપણા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી કહેતા હતા કે હું એક રૂપિયો દિલ્હીથી મોકલું છું તો ગામડામાં જતાં ૧૫ પૈસા થઈ જાય છે. એ ૮૫ પૈસા ક્યાં જતા હતા? માનનીય મુખ્યમંત્રીશ્રીએ એટલા માટે આ વચેટિયા અને દલાલોના ધંધા બંધ કરીને પોતાના હાથે એ જ મંડપ નીચે ૧૦૦ કરોડ રૂપિયાના ચેકોનું વિતરણ કરીને આ ગરીબ લોકોને સહાય કરવાની વાત કરી છે. એમણે વાત કરી કે ગરીબોની વાત કરી છે અને સાથ સાથે લોકશાહી કલંકિત ન થાય એની વાત કરી છે. જ્યારે આ લોકશાહી કલંકિત કરવાની વાતો થાય છે ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે કટોકટી બધા ભૂલી ગયા? કોણે નાખી હતી? આ વિધાનસભામાં બે બે વખત માઈકો તોડી નાખ્યા એ વાત ભૂલી ગયા અને તમે લોકશાહીની વાત કરો છો કે લોકશાહી કલંકિત થઈ? આ રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ આપવા માટે દેશમાં પહેલી વખત હાથીની અંબાડી ઉપર સંવિધાનની યાત્રા કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ એમણે કર્યો છે. ડૉ. આંબેડકરને ડગલેને પગલે હેરાન કરવાવાળા લોકો દલિતોની વાત કરે છે? લોકસભામાં એમના તૈલચિત્ર મૂકવાની ના પાડવાવાળા લોકો ભારત રત્ન એવોર્ડથી ડૉ. આંબેડકરને વંચિત રાખવા વાળા લોકો આજે દલિતોની વાતો કરે છે. જ્યારે ગરીબ કલ્યાણ મેળાની અંદર અમે પ્લૉટ આપતા હોઈએ, મકાન માટેની યોજનાઓનું વિતરણ કરતા હોઈએ ત્યારે એના માટે કાળા વાવટા?

**ઘર વિહોણા ઘૂમે હજારો, ઠોકરાતા ઠેર ઠેર અને ગગનચૂંબી મહાલયો જનસૂના રહી જાય છે.**
**કામધેનુને મળે ના એક સૂકું તણખલું અને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.**
**છે ગરીબોના ઝૂંપડામાં તેલનું ટીપું દોહ્યલું અને અમીરોની કબર પર ઘીના દીવા થાય છે.**

માનનીય અધ્યક્ષશ્રી, સાહિત્યની બાબત છે. નિરંજભાઈ આપણે બેંકનું કામ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વીજળી માટેની અને ઈકબાલભાઈએ તો એવું પણ કહ્યું કે કિસાન વિરોધી બજેટ. ઈકબાલભાઈ ૧૯૮૯ માં ભારતીય કિસાન સંઘે કરેલા આંદોલન ઉપર કરેલા ગોળીબારમાં ૧૯ - ૧૯ કિસાનોને સામી છાતીએ ગોળી મારવાવાળાને તમે ભૂલી ગયા અને આજે તમે ખેડૂતોની વાતો કરો છો?

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ રાજ્યમાં વીજળીનું ઉત્પાદન પણ વધે એમ એનો વપરાશ પણ વધે. આ રાજ્ય સરકારની અંદર વીજળીનું ઉત્પાદન પણ વધ્યું છે અને એના માટે એનો વપરાશ પણ વધ્યો છે. એમણે કહ્યું છે કે રાત્રે ખેડૂતોને વીજળી આપી. માનનીય અધ્યક્ષશ્રી, આ રમણભાઈ વોરાએ ૧૯૭૦ માં રાત્રે પાણજ કરેલું છે. ૧૯૭૦ માં કોની સરકાર હતી? ત્યાંથી ૪૦ વર્ષના વાણા વહી ગયા. આજે તો ખેડૂતોને જોઈએ એ પ્રમાણમાં વીજળી આ રાજ્ય સરકાર આપે છે. એમણે એક મહેસૂલી ખાદ્યની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી કહેવું છે કે ચૂંટણી આવે એટલે લ્હાણી કરવી, કર્મચારીઓનો પગાર વધારવો. છઠ્ઠા નાણાપંચનો બોજ આવે કર્મચારીઓનો પગાર વધે એટલે ટેકસ વધે અને ટેકસ વધે એટલે તિજોરીમાં જમા થાય. આડા રસ્તે તિજોરીમાં ટેકસ જમા કરીને, લ્હાણી કરીને રાજ્ય ઉપરની એ મહેસૂલી ખાદ્ય રાજ્ય સરકાર ઉપર આવતી હોય

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ત્યારે એના માટે કોઈપણ ટીકા-ટિપ્પણ કયારેય હોઈ શકે નહિ. એ સાથે સાથે ઈકબાલભાઈનું આના પહેલાનું ભાષણ પણ મેં બરાબર ધ્યાને લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, ઈકબાલભાઈ ગઈ વખતે એવું બોલ્યા હતા કે, ગુજરાતમાં ૨૦૦૭ની ચૂંટણીઓ ભલે અમે હારેલા. પરંતુ ૨૦૧૨ તરફ કોંગ્રેસ સરકાર બનાવવા તરફ અમે કૂચ કરી રહ્યા છીએ. ૨૦૦૭ માં તો હાર્યા. ૨૦૧૨ (અંતરાય)

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(બેઠા બેઠા)** : માનનીય અધ્યક્ષશ્રી, આટલું બધું બોલવાનું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી રામસિંહભાઈ..(અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : અમારે બધું બોલવાનું (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગયેલી વિધાનસભા સાત પેટાચૂંટણીઓમાં (અંતરાય)

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબદાર મંત્રીશ્રી પ્રવચનમાં કહે અમારે બધું બોલવાનું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, એક મિનિટ આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે?

**શ્રી ઈકબાલ પટેલ** : પોઈન્ટ ઓફ ઓર્ડર નથી, સાહેબ મેં આપના ધ્યાન માટે કહું છું.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર નહિ હોય તો હું એલાઉ નહિ કરું.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ૨૦૧૨ ની વાત કરી. હમણાં સાત પેટાચૂંટણીઓ ગઈ. પાંચ ભારતીય જનતા પાર્ટી, બે કોંગ્રેસ. કોંગ્રેસનો રકાસ થયો. એટલેથી અટકતું નથી. મારા સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલામાં ચૂંટણી થઈ. ચોટીલામાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રાજકીય અવલોકન આ બાજુથી થાય અને આ બાજુથીય થાય.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, પેટાચૂંટણીમાં કોંગ્રેસની પરંપરાવાળી સીટ વશરામભાઈ ખોરાણી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આ વિધાનસભા ગૃહમાં નહિ આવ્યા. ફરીથી પેટાચૂંટણી થઈ, એમનાજ સુપુત્ર ત્રણ ગણા મતોની સરસાઈથી ચૂંટણી જીતીને આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ ત્રીજા નંબરે રહી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી રમણભાઈ આપ આપના અંદાજપત્ર ઉપર, મુખ્ય મુદ્દા ઉપર હતા એમાંથી આપની ગાડી પાટા ઉપરથી ના ઉતરી જાય એનું ધ્યાન રાખજો.

**શ્રી રમણલાલ વોરા** : ના, બિલકુલ નહિ ઉતરે.

**અધ્યક્ષશ્રી** : ના, એટલે રાજકીય અવલોકન આપના જે છે એ રાજકીય અવલોકન માટે રાજ્યપાલશ્રીના પ્રવચન વખતે ખૂબ તક હતી.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એ ગરીબો માટેનું બજેટ છે. મોંધવારી વિરુદ્ધનું બજેટ છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, લોકસભાની ચૂંટણીમાં તો કહેવામાં આવ્યું હતું કે અમે ૧૦૦ દિવસમાં મોંધવારી ઘટાડીશું. માનનીય રાષ્ટ્રપતિશ્રીના અભિભાષણ ઉપર કહેવામાં આવેલું કે અમે ૧૦૦ દિવસમાં મોંધવારી ઘટાડીશું અને આજે એવું કહેવાનું કે હવે રાજ્યોની સરકારે આ કામ કરવાનું છે?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એ ગરીબલક્ષી બજેટ છે જેના માટે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી કામગીરી કરી રહ્યાં છે એના માટે હું આભાર પ્રસ્તાવ ઉપર એમને અનુમોદન આપવા માટે આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત એમણે વાતો કરી છે કે આ ઉત્સવપ્રિય સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે આ જગન્નાથ મંદિરની રથયાત્રા, તરણેતરનો મેળો, નવરાત્રી મહોત્સવ, ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ, વનમહોત્સવ. સાહેબ, આ વનમહોત્સવ અને આ બધું થતું નહોતું? બધું થતું હતું. પરંતુ જેમની પાસે સુઝ હોય એમાં જ એ કશું લાવીને એ કરી શકે. વધારે કશું કરી શકે નહીં અને આ રાજય સરકાર તો વિકાસને વરેલી સરકાર છે. હમણાં ૨૬મી જાન્યુઆરી સુરેન્દ્રનગર જિલ્લામાં ઉજવી ત્યારે ૧૦૦૦કરોડ રૂપિયાના વિકાસના કામો સુરેન્દ્રનગરની ધરતી ઉપર થયા છે. ગુજરાતના મંત્રીમંડળના તમામ સાથીદારો, મિત્રો ત્યાં ગયા છે એથી પણ આગળ વધીને સામાજિક જવાબદારી આ રાજય સરકારે સ્વીકારી છે. કન્યા કેળવણી રથયાત્રા હોય, ગુણોત્સવનો કાર્યક્રમ હોય, બેટી બચાવો આંદોલન હોય, કૃષિ રથયાત્રા હોય આ મહોત્સવના નામેથી સીધેસીધા લોકોની વચ્ચે જઈને જે તે વર્ગને કેવી રીતે લાભ થાય આ રાજય સરકારની ખેવના છે. વીજળીની વાત કરીએ તો જયોતિ ગ્રામની પણ વાત કરવી પડે. ગુજરાતના ૧૮૬૦૦ ગામોમાં આખા દેશમાં પહેલી વખત થ્રી ફેઈસ વીજળી ૨૪ કલાક નરેન્દ્રભાઈ મોદીની સરકારે આપી છે. આમાં મારા શિક્ષણની અંદર ખૂબ મોટો ફાયદો થયો છે. પહેલા ૧૦૦૦ વિદ્યાર્થીઓમાં ગામડાંનો વિદ્યાર્થી આવતો નહોતો. આજે ૧૦૦૦ વિદ્યાર્થીઓમાં ૬૫ટકા વિદ્યાર્થીઓ ગ્રામકક્ષાના આવે છે માત્ર જયોતિ ગ્રામના માધ્યમથી. એ સાથે સાથે જયારે યુવાનોને રોજગારી આપવાની વાત આવે છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી, શ્રમ અને રોજગાર મંત્રી છે એમને અભિનંદન આપવા માગું છું. છેલ્લા આઠ વર્ષ સુધી સતત આખા દેશમાં રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ રાજય છે અને આ છેલ્લા વર્ષે આ દેશમાં જે રોજગારી મળે છે એમાંથી ૭૪ટકા રોજગારી માત્ર ગુજરાતમાં, ૨૬ટકા રોજગારી એ માત્ર આખા દેશમાં આ બતાવે છે કે આ સરકાર ગરીબો માટે, યુવાનો માટે જે તે કામગીરી કરી રહી છે. ગામડાંની વાત કરીએ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી ગોકુળ ગ્રામ યોજના, સમરસ

ગ્રામ યોજના, તીર્થ ગ્રામ યોજના, પાવન ગ્રામ યોજના, ઈગ્રામ-વિશ્વ ગ્રામ યોજના, જયોતિ ગ્રામ યોજના, નિર્મળ ગ્રામ યોજના. માત્રને માત્ર ગામડાંને ધ્યાનમાં રાખીને, કેન્દ્રમાં રાખીને આત્મા ગામડાંનો હોય અને સુવિધા શહેરની હોય એ આ રાજય સરકારનું લક્ષ્ય છે અને એ દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે. એક માત્ર ઈન્દીરા આવાસના નામે વાતો થાય છે. આ રાજય સરકાર એકલે હાથે રાજય સરકાર પુરસ્કૃત યોજનાઓ સરદાર આવાસ યોજના, પંડિત દીન દયાળ આવાસ યોજના, ડો. આંબેડકર આવાસ યોજના, અગરીયાઓ માટેની અગરીયા આવાસ યોજના, અનુસૂચિત જનજાતિ માટેની આવાસ યોજના, આદમ જુથ આવાસ યોજના, અતિ પછાત માટે હળપતી ગૃહ નિર્માણ યોજના. સાતસાત યોજનાઓ રાજય પુરસ્કૃત યોજનાઓ છે. માત્ર એક યોજનાની વાત નથી અને એના કારણે સાત નહીં, નવ સાહેબ અને અને આ નવેનવ યોજનાની અંદર હજુ પણ આઝાદીના ૬૩મા વર્ષે આ સ્થિતિ છે કે આટલા ગરીબોને હજુ આવાસો આપવાના બાકી છે તો આઝાદીના ૬૦ વર્ષ સુધી ૪૦ વર્ષ જેમણે શાસન કર્યું એમણે કર્યુ શું માત્ર ગરીબોના નાણા વાપર્યા, માત્ર ગરીબો અને દીનદુખીયાની વાતો કરીને મત લીધા પણ આ સરકારના મુખ્યમંત્રીનું લક્ષ એ મત નથી પણ માણસ છે. માત્ર મતનું પતાકડું નથી પણ સાચા અર્થમાં માણસ છે અને માણસને બેઠો કરવા માટે, એની ગરીબી સામે લડવા માટેનું હથિયાર આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. ગામડાંની સાથે શહેરનો પણ વિકાસ આ રાજય સરકારે કર્યો છે અને એટલા માટે ગયા વર્ષે ત્રણ યોજનાઓ રાજય સરકારે મુકેલી. વનબંધુ કલ્યાણ યોજના ૧૫૦૦૦કરોડ રૂપિયા, સાગર ખેડૂ યોજના ૧૧૦૦૦કરોડ રૂપિયા અને શહેરી ગરીબ સમૃદ્ધ યોજના ૧૩૦૦૦કરોડ રૂપિયા. એવું કહેવાતું હતું કે આ તો ચૂંટણીનુ વર્ષ છે. આજે પણ ત્રણેત્રણ યોજના સુચારુરુપે બજેટમાં જોગવાઈ કરીને આ રાજય સરકાર સમય મર્યાદામાં પૂર્ણ કરવા માગે છે. સ્વર્ણિમ ગુજરાત નિમિત્તે સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી યોજના ૧૧૭૧કરોડની યોજના અમલમાં મુકી છે અને હમણાં ત્રણ દિવસ પહેલા ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના એ જ મંચ નીચે એ જ જગ્યાએ ૬૦૦કરોડ રૂપિયાના ચેકોનું વિતરણ કરીને નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને સમૃદ્ધ કરવાનું કામ કર્યું છે.ઊર્જા વિભાગની ઘણી બધી વાતો થઈ છે. આજના બજેટમાં ૮૭ ટકાનો ધરખમ વધારો ઊર્જા વિભાગમાં છે. માથાદીઠ જે વીજ વપરાશ છે. રાષ્ટ્રમાં જેટલી વીજ વપરાશ છે, એનાથી બમણી ગુજરાતમાં છે. ૫ લાખ ગરીબો અત્યાર સુધી એમના ઘરે દીવો ટમટમતો ન હતો એવા ૫ લાખ ગરીબોને વીજળી આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. એ સિવાય આગામી દિવસોને ધ્યાનમાં રાખીને બે નવા ગેસ આધારિત ૧-૧ હજાર મેગાવોટના વીજ મથકો કરવાના છે. એક હજાર સબસ્ટેશનો આદિજાતિ વિસ્તારમાં પણ અને સાગર ખેડુ વિસ્તારમાં પણ ૧૪૦ નવાં સબસ્ટેશનો ઊભાં થશે. એટલું પૂરતું નથી. મોંઘવારી વધી છે. ગેસના સિલિન્ડરના ભાવ વધ્યા છે. બહેનો ચિંતાતુર છે અને આવા સમયે આ રાજ્ય સરકારે ૨ લાખ ઘરોમાં ગેસ પાઈપલાઈન દ્વારા આજે પણ ગેસ આપવાનું કામ ચાલુ છે. રાજ્ય સરકારે પર્યાવરણને ધ્યાનમાં રાખીને સી.એન.જી. માં ખૂબ મોટું કામ કરવાનો પ્રયાસ કર્યો છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીના નામે ગાંધીનગર તો બન્યું, પરંતુ એમના નામનું કોઈ સ્મારક જેવું અહીંયા ખરું? આઝાદીનાં આટલાં વર્ષોમાં માત્ર મહાત્મા ગાંધીજીની વાતો કરવાથી ન થાય. એમને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે આપી કહેવાય અને એ આ નાણામંત્રીશ્રીએ કર્યુ કે સ્વર્ણિમ જયંતી નિમિત્તે ૧૦૦ કરોડના ખર્ચે મહાત્મા મંદિર ગાંધીનગરમાં આયોજન થવાનું છે અને જેની પાછળ ૩૨.૬૦ કરોડની જોગવાઈ આ વર્ષે કરવામાં આવી છે. એકબાજુ કેન્દ્ર સરકાર

* (xxxxx) તો ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે સાપુતારા, ડાંગ વિસ્તારમાં રામાયણ સાથે સંકળાયેલ હનુમાન પાવન પથ વિકસાવવા માટે કટિબદ્ધ છે. એકબાજુ રામના અવશેષો મીટાવવાની વાત છે. બીજી બાજું ભારતીય જનતા પાર્ટીની સરકારે આ હનુમાન પાવન પથ યોજના દ્વારા આ દેવસ્થાનોને વિકસાવવાની વાત કરે છે. મારે રમત ગમત ક્ષેત્રની અંદર પહેલા કરતા આજની સ્થિતિ જુદી છે. ગુજરાતનો વિદ્યાર્થી, ગુજરાતનો ખેલાડી દેશ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ જઈને મેડલ મેળવતો થયો છે અને આજે ૧લી મે, ૨૦૧૦ ની મેગા ઈવેન્ટ દેશ અને દુનિયા નોંધ લે એ દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

**અધ્યક્ષશ્રી** : (xxxxx) વાત કાઢી નાખું છું. બાકીનું ગુજરાત વિશેનું અવલોકન રાખું છું.

**શ્રી રમણલાલ વોરા** : સાચું હોય એ દિલમાંથી આવી જાય છે.

**અધ્યક્ષશ્રી** :મારી મર્યાદા છે. મર્યાદાની અંદર રાખું છું.

**શ્રી રમણલાલ વોરા** : સંસ્કાર એવા છે. સાચી વસ્તુ બહાર આવી જાય છે. એ સાથે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે. અનુસૂચિત જનજાતિ માટે ૧૫૦૦ કરોડની વનબંધુ કલ્યાણ યોજના આ વર્ષે ૪૨ કરોડ રૂપિયાની યોજના જેમાં આદમજુથ અતિ પછાત આદિવાસીની યોજના છે. શિક્ષણ માટે વિશેષ કરીને યોજના આદિજાતિ વિસ્તારમાં થઈ છે. એકલવ્ય શાળા, હોસ્ટેલ, આદર્શ નિવાસી શાળા એ સાથે સાથે દલિત આદિવાસી, બક્ષીપંચના બાળકો માટે વિદેશ અભ્યાસ માટેની લોન આ બાળકો માટે કોમર્શિયલ પાયલોટની લોન એ સાથે સાથે એ પોતાનો ધંધો રોજગાર વિકસાવી શકે એ માટેની અનેકવિધ યોજના અને સમાજ સૂરક્ષા વિભાગ થકી ગરીબ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કલ્યાણ મેળામાં જોઈ છે કે એવા ગરીબો જેને આ રાજ્ય સરકારે હાથોહાથ આ યોજનાના લાભો આપ્યા છે. આ તમામ લોકો કામગીરી કરી રહ્યા છે ત્યારે શ્રમ અને રોજગારની અંદર ૧૦ નવી આઈ.ટી.આઈ. રોજગાર મેળા, ભણતર મેળા અને ૮ થી ૧૦ હજાર વસ્તીવાળા ગામમાં આઈ.ટી.આઈ.ની સ્થાપના કરીને એમને સ્ટ્રેન્ધન કરવાનું અને યુવાન મિત્રોને ધ્યાનમાં રાખવાનું કામ આ રાજ્ય સરકારે કર્યુ છે. છેલ્લે શિક્ષણ વિભાગ માટે આ રાજ્ય સરકારે અનેકવિધ કામો કર્યાં છે અને કયારેય ન થઈ શકે તેવું દુનિયામાં પહેલી એવી ચિલ્ડ્રન યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટી, નેશનલ લો યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, મરીન એન્જિનિયરિંગ એન્ડ પોર્ટ મેનેજમેન્ટ અને ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી યુનિવર્સિટી. માનનીય અધ્યક્ષશ્રી, તેની સાથે સાથે આ વર્ષથી પાંચ હજાર પ્રાથમિક શાળાઓને ધોરણ-૮માં અપગ્રેડ કરીને પાંચ હજાર નવા શાળાઓના ઓરડા આ જ વર્ષે બાંધવાનો રાજય સરકારે લક્ષ્ય નિર્ધારીત કર્યુ છે. કન્યા કેળવણી રથયાત્રા, ગુણોત્સવ અને બાકી રહેલા ૨૬ તાલુકાની અંદર સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધે તે માટે રાજય સરકારે સરસ્વતી યાત્રાનો નવો કાર્યક્રમ મૂકીને રાજય સરકાર જઈ રહી છે ત્યારે વાંચનની ખોટ વર્તાઈ રહી છે અને ગુજરાતનો વિદ્યાર્થી, ગુજરાતનો આમ નાગરિક વધારે વાંચે તે માટે વાંચે ગુજરાત તે માટેનું નવું અભિયાન રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગમાં માતૃ વંદના કાર્યક્રમ હોય, ચિરંજીવી યોજના હોય અને ૧૦૮ની સેવા હોય, સાહેબ ૧૦૮ની ગાડી આવે એટલે કહેવું નથી પડતું કોની ગાડી આવી. કહેવાની જરૂર પડતી નથી. સાહેબ અત્યાર સુધીમાં ૧૦ હજાર કરતાં વધારે બહેનોની પ્રસુતિ આ ૧૦૮ની સેવામાં થઈ છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનામાં ૫૦ હજારના વીમાનું સૂરક્ષા કવચ અને સૌથી વધારે મહત્વની બાબત કે ગઈ વખતે મૅડિકલની ૫૦૦ સીટો હતી તેમાં ૭૫૦ બેઠકોનો વિક્રમી વધારો કરીને ૧૨૫૦ જેટલી બેઠકો કરી છે. પોસ્ટ ગ્રૅજ્યુએટમાં ૨૫૦ બેઠકો હતી તેમાં ૧૫૦ બેઠકોનો વધારો કરીને ૪૦૦ જેટલી બેઠકો કરી છે. સુપર સ્પેશ્યાલીટીમાં ૩૫ બેઠકો હતી તેમાં વધારો કરીને ૬૯ બેઠકો કરી છે. અમદાવાદની સિવિલ હૉસ્પિટલને વિશ્વ કક્ષાની હૉસ્પિટલ બનાવવા માટેની જોગવાઈ આ બજૅટમાં કરવામાં આવી છે. અત્યાર સુધીમાં માત્ર ૨૦૨૦ પથારીઓ હતી તેમાં વધારો કરીને ૪૮૨૦ પથારીઓ એટલે કે પાંચ હજાર પથારીઓ સાથેની વિશ્વ કક્ષાની હૉસ્પિટલ બનવા જઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદિક હૉસ્પિટલ કોલવડા ખાતે રાજય સરકાર દ્વારા બની રહી છે. આ અગાઉ મણિબેન હોસ્પિટલ, અખંડાનંદ આર્યુવેદિક હૉસ્પિટલ સાથે સાથે ચાર આર્યુવેદિક હૉસ્પિટલોનું આધુનિકરણ કરવામાં આવ્યું છે. પહેલી વખત ઉત્તર ગુજરાતને મૅડિકલ કૉલેજ અને હોમીયોપેથીક વિંગ પાટણ મુકામે શરૂ કરવા જઈ રહ્યા છીએ. આટલું પૂરતું નથી તેમ મહિલા અને બાળ વિકાસના વર્ષમાં રાજય સરકારનો લક્ષ્યાંક છે કે બાળકો આંગણવાડીમાં કામ કરે છે તેના માટે નંદ ઘરની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. આ વર્ષે ૩૩૦૦ નવા નંદ ઘરનું નિર્માણ અને સ્વર્ણિમ ગુજરાતનું વર્ષ પૂરું થાય ત્યાં સુધીમાં તમામ નંદ ઘર ઉભા કરવાનો રાજય સરકારનો આશય છે.

**અધ્યક્ષશ્રી** : મને પ્રવચન ચાલુ રહે તેમાં વાંધો નથી. એટલા માટે કે આપના બાકીના સભ્યો છે તેમાંથી એક સભ્યનું ઓછું થશે. આપની બાજુથી ૧૯ સભ્યોના નામ આવેલ છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સખી મંડળની વાત કરવી છે કે રાજય સરકારે આ બહેનો પોતાના પગ ઉપર ઉભી રહી શકે તે માટે સખી મંડળની વ્યવસ્થા કરી છે. અત્યારે સાહેબ એક લાખ કરતાં વધારે સખી મંડળો કાર્યરત છે. તેમણે ૯૩ કરોડ રૂપિયા જેટલું ભંડોળ પોતાની જાતે ભેગુ કર્યુ છે. ૧૪૧.૮૫ કરોડનું બૅન્કોએ ધીરાણ કર્યુ છે અને ૪૮.૨૧ કરોડનું આંતરિક ધીરાણ છે. આમાં ૪૪.૨૧ કરોડનું રિવોલ્વીંગ ફંડ આપ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ મંગલમ મિશન યોજના અંતર્ગત આ વર્ષે આ બહેનોને ૧૦૦ કરોડ રૂપિયાનું ધીરાણ આપવાની યોજના અમલમાં મૂકી છે અને આગામી ત્રણ વર્ષમાં પાંચ હજાર કરોડનું ધીરાણ આપવાની રાજય સરકારની ખેવના છે. આમ તમામ વિભાગો અને તમામ વર્ગને આવરી લેવાનું કામ માનનીય નાણામંત્રીશ્રીએ કર્યુ છે ત્યારે તેમને લાખ લાખ અભિનંદન આપીને આ બજૅટને આવકારું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ, જે સ્વર્ણિમ ગુજરાત વર્ષનું બજેટ લઈને આવ્યા છે, તેમાં માર્ગ અને મકાન વિભાગ હેઠળ ૪૧.૦૬ ટકાના જંગી વધારા સાથે થયેલ રૂપિયા ત્રણ હજાર કરોડની જોગવાઈ થઈ છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી બે વર્ષ પહેલાં ધારાસભ્ય બન્યા ત્યારે માર્ગ અને મકાન વિભાગ સમજવાનું સૌથી વધારે કઠિન લાગતું હતું, આ વિભાગ માટે શું બોલવું તે સમજાતું ન હતું, પરંતુ આજે મારે ગૌરવ સાથે અને વિશ્વાસ સાથે કહેવું છે કે, અમારી બધી ચિંતાઓ અમારા સન્માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે એમના શીરે રાખી છે અને એટલા જ માટે આઝાદીના સમયથી ના થયા હોય તેવાં કામો મારા વિસ્તારમાં થયાં છે, તે માટે હું આદરણીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમેરિકા માટે કહેવાનું હતું કે, અમેરિકાની સમૃધ્ધિ તેની સંપત્તિ નહીં પણ અમેરિકાની સમૃધ્ધિ તેના રસ્તાઓ છે. આ જ બાબત આજે ગુજરાત માટે લાગુ પડે છે કારણ કે અનેકવિધ યોજનાઓ દ્વારા રસ્તાઓને સમૃધ્ધ બનાવવામાં આવ્યા છે, વિકાસ પથ, પ્રવાસી પથ, પ્રગતિ પથ, કિસાન પથ તદ્ઉપરાંત જિલ્લાને જોડતા રસ્તાઓ, ઉદ્યોગોને જોડતા રસ્તાઓ, બંદરોને જોડતા રસ્તાઓ, આ ઉપરાંત નાના મોટા પુલો બનાવી ગુજરાતની કાયાપલટ કરનારા આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય આનંદીબેનને અભિનંદન આપું છું. આ વિભાગમાં કામ કરવું કેટલું કઠિન છે એ અમે સમજી શકયા છીએ, કારણ કે આયોજન કરવું અને તેને સમયસર પુરું કરવું તે આ સરકારમાં જ શકય છે કોંગ્રેસના સમયમાં ખાતમુહર્તો થતાં, આરંભે શૂરા અને પછી કયારે પૂરા થાય તે તો હરિ હરિ, પણ મારે દાવા સાથે કહેવું છે કે આ સરકારમાં તો કામ પણ થાય, ઝડપી પણ થાય, અને સમય પણ નકકી, માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા વિસ્તારમાં મામલતદાર સેવા સદન રૂપિયા છ કરોડના ખર્ચે મંજૂર થયું, તેનું ક્ષાતમૂહુર્ત કરવા માટે માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલ આવેલાં, તેમણે ખાતમૂહુર્ત કરીને તેમને તેમના પ્રવચનમાં જ આ ભવન કયારે પૂરું થશે તે પણ તેમણે જાહેર કરી દીધું. આ જ બતાવે છે કે માર્ગ અને મકાન વિભાગ નકકી કરેલા લક્ષ સાથે વિશેષ સિધ્ધિઓ હાંસલ કરી શકયા છે, માનનીય મંત્રીશ્રીને કોઠાસુઝ, આયોજન અને કામ લેવાની ક્ષમતાને આ તકે બિરદાવું છું. ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધી સુંદર રસ્તાઓ જોવા મળે છે, તેના કારણે મુસાફરી તો આનંદદાયી બની જ છે, પરંતુ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ફાયદાઓ ગુજરાતની જનતાને પણ થયા છે. રસ્તાઓ સારા હોવાથી વાહનોના ઈંધણ ખર્ચમાં ઘટાડો થયો છે, સમય અને ઉર્જાની બચત થઈ છે, વળી વાહનોથી થતું પ્રદૂષણ પણ ઘટયું છે. આ ઉપરાંત ઉદ્યોગોની પ્રગતિને પણ ગતિ મળી છે, મારા વિસ્તારમાં પ્રથમ વખત ગ્રામ વિસ્તારની અંદર પંદર કરોડથી વધારે રકમના રોડ અને પુલોને મંજૂરી મળી અને તેમાંથી ૬૦ ટકા કામ પૂર્ણ થયાં છે,

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને મારા વિસ્તારમાં આવેલા મોટા મઢાત ગામની મારે વાત કરવી છે. ૭૦૦ થી ૮૦૦ની વસતિ ધરાવતું અતિપછાત અને છેવાડાનું ગામ, આ વિસ્તારમાં થોડોક પણ વરસાદ પડે એટલે ત્યાં નદી વહે, અને ગામની નજીક નદી વહેવાના કારણે શાળામાં શિક્ષકો ના આવે, કોઈ વૃધ્ધ બિમાર હોય કે સગર્ભા મહિલાને પ્રસુતિની તકલીક હોય તો તેને શહેરમાં ન લઈ જઈ શકાય આવી સ્થિતિમાં મેં જયારે માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરી ત્યારે આઝાદી પછી પહેલી વખત આ પુલ બનાવવા માટે રાજય સરકારમાંથી રૂપિયા ૪૫ લાખની રકમ મંજૂર થઈ અને આજે એ કામની શરૂઆત થઈ ગઈ છે, મારા ગ્રામ્ય વિસ્તારના નાગરિકો તરફથી માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટ જોગવાઈમાં મારા વઢવાણ અને સુરેન્દ્રનગર શહેરને એક માત્ર જોડતો ધોળીપોળનો પુલ જર્જરિત થતાં રૂપિયા સાત કરોડ જેવી માતબર રકમ આ સરકારે આ બજેટમાં ફાળવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ધોળીપોળનો પુલ ૧૮૫૦માં બન્યો હતો, તે વખતે રાજગાદી ઉપર રાજબા તરીકે રાજવી શાસક તરીકે વહીવટ કરતા હતા, અને તેઓ પણ એક મહિલા હતા, અને તેમણે આ પુલ બનાવ્યો હતો. આજે ૧૬૮ વર્ષે આ

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

પુલ જર્જરિત થતાં તેના પુનઃ નવનિર્માણ માટે એક મહિલા ધારાસભ્ય તરીકે હું નિમિત્ત બની છું, આ કામની મંજૂરીની મહોર મારનાર પણ એક મહિલા માર્ગ અને મકાન મંત્રીશ્રી છે ત્યારે મારે પુનઃ માનનીય મંત્રીશ્રીનો આભાર માની આદરણીય વજુભાઈ વાળા સાહેબ જે બજેટ લઈને આવ્યા છે તેમને હનું મારું સમર્થન આપું છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પોતનું બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો ઉપસ્થિત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ જે આવકનાં સ્ત્રોત ઉભાં કરવાનું એમાં કરવેરા અને કરવેરા સિવાયના કેન્દ્રિય સહાય સાથે અને એના સિવાય જે જાહેર દેવુ કરવાની વાત કરી છે એમાં જાહેર દેવા મારફત જે આવક ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે એમાં ૨૫.૮૭ ટકા એટલે લગભગ ૧૭૭૭૨ કરોડ અને ૪૮ લાખ રૂપિયાનું જાહેર દેવુ કરવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આ જે દેવું કરવા આપણે જઈ રહ્યા છીએ એ દેવું આપણે વિકાસમાં વાપરીએ છીએ ખરા? એમાંથી જે મુદલ છે એમાં ૩૮૩૭ કરોડ અને ૫૭ લાખ તો આપણે મુદલમાં ચૂકવણી કરીએ છીએ અને વ્યાજની ચૂકવણી ૯૮૬૫ કરોડ અને ૩૮ લાખની વ્યાજની ચૂકવણી કરીએ છીએ. એટલે આપણે ટોટલ જોવા જઈએ તો ૧૩૭૦૨ કરોડ રૂપિયા એની ચૂકવણીમાં જાય છે અને ખરેખર વિકાસ માટે જો પૈસા બચતા હોય તો એ ૪૦૬૯ કરોડ રૂપિયા જ આપણને વિકાસ માટે મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, દેવાનું ભારણ દિવસે દિવસે વધતું જાય છે. ૨૦૦૬-૨૦૦૭માં જે દેવું હતું એ ૬૯૪૮ કરોડ હતું, ૨૦૦૯-૨૦૧૦માં ૧૪૭૬૦ અને આ વખતે ૧૭૭૭૨ કરોડ અને ૪૮ લાખ એટલે દર વર્ષે આ દેવું વધવાના કારણે આ રાજ્ય પર ભારણ વધતું જાય છે. જેમ હમણા ક્હ્યું તેમ ૨૦૧૦-૨૦૧૧નું જે દેવું થવાનું છે એ ૧૧૨૪૬૨ કરોડ એટલે માણસ જ્યારે જન્મે છે ત્યારે દેવું લઈને જન્મે છે. કોઈ પણ માણસ જન્મે એટલે ૧૯૪૯૦.૪૯ રૂપિયાનું દેવું લઈને જન્મે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૨૦૦૯ની વાત કરીએ તો એમાં વાર્ષિક

આયોજન હતું ૨૧૦૦૦ કરોડ રૂપિયાનું પણ વપરાશ થયો એ વપરાશ જોઈએ તો સામાજિક સેવામાં અમારા નેતાશ્રીએ વાત કરી તેમ ૪૪૨ કરોડ નહીં વપરાયા. જે અગત્યની સેવા હોય છે તેમાં જોગવાઈ સરકાર જરૂર કરે છે પણ તેમાં વપરાશ થતો નથી. એવું દેવું કૃષિ અને સંલગ્ન સેવામાં પણ ૨૧૬ કરોડ રૂપિયા ન વપરાય. ગ્રામિણ વિકાસની વાત કરું તો ગ્રામિણ ક્ષેત્રમાં વિકાસ થવો ખૂબ જરૂરી છે એમાં પણ ૧૧૫ કરોડ રૂપિયા ન વપરાયા અને જે પરિવહન ક્ષેત્ર. ગામડાઓમાં બસોની ખૂબ જ મુશ્કેલી પડે છે, કોઈ મેળો હોય, ઉત્સવો થાય ત્યારે પણ બસો ખેંચી લેવામાં આવે છે ત્યારે આ પરિવહન ક્ષેત્રમાં પણ ૧૭૩ કરોડ ૪૪ રૂપિયા જેટલા પૈસા ન વપરાયા અને જે વધારે વપરાયા એ પુર અને સંરક્ષણમાં અને સિંચાઈ ક્ષેત્રમાં પણ એ જે જોગવાઈ કરી હતી એની સરખામણીમાં ઘણો વધારે ખર્ચ કરવામાં આવ્યો છે પણ સાથે મારે એમ પણ કહેવું છે કે જે પૈસા વપરાય છે એ પૈસા બેલેન્સીગ રીતે વપરાય છે ખરા? આખા ગુજરાતમાં જે ૨૨૫ તાલુકાઓ છે એમાં તાલુકા વાઈસ ભાગ મળે છે ખરો? એના વિકાસમાં કાંઈ જાય છે ખરા? સાહેબ, ગામડામાં જઈએ તો ભલે સિંચાઈ માટે અહીંયા પૈસા આટલા ખર્ચાયા એમ કહે પણ, હમણા જ મારો પ્રશ્ન હતો એમાં ભિલોડા તાલુકામાં સાબરકાંઠાના જે વિસ્તારો છે એમાં તળાવો ઉંડા કરવા માટે પૈસા નથી મળતા. એટલે જે પૈસા ખર્ચાવા જોઈએ એ યોગ્ય રીતે અને યોગ્ય જગ્યાએ ખર્ચાતા નથી. સાથે સાથે એ પણ કહેવું છે કે, સરકાર પાસે જે અત્યારે સિંચાઈ માટેની યોજનાઓ છે એમાં નર્મદા યોજનામાં ૩૦ હજાર કરોડનો ખર્ચ થઈ ગયો, સુજલામ-સુફલામ યોજના છે એમાં ૬૨૩૭ કરોડનો ખર્ચ થઈ ગયો તો એવા વિસ્તારો છે કે, જ્યાં પાણી પહોંચવાનું નથી, સિંચાઈની કોઈ સુવિધા નથી એવા વિસ્તારો માટે સરકાર પાસે કોઈ ચોક્કસ પ્લાન છે ખરો? એવા વિસ્તારો માટે કોઈ સરકાર અને ખાસ કરીને ગુજરાતની પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારો છે એના માટે કોઈ લિફ્ટ ઈરિગેશન, કોઈ તળાવો ભરવાની એવી કોઈ ચોક્કસ પ્લાનિંગ સરકાર પાસે નથી એટલે આ વિસ્તારોનો વિકાસ થઈ શક્તો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડની જે વાત છે એ ઘણા વર્ષોથી ચાલે છે અને હું એને આવકારું છું. એટલા માટે આવકારુ છું કે ખેડૂત એની ખેતીનું અને એની જમીનનું આરોગ્ય જાણે એ ખૂબ જરૂરી છે અને મેં પહેલા પણ જ્યારે આ બજેટમાં ચર્ચા થઈ ત્યારે પણ આ વાત કરી હતી. પણ અત્યાર સુધી આટલા વર્ષો થયા છતાં નથી તો એ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા કે એની સોઈલ ટેસ્ટીંગ માટેની લેબોરેટીઓ, હમણાં ૩૦ ટેસ્ટીંગ લેબોરેટરીની વાત કરી છે પણ તાલુકા લેવલે એવી કોઈ સગવડ હોતી નથી કે જેથી ખેડૂત પોતાની જમીનનો ભાગ લઈ જઈ ટેસ્ટ કરાવી શકે? આવી કોઈ સગવડ જ નથી હોતી એટલે આમાં સુધારો થવો જોઈએ અને સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી થવી જ જોઈએ એમ હું માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડેરી ઉદ્યોગ પણ એટલો જ મહત્વનો છે. ખેતી સાથે ડેરી ઉદ્યોગ વિકાસ પામે તો આર્થિક પાસુનું સધ્ધર થાય એ ખૂબ જરૂર છે પણ ખરેખર તાલુકાવાર એનું આયોજન કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ચેકડેમો અને તળાવો ઉંડા કરવાની સરકારની યોજના છે એ આમ તો સારી યોજના છે પણ એમાં એટલું કહેવું છે કે, કોઈએ એવું કોઈ સરવે કર્યુ છે કે પછાત વિસ્તારો છે, આદિવાસી તાલુકાઓ છે એમાં ખરેખર આ ચેકડેમો અને તળાવો માટે લોકફાળો કોઈ ભરે છે ખરું? મારું સરવે એમ કહે છે કે એમાં ખરેખર કોઈ લોકફાળો ભરતું નથી અને એના લીધે આ તળાવો-ચેકડેમો ઉંડા થતા નથી. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ચોક્કસ આ વિસ્તારોમાં કદાચ આ ૨૦ ટકા લોકફાળો વધુ પડતો હોય તો ઓછો કરો, જેટલું પોસાય તેટલો બે ટકા-અઢી ટકા એવું કાંઈ આયોજન કરોકે જેથી એ વિસ્તારોમાં પણ સિંચાઈનો લાભ થઈ શકે. અંતરાય...હા, અમે ફાળવવા તૈયાર છીએ, પણ એ પૂરતું નથી. સાહેબ, અમારી તો મુશ્કેલી એ છે કે, ઉત્તર ગુજરાત આવે એટલે આ મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જ ગણાય અમારો સાબરકાંઠા કયાંય રહી જાય છે એટલે મારી વિનંતી એ છે કે સાબરકાંઠામાં પણ કાંઈક આવે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમાં આ વખતે જે પ્રાયમરી વિભાગમાં આઠમું ધોરણ ચાલુ કરવાનો જે નિર્ણય કર્યો છે તે સારો આવકાર્ય નિર્ણય કરેલો છે. પરંતુ મારે એમાં એવું કહેવું છે કે સરકારી સ્કૂલો છે તે સરકારી સ્કૂલોને તમે પ્રાયવેટ સંસ્થાઓને આપો છો તે આદિવાસી વિસ્તારને ખૂબ નુકસાનકર્તા છે. તે સ્કૂલો ખરેખર સરકારે જ ચલાવવી જોઈએ અને ખાસ કરીને એકલવ્ય રેસીડેન્સીયલ સ્કૂલો તે પણ જે ખાનગી સંસ્થાઓને આપવામાં આવે છે કેન્દ્ર સરકારનું પણ એમાં ઘણું મોટું ભંડોળ છે તેમાં આખું ખર્ચ વેઠે છે ત્યારે આવી સ્કૂલો સરકારે ચલાવવી જોઈએ જેથી આ મુશ્કેલી ના પડે એમ મને લાગે છે. મારે માનનીય મંત્રીશ્રી રમણભાઈ વાત કરતા હતા આંગણવાડી મકાનની જે બહું સારી બાબત છે કે, આંગણવાડી મકાનો ખાસ કરીને નાના બાળકો છે તેને બેસવા માટેની સગવડ હોવી જોઈએ અને નંદઘરની વ્યવસ્થા કરવામાં આવી છે. પણ ગુજરાતમાં કેટલા નંદઘરની જરૂરિયાત છે કારણ કે સાહેબ ગામડામાં અમે જોઈએ છીએ મોટા ભાગના બાળકો કાં તો કોઈક ગામડામાં કોઈક મકાન હોય તો તેમાં મેળ પડી જાય નહીંતર એમને એમ બેસવું પડે એવી પરિસ્થિતિ પેદા થાય છે. તો મારી વિનંતી છે કે આ નાના બાળકોને કમ સે કમ સેન્ટર મળી રહે તેના માટે કોઈક વ્યવસ્થા થાય તે જરૂરી છે. ડાર્ક ઝોનની વાત અને over exploited વાત ઘણી ચર્ચાય ગઈ. પણ ડાર્ક ઝોનમાં અમુક એવા વિસ્તારો છે કે જ્યાં અત્યાર સુધી કોઈ કનૅક્શન જ નથી મળ્યું અને over exploited વિસ્તારો છે એવા વિસ્તારોમાં સરકારે સર્વે કરવો જોઈએ. સરકાર કહે છે કે એક લાખ ચેક ડેમો બન્યાં છે. તો જો એક લાખ ચેક ડેમો બન્યાં હોય તો

પાણીના તળ ચોક્કસ ઉંચા આવવા જોઈએ. અને જે જે વિસ્તારમાં એવા પાણીના તળ ઉંચા આવ્યાં હોય તો ત્યાં રીસર્વે કરી અને જે ૫૯ ડાર્ક ઝોનમાં છે તેમાંથી કમી કરી અને એટલા તાલુકાઓને કનૅક્શન મળે એવો આપણો પ્રયત્ન હોવો જોઈએ.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, ચોવીસ કલાક થ્રી ફેઈઝ લાઈટ સરકારે બોર્ડ મારી દીધાં બધી વાત સાચી પણ ગામડાંમાં આજે પણ ૨૮ ટકા જેટલો આદિવાસી વિસ્તાર છે એમાં વીજળીકરણ થયું નથી ફક્ત બોર્ડ છે. અને બીજું થ્રી ફેઈઝ લાઈટ ત્રણ તારથી જતી હોય છે ગામડાંમાં બે જ તાર છે અને તેમાં હું નથી માનતો થ્રી ફેઈઝની લાઈટ જતી હોય એટલે આ પણ એક સર્વે કરવાની બાબત છે. પ્રાથમિક શાળામાં આદિવાસી વિસ્તારમાં શિક્ષકો અને બાળકો રેગ્યુલર સ્કૂલમાં આવે તેના માટે bio-metrics system દાખલ કરી તે આવકાર્ય છે. પરંતુ આશ્રમશાળાઓમાં છેલ્લાં બે વર્ષથી શિક્ષકો ભરવાના બંધ છે તેના લીધે બાળકોનું શિક્ષણ કથળી રહ્યું છે તેના માટે મારી મંત્રીશ્રીને વિનંતી કે આમાં વહેલામાં વહેલી તકે જે કોઈ ગૂંચ હોય તે ગૂંચ કાઢી અને આ આશ્રમશાળાઓમાં શિક્ષકો ભરવાનું થાય તે ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, વન બંધુ કલ્યાણ યોજનાની વાત ચોક્કસ હું કહીશ કે એમાં સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત ૨૭-૩-૨૦૦૭ ના તેમાં એવી જાહેરાત કરી હતી કે ૨૫૦ની ઓછી વસતિએ પણ રસ્તાઓ આપવામાં આવશે. મારે સાહેબ આજે આ ગૃહના રેકોર્ડ ઉપર કહેવું છે તે વખતે જે જાહેરાત કરી હતી આજે પણ ગામડાંઓ માટેના રસ્તાઓ છે તે રસ્તાઓનું કામ આજે પણ ચાલુ થયું નથી મેં મંત્રીશ્રીનું પણ બે-ત્રણ વખત ધ્યાન દોર્યુ હતું. આમેય બજેટમાં રસ્તાઓ માટેની જોગવાઈ ખૂબ ઓછી હોય છે અને પરિસ્થિતિ એ છે કે, આદિવાસી વિસ્તાર આવે ત્યારે નોન પ્લાનના રસ્તાઓ છે એટલે એ કરવાના નથી હોતા. સાહેબ આ ગંભીર બાબત છે તો આ બાબતે આયોજન કરી અને તેમાં આદિવાસી વિસ્તારને રસ્તાઓ મળે તે કરવાની જરૂર છે. એ જ રીતે સિંચાઈ અને આ રસ્તાઓ બે બાબતમાં ખૂબ મોટું નુકસાન આદિવાસી વિસ્તારોને થઈ રહ્યું છે અને છેલ્લે પાણીમાં પણ એટલી જ મુશ્કેલી થઈ રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પણ આ બાબતમાં થોડો ખુલાસો કરશે.

**સભાપતિશ્રી** : એક જ મિનિટ બાકી છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ મિનિટમાં પૂરું કરું છું. માનનીય મંત્રીશ્રી જે કરબોજ લઈને આવ્યા છે ૭૩૦ કરોડનો તેમાં મારે ખાસ જૂની કાર બાબતે તેમણે જે કરબોજ નાખ્યો છે. આ ખરેખર ગરીબ માણસો છે ગરીબ માણસોને ૧૫ ટકા જેટલો કરબોજ વધુ લાગે મને એમ લાગે છે કે આ વધુ છે સરકારને એમ હોય કે આ રીવેચાણમાં ક્યાંક અને ક્યાંક મુશ્કેલી ના પડે એટલા માટે કદાચ વિચાર્યુ હોય. પણ આ મોટો કરબોજ છે તેમાં થોડી રાહત જરૂર આપવી જોઈએ એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે સ્વર્ણિમ્ બજેટ લઈને આવ્યા છે, તેમાં મારો સૂર પૂરાવવા ઉભો થયો છું.

ગુજરાત રાજયના એક પૂર્વ ખેલાડી તરીકે રમતગમત અને યુવા અને સાંસ્કૃતિક વિભાગમાં જયારે ૭૬ ટકા અને ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ વિભાગમાં કરવામાં આવી છે ત્યારે ખરેખર હું હૃદયથી નાણામંત્રીશ્રી વજુભાઈને અને આ વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાને અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાનું એક દ્રષ્ટાંત આપવા માગું છું. જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ક્રિકેટ એસોસિએશનનું અધ્યક્ષપદ સંભાળ્યું છે, ત્યારથી મારા જિલ્લામાં આજે પાંચ ખેલાડી આ ગુજરાત રાજયમાં સિલેકટ થયા છે. અગાઉ કયારેય આવું જોવા મળ્યું નહોતું. સૌથી નોંધનીય બાબત તો એ છે કે આ પાંચેય ખેલાડીઓ મુસ્લીમ જ્ઞાતિના છે. આ બતાવે છે કે જે પારદર્શક વહીવટ છે એનો આ ઉત્તમ નમૂનો છે. ટેલેન્ટના આધારે જયારે આ સિલેકશન થયું છે, ત્યારે એક ખેલાડી તરીકે હું ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

રાજયની યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિને પ્રોત્સાહન અને આ સાંસ્કૃતિક વિરાસતની જાળવણી અને તેનો વિકાસ કરવા માટે અને રમતગમતને પ્રોત્સાહન આપવા માટે ડિસેમ્બર, ૧૯૯૦માં રમતગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અસ્તિત્વમાં આવ્યો હતો. આ ઉપરાંત આ વિભાગ પુરાતત્વ સંગ્રહાલય, જિલ્લા સર્વ સંગ્રહની કામગીરી પણ હાથ ધરે છે. ગુજરાતનો વિકાસ ઉત્સવો સાથે જોડીને ઉત્સવમાં ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને વિશ્વમાં સ્થાન આપવાની શરૂઆત કરી હોય તો આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. આ પરિસ્થિતિને કારણે રાજયમાં હજારો કલા કસબીઓને પ્રોત્સાહન મળ્યું છે.

૨૦૧૦માં સ્વર્ણિમ્ જયંતિ ઉજવણી માટે અલાયદી વ્યવસ્થાની રચના કરવામાં આવી છે. ગુજરાતની યુવા શકિતના સામર્થ્યને અને યુવાઓની મહાત્વાકાંક્ષાને પ્રોત્સાહિત કરવા માટે આ સ્વર્ણિમ્ જયંતિથી રૂડો કોઈ અવસર ન હોઈ શકે. યુવા શકિત ખીલી ઉઠે અને આગવી ઓળખ રમતગમત ક્ષેત્ર માટે ઉભી થાય એવા લાંબા ગાળાના સ્વપ્નને સાકાર કરવા માટે આ વર્ષે ખેલ મહાકુંભ-૨૦૧૦નું આયોજન વિચારવામાં આવેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા ઘણીબધી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. આવનારા દિવસોમાં કયારેય ના થઈ હોય, તેવી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવનાર છે. રાજયના યુવક અને યુવતીઓને સાહસિક

પ્રવૃત્તિઓ તરફ અભિમુખ કરવા માટે અને તેમનામાં પડેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટે પર્વતારોહણ જેવી સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવનાર છે.

સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, માઉન્ટ આબુ તથા પંડિત દિનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જુનાગઢ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ગુજરાતના ડુંગરાળ વિસ્તારમાં ટ્રેકીંગના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. હિમાલય વિસ્તારના ભ્રમણ કાર્યક્રમમાં દર વર્ષે મનાલી, ઉત્તર કાશી અને દાર્જીલીંગ ખાતે પણ આવા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. રાજયના આ પર્વતારોહણને આ રાજય સરકાર દ્વારા એવોર્ડ પણ આપવામાં આવે છે. રાજયના યુવક યુવતીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે તેમની શકિતઓને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવા માટે સાહસિક વૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. યુવકો અને યુવતીઓ સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે પોતાની મૌલિક કૃતિઓને ઉત્કૃષ્ટ રીતે રજુ કરી શકે તે માટે તાલુકા, જિલ્લા, દેશ અને રાજય અને રાષ્ટ્ર કક્ષાએ યુવા ઉત્સવોનું આયોજન કરવામાં આવનાર છે. વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા પણ આ વર્ષે યોજવામાં આવનાર છે. ચોરવાડથી વેરાવળ વચ્ચે અરબી સમુદ્રમાં યુવકો અને યુવતીઓ માટે વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા યોજવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી મહોત્સવ. રાજય કક્ષાના આદિવાસી મહોત્સવનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં રાજય તથા પડોશી રાજયોના પણ ૭૦૦ જેટલા કલાકારો પોતાની પરંપરાગત કલા રજૂ કરી શકે તેવા કાર્યક્રમો યોજાનાર છે. આપણી સરહદોની ઓળખ, રાજયના શિક્ષિત અને બિન શિક્ષિત યુવક-યુવતીઓ માટે રાજયના સરહદી વિસ્તારના ખમીરવંતા લોકજીવનથી વાકેફ પ્રવાસ યોજવામાં આવનાર છે. સાહિત્ય શિબિરો, વન વિસ્તાર પરિભ્રમણ, સાગરકાંઠાના વિસ્તારનું પરિભ્રમણ, રાજયના પુવક યુવતીઓને સાગરકાંઠાના લોકોનો સાંસ્કૃત્તિક પ્રત્યક્ષ પરિચય સોંપડે એ માટે સાગર સંપત્તિની માહિતી મળે એમાં સાગરલક્ષી પ્રવૃત્તિઓનો પણ અભ્યાસ થાય એ માટેની પ્રવૃત્તિઓમાં ભાગ લેવામાં આવનાર છે (અંતરાય) મહાજન સ્મારક હોડી સ્પર્ધા પણ યોજાનાર છે. સમુદ્ર તરણ સ્પર્ધા, ગિરનાર આરોહણ-અવરોહણ સ્પધા પણ યોજાનાર છે, દરેક જિલ્લા કક્ષાએ યુવક નેતૃત્વ તાલીમ પણ યોજાનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની વાત કરું તો સામાજીક સમરસતા દિવસે ડો. બાબાસાહેબ આંબેડકરના જન્મ દિવસે ૧૪ મી એપ્રિલ, ૨૦૧૦ ના રોજથી એક સપ્તાહ દરમ્યાન રાજયમાં ડો. બાબાસાહેબ આંબેડકરશ્રીની વિચારધારાને અનુરૂપ સમાજમાં એકસરખી સામાજીક વિચારધારા જળવાઈ રહે એ પ્રમાણે દરવર્ષે સાંસ્કૃત્તિક કાર્યક્રમ યોજવામાં આવે છે એમ આ વર્ષે પણ એ યોજાનાર છે. ગુજરાતની સ્થાપના દિને એટલે રાષ્ટ્રીય દિવસની ઉજવણી પણ યોજવામાં આવનાર છે. નવરાત્રી માં રાસગરબા સ્પર્ધા યોજાનાર છે, શાસ્ત્રીય સંગીત સમારોહ પણ યોજાનાર છે, વસંતોત્સવ, વિશ્વ રંગોલી દિવસ (અંતરાય)

**સભાપતિશ્રી:** માનનીય દુષ્યંતભાઈ, હવે આપની પાસે એક જ મિનિટ બાકી છે.

**શ્રી દુષ્યંતભાઈ પટેલ:** ત્યારે આ રાજયના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે અંદાજપત્ર લઈને આવ્યા છે એનેહું મારું સમર્થન આપું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, મંદિર સમાન આ વિધાનસભાગૃહમાં અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં હું શિક્ષણ અંગેની ચર્ચા કરવા માટે ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણીમ ગુજરાત રાજયના રચેતા ગુજરાત રાજયના સ્વપ્નદ્રષ્ટા, લોકનાયક અને ગરીબોના હમદર્દ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરતી સરકારે આજે વિકાસની હરણફાળ ભરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ બંધારણ એટલે ભારતીય બંધારણ અને એ બંધારણમાં શિક્ષણને ભૂળભૂત જરૂરિયાત ગણી છે. આપણા ગુજરાતમાં માત્ર લક્ષ્મી હોય એ આપણને પોસાય નહીં. જેટલી લક્ષ્મીની જરૂરિયાત છે એટલી જ સાથે જરૂરિયાત સરસ્વતીની પણ છે. આ વિધાનસભાગૃહમાં જયારે ગુજરાત રાજયની સ્થાપનનાં ૫૦ વર્ષ પૂરાં થયાં છે ત્યારે ૧ લી જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ આપણે સૌએ સાથે મળીને સામેની પાટલીના સભ્ય હોય કે આ પાટલીના સભ્ય હોય, વર્તમાન સભ્ય હોય કે ભૂતપૂર્વ સભ્ય હોય એ સૌએ સાથે મળીને ગુજરાત રાજયની વિકાસ યાત્રાને આગળ વધારવના અને માતૃભૂમિના વિકાસને વૈભવના પરમ શિખરે પહોંચાડવાના આપણે સૌએ સાથે મળીને સંકલ્પ લીધા છે. આપણે જયારે એ સંકલ્પ લીધા છે ત્યારે એમાં શિક્ષણ માટેનો પણ સંકલ્પ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણીમ ગુજરાતમાં આપણે સૌએ સાથે મળીને સોનેરી શિક્ષણની સિધ્ધિ પ્રાપ્ત કરીએ એવો સૌએ સાથે મળીને સંકલ્પ લીધો છે અને એક નાનકડા સંકલ્પની કેટલી મોટી સિધ્ધિ હોય છે એ પૂજય મહાત્મા ગાંધીજીની એક વાત ઉપરથી મારે કહેવું છે કે પૂજય મહાત્મા ગાંધીજીએ એક ચપટી મીઠાનો સંકલ્પ કર્યો હતો અને પૂરેપૂરી બ્રિટીશ સલ્તનને હચમચાવી મૂકી હતી. એટલે એક નાનકડા સંકલ્પની પણ કેટલી મોટી અસર હોય છે એ આના ઉપરથી જોઈ શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં કુલ ૧૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. શિક્ષણ પાછળ ગુજરાત રાજયે છેલ્લા ૭ વર્ષથી એક ભેખ ધારણ કર્યો હોય એ રીતે એમાં કામગીરી થઈ રહી છે. શિક્ષણ ક્ષેત્રે

ખૂબ મોટી કામગીરી કરવા માટે કન્યા કેળવણીમાં શાળા પ્રવેશોત્સવ માધ્યમ દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, તેમની સાથે તેમના મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓ એ દરેકે દરેક લોકોએ છેવાડાના ગામોમાં જઈને બાળકોના માતાપિતાઓને વિનંતી કરી કે તમારા બાળકોને પ્રાથમિક શાળામાં પ્રવેશ કરાવો, તેમને શિક્ષણથી વંચિત ના રાખો, દીકરો હોય કે દીકરી હોય એ બન્નેને એકસમાન શિક્ષણ પ્રાપ્ત થાય એ માટેની તેમને વિનંતી કરવામાં આવી છે અને એ રીતે વાજતે ગાજતે બાળકોનો શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૭ વર્ષમાં જયાં શાળાઓમાં શિક્ષણ માટેના ઓરડાઓ ખૂટે છે ત્યાં નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા છે, ૧ લાખ કરતાં વધારે વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી છે, શાળાઓમાં કોમ્પ્યુટરની વ્યવસ્થા કરવામાં આવી છે, તેવી જ રીતે બાળકોનું આરોગ્ય તંદુરસ્ત બને એ માટે પણ શાળાઓમાં આરોગ્ય તપાસણીની વ્યવસ્થા કરવામાં આવી છે, પીવાના શુધ્ધ પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આમ અનેક રીતે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. કન્યા કેળવણી માધ્યમ અને શાળા પ્રવેશોત્સવ માધ્યમમાં જે કાંઈ ખૂટતું હોય એ દરેક પ્રકારની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે. હું જયારે શિક્ષણની ચર્ચા કરી રહી છું ત્યારે આ માનનીય સભાગૃહને મારે એટલી વાત જણાવવી છે કે ગરીબ કલ્યાણ મેળા થઈ રહ્યા છે ત્યારે...

**સભાપતિશ્રી:** વિરામનો સમય થયો છે માનનીય ભાનુબેન, આપનું પ્રવચન ચાલુ રહે છે, ૧૧-૦૦ વાગ્યે સભાગૃહ ફરીથી મળશે.

## ÜÈÛÁõÛ¾Û ÍÛÈÛÛÁõ¶ÛÛ 10-30 ¬Ûà 11-00

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) (ક્રમશઃ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે શિક્ષણની ચર્ચા કરી રહી છું ત્યારે આ સભાગૃહમાં મારે એક વાત કરવી છે કે, હમણાં ગરીબ કલ્યાણ મેળા ચાલી રહ્યા છે ત્યારે ત્યાં વાદી પરિવારના લોકો પણ આવ્યા હતા. ત્યારે તેઓ એમ કહેતા હતા કે આ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમારા માટે અને અમારા બાળકો માટે ખૂબ મોટી કામગીરી કરી છે, ત્યારે અમે પૂછયું કે શું કામગીરી કરી છે? ત્યારે એમ કહયું કે મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક વાર અમને એવું કહ્યું કે તમે તમારા બાળકોને શાળામાં ભણાવો છો? ત્યારે વાદી પરિવારના લોકોએ કહ્યું કે અમારું ઘર ફરે પણ અમારી સાથે અમારા બાળકોની શાળા થોડી ફરે? અને તેના માટે અમારા બાળકો શિક્ષણની વંચિત રહી જાય છે, ત્યારે આ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમોને જે લાભો મળતા હોય તે લાભો અપાવી અને અમોને પ્લોટની વ્યવસ્થા કરી આપી અને અમારા બાળકોનો શાળામાં પ્રવેશ કરાવ્યો, ત્યારે એવું કહેતા હતા કે અત્યાર સુધી અમારા બાળકો જે સાપ, વીંછી અને નોળીયા સાથે રમી રહ્યા હતા તે બાળકો હવે કોમ્પ્યુટર પર સાપ, વીંછી અને નોળીયાના ચિત્રો દોરી રહ્યા છે. આ એક ખૂબ મોટી વાત છે. આ વાત ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ રીતે ગરીબ કલ્યાણ મેળા દરમિયાન અનેક વાદી પરિવારના લોકોને પ્લોટ આપવામાં આવ્યા હતા. થોડા સમય પહેલા ગુણોત્સવ કાર્યક્રમ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કર્યો, શિક્ષક અને શિક્ષણને સજજ કરવાનો પ્રયોગ એટલે ગુણોત્સવ, બજેટમાં તેના માટે આ વર્ષે ૧૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ અત્યાર સુધીના ઈતિહાસમાં કયારેય ન બન્યું હોય તેવું ગુણોત્સવના માધ્યમથી બન્યું છે કે જે સરકાર સત્તા ઉપર બેઠી હોય તે સરકાર પોતે પોતાની કામગીરી શું છે તે જોવા જાય તેવી ઘટના પહેલીવાર બની રહી છે. કયારેક તો ગાલીચો ઉપાડીને આપણે જોવું પડશે કે તેની નીચે રજ કેટલી છે. અને આ જોવાનો પ્રયાસ કોઈએ કર્યો હોય તો તે આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે. જોવું અને નિરિક્ષણ કરવું તે આ ગુણોત્સવ કાર્યક્રમના માધ્યમથી આપણે સમજી શકીએ છીએ, ગુણોત્સવ કાર્યક્રમના માધ્યમથી મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, અધિકારીઓ શાળામાં જાય અને બાળકો ભણે છે એમાં કેટલી ખામી છે, શાળામાં શું સુવિધાઓ આપવામાં આવી છે, ભૌતિક અને પ્રાથમિક સુવિધાઓ એ દરેક પ્રકારની સુવિધા છે કે નહીં અને ન હોય તો તેની પાછળના કારણો શું છે, જે ઘટતું હોય તે બધું જ પૂરું કરવા માટે આ ગુણોત્સવ કાર્યક્રમ અમે પુરો પાડયો છે. ગુજરાતને જ્ઞાન અને સમૃદ્ધિના શીખરે લઈ જવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેત્યુત્વમાં "વાંચે ગુજરાત અભિયાન"નો તદ્દન નવા અભિગમ વાળા કાર્યક્રમ માટે ૬ કરોડ રૂપિયાની આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. ૨૧મી સદી એ વિજ્ઞાનના યુગની સદી છે, માહિતીનો યુગ છે અને જ્ઞાનનો યુગ છે, જેમની પાસે જ્ઞાન હશે તે આ વિશ્વ પર રાજ કરી શકશે, ગુજરાત જયારે સ્વર્ણીમ જયંતિ વર્ષની ઉજવણી કરી રહ્યું છે ત્યારે વાંચે ગુજરાત અભિયાન સોનામાં સુગંધ ઉમેરવા સમાન કાર્યક્રમ છે, આ વખતના બજેટમાં રાજયમાં ૧૪ નવી ઉચ્ચ શિક્ષણની કોલેજોના બાંધકામ માટે ૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, ગુજરાત રાજયના નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબે જે ૧૬મી વખત બજેટ રજૂ કરી અને વિક્રમ સજર્યો છે તેના માટે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું, તેઓ અમારા રાજકોટ જિલ્લાના છે, એમના માટે મારે એ પણ કહેવું છે કે વજુભાઈ જયારે મેયર હતા ત્યારે પાણી માટે ખૂબ મોટી કામગીરી કરી હતી એટલે આજે પણ એમને પાણી વાળા મેયર તરીકે ઓળખવામાં આવે છે. અંદાજપત્રમાં જે જોગવાઈઓ કરી છે તેને મારું સમર્થન આપી અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : (સંસદીય સચિવશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અંદાજપત્ર લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન કરું છું.

માનનીય નાણામંત્રીશ્રી ૧૬મી વખત બજૅટ ગુજરાતની સ્વર્ણિમ જયંતિ વર્ષમાં જ્યારે લાવ્યા છે ત્યારે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ખાસ કરીને આ રાજયની સ્થાપના પહેલી મે, ૧૯૬૦ના રોજ થઈ ત્યારે આ રાજયનું પ્રથમ બજૅટ તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી જીવરાજભાઈ મહેતા લઈને આવ્યા હતા જેમાં વિકાસ જોગવાઈ પાછળ ૩૩.૧૯ કરોડનું આયોજન કર્યુ હતું. જ્યારે ૨૦૦૯-૧૦ના વર્ષમાં વાર્ષિક વિકાસનું કદ રૂપિયા ૨૩૫૦૦ કરોડ હતું જેમાં ૨૫.૫૩ ટકા જેવો ધરખમ વધારો કરીને આ વિકાસ ગાથાને આગળ વધારવામાં આવી છે. એથી પણ આગળ વધીને આ સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૦માં વાર્ષિક વિકાસ યોજનાનું કદ રૂપિયા ૨૯૫૦૦ કરોડનું છે ત્યારે એમાં ખાસ કરીને સામાજિક સેવાઓ પાછળ ૧૨૮૯૦.૬૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે ત્યારે ખાસ કરીને આ એક એવો વિભાગ છે કે જેમાં સામાન્ય રીતે ગરીબ લોકોનો સમાવેશ થાય છે. આપણા રાજયની અંદર પૂર્વ પટ્ટી અંબાજીથી લઈને ઉંમરગામ સુધીનો આદિવાસી વિસ્તાર છે. જેનો વિસ્તાર આશરે ૨૯૪૩૨ ચોરસ કિલોમીટર છે જેમાં લગભગ ૭૫ લાખ જેટલો જનસમાજ વસેલો છે જે આ રાજયની કુલ વસતિના ૧૫ ટકા જેટલો સમાજ આ સમગ્ર પૂર્વ પટ્ટીની અંદર વિસ્તરર્યો છે ત્યારે આ આદિવાસી સમાજ ડુંગરાળ પ્રદેશમાં રહેતો હોય છે. એની પણ અનેક સમસ્યાઓ હતી. આ સમસ્યાઓના ઉકેલ માટે એનો સર્વગ્રાહી વિકાસ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુ યોજના દાખલ કરીને દસ મુદ્દાનો કાર્યક્રમ લઈને સમગ્ર વિસ્તારને આવરી લીધો છે.

શિક્ષણની વાત કરીએ તો શિક્ષણ ક્ષેત્રની અંદર પણ આપણે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં શિક્ષણની ભૂખ વધી છે. આપણે જાણીએ છીએ કે ટ્રાયબલ વિસ્તારની અંદર પ્રાથમિક શિક્ષણમાં પણ અનેક મુશ્કેલીઓ હતી. શાળાના ઓરડાઓ નહોતા, શિક્ષકો નહોતા, ભૌતિક સુવિધાઓ નહોતી આ તમામ સુવિધાઓ આપણે આપી શક્યા છીએ. એનાથી આગળ જઈએ તો દરેક તાલુકાની અંદર એક તો સાયન્સના ધોરણ સાથેની શાળા હોય. સાથે સાથે ટેકનિકલ શિક્ષણ પણ દરેક તાલુકાને મળે એ માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એન્જિનિયરીંગ કૉલેજ, મૅડિકલ કૉલેજ, નર્સિંગ કૉલેજ વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ રીતે વ્યકિતના વિકાસ માટે શિક્ષણ એ એક અગત્યનું પાસુ છે ત્યારે એના માટે સરકાર ખૂબ ચિંતા કરીને આગળ વધી છે.

પહેલા આ આદિવાસી વિસ્તારની અંદર પીવાના પાણીની અનેક સમસ્યાઓ હતી. મોટા ભાગનો આદિવાસી વિસ્તાર ડુંગરાળ છે તેથી લોકો ટેકરીઓ ઉપર રહેતા હોય છે ત્યારે ત્યાં પણ વાસ્મો યોજના થકી દરેક ઘરને શુદ્ધ પીવાનું પાણી મળી રહે એ પ્રકારનું જન ભાગીદારી થકી માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક આગવું કામ ઉપાડ્યું છે ત્યારે મોટા ભાગના વિસ્તારમાં આજે પીવાના પાણીની સમસ્યા જોવા મળતી નથી.

હમણાં જ માનનીય સભ્યશ્રી અનિલભાઈ જોષીયારાજી કહેતા હતા કે આદિવાસી વિસ્તારની અંદર રસ્તાઓ ખૂબ ઓછા થયા છે. મારે આ તકે કહેવું છે કે છેલ્લા છ વર્ષની અંદર લગભગ ૧૭ હજાર ચોરસ કિલોમીટર જેટલા રસ્તાઓ આ સરકારે બનાવ્યા છે એ કદાચ આગળના ૪૦ વર્ષ કરતાં પણ વધારે એક મોટી સિદ્ધિ છે. આ જોતા ખ્યાલ આવશે આદિવાસી વિસ્તારમાં કેટલા રસ્તાઓ બન્યા છે. બીજું કે ટ્રાયબલ વિસ્તારમાં ફોરેસ્ટ એકટના કારણે કેટલાક રસ્તાઓ આપણે બનાવી શક્યા નહોતા. પરંતુ મારે એ વાત પણ આપણા ધ્યાન ઉપર મૂકવી છે કે કેન્દ્રની અંદર વરસોથી કોંગ્રેસનું શાસન રહ્યું છે ત્યારે આ મુશ્કેલીઓ જે તે સમયે પણ આપણને પડતી હતી. એ સમયના સંજોગોમાં જો આ બાબતને ધ્યાન ઉપર લઈને આ કાયદામાં સુધારો કર્યો હોત તો ચોક્કસ આ જે વ્યકિતઓ છે એ તમામ વ્યકિતઓને એનો ફાયદો થઈ શક્યો હોત. આ બાબતથી આગળ બીજી કેટલીક બાબતો એવી છે કે જે જંગલની જમીનની વાત આપણે સૌ કરીએ છીએ, હું એટલા માટે કહી રહ્યો છું કે આદિવાસી વિસ્તારના લોકોની આજીવિકા થોડી ઘણી ખેતી ઉપર છે ત્યારે જંગલની જમીનના કાયદાની વાત આપણે સૌ કરીએ છીએ ત્યારે ૧૯૬૭ અને ૧૯૮૦ પહેલાંની જે જમીનો હતી તેમાં લગભગ આપણે ૪૫,૦૦૦ હેકટર, સનદો આપી ચૂક્યા છીએ અને હાલમાં પણ ૧૪,૦૦૦ જેટલી સનદો નહીં પણ અધિકારપત્ર આપણે આપ્યા છે, પણ આમાં મારે એક બાબત ધ્યાન દોરવું છે કે ૨૦૦૬માં જ્યારે આ કાયદો બન્યો અને ૨૦૦૮માં તેના માટેના નિયમો બન્યા. નિયમો બન્યા ત્યારે આ કાયદો બનાવ્યો એ કેન્દ્ર સરકારે બનાવ્યો છે. કેન્દ્ર સરકારે આ કાયદો બનાવ્યો ત્યારે સનદો આપવાની વાત જો કરી હોત તો એ વાતથી કદાચ અમને બધા આદિવાસીઓને તેના માટે ગૌરવ થાત, પણ ફક્ત તેમાં અધિકાર આપવાની વાત કરી છે. એટલા માટે મારા સાથી મિત્રોને પણ મારી એક વિનંતી છે કે કેન્દ્રમાં આપની સરકાર છે ત્યારે આ કાયદામાં કેટલાક સુધારા કરીને તેમાં સનદો આપવા માટેની વાત જો આપણે કરીએ તો હમણાં જ થોડા સમય પહેલાં અમદાવાદમાં એક મોટી સભા પણ થઈ અને જેની અંદર આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મારે એટલા માટે ધ્યાન ઉપર મૂકવું છે કે જ્યારે લોકસભાની ચૂંટણીઓ આવતી હતી ત્યારે..

**અધ્યક્ષશ્રી** : આપણે અંદાજપત્ર ઉપર બોલીએ છીએ.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે વાત કરી રહ્યો હતો..

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કિશોર વાંકાવાલા (સૂરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઈને આવ્યા છે તેના સમર્થન માટે ઉભો થયો છું. સામા પક્ષના અમારા સાથી મિત્રો એમ કહેતા હતા કે ગરીબ અને દલિતો માટે આપણે કંઈ કરતા નથી. પરંતુ શ્રમ અને રોજગાર વિભાગના આંકડાઓ જોવામાં આવે તો ખ્યાલ આવશે કે આજે આપણે કેટલું કર્યું છે? ૬૮ ટકાના બજેટમાં વધારા સહિત ૨૦૦ કરોડની જોગવાઈ શ્રમ અને રોજગાર વિભાગ માટે કરવામાં આવી છે. એટલું જ નહીં, પરંતુ રોજગારને કેન્દ્રસ્થાને રાખીને ૧૦ હજારથી વધુ વસતિવાળા ૯૦૦ ગામડાંઓમાં સ્વર્ણિમ ગુજરાત કૌશલ્યવર્ધન યોજના અંતર્ગત ૧૫૦ જેટલા વિલેજ તાલીમ કેન્દ્ર દ્વારા એક લાખ લોકોને કૌશલ્ય તાલીમ માટે ૨૪ કરોડની પણ જોગવાઈ કરવામાં આવી છે. અસંગઠિત ક્ષેત્રમાં કુટિર ઉદ્યોગને અનુરૂપ વ્યવસાયોમાં તાલીમ આપવા આઈ.ટી.આઈ. કેમ્પસમાં કુટિર મંડળી માટે ૧૦.૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા છ વર્ષથી સતત રોજગારી આપવામાં સમગ્ર ભારત દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. એટલું જ નહીં, પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રે માનવદિનનો વ્યય ઓછામાં ઓછો રાખવામાં પણ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે ગુજરાત રાજ્ય આવે છે. એક વર્ષે પ્રથમ નંબર લાવવો એ વાત જુદી છે. પરંતુ છ વર્ષ સુધી તેને મેન્ટેઈન કરવો એ બહુ અઘરું અને મુશ્કેલ કામ છે. મહેનત માગી લે તેવું કામ છે. છતાં પણ આપણે તે કરી શક્યા છીએ. હું મારા મિત્રોને એટલે કહેવા માગું છું કે જ્યારે અસંગઠિત ક્ષેત્રે ૨૦૦૭માં સરકારે કલ્યાણ બોર્ડની નિમણૂંક કરી, આપણે સૌ જાણીએ છીએ કે આવા કામ કરતા ફેરિયાઓ, સફાઈ કામદારો, સ્વીપર્સ એ બધાને માટે કોઈ સંગઠિત મંડળ કે યુનિયન હોતું નથી. તે લોકોના નોધારાના બાપ તરીકે આજે રાજય સરકાર આગળ આવી છે. હું અહીં બેઠેલા મારા તમામ મિત્રોને કહેવા માગું છું કે ૧-૧-૨૦૧૦ના દિવસે સ્વર્ણિમ ગુજરાતના દિવસે સૌ વિધાનસભા ગૃહમાં હાજર રહ્યા હતા ત્યારે ગુજરાતને વિકાસ તરફ લઈ જવા માટે આપણે બધાએ એક સાથે સંકલ્પ કર્યો હતો. મારે આના સંપૂર્ણ આધારમાં ખાલી આંકડાકીય માહિતી આપવી છે. આજે લગભગ બે કરોડ જેટલા વ્યકિતઓ બેરોજગાર છે અને રોજગારી માટે તલસી રહ્યા છે. તે લોકો માટે કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવી છે. મને જણાવતાં દુઃખ થાય છે કે, અસંગઠીત કામદાર બોર્ડમાં અત્યાર સુધીમાં ફક્ત ૭૪૦૭૧ કામદારોની નોંધણી થયેલ છે. કામદાર કલ્યાણ બોર્ડની અંદર સ્કિલ્ડ ડૅવલપમેન્ટ કરવામાં આવે છે, સેફ્ટી ટુલ્સ કીટસ આપવામાં આવે છે. અવેરનેશ વર્કશૉપ કરવામાં આવે છે, હેલ્થ ચૅકઅપ કરવામાં આવે છે અને મૅડિકલ એઈડ આપવામાં આવે છે. અહીં જે બજૅટમાં જોગવાઈ છે એ જોગવાઈને અનુરૂપ કામ કરીએ તો હું માનું છું કે આખું મૂળ જે છે એ ગરીબી અને દલિતો માટેનું છે. જો તેના માટે આ સરકાર કામ કરતી હોય તો આ સરકારને સપોર્ટ કરવો જોઈએ, આ બજૅટને સપોર્ટ કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ આપના હસ્તક ૧૦ નવી આઈટીઆઈ પણ શરૂ થનાર છે. સરકારે પોતાના તા.૩૧-૩-૧૯૯૫ના ઠરાવમાં કેન્દ્ર તથા ગુજરાત રાજયના જાહેર સાહસો તથા ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં જે ઔદ્યોગિક ક્ષેત્રના મજૂરો છે એ મજૂરોમાં ૮૫ ટકા ગુજરાતના સ્થાનિક લેબર તરીકે અને સુપરવાઈઝર તથા મેનેજર કક્ષાના ૭ ટકા કમ્પલસરી સ્થાનિક લેવાનો ઠરાવ કરેલ છે. આ એવું સૂચવે છે કે, ગુજરાતના લોકોને રોજી-રોટી મળી રહે. ખાસ કરીને શ્રમ અને રોજગાર વિભાગના જે આઠ બોર્ડ છે, તેમાં કામદાર કલ્યાણ બોર્ડ, ગુજરાત ગ્રામ્ય શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર કલ્યાણ બોર્ડ, રાજય કોન્ટ્રાકટ મજૂર સલાહકાર બોર્ડ, લઘુતમ વેતન સલાહકાર બોર્ડ, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, ગુજરાત અસંગઠીત કામદાર કલ્યાણ બોર્ડ, ગુજરાત મકાન બાંધકામ શ્રમયોગી બોર્ડ, સાહેબ, મારું કહેવું એટલું છે કે, આ અસંગઠીત બોર્ડની અંદર ફક્ત દસ રૂપિયા આપીને પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકાય છે અને દર વર્ષે દસ રૂપિયા આપીને રીન્યૂ કરી શકાય છે. પરંતુ બે કરોડ અસંગઠીત કામદારોની સામે ફક્ત ૭૪,૦૭૧ જ નોંધાયેલ અસંગઠીત કામદારો છે. જે લોકોને માટે આપણે કાંઈ કરી શકતા નથી. આ સ્વર્ણિમ વર્ષની અંદર સરકારે તેમાં ૧૦.૪૯ કરોડની જોગવાઈ કરી છે અને આવા કામદારો એકત્રિત થાય અને તેઓને વધુમાં વધુ રોજી મળે, તેઓ સંગઠિત થઈને તાલીમ લે અને તે માટે સરકારે વ્યવસ્થા કરી છે. ગુજરાત સરકાર જે કરી રહી છે તેને લગભગ દેશના દ ણા રાજયો અનુસરી રહ્યા છે. તેના કારણે ગુજરાત હંમેશાં પ્રથમ ક્રમે રહ્યું છે. મારે એટલું જ કહેવું છે કે, આ સફળતાનો આંક કાયમી રાખવા માટે મહેનત કરવી જરૂરી છે. એક વખત સફળતા પ્રાપ્ત થાય પરંતુ સફળતાને ટકાવી રાખવી એ મુશ્કેલ કામ છે અને સફળતાને ટકાવી રાખવા માટે ગુજરાતની સરકાર અને મુખ્યમંત્રીશ્રી ઝઝૂમી રહ્યા છે તે કાબીલે દાદ માગી લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ શ્રમ રોજગાર વિભાગની અંદર જે બજૅટની જોગવાઈ કરી છે, આ બજૅટની જોગવાઈની અંદર વધુમાં વધુ રોજગારી પ્રાપ્ત થાય તેના માટે કામ કરવું જરૂરી છે. ખાસ તો આ જે રોજગારી પ્રાપ્ત થાય તેને માટે બીજા બધા વિભાગો સાથે સંકલન કરીને કૃષિ અને અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગ્રામ્ય વિકાસ, કુટિર ઉદ્યોગ, હાથસાળ અને હસ્તકલા નિગમ, સફાઈ કામદાર વિકાસ નિગમ,

મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ આ તમામ સાથે સંકલન કરીને, તમામને એક સાથે જોડીને તેઓને તેમાં કામ કરતા લોકોને વધારે રોજગારી મળે એ માટેનું સંકલન કરીને આખું કાર્ય કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી જે કંઈ કામ કર્યુ છે તેમાં માનનીય અબ્દુલ કલામ હસ્તક ડાયમંડ એવોર્ડઝ આપવામાં આવ્યો હતો. આનાથી વધુમાં વધુ રોજગારી મળી છે આથી હું માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું.

**અધ્યક્ષશ્રી** : આ બાજુના બે બાકી છે અને આ બાજુના ૧૦ નામો મારી પાસે છે. મિનિટોની જે ફાળવણી છે એ પ્રમાણે ૭ અને ૮ મિનિટની જ ફાળવણી છે, એટલે હું બેલેન્સ કરું છું. નહીં તો શું થાય કે આ બાજુના બંને સભ્યશ્રીઓને બોલી લેવા દઉ તો પછી ચર્ચા એક જ દિશામાં ચાલે એટલા માટે.

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં નાણામંત્રીશ્રી જે બજૅટ રજૂ કરેલ છે તેમાં અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું. મારે કહેવું છે કે માનનીય મંત્રીશ્રીએ ૧૬મી વખત બજૅટ રજૂ કરીને વિક્રમ સજર્યો છે. આ બજૅટની જોગવાઈઓમાં જ્યારે નજર કરીએ ત્યારે જુદાજુદા આકડાકીય રીતે જોઈએ તો એમ લાગે કે જ્યારે બજૅટ ગુજરાતની સુવર્ણ જયંતી ઉજવી રહ્યા છીએ. વર્ષનું બજૅટ છે. સાડા પાંચ કરોડ ગુજરાતીઓની સંકલ્પશકિતને બળ આપે છે. અને પ્રગતિશીલ બજૅટ નાણામંત્રીશ્રી ગૃહ સમક્ષ મૂકી રહ્યા છે ત્યારે નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપુ છું. મારે કૃષિ ઉપર થોડીક વાત કરવી છે. આપણો ખેતીપ્રધાન દેશ છે. આપણું રાજય પણ ખેતી આધારીત રાજય છે. છેલ્લા વર્ષોમાં સરકારશ્રી તરફથી કૃષિ ઉત્પાદન માટે જે મહત્ત્વની બાબત ધ્યાન ઉપર મારે મૂકવાની છે. આ ગુજરાતમાં લગભગ ૪૩લાખ ખાતેદાર ખેડૂતો છે. જેના ૯૮લાખથી વધારે હેકટરમાં જમીન વાવેતર કરવામાં આવે છે. આજે જ્યારે દેશની સાથે સરખામણી કરીએ કૃષિની તો ખૂબ મોટો તફાવત આવે છે. આજે ગુજરાતના કૃષિ ઉત્પાદનમાં નજર કરીએ તો લગભગ દેશમાં પ્રથમ નંબરનું કૃષિ ઉત્પાદન ગુજરાતમાં છે. ગુજરાતની વસ્તી ૫ કરોડથી વધારે છે. ૫ તેમાં મને કહેતાં ગૌરવ થાય છે કે ૩.૫ કરોડની રોજીરોટી કૃષિ આધારિત છે. એ કૃષિને મહત્ત્વ આપવા માટે વખતોવખત છેલ્લા ૧૦ વર્ષમાં રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીએ મહત્ત્વ આપ્યું છે અને આપણો ઉત્પાદનનો ગ્રોથ વધ્યો છે ત્યારે આજે ગુજરાતમાં એક નજર કરીએ તો ખરેખર ગોકુળિયા ગામો બન્યા છે. અહીંથી કહેવામાં આવ્યું કે પહેલા લાઈટ આટલા કલાક મળતી હતી. ૨૪કલાક લાઈટ મળતી હતી પણ પાણી જ હતું નહીં. કૂવાના પાણીના તળ નહોતા. કૃષિનું ઉત્પાદન ખેડૂત લઈ શકતો નહોતો. સરકારે એવો નિર્ણય કર્યો કે આઠ જ કલાક પાવર આપવો, સરકારે વરસાદનું પાણી રોક્યું અને મને કહેતાં ગૌરવ થાય છે કે મારા વિસ્તારમાં જ નહીં સમગ્ર ગુજરાતમાં આજે કૃષિ ઉત્પાદન અઢળક વધ્યું છે. ખેતી છે એ આ ગુજરાતની કરોડરજ્જૂ છે. ખેતી આધારિત વિકાસ હોય છે. ગુજરાત સરકાર જ્યારે બધાય વિષયો ઉપર વિકાસ કરે છે, ગૌરવની વાત મારે કહેવી છે કે પહેલા ગામડાનો માણસ પોતાની રોજીરોટી મેળવી શકતો નહોતો જેના કારણે શહેરમાં જતો રહેતો હતો. છેલ્લા વર્ષોમાં બજૅટ ઉપર નજર કરીએ પછી શિક્ષણની વાત હોય, સિંચાઇની વાત હોય, કૃષિની વાત હોય , આરોગ્યની વાત હોય..બજૅટની અનેક જોગવાઈઓ જોઈએ ત્યારે ખૂબ જ ગૌરવ થાય. મારે થોડા આંકડા આપવા છે. પ્રથમ દ્રષ્ટિએ ગુજરાતના નાણાકીય આયોજન તરફ નજર કરીએ તો એક વાત ધ્યાનમાં આવે છે કે ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં આશરે ૪૩ લાખ ૭૫૬ કરોડનું આયોજન થયું હતું. જયારે ૨૧મી સદીના પ્રથમ દશકામાં ખૂબ મોટી હરણફાળ ભરીને રૂપિયા ૧ લાખ ૧૮ હજાર ૭૬૧ કરોડનું આયોજન પરિપૂર્ણ કર્યું છે. અગાઉના ૪૦ વર્ષમાં થયેલ નાણાકીય આયોજનો કરતાં લગભગ ત્રણ ગણી રકમ વધુ બતાવી છે. ગુજરાતની સ્થાપના બાદ ૧૯૯૧-૬૫નું પ્રથમ બજૅટ મને ગૌરવ થાય છે કે અમારા અમરેલી જિલ્લાના તત્કાલીન પ્રથમ મુખ્યમંત્રીશ્રી જીવરાજભાઈ મહેતા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. તેમાં વાર્ષિક વિકાસ યોજનાઓની જોગવાઈ ૧૧ કરોડ ૧૯ લાખની હતી. આજે કહેતા ગૌરવ અનુભવું છું કે વર્ષ ૨૦૦૯-૧૦ના વાર્ષિક યોજનાનું કદ ૨૩૫૦૦ કરોડનું હતું એમાં ૨૫.૫૩ ટકાનો ધરખમ વધારો કરીને વર્ષ ૨૦૧૦-૧૧ના સ્વર્ણિમ બજૅટમાં વાર્ષિક યોજનાનું કદ રૂપિયા ૨૯૫૦૦ કરોડનું નિયત કરવામાં આવ્યું છે. આ બતાવે છે કે સ્વર્ણિમ જયંતી એ સોના જેવી જયંતીની આપણે ઉજવણી કરી રહ્યા છીએ. કૃષિ અને બાગાયતમાં મારે એક વાત કરવી છે. દેશમાં કૃષિ ક્ષેત્રે પણ પ્રથમ છીએ. વિશ્વમાં ડુંગળીના ઉત્પાદનમાં અગ્રેસર છીએ. રાજ્યમાં ઇસબગૂલના પ્રોસેસિંગ અને વિસ્તરણમાં અગ્રેસર છીએ. આપણી કેસર કેરી આખી દુનિયામાં વખણાય છે. રાજ્યનો વરિયાળીના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ નંબર છે. ૧૦ વર્ષના અંતે બાગાયત ક્ષેત્રે ૭ લાખ હેકટર વિસ્તારનો વધારો કર્યો છે અને એમનું ઉત્પાદન ૭૮ લાખ ટન થયું છે. મને કહેતા ગૌરવ થાય છે કે આ ગુજરાત એવું હોવું જોઈએ કે અમારા મંત્રીમંડળની ઈચ્છા છે કે આપણું ગુજરાત હરિયાળું હોવું જોઈએ. આજે એ હરિયાળું બની રહ્યું છે. આપણું ગુજરાત નિર્મળ હોવું જોઈએ અને આજે આપણે આગવું સ્થાન ધરાવીએ છીએ. અગાઉ કહ્યું એમ કૃષિ આપણી કરોડરજ્જુ હોવાના કારણે આખા દેશમાં કૃષિનો દર ૭ ટકા હોય અને ગુજરાતનો કૃષિ દર ૧૫ ટકા હોય ત્યારે મારે ખૂબ ખૂબ અભિનંદન આપવાં છે.

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું ત્યારે મને ગયા વર્ષની વાતો યાદ છે કે જેની છાતીએ વાળ હોય એ

દેવું કરે એવું કહેવાયું હતું. પણ મારે એ કહેવું છે કે રાજ્ય સરકારમાં બેઠેલા હોઈએ, અગર કોઈ ઉછીની પેઢી પોતાને આપી દીધી હોય એ વહીવટ કેવો કરે છે અને રાજ્ય સરકારના બદલે પ્રાઈવેટ પેઢી વહીવટ કેવો કરે છે. કેમ કે કોઈપણ પેઢી હોય, સરકાર હોય કે સંસ્થા હોય એ દાવો કરે એની પાછળનો ઉદ્દેશ આખા ગુજરાતની પેઢી જેના હવાલે હોય એના ઉત્કર્ષ માટે લાભકર્તા નથી. એના માટે કહેવા માગું છું કે આપણા ઉપર જાહેર દેવું સતત વધતું રહ્યું છે ત્યારે ૨૦૦૦-૦૧માં જાહેર દેવું ૨૭૫૪૦ કરોડ રૂપિયા હતું એમાં વધારો થઈને આજે ૧ લાખ ૧૨ હજાર ૪૬૨ કરોડ થયું છે. આવા સંજોગોમાં અમે ચિંતા કરીએ છીએ કે માનનીય નાણામંત્રીશ્રીની છાતીએ ભલે વાળ હોય પણ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા અને ગરીબ લોકો (અંતરાય) જે કહ્યું હતું એ જ કહું છું. આજે સરકારની પેઢી લઈને બેઠા છીએ ત્યારે દેવામાં જ્યારે સતત વધારો થઈ રહ્યો છે એની ચિંતા કરીએ છીએ? દેવું થયું હોય અને વિકાસ થયો હોય તો આનંદ થાય. આજે અમે સમજીએ છીએ કે પગાર અને પેન્શનનો ૨૯ ટકા જેટલો ખર્ચ થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું એ જાણવા માગ છું કે ૮૪૯૨૨ કરોડ, ૨૭૫૪૦ કરોડ બાદ કરતા આજે ૮૪૯૨૨ કરોડ રૂપિયા આ સતત ૧૦ વર્ષની અંદર આ રાજ્ય સરકારના માથે દેવું વધી રહ્યું છે ત્યારે મને કહેતાં દુ:ખ થાય છે કે આ ૧૦ વર્ષમાં આ રાજ્ય સરકારે કોંગ્રેસની ભલે વાતો કરતા હોય, કોંગ્રેસે જે કર્યું તે. તમે આઝાદી પછી ૧૦ વર્ષમાં નથી કર્યુ એનો દાખલો આપવા માગું છું કે આ ૮૪૯૨૨ કરોડમાં આ ૧૦ વર્ષમાં ગુજરાતમાં તમે કોઈ ખેડૂતો માટે સિંચાઈ ડેમ બાંધ્યો ખરો? અમારી સરકારે ઉકાઈ ડેમ, કડાણા ડેમ, પાનમ ડેમ બાંધ્યો. આ સરકારે આટલું બધું ૧૦ વર્ષમાં દેવું કર્યા પછી પણ ખેડૂતો માટે કોઈ મોટી સિંચાઈ યોજના બનાવી ખરી? અરે, સાહેબ નર્મદા યોજના તો ચીમનભાઈની સરકાર કરી છે. આ કેન્દ્ર સરકારની વાતો કરે છે. આજે મને ગૃહને કહેતા આનંદ થાય છે કે કેન્દ્ર સરકાર કેટલી સબસિડી આપે છે એના હું સત્તાવાર આંકડા કહું છું એ નાનીસૂની વાત નથી. માનનીય મારા સામેના પક્ષના સભ્યએ વાત કરી. ખેડૂતોની ચિંતા કેન્દ્ર સરકાર કરે છે એનો દાખલો આપવા માગ છું કે ખેડૂતો સૈન્દ્રીય ખાતરથી ખેતી કરે છે. આજે યુરિયા ખાતર, સલ્ફેટ ખાતર અને ડી.એ.પી. ખાતર કોને કહેવાય? માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત આ ગૃહને જણાવવા માગ છું કે કેન્દ્ર સરકારને આધારે આ ગુજરાતનો મોટાભાગનો વહીવટ ચાલે છે. માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરા કહેતા હતા કે કેન્દ્ર સરકાર શું આપે છે એનો એક દાખલો કહેવા માગ છું. ડી.એ.પી.ની મૂળ પડતર થેલી જે કારખાનામાં જી.એસ.એફ.સી.માં ઉત્પન્ન થાય છે એની એક થેલીની પડતર કિંમત થાય છે ૨૦૦૦ રૂપિયા. અત્યારે ગુજરાતના માર્કેટમાં મળે છે રૂા.૪૫૦. એની સામે કેન્દ્ર સરકાર એક થેલીએ ૧૫૫૦ રૂપિયા સબસિડી આપે છે. યુરિયાની અંદર ૧૬૦૦ રૂપિયા પડતર કિંમત થાય છે એમાં ૧૨૦૦ રૂપિયા કેન્દ્ર સરકાર સબસિડી આપે છે. સલ્ફેટની અંદર (અંતરાય) તમારા ખેતીવાડીના અધિકારીને જઈને પૂછો તમારા જિલ્લામાં, આ સત્તાવાર માહિતી આપું છું કે કેન્દ્ર સરકાર શું કરે છે? કેન્દ્ર સરકારની કેટલી યોજનાનો લાભ મળે છે. છેલ્લે છેલ્લે એવું હું કહીશ કે રાજીવ ગાંધી વીજળી કનેકસન યોજના. સાહેબ, ગુજરાતને કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી છે. બી.પી.એલ.ની ચિંતા, ગરીબોની ચિંતા કેન્દ્રની અમારી કોંગ્રેસ સરકાર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર હું શ્રમ અને રોજગારની વાત કરીશ તો એમાં ખાલી ૨૦૦ કરોડ સામાન્ય છે. આજે સાહેબ, ૭૮૬૭૪૦ બેકારો આજે રોજગાર કચેરીમાં નોંધાયા છે. આ બેરોજગાર યુવાનોની ચિંતા આ સરકારે કરી નથી. એમના ચૂંટણી ઢંઢેરામાં જે વચનનો આપ્યા હોય એમાં હું પડવા માગતો નથી. રોજગાર કચેરી સિવાયના કેટલાય વ્યક્તિઓ જાણે છે કે આ સરકારમાં અમને રોજી-રોટી મળવાની નથી. ભલે અમે રોજગાર કચેરીમાં નામ નોંધાવીશું તો પણ અમને રોજી-રોટી મળવાની નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ આ બેરોજગાર યુવાનોની ચિંતા કરી હોત તો અમે બજેટને ૧૦૦ ટકા આવકારત પણ આ ચીલાચાલુ બજેટના ભોગે આજે પણ આટલા યુવાનો બેકાર છે ત્યારે અમને દુ:ખ થાય છે કે સામાન્ય ૨૦૦ કરોડ જેવી રકમ શ્રમ અને રોજગારમાં ફાળવી છે એ નજીવી રકમ લાગે છે.

સાહેબ, આદિવાસીઓની જો વાત કરીએ તો આદિવાસીઓના મશીહા. ગરીબ મેળાની અંદર અમે છેવાડાના ગરીબ સુધી અમે લાભ આપ્યો છે આ વાતો કરનારી સરકારને હું એ જણાવવા માગું છું કે ગુજરાતના ૨૨૫ તાલુકામાંથી આઈ.જી.પટેલ અને કૌલગી સમિતિ મારફતે ગુજરાતના ૫૬ તાલુકાને પછાત જાહેર કર્યા. ૫૬ માંથી ૩૩ તાલુકા અતિપછાત અને એમાંય મેં મારા અગાઉ મહેસૂલ સુધારા વિધેયકની અંદર વાત કરી હતી ત્યારે આજે આ ૫૬ તાલુકામાંથી એમાં અમારા પંચમહાલના ૧૭ તાલુકા પછાત આદિજાતિ વિભાગમાં આવે છે. એમાંય પરિસ્થિતિ એ છે કે આ સરકારે બજેટમાં અર્ધઅછત કે અછત બાબતમાં કોઈ જોગવાઈ કરી નથી. આજે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે દાહોદના ૭ તાલુકામાંથી ૬ તાલુકા આજે ચારઆનીથી નીચેના ભાગમાં આનાવારી થઈ છે. એ આનાવારી સાચી કરી કે ખોટી કરી એમાં હું પડવા માગતો નથી. પાણીપત્રક જ્યારે તૈયાર થતું હોય ત્યારે આનાવારી કયાં થાય એ એક મોટામાં મોટો સવાલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને કહેતાં મને દુ:ખ થાય છે આજે ભલે આનાવારી મારા દાહોદમાંથી મળી છે. હજુ પંચમહાલ જિલ્લાની આનાવારી હજુ સુધી મળી નથી. માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાતનું દુ:ખ છે કે આજે પંચમહાલ અને દાહોદના ૧૮ તાલુકામાંથી ફકત બે તાલુકામાં પાક વીમા યોજનાનો લાભ મળ્યો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જયંતિભાઈ, મહેરબાની કરીને આપ ડીસ્ટર્બ ન કરો. અનેક વખત રોજ મારે તમને સૂચના આપવી પડે છે. તમે બોલશો ત્યારે હું એમને નહીં બોલવા દઉં અને એ બોલતા હોય ત્યારે તમારે નહીં બોલવાનું.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, અમે અમારા પછાત વિસ્તારમાંથી આવતા હોઈએ ત્યારે અમને વાત કરવાનો અધિકાર છે. દર વખતે અમારામાં વચ્ચે બોલે એ વાત બરાબર નથી. આજે પણ અમારા બંને જિલ્લાની અંદર પીવાના પાણીનો તીવ્ર સવાલ છે. ઘાસચારાનો પણ તીવ્ર સવાલ છે. હજુ આ ઉનાળાની સીઝન શરૂ થઈ નથી તે પહેલા આજે કેટલાયે ગામોના તળાવો સુકાઈ ગયા છે. ઘાસચારાની તંગી છે. અછત અને અર્ધઅછત જાહેર નથી કરી એનો બજેટમાં પણ સમાવેશ નથી કર્યો તો મારી આપના મારફત વિનંતી છે કે આ તાલુકાઓ પછાત છે અને પછાત તાલુકાઓને ભૂતકાળમાં પણ પાક વીમા યોજનાનો લાભ નથી મળ્યો તો ફરીથી આનાવારી કરી એ લોકોને પણ લાભ મળે એવું હું આ પ્રસંગે કહેવા માગું છું. મહિલા અનામતની વાત, મહિલા રોજગારીની વાત આજે મહિલા માટે ૫૦ટકા અનામતની વાતો થાય છે પણ મહિલાઓ માટે રોજગારી માટે આ રાજય સરકાર માનનીય મંત્રીશ્રી મારફત ૨૩ટકા રોજગારી મળે છે. મહિલાઓના ઉદ્ધારની  વાતો મને એ નથી સમજાતું જોરથી બોલો, જુઠું બોલો, જાહેરમાં બોલો, વારંવાર બોલો. સાહેબ, લોકો હવે સમજી ગયા છે અને હું એટલા માટે કહું છું કે સતત દેવામાં વધારો થયો હોય અને જો રાજયનો વિકાસ થતો હોત, બેરોજગારોની સંખ્યામાં ઘટાડો થયો હોત, ખેડૂતોને સિંચાઈની સુવિધા પૂરી મળી હોત તો મને આનંદ થાત. ખાતરની વાત કરું તો બીજા કોઈ રાજયની અંદર વેટ નથી. વેટ ટેકસ. યુરીયા ઉપર, સલ્ફેટ, ડી.પી.એ. ઉપર બેટકાનો ટેકસ છે. આ ટેકસ જો ઓછો કરે તો પણ ખેડૂતોની લાગણી ખરેખર સંતોષાય એવી છે. આ પ્રસંગે મારે એ પણ કહેવું છે કે પગાર વધારાની, પેન્શનની બાબત છે એની સાથે જો તમારો વિકાસ દર એનું જો કેલકયુલેશન કરો તો આ દસ વર્ષના ગાળામાં જે દેવું થયું છે તેના કરતાં હું મારી દ્રષ્ટિએ એમ માનું છું કે ૧૦ થી ૧૫ટકા રોકાણ આ ગુજરાતના કોઈ વિકાસનું એડજસ્ટમેન્ટ થયું નથી. દેવું કરીએ પણ ગુજરાતની પ્રજાને, ગુજરાતના ખેડૂતોને અને યુવાનો જે બેકાર છે એને રોજગારી આપવાનો પ્રયત્ન કર્યો હોત તો આ બજેટને અમે ખરેખર આવકારત. આટલી વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી,  આજ સવારથી સાથી પક્ષના મિત્રો જે કાંઈ બોલી રહયા છે એ હું સાંભળી રહયો છું. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૨૦૧૦-૧૧નું બજેટ રજૂ કરતા જણાવ્યું છે કે ગરીબની ઝુંપડી સુધી જ નહીં પરંતુ ગરીબના હૃદય સુધી પહોંચવામાં સફળ થાય તેને સૂરાજય કહેવાય. સૂરાજય તરફ જવાની આપણી આ જે દોટ છે એમાં એમણે વધુમાં જણાવ્યું ૬૭૪૯૭કરોડનું રેકર્ડ બજેટ રજૂ કર્યું છે એને હું આવકારું છું. વર્ષ ૨૦૦૧-૦૨માં માત્ર રૂા.૧૫૦૦૦કરોડની મહેસૂલી આવક હતી એ આજે વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૯૪૭૬કરોડ એટલે કે ત્રણ ગણા કરતા પણ વધુ થઈ છે. આ એક જ આંકડો બતાવે છે કે ગુજરાતમાં વેપાર ઉદ્યોગ, ખેતી તથા પ્રોફેશનલ સેવાનો વિકાસ કેટલો બધો વધ્યો છે. ગુજરાતમાં કઈ ગતિએ પ્રગતિ થઈ રહી છે એનું આ બેરોમીટર છે. સાથી પક્ષના મિત્રો ચીલાચાલુ કહે છે પણ ચીલો શું અને ચાલુ શું એ સમજાવવાનું ભુલી ગયા છે. મને એવું લાગે છે કે એમણે બજેટ પૂરેપૂરું વાંચ્યુ નથી. આપણા ગરવા ગુજરાતના સ્થાપનાના વર્ષ ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીના ચાર દાયકામાં અંદાજે રૂા.૪૪૦૦૦કરોડ રૂપિયાનું નાણાકીય આયોજન થયેલ છે એટલે કે સરેરાશ વર્ષે રૂા.૧૦૦૦કરોડ જેટલું થાય. જયારે વર્ષ ૨૦૦૧થી શરૂ થયેલ આ દાયકામાં રૂા.૧૧૮૦૦૦કરોડનું આયોજન કરવામાં આવેલ છે.પ્રત્યેક વર્ષે રૂપિયા ૧૧૦૦૦ કરોડ એટલે કે ૧૧ ગણા પ્રત્યેક વર્ષે સરેરાશ વિકાસના ખર્ચ્યા છે.  આ બતાવે છે કે ગુજરાતની વીસમી સદી કરતા એકવીસમી સદીમાં ૧૧ ગણી મોટી હરણફાળ આ ગુજરાત ભરી રહ્યું છે. આપણી નવી વાર્ષિક યોજના વર્ષ ૨૦૧૦-૧૧ માં બજેટમાં જાહેર કરવામાં આવી છે. તેના રૂપિયા ૨૯૫૦૦ કરોડની કુલ જોગવાઈમાંથી રૂપિયા ૨૧૭૬૦ કરોડ એટલે કે ૭૫ ટકા ફાળવણી મિત્રો કૃષિ, ગ્રામીણ વિકાસ, સિંચાઈ અને સામાજિક સેવા માટે કરવામાં આવેલ છે. આ સરકાર ઉદ્યોગપતિઓની બહુ દરકાર કરે છે. ૫ ઉદ્યોગપતિઓની છે એવું વારંવાર કહેવામાં આવે છે, તેવું જુઠાણું જે લોકો ચલાવે છે, તેમને આ આંકડા જોઈને સમજવું પડશે. અમારી આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીવાળી ભાજપની સરકારે આખી યોજનાનો પોણો ભાગ એ ખેડૂતો અને સમાજના નબળા ગરીબ વર્ગ સહિત સમાજના તમામ લોકોને ફાળવી દીધા છે.  ગરીબી હટાવવાના નારાથી ગરીબી મીટાવી શકાતી નથી, પણ એના માટે નક્કર આયોજનથી વિકાસના ફળ છેવાડાના માનવીના ઘર સુધી પહોંચાડી શકાય છે. તે કામગીરી રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે.  ભારત સરકારના આંકડા મુજબ ગરીબી માટેના ૨૦ મુદાના કાર્યક્રમમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ૧૯૮૨-૮૩ માં શરૂ કરેલ. તેમાં છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત દેશમાં પ્રથમ નંબરનું રાજ્ય છે. તે જ રીતે રોજગારી આપવામાં છેલ્લા પાંચ વર્ષથી મિત્રોએ રોજગારીની વાત કરી તો રોજગારી આપવામાં ભારત સરકારના આંકડા છે. રોજગારી આપવામાં છેલ્લા પાંચ વર્ષથી દેશમાં અપાતી રોજગારીનો ૬૦ ટકા જેટલો હિસ્સો એકલા ગુજરાતનો છે. આમાં ગુજરાત પ્રથમ નંબરે છે. સામી બેંચ ઉપર બેઠેલા સાથી મિત્રોને પૂછવા માગું છું કે શા માટે કોંગ્રેસના એક પણ મોટું રાજ્ય આ કાર્યક્રમમાં એક વખત પણ પ્રથમ નંબરે આવતું નથી. સાથી પક્ષના મિત્રોનો આત્મચિંતનનો વિષય છે. ગુજરાતે નાણાકીય શિસ્ત કેવી હોય અને અર્થતંત્રને મજબૂત કેવી રીતે બનાવી શકાય તેનું જીવતું જાગતું મોડેલ દેશને પૂરું પાડ્યું છે.  ગુજરાતને મળેલ ૧૦૦ થી વધુ એવોર્ડ

તથા સન્માનો સરકારની સર્વાંગી કામગીરીને આવરી લેતા મળ્યા છે. જેમાં દેશના વડાપ્રધાનશ્રીના એવોર્ડથી માંડીને વિશ્વ બૅન્ક અને યુરોના એવોર્ડ પણ મળ્યા છે. છેલ્લાં ૮ વર્ષમાં ગુજરાતે આમ જનતા ઉપર એક પણ પૈસાનો નવો ટેક્સ નાખ્યો નથી. આમ જનતા ઉપર. અને ઉપરથી ૧૨૦૦ કરોડથી પણ વધુ રાહતો આપી છે. આમ છતા રાજ્યની કરની આવક આ સમયમાં ૩ ગણી વધી છે. વહીવટ આને કહેવાય. સાહેબ. કરકસરથી મોટી બચત કરી જેના પરિણામે છેલ્લા પાંચ વર્ષથી ગુજરાતના બજેટો સતત નફાકારક એટલે કે પુરાંતવાળા હોય છે. આ વર્ષે ૨૦૦૯-૧૦ ના વર્ષમાં રૂપિયા ૧૩૬ કરોડની પુરાંત છે. જ્યારે નવા વર્ષ ૨૦૧૦-૧૧ માં રૂપિયા ૧૭૧ કરોડની પુરાંત અંદાજવામાં આવી છે. કોંગ્રેસ શાસિત એક પણ રાજ્ય એવું તો બતાવો કે પુરાંતવાળું બજેટ આપ્યું હોય. સતત ૧૬મું બજેટ રૅકૉર્ડ બ્રેક બજેટ આપનાર સન્માનનીય નાણામંત્રીશ્રીએ જેમણે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના વિકાસ માટેના આયોજનને મૂર્તિમંત કરવા માટે થઈને ગુજરાતના અર્થતંત્રને જે મજબૂતી બક્ષી છે, જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. આ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ બજેટના સથવારે ગુજરાતે ૧૦ થી ૧૫ ટકાનો સર્વશ્રેષ્ઠ વિકાસદર હાંસલ કર્યો છે. જે નાનીસૂની વાત નથી. દા.ત. ગુજરાત લગભગ ૧૨૦૦૦ મેગાવોટની ક્ષમતાએ પહોંચી શક્યું છે. આ સ્વર્ણિમ વર્ષમાં નવી ૩૬૦૦ મેગાવોટ વીજળીનું વધારાનું ઉત્પાદન કરશે. આમ કુલ ૧૫૦૦૦ મેગાવોટ વીજળીના આંકને વટાવી જશે. ગૃહના મારા મિત્રોને એ જાણીને આનંદ થશે કે આજે ગુજરાતના વાર્ષિક માથાદીઠ ૧૫૦૦ વીજ મળે છે, જે દેશની સરેરાશ વીજ કરતા કરતા બમણી છે. નાણાકીય શિસ્તથી વિકાસ કેવી રીતે સાંધી શકાય.( સમય સૂચક ઘંટડી) તેનો બીજો દાખલો ગુજરાતની જળક્રાંતિનો છે. કાયમી દુષ્કાળગ્રસ્ત ગણાતું ગુજરાત નકશામાં બ્રાઉન કલરમાં દર્શાવાતું હતું. જે હવે જળક્રાંતિ પછી હવે લીલા રંગમાં દર્શાવાય છે. ગુજરાતના ૪૦૦૦ ગામોને ટૅન્કરથી અપાતું પાણી હવે ભૂતકાળની બીના બની ગયેલ છે અને નર્મદાના પાણી, રીવર ગ્રીડ, તળાવો જોડાણો કરીને અને (સમય સૂચક ઘંટડી) મારા વડોદરા શહેરને નર્મદા આધારિત પાણી અને તળાવોથી જોડાણ કરીને. સાહેબ મને બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : શ્રી ધનજીભાઈ.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિશે મારા કચ્છની જ વાત કરું તો એક ગામડું પણ રસ્તા વગર આજે રહ્યું નથી. ગામેગામ ડામર રોડ થઈ ગયેલ છે. મારા કચ્છની અંદર આજે જિલ્લા પંચાયત અને સ્ટેટની વાત કરું તો ૭૩૨૩ લાખના કામો આ બે વર્ષની અંદર થયા છે. સ્ટેટની વાત કરું તો ૧૬૫૧ લાખના કામો મારા આવ્યા પછી થયા છે. તે માટે હું માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. હમણાં આપણા ભાઈ બોલતા હતા કેન્દ્રમાં જ્યારે અટલજી બેઠા હતા ત્યારે હું ૧૯૮૦થી ગાંધીનગર આવું છું. અમારા ધારાસભ્યશ્રી સાથે જ્યારે કચ્છમાંથી આવતા હોઈએ ત્યારે ૧૦-૧૨ કલાક અને ૧૪ કલાક જેટલો સમય ગાંધીનગર આવતાં લાગતો હતો. અમારા અટલજી બેઠા હતા ત્યાર પછી હમણાં સાહેબ સાડા ચાર કલાક જેટલો સમય કચ્છથી ગાંધીનગર પહોંચતાં લાગે છે. ખરેખર રસ્તા ફૉર વે બન્યા છે. કચ્છની અંદર ઘણા બધા રસ્તા બન્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે કરોડો રૂપિયાના રસ્તાઓ આ રાજય સરકારે બનાવ્યા છે. અમોને આ બે વર્ષની અંદર જે રસ્તાઓ બનાવ્યા, ગામડામાં વિચાર કરવો પડે કે રસ્તા કયાં શોધવા, કયા રસ્તા બનાવવા એકપણ રસ્તો ગામને જોડતો બાકી રહેલ નથી. ભૂજ-માંડવી, માંડવીથી ગઢશીશા કેટલા પુલિયા બનાવ્યા. જ્યાં થયા ન હતા તે લાખો, કરોડો રૂપિયાના ખર્ચે પુલિયા બન્યા છે. આ કોંગ્રેસે આટલા વર્ષમાં શું કર્યુ છે અને આજે ખરેખર ગામડાનો જે માણસ રોડ ઉપર જાય અને એવો આનંદ થાય. હમણાં કચ્છમાં અમારા મુંબઈના અને અમારા કચ્છના મુંબઈમાં બહુ વસે છે. ત્યાંથી એટલે કે મુંબઈથી આવે અને ગુજરાતમાં પગ મૂકે અને કચ્છીમાં બોલે. અરે, હિતા મોદી સાહેબજો રોડ આવ્યો. મોદી સાહેબ જો ગાડી બોલે, મોદી સાહેબ જો રોડ માથે ચડયા.આટલા બધા રસ્તા બન્યા છે. એટલે હું સરકારને ફરીથી અભિનંદન આપું છું. મારી વાતમાં વધારે સમય નહીં લઉં. સાહેબને સમર્થન આપું છું અને એક વાત માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજી અમારા નિમાબેન જ્યારે...

**અધ્યક્ષશ્રી** : આપ બજૅટ ઉપર જ રહો. જયંતિભાઈના વાદે ન ચડો.. તે વખતે કહેવાનું હતું તે કહેવાઈ ગયું છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : એક રાજા ભોજ હતા અને એક દરબારમાં બેઠા હતા ત્યારે

**અધ્યક્ષશ્રી** : આપ અંદાજપત્રની ચર્ચાને મર્યાદિત રાખીને કહો. તે ચર્ચાનો સમય રાજયપાલશ્રીના પ્રવચન સમયે હતો. આપનું પ્રવચન પૂરું થાય છે. આપ બેસી જાઓ. શ્રી મેઘજીભાઈ.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા આ સભાગૃહ સમક્ષ ૧૬મી વખત અંદાજપત્ર રજૂ કરીને જે એક રેકોર્ડ સ્થાપેલ છે આ રાજયના વિકાસલક્ષી બજેટ માટે સ્વર્ણિમ જયંતિ વર્ષનું ૨૦૧૦-૧૧ના વર્ષને અંદાજપત્રને પચાસમા વર્ષમાં બધાય અંદાજોને રેકોર્ડ તોડીને વિકાસલક્ષી બજેટ રજૂ કરેલ છે, તેમને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સ્થાપનાને ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં આશરે ૪૩૭૫૬ કરોડ રૂપિયાનું આયોજન થયું હતું જયારે એકવીસમી સદીના પ્રથમ દશકાનું ખૂબ મોટી હરણફાળ ભરી રહેલ દશકાનું જે બજેટ છે, એ ૧,૧૮,૭૬૮ રૂપિયાનું આયોજન પૂર્ણ કરીને જે અગાઉના ચાલીસ વર્ષના આયોજન કરતાં લગભગ ત્રણ ઘણી રકમનું કદનું બતાવેલ છે જે આ ગુજરાતનો વિકાસ તમામ ક્ષેત્રે થવાનો છે ત્યારે માનનીય નાણાં મંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના એટલે કે વર્ષ ૧૯૬૧-૬૨નું પ્રથમ બજેટ તત્કાલિન માનનીય મુખ્ય મંત્રીશ્રી જીવરાજભાઈ મહેતા દ્વારા રજૂ કરવામાં આવ્યું ત્યારે આ વાર્ષિક વિકાસનું યોજનાનું કદ ૩૩.૧૯ કરોડ રૂપિયાનું હતું જે ૨૦૦૯-૧૦ના વર્ષમાં વિકાસની યોજનાનું કદ ૨૩૫૦૦ કરોડ રૂપિયાનું હતું અને જેમાં ૨૫.૫૩ ટકાનો વધારો કરીને સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૦-૧૧નું વાર્ષિક આયોજનનું કદ ૨૯૫૦૦ કરોડ રૂપિયાનું નિયત કરવામાં આવેલ છે. તે અગાઉના આયોજન કરતાં અનેકઘણુ વધારે છે. ૨૦૧૦-૧૧ના વાર્ષિક આયોજનમાં વિકસતી જાતિ કલ્યાણ યોજનાઓ માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે એ ૩૧૦ કરોડ રૂપિયાની છે જે અત્યાર સુધીના આ પછાત વર્ગોના ફાળવેલ બજેટ કરતાં ખૂબ મોટો વધારો કરેલ છે ૨૦૧૦ના વર્ષમાં જુનાગઢ, પોરબંદર અને રાજકોટ ખાતે છાત્રાલયો અને નિવાસી શાળાઓના મકાન બાંધવા માટેની જોગવાઈઓ કરેલી છે તેમાં ૩.૩૦ કરોડની જોગવાઈ છે, સામાજિક રીતે શૈક્ષણિક રીતે પછાત અને આર્થિક રીતે પછાત વિમુકત જાતિઓના અંદાજિત ૪૮ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશો આપવામાં આવશે એની જોગવાઈ રૂપિયા ૧૨૦ કરોડની કરવામાં આવી છે. માનનીય નાણા મંત્રીશ્રી દ્વારા અંદાજપત્રમાં વિકસતિ જાતિ કલ્યાણની જે યોજના છે એમાં હાલના આ ખાતા દ્વારા ૧૪૪ જેટલી જ્ઞાતિઓને આ આર્થિક પછાત વર્ગોમાં આવરી લેવામાં આવેલ છે, અને એમના ઉત્કર્ષ માટે બક્ષી પંચના લોકો માટે જે યોજના બનાવેલ છે એમાં હું જે વિસ્તારમાંથી આવું છું, મારો વિસ્તાર પશ્ચિમ કિનારાના દરિયા કાંઠાનો છે ત્યાં લગભગ ૨૫૦ કિલોમીટરના આ દરિયા કાંઠામાં લગભગ પછાત વર્ગના લોકો વસે છે, અને આ જામનગર જિલ્લામાં બક્ષીપંચના છાત્રાલયનું ગયા વર્ષે જ નવું બિલ્ડીંગ બાંધેલ છે, એટલું જ નહીં, આદર્શ નિવાસી શાળા ચાલે છે, અને તેમાં જે શિક્ષણ આપવામાં આવે છે, એનું પરિણામ છે એ ૯૦ ટકા, ૯૫ ટકા આવેલ છે જે ઉમદા ઉદાહરણનું એક કારણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દીનદયાળ આવાસ યોજના હેઠળ મારા મત વિસ્તારની અંદર દરિયાની અંદર એ અજાત ટાપુ છે જયાં મુસ્લિમભાઈઓ રહે છે. અને આ લોકો માટે, પછાત જ્ઞાતિના છે એમના માટે આ યોજના દ્વારા મકાનો બાંધવામાં આવેલ છે અને એક સોસાયટી ત્યાં ઉભી કરવામાં આવેલ છે. એટલું જ નહીં, ધોરણ ૧ થી ૪ ના બાળકોને આ વિભાગ દ્વારા કન્યા અને કુમારને રૂા. ૧૦૦ અને ૭૫ જેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આર્થિક રીતે શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓને સ્પોટર્સ અભ્યાસક્રમ માટે માસિક રૂા. ૧૧૫ થી ૪૨૫ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને રૂા.૪૭૫ થી ૪૯૦ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. રાજ્યમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને રહેવા જમવાની સુવિધા વાળી ૭૧૩ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો જે ચાલે છે એમાં ૨૯૦૭૫ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે એટલું જ નહીં, ૧૮૬ આશ્રમ શાળાઓમાં લગભગ ૨૨૦૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા જમવાની સવલત આપવામાં આવી રહી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજ પત્ર લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ બજેટ રજૂ કરતા માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે રેકોર્ડ પોતાના નામે હતા એ પોતાના જ રેકર્ડો તોડી રહ્યા છે અને તોડતા રહે એવી શુભેચ્છા હું આપુ છું અને જેમ સચિન તેંડૂલકર પોતાના જ વિક્રમો જે રીતે તોડી રહ્યા છે એમ મને આશા છે કે આવતા સમયમાં માનનીય વજુભાઈ પણ આ વિક્રમો તોડતા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછીના ઈતિહાસમાં આયોજન પંચે લગભગ ૬ હજાર કરોડ જેવો વધારો ગુજરાત રાજ્ય માટે મંજૂર કર્યો છે એ પણ દેશમાં ગુજરાતને ગૌરવ લેવા જેવો એક વિષય છે. આઝાદીના ૬૩ વર્ષ અને ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા થવાની તૈયારીમાં છે. આજે ૨૧મી સદીનો પ્રથમ દશકો વિગતવાર-વિભાગવાર અને સમગ્ર બજેટના કદના આંકડાઓ મૂકવામાં આવે તો અનેકગણા થાય. મારા સાથી મિત્રો એ આંકડા મૂકીને જોશે તો જે દલિલો કરે છે અને વાતચિત દ્વારા જે વાક્ પ્રહારો કરે છે એ પ્રહારો કરવાનું એમની રીતે જ બંધ કરી દેશે એમાં મને કોઈ શંકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં કોઈ પણ રાજ્યમાં તમે જાવ ત્યાં ગામડાઓમાં જાવ કે શહેરોમાં જાવ વીજળીની પરિસ્થિતિ જુઓ, દિવસે જાવ કે રાત્રે જાવ ત્યારે વીજ લાઈટ કાપ ક્યારે આવે એ કોઈ નક્કી નહીં. ઉનાળો હોય, ઘરની અંદર આરામ કરતા હોવ, વેપાર કરતા હોવ ત્યારે જનરેટરની જરૂર ઉભી થાય અને એટલે જ ત્યાં જનરેટની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે. હમણા ગત વર્ષે અમારે નાગપુર અધિવેશનમાં જવાનું થયું ત્યાં જે જગ્યાએ ઉતરવાનું થયું ત્યાં આગળ જનરેટર સેટ મેં જોયો એટલે મેં પૂછ્યું કે જનરેટર સેટ શા માટે વસાવો છો? તો ત્યાં જે લોકો હતા એ કહો અમારે લાઈટનું કોઈ ઠેકાણું નહીં ક્યારે આવે અને ક્યારે જતી રહે એટલે અમારે ઘર હોય કે ધંધો હોય જનરેટર સેટ વસાવવું ફરજિયાત છે. સમગ્ર દેશમાં ગુજરાત અનેક વિષયોમાં પ્રથમ નંબરે રહેતું હોય ત્યારે મારા સાથી મિત્રોને એ જાણીને આનંદ થશે કે, ગુજરાત એક વસ્તુમાં ખૂબ જ પાછળ

છે અને કદાચ છેલ્લા ક્રમે છે. આનંદ થાય એવી આ વાત છે એટલે તમને એ વિષય પણ જણાવું કે સમગ્ર દેશમાં જનરેટર સેટોનું જે વેચાણ થઈ રહ્યું છે એમાં ગુજરાત સૌથી છેલ્લા ક્રમે છે એ નોંધનીય બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યોતિગ્રામની વાત કરવા માગુ છું. જ્યોતિગ્રામ દ્વારા ૨૪ કલાક ગામડાઓમાં વીજળી મળી ગઈ છે. ગામડાઓની વર્ષોથી માગ હતી કે, અમારે છાણ-વાસીદું કરવા, વાળું વખત અને અમારા બાળકોને ભણવા વીજળી જોઈએ. પરંતુ આઝાદીના ૪૦ વર્ષ સુધી આપણે પૂરી વીજળી એમને આપી શક્યા ન હતા અને દેશમાં આજે પણ ક્યાંય નથી ત્યારે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ અધિકારીઓ સાથે મિટિંગ કરી અને અધિકારીઓના પણ માનવામાં ન આવે એવું ભગીરથ કાર્ય એમના વિઝનથી આજે જ્યોતિગ્રામ દ્વારા આપણે ઠેરઠેર ગામડે ગામડે વીજળી આપી શક્યા છીએ. એ બાબત માનનીય મુખ્યમંત્રીશ્રીની સંકલ્પ શકિત દર્શાવે છે. આ વિઝનની વાત કરું માનનીય અધ્યક્ષશ્રી, ૨૪ કલાકની વીજળી દ્વારા બાળકોનો અભ્યાસ તો સુધર્યો છે પણ સાથે સાથે જે નાના નાના ઉદ્યોગો હતા સુથારી કામ કરતા હતા, લુહારી કામ કરતા હતા અને માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં તો અત્યારે સબમર્સીબલના રીપેરીંગના, મોટરો બાંધવાના આવા નાના નાના ઉદ્યોગો મારા તાલુકાની અંદર સ્થપાઈ ચૂક્યાં છે. લગભગ હું માનું છું ત્યાં સુધી ૧૮૫૪૨ ગામોમાં જે વીજળી મળી છે તે વીજળી થકી એક ગામની અંદર આવા નાના મોટા દસ ધંધાઓ સ્થપાયા હોય અને આ ધંધાઓ જે ભૂતકાળની અંદર નહોતા ચાલતાં અને જે સ્થળાંતર થતું હતું તે પણ અર્બાનાઈઝેશન અટક્યું છે, શહેરીકરણ અટક્યું છે અને સાથે સાથે જે તે ગામની અંદર પણ એ ધંધાઓ સ્થપાયા છે. ૧૮૫૪૨ ગુણ્યા ૧૦ ધંધા તમે ગણો ૧ લાખ ૮૫ હજાર ૪૨૦ અને દસ વર્ષનો સરવાળો મારો એક ગામની અંદર નવા કેટલા ઉદ્યોગો સ્થપાયા. નાના નાના ઉદ્યોગો, મોટા ઉદ્યોગોની વાત નથી કરતો તે તો આવે જ છે ગ્લોબલ વાઈબ્રેટ સમિટ દ્વારા પરંતુ સ્થળ ઉપર જ જે કામ આપવાની વાત છે ત્યાં કેટલા ઉદ્યોગો સ્થપાયા, કેટલી રોજગારી ઉભી થઈ અને તેના થકી અર્બાનાઈઝેશન પણ અટક્યું છે. અમારા વિચારો પંડિત દીનદયાળજીના છે. તેમણે કહ્યું છે હર હાથ કો કામ, જગહ પર હી કામ અને એ જ્યોતિ ગ્રામ યોજના દ્વારા અમે સાર્થક કરી બતાવ્યું છે લગભગ દરેક ગામોમાં ઉદ્યોગો જે સ્થપાયા છે તેના થકી તે વીજળીને લગતા હતા અને તેના કારણે આજે લગભગ સ્થળાંતર પણ અટકી ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી યોજના છે. હું મોટા ઉદ્યોગોની વાત નથી કરતો પરંતુ જે લોકો બી.પી.એલ. હોય, નાના ઉદ્યોગો કરતાં હોય અને તેમને પ્રોત્સાહિત કરવા માટે રાજય સરકારે અને જે બેરોજગાર યુવાનો હોય તેને કોઈ શાકભાજીનો વેપાર કરતો હોય, સુથારી કામનો વેપાર કરતો હોય, કડિયા કામનો કરતો હોય તેને માનવ કલ્યાણ યોજના હેઠળ તેમને આવરી લેવામાં આવ્યાં છે. કોઈ સુથારી કામ કરતો હોય તેની સ્કિલ હોય તેની આવડત હોય પરંતુ તે કરવા માટે તેની પાસે સાધનો ના હોય તો એ સાધનો પૂરાં પાડવાનું કામ પણ આ રાજય સરકાર કરી રહી છે અને દિવસે દિવસે તેમાં પણ તેના બજેટમાં પણ ઉત્તરોત્તર વધારો કરતી રહી છે. સહાય જે ૪ હજાર જેટલી હતી તે વધારી..

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યાં છે તે બજેટ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. સભાગૃહની અંદર જ્યારે બજેટ રજૂ થયું ત્યારે, અમારા નેતાશ્રી બોલવા ઉભાં થયા ત્યારે આપે દરેક સભ્યશ્રીને એક સૂચના કરી હતી આજે જ્યારે બજેટ ઉપરની ચર્ચા છે ત્યારે બજેટ ઉપર જ બોલો અને રેખાની બહાર તમે ના નીકળો એવી સૂચના આપે આપી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા નેતાશ્રીએ એક વાક્ય કદાચ બોલ્યા હોય તો તેને રોકવા માટે પ્રયત્ન કર્યા હતા એક સિનિયર ધારાસભ્યએ મંત્રી જેવા માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બજેટ ઉપર બોલ્યા ત્યારે રાજકીય અવલોકન કર્યા સિવાય તેઓ કશું જ બોલ્યા નથી. તેમણે અમારી પણ ટીકા કરી કે વિધાનસભાની અંદર તમે મોટામાં મોટી હાર ખાધી. બા ઇલેકશનની અંદર તમે મોટામાં મોટી હાર ખાધી અને કેન્દ્ર સરકારની ટીકા કરવામાં તેમણે બાકી રાખ્યું નથી ત્યારે મારે તો તેમને એટલું જ યાદ દેવડાવવાનું કે અમે કોઈ ટીકા ટિપ્પણીમાં પડવા માગતા નહોતા પણ માનનીય મંત્રીશ્રીને યાદ દેવડાવીશ કે લોકસભાની અંદર શું થયું ? કદાચ એક શીટ અમે ઓછી મેળવી હોય પણ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી બીજા રાજયની અંદર પ્રચાર કરવા માટે ગયા, ૨૦૦ જેવી સભાઓ કરી અને જ્યાં જ્યાં ગયા ત્યાં એકે એક શીટ હારી ગયા. રાજયના બીજા નેતાઓને પણ કહેવું પડ્યું કે ગુજરાતના મુખ્યમંત્રીને અહીંયા ના મોકલો. તેમને તો શરમ ના આવી પણ અમને દુ:ખ થયું કે આપણાં ગુજરાતના મુખ્યમંત્રીને એમ કહેવામાં આવે કે તમે ના મોકલતાં આ ખરેખર અમને દુ:ખ થયું. તેમણે કેન્દ્રની વાત કરી કે કેન્દ્રની અંદર...અંતરાય...અહીંયા બોલતા હતા ત્યારે ધ્યાન આપવાની જરૂર હતી.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર..ઓર્ડર...શ્રી રામસિંહભાઈ તમે મારી સામે જોઈને બોલો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કેન્દ્રની જ્યારે ટીકા કરી છે ત્યારે કેન્દ્ર કશું આપતું નથી, કેન્દ્ર કશું આપતું નથી..

**અધ્યક્ષશ્રી** : શ્રી ભરતભાઈ, પ્લીઝ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : કેન્દ્રની અંદર આ મનમોહન સરકારે ૭૨૦૦૦ કરોડની દેવાનાબૂદી કરી આપી હોય તો એ કેન્દ્ર સરકારે આપેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની મનમોહન સરકારે રોજગારની ગેરંટીની નારેગાની સ્કિમ આપી હોય તો એ કેન્દ્ર સરકારે આપેલી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી રામસિંહભાઈ, શ્રી મનમોહનજી એવું વાપરશો તો સારું લાગશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : કેન્દ્રની સરકાર, સાહેબ. હું એ શબ્દ કાઢી નાંખું.

**અધ્યક્ષશ્રી** : ના, હું નામ નથી કાઢી નાંખતો. પણ એમને પણ માનવાચક રીતે સંબોધો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય વડાપ્રધાનજી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) શીખવાડવું નહીં પડે, પણ તમે જે બોલ્યા

**અધ્યક્ષશ્રી** : શ્રી રમણભાઈ,

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : બહાર નીકળવાનો એમણે રસ્તો બતાવ્યો સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, એ જયારે ટીકા કરવાનું બાકી રાખતા નથી, ત્યારે હું કહીશ કે સહકારી માળખાની બાબતમાં હરહંમેશ માટે જયારે આપણે ખેડૂતોની વાત કરતા હોઈએ છીએ. દૂધાળા ઢોરની વાત કરતા હોઈએ છીએ. એના સભાસદની વાત કરતા હોઈએ છીએ. આખા એશિયામાં અમૂલનું નામ છે. ગૌરવ લઈ શકાય તેવું અમૂલનું નામ હોય ત્યારે આ સામેના મિત્રોને યાદ કરાવું કે આ વખતની ચૂંટણીની અંદર અમૂલનું નામ બદનામ થાય, ખરાબ થાય, મત વેચાતા લેવાનું કામ કરવાની બાબતે આખો પડાવ તમે નાંખ્યો, પણ માનનીય અધ્યક્ષશ્રી, એકપણ સીટ એવા એ લાવી શકયા નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય રામસિંહભાઈ, (અંતરાય) હું રોકતો નથી. (અંતરાય) એમને પણ રોકયા હતા મેં. એમને પણ કહું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : એમણે કહ્યું માનનીય અધ્યક્ષશ્રી. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રાકેશભાઈ, બેસી જાઓ. બેસી જાઓ. રાકેશભાઈ, બેસી જાઓ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, અમૂલમાં એક એક મતની કિંમત વીસ વીસ હજાર રૂપિયા આપવાનું કામ, માનનીય અધ્યક્ષશ્રી, આ મિત્રોએ કરેલું. અમૂલનું નામ બદનામ કરવાનું કામ...

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર છે, પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : સાહેબ, પોઈન્ટ ઓફ ઓર્ડર નથી, પણ.. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તો નહીં. તો આપને કહેવાની તક નહીં મળે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બધા મિત્રોએ ચિંતા કરી છે કે રાજયનું દેવું દિવસે દિવસે વધતું જાય છે. હું પણ કહું છું કે આ દેવું વધવાનું કારણ શું છે? કોઈ કુટુંબમાં કોઈ વડો વધારેમાં વધારે ગણિત વગર દેવું કરે અને દેવું ભરપાઈ ન કરી શકે ત્યારે ઘણી વખત પેપરની અંદર આપણે વાંચ્યું છે કે એ કુટુંબ, પતિ, પત્નિ અને બાળકો સાથે આપઘાત કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે કયાં જવા માગીએ છીએ? ગુજરાતનું દેવું દા'ડે દા'ડે વધતું જાય છે, ત્યારે માનનીય નાણામંત્રી વિદ્વાન છે, તેમને વિનંતી કરીશ કે દેવાની બાબતમાં શકય બને ત્યાં સુધી ભવિષ્યની અંદર એ દેવું વધે નહીં, વધારાના ટેકસ નાંખે નહીં અને કરકસરયુકત વહીવટ કરીને ગુજરાતનું બજેટ સારું આવે એવી હું એમને વિનંતી કરું છું. કારણ કે મુરબ્બી વજુભાઈ આમ તો વિદ્વાન છે. મેં એમને અગાઉના વર્ષોમાં બહુ સાંભળ્યા છે. વજુભાઈ જયારે આ બાજુ બેઠા હતા ત્યારે મારે એમને સાંભળવા માટે સ્પેશ્યલ અહીંયા આવવું પડતું હતું. કે વજુભાઈ બોલવાના છે, એટલે મારે સાંભળવા માટે જવું છે. પણ એમાં પડવા માગતો નથી. બાકી તો કાળો કુતરો આવે ને ધોળો કુતરો આવે ને રોડ ઉપર જાય ને પીલ્લર આવે ત્યારે એ કુતરા પીલ્લર બાજુ જાય. આવું મેં સાંભળ્યું છે, પણ એમાં મને વડિલ પ્રત્યે માન છે. એમની વાણી સાંભળવાની મને બહુ મજા આવતી હતી માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ લઈને આવ્યા છે, ત્યારે આ બજેટની અંદર સિંચાઈ અને પુર નિયંત્રણ માટે આ વખતે વધારે ફાળવણી કરી છે એ સારું છે. એમાં કોઈ વાંધો નથી. જયારે ખેડૂતોનો પ્રશ્ન આવે છે અને ખેડૂતોની વાત કરી છે, ત્યારે ગરીબી રેખા હેઠળના કુટુંબો ૨૫.૬૮ લાખ, ગરીબી રેખા ઉપર કુટુંબો ૭૮ લાખ. અંત્યોદય યોજના માટે ૮.૧૫ લાખની વાત કરી છે, ત્યારે આપણે દર વખતે ખેડૂતોની ચિંતા કરીએ છીએ. ગામડાની ચિંતા કરીએ છીએ. ગામડું સારું બને. ગામડું નંદનવન બને અને સુખી બને એને માટે વાતો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ લોકમેળા પણ કરવામાં આવ્યા. અત્યારે પણ ચાલુ છે. એમાં કહેવાયું કે બે મહિનાની અંદર ૨૦ લાખ લાભાર્થીઓને ૨૭ કરોડ (અંતરાય) ૨૭૦૦ કરોડ એમને આપવામાં આવ્યા. મારે એવું કહેવું છે કે ગરીબ મેળામાં જે મિત્રોને બોલાવ્યા એ મિત્રોને મને લાગે છે કે કશુ આપ્યું નથી. કવરની અંદર ખાલી એક સર્ટિફિકેટ આપ્યું છે કે અગાઉના વર્ષોની અંદર તમે જે લોન લીધી, એની આ સબસિડી છે. એ પ્રમાણે જ કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એમને સામે કહેવા માગું છું કે તમે અધિકારીઓનો ઉપયોગ કરીને પછી એ કલેકટર હોય, ડી.ડી.ઓ. હોય, તાલુકા વિકાસ અધિકારી હોય, મામલતદાર હોય,તલાટી કે ગ્રામસેવકોને સૂચના આપીને એસ.ટી. કવર કરીને, ગામે ગામ એસ.ટી. બસો મોકલીને, દબાણ કરીને આ ગરીબ કલ્યાણ મેળામાં માણસોની સંખ્યા વધારવા માટેના પ્રયત્નો કરાય છે. તો મારી ચેલેન્જ છે કે અધિકારીઓને દબાણ કર્યા વિના એકપણ

સંમેલન કરો તો ખબર પડે કે કેટલા માણસો આવી શકે છે. સરકાર આજે તો ખર્ચ પણ ગમે તેમ કરે છે. મેં એક પ્રશ્ન પૂછયો હતો કે પતંગોત્સવમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો તો મને આંકડો આપવામાં આવ્યો છે કે ર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, નવરાત્રી મહોત્સવ એમાં પણ વધારે ખર્ચ કરવામાં આવે છે અને આ રીતે બીજા પણ ખર્ચ કરવામાં આવ્યા છે. તો આ ખર્ચ ઓછા કરીને ભવિષ્યમાં ગુજરાતની જનતા ઉપર વધારે દેવું માથાદીઠ ના થાય એ માટેના પ્રયત્ન થાય એ પણ મેં સૂચન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહીશ કે આ ગામડાંની પરિસ્થિતિ બાબતે વાત કરવામાં આવે છે એ વાસ્તવિકતાથી વેગળી છે. વાત કરવી અને ભાષણ કરવું એ સહેલું છે, પરંતુ હું હંમેશ માટે કહું છું કે બૂટ પહેર્યો હોય એને ખબર પડે કે કયાં ડંખે છે? ગરીબના ઘરમાં જન્મ્યા હોય તો ખબર પડે કે ગરીબી શું છે? આપણે ગરીબની વાત કરીએ છીએ, પરંતુ ગરીબના ઘર સુધી કોઈ દિવસ ગયા છીએ ખરા? ગરીબોના બાળકોની ચિંતા કરી છે? આપણે ગઈકાલે જ બાળમજૂરોની વાત કરી અને બાળમજૂરોની બાબતમાં જે આંકડા આપવામાં આવ્યા એ તદ્દન ખોટા હતા કારણ કે હોટલ હોય કે કડીયા કામ હોય, ખેતરમાં કે નાના મોટા કારખાનાઓમાં બાળમજૂરોની સંખ્યા દિવસે વધતી જાય છે અને એના અંગેના કેસોનો પણ નિકાલ થતો નથી. તો ખરેખર આપણે ગામડાંની ચિંતા કરતા હોઈએ તો ખેડૂતોને વધારેમાં વધારે કેવી રીતે ફાયદો થાય એના માટેની પણ ચિંતા કરવી પડે. આ તો સામાન્ય ખેડૂત મને લાગે છે કે તમાકુ પકવતો હોય એના ઉપર ટકસ નાંખી દીધો, બીજામાં નાખી દીધો તો આખરે તો એ કોને માથે આવવાનું છે? ખેડૂતને સમૃધ્ધ કરવો હોય તો એને ફાયદો થાય એવું કરો એવું મારું નમ્ર સૂચન છે.

માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એમાં મેં મારા વિચારો રજૂ કરવા માટેનો પ્રયત્ન કર્યો છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ સમક્ષ તેમના બજેટની માગણીઓ લઈને આવ્યા છે એને આવકારું છું અને મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનાં ૧૮,૬૦૦ ગામડાંમાં ખેતી અને પશુપાલન એ મુખ્ય વ્યવસાય છે. રાજયમાં કૃષિનો સર્વાંગી વિકાસ થાય એ માટે રાજય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપના ૧૯૭૨માં થઈ હતી, પરંતુ કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણના શિક્ષણને સદ્ધર બનાવવા માટે ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાંથી મે ૨૦૦૪ થી ચાર અલથ અલગ કૃષિ યુનિવર્સિટીનું પુનઃગઠન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કૃષિ યુનિવર્સિટીઓનું સંશોધન માળખું મુખ્યત્વે પાક આધારિત છે અને કૃષિ વિષયક સંશશોધન વૈજ્ઞાનકિોની નિમણૂક કરવામાં આવે છે અને એ વૈજ્ઞાનિકો જે તે પાક અને વિષય અંગેના મુખ્ય સંશોધન મથક ઉપર એનું સંશોધન કરે છે. યુનિવર્સિટીઓ દ્વારા સંશોધનના કાય્રક્રમો હેઠળ લેવામાં આવતા પાકો ઉપર તેમજ પશુ વિજ્ઞાન, સૂકી ખેતી, પીયત વ્યવસ્થા, જમીન વિજ્ઞાન, પાક સંરક્ષણ, કૃષિ ઈજનેરી, નિંદણ નિયંત્રણ અને મિશ્ર ખેતી જેવા જુદા જુદા વિષયો ઉપર સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. અન્ય ખાસ વિષયો જેવા કે જૈવિક ખાતર,પેશી સંવર્ધન પધ્ધતિ, દૂર સંવર્ધન પધ્ધતિ અને ઉત્પાદન તજજ્ઞ ક્ષેત્રે પણ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના સહયોગ દ્વારા અખીલ ભારતીય સંકલન યોજના આ ૧૫:૨૫ ટકા પ્રમાણેની નાણાકીય સહાય યોજનાઓ દ્વારા મુખ્ય પાકો તેમજ સૂકી ખેતી, જળ વ્યવસ્થા, કૃષિ હવામાન શાસ્ત્ર, કૃષિ વન વિદ્યા તેવા વિષયો તેમજ ગીર ગાય અને જાફરાબાદી ભેંસની ઓલાદ સુધારણાને પણ આવરી લેવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કૃષિ વિકાસની પ્રગતિને ધ્યાનમાં લઈને રાજયની કૃષિ વિકાસ યોજનામાં વર્ષ ૨૦૦૧ માં માત્ર ૮૭.૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ હતી..એમાં ઉત્તરોત્તર વધારો કરી અને ૨૦૧૦-૧૧માં ૨૦૪૫ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. ખરીફ ઋતુ પાકનું વાવેતર, પાક પસંદગી તથા ખેતી કાર્ય વૈજ્ઞાનિક ઢબે થાય તેના માટે રાજયના ખેડૂતોને ઘેર બેઠા માર્ગદર્શન મળી રહે તે માટે તમામ ગામોમાં કૃષિ રથ દ્વારા કૃષિ મહોત્સવનું આયોજન હાથ ધરી અને વૈજ્ઞાનિક ખેતીનું માર્ગદર્શન આપ્યું છે. સંશોધીત થયેલી ભલામણો ખેડૂતો સુધી પહોંચે અને ખેડૂત અપનાવતા થાય તે માટે રાજયના વિસ્તરણ તંત્ર આત્મા પ્રોજેકટ દવારા કૃષિ મહોત્સવ ખેડૂત તાલીમો, આકાશવાણી તેમજ દૂરદર્શન ઉપર ખેતી લક્ષી વૈજ્ઞાનિક અભિગમ અંગેના કાર્યક્રમોનું પ્રસારણ કરી અને ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ માટે વીના મૂલ્યે કિસાન કોલ સેન્ટર, પાક પરીસંવાદ, કૃષિ મેળાનું આયોજન ખેડૂત તાલીમ કેન્દ્રો દવારા સઘન તાલીમ ખેડૂતોના સંશોધનને બીરદાવવા સરદાર પટેલ સંશોધન પુરસ્કારની સન્માનવા જેવી વીવીધલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

સ્વર્ણીમ ગુજરાત ૨૦૧૦ અંતર્ગત ગોલ્ડન ગોલ ૨૦૧૦ અન્વયે સોઈલ હેલ્થ કાર્ડ રાજયના ૧૮૪૦૦૦૦ ખેડૂતોને એનાયત કરવામાં આવ્યા છે અને તમામ ખેડૂતોને આપ્યા છે. તેના અધારે પાકને સમતોલ ખાતરનો ઉપયોગ કરી અને વધુ ઉત્પાદન મળે તેવા પ્રયત્નો હાથ ધર્યા છે. કૃષિ ક્ષેત્રે રાષ્ટ્રીય વૃદ્ધિ દરની સરખામણીમાં ગુજરાતનો કૃષિ દર ખૂબ જ વધારે છે. ગુજરાતનું કૃષિ ઉત્પાદન જે ૨૦૦૪ માં ૧૪ હજાર કરોડનું હતું તે આજે

વધીને ૪૯ હજાર કરોડે પહોંચ્યું છે. રાજયના કૃષિ વિકાસના પગલે પશુ પાલન પ્રવૃત્તિમાં પણ વેગ આવ્યો છે. રાજયમાં બહુ મોટા પાયે પશુ પાલન વ્યવસાય સ્વીકારવામાં આવ્યો છે. હમણાં જ શ્રી ઈકબાલભાઈ એવું કહેતા હતા કે આ કિસાન વિરોધી બજેટ છે, માનનીય ઈકબાલભાઈને મારે કહેવું છે કે જયારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે કચ્છના ખેડૂતો અમારે ત્યાં ગામમાં ભેંસો લઈને આવ્યા હતા અને તે વખતે ભેંસ માત્ર ૩૦૦ રૂપિયામાં વેંચવામાં આવતી હતી. હમણાં જ મારા મત વિસ્તાર વડનગર તાલુકાના શીપોર ગામ છે જે મારી સાસરી પણ થાય છે તે ગામમાં ભેંસની કિંમત ૮૫ હજાર રૂપિયા ઉપજી છે.

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ, તમારી સાસરીની ભેંસ છે એટલે કિંમત વધારે નથી કહેતા ને?

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એટલું જ કહીશ કે "ગમતું મળે તો અલ્યા ગજવે ન ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ".

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિક્રમી નાણા મંત્રીશ્રી, આદરણીય વજુભાઈ સાહેબ જે બજેટ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા ઉભો થયો છું. ગુજરાત રાજયના દીર્ઘ દ્રષ્ટા વિકાસ શીલ પૂરુંષ, કવિ, માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની એક કવિતાના થોડા શબ્દો સાથે મારી વાત શરૂ કરું છું.

**"પત્થર આપે ઠેસ ને ઠોકર, હોય અંતરને અંતરાય, પત્થરમાંથી રચું પગથીયા, પર્વત પર પહોંચાય."**

ગુજરાત રાજયને ૫૦ વર્ષ થયાં છે અને આ સ્વર્ણીમ બજેટ માનનીય નાણા મંત્રીશ્રી લઈને આવ્યા છે ત્યારે ૫૦ વર્ષ પહેલા ગુજરાત કયાં હતું અને આજે ગુજરાત કયાં છે એ જોવું પડશે, ૧૦ વર્ષ પહેલા, ૨૦ વર્ષ પહેલા, ૩૦ વર્ષ પહેલા, કે ૪૦ વર્ષ પહેલા આ વર્ષોની આપણે સરખામણી નહીં કરીએ તો આપણને ખબર નહીં પડે, કે ગુજરાતે શું આપ્યું છે. (અંતરાય) માનનીય રામસિંહભાઈનો આગ્રહ હોય તો એક વાત હું કરી દઉં.

માનનીય અધ્યક્ષશ્રી, રામસિંહભાઈ આદરણીય સિનિયર ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી પણ હતા. એમણે હમણાં ગરીબ કલ્યાણ મેળાની વાત કરી ત્યારે મને આ અંગે વાત કરવાનું મન થાય છે. ગરીબ કલ્યાણ મેળામાં તંત્રનો ઉપયોગ કરવાની વાત કરી ત્યારે મારે આ સભાગૃહને કહેવું છે કે પહેલીવાર આ તંત્રને જોબ સેટિસફેકશન મળ્યું હોય તો એ ગરીબ કલ્યાણ મેળામાંથી મળ્યું છે. ભૂતકાળમાં આ તંત્રનો ઉપયોગ કોઈ સહકારી ડેરીઓ કે બેંકોનો કબજો કરવા માટે નથી થયો એનો અમને સંતોષ છે.

જે ઈન્ફ્રાસ્ટ્રકચરની સગવડો ગુજરાતમાં આ ૫૦ વર્ષમાં હતી અને છેલ્લા દસકામાં વધી એની વાત કરુ તો પહેલા તો રસ્તાઓ માત્ર આવન જાવન માટે હતાં અથવા તો કોઈને ખુશ કરવા માટે ક્યાંક નાનો ટુકડો બનાવી દેતા.ક્યાંક પુલની સગવડ થઈ હોય તો પુલને જોડવા માટેના રસ્તા ન હોય, પુલ આપણને દેખાય પણ પુલ ચડવા માટે કે નીચે ઊતરવા માટેના રસ્તા ન હોય પરંતુ એ તમામ રસ્તા અને પુલોનું આયોજન કરીને અનેક યોજનાઓ, જેવી કે કિસાન પથ હોય, વિકાસ પથ હોય, પ્રગતિ પણ હોય અનેક રસ્તાઓની યોજનાઓ કરીને ગુજરાતને નવપલ્લવિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કુલ ૨૯૨૭ કરોડના બજૅટમાં માર્ગ અને મકાનનો વધારો કરીને લગભગ ૪૧.૦૬ ટકાના વધારા સાથે આ બજૅટ લઈને આવ્યા છે ત્યારે મારે મારા વિસ્તારની વાત કરવી છે.

મારો માતર વિસ્તાર એ એવો વિસ્તાર છે કે જે છેવાડાનો વિસ્તાર છે. સાત નદીઓનું સંગમ સ્થળ છે અને દરિયાને અડીને આવેલો છે. વારંવાર પૂરગ્રસ્ત થવાવાળો આ વિસ્તાર છે. વરસાદ વધારે હોય એટલે માતર ડૂબી ગયું હોય તેમ આખું ગુજરાત જાણતું હોય છે. ભૂતકાળમાં પણ અનેકવાર માતર ડૂબી ગયું હોય ત્યારે થોડીક કેશડોલ્સ કે ઘર વખરીની સહાયથી સંતોષ મેળવનાર રાજકર્તાઓ હતા. મને કહેતા આનંદ થાય છે કે જે ગામડાંઓ પૂર આવવાથી છૂટા પડી જતાં જેને બારમાસી એક રસ્તો આપવા માટે જે મરૂન વિલેજ કે જે ટાપું થઈ જતાં જેની ચારે બાજુ પાણી ફરી વળતાં આપણે અઠવાડિયા દસ દિવસ સુધી સંપર્ક નહોતા કરી શકતાં વિદ્યાર્થીનું ભણવાનું બગડતું, મૅડિકલ સહાય નહોતી પહોંચાડી શકતાં, પ્રસૂતા બહેનોના પ્રશ્નો થતાં એવા વખતે ગુજરાતના સંવેદશનશીલ મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રીએ કોઈપણ સંજોગોમાં ગામનો સંપર્ક થાય એટલે મરૂન વિલેજ પ્રોજૅકટ હેઠળ ૯૨.૦૬ કરોડની જોગવાઈ કરી છે. અને મને કહેતા આનંદ થાય છે કે મારા વિસ્તારમાં સાદરા મલાટજ ગામમાં ૨૨૯ લાખના ખર્ચે પુલ બનાવવામાં આવ્યો અને બરોડા ગામમાં લગભગ ૨૯૯ લાખના ખર્ચે પુલ બનાવવામાં આવ્યો. આપણે નવી પેઢીને શું આપીને જવા માગીએ છીએ. એક પેઢી આવે છે અને બીજી પેઢી જાય છે. આપણે એને વારસો આપીએ છીએ અને કોઈ સ્વપ્ન જોઈએ છીએ અને મને કહેતાં દુ:ખ થાય છે કે કેન્દ્ર સરકાર એની જાહેરાતમાં ભારત નિર્માણની વાત કરે છે પણ તાજમહાલમાંથી બહાર નથી આવતી. એ શું બતાવીને જાય છે કે ભારતને અને દેશને શું આપવા માગે છે. કેન્દ્ર સરકારના નાણાં આપવાની પણ વાત થઈ ત્યારે મારે કહેવું છે કે આ તો બે વાણિયા (સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય દેવુસિંહભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય લક્ષ્મણભાઈ..

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ ૧૬મી વખત વિક્રમી બજૅટ લઈને રજૂ કરી રહ્યા છે ત્યારે સ્વર્ણિમ જયંતિ વર્ષમાં જે સ્વર્ણિમ બજૅટ લઈને આવ્યા છે એ બદલ માનનીય વજુભાઈ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

આ સરકારે આ બજૅટમાં બંદરો અને વાહનવ્યવહાર માટે ૭૧.૮૫ કરોડના વધારા સાથે ૫૨૫ કરોડ રૂપિયાનું બજૅટ રજૂ કર્યુ છે એ બદલ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

હું સાગરકાંઠા વિસ્તારમાંથી આવું છું. સાગરકાંઠે આવેલા આ દેશના નવ જેટલા રાજયો છે એમાંનું ગુજરાત રાજય એક છે. દેશના સાગરકાંઠાનો ત્રીજા ભાગનો એટલે કે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો આવેલો છે. આપણા રાજયમાં કુલ ૪૪ બંદરો આવેલા છે એમાંથી ફક્ત કંડલા બંદર રાષ્ટ્રીય બંદર છે. તે સિવાયના દીવ અને દમણ એ રાષ્ટ્રીય બંદરો છે. તે સિવાયના જે ૪૧ નાના બંદરો છે અને તે થકી આપણો કારોબાર ચાલે છે. આપણી કમનસીબી છે કે કંડલા સિવાય એક પણ મોટું પૉર્ટ આપણી પાસે નથી. હું એ વાત કરવા માગું છું કે આપણાં ૪૧ મધ્યમ અને નાના બંદરો છે. આ દેશના કુલ ૨૦૦ બંદરો છે. તે ફક્ત ૨૧ ટકા છે. તેની સાથે આ દેશનું જે પરિવહન થાય છે. તેના ૭૩ ટકા માલનું પરિવહન આ ગુજરાત રાજયના બંદરો કરે છે. દરિયાકાંઠાની વસતિ એમ તો ૩૫ ટકા છે અને આપણો વિસ્તાર ફક્ત પાંચ ટકા છે. આ પાંચ ટકા વિસ્તાર આ ૭૩ ટકાનું પરિવહન કરે છે. આ રાષ્ટ્રના કુલ પરિવહનના ૨૧ ટકા પરિવહન ગુજરાતના બંદરો કરે છે. આ વૈશ્વિક યુગમાં અને વેપારના યુગમાં બંદરોનો વિકાસ ખૂબ જરૂરી છે અને એ થકી ફક્ત ગુજરાતના જ નહીં પણ ભારતના અર્થતંત્રને પણ અસર કરે છે. ત્યારે બંદરોનો વિકાસ ખૂબ જરૂરી છે. આ બંદરોના વિકાસ માટે, આ બંદરોને પ્રોત્સાહન આપવા માટે આ સરકારે ખૂબ મોટા પ્રયત્નો કર્યા છે. ફક્ત મેરીટાઈમ બોર્ડે નાના રોકાણકારો સાથે સંકલિત રીતે એક સંકલન કરીને નવી નવી યોજનાઓ બનાવી છે અને આપ જોઈ શકો છો કે મેરીટાઈમ બોર્ડે મરીન શીપ બિલ્ડીંગ, ટર્મીનલ બિલ્ડીંગ, નવા ટર્મીનલો, ટ્રાફિક અને સૂરક્ષાની વ્યવસ્થા, પૉર્ટનું વિસ્તરણ અને તમામ બંદરોને સર્વગ્રાહી પર્યાવરણ માટે લગભગ ૭૦૦૦ કરોડના રોકાણનું એક વિક્રમસર્જક કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કહેવી છે કે આપણો દરિયા કિનારો જેટલો લાંબો છે એટલા જ એની સૂરક્ષાના પણ પ્રશ્નો છે. સૂરક્ષાની જવાબદારી કોની છે? ૧૬૦૦ કિલોમીટરનો દરિયો છે. એની સલામતી એ આપણાં માટે, રાષ્ટ્ર ભક્તો માટે, રાષ્ટ્ર હિત વિચારનારાઓ માટે એક ચિંતાનો સવાલ છે. હમણાં મુંબઈમાં જે ખોફનાક આતંકવાદની ઘટના બની અને તેમાં ગુજરાતના દરિયાકાંઠાનો ખૂબ દુરુપયોગ થયો છે. એ બાબત આપણે ધ્યાનમાં રાખવી પડશે. જ્યારે રાષ્ટ્ર હિતની વાત આવે છે ત્યારે આપણે પક્ષાપક્ષીથી પર ઉઠીને આપણે યાદ કરવો પડે ૧લી જાન્યુઆરી ૨૦૧૦નો દિવસ. તે દિવસે રાષ્ટ્રીય સંકલ્પ પરિષદમાં આપણે સર્વ લોકોએ પક્ષાપક્ષીથી પર ઉઠીને ગુજરાતના હિત માટે, ગુજરાતના સર્વાંગી વિકાસ માટે, ગુજરાતને ઉન્નતિના શિખર પર લઈ જવા માટે આપણે બધાએ સર્વગ્રાહી રીતે સંકલ્પ કર્યો છે ત્યારે આપણે રાષ્ટ્ર હિતને પહેલાં મૂલવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ ગુજરાતના વર્ષ દરમ્યાન એક સુંદર બાબત લઈને માનનીય શ્રી વજુભાઈ આવ્યા છે ત્યારે દહેજ-ઘોઘા સર્વીસની ખૂબ ગાજેલી બાબત આજે આપણે સાકાર કરવા તરફ જઈ રહ્યા છીએ અને એ માટે ૧૭૧ કરોડની જોગવાઈ પણ આ બજૅટમાં કરવામાં આવી છે ત્યારે, ૧૭૧ની વહીવટી મંજૂરી મળી છે અને ૭ કરોડની આપણને મંજૂરી મળી છે. આ બંદરો આધારિત ઉદ્યોગોનો વિકાસ અને ક્ષમતામાં વધારો કરવા માટે આજે અનેકવિધ યોજનાઓ ચાલી રહી છે ત્યારે હું લાંબી વાત કરવા માગતો નથી પણ આ સરકારે જે રીતે બંદરોનો વિકાસ કરીને આ ભારતના અર્થતંત્રને અસર કરી છે તેની આપણે સૌએ નોંધ લેવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્ય ઉદ્યોગ એ પણ બંદરો સાથે સંલગ્ન છે. હું સાગરકાંઠામાંથી આવું છું. દરિયાલાલના ખોળે ઝૂલતા સાગરવાસીઓની ચિંતા કરીને આ મુખ્યમંત્રીશ્રી સાગરખેડૂ યોજનાનું પૅકેજ લાવ્યા છે. મત્સ્ય ઉદ્યોગ માટે એમણે ખૂબ પ્રયત્નો કર્યા છે. ઘણી બધી યોજનાઓ કરી છે. ત્યારે બેએક વાત હું આપના ધ્યાન ઉપર મૂકીને આ સભાગૃહને જણાવવા માગું છું કે સેટેલાઈટ આધારિત જે વેસલ્સ ચૅકીંગ અને વોર્નીંગ ડીવાઈસ સિસ્ટમ દાખલ કરી છે એ માછીમારો માટે ખૂબ ઉપયોગી બની છે અને સાથે સાથે એમને કયાં મચ્છી મળી શકે એ બાબતમાં વોર્નીંગ આપવાની.. સાહેબ હું એક મિનિટમાં મારી વાત પૂરી કરી દઉં છું.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમયની ખૂબ મર્યાદા છે. હજુ બીજા ચાર સભ્યો બાકી છે. શ્રી પુનાભાઈ ગામિત.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. નાણામંત્રીશ્રી ખૂબ વિદ્વવાન છે અને ખૂબ મોટા આંકડા રજૂ કર્યા છે. અમારા નેતાશ્રી જ્યારે પ્રવચન કરતા હતા ત્યારે એમણે કહ્યું એમ આખા ગુજરાતનો વિકાસ કરવા માટે ખૂબ આતુરતા અને એની પાછળ જોગવાઈ કરવામાં આવતી. હું એ વાત કહેવા જઈ રહ્યો છું કે, જ્યારે રાજયમાં તમામ માર્ગો અને પુલોનો વિકાસ થઈ ગયો છે એવી વાત કેટલાક સભ્યો કરતા હતા. બજૅટમાં છેલ્લા કેટલાક વર્ષોથી તાપી જિલ્લો અને સૂરત જિલ્લો સાથે હતા અને જ્યારે તાપી જિલ્લાને છૂટો કરવામાં આવ્યો, ત્યાર પછી કેટલાક પુલો અને રસ્તાઓની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ એની પાછળ રકમો કેટલી મૂકવામાં આવતી હતી. જ્યારે

બજૅટ બૂક જોઈએ ત્યારે વિચાર આવ્યો કે અમારા વિસ્તારના પુલો એક લાખ રૂપિયામાં ન થાય. એની પાછળ છ કરોડ રૂપિયા જેટલી જોગવાઈ અને પ્લાન એસ્ટીમેટ હોય છે. ત્યારે અંબિકા નદી અને પૂર્ણા નદી એ પણ ગુજરાત રાજયની છે નથી કે મહારાષ્ટ્રની. તે મહારાષ્ટ્ર સરહદ ઉપરથી આવે છે. પરંતુ જેના પ્લાન- એસ્ટીમેટ બનાવ્યા એના માટે બજૅટમાંથી માત્ર એક લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. એટલે રાજયના જે નાણામંત્રી છે, મને હોંશ હતી કે, આ બજૅટમાં આદિવાસી વિસ્તારમાં ખૂબ સારા પુલો થવાના છે એટલે અમને તો મોટો આનંદ થયો. પરંતુ રાજયના વિકાસ માટે વિસ્તારને ધ્યાનમાં રાખીને બજૅટમાં એટલી જોગવાઈ કરવામાં આવતી હોય તો હું એમને અભિનંદન પણ આપું.

આદરણીય અમારા નેતાશ્રી શકિતસિંહ ગોહીલ સાહેબે શિક્ષણ મંત્રીને થોડાક અભિનંદન પણ આપ્યા હતા. અમે બરાબર સમજી વિચારીને ધ્યાનથી સાંભળતા હતા. પરંતુ એ મંત્રીશ્રીએ જે રીતે શિક્ષણની અંદર ખૂટતી કડીઓ માટે જોગવાઈ કરી હતી એના માટે અભિનંદન આપ્યા હતા. પરંતુ આવા વિસ્તારમાં ખૂટતી કડીઓ જોડવામાં ન આવે, રસ્તાઓ માટે આખા રાજયની વાત કરી નાખી. ત્યારે કેટલાક સભ્યો, હર્ષદભાઈ આદિવાસી વિસ્તારમાંથી આવે છે. હું પણ વનવાસી છું, અમે તો આદિ અનાદિ કાળથી રહેતા આવ્યા છીએ. કોંગ્રેસના શાસનમાં રસ્તાઓ ઉપર બસો ચાલતી હતી, એ રૂટો, બસો બંધ થઈ ગઈ છે. (અંતરાય) મારી પાસે માગે. હું એની માહિતી આપવા તૈયાર છું, નામજોગ રસ્તાઓ અને રૂટોના નામ આપવા તૈયાર છું. કોંગ્રેસના શાસનમાં એ રૂટો ચાલતા હતા આજે બંધ થઈ ગયા છે અને વિદ્યાર્થીઓના પ્રશ્નો પણ છે. વિદ્યાર્થીઓ જ્યારે વ્યારા, તાપી અને સૂરત જવા નીકળે ત્યારે વિદ્યાર્થીઓની હાલત કેવી હોય છે એ એમને ખબર પડે. એ ત્રણ જિલ્લામાં જાય. એમને ૨૦ કિ.મી. કે ૭૦ કિ.મી. ફરીને વ્યારા કે સૂરત જવું પડે છે. આ વિદ્યાર્થીઓની હાલત અને કન્ડીશનને ધ્યાનમાં રાખીને માનનીય મંત્રીશ્રીએ બજૅટમાં પૂરતી જોગવાઈ કરવી જોઈતી હતી. એટલે ખૂબ મોટી માયાજાળના આંકડાઓ છે. અમે તો અહીંયાં ખુશ થતા હતા.પણ જે શીરોપુરી ખાનાર હોય એને ઝૂંપડીમાં રહેનાર માણસનો શું ખ્યાલ હોય? ઝૂંપડીમાં જે રાબ પીતો હોયને એને ખ્યાલ હોય કે પેટ કેવી રીતે હળવું થઈ શકે એટલે મહેલોમાં રહેવાવાળા માણસને ના ખ્યાલ આવે. એટલે હું એ વાત કરવા જઈ રહ્યો છું કે પાણીની પણ સુવિધા અમે પૂરેપૂરી પૂરી પાડી દીધી છે. અમારા શાસનમાં ગુજરાત રાજયમાં માણસ તરસ્યો ના રહે એ વીતેલી પણ વાત છે. એટલે સહેજ હું આદરણીય નરોત્તમકાકાને હું અભિનંદન આપવા જઈ રહ્યો છું. આગલી વખતે મેં વિધાનસભામાં પ્રશ્ન પૂછયો હતો, મારા તાલુકાની, મારા પોતાના મતવિસ્તારની ૨૮ ટાંકીઓ છે એમાંથી ૯ ટાંકી કાર્યરત કરી છે. હજી પણ બાકીની ટાંકીઓ ચાલુ નથી કરી એટલે પાણીની સંપૂર્ણ સુવિધા પૂરી પાડવામાં આવી છે એની પાછળ જે આકડાઓ છે એ માત્ર પછી રીપેર કરવામાં જ પૈસા ખર્ચવાના છે કે એને સંપૂર્ણ કાર્યરત કરવાના છે. કેંદ્ર સરકારે ૭૨હજાર કરોડનું દેવું ખેડૂતોનું માફ કર્યુ છે.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ સાહેબ જે બજૅટ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. સોળમી વખત એમણે જે બજૅટ રજૂ કર્યુ છે, અત્યાર સુધીની સરકારોમાં કોઈએ નથી કર્યુ એવો વિક્રમ એમને જાય છે એટલે એમને અભિનંદન આપુ છું. અભિનંદન એટલા માટે આપું છું કે ૫૦ વર્ષ કોંગ્રેસે રાજય કર્યુ, આદિવાસીઓની ચિંતા કોઈએ કરી નથી હમણા પુનાભાઈ બોલતા હતા કે ઝૂંપડીઓમાં કોઈ જોવા આવો, પણ આ સરકાર આવ્યા પછી ઝૂંપડીઓ નહીં ઈન્દિરા આવાસ, સરદાર આવાસ, દિનદયાળ આવાસ અને આંબેડકર આવાસ પણ બન્યા છે ભાઈ તમે કયાં ગયા હતા, તમારી સરકાર વખતે તમે શું કર્યુ? મારે બીજી વાત એ કરવી છે કે ૫૦વર્ષના શાસનમાં આદીજાતી જે વિભાગનું એમનું બજૅટ હતું, કોંગ્રેસના શાસનમાં એમણે જે શાસન કર્યુ ત્યારે

આદિવાસીના વિકાસ માટેનું ૬૫૦૦ કરોડ હતું અને નરેન્દ્ર મોદીની અમારી સરકાર આવ્યા પછી ગુજરાતના મુખ્યમંત્રીને એવું લાગ્યું કે આદિવાસીઓની ચિંતા કોઈએ કરી નથી, એના રસ્તાનો વિકાસ કર્યો નથી, એના શિક્ષણનો વિકાસ થયો નથી, એના આવાસની ચિંતા કરી નથી, એના ખેતરની પણ ચિંતા કરી નથી, એના સિંચાઇની પણ ચિંતા કરી નથી, એના શિક્ષણની પણ ચિંતા કરી નથી એવા સમયે અત્યાર સુધીમાં ૧૫હજાર કરોડ અને ૧૭૫કરોડ આ દસ વર્ષમાં વપરાયા છે. બીજી વાત મારે એ કરવી છે કે ૫૦ વર્ષ સુધી રાજય કર્યુ, અટલજીની સરકાર કેંદ્રમાં બની ત્યારે આદિવાસી વિભાગનું ખાતુ પણ માનનીય અટલજીની સરકારે ચાલુ કર્યુ ત્યારે આદિવાસીઓની ચિંતા કરીએ છીએ ત્યારે આપણે એ પણ જોવું જોઈએ કે આપણે ખરેખર એને રોજીરોટી મળે, આદિવાસી વિસ્તારની અંદર ૧૨ જિલ્લા આવે છે, ૪૩ તાલુકા આવે છે અને એમાં વનબંધુ યોજના હેઠળ જૂદા જૂદા વિભાગ હેઠળ દસ મુદ્દાનો કાર્યક્રમ, રોજગારી, શિક્ષણ, આરોગ્ય, પાઈપલાઈનથી પાણી, ખેતી માટેની યોજના, બારમાસી રસ્તાઓ અને આદિવાસી જે લોકો રહે છે એને મફત વીજળીકરણ અત્યારે મળ્યું છે. મારે બીજી વાત કરવી છે, અન્ય રાજયોને અડીને જે આવેલા ૩૨૫ ગામોના ૨૪હજાર જેટલા અતીપછાત આદિમ જૂથના કુટુંબોને પાયાની સગવડો માટે ૨૭.૬૭ કરોડની જોગવાઈ આ બજૅટમાં કરવામાં આવી છે.બીજી એકલવ્ય નિવાસી શાળાઓ, કન્યા શાળાઓના બાંધકામ માટે ૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પહેલા આદિવાસી વિભાગમાં બે કે ત્રણ કરોડ એમના વખતમાં થતા હતા એની સામે અત્યારની જોગવાઈ વધારે છે. આદિજાતિ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓની હાજરી સુધારવા માટે બાયોમેટ્રિક સિસ્ટમ માટે ૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આદિવાસી વિસ્તારમાં સરકાર સંચાલિત ૧૪ છાત્રાલયો અને ૩ આદિજાતિ નિવાસી શાળાઓના બાંધકામ માટે ૧૨.૫૯ કરોડની જોગવાઈ કરી છે તેમજ સિકલસેલ એનિમિયા જેવા ગંભીર રોગનો ભોગ બનેલ લોકોને મદદરૂપ થવા પણ આ સરકારે આયોજન કર્યું છે. મારે અગત્યની વાત કરવી છે કે ડેરી વિકાસની વાતો કરતા હતા ત્યારે એમના વખતમાં મને તો ખ્યાલ નથી પણ આ વન બંધુ યોજના હેઠળ ડેરી વિકાસ માટે ૨૫ હજાર આદિજાતિ કુટુંબોને ૭૬ કરોડનો લાભ આપ્યો છે અને તે લોનની વસુલાત ૯૦ ટકા લોકોએ ભરી દીધા છે. આ સરકારે આદિજાતિના લોકોનો વિકાસ કર્યો છે એનો આ પુરાવો છે. ખેતી સુધારણાની વાત કરવામાં આવે છે ત્યારે દાહોદ, પંચમહાલ, વડોદરા, સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને સુધારેલ મકાઈનું બિયારણ અને રાસાયણિક ખાતર આપવામાં આવેલ હતું. એના પરિણામે મકાઈના ઉત્પાદનમાં નોધપાત્ર વધારો થયો છે. મારા વિસ્તારની વાત કરું તો હું ટ્રાયબલ વિસ્તારમાંથી આવું છું. આ વર્ષે ડભોઈ અને કરજણ વચ્ચેનો પુલ માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલના વખતથી માગણી હતી એ પુલની આ બજૅટમાં ૩૦ ટકા જોગવાઈ કરી છે અને વર્ષોની માગણી હતી એવા આ ડભોઈના પુલને મંજૂરી આપી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ૫૦ વર્ષની સ્વર્ણિમ જયંતી વર્ષમાં ગુજરાતના નાણામંત્રીશ્રી મુરબ્બી વજુભાઈ વાળાજી જે બજૅટ લઈને આવ્યા છે અને એમાં પણ ૧લી જાન્યુઆરીએ આ જ હાઉસમાં, આ જ મંદિરમાં સર્વપક્ષીય જે એક દિવસનું ગૃહ મળ્યું અને એમાં જે આપણે ગુજરાતના સ્વર્ણિમ જયંતીનો જે સંકલ્પ કર્યો છે ત્યારે આ બજૅટને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં નાણાકીય જોગવાઈ અને તે પણ ગુજરાતના ગરીબમાં ગરીબ માણસ સુધી એ નાણાનો ઉપયોગ થાય અને એમાં પણ ગરીબ, નાનો માણસ, સીમાંત, મધ્યમ અને મોટો ખેડૂત હોય, કુટિર ઉદ્યોગ હોય કે વિધવા બહેનો હોય એ બધાને બને ત્યાં સુધી એની તકલીફો અને વેદના છે એને જાણવામાં ન આવે અને એની વેદના જાણીએ ત્યારે કોઈના હૃદયમાં વેદના થાય અને એ વેદના થયા પછી કોઈને આત્મીયતા થાય અને આત્મીયતા થયા પછી હું માનું છું કે તેની નાભિમાંથી નીકળતી વાત બહાર આવે ત્યારે સ્વભાવિકપણે એ નાભિના અવાજમાંથી વાત કરે પણ એનો અમલ કરીને જરૂર પડ્યે કાયદાઓમાં ફેરફાર કરીને, જરૂર પડ્યે કઠોરમાં કઠોર નિર્ણય કરીએ એવી તમામ શક્તિ જોઈએ એ શક્તિ આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પાસે હોવાના કારણે (અંતરાય) હું કહું છું એ બરાબર કહું છું. જેમ પંચાયતી રાજની પ્રણાલિકા છે, ગ્રામ્ય લેવલથી રાજ્ય લેવલ સુધીની દેશમાં પ્રથમ કક્ષાએ છે. એ જ રીતે આપણું ગુજરાતનું સહકારી માળખું છે અને એમાં પણ જે પ્રથાઓ છે એ હું માનું છું કે આખા દેશમાં સર્વોપરી છે. આખા દેશમાં આવી વ્યવસ્થા ક્યાંય નથી. કમનસીબી એ છે કે આપણે કહીએ છીએ કે અમારાથી આ શરૂઆત થઈ છે, અમે સંસ્થાઓ ઊભી કરી દીધી. મારી પાસે બરાબર રેકૉર્ડ છે. આ સહકારી સંસ્થાઓ મારફત આ ગરીબ લોકોને કેવી રીતે સગવડ પહોંચે, એની વેદના છે, એનો ડર છે, એને આર્થિક રીતે નિર્ભય કરવા, એને સ્વાભિમાનિત કરવા અને કોઈનો આધાર ન રાખે એવા કરવા માટે એનો અમલ થવો જોઈએ,અને આ અમલ માટે ગુજરાતમાં જો સૌથી કોઈ મોટું માળખું હોય તો એ સહકારી માળખું અને આ સહકારી માળખામાં પણ જે જુદું જુદું વ્યવસ્થાપન થયેલું છે અને એની શરૂઆત જે થયેલી છે એ માનું છું ત્યાં સુધી હમણાં અમારાં રામસિંહભાઈ કહેતા હતા કે અમારી અમૂલ ડેરીમાં આમ થયું, ફલાણું થયું. હું આજેય કહું છું કે અમૂલ ડેરીની સ્થાપના જે થયેલી એ સહકારી સ્થાપના સાહેબ ગુજરાતમાં નડિયાદમાંથી થયેલી. કારણ કે હું ત્યાં ૧૬ વર્ષ નડિયાદમાં રહેલો છું. એટલે મને ખબર છે આણંદનો આખો ઈતિહાસ પણ આવી જ રીતે સહકારી નાગરિક બેંક ગુજરાતમાં ભરૂચ તાલુકાના જંબૂસરમાં વર્ષો પહેલા થયેલી. એના કરતા વિશેષ જે વાત છે તે આખા ગુજરાતના પાયામાં સહકારી ધોરણે ઈંટ મૂકનાર જો કોઈ હોય તો એ વડોદરા શહેર હતું અને વડોદરા શહેરમાં સૌ પ્રથમ જ્યારથી આ ફકત ૯૦ રૂપિયાના ભંડોળથી ૧૮૮૯ માં એની સ્થાપના થઈ. ૧૮૮૯ માં સ્થાપના આ બેંકની થઈ ત્યારથી આ બેંક ફૂલીફાલી અને એ સહકારી બેંક સુધી પહોંચી. ગુજરાત એ સહકારી માળખાનું ઉદ્‌ભવ સ્થાન છે અને એના કારણે જેની જનતામાં ભાગીદારી છે. એ ભાગીદારીથી ૯૦ રૂપિયાના. આપણે જે વાતો કરીએ છીએ દૂધ ડેરીની પણ અહીંયા આગળ વાત થઈ છે ત્યારે સ્વાભાવિક આ રાજ્યની રાજ્ય કક્ષાની સહકારી જે બેંકો, સહકારી સંઘો, ગ્રામીણ વિકાસ બેંકોથી માંડી જિલ્લાની જે બેંકો, જિલ્લા મધ્યસ્થ જે બેંકો હતી આ બધાનો વહીવટ જ્યાં સુધી એવા લોકોના હાથમાં હતો. એમને એકધારું માળખું ચલાવ્યું. એમાં કોઈ પરિવર્તન ના કર્યુ એના કારણે સહકારી માળખું કારણ કે એના ૬૩૦૦૦થી વધારે જ્યારે સભાસદો હોય એ સભાસદોમાં નાનામાં નાનો માણસ હોય પરંતુ ગરીબોને જે નુકસાન જતું હોય એમાં માળખાકીય ફેરફાર કરવા જોઈએ, કાયદાકીય ફેરફાર કરવા જોઈએ, એમાં કઠોરમાં કઠોર નિર્ણય લેવા જોઈએ એ ક્યારેય આપે કર્યા નથી. આ ગુજરાતની સરકારમાં આ કઠોર નિર્ણય પણ થયા, કાયદાકીય ફેરફાર પણ થયા અને ધિરાણોની પ્રથા પણ બદલઈ. આ રાજ્યનું જે કો-ઓપરેટીવ સેકટર હતું બેંક એ જ્યાં સુધી આપણા પાસે રહ્યું ત્યાં સુધી કોઈ ફેરફાર ના થયા. ૧૨ ટકા અને ૧૧ ટકા ખેડૂતો પાસેથી વ્યાજ લેતા હતા. જ્યારથી આ રાજ્ય પાસે કો-ઓપરેટીવ બેંક આવી, જ્યાં વહીવટ બદલાયો ગયા વર્ષેથી, કારણ કે હું બેંકમાં છું એટલે મને ખબર છે. ૭ ટકાનું વ્યાજ. એમાં પણ ૨ ટકા બેંક અને સરકાર એને મદદ કરે તો આ બધી વ્યવસ્થા જે થઈ છે પણ મને અહીંયા આગળ નવાઈ એ લાગે છે કે જે રીતે અહીંયા ગરીબોની વાત કરીએ છીએ. હમણાં ઈકબાલભાઈ કહેતા હતા કે ખેડૂતોનો ચોથો ક્રમ ગયો છે. મારી પાસે સાવલીનો પણ દાખલો છે. એક શિક્ષક માધ્યમિક શાળામાં નોકરી કરતો હતો, એટલો મોટો પગાર મળે માધ્યમિક શિક્ષકમાં પાણીની વ્યવસ્થા સાવલીમાં વેજપુરમાં થઈ એટલે એ ૧૮૦૦૦ ની નોકરી છોડીને ત્યાં વેજપુરમાં જતો રહ્યો. બે છોકરા પણ નોકરી કરતા હતા. મેં પૂછ્યું કે કેમ સાહેબ જતા રહો છો? તો કહેકે સાહેબ, મારી પાસે ૪૦ વિઘા જમીન છે. આજે પાણીની વ્યવસ્થા થઈ. શુદ્ધ પાણી મળે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે જ્યાં શુદ્ધ પાણી મળે ત્યાં મનુષ્યનું પણ આરોગ્ય સુધરે, પશુઓનું આરોગ્ય સુધરે અને સાથે સાથે ત્યાંની જી.ડી.પી. છે એનો વધારો થાય. આ ગુજરાતમાં શુદ્ધ પાણી મળવા માંડ્યું છે. અરે ૪ ટકા જી.ડી.પી.માં વધારો થયો છે એ ગૌરવની વાત છે અને જાણવા જેવી વાત છે કે જ્યાં જ્યાં આપણે વાત કરીએ છીએ ત્યાં એટલું આપણે સમજીએ એક ભરૂચ, સૂરતમાં પણ જ્યારે એક નાની સરખી જ્યારે એક મંડળી ઊભી થાય. એનું નામ હતું પૂરુંષોત્તમ ફાર્મ. એ આજે નહિ ૭૫ વર્ષ પહેલા. ત્યારે તો આપની સરકાર નહોતી ભાઈ. ત્યારે તો આપણેય નહોતા ત્યારની આ સ્થાપના થયેલી. એક નાની સરખી ૬૭ કો-ઓપરેટીવ સોસાયટી આજે કપાસનું વેચાણ કરીને પોતે ખેડૂતોને મદદરૂપ થાય છે અને એમાં પણ એમણે હમણાંજ અમૃત મહોત્સવ ઉજવ્યો. આ બધી બાબતો છે ગુજરાતનો એકેએક વ્યકિત ખમીરવંતો હતો, એને બધીજ ખબર પડતી હતી કે કેવી રીતે સહકારી માળખું ઊભું કરવું. કેવી રીતે ગ્રામ્ય કક્ષાએ ગરીબ લોકોને મદદ કરવી. કેવી રીતે બધાને સદ્ધર બનાવવા પણ આ બધું થયા પછી આપના હાથમાં માળખું આવ્યું આપણે એક રંગે રંગાઈ ગયા. ગરીબોની ખૂબ વાત કરી અને આજે પણ હું કહું કે આદિવાસીના જેટલા સભ્યો છે આ હાઉસમાં એમણે ખાસ જાણવું જોઈએ કે કેન્દ્રમાં ક્યારેય આદિવાસીનો

વિભાગ હતો ખરો? મંત્રાલય હતું ખરું? બજેટમાં કોઈ દહાડો જોગવાઈ કરવામાં આવી હતી ખરી? ક્યારે થઈ ભાઈ? એ તો જુઓ. એન.ડી.એ.ની જ્યારે સરકાર આવી. બાજપાયીજી જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે એ વિભાગ જુદો પડ્યો, ત્યારે એ મંત્રાલય જુદું બન્યું અને ત્યારે આદિવાસીઓનું બજેટ જુદું ફાળવવામાં આવ્યું. અહીં તો આદિવાસીઓ જ મુખ્યમંત્રી થઈને ગયા છે ભાઈ. છતાં વાતો ગરીબોની કરવાની અને ગરીબોની વાતો કરવામાં ને કરવામાં આપણને જ્યાં સુધી વોટ મળે, મને તો હમણાં ખબર પડી લોકસભામાં આ બાજુ હું અંબાજી ગયો હતો. બે ત્રણ જણા મળ્યા હોટલ ઉપર ત્યાં વાત થઈ આપણે ત્યાં જમીનો અને આદિવાસીઓની કેટલાક દિવસથી ચર્ચા ચાલે છે પણ ત્યાં આગળ જે ફોર્મ ભરાયા. ખાલી લોકસભાની ચૂંટણીઓમાં આદિવાસીઓને ગેરમાર્ગે દોરવા માર્ગે છે. ફોર્મ ભર્યા એના બસો બસો રૂપિયા લીધા પણ પછી ત્યાં આગળ એક જાહેરાત કરી કે જેટલા ફોર્મ ભરાયા છે અને જેટલી જમીનની માગણી આદિવાસીઓએ કરી છે એ જેટલી જમીન છે એના કરતા ત્રણ ગણી જમીનના ફોર્મ ભરેલા છે. શું કામ? ફકત લોકસભામાં અમને મત આપે, અમે ચુંટાઈ જઈએ. નસીબવંતા બની જઈએ પણ આ જે પ્રથા છે ગરીબો, આદિવાસીઓને છેતરવાની એ પ્રથાને આપણે નહીં રોકીએ તો માત્ર ગુજરાતમાં આત્મિયતાની વાત એટલા માટે કરું છું. હૃદયમાં વેદનાની વાત એટલા માટે કરું છું. નાભીના અવાજમાંથી નીકળેલી વાત કરે હમણાં કહેતા હતા ભાઈ, કે ભાષણ કરવા બહુ સહેલા છે પણ ભાષણ કર્યા પછી એની અમલવારી કરવી અને અમલવારી કરવામાં જરૂર પડે ત્યાં કઠોર નિર્ણયો લેવા જોઈએ. જરૂર પડે ત્યાં કાયદાની જોગવાઈઓમાં ફેરફાર કરવો જોઈએ અને આ સરકારે કર્યો છે અને તમે જુઓ છો. આપણે બહાર નીકળીએ તો મને મારા મિત્રો કહે છે કે તમને ફાવે છે? હું એમને કહું છું કે મને ફાવે છે એટલા માટે કે માણસમાં જયારે નિર્ણય શકિત હોય, પૈસો ફાળવ્યો છે ત્યાં સુધી પહોંચે છે, મળે છે અને મળે છે એ તો મેં લોક કલ્યાણ મેળામાં જોયું છે. સખીમંડળોમાં અને એ બધે જે વ્યવસ્થા થાય છે. ગરીબ માણસોની વ્યવસ્થા તો આપણે પહેલેથી કરી હોત તો આપની જે સંખ્યામાં ઘટાડો થયો છે એ કયારેય ન થાત. હું મારો પોતાનો દાખલો આપું અમારા જેટલા ગામડાં હતા એક મત ભારતીય જનતા પાર્ટીને ન મળે એક પણ નહીં. ત્યાં પરિસ્થિતિ કેમ બદલાઈ? ત્યાં ગરીબ માણસ હતો, ત્યાં ખેડૂત હતો. ત્યાં વિધવા બહેનો હતી. એમની જે સગવડ થાય. બજેટમાં ફાળવાય ખરું પણ ત્યાં કેટલા જતા...

**અધ્યક્ષશ્રી** : શ્રી ઉપેન્દ્રસિંહજીભાઈ, આપના નાભીનાદનો સમય પૂરો થાય છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાત કરીશ. અહીંયા માઓવાદી પ્રવેશી શકયા નથી પણ છતાંય ડાંગમાં માઓવાદીઓનો પ્રવેશ થયો. ત્યાંના આદિવાસીઓને બંદુકની ગોળીઓ અને લાકડી વચ્ચે રહેવું પડતું હતું. એમાંથી એમણે શાંતિનો સ્વીકાર કર્યો અને એ સ્વીકાર્યું છે એની પાછળ સરકારી માળખું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જે રસ લીધો એના કારણે શાંતિ થઈ. હું મારું વકતવ્ય પુરું કરું છું.

**શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહની અંદર નાણામંત્રી વજુભાઈ વાળાને મારે અભિનંદન આપવા છે. ગુજરાતની સ્થાપના ૧૯૬૦માં થઈ અને ત્યારપછી ૧૯૬૩માં પંચાયતી રાજયની રચના કરવામાં આવી. છેલ્લા ૩૦-૩૫-૪૦ વર્ષમાં ૧૯૯૫ પહેલા આ રાજયનો જે વિકાસ થવો જોઈએ એ થયો નથી એના માટે હું ચર્ચા કરવા માગતો નથી. પણ એટલું કહીશ કે ૧૯૮૫ થી ૧૯૯૫ માં જયારે હું તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત કે જિલ્લા પંચાયતના વહીવટ સાથે સંકળાયેલો હતો ત્યારે ગ્રામ પંચાયતનું બીલ જે સરપંચ નથી ભરી શકતા અને એ બીલ ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકારે માફ કર્યા. ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગોકુળ ગ્રામ યોજના દાખલ કરી અને ગોકુળ ગ્રામ યોજનાની શરૂઆત થઈ. સી.સી.રોડ અને બીજી દસ સુવિધાઓ નકકી કરવામાં આવી. પાણીના બીલો એ વખતે માફ કરવામાં આવેલા. માનનીય મુખ્યમંત્રીશ્રી ૨૦૦૦-૨૦૦૧માં સમરસ ગ્રામ પંચાયત યોજના લાવ્યા ત્યારે ગામડાંમાં જે સુખાકારી છે. સમરસ ગ્રામ પંચાયત છે. એ સમરસ ગ્રામ પંચાયતના આધારે આ રાજયના મુખ્યમંત્રીશ્રીના સુંદર વિચારના કારણે ગુજરાતની અંદર લગભગ ૮૦૦૦ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે અને એનો ખર્ચો ૬૭૬૮લાખ ગ્રામ પંચાયત પાસે પડી રહયો છે. જે ગ્રામ પંચાયત સમરસ થાય તે પાંચ હજારની ઉપર વસ્તીવાળાને એક લાખ રૂપિયા સરકારમાંથી ગ્રાન્ટ અનુદાન કરવામાં આવે છે. પાંચ હજારથી ઉપરની વસ્તી હોય તેને દોઢલાખ રૂપિયા સરકારમાંથી મળે છે એથી આગળ વધીને કહું તો આખી પંચાયતની બોડી જો સરપંચ સાથે બહેનોની બનાવવામાં આવે.તો જે ગ્રાન્ટ મળે છે, તેના ડબલ રૂપિયા સરકારે આપવાનું નક્કી કર્યુ છે. આમ ગામડાનો વિકાસ છેલ્લાં ૧૦ વર્ષની અંદર વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૦ માં જે વિકાસ થયો છે. એમાં તીર્થ ગામ, પાવન ગામ અને મીની સચિવાલય, પંચવટી જેવાં અગત્યનાં કામો આજે ગામડામાં જોઈએ તો પહેલા ૧૯૯૫ થી પહેલા લોકો ગામડાથી શહેર તરફ જતાં હતાં, પણ આજે શહેરમાંથી ગામડા તરફ જતા જોઈએ છીએ. જ્યોતિગ્રામ યોજનાના હિસાબે આજે ગામડાની અંદર રોજગારીની તકો વધી છે. આજે ગામડા અને શહેરની મુલવણી કરીએ તો આજે પીવાના પાણીનો પ્રશ્ન નથી રહ્યો. આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં એક લાખ સરદાર આવાસો બનાવવાનો

લક્ષ્યાંક આપ્યો છે. બીજી ઘણી બધી યોજનાઓ આંબેડકર યોજના, ઈન્દિરા આવાસ યોજના અને દીનદયાલ યોજના આ રાજ્યની અંદર કોઈ જમીન વિહોણા ખેતમજૂર કે કોઈ ગરીબ ઘર વિહોણા ન રહે એ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરી છે. એના માટે ૨૦૧૦ અને એમાં ૧૨,૫૦૦ લાખની બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે. આ સાથે ગ્રામ પંચાયત અને વિકાસના માટે માનનીય મંત્રીશ્રી ૭૪૦ કરોડની જે જોગવાઈ કરવામાં આવી છે એમને પણ અભિનંદન. આ સાથે ગ્રામ પંચાયતોને નિર્મળ બનાવવા માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. આ માટે અનુદાન ૧૪૭ કરોડ રૂપિયા ગુજરાતમાં બજેટની ફાળવણી કરવામાં આવી છે. આજે ગ્રામ વિકાસની અંદર સખી મંડળો મીશન મંગલમ આ મીશન મંગલમની નીચે જે બહેનો ગુજરાતની અંદર સખી બહેનો ગ્રામ વિકાસના વિભાગમાં અમલમાં મૂકેલ જેમાં ગ્રામ વિસ્તારની ગરીબ બહેનો સંકલિત થઈ ગ્રામ વિકાસલક્ષી યોજનાનો લાભ મેળવી મહિલાઓ સમાજમાં નાની મોટી જરૂરિયાતો સંતોષી શકાય એની આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ચાલુ નાણાકીય વર્ષમાં મીશન મંગલમ યોજના માટે રાજય સરકાર દ્વારા ૧૦૦ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે. આગળ વધીને ઈ-ગ્રામ અને વિશ્વ ગ્રામની વાત કરીએ તો આજે માનનીય અધ્યક્ષશ્રી ગામડાઓમાંથી, પંચાયતોમાંથી કૉમ્પ્યુટર ઈ-કનેક્ટિવિટીના મારફતે આજે ઘણી બધી સગવડો ઊભી થઈ છે અને આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ સાથે સંવાદો યોજેલા છે અને વાતાર્લાપ કરેલા છે. આ નાણાકીય વર્ષની યોજનામાં લગભગ ૯૬૨૦ લાખની યોજના કરવામાં આવી છે. આ નાણાકીય વર્ષની અંદર આ બજેટની અંદર જે ગરીબલક્ષી, પ્રગતિવાળું જે બજેટ મૂકવામાં આવ્યું છે, તે બદલ નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૫૮ કલાકે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૯મી માર્ચ,૨૦૧૦**
**ફાલ્ગુન ૧૩, ૧૯૩૧ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨.૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

*** ૧૩૯૨૦ શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) બનાસકાઠા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૧-૪-૦૯ની સ્થિતિએ કુલ કેટલા કેસો પડતર હતા,

(૨) તા.૧-૪-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કુલ કેટલા નવા કેસો રજૂ થયા, અને

(૩) આ સમયગાળા દરમ્યાન કુલ કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૩૧૫

(૨) ૧૯૪

(૩) ૨૩૦

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગ્રાહકોની ચિંતા કરતી આ સરકારે રાજયમાં વિવિધ સ્થળે ગ્રાહકોની કોર્ટની રચના કરેલ છે. મારા બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક ફોરમની રચના કરેલ છે. તો મારે જાણવું છે કે આ જિલ્લા ગ્રાહક ફોરમના પ્રમુખ તથા સભ્યોની નિમણૂક માટેની લાયકાત અને અનુભવ શું હોય છે? નિમણૂક માટે વય મર્યાદા કેટલી છે? બનાસકાંઠા જિલ્લામાં પ્રમુખ અને સભ્યોની નિમણૂક થયેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા ગ્રાહક ફોરમના પ્રમુખ અને સભ્યશ્રીઓની નિમણૂક માટે સભ્યશ્રીએ પૂછયું છે તો એક તો જિલ્લા ગ્રાહક નિવારણ ફોરમના પ્રમુખની નિમણૂક કરવામાં આવે છે તે ડિસ્ટ્રિક્ટ જજ કક્ષાના વ્યકિત હોય છે. તેની પસંદગી માટે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસની પેનલ આપણને ૨-૩ નામ મોકલી આપે છે. તેમાંથી આપણી રાજય સરકારની જે કમિટી રચવામાં આવેલ છે તે કમિટી તેની પસંદગી કરે છે. સભ્યો માટે માનનીય સભ્યશ્રીએ પૂછયું છે તો ઉમેદવારના મેરીટસમાં ૩૫ વર્ષની ઓછી ઉંમર ન હોવી જોઈએ. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ. તેમના પ્રમાણિક અને મોભાદાર વ્યકિતત્વની પણ ચકાસણી કરવામાં આવે છે. આર્થિક અને કાનૂની બાબતોના તથા હિસાબી બાબતોના કામકાજનો અનુભવ હોવો જોઈએ. જાહેર કામગીરી અને વહીવટને લગતા પ્રશ્નોની વ્યવસ્થા કરી શકતા હોય અને દસ વર્ષનો અનુભવ હોય તેવી વ્યકિતને જિલ્લા ફોરમના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવે છે. આમાં એક સભ્ય સ્ત્રી હોય છે અને એક સભ્ય પુરુષ હોય છે. બનાસકાંઠા જિલ્લાનું જે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ છે તેમાં બે સભ્યોની તથા પ્રમુખની નિમણૂક કરવામાં આવેલ છે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણના કુલ કેટલા કેસ થયેલા છે. તેમાંથી કેટલા કેસોનો નિકાલ થયો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઓનગોઈંગ કેસીસ છે. તેમાં મે જવાબમાં કહ્યું તે પ્રમાણે ૩૧૫ કેસ આવેલા છે. તેમાં ૧૯૪ કેસ નવા આવેલા છે અને તેમાંથી ૨૩૦ કેસનો નિકાલ થઈ ગયેલ છે અને હાલ ૨૭૯ કેસ પેન્ડિગ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧-૪-૦૯ની સ્થિતિએ ૩૧૫ કેસ હતા તો તેમાં આ કેસ કેટલા વર્ષ જૂના છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કેસીસ છે તેની અંદર અલગ અલગ સમયના કેસીસ છે. ૯૦ દિવસથી ઓછા સમયના કુલ ૩૭ કેસ છે. ૯૦ દિવસથી એક વર્ષ સુધીના કુલ ૧૨૪ કેસ છે અને એક વર્ષથી બે વર્ષ સુધીના ૫૪ કેસીસ છે. બે વર્ષ ઉપરાંતના ૬૪ કેસ છે. આમ કુલ ૨૭૯ કેસ છે.

**આણંદ જિલ્લામાં બોરીબંધ બનાવવા બાબત**

*** ૧૨૪૭૧ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા,

(૨) આ બોરીબંધ બાંધવા કેટલી થેલીઓ શા ભાવે ખરીદવામાં આવી, અને

(૩) આ બોરીબંધ પાછળ કેટલો ખર્ચ થયો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ૧૫૪૮ બોરીબંધ બાંધવામાં આવ્યા જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | બાંધેલ બોરીબંધની સંખ્યા |
|---|---|
| આણંદ | ૨૯૬ |
| ઉમરેઠ | ૯૯૦ |
| બોરસદ | ૧૬૧ |
| આંકલાવ | ૧૦૧ |
| ખંભાત | ૦ |
| તારાપુર | ૦ |
| પેટલાદ | ૦ |
| સોજીત્રા | ૦ |
| કુલઃ- | **૧૫૪૮** |

(૨) આ બોરીબંધ બાંધવા પાછળ ૪૫૩૫૩૬ થેલીઓ સરેરાશ રૂા.૨.૫૮ લેખે પ્રતિ નંગના ભાવે ખરીદવામાં આવી.

(૩) રૂા.૪૦.૪૬ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૪,૫૩,૫૩૬ થેલીઓ વિભાગે ખરીદી તો તે કઈ તારીખે ખરીદી, અને એ કઈ તારીખે ખરીદી, કોની પાસેથી ટેન્ડર લીધાં, અને એમાં ૨.૮૫ પૈસાનો ભાવ જણાવેલ છે, છૂટકમાં ૧.૨૦ પૈસાના ભાવે પબ્લિક વેચે છે એટલે ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો છે એવું મારું માનવું છે અને આખા જિલ્લામાં ફર્યો તો સાહેબ, બોરીબંધ દેખાતા નથી. પહેલામાં પહેલી વાત તો એ છે. તો વિભાગે જે ભ્રષ્ટાચાર કર્યો છે અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તો ચોખ્ખા અને સરળ છે વિભાગમાં ભ્રષ્ટાચાર થયો છે તો ધારાસભ્યોની કમિટી તપાસ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો કોઈપણ બોરીબંધનું કામ ચાલે છે એની આખી વ્યવસ્થા અમે ગોઠવી છે અને ગ્રામ સભાની અંદર એનું સોશિયલ ઓડિટ કરવામાં આવે છે, જયાં સુધી આ કામને સંબંધ છે અને આણંદ જિલ્લાને સંબંધ છે ત્યાં સુધી ત્યાં એક પણ ભ્રષ્ટાચારનો એક પણ કેસ આવ્યો નથી, ખૂદ માનનીય સભ્યશ્રીની પણ ફરિયાદ નથી અને ગ્રામસભાની અંદર આ ઓડિટ થયેલું છે તાલુકા પંચાયત દ્વારા જયાં જયાં બોરીબંધ બંધાય છે ત્યાં તાલુકા પંચાયતના વિકાસ અધિકારી ત્યાં આગળ આનું સરકારે ગુજરાત સરકારના જે ખરીદીના નીતિનિયમો છે એના પ્રમાણે આ બોરી ખરીદવામાં આવે છે એટલે ભ્રષ્ટાચારને કોઈ અવકાશ નથી.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ચોખ્ખો છે કે કઈ તારીખે થેલીઓ ખરીદી, કોની પાસેથી ખરીદી, પેપરમાં ટેન્ડર આપ્યા છે કે કેમ, અને એની અંદર તપાસ કરવા માગે છે કે કેમ? સિસ્ટમની તો મને ખબર છે, મેં જોયું છે, થેલીઓ દેખાતી નથી, ભાજપના ધારાસભ્યોની કમિટી બનાવો એવું નથી કે અમારા.

**અધ્યક્ષશ્રી** : કમિટી બનાવે કે ન બનાવે એ પછીનો પ્રશ્ન છે

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર ચાલે છે..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, થેલી ખરીદીવાળી જે વાત છે એની વિગતો આપો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લાખો સીમેન્ટની થેલીઓ ખરીદવામાં આવે છે એની તારીખ જોઈશે તો એ મારી પાસે એની વિગતો મેળવી શકાશે અને એ વિગતો આપના ટેબલ ઉપર મૂકી દઈશ.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકજો.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ચોખ્ખો છે સાહેબ, કઈ કઈ તારીખે ખરીદી અને..

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કહું છુંને કે અલગ અલગ તારીખે અલગ અલગ આખા જિલ્લામાંથી સીમેન્ટની થેલીઓ ખરીદાઈ હોય એનું જે કોટેશન લીધું હોય, એ કોટેશનની વિગતો માગતા હોય તો મને કોઈ તકલીફ નથી તમને એની વિગત આપશું.

**અધ્યક્ષશ્રી** : આપે જે ૪૫૩૫૩૬ થેલીઓ જે ખરીદી એનો જો બ્રેકઅપ અને કયાંથી અને કેવી રીતે ખરીદી એની વિગતો છે તમારી પાસે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે અહીયાં નથી, એની વિગત હું મૂકીશ.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી, વિગત આવશે, તમે જે પ્રશ્ન ઉભો કર્યો એની વિગતો ટેબલ ઉપર મૂકવાનું મેં કહયું. માનનીય નિરંજનભાઈ, આપના જ જિલ્લાના બીજા સભ્યશ્રીને મેં કહયું, શ્રી રાજેન્દ્રભાઈ..

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ અમારા જિલ્લામાં ૧૫૪૮ બોરીબંધ બન્યા, જો ૧૫૪૮ બોરીબંધ અમારા જિલ્લામાં બન્યા હોય તો જિલ્લામાં ફરીએ તો એ દેખાય, પણ આજે એક પણ બોરીબંધ દેખાતો નથી તો મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ જે ૧૫૪૮ બોરીબંધ બનાવ્યા એમાં ભારત સરકારના કેટલા રૂપિયા હતા અને ગુજરાત સરકારનો કેટલો ફાળો હતો અને કયારે આ બનાવવામાં આવ્યા?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બોરીબંધની જે સીમેન્ટની થેલીઓ ખરીદવામાં આવી છે એની અંદરની કિંમત પણ હું જણાવી દઉં સાથેસાથે..

**અધ્યક્ષશ્રી** : એ તો લખી છે, પણ હવે ભારત સરકારના પૈસા છે કે ગુજરાત સરકારના એ કહો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ થેલીઓ છે એ ૯૦:૧૦ના રેન્જ ઉપર જે..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બોરીબંધમાં જે ખર્ચ થયો એ રાજય સરકારનો થયો કે ભારત સરકારનો એ પ્રશ્ન છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નારેગા યોજનાના જળસંચયના ભાગમાં ૯૦:૧૦ના રેન્જ ઉપર બોરીઓ ખરીદી શકીએ છીએ. (અંતરાય) કહયુંને ૯૦:૧૦, કહયું તો ખરું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૪૦.૪૬ લાખનો ખર્ચ થયો છે આ ૪૦.૪૬ લાખના ખર્ચથી આપે જે ૧૫૪૮ બોરીબંધ બનાવ્યા છે આ ૪૦.૪૮ લાખમાંથી ભારત સરકારના કેટલા અને ગુજરાત સરકારના કેટલા ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે, ૯૦ ટકા ભારત સરકારના હોય છે સિમેન્ટની ખરીદીમાં. ટોટલ પ્રોજેક્ટ જે છે ૯૦/૧૦ના રેશિયાથી થાય છે એટલે એમાં ૯૦ ટકા ભારત સરકારના અને ૧૦ ટકા રાજય સરકારના હોય છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાંથી જોઈ શકાય છે કે આણંદ જિલ્લાના ૮ તાલુકાઓ પૈકી ૪ તાલુકામાં જ જળસંચયની કામગીરી કરવામાં આવી રહી છે બાકીના ૪ તાલુકામાં એક પણ બોરીબંધ બનાવવામાં આવ્યો નથી એના કારણો શું છે? અને આ જે બોરીબંધ બનાવવામાં આવે છે એમાં સ્થળ પર જઈને કોના દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે છે, એના માટેનો કોઈ એમ.બી. રેકોર્ડ કરવામાં આવે છે કે કેમ, અને જે ચકાસણી કરવામાં આવે છે અને ચૂકવણું કરવામાં આવે છે એમાં કોના કોના પ્રમાણપત્ર આપવામાં આવે છે અને એના ધારા-ધોરણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો ૪ તાલુકાઓમાં બોરીબંધ બાંધવામાં આવ્યા છે એનું કારણ એ છે કે, આ આણંદ જિલ્લાનો આખો વિસ્તાર છે એ કમાન્ડ વિસ્તારમાં આવેલો એરિયા છે એમાં જે તાલુકામાં બોરીબંધ બાંધવામાં આવ્યા છે એ સિવાયના જે ૪ તાલુકા છે કે જ્યાં બોરીબંધ બાંધવામાં આવ્યા નથી એ પેટલાદ, સોજીત્રા, ખંભાત અને તારાપુર આની અંદર વોટર લોગીંગનો બહું મોટો પ્રોબ્લેમ છે ત્યાં આગળ પાણીની રીચાર્જ કરવાની સમસ્યા છે અને એટલા માટે રીચાર્જ કરવું ત્યાં જરૂરી નથી અને ઉપરાંત ત્યાં પહાડ જેવી કોઈ જગ્યા ન હોવાના કારણે અને કોઈ વેરા કે નદીઓ મળતી નથી એના કારણે આ ત્યાં શક્ય નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આણંદ જિલ્લાના અમુક તાલુકાની અંદર આવા બોરીબંધ બંધાયેલા છે. મારા વિસ્તારમાં જે કોતર વિસ્તાર છે ત્યાં આગળ ખાલી રેતી ભરીને ગુણો મુકી છે તેમ છતાં પણ રાવપુરાના વેરાની અંદર ખડોલીના વેરાની અંદર તથા અન્ય વેરાની અંદર આ બધા બોરીબંધો આજે પણ હયાત છે. ભૂતકાળની જેમ પેપર પર ખાલી બંધાઈ જતા નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનો કહેવાનો અધિકાર છે. (અંતરાય) હું એમને રોકી નહીં શકુ. હું એમની અભિવ્યકિતને રોકી નહીં શકું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઉમરેઠ તાલુકાની અંદર કેટલા ગામમાં આવા બંધ બાંધવામાં આવ્યા, એ બંધ પાછળ કેટલો ખર્ચ થયો? અને અમે અત્યારે ધારાસભ્યો આ ગૃહમાં જે ફરિયાદ કરીએ છીએ તો એ ફરિયાદના આધારે માનનીય મંત્રીશ્રીને જણાવવા માગુ છું કે, ફરિયાદના આધારે તપાસ કરી અને જ્યાં પણ ભ્રષ્ટાચાર થયો હોય એની તપાસ કરી પગલાં ભરવા માગે છે કે કેમ? (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર બાબતનો કોઈ પણ મુદ્દો મને આપવામાં આવશે તો એની તપાસ કરવામાં સરકારને કોઈ તકલીફ નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઉમરેઠમાં કેટલા થયા છે એનો આંકડો હોય તો આપો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હા આપુ છું. ઉમરેઠના ૩૮ ગામ છે એમાં ગામમાં બોરીબંધ બાંધવામાં આવ્યા છે અને ૯૯૦ બોરીબંધો પૂરા કર્યા છે એનો કુલ ખર્ચ થયો છે એ ૧૮.૫૩ લાખ રૂપિયાનો થયો છે.(અંતરાય)

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૯૯૦ બોરીબંધો બાંધવામાં આવ્યા ૩૮ ગામમાં તો એક ગામદીઠ કેટલા થાય? ત્યાં એક પણ બોરીબંધ કોઈ ગામમાં દેખાતો નથી એટલા માટે કહુ છું કે ત્યાં ભ્રષ્ટાચાર થયો છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓડર્ર ઓર્ડર. (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નાનાથી માંડીને મોટા બોરીબંધ બાંધવામાં આવે છે મારે આપના દ્વારા માનનીય સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે કે આ બોરીબંધની સાઈઝ હોતી નથી.

**અધ્યક્ષશ્રી** : જનરલ વાત નથી, ઉમરેઠની વાત છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ આરોપ કરે છે કે આનો આટલો ખર્ચ ના હોય. નાનાથી માંડીને મોટાં સાહેબ, મોટો એક બોરીબંધ ૨ લાખનો પણ થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાવ મંત્રીશ્રી જવાબ આપે છે. આપ બેસી જાવ, તેમને જવાબ આપવા દો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવો આક્ષેપ કરે છે. મારે જવાબ એ આપવો છે કે બોરીબંધની કોઈ ફીક્સ કિંમત હોય નહીં. બોરીબંધ નાનાથી માંડીને ઘણાં મોટા બોરીબંધ અમે બાંધ્યા છે. એટલે જે બોરીબંધની સાઈઝ હોય તેની ઉપર ખર્ચ હોય.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) શ્રી નિરંજનભાઈ, પંકજભાઈ...

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સરકાર ઉપર આક્ષેપ નથી. અધિકારીઓના ખિસ્સા બહુ ભારે થઈ ગયા છે, ફાટી ગયા છે અને રાજકારણીઓ તૂટી ગયા દર પાંચ વર્ષે ઇલેક્શનમાં એટલે મારો સરકાર ઉપર કે મંત્રીશ્રી ઉપર આક્ષેપ નથી. તંત્રની અંદર જે ચાલી રહ્યું છે તેની ઉપર અંકુશ લાવવા માટે વિરોધ પક્ષ તરફથી સૂચન કરું છું. બહું સાચું છે, વાજબી છે અને તેની અંદર માનનીય મંત્રીશ્રી તપાસ આપે તેમાં કોઈ નુકસાન નથી રાષ્ટ્રને કે ગુજરાતને. ઉલટો તંત્ર ઉપર અંકુશ આવશે. છાવરવાથી તંત્ર વધારે બગડવાનું છે આ સમજી લેજો. આ તો આણંદનું સેમ્પલ હતું સાહેબ ગુજરાત આખામાં તપાસ આપે તો પણ અમને વાંધો નથી. તો તપાસ આપવા માગે છે કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સ્પેસિફીક કોઈ ફરિયાદ ના આવે તો તપાસ આપવાનો સવાલ જ પેદા થતો નથી (અંતરાય) એ નહીં ચાલે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ફરિયાદ જ નથી કોઈની. એ ધારાસભ્યની પણ ફરિયાદ નથી જે અહીંયા વાત કરે છે તેની. ફરિયાદ વગર એમને એમ તપાસ આપો(અંતરાય)આપો આપો લેખિત. ફરિયાદ વગર તપાસ આપો એમ.

**અધ્યક્ષશ્રી** : નિરંજનભાઈની સ્પેસિફીક ફરિયાદ કે આ ગામની અંદર આ પ્રકારના બોરીબંધમાં ગેરરીતિ થઈ છે એવી સ્પેસિફીક ફરિયાદ જો તમારી પાસે હોય તો મોકલી આપજો.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું પ્રશ્ન પૂછું અને તેની તપાસ કરું અને બોરીબંધ ના દેખાય એટલે હું અધિકારીઓને પબ્લિકની વચ્ચે કહું તો એ મારી ફરિયાદ ના ગણાય. આ વિધાનસભાની અંદર ચર્ચા કરું તો એ ફરિયાદ ના કહેવાય ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે મને સ્પેસિફીક ફરિયાદ મળશે, હું તપાસ કરાવીશ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગયા વખતે પણ કહ્યું હતું અને ત્યારે મંત્રીશ્રીએ કહ્યું કે મારા ભેગાં આવો, પણ તે ભાઈ જ ભેગાં નહોતાં આવ્યાં. તે ગયા વખતે વાત કરી હતી. .(અંતરાય).

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીત બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંકઃ ૩..

### પંચમહાલ જિલ્લામાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામ હેઠળ શૌચાલય બનાવવા બાબત

*** ૧૩૯૨૮ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શૌચાલયો બાંધવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૪૩૯૭૪ શૌચાલયો બાાંધવામાં આવેલ છે.

(૨) સદરહુ સમય દરમિયાન કુલ રૂપિયા ૮૨૨.૪૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૪૩૯૭૪ શૌચાલયો બાંધવામાં આવેલ છે એવું મારા જવાબમાં જણાવેલ છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આમ કુલ પૈકી એ.પી.એલ. વ્યકિતગત શૌચાલય પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા બનાવવામાં આવ્યા?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાનો આ પ્રશ્ન છે ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ એ.પી.એલ.ના કેટલા બનાવવામાં આવ્યાં ? તો ૯૯૯૮ શૌચાલય બનાવવામાં આવ્યાં.

**શ્રી સી.કે. રાઉલજી** : આ ૪૩૯૭૪ શૌચાલયો પંચમહાલ જિલ્લામાં છે, એમાં ગોધરા તાલુકામાં કેટલા અને એક શૌચાલય દીઠ ખર્ચ કેટલો અને ૮૨૨ લાખ રૂપિયા જે ખર્ચ થયો છે, એમાં ઉદ્દઘાટનોનો ખર્ચ સમાવિષ્ટ થયેલો છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર**: બી.પી.એલ.ના ૩૩૯૭૬ અને એ.પી.એલ.ના ૯૯૯૮ કર્યા છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્દઘાટનો તો કોંગ્રેસવાળાએ પહેલા કર્યા હતા. આ સરકારમાં થાય એમ નથી. (અંતરાય) આજ સુધી ૫૦ વર્ષ કંઈ કર્યુ નહીં. (અંતરાય) બોરીબંધો કયાં છે એ જોવા આવે..

**અધ્યક્ષશ્રી** : સેનિટેશનનો પ્રશ્ન ન હોય તો હું નેકસ્ટ કહું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : ટોટલ સેનિટેશન પ્રોગ્રામ, ભારત સરકાર દ્વારા એ.પી.એલ. પરિવારોને ભારત સરકાર કોઈ સહાય આપે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર**: ના,જી. એ.પી.એલ. માટે એકપણ પૈસો ભારત સરકાર આપતી નથી. રાજય સરકારના પૈસે થાય છે.

**ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત**

*** ૧૩૯૩૩ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,
(૨) કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને
(૩) બાકી રહેલ આવાસોનું કામ કયારે પૂર્ણ કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૫૭૫ આવાસો મંજૂર કરવામાં આવ્યા.
(૨) ૮૫૬ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા.
(૩) બાકી રહેલ આવાસોનું કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે ૧૫૭૫ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે, તો એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? બીજું કે આ જે ઈન્દિરા આવાસ યોજના નામ પરથી ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય, એવું જણાય છે, તો સોએ સો ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે કે રાજય સરકાર આપે છે? રાજય સરકાર આપતી હોય તો રાજય સરકાર કેન્દ્ર સરકાર પાસે એવી માગણી કરવા માગે છે કે આ ઈન્દિરા આવાસ યોજનામાં કેન્દ્ર પોતાનો હિસ્સો વધારે, એવી માગણી કરવા માગે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર**: સભ્યશ્રીએ કુલ ખર્ચની વાત કરી છે. ૬૯૫.૪૫ લાખનો ખર્ચ આમાં થયેલો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦/૧૨/૦૮ના રોજ દિલ્હી ખાતે યુનિટ કોસ્ટ માટે વાત કરી છે, પણ ના પાડી છે કે એકપણ પૈસો વધારી શકાય તેમ નથી.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૫૭૫ આવાસો મંજૂર કર્યા છે, એમાં ૮૫૬ પૂર્ણ થયેલા છે. તો બાકીના આવાસો કેટલા સમયમાં પૂર્ણ થશે? બીજો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૯૩૮ મકાનો બનાવ્યા પછી ફાળવવા પાત્ર બી.પી.એલ. કેટલા બાકી રહે છે અને કયાં સુધીમાં પૂરા કરવાનું આયોજન છે

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર**:૪૧૯ બાકી રહે છે અને ૪૪૯ આખા જિલ્લામાં બાકી રહે છે. એ સો ટકા પરિપૂર્ણ થઈ જવાના છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** ઈન્દિરા આવાસ યોજનામાં એક મકાન પાછળ થતો કુલ ખર્ચ કેટલો છે અને એ પૈકી કેન્દ્ર સરકારના કેટલા નાણા છે? રાજય સરકારના કેટલા નાણા છે? અને જયારે કેન્દ્ર સરકારનો

નાણાનો હિસ્સો વધારે છે, તો જે ઘટ આવે છે એટલા માટે રાજય સરકાર પોતાના હિસ્સામાં કોઈ વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર**: રાજય સરકાર ૨૫ ટકા ઉપરાંત પૈસા આપે છે. કેન્દ્ર સરકારમાંથી પૈસા વધારે આપો ને.

**અધ્યક્ષશ્રી** : આપ સવાલ સાંભળીને જવાબ આપો કે કેન્દ્ર સરકારની સહાય કેટલી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, ગયે વખતે પણ મેં સ્પષ્ટતા કરી હતી કે ઈન્દિરા આવાસ યોજનામાં ટોટલ ખર્ચ ૫૦,૫૦૦ રૂપિયા આવે છે અને કેન્દ્ર સરકારે આ વખતે રીવાઈઝ કરીને ૩૫૦૦૦ રૂપિયા કોસ્ટ ગણી છે. ૩૫ હજારની કોસ્ટમાં કેન્દ્ર સરકારના ૭૫ ટકા એટલે કે ૨૬૭૫૦ રૂપિયા કેન્દ્ર સરકારના છે. બાકીના ૧૭ હજાર છે એ અમારા ગુજરાત સરકારના છે. તદુપરાંત સાડા આઠ હજાર રૂપિયા બીજા વધારાના ૫૦,૫૦૦ ને પૂરા કરવા માટે અને ૭૦૦૦ સ્વયં..(સતત અંતરાય) હા, હા. સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** :૫૦,૫૦૦ ને પૂરા કરવા માટે ૮૫૦૦ વધારાના રાજય સરકાર આપે છે. અને જમીનની કિંમત, ગયે વખતે કહ્યું હતું કે રાજય સરકાર બીજા ૫૦ હજાર રૂપિયાની ૧૦૦ વારની જમીન પણ આપે છે. : આ કુલ ખર્ચ ૭૨ ટકા રાજય સરકાર ભોગવે છે અને સામે સાચો ખર્ચ ૨૮ ટકા જ ફકત કેન્દ્ર સરકાર ભોગવે છે. એટલે ઈન્દિરા આવાસ યોજનાનું માલિકીપણું બતાવવાની કોઈ જરૂર નથી.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫૭૫ આવાસો મંજૂર થયાં છે. તો એની પાછળ રાજય સરકારે તેમાં વધારાની પૂરક સહાય પેટે કેટલા ચૂકવ્યા છે?

**અધ્યક્ષશ્રી:** એનો જવાબ અપાઈ ગયો છે.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એનો જવાબ આપી દીધો છે કે ૧૩૪ લાખ પૂરક સહાય પેટે ચૂકવ્યા છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તાર ભાવનગર જિલ્લાનો આ પ્રશ્ન છે ત્યારે મને એમ હતું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પણ..

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, કોઈ કોમેન્ટ નહીં, સીધા જ તમારા પૂરક પ્રશ્ન ઉપર આવો

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ભાવનગરનો સવાલ છે એટલા માટે, બાકી બીજું કાંઈ નથી. આજે સવારથી અમે જોઈ રહ્યા છીએ કે ડિઝાઈનર ડ્રેસ પહેરીને આજે આવ્યા છે. એટલે...

**અધ્યક્ષશ્રી :** તમારા જિલ્લાનું માત્ર તમારા જિલ્લા પૂરતું મર્યાદિત રાખો, હાઉસમાં ના લાવો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈન્દિરા આવાસ યોજના એ ગરીબો માટેની આવાસ યોજના છે અને આવાસ વિહોણા લોકોને છત્ર આપવાની યોજના છે. હમણાં જ ભાવનગર જિલ્લામાં બે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન થયું ત્યારે આ ગરીબ કલ્યાણ મેળામાં ઈન્દિરા આવાસના કેટલા લાભાર્થીઓને એમાંથી લાભ આપવામાં આવ્યો અને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૨૨૦૦ ને લાભ આપવામાં આવ્યો અને ૯૫૭.૪૪ લાખની મદદ ગરીબ કલ્યાણ મેળામાં રાજય સરકારે કરી છે.

## રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની અરજીઓ

*** ૧૨૮૪૧ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયત વિભાજનની અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કયા કયા ગામની, અને

(૩) કયા કયા ગામો બાકી છે અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) રાજકોટ જિલ્લાની ત્રણ તાલુકાની નીચે મુજબની દરખાસ્તો મળેલ છે.

| તાલુકો | મળેલ માગણીઓ |
|---|---|
| ટંકારા | ૦ (શૂન્ય) |
| પડધરી | ૦ (શૂન્ય) |
| મોરબી | ૧ (એક) |

(૨) ૦ શૂન્ય

(૨) મોરબી તાલુકાના જીવાપર (ચ) ગ્રામ પંચાયતમાંથી કેશવનગરના વિભાજનની દરખાસ્ત નિર્ણયાર્થે બાકી છે કારણ કે ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૨-૯-૨૦૦૯ ના પરિપત્રથી ભારતની વસતિ ગણતરી-૨૦૧૧ અન્વયે તા. ૩૧-૩-૨૦૧૧ સુધી તમામ ગામ, તાલુકા, જિલ્લા, શહેર, નગરપાલિકા કે

મહાનગર પાલિકાના ભૌગોલિક વિસ્તાર કે વહીવટી માળખામાં ફેરફાર ન કરવા જણાવેલ છે જેની મુદત પૂરી થયેથી આ અંગે વિચારણા કરવામાં આવશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨ વર્ષમાં ટંકારા, પડધરી અને મોરબી તાલુકાની કેટલી ગ્રામ પંચાયતોનાં વિભાજન કરવામાં આવ્યાં? બીજું કે હાલમાં આ ત્રણ તાલુકાની કોઈપણ ગ્રામ પંચાયતની વિભાજન કરવા માટેની જિલ્લાકક્ષાએ અરજીઓ પડતર છે અને આ ગ્રામ પંચાયતોનું કેટલા સમયમાં વિભાજન કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : રાજકોટ જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં મોરબી અને ટંકારા તાલુકામાં એકપણ ગ્રામ પંચાયતનું વિભાજન કરવામાં આવેલ નથી જયારે પડધરી તાલુકામાં એક ગ્રામ પંચાયતનું વિભાજન કરેલ છે એમાં ખાખરબેલા મૂળ ગ્રામ પંચાયત છે એનું ખાખરબેલા ૧ અને ખાખરબેલા ૨ એ રીતે વિભાજન કરેલ છે અને પડધરી તાલુકાનું હડમતીયા ગામ છે એમાં ધરમપુર અને હર્ષદપુરનું આ બે વર્ષમાં વિભાજન થયેલ છે. અત્યારે હાલ રાજકોટ જિલ્લા પાસે  રાજકોટ જિલ્લાની કોઈ બીજી દરખાસ્ત પડતર નથી અને જે દરખાસ્ત મોરબી તાલુકાના જીવાપર ગ્રામ પંચાયતમાંથી કેશવનગરની વિભાજનની દરખાસ્ત છે એ કેન્દ્ર સરકારનો તા. ૨૨-૯-૨૦૦૯ નો એવો પરિપત્ર છે કે ભારતની વસતિ ગણતરી-૨૦૧૧ અન્વયે તા. ૩૧-૩-૨૦૧૧ સુધી રાજયના ગામ, તાલુકા, જિલ્લા, શહેર, નગરપાલિકા કે મહાનગરપાલિકાના ભૌગોલિક વિસ્તાર કે વહીવટી માળખામાં ફેરફાર ન કરવો.

## ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત

*** ૧૪૧૩૯ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સરકારે ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા કેટલા જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો અને,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલો જથ્થો વિતરણ કરવામાં આવ્યો?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૬,૦૦૦ મે.ટન.

(૨) ૫૦૧૭ મે.ટન.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય મંત્રીશ્રી એ જણાવશે કે ૫૯૧૭ મેટ્રીક ટન પામોલીન તેલનો જથ્થો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારને વિતરણ કરવામાં આવ્યો તો તે રાજયના કેટલા પરિવારને આ જથ્થો વિતરણ કરવામાં આવ્યો અને બીજો પ્રશ્ન એ છે કે ખાદ્ય તેલના ભાવો એ પ્રજા માટે સેન્સીટીવ મુદ્દો ગણાય છે, ત્યારે આ બફર સ્ટોક રાખવાના કારણે ખાદ્ય તેલના ભાવોની સપાટી જાળવી રાખવા માટે સરકારને કેટલી સફળતા મળી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સામાન્ય રીતે તેલનો મુદ્દે સમગ્ર દેશમાં તેલના ભાવો વધવા માંડે છે ત્યારે ગુજરાત સરકારે નીતિ બનાવી છે કે સમયસર તેલનો જથ્થો રીઝર્વ કરવો, આ વર્ષે ૨૦૦૯-૧૦માં રાજય સરકારે ૬ હજાર મેટ્રીક ટન તેલનો જથ્થો કર્યો હતો. ૧૬ હજાર મેટ્રીક ટનની મંજૂરી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આપી હતી, અને ૬ હજાર મેટ્રીક ટનનો જથ્થો આપણે ખરીદયો હતો. એ રાજય સરકારે ઓન એફોર્ડ ખરીદી કરી છે. કારણ કેસામાન્ય રીતે ગરીબ  લોકોને તેલ આપવામાં આવે છે ત્યારે કેન્દ્ર સરકાર પણ એમાં ડેકલેરેશન કરતી હોય છે, ગયા વખતે પ્રતિ લીટર ૧૫ રૂપિયાની જાહેરાત કેન્દ્ર સરકારે કરી હતી, આ વર્ષે પણ ગુજરાત સરકારે સમયસર માગણી કરી હતી, મારે આ વિધાનસભા ગૃહનું ધ્યાન દોરવું છે કે છ હજાર મેટ્રીક ટન ખરીદી એટલા માટે કરવી પડી કે સામાન્ય રીતે ઓગષ્ટ મહિના પછી આપણે ત્યાં જે તહેવારો આવેછે ત્યારે ગરીબ લોકોને આપણે તેલ આપીએ છીએ તેનું વિતરણ કરવાનું હતું ત્યારે કેન્દ્ર સરકારનું ધ્યાન દોર્યુ કે ૨૦૦૮-૦૯ માં જે રીતે રાહત આપવામાં આવી હતી તે રીતે સમયસર ઓર્ડર કરી આપે અને ૧૫ રૂપિયાની રાહત આપવા માટેની મંજૂરી આપે. પણ મને કહેતા દુ:ખ થાય છે કે કેન્દ્ર સરકારે અમને કોઈ કલીયરન્સ આપ્યું નથી અને અમે ૬ હજાર મેટ્રીક ટન તેલ ખરીદવું પડયું અને તેના કારણે ૧૨ કરોડ કરતા વધારે સબસિડી રાજય સરકારને ભોગવવી પડીછે. અને ૩૪લાખ ગરીબ લોકોને અમે ગઈ સાલે એક લીટર લેખે પામોલીન તેલનું વિતરણ કર્યુ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગરીબ અને અંત્યોદય એવા ૩૪ લાખ ગરીબોને દીવાળીના તહેવાર ટાંકણે જયારે તેલ આપવાનું હતું તે સમયે સમયસર તેલ આપી શકાય અને કેન્દ્ર અને રાજયની નીતિ પ્રમાણે કેન્દં સરકાર તેની અંદર સબસિડી પણ આપતી હોય છે. પરંતુ આ ૩૪ લાખ જેટલા ગરીબોને તેલ આપવામાં ભારત સરકારે એક પણ રૂપિયો સબસિડી ન આી તેવી વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે ત્યારે મારે એ જાણવું છે કે આ ગરીબોને સબસિડી ભારત સરકારે ન આપી છતાં પણ રાજય સરકારે સબસિડી સાથેનું તેલ વિતરણ કર્યુ અને સમયસર ગરીબ લોકોની દિવાળી સુધારી તો રાજય સરકાર વતી તેના માટે કેટલી રકમ ખર્ચવામાં આવી અને કેટલો બોજ પડયો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મેં અગાઉ કહયું તેમ સરકારે ૧૨.૫૯ કરોડ રૂપિયાની સબસિડી ભોગવવી પડી છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સામાન્ય દિવસોમાં કાર્ડ દીઠ કેટલું પામોલીન તેલ આપવામાં આવે છે અને તહેવારોમાં કેટલું આપવામાં આવે છે, અને તેની સબસિડી કેન્દ્ર સરકારે ન આપી તો ગુજરાત સરકારને તેનાથી કેટલું સહન કરવું પડયું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સામાન્ય રીતે તહેવારોમાં ગણતરી પૂર્વકના તહેવારોમાં એક એક લીટર તેલ લોકોને આપીએ છીએ અને એસ્ટીમેશન પ્રમાણે ૧૬ હજાર થી ૨૦ હજાર મેટ્રીક ટન તેલ બફર સ્ટોક કરવું પડે છે, અને ભાવ કન્ટ્રોલ કરવા માટે આપણે આ બફર સ્ટોક કરીએ છીએ. પરંતુ હું ધ્યાન દોરવા માગું છું કે આપણે ખરીદી કરવાની શરુ કરી ત્યારે ગુજરાતમાં આ તેલનો જથ્થો આવ્યા પછી બજાર કાબુમાં આવ્યું હતું અને તેના કરણે ખૂબ ભાવો ઉંચા ન ગયા, એટલે આપણે ૬ હજાર મેટ્રીક ટન તેલ ખરીદયું અને તેના કારણે ૧૨.૫૯ કરોડની સબસીડી આપણે આપવી પડી છે.

**તહેવારો દરમ્યાન ભાવોને કાબુમાં લેવા પામોલીન તેલ ખરીદવા બાબત**

***૧૨૪૭૭ શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તહેવારો દરમ્યાન ખાદ્યતેલના ભાવોને કાબૂમાં લેવા સરકારે પામોલીન તેલના જથ્થાની ખરીદી કરવાનો નિર્ણય કર્યો હતો તે હકીકત સાચી છે,

(૨) સરકારે તે મુજબ કેટલા તેલનો બફર સ્ટોક ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં કરેલ અને દરેક વર્ષમાં તેલનું કેટલું વિતરણ સરકારે કરેલ છે, અને

(૩) સરકારના આ પગલાંથી ખાદ્યતેલના ભાવો પર શું અસર પડી છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨)

| | વર્ષ | બફર સ્ટોક | વિતરણ |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૮ | ૧૯૯૪૧ મે. ટન | ૧૯૯૪૧ મે. ટન |
| ૨ | ૨૦૦૯ | ૬૦૦૦ મે. ટન | ૫૯૧૭ મે. ટન |
| | કુલ | ૨૫૯૪૧ મે. ટન | ૨૫૮૫૮ મે. ટન, તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં |

(૩) એ.એ.વાય. અને બી.પી.એલ. લાભાર્થીઓને તહેવારો દરમ્યાન રાહત દરે પામોલીન તેલનું વિતરણ કરતાં બજાર ભાવો વધેલ નથી.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે એ.એ.વાય. અને બી.પી.એલ. લાભાર્થીઓને દર વર્ષે કેટલો જથ્થો પુરો પાડવાની જરૂરિયાત ઉત્પન્ન થાય છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મેં અગાઉ જવાબમાં જણાવ્યું તેમ લગભગ ૧૬ હજાર મેટ્રિકટનની જરૂરિયાત રહે છે. બજાર ઊંચું જાય તો આપણે ૧૬ હજાર મેટ્રિકટનની ખરીદી કરીએ છીએ. આ રીતે ભાવોને કન્ટ્રોલ કરવાનો મુખ્ય હેતુ છે અને એના માટે આપણે બફર સ્ટૉક રાખીએ છીએ. માનનીય સભ્યશ્રીએ ૨૦૦૮-૦૯નો પ્રશ્ન પૂછ્યો હતો કે આ સાલે પામોલીન તેલનો કેટલો સ્ટૉક કર્યો હતો તો ૧૯૯૪૧ મેટ્રિકટનનો બફર સ્ટૉક કર્યો હતો. એના કરતાં મોટું કામ અમે એ કર્યુ હતું કે જે તેલના વેપારીઓ કે જે સ્ટૉકીસ્ટો છે એ જ્યારે બજાર ભાવ ઊંચા જાય ત્યારે બહાર વેચી મારતા હોય છે. તેથી રાજય સરકારે નિર્ણય કર્યો કે સ્ટૉક કન્ટ્રોલ કરવો પડે અથવા તો સ્થાનિક જરૂરિયાત પ્રમાણે આપણા ગુજરાતની જરૂરિયાત પૂરતો જથ્થો મેઈન્ટેઈન કરવો પડે. તેથી અમે તેલના વેપારીઓને એકઠા કરીને સરકારે ફરજિયાત કહ્યું હતું કે ગુજરાતની પ્રજાને ૬૦ હજાર મેટ્રિકટન તેલ દર મહિને મળવું જોઈએ અથવા ૬૦ હજાર મેટ્રિકટન તેલનો જથ્થો ગુજરાતમાં જાહેર કરો અને એ પ્રમાણે આ કામમાં એમણે મદદ કરી. વચ્ચે સ્ટૉક કન્ટ્રોલ કરવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો હતો. મને કહેતા આનંદ થાય છે કે ૬૦ હજાર મેટ્રિકટનનો જથ્થો સરકારી ચોપડે આપવામાં આવતો હતો અને વેપારીઓ એ પ્રમાણે ત્યાં સ્ટૉક રાખે અને આપણે એમને બહાર વેચવા માટેની છૂટ નહોતી આપી. ૬૦ હજાર મેટ્રિકટન કરતાં વધારે જે જથ્થો હોય એ જ બહાર વેચતા હતા એના કારણે જ બજાર કન્ટ્રોલમાં આવ્યું હતું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપણે ત્યાં સામાન્ય રીતે પામોલીન કરતાં સીંગતેલ વધારે ખવાય છે. ભૂતકાળની સરકારો ગ્રોફેડ, સહકારી સંસ્થાઓ, જિલ્લા સંઘો મારફત ખેડૂતોના ઘરમાં મગફળી હોય ત્યારે એની પાસેથી ખરીદીને બફર સ્ટૉક કરવામાં આવતો હતો. જ્યારે તેલના ભાવો વધતા હતા ત્યારે બફર સ્ટૉક રાખતા એ માર્કેટમાં વેચવામાં આવતો અને એ રીતે ભાવોને કન્ટ્રોલ કરતાં એના કારણે ખેડૂતોને પણ પોષણક્ષમ ભાવો

મળતા અને તેથી તેલિયા રાજકારણીઓનું રાજકારણ નહોતું ચાલતું તો આવી પદ્ધતિ આપ દાખલ કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આપની વાત સાચી છે. પરંતુ અત્યારે ગુજરાતમાં સીંગતેલ ખાવામાં આવે છે એ મોટે ભાગે લકઝરીયસ લોકો, સુખી લોકો જ ખાય છે. જ્યારે પામોલીન તેલ સામાન્ય ગરીબ લોકો વાપરતા હોય છે. કપાસિયા તેલ વધારે વપરાતું હોય છે. અમે ડે ટુ ડે ભાવોનો કન્ટ્રોલ જોતા હતા અને મારે કહેવું જોઈએ કે ૨૦૦૮-૦૯માં શરૂઆતમાં બજાર ઉંચુ હતું જૂન મહિનામાં ૭૪ રૂપિયા અને ૮૨ પૈસે કિલો સીંગતેલ મળતું હતું એ નવૅમ્બરમાં ૬૩ રૂપિયા ૧૭ પૈસે મળતું થયું. એ જ રીતે કપાસીયા તેલનું ઓબ્ઝર્વેશન કર્યુ હતું. જૂન મહિનામાં ૬૯ રૂપિયા ૬૦ પૈસા ભાવ હતો એ ૫૦ રૂપિયા અને ૫૦ પૈસા ભાવ આવ્યો એટલે બજાર કાબૂમાં આવતું હતું એટલે વધારે સ્ટૉક કરવાની જરૂરિયાત પડી નહોતી. એટલે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અમોને ૨૦ હજાર મેટ્રિકટનની સૈદ્ધાંતિક મંજૂરી આપી રાખી હતી. બજાર જોયા પછી સ્ટૉક કરતાં હોઈએ છીએ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : મોંઘવારીએ માઝા મૂકી હતી, છેવાડાનો ગરીબ માનવી જ્યારે નિરાધાર થઈ ગયો હતો એવા સમયે દિવાળીમાં જીવવું પણ કઠિન થઈ ગયું હતું એવા સમયે રાજય સરકાર વાસ્તવિકતામાં ગરીબોની બેલી છે તેવો દાખલો ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય નરોત્તમભાઈએ બેસાડ્યો છે. આવા સમયે બફર સ્ટૉકના કારણે બજારમાં તેલના ભાવ ઉપર શું અસર થઈ હતી એ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મેં અગાઉ જવાબમાં પણ આવરી લીધેલ છે. આમ તો કેન્દ્ર સરકાર અમને સબસિડી આપે છે. એ ઉપરાંત ૬૧-૬૨ રૂપિયામાં પામોલીન તેલ ખરીદ્યું હતું જે અમે ૪૪ રૂપિયે વિતરણ કર્યુ હતું. જ્યારે આ વરસે અમે ૩૨ રૂપિયે લિટર તેલ લોકોને આપ્યું છે. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે સરકાર નિર્ણય લે છે.

## કાંકરેજ તાલુકાના વડા ગ્રામ પંચાયતની વિભાજનની દરખાસ્ત

*** ૧૩૧૩૬ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના વડા ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્ત કેટલા સમયથી સરકારમાં છે,

(૨) વડા ગ્રામ પંચાયતમાંથી અટુમ્લીયા ગામડી પંચાયત બનાવવાની પ્રક્રિયા કઈ કક્ષાએ છે, અને

(૩) વડા ગ્રામ પંચાયતમાંથી અટુમ્બીયા-ગામડી પંચાયતનું વિભાજન સરકાર કેટલા વખતમાં પૂર્ણ કરશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) આવી કોઈ દરખાસ્ત પંચાયત વિભાગને મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેની વડા ગામના માગણીદાર લોકોએ તેમની માગણી દરખાસ્ત જિલ્લા કક્ષાએ તો મોકલી આપેલી છે. તો જિલ્લા કક્ષાએથી મંગાવીને આ પંચાયતનું વિભાજન કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું એ ધ્યાન દોરું કે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના વડા ગામના વિભાજનની બાબત છે. તેની જે રીતે આવવી જોઈએ એ આવી નથી. તેના કારણે તાલુકા પંચાયતમાં જિલ્લા પંચાયતમાં મૂકવાનું અને ત્યાંથી કમિટીમાંથી પસાર થઈને રાજય સરકારના ડૅવલપમૅન્ટ કમિશનર પાસે આવે અને સરકારમાં આવે એટલી વિધિ કરવાની હોય છે. પરંતુ ત્યાં આ ગામની જે માગણી છે એ ઠાકોર મણાજી ચહેરાજી કરીને છે. તેમણે આ માગણી કરી હતી અને મને પત્ર લખ્યો હતો. એ પત્રને મેં તાલુકા પંચાયતમાં મોકલ્યો છે. એ તાલુકા પંચાયતમાં પ્રોસેસ થઈને અહીં આવે અને ૩૧ માર્ચ-૨૦૧૧ સુધીની તારીખે મર્યાદા પૂરી થાય તરત જ અમે આ કેસ હાથમાં લઈશું.

## મહેસાણા જિલ્લામાં અંત્યોદય યોજના નીચે અનાજ આપવા બાબત

***૧૩૯૩૨ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ કયા પ્રકારનું કેટલું અનાજ ફાળવવામાં આવ્યું અને

૨. તે પૈકી ફોર્ટીફાઈડ આટો કેટલો આપવામાં આવ્યો?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

૧. ઘઉં-૩૨૪૪૦ કવિન્ટલ ચોખા-૨૭૩૪૦ કવિન્ટલ. ૨૬૨૭૫ કવિન્ટલ

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અંત્યોદય યોજના હેઠળ કાર્ડ ધારકોને કેટલું અનાજ મળે છે? કયા ભાવથી આપવામાં આવે છે અને અંત્યોદય લાભાર્થીને સરકાર હવે પછી શું વધારાનો લાભ આપવા માગે છે? બીજું, ફોર્ટીફાઈડ આટો ક્યારથી શરૂ કરવામાં આવ્યો? સામાન્ય અનાજ અને ફોર્ટીફાઈડ આટામાં તફાવત શું? આરોગ્યની દૃષ્ટિએ શું ફાયદો થાય?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય લાભાર્થીઓને કાર્ડ દીઠ જે આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવાનું છે તેમાં ફોર્ટીફાઈડ આટો આપવાનું ગરીબ લોકો માટે, અંત્યોદય લોકો માટે કર્યું છે. પહેલાં અમે ઘઉં આપતા હતા અને ચોખા આપતા હતા. હવે અમે ઘઉંના બદલે ફોર્ટીફાઈડ આટો આપીએ છીએ. ૧૬.૭૦૦ કિલોગ્રામ ફોર્ટીફાઈડ આટો ૩૮ રૂપિયાના ભાવે આખું પેકેજ આપવામાં આવે છે. ચોખા ૧૬ કિલો આપવામાં આવે છે. ત્રણ રૂપિયાના ભાવે આપીએ છીએ. બાકીની વધારાની સબસિડી રાજય સરકાર ભોગવે છે. લેવી ખાંડ ૫૦૦ ગ્રામ આપીએ છીએ. ૧૩.૫૦ રૂપિયે. (અંતરાય) તમારે જરૂર નહીં એટલે, ગરીબ લોકોનું તો સાંભળો. લેવી ખાંડ ૫૦૦ ગ્રામ ૧૩.૫૦ રૂપિયાના ભાવે આપીએ છીએ. કેરોસીન ૧થી ૩ વ્યકિતવાળા ગરીબ લોકોને પાંચ લિટર ૯ રૂપિયાના ભાવે આપીએ છીએ અને ચારથી વધારે વ્યકિતઓને ૧૦ લિટર લેખે ૯ રૂપિયે આપીએ છીએ. આયોડીન મીઠું પણ આપીએ છીએ. આદિજાતિ ટ્રાઈબલ ૧૧ જિલ્લામાં બે કિલો લેખે, એક રૂપિયે કિલો લેખે આપીએ છીએ અને આ જે ફોલીક એસીડ છે, મારે તેમનું ધ્યાન દોરવું છે કે અત્યાર સુધી જે ૧૬.૭૦૦ આપતા હતા અંત્યોદયમાં તેના બદલે હમણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવો નિર્ણય કર્યો છે કે ૧૮.૫૦ કિલો ફોર્ટીફાઈડ આટો આપવાનું ડીફેટેડ સોયા પ્રોટિન ઉમેરીને પ્રતિ કાર્ડ દીઠ ૧૮.૫૦ કિલો લોટ આપવામાં આવશે. તેની કિંમત પણ, ૧૬.૭૦૦ની કિંમત ૩૮ રૂપિયા હતી અને ૧૮.૫૦૦ ડીફેટેડ સોયા લોટ ફક્ત ૩૮ રૂપિયામાં, એટલી જ કિંમતમાં ગુજરાત સરકારમાં અહીંથી આપવામાં આવશે. તેના કારણે જે સબસિડી ૩૩૦ કરોડ રૂપિયા જે થાય છે તે સબસિડી પણ ગુજરાત સરકાર ભોગવશે.

**મહેસાણા જિલ્લામાં સખી મંડળોને ધિરાણ આપવા બાબત**

***૧૪૧૩૧ શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. મહેસાણા જિલ્લામાં સખી મંડળ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન સખી મંડળોને ધિરાણ આપવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ? અને

૨. જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા સખી મંડળોને ધિરાણ આપવામાં આવ્યું?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

૧. હા,જી.

૨. તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૭૭૬ સખી મંડળોને ધિરાણ આપવામાં આવેલ છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ચાલુ નાણાકીય વર્ષે તાલુકાવાર ગત વર્ષની સરખામણીએ રાજય સરકાર દ્વારા કેટલા સખી મંડળોને કેટલું રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં ૧૪૨૭ સખી મંડળોને અને ચાલુ નાણાકીય વર્ષમાં ૧૯૪૪ સખી મંડળોને રાજય સરકારે રીવોલ્વીંગ ફંડ આપ્યું છે. મહેસાણા જિલ્લાના નવ તાલુકા છે. એમાં તાલુકાવાર બેચરાજી, કડી, વિસનગર, ઊંઝા, ખેરાળુ, સતલાસણા, વિસનગર, વિજાપુરને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું છે. તેમાં બેચરાજીને ૮.૬૫ અને આ સાલ ૬.૧૦, વિસનગરને ૧૦.૮૫ અને આ સાલ ૧૦.૭૫ રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું છે. એમ ૨૦૦૮-૦૯માં ૭૧.૩૫ અને ૨૦૦૯-૧૦માં ૯૭.૨૦ લાખ રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં સખી મંડળો દ્વારા કેવા પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરવામાં આવે છે અને કેટલા સખી મંડળોને જોડવામાં આવેલ છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના જે ૧૪૬૯ સખી મંડળો છે એ અલગ અલગ આર્થિક પ્રવૃત્તિ કરે છે. ૧૧૧૦ સખી મંડળો છે એ પશુ પાલનનો વ્યવસાય કરે છે, ૭૦ સખી મંડળો છે એ દુકાન અને કટલરીનો બિઝનેસ કરે છે, ૧૪ સખી મંડળો છે એ ફેરીનો બિઝનેસ કરે છે. ૨૭૫ સખી મંડળો છે એ સિલાઈ, ભરત ગૂંથણ, બ્યૂટી પાર્લરનું કામ કરે છે. આમ ૧૪૬૯ સખી મંડળો છે એ આ પ્રમાણે કાર્યરત છે.

**મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવેલ અરજીઓ**

***૧૨૫૧૦ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઇન્દિરા આવાસ યોજનામાં કુલ કેટલી અરજીઓ તાલુકાવાર લાભાર્થીઓની આવી,

(૨) આ પૈકી મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાઓમાંથી આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓની ચકાસણીની કામગીરી કરેલ છે,

(૩) કેટલી અરજીઓ બાકીમાં છે,

(૪) આ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અને

(૫) તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં કુલ કેટલા ઇન્દિરા આવાસો ફાળવવામાં આવ્યા?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઇન્દિરા આવાસ યોજનામાં કુલ ૯૮૦૬ અરજીઓ તાલુકાવાર લાભાર્થીઓની આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૯૭૭ |
| ઈડર | ૩૧૮ |
| વડાલી | ૧૮૦ |
| મોડાસા | ૪૫૦ |
| ધનસુરા | ૫૬ |
| પ્રાંતિજ | ૧૫૨ |
| તલોદ | ૨૨૯ |
| બાયડ | ૧૩૨૩ |
| માલપુર | ૮૮૦ |
| ખેડબ્રહ્મા | ૨૪૮૪ |
| વિજયનગર | ૮૪૫ |
| ભિલોડા | ૧૦૬૪ |
| મેઘરજ | ૮૪૮ |
| કુલ | ૯૮૦૬ |

(૨) મેઘરજ ૮૪૮, માલપુર-૮૮૦, ધનસુરા-૫૬ અને બાયડ - ૧૩૨૩ અરજીઓ આવેલ તે તમામની ચકાસણીની કામગીરી કરેલ છે.

(૩) કોઈ અરજીઓની ચકાસણી બાકીમાં નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં મેઘરજમાં ૭૫૩, માલપુરમાં ૮૦૯, ધનસુરામાં ૫૬ અને બાયડમાં ૬૭૮ ઇન્દિરા આવાસ ફાળવેલ છે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ ૯૮૦૬ અરજીઓ કરવામાં આવેલ છે અને તમામની ચકાસણી કરવામાં આવેલ છે. એમાં કેટલાને ઇન્દિરા આવાસ ફાળવવામાં આવ્યા અને કેટલાને ફાળવવાના બાકી છે અને તેમને ક્યારે ફાળવવામાં આવશે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કુલ ૭૯૫ બાકી છે અને આ વર્ષે ૨૦૧૦-૨૦૧૧માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસ જે લોકો બીપીએલ યાદીમાં આવતા હોય એને આપવામાં આવતા હોય છે. મારી લાગણી એવી છે કે, બીપીએલ માટે સરવે કરવામાં આવતું હોય છે. એમાં થોડીક ઊણપને લીધે ગરીબ માણસો રહી જતા હોય છે. આપણે ઇન્દિરા આવાસ યોજનાનો લાભ ગરીબ માણસોને આપતા હોઈએ છીએ અને ગરીબ માણસો રહી જતા હોય તો મારી પોતાની લાગણી એવી છે કે, વિજયનગરમાં અને બીજી જગ્યાએ ઘણા ગરીબ લોકો રહી ગયા છે તો ફરીથી મોજણી કરાવીને અને એમાં કેન્દ્ર સરકારનો કે રાજય સરકારનો પરિપત્ર ગમે તે હોય પણ માનવતાના ધોરણે ફરીથી સરવે કરાવવો જોઈએ. હું પ્રશ્ન ઉપર જઉં છું. માનવતાના ધોરણે કેન્દ્ર સરકારનો નિયમ કોઈપણ હોય, રાજય સરકારનો નિયમ કોઈપણ હોય એમને લાભ આપવો જોઈએ એવી મારી લાગણી છે. મારો પ્રશ્ન એ છે કે, સાબરકાંઠા જિલ્લાની અંદર ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં કુલ ઇન્દિરા આવાસની કેટલી અરજીઓ આવી અને એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એમની લાગણી સમજી શકાય તેમ છે. સરવેનો અત્યારે સવાલ નથી. સન્માનનીય ગૃહને હું હિંમતપૂર્વક કહેવા માગું છું. આદિવાસી લોકો ઇન્દિરા આવાસ યોજના માટે અનેક ધરમ ધક્કા ખાતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપીએ એટલા ઓછા છે. આજ વર્ષના ગોલ્ડન ગોલની અંદર ૦થી ૧૬ સુધીના તમામ બીપીએલના ગરીબ લાભાર્થી લોકોને સંપૂર્ણ આવાસ પૂરા પાડવાનું રાજય સરકારનું સ્વપ્ન છે.એમનો બીજો પ્રશ્ન છે કે વિજ્યનગર અને ખેડબ્રહમામાં કેટલા આવાસો આપ્યા તો ૩૩૦૩ આપ્યા અને એમાં ૬ કરોડ જેટલી રકમ વિજ્યનગર અને ખેડબ્રહમામાં મંજૂર કરી છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે હિંમતનગર તાલુકામાં ૯૭૭ જેટલી અરજીઓ આવી હતી આ પૈકી કેટલા લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવી છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૯૭૭ અરજી આવી હતી અને પૂરેપૂરી મંજૂર કરી છે. એક પણ બાકી નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ભિલોડા તાલુકામાં ૧૦૬૪ અરજી આવી છે એમાં કેટલી અરજી મંજૂર કરવામાં આવી, કેટલા મકાનો પ્રગતિ હેઠળ છે અને કેટલાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને એની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડામાં ૧૦૬૪ આવી હતી, પૂરેપૂરી આવી હતી પૂરેપૂરી મંજૂર થઈ છે અને તમામ કામ અત્યારે શરૂ છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, એક માનનીય ધારાસભ્યશ્રીએ એક મુદ્દો ઉઠાવ્યો એટલે માહિતી માટે કદાચ બધાને કામ આવશે. હમણા પ્રધાનમંત્રીશ્રીએ એક મીટીંગ મોંઘવારી સંબંધમાં બોલાવી હતી તો એમાં દેશભરના બધા જ મુખ્યમંત્રીઓએ બી.પી.એલ. કાર્ડ સંબંધમાં રજૂઆત કરી હતી. આપણા દેશમાં એક સકસેના કમિટી બની, એણે પણ વિસ્તારથી બી.પી.એલ. યાદી બાબતમાં અભ્યાસ કર્યો છે. ત્યારપછી એક તેંડુલકર કમિટી બની એણે પણ બી.પી.એલ. યાદી સંબંધમાં વિસ્તારથી અભ્યાસ કર્યો છે. રાજય સરકારોના પોતાના પણ અભ્યાસ છે. આપણે અને બધા જ મુખ્યમંત્રીએ એક રજૂઆત કરી છે કે અમે જે બી.પી.એલ. યાદી આપી છે એનો સ્વીકાર કરો, એ ન ફાવે તો તેંડુલકર સમિતિએ જે આપી છે એનો સ્વીકાર કરો. એ ન ફાવે તો સકસેના કમિટીએ જે યાદી આપી છે એનો સ્વીકાર કરો, એ ન ફાવે તો ત્રણેનું ટોટલ કરીને એવરેજ કરીને જે ઠીક લાગે એ સંખ્યાનો સ્વીકાર કરો. ખાસી વ્યાપક રજૂઆત થઈ છે ત્યાર પછી મામલો ગંભીર લાગતા પ્રધાનમંત્રીશ્રીએ એક કમિટી બનાવવાની જાહેરાત કરી હતી અને એમણે કહ્યું છે કે ફરી એક વાર આ બી.પી.એલ.ના કાર્ડ બાબતમાં વિચારીશું. એટલે આપને માહિતી આપી.

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ, સાચું બોલાય અને સાચું સંભળાય એ જ આપણી જવાબદારી છે.

**અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત**

*** ૧૩૯૩૪ શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રી શ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તા:૩૧-૧-૧૦ સુધીમાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,
(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા આવાસ બાંધવામાં આવ્યા અને
(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તા:૩૧-૧-૧૦ સુધીમાં ૩૬૩૯ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા છે.
(૨) સદરહુ સમય દરમ્યાન ૨૦૦૨ આવાસ બાંધવામાં આવ્યા.
(૩) સદરહુ સમય દરમ્યાન રૂા. ૯૫૮.૭૭ લાખનો ખર્ચ થયો.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, રોજ સવારે છાપુ વાંચીએ અને રાજય સરકારના પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા જાહેરાત હોય કે ૦ થી ૧૬ ગુણાંકવાળા જેટલા પણ લાભાર્થીઓને મકાન ન મળ્યું હોય એ તલાટી અને ટી.ડી.ઓ.નો સંપર્ક કરે આવી ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ગુજરાતના વંચિતોની વહારે આવવા બદલ રાજયના મુખ્યમંત્રી અને ગ્રામવિકાસ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું અને સાથેસાથે અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત ૦ થી ૧૬નો સ્કોર ધરાવતા બી.પી.એલ. પરિવારો મકાન વિહોણા કુલ કેટલા બાકી છે અને કયાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ પ્રમાણે આજની તારીખે ૦ થી ૧૬ બી.પી.એલ. મકાન વિહોણો એક પણ નથી. સંપૂર્ણ લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવેલું છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અમદાવાદ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા ધંધુકા મુકામે અને વિરમગામ મુકામે થયા, એ ગરીબ કલ્યાણ મેળામાં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા લાભાર્થીઓને. લાભ મળ્યો અને કેટલી રકમનો લાભ મળ્યો?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૭૯૭ લાભાર્થીઓને ૯૫ લાખ રૂપિયાની સહાય રાજય સરકારે કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે આ જે યોજના છે એ વર્ષોથી ચાલી આવતી યોજના છે. ધારોકે ગરીબ કલ્યાણ મેળો ના યોજાયો હોત તો આ લાભાર્થીઓને લાભ ના મળેત કે મળેત?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મળેત પણ વિલંબથી. ૮૫૧૬ ઈન્દિરા આવાસ હતા પણ સરદાર આવાસમાં એ લાભ આપવાને કારણે ૧૦૦ ટકા જિલ્લો એમાંથી બહાર આવી ગયો છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળા દ્વારા જે એકસલેરેશન આવ્યું છે અને જે પ્રવેગ આવ્યો છે ઉપરાંત સ્વર્ણિમ જયંતિ આખું વર્ષ જે ઉજવાય છે એના કારણે માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારી સરકારે એવો નિર્ણય કર્યો છે કે ગરીબોને સા૧૦૦ એ ૧૦૦ ટકા ૦ થી ૧૬ના મકાનો પૂરા કરવા અને ૧૭થી ૨૦માં તમામને પ્લોટ આપવા અને એની અંદર આ પ્રશ્નનો જવાબ મળી જાય છે.

**અધ્યક્ષશ્રી** : તમારા પ્રશ્નનો જવાબ જશવંતસિંહે આપી દીધો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :એટલે એનો અર્થ એ થયો કે એક પણ એના કારણે નવો નથી મળ્યો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક: ૧૫

## ખેડા અને આણંદ જિલ્લામાં સખી મંડળોની રચના

* ૧૨૯૯૮ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં ૧, જાન્યુઆરી ૨૦૦૯થી ડિસૅમ્બર-૦૯ સુધીમાં કેટલાં સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) તેમાં બેન્કેબલ સખી મંડળો કેટલા છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ૧, જાન્યુઆરી ૦૯થી ડિસૅમ્બર-૦૯ સુધીમાં ખેડા જિલ્લામાં ૩૪૮૬ અને આણંદ જિલ્લામાં ૩૦૬૫ સખી મંડળોની રચના કરવામાં આવેલ છે.

(૨) ખેડા જિલ્લામાં ૩૧૦૨ અને આણંદ જિલ્લામાં ૨૩૦૯ સખી મંડળોને બેંકો તરફથી ક્રેડિટ લિંકેજ આપવામાં આવેલ છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડામાં ૩૪૮૬ અને આણંદ જિલ્લામાં ૩૦૬૫ અને એમાં ૩૧૦૨ અને ૨૩૦૯ એ બેંકેબલ છે પણ આ જે યોજના છે એની કઈ કઈ કામગીરી છે અને પશુપાલનમાં બન્ને જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા પૈસા આપવામાં આવ્યા?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ખેડા જિલ્લા અને આણંદ જિલ્લામાં પશુ પાલનનો ધંધો સારો ચાલે છે અને અમારા સખી મંડળોએ એમાં રસ લીધો છે. હું એમને વિગતો આપું તો આણંદ જિલ્લામાં આર્થિક પ્રવૃત્તિમાં છેલ્લા ત્રણ વર્ષમાં પશુપાલન, ભરત-ગૂંથણ, ફેરી, કેટરિંગ, કટલરીની દુકાન વગેરે કામગીરી આ સખી મંડળોને સોંપવામાં આવી છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં ૩૪૮૬ અને આણંદ જિલ્લામાં ૩૦૬૫ સખી મંડળોની રચના કરવામાં આવી છે. આમાં આ મંડળો રજીસ્ટર્ડ થયેલ છે કે કેમ અને આ સખી મંડળોને જે સહાય કરવામાં આવે છે એના ધોરણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એક તો સખી મંડળની વ્યાખ્યામાં સ્પષ્ટતા કરું કે સખી મંડળો સરકાર સ્પોન્સર્ડ છે અને સરકારે એને કન્સીડર કરેલ છે. ૧૦-૧૧ થી વધારે બહેનો એકઠી થઈને પોતાનું એક મંડળ કરે છે. એ મંડળને ગુજરાત સરકાર સ્પોન્સર કરે છે. મતલબ કે એને મદદ પણ કરે છે. રજીસ્ટર્ડ ઈન્ડિવીડયુલ કરવા માટે કોઈ વિધિ રાખી નથી. પરંતુ આ જે સખી મંડળો છે એ ભેગા થઈને છ મહિના સુધી પોતાનું ફોર્મેશન જાળવે છે. એના હિસાબ-કિતાબો રાખે છે, નાની એવી બચત કરે છે અને બેંક સાથે બેંકીંગ કરે છે. ત્યાંથી લેવડ-દેવડ કરીને છ મહિનામાં એ ગ્રેડીંગની કેપેસિટી મેળવે છે. તો એમનું ગ્રેડીંગ થાય તો રાજ્ય સરકાર એમને ૫૦૦૦ રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ આપે છે. એ એકઠું કર્યા પછી એમના ૫ હજાર અને આ રિવોલ્વિંગ ફંડના ૫ હજાર મળ્યા હોય એમ કુલ ૧૦ હજાર થાય એટલે એનાથી ચાર ગણું એમને બેંક ફંડ આપે છે. આમ, ચાર ગણી રકમ એ લોકોને ઓછા વ્યાજે મળે છે. એના કારણે એ પ્રવૃત્તિ-ધંધો કરે છે. આ મંડળોનું ગ્રેડીંગ થાય છે પછી એને ગેરંટી આપવાની જરૂર રહેતી નથી. બહેનો ધંધો રોજગાર કરે અને એ ધંધાના આધારે બેંક પણ એમને ઈન્ડિવીડ્યુલ રોકાણ આપે છે અને સખી મંડળોને પણ ધીરાણ આપે છે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ગ્રામ્ય કક્ષાના જે સખી મંડળોનો અનુભવ છે તે શહેરી કક્ષાએ પણ અનુભવ કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : રૂરલ વિભાગ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આનું ચિંતન કરીને અમારા વિભાગના મંત્રીશ્રીને માર્ગદર્શન આપ્યું છે અને આવતા દિવસોમાં આ જ પ્રમાણે રૂરલની જેમ અર્બનમાં પણ કરવાનો વિચાર કરી રહ્યા છીએ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : આ સમયગાળા દરમિયાન આણંદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને એ ગ્રાન્ટમાંથી કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આમાં કેન્દ્ર સરકારનો કોઈ ફાળો નથી. ૧૦૦ ટકા રાજ્ય સરકારનો ફાળો છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : ખેડા જિલ્લામાં અને આણંદ જિલ્લામાં જે સખી મંડળો છે એ કેટલા કાર્યરત છે અને કેટલા કાગળ ઉપર છે?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

## નવસારી જિલ્લામાં સિંચાઈના શેષની ગ્રાન્ટ

૧૨૯૦૨**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સિંચાઈના શેષની ગ્રાન્ટ છેલ્લે ક્યા વર્ષ દરમ્યાન આપવામાં આવી, અને

(૨) સન ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં સિંચાઈના શેષની રકમ ફાળવવાનું આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં સિંચાઇ શેષની ગ્રાન્ટ છેલ્લે, સને ૧૯૯૭-૯૮ થી ૨૦૦૨-૦૩ સુધીની ગ્રાન્ટ વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન આપવામાં આવેલ છે.

(૨) હા, જી. સને ૨૦૦૩-૦૪ થી સને ૨૦૦૬-૦૭ સુધીની સિંચાઇ શેષની ગ્રાન્ટ મંજુર કરવાની દરખાસ્ત ક્લેક્ટરશ્રી, નવસારીને રજુ કરેલ છે.

સને ૨૦૦૭-૦૮ થી સને ૨૦૧૦-૧૧ સુધીના વર્ષની સિંચાઇ શેષની ગ્રાન્ટ અંગેની દરખાસ્ત સિંચાઇ વિભાગ તરફથી જિલ્લા પંચાયત, નવસારીને મળેલ નથી, જે મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

------------

## ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના

૧૩૯૦૭**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે ઈકો ટુરિઝમના વિકાસ માટે કોઈ યોજના અમલમાં મૂકી છે,

(૨) જો હા, તો આ યોજના અન્વયે ઈકો ટુરિઝમના વિકાસ માટે ક્યા સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઇકો ટુરિઝમના વિકાસ માટે **સામેલ પત્રક મુજબની ૪૨ (બેંતાલીસ) સાઇટ** ની પસંદગી કરવામાં આવેલ છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં આ યોજના અંતર્ગત રૂ. ૧૭૧૬.૯૨ લાખનો ખર્ચ થયેલ છે.

**પ ત્ર ક**

| અનુ. | જિલ્લો | સ્થળનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા | વઢવાણા |
| ૨ | વડોદરા | કેવડી |
| ૩ | વડોદરા | તરગોળ |
| ૪ | પંચમહાલ | જાંબુઘોડા |
| ૫ | જુનાગઢ | સાસણ |
| ૬ | જુનાગઢ | ગીરનાર |
| ૭ | જુનાગઢ | હરીહર વન, સોમનાથ |
| ૮ | ડાંગ | મહાલ |
| ૯ | ડાંગ | ગીરાધોધ |
| ૧૦ | ડાંગ | ગ્રીન સાપુતારા |
| ૧૧ | ડાંગ | દેવીનામાળ |
| ૧૨ | નવસારી | કીલાદ |
| ૧૩ | સુરત | પદમડુંગરી |

| અનુ. | જિલ્લો | સ્થળનું નામ |
|---|---|---|
| ૨૨ | સાબરકાંઠા | પોળો |
| ૨૩ | બનાસકાંઠા | જેસોર |
| ૨૪ | બનાસકાંઠા | માંગલ્યવન અંબાજી |
| ૨૫ | બનાસકાંઠા | બાલારામ અંબાજી |
| ૨૬ | મહેસાણા | થોળ |
| ૨૭ | ગાંધીનગર | પુનિતવન સોલારલાઇટ, ગાંધીનગર |
| ૨૮ | ગાંધીનગર | ફોસીલપાર્ક, ગાંધીનગર |
| ૨૯ | ગાંધીનગર | રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ, ગાંધીનગર |
| ૩૦ | ગાંધીનગર | ફેસીલીટી એટ ઇન્દ્રોડા પાર્ક, ગાંધીનગર |
| ૩૧ | ગાંધીનગર | ગીર પ્રોજેક્ટ, ગાંધીનગર |
| ૩૨ | ગાંધીનગર | વાઇલ્ડનેશ પાર્ક, ગાંધીનગર |
| ૩૩ | કચ્છ | નારાયણ સરોવર |
| ૩૪ | કચ્છ | પેટ્રીફાઇડ વુડ ફોસીલ પાર્ક, ધોળાવિરા |

| અનુ. | જિલ્લો | સ્થળનું નામ |
|---|---|---|
| ૧૪ | નર્મદા | સગાઇ (સુલપાણેશ્વર) |
| ૧૫ | નર્મદા | કેવડી |
| ૧૬ | નર્મદા | વિશાલખાડી |
| ૧૭ | નર્મદા | માલસામોટ |
| ૧૮ | નર્મદા | ઝરવાણી |
| ૧૯ | નર્મદા | કડીયા ડુંગર |
| ૨૦ | દાહોદ | રતનમહાલ |
| ૨૧ | અમદાવાદ | નળસરોવર-૧ |

| અનુ. | જિલ્લો | સ્થળનું નામ |
|---|---|---|
| ૩૫ | પોરબંદર | માધુપુર |
| ૩૬ | જામનગર | પીરોટન |
| ૩૭ | ભાવનગર | વેળાવદર |
| ૩૮ | અમરેલી | કાજનાનાવાડા |
| ૩૯ | ગોધરા | સામલી |
| ૪૦ | ખેડા | ડાકોરજી |
| ૪૧ | વલસાડ | દાબખલ |
| ૪૨ | તાપી | આંબાપાણી |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મકાનો મંજૂર કરવા બાબત

* ૧૩૯૧૭ **શ્રી શંભુપ્રસાદ ટુંડીયા**(દસાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, અને

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સરદાર આવાસ યોજના હેઠળ ૧૪૦૮ મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ૬૨ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને ૧૧૫૮ મકાનોનું કામ પ્રગતિમાં છે.

(૩) ૧૮૮ મકાનો બાંધવાના બાકી છે.

------------

## ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો બનાવવા બાબત

* ૧૨૬૨૦ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા** (પાલીતાણા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાના કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવ્યો?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના અન્વયે લાભાર્થીઓએ ૧૯૩૮ મકાનો બનાવેલ છે.

(૨) લાભાર્થી જાતે જ આવાસનું બાંધકામ કરતા હોવાથી આવાસનો કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## માઈનસ સ્વભંડોળવાળી જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોને વાહનો ફાળવવા બાબત

* ૧૨૪૬૬ **શ્રી ઈકબાલભાઈ પટેલ** (વાગરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના સ્વભંડોળ માઈનસ હોય તેવી કેટલી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતને કેટલા વાહનો ફાળવવામાં આવ્યા, અને

(૨) માઈનસ ન હોવા છતાં વાહન ફાળવણી કરવામાં આવી હોય તેવા ઉક્ત સમયગાળા દરમિયાનના કેટલા કિસ્સાઓ છે?

**જવાબ**

(૧) માયનસ સ્વભંડોળ ધરાવતી ૨૩ તાલુકા પંચાયતો અને ૨ જિલ્લા પંચાયતો મળીને કુલ-૨૫ વાહન ફાળવેલ છે.

(૨) માયનસ ન હોવા છતાં, ૨૧ તાલુકા પંચાયતો અને ૪ જિલ્લા પંચાયતો મળીને કુલ-૨૫ વાહનો ફાળવવામાં આવેલ છે.

------------

## સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને ઈ-ગ્રામથી જોડવા બાબત

* ૧૩૯૪૦ **શ્રી ગણપતભાઈ વસાવા** (માંગરોળ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાની ગ્રામ પંચાયતો પૈકી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ક્નેકટીવીટીથી જોડવામાં આવી,

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ક્નેકટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) તે કેટલા સમયમાં જોડવામાં આવશે?

**જવાબ**

(૧) સુરત જિલ્લાની તમામ ૫૬૭ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) સુરત જિલ્લાની એક પણ ગ્રામ પંચાયતને બ્રોડ બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવાની બાકી નથી.

(૩) તમામ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-

ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં હરિયાળી યોજનામાં આવરી લીધેલ ગામ**

૧૩૮૪૧**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ, અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં હરિયાળી યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા,

(૨) કેટલી રકમની ફાળવણી કરવામાં આવી અને કેટલો ખર્ચ થયો,

(૩) કેટલા ગામોમાં કામ પૂર્ણ થયા, અને કેટલા બાકી રહયા, અને

(૪) બાકી કામો ક્યારે પુરા કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ, અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં છેલ્લા એક વર્ષની સ્થિતિએ હરિયાળી યોજના હેઠળ કોઈ ગામ આવરી લેવાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત**

૧૩૯૪૯**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, અને

(૩) બાકી પંચાયત ઘરો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) ૫૧ (એકાવન).

(૨) એકપણ નહિં.

(૩) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં આ બાબતે આયોજન કરવામાં આવશે.

------------

**પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ**

૧૩૦૯૪**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમ ફાળવી,

(૨) કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ |
| પાટણ | ૬૫.૨૯ | ૩૪૦.૦૪ |
| સિધ્ધપુર | ૧૧.૦૦ | ૧૬૨.૫૪ |
| ચાણસ્મા | ૨૧.૩૫ | ૧૫૭.૦૨ |
| હારીજ | ૩૯.૮૧ | ૨૬૯.૦૪ |
| સમી | ૮૧.૮૯ | ૩૫૭.૦૪ |
| રાધનપુર | ૪૪.૭૪ | ૧૫૨.૪૪ |
| સાંતલપુર | ૪૮.૬૩ | ૫૭૫.૦૦ |
| **કુલ :** | **૩૧૨.૭૧** | **૨૦૧૩.૧૨** |

(૨) રોજગારી આપવામાં આવેલ કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુટુંબોની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧-૧-૦૮ થી | તા.૧-૧-૦૯ થી |
| પાટણ | ૩૪૦૦ | ૬૬૯૯ |
| સિધ્ધપુર | ૫૧૪ | ૩૪૮૩ |
| ચાણસ્મા | ૭૮૦ | ૩૭૫૦ |
| હારીજ | ૧૬૯૧ | ૫૨૪૨ |

| | | |
|---|---|---|
| હારીજ | ૧૬૯૧ | ૫૨૪૨ |
| સમી | ૨૯૦૫ | ૧૧૮૮૭ |
| રાધનપુર | ૨૧૭૦ | ૬૨૨૬ |
| સાંતલપુર | ૨૪૭૧ | ૧૫૩૧૪ |
| **કુલ :** | **૧૩૯૩૧** | **૫૨૬૦૧** |

(૩) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો?

(૩) થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ખર્ચની વિગત (રૂા.લાખમાં) | |
|---|---|---|
| | તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ |
| પાટણ | ૩૮.૫૫ | ૨૮૫.૭૩ |
| સિધ્ધપુર | ૧૦.૫૫ | ૧૨૨.૯૫ |
| ચાણસ્મા | ૧૯.૨૨ | ૧૧૨.૬૬ |
| હારીજ | ૩૪.૫૯ | ૨૪૪.૭૭ |
| સમી | ૭૯.૦૫ | ૩૪૩.૨૪ |
| રાધનપુર | ૩૩.૩૨ | ૧૩૬.૬૪ |
| સાંતલપુર | ૪૩.૬૬ | ૫૭૪.૫૮ |
| **કુલ :** | **૨૫૮.૯૪** | **૧૮૨૦.૫૭** |

------------

## રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ

૧૩૩૬૭**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી,

(૨) ફાળવેલ રકમમાંથી કેટલાને રોજગારી આપી,

(૩) તેમાં કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૧-૨-૦૮ થી તા.૩૧-૧-૦૯ સુધી (રૂા.લાખમાં) | તા.૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦ સુધી (રૂા.લાખમાં) |
|---|---|---|
| ધોરાજી | ૩૬.૫૦ | ૨૨૮.૨૫ |
| ગોંડલ | ૨૧.૫૦ | ૨૭૮.૨૫ |
| જામકંડોરણા | ૨૧.૫૦ | ૨૬૬.૨૫ |
| જસદણ | ૨૧.૫૦ | ૨૭૮.૨૫ |
| જેતપુર | ૨૧.૫૦ | ૨૭૩.૨૫ |
| કોટડાસાંગાણી | ૨૧.૫૦ | ૨૪૩.૨૫ |
| લોધિકા | ૨૧.૫૦ | ૩૧૩.૨૫ |
| માળીયા(મીં) | ૩૧.૫૦ | ૪૪૩.૨૫ |
| મોરબી | ૭૧.૫૦ | ૩૧૩.૨૫ |
| પડધરી | ૨૧.૫૦ | ૨૮૮.૨૫ |
| રાજકોટ | ૨૧.૫૦ | ૪૭૩.૨૫ |
| ટંકારા | ૨૧.૫૦ | ૨૮૩.૨૫ |
| ઉપલેટા | ૩૧.૫૦ | ૩૧૮.૨૫ |
| વાંકાનેર | ૫૭.૧૧ | ૩૧૩.૮૭ |
| **કુલ :** | **૪૨૧.૬૧** | **૪૨૧૪.૧૨** |

(૨) ફાળવેલ રકમમાંથી નીચે મુજબના કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

| **તા.૧-૨-૦૮ થી તા.૩૧-૧-૦૯ સુધી** | **૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ સુધી** |
|---|---|
| ૧૪૦૪૬ | ૭૭૪૭૪ |

(૩) ખર્ચની વિગત નીચે મુજબ છે.

| **તા.૧-૨-૦૮ થી તા.૩૧-૧-૦૯ સુધી** | **૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ સુધી** |
|---|---|
| ૧૫૯.૭૮ લાખ | ૩૪૦૫.૬૧ લાખ |

(૪) કેટલી રકમ વણવપરાયેલી રહી છે?

(૪) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત હોઈ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પાટણ જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત**

૧૩૯૨૫**શ્રી રજનીકાન્ત સો.પટેલM#>(ચાણસ્મા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો ખોલવામાં આવ્યા | (૧) ૧૫ (પંદર). |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૨ (બે). |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે | (૩) નિયમોનુસારના જાહેરનામા/કાર્યવાહી પૂર્ણ થયા બાદ. |

------------

**નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ સહાય**

૧૩૯૫૮**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. થી કોલેજ કક્ષાના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે સહાય આપવામાં આવે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિદ્યાર્થીનીઓને અને કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે, અને | (૨) ૧,૦૬,૪૯૭ વિદ્યાર્થીનીઓને અને ૧,૨૦,૪૯૬ વિદ્યાર્થીઓને. |
| (૩) આ પેટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે? | (૩) રૂા.૭૭૩.૪૩ લાખ. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં બોરીબંધ બાંધવા બાબત**

૧૨૯૧૬ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા, | (૧) સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ૧૮૦૦૧ બોરીબંધ બાંધવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે. |

| **તાલુકાનું નામ** | **બાંધેલ બોરીબંધની સંખ્યા** |
|---|---|
| ચોટીલા | ૨૮૦૬ |
| ચુડા | ૧૭૦૭ |
| **તાલુકાનું નામ** | **બાંધેલ બોરીબંધની સંખ્યા** |
| ધ્રાંગધ્રા | ૧૫૩૯ |
| લીમડી | ૧૫૭૯ |
| લખતર | ૧૩૨૦ |
| મુળી | ૩૧૪૯ |
| પાટડી | ૮૯૪ |
| સાયલા | ૧૬૬૧ |
| હળવદ | ૧૫૦૧ |
| વઢવાણ | ૧૮૪૫ |
| **કુલ :** | **૧૮૦૦૧** |

(૨) આ બોરીબંધ બાંધવા કેટલી થેલીઓ શાં ભાવે ખરીદવામાં આવી, અને

(૨) આ બોરીબંધ બાંધવા ૭૭.૧૮ લાખ થેલીઓ સરેરાશ રૂા. ૨.૫૮ લેખે પ્રતિ નંગના ભાવે ખરીદવામાં આવી.

(૩) આ બોરીબંધ પાછળ કેટ કેટલો ખર્ચ થયો?

(૩) રૂા. ૬૧૨.૦૨ લાખનો ખર્ચ થયેલ છે.

------------

**આણંદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ નીચે સખી મંડળોની રચના**

૧૪૧૩૦**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે, અને

(૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૦૬૯ મહિલા જૂથોની રચના થઇ છે.

(૨) સદરહુ સમય દરમ્યાન ૨૯૦૨ મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે.

(૩) ૧૮૪૭ જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

------------

**ડી. સેંગની ગવર્નીંગ બોડીની મિટીંગો**

૧૩૩૭૭ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડી. સેંગની ગવર્નીંગ બોડીની મિટીંગો કઈ કઈ તારીખોએ મળી, અને

(૨) આ બોડી મીટીંગમાં ક્યા ક્યા પ્રોજેક્ટ રજૂ થયા, અને

(૩) તેની મંજૂરી ક્યારે આપી?

**જવાબ**

(૧) તા. ૨૭-૭-૨૦૦૮, તા. ૧૧-૧૧-૨૦૦૮, તા. ૧૬-૭-૨૦૦૯ અને તા. ૨૧-૧૧-૨૦૦૯ ના રોજ મળી.

(૨) ૩૧ પ્રોજેક્ટો રજૂ થયા (પત્રક-૧) મુજબ.

(૩) ચાર મીટીંગોમાં મંજૂર કરાયેલ પ્રોજેક્ટોની યાદી પત્રક-૧ મુજબ.

**પ ત્ર ક - ૧**

| ક્રમ | રજૂ થયેલા પ્રોજેક્ટો | પ્રોજેક્ટની મંજૂરી/ફંડનો સોર્સ | પ્રોજેક્ટ ક્વી રીતે મંજૂર થયેલ છે. |
|---|---|---|---|
| ૧ | ઓક્રા પ્રોજેક્ટ | ભારત સરકાર (બંધારણની ક્લમ ૨૭૫ (૧)) | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |
| ૨ | પ્રોજેક્ટ સનશાઇન, ૨૦૦૮-૦૯ | ભારત સરકાર (બંધારણની ક્લમ ૨૭૫ (૧)) ગુજરાત પેટર્ન | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |
| ૩ | પ્રોજેક્ટ સનશાઇન ૨૦૦૯-૧૦ | ભારત સરકાર (બંધારણની ક્લમ ૨૭૫ (૧)) ગુજરાત પેટર્ન | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |
| ૪ | ચેકડેમ | ભારત સરકાર (બંધારણની ક્લમ ૨૭૫ (૧)) ગુજરાત પેટર્ન | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |
| ૫ | માઇક્રો ઇરીગેશન | ભારત સરકાર (બંધારણની ક્લમ ૨૭૫ (૧)) ગુજરાત પેટર્ન | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |
| ૬ | સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ, વલસાડ | ભારત સરકાર (બંધારણની ક્લમ ૨૭૫ (૧)) ગુજરાત પેટર્ન | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |

| ક્રમ | રજૂ થયેલા પ્રોજેક્ટો | પ્રોજેક્ટની મંજૂરી/ફંડનો સોર્સ | પ્રોજેક્ટ ક્વી રીતે મંજુર થયેલ છે. |
|---|---|---|---|
| ૭ | આદિમજૂથ માટે ડેરી પ્રોજેક્ટ, સોનગઢ બાયેફ | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય)/ ગુજરાત પેટર્ન | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૮ | આદિમજૂથ માટે ડેરી પ્રોજેક્ટ, માંડવી-આગાખાન | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૯ | પશુ સંવર્ધન કાર્યક્રમ-સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીક્લ્ચર કૃષિ યુનિવર્સીટી-રાષ્ટ્રીય કૃષિ વિકાસ કાર્યક્રમ | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૦ | કેર કોમ્યુનિટી મોબીલાઇઝેશન પ્રોજેક્ટ | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૧ | આર.કે.વી.વાય જીવીકા-૧ (સંકલિત કૃષિ વિકાસ કાર્યક્રમ) | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૨ | બામ્બુ ક્રાફ્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૩ | ફુડ એન્ડ બેવરેઝ મેનેજમેન્ટ | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૪ | અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન-મકાન અને બાંધકામ તાલીમ | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૫ | બોશ લીમીટેડ-ફ્યુઅલ ઇન્જેક્શન | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૬ | કોલવન-ઇન્ફોર્મેશન સોફ્ટવેર | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૭ | ગ્રામ વિકાસ ટ્રસ્ટ-મેશન ટ્રેનીંગ | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૮ | મહાત્મા ગાંધી લેબર ઇન્સ્ટીટયુટ એન્ડ ફાઇનાન્સીયલ સર્વિસ | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) ગુજરાત પેટર્ન | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૧૯ | એન. આઇ. આઇ. ટી. | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૦ | એન. એમ. સદગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૧ | રોવાદાન ટ્રસ્ટ-સિવણ/પેશન્ટ-એટેન્ડેટ | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |

| ક્રમ | રજૂ થયેલા પ્રોજેક્ટો | પ્રોજેક્ટની મંજૂરી/ફંડનો સોર્સ | પ્રોજેક્ટ ક્વી રીતે મંજુર થયેલ છે. |
|---|---|---|---|
| ૨૨ | ભાષા રીસર્ચ પબ્લિકેશન | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય) ગુજરાત પેટર્ન | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૩ | ઝાલોદ નગરપાલિકા વિકાસ પ્રોજેક્ટ | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૪ | માંડવી નગરપાલિકા વિકાસ પ્રોજેક્ટ | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૫ | નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેક્નોલોજી | ભારત સરકાર (ખાસ કેન્દ્રીય સહાય)/ ગુજરાત પેટર્ન | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૬ | શંકરા આંખ હોસ્પીટલ-આણંદ | ગુજરાત પેટર્ન | ગુજરાત પેટર્નની ગ્રાંટમાંથી મંજુરી મળેલ છે |
| ૨૭ | વોકેશનલ ટ્રેનીંગ-વાગલધરા | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) ગુજરાત પેટર્ન | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મુળ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૮ | સેટકોમ બેઇઝ પ્રોજેક્ટ | ભારત સરકાર (બંધારણની કલમ ૨૭૫ (૧)) | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ તરફથી મળેલ મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ છે. |
| ૨૯ | એગ્રીકલ્ચર પોલીટેક્નીક-અમીરગઢ | ગુજરાત પેટર્ન | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |
| ૩૦ | એગ્રીકલ્ચર પોલીટેક્નીક-ખેડબ્રહ્મા | ગુજરાત પેટર્ન | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી મુળ મંજુરી આપવામાં આવી છે. |
| ૩૧ | ફિઝિયો થેરાપી કોલેજ-દાહોદ | ગુજરાત પેટર્ન | ગુજરાત પેટર્નની ગ્રાંટમાંથી મંજુર કરેલ છે. |

------------

**મહેસાણા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૩૯૫૫**શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન તલાવડી યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ વનતલાવડીઓ બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં થયેલ વાવેતર**

૧૪૧૨૭**શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તારીખ-૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સામાજીક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૩.૭૦ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

(૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા. ૭૧.૨૨ લાખનો ખર્ચ થયેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં થયેલ વાવેતર**

૧૩૯૬૧**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં તારીખ-૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સામાજીક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૪.૩૨ લાખ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા. ૭૮.૫૯ લાખનો ખર્ચ થયેલ છે. |

------------

**કોડીનાર તાલુકાના ગોહીલની ખાણ ગામે ગામતળના સર્વે નંબર ૧૩૬-અ માં કંપની ધ્વારા થયેલ પેશકદમી**

૧૨૪૬૧**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના ગોહીલની ખાણ ગામ મુકામે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગામતળની જમીન સર્વે નં. ૧૩૬-અ માં કંપનીએ વચ્ચેથી રસ્તો બનાવી પેશકદમી કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) પેશકદમી અંગે તપાસની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) જો હા, તો કંપનીને સર્વે નં. ૧૩૬-અ ની જમીન રસ્તા માટે સરકારે ફાળવેલ નથી તે હકીકત સાચી છે, | (૨) પ્રસ્તુત બાબત ડી.આઇ.એલ. આર. દ્વારા માપણી થયા બાદ સ્પષ્ટ થશે. |
| (૩) ગામતળ વચ્ચેથી ગેરકાયદેસર રસ્તો બનાવી કરેલ પેશકદમી સરકાર દૂર કરવા માંગો છો કે કેમ, અને | (૩) દબાણ સાબિત થયેથી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) ઉપરોક્ત ગેરકાયદેસર પેશકદમી કેટલાં સમયમાં દૂર કરવામાં આવશે? | (૪) હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સમી-હારીજ તાલુકામાં વોટરશેડ યોજનામાં થયેલ કામ**

૧૩૯૮૨ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સમી-હારીજ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં વોટરશેડ હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કર્યા, | (૧) સમી-હારીજ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં વોટરશેડ હરીયાળી યોજના હેઠળ કોઇ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) આ પ્રોજેક્ટ કઈ સ્થિતિએ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા ક્યા ગામે મંજૂર કરેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોની સંખ્યા**

૧૩૯૧૬**શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોની સંખ્યા કેટલી છે, | (૧) ૮૧૪. |
| (૨) સરકારની નીતિ પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાનાં બાકી છે, અને | (૨) ૬ (છ). |

(૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે? (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કેડરવાર ખાલી જગ્યાઓ**

૧૨૮૪૪**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયત અને જિલ્લાની તાલુકા પંચાયતોમાં કેડરવાર કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૧) જિલ્લા પંચાયત

| | **સંવર્ગનું નામ** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| ૧ | ના.તા.વિ.અ. | ૦૨ |
| ૨ | જુનીયર ક્લાર્ક | ૧૨ |
| ૩ | ડ્રાઇવર | ૦૩ |
| ૪ | ગુ/અં.ટાઇપીસ્ટ | ૧૪ |
| ૫ | આંકડા મદદનીશ | ૦૩ |
| ૬ | સંશોધન મદદનીશ | ૦૨ |
| ૭ | ખેતી નિરીક્ષક | ૦૧ |
| ૮ | નાયબ હિસાબ | ૦૧ |
| ૯ | વિભાગીય હિસાબનીશ | ૦૧ |
| ૧૦ | પંચાયત સર્કલ ઇન્સ્પેકટર | ૦૧ |
| ૧૧ | સ. ક. નિરીક્ષક | ૦૧ |
| ૧૨ | સર્વેયર | ૦૪ |
| ૧૩ | ડ્રાફ્ટમેન | ૦૨ |
| ૧૪ | પી. એમ. એ | ૦૧ |
| ૧૫ | ઇ. સી.એસ.એસ. | ૦૧ |
| ૧૬ | શાળા આરોગ્ય નિરીક્ષક | ૦૧ |
| ૧૭ | શાળા આરોગ્ય મદદનીશ | ૦૧ |
| ૧૮ | ડી.આઇ.ઇ.સી.ઓ | ૦૧ |
| ૧૯ | પટાવાળા | ૦૭ |
| | **કુલ :** | **૫૯** |

**તાલુકા પંચાયત**

| | **સંવર્ગનું નામ** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| ૧ | ના.તા.વિ.અ. | ૦૫ |
| ૨ | નાયબ ચીટનીશ | ૦૨ |
| ૩ | જુ. ક્લાર્ક | ૦૫ |
| ૪ | ડ્રાઇવર | ૦૩ |
| ૫ | વિસ્તરણ અધિકારી (સહકાર) | ૦૨ |
| ૬ | વિસ્તરણ અધિકારી (પંચાયત) | ૦૧ |
| ૭ | પંચાયત સર્કલ ઇન્સ્પેકટર | ૧૨ |
| ૮ | પટાવાળા | ૦૪ |
| | **કુલ :** | **૨૯** |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે, અને

(૨) આ જગ્યાઓ કર્મચારીઓની બદલી, બઢતી, વયનિવૃત્તિ વગેરે જેવા કારણોસર ખાલી છે.

(૩) આ ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે? (૩) સત્વરે.

------------

**જામનગર જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૩૯૫૪ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વન તલાવડી યોજના હેઠળ જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને | (૧) ખાતાકીય તથા અન્ય યોજના હેઠળ જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ૫(પાંચ) વનતલાવડીઓ બનાવવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) તેની પાછળ કુલ રૂા.૧.૫૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

**ભરૂચ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ માધવી ગ્રામ ઉદ્યોગ મંડળીને પ્રોજેકટ આપવા બાબત**

૧૨૪૬૭**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે માધવી ગ્રામોદ્યોગ મંડળીને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી રકમના ક્યા ક્યા પ્રોજેકટ આપવામાં આવ્યા, | (૧) જીલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, ભરૂચ સંચાલિત વોટરશેડ યોજનાનાં પ્રોજેકટો માધવી ગ્રામોદ્યોગ મંડળને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં આપવામાં આવેલ નથી. પંરતુ વોટરશેડ યોજનાના અંતર્ગત (હરિયાળી) લીડ એન.જી.ઓ. તરીકે તાલીમ અને સામુહિક સંગઠનની કામગીરી આપવામાં આવેલી છે. જે તાલીમ અને સામુહિક સંગઠન ઘટક હેઠળ રૂ. ૨.૪૦. લાખ ૨૦૦૮-૦૯ અને રૂ. ૫.૭૦ લાખ ૨૦૦૯-૧૦ના વર્ષ દરમ્યાન રકમ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આપવામાં આવેલ પ્રોજેકટો અન્વયે કેટલા પ્રોજેકટ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ મંડળી ફક્ત ખાદી ગ્રામોદ્યોગ પૂરતીજ સીમીત હોવા છંતા કરોડોના કામો ક્યા નિયમોને આધીન આપવામાં આવ્યા? | (૩) ભારત સરકારશ્રીની વોટરશેડ યોજનાની હરિયાળી માર્ગદર્શિકા-૨૦૦૩ના પેરા-૨૫ની જોગવાઈ મુજબ કામ આપવામાં આવેલ છે. |

------------

**વાઘજીપુર ગામની રેન્જ ફોરેસ્ટ ઓફિસ હસ્તકના વનવિભાગે કરેલ કામો**

૧૩૧૩૩**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના વાઘજીપુર ગામની રેન્જ ફોરેસ્ટ ઓફિસ હસ્તકના વન વિભાગમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વૃક્ષારોપણ સિવાયના ક્યા ક્યા કામો કરેલ છે, અને | (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના વાઘજીપુર ગામની રેન્જ ફોરેસ્ટ ઓફિસ હસ્તકના વિભાગમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વૃક્ષારોપણ સિવાયના નીચે મુજબના કામો કરેલ છે. |

| **વર્ષ** | **કામની વિગત** |
| --- | --- |
| ૨૦૦૭-૦૮ | માટીપાળાની કામગીરી |
| | આડબંધની કામગીરી |
| | એક મકાન બાંધકામની કામગીરી |
| | ૫૦ હદબાણની કામગીરી કરેલ છે. |
| ૨૦૦૮-૦૯ | માટીપાળાની કામગીરી |
| | ૧ સોલર કુકર વિતરણ |
| | ૧ નિર્ધુમ ચુલા વિતરણ |
| | ૧૫૦ હદબાણ |
| | ૧ સી.સી. રોડની કામગીરી કરેલ છે. |
| ૨૦૦૯-૧૦ | ૧ સોલર કુકર વિતરણ |

| | |
|---|---|
| | માટીપાળાની કામગીરી કરેલ છે |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) ઉપર જણાવેલ કામગીરી અંગે વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે. |

| વર્ષ | કામની વિગત | ખર્ચ રૂ. |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | માટીપાળાની કામગીરી | ૧૩૦૧૯૬ |
| | આડબંધ | ૧૧૫૦૮૫ |
| | મકાન બાંધકામ | ૬૦૦૦૪ |
| | હદબાણ | ૪૬૩૪૦ |
| | **કુલ :** | **૩૫૧૬૨૫** |
| ૨૦૦૮-૦૯ | માટીપાળાની કામગીરી | ૧૧૯૪૮૫ |
| | સોલર કુકર વિતરણ | ૧૬૮૩ |
| | નિર્ધુમ ચુલા વિતરણ | ૨૮૫ |
| | હદબાણ | ૧૩૩૩૫૦ |
| | સી.સી. રોડનું કામ | ૫૯૯૧૪ |
| | **કુલ :** | **૩૧૪૭૧૭** |
| **વર્ષ** | **કામની વિગત** | **ખર્ચ રૂ.** |
| ૨૦૦૯-૧૦ | સોલર કુકર વિતરણ | ૧૬૮૩ |
| | માટીપાળાની કામગીરી | ૭૩૧૪૬ |
| | **કુલ :** | **૭૫૦૯૯** |
| | **એકંદર કુલ (ત્રણ વર્ષ)** | **૭૪૧૧૭૧** |

------------

### રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ગ્રામ પંચાયતોને પંચાયત ઘર ન હોવા બાબત

૧૨૮૩૫**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજુલા અને જાફરાબાદ તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર ઉપલબ્ધ નથી, અને | (૧) રાજુલા તાલુકામાં ૧ (એક)<br>જાફરાબાદ તાલુકામાં ૨ (બે)<br>**કુલ : ૩ (ત્રણ)** |
| (૨) જે ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર ઉપલબ્ધ નથી તેને પંચાયત ઘર ઉપલબ્ધ કરવા માટે સન ૨૦૦૯-૧૦માં શું આયોજન છે? | (૨) ૧) રાજુલા તાલુકાના પંચાયત ઘરની મંજુરીની વહીવટી કામગીરી ચાલુ છે.<br>૨) જાફરાબાદ તાલુકાના બન્ને પંચાયત દ ારોની કામગીરી પ્રગતિમાં છે. |

------------

### સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત

૧૩૯૩૯ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) સુરત જિલ્લામાં ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં ૯૮૦૨ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ થયા છે, અને | (૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૫૦૯૭ આવાસો પૂર્ણ થયેલ છે. |
| (૩) બાકી રહેલા મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) બાકી રહેલા મકાનો તા.૩૧-૩-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

### આદિજાતિ વિકાસ વિભાગનાં સરકારી કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવા બાબત

૧૩૪૯૪**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય આદિજાતિ-વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ચાલુ નોકરીએ | (૧) શૂન્ય. |

અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવાની યોજના હેઠળ કેટલા વારસદારોને નોકરી આપી,

(૨) કેટલા કેસો બાકીમાં છે,

(૨) ૮ (આઠ).

(૩) તે ક્યારથી બાકીમાં છે, અને

(૩) વર્ષ ૨૦૦૫ માં ૧ (એક).
વર્ષ ૨૦૦૮ માં ૩ (ત્રણ).
વર્ષ ૨૦૦૯ માં ૩ (ત્રણ).
વર્ષ ૨૦૧૦ માં ૧ (એક).

(૪) તેના કારણો શા છે?

(૪) **વર્ષ ૨૦૦૫**

- વહીવટી કારણોસર

**વર્ષ ૨૦૦૮**

- ૩ (ત્રણ) કેસમાં ખૂટતી વિગતો જિલ્લા કચેરીઓ પાસેથી મંગાવવામાં આવી છે.

**વર્ષ ૨૦૦૯**

- ૩ (ત્રણ) કેસમાં જિલ્લા કચેરીઓ પાસેથી પૂર્તતા મંગાવેલ છે.

**વર્ષ ૨૦૧૦**

- ૧ (એક) કેસમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને યોગ્ય નિર્ણય લેવા સારૂં મોક્લી આપેલ છે.

------------

**ખેડા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત**

૧૩૯૧૮**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ૬૯૭૮ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) આ સમયગાળા દરમ્યાન મંજૂર થયેલ આવાસો પૈકી કેટલાં આવાસો બનાવવામાં આવ્યાં, અને

(૨) ૩૦૩૭.

(૩) કેટલાં આવાસો બનાવવાનાં બાકી છે?

(૩) ૩૯૪૧.

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ચાલુ ન હોવા બાબત**

૧૩૧૩૨**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ચાલુ હાલતમાં કામ કરે છે,

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તમામ ૩૫૨ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ચાલુ હાલતમાં કામ કરે છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રામ | કોમ્પ્યુટર પુરા પાડેલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આણંદ | ૪૪ | ૪૪ |
| ૨ | ઉમરેઠ | ૩૮ | ૩૮ |
| ૩ | બોરસદ | ૬૫ | ૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | બોરસદ | ૬૫ | ૬૫ |
| ૪ | આંકલાવ | ૩૧ | ૩૧ |
| ૫ | પેટલાદ | ૫૭ | ૫૭ |
| ૬ | સોજીત્રા | ૨૪ | ૨૪ |
| ૭ | ખંભાત | ૫૫ | ૫૫ |
| ૮ | તારાપુર | ૩૮ | ૩૮ |
| | **કુલ :** | **૩૫૨** | **૩૫૨** |

(૨) ઉક્ત બન્ને જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં કોમ્પ્યુટર નથી અથવા બંધ પડેલ હાલતમાં છે,

(૨) આણંદ જિલ્લાની તમામ ૩૫૨ ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર ચાલુ હાલતમાં છે. જ્યારે ખેડા જિલ્લાની ૫૫૯ ગ્રામ પંચાયતોના કોમ્પ્યુટર પૈકી ૨૬ કોમ્પ્યુટર બંધ થતાં તેની જગ્યાએ ૨૬ કોમ્પ્યુટર ભાડેથી મેળવીને ઈ-ગ્રામ સેવાઓ કાર્યરત રાખવાની વ્યવસ્થા કરેલ છે.

(૩) બન્ને જિલ્લામાં તાલુકાના બધાજ ગામોમાં ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર સેવા સરકાર નિયમિત કરવા માગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં?

(૩) અને (૪) : બંને જિલ્લાની બધી જ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર સેવા ૧૦૦ ટકા ઉપલબ્ધ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## દાહોદ જિલ્લામાં વનતલાવડી, ચેકડેમ અને જૂથ કૂવાના કામ કરવા બાબત

૧૩૦૧૦**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વન વિભાગ તરફથી કેટલા ચેકડેમ, વન તલાવડી અને જૂથ કૂવાના કામ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ સને ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦ દરમ્યાન તાલુકાવાર વન વિભાગ તરફથી નીચે મુજબ ચેકડેમ, તથા વનતલાવડીઓ બનાવવામાં આવેલ છે.

| તાલુકો | ૨૦૦૮-૦૯ માં બનાવેલ ચેકડેમ અને વનતલાવડી | | ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન નીચે મુજબના ચેકડેમો બાંધવાની કામગીરી પ્રગતિમાં છે. | |
|---|---|---|---|---|
| | ચેકડેમની (સંખ્યા) | વન તલાવડીની (સંખ્યા) | ચેકડેમની (સંખ્યા) | વન તલાવડીની (સંખ્યા) |
| **૧** | ૨ | ૩ | ૪ | **૫** |
| બારીયા | ૪ | ૦ | ૪ | ૦ |
| લીમખેડા | ૧૨ | ૦ | ૬ | ૦ |
| **૧** | ૨ | ૩ | ૪ | **૫** |
| ધાનપુર | ૬ | ૧ | ૬ | ૦ |
| ઝાલોદ | ૫ | ૦ | ૪ | ૦ |
| ફતેપુરા | ૩ | ૦ | ૧ | ૦ |
| દાહોદ | ૮ | ૦ | ૪ | ૦ |
| ગરબાડા | ૪ | ૧ | ૨ | ૦ |
| **કુલ :** | ૪૨ | ૨ | ૨૭ | **૦** |

વર્ષ ૨૦૦૮-૦૯ માં લીમખેડા તાલુકામાં ૨ સામુહિક કૂવા બનાવવામાં આવેલ છે.

સને ૨૦૦૯-૧૦ માં કોઈ વનતલાવડી કે જૂથ કૂવા બનાવેલ નથી.

(૨) તે માટે કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે માટે કુલ રૂા.૧૬૯.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) થયેલ યોજનાઓ પૈકી કેટલી કાર્યરત છે?

(૩) થયેલ ચેકડેમ, વનતલાવડીઓ તથા જૂથ કૂવા કાર્યરત છે.

------------

## સુરત અને તાપી જિલ્લામાં જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મહેકમ

૧૨૭૯૮**શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલું મહેકમ મજૂંર

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે

થયેલ છે,

મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| સુરત | ૧૫ | ૧૬૦ | ૨૬૧૧ | ૪૯૦ |
| તાપી | ૧૪ | ૯૨ | ૧૩૧૮ | ૩૬૫ |

(૨) તે પેકી કેટલી જગ્યા ભરવામાં આવેલી છે,

(૨) નીચે મુજબની જગ્યાઓ ભરવામાં આવેલ છે.

| જિલ્લાનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| સુરત | ૧૩ | ૧૨૭ | ૧૫૭૮ | ૩૮૧ |
| તાપી | ૬ | ૭૮ | ૯૪૫ | ૨૬૫ |

(૩) કેટલી જગ્યા ખાલી છે, અને

(૩) નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| જિલ્લાનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| સુરત | ૨ | ૩૩ | ૧૦૩૩ | ૧૦૯ |
| તાપી | ૮ | ૧૪ | ૩૭૩ | ૧૦૦ |

(૪) આ ખાલી જગ્યા ભરવા માટે સરકારનું શું આયોજન છે?

(૪) સત્વરે ભરવા આયોજન છે.

------------

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

૧૨૮૩૮**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કેન્દ્રીય રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવી,

(૧) કેન્દ્રીય મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| ડીસે-૦૭ | ૮૨૪૩.૨૧ |
| ડીસે-૦૮ | ૮૬૪૫.૬૬ |
| ડીસે-૦૯ | ૪૯૭૨૯.૩૮ |

(૨) ફાળવેલ રકમ સામે રાજ્ય સરકારે વર્ષવાર કેટલો ખર્ચ કર્યો, અને

(૨) ફાળવેલ રકમ સામે રાજ્ય સરકારે વર્ષવાર કરેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ડીસે-૦૭ | ૮૭૮૨.૭૦ |
| ડીસે-૦૮ | ૧૩૧૩૦.૭૪ |
| ડીસે-૦૯ | ૫૪૦૩૯.૬૩ |

(૩) કેટલી રકમ વણવપરાયેલી છે?

(૩) કેન્દ્રીય મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના માંગ આધારિત હોઇ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે, તેથી વણવપરાયેલ રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત**

૧૩૯૪૬**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા પંચાયત ઘરો મંજૂર

(૧) ૭૦ (સિત્તેર).

કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા પંચાયત ઘરો બાંધવામાં આવ્યા, અને

(૩) બાકી પંચાયત ઘરો ક્યાં સુધીમાં બાંધવામાં આવશે?

(૨) તમામ પંચાયત ઘરોનું કામ પ્રગતિમાં છે.

(૩) ટૂંક સમયમાં.

------------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં અનાજ અને ખાંડનો ગેરકાયદેસર જથ્થો પકડવા બાબત**

૧૨૫૭૦**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૯ અને જાન્યુઆરી ૨૦૧૦માં નાગરિક પુરવઠા વિભાગ દ્વારા અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા દરોડાઓ પાડી કેટલી કિંમતનો અનાજ-ખાંડ વગેરેનો જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહ બદલ પકડવામાં આવ્યો,

(૨) આ પકડાયેલ જથ્થાની અંદાજીત કિંમત કેટલી છે, અને

(૩) તે અન્વયે ક્યા ક્યા ઈસમો સામે કેસો કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૯ અને જાન્યુઆરી ૨૦૧૦માં નાગરિક પુરવઠા વિભાગ દ્વારા અમદાવાદ શહેર ૪૮ અને અમદાવાદ જિલ્લામાં ૯૧ દરોડાઓ પાડી રૂા.૭,૫૦,૦૭,૬૨૨/-ની કિંમતનો અનાજ-ખાંડનો જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહ બદલ પકડવામાં આવ્યો.

(૨) આ પકડાયેલ જથ્થાની અંદાજીત કિંમત રૂા.૭,૫૦,૦૭,૬૨૨/- છે.

(૩) નીચે જણાવેલ ઇસમો સામે આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ-૧૯૮૦ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

૧. શ્રી મહાવીરપ્રસાદ પન્નાલાલ જૈન
૨. શ્રી અરૂણકુમાર મહાવીરપ્રસાદ જૈન
૩. શ્રી સમીરકુમાર મનુભાઇ પટેલ
૪. શ્રી સંદીપકુમાર માણેકલાલ પટેલ
૫. શ્રી હસમુખભાઇ ગીરધરભાઇ પટેલ
૬. શ્રી જયસુખલાલ શાંતિલાલ મહેતા
૭. શ્રી રામાભાઇ વિસાભાઇ ભરવાડ
૮. શ્રી વિષ્ણુભાઇ અરજણભાઇ ગમારા
૯. શ્રી સાર્દુલભાઇ ખેંગારભાઇ ભરવાડ
૧૦.શ્રી બિંદેશકુમાર વ્રજલાલ વસંત

તેમજ શ્રીમતી ચંદ્રીકાબેન પરેશકુમાર પટેલ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ (૩) અને (૭) હેઠળ પોલીસ કાર્યવાહી કરવામાં આવેલ છે.

------------

**ક્ષેત્રિય વન વિભાગ દ્વારા રાજકોટ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

૧૪૧૧૧**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં તારીખ ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તારીખ ૩૧-૧૨-૦૯ સુધીમાં ૧૪૫૦ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વાવેતર પાછળ રૂા. ૧૩૭.૭૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**અમદાવાદ જિલ્લામાં સરદાર આવાસ યોજનાના મકાનોમાં રહેવા ન જવા બાબત**

૧૩૩૮૭**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સરદાર આવાસના મકાનો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૮૯૬ આવાસો બનાવવામાં આવ્યા.

| | |
|---|---|
| | વર્ષ ૨૦૦૭-૦૮ ૧૮૬૧<br>વર્ષ ૨૦૦૮-૦૯ ૧૯૪૨<br>વર્ષ ૨૦૦૯-૧૦ ૦૦૯૩<br>**કુલ : ૩૮૯૬** |
| (૨) તેમાં તાલુકા પ્રમાણે કેટલા મકાનમાં લોકો રહેવા માટે ગયા નથી અને તેના કારણો શા છે, અને | (૨) તાલુકા પ્રમાણે તમામ લોકો રહેવા ગયેલા છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ત્રણ વર્ષમાં કેટલા મકાનોનો કબજો આપ્યો હોવા છતાં રહેવા ગયા નથી ? | (૩) ત્રણ વર્ષમાં ૩૮૯૬ મકાનોનો કબજો આપેલ છે તેમાં તમામ લાભાર્થીઓ રહેવા ગયેલા હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વેતન દરમાં તફાવત હોવા બાબત**

૧૨૮૩૯**શ્રી તુષારસિંહ મહારાઉલ (દેવગઢ-બારીયા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દેવગઢ બારીઆમાં સરકારશ્રીના અલગ અલગ વિભાગ જેમ કે વન વિભાગ, માર્ગ અને મકાન વિભાગ વગેરે દ્વારા વિવિધ બજેટ હેઠળ રોજમદારોને રોજગારી આપવામાં આવે છે. એક જ પ્રકારની કામગીરી હોવા છતાં વિભાગીય બજેટ હેડના તથા એન.આર.ઈ.જી.એ. હેડ હેઠળના કામોમાં ચૂકવવામાં આવતા વેતન દરમાં તફાવત છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ તફાવતનું કારણ શું છે? | (૨) જે તે વિભાગના વિભાગીય બજેટ હેઠળના કામો જે તે વિભાગના એસઓઆરના આધારે કોન્ટ્રાકટ પધ્ધતિથી અને મશીનથી કરવામાં આવે છે. નરેગા યોજના હેઠળના એસઓઆરમાં કોન્ટ્રાકટ પધ્ધતિ તથા મશીનના ઉપયોગ ઉપર પ્રતિબંધ હોવાથી વિભાગના એસઓઆર જુદા હોય છે તેથી આ તફાવત રહે છે. |

------------

**ખેડા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ નીચે મહિલા જૂથોની રચના**

૧૨૭૩૪ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) ૭૨૮૫. |
| (૨) તે પેકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ કરેલ છે, અને | (૨) ૬૦૭૦. |
| (૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે? | (૩) ૧૬૧૫. |

------------

**વડોદરા જિલ્લામાં સખી મંડળોની રચના**

૧૩૯૪૪**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સખી મંડળ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧-૧૦ સુધીમાં કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, | (૧) ૫૬૧૦ સખી મંડળોની રચના થયેલ છે. |
| (૨) તે પેકી કેટલા સખી મંડળોને રિવોલ્વીંગ ફંડ | (૨) ૧૧૬૮ સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ |

આપવામાં આવ્યું, અને

(૩) કેટલા સખી મંડળોને બેન્ક સાથે લીન્ક કરવામાં આવ્યા?

આપવામાં આવ્યું છે.

(૩) ૧૧૫૯ સખી મંડળોને બેંક સાથે લીન્ક કરવામાં આવેલ છે.

------------

**મહેસાણા જિલ્લામાં સખી મંડળોને ધિરાણ**

૧૩૯૪૩**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સખી મંડળ યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સખી મંડળોને ધિરાણ આપવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા સખી મંડળોને ધિરાણ આપવામાં આવ્યું?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સખી મંડળ યોજના અંતર્ગત કુલ ૨૭૭૬ સખી મંડળોને ધિરાણ કરવામાં આવેલ છે.

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં જમીનની કોમ્પ્યુટરાઈઝ નકલો અંગે**

૧૨૯૩૦**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં જમીનના ઉતારાઓની કોમ્પ્યુટરાઈઝ નકલો મળે છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧--૨૦૧૦ ની સ્થિતિએ

૧. આણંદ જિલ્લામાં તમામ ૩૫૨ ગ્રામ પંચાયતો ખાતેથી જમીનના ઉતારાઓની કોમ્પ્યુટરાઇઝ નકલો મળે છે. (તાલુકાવાર માહિતી આ સાથે પત્રક-૧માં સામેલ છે.)

૨. ખેડા જિલ્લામાં ૫૨૨ ગ્રામ પંચાયતો ખાતેથી જમીનના ઉતારાઓની કોમ્પ્યુટરાઇઝ નકલો મળે છે. (તાલુકાવાર માહિતી આ સાથે પત્રક-૨માં સામેલ છે.)

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રામ પંચાયતોની સંખ્યા | જમીનના ઉતારા મળતા હોય તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૪ | ૪૪ |
| ૨ | ઉમરેઠ | ૩૮ | ૩૮ |
| ૩ | બોરસદ | ૬૫ | ૬૫ |
| ૪ | આંકલાવ | ૩૧ | ૩૧ |
| ૫ | પેટલાદ | ૫૭ | ૫૭ |
| ૬ | સોજીત્રા | ૨૪ | ૨૪ |
| ૭ | ખંભાત | ૫૫ | ૫૫ |
| ૮ | તારાપુર | ૩૮ | ૩૮ |
| | **કુલ :** | **૩૫૨** | **૩૫૨** |

**પત્રક-૨**

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ગ્રામ પંચાયતોની સંખ્યા | જમીનના ઉતારા મળતા હોય તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૪૦ | ૩૯ |
| ૨ | કપડવંજ | ૮૮ | ૮૩ |
| ૩ | કઠલાલ | ૫૧ | ૪૮ |
| ૪ | ખેડા | ૩૭ | ૩૬ |
| ૫ | મહુધા | ૪૦ | ૩૮ |
| ૬ | માતર | ૫૨ | ૪૫ |
| ૭ | મહેમદાવાદ | ૬૩ | ૫૪ |
| ૮ | નડીયાદ | ૫૮ | ૫૪ |
| ૯ | ઠાસરા | ૧૦૦ | ૯૫ |
| ૧૦ | વિરપુર | ૩૦ | ૩૦ |
| | **કુલ :** | **૫૫૯** | **૫૨૨** |

(૨) કેટલા ગામોમાં નક્લો મળતી નથી,

(૨) આણંદ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં નક્લો મળે છે જ્યારે ખેડા જિલ્લામાં હાલ ૮ ગ્રામ પંચાયત ખાતેથી ટુંક સમયમાં નક્લો આપવા માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) શા કારણોસર ?

(૩) ખેડા જિલ્લાની ૩૭ ગ્રામ પંચાયતો કે જ્યાં વિવિધ કારણો જેવા કે ડીશ તુટી જવી, મન્કી કેઇઝ બનાવવા, મીસ એલાઇન્મેન્ટ, રીફ્લેકટર તુટી જવું, એલ.એન.બી. તુટી જવું વગેરે જેવા મેઇનટેનન્સના કારણોસર ક્નેકટીવીટી ન મળવાને કારણે આ સેવાઓ મળી શક્તી ન હતી. હાલમાં તેમાંથી ૨૯ ગ્રામ પંચાયતો ખાતે નક્લો આપવાની કામગીરી શરૂ થઇ ગયેલ છે, અને ૮ ગ્રામ પંચાયતોમાં ટુંક સમયમાં નક્લો આપવા માટેની જરૂરી કાર્યવાહી પ્રગતિમાં છે.

(૪) ગ્રામ પંચાયતોમાં આધુનિક અને જરૂરિયાત મુજબના કોમ્પ્યુટર સેટ ન હોવાને કારણે નક્લો નથી મળતી તે હકીકત સાચી છે, અને

(૪) ના, જી.

(૫) જો હા, તો સદર ગામોમાં સત્વરે નક્લો મળે તે માટે શું આયોજન છે?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના માટેની અરજીઓ**

૧૪૧૬૪**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઈન્દિરા આવાસ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઈન્દિરા આવાસ માટે તાલુકાવાર ૧૭૯૬૧ અરજીઓ મળી છે. તેની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **આવેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| હિંમતનગર | ૧૯૮૧ |
| ઈડર | ૮૬૩ |
| મોડાસા | ૭૨૩ |
| પ્રાંતિજ | ૩૦૧ |
| માલપુર | ૧૨૯૮ |
| બાયડ | ૧૬૯૧ |
| ખેડબ્રહ્મા | ૫૦૦૦ |
| વિજ્યનગર | ૧૪૮૬ |
| ભિલોડા | ૨૧૭૧ |
| મેઘરજ | ૧૨૫૨ |
| વડાલી | ૪૫૪ |
| ધનસુરા | ૧૨૩ |
| તલોદ | ૬૧૮ |
| **કુલ :** | **૧૭૯૬૧** |

(૨) તે પેકી તાલુકાવાર કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને કેટલી પડતર છે,

(૨) તાલુકાવાર ૧૭૧૧૯ મંજૂર કરી, ૨૭ નામંજૂર કરી, અને ૮૧૫ પડતર છે. તેની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **મંજૂરકરેલ** | **નામંજૂર કરેલ** | **પડતર** |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૯૮૧ | ૦ | ૦ |
| ઈડર | ૮૬૧ | ૨ | ૦ |
| મોડાસા | ૭૨૩ | ૦ | ૦ |
| પ્રાંતિજ | ૩૦૧ | ૦ | ૦ |
| માલપુર | ૧૨૨૭ | ૦ | ૭૧ |
| બાયડ | ૧૦૪૬ | ૧૬ | ૬૨૯ |
| ખેડબ્રહ્મા | ૪૯૮૦ | ૦ | ૨૦ |
| વિજ્યનગર | ૧૪૮૦ | ૬ | ૦ |

| | | | |
|---|---|---|---|
| વિજ્યનગર | ૧૪૮૦ | ૬ | ૦ |
| ભિલોડા | ૨૧૭૧ | ૦ | ૦ |
| મેઘરજ | ૧૧૫૭ | ૦ | ૯૫ |
| વડાલી | ૪૫૧ | ૦ | ૦ |
| ધનસુરા | ૧૨૩ | ૩ | ૦ |
| તલોદ | ૬૧૮ | ૦ | ૦ |
| **કુલ :** | **૧૭૧૧૯** | **૨૭** | **૮૧૫** |

(૩) મંજૂર થયેલ પેકી તાલુકાવાર કેટલા આવાસો પૂર્ણ થયા અને કેટલા અધૂરા છે, અને

(૩) મંજૂર થયેલ પેકી તાલુકાવાર ૧૧૮૩૮ આવાસો પૂર્ણ થયા અને ૫૨૮૧ અધૂરા છે તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પૂર્ણ થયેલ આવાસોની સંખ્યા | અધુરા આવાસોની સંખ્યા |
|---|---|---|
| હિંમતનગર | ૧૪૨૫ | ૫૫૬ |
| ઈડર | ૭૧૪ | ૧૪૭ |
| મોડાસા | ૩૯૩ | ૩૩૦ |
| પ્રાંતિજ | ૨૨૬ | ૭૫ |
| માલપુર | ૭૭૮ | ૪૪૯ |
| બાયડ | ૭૧૯ | ૩૨૭ |
| ખેડબ્રહ્મા | ૩૦૩૦ | ૧૯૫૦ |
| વિજ્યનગર | ૧૦૪૩ | ૪૩૭ |
| ભિલોડા | ૧૯૪૯ | ૨૨૨ |
| મેઘરજ | ૫૭૪ | ૫૮૩ |
| વડાલી | ૩૯૩ | ૫૮ |
| ધનસુરા | ૧૦૯ | ૧૪ |
| તલોદ | ૪૮૫ | ૧૩૩ |
| **કુલ :** | **૧૧૮૩૮** | **૫૨૮૧** |

(૪) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે અને પડતર રહેવાના શાં કારણો છે?

(૪) પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| જુલાઈ-૦૯ થી | ૧૬૬ |
| ઓગષ્ટ-૦૯ થી | ૧૭૧ |
| સપ્ટેમ્બર-૦૯ થી | ૨૯૨ |
| નવેમ્બર-૦૯ થી | ૧૬૬ |
| ડિસેમ્બર-૦૯ થી | ૭૦ |
| **કુલ :** | **૮૧૫** |

ચાલુ નાણાકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક પૂર્ણ થયેલ હોવાથી અરજીઓ પડતર રહેલ છે.

------------

## રાજકોટ જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો

૧૩૯૨૬ડો. **ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો મહિલા સરપંચની સમરસ થઈ, અને

(૧) સમરસ થઈ નથી.

(૨) તેને સરકારી અનુદાનની રકમ ચૂક્વવામાં આવેલ છે કે કેમ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## અમદાવાદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો

૧૩૯૪૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૧-૪-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર હતા,

(૧)

| અમદાવાદ શહેર (મુખ્ય) | અમદાવાદ (ગ્રામ્ય) | અમદાવાદ શહેર (એડીશનલ) | કુલ કેસો |
|---|---|---|---|
| ૧૫૬૬ | ૩૦૫ | ૬૨૧ | ૨૪૯૨ |

(૨) તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ કેટલા નવા કેસો રજૂ થયા, અને

(૨)

| અમદાવાદ શહેર (મુખ્ય) | અમદાવાદ (ગ્રામ્ય) | અમદાવાદ શહેર (એડીશનલ) | કુલ કેસો |
|---|---|---|---|
| ૩૫૬ | ૪૧૨ | ૬૩૯ | ૧૪૦૭ |

(૩) આ સમયગાળા દરમ્યાન કુલ કેટલા કેસોનો નિકાલ થયો?

(૩)

| અમદાવાદ શહેર (મુખ્ય) | અમદાવાદ (ગ્રામ્ય) | અમદાવાદ શહેર (એડીશનલ) | કુલ કેસો |
|---|---|---|---|
| ૯૯૭ | ૨૩૩ | ૪૬૮ | ૧૬૯૮ |

------------

## ખેડા જિલ્લામાં ખાદ્યતેલ-અનાજના સંગ્રહખોરો ઉપર પાડેલા દરોડાઓ

૧૩૬૬૭**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ખાદ્યતેલ-અનાજના સંગ્રહખોરો ઉપર કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૧) ખાદ્યતેલ અને અનાજની કોઈ સંગ્રહ મર્યાદા નિયત કરેલ નથી. પરંતુ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખાદ્યતેલ અનાજના વિક્રેતાઓની કુલ-૧૩૩ તપાસો કરવામાં આવેલ છે.

તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તપાસો |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૩૯ |
| ૨ | માતર | ૧૩ |
| ૩ | ખેડા | ૪ |
| ૪ | મહેમદાવાદ | ૨૩ |
| ૫ | મહુધા | ૩ |
| ૬ | કઠલાલ | ૧૦ |
| ૭ | કપડવંજ | ૧૩ |
| ૮ | ઠાસરા | ૧૨ |
| ૯ | બાલાસિનોર | ૯ |
| ૧૦ | વિરપુર | ૬ |
| ૧૧ | ઉમરેઠ | ૧ |
| | **કુલ :** | **૧૩૩** |

(૨) તે અન્વયે કેટલો જથ્થો કેટલી કિંમતનો પકડવામાં આવ્યો,

(૨) તે અન્વયે નીચે મુજબનો ખાદ્યતેલ-અનાજનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

| અ.નં. | આ.ચી.વ. નું નામ | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ખાદ્યતેલ | ૭૭૭૫૪ | ૪૧,૦૩,૬૩૦ |
| ૨ | અનાજ | ૪૯૦૦૮૧ | ૫૦,૨૬,૧૬૦ |
| | **કુલ :** | **૧૨૬૮૩૫** | **૯૧,૨૯,૭૯૦** |

(૩) કેટલા સંગ્રહખોરો સામે કઈ કલમ હેઠળ કાર્યવાહી કરાઈ, અને

(૩) ૧૦૮ વિક્રેતાઓ સામે જણાયેલ ગેરરીતિને અનુરૂપ નીચેની કલમો લગાવી કેસો કરવામાં આવ્યા.

૧. ગુજરાત આવશ્યક ચીજવસ્તુ વેપારી (નિયમન) હુકમ ૧૯૭૭ ની કલમ-૩,૮,૯,૧૦

૨. કેન્દ્ર સરકારના ધી એડીબલ ઓઈલ્સ પેકેજીંગ (રેગ્યુલેશન ઓર્ડર-૧૯૯૮ ની કલમ-૪(૩) ૫ (૩) શિડ્યુલ-૧

૩. ધી આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩, ૭

૪. જાહેર વિતરણની વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ-૨૦૦૧ ની કલમ-૬, ૯

૫. આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ-૧૯૮૦ ની કલમ-૩ (૨) (એ)

૬. ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતનો) હુકમ-૨૦૦૪ ની કલમ-૯, ૧૪

(૪) દરોડાઓનું પ્રમાણ વધારવા વિભાગે શાં પગલાં લીધાં?

(૪) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતી આવશ્યક ચીજવસ્તુઓ અંગે કોઈપણ પ્રકારની અનિયમિતતા કે ગેરરીતિઓ કરવામાં આવે

નહીં, તે માટે રાજ્યકક્ષાની અને જિલ્લા કક્ષાની ટીમો દ્વારા સતત તપાસો કરવામાં આવે છે. જુદા જુદા સ્તરે મળતી ફરિયાદો અન્વયે વિના વિલંબે તપાસો કરાવવામાં આવે છે. મુક્ત બજારમાં આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ઉપલબ્ધીને બાધક પ્રવૃત્તિ કોઈ કરે નહીં તે માટે સમગ્ર રાજ્યમાં ઝુંબેશ સ્વરુપે પણ તપાસો કરવામાં આવે છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં મંજૂર કરેલ કામ**

૧૩૯૧૫ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત કુલ ૧૫૭૮૦ કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને | (૨) સદરહુ સમય દરમ્યાન ૧૫૬૨૨ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો બાકી છે? | (૩) સદરહુ સમય દરમ્યાનના ૧૫૮ કામો બાકી છે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં નવા રેશન કાર્ડ માટેની અરજીઓ**

૧૩૯૩૮**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ મેળવવા માટેની કેટલી અરજીઓ આવી, | (૧) ૧૯૧૪૯ અરજીઓ. |
| (૨) તે પૈકી પ્રકારવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) એ.પી.એલ. - ૧૫૨૪૫<br>બી.પી.એલ. - ૦૧૩૧૫<br>અંત્યોદય - ૦૨૨૬૭<br>**કુલ : ૧૮૮૨૭** |
| (૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયા બાદ. |

------------

**વડોદરા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૩૯૮૩**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યા મંજૂર થયેલી છે, | (૧) ૭૮૧. |
| (૨) તેમાં કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) ૨૦૭. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૩) સત્વરે. |

------------

**ભાવનગર જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૪૧૪૪ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વન તલાવડી યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને | (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૬ (છવ્વીસ) વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) તેની પાછળ રૂા. ૧૭.૩૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

**જૂનાગઢ જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત**

૧૩૯૨૭ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ૨૮૫૩ સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા.<br>વર્ષ ૨૦૦૮-૦૯ ૧૩૯૨<br>વર્ષ ૨૦૦૯-૧૦ ૧૪૬૧<br>**કુલ : ૨૮૫૩** |
| (૨) તે પૈકી કેટલા આવાસો બાંધવામાં આવ્યા, અને | (૨) ૨૦૦૩ આવાસો બાંધવામાં આવ્યા.<br>વર્ષ ૨૦૦૮-૦૯ ૧૨૬૭<br>વર્ષ ૨૦૦૯-૧૦ ૦૭૩૬<br>**કુલ : ૨૦૦૩** |
| (૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) ૮૫૦ બાકી મકાનો બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

------------

**વડોદરા જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો**

૧૩૯૨૯ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા.૩૧-૧-૧૦ સુધીમાં કેટલા સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા.૩૧-૧-૧૦ સુધીમાં ૫૯૮૧ સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા આવાસો બાંધવામાં આવ્યા, અને | (૨) ૧૬૮૭ આવાસો બાંધવામાં આવ્યા. |
| (૩) કેટલા આવાસો બાંધવાના બાકી છે? | (૩) ૪૨૯૪ બાકી રહેલ આવાસો પ્રગતિ હેઠળ છે. |

------------

**વડોદરા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો**

૧૩૯૩૦**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો આવેલા છે, | (૧) ૧૧૧૪ |
| (૨) સરકારની નીતિ મુજબ કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૯(નવ) |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી |

**ખેડા જિલ્લામાં કેરોસીન આપવા બાબત**

૧૩૭૫૬**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર માસિક કેરોસીનનો કેટલો ક્વોટા કાર્ડ ધારકોને આપવામાં આવે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેરોસીનના જથ્થાની જરૂરીયાત ફાળવણી અને ટકાવારીની માસવાર વિગત પત્રક-૧ મુજબ છે. |

**પત્રક-૧**

| તાલુકો | જાન્યુ-૦૯ | | | ફેબ્રુ.-૦૯ | | | માર્ચ-૦૯ | | | એપ્રિલ-૦૯ | | | મે-૦૯ | | | જૂન-૦૯ | | | જુલાઈ-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી |
| નડિ. શહેર | ૧૯૩ | ૧૯૩ | ૧૦૦.૦૦ % | ૧૯૩ | ૧૯૩ | ૧૦૦.૦૦ % | ૧૯૬ | ૧૯૩ | ૯૮.૩૩ % | ૧૯૭ | ૧૯૫ | ૯૯.૦૧ % | ૧૯૮ | ૧૯૫ | ૯૮.૪૮ % | ૧૯૮ | ૧૯૭ | ૯૯.૩૫ % | ૧૯૮ | ૧૯૬ | ૯૯.૨૨ % |
| નડિ. ગ્રામ્ય | ૪૦૭ | ૪૦૭ | | ૪૦૭ | ૪૦૭ | | ૪૦૯ | ૪૦૨ | | ૪૦૯ | ૪૦૫ | | ૪૦૯ | ૪૦૩ | | ૪૦૯ | ૪૦૬ | | ૪૦૯ | ૪૦૭ | |
| માતર | ૨૩૭ | ૨૩૭ | | ૨૩૭ | ૨૩૭ | | ૨૩૬ | ૨૩૨ | | ૨૩૫ | ૨૩૪ | | ૨૩૫ | ૨૩૧ | | ૨૩૫ | ૨૩૩ | | ૨૩૫ | ૨૩૪ | |
| ખેડા | ૧૯૨ | ૧૯૨ | | ૧૯૨ | ૧૯૨ | | ૧૯૩ | ૧૯૦ | | ૧૯૩ | ૧૯૧ | | ૧૯૩ | ૧૯૦ | | ૧૯૩ | ૧૯૨ | | ૧૯૧ | ૧૯૦ | |
| મહેમદાવાદ | ૩૮૩ | ૩૮૩ | | ૩૮૩ | ૩૮૩ | | ૩૮૩ | ૩૭૭ | | ૩૮૫ | ૩૮૧ | | ૩૮૬ | ૩૮૦ | | ૩૮૬ | ૩૮૩ | | ૩૮૬ | ૩૮૩ | |
| મહુધા | ૧૯૭ | ૧૯૭ | | ૧૯૭ | ૧૯૭ | | ૧૯૯ | ૧૯૬ | | ૧૯૯ | ૧૯૭ | | ૧૯૯ | ૧૯૬ | | ૧૯૯ | ૧૯૮ | | ૧૯૯ | ૧૯૭ | |
| કઠલાલ | ૨૫૯ | ૨૫૯ | | ૨૫૯ | ૨૫૯ | | ૨૫૯ | ૨૫૫ | | ૨૬૦ | ૨૫૭ | | ૨૬૧ | ૨૫૭ | | ૨૬૧ | ૨૫૯ | | ૨૬૧ | ૨૫૯ | |
| કપડવંજ | ૩૨૮ | ૩૨૮ | | ૩૨૮ | ૩૨૮ | | ૩૨૮ | ૩૨૩ | | ૩૨૮ | ૩૨૫ | | ૩૧૯ | ૩૨૪ | | ૩૨૯ | ૩૨૭ | | ૩૨૭ | ૩૨૫ | |
| ઠાસરા | ૪૨૪ | ૪૨૪ | | ૪૨૪ | ૪૨૪ | | ૪૨૨ | ૪૧૫ | | ૪૨૨ | ૪૧૮ | | ૪૨૧ | ૪૧૫ | | ૪૨૧ | ૪૧૮ | | ૪૩૧ | ૪૨૯ | |
| બાલાસિનોર | ૧૮૩ | ૧૮૩ | | ૧૮૩ | ૧૮૩ | | ૧૮૩ | ૧૮૦ | | ૧૮૫ | ૧૮૩ | | ૧૮૫ | ૧૮૨ | | ૧૮૫ | ૧૮૪ | | ૧૮૫ | ૧૮૪ | |
| વિરપુર | ૧૫૫ | ૧૫૫ | | ૧૫૫ | ૧૫૫ | | ૧૫૫ | ૧૫૨ | | ૧૫૫ | ૧૫૩ | | ૧૫૫ | ૧૫૩ | | ૧૫૫ | ૧૫૪ | | ૧૫૫ | ૧૫૪ | |
| કુલ | ૨૯૫૮ | ૨૯૫૮ | | ૨૯૫૮ | ૨૯૫૮ | | ૨૯૬૩ | ૨૯૧૫ | | ૨૯૬૮ | ૨૯૩૯ | | ૨૯૭૧ | ૨૯૨૬ | | ૨૯૭૧ | ૨૯૫૧ | | ૨૯૭૭ | ૨૯૫૮ | |

| તાલુકો | ઓગસ્ટ-૦૯ | | | સપ્ટે.-૦૯ | | | ઓક્ટો.-૦૯ | | | નવે.-૦૯ | | | ડિસે.-૦૯ | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી | ટકાવારી | જરૂરીયાત | ફાળવણી |
| નડિ. શહેર | ૧૯૮ | ૧૯૫ | ૯૮.૨૧ % | ૧૯૮ | ૧૯૪ | ૯૭.૫૪ % | ૧૯૯ | ૧૯૬ | ૯૮.૫૦ % | ૧૯૯ | ૧૯૫ | ૯૭.૮૨ % | ૨૦૦ | ૧૯૫ | ૯૭.૪૨ % | ૨૩૬૭ | ૨૩૩૭ |
| નડિ. ગ્રામ્ય | ૪૦૯ | ૪૦૨ | | ૪૦૯ | ૪૦૦ | | ૪૧૨ | ૪૦૬ | | ૪૧૨ | ૪૦૩ | | ૪૧૫ | ૪૦૪ | | ૪૯૧૬ | ૪૮૫૨ |
| માતર | ૨૩૬ | ૨૩૨ | | ૨૩૬ | ૨૩૦ | | ૨૪૬ | ૨૪૨ | | ૨૪૬ | ૨૪૧ | | ૨૪૭ | ૨૪૧ | | ૨૮૬૧ | ૨૮૨૪ |
| ખેડા | ૧૯૧ | ૧૮૮ | | ૧૯૧ | ૧૮૬ | | ૧૯૨ | ૧૮૯ | | ૧૯૨ | ૧૮૮ | | ૧૯૩ | ૧૮૮ | | ૨૩૦૬ | ૨૨૭૬ |
| મહેમદાવાદ | ૩૮૯ | ૩૮૨ | | ૩૮૯ | ૩૭૯ | | ૩૯૧ | ૩૮૫ | | ૩૯૧ | ૩૮૨ | | ૩૯૪ | ૩૮૪ | | ૪૬૪૬ | ૪૫૮૨ |
| મહુધા | ૧૯૯ | ૧૯૫ | | ૧૯૯ | ૧૯૪ | | ૨૦૦ | ૧૯૭ | | ૨૦૦ | ૧૯૫ | | ૨૦૦ | ૧૯૫ | | ૨૩૮૭ | ૨૩૫૪ |
| કઠલાલ | ૨૬૧ | ૨૫૬ | | ૨૬૧ | ૨૫૫ | | ૨૬૫ | ૨૬૧ | | ૨૬૫ | ૨૫૯ | | ૨૬૩ | ૨૫૬ | | ૩૧૩૫ | ૩૦૯૨ |
| કપડવંજ | ૩૨૭ | ૩૨૨ | | ૩૨૭ | ૩૧૯ | | ૩૨૫ | ૩૨૦ | | ૩૨૫ | ૩૧૮ | | ૩૨૫ | ૩૧૭ | | ૩૯૨૬ | ૩૮૭૬ |
| ઠાસરા | ૪૩૨ | ૪૨૪ | | ૪૩૨ | ૪૨૨ | | ૪૩૨ | ૪૨૬ | | ૪૩૨ | ૪૨૩ | | ૪૩૪ | ૪૨૩ | | ૫૧૨૭ | ૫૦૬૧ |
| બાલાસિનોર | ૧૮૬ | ૧૮૩ | | ૧૮૬ | ૧૮૧ | | ૧૮૬ | ૧૮૩ | | ૧૮૬ | ૧૮૨ | | ૧૮૮ | ૧૮૩ | | ૨૨૨૧ | ૨૧૯૧ |
| વિરપુર | ૧૫૫ | ૧૫૨ | | ૧૫૫ | ૧૫૧ | | ૧૫૫ | ૧૫૩ | | ૧૫૫ | ૧૫૨ | | ૧૫૫ | ૧૫૧ | | ૧૮૬૦ | ૧૮૩૫ |
| કુલ | ૨૯૮૩ | ૨૯૩૧ | | ૨૯૮૩ | ૨૯૧૧ | | ૩૦૦૩ | ૨૯૫૮ | | ૩૦૦૩ | ૨૯૩૮ | | ૩૦૧૪ | ૨૯૩૭ | | ૩૫૭૫૨ | ૩૫૨૮૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાર્ડ ધારકોને દુકાનદારો ઓછો જથ્થો ફાળવે છે તે સામે સરકાર પગલાં લેવા માગે છે કે કેમ ?

(૨) કેરોસીન ઓછું મળવા બાબતે ૭ ફરીયાદો મળેલ છે. તેમાં નીચે મુજબ પગલાં લીધેલ છે.

૧. આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૬એ હેઠળ કબજે લીધેલ જથ્થો ૧૩૯૦ લીટર, કિંમત રૂ. ૧૩૧૩૫/-

૨. આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૬બી હેઠળ રાજ્યસાત કરેલ જથ્થો ૬૯૫ લીટર, કિંમત રૂ. ૬૫૬૮/-

૩. ખાતારાહે પગલાં જેમાં

(૧) ૧ એક કેસમાં પરવાનો મોકુફ, કરારનામાની ડીપોઝીટ, રાજ્યસાત અને પરવાનાની ડીપોઝીટ રાજ્યસાત.

(૨) બે કેસમાં પરવાના ડીપોઝીટ રાજ્યસાત

(૩) બે કેસમાં પરવાના અને કરારનામા ડીપોઝીટ રાજ્યસાત કરેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૩૯૧૪**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ,

(૧) ૨૭ (સત્તાવીસ)

(૨) આ સમરસ ગ્રામ પંચાયતોને સરકારે નિયત કરેલ અનુદાનની રકમ ચૂકવાઈ છે ખરી, અને

(૨) ૨૫ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવાયેલ છે. ૨ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવાની બાકી છે.

(૩) જો હા, તો કેટલી રકમ ચૂકવવામાં આવી છે અને કેટલી બાકી છે ?

(૩) ચૂકવાયેલ રકમ રૂા. ૨૯.૦૦ લાખ ચૂકવવાની બાકી રકમ રૂા. ૨.૦૦ લાખ.

------------

**જામનગર જિલ્લામાં ચેરનું વિતરણ**

૧૩૯૫૨**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં કુલ-૨૨૫૦ હેકટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) આ વાવેતર પાછળ રૂા.૨૫૬.૪૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ તરીકે જાહેર કરવા બાબત**

૧૩૯૧૩ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) બાકી ગ્રાહક ભંડારોને સરકાર ક્યાં સુધીમાં મોડેલ એફ.પી.એસ. બનાવવા માંગે છે ?

**જવાબ**

(૧) ૮૫૩

(૨) સ્વતંત્ર સંચાલન સિવાય તમામ ગ્રાહક ભંડારો મોડેલ એફ.પી.એસ. બનાવવામાં આવેલ છે.

------------

**અમરેલીથી સાવરકુંડલા સ્ટેટ હાઈવે રોડના કામમાં નડતરરૂપ વૃક્ષો**

૧૩૧૩૯**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલીથી સાવરકુંડલા સ્ટેટ હાઈવે રોડનું કામ ચાલે છે. તે કામમાં નડતરરૂપ વૃક્ષો આવેલ છે તે વૃક્ષોને પાડવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા નક્કી કર્યા મુજબની રકમ વન વિભાગને કઈ તારીખે ભરવામાં આવી,

(૨) રકમ ભર્યા પછી રસ્તા વચ્ચે નડતર રૂપ વૃક્ષોને દૂર કરેલ નથી, તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અન્વયે પ્રસ્તુત દરખાસ્તમાં ભારત સરકારશ્રીના તા. ૨૦-૪-૨૦૦૯થી સૈધ્ધાંતિક મંજુરીના હુકમો થતાં માર્ગ અને મકાન વિભાગ તરફથી શરતોની પૂર્તતામાં વળતર વનીકરણ પેટે રૂા. ૫૭,૬૮,૫૩૫/- તથા નામ. સુપ્રિમ કોર્ટના હુકમોનુસાર એન.પી.વી.ના રૂા. ૧,૦૮,૭૫,૦૦૦/- મળી કુલ રૂા. ૧,૬૬,૪૩,૫૩૫/- ભરપાઇ કરવાના થતા હતા જે પૈકી રૂા. ૧,૧૫,૦૦,૦૦૦/- તા. ૧૮-૭-૦૯ તથા રૂા. ૫૧,૪૩,૫૩૫/- તા. ૨-૯-૦૯ના રોજ જમા કરાવવામાં આવેલ હતા. જે રકમ ભારત સરકારશ્રીના કેમ્પા ફંડમાં જમા કરાવવામાં આવેલ છે.

(૨) હા, જી.
વન સંરક્ષણ ધારાની આખરી મંજૂરી મળ્યા બાદ જ વૃક્ષો દુર કરી શકાય છે. ભારત સરકારશ્રીના તા.૪-૧૧-૦૯ના પત્રથી આખરી મંજૂરી મળેલ છે. તેમજ રાજ્ય સરકારશ્રીના તા.૨૦-૧૧-૦૯ના પત્રથી યાદી બહાર પડેલ છે. આખરી મંજૂરી મળ્યા પછી જ કાર્યવાહી કરવાની હોવાથી દરખાસ્તમાં ૩૦ કિ.મી. ના રસ્તામાં કુલ ૬૧૭ વૃક્ષો દુર કરવાના થાય છે પરંતુ તે પૈકીના જરૂરીયાતવાળા ૨૦ વૃક્ષો તા.૨૯-૧-૨૦૧૦ ના રોજ કાપી રસ્તો ચોખ્ખો કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

(૩) આ નડતર રૂપ વૃક્ષો સરકાર ક્યારે દૂર કરવા માંગે છે?

(૩) બાકી રહેતા નડતર રૂપ વૃક્ષો સરકારશ્રીના નિયમોનુસાર જરૂરી ટેન્ડર/જાહેર હરાજીથી દુર કરવાના થાય છે. તે મુજબ નાયબ વન સંરક્ષકશ્રી અમરેલી દ્વારા તા.૨૮-૧-૨૦૧૦ ના રોજ ટેન્ડર બહાર પાડી તા.૧૫-૨-૨૦૧૦ના રોજ ટેન્ડર ખોલવામાં આવેલ. અપસેટ પ્રાઇસ કરતાં ઓછી કિંમત આવતા હરાજી રદ કરવામાં આવેલ હવે પછી હરાજીની કાર્યવાહી તા.૨૫-૨-૨૦૧૦ના રોજ નક્કી કરવામાં આવેલ છે. આમ નડતર રૂપ વૃક્ષોના નિકાલની કાર્યવાહી પ્રગતિમાં છે.

------------

## તાપી જિલ્લામાં એન.જી.ઓ. ને કામો સોંપવા બાબત

૧૨૫૯૮**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં આદિજાતિ વિકાસ ખાતા મારફતે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા તેમજ ક્યા ક્યા એન.જી.ઓ.ને કેટલી રકમના કામો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા?

**જવાબ**

(૧) ૩૧૭ કામો ૯૫ એન.જી.ઓ. ને રૂા.૧૩,૩૦,૫૨,૯૨૧/- ના કામો આપવામાં આવ્યા (પત્રક મુજબ).

(૨) ૨૮૫ કામો પૂર્ણ થયા.

**પત્રક**

| ક્રમ | એન.જી.ઓ.નું નામ | કામની સંખ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સોનગઢ મહિલા ઉદ્યોગ સહકારી મંડળી લિમીટેડ સોનગઢ | ૩ | ૪૨૦૦૦૦ |
| ૨ | સ્વદેશી સેવા ટ્રસ્ટ સોનગઢ | ૩ | ૪૨૫૮૪૦ |
| ૩ | નિર્માણ ટ્રસ્ટ સાગબારા | ૧ | ૯૯૦૦૦ |
| ૪ | આઇસેડ અમદાવાદ | ૫ | ૯૯૦૦૦૦ |
| ૫ | સંકલ્પ ટ્રસ્ટ વ્યારા | ૪ | ૪૬૪૦૦૦ |
| ૬ | મમતા પરીશ્રમ ટ્રસ્ટ બંધારપાડા, તા. સોનગઢ | ૩ | ૩૭૧૨૦૦ |
| ૭ | ગુજરાત રોજગાર માર્ગદર્શક શિક્ષણ સમિતિ વાગરા | ૧ | ૮૦૦૦૦ |
| ૮ | નવજીવન સમાજસેવા ટ્રસ્ટ વ્યારા | ૭ | ૧૧૫૩૦૮૦ |
| ૯ | જય ભીમસેન યુવા વિકાસ મંડળ રાજપીપળા | ૨ | ૧૯૨૦૦૦ |
| ૧૦ | શબરી સેવાધામ ટ્રસ્ટ કેવડીયા | ૨ | ૧૬૪૨૮૦ |
| ૧૧ | ગુરુકૃપા એજ્યુકેશન વેલફેર ટ્રસ્ટ વ્યારા | ૪ | ૫૪૬૨૦૯ |
| ૧૨ | સ્વાશ્રય ગ્રામીણ વિકાસ સંસ્થાન | ૧ | ૯૦૦૦૦ |
| ૧૩ | ડેટા બેઇઝ એજ્યુકેશન ટ્રસ્ટ વલસાડ | ૨ | ૨૨૫૦૦૦ |
| ૧૪ | નવજીવન સમાજસેવા ટ્રસ્ટ વ્યારા | ૧ | ૧૨૦૦૦૦ |
| ૧૫ | જન કલ્યાણ સંસ્થાન સુરત | ૧૦ | ૫૦૭૯૫૨૭ |
| ૧૬ | શકુંન્તલા સંસ્કાર કેળવણી મંડળ | ૪ | ૫૨૬૦૦૦ |
| ૧૭ | વનવાસી માનવ કલ્યાણ ટ્રસ્ટ ખુરદી | ૧ | ૧૦૦૦૦૦ |
| ૧૮ | ઉદય સોશ્યલ વેલ્ફર ટ્રસ્ટ સાંબા, તા. મહુવા | ૧ | ૮૮૦૦૦ |
| ૧૯ | નવદીપ ચેરીટેબલ ટ્રસ્ટ પુના. તા. મહુવા | ૮ | ૨૮૭૬૪૫૦ |
| ૨૦ | ઉચ્છલ વિભાગ અસરગ્રસ્ત રચનાત્મક ટ્રસ્ટ જામવણ | ૧ | ૯૦૦૦૦ |
| ૨૧ | આરણ્ય યુવા વિકાસ મંડળ ડોલારા, તા. વ્યારા | ૪ | ૪૧૨૦૦૦ |
| ૨૨ | ગુરુકૃપા સેવામય ટ્રસ્ટ વ્યારા | ૩ | ૫૦૦૦૦૦ |
| ૨૩ | એનાર્ડ ફાઉન્ડેશન વાંસદા | ૧ | ૧૦૨૦૦૦ |
| ૨૪ | ઉમીયા વેલ્ફેર એસોસીએશન ઓલપાડ | ૧ | ૯૦૦૦૦ |
| ૨૫ | બહુચર ટેકનિકલ ઇન્સ્ટીટ્યુટ ઉચ્છલ | ૧ | ૧૦૦૦૦૦ |
| ૨૬ | નિર્માણ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત | ૪ | ૪૦૯૦૦૦ |
| ૨૭ | સિધ્ધાર્થ સેવા ટ્રસ્ટ સોનગઢ | ૧ | ૯૧૩૦૦ |
| ૨૮ | મહાલક્ષ્મી ગ્રામોદ્યોગ સેવા ટ્રસ્ટ સોનગઢ | ૪ | ૬૧૩૭૫૦ |
| ૨૯ | શ્રીજી મોટર ડ્રાઇવીંગ સ્કુલ માંડવી | ૫ | ૮૫૫૦૦૦ |
| ૩૦ | વનવાસી ગ્રામ વિકાસ પરિષદ | ૧ | ૧૦૦૦૦૦ |
| ૩૧ | ઇન્સ્ટીટયુટ ઓફ સોસીયલ વેલ્ફેર એકશન વ્યારા | ૧ | ૧૦૦૦૦૦ |
| ૩૨ | દેવાંશી ઇન્ફોટેક ચીખલી | ૧ | ૧૨૦૦૦૦ |
| ૩૩ | સિધ્ધિ વિનાયક રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ બિલીમોરા | ૧ | ૧૮૦૦૦૦ |
| ૩૪ | દક્ષિણ ગુજરાત ગ્રામ વિકાસ પરિષદ ડોલવણ | ૧ | ૧૦૦૦૦૦ |
| ૩૫ | પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ વ્યારા | ૬ | ૧૦૪૯૬૬૨ |
| ૩૬ | મોટીચેર મહિલા ઓદ્યોગિક સહકારી મંડળી લિમીટેડ મોટીચેર | ૩ | ૪૫૦૦૦૦ |
| ૩૭ | દક્ષિણ ગુજરાત આદિવાસી ચેરીટેબલ ટ્રસ્ટ તાડકુવા | ૩ | ૨૩૪૦૦૦ |
| ૩૮ | નવનિર્માણ ચેરીટેબલ ટ્રસ્ટ વ્યારા | ૨ | ૨૨૦૦૦૦ |
| ૩૯ | રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન વ્યારા | ૫૩ | ૪૧૪૮૧૧૨૫ |

| ક્રમ | એન.જી.ઓ.નું નામ | ક્રમની સંખ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૪૦ | સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટ વ્યારા | ૮ | ૧૨૩૦૫૮૮ |
| ૪૧ | પરીશ્રમ સેવા ટ્રસ્ટ વ્યારા | ૧ | ૧૦૦૦૦૦ |
| ૪૨ | શ્રીજી યંગજીલ વ્યારા | ૧ | ૧૦૦૦૦૦ |
| ૪૩ | સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ કડોદ | ૧ | ૧૨૦૦૦૦ |
| ૪૪ | જહાન્વી કોમ્પ્યુટર સેન્ટર ધરમપુર | ૧ | ૧૨૦૦૦૦ |
| ૪૫ | દક્ષિણ ગુજરાત વિકાસ સંસ્થાન સોનગઢ | ૧ | ૯૦૦૦૦ |
| ૪૬ | સરદાર મોટર ડ્રાઇવીંગ સ્કુલ બારડોલી | ૧ | ૧૦૫૦૦૦ |
| ૪૭ | ગુજરાત લોકસેવા ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા | ૩ | ૨૮૯૧૦૦૦ |
| ૪૮ | ઇન્ડોજર્મન ટુલરૂમ અમદાવાદ | ૧ | ૨૩૬૬૦૦૦ |
| ૪૯ | નિરામય માનવ ઉત્કર્ષ ટ્રસ્ટ બારડોલી | ૨ | ૩૨૮૦૦૦૦ |
| ૫૦ | સરજાંબલી મહિલા ઉદ્યોગ સહકારી મંડળી લિમીટેડ સરજાંબલી | ૧ | ૧૨૦૦૦૦ |
| ૫૧ | ભીંડીરેશા મહિલા કાટવાળીયા ઉ.સ.પં.લિ. અંતાપુર | ૧ | ૮૭૫૦૦ |
| ૫૨ | જનકલ્યાણ સેવા મંડળ વ્યારા | ૧ | ૨૦૦૦૦૦ |
| ૫૩ | માનવ એક્તા ટેરીટેબલ ટ્રસ્ટ | ૧ | ૧૦૦૦૦૦ |
| ૫૪ | શ્રીજી કૃપા ટ્રસ્ટ વ્યારા | ૫ | ૮૦૩૦૯૬ |
| ૫૫ | નવજાગૃતિ સેવા ટ્રસ્ટ વ્યારા | ૧ | ૧૨૦૦૦૦ |
| ૫૬ | સંસ્કાર ટેરીટેબલ ટ્રસ્ટ વ્યારા | ૩ | ૫૨૬૪૧૯ |
| ૫૭ | આદિવાસી વિકાસ મહામંડળ નિઝર | ૧ | ૧૫૦૦૦૦ |
| ૫૮ | જનસેવા ટેરીટેબલ ટ્રસ્ટ તાડકુવા | ૧ | ૧૦૦૦૦૦ |
| ૫૯ | અભ્યુથ્થાન ગ્રામ વિકાસ મંડળ ડેડીયાપાડા, જિ. નર્મદા | ૬ | ૪૩૪૨૩૨૨ |
| ૬૦ | ફ્લેમિંગો ફાર્મ ટ્રસ્ટ વ્યારા | ૬ | ૧૧૦૯૬૫૯ |
| ૬૧ | પ્રમુખશ્રી, સર્વાંગી વિકાસ ટ્રસ્ટ સોનગઢ | ૪ | ૧૨૪૨૦૦૦ |
| ૬૨ | શગુન ટેરીટેબલ ટ્રસ્ટ, અનાવલ | ૫ | ૧૩૦૭૭૦૦ |
| ૬૩ | ગણદેવી તાલુકા નર્સરીમેન કો. ઓપ. સોસા. લિ. અજરાઇ | ૮ | ૨૪૩૮૬૩૯ |
| ૬૪ | નેચર ફાઉન્ડેશન બારડોલી | ૧ | ૫૪૫૦૫૦ |
| ૬૫ | બાયફ (ગ્રીસર્વ) વડોદરા | ૨ | ૧૯૦૭૫૦૦૦ |
| ૬૬ | શ્રી સેવીયર પબ્લીક ટ્રસ્ટ વાંસદા | ૪ | ૧૬૨૯૨૧૫ |
| ૬૭ | શ્રી લોકસેવા ટ્રસ્ટ વાંસદા | ૩ | ૧૪૪૫૯૮૨ |
| ૬૮ | શ્રી સમર્પણ રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન સોનગઢ | ૩ | ૧૬૧૦૫૦૮ |
| ૬૯ | દીપ ઉત્કર્ષ એજ્યુ. એન્ડ વેલ્ફેર ચેરીટેબલ ટ્રસ્ટ વ્યારા | ૧ | ૧૦૦૦૦૦ |
| ૭૦ | ડી. જે. કેરીયર સુરત | ૪ | ૫૯૨૯૫૦ |
| ૭૧ | એકેડેમી ફોર કોમ્પ્યુટર ટ્રેનિંગ (ગુજરાત) પ્રા.લિ. અમદાવાદ | ૨ | ૭૦૧૦૦૦ |
| ૭૨ | કલાનિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યારા | ૧ | ૧૩૫૦૦૦ |
| ૭૩ | પ્રમુખશ્રી, શ્રધ્ધા એગ્રીટેક ઇન્ડસ્ટ્રીઝ, રાજપીપળા | ૧ | ૧૦૨૦૦૦ |
| ૭૪ | એનાર્ડ ફાઉન્ડેશન, કપરાડા (મહિલા વિંગ) ધરમપુર | ૧ | ૩૭૫૦૦૦ |
| ૭૫ | પ્રમુખશ્રી, શક્તિ ગ્રામોદ્યોગ, માંડવી | ૨ | ૬૭૨૦૦૦ |
| ૭૬ | વેલ્ફેર રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, ખેડબ્રહ્મા | ૧ | ૩૭૫૦૦૦ |
| ૭૭ | હાર્મિત ચેરીટેબલ ટ્રસ્ટ, સોનગઢ | ૧૦ | ૨૯૯૫૭૫૦ |
| ૭૮ | આદિજાતિ શ્રમિક ઉત્કર્ષ રચનાત્મક ટ્રસ્ટ, ધમોડી | ૧ | ૭૨૦૦૦ |
| ૭૯ | જન કલ્યાણ ફાઉન્ડેશન, સુરત | ૪ | ૫૩૧૨૦૦ |
| ૮૦ | માનસી વિકાસ સંસ્થાન, ભરૂચ | ૩ | ૫૧૯૫૮૦ |
| ૮૧ | શ્રી શાંતિ પર્યાવરણ ચેરીટેબલ ટ્રસ્ટ, ભરૂચ | ૨ | ૩૯૦૬૫૩ |
| ૮૨ | સમર્પણ ફાઉન્ડેશન, વડોદરા | ૨ | ૩૯૬૩૧૫ |
| ૮૩ | સર્વોદય આદિવાસી વિકાસ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા | ૨ | ૧૪૪૦૦૦ |
| ૮૪ | શ્રી સિધ્ધિ વિનાયક ફાઉન્ડેશન, વેલદા | ૧ | ૭૨૦૦૦ |
| ૮૫ | તાપી કાંઠા નવસર્જન ગ્રામ વિકાસ, મોલીપાડા | ૨ | ૧૪૪૦૦૦ |
| ૮૬ | શ્રી સિધ્ધિ વિનાયક ફાઉન્ડેશન, નિઝર | ૧ | ૭૨૦૦૦ |
| ૮૭ | ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ, સુરત | ૪ | ૫૧૪૭૨૫ |
| ૮૮ | શ્રી માધવી ગ્રામોદ્યોગ મંડળ, ભરૂચ | ૨૩ | ૧૩૮૯૬૪૬૨ |
| ૮૯ | ઉપજ ચેરીટેબલ ટ્રસ્ટ. ભરૂચ | ૩ | ૩૬૨૬૦૫ |
| ૯૦ | જીવન વિકાસ પરિવાર, નેત્રંગ | ૧ | ૧૦૦૦૦૦ |
| ૯૧ | ભુમિ ચેરીટેબલ ટ્રસ્ટ. નવસારી | ૨ | ૪૦૦૦૦૦ |
| ૯૨ | શ્રી અનાવલ વિભાગ ફળ-ફુલ અને વનસ્પતિ સં.મં.લિ. કચેલીયા | ૧ | ૧૦૦૦૦૦ |
| ૯૩ | એક્તા યુવક મંડળ, સુરત | ૩ | ૨૧૪૦૮૦ |
| ૯૪ | શિવમ એગ્રીકલ્ચર ફાઉન્ડેશન, અજરાઇ | ૧ | ૩૧૦૫૦૦ |
| ૯૫ | શ્રી શબરી સેવાધામ ટ્રસ્ટ, નારખડી | ૧ | ૧૦૦૦૦૦ |
| | **કુલ :** | **૩૧૭** | **૧૩૩૦૫૨૯૨૧** |

------------

**સુરત જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૩૯૪૨**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ, | (૧) ૧૪ (ચૌદ). |
| (૨) તે પૈકી કેટલી મહિલા સરપંચવાળી સમરસ થઈ, અને | (૨) ૫ (પાંચ). |
| (૩) સમરસ થયેલ ગ્રામ પંચાયતોને સરકારી અનુદાન ચૂકવવામાં આવ્યું છે કે કેમ? | (૩) ૧૧ ગ્રામ પંચાયતોને અનુદાન ચૂકવવામાં આવેલ છે. ૩ ગ્રામ પંચાયતોને અનુદાનની ચૂકવણી બાકીમાં છે. |

------------

**પાટણ જિલ્લામાં ગરીબ કુટુંબોને તહેવારમાં સસ્તા દરે પામોલીન તેલ આપવા બાબત**

૧૩૯૩૭**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ગરીબ કુટુંબોને તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલ આપવાનું આયોજન કર્યું હતુ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પામોલીન તેલનો કેટલો જથ્થો વિતરણ કરવામાં આવ્યો? | (૨) ૧,૯૦,૭૭૩ લીટર. |

------------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા**

૧૨૭૬૪**શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૧૦ દરમિયાન નર્મદા અને ભરૂચ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા માટેના આમંત્રણ કાર્ડ ક્લેકટરશ્રી તરફથી કેટલા છપાવી નિમંત્રણો પાઠવવામાં આવ્યા, અને

(૨) આવા કાર્ડો છપાવવાની કિંમત કેટલી થઈ તેમજ આવા મેળામાં લાઈટ-માઈક તેમજ અન્ય વ્યવસ્થા પાછળ ક્યા હેડે કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) નર્મદા - ૫૦૦ (એક મેળો)
ભરૂચ - ૪૫૦૦ (બે મેળા)

(૨) આવા કાર્ડો છપાવવા માટે નર્મદા જિલ્લાને રૂા. ૨૨,૦૦૦/-અને ભરૂચ જિલ્લાને રૂા. ૬૭,૨૫૦/- ખર્ચ થયેલ છે.

આવા મેળામાં થયેલ ખર્ચ આ પ્રમાણે છે.

| જિલ્લો | મંડપ લાઇટ સ્ટેજ સાઉન્ડ ખર્ચ રૂા. | એસ.ટી. પરિવહન ખર્ચ રૂા. | કન્ટીજન્સી ખર્ચ રૂા. |
|---|---|---|---|
| નર્મદા | ૧૩.૭૯ લાખ | ૯.૧૮ લાખ | ૨.૦૦ લાખ |
| ભરૂચ | ૩૧.૪૭ લાખ | ૩૧.૩૨ લાખ | ૪.૦૦ લાખ |

ઉપરોક્ત ખર્ચ નીચે દર્શાવેલ હેડે કરવામાં આવેલ છે. મંડપ, લાઇટ, સાઉન્ડ ધ્વનિના ખર્ચ પૈકી નર્મદા જિલ્લાનો રૂા. ૫ લાખ અને ભરૂચ જિલ્લાનો રૂા. ૧૦ લાખનો ખર્ચ આઇએનડી-૨ હેઠળ ખર્ચ થયેલ છે અને બાકીનો ખર્ચ બજેટ સદર ૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ હેઠળ કરેલ છે.

**ગુજરાત પેટર્ન યોજનામાં નાણાંકીય જોગવાઈ**

૧૪૧૩૬**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ગુજરાત પેટર્ન નીચે તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ હતી ? | તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં રૂા. ૪૧૦.૧૮ ક્રોડ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં રૂા. ૩૨૦.૬૮ ક્રોડ જોગવાઈ ગુજરાત પેટર્ન હેઠળ કરવામાં આવી હતી. |

------------

**આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ અંગે સહાય**

૧૩૯૬૦**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસમાં સહાય અંગેની કોઈ યોજના તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ અમલમાં છે,

(૨) જો હા, તો કેટલા આદિજાતિના વિદ્યાર્થીઓને છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં આ યોજના અંતર્ગત લાભ મળેલ છે, અને

(૩) તે માટે કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) લોન યોજના અમલમાં છે.

(૨)

| વર્ષ | લાભાર્થી |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૨ |
| ૨૦૦૮-૦૯ | ૧૮ |
| ૨૦૦૯-૧૦ | ૨૮ |
| **તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ :** | **૫૮** |

(૩) રૂા. ૫૧૦.૫૦ લાખ.

------------

**આદિજાતિ વિસ્તારમાં ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો**

: ૧૩૯૫૭ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા મંજુર કરવામાં આવ્યા, અને

(૨) આની પાછળ અંદાજીત કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) ૩૪.

(૨) રૂા. ૫૪.૮૦ લાખ

**જામનગર જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો બનાવવા બાબત**

૧૩૯૩૬**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૧૧૩૨ શોચાલયો બાંધવામાં આવ્યા છે.

(૨) સદરહુ સમયગાળા દરમ્યાન રૂા. ૧૬૪.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

------------

**રાજકોટ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી ગેરંટી યોજનામાં રોજગારી આપવા બાબત**

૧૩૯૩૫**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૮થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ કુલ ૭૭૯૨૬ કુટુંબોને રોજગારી આપવામાં આવી.

(૨) સદરહુ સમય દરમ્યાન રૂા. ૨૭૦૮.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## ગાંધીનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત

૧૩૯૫૬**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ક્ષેત્રીય વિભાગ ધ્વારા વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં ક્ષેત્રીય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૬૯૮.૯૩ હેકટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) ઉક્ત વાવેતર પાછળ રૂ.૧૪૧.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

## રાજ્યમાં સહભાગી વન વ્યવસ્થાની યોજના

૧૩૯૦૬**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં સહભાગી વન વ્યવસ્થા યોજના અમલમાં મૂકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા હેકટર વિસ્તારમાં શું શું કામગીરી કરવામાં આવી છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં સુરત જિલ્લામાં સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ દ્વારા ૯૨૭ હેકટર વિસ્તારમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે. |

------------

## અમદાવાદ શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવા બાબત

૧૩૯૫૦**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવામાં આવ્યા, અને | (૧) ૧૦૦૨૫ કાર્ડ. |
| (૨) તે પેકી એ.પી..એલ. કાર્ડ અને કેટલા બી.પી.એલ. કાર્ડ હતા ? | (૨) એ.પી.એલ. - ૯૭૫૧ કાર્ડ.<br>બી.પી.એલ. - ૨૪૮ કાર્ડ. |

------------

## >સુરત જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૩૯૫૩ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વન તલાવડી યોજના હેઠળ સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ખેડા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓની ખાલી જગ્યાઓ**

૧૩૩૭૨**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થયેલ તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ સામે તાલુકાવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|
| નડીઆદ | ૨૧ |
| મહુધા | ૦૮ |
| મહેમદાવાદ | ૧૩ |
| ખેડા | ૧૦ |
| માતર | ૧૫ |
| કપડવંજ | ૧૮ |
| કઠલાલ | ૧૦ |
| બાલાસિનોર | ૦૮ |
| વિરપુર | ૦૩ |
| ઠાસરા | ૨૧ |

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૨) સત્વરે.

------------

**વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનના નવા પરવાના આપવા બાબત**

૧૩૩૮૧**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનના કેટલા નવા પરવાના આપવામાં આવ્યાં ?

**જવાબ**

| અ.નં. | તાલુકાનું નામ | સસ્તા અનાજની દુકાનના આવેલ નવા પરવાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૮ |
| ૨ | વડોદરા | ૫ |
| ૩ | પાદરા | ૭ |
| ૪ | સાવલી | ૬ |
| ૫ | કરજણ | ૧ |
| ૬ | શિનોર | ૧ |
| ૭ | જેતપુરપાવી | ૧૨ |
| ૮ | છોટાઉદેપુર | ૩ |
| ૯ | કવાંટ | ૨ |
| | **કુલ :** | **૪૫** |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામો શરૂ કરવા બાબત**

૧૨૮૩૦**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો શરૂ કરવામાં આવ્યાં,

(૨) કેટલા શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૩) આ યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૫૮૩૮ કામો શરૂ કરવામાં આવ્યાં.

(૨) ૮૮૧૮૩ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવી.

(૩) રૂા.૧૬૫૯.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

### કચ્છ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત

૧૩૯૨૩ **ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવામાં આવ્યા, | (૧) ૩૯ (ઓગણચાલીસ). |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૧૦ (દસ). |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી. |

------------

### પંચમહાલ જિલ્લામાં વનાધિકાર કાયદાના અમલ પછી થયેલ દાવાઓ

૧૩૪૮૭**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં વન અધિકાર કાયદા-૨૦૦૬ અન્વયે કુલ કેટલા દાવાઓ સ્વીકારવામાં આવ્યા છે, | (૧) ૨૩૨૬૭. |
| (૨) વન અધિકારી કાયદા-૨૦૦૬ના અમલીકરણથી સ્વીકારેલ દાવાઓ પૈકી ગ્રામ સમિતિ અને ગ્રામ સભા પાસે પડતર દાવા કેટલા છે, અને | (૨) ૨૦૩૯૩. |
| (૩) તે અન્વયે જિલ્લા સમિતિની પ્રક્રિયાથી કેટલા દાવા મંજૂર કરી લાભો આપવામાં આવ્યા ? | (૩) ૭૭૬. |

------------

### રાજકોટ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના ઘરથાળના પ્લોટ આપવા બાબત

૧૨૭૦૮**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર જમીનના ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ આવી,

(૧)

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૭૭૦ |
| ૨ | ધોરાજી | ૮૧૯ |
| ૩ | ગોંડલ | ૧૧૮૫ |
| ૪ | જામકંડોરણા | ૬૬૩ |
| ૫ | જસદણ | ૬૩૫ |
| ૬ | જેતપુર | ૧૩૭૦ |
| ૭ | કો.સાંગાણી | ૬૦૮ |
| ૮ | લોધીકા | ૨૩૯ |
| ૯ | માળીયા.મી. | ૫૦ |
| ૧૦ | મોરબી | ૬૧૦ |
| ૧૧ | પડધરી | ૫૮૩ |
| ૧૨ | ટંકારા | ૫૨૭ |
| ૧૩ | ઉપલેટા | ૬૬૬ |
| ૧૪ | વાંકાનેર | ૧૦૭૨ |
| | **કુલ :** | **૧૧૭૯૭** |

(૨) તેના અનુસંધાને ઉક્ત સ્થિતિએ તાલુકાવાર લેન્ડ કમિટિની કેટલી બેઠક મળી,

(૨)

| ક્રમ | તાલુકો | મળેલ લેન્ડ કમીટીની વિગત |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૪ |
| ૨ | ધોરાજી | ૫ |
| ૩ | ગોંડલ | ૧ |
| ૪ | જામકંડોરણા | ૪ |
| ૫ | જસદણ | ૩ |
| ૬ | જેતપુર | ૪ |
| ૭ | કો.સાંગાણી | ૧ |
| ૮ | લોધીકા | ૪ |
| ૯ | માળીયા.મી. | ૧ |
| ૧૦ | મોરબી | ૪ |
| ૧૧ | પડધરી | ૪ |
| ૧૨ | ટંકારા | ૯ |

| | | |
|---|---|---|
| ૧૩ | ઉપલેટા | ૩ |
| ૧૪ | વાંકાનેર | ૪ |
| | કુલ : | **૫૧** |

(૩) તેમાં ૧૦૦ ચોરસવાર પ્લોટની કેટલી અરજીઓ મંજૂર કરી પ્લોટ આપવામાં આવ્યા, અને

(૩)

| ક્રમ | તાલુકો | અરજીઓ મંજૂર કરી પ્લોટ આપવામાં આવ્યા તેની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૫૧૩ |
| ૨ | ધોરાજી | ૬૦૯ |
| ૩ | ગોંડલ | ૮૬૪ |
| ૪ | જામકંડોરણા | ૪૦૭ |
| ૫ | જસદણ | ૪૪૫ |
| ૬ | જેતપુર | ૫૧૮ |
| ૭ | કો.સાંગાણી | ૪૨૨ |
| ૮ | લોધીકા | ૧૬૭ |
| ૯ | માળીયા.મી. | ૨૮ |
| ૧૦ | મોરબી | ૪૫૩ |
| ૧૧ | પડધરી | ૨૯૧ |
| ૧૨ | ટંકારા | ૨૯૭ |
| ૧૩ | ઉપલેટા | ૪૬૧ |
| ૧૪ | વાંકાનેર | ૭૫૮ |
| | કુલ : | ૭૨૩૩ |

૪૫૬૨ અરજીઓ નામંજૂર કરેલ છે.

(૪) બાકીની અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બાકીની અરજીઓનો આગામી લેન્ડ કમીટી મળ્યેથી નિકાલ કરવામાં આવશે. ૨ અરજીઓ પડતર છે.

------------

**ગાંધીનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર**

૧૪૧૨૧**શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ગાંધીનગર જિલ્લામાં નાણાંકિય વર્ષ ૨૦૦૯-૧૦માં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં, પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૪.૨૨ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા. ૯૧.૦૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**દાહોદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જ્યાઓ**

૧૨૪૭૪**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નીચે દર્શાવેલ તાલુકા વિકાસ અધિકારીની-૩ (ત્રણ) જ્યાઓ ખાલી છે.

દાહોદઃતા. ૧૩-૨-૦૯થી, ધાનપુરઃતા.૧૨-૨-૦૯ થી અને ગરબાડાઃ તા. ૧૨-૨-૦૯ થી.

(૨) આ ખાલી જ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) આ ખાલી જ્યાઓ વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

**સુરત જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

૧૪૧૪૨**શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલાં વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૧) સુરત જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૨૦૪૩ હેકટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ઉક્ત વાવેતર પાછળ રૂા. ૨૩૦.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી**

૧૨૪૬૯**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા કુટુંબોને રોજગારી આપી, અને

(૨) વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૩૧૧૪૪ કુટુંબોને રોજગારી આપી.

(૨) વર્ષવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| | |
|---|---|
| તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ સુધી | રૂા.૫૭.૪૨ લાખ |
| તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધી | રૂા.૪૭૫.૦૫ લાખ |

**વડોદરા જિલ્લામાં સ્મશાન સગડી આપવા બાબત**

૧૩૮૮૬ **શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સ્મશાન સગડીઓ આપવાની યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ગામમાં અને શહેરમાં ઉક્ત સ્થિતિએ સ્મશાન સગડીઓ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ ગામોમાં સ્મશાન સગડીઓ ફાળવવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **ગામોની સંખ્યા** |
|---|---|
| વડોદરા | ૪ |
| સાવલી | ૪ |
| વાઘોડીયા | ૩ |
| ડભોઇ | ૨ |
| કરજણ | ૨ |
| પાદરા | ૨ |
| શીનોર | ૨ |
| નસવાડી | ૧ |
| છોટાઉદેપુર | ૧ |
| પાવી જેતપુર | ૩ |
| સંખેડા | ૧ |
| **કુલ :** | **૨૫** |

**અમરેલી જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

: ૧૩૯૬૨**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્ષેત્રીય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં અમરેલી જિલ્લામાં કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં ક્ષેત્રીય વનવિભાગ દ્વારા તારીખ-૩૧-૧-૧૦ સુધીમાં કુલ-૭૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂા.૨૮.૧૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર**

૧૪૧૨૦**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં નાણાંકિય વર્ષ ૨૦૦૯-૧૦માં સામાજીક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તારીખ-૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૬.૮૮ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા.૧૧૯.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં વન વિભાગ દ્વારા ટેરેસ તલાવડી યોજના**

૧૪૧૩૨**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા ટેરેસ તલાવડી યોજના અમલમાં મૂક્વામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવી છે ?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ ભુમિ અને ભેજ સંરક્ષણના ભાગ રૂપે ટેરેસ તલાવડી બનાવવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ-૩૦૭૬ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં ગામોને ઈ-ગ્રામ તરીકે જાહેર કરવા બાબત**

૧૩૬૭૧**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો ઈ-ગ્રામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) ઈ-ગ્રામ જાહેર થયેલ ગામોને કઈ કઈ સગવડો આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૮૬૧ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ઉપલબ્ધ કરેલ છે અને તમામ ગ્રામ પંચાયતોને ઇ-ગ્રામ તરીકે જાહેર કરેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કોમ્પ્યુટર ધરાવતી ગ્રા.પં.ની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૮૩ |
| ૨ | પાદરા | ૭૬ |
| ૩ | કરજણ | ૮૪ |
| ૪ | વાઘોડીયા | ૬૭ |
| ૫ | સાવલી | ૧૦૩ |
| ૬ | ડભોઇ | ૮૩ |
| ૭ | શિનોર | ૪૦ |
| ૮ | સંખેડા | ૮૮ |
| ૯ | જેતપુર-પાવી | ૯૧ |
| ૧૦ | છોટાઉદેપુર | ૪૨ |
| ૧૧ | ક્વાંટ | ૪૫ |
| ૧૨ | નસવાડી | ૫૯ |
| | **કુલ :** | **૮૬૧** |

(૨) ઇ-ગ્રામ જાહેર થયેલ ગામોમાં કોમ્પ્યુટર્સ, યુ.પી.એસ. તેમજ ઇ-ક્નેક્ટીવીટીની સગવડ આપવામાં આવે છે. જેના દ્વારા નીચે મુજબની સેવાઓ ગ્રામ પંચાયતો ખાતેથી આપવામાં આવે છે.

૧. જન્મ-મરણના પ્રમાણપત્રો, ૨. મિલ્ક્ત પ્રમાણપત્રો, ૩. આવકનો દાખલો, ૪. ચારિત્રનું પ્રમાણપત્ર,

૫. યોજનાકીય વિવિધ પ્રકારના ફોર્મ, ૬. ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, ૭. વિજબીલ કલેકશનની કામગીરી

(૩) વડોદરા જિલ્લાના કેટલા ગામો હજુ ઈ-ગ્રામ જાહેર કરવાના બાકી છે ?

(૩) વડોદરા જિલ્લામાં હવે એકપણ ગ્રામ પંચાયત ઇ-ગ્રામ તરીકે જાહેર કરવાની બાકી નથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં રોપાઓ ઉછેરવા બાબત**

૧૪૧૬૮**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વન વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા,

(૨) એની પાછળ કુલ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ એમાંથી કેટલા રોપાઓ જીવીત છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વન વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબ રોપાઓ ઉછેરવામાં આવેલ છે.

| વર્ષ | ઉછેરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૫૨.૨૭ |
| ૨૦૦૮-૦૯ | ૧૬૯.૪૧ |
| ૨૦૦૯-૧૦ | ૧૯૨.૦૫ |
| **કુલ :** | **૫૧૩.૭૩** |

(૨) એની પાછળ વર્ષવાર ખર્ચ નીચે મુજબ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૦૩.૨૩ |
| ૨૦૦૮-૦૯ | ૪૩૧.૭૫ |
| ૨૦૦૯-૧૦ | ૪૮૯.૭૫ |
| **કુલ :** | **૧૨૨૪.૭૩** |

(૩) ઉક્ત સ્થિતિએ ખાતા દ્વારા વાવેતર કરેલ ૧૭૦.૩૪ લાખ પૈકી ૧૩૫.૭૮ લાખ રોપાઓ જીવીત છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ**

૧૩૯૧૯**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરી અલગ ગ્રામ પંચાયતનો દરજ્જો આપવામાં આવ્યો, અને

(૩) બાકી ગ્રામ પંચાયતોને ક્યારે વિભાજીત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મહુવા તાલુકામાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામમાં આપેલ લાભ**

૧૩૬૭૪**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગામદીઠ કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો છે ?

**જવાબ**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગામદીઠ નીચે મુજબ લાભાર્થીઓને લાભ મળેલ છે.

| ગામનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| લોયંગા | ૧૧ |
| માળવાવ | ૧૮ |
| શાંતિનગર | ૦૩ |
| તાવીડા | ૦૭ |

| | |
|---|---|
| તાવીડા | ૦૭ |
| કુલ : | ૩૯ |

------------

**દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં રોજગારીનું આયોજન**

૧૨૪૮૪**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલાને રોજગારીની તકો આપવાનું આયોજન છે,

(૨) તે અન્વયે વર્ષવાર તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા લોકોને રોજગારીની તકો આપવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૮૫૦૦૦ કુટુંબોને અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૧૩૧૨૩૦ કુટુંબોને રોજગારીની તકો આપવાનું આયોજન છે.

(૨) સને ૨૦૦૮-૦૯ માં ૧૩૩૦૨૯ કુટુંબોને અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ૯૭૩૬૩ કુટુંબોને રોજગારીની તકો આપવામાં આવી.

(૩) સને ૨૦૦૮-૦૯ માં રૂ. ૪૦૩૫.૩૭ લાખ અને ૨૦૦૯-૧૦ માં (ડીસે-૦૯ અંતિત) રૂ.૬૮૯૨.૬૪ લાખ એમ કુલ રૂ. ૧૦૯૨૮.૦૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

-----------------

**કલોલ તાલુકામાં તલાટીઓની ઘટ**

૧૩૦૦૨**શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલોલ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મહેકમ પ્રમાણે કેટલા તલાટી કમ મંત્રી જોઈએ,

(૨) તે પુરતા પ્રમાણમાં છે કે કેમ, અને

(૩) જો ના, તો આ તલાટીઓની ઘટ ક્યારે પૂરાશે ?

**જવાબ**

(૧) ૫૮.

(૨) ના.

(૩) સત્વરે.

---------------

**તાપી અને સુરત જિલ્લામાં રહેમરાહે નોકરીના કેસો પડતર રહેવા બાબત**

૧૩૬૯૩**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં સરકારી કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરીના કેટલા કેસો પંચાયત વિભાગ પાસે પડતર છે,

(૨) આ પડતર કેસોનો સરકાર ક્યાં સુધીમાં નિકાલ કરવા માંગે છે, અને

(૩) આ પડતર કેસોનો નિકાલ કરવામાં વિલંબ થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| | જિલ્લો | પડતર કેસો |
|---|---|---|
| ૧. | સુરત | ૧૪ |
| ૨. | તાપી | ૪ |
| | કુલ : | **૧૮** |

(૨) સત્વરે.

(૩) વહીવટી કારણોસર.

**કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

૧૩૯૨૧**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૧-૪-૦૯ની સ્થિતિએ કુલ કેટલા કેસો પડતર હતા,

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૦૦૯-૧૦ માં કુલ કેટલા નવા કેસો રજૂ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા નવા કેસોનો નિકાલ થયો ?

**જવાબ**

(૧) ૪૩૫

(૨) તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ ૨૨૮ નવા કેસો દાખલ થયા છે.

(૩) ઉક્ત સ્થિતિએ કુલ ૨૫ નવા કેસોનો નિકાલ થયેલ છે.

------------

**નવસારી અને વલસાડ જિલ્લામાં વોટરશેડ યોજના અંતર્ગત કામગીરી**

૧૨૯૫૭**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના અંતર્ગત નવસારી અને વલસાડ જિલ્લામાં કેટલી કામગીરી કરવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં ૫૭૮ કામો અને વલસાડ જિલ્લામાં ૧૦૮૨૪ કામોની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરીનું મૂલ્યાંકન કરવા સરકારે કોઈ વ્યવસ્થા ગોઠવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કઈ એજન્સી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું ? | (૩) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની માન્ય પેનલના મૂલ્યાંકનકાર દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ છે. |

**જામનગર જિલ્લામાં સખી મંડળોની રચના**

૧૨૮૭૯**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા સખી મંડળો રચાયેલા છે, | (૧) ૩૧૦૭. |
| (૨) આંગણવાડી કાર્યકરને સખીમંડળની રચના માટે શું લાભ આપવામાં આવે છે, અને | (૨) આંગણવાડી કાર્યકરને સખી મંડળની રચનાની કામગીરી માટે રૂ. ૩૦૦ પ્રોત્સાહન રકમ ચૂકવવામાં આવે છે. |
| (૩) કેટલા સખી મંડળોનું બેંક સાથે જોડાણ થયેલ છે ? | (૩) ૨૫૭૩. |

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત**

૧૩૯૨૨**શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા, | (૧) સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં ૫૧ પંચાયત ઘર-કમ-તલાટી આવાસ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પંચાયત ઘરો બનાવવાની કેટલી માગણીઓ પડતર છે, અને | (૨) ૬૩ (ત્રેસઠ) |
| (૩) પડતર રહેલ માંગણીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં આ બાબતે આયોજન કરવામાં આવશે. |

**અમદાવાદ જિલ્લામાં તલાટીઓની ખાલી જગ્યાઓ**

૧૩૦૦૦**શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીઓની તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| **તાલુકાનું નામ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|
| દસક્રોઇ | ૨૦ |
| સાણંદ | ૧૬ |
| **તાલુકાનું નામ** | **ખાલી જગ્યાઓ** |
| ધોળકા | ૨૫ |
| બાવળા | ૧૮ |
| વિરમગામ | ૧૪ |
| દેત્રોજ | ૧૫ |
| માંડલ | ૦૮ |
| ધંધુકા | ૨૨ |
| રાણપુર | ૧૨ |
| બરવાળા | ૦૭ |

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

(૨) સત્વરે.

## ભરૂચ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર

૧૪૧૧૯**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં, પરંતુ સામુહિક વન નિર્માણ યોજના હેઠળ કુલ ૪.૯૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂા.૧૦૪.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં રોજગારી આપવા બાબત

૧૩૦૦૩ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સન-૨૦૦૯ માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી (ગેરન્ટી) બાંહેધરી યોજના અન્વયે તાલુકાવાર કેટલા ગ્રામીણ મજૂરોને રોજગારી આપવામાં આવી,

(૨) તે પેકી કેટલા ગ્રામીણ મજૂરોને યોજનાની જોગવાઇ મુજબ પૂરા ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવી,

(૩) કેટલા ગ્રામીણ મજૂરોને ૧૦૦ દિવસથી ઓછી રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૪) યોજનામાં જોગવાઇ હોવા છતા ૧૦૦ દિવસથી ઓછી રોજગારી પૂરી પાડવાના શા કારણો છે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સન-૨૦૦૯માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી (ગેરન્ટી) બાંહેધરી યોજના અન્વયે તાલુકાવાર રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા |
|---|---|
| જામનગર | ૯૩૦ |
| ખંભાલીયા | ૧૯૭૫ |
| કલ્યાણપુર | ૧૬૯૭ |
| દ્વારકા | ૫૪૨ |
| ભાણવદ | ૨૧૪૪ |
| જામજોધપુર | ૧૬૬૨ |
| લાલપુર | ૨૭૩૮ |
| **તાલુકાનું નામ** | **રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા** |
| ધ્રોલ | ૫૮૪ |
| જોડીયા | ૧૧૬૪ |
| કાલાવાડ | ૫૪૮ |
| **કુલ :** | **૧૩૯૮૪** |

(૨) સદરહુ સમય દરમ્યાન ૯૪૧ કુટુંબોને યોજનાની જોગવાઈ મુજબ પૂરા ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવી.

(૩) ૧૩૦૪૩ કુટુંબોએ ૧૦૦ દિવસથી ઓછું કામ કરેલ છે.

(૪) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી (ગેરન્ટી) બાંહેધરી યોજના માંગ આધારિત હોઈ, માંગણી થયેથી શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવે છે, તેથી ૧૦૦ દિવસથી ઓછી રોજગારી પૂરી પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ગ્રામ મિત્રોની નિમણૂકો ન થવા બાબત

૧૨૪૭૨ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે ગ્રામ મિત્રોની નિમણૂક કર્યા પછી તેમને તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ફરજ ઉપર નિમણૂકો નહીં આપવાના કારણો શા છે, અને

(૨) કેટલા સમયમાં નવી નિમણૂકો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) કોઈ ગ્રામ મિત્રોની નિમણૂક ચાલુ વર્ષે તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પંચમહાલ જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઉપર થયેલ હુમલાઓ**

૧૪૧૧૪**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં વન્ય પ્રાણીઓ દ્વારા માનવીઓ પર કેટલા હુમલા થયા, અને

(૨) વન્ય પ્રાણીથી થયેલ નુક્સાન બદલ સરકાર દ્વારા કેટલું વળતર આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં ૨ તથા વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૨ મળી કુલ ૪ હુમલાઓમાં પાંચ માનવીઓને ઈજા કરેલ છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂા.૫૦૦૦/- અને વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ રૂા.૧૦,૦૦૦/- મળી કુલ રૂા.૧૫,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે.

------------

**ક્ષેત્રિય વન વિભાગ દ્વારા ભાવનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

૧૪૧૧૨ **સુ.શ્રી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૮૭૦ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વાવેતર પાછળ રૂા.૫૪.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૩૧૩૭ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ મંજૂર કરવામાં આવેલા તમામ આવાસો પૂર્ણ થઈ ગયાં છે, અને

(૩) આ આવાસો પાછળ સરકારને કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સામેલ પત્રક મુજબ ૧૮૮૮૩ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| તાલુકાનું નામ | ઈન્દિરા આવાસ મંજૂર થયાની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૧૯૪૭ |
| અમીરગઢ | ૮૧૮ |
| વડગામ | ૧૭૨૮ |
| દાંતા | ૧૪૭૧ |
| ડીસા | ૨૪૬૧ |
| દાંતીવાડા | ૯૮૬ |
| ધાનેરા | ૧૦૪૫ |
| થરાદ | ૧૬૧૫ |
| વાવ | ૧૫૩૨ |
| દિયોદર | ૧૪૩૫ |
| ભાભર | ૧૫૭૩ |
| કાંકરેજ | ૨૨૭૨ |
| **કુલ :** | **૧૮૮૮૩** |

(૨) ના, જી.

(૩) સદરહુ સમય દરમ્યાન રૂા.૬૫૩૮.૧૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ શોચાલય બનાવવા બાબત

૧૩૭૫૭**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં ગ્રામીણ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલય બનાવવા આવ્યા, અને

(૨) બાકી રહેલ ગામોમાં આ યોજના હેઠળ શોચાલયો કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં ગ્રામીણ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ ૧૮૪૬૬ શોચાલય બનાવવા આવેલ છે.

(૨) ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ માંગ આધારિત હોઈ બાકી રહેલ ગામોમાં આ યોજના હેઠળ શોચાલયો બનાવવા માટે સમય નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ થયેલ વાવેતર

૧૪૧૨૨ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં, પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૫.૧૧ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા.૯૫.૪૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## આણંદ અને ખેડા જિલ્લા પંચાયતનું મહેકમ

૧૨૯૯૯**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જિલ્લાઓનું વિભાજન થયા પછી તા.૩૦-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં દરેક જિલ્લા અને તાલુકા પંચાયતમાં કેટલું મહેકમ છે, અને

(૨) આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતમાં મહેકમ ક્યારે પૂરું કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્યમાં જિલ્લાઓનું વિભાજન થયા પછી તા.૩૦-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લા પંચાયત અને તાબાની તાલુકા પંચાયતોમાં કુલ ૨૪૯૦ નું અને ખેડા જિલ્લા પંચાયત અને તાબાની તાલુકા પંચાયતોમાં કુલ ૬૮૫ નું મહેકમ છે.

(૨) સત્વરે.

------------

## ભાવનગર જિલ્લામાં તલાટીઓની ઘટ

૧૨૭૦૬**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટીની ઘટ છે,

(૨) તે પૈકી પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં કેટલા સમયથી ઘટ છે, અને

(૩) આ ઘટ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **ઘટ** |
|---|---|
| ભાવનગર | ૦૨ |
| ઘોઘા | ૦૨ |
| તળાજા | ૦૭ |
| મહુવા | ૧૧ |
| ગારીયાધાર | ૦૩ |
| પાલીતાણા | ૦૬ |
| શિહોર | ૦૩ |
| વલ્લભીપુર | ૦૪ |
| ઉમરાળા | ૦૩ |
| ગઢડા | ૦૩ |
| બોટાદ | ૦૪ |
| **કુલ..** | ૪૮ |

(૨) પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં છેલ્લા એક વર્ષથી.

(૩) સત્વરે.

**કચ્છ જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા બાબત**

૧૩૮૪૨**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૯ના વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર નવી બી.પી.એલ. યાદીમાં કેટલા પરિવારોનો સમાવેશ કરવામાં આવેલ, | (૧) સને ૨૦૦૯ના વર્ષમાં કચ્છ જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેલ પરિવારોની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ પરિવારો |
|---|---|
| ભૂજ | ૧૩૧ |
| ભચાઉ | ૧ |
| અબડાસા | ૦ |
| અંજાર | ૦ |
| ગાંધીધામ | ૦ |
| લખપત | ૦ |
| માંડવી | ૦ |
| મુન્દ્રા | ૦ |
| નખત્રાણા | ૦ |
| રાપર | ૦ |
| કુલ : | ૧૩૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ યાદીઓમાં રહી જવા પામેલા કે અન્યાય થયો હોય તે અંગે કેટલી ફરિયાદો મળી છે, અને | (૨) ૯૦૧. |
| (૩) મળેલ ફરિયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) બને તેટલી ત્વરાથી નિકાલ કરવા આયોજન છે. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત**

૧૪૧૨૪**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને | (૧) ૯૫૫ ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા એ.પી.એલ. અને અંત્યોદય કાર્ડ હતા ? | (૨) એ.પી.એલ. કાર્ડ - ૭૮૨<br>અંત્યોદય કાર્ડ - ૫૦ |

------------

**પાટણ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં સખી મંડળોને આપવામાં આવેલ સહાય**

૧૩૧૪૯**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ-૨૦૧૦ માં પાટણ જિલ્લામાં યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળામાં સખી મંડળ સહાય યોજના અન્વયે કેટલા મંડળોને કેટલી રકમની સહાય આપવામાં આવી, | (૧) ૩૪૮ સખી મંડળોને કુલ રૂા. ૧૭.૪૦ લાખની સહાય આપવામાં આવી. |
| (૨) સખી મંડળની કઈ કઈ કામગીરી માટે આ રકમ ફાળવવામાં આવી, અને | (૨) આંતરિક ધિરાણ અને આર્થિક સધ્ધરતા માટેની વિવિધ પ્રવૃત્તિઓ માટે આ રકમ ફાળવવામાં આવી. |
| (૩) ફાળવેલ આ રકમ બજેટના ક્યા હેડે ઉધારવામાં આવી છે ? | (૩) માંગણી ક્રમાંકઃ૭૧ (આયોજન) મુખ્ય સદરઃ- ૨૫૦૫ ગ્રામીણ રોજગાર પેટા મુખ્ય સદરઃ-૬૦ અન્ય કાર્યક્રમ ગૌણ સદર :- ૩ ખાસ રોજગાર કાર્યક્રમ પેટા સદર :- ૦૨ REM-૨ ખાસ રોજગાર કાર્યક્રમનાં સદરે |

ઉધારવામાં આવે છે.
વિગતવાર સદર : ૦૦
હેતુ સદર : ૩૧૦૦ સહાયક અનુદાન
૩૧૩૫ (ગ) અન્યને સ્કીમ નં. ૧૧૧૮૫૨

------------

**નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર**

૧૪૧૧૭ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ ૨.૭૧ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા.૬૫.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ચેકડેમો અને વન તળાવો બનાવવા બાબત**

૧૪૧૭૦ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમો અને વન તળાવો બનાવવામાં આવ્યા,

(૨) બનાવેલ ચેકડેમો અને વન તળાવો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આવા વન તળાવો અને ચેકડેમોમાં કેટલો પાણીનો સંગ્રહ થયેલ છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા ૭૦ (સીત્તેર) ચેકડેમો અને ૨૪ (ચોવીસ) વન તળાવો (વનતલાવડીઓ) બનાવવામાં આવેલ છે.

(૨) બનાવેલ ચેકડેમો અને વન તળાવો પાછળ તાલુકાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | થયેલ ખર્ચ ( રૂા. લાખમાં) | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯) સુધી | |
| | ચેકડેમ | વન તળાવો | ચેકડેમ | વન તળાવો |
| ચોટીલા | ૪૦.૪૯ | ૦ | ૧૭.૬૩ | ૦ |
| મૂળી | ૧૦.૫૯ | ૦ | ૯.૦૫ | ૦ |
| ધ્રાંગધ્રા | ૨૬.૬૨ | ૭.૭૧ | ૧૧.૧૯ | ૬.૭૧ |
| લીબડી | ૮.૦૮ | ૦ | ૦ | ૦ |
| હળવદ | ૧૯.૪૭ | ૮.૩૮ | ૦ | ૨.૯૮ |
| લખતર | ૪.૬૪ | ૦ | ૨.૯૭ | ૦ |
| વઢવાણ | ૩.૬૮ | ૦ | ૦ | ૦ |
| દસાડા | ૯.૧૨ | ૪.૦૧ | ૧૦.૮૩ | ૦ |
| સાયલા | ૨.૦૬ | ૦ | ૨.૮૦ | ૦ |
| ચુડા | ૦.૦૦ | ૦.૪૨ | ૦ | ૦ |
| **કુલ :** | **૧૨૪.૭૫** | **૨૦.૫૨** | **૫૪.૪૭** | **૯.૬૯** |

(૩) આ વન તળાવો અને ચેકડેમોમાં અંદાજે કુલ:૨.૨૩ લાખ ઘ.મી. પાણીનો સંગ્રાહ થઇ શકે તેમ છે.

------------

**આદિજાતિ વિકાસ વિભાગ સાથે કરેલ એમ.ઓ.યુ.**

૧૩૩૭૯**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર)** : તા.૧/૭/૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૮૧૧૪ (અગ્રતા ૫૭)ના અનુસંધાને **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ સાથે તા.૧૩-૧-૨૦૦૯ ના રોજ એમ.ઓ.યુ. કરેલ ૧૯ સંસ્થાઓ પેકી કઈ કઈ સંસ્થાઓ દ્વારા કામગીરી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં શરૂ કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧)

૧. કોન્ફીડરેશન ઓફ ઇન્ડીયા
૨. દિપક ચેરીટેબલ ટ્રસ્ટ
૩. ઇનબાર
૪. મોન્સાન્ટો પ્રા. લિ.
૫. નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજી
૬. વાગલધરા વિભાગ કેળવણી મંડળ
૭. જશોદા નરોત્તમ ટ્રસ્ટ

(૨) તા.૧૩-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કઈ કઈ સંસ્થા દ્વારા કેટલો ખર્ચ સંસ્થાવાર કરવામાં આવ્યો ?

(૨)

| | સંસ્થાનું નામ | ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | કોન્ફીડરેશન ઓફ ઇન્ડીયા | ૦.૩૧૫ |
| ૨ | દિપક ચેરીટેબલ ટ્રસ્ટ | ૩.૦૮ |
| ૩ | ઇનબાર | ૧.૦૦ |
| ૪ | મોન્સાન્ટો પ્રા. લિ. | ૩૩.૨૨ |
| ૫ | નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજી | ૦૦.૨૭ |
| ૬ | વાગલધરા વિભાગ કેળવણી મંડળ | ૩.૯૧ |
| ૭ | જશોદા નરોત્તમ ટ્રસ્ટ | ૧.૧૬ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલનું વિતરણ કરવા બાબત

૧૪૧૨૮**શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગરીબ કુટુંબોને કેટલું પામોલીન તેલનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે ક્યા ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૨,૪૦૧૪૬ લીટર

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ માં પ્રતિ લીટર રૂા. ૩૫ થી રૂા. ૪૪ ની મર્યાદામાં વિતરણ.

વર્ષ ૨૦૦૯-૧૦ માં પ્રતિ લીટર રૂા. ૩૨.

------------

## કોડીનાર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનામાં બનાવેલ મકાનો

૧૨૪૬૨**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના નીચે કેટલા મકાનો બનેલ છે,

(૨) ઉપરોક્ત ઈન્દિરા આવાસ યોજનાના મકાનો ફાળવવામાં લાભાર્થીઓને થયેલ ગેરરીતિઓની કેટલી ફરીયાદો મળેલ છે, તેની તપાસ થયેલ છે કે કેમ, અને

(૩) ઈન્દિરા આવાસ યોજનામાં મકાન ફાળવણીમાં ગેરરીતિ કરનાર કર્મચારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના નીચે ૭૩૭ મકાનો બનાવેલ છે.

(૨) ઇન્દિરા આવાસ યોજનાના મકાનો ફાળવવામાં લાભાર્થીઓને થયેલ ગેરરીતિઓની ૩ ફરિયાદો મળેલ છે તે પૈકી ૧ ની તપાસ કરેલ છે અને ૨ ફરીયાદોની તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૩) ઇન્દિરા આવાસ યોજનામાં મકાન ફાળવણીમાં ગેરરીતિ કરનાર ૧ ફરીયાદમાં જવાબદારો સામે પગલાં ભરવાની દરખાસ્ત કરવામાં આવી છે અને બાકી ૨ ફરીયાદોમાં તપાસની કાર્યવાહી પૂર્ણ થયેથી જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૪૧૪૩ **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વન તલાવડી યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૪ (ચોપ્પન) વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂા. ૨૮.૬૪ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામગીરી**

૧૨૮૪૨**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજના હેઠળ તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધી કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલા લોકોને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજના હેઠળ તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધી ૩૭૯૬૫ જોબકાર્ડ તાલુકાવાર આપવામાં આવ્યા છે જેની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આપેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૮૩૫૩ |
| અમીરગઢ | ૫૦૦ |
| વડગામ | ૧૧૧૨૪ |
| દાંતા | ૨૨૨૯ |
| ડીસા | ૨૨૦૬ |
| ધાનેરા | ૨૩૦૦ |
| દાંતીવાડા | ૦ |
| થરાદ | ૦ |
| વાવ | ૪૪૩૪ |
| દીયોદર | ૩૬૧૯ |
| ભાભર | ૨૨૫૦ |
| કાંકરેજ | ૯૫૦ |
| **કુલ :** | **૩૭૯૬૫** |

(૨) રોજગારી આપવામાં આવેલ કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૫૮૪૭ |
| અમીરગઢ | ૪૦૦ |
| વડગામ | ૮૨૩૨ |
| દાંતા | ૧૭૩૯ |
| ડીસા | ૧૩૯૦ |
| ધાનેરા | ૧૫૬૪ |
| દાંતીવાડા | ૦ |
| થરાદ | ૦ |
| વાવ | ૩૫૪૭ |
| દીયોદર | ૨૩૫૨ |
| ભાભર | ૧૩૯૫ |
| કાંકરેજ | ૬૬૫ |
| **કુલ :** | **૨૭૧૩૧** |

------------

**જામનગર જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના**

૧૪૧૪૫**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વન વિભાગ દ્વારા ટેરેસ તલાવડી યોજના અમલમાં મૂકેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવી ?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ ભુમિ અને ભેજસંરક્ષણના ભાગ રૂપે ટેરેસ તલાવડી બનાવવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ - ૪૧૫૯૭ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

------------

**ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજના નીચે બી.પી.એલ. લાભાર્થીઓને આવાસ આપવા બાબત**

૧૨૬૭૫**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થીઓને સરદાર આવાસ યોજના હેઠળ તાલુકાદીઠ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતા લાભાર્થીઓને કેટલા સમયમાં સરદાર આવાસ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | એકંદરે કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૦૫ | ૭૪ | ૧૭૯ |
| ૨ | અંક્લેશ્વર | ૯૭ | ૮૧ | ૧૭૮ |
| ૩ | હાંસોટ | ૮૮ | ૭૬ | ૧૬૪ |
| ૪ | વાગરા | ૯૨ | ૮૬ | ૧૭૮ |
| ૫ | આમોદ | ૮૮ | ૯૩ | ૧૮૧ |
| ૬ | જંબુસર | ૯૫ | ૯૯ | ૧૯૪ |
| ૭ | જગડીયા | ૧૦૨ | ૧૮૫ | ૨૮૭ |
| ૮ | વાલીયા | ૧૩૦ | ૧૮૦ | ૩૧૦ |
| | કુલ : | ૭૯૭ | ૮૭૪ | ૧૬૭૧ |

(૨) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં બાકી લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન છે.

------------

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જ્ગ્યાઓ**

૧૩૧૩૫**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) કેટલા સમયમાં આ ખાલી જ્ગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની કુલ ૬૪ જ્ગ્યાઓ ખાલી છે.

(૨) આ ખાલી જ્ગ્યાઓ વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

------------

**વન અને પર્યાવરણ વિભાગના સરકારી કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવા બાબત**

૧૩૪૯૫**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અને પર્યાવરણ વિભાગ હેઠળ ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીઓનાં વારસદારોને રહેમરાહે નોકરી આપવાની યોજના હેઠળ કુલ કેટલા વારસદારોને નોકરી આપી,

(૨) કેટલા કેસ બાકીમાં છે,

(૩) તે ક્યારથી બાકી છે, અને

(૪) તેનાં કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીઓના ૪૩ વારસદારોને નોકરી આપી.

(૨) કુલ : ૧૪૨ કેસ બાકીમાં છે.

(૩) આ કેસો નીચે મુજબ વર્ષવાર પડતર છે.

| અ.નં. | વર્ષ | સંખ્યા | અ.નં. | વર્ષ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૮૪ | ૧ | ૧૦ | ૨૦૦૧ | ૧ |
| ૨ | ૧૯૮૭ | ૧ | ૧૧ | ૨૦૦૨ | ૪ |
| ૩ | ૧૯૯૩ | ૨ | ૧૨ | ૨૦૦૩ | ૫ |
| ૪ | ૧૯૯૫ | ૧ | ૧૩ | ૨૦૦૪ | ૧૦ |
| ૫ | ૧૯૯૬ | ૧ | ૧૪ | ૨૦૦૫ | ૧૦ |
| ૬ | ૧૯૯૭ | ૧ | ૧૫ | ૨૦૦૬ | ૧૧ |
| ૭ | ૧૯૯૮ | ૨ | ૧૬ | ૨૦૦૭ | ૩૩ |
| ૮ | ૧૯૯૯ | ૧ | ૧૭ | ૨૦૦૮ | ૩૨ |
| ૯ | ૨૦૦૦ | ૨ | ૧૮ | ૨૦૦૯ | ૨૪ |

(૪) રહેમરાહે નોકરી માટેના સરકારી ઠરાવો / પરિપત્રો કે સુચનાઓ મુજબ જરૂરી દસ્તાવેજો સાથે આશ્રિત અરજદારે સબંધિત કચેરીને અરજી કરવાની હોય છે. આ અરજી દરેક રીતે સંપૂર્ણ હોય તો તે અરજી ડિવિઝન કચેરી, વર્તુળ કચેરી અને ત્યારબાદ ખાતાના વડા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરને મોકલવામાં આવે છે. આ અરજી તેમને સંપૂર્ણ નિયમાનુસારની લાગે તો તે અરજી ભલામણ સાથે ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને મોકલે છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર નિયમોનુસાર ચકાસણી કરી આશ્રિત અરજદારને રહેમરાહે

નોકરીની નિમણુંક કરે છે.

ઉક્ત પ્રક્રિયામાં કોઈપણ કક્ષાએ અરજીમાંની અધુરી વિગતો/દસ્તાવેજો ખુટતા હોય તો તે આશ્રિત અરજદાર પાસેથી તાબાની ક્ચેરી પાસેથી મેળવવાની હોય છે. જે મેળવવામાં સમય વ્યતિત થતો હોય છે તેના લીધે રહેમરાહે નોકરીની અરજીઓ પડતર રહેવા પામેલ છે.

(૨) નામ. ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ કેસોને કારણે પણ અરજીઓ પડતર રહેવા પામેલ છે.

------------

**આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવેલ અરજીઓ**

૧૩૧૩૧**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી, અને કેટલી રકમ ફાળવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજી પડતર છે, અને

(૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૧૬૧૧ અરજીઓ આવી.

| તાલુકાનું નામ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૯૩૧ |
| ઉમરેઠ | ૧૧૨૧ |
| બોરસદ | ૨૮૦૭ |
| આંક્લાવ | ૧૪૩૭ |
| પેટલાદ | ૧૭૧૨ |
| સોજીત્રા | ૫૯૦ |
| ખંભાત | ૧૩૨૧ |
| તારાપુર | ૬૯૨ |
| **કુલ :** | **૧૧૬૧૧** |

(૨) તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવી અને કુલ રૂ. ૩૪૯૦.૫૨ લાખની રકમ ફાળવવામાં આવી.

| તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીની સંખ્યા | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| આણંદ | ૧૭૮૧ | ૬૦૦.૪૦ |
| ઉમરેઠ | ૧૧૨૧ | ૩૪૬.૭૨ |
| બોરસદ | ૨૮૦૭ | ૬૯૬.૫૭ |
| આંક્લાવ | ૧૩૪૫ | ૪૪૪.૭૬ |
| પેટલાદ | ૧૬૧૫ | ૫૧૬.૭૭ |
| સોજીત્રા | ૫૯૦ | ૧૯૩.૮૧ |
| ખંભાત | ૧૩૨૧ | ૪૩૦.૦૪ |
| તારાપુર | ૬૯૨ | ૨૬૧.૪૫ |
| **કુલ :** | **૧૧૨૭૨** | **૩૪૯૦.૫૨** |

(૩) ઉપર્યુક્ત સ્થિતિએ આણંદ તાલુકામાં ૧૫૦, આંક્લાવમાં ૯૨, અને પેટલાદ તાલુકામાં ૯૭ એમ કુલ ૩૩૯ અરજીઓનો નિકાલ બાકી છે.

(૪) ફાળવેલ લક્ષ્યાંક પૂર્ણ થવાથી.

------------

**દાહોદ જિલ્લામાં રોપા રોપવા બાબત**

૧૩૦૧૧ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર વન વિભાગ તરફથી કેટલા રોપા રોપવામાં આવ્યા,

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર વન વિભાગ તરફથી નીચે મુજબના રોપા રોપવામાં આવેલ છે.

| તાલુકો | વર્ષવાર વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| દાહોદ | ૪.૦૦ | ૫.૭૨ | ૫.૪૦ |
| ઝાલોદ | ૬.૨૫ | ૭.૪૩ | ૩.૩૭ |
| લીમખેડા | ૯.૦૯ | ૯.૭૫ | ૧૨.૧૭ |
| **તાલુકો** | **વર્ષવાર વાવેલ રોપાની સંખ્યા (લાખમાં)** | | |
| બારીયા | ૭.૬૪ | ૧૦.૦૮ | ૧૦.૨૨ |
| ફતેપુરા | ૪.૦૪ | ૫.૨૪ | ૨.૮૯ |
| ગરબાડા | ૭.૦૮ | ૧૦.૦૭ | ૧૧.૯૧ |

| | | | |
|---|---|---|---|
| ગરબાડા | ૭.૦૮ | ૧૦.૦૭ | ૧૧.૯૧ |
| ધાનપુર | ૨.૨૫ | ૩.૦૧ | ૫.૧૮ |
| **કુલ..** | **૪૦.૩૫** | **૫૧.૩૦** | **૫૧.૧૪** |

**એકંદરે કુલ- ૧૪૨.૭૯ લાખ રોપા રોપવામાં આવ્યા.**

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તેની પાછળ કુલ રૂા.૨૯૧૧.૦૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) આ રોપેલા રોપા પેકી હાલમાં કેટલા હયાત છે ?

(૩) આ રોપેલ રોપાઓ પેકી હાલમાં કુલ ૧૧૭.૬૧ લાખ રોપા હયાત છે.

------------

## રાજપીપળા પમિ વન વિભાગમાં જિલ્લા/તાલુકાનો સમાવેશ

૧૨૮૨૯**શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજપીપળા પમિ વન વિભાગમાં ક્યા ક્યા જિલ્લાના કેટલા તાલુકાનો સમાવેશ થાય છે,

(૧) રાજપીપળા પમિ વન વિભાગમાં
(૧) સુરત જિલ્લાના નીચેના તાલુકાઓનો સમાવેશ થાય છે.
(૧) માંગરોળ (૨) ઉમરપાડા (૩) માંડવી (૪) ઓલપાડ અને (૫) કામરેજ.
(૨) ભરૂચ જિલ્લાના નીચેના તાલુકાઓનો સમાવેશ થાય છે.
(૧) વાલીયા (૨) ઝઘડીયા (૩) વાગરા (૪) ભરૂચ (૫) અંકલેશ્વર (૬) હાંસોટ (૭) જંબુસર અને (૮) આમોદ.

(૨) આ વિભાગની મુખ્ય કચેરી ક્યાં આવેલી છે, અને

(૨) આ વિભાગની મુખ્ય કચેરી રાજપીપળા ખાતે આવેલી છે.

(૩) વન વિભાગ તરફથી સુચિત વન વિભાગ કચેરીને જિલ્લાવાર કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ ?

(૩) હા, જી.

------------

## રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત

૧૪૧૩૪ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યાં, અને

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૯૨૧૫ આવાસો ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) સદરહુ સમયગાળા દરમ્યાન રૂા.૧૫૦૭.૯૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને અલગ રેશનકાર્ડની અરજીઓ

૧૩૯૩૧ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૦-૧૧-૨૦૦૯ની સ્થિતિએ નવા રેશન કાર્ડ અને રેશનકાર્ડ વિભાજન માટે કેટલી અરજીઓ આવી,

(૧) ૭૨૧૦ અરજીઓ.

(૨) તે પેકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને

(૨) ૭૧૧૫ અરજીઓ.

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) નિયમોનુસારની કાર્યવાહી બાદ.

## ખેડા જિલ્લામાં ગાંડા બાવળના કારણે રસ્તાઓ બંધ/સાંકડા થવા બાબત

૧૩૯૮૮**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના તાલુકાઓમાં રોડની બંને બાજુએ ગાંડા બાવળના કારણે રસ્તાઓ બંધ અથવા સાંકડા થયેલ છે તેનો નિકાલ કરી માર્ગો ખુલ્લા કરવા સરકારનું શું આયોજન છે, અને

(૧) ૧. ના, જી. માર્ગ અને મકાન (પંચાયત) હસ્તકના કોઈ રસ્તાઓ ગાંડા બાવળના કારણે બંધ કે સાંકડા થયેલ નથી.

૨. માર્ગ અને મકાન (રાજ્ય ધોરીમાર્ગ) હસ્તકના રસ્તાઓ પરના ગાંડા બાવળો દૂર કરવાનું આયોજન વખતોવખત હાથ ધરવામાં આવે છે.

૩. વન વિભાગ હસ્તકના રોડ સાઈડ પ્રોટેક્ટેડ ફોરેસ્ટ વિસ્તારમાંના નડતરરૂપ ગાંડા બાવળ દૂર કરવાની કોઈ રજૂઆત કે દરખાસ્ત વન ખાતાને મળેલ નથી.

(૨) વન વિભાગ દ્વારા આવા કેટલા રસ્તાઓનો તાલુકાવાર સર્વે કરેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા થયેલ વૃક્ષોનું વાવેતર

૧૪૧૬૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્ષેત્રિય વન વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વિસ્તારમાં કેટલા વૃક્ષોનું વાવેતર તાલુકાવાર કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) ક્ષેત્રિય વન વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાવેતર કરેલ વિસ્તાર તથા વાવેતર કરેલ રોપાની વિગત નીચે મુજબ છે.

**પત્રક**

| તાલુકો | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|---|---|
| | હેક્ટર | રોપાની સંખ્યા | હેક્ટર | રોપાની સંખ્યા | હેક્ટર | રોપાની સંખ્યા |
| હિંમતનગર | ૩૮૦ | ૧.૮૦ | ૬૯૫ | ૪.૫૬ | ૬૦૫ | ૪.૪૨ |
| મોડાસા | ૧૫૫ | ૦.૭૯ | ૧૯૫ | ૦.૭૮ | ૩૩૮ | ૨.૫૫ |
| બાયડ | ૦ | ૦.૦૦ | ૧૦૫ | ૦.૯૯ | ૩૦ | ૦.૨૭ |
| ધનસુરા | ૦ | ૦.૦૦ | ૨૦ | ૦.૧૧ | ૨૨ | ૦.૧૯ |
| માલપુર | ૩૦૫ | ૨.૧૭ | ૩૨૦ | ૨.૩૯ | ૪૧૫ | ૩.૪૨ |
| ભિલોડા | ૧૪૩૫ | ૮.૪૪ | ૧૦૨૦ | ૬.૩૮ | ૧૧૪૭ | ૭.૬૧ |
| મેઘરજ | ૪૩૧ | ૨.૯૯ | ૫૩૫ | ૩.૬૭ | ૫૦૭ | ૩.૭૬ |
| ઇડર | ૧૫૫ | ૦.૬૪ | ૨૦૦ | ૧.૦૨ | ૨૮૦ | ૧.૮૮ |
| વડાલી | ૨૨૦ | ૦.૭૦ | ૨૨૦ | ૧.૦૪ | ૪૯૫ | ૩.૨૬ |
| ખેડબ્રહ્મા | ૧૨૩૫ | ૭.૦૮ | ૧૨૧૯ | ૮.૦૮ | ૧૮૬૯ | ૧૪.૭૪ |
| વિજયનગર | ૮૮૦ | ૩.૮૭ | ૧૫૭૫ | ૭.૯૦ | ૨૨૪૫ | ૧૨.૬૪ |
| **કુલ :** | **૫૧૯૬** | **૨૮.૪૮** | **૬૧૦૪** | **૩૬.૯૨** | **૭૯૫૩** | **૫૪.૭૪** |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા રોપાઓ હયાત છે ?

(૨) તેની પાછળ રૂ. ૨૫૦૯.૦૯ લાખ ખર્ચ થયેલ છે.

(૩) કુલ રૂ. ૯૬.૭૫ લાખ રોપા હયાત છે.

------------

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે જિલ્લાવાર ફાળવેલ રકમ

૧૩૪૪૫**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ભારત સરકારે કેટલી રકમ ફાળવી ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેન્દ્ર સરકારની મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ભારત સરકારે ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮** | **તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯** |
| બનાસકાંઠા | ૧૨૪૬.૬૨ | ૨૩૪૪.૮૯ |
| ડાંગ | ૩૫૫.૩૯ | ૧૮૧૬.૦૦ |

| **જિલ્લાનું નામ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮** | **તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯** |
| જામનગર | ૧૧૮.૨૨ | ૩૧૩.૭૦ |
| જુનાગઢ | ૧૧૫.૫૮ | ૪૦૧૬.૧૨ |

| જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| દાહોદ | ૧૯૯૩.૭૮ | ૭૭૬૨.૧૮ |
| નર્મદા | ૩૦૦.૦૦ | ૧૯૧૪.૬૯ |
| પંચમહાલ | ૧૬૦૮.૦૦ | ૪૯૫૧.૦૮ |
| સાબરકાંઠા | ૦.૦૦ | ૨૯૦૧.૭૪ |
| ભરૂચ | ૧૬.૦૦ | ૫૧૮.૧૩ |
| નવસારી | ૪૩૪.૦૦ | ૧૬૭૮.૦૨ |
| વલસાડ | ૦.૦૦ | ૧૧૩.૦૦ |
| અમદાવાદ | ૧૭૩.૩૦ | ૧૧૨૬.૭૧ |
| અમરેલી | ૧૧૧.૭૦ | ૫૧૬.૨૫ |
| આણંદ | ૧૧૫.૫૮ | ૪૨૯.૧૨ |
| ભાવનગર | ૧૬૭.૯૮ | ૫૫૦.૬૫ |
| ગાંધીનગર | ૧૪૦.૭૯ | ૯૪.૧૯ |

| જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| કચ્છ | ૧૨૫.૬૬ | ૨૩૨૮.૬૭ |
| ખેડા | ૧૪૬.૦૦ | ૧૨૫૯.૮૦ |
| મહેસાણા | ૧૫૧.૮૨ | ૩૪૯.૮૭ |
| પાટણ | ૨૪૪.૫૮ | ૨૬૮૬.૦૫ |
| પોરબંદર | ૪૫.૪૯ | ૧૩૪૬.૯૬ |
| રાજકોટ | ૧૫૫.૧૨ | ૩૧૨૩.૫૦ |
| સુરત | ૨૪૪.૪૧ | ૧૦૯૩.૮૧ |
| સુરેન્દ્રનગર | ૧૬૨.૬૫ | ૧૩૦૪.૫૪ |
| તાપી | ૧૮૨.૦૯ | ૨૨૮૧.૩૭ |
| વડોદરા | ૨૫૦.૯૦ | ૨૯૦૭.૬૨ |
| **કુલ :** | **૮૬૦૫.૬૬** | **૪૯૭૨૮.૬૬** |

------------

**તાપી જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગની ગ્રાન્ટમાંથી શૈક્ષણિક સાધનોની ખરીદી કરવા બાબત**

૧૨૫૯૯**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ મારફતે મળેલ ગ્રાન્ટમાંથી કેટલા શૈક્ષણિક સાધનોની ખરીદી કરવામાં આવી, | (૧) ૬૧ (એક્સઠ) નંગ |
| (૨) આ સાધનો કેટલી રકમના ખરીદયા, | (૨) રૂા. ૬૭,૩૪,૬૨૪/- |
| (૩) આ ખરીદી ટેન્ડર પ્રક્રિયાથી થયેલ છે કે કેમ, અને | (૩) વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન શૈક્ષણિક સાધનોની ખરીદી સરકારી ગ્રાન્ટમાંથી ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓ દ્વારા કરવામાં આવેલ છે. જ્યારે તકેદારી અધિકારી દ્વારા ટેન્ડર પ્રક્રિયા કરીને સાધનોની ખરીદી કરી શાળાઓને સાધનો પુરા પાડવામાં આવેલ છે. |
| (૪) આ સાધનો એન.જી.ઓ. મારફત આપવામાં આવેલ છે કે કેમ ? | (૪) ના, જી. |

------------

**સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર**

૧૪૧૧૮**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કુલ કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કુલ-૬.૮૮ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા. ૧૩૩.૮૦ લાખનો ખર્ચ થયેલ છે. |

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ**

૧૩૦૯૩**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં નર્મદા જિલ્લા માટે રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના માટે કેટલી રકમ વર્ષવાર ફાળવી, | (૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના માટે વર્ષવાર ફાળવેલ રકમની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | ફાળવેલ રકમ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | કેન્દ્ર સરકાર | રાજ્ય સરકાર | કુલ |
| ૨૦૦૮-૦૯ | ૧૧૦૦.૦૦ | ૩૭૮.૧૫ | ૧૪૭૮.૧૫ |
| ૨૦૦૯-૧૦ | ૧૬૦૮.૬૯ | ૧૨૩.૮૬ | ૧૭૩૨.૫૫ |
| (ડીસે.-૦૯ અંતિત) | | | |

(૨) આ ફાળવેલ રકમમાંથી વર્ષવાર તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા લોકોને રોજગારીની તકો અપાઈ,

(૨) રોજગારી આપેલ કુટુંબોની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૪૧૯૨ |
| ૨૦૦૯-૧૦ | ૭૧૬૦૧ |
| (ડીસે.-૦૯ અંતિત) | |

(૩) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કરવામાં આવેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૧૧૫.૧૦ |
| ૨૦૦૯-૧૦ | ૧૫૦૭.૮૧ |
| (ડીસે.-૦૯ અંતિત) | |

(૪) કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી ?

(૪) કેન્દ્રીય રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત હોઇ માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## વલસાડ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે કરવામાં આવેલ વાવેતર

: ૧૪૧૧૬**શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કુલ કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સામાજિક વનીકરણ યોજના હેઠળ નહીં પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ-૨.૩૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂા.૪૫.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## જામનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત

૧૪૧૧૩**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલાં વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૧) જામનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૧૮૨૦ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) ઉક્ત વાવેતર પાછળ રૂા.૩૪૦.૨૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## રાજકોટ જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના

૧૪૧૪૬**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં વન વિભાગ દ્વારા ટેરેસ તલાવડી યોજના અમલમાં મૂકેલ છે તે વાત સાચી છે, અને

(૧) વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ ભૂમિ અને ભેજ સંરક્ષણના ભાગરૂપે ટેરેસ તલાવડી બનાવવામાં આવે છે.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ-૮૩૦૪ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

------------

**તાપી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

૧૪૧૪૧**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૪૭૭૯ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વાવેતર પાછળ રૂા.૫૬૫.૮૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં સરદાર આવાસ બનાવવામાં હલકા પ્રકારની કામગીરીની ફરિયાદો**

૧૩૩૮૨**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સરદાર આવાસની યોજનામાં લાભાર્થીઓના નામે ઈજારદારો અને કોન્ટ્રાકટરો આવાસનું બાંધકામ કરે છે તેમાં હલકા પ્રકારની કામગીરી કરે છે તેવી કેટલી ફરિયાદો લાભાર્થીઓ તથા અન્ય લોકોએ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને કરી છે, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) આ પ્રકારની ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ માટેની અરજીઓ**

૧૨૮૩૧ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા. (હળવદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) કેટલા અરજદારોને પ્લોટ ફાળવવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ બાકી રહી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો.વા.ના પ્લોટ મેળવવા મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | ૧૧૪૫ |
| ૨ | વઢવાણ | ૭૬૭ |
| ૩ | પાટડી | ૫૧૮ |
| ૪ | લખતર | ૪૯૯ |
| ૫ | સાયલા | ૧૭૧૨ |
| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો.વા.ના પ્લોટ મેળવવા મળેલ અરજીઓ |
| ૬ | ચોટીલા | ૭૬૮ |
| ૭ | લીંબડી | ૩૩૭ |
| ૮ | હળવદ | ૧૦૮૮ |
| ૯ | ચુડા | ૧૬૦ |
| ૧૦ | મુળી | ૧૬૫ |
| | **કુલ :** | **૭૧૫૯** |

(૨) ૩૬૫૯ અરજદારોને પ્લોટ ફાળવવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકો | ફાળવવામાં આવેલ પ્લોટ |
|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | ૫૫૩ |
| ૨ | વઢવાણ | ૪૮૫ |
| ૩ | પાટડી | ૨૧૯ |
| ૪ | લખતર | ૧૯૦ |
| ૫ | સાયલા | ૧૧૯૪ |
| ૬ | ચોટીલા | ૨૩૯ |
| ૭ | લીંબડી | ૨૩૫ |
| ૮ | હળવદ | ૩૨૪ |
| ૯ | ચુડા | ૧૪૩ |
| ૧૦ | મુળી | ૭૭ |
| | **કુલ :** | **૩૬૫૯** |

(૩) ૪૭૭ અરજીઓ બાકીમાં છે. (૩૦૨૩ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.)

| ક્રમ | તાલુકો | બાકી અરજીઓ |
|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | ૦ |
| ૨ | વઢવાણ | ૧૮ |
| ૩ | પાટડી | ૪૪ |
| ૪ | લખતર | ૦ |
| ૫ | સાયલા | ૦ |
| ૬ | ચોટીલા | ૦ |
| ૭ | લીંબડી | ૦ |
| ૮ | હળવદ | ૩૨૭ |
| ૯ | ચુડા | ૦ |
| ૧૦ | મુળી | ૮૮ |
| | કુલ : | ૪૭૭ |

(૪) બાકીના અરજદારોને પ્લોટ ક્યારે અને કેટલા સમયમાં ફાળવવા સરકારે આયોજન કર્યુ છે ?

(૪) બાકીના અરજદારોને પ્લોટ બનતી ત્વરાએ આગામી મળનાર લેન્ડ કમીટીમાં ફાળવવા આયોજન કરેલ છે.

------------

**વનાધિકાર કાયદાના અમલ માટેનો ખર્ચ**

૧૩૪૮૮**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં વન અધિકાર કાયદા-૨૦૦૬ નો અમલીકરણ કરવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

રૂા.૧૭૮.૯૫ લાખ.

------------

**રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબ કાર્ડ આપવા બાબત**

૧૨૭૦૯**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલાં કુટુંબો કામ પર આવ્યા, અને

(૩) તે પેકી કેટલા પુરુષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૩૫૨૧૨ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) સદરહુ સમય દરમ્યાન ૬૩૧૩૯ કુટુંબો કામ પર આવેલ છે.

(૩) ૨૫.૧૩ લાખ માનવદિન પુરૂષોને અને ૧૦.૮૫ લાખ માનવદિન મહિલાઓને કામ આપવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને આપવામાં આવતો અનાજનો જથ્થો**

૧૨૪૭૬**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કાર્ડ ધારકો માટે અનાજનો માસિક કેટલો જથ્થો આપવામાં આવે છે, અને

(૨) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફાળવેલ જથ્થા અન્વયે રોજીરોટી માટે સ્થળાંતર કરતા આ જિલ્લાના બી.પી.એલ. કાર્ડ ધારકોના કાર્ડનો જથ્થો દુકાનોમાંથી કાળા બજારમાં વેચાય છે તે અંગે સરકાર તપાસ કરી પગલાં લેવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| | તાલુકાનું નામ | અનાજનો પ્રકાર (ક્વિન્ટલમાં) | | |
|---|---|---|---|---|
| | | ઘઉ | ચોખા | મકાઈ |
| ૧ | દાહોદ | ૧૯૦ | ૪૦૦ | ૭૦૦ |
| ૨ | ગરબાડા | ૮૦ | ૧૯૦ | ૩૨૦ |
| ૩ | ઝાલોદ | ૨૪૦ | ૫૧૦ | ૮૭૦ |
| ૪ | ફતેપુરા | ૧૦૦ | ૨૩૦ | ૩૯૦ |
| ૫ | લીમખેડા | ૧૫૦ | ૩૩૦ | ૫૭૦ |
| ૬ | ધાનપુર | ૧૦૦ | ૨૪૦ | ૪૧૦ |
| ૭ | દેવગઢબારીયા | ૮૦ | ૧૮૦ | ૩૦૦ |
| | કુલ .. | ૯૪૦ | ૨૦૮૦ | ૩૫૬૦ |

(૨) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. છતાં જિલ્લા કક્ષાએ ૧ વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૨૦૮ તપાસો કરવામાં આવેલ છે. જથ્થો સીઝ કરવા તેમજ રાજ્યસાત કરવાના પગલાં લીધેલ છે.

**આણંદ જિલ્લામાં બોગસ રેશનીંગકાર્ડ પકડવા બાબત**

૧૨૪૭૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બોગસ રેશનીંગકાર્ડ પકડવામાં આવ્યા, અને

(૨) આ બોગસ રેશનીંગકાર્ડ ધારકો સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ બોગસ રેશનકાર્ડ પકડવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું | રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૩૩૧૮ |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૫૯૭૨ |
| ૩ | ઉમરેઠ | ૨૦૫૬ |
| ૪ | આંકલાવ | ૧૮૪૦ |
| ૫ | બોરસદ | ૩૩૧૮ |
| ૬ | પેટલાદ | ૫૩૨૩ |
| ૭ | સોજીત્રા | ૧૭૩૪ |
| ૮ | ખંભાત | ૩૮૨૧ |
| ૯ | તારાપુર | ૧૧૩૫ |
| | **કુલ :** | **૨૮,૫૧૭** |

(૨) રેશનીંગનો જથ્થો આપવાનું બંધ કરવામાં આવેલ છે.

------------

**મહેસાણા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૪૧૩૩**શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં વન તલાવડી યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગીરના અભ્યારણમાં સિંહોની સંખ્યા**

૧૩૬૭૨**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગીરના અભ્યારણમાં સિંહોની વસ્તી કેટલી છે,

(૨) તેમાં નર, માદા અને બચ્ચાઓ કેટલા છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સિંહોના અકસ્માતે શિકાર કરવાથી અને કુદરતી મૃત્યુ થયા છે, અને

(૪) શિકાર અને અપમૃત્યુના બનાવો રોકવા સરકારે તે અન્વયે શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) અંદાજે ૨૯૧.

(૨)

| **નર** | **માદા** | **બચ્ચાં** |
|---|---|---|
| ૬૮ | ૧૦૦ | ૧૨૩ |

(૩)

| **કુદરતી** | **અકસ્માત** | **શિકાર** |
|---|---|---|
| ૭૧ | ૦ | ૧ |

(૪) અપમૃત્યુ અને શિકારથી થતાં મૃત્યુ અટકાવવા સરકારશ્રી દ્વારા નીચેની વિગત પગલા લેવામાં આવેલ છે.

(૧) બ્રુહદગીરની યોજના અમલમાં મુકેલ છે.
(૨) મહેકમમાં વધારો કરવામાં આવેલ છે.
(૩) વન અને વન્યપ્રાણી રક્ષણને સુદ્રઢ બનાવવાના ઉદ્દેશથી ફોરેસ્ટર તથા બીટગાર્ડને મોટરસાયકલ ની ફાળવણી કરવામાં આવેલ છે.
(૪) વાહનો તથા હથિયારો જરૂરીયાત પ્રમાણે ફાળવવામાં આવેલ છે.
(૫) અદ્યતન સાધનોની જોગવાઈ કરવામાં આવેલ

છે.

(૬) લોક સહકાર-લોક ભાગીદારી સુદ્રઢ કરવામાં આવેલ છે.

(૭) ક્ષેત્રીય તથા જિલ્લા કક્ષાના સંક્લન સુદ્રઢ કરવામાં આવેલ છે.

(૮) પ્રવાસીઓ, દૈનિક વેતનદારો / રોજમદારો બાબતે માહિતિ મેળવવામાં આવે છે.

(૯) ગીરવિસ્તાર ફરતે રેલ્વેસ્ટેશન, બસ સ્ટેશન, મજૂરોના દંગાઓ, અજાણી વ્યક્તીઓ જોવા મળે તો તેની માહિતિ તથા તપાસ કરવામાં આવે છે.

(૧૦) ગીર વિસ્તાર ફરતે આવેલ ખેતરોમાં ગેર કાયદેસર વિદ્યુત ફેન્સીંગ અંગે વીજ વિભાગ સાથે રહી રક્ષણના પગલાં ભરવામાં આવે છે.

(૧૧) ગીર જંગલ વિસ્તારમાં ૬ કી.મી. વિસ્તારમાં ખેડૂતોના ખેતરમાં આવેલ ખુલ્લા કુવાને પેરાપેટ વોલથી સુરક્ષીત કરવાની કામગીરી કરવામાં આવે છે. ૧૩૫૫૪ કુવાઓ સને ૨૦૦૭-૦૮ થી ડીસેમ્બર-૨૦૦૯ દરમ્યાન સુરક્ષીત કરેલ છે.

(૧૨) અભ્યારણ વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓ ઉપર વન્યપ્રાણીના અકસ્માત નિવારવા વાહનો ની ગતી મર્યાદા ૨૦ કી.મી. તથા ગતિ અવરોધક બનાવવામાં આવેલ છે.

(૧૩) સઘન પેટ્રોલીંગ અને અસરકારક ફેરણું કરવામાં આવે છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં સંગ્રહખોરો સામે પડેલ દરોડાઓ**

૧૪૧૬૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાગરિક પુરવઠા વિભાગ દ્વારા સંગ્રહખોરો સામે વર્ષવાર કુલ કેટલા દરોડા પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) ખાંડ અને કઠોળના નિયંત્રિત આદેશો અનુસાર સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સંગ્રહખોરો સામે પાડેલ દરોડા અને તે સિવાયના અન્ય વિક્રેતાઓની કરેલ તપાસોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | સમયગાળો | નિયંત્રિત આદેશો અન્વયે સંગ્રહખોરો સામે પાડેલ દરોડા | અન્ય વિક્રેતાઓની કરેલ તપાસો |
|---|---|---|---|
| ૧ | તા.૧-૨-૦૮<br>તા.૩૧-૧-૦૯ | - | ૨૬૧ |
| ૨ | તા.૧-૨-૦૯<br>તા.૩૧-૧-૧૦ | ૩ | ૩૦૯ |
| | કુલ : | ૩ | **૫૭૦** |

(૨) દરોડામાં ક્યા ક્યા ખાધ્ય પુરવઠો પકડવામાં આવ્યા, અને

(૨) સંગ્રહખોરો ઉપર પાડેલ દરોડા અન્વયે નીચે મુજબનો ખાદ્ય પુરવઠાનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

ખાંડ ૪૮૦૦ કિલો
ચણા ૫૦૦૦ કિલો

તેમજ ૨૮૨ વિક્રેતાઓની તપાસમાં જણાયેલ ગેરરીતી સબબ નીચે મુજબનો ખાદ્ય પુરવઠો કબજે લેવામાં આવ્યો.

અનાજ ૮૪૨૧૮૩ કિલો
કઠોળ ૯૮૫૩૦ કિલો

| | | |
|---|---|---|
| ખાંડ | ૩૧૫૦૮ | કિલો |
| ખાદ્ય તેલ | ૬૧૯૭૨ | કિલો |
| ખાદ્ય તેલીબીયાં | ૧૪૩૨૨૨ | કિલો |

(૩) એ સંદર્ભમાં કેટલા ગુનેગારોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) સંગ્રહખોરોના દરોડામાં કબજે લેવાયેલ જથ્થા પૈકી ૧ કિસ્સામાં રૂ. ૨૮,૪૯૦-૦૦ કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. તેમજ ૨૮૨ વિક્રેતાઓની કરાયેલ તપાસમાં કબજે લેવાયેલ જથ્થા પૈકી ૨૨૭ વિક્રેતાઓનો રૂ. ૧૪,૫૪,૩૦૬-૦૦ ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

------------

**૧૨મા નાણા પંચની ગ્રાન્ટમાંથી ભાવનગર જિલ્લા પંચાયતને આપેલ ગ્રાન્ટ**

૧૩૬૭૫ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લા પંચાયતમાં ૧૨ મા નાણા પંચની ગ્રાન્ટમાં વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે,

(૨) તેના અનુસંધાને વર્ષવાર કેટલા કામને વહીવટી મંજૂરી આપી, અને

(૩) તે પેટે કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લા પંચાયતને ૧૨ મા નાણા પંચની ગ્રાન્ટ નીચે મુજબ ફાળવણી કરેલ છે.
વર્ષ ૨૦૦૭-૦૮ રૂ. ૭૬૯.૧૮ લાખ
વર્ષ ૨૦૦૮-૦૯ રૂ. ૭૬૯.૧૮ લાખ

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ માં ૩૮૫ કામ
વર્ષ ૨૦૦૮-૦૯ માં ૪૪૪ કામ

(૩) નીચે મુજબ ખર્ચ થયેલ છે.
વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂ. ૫૨૩.૨૬ લાખ
વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂ. ૪૫૨.૭૮ લાખ.

------------

**કેન્દ્ર સરકારની નેશનલ રોજગાર ગેરંટી યોજનામાં બોરીબંધ બાંધવા બાબત**

૧૨૭૪૦**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં કેન્દ્ર સરકારની નેશનલ રોજગાર ગેરંટી યોજના અન્વયે બોરીબંધો બાંધવામાં આવ્યા છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો કેન્દ્રીય રોજગાર ગેરંટી યોજનામાં આવા કામચલાઉ કામો હાથ ધરવાની છૂટ અપાયેલ છે કે કેમ, અને

(૩) રાજ્ય સરકારે આ બોરીબંધ બાંધવા અન્વયે કોઈ પરિપત્રો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બહાર પાડેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળના પરવાનગીપાત્ર કામોમાં જળસંગ્રહ અને જળસંચયના કામોનો સમાવેશ થયેલ છે.

(૩) હા, જી.

------------

**બારડોલી અને માંડવી તાલુકામાં ગ્રામવનોમાં વાવેતર કરવા બાબત**

૧૩૬૯૪**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાનાં બારડોલી અને માંડવી તાલુકાનાં ગામોમાં ગ્રામવન હેઠળ કઈ કઈ જમીનમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ગ્રામ-પંચાયતોને એનાથી કેટલો લાભ મળે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાનાં બારડોલી તાલુકાના ઓરગામ, તાજપોર તથા માંડવી તાલુકાનાં કાકરાપાર (રજવાડ) અને રૂપેણ ગામની ગોચર જમીનમાં ગ્રામ વન વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉછરેલ ગ્રામ વનના વૃક્ષો પરિપક્વ થયેથી તેની હરાજીમાંથી ઉપજેલ રકમમાંથી વન વિભાગે કરેલ

ખર્ચ બાદ કરી ચોખ્ખી ઉપજના ૭૫ ટકા રકમ જે તે ગ્રામ પંચાયતને વિકાસના કામો માટે ફાળવવામાં આવે છે. બાકીની ૨૫ ટકા રકમ સંબંધિત સરપંચ અને વન વિભાગના જવાબદાર અધિકારીના સંયુક્ત ખાતામાં જમા રાખવામાં આવે છે. જેમાંથી પુનઃ વનિકરણ કરવામાં આવે છે.

------------

**નવસારી જિલ્લામાં ગ્રામ વન હેઠળ કરવામાં આવેલ વાવેતર**

**૧૪૧૧૫શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામ વન હેઠળ કેટલા હેકટર જમીનમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) ગ્રામ પંચાયતોને તેનાથી કેટલો લાભ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામવન હેઠળ કુલ ૭૨ હેકટર જમીનમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉછેરેલ ગ્રામ વનના વૃક્ષો પરિપક્વ થયેથી તેની હરાજીમાંથી ઉપજેલ રકમમાંથી વન ખાતાએ કરેલ ખર્ચ બાદ કરી ચોખ્ખી ઉપજના ૭૫ ટકા રકમ જે તે ગ્રામ પંચાયતોને વિકાસના કામો માટે ફાળવવામાં આવે છે. અને ૨૫ ટકા રકમ સરપંચ અને વન વિભાગના સંયુક્ત ખાતામાં જમા રાખવામાં આવે છે. જેમાંથી પુનઃ વનીકરણ થઇ શકે છે.

------------

**ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના**

**૧૪૧૩૭પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે ઈકો ટુરીઝમનાં વિકાસ માટે કોઈ યોજના અમલમાં મૂકી છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના અન્વયે ઈકો ટુરીઝમનાં વિકાસ માટે ક્યા સ્થળોની પસંદગી કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઇકો ટુરીઝમના વિકાસ માટે સામેલ પત્રક મુજબની ૪૨ (બેંતાલીસ) સાઇટની પસંદગી કરવામાં આવેલ છે.

**પત્રક**

| અનું. | જિલ્લો | સ્થળનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા | વઢવાણા |
| ૨ | વડોદરા | કેવડી |
| ૩ | વડોદરા | તરગોળ |
| ૪ | પંચમહાલ | જાંબુઘોડા |
| ૫ | જુનાગઢ | સાસણ |
| ૬ | જુનાગઢ | ગીરનાર |
| ૭ | જુનાગઢ | હરીહર વન, સોમનાથ |
| ૮ | ડાંગ | મહાલ |
| ૯ | ડાંગ | ગીરાધોધ |
| ૧૦ | ડાંગ | ગ્રીન સાપુતારા |
| ૧૧ | ડાંગ | દેવીનામાળ |
| ૧૨ | નવસારી | કીલાદ |
| ૧૩ | સુરત | પદમડુંગરી |
| ૧૪ | નર્મદા | સગાઇ (સુલપાણેશ્વર) |
| ૧૫ | નર્મદા | કેવડી |
| ૧૬ | નર્મદા | વિશાલખાડી |
| ૧૭ | નર્મદા | માલસામોટ |
| ૧૮ | નર્મદા | ઝરવાણી |
| ૧૯ | નર્મદા | કડીયા ડુંગર |
| ૨૦ | દાહોદ | રતનમહાલ |
| ૨૧ | અમદાવાદ | નળસરોવર-૧ |
| ૨૨ | સાબરકાંઠા | પોળો |
| ૨૩ | બનાસકાંઠા | જેસોર |
| ૨૪ | બનાસકાંઠા | માંગલ્યવન અંબાજી |
| ૨૫ | બનાસકાંઠા | બાલારામ અંબાજી |
| ૨૬ | મહેસાણા | થોળ |
| ૨૭ | ગાંધીનગર | પુનિતવન સોલાર લાઇટ, ગાંધીનગર |

| | | |
|---|---|---|
| ૨૭ | ગાંધીનગર | પુનિતવન સોલાર લાઇટ, ગાંધીનગર |
| ૨૮ | ગાંધીનગર | ફોસીલપાર્ક, ગાંધીનગર |
| ૨૯ | ગાંધીનગર | રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ, ગાંધીનગર |
| ૩૦ | ગાંધીનગર | ફેસીલીટી એટ ઇન્દ્રોડા પાર્ક, ગાંધીનગર |
| ૩૧ | ગાંધીનગર | ગીર પ્રોજેક્ટ, ગાંધીનગર |
| ૩૨ | ગાંધીનગર | વાઇલ્ડરનેશ પાર્ક, ગાંધીનગર |
| ૩૩ | કચ્છ | નારાયણ સરોવર |
| ૩૪ | કચ્છ | પેટ્રીફાઇડ વુડ ફોસીલ પાર્ક, ધોળાવિરા |
| ૩૫ | પોરબંદર | માધુપુર |
| ૩૬ | જામનગર | પીરોટન |
| ૩૭ | ભાવનગર | વેળાવદર |
| ૩૮ | અમરેલી | કાજનાનાવાડા |
| ૩૯ | ગોધરા | સામલી |
| ૪૦ | ખેડા | ડાકોરજી |
| ૪૧ | વલસાડ | દાબખલ |
| ૪૨ | તાપી | આંબાપાણી |

(૩) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના અંતર્ગત રૂા.૧૭૧૬.૯૨ લાખનો ખર્ચ થયેલ છે.

------------

**ધોળકા અને બાવળા તાલુકામાં મોટા ખેડૂતોને કેરોસીન ન આપવા બાબત**

૧૩૦૦૧ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ધોળકા અને બાવળા તાલુકામાં મોટા ખેડૂતોને કેરોસીન આપવાનું બંધ કરેલ છે, અને

(૨) જો હા, તો આ બે તાલુકાના કેટલા ખેડૂતોને કેરોસીન આપવાનું બંધ કરેલ છે ?

**જવાબ**

(૧) ""ના, જી,"" મોટા ખેડૂતોને કેરોસીન આપવાની કોઇ યોજના નથી. પરંતુ સરકારશ્રીએ નિયત કરેલ વિતરણ પ્રણાલી અનુસાર રાંધણગેસ જોડાણ ન ધરાવતા હોય તેવા તમામને ૧ થી ૩ જનસંખ્યા ધરાવતા રેશનકાર્ડ દીઠ ૫ લીટર અને ૪ કે તેથી વધુ જનસંખ્યા ધરાવતા રેશનકાર્ડ દીઠ ૧૦ લીટર પ્રમાણે માસિક ધોરણે કેરોસીનનો જથ્થો વિતરણ કરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર જિલ્લામાં ગોચરના દબાણો**

૧૩૯૮૪**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર થયેલા ગોચર દબાણોમાં કેટલા ગામોમાં દબાણની માપણી કરાવવાની બાકી છે અને તે કેટલા સમયથી બાકી છે,

(૨) લાંબા સમયથી માપણી ન કરાવવાના શાં કારણો છે, અને

(૩) બાકી રહેલી માપણી ક્યાં સુધીમાં કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ-૯૩ ગામોમાં ગોચર દબાણોની માપણી કરાવવાની બાકી છે. તાલુકાવાર નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કાલાવાડ | ૧૯ |
| ૨ | જામનગર | ૧૧ |
| ૩ | જામખંભાલીયા | ૫૯ |
| ૪ | જામજોધપુર | ૪ |
| | **કુલ :** | ૯૩ |

છેલ્લા એકથી બે વર્ષથી માપણી બાકી છે.

(૨) ગોચરની જમીનનું ક્ષેત્રફળ મોટું હોઇ માપણી ફીની રકમ વધુ ભરવાની થતી હોય ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોવાથી ગ્રામ પંચાયત દ્વારા આવી માપણી ફી ની રકમ ન ભરી શકવાના કારણે બાકી રહેલ છે.

(૩) બાકી રહેલી માપણી તાકીદે પૂર્ણ કરવા સુચના પાઠવવામાં આવેલ છે.

------------

**આણંદ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા**

૧૨૪૭૩**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા નોંધાયેલ છે,

(૨) આ કાર્ડધારકોને માસવાર કુલ કેટલો જથ્થો ખરેખર મળવાપાત્ર થાય છે, અને

(૩) આ કાર્ડધારકોને પુરતા પ્રમાણમાં જથ્થો ફાળવવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ.કાર્ડધારકોની સંખ્યા નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **બી.પી.એલ. કાર્ડ સંખ્યા** |
|---|---|
| આણંદ (શહેર) | ૪૬૭૫ |
| આણંદ (ગ્રામ્ય) | ૨૪૫૮૪ |
| ઉમરેઠ | ૧૧૮૮૪ |
| આંકલાવ | ૯૫૫૧ |
| બોરસદ | ૨૨૭૯૪ |
| પેટલાદ | ૧૫૭૦૨ |
| સોજીત્રા | ૬૦૮૬ |
| ખંભાત | ૧૮૬૬૦ |
| તારાપુર | ૪૯૩૯ |
| **કુલ..** | **૧,૧૮,૮૭૫** |

(૨) માસવાર કાર્ડ ધારકોને અપાતો જથ્થો.

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | કાર્ડદીઠ પ્રમાણ કિ.ગ્રા. | વ્યક્તિ દીઠ પ્રમાણ કિ.ગ્રા. | ભાવ પ્રતિ કિ.લો. રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ઘઉ | ૯ | ૧.૫ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૩.૫ | ૦.૧ | ૩.૦૦ |
| ૩ | ઘઉં વધારાના | ૫ | - | ૫.૦૦ |
| ૪ | ચોખા વધારાના | ૨.૫ | - | ૬.૭૦ |
| ૫ | કેરોસીન | ગેસ ક્નેક્શન નહિ ધરાવતા ૧ થી ૩ વ્યક્તિવાળા રેશનકાર્ડ પર ૫ લીટર તેમજ ૪ થી વધુ વ્યક્તિવાળા કાર્ડ પર ૧૦ લીટર | - | ૯.૨૦ |

(૩) હા, જી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ બી.પી.એલ. કાર્ડ**

૧૩૧૩૮**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કાર્ડ નોંધાયેલા છે, અને

(૨) બી.પી.એલ. કાર્ડધારકોને સસ્તા અનાજની દુકાનોથી શું શું આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કાર્ડની સંખ્યા નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **રેશનકાર્ડની સંખ્યા** |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૬૯૭૮ |
| ૨ | વડગામ | ૧૧૭૪૬ |
| ૩ | દાંતા | ૮૩૦૨ |
| ૪ | અમીરગઢ | ૭૧૧૧ |
| ૫ | દાંતીવાડા | ૫૯૯૨ |
| ૬ | ડીસા | ૩૦૦૫૭ |
| ૭ | ધાનેરા | ૧૧૦૦૨ |
| ૮ | કાંકરેજ | ૧૦૯૬૪ |
| ૯ | થરાદ | ૩૩૦૩ |
| ૧૦ | વાવ | ૧૦૧૦૬ |
| ૧૧ | દિયોદર | ૬૫૩૨ |
| ૧૨ | ભાભર | ૫૩૩૮ |
| | **કુલ..** | **૧,૨૭,૪૩૧** |

(૨) ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીન આયોડીન યુક્ત મીઠું તેમજ તહેવારો દરમ્યાન પામોલીન તેલ આપવામાં આવે છે.

## સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ ન થવા બાબતની ફરિયાદો

૧૩૭૫૮**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં સમાવેશ થવાને પાત્ર હોવા છતાં યાદીમાં સમાવેશ થયો ન હોવા અંગેની કેટલી ફરિયાદો મળેલ છે,

(૨) તે પૈકી મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાઓમાંથી આવેલ ફરિયાદો પૈકી કેટલા ફરિયાદીઓનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં કરવામાં આવ્યો, અને

(૩) ઉપરોક્ત ચાર તાલુકાઓમાં કેટલા નામો યાદીમાં ઉમેરવાના બાકી છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં સમાવેશ ન થયો હોવાની મળેલ ફરિયાદોની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **મળેલ ફરિયાદની સંખ્યા** |
|---|---|
| હિંમતનગર | ૨૮૦૯ |
| ઈડર | ૫૫૦૭ |
| વડાલી | ૪૯ |
| મોડાસા | ૮૦૩ |
| **તાલુકાનું નામ** | **મળેલ ફરિયાદની સંખ્યા** |
| ધનસુરા | ૬૦ |
| પ્રાંતિજ | ૩૧૩૯ |
| તલોદ | ૧૯૮૮ |
| બાયડ | ૭૮૯૧ |
| માલપુર | ૭૧૬ |
| ખેડબ્રહ્મા | ૧૦૮૮૮ |
| વિજ્યનગર | ૧૯૦૭ |
| ભિલોડા | ૪૪૭૨ |
| મેઘરજ | ૨૩૯૦ |
| **કુલ...** | **૪૨૬૧૯** |

(૨) મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાની બી.પી.એલ. યાદીમાં ફરિયાદોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ કુટુંબોની સંખ્યા |
|---|---|
| મેઘરજ | ૬૨૨ |
| માલપુર | ૨૩૧ |
| બાયડ | ૬૪૧ |
| ધનસુરા | ૨ |
| **કુલ...** | **૧૪૯૬** |

(૩) સદરહુ સમય દરમ્યાનની ૧૦૮ અરજીઓ ચકાસણી હેઠળ છે, જે ચકાસણી થયેથી પાત્રતા ધરાવતાં લાભાર્થીઓના નામ બી.પી.એલ. યાદીમાં ઉમેરવામાં આવશે.

------------

## ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ માટેની અરજીઓ

૧૨૭૦૭**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **બી.પી.એલ. કાર્ડ માટે આવેલ અરજીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ઝોનલ-૧ | ૫૪૪૦ |
| ૨ | ઝોનલ-૨ | ૪૯૪૭ |
| ૩ | ગઢડા | ૧૩૧ |
| ૪ | બોટાદ | ૬૫ |
| ૫ | મહુવા | ૨૧ |
| ૬ | પાલીતાણા | ૨૧ |
| | **કુલ..** | **૧૦૬૨૫** |

(૨) ૯૩ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે. ૧૦૫૩૨ અરજીઓ ચકાસણી હેઠળ છે.

------------

## કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ

૧૩૮૪૩**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯ ના વર્ષમાં કચ્છ જિલ્લામાં એન.આર.ઈ.જી. યોજના હેઠળ કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) કેટલા માનવદિનની રોજગારી ઉભી થઈ અને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) સન ૨૦૦૯ના વર્ષમાં કચ્છ જિલ્લામાં એન.આર.ઈ.જી. યોજના હેઠળ ૩૬૫૧૫ જોબકાર્ડ આપવામાં આવ્યા છે.

(૨) ૨૩.૯૧ લાખ માનવદિનની રોજગારી ઉભી થઈ અને રૂા.૨૯૧૨.૩૪ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં કેરોસીન ફાળવવા બાબત

૧૪૧૭૧ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ માં તાલુકાવાર કેટલી જરૂરીયાત સામે કેટલો કેરોસીનનો જથ્થો પૂરો પાડવામાં આવેલ છે ?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં તાલુકાવાર જરૂરીયાત સામે ફાળવેલ કેરોસીનના જથ્થાની વિગત નીચે મુજબ છે.

(જથ્થો કિલો લીટરમાં)

| | વર્ષ ૨૦૦૭-૦૮ | | | વર્ષ ૨૦૦૮-૦૯ | | |
|---|---|---|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **કુલ જરૂરીયાત** | **કુલ ફાળવણી** | **જરૂરીયાત સામે ફાળવણીની ટકાવારી** | **કુલ જરૂરીયાત** | **કુલ ફાળવણી** | **જરૂરીયાત સામે ફાળવણીની ટકાવારી** |
| સુરેન્દ્રનગર | ૪૧૧૧ | ૩૯૭૪ | ૯૬.૬૬ | ૩૯૪૦ | ૩૮૪૭ | ૯૭.૬૩ |
| વઢવાણ | ૩૯૫૦ | ૩૮૫૫ | ૯૭.૫૯ | ૩૮૯૮ | ૩૮૦૮ | ૯૭.૬૯ |
| મુળી | ૨૩૩૬ | ૨૨૫૧ | ૯૬.૩૬ | ૨૪૩૫ | ૨૩૯૬ | ૯૮.૩૯ |
| ચોટીલા | ૩૫૩૬ | ૩૪૩૪ | ૯૭.૧૧ | ૪૨૧૭ | ૪૧૪૦ | ૯૮.૧૭ |
| લીંબડી | ૩૪૫૨ | ૩૩૬૬ | ૯૭.૫૦ | ૪૧૭૩ | ૪૧૦૫ | ૯૮.૩૭ |
| સાયલા | ૨૪૭૧ | ૨૪૦૨ | ૯૭.૨૦ | ૩૦૩૮ | ૨૯૮૭ | ૯૮.૩૨ |
| લખતર | ૨૨૧૨ | ૨૧૪૯ | ૯૭.૧૫ | ૨૦૯૪ | ૨૦૭૦ | ૯૮.૮૫ |
| ધ્રાંગધ્રા | ૪૩૯૯ | ૪૨૯૧ | ૯૭.૫૪ | ૪૬૭૭ | ૪૫૯૯ | ૯૮.૩૩ |
| હળવદ | ૩૦૯૯ | ૨૯૯૭ | ૯૬.૭૦ | ૩૨૦૬ | ૩૧૧૭ | ૯૭.૨૨ |
| પાટડી | ૪૦૪૩ | ૩૯૫૨ | ૯૭.૭૪ | ૪૧૪૪ | ૪૦૬૫ | ૯૮.૦૯ |
| ચૂ.ડા | ૨૩૧૨ | ૨૨૩૮ | ૯૬.૭૯ | ૨૩૪૭ | ૨૩૦૩ | ૯૮.૧૨ |
| **કુલ :** | **૩૫૯૨૧** | **૩૪૯૦૯** | **૯૭.૧૮** | **૩૮૧૬૯** | **૩૭૪૩૭** | **૯૮.૦૮** |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવા બાબત

૧૪૧૨૯**શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ છે, અને

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઇ-ક્નેકટીવીટીથી જોડવાની બાકી છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની તમામ ૬૧૫ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) તમામ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કોડીનાર તાલુકાના સિંધાજ ગામે ગામતળ અને સરકારી જમીનમાં થયેલ દબાણ

૧૨૪૬૩ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના સિંધાજ ગામે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગામતળ અને સરકારી જમીનમાં કેટલું દબાણ થયેલ છે,

**જવાબ**

(૧) ગામતળની/સરકારી ગોચરની જમીનમાં એક આસામીનું દબાણ આશરે એક વીઘા (અંદાજે ૧૬૨૦ ચો.મી.) થયેલ છે અને તે ગામ દફતરે નોંધાયેલ છે પરંતુ તે માલીકીનો સર્વે નંબર છે કે ગામતળ/સરકારી જમીનનું દબાણ છે તે માટે ડી.આઇ.એલ.આર. દ્વારા માપણી થાય તે માટેની કાર્યવાહી ચાલુ છે.

(૨) ઉપરોક્ત દબાણો દૂર કરવા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે કે કેમ,

(૨) ઉક્ત દબાણ દૂર કરવા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ દબાણદારને તા. ૩૦-૧૧-૦૯થી નોટીસ આપવામાં આવેલ છે.

(૩) જો હા, તો કેટલા દબાણ દૂર કરવામાં આવ્યા, અને

(૩) કાર્યવાહી ચાલુ છે.

(૪) હજુ કેટલા દબાણો દૂર કરવાના બાકીમાં છે?

(૪) ૧ (એક).

------------

## ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો

૧૨૭૨૮ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને સરદાર પટેલ આવાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં આવાસો ફાળવ્યા, અને

(૨) તે અન્વયે બાકી રહેતા કેટલા ઈસમોને કેટલા સમયમાં આવાસો પૂરા પાડવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા. ૧-૧-૦૮થી ૩૧-૧૨-૦૮ | તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | એકંદરે કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૦૫ | ૭૪ | ૧૭૯ |
| ૨ | અંકલેશ્વર | ૯૭ | ૮૧ | ૧૭૮ |
| ૩ | હાંસોટ | ૮૮ | ૭૬ | ૧૬૪ |
| **ક્રમ** | **તાલુકો** | **તા. ૧-૧-૦૮થી ૩૧-૧૨-૦૮** | **તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯** | **એકંદરે કુલ** |
| ૪ | વાગરા | ૯૨ | ૮૬ | ૧૭૮ |
| ૫ | આમોદ | ૮૮ | ૯૩ | ૧૮૧ |
| ૬ | જંબુસર | ૯૫ | ૯૯ | ૧૯૪ |
| ૭ | જગડીયા | ૧૦૨ | ૧૮૫ | ૨૮૭ |
| ૮ | વાલીયા | ૧૩૦ | ૧૮૦ | ૩૧૦ |
| | **કુલ :** | **૭૯૭** | **૮૭૪** | **૧૬૭૧** |

(૨) બાકી રહેતા ૧૮૦૬ આવાસો પ્રગતિ હેઠળના છે. જે સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## આણંદ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત

૧૩૧૩૦**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ભૂતિયા અથવા ખોટા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા,

(૨) નાબૂદ કરેલ રેશનકાર્ડમાં બી.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા તાલુકાવાર કેટલી હતી, અને

(૩) નાબૂદ કરેલ એ.પી.એલ. અને બી.પી.એલ. રેશનકાર્ડ સામે કેટલા સાચા કાર્ડ ધારકોને નવા કાર્ડ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર ભુતિયા અથવા ખોટા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | નાબુદ કરેલ ભૂતિયા/ખોટા રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૩૩૧૮ |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૫૯૭૨ |
| ૩ | ઉમરેઠ | ૨૦૫૬ |
| ૪ | આંક્લાવ | ૧૮૪૦ |
| ૫ | બોરસદ | ૩૩૧૮ |
| ૬ | પેટલાદ | ૫૩૨૩ |
| ૭ | સોજીત્રા | ૧૭૩૪ |
| ૮ | તારાપુર | ૧૧૩૫ |
| ૯ | ખંભાત | ૩૮૨૧ |
| | **કુલ :** | **૨૮૫૧૭** |

(૨) નાબૂદ કરેલ રેશનકાર્ડમાં બી.પી.એલ. રેશનકાર્ડની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૩૭૬ |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૨૦૪ |
| ૩ | ઉમરેઠ | ૬૯ |
| ૪ | આંક્લાવ | ૩૬૬ |
| ૫ | બોરસદ | ૨૩૮ |
| ૬ | પેટલાદ | ૨૧૦૩ |
| ૭ | સોજીત્રા | ૫૯૮ |
| ૮ | તારાપુર | ૧૬૦૧ |
| ૯ | ખંભાત | ૩૨૯ |
| | **કુલ :** | **૫૮૮૪** |

(૩) નિયમોનુસાર મળેલ અરજીઓ ચકાસીને ૭૯૫ નવા બી.પી.એલ. તથા ૪૮૯૯૩ નવા એ.પી.એલ. કાર્ડ આપવામાં આવેલ છે.

## દાહોદ જિલ્લામાં રોપા ઉછેર નર્સરી કેન્દ્રો આપવા

૧૩૦૧૨**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા વાર વન વિભાગ તરફથી કેટલા રોપા ઉછેર નર્સરી કેન્દ્રો આપવામાં આવેલ છે,

(૨) તેમાં કઈ જાતિના કેટલા લાભાર્થીને લાભ મળેલ છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા વાર વન વિભાગ દાહોદ તરફથી નીચે મુજબ રોપા ઉછેર કેન્દ્રો આપવામાં આવેલ છે.

| વર્ષવાર આપવામાં આવેલ રોપ ઉછેર કેન્દ્રો | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | દાહોદ | ૧૫ | ૧૫ | ૧૬ |
| ૨ | ઝાલોદ | ૧૬ | ૧૫ | ૧૬ |
| ૩ | લીમખેડા | ૧૪ | ૧૫ | ૧૭ |
| ૪ | બારીયા | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૫ | ફતેપુરા | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૬ | ગરબાડા | ૧૪ | ૧૦ | ૧૫ |
| ૭ | ધાનપુર | ૧૪ | ૧૫ | ૧૫ |
| | **કુલ :** | **૧૦૧** | **૧૦૦** | **૧૧૧** |

(૨) તેમાં અનુસૂચિત જન જાતિના ૨૧૦ તથા અનુસૂચિત જાતિના ૧૦૨ લાભાર્થીને લાભ મળેલ છે.

(૩) તેની પાછળ કુલ રૂ. ૩૪.૪૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## ખેડા જિલ્લામાં વનીકરણ કરવા બાબત

૧૩૯૯૦**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ - ૨૬૪૧.૬૯ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત વનીકરણ પાછળ રૂ. ૪૬૧.૯૯ લાખનો ખર્ચ થયેલ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસોની અરજીઓ

૧૪૧૬૬**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર આવાસ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૪૯૫ |
| ૨ | પ્રાંતિજ | ૨૭૩ |
| ૩ | ઈડર | ૪૩૬ |
| ૪ | મોડાસા | ૩૭૦ |
| ૫ | બાયડ | ૧૧૦૧ |
| ૬ | ધનસુરા | ૧૮૯ |
| ૭ | વડાલી | ૧૬૮ |
| ૮ | માલપુર | ૧૯૯ |
| ૯ | તલોદ | ૨૮૧ |
| ૧૦ | મેઘરજ | ૩૬૯ |
| ૧૧ | ભીલોડા | ૭૦૨ |
| ૧૨ | વિજયનગર | ૩૪૨ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૮૨૬ |
| | **કુલ :** | **૫૭૫૧** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને કેટલી અરજીઓ પડતર છે,

(૨)

| ક્રમ | તાલુકો | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૪૮૭ | ૮ | ૦ |
| ૨ | પ્રાંતિજ | ૨૩૬ | ૧૪ | ૨૩ |
| ૩ | ઈડર | ૪૩૬ | ૦ | ૦ |
| ૪ | મોડાસા | ૨૮૨ | ૮૮ | ૦ |
| ૫ | બાયડ | ૩૮૦ | ૩૮૩ | ૩૩૮ |
| ૬ | ધનસુરા | ૧૬૩ | ૧૨ | ૧૪ |
| ૭ | વડાલી | ૧૬૬ | ૨ | ૦ |
| ૮ | માલપુર | ૧૯૪ | ૫ | ૦ |
| ૯ | તલોદ | ૨૬૮ | ૭ | ૬ |
| ૧૦ | મેઘરજ | ૩૬૯ | ૦ | ૦ |
| ૧૧ | ભીલોડા | ૭૦૨ | ૦ | ૦ |
| ૧૨ | વિજ્યનગર | ૩૪૨ | ૦ | ૦ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૭૮૭ | ૩૯ | ૦ |
| | **કુલ :** | **૪૮૧૨** | **૫૫૮** | **૩૮૧** |

(૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલા આવાસો તાલુકાવાર પૂર્ણ થયાં અને કેટલા અધૂરા છે, અને

(૩)

| ક્રમ | તાલુકો | પૂર્ણ થયેલ આવાસો | અધૂરા આવાસો |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૭૭ | ૨૧૦ |
| ૨ | પ્રાંતિજ | ૧૯૪ | ૪૨ |
| ૩ | ઈડર | ૩૦૮ | ૧૨૮ |
| ૪ | મોડાસા | ૨૦૦ | ૮૨ |
| ૫ | બાયડ | ૩૨૦ | ૬૦ |
| ૬ | ધનસુરા | ૧૪૭ | ૧૬ |
| ૭ | વડાલી | ૧૧૭ | ૪૯ |
| ૮ | માલપુર | ૧૩૪ | ૬૦ |
| ૯ | તલોદ | ૧૮૯ | ૭૯ |
| ૧૦ | મેઘરજ | ૩૧૯ | ૫૦ |
| ૧૧ | ભીલોડા | ૫૬૩ | ૧૩૯ |
| ૧૨ | વિજ્યનગર | ૨૭૧ | ૭૧ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૫૫૯ | ૨૨૮ |
| | **કુલ :** | **૩૫૯૮** | **૧૨૧૪** |

(૪) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે અને પડતર રહેવાના શાં કારણો છે?

(૪) વર્ષ ૨૦૦૯-૧૦ માં ફાળવેલ લક્ષ્યાંક કરતા ૩૮૧ વધુ અરજીઓ આવેલ હોવાથી પડતર છે.

## કેન્દ્ર સરકારની રોજગારી ગેરંટી યોજનામાં બોરીબંધ બાંધવા બાબત

૧૩૭૫૯**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ૨૦૦૯-૧૦ના વર્ષમાં કેન્દ્રની નેશનલ રોજગારી ગેરંટી યોજના અન્વયે બોરીબંધો બાંધેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કેન્દ્રીય રોજગાર ગેરંટી યોજનામાં આવા કામચલાઉ કામો હાથ ધરવાની છૂટ આપાયેલ છે કે કેમ, અને

(૩) આ બોરીબંધ અન્વયે કોઈ પરિપત્રો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બહાર પાડેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળના પરવાનગીપાત્ર કામોમાં જળસંગ્રહ અને જળસંચયના કામોનો સમાવેશ થયેલ છે.

(૩) હા, જી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જ્ગ્યાઓ

૧૨૮૩૨**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા(હળવદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીઓની કુલ કેટલી જ્ગ્યાઓ, કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નીચે દર્શાવેલ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓની કૂલ ૪ (ચાર) જ્ગ્યાઓ ખાલી છે.

ધ્રાંગધ્રા : તા. ૨૪-૨-૦૯ થી, લખતર : ૨૦-૨-૦૯ થી

| | |
|---|---|
| | વઢવાણ : તા.૧૮-૨-૦૯ થી અને મુળી તા.૧-૮-૦૮થી |
| (૨) તાલુકા વિકાસ અધિકારીની જ્યાઓ ખાલી હોવાથી આ તાલુકા પંચાયતોનો વહિવટ કોને સોંપવામાં આવ્યો છે, અને | (૨) તાલુકા વિકાસ અધિકારીની જ્યાઓ ખાલી હોવાથી આ તાલુકા પંચાયતોનો વહીવટ અનુક્રમે મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત-ધ્રાંગધ્રા, તાલુકા વિકાસ અધિકારી-ચુડા, વિસ્તરણ અધિકારી (પંચાયત)- તાલુકા પંચાયત-વઢવાણ અને મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત-મુળીને સોંપવામાં આવેલ છે. |
| (૩) આ ખાલી જ્યાઓ ભરવા માટે કેવા પ્રકારનું આયોજન કરવામાં આવ્યુ છે? | (૩) આ ખાલી જ્યાઓ પેકી તા. ૩૧-૧૨-૦૯ પછી બે જ્યાઓ (૧) વઢવાણ અને (૨) ધ્રાંગધ્રા ભરવામાં આવી છે. બાકીની જ્યાઓ વહીવટી અનુકુળતાએ ભરવામાં આવશે. |

------------

## રાજ્યમાં વન ગામોને મહેસૂલી ગામોમાં ફેરવવા બાબત

૧૩૪૮૯ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં વન ગ્રામો કેટલા છે, અને | (૧) ૧૯૯. |
| (૨) વન અધિકાર કાયદાથી કેટલા ગામોને વન ગામોમાંથી મહેસૂલી ગામોમાં ફેરવવામાં આવ્યા? | (૨) શૂન્ય. |

------------

## જેતપુર તાલુકામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ

૧૨૭૧૧ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જેતપુર તાલુકામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૨૮૦૨ અરજીઓ. |
| (૨) તે પેકી પ્રકારવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) એ.પી.એલ.-૨૬૭૬<br>બી.પી.એલ-૮૧ |
| (૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે | (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયા બાદ. |

------------

## સાબરકાંઠા જિલ્લામાં વાહનો ધ્વારા થતી લાકડાની ચોરી

૧૪૧૬૭**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહનો ધ્વારા લાકડાં ચોરીના તાલુકાવાર કેટલા કેસો પકડવામાં આવ્યા, | (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહનો ધ્વારા લાકડાની ચોરીના તાલુકાવાર કુલ ૪૦૯ કેસો પકડવામાં આવ્યા. (સામેલ પત્રક મુજબ) |
| (૨) ઉક્ત કેસોમાં તાલુકાવાર કેટલા લાકડાનો | (૨) ઉક્ત કેસોમાં તાલુકાવાર ઇમારતી ૪.૪૧૪ ઘ |

જથ્થો પકડવામાં આવ્યો, અને

ા.મી. અને જલાઉ ૧૩૫૨૫.૧૬ ક્વિન્ટલ લાકડાનો જથ્થો પકડવામાં આવ્યો. (સામેલ પત્રક મુજબ)

(૩) એમાં ગુનેગારો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

(૩) ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ હેઠળ તેમજ સોરાષ્ટ્ર વૃક્ષ છેદન અધિનિયમ-૧૯૫૧ હેઠળ ગુનેગારો પાસેથી રૂપિયા ૧૪,૭૫,૨૫૦/-દંડ પેટે વસુલ કરવામાં આવ્યા.

**પ ત્ર ક**

તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહનો દ્વારા લાકડાની થતી ચોરીના તાલુકાવાર કેસો

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ તા.૩૧-૧-૧૦ અંતિત | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાકડા ચોરીના કેસો | અંદાજીત પકડેલ જથ્થો (ક્વી.) | કરેલ દંડની રકમ | લાકડા ચોરીના કેસો | અંદાજીત પકડેલ જથ્થો (ક્વી.) | કરેલ દંડની રકમ | લાકડા ચોરીના કેસો | અંદાજીત પકડેલ જથ્થો (ક્વી.) | કરેલ દંડની રકમ | લાકડા ચોરીના કેસો | અંદાજીત પકડેલ જથ્થો (ક્વી.) | કરેલ દંડની રકમ |
| ૧ | હિંમતનગર | ૩૦ | ૭૭૦.૦૦ | ૮૨૦૦૦ | ૨૮ | ૭૪૦ | ૭૨૨૦૦ | ૨૨ | ૬૫૦ | ૫૩૫૦૦ | ૮૦ | ૨૧૬૦ | ૨૦૭૭૦૦ |
| ૨ | ઈડર | ૨ | ૧૯૨.૦૦ | ૧૦૦૦૦ | ૧૮ | ૧૬૫૬ | ૫૧૦૦૦ | ૧૩ | ૧૩૫૨ | ૫૦૫૦૦ | ૩૩ | ૩૨૦૦ | ૧૧૧૫૦૦ |
| ૩ | વડાલી | ૧ | ૧૫૦.૦૦ | ૮૦૦૦ | ૧૧ | ૨૭૦ | ૧૬૫૫૦૦ | ૩ | ૧૩૦ | ૪૫૦૦ | ૧૫ | ૫૫૦ | ૧૭૮૦૦૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૦૦ | ૪૦૦૦ | ૧ | ૧૦૦ | ૪૦૦૦ |
| ૫ | વિજ્યનગર | ૪ | ૧૨.૧૬ ૪.૪૧૪ ઘ ા.મી. | ૩૦૦૦૦ | ૨ | ૮૦ | ૧૨૦૦૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૯૨.૧૬ | ૪૨૦૦૦ |
| ૬ | ભિલોડા | ૨ | ૬૦૦.૦૦ | ૬૦૦૦ | ૧૧ | ૨૨૦૦ | ૫૭૦૦૦ | ૪ | ૮૦૦ | ૧૧૦૦૦ | ૧૭ | ૩૬૦૦ | ૭૪૦૦૦ |
| ૭ | મોડાસા | ૧૬ | ૦.૦૦ | ૭૭૫૦૦ | ૨ | ૧૦ | ૧૦૦૦૦ | ૧૧ | ૭૦ | ૩૦૪૦૦ | ૨૯ | ૮૦ | ૧૧૭૯૦૦ |
| ૮ | મેઘરજ | ૧ | ૦.૦૦ | ૨૫૦૦ | ૨ | ૪૦ | ૮૦૦૦ | ૧ | ૦ | ૫૦૦૦ | ૪ | ૪૦ | ૧૫૫૦૦ |
| ૯ | માલપુર | ૧૧ | ૧૧૧.૦૦ | ૫૯૬૦૦ | ૧૦ | ૭૫૪ | ૪૪૬૦૦ | ૪ | ૧૨૦ | ૧૩૦૦૦ | ૨૫ | ૯૮૫ | ૧૧૭૨૦૦ |
| ૧૦ | ધનસુરા | ૧૭ | ૨૦.૦૦ | ૬૨૭૦૦ | ૭ | ૧૦ | ૨૯૫૦૦ | ૬ | ૫ | ૨૨૮૦૦ | ૩૦ | ૩૫ | ૧૧૫૦૦૦ |
| ૧૧ | બાયડ | ૨૨ | ૭૯.૦૦ | ૯૪૬૦૦ | ૨૧ | ૨૪૧ | ૧૨૫૮૦૦ | ૭ | ૧૬૦ | ૩૩૧૦૦ | ૫૦ | ૪૮૦ | ૨૫૩૫૦૦ |
| ૧૨ | પ્રાંતિજ | ૨૫ | ૭૪૦.૦૦ | ૩૫૦૦૦ | ૨૪ | ૭૦૦ | ૩૨૦૦૦ | ૨૨ | ૬૯૦ | ૨૮૮૦૦ | ૭૧ | ૨૧૩૦ | ૯૫૮૦૦ |
| ૧૩ | તલોદ | ૮ | ૧૬.૦૦ | ૧૩૪૦૦ | ૯ | ૧૨ | ૩૩૦૦૦ | ૩૧ | ૪૫ | ૯૬૭૫૦ | ૪૮ | ૭૩ | ૧૪૩૧૫૦ |
| | કુલ | ૧૩૯ | ૨૬૯૦.૧૬ ૪.૪૧૪ ઘ ા.મી. | ૪૮૧૩૦૦ | ૧૪૫ | ૬૭૧૩ | ૬૪૦૬૦૦ | ૧૨૫ | ૪૧૨૨ | ૩૫૩૩૫૦ | ૪૦૯ | ૧૩૫૨૫.૧૬ ૪.૪૧૪ ઘ ા.મી. | ૧૪૭૫૨૫૦ |

-----------

## મહુવા શહેર અને તાલુકામાં કેરોસીન આપવા બાબત

૧૩૬૭૬**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા શહેર/તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બાર મહિનામાં માસદીઠ કેટલી જરૂરીયાત સામે કેટલો કેરોસીનનો જથ્થો પૂરો પાડયો,

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા શહેર/તાલુકાની તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેરોસીનની જરૂરિયાત અને ફાળવણીની વિગત નીચે મુજબ છે.
(શહેર/તાલુકાની સંયુક્ત ફાળવણી છે.)

(આંકડા કી.લી.માં)

| માસ | જરૂરીયાત | ફાળવણી |
|---|---|---|
| જાન્યુ.-૦૯ | ૬૭૨ | ૬૭૨ |
| ફેબ્રુ-૦૯ | ૬૭૧ | ૬૭૦ |
| માર્ચ-૦૯ | ૬૮૦ | ૬૬૯ |
| એપ્રિલ-૦૯ | ૬૮૨ | ૬૭૫ |
| મે-૦૯ | ૬૮૩ | ૬૭૩ |
| જુન-૦૯ | ૬૮૦ | ૬૭૬ |
| જુલાઇ-૦૯ | ૬૮૩ | ૬૭૭ |
| ઓગષ્ટ-૦૯ | ૬૮૭ | ૬૭૪ |
| સપ્ટે-૦૯ | ૬૮૫ | ૬૬૮ |
| ઓક્ટો-૦૯ | ૬૯૦ | ૬૮૦ |
| નવે-૦૯ | ૬૮૯ | ૬૭૪ |
| ડીસે-૦૯ | ૬૯૪ | ૬૭૬ |

(૨) વ્યક્તિદીઠ કેટલો કેરોસીનનો જથ્થો પૂરો પાડવામાં આવે છે, અને

(૨) ૧ થી ૩ વ્યક્તિવાળા નોનગેસ રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ ૫ લીટર અને ૪ કે તેથી વધુ વ્યક્તિ ધરાવતા રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ ૧૦ લીટર કેરોસીનનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.

(૩) વ્યક્તિદીઠ કેરોસીનનો જથ્થો ઓછો કરવામાં આવ્યો છે, તે હકીકત સાચી છે?

(૩) ના. જી.

------------

**સુરત અને તાપી જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટ આપવા બાબત**

૧૩૬૯૫**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર સો(૧૦૦) ચોરસ વારનાં કેટલાં પ્લોટ મેળવવાની અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર સો (૧૦૦) ચોરસવારનાં ૧૪૫૮૮ પ્લોટ મેળવવાની અરજીઓ આવી.

સુરત જિલ્લો :-

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં મળેલ પ્લોટ માટેની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ૬૪૨ |
| ૨ | ચોર્યાસી | ૨૪૧ |
| ૩ | માંડવી | ૪૦૭૧ |
| ૪ | માંગરોળ | ૭૩૨ |
| ૫ | મહુવા | ૮૨૧ |
| ૬ | ઉમરપાડા | ૩૮ |
| ૭ | કામરેજ | ૧૨૧૬ |
| ૮ | પલસાણા | ૭૦૭ |
| ૯ | બારડોલી | ૮૯૨ |
| | કુલ : | ૯૩૬૦ |

તાપી જિલ્લો :-

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં મળેલ પ્લોટ માટેની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ૧૧૭૬ |
| ૨ | વ્યારા | ૨૫૨૦ |
| ૩ | સોનગઢ | ૫૯૧ |
| ૪ | ઉચ્છલ | ૮૫૩ |
| ૫ | નિઝર | ૮૮ |
| | કુલ : | ૫૨૨૮ |

માત્ર કુલ ૧૪૫૮૮ અરજીઓ મળી.

(૨) તેમાં કેટલા પ્લોટો ફાળવવામાં આવ્યા,

(૨) ૯૦૬૪ સુરત જિલ્લામાં અને ૪૯૬૮ તાપી જિલ્લામાં મળી કુલ ૧૪૦૩૨ પ્લોટો ફાળવવામાં આવ્યા,

સુરત જિલ્લો :-

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં પ્લોટ ફાળવવામાં આવ્યા |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ૫૮૬ |
| ૨ | ચોર્યાસી | ૨૨૫ |
| ૩ | માંડવી | ૪૦૭૧ |
| ૪ | માંગરોળ | ૭૩૨ |
| ૫ | મહુવા | ૭૭૪ |
| ૬ | ઉમરપાડા | ૩૮ |
| ૭ | કામરેજ | ૧૦૯૬ |
| ૮ | પલસાણા | ૬૯૨ |
| ૯ | બારડોલી | ૮૫૨ |
| | કુલ : | ૯૦૬૪ |

તાપી જિલ્લો :-

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં પ્લોટ ફાળવવામાં આવ્યા |
|---|---|---|
| ૧ | વાલોડ | ૧૧૪૬ |

| | | |
|---|---|---|
| ૨ | વ્યારા | ૨૩૬૧ |
| ૩ | સોનગઢ | ૫૮૬ |
| ૪ | ઉચ્છલ | ૮૫૩ |
| ૫ | નિઝર | ૨૨ |
| | **કુલ :** | **૪૯૬૮** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) સુરત જિલ્લામાં ૨૯૬ અરજી નામંજૂર થવાથી પડતર અરજીઓ શૂન્ય છે.
તાપી જિલ્લામાં ૧૫૧ અરજી નામજૂર જેથી પડતર ૧૦૯ છે.

| ક્રમ | તાલુકો | છેલ્લા બે વર્ષમાં પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | વાલોડ | ૩૦ |
| ૨ | વ્યારા | ૧૩ |
| ૩ | સોનગઢ | ૦ |
| ૪ | ઉચ્છલ | ૦ |
| ૫ | નિઝર | ૬૬ |
| | **કુલ :** | **૧૦૯** |

(૪) અરજીઓ પડતર રહેવાનાં કારણો શા છે?

(૪) સુરત જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તાપી જિલ્લામાં ગામતળ નીમ થવા પર બાકી હોવાના કારણસર અરજીઓ પડતર છે.

------------

**ધોળકા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી**

૧૩૩૭૬**શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંપૂર્ણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા તાલુકામાં કેટલા ઈસમોને રોજગારીની તકો આપવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલી રકમ ફાળવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા તાલુકામાં ૫૧૨૯ કુટુંબોને રોજગારીની તકો આપવામાં આવી છે.

(૨) રૂા. ૮૦.૭૫ લાખની રકમ ફાળવી અને રૂા. ૬૭.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

]

**જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જૂથ કૂવા બનાવવા બાબત**

૧૩૯૮૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ ગેરંટી રોજગાર યોજના અન્વયે સને ૨૦૦૮ અને ૨૦૦૯માં તાલુકાવાર કેટલા જૂથ કૂવા મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા કૂવાઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ ગેરંટી રોજગાર યોજના અન્વયે સને ૨૦૦૮ અને ૨૦૦૯માં જૂથ કૂવા મંજૂર કરવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### ચર્ચા માટેનો સમય ફાળવવા અંગે

**અધ્યક્ષશ્રી** : આજે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા તથા પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ચાર સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ છે. આજે સભાગૃહની બેઠકનો સમય ૨-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધીનો છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે કુલ ૩૦ મિનિટ ફાળવું છું. આથી અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા ૬-૩૦ વાગ્યે પૂરી થશે. પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા માટે હાથ ધરાશે. વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે જે સભ્યોએ મુદ્દા આપ્યા છે તે દરેક સભ્યોને ચર્ચા માટે ૩ મિનિટનો સમય ફાળવું છું, જેથી આ મુદ્દા પરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૬૮૭૦૫ કરોડ ૯૧ લાખ રૂપિયાનું જે બજેટ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અનુભવી છે અને એ અનુભવી મંત્રી છે એ આંકડા ઘણાં બધા છુપાવવાની કોશિશ કરી હોય પણ આખરે આંકડા છે એ આ બજેટની બુકમાંથી મળી રહે એ પ્રકારનો કોઈ ને કોઈ જગ્યાએ અમને અવકાશ આપ્યો છે. અહીંયા મારા મિત્ર કમાભાઈ નીકળી ગયા. આ શ્લોગન છે એ ગયા વખતનું હતું - લાખ લાખ અભિનંદનનું. આ વખતે તો કોટી કોટી અભિનંદનો થયા. કરોડ કરોડ થઈ ગયા. (અંતરાય) એટલે એ કપાય જાય એનું કારણ એ છે કે કપાવું ના હોય તો હજી કોટી કોટી અભિનંદનો આપવાનું શરૂ કરો અને હું પણ અભિનંદન એવા આપીશ કે આ સરકાર છે એ કરજ કરી અને ઘી પીવાનો ધંધો કરે છે. બંધૂકની ગોળી ના હોય પ્રજાના રક્ષણ માટેની પણ અમારે મેળા કરવા છે, અમારે હેલીકોપ્ટરો લેવા છે, અમારે પ્લેન લેવા છે. અમારે નવા નવા (અંતરાય) ભાઈ, અહીયા ડિઝાઈનર શર્ટ પહેર્યા છે એવું નહિ. આપને ત્યાં તો ડિઝાઈનર ચશ્મા, ડિઝાઈનર ઘડિયાળ, ડિઝાઈનર શૂઝ, ડિઝાઈનર ગાડીઓ આ બધું હોય છે. એટલે બેસો આપ. (અંતરાય) ડિઝાઈનર સંત. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ, તમે વચે ઈન્ટરવીન થઈને ચર્ચાને બીજે રસ્તે લઈ જવાનો પ્રયત્ન ના કરો. શ્રી અર્જુનભાઈને વિષય ઉપર જ બોલવું છે એમને બોલવા દો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, મારે વિષય ઉપર જ બોલવું છે. મહેરબાની કરીને મને ડિઝાઈનર સંતો વિષે ના પુછાવે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મે કહ્યું. તમને ડિઝાઈન ફાવતી જ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને બહુ ફાવે છે. મને સાહેબ ડિઝાઈનો પાડતા આવડતી નથી બરોડા જઈને કે બેંગલોર જઈને પણ મને ડિઝાઈનરનું એનાલીસીસ કરતા તો બહુ સરસ આવડે છે. એટલે મને ડિઝાઈનમાં ના પાડો. આ બજેટમાં પાડો. પહેલા વાત હું એ કરતો હતો કે અહીંયા જે કરજ કરીએ એ ઘી પીવા માટે ના હોય, મકાન બનાવવા માટે હોય. આ સરકાર છે એ દર વર્ષે કરજ વધારતી જાય છે. ૨૦૦૧-૦૨ માં સરકાર ઉપર કરજ હતું ૨૭૫૪૦ કરોડ ૨૦૦૯-૧૦ માં ૯૮૫૨૮ કરોડનું કરજ. ૨૦૧૧-૧૨ માં ૧૨૬૧૪૮ કરોડ રૂપિયાનું કરજ થાશે અને ૨૦૧૨-૧૩ માં જ્યારે આ સરકાર જશે ત્યારે વારસાની અંદર ૧૪૨૮૨૦૦૦ કરોડ એટલું કરજ થવાનું છે. આ પ્રકારે આ સરકાર છે એ કરજ કરીને ઘી પીવે છે અને જે રકમ કરજ કરીએ છીએ એના ૭૭ટકા રકમ છે એ તો માત્ર ને માત્ર હપ્તા અને વ્યાજ ચૂકવવામાં જાય છે એટલા માટે આ સરકાર કરજ કરીને ઘી પીવે છે. ઘરગથ્થુ ઉત્પાદનના આંકડા મંત્રીશ્રીએ ભલે છુપાવ્યા હોય એમ તો અમારા વનેચંદને મહાત્મા ગાંધીજી ઉપર ભાષણ કરવાનું કીધું ત્યારે એમણે કીધું મહાત્મા ગાંધીજીનું નામ શું? પાછળથી એમ કહે એની માતાનું નામ પુતળીબાઈ અને પિતાનું નામ કરમચંદ આ બધું ચાલતું હતું પછી તો છેલ્લે છેલ્લે મહાત્મા ગાંધીજીનું નામ પણ ભુલી ગયા. એ મારા અને વજુભાઈ બંનેના મિત્ર છે એટલે કદાચ એમાંથી પ્રેરણા લીધી હશે એટલે આ આંકડા છે ને એ જુદા હતા. આખી દુનિયાની અંદર જે આંકડા વપરાય છે એ આંકડા નહીં. માનનીય મુખ્યમંત્રીશ્રી બહાર જાય એટલે એમ કહે કે અમે તો ભારતના કોઈ રાજાઓ સાથે નહીં. જમર્ની સાથે *(xxxx) સાથે સ્પર્ધા કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : (xxxx) હીટલર આમાં નહીં આવે. આપ કેટલીક વાર બહુ ઉત્સાહમાં આવી જાવ છો.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે કેટલાક આંકડા આપું છું એ એવા છે કે ૨૦૦૪-૦૫ની અંદર આપણો વિકાસ દર હતો ૬ટકા. ૨૦૦૫-૦૬માં હું સાચા આંકડા આપીશ એક જ વખત આવ્યા હતા ૧૪.૩ટકાનો વિકાસ દર હતો. ૨૦૦૬-૦૭ની અંદર ૯.૫ટકાનો વિકાસ દર હતો. ૨૦૦૭-૦૮ની અંદર ૧૩.૨નો વિકાસ દર હતો અને ૨૦૦૮-૦૯ની અંદર ૭.૯ટકા ભારતના વિકાસ દર કરતા પણ ૨૦૦૮-૦૯નો વિકાસ દર ઓછો છે અને એવરેજ વિકાસ દર છે એ એવરેજ વિકાસ દર ભારત સરકારે આપ્યો આપણને આંકડા આપ્યા હતા એની માંડ નજીક પહોંચી શકયા છીએ. છતાંપણ ગુજરાત પ્રગતિશીલ રાજય છે એમાં કંઈ કહી શકીએ નહીં આપણે અને એના માટે કોઈ ક્રેડીટ લેવાની પણ જરૂર નથી પણ જે ભારત સરકારે સાર્વત્રિક વિકાસ થયો છે કે નહીં. આયોજન પંચે જે આંકડા નકકી કર્યા એમાં જે આયોજન પંચના રાષ્ટ્રીય એચ.ડી.આઈ. હયુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ પ્રમાણે ગુજરાત અત્યાર સુધી ૧૯૮૧માં પણ ચોથા ક્રમે હતું. ૧૯૯૧માં પણ ચોથા ક્રમે હતું એ પાછળ રાખી  અને આજે ગુજરાતનો છઠ્ઠો ક્રમ છે. સૌથી પહેલો ક્રમ કેરાલાનો, બીજો પંજાબનો, ત્રીજો તામિલનાડુનો, ચોથો મહારાષ્ટ્રનો, પાંચમો હરિયાણાનો અને છઠ્ઠો ગુજરાતનો આ સ્થિતિ છે. બીજા રાજયો આગળ નીકળી ગયા અને આપણે પાછળ રહી ગયા. ગઈકાલે જ આંતરરાષ્ટ્રીય વુમન દિવસ મનાવ્યો અને છતાં આ ગુજરાતની અંદર અનુસૂચિત જાતિની મહિલાઓ છે એની અંદર સાક્ષરતાનું પ્રમાણ માત્ર ૩૬ટકા છે અને અનુસૂચિત જાતિ દલિત મહિલાઓનું સાક્ષરતાનું પ્રમાણ ૪૧.૯૦ટકા છે. સમગ્ર ભારતની અંદર જે રેશીયો છે એના કરતા પણ આપણે પાછળ છીએ. બીજા પણ અનેક સરવે થયા હતા એ સરવેની અંદર પણ આપણે ખૂબ જે કુપોષણ ધરાવતા બાળકો છે એમાં સૌથી વધારે કુપોષણ ધરાવતા જે રાજયો છે એમાં ગુજરાતનો સમાવેશ થાય છે. ફોર્ટીફાઈડ આટો, બીજું કાંઈ, ત્રીજું કાંઈ કોના પેટમાં જાય છે એ આ રાજય સરકારે તપાસ કરવી જોઈએ. બાળકોના પેટમાં જો જતું હોય તો આપણી આ સ્થિતિ હોત નહીં. ૦ થી ૬ વર્ષના જે બાળકો છે એ ૩૫૨૫૭૦૩ બાળકો છે એમાંથી ૫૬ટકા બાળકો કુપોષણથી પીડાય છે એટલે કે કુલ ૨૦લાખ બાળકો એવા છે કે જે કુપોષણથી પીડાય છે અને માત્ર અમદાવાદ શહેરની અંદર ૭૫૦૦૦ બાળકો છે જે કુપોષણથી પીડાય છે. આ સ્થિતિ એની છે. સૌથી મોટી વાત આપણે ત્યાં આવે છે કે રાજયની આવક વધારવી જોઈએ અને એ વધારેલી આવકમાંથી સામાન્ય વર્ગના લોકો માટે આપણે ખર્ચ કરવો જોઈએ પરંતુ આપણે ગરીબ કોને ગણીએ છીએ. જે લોકો કરોડપતિ છે એને ગરીબ ગણીએ છીએ અને જે લોકો ગરીબ છે એને પૈસાદાર ગણીએ છીએ. હું એક જ દાખલો આપીશ કે આ સરકાર કઈ પ્રકારની કોની ફેવર કરી શકે છે. સુરત શહેર છે એમાં બે મોટા ઉદ્યોગગૃહો છે. એક લાર્સન એન્ડ ટુબ્રો અને બીજી એસ્સાર. આ એસ્સાર કંપનીએ તો ૨૫૦કરોડની જમીન દબાવેલી છે.અમે આ ગૃહના રૅકૉર્ડ ઉપર જવાબ આપેલ છે. મારે એની વાત નથી કરવી. આ બંને કંપનીઓએ તાપી નદીમાંથી ડ્રેજિંગ કર્યુ અને ડ્રેજિંગમાંથી રેતી નિકાળી. રેતીની માલિકી રાજ્ય સરકારની હતી.  એ રેતીનો ઉપયોગ કરવો હોય તો એણે પરવાનગી લેવી પડે.  સામાન્ય ખેડૂત ખેતરમાંથી એક રેતીનું ગાડુ લઈને આવ્યા હોય તો ગાડું, બળદ અને ટ્રૅક્ટર સહિત એને પૂરી દેવાય. આ લોકોએ ૭૭,૦૦૦ મૅટ્રિક ટન રેતી પોતાના જમીનમાં ફિલિંગ કરવા માટે નાખી. રાજ્ય સરકારના અધિકારીઓ ગયા. પ્રમાણિક કોઈ. એણે એનો દંડ નહિ, પણ વસૂલાત કરી ૫ રૂપિયા રૉયલ્ટીની જગ્યાએ જે સામાન્ય ખેડૂત પાસેથી લેવાય છે,  એટલા જ એની પાસેથી લેવાનો નક્કી કર્યો. ૫૦ રૂપિયા આ મીનરલની કિંમત લેવાની છે અને એ પ્રમાણે ૨.૪૦ કરોડ રૂપિયા આ લાર્સન એન્ડ ટોબ્રોને નોટિસ આપી પૈસા ભરવા માટે. આ ગરીબ કંપનીએ રાજ્ય સરકારના મંત્રીશ્રીઓને રજૂઆત કરી. અમે ગરીબ લોકો છીએ, અમે મરી જવાના છીએ. અમારે તકલીફ પડવાની છે. આ બંને કંપનીઓએ. સરકારે કહ્યું. બીજી રજૂઆતો પણ થઈ. આની અંદર સ્પષ્ટ વાત છે કે કોઈપણ મીનરલ સરકારના લાઈસન્સ વગર, સરકારની મંજૂરી વગર ખોદકામ કરવામાં અથવા વાપરવામાં અથવા ટ્રાન્સપૉર્ટ કરવામાં આવે તો એની અંદર આ ક્લોઝ લાગુ પડે.  એ જ રીતે મારા મત વિસ્તારની અંદર સામાન્ય ખેડૂત છે, તળાવમાંથી માટી ખોદતો હતો. એનું ટ્રૅક્ટર પકડીને પૂરી દેવામાં આવ્યો. જ્યાં સુધી મીનરલની કિંમત ન આપે ત્યાં સુધી છોડવામાં ન આવ્યો.  આ ગરીબ કંપની છે. બંને. હજુ એસ્સારનો નિર્ણય નથી થયો. લાર્સન એન્ડ ટોબ્રોને માટે આ સરકારે ખાસ ઑર્ડર, ઠરાવ બહાર પાડ્યો અને તા. ૪-૮-૨૦૦૯ ના રોજ આ છે એની મીનરલની કિંમત વસૂલ કરવી નહિ. ૫ રૂપિયા લઈ અને લાર્સન એન્ડ ટોબ્રોને જવા દેવામાં આવી. ૨.૪૦ કરોડ રૂપિયા લેવાના હતા, એની જગ્યાએ નોમીનલ ૨૪ લાખ રૂપિયા લઈ જવા દેવામાં આવ્યા. એ જ રીતે આ પ્રકારે આ લોકો, આવી કંપનીઓ ગુનો કરે, કોઈ વાંધો નહિ. મોટા લોકો કરે, સરકારની સાથે મળતિયા કરે તો તકલીફ પડે. મારા મત વિસ્તારની અંદર સરકારની સાથે ખૂબ ધરોબો છે. એવી એક જ વ્યક્તિએ ૪૫૦ કરોડ રૂપિયાની મીનરલ ચોરી કરે. સરકારે હાઈકોર્ટમાં એફિડેવિટ પણ કરી. આજે ૪૫૦ કરોડ રૂપિયા વસૂલ થતા નથી.  હું એક જ વ્યકિતની વાત કરું છું.  નાના, મોટા બીજાની વાત નથી કરતો. મારે એમાં પડવું નથી. આ પ્રકારે સરકારના મને દુઃખી લોકો કોણ છે. એ દુઃખી લોકોનો મેં દાખલો આપ્યો છે.  બીજી વાત નર્મદાની કરવી છે. નર્મદા આપણા સૌની છે. એની ચિંતા આપણે સ્વીકારી છે અને તેના માટેની ચિંતા સૌએ અવાર-નવાર કરી છે.  ટાટા સોસિયલ સાયન્સિસનો રિપૉર્ટ પર્યાવરણના પ્રશ્ને એટલા માટે નહિ જાઉં. હું વાત કરીશ તો યોજનાને તકલીફ થાય તેવી છે.  એ યોજનાને ધક્કો પહોંચે તેમ છે, એટલે એ વાત કરવામાં નથી

માગતો, એટલા માટે રૅકૉર્ડ ઉપર આવે તો રાજ્યના હિતને નુકસાન થાય તેમ છે. આપણી સરકાર ન કરી શકી. માત્ર એનો એક જ દાખલો આપવા માગું છું. જે અત્યાર સુધી ૪૪૦૦ ડેમ હિન્દુસ્તાનમાં બન્યા. એની અંદર ડેમની ઊંચાઈ અને કેનાલ નૅટવર્ક એના માટે શબ્દ વપરાય છે પેરીપસુ. ડેમની ઊંચાઈ વધે તેમ કેનાલ નૅટવર્ક આગળ વધતું જાય, એની જગ્યાએ એણે કર્યુ, એટલું જ નહિ આજની તારીખ સુધી આ ૮૫૦૦૦ કિ.મી. કેનાલ નૅટવર્ક કરવાની છે, એમાંથી ૧૯૦૦૦ કિ.મી. થઈ છે. બાકી રહી છે, એના માટે રાજ્ય સરકારે અત્યાર સુધી એમ કહેતી હતી કે ખેડૂત પાસેથી દાનમાં જમીન લઈને કરવાના છીએ. પણ ખેડૂત ના પાડે છે. ફરી પાછું એક ચેરમેન આવ્યા. એમણે એમ નક્કી કર્યુ કે પાઈપલાઈન કરવાની છે. કોઈ ડાહ્યા માણસે કહ્યું પાઈપલાઈન શક્ય નથી. પાઈપલાઈનની વાત પડતી મૂકી. વળી પાછી એકસ્પર્ટ કમિટી બનાવી. આજની તારીખ સુધીમાં જમીન અક્વિઝિશન ક્યારે થશે, ક્યારે આ પાઈપલાઈન કેનાલ ક્યારે થશે. એ ૮ હેકટરના બ્લૉક સુધી પહોંચાડવાની છે કે ૫૦૦ હેકટરના બ્લૉક સુધી પહોંચાડવાની છે એનો નિર્ણય રાજ્ય સરકાર નીતિ વિષયક નિર્ણય કરી શકી નથી.માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આની અંદર બે બાબતો મહત્વની છે કે ૧૮ લાખ હેકટર જમીનને પાણી આપવાની બાબત છે. તેમાં રાજય સરકાર શું કહે છે કે અમે તો પીવાનું પાણી ગામડે ગામડે અને શહેર શહેરને આપીએ છીએ. સાહેબ, આ પાણી એટલું મોઘું છે કે ગામડાના લોકો વાપરી શકે તેમ નથી. આ તો ઉદ્યોગગૃહોને પાણી આપવા માટેની વાત છે. બીજી વાત એ કરી જેની આપણે જરૂર નહોતી. આ યોજના એટલા માટે બની કે પાણી મળે. પણ તેની જગ્યાએ વીજળી મળે તેટલા માટે પાવર ટર્બાઈન શરૂ કર્યુ પણ તે નેટવર્કમાંથી પાણી ગામડા સુધી પહોંચે તેની વાત ન કરી. બીજી વાત એમ કહે છે કે ઉંચાઈ વધારવાની છે. તેમાં કોઈ ના થઈ શકે નહીં. હું દાવા સાથે કહું છું, હું પણ એન્જિનિયર છું. આ આપણો નર્મદા ડેમ છે, સરદાર સરોવર ડૅમ છે તેની અપસ્ટ્રીમમાં ત્રણ ડેમ બનાવવાના હતા. એક ઈન્દિરા સાગર, બીજો ઓમકારેશ્વર અને ત્રીજો મહેશ્વર. આપણી પાછળ ચાલુ થયા ઈન્દિરાસાગર, ઓમકારેશ્વર અને મહેશ્વર. છતાં ઈન્દિરા સાગરનું કામ પૂર્ણ થયું અને ૧૦૦૦ મે.વો.હાઈડ્રો પાવરમાંથી મળે છે. ઓમકારેશ્વરમાંથી ૫૨૫ મે.વો.વીજળી મળે છે અને મહેશ્વ છે તે લગભગ પૂર્ણ થવા આવ્યો છે. આ ત્રણ ડૅમના પાણી સ્ટોરેજ છે. તે તેના વીજળીના ટર્બાઈન ચાલુ કરે એટલે પાણી આવે અને તેમાંથી ૧૮ લાખ હેકટર જમીનને પાણી સો ટકા જો કેનાલ આપણી થઈ ગઈ હોત તો તે પાણી આપણે આપી શકયા હોત. તે * (xxxx) આપણા પક્ષે રખાઈ. કેનાલ નૅટવર્ક ન થયું એટલે આ પાણી દરિયામાં વહી જાય છે. મારો તો આક્ષેપ છે કે આને પ્રાયોરીટી આપવાની જરૂર હતી તે એટલા માટે ન અપાઈ આ નાણાં છે તે માત્રને માત્ર ભ્રષ્ટાચાર કરવાના ઈરાદાથી સુજલામ સુફલામ યોજનાની અંદર ટ્રાન્સફર કરવામાં આવ્યા અને આ...

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ (xxxx) શબ્દ આપણે વાપરતા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તે શબ્દ સાહેબ હું કાઢી નાખું છું. ઈરાદાપૂર્વક રીતે ભ્રષ્ટાચાર કરવાના ઈરાદાથી આ યોજનાના નાણાં હતા તે સુજલામ સુફલામની અંદર ટ્રાન્સફર કરાવી અને સુજલામ સુફલામની અંદર ૫૫૦ કરોડ રૂપિયાનો રેકર્ડ ઉપરનો ભ્રષ્ટાચાર જે કેગે સાબિત કર્યો છે તે ભ્રષ્ટાચાર આ સરકારે કર્યો અને તેમાં કોણ કોણ ભાગીદાર હતા તેના માટે રાજય સરકારે એમ કહ્યું કે અમે ત્રણ સચિવોની કમિટી બનાવી છે. મેં વારંવાર માગણી કરી કે આ ત્રણ સચિવોની કમિટીનો અહેવાલ અમને આપો. તે અહેવાલ આપી શકવાની ક્ષમતામાં નથી. કારણકે જો અહેવાલ આપે તો ઘણા લોકોના પગની નીચેથી ધૂળ નીકળી જાય તેમ છે. ફરી આપના મારફત વિનંતી કરીશ કે આ સુજલામ સુફલામનો જે ભ્રષ્ટાચાર થયો છે તેની તપાસ કરવા માટે આ ગૃહની સમિતિ નિમવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : આપના દંડક તરફથી જે યાદી મળી છે. કારણકે આપ ફાળવેલી મિનિટથી આગળ જાઓ છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ હું એક મિનિટમાં મારી વાત પૂરી કરીશ. એટલા માટે હું આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ ગૃહની અંદર કેનાલ નેટવર્ક બાબતે વ્હાઈટ પેપર બહાર પાડવામાં આવે અને આ વ્હાઈટ પેપર નિયમ-૪૪ હેઠળ રજૂ કરો અને તેને ટાઈમ બાઉન્ડ પ્રોગ્રામ કેટલા દિવસમાં, કેટલા મહિનામાં કેટલા કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર થશે તે માટેનો સંકલ્પ લઈ આવવામાં આવે અને તે સંકલ્પ આપણે બધા જ સામૂહિક રીતે સર્વાનુમતે મંજૂર કરીએ એટલા માટે જે ૨૯ હજાર કરોડ રૂપિયાનું રોકાણ આ નર્મદા યોજનામાં થઈ ગયું છે અને તેનું રિટર્ન આપણને મળતું નથી. આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી વાસણભાઈ ગો. આહીર (રાજય કક્ષાના અન્યમંત્રીશ્રી)** : **(સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ):**

आदरणीय अध्यक्ष महोदयजी, राज्य के सन २०१०-२०११ के बजट की सामान्य बहस पर बोलने का मुझे अवसर मिला हैं । सम्मानीय गृह के समक्ष मेरा वक्तव्य पेश करता हूॅ इससे पहले मान्यवर अध्यक्ष महोदय ने मुझे गृह में राष्ट भाषा हिन्दी में वक्तव्य देने की इजाजत दी हैं इसके लिये मैं अध्यक्ष महोदय का ऋण स्वीकार करता हूॅ । इस गृह में सोलहवी बार बजट पेश करने के लिये हमारे आदरणीय बजुभाई ::::::::::

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ પર બે બાબત જાય તે બરાબર નથી. હિન્દીમાં બોલવા માટે આપની મંજૂરીની જરૂર નથી. હિન્દી, ઈંગ્લીશ, ગુજરાતી ત્રણે બોલી શકીએ અને આપણા નિયમોમાં જોગવાઈ છે. આપનો આભાર માની શકાતો નથી. એટલે એ રેકર્ડ પર જાય તે બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : વાત સાચી છે હું સ્વીકારું છું. તે આપનો અધિકાર છે અને અધિકાર માટે આભાર ન હોય

**श्री आहिर** : इस गृह में सोलहवी बार बजट पेश करने के लिये आदरणीय वित्तमंत्री श्री बजुभाई साहब को पुन- बधाई देता हूॅ । इस बजट में वित्त मंत्रीजी के दीर्घकालीन अनुभव व्यवहार दक्षता और कुशाग्रबुध्दिके दर्शन होते हें । मै ७-८ भाषाएॅ जानता हूॅ । मैं कच्छी में बोलूगॉ तो आप समझ नहीं पायेंगे । आपको समझने में मुश्किल होगी ।

**अध्यक्षजी** : माननीय मंत्रीश्री ७-८ भाषाऍ जानते हैं ,अगर वो उन भाषाओं में बोलेंगे तो आपको भी तकलीफ होगी और मुझे भी परेशानी होगी । माननीय मंत्रीश्री आप हिन्दी में बोलना जारी रखिए । प्लीज ।

**श्री आहीर** : मेरे मित्र श्री अर्जुनभाई मोढवाडियाजी,शक्तिसिंहजी,व इकबाल भाई को कहना चाहना चाहूगॉ कि हम हिन्दुस्तानी हैं, एवं हमारी हिन्दुस्तानी की परंपरा रही हैं कि हम अगर हिन्दी में बोले तो हम काफी सौभाग्यशाली अपने आप को समझते हैं ।

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**પ્રવચન વાંચીને કરવા અંગે**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય મંત્રીશ્રી અત્યારે જે પ્રવચન આપી રહયા છે એ ચર્ચામાં વાંચીને જે રીતે ઉલ્લેખ કરી રહયા છે, બીજા કોઈ સભ્યશ્રી હોત તો અમે ઓબ્ઝેકશન ન લઈએ.(અંતરાય) માનનીય ફકીરભાઈ આપ તો સંસદીય પ્રણાલિકાના ખૂબ જાણકાર છો, અને સાહેબ, વાંચી ન શકાય, એટલું જ મારું કહેવું છે, કોઈ નવા સભ્યશ્રી વાંચે તો અમે કોઈ ઓબ્ઝેશન ન લઈએ.

**અધ્યક્ષશ્રી** : વંચાય નહી, એ વાત આપની સાચી છે, મંત્રીશ્રી, મુદ્દાઓની નોંધ રાખી શકાય, આપ પોતે ચોકકસ વકતવ્ય આપી શકો એમ છો મુદ્દાઓ ઉપર.

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : क्रिकेट विश्व में सचीन तेन्डुलकर ने विश्व रिकार्ड बनाए है | हमारे वित्तमंत्रीजी ने भी इस गृहमें बजट पेश करने में बनाया है विश्वरिकार्ड ।।

हमारे लोकप्रिय और स्वप्न दृष्टा मुख्यमंत्रीजी श्री नरेन्द्र मोदी जी के मार्गदर्शन और नेतृत्व में राज्य वित्तिय व्यवस्थापन में संतुलन और आर्थिक विकास की ओर आगे बढ रहा हैं । आदरणीय अध्यक्ष महोदय जी, अपनी भारतीय संस्कृति में कल्याण राज का हमेशा आदर्श रहा हैं किसी भी राज्य के विकास का मापदण्ड उस राज्य के गरीब पिछडे वर्गो के विकास के आधार पर रहा हैं इसीलिये हमारे लोकप्रिय मुख्यमंत्रीजी श्री नरेन्द्रभाई मोदीजी ने गरीब कल्याण मेलों का आयोजन कर, बहुत ही अल्पकालीन समय में बीस लाख गरीब लोगों को करीबन २७०० करोड की सहायता पहुॅचाई हैं यह अपने आप में एक अनुठा अभियान बन गया है और

पहले लोग जाते थे सरकार के व्दार,

अब सरकार आई है लोगों के व्दार,

यह प्रशासनिक पहल गुजरात में हुई हैं ,

गरीबों के लिये जगह जगह लगे है गरीब कल्याण मेले ,

गरीबों को अब हो रहा हैं एहसास, की वो नहीं है अकेले

मित्रों हमारे सोचने का अंदाज है कुछ जरा हटके हैं,

हम केवल पहुॅचना नहीं चाहते गरीब के हट तक,

लेकिन पहुॅचना चाहते है हम गरीब के हार्ट तक ,

सफलता की इस यात्रा के साडे पॉच करोड गुजराती है हिस्सेदार ,

इस यात्रा में माननीय मुख्यमत्रीजी श्री मोदीजी है हमारे राहबर हैं,

इसी सिलसिले में मुझे एक और पंक्ति याद आती हैं ,

जहॉ डाल डाल पर सोने की चिडियॉ करती है बसेरा ,

यह स्वर्णिम गुजरात है हमारा,

यह स्वर्णिम गुजरात है हमारा,

अब यही संकल्प हमारा,

स्वर्णिम गुजरात का गूॅजे नारा

मैं कई राज्यों के प्रवास पर जब पहले जाता था तब लोग पूछते थे तो हम जवाब देते थे कि गुजरात से आ रहे हैं तब वे कहते थे कि गॉधीजी के गुजरात से , सरदार पटेल के गुजरात से रहे हैं और अब हमें जब लोग स्टेशन पर,एयरपोर्ट पर मिलते हैं पूछते है कि कहॉ से आ रहे हो तब हम कहते है कि गुजरात से अब फर्क यह पडा कि लोग कहते है कि नरेन्द्र मोदी के गुजरात से , जिसका सेनापति श्री नरेन्द्र भाई मोदी हैं ।

मैं गॉव में घुमता हॅू एक गॉव में मेरे प्रवास के दौरान मुझे एक गरीब के मॅूह से सुनाई दी पुकार इस संवेदनासर गृह के सामने रखना चाहता हॅू वो पुकार थीं -

एक हमें मॅहगाई मार गई,

दूसरी आंतकवाद की उलझन मार गई,

तीसरी दिल्ली दरबार की दयनीय स्थिति मार गई,

बाकी कुछ बचाना है तो करो कुछ ठोस कार्यवाही,

वरना कर देंगे हम आपकी सफाई ।।

आदरणीय अध्यक्ष महोदयजी, हमारी प्रार्थना है कि यह गरीब इंसान की पुकार दूर दिल्ल्ी तक सुनाई पडे ।

**अध्यक्षः-** आप अपने मुददे पर ही प्रवचन करिए । आपसे विनंती है कि आप लिखा हुआ प्रवचन न पढे ।

**श्री आहिर :-** मुझे कोई आपत्ति नहीं हैं । प्रतिपक्ष के लोग बहुत खुश होरहे हैं । यह मेरा सौभाग्य है कि वो लोग काफी समय के बाद हॅस रहे हैं । मुझे सम्मानीय गृह को यह बताना है कि पिछले गुजरात के उपचुनाव में ७ में से ५ भारतीय जनता पार्टी को मिली । यह वास्तविकता है साहब, विकास के बारे में सदन का बताना चाहता हॅू । पहले जो स्थिति थी आज इसमें गरीब किसानों की आमदनी ९ हजार करोड ४९ हजार करोड गुजरात के किसान की आमदनी बडी हैं । पिछले ४५ वर्षो से बात करते थे कि कच्छ में नर्मदा

लायेंगे,रेल्वे टेक को ब्राडगेड करेंगे  मगर साहब सभी के सभी वायदे मगर के ऑसू निकलें ।

**अध्यक्ष**:- मगर के ऑसू असंसदीय शब्द हैं मैं प्रोसिंडग से निकाल देता हूॅ ।

**श्री आहिर** :- हमारे माननीय मुख्यमंत्री श्री नरेन्द्र मोदीजी के मार्गदर्शन में कच्छ में नर्मदा का पानी पहुॅचा । शिक्षा के क्षेत्र में भी काफी प्रगति की , काफी बदलाव आया हैं । पहले ३७ प्रतिशत डापआउट रेशियो था आज ३ प्रतिशत हैं ।राज्य सरकार की ओर से जो भी विकास का काम हो रहा हैं  उसको देखने के बाद प्रतिपक्ष आज दिशाहीन हो गए हैं । साहब यह कहते थे कि हम गरीबी हटायेंगे लेकिन प्रतिपक्ष के राज में गरीबों को ही हटा दिया गया था । माननीय मुख्यमंत्रीजी ने राज्य के गरीबों के पास जाकर २७०० करोड रुपए देकर गरीबों का स्वमान बढाया हैं । मैं तो गॉव से आ रहा हूॅ मैं पहले सरपंच था , विधायक १९९५ से रहा हूॅ । जब भी कार्यकर्ता के घर शुभप्रसंग होता या शादी होती तो कार्यकर्ता आकर कहता था कि मेरे घर में शादी हैं आपसे हमारी प्रार्थना है कि जो ४ घंटे का जो प्रसंग हैं , उस दरम्यान बिजली उपलव्ध कराइए । साहब, ४५ वर्ष तक ४-५ घंटे बिजली के लिये लोग तडपते थे । आज हमारे लोकप्रिय मुख्यमंत्री ने नई दिशा देते हुए १८६६५ गॉवों में

२४ घंटे बिजली दी हैं । नवजवानों को रोजगार भी दिया हैं , गॉव ,गोकुल गॉव बने हैं ।

बजट का सर्मथन करते हुए मैं अपनी बात पूरी करता हूॅ ।

जय जय गरवी गुजरात

वंदे मातरम ।।

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી ૨૦૧૦-૧૧નું જે અંદાજપત્ર લઈને સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ બજેટ, સ્વર્ણિમ જયંતીની ઉજવણી પ્રસંગે રજૂ કરવામાં આવેલું આ બજેટ તે પૂરાંતવાળું બજેટ છે. હું જ્યારે સાથી પક્ષના નેતાશ્રીને સાંભળતો હતો કે, રાજય સરકારના દેવામાં જ્યારે વધારો થઈ રહ્યો છે એની ચિંતા જ્યારે તેમને સતાવતી હતી ત્યારે મારે તેમને એ કહેવું છે કે, દેવાના વધારાની સાથે સાથે જો તેમણે રાજયની વિકાસ યોજનામાં કેટલા ટકા વધારો થાય છે તેને પણ જો નજર સમક્ષ રાખી હોત તો તેમને દેવાની ચિંતા આટલી ના સતાવત. ત્યારે દેવામાં ૧૨ ટકાનો વધારો થાય ત્યારે વિકાસ યોજનામાં ૨૫ ટકાનો વધારો જ્યારે અંદાજપત્રની અંદર થતો હોય અને ડેટ સર્વિસીંગ એ વધારે ઈમ્પોર્ટન્ટ હોય છે. કોઈ પણ સંસ્થા, કંપની કે સરકાર જ્યારે દેવું કરે ત્યારે એ દેવાને યોગ્ય રીતે સર્વિસ કરી શકે છે કે કેમ તે વધારે મહત્વનું હોય છે અને એ સર્વિસીંગ એ રાજય સરકાર ખૂબ એફિશ્યન્ટલી કરી રહી છે તે એના ઉપરથી પણ ફલિત થાય છે.કે આટલા વર્ષો દરમ્યાન એકપણ વાર ઓવરડ્રાફ્ટ લેવામાં આવેલ નથી. આ રીતે સમગ્ર નાણા શિસ્ત અને નાણા વ્યવસ્થાપન યોગ્ય રીતે જાળવવામાં આવે છે. બીજો માપદંડ એ છે કે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયા કે જે ગુજરાત રાજયની સ્થાપના થયા પછી ત્રીજી પંચવર્ષીય યોજનાથી શરુ કરીને દસમી પંચવર્ષીય યોજના સુધીનો કુલ ખર્ચ થયો, એના કરતા પણ વધારે ખર્ચ એકમાત્ર ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧,૧૧,૧૧૧ કરોડનો જે ખર્ચ અંદાજવામાં આવ્યો છે, એની પાછળનું કારણ એ છે કે રાજય સરકારની તિજોરીમાં આવકનો વધારો થયેલો છે અને રાજયના નાગરિકોની આવક અને ખરીદ શકિતમાં વધારો થયો છે. વેલ્યુ એડેડ ટેકસમાં ૭૦ ટકા જેટલો વધારો થઈ ૨૯૦૦૦ કરોડ સુધી પહોંચી છે. તે બતાવે છે કે રાજય સરકાર અને ગુજરાત રાજયની સ્થિતિ ખૂબ સુધરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું લંબાણથી બીજી વાત ન કરતા સામાજિક કે એ બાબતો તરફ ન જતા ઉદ્યોગ અને ખાણ બાબતમાં રાજય સરકારે આ અંદાજપત્રમાં જે જોગવાઈઓ કરી છે અને એના જે સુપરિણામો આ સરકારને મળવાના છે, તે તરફ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. ગુજરાત એક માત્ર એવું રાજય છે કે ઔદ્યોગિક વિકાસ માટે પહેલ કરીને સમગ્ર દેશમાં હજુ ભારત સરકારે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝીયન SIR નો કાયદો લાવ્યા નથી, તે આપણે ગુજરાત સરકારે, આપણી આ વિધાનસભાએ પસાર કરીને SIR માટેની પણ જોગવાઈ કરી છે. એના માટે જે આનુષંગિક ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામ કરવાની જરુર છે, એના માટે પણ બજેટમાં નાણામંત્રીશ્રીએ ફાળવણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં પણ સમગ્ર દેશમાં રાજય અગ્રેસર રહ્યું છે. સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝીયનમાં કે જેમાં ૧૫૦૦ ચોરસ કિલોમીટર જેટલો વિસ્તાર ધોલેરા કે ઉત્તર ગુજરાતના સાંતલપુર જેવા પછાત વિસ્તાર કે PCPIR ના સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન દહેજ ખાતે દક્ષિણ ગુજરાતમાં કરવા માટેની મંજૂરી કરી દેવામાં આવી છે. ભારત સરકારે પણ એને સંપુર્ણ માન્યતા આપી છે. જયારે DFC, દિલ્હી Dedicated freight corridor અને દિલ્હી, મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરનો ૪૦ ટકા વિસ્તાર ગુજરાતમાં આવી રહ્યો છે ત્યારે ઔદ્યોગિક ક્ષેત્રે જે જરુરી connectivity છે એના માટેની જોગવાઈ નાણામંત્રીશ્રીએ આ ઔદ્યોગિક વિકાસને વેગ આપવાની દિશામાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે માત્ર મોટા ઉદ્યોગોની જ ચિંતા કરી નથી. પણ અગરિયાઓના કલ્યાણ માટેની કલ્યાણકારી નાણાની જોગવાઈ હોય કે સામાન્ય કારીગરને કીટ મળે અને ટુલકીટ લઈને સ્વયં વ્યવસાય કરી શકે એવી માઈક્રો ઈન્ડસ્ટ્રી, માઈક્રો, સ્મોલ અને મીડીયમ જેને MSM કહેવામાં આવે છે, એના માટે પણ ૧૪૪ કરોડની જોગવાઈ એના પ્રોત્સાહન માટે કરી છે.

માનવ કલ્યાણ ટુલકીટ માટે ૨૯.૫૦ કરોડની જોગવાઈ એમણે કરી છે. જેના દ્વારા એક એક કારીગરને સ્વયં વ્યવસાય કરવા માટે ૩ હજારથી ૫ હજાર સુધીના ઓજારો વિના મૂલ્યે મળી રહે અને એ પોતાનો ઉદ્યોગ શરૂ કરી શકે. સાથોસાથ રાજય સરકારે જે આયોજન કર્યુ છે, એમાં સ્કિલ અપગ્રેડેશન, દાખલા તરીકે જી.આઈ.ડી.સી. સમગ્ર રાજયમાં જી.આઈ.ડી.સી. સ્થાપવા માટેનું જે આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આદિવાસી વિસ્તાર અને પછાત તાલુકા અમારા મહેસાણા જિલ્લાના બેચરાજી જેવા વિસ્તારની અંદર પણ ૫૦૦ હેકટરમાં જી.આઈ.ડી.સી. શરુ કરવા માટેની જોગવાઈ અને એના માટેનું આયોજન પણ માનનીય નાણામંત્રીશ્રીએ એમની બજેટ જોગવાઈમાં સામેલ કરેલ છે. પણ બજેટની જોગવાઈમાં સામેલ કર્યુ છે અને આવી ૩૦ જી.આઈ.ડી.સી. દ્વારા પછાત અને આદિવાસી વિસ્તારમાં આવી જી.આઈ.ડી.સી.ઓ શરૂ થવાને કારણે ત્યાંના યુવાનોને મોટા પાયા ઉપર રોજગારી મળવા માટેની શકયતાઓ ઉભી થઈ છે જેની ચિંતા માનનીય નાણામંત્રીશ્રીએ એમના બજેટમાં કરી છે અને એ દ્વારા આ જી.આઈ.ડી.સી.ઓ પણ ઉભી કરવામાં આવશે. સાથે સાથે શહેરોમાં પણ જે વિકાસ થાય એમાં પણ ઉદ્યોગ વિભાગમાં જી.આઈ.ડી.બી. એટલે કે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા નવા ઈનિશિએટીવ લેવામાં આવે છે. શહેરમાં રાજયની બી.આર.ટી.એસ. એટલે કે બસ રેપિડ ટ્રાન્ઝીટ સિસ્ટમ શહેરી ટ્રાન્સપોર્ટની યોજના છે, ટ્રાફિક માટેની સિસ્ટમ છે એનું આયોજનનું પ્રિફિઝિબિલિટી કામ ઉદ્યોગ વિભાગ દ્વારા કરીને આ કામગીરી થતી હોય છે જે એસ.ટી.ના બસ સ્ટેશનો છે એના આધુનિકરણનું આયોજન અને એનું પણ બી.ઓ.ટી.ના ધોરણે વિકસાવીને નાગરિકોની સુવિધાના કામ માટે એનો પ્રિફિઝિબિલિટીનો અભ્યાસ આ વિભાગ દ્વારા ચાલુ કરવામાં આવ્યો છે ત્યારે એના માટે પણ આ બજેટમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક યુનિક પ્રોજેકટ જે ઉદ્યોગ વિભાગ માટે નાણા મંત્રીશ્રીએ ફાળવ્યો છે એના માટે તેમને વિશેષ અભિનંદન આપું છું કે ગાંધીનગરમાં મહાત્મા ગાંધીજીના મંદિરનું નિર્માણ ૧૦૦ કરોડ રૂપિયાથી વધારેનું થાય અને તેમાં આપણી સંસ્કૃતિ, મહાત્મા ગાંધીજીના વિચારો અને સ્વાતંત્ર્ય સંગ્રામ સહિતની બાબતોને જેમાં આવરી લેવાય અને એના માટે ૩૨ કરોડ ૩૦ લાખ રૂપિયાની જોગવાઈ નાણામંત્રીશ્રીએ કરી છે. ૨૦૧૦ ના બજેટમાં જયારે આ જોગવાઈ કરી છે ત્યારે આ મંદિરનું નિર્માણ થશે એ આ રાજયના પાટનગર ગાંધીનગરમાં થશે અને ગાંધીનગરમાં જે આપણા ઔદ્યોગિક અને અન્ય વિકાસ માટે જે બહારના પ્રવાસીઓ આવે છે, વાયબ્રન્ટ ગુજરાત વગેરે કાર્યક્રમોમાં આવતા હોય છે તેમને પણ આપણા રાજયની સંસ્કૃતિ, આપણી શકિત,આપણા રાજયના રાષ્ટ્રપિતા અને. આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ અંગેની જાણકારી પણ તેમને મળી રહેશે. એટલે આ રીતે જયારે સરકારની જે નીતિ છે કે હર ખેતકો પાની ઔર હર હાથકો કામ દેના અને આ આપવું હશે તો માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ અને ગરીબોના કલ્યાણ માટે ગરીબ કલ્યાણ મેળામાં જે નાણાં આવે છે એ નાણાં એ લોકોની ખરીદ શકિત વધવાને કારણે આવે છે અને એ ખરીદ શકિતમાં વધારો થયો છે એના કારણે આ ખરીદ શકિતમાં વધારો એ ઔદ્યોગિકરણ અને વેપાર ઉદ્યોગની પ્રવૃત્તિ છે એને વેગ આપવા માટેના કારણે થયો છે અને માનનીય નાણામંત્રીશ્રીએ જે આ વખતે તેમની ૧૨૯૩ કરોડ રૂપિયાની જોગવાઈ જે ૩૫.૯૬ ટકા એટલે કે ૩૬ ટકાના વધારા સાથે ઉદ્યોગ અને ખાણ વિભાગની જે ચિંતા કરી છે એ પાટનગરના આર્થિક વિકાસમાં અને રાજયના યુવાનોને રોજગારી પૂરી પાડવાની દિશામાં સીમાચિહ્ન બની રહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જે આપણી કુદરતી સંપત્તિ છે એ ખાણ અને ખનીજ એ ખાણ અને ખનીજમાં પણ તેમણે જે ખનીજની મૂલ્ય વૃધ્ધિ માટે આ ખનીજની મૂલ્ય વૃધ્ધિ લઈને રાજયની પ્રજાની સંપત્તિમાં એનો ઉપયોગ રાજયની પ્રજાના કલ્યાણ માટે થાય એના માટે ૬૦.૬૭ કરોડ રૂપિયાની જોગવાઈ માનનીય નાણામંત્રીશ્રીએ ખાણ અને ખનીજના ઉદ્યોગના વિકાસ માટે કરી છે આ બધી જ નાણાકીય જોગવાઈઓ. છે એ એવાં સુંદર પરિણામો આવતા વર્ષોમાં લાવશે કે ૧૧ મી પંચવર્ષીય યોજના જે ૧૧,૧૧૧ કરોડ રૂપિયાની છે એ આ દ્રષ્ટિએ વધે તો ૧૨ મી પંચવર્ષીય યોજના એ ૨ લાખ ૨૫ હજાર કરોડ રૂપિયાની બારમી પંચવર્ષીય યોજના આ રાજયને સોંપડશે જેના કારણે નાણાની તંગી ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે અને ગરીબોના વિકાસ માટે નડશે નહીં એ પ્રકારના આર્થિક વિકાસની એક છલાંગ મારવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ અને એમાં માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૦-૧૧ ના બજેટથી એમાં પ્રાણ પૂર્યા છે. આ બજેટને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ સોળમું બજેટ લાવ્યા છે, એમણે લખ્યું છે કે ૧૫ વખત બજેટ રજૂ કરવાનું સૌભાગ્ય એમને મળ્યું અને સોળમી વખતનું બજેટ રજૂ કરી રહ્યા છે અને સાથે સાથે એ પણ કીધું કે આ દાયકાનું પહેલું બજેટ રજૂ કરી રહ્યા છે, આ સદીનું પહેલું બજેટ પણ એમણે રજૂ કરેલું, ગઈ સદીનું છેલ્લું બજેટ પણ એમણે રજૂ કરેલું. અને એમાં આ બધું કહેવાથી કંઈ ન થાય, પણ આ આટલા બજેટો પછી પણ રાજય સરકારનું દેવું ઓછું કરવામાં માનનીય નાણા મંત્રીશ્રીને સફળતા મળી નથી એ હકીકત છે તેનો સ્વીકાર નાણા મંત્રીશ્રીએ કરવો જોઈએ. અમારે સૌરાષ્ટ્રમાં એક દુહો છે, • (xxxx) કારણ કે

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી હંમેશા એમ કહે છે કે તમે પણ બજેટ રજૂ કર્યુ, મારે તો એક બજેટ રજૂ કરવાનું આવેલું અને કોંગ્રેસના ટેકાથી શંકરસિંહજી વાઘેલાની સરકાર વખતે.

**અધ્યક્ષશ્રી** : આપનો દુહો અરૂચિકર છે,

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે સોળ વખત જેમણે બજેટ રજૂ કર્યુ છે, એ પછી પણ રાજયનો નાણાકીય બોજો ઓછો ન કરી શકતા હોય તો એમને માટે પ્રસંશાના શબ્દો ન કહેવાય, પણ માત્ર અમારે એમને એની જાણ તો કરવી જોઈએ ને કે સોળ વખત આપે નાણા મંત્રી તરીકે બજેટ રજૂ કર્યુ,

**અધ્યક્ષશ્રી** : આપ સાહિત્યના માણસ છો એટલે હું કહું છું, આપણે આપણી જાતને સપૂત કહીએ એ સારું નહીં, તમે જે દુહો વાપર્યો તે હું કાર્યવાહીમાંથી દૂર કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વખત મેં તો બજેટ રજૂ કર્યુ હતું અને એના કારણે ૯મી પંચવર્ષીય યોજનાનો અમલ અમે કરેલો. પાંચમાં પગાર પંચમાં સમયસરના ચુકવણા કરેલા હતા, આજે છઠ્ઠા પગાર પંચને કારણે નાણાકીય બોજો વધી રહ્યો છે તેવો ઉલ્લેખ માનનીય નાણા મંત્રીશ્રીએ એમના પ્રવચનની અંદર કર્યો છે, આ છઠ્ઠા પગાર પંચને કારણે કેટલા પૈસા એમણે ચુકવ્યા? છઠ્ઠા પગાર પંચને કારણે ચાર વર્ષ વીતી ગયા અને આ કર્મચારીઓને માત્ર વ્યાજની અંદર એક હજાર કરોડ રૂપિયાનું નુકસાન થવાનું છે, અને એ પછી આપણે કહીએ રાજયની આવકો વધતી જતી હોય તો એ કલ્યાણની યોજનાઓની અંદર આપણે જે આપ્યું છે તે સાર્થક થવું જોઈએ, સામાજિક સેવાઓમાં ૧૨ હજાર કરોડ રૂપિયા આ વખતની વાર્ષિક યોજના એ આયોજન પંચ માટે થઈને મુકવામાં આવેલી છે, મંજૂર થઈ કે નહીં તે ખબર નથી, પરંતુ આજે આ પુસ્તકની અંદર ૧૨ હજાર કરોડ રૂપિયા સામાજિક સેવાઓમાં આપવામાં આવ્યા તેમાંથી પાણી પુરવઠા યોજના માટે થઈને યોજનાકીય ખર્ચ માત્ર ૪ હજાર કરોડ રૂપિયાનો એમણે બતાવ્યો છે, પાણીની માત્ર પાઈપ લાઈનો જ નાખ્યા કરીશું આપણે? ઢાંકી થી પાણી વહન કરવાની તેની પુરતી શકિત હોવા છતાં પણ તેની પેરલલ એક લાઈન ઢાકી નાખવાની અને બીજી લાઈન નાખવાની રાજકોટ, ત્રીજી વલ્લભીપુર નાખવાની અને ચોથી નાખવાની ધ્રાંગધ્રા-નાવડા, અને આ રીતે પાઈપોના કારખાનાઓ છે તેને આપણે બીઝનેશ અપાવવા માગીએ છીએ? ગામડાંને પીવાનું પાણી મળતું નથી કચ્છના ૬૭૬ ગામડાંને જોઈન્ટ કરવામાં આવ્યા હોય એમાંથી માત્ર ૧૯૦ ગામોને જ નર્મદાનું પાણી અપાતું હોય, અને આ પાઈપ લાઈનો કોના માટે નાખીએ? ઉદ્યોગોને પાણી આપવા માટે આ કેપિટલ ખર્ચ કરવામાં આવ્યો? કચ્છના ૮૮૬ ગામોમાંથી હજુ ૬૭૬ ગામોને જ પાણી અપાયું છે અને એમાંથી પણ ૧૯૦ ગામોને પાણી મળતું હોય તે વખતે આવો નિરર્થક ખર્ચ કરવાની વાત લઈ અને રાજયના વિકાસની વાતને અમે સ્વીકારી શકીએ એમ નથી, રાજયનો વિકાસ કરવો હોય, તો રાજયની ઔદ્યોગિક ઈન્સ્ટીટયુટ છે, ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ કોર્પોરેશન કે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોરપોરેશન, તેને તાજી કરવા માટેની કોઈ વાત કે નાણાકીય સહાય આપવા માટેની વાત લઈને જો આવ્યા હોત કે ઉદ્યોગોનો બોજો ઓછો થાય તે માટેની કંઈ સેક્રીફાઈસ કરવાની વાત લઈને આવ્યા હોત તો આ રાજયના વિકાસની અંદરના પાયાની સંસ્થાઓ છે જે આજે માંદી થતી જાય છે તેના માટે બજેટમાં કોઈ જોગવાઈ નથી. આયોજનની અંદર એમણે ૬૭ ટકાનો વધારો કર્યો એમ કીધું છે. એમાં ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાં એક પૈસાનો પણ વધારો નથી કર્યો. અન્ય રાજયોમાં એક કરોડ રૂપિયા ધારાસભ્યશ્રીઓને આપતા હોય ત્યારે ગુજરાતમાં વરસોથી ૫૦ લાખ રૂપિયાની જ ગ્રાન્ટ આપવામાં આવે છે. આજે જ્યારે દરેક વસ્તુના ભાવ વધતા જતાં હોય અને લોકોની એ વિસ્તારની અંદર ધારાસભ્યો પાસે માંગ આવતી હોય તેવે વખતે ૬૧ ટકાનો વધારો આયોજનની અંદર કર્યો છે. આયોજનના ધોરણોમાં ૨૯૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન હોય તો સાત ટકાને હિસાબે બે હજાર કરોડ ફાળવ્યા હોય તો એમાંથી તમે વધારો કરી શકો. આ સાત ટકાના વધારાની વારંવાર આ સન્માનનીય સભાગૃહમાં વાત કરી છે. બધા ધારાસભ્યોની લાગણીની વાત કરી છે પણ એ સ્વીકારવાનો આ બજેટના પુસ્તિકમાં કોઈ ઉલ્લેખ કરેલો નથી. માત્ર વિવેકાધીન ગ્રાન્ટની અંદર એમણે ૧૬૦ ટકાનો વધારો કરેલો છે. વિવેકાધીન ગ્રાન્ટની અંદર એ ધારાસભ્યનો અવાજ કેટલો? તાલુકામાંથી દરખાસ્ત તૈયાર થાય, જિલ્લામાં દરખાસ્ત તૈયાર થાય પછી પ્રભારી મંત્રીશ્રી એની અંદર પોતાનો અભિપ્રાય આપે અને એના કરતાં જે ખાસ વિકાસશીલ તાલુકાઓ રાજય સરકારે આઈડેન્ટિફાઈ કર્યા છે. વી.આર. એસ. કોલગી કમિટીના અને આ કોલગી કમિટીના તાલુકાઓ છે એમાં ધારાસભ્યોનો અસંતોષ માનનીય મંત્રીશ્રી સમજી શક્યા હોત તો એના માટેની પણ ખાસ જોગવાઈ કરીને એની અંદર માત્ર ને માત્ર ધારાસભ્યોની ભલામણ હોય, એ વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિની ભલામણ હોય એના તરફ ધ્યાન આપવાના બદલે રાજકીય રીતે એના પ્રભારી મંત્રીશ્રી હોય અને એ કહે ત્યાં પૈસા ખર્ચવાના હોય એના સચિવ કહે ત્યાં ખર્ચવાના હોય તેથી આની મુલવણી કરવી ખાસ જરૂરી છે.

ગ્રામીણ વિકાસ માટેની વાત આવી, ગ્રામીણ વિકાસની અંદર આ ગૃહે જે મંજૂર કરી હોય, આ ગૃહની જવાબદારી થતી હોય એના બદલે પૈસા ખર્ચવા માટે કોઈને આપી દઈએ. આપણા ટેક્સેશનની પદ્ધતિની અંદર જેને ટેક્સ માફી કે ડિફોલ્ટ ટેક્સ હોય એની પાસેથી બે ટકા લઈને આપણે રાજય સરકારની તિજોરીમાં નાખવાના હોય પરંતુ એ ગૃહને અહીં સગવડ કરી આપવામા આવી છે કે આ ટેક્સ તમે ભરવાને બદલે તમે એનું ખર્ચ કરો. એની અંદર ચૂંટાયેલા પ્રતિનિધિનો કોઈ અવાજ ખરો. આ ગૃહને વફાદરા કે જવાબદાર એ સંસ્થા

ખરી? જે સંસ્થા આ ગૃહને વફાદાર ન હોય કે જવાબદાર ન હોય એને આપણે ખર્ચવા માટે કઈ રીતે આપી શકીએ? માનનીય નાણામંત્રીશ્રીએ ગઈકાલે જવાબમાં કહ્યું અને આ પુસ્તકમાં પણ ઉલ્લેખ કરેલો છે કે સેલ્સટેક્સની જે બાકી માગણી છે અને એ માગણી અંગે વિરોધપક્ષના નેતાશ્રીએ પણ સવારમાં શરૂઆતમાં કહ્યું એમાં જે વાંધામાં પડેલી હોય, કોર્ટ મેટર હોય પણ નામદાર સુપ્રીમ કોર્ટે પણ કાઢી નાખી હોય અને રાજય સરકારના હિતોની હિફાજત કરવાની નાણા ખાતાએ કે નાણામંત્રીશ્રીએ કોઈ દિવસ કાળજી કરી છે ખરી. જે રાજયની માગણીઓની સામે ઉચ્ચ અદાલતોમાં ગયા હતા અને ઉચ્ચ અદાલતે એમને કાઢી નાખ્યા છે એ પૈસા વસૂલ કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની ચિંતા કરી ખરી? નહિ તો આપણું કરજ વધતું જ જાય. નૉન પ્લાનના આંકડાઓ આપવામાં આવે છે એની અંદર સતત આપણે આ રાજયમાં વેટનો ૧૭- ૧૮ ટકાનો વધારો થતો હોય પરંતુ કેટલીક બીજી આપણી આવકો છે એ હંમેશાં ઘટતી જતી હોય, મનોરંજન કરની આવક ઘટતી જતી હોય, રાજયમાં માર્ગ પરિવહનનો વ્યાપ વધી રહ્યો છે એના પ્રમાણે આપણે એની આવકોનું કોઈ દિવસે મોનિટરીંગ કરીએ છીએ ખરા? સ્ટૅમ્પ ડ્યૂટીની આવકો કદાચ વધી હોય પરંતુ જંત્રીના ભાવ વધવાને કારણે આ સ્ટૅમ્પ ડ્યૂટીની આવક વધી હોય પરંતુ કોઈ ઠેકાણે જંત્રીના ભાવ કરતાં ઓછા ભાવે જો સરકારે જમીન આપી હોય કે કોઈએ અપાવી હોય તો એની સામે કોઈ દિવસ આપણે અવાજ ઉઠાવ્યો છે ખરો? ટાટાનું પાવર સ્ટેશન કચ્છના દરિયા કિનારે આવે, એને કન્શન એવોર્ડની જમીનો કરતાં પણ આપણે ઓછા ભાવે આપી હોય એનો એકરાર મહેસૂલ મંત્રીશ્રી કરતાં હોય ત્યારે એની પાસેથી પૈસા વસૂલ કરવા માટેની કોઈ કાર્યવાહી માનનીય નાણામંત્રીશ્રી કરવા માગે છે કે કેમ? આ બધું થતું હોય એ રાજયના હિતમાં થતું હોય એ એને લક્ષીને નાણામંત્રીશ્રીને સંબોધીને કેટલીક વાતો કહી છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ (વલસાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે હું મારી જાતને સદ્ભાગી લેખું છું કે તેમાં ૨૫ વર્ષ પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું યોગદાન મને આ સભાગૃહમાં મળ્યું છે. અનેક બજૅટોનો પણ અનુભવ મને થયો છે. આ વખતનું બજૅટ હું વિષયવાર ચર્ચા કરવા માગતો નથી. સમયનો અભાવ છે. પણ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પ્રસંગે રજૂ કરેલું બજૅટ મને લાગે છે કે પ્રજાના આર્થિક રીતે ઉદ્ધાર માટે આ જે કળશ છે તેમાં સોનાજડિત સોનાકળશ થવાનો છે તેવું મને પોતાને ભાસે છે. મને આજે દંડકશ્રીએ જળસંપત્તિનો વિષય આપ્યો છે. એટલે હું બીજી કંઈ ચર્ચા કરવા માગતો નથી. પણ સામા પક્ષને ગમે એવી વાત હું કરવા માગું છું, જળ સંપત્તિમાં. હું આ વિધાનસભામાં • (xxxx) અને મને વિશેષ આનંદ એ વાતનો છે કે અમારા ચેરમેન મોહનસિંહભાઈ રાઠવા.

**અધ્યક્ષશ્રી** : સમિતિની વાતનો ઉલ્લેખ અહીં નહીં થાય.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : જળ સંપત્તિને ઉદ્દેશીને આ વાત આવે છે. હું કોઈની (xxxx) કરવા માટે વાત નથી કરતો.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, એમ નહીં, એ *(xxxx) શબ્દ કાઢી નાખું છું.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : જે હકીકત છે એ મને મૂકવા દો, પછી તમે મને બેસાડી દો તો પણ વાંધો નથી. લાંબુ બોલવાનો પણ નથી. જળ સંપત્તિમાં સાહેબ હું એક મિનિટ..

**અધ્યક્ષશ્રી** : મારી મર્યાદા છે. સમિતિની અંદર જે વાત થઈ હોય તેના ઉલ્લેખો ન થાય.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : એક જ મિનિટમાં હું સાહેબ કહેવા માગું છું કે (xxxx) ડાંગ જિલ્લાની મુલાકાત લીધી.

**અધ્યક્ષશ્રી** :આપને ફરીથી કહું કે સમિતિના ઉલ્લેખ સિવાય..

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : એમાં સાહેબ ૮૦/૨૦નું આવે છે.

**અધ્યક્ષશ્રી** :આપ સિનિયર મેમ્બર છો, સમિતિના ઉલ્લેખ સિવાય આપ ડાંગ જિલ્લાની વાત કરો.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : સાહેબ, જળ સંપત્તિનું જે આવે છે, જળ સંપત્તિમાં આદિવાસી વિસ્તારોએ લોક ભાગીદારીથી કરેલા ચેકડેમો અને તેના જે ચેરમેને જે કંઈ અમને રજૂઆત કરી છે એ અમારે અહીં કહેવાની કે નહીં? આ બજૅટમાં જળ સંપત્તિના બજૅટથી ફાયદો કેટલો થયો છે એ જાણવું નથી? તો તો સાહેબ મારે એ કહેવાનું નથી. તેનું કારણ એ છે કે તેમણે એમ કહ્યું કે ૮૦/૨૦ના ચેકડેમોની જ્યારે અહીં પ્રવૃત્તિ ચાલી છે ત્યારે અમે અર્ધનગ્ન હાલતમાં જીવતા માણસો, ભૂખે-તરસે જીવતા એને આ ચેકડેમના ફાયદાથી ખેતી કરતા થયા અને આજે આર્થિક રીતે અમારી આમદાની વધી છે. એટલે જે રીતે આ જે વટાળ પ્રવૃત્તિ ચાલે છે એ ગરીબીના મૂળમાંથી ચાલે છે તે ગરીબીનું મૂળ હટયું છે અને વટાળ પ્રવૃત્તિમાંથી અમે અલિપ્ત થયા છીએ એવું જ્યારે જળ સંપત્તિ વિભાગ કામ કરતું હોય ત્યારે મને લાગે છે કે સામાજિક પરિવર્તનની એક મોટી ક્રાંતિ કહેવાય અને જળ સંપત્તિ મને સોંપ્યું છે તો મારે આટલું તો કહેવું પડે ને સાહેબ અને એની સરાહના, મારે મોહનસિંહભાઈની વાત એ રીતે કરવી છે કે રચનાત્મક અભિગમ કેળવવાવાળા અમારા ચેરમેને સરાહના કરી ત્યાં.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આપ સમિતિના ઉલ્લેખ અને એની વાત ન કરો. એમને એમ ડાંગ જિલ્લાની વાત કરો.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : આ જળ સંપત્તિનું આવ્યું એટલે કહેવું પડે કે નહીં? વટાળ પ્રવૃત્તિ સાહેબ, સામાજિક ક્રાંતિ આ જળ સંપત્તિ વિભાગે ..

**અધ્યક્ષશ્રી** : માનનીય દોલતભાઈ, હું ફરીથી આદેશ આપું છું કે આ સભાગૃહની અંદર સમિતિની મુલાકાત થઈ હોય અને એ વખતે જે રજૂઆત થઈ હોય એવા કોઈ સમિતિના ઉલ્લેખો એ સમિતિના સભ્ય હોય કે ન હોય એ આપણે કરી શકતા નથી. આપણે માત્ર અહેવાલો દ્વારા અને એ અહેવાલો અહીંયા મૂકાય છે. આપ આપના ડાંગ જિલ્લાના અનુભવ વિષે સમિતિના ઉલ્લેખ વિના વાત કરી શકો છો.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : સાહેબ, હું દિલગીરી જાહેર કરું. પણ હું એટલો બધો ઉત્સાહમાં છું કે જળ સંપત્તિ વિભાગે અને માનનીય વજુભાઈએ જે રીતે જળ સંપત્તિ વિભાગનું બજૅટ ફાળવ્યું છે એ છેલ્લા ૧૦ વર્ષથી નથી ફાળવાયું એવું આ વર્ષે બજૅટ ફાળવવામાં આવ્યું છે અને એ બજૅટ ફાળવ્યું છે તેમાં મને ઉત્સાહ એ વાતનો છે કે ગયા વખતે પણ વિધાનસભામાં મને બોલવાની તક મળેલી અને મેં જે કંઈ રજૂઆત કરેલી તેના સંદર્ભમાં અમારી સાહેબ, વાપીથી તાપી સુધીની ભૂમિ પરશુરામની ભૂમિ ગણાય છે. પરશુરામની ભૂમિમાં આ વખતે કોઈ કારણસર જે લોકો સીધા ઈશ્વરની નજીક રહેતા લોકો, ખાસ કરીને માછીમારો, તેને સુનામી જેવું મોજું આવવાથી જે મોજા પાંચ-સાત મીટર ઉછળતા હતા તેના બદલે ૩૦ મીટર ઉછળીને જે ખાના ખરાબી થઈ છે અને આખો કાંઠો ધોવાઈ ગયો છે તે કાંઠાને પાછો બેઠો કરવા માટેની જે..

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ સાંજના ૪-૩૦ થી ૫-૦૦અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી દોલતરાય ના. દેસાઈ** :(ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું ધોવાણ બાબતમાં ચિંતા સેવું છું અને એની વાત કરતો હતો. જળ સંપત્તિ વિભાગમાં સંરક્ષણ દીવાલ લીધી છે. પણ સાહેબ, આ વખતે સુનામી ટાઇપ મોજાં આવ્યા એ ૩૦ ફૂટ ઊછળ્યા, લગભગ ૩૦૦ કિ.મી. જેટલો દરિયો ધોવાયો અને આજે લોકોને આજે જીવન મરણનો સવાલ ઉપસ્થિત થયો છે ત્યારે મને લાગે છે કે, આપણે એને બીજી કોઈ સવલતો આપીએ એ પહેલાં એને જીવાડવાનો વિચાર કરવો પડશે. તેવા વખતે સંરક્ષણ દીવાલ તાત્કાલિક અસરથી ઊભી થાય તે માટે જોગવાઈ કરી છે અને બીજી કોઈ વ્યવસ્થા કરીને પણ મને લાગે છે કે, પ્રાયોરીટી આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું કાંઠા વિસ્તારમાંથી આવું છું. એટલે કહું છું કે, તળાવો છે એ સામાન્ય રીતે ૯૦:૧૦ના થાય છે અને એ રીતે તળાવો ઊંડા કરવામાં આવે છે. આ તળાવો ઊંડા કરવાથી પાણી ભરાય છે અને એના જળથી કાંઠા વિસ્તારમાં ખારા પાણી હતા એ મીઠા થયા છે અને પાણીના તળ ઊંચા આવવા માંડ્યા છે. પહેલાં જે પીવાના પાણી તકલીફ હતી એ ૯૦:૧૦ની સ્કીમ હતી એના કારણે મહદઅંશે મટી ગઈ છે. કાંસ- જે ખારી જમીનને મીઠી કરવા માટે જે પાળા યોજના છે એ એટલી આશીર્વાદરુપ બની છે કે, કાંઠા વિસ્તારમાં મચ્છી પકડવા સિવાય બીજો કોઈ ધંધો ન હતો, ખેતી થતી ન હતી. પણ હવે ખારી જમીન મીઠી થઈ છે, ખેતીમાં ઉત્પાદન વધ્યું છે, એમાં પાળાની યોજનાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે એમ હું માનું છું. બજૅટમાં જોગવાઈ છે એ સોના રત્ન જડિત બજૅટ છે. હું પણ એક સામાન્ય ખેડૂત છું. આંકડાની બાબતમાં હું નથી પડતો. ૨૫ વર્ષથી અહીં બેસું છું. લોકોની મુશ્કેલીઓનો સીધી રીતે ઉકેલ આવતો હોય તો આ છેલ્લા દસ વર્ષમાં જે રીતે બજૅટમાં ફાળવણી થઈ છે, જે રત્નો વરસી રહ્યાં છે એના કારણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુવર્ણ જયંતી ઉજવવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ તેમના સ્થાનેથી આ ૫૦ વર્ષમાં જેમણે યોગદાન આપેલું એ બધાને અહીં ભેગા કરેલા ત્યારે દરેકની આંખમાં હર્ષનાં આંસુ આવતા હતા. ગમે તે પક્ષના હોય આ આયોજન કરવામાં આવ્યું એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અધ્યક્ષશ્રીને અભિનંદન આપવાનું કારણ એ છે કે, એમણે અહીં સરસ વ્યવસ્થા કરી. અમે જેમને વર્ષોથી છોડી ગયા હતા એ બધાને ૨૫ વર્ષ પછી કેટલાક માણસોને મળ્યા છીએ અને એ રીતે હું તેમને આવકારું છું. જ્યારે સુવર્ણ જયંતી ઉજવવાની છે ત્યારે મને લાગે છે કે, પહેલી જાન્યુઆરીએ જે રીતે ઉજવણીમાં ભાગ લેવા માટે આવેલ એ રીતે સુવર્ણ જયંતી ઉજવવાની છે એ માટે ઈશ્વર સદ્દબુદ્ધિ અને તાકાત આપે એટલું કહી મારી વાત પૂરી કરું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનું બજૅટ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત રજૂ કરું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ, એ સાચું જ બોલશે. આપણામાં સાચું સમજવાની ભગવાન શકિત આપે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રની જો હું વાત કરું તો મારા મિત્રો માનવા તૈયાર ન થાય. ગુજરાત બહારના બે પત્રકાર મિત્રો ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. ધ નેશનલ એગ્રીકલ્ચર મેગેઝીનના અંજના નાયબ અને બી દત્તા, એમણે લખ્યું છે કે,એમણે લખેલ છે કે ગુજરાત કૃષિક્ષેત્રે અનેક રાજયોની ઈર્ષા કરાવે તેની પાછળના પરિબળોની વિગત રજૂ કરી છે. ગુજરાત એવું રાજય છે. ઔદ્યોગિક વિકાસની તક વધુ હશે તો કૃષિ વ્યવસાયની અગત્યતા જાણીને તેમાં રસ દાખવ્યો છે એનું કારણ કે પ્રગતિશીલ ખેડૂતો, ગુજરાતના ખેડૂતો અને વિશાળ કુદરતી સંપત્તિ, કૃષિ વ્યવસાયમાં ઉંડો રસ ધરાવતી સરકાર મળવાને કારણે જેથી ગુજરાત દિનપ્રતિદિન પ્રગતિ કરી રહ્યું છે. પહેલા એમાં ધાન્યવરનું વાવેતર થતું હતું પણ ધીરેધીરે ચોમાસું

પાકમાં કપાસ, મગફળી, ડાંગર, દીવેલા, તલ, બાજરી, મકાઈ, તુવેર અને મકાઈનું વાવેતર થવા લાગ્યું અને એમાં પાછું કપાસ દીવેલા અને તમાકુનું વાવેતર કરીને ધાન્યની જગ્યાએ કરીને વધુ આવક મેળવતું થયું. બાગાયતમાં પણ સાહેબ ખૂબ જ પ્રગતિ કરી એને બાગાયતના પાકોમાં કેરી, ચીકુ, મોસંબી, કેળા, જામફળ, આમળા વગેરેનું વાવેતર કરીને આપણે વધુ ઉત્પાદન લીધું છે. સમગ્ર રીતે ગુજરાત દેશમાં દીવેલા, કપાસ, ડુંગળી અને મગફળીમાં પ્રથમ ક્રમે રહ્યું છે અને કૃષિ તલ, બટાકા, બાજરીના પાકમાં બીજા ક્રમે રહ્યું છે. ૧૦ટકાનો કૃષિ દર થયો, કારણ કે આપણે નવી ટૅક્નૉલૉજી અપનાવી. અને નવી ટૅક્નૉલૉજી અપનાવવાના કારણે ૨૦૦૨માં ૯હજાર કરોડ રૂપિયાનું આપણે ઉત્પાદન કરતા હતા પણ ૨૦૦૯માં તે વધીને ૪૯હજાર કરોડનું આપણે ઉત્પાદન કરી ચૂક્યા છીએ. ઘણા મારા મિત્રો એમ કહેતા હતા આ કૃષિરથ, કૃષિ મેળો કરી અને આ એક જાતના • (xxxx) કરી રહ્યા છે. સાહેબ હું કહું છું એના કારણે

**અધ્યક્ષશ્રી** :(xxxx) શબ્દ હું કાઢી નાખું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : એના કારણે ખેડૂતોમાં જાગૃતિ આવી, નવી ટૅક્નૉલૉજી અપનાવવાનો એમને લાભ મળ્યો, અને એના કારણે કૃષિમાં ક્રાંતિ આવી, ૨૦૦૧-૨૦૦૨માં કિસાન ક્રેડીટ કાર્ડ ૨,૯૬,૪૨૫ આપવામાં આવ્યા એના કારણે ૧૧લાખ ખેડૂતોને કૃષિ વિષયક સહકારી માળખા દ્વારા ઉપલબ્ધ કરાવેલ છે. કૃષિધીરાણ માળખાને બળવત્તર બનાવવા વૈજનાથન પૅકેજ અમલીકરણ માટે ૧૭૦કરોડ સહકારી મંડળીઓને સેવા સહકારી મંડળીઓને ઉપલબ્ધ થયા. રૂા. ૭૨૦ કરોડના એમ.ઓ.યુ. કરી વૈજ્ઞાનિક ખેતી અને વધુ ઉત્પાદન તેમજ રૂપાંતરિત પ્રક્રિયા દ્વારા માર્કેટીંગને વેગ મળ્યો છે. ૨૦૦૦ યોજનાકીય કદમાં ૬૦૦ ટકાનો વધારો થયો છે. ૨૦૦૩માં ૬૬૧ લાખ, ૨૦૦૮-૦૯માં ૪૦કરોડ કરતા વધારે ઉત્પાદન થયું છે. ખેડૂતોને કૃષિ પેદાશમાં સહકારી માળખામાં ક્ષેત ઉત્પાદન બજાર સમિતિમાં ૬ વર્ષમાં ૨૦૦ ટકાનો વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૨માં ૬૫૦૦ કરોડ, વર્ષ ૨૦૦૮માં ૧૩,૫૦૦ કરોડ થયેલ છે. ભારતના કોઈપણ રાજય કરતા કૃષિ દર ૧૦ ટકા વધુ રહેલ છે. ગુજરાતના ૧૦૦ એવા ગામડા છે. સમગ્ર ગામ ડ્રીપ ઈરીગેશન કરેલા થયેલા છે. આ એક જાગૃતિ કહેવાય કે આ કૃષિમેળા, કૃષિરથની જાગૃતિને કારણે લોકો ડ્રીપ ઈરીગેશન ફુવારા પદ્ધતિ તરફ વળ્યા છે. ગુજરાત એવું એક રાજય છે જેને સમગ્ર રાજયમાં સોઈલ હેલ્થ કાર્ડનો પ્રોગ્રામ આપ્યો છે.આપણે બીમાર થઈએ તો કાર્ડિયોગ્રામ કરીએ, આપણે બીમાર પડીએ તો એન્જિયોગ્રાફી કરાવીએ ત્યારે ખેડૂતો માટે આ સોઈલ હેલ્થ કાર્ડ એમાંનું એક છે. વિવિધ પ્રકારની (સમયસૂચક ઘંટડી) હજી તો પાંચ મિનિટ નથી થઈ. અન્ય રાજ્યોની સરખામણીએ ખેડૂતોના આપઘાતનું પ્રમાણ ગુજરાતમાં નહિવત છે. મહારાષ્ટ્રમાં તમારી યુ.પી.એ. સરકારમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન સૌથી વધુ ૩૮૦૨ ખેડૂતોની આત્મહત્યાના કેસો નોંધાયા હોવાનું નેશનલ ક્રાઈમ બ્યુરોના અહેવાલમાં જણાવવામાં આવેલ છે. ૧૯૯૭થી ૨૦૦૦ સુધીના આંકડા પ્રમાણે મહારાષ્ટ્રમાં રોજ ૮ ખેડૂતો આત્મહત્યા કરતા હતા. વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૮ માં પ્રતિદિન ૧૧ ખેડૂતો આત્મહત્યા કરતા હતા. આંધ્ર, કર્ણાટક, મહારાષ્ટ્ર, છત્તીસગઢમાં આપઘાતનું પ્રમાણ ૬૬ ટકા છે. (અંતરાય) કૃષિ ક્ષેત્રે આટલી પ્રગતિ ગુજરાતમાં થઈ છે ત્યારે હું આપણા નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય નાણામંત્રીશ્રીએ જે બજૅટ રજૂ કર્યું એ બજૅટમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. વિચારોની સાથે સાથે જે માગણીનો મૂકી છે એમાં મારું સમર્થન પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ આ રાષ્ટ્રનો પ્રાણ છે અને શિક્ષણના માધ્યમને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ખૂબ ક્રાંતિકારી પગલાંઓ લીધાં છે. સામાન્ય દ્રષ્ટિએ ગ્રામ્ય જીવનમાં નાના નાના ભૂલકાઓ શાળા સુધી પહોંચતા ન હતા. દીકરીઓ સ્કૂલ સુધી અભ્યાસ માટે પહોંચતી ન હતી કે પહોંચાડવા માટેની કોઈ વ્યવસ્થા ન હતી. એના કારણે ગ્રામ્ય જીવનમાં શિક્ષણ ત્રુટક-ત્રુટક હતું. આ પરિણામોથી બહાર આવવા માટે ગુજરાત સરકાર દ્વારા, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને સરકારના વિચારોને આધીન રહીને જે કાંઈ નિર્ણયો લેવાયા એ પ્રમાણે કન્યા કેળવણી રથો ગુજરાત સરકારે ગામડે ગામડે પસાર કર્યા અને એ શાળા પ્રવેશ ઉત્સવો આપણે જોઈએ ત્યારે આપણું હૃદય પણ ખુશીથી ઝૂમી ઊઠે એ પ્રકારના કાર્યક્રમો આપણે જોયા છે. છેલ્લા સાત વર્ષ થયા એટલે કે વર્ષ ૨૦૦૩-૦૪થી આ કન્યા કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવના કાર્યક્રમો થયા છે. ગ્રામ્ય જીવનમાં જોઈએ તો પહેલાના સમયમાં બાળકોને શાળાએ જવા માટેનું પૂરતું જ્ઞાન આપતા ન હતા, કોઈ પ્રોત્સાહિત કરતું ન હતું. બાળકોને અંદરથી શાળાની બીક રહેતી હતી. આ બીકને ઉડાડવા માટે ખૂબ ધામધૂમપ્રર્વક કાર્યક્રમો કરવામાં આવ્યા. ઢોલ-નગારા વગાડી બાળકોને મુગટ અને પીંછા પહેરાવવામાં આવે, ચૉકલેટ આપવામાં આવે અને શાળા સુધી લાવવામાં આવે અને પછી શાળા કાર્યક્રમમાં બાળકોનો શાળામાં પ્રવેશ થાય અને પ્રવેશ થાય ત્યારે એમનામાં રહેલો શાળા પ્રત્યેનો ભય અને બીક જ્યારે તે શાળામાં બેસે ત્યારે જતો રહે અને બાળક કાયમી શાળામાં આવતું થઈ જાય. આ પ્રકારના કાર્યક્રમો જ્યારે શરૂ કર્યા છે ત્યારે એના ખૂબ સારા પરિણામો આવી રહ્યા છે. આપણે જોઈએ તો ૬ થી ૧૪ વર્ષની જે કોઈ બાળકોની વય છે એ વયનો જે ડ્રોપ આઉટ રેશિયો હતો એ ૬

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ટાડવામાં આપણે સફળ થયા છીએ. ધોરણ ૧ થી ૫ માં ડ્રોપ આઉટ રેશિયો હતો તે અગાઉના સમયમાં ૨૦.૯૩ ટકા હતો તે અત્યારે ઘટીને ૨.૨૯ થયો છે. એ જ પ્રમાણે ધોરણ ૧ થી ૭ માં ડ્રોપ આઉટ રેશિયો ૩૮.૯૨ ટકા હતો જે ઘટીને આજે ૮.૮૭ ટકા થયો છે. એનો અર્થ એ થયો કે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેની લગન રાજ્ય સરકારના મનસૂબાના કારણે કામિયાબ નીવડી છે અને બાળકો શાળાએ આવતા થયા છે. એનાથી આગળ વધીને જેમ જેમ શાળાનું વાતાવરણ સુધરતું થયું, શાળાઓમાં વિકાસ, શાળાઓમાં ઓરડા, શાળાઓમાં ભૌતિક સગવડો જેમ જેમ આગળ વધતા ગયા,શૈક્ષણિક અને ભૌતિક સગવડોમાં જેમ આગળ વધતા ગયા એજ પ્રમાણે ધીમે ધીમે રાજ્ય સરકાર કાળક્રમે કાર્યક્રમોમાં આગળ ચાલતા ગયા. નવેમ્બર-૨૦૦૯માં ગુણોત્સવ કાર્યક્રમ ગુજરાત સરકાર દ્વારા ઊજવાયો તેમાં ગુજરાતભરમાં આપણે જોઈએ છીએ એ પ્રમાણે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીથી શરૂ કરીને માનનીય મંત્રીશ્રીઓ, સંસદીય સચિવશ્રીઓ, આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. તથા કલાસ-૧ના અધિકારીઓ દિવસભર શાળાઓમાં રહીને લગભગ ૩૦૦૦૦ અધિકારીઓ સાથેની ફોજ લઈને આખા દિવસ દરમ્યાન શાળા અંગેનું આખું નિરીક્ષણ કર્યુ અને નિરીક્ષણમાં જે જે સુધારા-વધારા ધ્યાને આવ્યા એ પ્રમાણે કર્યા એનાથી આ શાળાઓમાં ગુણોત્સવમાં ૩૦ ટકા ભૌતિક સુવિધાઓ અને ૭૦ ટકા શિક્ષણનું મૂલ્યાંકન કરવામાં આવ્યું આનાથી ખૂબ સારા પરિણામો શિક્ષણમાં આવી રહ્યાં છે. એનાથી પણ ગુજરાત સરકારે આગળ વધીને દીકરીઓ શિક્ષણના વ્યાપમાં વિશેષ કાળજી લે અને વિશેષ રીતે જોડાય અને સ્કૂલમાં કાયમી માટે એમનો પ્રવેશ રહે. એમના માટે દીકરીઓ જ્યારે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવે એ વખતે વિદ્યાર્થિનીઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડનું પણ આયોજન કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧ થી ૮ સુધીમાં વિનામૂલ્યે પાઠ્યપુસ્તક ગુજરાત સરકાર તરફથી પણ આપવામાં આવે છે અને એની સાથે સાથે ગુજરાતભરની પ્રાથમિક શાળાઓમાં સ્વાધ્યાયપોથી, નકશાપોથી, પ્રયોગપોથી વગેરે પણ મફત આપવામાં આવે છે અને આ જ્યારે ગુજરાત સરકાર તરફથી મફત આપવામાં આવે છે ત્યારે મારે એ પણ ધ્યાન દોરવું છે કે સમગ્ર દેશમાં પ્રાથમિક ધોરણ અને ૧ થી ૮ સુધી મફત પાઠ્યપુસ્તકો કેન્દ્ર સરકાર ભારતભરમાં આપે છે પણ માત્ર ગુજરાતને આ લાભ નથી આપવામાં આવતો એ દુ:ખની વાત છે અને આ બધું ગુજરાત સરકાર એમના ખર્ચે પાઠ્ય પુસ્તકો આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાલક્ષ્મી બોન્ડની મેં હમણાં વાત કરી ત્યારે દીકરીનો પ્રવેશ થાય ત્યારે ૧૦૦૦ રૂપિયાનું બોન્ડ શાળા પ્રવેશ વખતે એમના નામે જમા થાય છે. જે યોજના ૨૦૦૯-૧૦ માં આપણે જોવા જઈએ તો ૧૧૧૫૫૩ દીકરીઓને પ્રવેશના બોન્ડ આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આપણા મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, "દીકરાને ભણાવો તો વ્યકિતને ભણાવો છો અને દીકરીને ભણાવો તો આખા કુટુંબને ભણાવો છો." આ રીતે આખા કુટુંબને ભણાવવા માટેનો ગુજરાત સરકાર તરફથી ખૂબ મોટો પ્રયત્ન થઈ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સગવડો માટે પણ ખૂબ સુવિધાઓ ઊભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ વાત કરીને મારી વાત પૂરી કરું.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ (અંતરાય) તો પછી બીજાની મિનિટો કપાશે. ૬-૩૦ વાગ્યા પહેલા પૂરું કરવાનું છે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એમને મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : ખૂબ સારી રજૂઆત કરી છે હવે આપ પૂરું કરશો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના નાણામંત્રીશ્રી ૧૬મી વખત બજેટ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૭૩૦ કરોડના બોજવાળું આ બજેટ. માનનીય અધ્યક્ષશ્રી, વજુભાઈ વાળા બધી રીતે સક્ષમ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા નાણામંત્રીને ફક્ત *(xxxx) (xxxx) અને ૭૩૦ કરોડ રૂપિયાના બોજાવાળું બજેટ આપ્યું છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૧૬ - ૧૬ બજેટ ત્યારે જ આપી શકે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે?

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો દૂર કરવા અંગે

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે શબ્દ એવો વાપર્યો નાણામંત્રી (xxxx) આ શબ્દ બરોબર યોગ્ય ના કહેવાય. (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે પણ કહેવું છે,

**અધ્યક્ષશ્રી** : મોહનભાઈના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય પાછો  ના જાય એ જોજો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : એ તો જાય જ ને આપણે હાથે કરીને તક આપી છે એટલે એમાં સમય જવાનો જ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ સાહેબને પોતાના પગના દુ:ખાવાના કારણે આપની અનુમતિથી અને આપે આદેશ કર્યા પછી એમણે અંદાજપત્રની જે રીતે રજૂઆત કરી છે એ આપના આદેશ પછી માનનીય સભ્યશ્રી આ પ્રમાણે મુદ્દાની રજૂઆત કરે. માનનીય અધ્યક્ષશ્રી, એ વાજબી નથી આના સંદર્ભમાં આપે એમનું ધ્યાન દોરવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી સિનિયર સભ્ય છે.શ્રી બાવકુભાઈ ખૂબ સિનિયર સભ્ય છે. આપે બહુ સારા ટેસ્ટની અંદર શબ્દ નથી વાપર્યા એ આપ સ્વીકારો. આપ જે શબ્દ વાપર્યા એ કોઈ સારા ટેસ્ટવાળા રૂચિકર નહોતા. (xxxx) ક્ષમ છે પણ ગોઠણનો દુ:ખાવો છે એટલા માટે એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર સાચો છે કે મારી મંજૂરીથી માનનીય મંત્રીશ્રીએ બેસીને પ્રવચન કરવાની માગણી કરી હતી. (અંતરાય) નહીં આપે કીધું એના અર્થમાં જ આપે કીધું છે માટે એ શબ્દો યોગ્ય નથી. આપ શબ્દો પાછા ખેંચી લો અથવા તો હું એ શબ્દો કાઢી નાખું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો બધી રીતે સક્ષમ છે એમ કહું છું. બીજું કાંઈ હું કહેવા નથી માગતો.

**અધ્યક્ષશ્રી** : નહીં. નહીં. બધી રીતે સક્ષમ છે એમ કીધું હોય તો બરાબર છે. હું પેલા શબ્દો કાઢી નાખું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટની અંદર જે અત્યારે ૯૮૬૫કરોડ રૂપિયા તો સરકારને વ્યાજના ચૂકવવાના થવાના છે. એક દિવસનું ૨૭૨૭૦૦૦૦૦ રૂપિયા વ્યાજ છે. એક કલાકનું એક કરોડ છવ્વીસલાખ રૂપિયા વ્યાજ. એક મિનિટનું જો વ્યાજ ગણીએ તો ૧૮૭૬૯ રૂપિયા વ્યાજ આ રાજય સરકાર અત્યાર સુધીમાં દેવા તરીકે ખાલી વ્યાજના ચુકવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી કહેવું છે કે વ્યાજને ઘોડા પણ આંબતા નથી અને આ સરકારનું દેવું રાજાની કુંવરીની જેમ વધે છે. દિવસે ન વધે એટલું રાત્રે વધે છે. વધ્યા જ કરે છે. વધ્યા જ કરે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વિભાવરીબહેન, આપ બોલતા હતા ત્યારે બીજા નહોતા બોલતા.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : મારે આપના માધ્યમથી માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે એક લાખ કરોડ રૂપિયાનો ટેકસ તો આ રાજયના મોટા ઉદ્યોગપતિઓ પાસેથી ઉઘરાવવાનો છે. આ કર જો ઉઘરાવ્યો હોત તો રાજયના લોકો ઉપર બોજો નાખવાની જરૂર ન પડત અને આ સાથે આપણા નાણામંત્રીશ્રીને જો આ રાજયના મલ્ટીપ્લેકસના જે થીયેટરો ચલાવે છે એમની વગ દ્વારા એમનો બધો ઉપયોગ કરીને એમના જે પૈસા બાકી છે એ જો ઉઘરાવી લીધા હોત તો પણ આટલો બધો બોજ નાખવો ન પડયો હોત. કચ્છના ધારાસભ્ય મારા મિત્રએ વાત કરી કે મુંબઈથી અમે અમદાવાદ આવીએ છીએ. અમદાવાદથી કચ્છ જઈએ છીએ તો ૧૪ કલાકમાં પહોંચી જઈએ છીએ પણ આ રોડ તો એમને ખ્યાલ નહીં હોય..

**અધ્યક્ષશ્રી** : શ્રી જયંતિભાઈ, શ્રી જયંતિભાઈ, તમને વારંવાર સૂચના આપું છું. કેટલીવાર સુચના આપવાની? આપ બેસી જાવ. મેં આપને લેખિતમાં આપ્યું છે છતાંપણ કોઈ સુધારો થવાનો ન હોય તો આપના દંડકશ્રીને હું કહું છું કે શ્રી જયંતિભાઈ માટે વિશેષ ચિંતા કરે. શ્રીજયંતિભાઈ, મારી વાતને તમે હસી કાઢવાને બદલે ગંભીરતાથી લો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ:** આ બધા જે રોડની વાત કરી નેશનલ હાઈવે છે. કેન્દ્ર સરકારની યોજનાની ગ્રાન્ટના રોડ છે. સરકારમાં અમારા વિસ્તારના રોડ બાબતમાં પત્ર લખીએ ત્યારે જવાબ મળે છે કે નાણાકીય ઉપલબ્ધતાએ રોડના કામ કરવામાં આવશે. રીપેરીંગ જયારે આવશે થીગડા ત્યારે મારવામાં આવશે. મારી પાસે સરકારે આપેલી માહિતીનો પત્ર છે. ૧૯૯૫થી અમારા વિસ્તારના એવા ૮-૧૦ રોડ બાકી છે અને અત્યારે મગરની પીઠ જેવા થઈ ગયા છે અને છતાં કેન્દ્ર સરકારે જે રાજયની અંદર ગ્રાન્ટો આપી છે અને જે રોડ થયા છે એને થીગડા મારવાના પૈસા નથી અને છતાં વાત કરે છે કે અમારી સરકાર નંબર-૧ છે. જયારે રમણલાલ વાત કરતા હતા ૩૦૦૦ દિવસ પછી ગરીબો યાદ આવ્યા. ૩૦૦૦ દિવસ પહેલા ગરીબો યાદ ન આવ્યા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી રમણભાઈ, આપ મને કહો બાવકુભાઈ, રમણભાઈને કહેવાની જરૂર નથી. આપ મને કહો. (અંતરાય) મને સંબોધવાનું મેં કહી દીધું એમને. શ્રી રમણભાઈ, મેં એમને કહી દીધું કે મને સંબોધીને કહો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બોલ્યા હતા.સરકારી કાર્યક્રમ દ્વારા લોકોને ભેગા કરીને હાથીનું પેટ ફાટી જાય તેવી વાત કરવાની આપણે.(સમય સૂચક ઘંટડી) હું બોલ્યો તે હજુ ૪ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : આપને ૭ મિનિટ મળી છે. ૮ મેં આપી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** :  મારે જાણવું છે કે છેલ્લા ૪, ૬, ૮ વર્ષમાં સોએ સો ટકા ગરીબલક્ષી યોજના રાજ્ય સરકારની કઈ યોજના ચાલુ થઈ? એ યોજના સરકાર દ્વાર જાહેર કરે. આ રાજ્યમાં જે માછીમારો સાગરખેડુ યોજના ચાલુ થઈ હતી.  આજે સાગરખેડુ યોજનાના ૧૪૦ કરોડ (સમય સૂચક ઘંટડી) રૂપિયાની સહાય કમ્પ્લીટ બંધ કરી દેવામાં આવી છે.  આ રાજ્યમાં ૪૨ લાખ ૩૯ હજાર...

**અધ્યક્ષશ્રી** : માનનીય ફતેસિંહભાઈ, ૧૦ આપી હતી, પણ ૨૧ મિનિટ બાકી રહે છે. ૨૧માંથી અત્યારે ૧૩ મિનિટ જ રહે છે. બાવકુભાઈ આપને ૧૦ મિનિટ આપી, પણ શ્રીઅર્જુનભાઈને ૧૨ મિનિટ આપી હતી. એના બદલે ઘણો સમય ગયો છે, એટલા માટે પાછળની પાટલીના સભ્યોને સમય ઓછો મળે છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : બે મિનિટમાં હું પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : ચંદુભાઈને પાંચ મિનિટ મળશે..

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આ રાજ્યમાં ૪૨ લાખ ૩૯ હજાર ખેડૂતોની સંખ્યા છે. રાજ્ય સરકાર શ્વેતપત્ર બહાર પાડે કે આ રાજ્યના ૪૨ લાખ ૩૯ હજાર ખેડૂતોને એક વર્ષમાં કેટલી સહાય આપવામાં આવે છે અને આ રાજ્યના ઉદ્યોગપતિઓને કેટલી સહાય આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧,૨૫,૦૦૦ કરોડ રૂપિયાની ખાતરમાં સબસિડી આપવામાં આવી છે. ડી.એ.પી.ની એક થેલી ૨૯૨૯.૨૯ પૈ.ની આવે છે અને યુરિયાની એક થેલી ૧૫૫૮ રૂપિયાની આવે છે. આ રાજ્યમાં ખેડૂતો રાહ જોઈને બેઠા હતા. સમગ્ર ભારત દેશની અંદર એક જ એવું રાજ્ય છે એ ગુજરાત રાજ્ય કે જ્યાં ખેડૂતો ઉપર વેટ લેવામાં આવે છે. આખા દેશમાં કોઈ રાજ્યમાં લેવામાં આવતો નથી. આ બજેટ સાથે હું સંમત નથી.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના નારા સાથે પરમ આદરણીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

ગુજરાતના સ્થાપનાની ૫૦ વર્ષની ઉજવણી જ્યારે ગુજરાત કરતું હોય અને આ ગુજરાતમાં રહેનારો નાગરિક સ્વર્ણિમ ગુજરાતનો અનુભવ કરવો એ ખૂબ જરૂરી છે. આ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં આ રાજ્ય સરકારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ હોય, જળ વિભાગ હોય, માર્ગ મકાન હોય, દરેક વિભાગની જે રીતે...

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ, જયંતીભાઈને કહ્યું છે એ જ ભાષામાં તમને કહું છું. ખુમાનસિંહભાઈ આપ સતત ચાલુ રાખો છો. સવારથી જોઉં છું. રોજ જોઉં છું. ખૂબ જ ગંભીરતાપૂર્વક લઉં છું. હવે નહિ સુધરો તો આપની સામે પગલાં ભરવાં પડશે. આ બાજુ જયંતીભાઈને કહ્યું છે. જયંતીભાઈ તમે બેસી જાઓ. મેં તમને તક નથી આપી.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : આ સ્વર્ણિમ ગુજરાતના માધ્યમથી રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આ રાજ્યમાં ગૃહ વિભાગની કામગીરી વિષે મારે સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવાનું છે. સમગ્ર દેશમાં હાલના જે પ્રવર્તમાન સમયમાં જે કટોકટી આવી રહી છે. એમાં આતંકવાદી હોય, ઉગ્રવાદીઓ હોય, નક્સલવાદી હોય, માઓવાદી હોય એમણે પૂરા દેશમાં કોઈને કોઈ સંગઠને ત્યાંની સ્થાનિક સરકારોને બાનમાં રાખી. હું ગૌરવ સાથે કહી શકીશ ગુજરાત અને ગુજરાતની સરકારે આજે કોઈપણ સંગઠનને શરણે ગયા વગર આ રાજ્યની પોલીસ, ગૃહ વિભાગે પૂરા દેશમાં ગૌરવ અપાવ્યું હોય તેવી કામગીરી કરી હોય તો તે ગુજરાતના ગૃહ વિભાગે કરી છે.માનનીય અધ્યક્ષશ્રી, મારે વિપક્ષના સભ્યોને કહેવું છે કે આ ગુજરાતમાં બૉમ્બ ધડાકો કરનારા લોકોને છેક આજમગઢ પહોંચીને આ રાજયની પોલીસે ત્રાસવાદીઓની બોચીઓ પકડીને જેલભેગા કર્યા છે તે ગુજરાતની પોલીસ છે. મને બતાવો કે કોંગ્રેસ શાસિત કોઈ રાજયમાં આવું કોઈ પગલું ભર્યુ હોય જેથી ગુનાખોરી અટકી શકે. મારે આપને ભૂતકાળમાં લઈ જવા છે કે આ રાજયમાં કોઈ ધાર્મિક સરઘસ કાઢવું હોય તેમાં અમદાવાદ હોય, વડોદરા હોય કે ગોધરા હોય. ત્યાંનું કોઈ એક સંગઠન એમ કહે કે આ સરઘસ અહીંયાંથી નહીં જાય એટલે તે વખતની નબળી સરકારો આનો રસ્તો બદલી કાઢતી હતી. તે રસ્તો બદલ્યા પછી કાં તો સરઘસ અટકાવી દે.. કાં તો સી.કે.બાપુ મારે ભૂતકાળ કહેવો છે માનનીય અધ્યક્ષશ્રી જો પરવાનગી આપે તો. તે *(xxxx) આવી ભૂતકાળમાં સરકારે આ કામગીરી કરી તેના બદલે આ રાજયમાં આજની સરકારે, બેસી જાઓ બાપુ હવે.

**શ્રી સી.કે. રાઉલજી** : ગોધરાની ૨૦૦૦ની વાત કરે છે. તેનું ઈન્વેસ્ટીગેશનમાં છે. આ વાત ગૃહમાં ન થવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આ સબજયુડીસ છે. તે વિષયમાં આપ ન જાઓ. મેં તે સાંભળ્યું છે. મને ખબર છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : આ રાજયમાં ઘણીવાર વિપક્ષના સભ્યો કહે છે કે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે. એટલા માટે મારે ભૂતકાળને યાદ દેવડાવવો છે. સાહેબ રાજયમાં પર ડે દિવસ ઉગે ત્યારે ૧૧ થી ૧૨ કન્યાઓને ધર્માંતરણ કરવું પડતું હતું તેવા દિવસો અમે જોયા છે. આ ગુજરાતની ધરતી ઉપર અને મને આ સભાગૃહમાં કહેતાં આજે આનંદ થાય છે કે આજે આ રાજયની દીકરી તેના વિચારો સાથે આજે પૂરા ગુજરાતમાં અડધી અડધી રાતે પોતાના કાર્યક્રમમાં જાય ત્યારે તેના અપહરણનો એકપણ કિસ્સો બનવાનો રાજયની પોલીસે અવકાશ આપ્યો નથી. આ ગુજરાતે ફોરેન્સીક લૅબૉરૅટરીની રચના કરી અને ફોરેન્સીક

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સાયન્સ લૅબૉરૅટરીની રચના કર્યા પછી આ  રાજયની ઓળખ, આ ગુજરાતની ઓળખ  અને પૂરા દેશમાં રાજયોના લોકોએ આ લૅબૉરૅટરીનો સહારો લીધો છે. આપણા ગૃહ વિભાગની આ અલગ ઓળખ છે. વિપક્ષને ઘણીવાર કહેવાનો મોકો મળતો હોય  એટલા માટે કહીએ કે ગૃહ વિભાગે કામગીરી કરી આ રાજયની પોલીસે આજ સુધી પૂરા દેશમાં શાંત રાજયની નામના મળી તે ગુજરાત છે. બીજા કોઈ રાજયને આ નામના મળી નથી. સી.કે. બાપુ બેઠા બેઠા કોમેન્ટ કરો તેના બદલે શાંત રહો. માનનીય અધ્યક્ષશ્રી, આપણે કોસ્ટલ સિક્યોરિટીની રચના કરી, ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠાને લઈને ભૂતકાળમાં મહારાષ્ટ્રના દરિયાકાંઠે થઈ ત્રાસવાદીઓ મુંબઈ પહોંચ્યા હતા. આ ધ્યાને  રાખીને આ રાજય સરકારે કોસ્ટલ સિક્યોરિટીની સ્થાપના કરી અને આ રાજય પર જેનો ડોળો ભમ્યો હોય તેને ડામવા માટે રાજય સરકારે નવા દસ પોલીસ સ્ટેશનોની સ્થાપના કરી, દસ બોટો માટે કેન્દ્ર સરકાર પાસે ૫૦૦ કરોડ રૂપિયા માગ્યા. આ કેન્દ્ર સરકારે જો એમને ત્રાસવાદ નાથવો હોય તો અને આ રાજયને શાંતિથી જીવવા દેવું હોય તો તેના માટે એક પણ રૂપિયાની સહાય નથી કરી. તેનો મતલબ એ થાય કે.... અર્જુનભાઈ આપ બેસો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર ખોટી માહિતી જાય છે.

**અધ્યક્ષશ્રી** : આપ એમને સાંભળો, ફતેસિંહભાઈને, એમણે એમ કહયું કે, આતંકવાદની અંદર કેન્દ્રએ સહાય નથી કરી, બીજા પ્રશ્નના જવાબમાં કેન્દ્રએ કેટલી સહાય કરી એની વિગતો પ્રશ્નના જવાબની અંદર છે એટલે મુદ્દો ઉપસ્થિત કરે છે            આપ જરા વિગતો હોય તો કેટલી સહાય કરી, કેટલી ન કરી, એમને આપો, ન હોય તો એ વાતને મૂકો અહીં.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ  છે કે, કેન્દ્ર હોય યા રાજય હોય, આ બધા માટે આતંકવાદ એ બહુ માથાનો દુખાવો છે    એકલા ગુજરાતનો સવાલ નથી. આ જ વિધાનસભાએ ગુજકોકનું બિલ વારંવાર ત્યાં મોકલી આપ્યું, કોઈના સગાવહાલા આમાં નથી  સપડાવાના, આ કેન્દ્રમાં બેઠેલી સરકારે આની કોઈ પણ જાતની ચર્ચા કર્યા વગર મંજૂરી આપવી જોઈએ. આમાં કેન્દ્રને દુખાવો કયાં થાય?  કેન્દ્રને દુખાવો થાય કે આ બિલ આવવાથી અમુક સમાજના લોકોને નુકસાન થાય, મતબેંકનું રાજકારણ રહેવા દઈ, માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે કેન્દ્રમાં બેઠેલા અને કોંગ્રેસના મિત્રોને વિનંતી છે કે, આપની સરકાર લાગતીવળગતી હોય તો કહો કે આ જે બિલ.. (અંતરાય) ગુજરાતે મોકલી આપ્યું છે એ મંજૂર કરાવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફતેસિંહભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના સ્વર્ણિમ વર્ષ નિમિત્તે હું અંદાજપત્ર ઉપર મહિલા અને બાળ કલ્યાણ વિભાગ પર મારા અભિપ્રાયો રજૂ કરવા માટે ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે ૮૯૬.૨૨ કરોડની જોગવાઈઓ લઈને આવ્યા છે, અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ માટે એમણે જે આ જોગવાઈઓની સૂચિ રજૂ કરી છે તે બદલ હું માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુદ્રઢ  સમાજનો  આધાર સ્ત્રી છે, ભારતીય નારીની ગાથાથી સમગ્ર વિશ્વ માહિતગાર છે. આજે જે સ્ત્રી કુપોષણથી પીડાય છે, ભૃણહત્યાથી થરથરે છે અને દીકરી ભણી ન શકે તેવી વ્યથા તેના હૈયામાં છે. આવા સંજોગોમાં ગુજરાતની બહેનોની ચિંતા કરીને બહેનોની હૃદયદ્રાવક વેદનાને સમજીને તેમના ઉત્થાન માટે મહિલા બાળ વિભાગની અલગ રચના કરી અને આ અલગ રચના કરવા માટે આપણા સંવેદનશીલ માનનીય મુખ્ય મંત્રીશ્રી, તેમણે મહિલાઓના અને બાળકોના ઉત્થાન માટેના જે પ્રયત્ન કર્યા છે તેમને પણ હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી બહેનો પરદાયિત્વ માતૃવ્રતના ભાવથી જીવે છે. અને આમ આ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ ગુજરાત રાજયની બહેનોના સર્વાંગી વિકાસનો ભેખ ધર્યો છે. બીજાનું કલ્યાણ કરનારી મા બધાને જમીને વધ્યુઘટ્યુ જમતી હોય છે અને કયારેક એ પાણી સાથે રોટલો ખાય છે, તો કયારેક ડુંગળી સાથે રોટલાનું બટકું ભાગીને પોતાનું પેટ ભરે છે ત્યારે મને કહેતાં એ દુ:ખ થાય છે કે, આ બહેનોને આવું અધુરું પોષણ આહાર મળવાના કારણે, તેમને જે પૂરતો પોષક નથી મળતો, તેના માટે અને આ પૂરતો આહારના હિસાબે જે ભારતીય સંસ્કૃતિની પાયાની ઈંટ છે આ ઈમારતનું ચણતર કરનારી આવતી કાલના ભાવિનું નિર્માણ કરનારી મારી બહેનોની ચિંતા કરી છે, ત્યારે આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ મહિલાઓના સ્વાસ્થ્યની પણ ચિંતા કરી છે, સગર્ભા માતાને પૌષ્ટિક આહાર મળી રહે અને તેના ગર્ભમાં ઉછરી રહેલા બાળકને પૂરતું પોષણ મળી રહે તે માટે લોકભાગીદારીથી સુખડી વિતરણ કરીને સમાજના દાતાશ્રીઓ, શ્રેષ્ઠીશ્રીઓ દ્વારા સગર્ભા માતાને અને બાળકને તેન જન્મથી બે મહિના સુધી આ સુખડી વિતરણ કરી અને તેમને આ નવતર પ્રયોગ કરી અને જનજાગરણ ઉભું કર્યુ છે. રાજયમાં માતા અને બાળકનો મૃત્યુ દર ઘટાડવા માટે, ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોતેમજ આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગોની મહિલાઓને સલામત માતૃત્વ સેવા પૂરી પાડવા ખાનગી સ્ત્રી રોગના નિષ્ણાત ડોક્ટરો તેમજ બાળ ડોક્ટરોની સુવિધા ઉભી કરી છે અને આમ સને ૨૦૦૫માં આના માટે ચિરંજીવ યોજના પણ અમલમાં મૂકી છે આ યોજના અમલમાં મૂકવા માટે પણ સંવેદનશીલ હૃદય જોઈએ. જો કોઈને કાંટો વાગ્યો હોય અને કાંટો વાગવાથી તેમાં જો લોહી નીકળે અને લોહી

નીકળવાથી તેમાં ઉત્પન્ન થતી વેદના છે એ વેદનાને સમજવા માટે પણ સંવેદનશીલ વ્યકિતત્વ જોઈએ અને આ વ્યકિતત્વ આપણા માનનીય મુખ્યમંત્રી ધરાવે છે તો હું એમને આ બહેનોની લાગણીને સમજવા બદલ અભિનંદન આપુ છું. એમણે આ જે વિભાગની રચના કરી છે તેના માટે પણ હું એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સગર્ભા બહેનોને લાવનાર સહાયક બહેનોને પ્રોત્સાહન રૂપે રોકડ સહાય આપવામાં આવે છે. જો કોઈ બહેનને ડિલિવરી આવવાની હોય અને એ સમયે જો કોઈ બહેન એને સહાય કરીને દવાખાનામાં લઈ જાય તો એ બહેનને પ્રોત્સાહનરૂપે ૫૦ રૂપિયા આપવામાં આવે છે અને વાહન-વ્યવહારના ખર્ચ રૂપે એમને ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે. આના માટે ૨૦૦૮-૨૦૦૯માં ૭૮૨ જેટલા સ્ત્રી રોગ નિષ્ણાત ડોક્ટરો આ યોજનામાં જોડાયા અને તેમના દ્વારા અત્યાર સુધીમાં કુલ ૪.૩૦ લાખ પ્રસૂત્તા બહેનોએ પ્રસૂતિનો લાભ લીધો છે. રાજ્યમાં બાળ મૃત્યુદર ઘટે તે માટે રાજ્યમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ બાળશખાનું આયોજન કર્યું અને આ યોજના દ્વારા નવજાત શીશુ તેમજ નાના બાળકોની બાળ રોગ નિષ્ણાત ડોક્ટર દ્વારા તેમના આરોગ્યની યોગ્ય ચકાસણી થાય અને તે માટે એક માસનું બાળક થાય ત્યાં સુધી તેની દેખરેખ રાખવામાં આવે છે અને આ યોજના અંતર્ગત ડિસેમ્બર ૨૦૦૯ દરમ્યાન કુલ ૨૮૬ સ્ત્રી રોગ નિષ્ણાતો અને બાળ રોગ નિષ્ણાતો જોડાયા અને ૪૪૦૦૦ બાળકોને સ્વાસ્થ્ય લક્ષી સેવાઓ પૂરી પાડી.

માનનીય અધ્યક્ષશ્રી, 'શરીર માધ્યમ ખલુ સર્વ સાધનમ' શરીરે સુખી તે સર્વે વાતે સુખી. આ વાતને ધ્યાને લઈને રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને બાળ વિભાગના માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમણે આ બહેનો માટે અને બાળકો માટેના જે પ્રયોજનો કર્યા છે તેમાં રસીકરણને વેગ મળે, કૂપોષણ ઘટે, ગંભીર બિમારી ધરાવતા બાળકોને બાળરોગ નિષ્ણાત ડોક્ટની સેવા મળે તે હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આંગણવાડીમાં મમતા દિવસનું આયોજન કર્યું. આ આયોજન દ્વારા ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષ દરમ્યાન ૧૬,૦૬,૦૩૮ સગર્ભા બહેનોએ આંગણવાડીની મુલાકાત લીધી તેમાં ૩,૧૭,૪૯૬ બહેનોએ મમતા દિવસની તાલિમ લીધી. ૧,૧૪,૭૪,૦૮૬ બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ લીધો. સમગ્ર દેશમાં ફક્ત ગુજરાત સરકાર અને આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં આંગણવાડીની જે કાર્યકર બહેન રાજ્યકક્ષાએ પ્રથમ આવે તેને રૂપિયા ૫૧ હજાર અને હેલ્પર કક્ષાએ જે હેલ્પર બહેન પ્રથમ આવે તેને ૩૧ હજારનું પ્રશસ્તી પત્ર આપી તેને નવાજવાનો ગુજરાત રાજ્યાં પ્રથમ દાખલો બેસાડ્યો છે આ કામ કોઈ રાજ્યમાં થતું નથી. અને આવી રીતે કોઈ પણ રાજ્યમાં આંગણવાડી બહેનોને પ્રશસ્તી પત્ર કે એવોર્ડ આપીને નવાજતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દેવકી માતાએ કૃષ્ણને જન્મ આપ્યો. 'કૃષ્ણમ્ વંદે જગત્ગુરૂ' જગત્ગુરૂ કૃષ્ણ ભગવાનનું નિર્માણ માતા યશોદાએ કર્યું અને જ્યાં આપણી આવનારી આવતી કાલની પેઢીનું નિર્માણ થવા જઈ રહ્યું છે એવા સ્વપ્નોને સાકાર કરવા પણ આપણા રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ સંકલ્પ વર્ષમાં ૩,૩૩૩ નંદન ઘરોનું આયોજન કરવાનો સંકલ્પ કર્યો છે અને એટલું જ નહીં આ નંદ ઘરોને સંપૂર્ણ સુવિધાથી સુસજ્જ કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સન ૨૦૧૦-૧૧નું જે બજેટ લઈને આવ્યાં છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ જોતાં એવું લાગે છે કે તેમાં શબ્દોની ભરમાળ છે. દલિત, પછાત અને મધ્યમ વર્ગ માટે નિરાશાજનક છે. કાગળ ઉપર ચિંતા કરનારું છે પણ જ્યારે વાસ્તવિકતા હોય તો તેનાથી કંઈક અલગ હોય એવું લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો રામ રાજયની વાત કરીએ છીએ પણ જે ખેડૂત છે તે ખેડૂતને વેટમાંથી પણ ના છોડનાર અને ૧ લાખ ૧૨ હજાર કરોડનું દેવું વધારનાર આ બજેટ લઈને આવ્યાં છે તે બજેટને હું મારું સમર્થન આપતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ચિંતા એ છે કે, રાજયની મોટી સિવિલ હૉસ્પિટલો છે અને આ હૉસ્પિટલોને અપગ્રેડ કરવા અને તેમાં નવી મેડિકલ કોલેજો ખોલવા માટે આ બજેટમાં ૪૬૦ કરોડની જોગવાઈ કરેલી છે. પણ મારી ચિંતા એ છે કે, જે ગ્રામ્ય વિસ્તાર છે, ખૂબજ ઉંડાણના ગામો છે, આદિવાસી વિસ્તાર છે અને તે વિસ્તારમાં ખાનગી તબીબી સારવાર પણ મળતી નથી ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય કે તાલુકા મથકે સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય એ સિવાય કોઈ વિકલ્પ નથી અને આવા જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે તેની હાલત જો આપણે જોઈએ તો એટલી બદતર થઈ છે હું તો મારા વિસ્તારની એક વાત કહું કે મારે ત્રણ વખત સંકલન સમિતિમાં જ્યારે કહેવું પડ્યું ત્યારે એક વર્ષને અંતે તેમાં સુધારો થયો. મેં એટલે સુધી કહ્યું કે મારા પ્રસૂતિગૃહનું છે તેને બારણું તો લગાવો. પણ બારણું નહીં લગાવ્યું આજ દિન સુધી પણ માત્ર એક પડદો લગાવ્યો છે. અને આવા જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને તેમના માટે જે ચિંતા તેમણે એ કરી છે કે માત્ર ૨૮૨ કરોડની જ જોગવાઈ કરી છે તો માનનીય અધ્યક્ષશ્રી, કયાં ૪૬૦ કરોડની તમે શેની વાત કરો છો અને ગામડામાં જે વસે છે તેને માટે ૨૮૨ કરોડની વાત કરી છે. માનનીય વન મંત્રીશ્રી જે છે તે વન અને પર્યાવરણની પણ કેટલીક ચિંતા કરતાં હોય છે. આ વખતે ૪૧૨ કરોડની જોગવાઈ લઈને તે આવ્યાં છે. પણ આપણે દક્ષિણ ગુજરાતમાં જુઓ, સૌરાષ્ટ્રમાં જુઓ કે કચ્છમાં જુઓ તો દરિયા કિનારે વર્ષોથી ચેરના વૃક્ષો હતા. અને આ ચેરના વૃક્ષો છે તે ખારાશ જે છે તેને દૂર કરનાર હતા, ખારાશ ના વધવા દેનાર હતા. પણ માનનીય અધ્યક્ષશ્રી, એક યા બીજા બહાના હેઠળ વન

વિભાગ પણ તેની જવાબદારી લેતું નથી અને દરિયા કિનારે પાણીના ટાંકા બનાવવા હોય, પાઈપ લાઈન નાંખવાની હોય કે ગોડાઉન બનાવવાના હોય અને એ કારણોસર કેટલાક વૃક્ષો કાપી નાંખ્યા છે. અને આ વખતે તેમણે રકમની જોગવાઈ તો કરી છે પણ મને તો એમ લાગે છે કે તમે થોડી રકમની જોગવાઈ કરો છો તો તમે વિકાસના નામે વિનાશ કરો છો. તો માનનીય અધ્યક્ષશ્રી, આવા વૃક્ષો પણ કપાવા જોઈએ નહીં. નવા ચેરના વૃક્ષોના વાવેતર માટે એમાં વધુ જોગવાઈ કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અનુસૂચિત જાતિ છે, અનુસૂચિત જનજાતિ છે તેના માટેની પણ કેટલીક વાત કરવા માગુ છું. ખાસ કરીને આપણે લઈએ તો દલિતોની જે યોજના છે અને તે યોજના ગુજરાતના બધાજ પેપરોમાં આવે છે તેની એક એક પાનું ભરીને તેની જાહેરાતો આવે છે. આ જાહેરાતો પાછળનો કેટલો ખર્ચ છે અને તેમાં જે જોગવાઈ કરી છે તે જોગવાઈ ખરેખર ગામડાના દલિત સુધી પહોંચી છે કે નહીં ? એ તો ત્યારે ખબર પડે કે જ્યારે આપણે તેની પાસે જઈને ખાતરી કરીએ ત્યારે ખબર પડે. માનનીય અધ્યક્ષશ્રી, એ જે દલિતો છે તે દલિતોમાં હજુ પણ કોઈ પણ ફેરફાર થયો નથી. ખાસ કરીને અમારા માનનીય સદસ્યશ્રી લાલજીભાઈ છે, માનનીય ભાનુબેન છે તે વાત કરતા તેમણે બહુ સરસ વાત કરી પ્રવેશોત્સવની વાત કરી, ગુણોત્સવની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને એટલું કહેવું છે કે જે સરકારી પ્રાથમિક શાળાઓ છે તે સરકારી પ્રાથમિક શાળાઓમાં અત્યારે હાલ તમે જુઓ તો ખાલી અનુસૂચિત જાતિ છે કે અનુસૂચિત જનજાતિ છે કે ખાલી બક્ષીપંચના જ બાળકો ભણે છે. એટલી સંખ્યા ઘટી ગઈ છે તેનું કારણ શું છે ? કારણ એ છે કે આ સરકારે જે ખાનગી પ્રાથમિક શાળાઓ છે તેને એટલું બધું પ્રોત્સાહન આપ્યું છે કે મોટાભાગના બધા બાળકોને ખાનગી પ્રાથમિક શાળામાં તેનો પ્રવેશ આપ્યો છે. અને જેને કારણે આજે પરિસ્થિતિ એવી છે કે તમારે બાળકો લાવવા માટે પણ જ્યારે પ્રવેશોત્સવ કરાવવાની જરૂર પડી છે અને ગુણોત્સવની તો શું વાત કરો છો? એ બાળકોને આજે વાંચતા પણ આવડતું નથી. મારી આગળ એક બહેન બોલતા હતા. એમણે બહેનોની બહુ ચિંતા કરી છે. ખાસ કરીને હું કહેવા માગું છું કે આંગણવાડીની બહેનો જે હોય છે તે એસ.સી., એસ.ટી., વિધવા કે ત્યકતા હોય છે. તેમને ખૂબ જ ઓછો પગાર મળતો હોય છે. છતાં પણ તેઓને નોકરી કરવી પડે તેવી તેમની પરિસ્થિતિ હોય છે. કેન્દ્ર સરકાર એ માટે ૧૫૦૦ રૂપિયા આપતી હોય અને રાજય સરકાર ૫૦૦ રૂપિયા માનદ્ વેતન આપતી હોય અને બીજા રાજયોમાં જોઈએ તો જેટલા પૈસા કેન્દ્ર સરકાર આપે છે, એટલા જ રાજય સરકાર પણ આપે છે. આપને જો એમની ચિંતા હોય તો હું કહીશ કે એમને માટે ખરેખર લાગણી હોય, તો એમાં વધારો કરે. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે વાહન વ્યવહારની વાત પણ કરવી છે. વાહન વ્યવહારમાં..

**અધ્યક્ષશ્રી** : આપની ૬ મિનિટ હતી, એ પૂરી થાય છે. માનનીય ભારતીબેન.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૧૦-૧૧નું જે અંદાજપત્ર લઈને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આ ઐતિહાસિક સ્વર્ણિમ્ વર્ષમાં માનનીય નાણામંત્રીશ્રી ગુજરાતને સ્વર્ણિમ્ સિદ્ધિ તરફ લઈ જતું આ બજેટ લાવ્યા છે, તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જે જોગવાઈઓ કરવામાં આવેલી છે, તે સમગ્ર ગુજરાતના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ ઉપયોગી થવાની છે. ગુજરાતનો વિકાસ એ હવે કહેવાની બાબત રહી નથી. ગુજરાતનો વિકાસ સાડાપાંચ કરોડની જનતા અહેસાસ કરી રહી છે. હું જે વિસ્તારમાંથી આવું છું, અને જે સમાજમાંથી આવું છું, તે વિસ્તાર અતિ પછાત છે અને મારો વિસ્તાર આદિવાસી સમાજનો છે. ૧૯૪૭માં દેશ આઝાદ થયો, ત્યારે અમારા અતિ પછાત વિસ્તારના ગરીબ આદિવાસી ભાઈઓને એવી આશા બંધાઈ કે હવે અમારા સુખના દિવસો આવશે, પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે કે આ આઝાદી પછીના ૫૦ વર્ષ સુધી જે પક્ષે શાસન કર્યુ છે, તેણે મારા આદિવાસી વિસ્તાર માટે કે અમારા સમાજ માટે કોઈપણ જાતનું ધ્યાન આપ્યું નહીં. એ વખતના શાસકોએ અમને માણસ તરીકે નહીં, પણ મત તરીકે જોયા અને એ બધાએ પૂરો ખ્યાલ રાખ્યો કે આ આદિવાસી સમાજ જાગી ન જાય. હું જે પક્ષમાંથી આવું છું, તે ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને અમારા વિકાસના દ્વાર ખૂલી ગયા છે. આ વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષના અંદાજપત્રમાં તમામ ક્ષેત્રના વિકાસની જોગવાઈ કરેલી છે, પરંતુ મારે આ ગૃહને જે વિકાસ માટેની ધોરી નસ કહેવામાં આવે છે, તે રસ્તાઓના વિકાસની વાત કરવી છે. આખા રાજયમાં બહુપાંખીયો વ્યૂહ અમલમાં મૂકાતા મોટા હાઈવેથી માંડીને નાના ગામડાં સુધીના રોડ, ખેતરોથી શરૂ કરીને માર્કેટીંગ યાર્ડ સુધીના રોડ અને ઉદ્યોગો અને બંદરોને જોડતા રોડનું નેટવર્ક બનાવવાની આ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલી છે. એટલું જ નહીં, પણ ધાર્મિક સંસ્કૃતિને ટકાવી રાખવા માટે ધાર્મિક સ્થળોને જોડતા રસ્તા બનાવવાનું આયોજન પણ કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવચનની શરૂઆતમાં મેં કહ્યું તેમ રાજયને સર્વાંગી વિકાસ તરફ લઈ જનારું આ બજેટ છે. સર્વાંગી વિકાસની વાત હું કરું છું, ત્યારે વર્ષોથી વિકાસથી વંચિત એવા આદિવાસી વિસ્તારના વિકાસ વગર કેવી રીતે એ શકય બની શકે? એટલે જ આદિવાસી વિસ્તારના વિકાસ માટે આ બજેટમાં રસ્તાઓની જાળ બિછાવવાનું આયોજન કરવામાં આવેલું છે. તેમાં રાજયના તમામ આદિવાસી વિસ્તારોને આવરી લેવામાં આવેલા છે. જુદા જુદા પ્રોજેકટ અન્વયે જે રોડ પ્રોજેકટો છે, તેમાં જે રોડ સંપુર્ણ આદિવાસી વિસ્તારમાં આવેલા

છે, અથવા તો આદિવાસી વિસ્તારમાંથી પસાર થાય છે, તેની વિગતો હું આપવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિ પથ પ્રોજેકટ હેઠળ જે રસ્તાઓનું આયોજન કરેલું છે, તે વાપીથી શામળાજી. નારાયણ સરોવરથી દાહોદ, વાવ-થરાદથી નર્મદા ડેમ અને દહેજથી સાગબારા સુધીનો રસ્તો, સુરતથી આહવા સુધીના રોડ વિકાસનું આયોજન કરેલ છે જે આદિવાસી વિસ્તારના વિકાસ માટે ખૂબ જ ઉપયોગી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસીપથ પ્રોજેકટ હેઠળના રસ્તાઓમાં વઘાઈથી સાપુતારા રોડની જોગવાઈ કરેલ છે- એટલું જ નહીં, પરંતુ ડાંગના જુંગલમાં રામ, સીતા અને શબરી માતાની પાવન સ્મૃતિ સાથે સંકળાયેલ છે એટલે આ સ્મૃતિ સ્થળોને શ્રીરામ સરકીટ હેઠળ જોડવા માટેનું આયોજન કરેલ છે અને એના વિકાસ માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ અંગભૂત યોજનામાં અનુસૂચિત જાતિ અને જનજાતિઓના ભાઈઓની વસતિ જયાં ૨૫૦ કરતાં વધારે હોય એવા ગામોને પાકા ડામરના રસ્તાથી જોડવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મશૂન વિલેજ પ્રોજેકટ હેઠળ જ્યાં ભારે વરસાદના કારણે અથવા તો. નદીઓના પૂરને કારણે રસ્તાઓ ધોવાઈ ગયા હોય અને અન્ય ભાગથી વિખુટા પડી ગયા હોય એવા ગામોને કોઈ એક દિશાએથી રસ્તો મળી રહે એ માટેની પણ જોગવાઈ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ હેઠળ ૧૨૪ રસ્તા અને ૧૨૩ ગામોને આવરી લઈને એના માટે ૨૪૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ જે બજેટ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૦-૧૧ નું સ્વર્ણીમ બજેટ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું કે તેઓશ્રીએ ૧૬ મી વખત પોતાનું બજેટ રજૂ કર્યુ છે. ૧૬ મી વખત ગુજરાત રાજયની સમગ્ર જનતા માટે પ્રગતિલક્ષી અને પરિણામલક્ષી બજેટ રજૂ કર્યુ છે. આ બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને સમગ્ર મંત્રીમંડળની દીર્ઘદ્રષ્ટિ અને બૌધિકતાનું એમાં પ્રતિબિંબ દેખાય છે. આજે જયારે ગુજરાત રાજય એની સ્વર્ણીમ નયંતીની ઉજવણી તરફ થઈ રહ્યું છે ત્યારે આ બજેટનું વિશેષ મહત્વ રહે છે. બજેટ પણ સ્વર્ણીમ છે. આ રાજયમાં મુખ્યત્વે ખેતી અને પશુપાલન ક્ષેત્રે વધારેમાં વધારે રોજગારી મળવી જોઈતી હતી, પરંતુ મળતી નહોતી. રાજયના પશુપાલકોની અને માલધારીઓની હાલત બદતર અને બેહાલ હતી, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મંત્રીમંડળ દ્વારા પ્રજા સુધી જઈને, ગામડે ગામડે જઈને, અધિકારીઓને પ્રજા સુધી મોકલીને અભ્યાસ કરાવ્યો અને આ પશુપાલકોને બેહાલીમાંથી બહાર કાઢયા છે અને પશુપાલન અને ડેરી ઉદ્યોગને ધમધમતો કર્યો છે જેના માટે હું સમગ્ર પશુપાલકો વતી હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે પશુપાલનના પેટા સદર માટે કુલ ૧૧૫૦૯ લાખ અને ડેરી વિકાસના પેટા સદર નીચે ૧૫૦૦ લાખની પ્લાન સિલિંગ છે જે અભિનંદનને પાત્ર છે. પશુ આરોગ્ય મેળાઓ આ ગુજરાત રાજયમાં ૨૮૯૧ યોજીને ૬૧૬૧ ગામોને આવરી લઈને ૧૧ લાખ જેટલાં પશુઓને સારવાર અને ૭ાા લાખ પશુઓનું રસીકરણ કરેલ છે. આ ઉપરાંત પશુ દવાખાનાં તથા પશુ સારવાર કેન્દ્ર દ્વારા ૨૦૦૮-૦૯ માં ૪૯૭૮ કેમ્પ કરેલ છે અને એ દ્વારા ૧૬,૮૩,૮૦૬ પશુઓને સારવાર આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાય અને પ્રજાના રક્ષણ માટે જેણે બલિદાન આપેલ છે તેમના પાળિયા પૂજાય છે. ગૌહત્યા અટકાવવા માટે એફ.એસ.એલ. વાન બનાવવામાં આવેલ છે જેના દ્વારા સ્થળ ઉપર જ ગૌમાંસની તપાસ થાય અને ગૌ હત્યા કરનાર માણસોને ત્યાંને ત્યાં જ સજા આપી શકાય એવી વ્યવસ્થા કરેલ છે જે માલધારી સમાજ માટે આશીર્વાદરૂપ છે અને એના માટે સમગ્ર માલધારી સમાજ વતી હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું એ કાંકરેજ અને ગીરની ગાયો એ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે અને ગીરની ગાય અને કાંકરેજી ઓલાદને સાચવવા માટે વૈજ્ઞાનિક રીતે એના માટેનું આયોજન કરેલ છે એ બદલ ગુજરાત સરકારને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત એની સુવર્ણ જયંતી મહોત્સ્વ ઉજવી રહ્યું છે ત્યારે સમગ્ર વિશ્વની નજર ગુજરાત ઉપર છે કે ગુજરાતની પ્રગતિ જેટની ઝડપે ચાલી રહી છે એનું મુખ્ય કારણ શું છે? તો એના મુખ્ય કારણમાં એ રહ્યું છે કે ગુજરાત રાજયના મુખ્યમત્રીશ્રી નરેન્દ્રભાઈમોદી અને એમના મંત્રીમંડ દ્વારા તેમની દીર્ધદ્રષ્ટિથી આ જે સંચાલન ચાલી રહ્યું છે..આ જે સંચાલન ચાલ્યું છે તે સમગ્ર વિશ્વ જોઈ રહયું છે, કહેવત છે કે રાજયના રાજામાં ચાણકય બુધ્ધી હોય, દીર્ઘદ્રષ્ટિ હોય અન્સમગ્ર જનતા પ્રત્યે કોઈ પણ જાતનો ભેદભાવ ન હોય તો રાજયનો હંમેશા વિકાસ થતો હોય છે.તે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને નંબર વન કરીને આ સાબિત કરી બતાવ્યું છે. ત્યારે ભારત દેશનું કુલ દૂધ ઉત્પાદન ૧ લાખ ૮૬૯ મેટ્રીક ટન છે તેમાંથી ગુજરાતનું ઉત્પાદન ૭૩૩૩ મેટ્રીક ટન છે, દુનિયાના કુલ દૂધ ઉત્પાદનમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે, ભારતમાં દૂધની તેમજ દૂધની બનાવટોની કુલ નિકાસ ૪૦૦ કરોડ જેટલી છે એમાં એકલા ગુજરાતની નિકાસ ૧૩૫ કરોડ કરતા પણ વધારે છે, જે દેશની કુલ દૂધની નિકાસના ૩૩.૭૫ ટકા થાય છે. એ જ રીતે ભારતમાં કુલ

દૂધ ઉત્પાદક સભાસદો ૧ કરોડ ૩૯ લાખ કુટુંબો છે તે પૈકી એકલા ગુજરાતમાં ૨૮ લાખ ૩૯ હજાર કુટુંબો સભાસદો છે. એ ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો દેશના કુલ સભાસદોના ૨૦.૫૨ ટકા હિસ્સો ધરાવે છે. ભારતમાં કુલ ૩૯.૧૬ લાખ મહિલા દૂધ ઉત્પાદકો સભાસદ છે જેમાં ગુજરાત એકલામાં ૭.૮૪ લાખ મહિલા દૂધ ઉત્પાદ સભાસદો છે, જે ટકાવારીની દૃષ્ટીએ ૨૦.૨ ટકા જેટલો હિસ્સો ધરાવે છે, જે મહિલા સશકિતકરણનો પુરાવો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા સમગ્ર વેદ અને પુરાણોએ ગાયને માતા તરીકે પુજી છે. અને ગાયની અંદર ૩૩ કરોડ દેવતા છે તેવું સમગ્ર હિન્દુ સંસ્કુતિ અને ભરતીય સંસ્કૃતિ ગાય માતા તરીકે પુજે છે તેથી સભાગૃહના સમગ્ર સભ્યશ્રીઓને એક અપિલ કરું છું, કે ગાય માતાને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવામાં આવે તેવી મારી નમ્ર અપિલ છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ જે બજેટ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. શિક્ષણની અંદર ૧૯૦૦ કરોડ રૂપિયા જેટલું મોટું બજેટ ફાળવેલ છે, પરંતુ અમારા જિલ્લાની જ વાત કરીએ તો આપના દ્વારા માનનીય શિક્ષણ મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે ૧૨૩ શાળાઓમાં આજે પણ સ્વતંત્ર પીવાના પાણી માટેની વ્યવસ્થા નથી. મારા પોતાના તાલુકામાં ૧૮ ગામો એવા છે કે ગામનું ટાંકીનું પાણી આવે ત્યાં સુધી પાણી ચાલે પછી બંધ થઈ જાય, બપોર પછી બાળકોને તકલીફ પડે છે, તો આ જે બજેટ મળ્યું છે એમાંથી દરેક ગામોમાં શાળાઓમાં સ્વતંતત્ર પીવાના પાણીની વ્યવસ્થા થાય એવું જો ગોઠવાય તો આ બજેટમાં ફાળવેલા પૈસા છે તે સાર્થક થયા ગણાશે. આરોગ્યમાં જે રોગી કલ્યાણ સમિતિ છે તે નિયમિત રીતે મળે તે માટે સરકાર દ્વારા જોગવાઈ કરવી જોઈએ., કારણ કે મંગળવાર કે બુધવારે અમે લોકો અહીંયા હોઈએ ત્યારે એની મિટીંગ બોલાવવામાં આવે છે અને તેને કારણે અમો હાજર રહી શકતા નથી અને ત્યાં ગરીબોના પ્રશ્નો રજૂ કરવાની જે તક હોય તે જતી રહે છે. એટલે સંકલન સમિતિ જેમ જિલ્લામાં મળતી હોય છે તે રીતે નિયમિત ધોરણે જો રોગી કલ્યાણ સમિતિ પણ દરેક જગ્યાએ મળે તો તેના માટે જે પૈસા ફાળવેલા છે તે સાચા અર્થમાં ગરીબોને મદદના રૂપમાં જાય તે માટેની વ્યવસ્થા થઈ શકે.

મહિલા અને બાળ કલ્યાણની અંદર ૮૯૬ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પરંતુ આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે અમારે ત્યાં આજે પણ ૫૦ ટકા આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે. તો જયારે આ સુવર્ણ જયંતિ વર્ષ છે ત્યારે તમામ આંગણવાડીઓની અંદર કે જે નવી આંગણવાડીઓ બને અમાં બધા બાળકો સગવડ સાથેના પોતાના મકાનમાં બેસે તેવી આ સરકારમાં જોગવાઈ થાય તો એ વધારે ઉચિત ગણાશે. શહેરી વિકાસ માટે ૩૦૧૫ કરોડનું બજેટ ફાળવેલ છે પરંતુ મારા ઉમરેઠ ગામની જ વાત કરું તો છેલ્લા ૩ વર્ષમાં એકેય ગરીબને એક પણ મકાન બનાવીને બી.પી.એલ. ધારક ગરીબોને આપવામાં આવેલ નથી. એ લોકો પાસેથી પાંચ-પાંચ હજાર રૂપિયા ડિપોઝિટ પેટે લીધા હતા એ પણ પરત આપી દીધા છે. તો આપણે જ્યારે આ વર્ષને સ્વર્ણિમ જયંતિ વર્ષ તરીકે ઉજવતા હોઈએ અને ૩૦૧૫ કરોડ રૂપિયા શહેરી વિસ્તાર માટે ફાળવ્યા હોય ત્યારે અમે વિરોધપક્ષના સભ્યશ્રીઓ આશા રાખીએ કે જે શહેરી ગરીબો છે એ આ વર્ષની અંદર એમના ઘરોમાં રહેતા થઈ જાય.

જળ સંપત્તિ વિભાગ માટે ૧૮૯૫ કરોડ રૂપિયાનું બજૅટ ફાળવ્યું છે. અમારા જિલ્લાની અંદર વારંવાર ભારે વરસાદનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અમારે ત્યાં કાસ નહિ હોવાને કારણે ગામડાં બે-ત્રણ દિવસ સુધી ડૂબમાં રહે છે, ઘરો અને ખેતરોને પણ ખૂબ મોટું નુકસાન થતું હોય છે. તો આ ૧૮૯૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે એનો સદ્ઉપયોગ કરીને કાસો કાઢીને આનું કાયમી નિવારણ લાવીને આ જિલ્લાની અંદર જે કોઈ ડૂબમાં ગામો જાય છે એને ઉગારવામાં આવે તો વધારે ઉચિત ગણાશે.

અમારે ત્યાં નહેરો છે એમાં માઈનોર કેનાલો અને બ્રાન્ચ કેનાલોને લાઈનીંગ કરવામાં આવેલ છે. પરંતુ ડિસ્ટ્રિબ્યુટરી માઈનોર અને સબ માઈનોર લાઈનીંગ કર્યા વગરની છે. તેથી પાણી છોડવામાં આવે ત્યારે છેલ્લે જતાં પાણી ઓછું થઈ જાય છે તેથી છેવાડે ખેતર ધરાવતા ખેડૂતને પાણી મેળવવામાં તકલીફ પડે છે. તો આ કેનાલોને લાઈનીંગ કરી આપવામાં આવે તો નીચે પાણીનું જમણ થાય છે એ ઓછુ થઈ જશે અને છેવાડાના ખેતર સુધી સમયસર અને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે.

માર્ગ અને મકાન વિભાગની અંદર ગામડાંની અંદર રોડ જોડવા માટે લગભગ ૫૬૧ કરોડ રૂપિયા ખાસ અંગભૂતમાં અતિવૃષ્ટિના કારણે ડામરના રસ્તાઓ મજબૂત કરવા માટે ફાળવ્યા છે. પરંતુ ગામડાંથી પરા વિસ્તારને અને પરા વિસ્તારથી બીજા પરા વિસ્તાર સાથે જોડવા માટે રોડ બનાવવાની ઘણી બધી રજૂઆતો કરવા છતાં આ પૈસામાંથી રોડ બનતા નથી. તેના લીધે ચોમાસામાં ગરીબ લોકોને દવાખાને જવું હોય તો ચાર માણસોએ ખાટલામાં લઈ જવાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તો આ રોડો બનાવવામાં આવે તો વધારે સારું ગણાશે.

છેલ્લે એક વાત કરવા માગું છું. ૧૯૮૨માં હું એક ટેપરેકર્ડર લાવ્યો હતો એમાં કૅસૅટ મૂકી તો મોરારી બાપુ બોલતા હતા એમાં એ વખત એવું કહ્યું કે આ ગુજરાતમાં એક ધારાસભ્યશ્રી એવા પણ ચૂંટાયેલા છે. તે વખતે માનનીય નાણામંત્રીશ્રી વિરોધપક્ષમાં હતા, જો સાચી વાત હોય તો એ અડીખમ ઊભા રહીને મુકાબલો કરી શકે

છે. તો મારે એકજ વિનંતી છે કે કોંગ્રેસ ગરીબોની પાર્ટી છે અને સેકન્ડ હેન્ડ ગાડી ઉપર ટેક્સ નાખ્યો છે એટલે અમે આ ગાડીઓ ખરીદી શકીએ તેમ નથી તેથી મહેરબાની કરીને આ ટેક્સ કાઢી નાખો તેવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય લાલસિંહભાઈ, ગરીબ માણસો સેકન્ડ હેન્ડ ગાડી ખરીદે એ તર્ક બેસતો નથી. નેક્સ્ટ. શ્રી રમણલાલ પાટકર...

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧નું અંદાજપત્ર આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું છે તેને હું આવકારું છું.

આ બજૅટની અંદર વિકાસલક્ષી ૨૯૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવા માટેનું આયોજન કર્યુ છે જે ગયા વર્ષના આયોજન કરતાં ૨૫ ટકા કરતાં વધારે છે અને એનાથી સમગ્ર ગુજરાતની વિકાસલક્ષી કાયાપલટ સુંદર બનશે એવી હું આશા રાખું છું.

બજૅટમાં પૈસા કયાંથી લાવવા અને કઈ રીતે સમગ્ર ગુજરાતનો વિકાસ કરવો એ ખૂબ જ મહત્ત્વની કડી છે અને હું માનું છું કે આ કડીના ભાગરૂપે ૧૯૯૫ થી આજ સુધી ગામડાંમાંથી રોજગારી મેળવવા માટે જે કામદારો શહેરો તરફ આવતા હતા. અને ગામડાં તૂટતા હતા, શહેરોમાં ભારણ વધતું હતું. એ સમતોલ કરવા માટે આજની જે નાણાકીય નીતિ બજૅટમાં ફાળવણીની છે એ ૬૮ ટકા ગામડાં તરફ પૈસા વપરાય છે અને ૩૨ ટકા રકમ શહેરી વિસ્તાર તરફ વપરાય છે અને તેના કારણે ગામડાંની ખરેખર સમસ્યા હતી, સમસ્યા પ્રથમ વીજળીની હતી. એ જયોતિગ્રામ યોજના તળે ૧૮,૫૫૨ ગામની અંદર પૂરી કરવામાં આવી. પરિણામે ગામની અંદર શિક્ષિત યુવાનો પોતાના ગામની અંદર જ સ્વરોજગારી મેળવતા થયા. રોજગારીની તકો ઉભી થઈ અને જે પ્રગતિશીલ ખેડૂતો છે એ પોતે પોતાના ખેતરમાં ૨૪ કલાક વીજળી મળવાને કારણે ખેતીની આર્થિક ઉન્નતિ તરફ ગયા અને પરિણામે આજે ખેતીનું હેડ જોઈ શકીએ છીએ. જે ૯૦૦૦ કરોડ રૂપિયાનું વાર્ષિક ઉત્પાદન હતું તે વધારીને ૪૮,૦૦૦ કરોડ રુપિયા સુધી પહોંચ્યા છીએ. તે આપણી સિદ્ધિ છે અને એટલા માટે જ આ બજૅટમાં બે વાત ખાસ કહેવી છે. એક તો અત્યારે જે ઋતુ પરિવર્તન થયું છે તે ઋતુ પરિવર્તન થવાનું મુખ્ય કારણ જે હું સમજું છું તે એ છે કે આપણો ઈતિહાસ એમ કહે છે કે પૃથ્વી ઉપર કમસેકમ ૩૩ ટકા વનીકરણ હોવું જોઈએ, પરંતુ આજે સમગ્ર ભારત અને ગુજરાતના આંકડા જોઈએ તો ભારતમાં ૨૨ ટકા અને ગુજરાતમાં ૧૧ ટકા છે. તેનો અર્થ એવો થાય કે વનીકરણ ફરજીયાત વધારવું પડશે. એ વનીકરણ વધારીને જે ઝાડ ઑક્સિજન આપે છે તેની સમતુલા આપણે જાળવવી પડશે અને આ બજૅટમાં ૪૧૨ કરોડ રૂપિયા વન વિભાગ માટે ફાળવવામાં આવ્યા છે. હું માનું છું કે હજુ પૂરક માગણીમાં વધારો કરે અને જે સરકારી જમીન હોય, ફૉરેસ્ટ લૅન્ડ હોય, ગૌચરની જમીન હોય તેમાં ફરજીયાત વનીકરણ વધારે કરીએ અને ગુજરાત રાજયમાં અને દેશમાં જે સમસ્યા ઉભી થઈ છે તેની સામે આપણે ટક્કર ઝીલીએ એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો મુદ્દો છે નાગરિક પુરવઠા વિભાગનો. આજે જે અપેક્ષા અમે રાખી હતી કે કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર આવી છે અને ૧૦૦ દિવસમાં કંઈક પ્રગતિશીલ આંકડા આપણને મળશે. મોંઘવારી ઘ ટશે પણ જોતજોતામાં મોંઘવારી ખૂબ વધી છે. ગુજરાતની સાડા પાંચ કરોડની વસતિ છે, એ વસતિમાં આંકડાની દ્રષ્ટિએ, ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો ૩૫ ટકા બી.પી.એલ.થી નીચે સમાજ છે અને બાકીનો અન્ય સમાજ છે. તેને પણ અનાજની જરૂર છે. માત્ર ૧૫ ટકા જે ટેક્સ ભરવાવાળા છે તેને મોંઘવારી સાથે કોઈ લેવાદેવા નથી તેમ હું માનું છું. તો આ ૮૫ ટકા જે વસતિ છે તેના માટે ગુજરાત સરકારે ખૂબ પ્રયત્ન કર્યો છે. ૧૯૬૫માં નવો વિભાગ, નાગરિક પુરવઠા વિભાગ શરૂ કરવામાં આવ્યો. કેન્દ્ર સરકારના ૯ જેટલા અધિનિયમો દ્વારા નિયંત્રણ રાખવામાં આવે છે અને રાજય સરકાર પણ કેટલાક આદેશો બહાર પાડીને સાત જેટલા આદેશો પાડીને ભ્રષ્ટાચાર ન થાય, સંગ્રહખોરી ન થાય તે જાતના આદેશો અને અંકુશ કરવા માટેની વ્યવસ્થા રાખી છે. પણ આજે સમગ્ર વસતિની ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો આપણને કમસેકમ બી.પી.એલ. યોજના હેઠળ ૧,૯૪,૦૦૦ મેટ્રીકટન અનાજ બી.પી.એલ.વાળાને આપવું પડે છે એ ઘઉં છે અને ૧,૦૪,૦૦૦ મેટ્રીકટન ચોખા છે. ૧૨,૦૦૦ મેટ્રીકટન મકાઈ છે અને ૨૨,૦૦૦ મેટ્રીકટન જુવાર છે. તો આ બધા માટે જે ભારત સરકારના ગોડાઉન છે એ ભારત સરકારના ગોડાઉનથી જે તે તાલુકા કક્ષાના ગોડાઉન હોય ત્યાં સુધી વાહતુક, ભાડા માટેનો ખર્ચ રાજય સરકારને સહન કરવો પડે છે. તેના માટે રાજય સરકારને ૩૩૦ કરોડ રૂપિયાનું ભારણ પડે છે. જે નાના માણસોને આજે થોડીક પણ રાહત આપી શક્યા છીએ તે ગુજરાતની સારી અન્ન પુરવઠાની પૉલિસી છે તેના કારણે આપણે રાહત આપી શક્યા છીએ. માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લાવ્યા છે તેમને અને સરકારને અભિનંદન આપીને મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સ્વર્ણિમ ગુજરાત વર્ષ માટે સોનેરી બજૅટ લઈને આવ્યા છે તે બદલ તેમને તથા મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું અને મહિલા તથા બાળ કલ્યાણ વિશે મારા વિચારો વ્યક્ત કરવાની પરવાનગી યાચું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ એક મહિલા છું અને મહિલા હોવાનું ગૌરવ અનુભવું છું. કારણ કે, સ્ત્રી ધારે તો કાંટાળી વાડીને ફૂલવાડીમાં ફેરવી શકે છે અને સ્ત્રી ધારે તો ગરીબમાં ગરીબ ઘરમાં પણ સંસારનું સ્વર્ગ બનાવી

દે છે. અને સ્ત્રી ધારે તો ભલ ભલા શૂરવીરોના શીશ પણ ઝુકાવી દે છે. ડો. બાબા સાહેબ આંબેડકરે એકવાર ભારતીય સંસદમાં કહ્યું હતું કે,

**" હમ ચિલ્લા- ચિલ્લા કર કહેતે હૈ કિ મેરા ભારત મહાન, અગર " મેરા ભારત મહાન", તો ઈસ દેશમેં કયું હોતા હૈ ઓરત કા અપમાન? જિસ દેશ મેં નારી જાત કો જનમ લેને સે પહેલે હિ ખતમ કર દિયા જાતા હો, જિસ દેશ મેં નારી સ્વતંત્ર્યતા કે નારે લગાયે જાતે હો, ઔર ઓરત કો જિન્દા જલા દિયા જાતા હો, જિસ દિશ મેં માં કી પૂજા હોતી હો, ઔર બહુ કો ઝહર દિયા જાતા હો, અરે જિસ દેશ મેં ઓરત કો શિક્ષણ દેને કે બજાય, પતિ કી મોત પર, મજબૂરન સતી હોને કી સજા દી જાતિ હો, ઊસ દેશ કો મહાન કહેના દુર્ભાગ્ય કી બાત હોગી, અગર હમ હિન્દુસ્તાન કો વાસ્તવિક તોર પર મહાન બનાના ચાહતે હૈ તો, ઈસ દેશ કી " નારી શકિત" કી રક્ષા- ઉન્થાન- પ્રગતિ ઔર વિકાસ**

**કે લિયે ઠોસ કદમ ઉઠાને હોંગે.."**

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ગર્વ અનુભવું છું કે, કરોડો દલિતો, પિડિતો અને શોષિતોના મસીહા, સ્ત્રીઓના મુકિત દાતા અને ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની આ વેદનાને સંવેદનામાં ફેરવવાનું પુણ્યશાળી કામ, સમગ્ર ભારત દેશમાં જો કોઈએ કર્યું હોય તો તે ગુજરાતના ક્રાંતિકારી મુખ્યમંત્રી માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. મહિલા અને બાળ વિકાસ માટે બજેટમાં રૂપિયા આઠસો છન્નું પૉઈન્ટ બાવીસ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવેલ છે. મહિલાઓની ઉન્નતિ માટે ગુજરાતમાં અનેક કલ્યાણકારી યોજનાઓ સફળતાપૂર્વક અમલી બનાવેલ છે. એક મહિલા ધારાસભ્ય તરીકે, મહિલાઓના પ્રતિનિધિ તરીકે, ગુજરાતની તમામ મહિલાઓ વતી હું માન.મુખ્યમંત્રીશ્રીને લાખ-લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વીર પુરૂષ, વિદ્વાન પુરૂષ અને રાજ પુરુષોએ પણ નારી શકિતને બિરદાવી છે. અરે ઇતિહાસ ગવાહ છે કે, " કાનાનો જનમ માં દેવકીની કૂખે, જેલની બંધ કાલકોઠીમાં થયેલ પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના રૂપમાં મહાનતા પ્રદાન કરનારા સંસ્કારોનું સિંચન તો માતા યશોદાએ કર્યું હતું."

માનનીય અધ્યક્ષશ્રી, પોતાના બાળકોમાં સંસ્કારોનું સિંચન કરે તેને માતા જરૂર કહેવાય, પરંતુ પારકા બાળકોને પોતાના ગણી, પ્રેમ અને વાત્સલ્યપૂર્વક સંસ્કારોનું સિંચન જે કરે તેને " માતા યશોદા" કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની લાખો આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો, ગરીબ- પીડિત સમાજના નાના-નાના ભૂલકાઓને પોતાના સમજી તેમાં સ્નેહપૂર્વક સંસ્કારોનું સિંચન કરવાનું જે ભગીરથ કાર્ય કરી રહી છે તેના કાર્યને પ્રોત્સાહન પૂરું પાડવા, સમગ્ર રાજયમાં શ્રેષ્ઠ કામગીરી બદલ " માતા યશોદા" એવોર્ડ આપનારું ગુજરાત દેશનું પ્રથમ રાજય છે. જેમાં આંગણવાડી કાર્યકરને રૂ.૫૧,૦૦૦/- તથા તેડાગરને રૂ.૩૧,૦૦૦/-ના એવોર્ડ આપવામાં આવે છે તે બદલ હું માન.મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ રાજય છે જ્યાં આંગણવાડી કાર્યકર તથા હેલ્પર બહેનોને વિમાકવચ પૂરું પાડવા માટે " માતા યશોદા ગૌરવ નિધિ યોજના" નું અમલીકરણ કરવામાં આવેલ છે. ૧૯૭૫થી આંગણવાડી શરૂ થઈ પરંતુ તેના મકાનો માટે જે તે વખતની સરકારોએ કોઈ બજૅટ ફાળવ્યું ન હતું. વર્ષ ૨૦૦૧-૨૦૦૨ સુધી માત્ર આઠ હજાર ઓરડાઓ હતા. આજે, ટોયલેટ, પાણી, વીજળી, રમકડાં વગેરેની સંપૂર્ણ સુવિધા સાથે અઠયાવીસ હજાર ઓરડાઓ બાંધવામાં આવેલ છે અને સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત અમારી સરકારે બજૅટમાં આ વર્ષે નવા તેત્રીસો નંદઘરનું નિર્માણ કરવાનો નિર્ધાર કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આજનું બાળક આવતીકાલના ભારતનું ભાગ્ય છે. ભારતનું એ ઉજજવળ ભવિષ્ય આજે કુપોષણનો ભોગ બની રહયું છે. કુપોષણ એ કોઈપણ સમાજ-રાજય કે રાષ્ટ્ર માટે ચિંતાનો વિષય છે. કુપોષણ એ એક એવું ઝેર છે જે માતા અને બાળકના જોમ, જુસ્સા અને તેજને હણી નાંખે છે. આ વાતની ચિંતા અત્યાર સુધીના કોઈપણ શાસકોએ કરી ન હતી. હું ધન્યવાદ આપીશ દેશભક્ત મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને કે જેમણે આ કુપોષણના કલંકમાંથી ભારતના ભાગ્યને બચાવવા, સગર્ભા માતાઓ અને કિશોરીઓને બચાવવા, પૂરકપોષણની જોગવાઈ અંતર્ગત, બાળભોગ, પોષણયુકત ચૉકલેટ, ગરમ નાસ્તો, ફળ-દૂધ-ઉપમા, શીરો, સુખડી વિગેરે આપવાની અનોખી વ્યવસ્થા સમગ્ર રાજયમાં ઊભવી કરી છે. આગંણવાડીના ચાળીસ લાખ બાળકોને નિયમિત પોષણક્ષમ આહાર આપવાની જોગવાઈ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની સર્જનશકિતને વિકાસમાં જોતરી, સશકિતકરણના માધ્યમથી, મહિલાઓ રાજયના વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બને તે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારનો મુખ્ય અભિગમ છે. સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે રાજય સરકાર, દોઢ લાખ સખી મંડળોને લીંકેજીસ માટે રૂપિયા એક હજાર કરોડની ફાળવણી સાથે મિશન મંગલમ યોજના શરુ કરી, આગામી દિવસોમાં આ મંડળોને રૂપિયા પાંચ હજાર કરોડ ફાળવવા અમારી સરકાર કટિબદ્ધ બની છે. જેનો લાભ રાજયની પચીસ લાખ બહેનોએ લીધો છે.. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત પણ મહિલાઓ માટે અનેક યોજનાઓ જેવી કે કન્યા કેળવણી યોજના, કિશોરી શકિત યોજના, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેંદ્રો, નિરાધાર વિધવાઓનું પુનઃ:સ્થાપન યોજના, લોકભાગીદારીથી લગ્ન પુનઃ:સ્થાપન યોજના, નિરાધાર વિધવા લાભાર્થીઓને જૂથ અકસ્માત વીમા યોજના વિગેરે યોજનાઓને સફળતાપૂર્વક અમલી બનાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના હિતચિંતક મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલી આવી અભૂતપૂર્વ યોજનાઓ વિશે એક સાહિત્યકારે તો એમ પણ કહ્યું છે કે,

સારી વનરાઈની કલમ બનાવી, તેમાં સાત સમંદરની શાહી પૂરી, માનનીય શ્રી નરેન્દ્રભાઈએ કરેલ મહિલાઓના વિકાસ માટેની વાતો લખવામાં આવે તો જમીન તો શું પણ આસમાનરુપી કાગળ પણ ટૂંકું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ફરીને હું માનનીય મુખ્યમંત્રીશ્રી તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીને રાજયની તમામ મહિલાઓ વતી અભિનંદન પાઠવી, મારું સમર્થન આપી મારી વાણીને વિરામ આપુ છું. વંદેમાતરમ.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવુ છું. ભારતના પહેલા નાણામંત્રી હશે કે સોળ મી વાર બજૅટ લાવ્યા હશે. બીજી જે વાત છે આ બજૅટમાં પાણી અને પુરવઠાની જે જોગવાઈ થઈ ૧૮૪૯ કરોડની એમને પણ હું અભિનંદન આપુ છું. ૧૯ટકા વધારો કર્યો છે એમને પણ હું અભિનંદન આપુ છું. અગાઉ બજૅટ થતું, બજૅટમાં જોગવાઈ થતી પણ એના પૈસા કેવી રીતે વપરાતા એનો હું દાખલો આપું. મારા મિત્ર અર્જુનભાઈ નથી નહીં તો હું કહેત કે અગાઉની સરકારમાં જે ટેન્ડર બહાર પડે છે, જિલ્લાવાઈઝ જે ગેંગ હોય એ ટેન્ડર ભેગા કરી દે છે. ટેન્ડર ભેગા કર્યા પછી એ ગેંગના ૫ ટકા હોય, માનનીય નેતાશ્રી બેઠા હોય એના ૧૦ ટકા હોય અને એ રીતે વિભાજન થાય અને ટેન્ડર એક રૂપિયાનું કામ એક રુપિયાના એંસી પૈસામાં મંજૂર થાય એ અર્જુનભાઈને અનુભવ છે. આ સરકાર આવ્યા પછી મુરબ્બી નરેન્દ્રભાઈની સરકાર આવ્યા પછી ઓનલાઈન ટેન્ડર થઈ ગયા. ભારતમાં ગમે ત્યાંથી કોઈપણ ટેન્ડર નાખી શકે. ટેન્ડર નાખ્યા પછી એના જે કામ એક રુપિયાનું કામ નેવું પૈસામાં થાય અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એને ૫ વર્ષની આ ગૅરન્ટી છે. મને આપને કહેતા આનંદ થાય છે, મારા વિસ્તારની વાત કરુ છું. મોરબી શહેર માટે જે પાણીની પાઈપલાઈન નાખી આશરે ૪૫ કરોડની.અને બીજા આ વર્ષમાં પાંચ કરોડ એટલે મારા વિસ્તારમાં ખાલી મોરબી શહેરમાં ૫૦ કરોડની પાઈપ લાઈન નાખી એ માટે માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ પાઈપ લાઈન પણ કેવી કે આપણે ઘર-મકાન બનાવતા હોય તો આપણા મકાનમાં પણ આવી લાઈન નથી નાખતા એવી મજબૂત છે અને કદી તૂટે નહીં એવી છે. બીજી વાત કરું તો ૨૦૦૧માં ભૂકંપ આવ્યો ત્યારે મેં માનતા લીધી હતી કે મારા વિસ્તારમાં મકાન, સ્કૂલો, પાણીની યોજના થઈ જાય ત્યારે હું પગપાળા પ્રવાસ કરીશ. ૧૨૫ ગામો અને શહેરોમાં ૨૪ દિવસ રાત દિવસ પગપાળા પ્રવાસ કર્યો ત્યારે ૧૩૫ ટાંકાઓનું ખાતમુહૂર્ત ૨૪ દિવસમાં કર્યુ છે એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી શકે. ઢાંકી કે જ્યાંથી આખા સૌરાષ્ટ્રને પાણી આપે છે. ૧૩૫ ફૂટ ઊંચાઈ છે અને ૧૪ માળ જેટલું થાય. આ પાણી કચ્છને પણ આપવામાં આવે છે. આ પાણીથી કેટલો ફાયદો છે? આ પાણી જ્યારે આપતા હતા ત્યારે નર્મદા કેનાલ દ્વારા પાણી આપતા હતા ત્યારે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ સાથે બહુ ઉગ્ર ચર્ચાઓ થતી. અમારા વિસ્તારમાં માળિયા, ધ્રાંગધ્રા, હળવદ વગેરેના ખેડૂતો પાણી લઈ લેતા હતા. માનનીય મંત્રીશ્રીને અમે રજૂઆત કરી કે કાયમ માટે પ્રશ્ન હલ કરવા માટે આપશ્રી કંઈક વિચારો. ચાર જ વર્ષમાં આશકે ૭૩૦ કરોડમાંથી ક૧૭૦ કરોડની માત્ર ચાર તાલુકા માટે ખેડૂતોને પાણી મળે એટલા માટે આ જોગવાઈ કરી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે. આજે પાણી મળે છે. મને આનંદ છે કે ૧૯૮૫માં અમે જ્યારે ચૂંટાયા ત્યારે મુરબ્બી પાણી પુરવઠા મંત્રીશ્રી વલ્લભભાઈ હતા. મારા ગામમાં બોર કરવા આવ્યા હતા અને બોર જેટલો જમણવારનો ખર્ચ કર્યો અને ખાણું પાણી નીકળ્યું. અમે એ પાણી પીતા હતા એ ૧૯૯૫ પછી બંધ થયું. માળિયા તાલુકામાં ખારું પાણી પીતાં એના કારણે લોકોના દાંત પીળા થઈ જતા અને કમરનો દુખાવો થઈ જતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એના આરોગ્યનું ધ્યાન રાખી આ કામગીરી કરી છે અને આરોગ્યમાં લોકોને ફાયદો થયો છે. ઘણીવાર અમે જોતા કે વિદેશના લોકો પાણીની બૉટલ લઈને આવતા ત્યારે અમને દુઃખ થાય કે આ લોકો આ પાણી પીવે અને અમારે ખારું પાણી પીવાનું? પણ આજે અમને લાગે છે કે અમે તો પાણી પીએ છીએ પણ અમારા પશુઓ પણ આ પાણી પીવે છે. આ વાત મુરબ્બી નરેન્દ્રભાઈ મોદી જે વિકાસની વાત લઈને આવ્યા છે (અંતરાય) આ બધી ખરી વાતો કરી છે. કંઈક સાચું બોલે તો ૫૦ ટકા મત વધશે. અત્યારે સાતમાંથી બે આવ્યા એ બે પણ નહીં આવે. અહીંયા બોલો એ દુનિયા સાંભળે છે. એ જાણે છે કે ૧૦૦ ટકા ખોટું બોલે છે. મને લાગે છે કે કંઈક સાચું બોલે. અહીં પાણીની વ્યવસ્થા અંગે બોલે કે પાણી મળતું નથી પણ ગામમાં પાણી મળતું હોય. (અંતરાય) ચાર ચાર વાર ચૂંટાયો, આફત આવી તો પણ ચૂંટાયો છું. બીજું કે, તમને કહેતા આનંદ થાય છે કે પાણી વધારે આપીએ તો પાણી ઢોળાતું હોય તો એના માટે ભૂગર્ભ ગટર માટે ૬૦ કરોડ મંજૂર કર્યા. પાણી પુરવઠા માટે અનેક મુદ્દાઓ વિચાર કર્યો છે. (અંતરાય) મારા વિસ્તારમાં ત્રણ ઓઝી વિસ્તાર આવે. વાડી વિસ્તાર, લઘુમતી વિસ્તાર અને મીઠાના અગરિયાઓ માટેનો વિસ્તાર. ભારતીય જનતા પાર્ટીની સરકારે આજથી એક વર્ષ પહેલા વિધાનસભામાં આ ખરડો પાસ કર્યો અને ઓઝી વિસ્તારમાં પાણી આપવું એવો નિર્ણય લીધો અને એના આધારે આ નિર્ણય લીધા પછી મને યાદ છે કે, અત્યારે મહેન્દ્રભાઈ નથી, એમના વિસ્તારમાં આવતું હતું. એમણે રજૂઆત કરી અને આ પાણી મળ્યું. એકે એક વિસ્તારની વાત, આજે લઘુમતી વિસ્તાર માળિયામાં અમે પાણી આપ્યું. માળિયા નગરપાલિકા છે એ લઘુમતીની નગરપાલિકા છે. ૨૧ સીટો છે એમાંથી ૧૯ લઘુમતીની છે અને એ માળિયા નગરપાલિકા ભારતીય જનતા પાર્ટીની છે. આ સિદ્ધિ છે, આ વિકાસ છે અને આ વિકાસ ભારતીય જનતા પાર્ટી સિવાય કોઈ કરી શકે નહીં. એટલા માટે મારી લાગણી છે કે આ જે વિકાસની સાચી વાતો કરે. જયારે વજુભાઈ મેયર હતા ત્યારે રેલવેમાં પાણી લાવ્યા હતા એટલે એમને યાદ હતું. રેલવેમાં ટૅન્કરમાં પાણી આવે એવડી તો એમણે પાઈપ લાઈન નાખી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ચર્ચા માટે ફાળવેલ સમય પૂરો થાય છે અને આપનું વક્તવ્ય પૂરું થાય છે.

# સરકારી વિધેયકો

## સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૯

# ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦

### સન ૨૦૧૦ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્ય એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૧૦ના ગુજરાત પૂરક વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ ના વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૧૦ના ગુજરાત પૂરક વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આની તો ચર્ચા બહુ ડિટેઈલમાં થઈ ગઈ છે. જે મુદ્દાઓ છે એ રજૂ કરે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી) :** માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદને કારણે ઘાસ, પાણી અને રોજગારની અછત નિવારવા સત્વરે પગલાં લેવા તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ સાલે દાહોદ જિલ્લામાં અપુરતા વરસાદના કારણે ઘાસ, પાણી અને રોજી-રોટીનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. આ બાબતે અમે વારંવાર માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆતો કરેલી છે અને ગૃહમાં પણ આ બાબતે અવારનવાર અમે રજૂઆત કરી છે. આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં પણ આજદિન સુધી જે પગલા લેવા જોઈએ એ લેવાયા નથી. આજની તારીખમાં પણ પાણીનો પ્રશ્ન એટલો વિકટ છે. હેન્ડપંપ મોટાભાગે બગડેલા છે. પાણીના તળ નીચા જવાથી કુવાઓમાં પાણી નથી અને જે કોઈ પાણી પુરવઠા યોજના છે એમાં પણ મોટાભાગની પાણી પુરવઠા યોજનાઓ બંધ છે ત્યારે એમાં પણ જે ગંભીરતાથી પગલા લેવાવા જોઈએ એ લેવાતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અછતની પરિસ્થિતિને લીધે આજે હજારો લોકો રોજી-રીટી માટે સ્થળાંતર કરે છે અને આ વર્ષની આનાવારી પણ ૪ થી ૬ આની છે. સરકારે ખરેખર નિયમ પ્રમાણે અછત કે અર્ધઅછત જાહેર કરીને સ્થાનિક લોકોને રોજગારી આપવી જોઈએ એમાં પણ સરકાર તદ્દન નિષ્ફળ ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘાસનો પણ પ્રશ્ન એટલો જ વિકટ બન્યો છે. આજની તારીખમાં બહાર વેચાતા ૭ રૂપિયે કિલોના ભાવે ઘાસ લાવે છે અને આમ ઘાસ પણ આજની તારીખમાં સરકાર પૂરું પાડી શકતી નથી. આ પ્રશ્ને સાહેબ અમે વારંવાર રજૂઆત કરી છે, છતાં પણ સરકાર કશા પણ પગલા લેતી નથી. હમણાં છેલ્લે છેલ્લે આટલી રજૂઆત પછી મંત્રીશ્રીએ ૧૨ તારીખે પાણી માટે બોલાવ્યા છે એ માટે ખૂબ આભાર. હું કહું છું કે આપ સાહેબ કરો અને એ દિશામાં આગળ વધો. જે રીતે આ પ્રશ્ન ગંભીરતાથી ઉકેલાવો જોઈએ એ રીતે ઉકેલાયો નથી. તાત્કાલિક સરકાર પાણી પૂરું પાડે, ઘાસ પૂરું પાડે અને અછત જાહેર કરે અને મારી માગણી એ છે કે કેન્દ્ર સરકારની જે ગરીબોને રોજી-રોટી આપવા માટેની એન.આર.ઈ.પી. યોજના છે એ યોજનામાં હજારો અરજીઓ પેન્ડિંગ પડી છે. આજની તારીખમાં એ જે યોજના છે એનું ધારા-ધોરણ મુજબ અઠવાડિયા ૧૦ દિવસમાં કામ આપવું જોઈએ એ પણ સરકાર આપી શકતી નથી ત્યારે એ દિશામાં આગળ વધે એવી મારી વિનંતી છે.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કાર્યક્રમોમાં ધારાસભ્યો અને સંસદ સભ્યોને નિમંત્રણ પાઠવ્યા પછી તેમની ધરપકડ કરી પ્રોટોકોલના નિયમોનો ભંગ કરનાર અધિકારીઓ સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના જુદા જુદા વિભાગોમાં સન્માનનીય મુખ્યમંત્રીશ્રીના ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન સમગ્ર રાજ્યમાં થઈ રહ્યું છે અને તે સમય દરમ્યાન પ્રોટોકોલ પ્રમાણે જે વિસ્તારના ગરીબ લાભાર્થીઓને બોલાવ્યાં હોય એ વિસ્તારના ધારાસભ્યશ્રીઓને અને સંસદ સભ્યશ્રીઓને પ્રોટોકોલ પ્રમાણે નિમંત્રણ પાઠવવામાં આવે છે અને એ નિમંત્રણ પાઠવ્યાં પછી કોઈ કોઈ સ્થળોએ ધારાસભ્યશ્રીઓ મુખ્યમંત્રીની હાજરીમાં ત્યાં ઉપસ્થિત રહ્યાં છે. અને આવો જ તા. ૪-૨-૨૦૧૦ના રોજ પંચમહાલ જિલ્લાના કડાણા તાલુકામાં મુખ્યમંત્રીશ્રીનો ગરીબ કલ્યાણ મેળો હતો અને સંતરામપુર, કડાણા, ખાનપુર, લુણાવાડા અને શહેરા એમ પાંચ તાલુકાનો આ મેળો હતો. પાંચ તાલુકાના મત વિસ્તારના ધારાસભ્યો અને એ વિસ્તારના સંસદસભ્યોને નિમંત્રણ

* વિધેયક તા.૮મી માર્ચ,૨૦૧૦ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

પાઠવવામાં આવેલ. મને કહેતાં દુ:ખ થાય છે કે જયારે જે તે વિસ્તારની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં ધારાસભ્યશ્રીઓ પણ ત્યાં ઉપસ્થિત હોય ત્યારે સૌજન્ય દાખવી બે શબ્દો બોલવાની વાત તો બાજુ પર મુકો પણ અમે સભા સ્થળ પાસે પહોંચીએ એ પહેલા ૨૪કલાક અગાઉથી અમારા ઉપર નજર રાખવામાં આવેલ કે અમે કંઈ બીજી પ્રવૃત્તિ તો કરતા નથીને? એટલું જ નહીં પણ મને એ વાતનું દુ:ખ છે કે હું સંતરામપુરના ધારાસભ્યશ્રી અને ત્યાંના સંસદ સભ્યશ્રી અમારો ભૂતકાળનો ૪૦ વર્ષનો ઈતિહાસ છે. હજુસુધીમાં કોઈ પોલીસ રેકર્ડ ઉપર મારું નામ નથી. કોઈ તોફાન કર્યું હોય, કોઈ ગુનો કર્યો હોય અથવા તો એવી કોઈ પ્રવૃત્તિ કરી હોય તેમછતાં અમને અગાઉથી ગીરફતાર કર્યા હોય તો જામીન ઉપર છુટવાનું થાય એવી કોઈ કાર્યવાહી કર્યા સિવાય ૭૦-૮૦ કિલોમીટર દુર સુધી લઈ જાય અને પાંચ વાગે અમને મુકત કરવામાં આવેલ. આ માનવ અધિકારનું હનન છે.

**શ્રી ખુમાનસિંહ ર઼ા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી," જિલ્લાવાર યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓમાં વપરાયેલ એસ.ટી.ની બસોની સંખ્યા, તે માટે ચૂકવાયેલા ભાડાં અને રદ કરાયેલ નિયમિત રૂટો અંગેની માહિતી આમ જનતાને મળે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા."

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત રાજય સરકારને હું વિનંતી કરું છું કે રાજયમાં છેલ્લા ત્રણ મહિનાથી જુદા જુદા જિલ્લાઓમાં ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવે છે. આ ગરીબ કલ્યાણ મેળામાં આમ જનતાને લાવવા, લઈ જવા માટે, ઉપસ્થિત રાખવા માટે એસ.ટી. તંત્રનો અને સરકારી તંત્રનો બેફામ દુરઉપયોગ કરવામાં આવે છે. આ એસ.ટી. જે બુક કરવામાં આવે છે એ કયો વિભાગ એની એસ.ટી. બુક કરાવે છે. કયો વિભાગ એસ.ટી.નું ભાડુ ચુકવે છે અને વધારે કહું તો ગરીબ કલ્યાણ મેળાની અંદર જે ચેકનું વિતરણ કરવામાં આવે છે. ગરીબ લાભાર્થીને જે યોજનાના ચેક આપવામાં આવે છે. એ બી.પી.એલ. યાદી અથવા બી.પી.એલ.ના લાભાર્થી હોય એને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મુદ્દો એસ.ટી.નો છે એ પૂરતું બોલો.

**શ્રી ખુમાનસિંહ ર઼ા. ચૌહાણ** : ગરીબ કલ્યાણ મેળા જે યોજવામાં આવે છે એની અંદર બી.પી.એલ. અથવા આવા મેળાઓની અંદર જે ચેકોનું વિતરણ કરવામાં આવે છે. બી.પી.એલ. લાભાર્થીઓ સિવાયના કોઈને કોઈ ચેક અથવા તો સહાય આપવામાં આવી હોય એવી માહિતી સરકાર અમને આપશે કે કેમ? કયા વિભાગમાં આ ખર્ચ પડે છે? કયો વિભાગ આ ખર્ચા પડે છે એ માહિતી જો અમને આપવામાં આવે તો ત્યાં સરકારી તંત્રનો જે બેફામ દુરઉપયોગ થઈ રહ્યો છે. સરકારી તંત્રના જે સરકારી પૈસા છે એનો માત્ર ને માત્ર રાજકીય હેતુ માટે, રાજકીય વાહ વાહ કરવા માટે આ સરકારની વાહવાહ કરવા માટે જે સરકારી તંત્રનો દુરઉપયોગ થઈ રહયો છે. સરકારી નાણાનો પણ દુરઉપયોગ થઈ રહયો છે એમ કહું તો પણ ખોટું નથી.આ જે નાણા સરકારી તંત્રનો ઉપયોગ થયો છે. એ કયા વિભાગે ખર્ચ કર્યો છે? કેટલો ખર્ચ કર્યો છે અને કોણે કર્યો છે?

**અધ્યક્ષશ્રી** : શ્રી કિરણકુમાર મકવાણા.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. બસો મોટાપાયે ધાર્મિક અને સરકારી કાર્યક્રમોમાં ફાળવી દેવાતા અનેક નિયમિત રૂટો રદ થતા આમજનતા, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને પડતી ભારે હાડમારી નીવારવામાં તંત્રની નિષ્ફળતા.

રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા સરકારી કાર્યક્રમો હેઠળ સંમેલનો પાછળ એસ.ટી. બસો મોટા પાયે ફાળવી દેવામાં આવે છે, જેના કારણે નિયમિત રૂટ રદ થતા અનેક વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ અને આમજનતાને ખૂબ જ હાડમારી ભોગવવાનો વારો આવે છે. વળી આવી બસો ગ્રામ્ય વિસ્તારમાં મોકલી અને આમ જનતાને મફતમાં આવવા જવા માટેની આ વ્યવસ્થા કરવામાં આવે છે. એસ.ટી. તંત્રનો આ ખરેખર વ્યાપક પ્રમાણમાં દુરુપયોગ કરવામાં આવે છે. મારી આપ સાહેબને વિનંતી કરવાની છે કે સરકારને જરૂર હોય તો ખાનગી બસો ભાડે લઈ શકે છે. રાજ્યમાં મોટા ધાર્મિક મહોત્સવો યોજાય છે, ત્યારે સમગ્ર ગુજરાતમાંથી અલગ અલગ ડેપોમાંથી અસંખ્ય, સેકડો બસો ફાળવી દેવામાં આવે છે. એની હાલાકી આમ જનતા, ગવર્નમૅન્ટ કર્મચારી અને વિદ્યાર્થીઓ ભોગવી રહ્યા છે. એસ.ટી. તંત્ર જ્યારે પણ લગ્નપ્રસંગે કે કોઈ પ્રવાસ હોય ત્યારે ડિપોઝિટ ભરે ત્યારપછી બસ આપે છે. તો આપણે આવા કોઈ રાજકીય કાર્યક્રમ હોય તો ડિપોઝિટ કેમ ન લે? આ ભેદભાવ તાકીદે દૂર કરવો જોઈએ. બસની અંદર લખેલું આવે છે કે હાથ ઊંચા કરો, બસમાં બેસો. બસો આવવી જોઈએ ને. બસ આવે તો હાથ ઊંચો કરેને. ૯૦ ટકા બસો એવી છે કે ૭ લાખથી પણ વધારે કિ.મી. ફરેલી હોય છે. ઘણી જગ્યાએ દર્શન કરીએ છીએ કે ધક્કો મારો બસમાં બેસો. તાજેતરમાં વડોદરા જિલ્લામાં મહિલા સંમેલનો બે દિવસ, ચાર દિવસ પહેલા યોજાઈ ગયો. તાજેતરમાં એસ.એસ.સી., એચ.એસ.સી. ની બોર્ડની પરીક્ષાઓ લેવાઈ, જેના વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓ સવારે પેપર વહેલા હોવાના કારણે રાત્રે પોતાના સગાંવહાલાં હોય કે ન હોય વડોદરાની ધરતી ઉપર કોઈપણ જગ્યાએ વ્યવસ્થા મળે ત્યાં રોકાઈ ગયા છે. ખરેખર ગંભીર બાબત છે. આવા કાર્યક્રમો આવી કોઈ પરીક્ષા હોય ત્યારે કોઈનું જીવન ન બગડે તેના માટે વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બચુભાઈએ જે વાત કરી અમારે ત્યાં પાણીની અને ઘાસની આ રીતે છે. એમાં એટલું જ કહેવાનું કે અહીયાં ૨૦૦૯ ના ચોમાસા પછી જે સરકારી આંકડા છે, એમાં દાહોદ જિલ્લામાં ૪૨૭ મિલિમિટર વરસાદ થયો છે અને દાહોદ જિલ્લાનો એકપણ

તાલુકો એવો નથી કે જ્યાં ૧૩ ઇંચ કરતાં ઓછો વરસાદ થયો હોય, એટલે આનાવારી પ્રમાણે જ્યાં ૪ આના કરતા ઓછું વર્ષ હોય ત્યાં હંમેશા દુષ્કાળ જાહેર કરીએ છીએ, પરંતુ અહીયા દુષ્કાળ જાહેર થયો નથી તેમજ કલેકટર તરફથી સરકારમાં રિપોર્ટ નથી કે પાણીને માટે આટઆટલા ગામમાં પહોંચી શકતા નથી. એની વ્યવસ્થા કરવી જોઈએ તે રીતે પરંતુ છતા પણ આના ગુજરાતની અંદર કોઈપણ ગામડામાં ઉનાળામાં પાણી મળે એના માટે થઈને રાજ્ય સરકારે હમેશા વ્યવસ્થા કરી છે અને આ વર્ષે પણ એકપણ ગામડું પાણી પીધા વગરનું ન રહે એના માટે થઈને રાજ્ય સરકાર પ્રયત્ન કરશે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત કરી કે હેન્ડપંપ બગડેલા છે. તે સામાન્ય બાબત છે. તમે પાણી પુરવઠા વિભાગને કહેજો હેન્ડપંપનો લોકો ઉપયોગ કરે છે તેના માટે રીપેરીંગ કરાવવા માટેની વાત કરીશ. બીજું જે આનાવારી માટે કહ્યું છે તો તેમાં કહું કે ત્યાં કોઈ અછત ડીકલેર નથી થઈ એટલે ત્યાં માણસોને રોજગારી આપવી કે ઘાસ પૂરું પાડવું તે વ્યવસ્થા ન થાય. પાણીની વ્યવસ્થા છે તે કરીશું. છતાં દાહોદ તાલુકો પછાત તાલુકો છે એટલે એ દૃષ્ટિએ રાજય સરકાર તમારી ઘાસની દૃષ્ટિએ કે પાણીની દૃષ્ટિએ જેટલી વ્યવસ્થા થશે એટલી કરવા માટે તત્પર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હીરાભાઈ પટેલે વાત કરી તેમાં ધારાસભ્યશ્રીઓને નિમંત્રણ આપવા માટેની વાત છે. પ્રોટોકાલ પ્રમાણે તમામ લોકોને નિમંત્રણ આપવા માટેની વાત છે. આ જી.એ.ડી. વિભાગ તરફથી નિમંત્રણ આપવા તેવો શિરસ્તો છે. તમામ ધારાસભ્યો અને પાર્લામેન્ટના સભ્યોને નિમંત્રણ મળે છે. બોલવાનું કોને મળે કે ન મળે. એ તો જે આયોજકો છે તેને જ નક્કી કરવા માટેની વાત છે, પણ મને ખબર છે કે હું લોકમેળામાં ગયો હતો ત્યાં ધારાસભ્યો તરફથી ટોળેટોળાં લઈ અગાઉથી અમે આંદોલન કરીશું, કાળા વાવટા લઈને આવ્યા હોય અને જો આવી પરિસ્થિતિ આંદોલન અને વિરોધ કરવાની વાત હોય અને જ્યારે ગરીબ વર્ગના લોકો પોતાની રોજગારી મેળવી શકે તેવા સાધનો અપાતા હોય અને આવા જે શુભ કાર્ય હોય તેની અંદર આંદોલન કરવાની વાત હોય તો મને લાગે છે કે કોઈપણ રાજય સરકાર હોય, તમે હોય કે અમે હોય. જે દિવસે અમે વિરોધપક્ષમાં બેઠા હતા. તે દિવસે આંદોલન કરવા માટેની વાત હતી અને અમે તો આંદોલન ન કર્યા હોય તો પણ નવનિર્માણના આંદોલનની અંદર અમને ૨૫-૨૫ દિવસ સુધી જેલમાં પૂર્યા હતા. કટોકટી વખતે સાડા અગિયાર મહિના સુધી અમને જેલમાં પૂર્યા હતા. આંદોલન કરવાની વાત કરે કે કોઈપણ વિરોધ કરવાની વાત કરી ત્યારે આપણે પણ માનસિક રીતે તૈયારી રાખવી જોઈએ. નહીંતર તમામ કાર્યક્રમમાં, રાજય સરકારના કાર્યક્રમો હોય તેમાં જે તે વિસ્તારના ધારાસભ્યો છે તે ધારાસભ્યોને આમંત્રણ ચોક્કસ મળે છે. પણ આંદોલનની ભાષાની અગાઉથી પોલીસ વિભાગને ખબર પડે તો તેના માટે તે વિભાગ તેની તૈયારી કરે છે.

તે જ પ્રમાણે માનનીય ખુમાનસિંહભાઈએ વાત કરી કે ગરીબ કલ્યાણ મેળાની અંદર એસ.ટી. તંત્રનો બેફામ ઉપયોગ થયો છે. મારે કહેવાનું કે એસ.ટી. તંત્ર છે તેની પાસે જે એના શિડયુલ ૬૮૫૦ છે અને ૭૬૫૨ વાહનો છે. એમાંથી એના શિડયુલ ઉપરાંત દસ ટકા વધારે બસ વર્ષોથી હોય છે. આ દસ ટકા વધુ બસ, આ તો ગરીબ કલ્યાણ મેળો ન હતો ત્યારે લગ્ન પ્રસંગે, બીજા કોઈ ધાર્મિક કે સામાજિક પ્રસંગો હોય કે સરકારી કાર્યક્રમો હોય ત્યારે આ દસ ટકા જે બસો છે તેમાંથી આપે છે. છતાં પણ જો રાજય સરકારને આ બસની કે કોઈ જરૂર પડે તો જે જગ્યા ઉપર વધુ પ્રમાણમાં ફીકવન્સી તે રૂટ ઉપર તેની ફીકવન્સી ઓછી કરી, એક રૂટ ઉપર દસ બસ જતી હોય તો દસમાંથી બે ઓછી કરી આવી બસો ખેચી અને આ કાર્યક્રમ માટે આપે છે. આ જે કાર્યક્રમ હતો તે રાજય સરકારનો કાર્યક્રમ છે. એસ.ટી. છે તે સો એ સો ટકા રાજય સરકાર દ્વારા ચાલે છે. તેના માટે આપણે બજેટની અંદર બસો લેવા માટે, ખરીદ કરવા માટેની ગ્રાન્ટ આપીએ છીએ. આટલા વર્ષો સુધી જે કઈ ખોટ જતી હતી તે ખોટ પણ રાજય સરકાર હંમેશાં આપતી હતી. એટલે સરકારી કાર્યક્રમો છે એટલે બીજા મેળાવડા કે ઉત્સાહ ન હતા પણ ગરીબ માણસને રોજગારી પ્રાપ્ત કરી શકે તેવા સાધનો તેને આપવા હોય અને ગરીબ માણસોને લાવવા માટે થઈને આ બસોનો ઉપયોગ થયો છે. તેમાં કોઈ બીજો ઉપયોગ થયો નથી. આપે થોડુંક રાજકીય અવલોકન કર્યુ તેનો હું જવાબ દેતો નથી. તમારે કરવું જ જોઈએ તેમાં કોઈ સવાલ નથી. ખુમાનસિંહભાઈ ન કરે તો તો મને લાગે છે જૈનમ જયંતી શાસનમ જેવું થઈ જાય એટલે આપને અભિનંદન.

માનનીય કિરણભાઈએ વાત કરી તેમાં કહીશ કે આપણી પાસે બસો વધારે છે. દસ ટકા સ્પેર બસો છે. આપે કહ્યું કે વિદ્યાર્થીઓ માટે તો તેના માટે સ્પષ્ટ સૂચના છે. વિદ્યાર્થીઓ માટેની સ્પષ્ટ સૂચના છે કે વિદ્યાર્થીઓને મુસીબત પડે એવી કોઈ ટ્રીપ તમારે રદ કરવી નહીં, આ એસટીને પરમેનન્ટ સૂચના આપવામાં આવી છે બાકીના જે દશ ટકા ઉપરાંત વધારે જયાં ફીકવન્સી વાળી બસો છે, એ બસોને આપણે એના રૂટ રદ કરીને કે ઓછા કરીને આ બધી સગવડો આપવા માટેની વાત છે અને અહીયાં પણ બસ જે વપરાઈ છે એ ગરીબ કલ્યાણ મેળા માટે વાપરી છે. એટલે તમારું અને અમારું, અમે તો અત્યારે ગરીબ કલ્યાણ મેળા કરીએ છીએ તમે તો વર્ષોથી સૂત્રો આપતા આવ્યા છો, કોંગ્રેસ આયેગી ગરીબી હઠાયેગી, હવે તમારું કામ અમે કરીએ છીએ છતાં પણ તમે વાંધો લો છો? તમે બોલ્યા અને અમે કામ કરીએ છીએ. આપણે સૌ સાથે મળી, ખરેખર જયાં ભૂલ થતી હોય ત્યાં કાન પકડવાનો તમારો હકક અને અધિકાર છે, પણ ગરીબ વર્ગના હિતાર્થે કોઈ કામ થતું હોય તો કોઈ શાસક પક્ષની એકલાની જવાબદારી નથી, આપણે ૧૮૨ તમામ ધારાસભ્યોની જવાબદારી છે કે આ ગુજરાત રાજયમાંથી

ગરીબીને નિર્મૂળ કરવા માટે થઈને સૌએ સહિયાળો પ્રયત્ન કરવો જોઈએ અને આ જે ચાર મુદ્દાઓ છે એના મેં બધા જવાબ આપેલ છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સને ૨૦૧૦ના વિધેયક ક્રમાંકઃ ૯નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩ અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંકઃ ૯નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક ૯નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૬.૫૩ વાગ્યે પુરૂ થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર,

તા. ૧૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ વાગે ફરી મળવા મુલતવી રહયું.

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૯, ૧૯૩૧ શાકે**
**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગે મળ્યું**

**માનનીય અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૧૬મી વખત આ સભાગૃહ સમક્ષ બજેટ લઈને આવ્યા છે અને એ સંદર્ભમાં કેટલીક વાતો આપના થકી આ સભાગૃહ સમક્ષ હું મૂકવા માગું છું. ગુજરાતનું અર્થતંત્ર ફુલ ગુલાબી છે. બહુ જ મકકમતાપૂર્વક આપણે આર્થિક સદ્ધરતાની દિશામાં જઈ રહયા છીએ એવું એક ચિત્ર સતત ઉપસાવવામાં આવી રહયું છે પણ આ ચિત્રની પાછળ વાસ્તવિકતા શું? કેટલાક ગંભીર પ્રશ્નો છે અને એ પ્રશ્નોના સંદર્ભમાં કયાંક ને કયાંક આપણે ખૂબ ગંભીરતાપૂર્વક વિચાર કરવો પડશે. ત્રણ મુદ્દા સંદર્ભમાં આપના થકી એક સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. પહેલો મુદ્દો આ બજેટની ખાધના સંદર્ભમાં છે. મહેસૂલી ખાધ, મહેસૂલી આવક અને એના ખર્ચના સંદર્ભમાં જે સમતુલા રહેવી જોઈએ એ સમતુલામાં કયાંક આપણે પાછળના વર્ષોમાં ગુમાવી છે. ૨૦૦૭-૦૮ સુધીની પરિસ્થિતિ એવી હતી કે ૨૧૫૦કરોડની મહેસૂલી પુરાંતની સ્થિતિમાં આપણે હતા ત્યારપછીના ત્રણ વર્ષમાં સ્થિતિ એવી ઉભી થઈ કે ચાલુ વર્ષે આપણે ૪૫૦૦ કરોડની મહેસૂલી ખાધ બજેટમાં અંદાજવી પડી છે અને પાછળના વર્ષેનો આપણો અંદાજ જો ચકાસીશું તો કદાચ વર્ષ પૂરું થતાં સુધીમાં મહેસૂલી ખાધ ૫૦૦૦ કરોડ સુધી પહોંચે તો નવાઈ નહીં. ૨૧૫૦કરોડની સરપ્લસ સ્થિતિમાંથી ૫૦૦૦કરોડની ખાધ સુધી જવાની સ્થિતિમાં આપણે પહોંચ્યા છીએ. બીજી વાત મારે સભાગૃહ સમક્ષ મુકવી છે. આ રાજયનું ઘરગથ્થુ ઉત્પાદન આપણે ઉત્પાદકતાનો બહુ મોટો વૃદ્ધિ દર હાંસલ કરીશું. વર્ષોવર્ષ ઉત્પાદન વધતું જાય છે. રાષ્ટ્રીય એવરેજની સરખામણીમાં આપણે ઘણા આગળ છીએ એવી વાત થાય. વાસ્તવિકતા શું છે? ૨૦૦૫-૦૬માં રાજયનું કૃલ ઘરગથ્થુ ઉત્પાદન વૃદ્ધિદર ૧૯.૮ટકા હતો. પછીના વર્ષમાં ૧૫.૭૯ટકા થયો અને પછી ૧૫.૬૧ટકા અને ચાલુ વર્ષે ૧૧.૦૨ટકા આપણે આવીને ઉભા છીએ. ચાર વર્ષ પહેલા સ્થિતિ એવી હતી કે લગભગ ૨૦ટકાના વૃદ્ધિ દરથી આપણે વિકાસ કર્યો હતો. ચાર વર્ષ પછી એવી સ્થિતિ આવીને ઉભી રહી કે ૧૧ટકાના દરે આપણે આવીને ઉભા છીએ. એ પણ ચાલુ ભાવે. સિથર ભાવની તો ચર્ચા કરતા નથી. સ્થિર ભાવના આંકડા આપવાનું તો સરકારે એક યા બીજા કારણોસર ટાળ્યું છે. કદાચ એ આંકડા આપ્યા હોત તો વૃદ્ધિ દર ૧૧ટકાથી નીચે ગયો હોત પણ ચિંતાનો વિષય એ છે કે આપણે કયાં હતા અને આપણો ગ્રાફ કઈ દિશામાં જઈ રહયો છે. મારે ત્રીજું ધ્યાન દોરવું છે કે રાજયનું કુલ દેવું એ અંગે ઘણીબધી વાતો અહીં દેવાના સંદર્ભમાં બંને પક્ષના સભ્યશ્રીઓએ કરી છે. માર્ચ-૧૯૯૫ મહદ અંશે ભારતીય જનતા પાર્ટીનું શાસન ત્યારપછીના ગાળામાં રહયું. શું સ્થિતિ હતી રાજયના કુલ દેવાની માર્ચ-૧૯૯૫માં?૯,૪૦૦ કરોડ રૂપિયાની રકમની આસપાસ આ રાજ્યનું દેવું હતું અને આજે કયાં પહોંચ્યા? આજે વર્ષના અંતે ૯૮,૦૦૦ કરોડનો આંકડો પણ વટાવી ગયા છીએ. આવતા બે વર્ષની અંદર ૧,૪૨,૦૦૦ કરોડ સુધી પહોંચીએ તેવી ધારણા છે. અને આ સભાગૃહની અંદર હંમેશા કોંગ્રેસના ૪૦ વર્ષના શાસનની દુહાઈઓ અનેક સભ્યો દ્વારા વારંવાર દેવામાં આવે છે. મારે આપના થકી આ સભાગૃહ સમક્ષ મૂકવું છે કે ૩૫ વર્ષનું કોંગ્રેસનું શાસન ગુજરાતમાં અને ૩૫ વર્ષના શાસનના અંતે ૯૪૦૦ કરોડ રૂપિયાનું દેવું હતું અને ત્યારપછીનું ૧૫ વર્ષનું શાસન અને ૯૪૦૦ કરોડથી વધીને આજે ૯૮,૦૦૦ કરોડ સુધી આપણે પહોંચ્યા છીએ. કઈ દિશામાં જઈ રહ્યા છીએ, પણ એના કરતાં જે ખૂબ મહત્ત્વની બાબત છે, એ આ સભાગૃહ સમક્ષ ધ્યાન ઉપર મૂકવા માગું છું. ૨૦૦૬-૦૭ માં ૬,૮૮૮ કરોડ રૂપિયાનું વ્યાજ ચૂકવ્યું અને આ વ્યાજ ચૂકવવા માટે ૬,૯૪૮ કરોડનું નવું દેવુ કર્યુ. વ્યાજ ચૂકવવા માટે. ૨૦૦૭-૦૮ માં વ્યાજનો આંકડો ૭,૪૮૪ કરોડ અને આ વર્ષમાં મુદલની ચૂકવણી કરવાની હતી ૧૯૩૪ કરોડ. કુલ વ્યાજ અને મુદલ થઈ ૯,૪૧૮ કરોડ ચૂકવવાના હતા. રાજ્ય સરકારે ૮,૬૧૧ કરોડનું વધારાનું દેવું કર્યુ. આ જ વર્ષે ૨૦૦૮-૦૯ માં ૧૦,૪૮૮ કરોડ ચૂકવવાના હતા. ૧૦,૩૦૬ કરોડનું દેવું કર્યુ. ૨૦૦૯-૧૦ માં ૧૧,૮૩૦ કરોડ ચૂકવવાના થતા હતા. આપણે ૧૪,૭૬૦ કરોડનું વધારાનું દેવું કર્યુ. એક પેટર્ન એસ્ટાબ્લિશ થાય છે એને આ ગંભીરતાપૂર્વક સભાગૃહ સમક્ષ ધ્યાન દોરવા માગું છું કે, વર્ષોવર્ષ વ્યાજની ચૂકવણી અને મુદલની ચૂકવણી કરવા માટે રાજ્ય સરકારને વધારાનું દેવું લેવું પડતું હોય તેવી સ્થિતિ આ આંકડા દર્શાવે છે અને આ સ્થિતિ રાજ્ય સરકાર હોય કે બીજું કોઈપણ ઓર્ગેનાઈઝેશન હોય એના માટે બહુ હેલ્ધી પરિસ્થિતિ ન ગણી શકાય કે વ્યાજ ચૂકવવા માટે વધારાનું દેવું કરવું પડતું હોય. કેન્દ્ર સરકાર ગુજરાતને શું આપી રહી છે, એના વિષે આ સભાગૃહ

સમક્ષ વખતો વખત ચર્ચા થાય અને વખાણ અને દોષ સામસામા પક્ષે તોડવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ૨૦૦૪-૦૫ માં રાજ્યનું જે કુલ બજેટ હતું એ બજેટના ટોટલ રકમની સામે કેન્દ્રની સહાયનો હિસ્સો ૨૦.૮ ટકા હતો. ૨૦૦૪-૦૫ રાજ્યના ટોટલ બજેટની સામે ૨૦.૮ ટકા કેન્દ્રની સહાય અને ૨૦૦૯-૧૦ માં શું પરિસ્થિતિ? રાજ્યના ટોટલ બજેટની કુલ રકમની સામે ૨૭.૫૮ ટકા કેન્દ્રની સહાય. ૪ વર્ષમાં ૨૦ ટકાથી વધતી વધતી ઉત્તરોત્તર કેન્દ્રની સહાય વધતી ગઈ. આજે રાજ્યના કુલ બજેટની ૨૭.૫૮ ટકા સહાય કેન્દ્ર સરકાર કરી રહી છે. પણ સાહેબ, આપણે અહીયા તો માત્ર વાતો કરવાની. માત્ર પ્રજાને વચનો આપવાના અને વચન આપ્યા પછી એ વચન પરિપૂર્ણ થાય છે કે કેમ તેની સરકાર ક્યારેય ચિંતા કરે છે ખરી? માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલાક દાખલા આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. તા.૨૦-૨-૨૦૦૪ ગુજરાત સરકારે છાપામાં મોટી જાહેરાત આપીને જાહેર કરેલું કે કલ્પસર દ્વારા ૫૭૦૦ મે.વો.વીજળી પેદા કરવામાં આવશે. ૨૦૦૪ સાહેબ, આજે તેને ૭ વર્ષ પૂરા થઈ ગયા. આજે ગુજરાતની પ્રજા પૂછે છે કે કયાં છે આ ૫૭૦૦ મે.વો.વીજળી. ૧૨-૧૨-૨૦૦૫ સરકારની જ જાહેરાત. ગાંધીનગરને ૩૦૦ કરોડના ખર્ચે સૌર ઉર્જા નગરી બનાવવામાં આવશે. પાંચ વર્ષ વીતી ગયા સાહેબ, ગાંધીનગર સૌર ઉર્જા નગરી બની છે ખરી? સાહેબ એ જ દિવસની જાહેરાત દમણગંગાનું પાણી રીવરગ્રીડ દ્વારા ચોરવાડને પહોંચાડવામાં આવશે. જાહેરાત તો થઈ ગઈ સાહેબ. લોકોને કહી અને વાહ વાહ મેળવી લેવામાં આવી. પછી ઈમ્પ્લીમેન્ટેશન શું? આજે ચોરવાડને આપણે દમણગંગાની રીવર ગ્રિડથી પાણી પહોંચાડી શક્યા છીએ ખરા? ગયા વર્ષના બજેટમાં જ માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું હતું કે જુનાગઢ અને સોરઠના વિકાસ માટે ૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે. કયાં છે આ અને શું પરિસ્થિતિ છે? આ નવું બજૅટ આવી ગયું. ત્યાં વિકાસના કોઈ કામો તો શરૂ થવા જોઈએ. ક્યાંક ડગલું તો મંડાવવું જોઈએ. જુનાગઢ મ્યુનિસિપલ કૉર્પોરેશન સરકારને લખે કે અમને તમે કેવી રીતે નાણાં ફાળવવાના છો કે જેથી અમે અમારા વિકાસનું આયોજન કરી શકીએ. સાહેબ, કોઈ જવાબ આપવામાં ન આવે. કઈ દિશામાં આપણે લઈ જવા માગીએ છીએ. બજૅટ સ્પીચના ૧૩મા પાના ઉપર માનનીય નાણા મંત્રીશ્રીએ કહ્યું તેના ઉપર હું ધ્યાન દોરવા માગું છું. સાહેબ તેમાં કહેવામાં આવ્યું કે માસ પ્રોડકશન નહીં પણ પ્રોડકશન ઑફ માસીસનો મંત્ર આ સરકાર ચરિતાર્થ કરવા માગે છે. સાહેબ ભાષા બહુ અલંકારિક વપરાય, પણ નીતિ શું? આપણે ખરેખર પ્રોડકશન ફૉર માસીસની દિશામાં જઈ રહ્યા છીએ ખરા? નાના ઉદ્યોગોને આપણે મદદ કરી રહ્યા છીએ ખરા? નાના ઉદ્યોગોના ભોગે મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું કામ આ રાજયમાં થઈ રહ્યું છે. તાજેતરમાં જ ખાણ ખનીજ વિભાગ દ્વારા એક જી.આર. બહાર પાડવામાં આવ્યો છે અને તે જી.આર.માં કચ્છમાં લાઈમ સ્ટોનના સંદર્ભમાં આ જી.આર. બનાવેલ છે અને તેમાં કહેવામાં આવેલ છે કે આવનારા દિવસોમાં જે સિમેન્ટ ઉદ્યોગો બે મિલિયન ટનથી વધારે પ્રોડકશન કરતા હશે તેવા ઉદ્યોગોને જ પ્રાથમિકતા આપવામાં આવશે. વાત આપણે પ્રોડકશન બાય માસીસની કરવાની અને જી.આર. એવો બહાર પાડવાનો કે બે મિલિયન ટનથી મોટો ઉદ્યોગ હોય તેને પ્રાથમિકતા. આગળ કહેવામાં આવ્યું કે **The priority shell be based on capacity, value addition and financial and managerial strength of the applicants**. બહુ સ્પષ્ટ છે કે નાના ઉદ્યોગોને અવકાશ ન મળે અને મોટા ઉદ્યોગોને પ્રાધાન્ય મળે તે એક જ વાતને ધ્યાનમાં રાખી આ જી.આર. બહાર પાડવામાં આવ્યો. એક બાજું બજૅટમાં આપણે એમ કહીએ કે પ્રોડકશન બાય માસીસ નોટ બાય માસ. મોટા ઉદ્યોગો દ્વારા પ્રોડકશન નહીં પણ નાના નાના લોકો દ્વારા મોટા પ્રોડકશનને આપણે પ્રાધાન્ય આપવાના અને આપણી નીતિ અને જી.આર. જુદી દિશામાં ચાલે આ સ્થિતિ ગુજરાતમાં ઉભી થઈ છે. કેટલાક લક્ષ્યાંકો નક્કી કરીને આપણે ચાલીએ છીએ. પણ એ લક્ષ્યાંકો પૂરા થાય એની ચિંતા કરીએ છીએ ખરા? ઝુંપડાં વીજળીકરણ યોજના અંતર્ગત ૨૦૦૯-૧૦માં ૧ લાખ ૧૦ હજાર વીજ જોડાણો આપવાનો લક્ષ્યાંક હતો, કયાં સુધી પહોંચ્યા? ૫૫ હજાર, માત્ર ૫૦ ટકા ઈમ્પલીમેન્ટેશન. આદિજાતિ વિસ્તારો માટે આપણે બહુ ચિંતા કરીએ, આદિજાતિ પેટા વિસ્તાર યોજના, કુટીર જયોત યોજનામાં વીજ જોડાણ આપવાનો લક્ષ્યાંક ૧૦૧૮૦૦નો હતો, ૨૪ ટકા સિધ્ધિ હાંસલ થઈ અને ૭૬ ટકા લોકો હજી આજે પણ વીજળી વગરના લક્ષ્યાંકમાં બતાવેલા છે અને એમ છતાંય આપણે વનબંધુની વાત કરવાની, આદિવાસી વિકાસની વાત કરવાની, કમસેકમ જે લક્ષ્યાંકો નકકી કરીએ એ લક્ષ્યાંકો પરિપૂર્ણ થાય એ દિશામાં તો આપણે ગંભીરતાની વિચાર કરીને આગળ ચાલીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષના બજેટમાં કહેવામાં આવ્યું કે ૧૫૦૦ એસટીની નવી બસો દોડાવવામાં આવશે, પણ સ્થિતિ શું? એસટી એ આ રાજયના ગરીબ અને મધ્યમવર્ગની વ્યકિતઓ માટે પરિવહનનું એક મહત્વનું સાધન છે અને આપણે ધીરેધીરે એ જે સગવડ ગરીબ અને મધ્યમવર્ગના લોકોને આપતા હતા એમાં ધીરેધીરે કાપ મૂકતા ચાલ્યા. ૨૦૦૦-૦૧ની સાલમાં ૮૫૭૩ બસો ગુજરાના રોડ ઉપર દોડતી હતી એમાં ધીરેધીરે ઘટાડો કરતાં કરતાં ૬૯૩૨ ઉપર આપણે આવી ગયા. વીસ હજાર લાખ કિલોમીટર આપણી બસો ફરતી હતી એના રૂટ ઘટાડીને ૧૫૪૧૬ ઉપર આવી ગયા. ગુજરાતના ૨૦૦૦-૦૧ની સાલમાં ૩૭ લાખ અને ૪૨ હજાર મુસાફરો રોજ એસટીની સેવાનો લેતા હતા અને એમાં આપણે ધીરેધીરે ઘટાડો કરતા કરતા ગયા. વસતી વધી સગવડો ઘટાડી અને પરિણામે ૨૩ લાખે આંકડો પહોંચ્યો. ૩૭ લાખ લોકો સગવડ ભોગવતા હતા આજે માત્ર આપણે ૨૩ લાખ લોકોને સગવડ આપીએ છીએ અને જે નવી બસો મૂકવાની વાત કરીએ એ તો મૂકાઈ નહીં અને

આજે પરિસ્થિતિ ગંભીર વિસ્તારોમાં છે એના ઉપર આપણે કોઈ ધ્યાન આપતા નથી. અત્યંત બિસ્માર હાલતમાં બસો છે. કેટલાય રૂટ બસની ક્ષમતા ન હોવાના કારણે રદ કરી દેવા પડે, પંચર પડે તો એને રિપેર કરવાના ટાયરો આપણી પાસે નથી. કઈ દિશામાં આ તંત્ર ચાલી રહયું છે? આપણે સામાન્ય માણસને ખરેખર સગવડો આપવા માગીએ છીએ કે આપણે સામાન્ય માણસો પાસેથી ધીરેધીરે સગવડો ઘટાડતા જવા માગીએ છીએ? અને ફરી પાછી વાત એમ કરવાની કે આ ગરીબ માણસ માટેનું બજેટ છે.

સાહેબ, ખેડૂતોના સંદર્ભમાં પણ ઘણી ચિંતા થઈ, અને કેટલાક લોકોએ તો ત્યાં સુધી કહયું કે આ બજેટ એ ખેતીલક્ષી, ખેડૂત પ્રધાન બન્યું છે પણ સાહેબ પરિસ્થિતિ શું છે? આપણે કઈ દિશામાં ગયા? હું માત્ર બે જ મુદ્દા ટાંકીને મારી વાત પૂરી કરવા માગું છું. ૧૯૮૦-૮૧માં ૪૩.૨૪ લાખ હેકટર જમીન ગુજરાતમાં ખેતી નીચે હતી, ધીરેધીરે જમીન ઘટતી ગઈ, આપણે જમીન સુધારણાની વાતો કરીએ, સિંચાઈ સગવડો વધારવાની વાતો કરીએ, ખેતીને મજબૂત બનાવવાની વાતો કરીએ, અને ખેતી નીચે જમીન ધીરેધીરે ઘટતી જાય વધવાને બદલે? અને પરિસ્થિતિ એ થઈ ૨૦૦૯-૧૦ના અંતે હવે માત્ર ૩૨ લાખ હેકટર જમીન ખેતી નીચે છે. એટલે અગાઉ જે જમીન ખેતી નીચે હતી એમાં વધારો થવાને બદલે આ વર્ષો દરમિયાન ૨૬ ટકાનો ઘટાડો થયો અને હજી આપણે ખેડૂતોની ચિંતા કરતા નથી. સાહેબ, વીજળીની અગાઉ ચર્ચા થઈ.વીજળીની અગાઉ ચર્ચા થઈ કે, ખેતી માટે અપાતી વીજળી ઉત્તરોત્તર ઘટતી જાય છે. મારે માત્ર એક સરખામણી જ આપવી છે એ સંદર્ભમાં ૨૦૦૧-૨૦૦૨ ખેતી વિષયક જોડાણો ૬ લાખની આસપાસ હતા અને ૨૦૦૮-૨૦૦૯માં એમાં વધારો થયો અને આ જે ૬ લાખ ખેતી વિષયક વીજળીના જોડાણો હતા એ લગભગ ૭ લાખ ૬૦ હજાર સુધી ગયા પણ અપાતી વીજળી ૧૫૬૯૫ મિલિયન યુનિટથી ઘટી અને ૧૧૯૩૭ મિલિયન યુનિટ પર આવી એનો અર્થ એ થયો કે એક ગ્રાહકને એવરેજ યુનિટ જે ૨૦૦૧-૦૨માં મળતા હતા એ ૨૬૧૫૮ યુનિટ વીજળી એક ગ્રાહકને વર્ષમાં મળતી હતી એ ઘટી અને ૨૦૦૮-૦૯ના અંતે ૧૫૧૪૦ યુનિટ થઈ. એટલે એક ખેતીના ગ્રાહકને મળતી વીજળીમાં ૨૦૦૮-૦૯ના ગાળમાં ૪૧ ટકા ઘટાડો થયો છે અને એમ છતાં આપણે એમ કહીએ કે અમે ખેડૂતોને વીજળી આપીએ છીએ? એમ છતાં આપણે એમ કહીએ કે અમે ખેતીલક્ષી નીતિ લઈને ચાલીએ છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, જે દિશા હોવી જોઈએ એ દિશાથી આપણે ક્યાંક વિખૂટા પડ્યા છીએ અને એ દિશાને બદલે જુદી દિશામાં જઈ રહ્યા છીએ અને એનો ખૂબ ગંભીરતાપૂવર્ક વિચાર કરીને આગળ ચાલવું પડશે. આટલી વાત સાથે હું મારી વાત પૂરી કરીશ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં દસ વખત કેન્દ્રીય બજેટ રજૂ કરવાનો અને તેમાંય પોતાના જન્મ દિવસે જ બે વાર બજેટ રજૂ કરવાનો અનોખો રેકોર્ડ ગુજરાતના પનોતા પુત્ર પૂર્વ વડા પ્રધાન આદરણીય મોરારજીભાઈ દેસાઈના નામે ચડેલો છે અને આજે ૧૬મી વાર બજેટ રજૂ કરવાનો વિરલ રેકોર્ડ માનનીય વજુભાઈના નામે ચડી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાઅમાત્ય ચાણક્યે શ્રેષ્ઠ રાજ્યની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે, 'જે રાજ્ય પાઈએ પાઈ જરૂરતમંદ અને છેવાડાના માનવી સુધી પહોંચાડે અને રાજ્યની તિજોરીમાં આવતા કરમાંથી એક પૈસાની પણ કરચોરી ન થવા દે એ શ્રેષ્ઠ રાજ્ય છે.' માનનીય અધ્યક્ષશ્રી સન ૨૦૦૮-૦૯માં રૂા. ૨૧૦૦૦ કરોડની આયોજનની જોગવાઈ સામે સો ટકા કરતા વધારે એટલે ૨૧૭૬૭ કરોડનો ખર્ચ કર્યો છે અને આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી અને વજુભાઈ વાળાના શાસનમાં ચાણક્યની આ બંને શરતો પરિપૂર્ણ થઈ રહી છે. તેઓ આ ગૃહના, ગુજરાતની જનતાના અભિનંદનના અધિકારી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને વજુભાઈ વાળાનો સમય ગુજરાત માટે એવો શૂકનવંતો રહ્યો છે કે, ગુજરાતની નાણાકીય રીતે આવી સદ્ધરતા ક્યારેય ન હતી. વર્ષ ૨૦૧૦-૧૧માં ૨૯૫૦૦ કરોડનું આયોજન ખર્ચ ૪૨૪૦૦ કરોડનું આયોજન બહારનું ખર્ચ એમ કુલ ૭૧૯૫૨ કરોડ ખર્ચવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મારા મિત્રો હંમેશા ગરીબોની વાતો કરે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીને એમ કહે કે આ તો કરોડપતિઓના છે, આ તો માલેતુજારોના છે આવા આક્ષેપો હંમેશા એ કરતા રહે છે. ગુજરાતના આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૫૦ ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને ગુજરાતના આશરે ૨૦ લાખ ગરીબોને સામે ચાલીને ૧૦૦ ટકા રકમ ૨૭૦૦ કરોડ રૂપિયા આપીને વચેટિયાઓની બાદબાકી કરવાનું શરૂ કર્યું છે.અને એ ગરીબ કલ્યાણ મેળાઓની સફળતાથી કોંગ્રેસના મિત્રોની ઉંઘ હરામ થઈ ગઈ છે અને તેમને લાગવા માંડયું છે કે કોંગ્રેસના જે રહ્યાં સહ્યાં મતબેંકના અવશેષો પણ ગુજરાતમાંથી શોધ્યા જડશે નહીં. ગરીબોને ગરીબ રાખીને તેમની સાથે • (xxxx) તેનો વોટબેંક તરીકે ઉપયોગ કરવાની દાનતવાળા આ કોંગ્રેસના મિત્રોનો (xxxx) બિહામણો ચહેરો ખુલો પડી ગયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના...

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ.

---

• . (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : મતદારો સાથે * (xxxx) એવા શબ્દોનો માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો, એ બિન સંસદીય છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, બિન સંસદીય હોય તો, મારા આખા પ્રવચનમાં જેટલા શબ્દો બિન સંસદીય લાગે, માનનીય અધ્યક્ષશ્રી, આપને કાઢી નાંખવાની છૂટ.

**અધ્યક્ષશ્રી** : ના. હું વાપરવાની છૂટ નથી આપતો. (અંતરાય) આપણે ગ્રોસ એમ.ઓ.યુ. નહીં...

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : કદાચ અજાણતામાં બોલાઈ જાય, મારી જાણ બહાર કાંઈ બોલાઈ જાય, માનનીય અધ્યક્ષશ્રી, હું ચોકકસપણે કાળજી રાખીશ. હું પાછા,..., હું પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો પાછા ખેંચી લે છે, એટલે ચર્ચા રહેતી નથી. આપ આપનું વકતવ્ય આગળ ચલાવો. *(xxxx) શબ્દ કાઢી નાંખું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સાહેબ, પાછો ખેંચું છું. પાછો ખેંચું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો કાઢી નંખાય, એ બરાબર છે, પણ માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે મારા આખા પ્રવચનની અંદર જેટલા બિન સંસદીય શબ્દો આવે, એટલા કાઢી નાંખો. એટલે એમને બોલવાની છૂટ? બિન સંસદીય ભાષા વાપરવાની છૂટ? અને પછી શબ્દો કાઢી નાંખજો, એ વાત વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. હું કોઈ છૂટ આપતો નથી. માનનીય સિદ્ધાર્થભાઈ, મારે એ પણ જોવાનું છે કે એ જયારે બોલતા હોય, ત્યારે આપને કાંઈ લાગે તો હું ચોકકસ સ્વીકારું છું. * (xxxx) શબ્દ માટે આપે કહ્યું એ સ્વીકારું છું અને એ શબ્દ એમણે પાછો ખેંચી લીધો છે. એમણે જે ગ્રોસ વાત કરી છે, એ હું સ્વીકારતો નથી. એટલે પ્રશ્ન રહેતો નથી.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગરીબો વચ્ચે સેતુ થવાને બદલે શત્રુ થઈને આ મિત્રો ઉભા છે. વિરોધ કરવા માટે ગરીબ કલ્યાણ મેળામાં કોંગ્રેસના મિત્રોએ કાળા વાવટા ફરકાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ તો એમને, આ એમનો જે વિરોધ હતો, એ હકારાત્મક રીતે લીધો અને તેમણે કહ્યું કે મારી (સતત અંતરાય) માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું...

**અધ્યક્ષશ્રી** : માનનીય ફકીરભાઈ, એક મિનિટ...(અંતરાય) કહો. શું છે, પોઈન્ટ ઓફ ઓર્ડર..?

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## વાંચીને પ્રવચન કરવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : .માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિનિયર સભ્ય છે, મંત્રીશ્રી પણ છે. એમણે મૌલિક પ્રવચન કરવું જોઈએ, માનનીય અધ્યક્ષશ્રી. અને એ પોતે દરેક વખતે વાંચે એ વાજબી ન કહેવાય. જુનિયર સભ્ય કયારેક વાંચતા હોય તો અમે વાંધો નથી લેતા, પણ માનનીય મંત્રીશ્રી અક્ષરશઃ વાંચે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : બિલકુલ અધિકાર છે. પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરે, તો એના માટે..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપને એમ કહે કે બિલકુલ અધિકાર છે. બિલકુલ અધિકાર નથી. બિલકુલ અધિકાર નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના ધ્યાન પર એ લાવવા માગું છું કે માનનીય સ્પીકર સાહેબ જયારે માનનીય કુંદનલાલ ધોળકીયા હતા, એમણે અધ્યક્ષશ્રીના ૧૯૬૦થી ૧૯૮૪ દરમ્યાનના આપેલા નિર્ણયમાં જયારે હાઉસની અંદર કરમશીભાઈએ એક મુદ્દો ઉપાડયો હતો, પાના નંબર ૧૪૪. એ પાના નંબર ૧૪૪માં જયારે માનનીય મંત્રીશ્રી વાંચીને પોતાનું પ્રવચન આપતા હતા, ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ આ પ્રમાણે નિર્ણય આપ્યો હતો. કે સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી કે અન્ય માનનીય મંત્રીશ્રીઓને લખેલું વાંચવાનો અધિકાર છે. જયારે સભ્યોને લખેલું વાંચવાનો અધિકાર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય મંત્રીશ્રીઓ વિશે છે. માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા વાંચીને પ્રવચન કરે, અમને કોઈ વાંધો નથી. પણ માનનીય સભ્યશ્રી તરીકે વકતવ્ય આપે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આમાં સ્પષ્ટ લખ્યું છે, માનનીય અર્જુનભાઈ, કે અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમ્યાન ઉભો થયેલો આ મુદ્દો હતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમ્યાન એ સભ્યશ્રી તરીકે પ્રવચન કરે છે.

**અધ્યક્ષશ્રી** : આપને રૂલિંગ જોઈએ છે? તો હું રૂલિંગ આપું છું. પહેલો મારો પ્રશ્ન આટલો જ છે કે સ્પષ્ટ કરો કે માનનીય મંત્રીશ્રી વકતવ્ય આપે છે કે નિવેદન કરે છે? આપનું વકતવ્ય છે કે નિવેદન છે? વકતવ્ય અને નિવેદન વચ્ચે તફાવત છે. (અંતરાય) હવે મારે આપની જરૂર હશે તો હું કહીશ. આપની જરૂર હશે તો હું ચોકકસ કહીશ. નિયમ ૩૮ તરફ હું ધ્યાન દોરું છું. નિયમ ૩૮ એ જે કહે છે કે કોઈપણ સભ્ય પોતાનું વકતવ્ય વાંચી શકશે નહીં. પરંતુ નોંધમાં જોઈને પોતાની યાદદાસ્ત તાજી કરશે, પરંતુ કોઈપણ વિધેયકના સંબંધમાં પ્રાથમિક પ્રવચન કરતી વખતે, પ્રસ્તાવ રજૂ કરતી વખતે સભ્ય પોતાનું વકતવ્ય વાંચી શકશે. વધુમાં એમ ઠરાવ્યું છે કે નિવેદન કરતી વખતે મંત્રીશ્રી નિવેદન વાંચી શકશે. એટલે હવે આપ નિવેદન કરો છો કે વકતવ્ય કરો છો એ

ઉપર મારે સ્પષ્ટતા જોઈએ છે. જો આપ વકતવ્ય આપતા હોય તો વાંચી શકશો નહીં અને નિવેદન કરતા હોય તો વાંચી શકશો. નહીં હવે ચર્ચા નહીં, નિયમો બહુ સ્પષ્ટ છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે રેકર્ડ ઉપર વાત મૂકવી છે. હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલું છું. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ ના પાના નંબર ૧૪૩ ઉપર નિર્ણય ૨૨૯ છે એમાં તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૧૯૭૯ ના રોજ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે સભ્યશ્રી કરમશીભાઈ મકવાણા તેમના હાથમાંનું સાહિત્ય વાંચીને પ્રવચન કરતા હતા ત્યારે સભ્યશ્રી ગોસાઈભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવ્યો હતો કે સભ્યશ્રી વાંચીને બોલે છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી કુંદનલાલ ધોળકીયાએ નિર્ણય આપ્યો હતો કે સભ્યશ્રીને તેમની યાદદાસ્ત ઉપર શ્રધ્ધા હોઈ બનતાં સુધી વાંચવાનું ઓછું હોય છે. તેઓ ફકત નિર્દેશ કરી શકે છે. આ તબકકે સભ્યશ્રી પોપટલાલ સોરઠીયાએ એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી હાથમાં સાહિત્ય રાખીને બોલે છે. ત્યારે અધ્યક્ષસ્થાને બિરાજેલા માનનીય ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પાલખીવાળાએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો:-

આ સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી કે અન્ય માનનીય મંત્રીશ્રીઓને લખેલું વાંચવાનો અધિકાર છે જયારે સભ્યોને લખેલું વાંચવાનો અધિકાર નથી.

**અધ્યક્ષશ્રી** : બહુ સ્પષ્ટ છે,મેં જે નિવેદન આપ્યું છે એને હું વળગી રહું છું. પ્રશ્ન એ છે કે આપ મંત્રીશ્રી તરીકે કે સભ્યશ્રી તરીકે દરમ્યાનગીરી કરો છો અને જો સભ્યશ્રી તરીકે દરમ્યાનગીરી કરતા હોય ત્યારે આપ આપના મુદ્દાઓ રાખી શકો છો અને એ મુદ્દાઓ ઉપરનું પ્રવચન થઈ શકે. આપણો નિયમ ૩૮ બહુ સ્પષ્ટ છે. વકતવ્ય અને નિવેદન વચ્ચેનો તફાવત છે (અંતરાય) મંત્રીશ્રી મારે જરૂર હશે તો ચોકકસ કહીશ. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા નિવેદન કરતા નથી અને વકતવ્ય આપે છે અને વકતવ્ય આપે છે ત્યારે એક સભ્યશ્રી તરીકે એ વકતવ્ય ગણાય. આ દરમ્યાનગીરી ચોકકસ કહી શકાય પણ સભ્યશ્રીને નિયમો લાગુ પડે છે અને એ નિયમ ૩૮ છે એ આ પ્રમાણે આપને લાગુ પડે છે. આપ મુદ્દાઓ હાથમાં રાખી શકશો.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)(ક્રમશ):

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગજુરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગરીબ કલ્યાણ મેળાઓ કર્યા એ મેળાઓમાં જે કાળા વાવટા બતાવવામાં આવ્યા છતાં પણ તેમણે એ હકારાત્મક તરીકે લીધા અને એમ કહયું કે કોંગ્રેસના (અંતરાય) આ ગરીબ કલ્યાણ મેળાની વાત છે અને એ આ બજેટની ચર્ચામાં આવે છે. બેઠાં બેઠાં મને ડિસ્ટર્બ ના કરે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપે જયારે માર્ગદર્શન માગ્યું છે ત્યારે મેં માર્ગદર્શન આપ્યું છે. આપ મુદ્દા આધારિત વાત કરો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા આધારિત જ બોલું છું. આપ કહેશો એ દરેક સંપૂર્ણત: હું પાલન કરીશ, પરંતુ મારો સમય કોપણ રીતે કપાય નહીં.

**અધ્યક્ષશ્રી** : આપને બોલવા દઈશ, આપનો સમય જેટલો પણ આમાં આ રીતે જશે એની હું પૂર્તિ કરી આપીશ. પણ એકદમ લખેલું વાંચતા હોય એવું ના લાગે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય મુખ્યમંત્રીશ્રીએ હકારાત્મક રીતે એવું કહ્યું કે મારી ગરીબો માટેની કલ્યાણ ભાવના છે તેને કોઈની નજર ન લાગે તેથી કોંગ્રેસના કાળા વાવટા, કાગળો અને કકળાટ એ રૂપાળા બાળકના ગાલ ઉપર કાળું ટપકું છે. એમ કહીને એમણે બીરદાવ્યું. માનનીય અધયક્ષશ્રી, ભારત અને વિશ્વના ઈતિહાસમાં જે પ્રજાવત્સલ્ય રાજયોની હારમાળા જોવા મળે છે એ પ્રજાના કલ્યાણ માટે અહર્નિષ વ્યસ્ત રહેતા મહાન સમ્રાટ અશોક, સમુદ્ર ગુપ્ત મૌર્ય, ઉજૈનના પરદુખ ભંજન રાજા વિક્રમ, માળવાના પૃથ્વી વલ્લભ, મેવાડના રાણા પ્રતાપ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપને તક છે તેનો જવાબ આપ આપી શકશો. આપને તક છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એ બધા શું બોલ્યા છે મારી પાસે રેકોર્ડ છે,બિલકુલ હું રેકોર્ડનો ઉપયોગ કરી રહ્યો છું. ગુજરાતના સુવર્ણકાળના પ્રણેતા સિધ્ધરાજ જયસિંહ, મરાઠા સરદાર શીવાજી મહારાજ, અને મહારાજા સયાજીરાવ ગાયકવાડ. માનનીય અધ્યક્ષશ્રી, આજના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ આપણા સમકાલીન છે જેથી કરીને એમની કદર કરવામાં આપણે કંજુસાઈ કરી રહ્યા છીએ. જયારે ઈતિહાસ લખાશે ત્યારે એ ઈતિહાસમાં નરેન્દ્રભાઈનું નામ સુવર્ણ અક્ષરે લખાશે. આવા વિભૂતિઓ ઈતિહાસમાં કયારેક કયારેક પાકતા હોય છે. અને એટલા માટે મને એક શાયરના શબ્દો યાદ આવે છે. "હજારો સાલ નરગીસ અપની બેનૂરી પે રોતી

હે, તબ જાકે હોતા હે ચમનમે દીદાવર પૈદા", માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પૂર્વ વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ • (xxxx) (xxxx)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અસંસદીય શબ્દો કાર્યવાહીમાંથી રદ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ સભ્યશ્રી બોલ્યા હોય ત્યારે, કહેતા ભી દિવાના, સુનતા ભી દિવાના એ અસંસદીય કરતા પણ વધારે ખરાબ શબ્દ છે તેથી એ આ રેકોર્ડ ઉપરથી દૂર થાય તેવી અપેક્ષા રાખું છું.

**અધ્યક્ષશ્રી :** આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા :** ગુજરાત અને ભારતના જ નહીં પણ વિશ્વના સમગ્ર ઈતિહાસમાં એક અનોખી ઘટના પહેલી જાન્યુઆરી ૨૦૧૦ના રોજ ગુજરાત વિધાનસભામાં બની. ૫૦ વર્ષથી ગુજરાતમાં સાંસદ અને ધારાસભ્ય રહ્યા હોય તેવા વર્તમાન જન પ્રતિનિધિઓને આપણે આમંત્રણ આપ્યું અને ગુજરાતના વિકાસનો સંકલ્પ કર્યો. એક સૂર, એક લય, એક ધ્યેય, તેણે સંકલ્પ કર્યો, રાજયના પૂર્વ મુખ્ય મંત્રી આદરણીય માધવસિંહ સોલંકીએ, ગાંધી અને સરદારની સ્મૃતિ સાથે ગુજરાતના ગૌરવની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઈએ પણ ગુજરાતને કોહીનૂર હીરો ગણાવ્યો, આદરણીય અડવાણીજીએ પણ આ અદભૂત વિચાર કોનો હતો એના માટે સુખદ આશ્ચર્ય વ્યકત કર્યું. નરેન્દ્રભાઈ મોદીની આ સરકારે એસ. સી., એસ. ટી., ઓ.બી.સી. અને વિકલાંગ માટે મળીને ૪ કરોડની વસતિ માટે ૫૭૪૬ કરોડની જોગવાઈ કરી છે. સામાજિક ન્યાય મંત્રી તરીકે પછાતો અને વંચિતો વતી હું શ્રી વજુભાઈ વાળાને અભિનંદન આપું છું અને આભાર પ્રગટ કરું છું.માનનીય અધ્યક્ષશ્રી, અનામત પ્રજ્ઞા પુરુષ ડો. બાબાસાહેબ આંબેડકર, પૂજ્ય મહાત્મા ગાંધી વચ્ચે જે પૂના કરાર થયા અને એની પ્રસાદીરૂપે જે અનામત મળી એમાં કોના માટે એની પ્રસાદી લેનાર (અંતરાય) બંધારણની અંદર એના માટેની વ્યાખ્યા રજૂ થઈ છે. દલિતો, આદિવાસીઓ, પછાતો અને ભાજપ, વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જે કન્વર્ટેડ દલિતોને અનામત આપવાની વાત ચાલી રહી છે એનો સખત વિરોધ કરે છે અને પૂર્વ વડા પ્રધાન અને ગુજરાતના સાંસદ અડવાણીજીએ (અંતરાય) અનામતની વાત તો આવવાની જ છે. (અંતરાય) વજુભાઈ વાળાએ ૨૯૫૦૦ કરોડનો પ્લાન રજૂ કર્યો અને એ જ દિવસે કેન્દ્રની સરકારે ૩ લાખ ૭૩ હજાર ૯૨નો પ્લાન રજૂ કર્યો. ગુજરાતનું બજૅટ અને કેન્દ્રનું બજૅટ જ્યારે સાથે સાથે આવતું હોય ત્યારે સરખામણી થવાની જ છે. મારે કહેવું છે કે નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતમાં ૨૯૫૦૦ કરોડની જોગવાઈમાંથી ૧૨૮૯૦ કરોડ એ સામાજિક સેવા માટે ફાળવ્યા છે. જે ૪૪ ટકા થવા જાય છે.(અંતરાય) (માનનીય અર્જુનભાઈ બેઠા બેઠા બોલતા)

**અધ્યક્ષશ્રી** : હું એમને રોકું જ છું. (અંતરાય) હું એમને પણ ટોકુ છું, નામ સાથે કહ્યું મેં અર્જુનભાઈને નામ સાથે કહ્યું. પ્રદિપસિંહજી, મેં અર્જુનભાઈને પણ કહ્યું. (અંતરાય) અર્જુનભાઈ, ચાલે નહિ, આપણે મર્યાદાની અંદર જ રહેવું છે. (અંતરાય) આપણે મર્યાદાઓને સ્વીકારી છે, બંને પક્ષે સ્વીકારી છે અને પરિણામ એ આવ્યું છે કે આપણે સમયનો ઉત્પાદક ઉપયોગ કરી શક્યા છીએ. ચર્ચાનો સમય લંબાવ્યા વિના અત્યાર સુધીની પરંપરાઓમાં નહિ પડું પરંતુ ચર્ચાઓનો સમય લંબાવ્યા કરતાં વચ્ચે થતી દખલોને કારણે સમય બગડતો હતો. આજે બધા જ સભ્યો બંને પક્ષોના દંડકોની યાદીઓ આપના સહયોગથી પૂરી કરી શકું છું. કારણ કે બંને પક્ષોએ સમયનો ઉત્પાદક ઉપયોગ કરવાનું નક્કી કર્યુ છે. એ આ પાટલીનો સભ્ય બોલે કે આ પાટલીનો સભ્ય બોલે એ ન ગમે તો હું ચોક્કસ તક આપીશ. આપને એ અંગે ચોક્કસ અભિવ્યકિત રજૂ કરવાનો અધિકાર છે અને એ અધિકાર જ્યારે વ્યકતવ્યની તક મળે ત્યારે કરવાનો હોય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી આપે કહ્યું એ વાત સાચી છે એ પક્ષના માનનીય સભ્યશ્રીઓ ગઈકાલે માનનીય અનિલભાઈ બોલતા હતા ત્યારે પીન ડ્રોપ સાઈલન્ટ મારે ત્યાં હતું. બજૅટની આપે મર્યાદા બાધી છે. ગઈકાલે છેલ્લી એક લાઈન માટે આપે મને રોક્યો. માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ હોય પરિપત્ર એટલું બોલ્યા પછી હું બંધ થઈ ગયો. આપની વાત માથે. સિનિયર મંત્રીશ્રી બોલે છે, આપે બહુ જ રીલેવન્ટ રીતે વેરી વાઈઝલી એન્ડ રાઈટલી વાત કરીને કહ્યું કે અત્યારે મંત્રી તરીકે જવાબ નથી આપતા ઈન્ટરવીન એક સભ્ય તરીકે જ થાય છે. આપે કહ્યું (અંતરાય) હા મટી જાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફકીરભાઈ, હું આપને બોલવાની તક આપીશ. (અંતરાય) હા એ બોલી જાય પછી હું આપન ચોક્કસ તક આપીશ. આપ બેસી જાવ. તેમને સાંભળી લો. (અંતરાય) મુદ્દો જુદો છે. મુદ્દો અંદાજપત્રના વિષયો ઉપરનો છે. મુદ્દાનું વિષયાંતર ન થાય. અંદાજપત્રના વિષય ઉપર ચર્ચાના માર્ગદર્શન ઉપરનો છે. તેની ચર્ચા આપણે કરીશું. (અંતરાય) શ્રી આત્મારામભાઈ, એમણે જે મુદ્દો ઉપસ્થિત કર્યો તેની ઉપર આપ કહી શકશો.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય આત્મારામભાઈ, ગઈ કાલે મેં જ કહ્યું હતું કે ૭ ટકા કોમ્પોનન્ટ પ્લાન મુજબ દલિતોને મળવા જોઈએ અને તમે જે આપ્યા છે એ ટકાવારી ઓછી છે. આપને તક છે. આપ જવાબ આપો. મારો સવાલ એટલો છે કે શા માટે ખલેલ થાય છે આ તરફથી? કેમ માનનીય અનિલભાઈ બોલ્યા ત્યારે નહીં થયું? બીજાં માનનીય સભ્યશ્રીઓમાં નથી થતી? એટલા માટે કે બે જ બાબત કારણો છે. એક. આપે ગઈ કાલે એક મર્યાદા બાંધી છે કે રાજયપાલશ્રીના પ્રવચન પર બોલવા માટે જે એક સ્કોપ છે એ ઘણો મોટો હોય છે. બોલી શકાતું હોય છે. બજૅટ પર બોલવા માટેનો કંપાસ નેરો છે. આપે કાલે મને બજૅટ બહારની, હું એક પરિપત્ર ટાંકવા જતો હતો, આપે રોક્યો, મેં આપની સામે દલીલ ન કરી. આપની સામે એક શબ્દ ન ઉચ્ચાર્યો કે આપનો આદેશ સર આંખો પર. હું બેસી ગયો. આજે આપે એમને કહ્યું કે આપ મંત્રી તરીકે નહીં, ગૃહના સભ્ય તરીકે બોલો છો અને મંત્રી મટી જાવ છો ત્યારે, ત્યારે આપ મંત્રી નથી રહેતા. ત્યારે આપ આ ગૃહના એક સભ્ય છો અને એ નાતે આપ વાંચી શકો નહીં. આ આવ્યા પછી પણ માત્ર એક માનનીય અધ્યક્ષશ્રી બોલાય ત્યારે સામું જોવાય બાકી વાંચીને ચાલવાનું. મુદ્દાઓ જરૂર લખી શકે. આપ એ સ્ક્રીપ્ટ લઈને જોઈ લો. સ્ક્રીપ્ટસઃ વાંચવાનું આવે ત્યારે સ્વાભાવિક આ બાજુ કે માનનીય અધ્યક્ષશ્રીના આદેશ પછી પણ જો તેનું અવમાન કયાંય થતું હોય તો આ બાજુ પણ ગણગણાટ રહેવાનો.

**અધ્યક્ષશ્રી** : વક્તવ્ય અને નિવેદન વચ્ચેનો તફાવત મેં બહુ સ્પષ્ટપણે કર્યો છે. વક્તવ્ય અને નિવેદન વચ્ચેનું મારું અર્થઘટન મેં બહુ સ્પષ્ટપણે કર્યું છે અને એ વખતે પણ મારા અધ્યક્ષના નિર્ણય તરીકે જે નિર્ણય આપ્યો તેમાં વક્તવ્ય અને નિવેદન વખતે મંત્રી અને સભ્ય વચ્ચેનો પણ તફાવત કર્યો છે એટલે એ ચર્ચાનો વિષય રહેતો નથી. જે મુદ્દો આ તરફથી ઉપસ્થિત કરવામાં આવ્યો તે વખતે મેં બેઠાં બેઠાં કહ્યા હતાં, છતાં પણ મંત્રીશ્રી અથવા તો કોઈ પણ સભ્યશ્રી કોઈ અવતરણો પોતાની પાસે રાખે તો તેમાં મને વાંધો ન હોઈ શકે. કોઈને પણ વાંધો ન હોઈ શકે અને જ્યાં સુધી તે વખતે એમના પ્રવચનમાં જ્યારે વાંચતા હતા ત્યારે એ મુખ્યમંત્રીશ્રીએ જે અવતરણો જાહેર સભામાં  કર્યા હતા એ અવતરણો એમની પાસે હતા એટલે મેં વાંધો લીધો ન હતો. પ્રશ્ન એ છે કે અંદાજપત્ર ઉપરની ચર્ચા અને રાજયપાલશ્રીના પ્રવચન વખતેની ચર્ચા  એ બન્ને વચ્ચે લક્ષ્મણરેખા ચોક્કસ મેં નથી દોરી પણ અગાઉથી દોરાયેલી આવી છે અને તેનું  હું અનુમોદન જ કરું છું. એટલા માટે ચર્ચાનું ધોરણ આપણે ત્યાં ખૂબ જ સારી રીતે ચાલી રહ્યું છે ત્યારે બધા સભ્યો પોતપોતાની રીતે તૈયારી કરીને આવે છે ત્યારે ગઈ કાલે એક મહિલા સભ્ય વંદનાબહેને પણ જ્યારે વક્તવ્ય કર્યું, આજે મેં એમને મારી ચેમ્બરમાં બોલાવીને કહ્યું હતું કે ગઈ કાલે તમે બહુ સારું બોલ્યા. એ રીતે જેઓ સારા વક્તવ્ય આપે છે એનો હું પ્રસંશક પણ રહ્યો છું. કારણ કે મારે આ સભાગૃહનું સંચાલન કરતી વખતે વધુ સારી અભિવ્યકિત થાય એ જ મારે જોવાનું છે. તેના વિષયોની અંદર સૌ પોતપોતાની રીતે રજૂઆત કરે. તેમનું જે કહેવું છે એ હું સમજી શક્યો છું કે ગઈ કાલે આપે જે ૭ ટકા કમ્પોનન્ટ પ્લાનની વાત કરી, તેનો જવાબ એ આપે અને એ રીતે આગળ આપશે તો એ પોતે પણ અને બીજી એક વસ્તુ છે કે લખેલું વંચાય કે ન વંચાય એ એક વિષય ચોક્કસ નિર્ણયનો છે અને એ નિર્ણય હું આપી ચૂકયો છું એટલે તેની પુનરોકિત કરતો નથી.  પરંતુ વર્ષોના એક જાહેર જીવનના અનુભવથી હું કહું છું કે લખેલું જ હોય પરંતુ જો હૃદયમાંથી આવે તો એ વધારે અસરકારક હોય છે અને એ શકિત શ્રી ફકીરભાઈનામાં પણ છે એ હું જાણું છું અને એટલા માટે ફકીરભાઈ પોતાની તૈયારી હોય તો પણ એ સરસ રીતે બોલી શકે છે અને એમની અભિવ્યકિત માટે પણ એ છે.પરંતુ જે મેં આજે નિર્ણય આપ્યો છે તેમાં એ સભ્ય અને મંત્રી સભ્ય તરીકે બોલે ત્યારે વક્તવ્ય ગણાય છે અને મંત્રી મંત્રી તરીકે આપે ત્યારે એ નિવેદન કરતા હોય છે. વક્તવ્ય આપતા હોય છે ત્યારે સભ્ય તરીકે વક્તવ્ય આપે છે અને ત્યારે એ મંત્રી મટી જતા નથી. મંત્રી જ્યારે વક્તવ્ય આપે ત્યારે મંત્રી મટી જતા નથી એ ઈન્ટરવીન કરે છે. જવાબ આપવાનો અધિકાર નાણા મંત્રીશ્રીને જ રહે છે એટલી સ્પષ્ટતા હું કરી દઉં.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે સાત ટકાની વાત કરી, એટલે એના ઉપર હું પ્રથમ આવું છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહીલે તેમના ભાષણમાં અમારી ટીકા કરી. એમણે એમ કહ્યું કે, રાજયના કુલ આયોજનની જોગવાઈ માટે સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાનમાં આયોજન પંચની જે ગાઈડલાઈન ૭ ટકાની છે. એના બદલે ૫.૫૬ ટકાની જોગવાઈ કરવામાં આવી છે. શ્રી શકિતસિંહ પોતે એક વિદ્વાન વ્યકિત છે. પોતાનું * (xxxx)  (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ફકીરભાઈ રૂચિકર વાત કરીએ આપણે તો સારું લાગશે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : અમુક વાતો અરૂચિકર હોય હશે એ અમારી અંદરની પીડા બોલે છે, આ અમારી પીડા બોલે છે.

**અધ્યક્ષશ્રી** : એ અસંસદીય છે. સભાગૃહમાં પીડા વ્યક્ત કરવા માટે સારા શબ્દો હોય છે.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જ્યારે દલિતોની વાત મૂકતો હોય ત્યારે રોકવામાં આવે, હું આપની આમન્યા રાખું છું. હું એમને કોંગેસના શાસનમાં લઈ જવા માગું છું. કોંગ્રેસના શાસનની છેલ્લી પરિસ્થિતિ હતી એ જોઈએ તો સાતમી પંચવર્ષીય યોજનામાં.. ..

**અધ્યક્ષશ્રી** : (xxxx) શબ્દ કાઢી નાખું છું.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)(ક્રમશ):

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે હોય એ કાઢી નાંખો. ૧૯૮૫-૧૯૯૦ સાતમી પંચવર્ષીય યોજનામાં કોંગ્રેસ દ્વારા સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાનમાં આયોજન સામે કેટલી જોગવાઈ હતી? ૨.૮૬ ટકા જોગવાઈ હતી. ત્યારબાદ ૧૯૯૨-૯૭ આઠમી પંચવર્ષીય ખાસ અંગભૂત યોજનામાં કેટલા ટકા કરી? તો ૨.૯૭ ટકા. એના પછી ૧૯૯૭-૨૦૦૨ આ નવમી પંચવર્ષીય યોજના - એમાં ભારતીય જનતા પક્ષની સરકારના શાસનનો શરૂઆતનો તબક્કો આવ્યો. એ વખતે એમાં એસસીપીની જોગવાઈ વધી ૩.૭૫ ટકા થઈ. મારે સહર્ષ જણાવવું છે કે, ફક્તને ફક્ત માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં દસમી અને અગિયારમી પંચવર્ષીય યોજના જે ૨૦૦૨-૨૦૧૦ સુધીની એમાં એસસીપીમાં ૫.૫ ટકા કરતાં વધારે જોગવાઈ છે. જે ભૂતકાળમાં કયારેય નહોતી. હું આંકડાઓનું ટોટલ કરતો હતો. એમાં ૧૯૮૦થી ૨૦૦૨ એટલે કે, ૨૨ વર્ષમાં આ પ્લાન હેઠળ કુલ ૧૬૯૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૦૨થી ૨૦૧૦ સુધીના આઠ વર્ષના શાસનમાં ૫૬૯૨ કરોડ, ૨૨ વર્ષમાં ૧૬૯૨ કરોડ એટલે કે ૨૨ વર્ષ કરતાં આઠ વર્ષના શાસનમાં ચાર હજાર કરોડ રૂપિયાની વધારે જોગવાઈ જ્યારે એસસીપીમાં થઈ છે. હું આ ગૃહ સમક્ષ ખાતરી આપું છું કે, આ સરકારના એને સાત ટકા સુધી લઈ જવાના પ્રયત્નો રહેશે. કોંગ્રેસ પક્ષે તો હંમેશાં આપણે સમજીએ છીએ તેમ શું કરતા હોય છે? એના માટે એક શાયરે બહુ સુંદર કહ્યું છે. એમણે કહ્યું છે કે,

પૂરી ઉમ્ર ગલતીયા કરતે રહે, પૂરી ઉમ્ર ગલતીયા કરતે રહે,
ધૂલ તો થી ખુદ કે ચહેરે પે ઔર આયના સાફ કરતે રહે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા એક શાયર છે, કુંવર બેચેન એમણે પણ સરસ કહ્યું છે, કે

દાગ સિર્ફ ઔરો કે દેખને સે કયા હાંસિલ,
ખુદ કા આયના હૈ ખુદ પે ભી નજર રખ.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની જોગવાઈઓમાં જે વધારો થતો રહ્યો છે અને એ દલિતો માટે આરદણીય નરેન્દ્રભાઈ મોદી અને વજુભાઈ વાળાને જે સંવેદનશીલતા અને લગાવ છે એને હું સલામ કરુ છું. વજુભાઈએ ૨૯,૫૦૦/-કરોડના વાર્ષિક આયોજનમાં ૧૯૦૦કરોડ જેટલી માતબાર રકમ એ શિક્ષણ માટે ફાળવી છે. ભગવાન શ્રી કૃષ્ણે ગીતાના જ્ઞાનને આ જગતમાં સૌથી પવિત્ર જ્ઞાન તરીકે બતાવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે દ્રવ્યમય યજ્ઞ કરતા જ્ઞાન યજ્ઞ ચડિયાતો છે. જ્ઞાનના દરેક ક્ષેત્રમાં ગુજરાત નાલંદા, તક્ષશિલા, વિક્રમશીલા જેવા મહાવિદ્યાલયની યાદ તાજી કરાવી રહ્યું છે. સામાજિક ન્યાયમંત્રી તરીકે મારે રાજયના ૭૦ટકા નબળા વર્ગોની ચિંતા કરવાની રહે છે. તેમના કોઈપણ પ્રકારના વિકાસની બાબતમાં પ્રાથમિક એ શિક્ષણ આવે છે. પછાતો અને વંચિતોના જીવનમાં અજવાળા પાથરવા માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ પાયાના મંત્ર તરીકે શિક્ષણનો ઉલ્લેખ કર્યો છે. પ્રાથમિક શિક્ષણથી એસ.સી., એસ.ટી, ઓ.બી.સી. અને લધુમતીઓ એ વર્ષોથી વંચિત રહ્યા છે. એટલે કે ૬ થી ૧૬ વર્ષના બાળકોને ફરજિયાત અને મફત શિક્ષણની બાબત પછાત વર્ગો અને મહિલાઓ માટે ક્રાંતિકારી બાબત છે. રાઈટ ટુ એજ્યુકેશનનો કાયદો સંસદમાં ૨૬-૨-૨૦૦૦ના રોજ પસાર થયો., આવનારા વર્ષોમાં પછાત વર્ગો માટેનું આ આમૂલ પરિવર્તન થવાનું છે. મારે આ માટે એન.ડી.એ.ના એ વખતના વડાપ્રધાન અટલબિહારી બાજપાઈની એન.ડી.એ. સરકારને અભિનંદન આપવા છે કે કેન્દ્રની એ સરકાર તો આ વખતે ૨૦૦૯માં કાયદો બનાવ્યો, પરંતુ ૨૦૦૨-૦૩ની અંદર માનનીય અટલજીએ ૮૬મો બંધારણીય સુધારો કર્યો અને એના બંધારણનો જે ત્રીજો ભાગ છે એના આર્ટિકલ-૨૧માં ફરજિયાત અને મફત શિક્ષણની મૂળભૂત બાબત બનાવી. ૨૦૦૨માં કાયદો થયો, ૨૦૦૪ની અંદર એન.ડી.એ. સરકાર ગઈ, હું આજે એ કહેવા જઈ રહ્યો છું કે ૨૦૦૨નો કાયદો

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અંદાજપત્રની ચર્ચાના કાર્યક્ષેત્ર અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** :પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : અને ૨૦૦૯માં ૫ વર્ષ પછી

**અધ્યક્ષશ્રી** :પોઈન્ટ ઑર્ડર

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : મારું પૂરું થાય પછી હું પૉઈન્ટ ઑફ ઑર્ડર સાંભળીશ.

**અધ્યક્ષશ્રી** : અરે પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી ફકીર ભાઈ ર. વાઘેલા** : વાક્ય તો પૂરું કરવા દો. માનનીય અધ્યક્ષશ્રી, હું મારું વાક્ય પૂરું કરું.

**અધ્યક્ષશ્રી** :અરે પૉઈન્ટ ઑફ ઑર્ડર હોય ત્યારે આપે બેસી જવાનું હોય. અને મારે સાંભળવાનું હોય.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** :બિલકુલ બેસી જવાનું હોય, વાકય પૂરું કરીને બેસી જવાનું.

**અધ્યક્ષશ્રી** :પૉઈન્ટ ઑફ ઑર્ડર, ના ના એવું નથી આપ જરા નિયમ જોઈ લેજો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અડધું વાક્યથી ખોટો મેસેજ જશે. મારું વાક્ય તો પૂરું કરવા દો. આઈ એમ. સોરી સર

**અધ્યક્ષશ્રી** :પૉઈન્ટ ઑફ ઑર્ડર હોય ત્યારે આપ જોઈ લો નિયમ.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : મારું વાક્ય અધૂરું નહીં હું પૂરું કરીને બેસી જઉ છું. આઈ એમ. સોરી સર.

**અધ્યક્ષશ્રી** :નિયમો જોઈ લો પછી આપ ચર્ચા કરો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : નિયમો જોયા, વાકય.. .. કેવું રીતે અડધા વાક્યમાં બોલે. , અડધા વાક્યમાં મારું પૂરું તો કરવા દો.

**અધ્યક્ષશ્રી** :અરે આગલા વાક્ય ઉપર બોલે છે ભાઈ.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : આઈ. એમ. સોરી સર.

**અધ્યક્ષશ્રી** :એમનો મુદ્દો તો સાંભળો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બજૅટ પરનું જ્યારે પ્રવચન શરૂ થયું ત્યારે જ આપે એક જાહેરાત કરેલી. આપની જાહેરાત એ માત્ર આપની જાહેરાત નહોતી, અત્યાર સુધીના તમામ માનનીય અધ્યક્ષશ્રીઓ તરફથી આવતી પરંપરા, આપના તમામ પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીઓએ આપેલા માર્ગદર્શન, આપની પહેલા માનનીય અધ્યક્ષશ્રીઓએ કરેલા ગૃહના સંચાલનના ભાગરૂપે આપની એક ફરજ નીભાવીને આપે એક જાહેરાત કરી. આપે બહુ જ સારી રીતે સભ્યશ્રીઓ સમજી શકે એટલા માટે એક સ્પષ્ટતા કરી હતી કે રાજ્યપાલશ્રીના પ્રવચન અને બજૅટ પ્રવચન એના વચ્ચેની ભેદરેખા પણ આપે અમારા માર્ગદર્શન માટે ખૂબ સારી રીતે એક લક્ષ્મણ રેખા પણ આપે બતાવી. કયારેક કોઈ માનનીય સભ્યશ્રી કે જે આ ગૃહમાં કદાચ એટલા અનુભવી ન હોય પણ આપણા જ વિધાનસભા ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીઓએ ટ્રેઝરી બૅન્ચ પર અને એમાં પણ ખાસ કરીને મંત્રીશ્રી ભલે સભ્યશ્રી તરીકે આવતા હોય, ચર્ચામાં ભાગ લેતા હોય એના ઉપર કંઈક વિશેષ જવાબદારીઓ નાખી છે. આજે અત્યારે બંધારણીય સુધારાઓ, બાજપાઈજીની સરકાર અને એ વખતના કાયદાઓ બજૅટ પરની સામાન્ય ચર્ચામાં કોઈપણ સંજોગોમાં ન આવી શકે. આપણી સંસદીય પ્રણાલિકાઓની કાર્યરીતિમાં પણ આ બાબતનો ઉલ્લેખ છે. એક કરતા વધારે માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો એ પણ સ્વયંસ્પષ્ટ છે. ત્રીજો મુદ્દો એ કે હું ઊભો થયો ત્યારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે મને મારું વાક્ય પૂરું કરી લેવા દો. નિયમો સ્પષ્ટ છે કે અધૂરા વાક્યે પૉઈન્ટ ઑફ ઑર્ડર આવે ત્યારે બેસી જવું પડે. એમને ફરી બોલવાની તક મળવાની છે. કદાચ એમને લાગે કે અધૂરા વાક્યથી કંઈ ખોટું થાય છે તો પૂરું વાક્ય કરવાની તક હોય છે. પરંતુ જ્યારે કોઈપણ સભ્યશ્રી પૉઈન્ટ ઑફ ઑર્ડર તરીકે ઊભા થાય ત્યારે એમના અધૂરા વાક્યથી પણ એમણે બેસી જવાનું હોય છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહે જે મુદ્દો કહ્યો, માનનીય ફકીરભાઈએ ભારત સરકારે જે કાયદાઓ કર્યા હોય એની રાજ્યોની કામગીરી ઉપર , રાજ્યની પ્રજાને જે અસર થવાની છે અને રાજ્ય સરકારની કામગીરી જેના દ્વારા ફોલો-અપ થવાની છે એની સીધી લાઈન મળતી હોય છે. ભારત સરકારના કાયદા કાંઈ કેન્દ્ર પૂરતા કે દિલ્હી પૂરતા નથી. એની અસર રાજ્યો ઉપર થાય છે અને ગુજરાતની પ્રજા ઉપર થાય છે. માનનીય ફકીરભાઈ શિક્ષણની કામગીરી અંગે બોલી રહ્યા હતા. દલિતોને, ગરીબોને અને બક્ષીપંચના લોકોને શિક્ષણ આપવા માટે જે પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરી છે એના અનુસંધાને માહિતી આપી રહેલા છે. એ અનુસંધાનમાં કેન્દ્ર સરકારનો ઉલ્લેખ ન આવે તો એ યોગ્ય નથી. એમના આખા વાક્યના અનુસંધાનની રીતે પરિપ્રેક્ષમાં જોવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મને માર્ગદર્શન આપો કે અંદાજપત્રની સામાન્ય ચર્ચાની અંદર એ આવે કે ન આવે અને આવે તો કેવી રીતે આવે? મારે આપનું માર્ગદર્શન જોઈએ છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : એ શિક્ષણ વિભાગની જે વાત કરી કરતા હતા. મારા વિચારો રજૂ કરું છું. માર્ગદર્શન તો આપ જ આપવાના છો. જે શિક્ષણ વિભાગની કામગીરી અને બજૅટ અંગેની એમણે જોગવાઈઓની વાત કરી. બજૅટમાં શિક્ષણના વધારા માટે વધારાની ફાળવણી કરી છે એ બાબતમાં કહેવું હોય તો વિગત તો આપવી જ પડે ને? અંદાજે જ બોલવાનું કે શિક્ષણમાં આટલા કર્યા અને તેટલા કર્યા? એ તો અમે કહેલું જ છે.

**શ્રી વજુભાઈ વાળા** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પ્રવચન કરે છે એ માનનીય સભ્યશ્રીઓએ જે પ્રવચન કરેલા એના જવાબના રૂપે કેન્દ્ર સરકારે કોન્સ્ટિટયુશનલ અને કાયદામાં શું સુધારો કર્યો છે અને શું એનું કહેવાનું છે. એમણે પણ કમ્પેરિઝનની અંદર દરેક સભ્ય કહે છે કે આ સરકારમાં આવું છે અને કેન્દ્રમાં આ છે. એનું પૂરેપૂરું વાક્ય અને જે ભાવાર્થ છે એ સમજ્યા પછી જો આપને એમ લાગે કે આ આની સાથે સુસંગત નથી તો આપ ચોક્કસ એ કાઢી શકો છો અને એને સૂચના પણ આપી શકો છો. પણ રેફરન્સની અંદર કોઈ વાત

કરવી હોય તો એની ભૂમિકા જે છે એ ભૂમિકા બાંધી અને પછી સચોટ રીતે વાત કરી શકે. એનું પૂરેપૂરું સાંભળ્યા પછી આપને એમ લાગે કે જે મેં અહીં બજેટની ચર્ચા શરૂ થઈ હતી અને ચર્ચા પહેલા મેં જે એનાઉન્સ કર્યું છે એના વિરુદ્ધની અંદર આ કાર્યવાહી છે તો આવું ન કહેવું જોઈએ એવું આપ ચોક્કસ કહી શકો. પરંતુ એનો ભાવાર્થ છે એ આપણે એને પૂરેપૂરા સાંભળ્યા પછી એનો નિર્ણય આપીએ તો એ યોગ્ય કહેવાશે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું કરો પછી લઈશું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત શિક્ષણને લગતી હતી. અને શિક્ષણની અંદર માનનીય મુખ્યમંત્રી અને માનનીય શિક્ષણ મંત્રી દ્વારા જે દલિત, ગરીબ, પીડિત અને શોષિત સમાજ અત્યાર સુધી જે વંચિત રહ્યો છે એને છેલ્લા સાત વર્ષથી એ કન્યા કેળવણી હોય કે પ્રવેશોત્સવ હોય એમાં કઈ રીતે સામેલ કર્યો છે એના અનુસંધાને જ હું મારી વાત મૂકવા પ્રયત્ન કરતો હતો. એમને ચચરે એ વાત બહુ સ્વાભાવિક છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો અને મારે એ વાત કરવી છે એટલા માટે કે જો મારી વાત પૂરી ના મૂકવા દેવી હોય તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપને જે કહેવું હોય એ.. (અંતરાય) હું એમને રોકી શકું એમ નથી.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે મને ડિસ્ટર્બ કર્યા છે એનું મને ખરેખર અતિ દુ:ખ છે કે દલિતોની બાબતની અંદર કોંગ્રેસે પોતાનો સાચો ચહેરો દેખાડી દીધો છે. I am very sorry, Sir. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે, ૬૦૦થી વધારે કિલોમિટર પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ છે અને એને ધ્યાનમાં રાખી માનનીય મુખ્યમંત્રીશ્રી અને વજુભાઈએ આ બજેટની અંદર પોલીસ અને આંતરિક સલામતી માટે ૪૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે હમણાં જોયું તાજેતરમાં જ આંતરિક સલામતીમાં કે પુનાની અંદર જે બોમ્બ ધડાકો થયો અને એના પછી પણ જ્યારે એમ કહેવામાં આવે અને સાહેબ, આપણે પડોશીને ગાળો દેતા રહીએ તો હું માનું છું કે એનાથી કાંઈ વળવાનું નથી. ઘરમાં છુપાયેલા શત્રુઓને વીણી વીણીને સાફ કરવાનો આ સમય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને દુ:ખ છે કે જે આ આંતરિક સલામતીની અંદર આતંકવાદ જે રીતે વિફર્યો છે. ગુજરાત અને દેશની પ્રજા કયારેય કોંગ્રેસ પાસે એની અપેક્ષા રાખી શકવાની નથી. કારણ કે આ કોંગ્રેસ સાહેબ આતંકવાદને પોષી રહી છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : શું છે પોઈન્ટ ઓફ ઓર્ડર.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : બોલો, બોલો, બોલો..

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. ઓર્ડર.. ઓર્ડર.. કોઈ વ્યકિતને કહ્યું નથી. આપ એનો જવાબ આપી શકશો. ( સતત અંતરાય) આપ એનો જવાબ આપી શકશો. વ્યકિતને સંબોધીને કહ્યું નથી. (સતત અંતરાય) પક્ષને સંબોધીને કહી શકાય. ( સતત અંતરાય) પક્ષને સંબોધીને કહી શકાય. વ્યકિતને સંબોધન નથી કર્યુ. ( સતત અંતરાય) વ્યકિતને સંબોધન નથી કર્યુ, આપ ચાલુ રાખો. નેકસ્ટ. ( સતત અંતરાય) ઓર્ડર.. ઓર્ડર.. ( સતત અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના સભ્યોને.. ( સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર.. ઓર્ડર..આપ બેસી જાવ. બીજા લોકો બેસી જાવ. ( સતત અંતરાય) હાઉસ ઓર્ડરમાં આવવા દો. ( સતત અંતરાય) હાઉસ ઓર્ડરમાં આવવા દો. પછી હું સાંભળું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જો એમની દાનત હોત તો ગુજકોકનું હથિયાર છીનવી લીધું ના હોત. ( સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હાઉસને ઓર્ડરમાં આવવા દો. હું આપને ચોક્કસ સાંભળીશ. બધા બેસી જાય પછી હું સાંભળુંને ભાઈ. ( સતત અંતરાય)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ( સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું આપને ચોક્કસ સાંભળીશ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ભારતભરના ૫૯ નિર્દોષના હત્યારા ( સતત અંતરાય) આતંકવાદીઓ દિલ્હી, જયપુર, બેંગલોર અને વારાણસી ( સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનું પૂરું કરી લેવા દો પછી હું સાંભળું. ( સતત અંતરાય) પછી હું તક આપું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : વારાણસીની અંદર જે સિરિયલ બ્લાસ્ટ કર્યો. ( સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું એ મુદ્દા પર તક આપું છું. ( સતત અંતરાય)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એની સામે જે કાર્યવાહી ચાલી રહી છે. પડદા પાછળથી અટકાવવાની નાપાક ચેષ્ટા ( સતત અંતરાય) આ કોંગ્રેસના લોકો કરી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈ મોદીની સરકાર છિન્નભિન્ન કરવામાં જ્યારે સફળ થઈ છે ત્યારે ગુજરાતની પોલીસને ફસાવવાનું, આતંકવાદીઓને બચાવવાનું બીડું

કોના ઈશારાથી લેવાય રહ્યું છે એ ભારતની પ્રજા જાણે છે. માનનીય અધ્યક્ષશ્રી, અંધારી આલમમાં ફૂટી નીકળેલા માનવ અધિકારવાદીઓ, ફંડફાળા એકઠા કરતા એન.જી.ઓ.

**અધ્યક્ષશ્રી** : આપને હજુ કેટલો સમય જોઈએ? કારણકે કુલ સમયમાંથી જ સમય વપરાતો જાય છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મને રોકવામાં આવ્યો છે. મારા સમયમાં જુઓ. મારા સમય પ્રમાણે મને હજી પાંચ બાકી છે. હું પાંચ મિનિટમાં પુરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : ગૃહનો સમય જે છે એ એટલો જ રહેવાનો છે. હજુ બીજા ૧૫ સભ્યો છે. ૧૫ સભ્યોનો સમય કપાશે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : આઈ એમ સોરી.

**અધ્યક્ષશ્રી** : આપ ગમે તેટલું બોલો મને વાંધો નથી. આપના દંડકને હું કહું છું.(અંતરાય)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત ભરના આતંકવાદીઓ સામે લડતા, ઝઝુમતા પોલીસ અધિકારીઓને ફસાવવાના ષડયંત્ર કોના ઈશારાથી કરે છે? કોંગ્રેસે ભારતને આતંકવાદીઓ માટેનું સ્વર્ગ બનાવ્યું છે. આતંકવાદ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની એક કવિતાના શબ્દો હું આપની સમક્ષ મૂકવા માગું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## શબ્દો દુર કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના આદેશ પછી બજેટ પરની ચર્ચામાં મને વાંધો નથી આપણે આ સ્થાનને નીચે લઈ જવાનું હોય તો (અંતરાય) એમનું કહેવાનું એમ છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ, હું આપને તક આપું છું. આપને જે કહેવાનું હોય તે કહેજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ તપાસી લેજો. માનનીય મંત્રીશ્રીએ એમ કહયું કે કોંગ્રેસ આતંકવાદને પોષે છે. મારે કહેવાની એ વાત છે મારા પક્ષના સભ્યો બોલશે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, હું તમને તક આપું છું. એ કહે પછી હું તમને એ વિષય ઉપર બોલવાની તક આપીશ અને એમનું પુરું થવા દો પછી હું તમને તક આપું છું. જે કંઈ કહેવું હોય એ કહેજો. જે કહેવું હોય એ એમને સાંભળી લીધા પછી કહો. એમને પહેલા પૂરું કરવા દો પછી હું તમને તક આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારી વાત એટલી છે કે આપણે આ વિધાનસભાનું સ્તર જાળવવાનું છે જે આપ પ્રયત્ન કરો છો. દરેક વિષય ઉપર કોઈક બોલવાની મર્યાદાઓ અત્યાર સુધીના ૫૦ વર્ષના ઈતિહાસમાં ગુજરાતની વિધાનસભામાં નકકી થયેલી બાબત છે. હું કહી શકીશ. જો આપ નહીં રોકો તો મારા પક્ષના સભ્યશ્રીઓ કહેશે કે આતંકવાદીને ગાંધાર મૂકવા ભારતીય જનતા પક્ષ ગયો હતો. મારો પક્ષ કહેશે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એમ કરીને બોલી નાખવું. આ શબ્દો છે એ કાઢી નાખવા જોઈએ. આવી રીતે ન થવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હું બંનેને સાંભળીને નિર્ણય કરું છું. એમને કહેવાનો અધિકાર છે. નિર્ણય તો લેવા દો. (અંતરાય) આ પુરું કરે પછી હું આપને તક આપું છું. આપનું વકતવ્ય પૂરું કરો. ઓર્ડર...ઓર્ડર..શ્રી રાકેશભાઈ બેસી જાવ. જશુબેન બેસી જાવ. સિદ્ધાર્થભાઈ, બેસી જાવ. આપના નેતા બોલે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે હું એ વાત કરું છું કે જો આ જ વાત કરીશું તો બજેટ પરની ચર્ચા છે અને એ બજેટ પરની ચર્ચામાં આ પ્રકારના આક્ષેપ થશે તો આ બાજુથી જવાબ આવવાના જ કે આપના સમયમાં લાલ કિલ્લા પર હુમલો થયો. સોમનાથ મંદિર ઉપર હુમલો થયો. અક્ષરધામ ઉપર હુમલો થયો. હરેન પંડયાની હત્યા થઈ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આખી વાતને સાંભળો હું તમને તક આપીશ.હા, પોઈન્ટ ઓફ ઓર્ડર છે પણ એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર ચાલતો હોય ત્યારે બીજો ના આવે. તમને હું તક આપું છું. એમનું પુરું થાય એટલે તક આપું છું. એ જે કહે છે તે સાંભળો પછી હું (અંતરાય) મને ખબર છે કયાં એમને રોકવા. શ્રી દિલીપભાઈ, આ વિષય પર હું સંપૂર્ણ ચર્ચા કરવા તૈયાર છું. આ તાત્વિક વિષય છે કે અંદાજપત્ર ઉપરની ચર્ચાની મર્યાદા કેટલી હોઈ શકે એ વિષય છે.એ વિષય છે એ વિષય ઉપર જેને જે કઈ કહેવું હોય એને કહેવાની હું તક આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનીય અધ્યક્ષશ્રી, આપણી આ વિધાનસભામાં જાહેર ખર્ચ ઉપર વિધાનસભાના અંકુશ શ્રી કાંતિભાઈ પંચાલ લેખિત પુસ્તક છે. ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીઓએ ચર્ચાને કેટલી કન્ટ્રોલ કરી છે. એક વખત નહિ, વારંવાર સભ્યશ્રીઓને રોકીને. બજેટની ચર્ચામાં તાલુકા કક્ષાની પણ વાત કરી છે. આપ જોશો પાના નં. ૨૭. અધ્યક્ષ સામાન્ય ચર્ચાના અવકાશના સંદર્ભમાં સભ્યોને માહિતગાર કરતા હોવા છતા વ્યકિતગત પ્રશ્નોની ચર્ચા થતી હોય છે, ત્યારે ચર્ચાનું નિયંત્રણ અધ્યક્ષશ્રી કરતા હોય છે. ચોથી જુલાઈ,

૧૯૭૨ ના રોજ અંદાજપત્ર સામાન્ય ચર્ચામાં ભાગ લેતા એક સભ્યએ તેમના તાલુકાના કેટલાક પ્રશ્નોની રજૂઆત કરતા હતા, ત્યારે અધ્યક્ષશ્રીએ રોકીને નીચે મુજબનું અવલકોન કર્યું. ૨૭ In middle.
I quote.
" અત્યારે બજેટની સામાન્ય ચર્ચા હોય ત્યારે પોતાના તાલુકાના કે વ્યકિતગત પ્રશ્નોની ચર્ચા ન હોય. સર્વસામાન્ય પ્રશ્નો આવે એટલે તાલુકાના પ્રશ્નોની માગણી ઉપરની ચર્ચા વખતે આવી શકે. બીજા પ્રસંગ વખતે અધ્યક્ષે અવલોકન કર્યુ હતું. બજેટ ઉપરની સામાન્ય ચર્ચા કરાય છે, ત્યારે નીતિ હોય તેના ઉપર બોલવું જોઈએ તે વખતે ખાતાની માગણી આવે ત્યારે સ્થાનિક પ્રશ્નોની ચર્ચા થઈ શકે. આમ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન અધ્યક્ષશ્રીએ અવકાશના સંદર્ભમાં વારંવાર અવલોકન કરવું પડે છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં અગાઉ ૩૦ થી ૪૦ સભ્યો ભાગ લેતા હતા. આ વખતે આ ચર્ચા નીચે ન ઉતરે તેનું મોનિટરિંગ પણ અધ્યક્ષશ્રી કરે છે."
unquote
મારી વાત એટલી છે કે એમની પાસેના અવકાશો સંસદીય પ્રણાલિકા કાર્યરીતિ માટે આક્ષેપો અમારા ઉપર કરવાની ચોક્કસ મર્યાદા હોય છે, એની બહાર જઈએ તો શું થવાનું. ત્યાંથી એ કરશે, પછી મારા પક્ષેથી આપ રોકી નહિ શકો. એમણે કહ્યું છે અને આ આતંકવાદની વાત બોલાઈ હોય ત્યારે આપ રેકર્ડ મંગાવી મારા સભ્યશ્રી કઈ બોલ્યા હોય તો એ શબ્દ દૂર કરો. મને વાંધો નથી. એમના પ્રવચનના શબ્દો જો રહેશે તો મારા પક્ષના સભ્યશ્રીઓ એન.ડી.એ.ના શાસનમાં જે આતંકવાદ જે પિરિયડ હતો એ બધા જ પ્રસંગો ટાંકીને બોલશે અને ત્યારે એને રોકી નહિ શકાય.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે. એના ઉપર વિધાનસભાના જે નિયમો છે. ૨૨૧ એના પાન નં. ૮૭ ઉપર ધ્યાન દોરું છું. અંદાજપત્ર ઉપર અથવા તેમાં આવી જતા કોઈ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરવાની વિધાનસભાને છૂટ રહેશે. હું જ્યારે આંતરિક સલામતીની વાત કરી રહ્યો હોય ત્યારે આંતરિક સલામતી એક નીતિ છે અને નીતિ વિષે હું ચોક્કસપણે એનો ઉપયોગ કરી શકું. બીજું એમણે જે તાસ્કંદનો દાખલો યાદ આવ્યો છે, તો મારે એમને યાદ અપાવું છે એ ભૂલી ગયા હોય તો. કેન્દ્રની સરકાર મુક્તિ મંહમદ એ ગૃહના કેન્દ્રીય મંત્રી હતા, એની એક દીકરીને છોડાવવા માટે પાંચ આંતકવાદી ખૂંખાર આતંકવાદીઓએ એમની સરકારે છોડ્યા હતા અને તાસ્કંદની અંદર તો ૩૦૦ નિર્દોષ નાગરિકો હતા. બીજું હઝરત બાલ મસ્જિદમાં આતંકવાદીઓને બિરિયાની કોણે ખવડાવી હતી? આ પ્રશ્નો આવવાના છે અને બીજું એ એમ કહે છે કે માનનીય સભ્યશ્રી અમે પણ બોલીશું. ભૂતકાળમાં માનનીય સભ્યશ્રીઓએ અનેક વખત દાખલા આપી ચૂક્યા છે. અને એના જવાબો પણ અપાઈ ગયા છે. હું મારી વાતને પૂરી કરું. પાંચ મિનિટ રહી છે.

**અધ્યક્ષશ્રી** : પહેલા મારે જજમૅન્ટ આપવાનું છે. પ્રવચન ઉપર આવો છો તો રહેવા દઈએ. અંદાજપત્રની મર્યાદાઓ છે. એ ઉપર કહેવું છે તો હું છૂટ આપું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : મારે ગૃહના ધ્યાન ઉપર આ હકીકત લાવવી છે. ચર્ચા આંતરિક સુરક્ષાની હતી. આંતરિક સુરક્ષાની વાત હોય ત્યારે આતંકવાદની ચર્ચા આવે, પોટા પણ આવે, ગુજકોક આવે અને અફઝલ ગુરુ પણ આવે. આમાં બધા જ આવે. આમાં કોઈ બાકાત ન રહે. * (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો કાઢી નાંખું છુ. આપ બેસી જાઓ, આપ બેસી જાઓ. હવે જરૂર નથી. આપને કહી દીધું. હું રૂલિંગ ઉપર જ આવું છું. હું રૂલિંગ ઉપર જ આવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે મુદ્દો ઊભો થયો છે એમાં મેં તો વારંવાર કહ્યું છે કે ઑર્ડરમાં ન હોય તેવા શબ્દો, તેવા વિષયો લેવાય તો નિયમની રીતે તો તે બરાબર નથી થતું. પણ જો એ શરૂઆત કરશે તો મેં વારંવાર કહ્યું છે તેનો જવાબ તે જ ભાષામાં અને તે જ વિષયમાં મળશે. ધમકી નથી. તેનો જવાબ આપીશું. દિલીપભાઈ આપ ટવીસ્ટ કરો તે વ્યાજબી વાત નથી. જે મુદ્દો આતંકવાદનો કહ્યો તે મુદ્દાનો જવાબ જે વિષય લીધો છે તે વિષયની અંદર અમે પણ આપી શકીશું. અમે કહીશું કે અફઝલ ગુરુનું લો, અઝહર મસૂદને કંધહાર મૂકી આવ્યા તે લો, હરેન પંડયાની હત્યાનું લો અને અક્ષરધામનું લો.

**અધ્યક્ષશ્રી** : મેં આપને સાંભળ્યા છે. ઑર્ડર, ઑર્ડર. મેં ખૂબ જ ગંભીર મુદ્દો ઉપસ્થિત થયો છે. તેમાં લાંબાગાળાની ગૃહ વ્યવસ્થા માટેનું માર્ગદર્શન પણ ખૂબ જ જરૂરી બન્યું છે અને માર્ગદર્શન તે અધ્યક્ષશ્રીના નિર્ણયોમાંથી મળતું હોય છે. માર્ગદર્શન સંસદીય પ્રણાલિકાઓમાંથી મળતું હોય છે અને માર્ગદર્શનનો મુખ્ય આધાર તે આપણા વિધાનસભાના નિયમો ઉપર રહેલો હોય છે. કોઈપણ અધ્યક્ષશ્રીનો નિર્ણય અને પરંપરા તે આપણા નિયમોથી પર રહેતી નથી અને એટલા માટે આ સભાગૃહની અંદર અંદાજપત્રની સામાન્ય ચર્ચાની શરૂઆત થાય ત્યારે એક પ્રસ્થાપિત માર્ગદર્શિકા આપવામાં આવે છે અને તે માર્ગદર્શિકા બંને માટે એક આચાર સંહિતારૂપ રહે છે. ભૂતકાળના વકતવ્યોની લક્ષ્મણરેખા શું હોઈ શકે. પરંતુ જ્યારે તે લક્ષ્મણરેખાની બહાર કોઈપણ સભ્ય પોતાના વક્તવ્યને લઈ જાય છે ત્યારે તેમાંથી જે પરિસ્થિતિ પેદા થાય છે તે પરિસ્થિતિનો આપણે સૌએ અનુભવ કર્યો છે અને તે અનુભવની હુ પુનરોકિત કરવા માગતો નથી. પરંતુ આપણે જોઈએ તો આપણા નિયમો શું કહે છે અને

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય સભ્યશ્રી ફકીરભાઈએ કહ્યું તે પ્રમાણે નિયમ-૨૨૧ બહું સ્પષ્ટ છે કે અંદાજપત્રની સામાન્ય ચર્ચા નિયમ-૨૨૧ની અંદર નક્કી કરેલા દિવસે આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં આવી જતા સિદ્ધાંતોના પ્રશ્ન ઉપરની ચર્ચા વિધાનસભામાં કરવાની છૂટ રહે છે. આ તબક્કે કોઈપણ પ્રસ્તાવ રજૂ કરી શકાશે નહીં તે વાત સાચી છે. . હું સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ ભાગ-૨ના પાન નં.૬૧૧ ઉપર જઉં છું. અંદાજપત્ર રજૂ થયા પછી અધ્યક્ષશ્રી જે દિવસે નક્કી કરે તે દિવસે અધ્યક્ષશ્રી ફાળવે તેટલા સમય માટે ગૃહ સમગ્ર અંદાજપત્ર અને તેમાં સમાયેલા સિદ્ધાંતોના પ્રશ્ને ચર્ચા કરી શકશે. પરંતુ આ તબકકે કોઈ પ્રસ્તાવ રજૂ કરવામાં આવતો નથી અથવા અંદાજપત્ર ગૃહમાં મત માટે મૂકવામાં આવતું નથી. હવે પ્રશ્ન આટલો જ છે કે, આપણી ચર્ચાની જે મર્યાદા છે એ બહુ સ્પષ્ટ છે અને તેમાં સિધ્ધાંતની રજૂઆત ચોકકસ કરી શકાય છે અને એ માટે શ્રી શકિતસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો એ મુદ્દો એમણે ઉપસ્થિત કરતી વખતે પણ જો અને તો માં કર્યો છે. જો એ છે કે જો આ પ્રકારના આક્ષેપો થશે તો, હવે જે પ્રકારના આક્ષેપ, જે પ્રકારની વાત થઈ એ શ્રી ફકીરભાઈની દ્રષ્ટિએ સિધ્ધાંતની છે, અને એમણે કોંગ્રેસ પક્ષ માટે કહયું, ત્યારે હું અધ્યક્ષશ્રીના આદેશો ૧૯૮૬ના પાના નંબર ૮૯ તરફ જઉં, કે આ ચર્ચા દરમિયાન જે આક્ષેપો ચાલે છે તે વ્યકિત ઉપરના કે ધારાસભ્યશ્રી ઉપરના આક્ષેપ નથી. એક રાજકીય પક્ષ ઉપરનો અને રાજકીય પક્ષ ઉપરનો આક્ષેપ કરી શકાશે. એ જાતનો છે. પરિસ્થિતિ જે એમણે કહયું એ બહુ સ્પષ્ટ છે કે જો આપણે રાજકીય પક્ષ સામેનો આક્ષેપ આ બાજુથી થાય તો બીજી બાજુથી પણ થાય અને બંને બાજુના આક્ષેપોને જો આપણે ચાલુ રહેવા દઈએ તો એ પ્રણાલિકાને સિધ્ધાંતમાં ખપાવીએ. પ્રશ્ન આટલો જ છે કે આક્ષેપ અને સિધ્ધાંત વચ્ચે જે લક્ષ્મણરેખા છે, એ ખૂબ મર્યાદિત છે અને એ મર્યાદિત જયારે છે ત્યારે આક્ષેપને સિધ્ધાંત ખપાવીને, આપેક્ષને સિધ્ધાંત ગણીને, આક્ષેપને હકીકત ગણીને આગળ ચાલીએ તો બન્ને બાજુએથી ભૂતકાળમાં બનેલી ઘ ટનાઓ હકકીતો રૂપે રજૂ થશે તેને કારણે પરિસ્થિતિ શું પેદા થશે? પરિસ્થિતિ એ પેદા થાય છે કે અંદાજપત્રની સામાન્ય ચર્ચા કરતી વખતે એની શરૂઆતની અંદર જે મેં કહયું હતું કે અંદાજપત્રની સામાન્ય ચર્ચા માટે ચાર બેઠકો ફાળવવામાં આવી છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઈ સિધ્ધાંતો ઉપર ચર્ચા કરી શકાય તેમાં સમાવિષ્ટ. જુદા જુદા વિષયો ઉપર સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી થઈ શકે કે નહીં, કર નાખવાની નીતિ અને માનનીય નાણા મંત્રીશ્રીના પ્રવચન અંગેની ચર્ચા કરી શકાય, પરંતુ ખાતાની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનોની માગણીઓ પરની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબતમાં ધ્યાન રાખશે તો પુનરોકિત થશે નહીં અને ચર્ચા ઉપયોગી થશે. હેતુ આ છે કે ચર્ચાને આપણે ઉપયોગી બનાવવી છે. ચર્ચાને જો ઉપયોગી બનાવવી હોય તો કેટલીક મર્યાદાઓ આપણે પોતે નકકી કરવી પડશે અને એ મર્યાદાઓની બહાર જઈશું તો સામે એ મર્યાદાઓનું ઉલ્લંઘન થશે અને આખી દિશા અંદાજપત્રમાં સમાવિષ્ટ સિદ્ધાંતોની ચર્ચા, અંદાજપત્રની નીતિની ચર્ચા, અંદાજપત્રની કર નાખવાની નીતિની ચર્ચા વિરૂધ્ધ જશે. અંદાજપત્રમાં ગરીબો-દલિતો માટે કરેલી વાત એ સિધ્ધાંત છે. ગરીબ અને દલિત માટે કરેલી વાત એ સિધ્ધાંત છે એ વ્યુહનીતિ બાજુએ રહી જશે અને મુખ્યત્વે જે આવશે એ જુદા પ્રકારનું આવશે અને એટલે શ્રી શકિતસિંહજીએ જે વાત કરી એને જરા સમજવાનો પ્રયત્ન કરીએ તો જો આ બાજુ આક્ષેપ થશે તો એનો એ જ પ્રકારે જવાબ આવશે. હું આક્ષેપને આક્ષેપ પણ નથી ગણતો, પણ આક્ષેપ હકીકત કદાચ હોય તો આ બાજુની હકીકતના ઘટના ક્રમ રૂપે રજૂ થશે તો બીજી બાજુથી બીજા ઘટનાક્રમો આવશે. આપણે આત્મનિરીક્ષણ કરીને નકકી કરવું પડશે કે આપણે અંદાજપત્રની સામાન્ય ચર્ચાને કઈ દિશા ઉપરલઈ જવી છે. મને લાગે છે કે આ દિશા ઉપર આપણે આત્મસંયમ રાખીને આપણે ચર્ચાને અંદાજપત્રના સિધ્ધાંતોને, સિધ્ધાંતોની છણાવટને અને સિધ્ધાંતોના માર્ગદર્શન તરફ લઈ જઈશું તો કોઈ પ્રશ્ન પેદા નહીં થાય, અને એટલે જ હું એ દિશાની અંદર આપણે સૌએ જાતે મળીને નિર્ણય કરીશું તો જે દિશા ઉપર આખા ગૃહની ચર્ચા આ સત્ર દરમિયાન થઈ રહી છે જે આ સત્રની ચર્ચા માત્ર આપણા માટે નહીં પરંતુ આવનારા અનેક સત્રો માટે માર્ગદર્શક બની રહેશે અને મારા માટે માર્ગદર્શક એ છે કે આપ સૌના એટલે શાસક અને વિપક્ષના સહયોગી વલણના કારણે, સંવાદીત વલણના કારણે સમયનો સૌથી વધુ ઉત્પાદક ઉપયોગ થયો છે. સભ્યો સૌથી વધુ સંખ્યામાં બોલી શક્યા છે, બંને પક્ષના સભ્યો ખૂબ માહિતીપૂર્ણ વિગતો આ સભાગૃહમાં રજૂ કરી શક્યા છે અને સભ્યો આ ચર્ચાના સ્તરને ઉંચું લઈ જઈ શક્યા છે એટલે હું ચર્ચાનું સ્તર નીચું પણ ગયું છે એમ માનતો નથી, ચર્ચાનું સ્તર ઉંચું આવતું જાય છે, એની દિશા નક્કી છે અને સંસદીય દિશા એ બહુ સ્પષ્ટ છે અને દરેક સભ્ય એ દિશા તરફ આગળ જાય એજ મારું માર્ગદર્શન.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)(ક્રમશ):

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાતને ટૂંકાવીને જે આંતરીક સલામતીની વાત આવી એ બાબતે રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કવિતાના શબ્દો જે આત્મવંચનાની ઘોર નિંદ્રમાંથી જગાવતા કવિ નરેન્દ્ર મોદી લખે છે કે, 'નિંદરની ચાદર ઓઢીને સૂતા રહ્યા શરીર વીર તમે ઉઠો જાગો કે જળકી રહે ખમીર, રુકમણિનું રુદન સાંભળી દ્વારકીના નાથ થઈને દોડો આપણી પાસે સમય રહ્યો છે થોડો સૂદર્શન ચક્ર લઈને દોડો. આંધળા રાહદારીઓની મત પેટી મોત પેટી બની છે, હિમાલયની કૂખને દવ લાગ્યો છે

આ દવને ઠારવા માટે દોડો. ઈશ્વર કૃપા માગો આસામ કંપી રહ્યું છે વધ થતા બાલુડા ચિત્કારથી આસામ જ નહીં દેશની કાલ સળગી રહી છે ઉઠો વીરને ધીર કાયરતા કોઠે પડી જાય તે પૂર્વે ઉઠો.' માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું છે કે, જે પ્રમાણેનું તંત્ર ચાલી રહ્યું છે એ આ દેશને દિન-હિન અને નિર્માલ્ય બનાવવા તરફ આપણે જઈ રહ્યા છીએ. આદરણીય વજુભાઈ વાળા સુવર્ણ જયંતી વર્ષને સંતોષ આપતું જે સ્વર્ણિમ બજેટ લઈને આવ્યા છે એમને સલામ સાથે સમર્થન આપી મારી વાત ટૂંકાવું છું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. વિકાસને પ્રગતિની દોડ કેવી રીતે લગાવવી એ ગુજરાતી પ્રજાએ સમગ્ર વિશ્વને શીખવાડ્યું છે. ગુજરાતના વિકાસનો ખરો શ્રેય ગુજરાતની ખમીરવંતી પ્રજાને જાય છે, નહીં કે કોઈ સરકાર કે કોઈ વ્યકિતવિશેષને.

માનનીય અધ્યક્ષશ્રી, અંદાજ પત્રની કેટલીક હકીકતો જોતાં એમ લાગે કે વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં રાજ્યનું જાહેર દેવું ૨૭,૫૪૦ કરોડ રૂપિયા હતું એ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીમાં ૧,૧૨,૪૬૨ કરોડ રૂપિયા થવાની સંભાવના છે એટલે કે ૩૦૮ ટકાનો વધારો થયો છે. આજે આપણે દરેક ગુજરાતી માથે ૧૯,૪૧૩ રૂપિયાનું દેવું છે. આ સભાગૃહના એક સભ્ય તરીકે ચોક્કસ ચિંતા અને દુ:ખ થાય કે આવનારી પેઢી આપણને સ્વર્ણિમ ગુજરાતને બદલે દેવાદાર ગુજરાત બનાવવામાં ભાગીદાર ન ગણે ! (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને જ અંબાલાલભાઈને જ થોડુંક કહેવું છે કે, રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી ત્યારથી મધ્ય ગુજરાત અને ખાસકરીને આણંદ જિલ્લાને બજેટ ફાળવણીમાં અને દરેક ક્ષેત્રે અન્યાય કરવામાં આવી રહ્યો છે. અમારી વર્ષોની માગણીઓ એમાં કદાચ અંબાલાલભાઈ પણ સામેલ હશે. જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ બને, જિલ્લાના યુવાનો માટે રમત-ગમત સંકૂલ બને, મહિકાંઠાના અને દરિયા કાંઠાના ગામોમાં શુધ્ધ પીવાના પાણીની સગવડ થાય, દરિયાની ખારાશને આગળ વધતી અટકાવે, સિંચાઈથી વંચિત ગામોને કેનાલોની સુવિધા મળે, કોતર વિસ્તારના ગામોમાં નીલ ગાયોનો ત્રાસ ઓછો થાય, ખેડૂતોને વીજ કનેકશન મળે, કોતર વિસ્તારની લાખો હેકટર જમીનો નવસાધ્ય થાય અને ખેતીલાયક બને એવી અમારી અનેક લાગણીઓ વર્ષો વર્ષ થયા આ સરકારમાં રજૂ કરવા છતાં બજેટમાં એના માટેની યોગ્ય ફાળવણી કરવામાં આવતી નથી, એ બાબતનું દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક યુવાન તરીકે આ રાજયમાં જયારે ૮ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા હોય ત્યારે ચોકકસ દુ:ખ થાય. કે જે રાજકીય પક્ષ તરીકે તમે યુવાનોને બેકારી ભથ્થાથી માંડીને અનેક • (xxxx) મત મેળવ્યા અને સત્તા પર આવ્યા, પણ સત્તાસ્થાને બેસ્યા....

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, લોભામણી જાહેરાતો કરીને છેતરીને મત મેળવ્યા એ..

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : છેતરીને નથી બોલ્યો. ફકીરભાઈ, તમારા કરતા સંસદીય સારું જાણીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : હું રેકર્ડ જોઈ લઈશ અને એ શબ્દ હશે તો કાઢી નાંખીશ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : અનેક * (xxxx) કરીને

**અધ્યક્ષશ્રી** : *(xxxx) શબ્દ કાઢી નાંખો. હું કાઢી નાંખું છું, * (xxxx)શબ્દ કાઢી નાંખ્યો.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : અનેક જાહેરાતો કરીને સત્તાસ્થાને બેઠાં. સત્તાસ્થાને બેઠા પછી યુવાનોને કાયમી નોકરી આપવાની વાત આપણે ભૂલી ગયા છીએ એ પણ તમને યાદ કરાવવાની આજે જરૂર પડે છે. રોજગારી મેળા કરવાથી કંઈ યુવાનોને કાયમી નોકરી નથી મળી જતી. આજે એક યુવાન તરીકે કેન્દ્ર સરકારને અભિનંદન આપું કે વડાપ્રધાન રોજગાર પ્રોગ્રામ અંતર્ગત આ દેશના યુવાનો એક ગૌરવ સાથે પોતાનો ધંધો શરૂ કરી શકે એ માટે સર્વિસ સેકટરનો કોઈ ધંધો કરવો હોય તો દસ લાખ સુધીની લોન આપવામાં આવે અને કોઈને પ્રોડકશન યુનિટ નાંખવું હોય તો ૨૫ લાખ સુધીની લોન આપી અને એને સબસિડી આપવામાં આવે. શહેરી વિસ્તારના લોકોને ૨૫ ટકા સુધીની સબસિડી આપવામાં આવે અને ગ્રામ્ય વિસ્તારના યુવાનોને ૩૫ ટકા સબસિડી આપવાની અને સ્વનિર્ભર કરવાની અને એને કાયમી રોજગારી આપવાની, એને સમાજમાં એક ગૌરવપુર્ણ સ્થાન આપવાની જો કોઈએ શરૂઆત કરી હોય તો કેન્દ્રની કોંગ્રેસની સરકારે શરૂઆત કરી છે. (અંતરાય) નીતિનભાઈ, માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જ,..(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી ગઈકાલે જ કેન્દ્રની અમારી કોંગ્રેસની સરકારે જે રીતે મહિલાઓને રાજય અને દેશમાં...

**અધ્યક્ષશ્રી** : આપ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર રહો. ચોકકસ હું એમને કહીશ. મને કોઈ વાંધો નથી.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર. માનનીય અધ્યક્ષશ્રી, જયારે હું બોલતો હતો ત્યારે વારંવાર સભ્યશ્રીઓએ કેન્દ્ર સરકારની વાત આવે, કોંગ્રેસની વાત આવે ત્યારે એ રોકતા હતા, અને હવે એ કોંગ્રેસની • (xxxx). કેન્દ્રની (xxxx). તો એને પણ રોકવા પડે કે?

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : સાહેબ, હું બોલીશ તો સંભળાશે નહીં, કાનમાં આંગળીઓ નાંખી દેવી પડશે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : નહીં, નહીં. માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : તમારી ભાષામાં હું બોલીશ તો નહીં સંભળાય.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જે ભાષામાં બોલે એ ભાષામાં સાંભળવાની તૈયારી રાખવી પડે.

**અધ્યક્ષશ્રી** : આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર જ કહો. આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર. બન્ને પક્ષોએ કેન્દ્રની વાતો કરી છે. (xxxx) શબ્દ હું કાઢી નાંખું છું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જ કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર દ્વારા મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનું બિલ રાજયસભામાં રજૂ કરવામાં આવ્યું. (અંતરાય) આજે જાહેર જીવનના પ્રતિનિધિ તરીકે અભિનંદન આપું છું, કોંગ્રેસના વડાપ્રધાનને અને આદરણીય સોનિયાજીને, કે જે રીતે ભૂતકાળમાં સ્વર્ગસ્થ વડાપ્રધાન આદરણીય રાજીવ ગાંધીએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૩૩ ટકા અનામત આપીને મહિલાઓને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભાગીદાર બનાવ્યા હતા, એ જ રીતે...

**અધ્યક્ષશ્રી** : મને ખબર નથી પડતી કે આપણે દરેક તબકકે શું કરવા ઉભું થવું પડે છે. નહીં, નહીં. શ્રી ફકીરભાઈ, હું તમારા સભ્યોને તક આપીશ. તમને ૭૧ મિનિટ આપેલી છે. તમને ૭૧ મિનિટ ફાળવી છે. તમે ૭૧ મિનિટ સુધી બોલ્યા છો. નથી બોલવા દીધા એમ નહીં. કુલ્લે ૭૧ મિનિટ થઈ છે. (અંતરાય) અંબાલાલભાઈ, આપે જે બોલવું હોય તે ઉભા થઈને કહો. નો.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, એ વારંવાર કેન્દ્ર સરકારની વાત કરે છે ત્યારે મારે એટલું કહેવું છે કે..(અંતરાય)

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પછી મારો સમય ના કપાય એ પણ જોજો.

**અધ્યક્ષશ્રી** :મેં અગાઉ પણ કહયું છે અને ફરીથી પણ હું કહું છું કે આપણે સૌ આ રીતે કરીને ચર્ચાનો સમય બગાડતા જઈએ છીએ અને ચર્ચાનો સમય જો પોઈન્ટ ઓફ ઓર્ડરમાં રહીશું તો જે અંદાજપત્ર ઉપર ચર્ચા કરવાની છે એ થઈ શકશે નહીં અને બન્ને પક્ષને એનાથી નુકસાન થશે એનો ઉત્પાદકીય ઉપયોગ થઈ શકશે નહીં અને એટલા માટે જ મારે ફરીથી કહેવું પડે છે કે એ સભ્યશ્રીનું જે વકતવ્ય છે એ જો સંસદીય પ્રણાલિકાઆ અથવા તો શબ્દોની બહારનું હશે તો હું પોતે જ એ કાઢી નાંખું છું અને એમ છ્તાં પણ જો કોઈ રહી જાય તો તમારે ઉભા થઈને ધ્યાન દોરવાનું છે. માનનીય અમીતભાઈ, આપ આપનું વકતવ્ય આગળ વધારી શકો છો.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)(ક્રમશ):

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓને અનામત આપવાથી કદાચ કોઈની સીટ બદલાઈ જતી હોય એની જો ચિંતા થતી હોય તો તો એનું મને દુ:ખ છે. જે રીતે ભૂતકાળમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૩૩ ટકા અનામત આપવામાં આવી છે એ જ રીતે આવનાર સમયમાં રાજય અને દેશના સર્વોચ્ચ વહીવટમાં મહિલાઓને ભાગીદાર થવાની એક પહેલ કરવામાં આવી હોય અને મહિલાઓને સન્માન આપવાનું કાર્ય જો કોઈએ કર્યુ હોય તો આદરણીય સોનીયાજીના નેતૃત્વવાળી સરકાર દ્વારા એ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એક કહેવત છે કે છોરું કછોરું થાય પણ માવતર કછોરું ના થાય. આ શાસક પક્ષના મિત્રો અહીંથી કાયમ કેન્દ્ર સરકારની કાયમ માટે આલોચના કરે છે કે કેન્દ્ર સરકાર અમને ગ્રાન્ટ આપતી નથી તો કેન્દ્ર સરકારે ગુજરાતમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એના કારણે કોઈ ભેદભાવ કર્યો હોય એવું કયારેય પણ આજ દિવસ સુધી જોવામાં આવ્યું નથી. અને.ડી.એ. સરકારના સમય કરતાં અનેકગણી વધારે યોજનાઓ અને કરોડો રૂપિયાની વધારે ગ્રાન્ટ આ કોંગ્રેસના નેતૃત્વવાળી યુ.પી.એ.ની સરકારે ગુજરાતને આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નરેગા યોજના હોય કે જેના દ્વારા ગુજરાતના લાખો લોકોને કરોડો રૂપિયાની રોજગારી આપવામાં આવે છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શું છે કે જો ગઈકાલની ડિબેટસ જોઈ જશો તો બન્ને પક્ષે કેન્દ્ર સરકારની વાતો થઈ છે (અંતરાય) કુલ એ રીતે જ થયેલ છે અને આપ જો મુદ્દો ઉભો કરવા માગતા હોય તો ઉભા થઈને ચોકકસ કરશો, હું જવાબ આપીશ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે અને ગામડાંના લોકોના રોગોની ચિંતા કરવામાં આવે છે. રાજીવ ગાંધી ગ્રામીણ રોજગાર યોજના હોય કે સર્વ શિક્ષા અભિયાનની વાત હોય, ગામડાંના લોકો માટે ગ્રામ વિકાસ યોજનાની વાત હોય, આજે અનેક રીતે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અમીતભાઈ, આપનો સમય પૂરો થયો છે. માનનીય શ્રી રણજીતભાઈ ગિલીટવાલા (અંતરાય) ફાળવેલા સમયમાં ઘટાડો થયો છે એટલે એ પ્રમાણે બોલજો.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સન ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેનું કુલ ૬૯૫૬૫ કરોડ રૂપિયાનું બજેટ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના રસ્તા હોય કે બંદરો હોય, મકાન હોય કે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ હોય કે એસ.ઈ.ઝેડ હોય કે એસ.આઈ.આર. હોય, કોસ્ટલ ડેવલપમેન્ટ ઓથોરિટી હોય કે અરબન ડેવલપમેન્ટ ઓથોરિટી હોય એમાં માળખાકીય સુવિધાના તમામ ક્ષેત્રે ગુજરાતે વિકાસની તમામ સરહદો અંકિત કરી છે અને એની પાછળનું એક માત્ર કારણ હોય તો આ રાજયે હરહંમેશ વિકાસલક્ષી બજેટ આપ્યું છે એના કારણે છે. સન ૨૦૧૦-૧૧ ના વર્ષે પણ વિકાસલક્ષી બજેટ આપવા માટે હું માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું અને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે નહીં, પણ છેલ્લા ૪ વર્ષના બજેટમાં પણ આ જ રીતે જોવા મળેલ છે. સન ૨૦૦૬-૦૭ માં વિકાસલક્ષી ખર્ચ માટે ૨૫, ૨૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો, ૨૦૦૮-૦૯ માં ૩૫,૯૫૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો અને ૨૦૧૦-૧૧ માં ૪૫,૮૫૯ કરોડ રૂપિયાનો વિકાસલક્ષી ખર્ચ કરવા માટેની જોગવાઈ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે એ માટે અભિનંદન આપું છું અને ૭૮,૫૭૬ કરોડ રૂપિયાનો બજેટ આઇટ લે એમાંથી ૫૮,૮૫૯ કરોડ રૂપિયાનો વિકાસલક્ષી ખર્ચ માટે એટલે કે ૬૬.૭૫ ટકા જેટલી રકમ વિકાસલક્ષી કામો માટે ખર્ચ કરવા માટે ૨૦૧૦-૧૧ ના બજેટમાં પ્લાનિંગ કર્યુ છે. ૨૦૦૬-૦૭માં ૨૫૨૮૪ કરોડ, ૨૦૦૮-૦૯માં ૩૫૯૫૩ કરોડ, અને ૨૦૧૦-૧૧માં એસ્ટીમેટેડ ૪૫૮૫૯ કરોડ, એટલે કે ૨૦૦૬-૦૭ થી માંડીને ૨૦૧૦-૧૧ વચ્ચે વિકાસ લક્ષી ખર્ચમાં ૮૧.૩૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મારે કહેવું જોઈએ કે માનનીય નાણા મંત્રીશ્રી પ્રગતીશીલ બજેટ આપતા આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં જે તે વર્ષના બજેટની અંદર જે એમની રેન્જ છે, વિકાસલક્ષી ખર્ચ માટેની એમની જે રેન્જ છે તે રેન્જ ૬૩.૫ ટકાથી માંડીને ૬૬.૭૫ ટકાની વચ્ચે રહેલી છે. દરેક વર્ષના ટોટલ બજેટ છે તેના આઉટલેની સામે વિકાસલક્ષી બજેટ ખર્ચ ૬૩.૫૦ ટકાથી ૬૬.૭૫ ટકા જેટલી રકમ એમણે વિકાસ લક્ષી ખર્ચ માટે હરહંમેશ ફાળવી છે, એટલા માટે માનનીય નાણા મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. ૨૦૧૦-૧૧ ના વર્ષનો વિચાર કરીએ તો બિન વિકાસ લક્ષી ખર્ચ ૨૦૧૦-૧૧માં ૨૨૮૦૭ કરોડ રૂપિયાનો છે તેની સામે માનનીય નાણા મંત્રીશ્રીએ વિકાસલક્ષી ખર્ચ ૪૫૮૬૦ કરોડ રૂપિયાનો અંદાજયો છે. ૨૨૮૦૭ કરોડ રૂપિયાનો બિન વિકાસ લક્ષી ખર્ચ અને ૪૫૮૬૦ કરોડનો વિકાસ લક્ષી ખર્ચ, એટલે બિન વિકાસ લક્ષી કરતા લગભગ બમણી રકમ એમણે વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવી છે. એટલા માટે પણ હું માનનીય નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. વિકાસ લક્ષી બજેટ આપતા હોવાની સાથે સાથે માનનીય નાણા મંત્રીશ્રી હરહંમેશ રાજયની વાર્ષિક વિકાસ યોજનાને પણ પ્રાધાન્ય આપતા આવ્યા છે અને મારા અગાઉના મિત્રોએ કહયું તે પ્રમાણે આ વર્ષે ૨૯૫૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક વિકાસ યોજના માટેની પણ જોગવાઈ કરી છે. ગુજરાત સરકાર માટે ગૌરવની વાત છે કે ગુજરાત સરકારની વિકાસની નીતિને કારણે ભારત સરકારના આયોજન પંચ દ્વારા આપવામાં આવતા પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંક સિધ્ધ કરવામાં ગુજરાત સરકાર હરહંમેશ અગ્રેસર રહ્યું છે. રાજય સરકારના પંચવર્ષીય યોજનાના અમલીકરણમાં રેકર્ડ કામગીરી દર્શાવેલી છે. ત્રીજી થી ૯મી વાર્ષિક યોજનાનું કદ એટલે સાત પંચવર્ષીય યોજના થાય, એમાં ૫૫૨૫૬ કરોડ રૂપિયાનું હતું, તેની સામે ગુજરાત સરકારે ૫૪૨૦૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો, અને દસમી પંચવર્ષીય યોજનાનું કદ ૨૦૦૨-૦૩ થી માંડીને ૨૦૦૬-૦૭ તેનું કદ હતું ૪૭ હજાર કરોડ રૂપિયા, એક માત્ર પંચવર્ષીય યોજનાનું કદ ૪૭૦૦૦ કરોડ રૂપિયા, આગળ મેં સાત પંચવર્ષીય યોજનાનું કદ ૫૫૨૫૬ કરોડ અને આ એક માત્ર દસમી પંચવર્ષીય યોજનાનું કદ ૪૭૦૦૦ કરોડ રૂપિયાનું હતું અને તેની સામે ગુજરાત સરકાર ૪૯૪૧૬ કરોડ રૂપિયા મોરધેન હન્ડ્રેડ પરસન્ટ એકસ્પેન્ડીચર કરીને પંચવર્ષીય યોજનાની અંદર આયોજન પંચે આપેલો ટારગેટ ગુજરાત સરકાર હરહંમેશ પૂરી કરતી આવી છે અને દસમી યોજનાનો પણ એમણે પૂરો કર્યો છે. સાહેબ ત્રીજી થી દસમી પંચવર્ષીય યોજનાની અંદર કુલ ૮ પંચવર્ષીય યોજના થઈ, અને તેમાં કુલ કદ હતું ૧,૦૩,૬૨૧ કરોડ રૂપિયાનું, એની સામે ૧૧મી પંચવર્ષીય યોજનામાં આયોજન પંચે ગુજરાત રાજયને ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયાનો ટારગેટ આપ્યો, જુઓ, કે દસ પંવર્ષીય યોજનાનું કદ હતું ૧ લાખ ૩ હજાર કરોડ અને એની સામે એક માત્ર અગીયારમી પંચવર્ષીય યોજનાનું કદ ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયા, આ ગુજરાતનું ફાઈનાન્સીયલ પેકેજ છે, કેન્દ્ર સરકાર અને આયોજન પંચ પણ માને છે કે આ શકિત, ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયાનો પંચવર્ષીય યોજનાનો ખર્ચ કરવાની તાકાત જો હોય કોઈનામાં હોય તો તે માત્ર ગુજરાતમાં જ છે. ગુજરાતે કરી બતાવ્યું છે. ગુજરાત હેઝ ડન ઈટ એન્ડ ગુજરાત વીલ ડુ ઈટ, એમ સમજીને આટલો મોટો ટારગેટ આપવામાં આવ્યો છે. દસમી યોજનાના ટારગેટની સામે રકમ પણ હું કહેવા માગું

છું કે ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં કુલ ૩૭૩૪૧ કરોડ રૂપિયાનો ખર્ચ ઓલ રેડી કરી ચુકવામાં આવ્યો છે. ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં ૫૩ હજાર કરોડ રૂપિયાનું પ્રોવિજન છે એટલે કુલ પંચવર્ષીય યોજનાના પહેલા ચાર વર્ષમાં ૯૦૩૪૧ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે અને થનાર છે એટલે મને ચોકકસ ખતરી છે કે બાકીના આવતા વર્ષમાં એટલે કે ૨૦૧૧-૧૨માં ૨૦ હજર કરોડ જેટલો ખર્ચ કરીને ગુજરાત સરકાર આ ૧૧મી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંક અવશ્ય પૂર્ણ કરવા જઈ રહી છે તે માટે હું માનનીય મંત્રીશ્રીને એડવાન્સમાં અભિનંદન આપું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, ૨૦૧૦-૧૧ ના વર્ષ માટેનું અંદાજપત્ર લઈને આવ્યા છે. ગુજરાતને આઝાદ થયાને ૫૦ વર્ષ પૂરાં થયાં અને આપણે સ્વર્ણિમ જયંતિની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ગુજરાતની પ્રજા તથા મારા મત વિસ્તારની પ્રજાના માટે જે નાણાં ફાળવ્યા છે એ માટે વિકાસશીલ, ગતિશીલ અને કાર્યશીલ સુવર્ણ અક્ષરે લખાય તેવું બજૅટ લઈને આવેલા છે તે માટે વંદન કરું છું.

ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગુજરાતની અંદર આજ સુધી ન ભૂતો ન ભવિષ્યતી જે રીતે આ સરકારે કામ કર્યુ છે જે ૫૦ અને ૬૦ વર્ષની આઝાદી પછી જે કામો નહોતા થયા એ કામો કરી બતાવ્યા છે. અગાઉની સરકારો ગામડાંની અંદર પૂરતી લાઈટો નહોતી આપી શક્તી. તે વખતે ગુજરાતમાં એકજ વીજ કંપની હતી. પરંતુ આ સરકારે રાજયમાં સારો અને સુંદર વહીવટ થાય એના માટે જી.ઈ.બી.ને સાત ભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે. એકમાંથી સાત કંપનીઓ અલગ અલગ કરી નાખવામાં આવી છે જેથી સારી રીતે વીજળી મળી શકે તેવી વ્યવસ્થા આખા દેશમાં કરી હોય તો આ ગુજરાતની સરકારે કરી છે નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરી છે. અગાઉ ઉદ્યોગોને અવારનવાર વીજળીનો કાપ સહન કરવો પડતો હતો. ગુજરાતની અંદર અને અમદાવાદ શહેરની અંદર જે મિલો હતી એ બંધ થઈ જવા પાછળનું કારણ જો કોઈ હોય તો એ વીજળી પુરવઠો પૂરતો નહોતો મળતો એના લીધે બંધ થઈ હતી એ મિલોની અંદર લાખો કામદારો કામ કરતા હતા એ કામદારો અગાઉની સરકારની મહેરબાનીને કારણે બેકાર થઈ ગયા છે. આજે ગામડાંમાં કોઈ ખેડૂત રહેતો હોય કે વાડીમાં રહેતો હોય એને લાઈટ આપવા માટે આ સરકારે ફીડર ઉપરથી સીંગલ ફેઈઝ લાઈન લઈને આપી છે જેની આ દેશના લોકો જ નહિ પરંતુ દુનિયાના લોકોએ એની નોંધ લીધી. એ જ રીતે ભારતીય જનતા પાર્ટીની સરકારે જયોતિ ગ્રામ યોજનાની અંદર અદ્ભુત કામગીરી કરી છે. ગામડાંના ખેડૂત સુધી, દૂર ડુંગરાળ વિસ્તારમાં રહેતા આદિવાસીને પણ લાઈટ મળી રહે તેવી વ્યવસ્થા આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રીએ કરી છે. ગુજરાતની વીજ કંપની વરસોથી ખોટ કરતી હતી. એ કંપનીને આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નફો કરતી કરી દીધી છે. જે આજ સુધી કોઈપણ સરકારે નહોતું કર્યુ .જેનો વાર્ષિક ૨૦ હજાર ખર્ચ થતો હતો. પહેલા ખેડૂતોને પૂરતા દબાણ સાથેનો વીજ પુરવઠો મળતો નહોતો જેના લીધે ખેડૂતોની મોટરો બળી જતી હતી. પરંતુ આ સરકારે આ ખેડૂતોની મોટરો ન બળી જાય અને એને વીજળી પુરવઠો સતત મળતો રહે પૂરતા વૉલ્ટેજ સાથે મળતો રહે તેવી વ્યવસ્થા કરી છે. ગામડામાં ફળિયે ફળિયે ટ્રાન્સ્ફૉર્મર મૂકીને ઉચી ગુણવત્તાવાળી લાઈટ મળે તેવી વ્યવસ્થા કરી છે.

સિંચાઇની વાત કરું તો ટપક સિંચાઇ પદ્ધતિથી ખેડૂતો ખેતી કરે એને સારું પ્રોત્સાહક મળે એના માટે ગુજરાતની સરકારે અને માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ટપક સિંચાઇમાં પ્રોત્સાહન આપવા માટે સબસિડી આપવાનું કામ આ દેશમાં જો કોઈએ કર્યુ હોય તો આ સરકારે કર્યુ છે. ખેડૂતોને સબસિડી આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીને સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો વીજ બચતનું મહત્ત્વ સમજે તે માટે લઘુત્તમ વેતન માટે, પાણી મેળવી શકે તે માટે એનર્જી એફીશીયન્ટ પંપ સેટ યોજના અમલી બનાવી તે અંતર્ગત ખેતી વિષયક વીજ ગ્રાહકોને ઓછી ગુણવત્તાવાળા હયાત પંપોને એનર્જી શીફટ પંપ સેટથી બદલી આપવા માટે અને સરકારે ૬૭ ટકા સબસિડી પણ આપવા માટે નક્કી કરેલું છે. અગાઉ ખેડૂતોને પૂરતા દબાણ અને વિના વિક્ષેપે વીજળી પુરવઠો મળી રહે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં કિસાન હિત ઉર્જા શકિત, ખુશી યોજનાને અમલી બનાવી ખેડૂતોના વીજ સ્થાપન માટે, તબક્કાવાર યોગ્ય ક્ષમતાવાળા ૧૦ કે.વી. અને ૧૬ કે.વી. જેવા ટ્રાન્સ્ફૉર્મર મૂકીને ગુણવત્તા વીજ પુરવઠો પૂરો પાડવાનું કામ સરકાર કરી રહી છે. અગાઉ રાજકીય દખલના કારણે જે વીજ ચોરી થતી હતી એ વીજ ચોરી અટકાવવાનું કામ દેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકારે કર્યું છે. કોઈની પણ શેહ-શરમ રાખ્યા વગર પ્રબળ ઈચ્છાશકિત ધરાવતી સરકાર નવા પાંચ પોલીસ સ્ટેશનો શરૂ કરીને જો ખોટું કરતા હોય તેવાને પકડીને કાયદા હેઠળ જેલમાં મૂકવાનું કામ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. પહેલાંની સરકારો તો કોઈ પકડાય તો કહે, આ અમારો કોંગ્રેસનો કાર્યકર્તા છે. તેને છોડી દો. તને જવા દો. આવી વાતો થતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, નવતર ટૅક્નૉલૉજીનો મર્યાદિત ઉપયોગ થતો હતો. હાલની અદ્યતન ટૅક્નૉલૉજી માટે કૉમ્પ્યુટર દ્વારા કામગીરી કરવા માટે રાજયના મોટા શહેરોમાં જી.આઈ.એસ. મેપીંગ પણ કરવામાં આવેલું છે. ગામડાંમાંથી બિલ ભરવા માટે તાલુકા કક્ષાએ જવું પડતું હતું અને મોટી મોટી લાઈનો લાગતી હતી. તેમાં બોર્ડના સબડિવિઝનલ કાર્યમાં જવું પડે, વીજ ગ્રાહકોનો સમય બગડે, નાણાંનો ખર્ચ થાય તેના માટે ગામડાંની અંદર

પંચાયત કચેરી હોય કે તાલુકાની અંદર આવેલી કચેરી હોય ત્યાં વીજ બિલો લેવા માટેનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને ગ્રામ પંચાયતને પણ આવક થાય એવું કામ દેશમાં કોઈએ કર્યું હોય તો એ પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડૂ જેવી યોજના દરિયા કાંઠાની જરૂરિયાત અનુસાર જે જર્જરિત વીજ વાયરો હતા એ વાયરો અને થાંભલાને બદલી નાખીને સારો વીજ પુરવઠો મળી રહે એ માટે દરિયા કાંઠાના વિસ્તારોમાં નવિન સબસ્ટેશનો ઉભા કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. રાજયમાં ગરીબી રેખા નીચે જીવતા બી.પી.એલ.ના લાભાર્થીઓ હોય તેના ઘર વપરાશ માટે કોઈ સબસિડી આપવામાં આવતી નહોતી. પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે અત્યારે દોઢ રૂપિયા યુનિટે ગરીબ ખેડૂતોને અને ગરીબ લાભાર્થીઓને વીજ બિલો આપવા માટેનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારોને એક પણ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો નહોતો. આજે..(સમય સૂચક ઘ ંટડી)

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વસુબહેન..

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : બે મિનિટ સાહેબ, મારે પાણી પુરવઠા વિશે..

**અધ્યક્ષશ્રી** : નહીં, એમાં પછી મને કોઈ વાંધો નથી. બાકીના સભ્યોની આઠ મિનિટ હશે, હું છ મિનિટ બોલવા દઈશ. શ્રીમતી વસુ બહેન. શ્રી જેઠાભાઈ, તમારા દંડકે તમને ફાળવેલો સમય પૂરો થાય છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની યોજનામાં સિંચાઈમાં મારા મત વિસ્તારમાં ૧૬૫ કરોડ રૂપિયાની વિક્રમસર્જન જો આજ સુધી ગરીબ આદિવાસીઓ માટે કોઈએ કામ કર્યું હોય તો..

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વસુબહેન. જેઠાભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : અગત્યનું છે એટલા માટે. એશિયામાં સિંચાઈનો લાભ આપવાનું કામ કોઈ સરકારે કર્યું હોય તો નરેન્દ્ર મોદીની સરકારે કર્યું છે.

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વસુબહેન..

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી શ્રી વજુભાઈ વાળા ૧૬મી વખત સ્વર્ણિમ જયંતિના અવસર પર માનવીના કલ્યાણકારી આયોજન સાથેનું બજૅટ લઈને આવ્યા છે તેમને હું મારું અનુમોદન આપવા માટે ઉભી થઈ છું. માનનીય મંત્રીશ્રીએ અને રાજયના મુખ્યમંત્રીશ્રીને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. ૨૦૦૯-૧૦ના વાર્ષિક વિકાસની યોજનાનું કદ ૨૩.૫૦૦ કરોડનું હતું. એમાં વધારો કરીને ૨૯,૫૦૦ કરોડનું જે આયોજન કર્યું છે એમાં ગુજરાતનો અકલ્પ્ય વિકાસ દેખાઈ રહ્યો છે. એ પ્રતિબિંબિત થાય છે. એવું મને લાગે છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**પ્રો. વસુબેન ત્રિવેદી** : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતી હતી અને આગળ વાત કરું છું. સ્વતંત્રતાના ૬૦ વર્ષ પછી જે મુજબનો વિકાસ દેશની ક્ષમતા પ્રમાણે થવો જોઈતો હતો એ પ્રમાણેનો વિકાસ થયો નથી. આ વિકાસમાં અસમાનતા થઈ. એનું કારણ કેન્દ્રનો વહીવટ છે એમ કહી તો જરા પણ ખોટું નથી. મને પહેલી જાન્યુઆરીનો દિવસ યાદ આવતો હતો. પહેલી જાન્યુઆરીના દિવસે આ પરિગૃહની અંદર બધા જ સભ્યો-વિપક્ષના, ભારતીય જનતા પક્ષના અને અન્ય પહેલા ચૂંટાયેલા તમામ લોકોએ સ્વર્ણિમ ગુજરાત માટેના સંકલ્પો કર્યા હતા. ૨૦૧૦નું વર્ષ એ સ્વર્ણિમ ગુજરાત બને, સામૂહિક પ્રયાસોથી બને આ પ્રકારના સંકલ્પો લીધા. હું ચર્ચા સાંભળતી હતી. ત્યારે મને એમ થતું હતું કે, મારા વિપક્ષના ભાઈઓ આ વાતને ભૂલી ગયા છે. આ સંકલ્પ વિસરાઈ ગયો. રચનાત્મક અભિગમ રાખ્યા વગર આ બજૅટની અંદર માત્ર ટીકા-ટિપ્પણ કર્યા અને કોઈ સૂચનો કર્યા નથી. ત્યારે મને દુ:ખ થયું. અપેક્ષા તો મારી એવી હતી કે, આ સંકલ્પોની પૂર્તિ માટે વિપક્ષના ભાઈઓ તરફથી સૂચનો મળશે. આ સૂચનો કરવાના બદલે માત્ર ટીક-ટિપ્પણ થયા. મને એક વાત કહેવાનું મન એટલા માટે થાય છે કે, હમણાં વિપક્ષના મારા અમિતભાઈએ મહિલા અનામતની વાત કરી. મારે એ કહેવું છે કે, ગુજરાતની અને દેશભરની મહિલાઓ મોંઘવારીથી પીડાઈ રહી છે અને મોંઘવારીથી પીડાતી હોય ત્યારે એને અનામતને બદલે આવા સૂચનો કરવાની જરૂર હતી. મહિલા અનામતનું બિલ તો એનડીએની શ્રી અટલ બિહારી બાજપાઈની ભારતીય જનતા પક્ષની સરકાર હતી ત્યારે આવ્યું હતું અને ત્યારે કાંગ્રેસે ટેકો નહોતો કર્યો. એ રાજકીય ઇચ્છા શકિત હતી અને એના કારણે યુપીએની સરકાર જ્યારે મહિલા અનામતનું બિલ લઈ આવી ત્યારે આપણે એ ન ભૂલવું જોઈએ કે, ભારતીય જનતા પક્ષના ટેકાથી આ બિલ પાસ થયું છે. એકલા કોંગ્રેસે સોનિયાબેનને કેન્દ્રસ્થાને રાખી વાહ વાહ કરવી એ કોઈ રીતે ઉચિત નથી અને હજુ ગુજરાતમાં આવશે અને ત્યારે આ અભિગમને યાદ રાખે એવી મારી લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, ગુજરાતમાં બધું ખરાબ છે, ગુજરાતમાં ખૂબ અંધારું થઈ ગયું છે, ગુજરાત દેવાળિયું થઈ ગયું છે, એનો વિકાસ નથી થતો, એમાં બસ નથી, પાણી નથી, આરોગ્ય નથી, શિક્ષણ નથી. આજ વાત વિપક્ષ તરફથી અમારે સાંભળવાની? મારે કહેવું છે કે, મેં ક્યાંક વાંચ્યું છે કે માનો કે અંધારા ઘના હૈ, તો દીપ જલાના કયા મના હૈ? ગુજરાતના વિકાસની અંદર એમના પોતાના વિસ્તારમાં દીપ પ્રગટાવ્યો હોત તો ગુજરાતમાં અમારો જે પરિશ્રમ છે એને ચાર ચાંદ લાગ્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલીશ-પિસ્તાળીસ વર્ષ પહેલાં નર્મદાનો પાયો ગુજરાતમાં ખોદાયો હતો. એ જ વખતે ભાખરા નાંગલનો પણ પાયો ખોદાયો હતો. એના કારણે આજે પંજાબ હરિયાળું બની રહ્યું છે અને આજે અમારી સરકારે જે ચિંતા કરીને કેવડિયાથી લઈને કચ્છ સુધી પાણી પહોંચાડ્યું છે. ત્યારે ચાલીશ વર્ષના ગાળા દરમિયાન થયું હોત તો ગુજરાત હરિયાળું ન હોત? શ્વેત ક્રાંતિ થઈ એની સાથે હરિયાળી ક્રાંતિ પણ થઈ ગઈ હોત. હું મારી વાત ઉપર આવું. રાજય સરકાર દ્વારા ચાલતો આ એક વહિવટીય વિભાગ માત્ર પ્રચાર અને પ્રસારનું કામ કરતો નથી. પરંતુ નાગરિક સશકિતકરણનું માહિતી વિભાગ દ્વારા થઈ રહ્યું છે. ગરીબલક્ષી યોજનાઓ હોય, વ્યકિતલક્ષી યોજના હોય, કલ્યાણકારી યોજનાઓ હોય એની માહિતી ગામડાના છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ આ માહિતી વિભાગ દ્વારા થઈ રહ્યું છે. સંપૂર્ણ વિગતો ભારતીય સંસ્કૃતિની પરંપરાને યાદ રાખીને તેની માહિતી- માહિતી વિભાગ દ્વારા પ્રજા સુધી પહોંચાડવાનું કામ જેવું કે, ભવાઈ, ડાયરો, કઠપૂતળી, કથા-કિર્તન આ તમામ કલાકારોને સાથે રાખીને તેની ગાથા ગામડાના માનવી સુધી પહોંચાડવાનું કામ અમારો માહિતી વિભાગ કરી રહ્યો છે. એના કારણે વિકાસના દરો ઊંચા ગયા છે અને જન જાગૃતિનું એક મોટું અભિયાન ગુજરાતની અંદર થઈ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, માહિતી વિભાગ દ્વારા ચાલતું રોજગાર સમાચાર આ પાક્ષિકને કારણે કેન્દ્ર અને રાજય સરકારના તમામ રોજગારીની વાતો નેશનલાઈઝ બૅન્ક હોય, એલ.આઈ.સી. હોય ભારતીય લશ્કરની ત્રણેય પાંખો હોય આ રોજગારીની સંપૂર્ણ માહિતી યુવા પેઢી માટે જે ખૂબ અગત્યની છે આ રોજગાર સમાચાર દ્વારા મળી શકે છે. આખું ગુજરાત, ગુજરાત પાક્ષિક વાંચે છે. આ ચાર ચોપાનિયાનું ગુજરાત પાક્ષિકનું કોણે કહ્યું હતું કે એનું ધ્યાન ના રાખે, આજે એના પત્રો પ્રિન્ટીંગ બધાથી માંડીને આજે એનું સ્તર એક દળદાર માહિતી સભર અંક થયો હોય એવું આ ગુજરાત પાક્ષિક થયું છે. આજે દેશમાં નકસલવાદે માથે ઊચક્યું છે. અવિકસિત પ્રાંતોમાંથી પ્રાંતવાદનો એક વાયરો ફેલાઈ રહ્યો છે. આવા સંજોગોની અંદર સમગ્ર વિશ્વમાંથી ગુજરાતમાં લગભગ ૧૨લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું છે અને એમાં ૮૦ ટકા જેટલા પ્રોજૅક્ટ કાર્યાન્વિત થઈ ગયા છે. શું આ ગુજરાતનો વિકાસ ના કહી શકાય.

**સભાપતિશ્રી** : માનનીય વસુબેન, એક મિનિટ બાકી છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો હજુ કાંઈ કીધું નથી.

**સભાપતિશ્રી** : આ પેલું અનામત પાસ થયું એટલે તમને બે મિનિટ વધારે આપીએ.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૯લાખ ૫૦૦ કરોડના બજૅટમાં જ્યારે ચર્ચા હતી, હું સાંભળતી હતી કે આ સરકાર ઉદ્યોગોની થઈ, ઉદ્યોગપતિની થઈ, આવી બધી ટીકા ન કરી હોત તો આ રાજય એમાં અક્ષરધામો પણ બન્યા છે. વિદ્યાના મંદિરો પણ બન્યા છે. ઉદ્યોગોની આવશ્યકતા પ્રમાણેના યુવાનો તૈયાર કરવાનું કામ આ ગુજરાતની અંદર આખા દેશની અંદર સૌથી વિશેષ થયું છે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ, રાજયના મુખ્યમંત્રીશ્રીએ આપેલી પંચામૃત યોજના અને આ પંચામૃત યોજના એટલે જળશકિત, રક્ષાશકિત, ઉર્જાશકિત, જ્ઞાનશકિત અને જનશકિત, આ પાંચેય પંચામૃત યોજનાને કેન્દ્રસ્થાને રાખીને ગુજરાતનો વિકાસ કઈ રીતે થાય અને આ ગુજરાતના વિકાસ માટે શું કરી શકાય એ તમામ વસ્તુઓને ધ્યાને રાખીને આ બજૅટ કરવામાં આવ્યું છે. સર્વે ભવન્તુ સુખીના:: આ વિચાર ધારા હેઠળ આખા ગુજરાતનો વિકાસ પાંગરી રહ્યો છે.

**સભાપતિશ્રી** : વસુબેન આપનું પૂરું થાય છે. એક મિનિટ લો, આ પેલું અનામત ચાલે છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ મને સાંભળે છે એટલે બોલવા દોને મને, આ પ્રોજેકટ અંતર્ગત સારા પરિણામો ગુજરાતમાં મળ્યા છે. છેલ્લા ૪ વર્ષની અંદર ૬૨ જેટલા જિલ્લાના પ્રોજૅકટ અને ૩૦૭ જેટલા તાલુકાના પ્રોજૅકટનું અમલીકરણ થઈ શક્યું છે. વહીવટીક્ષેત્રની અસરકારકતાની એક બે વાત મારે કરવી છે. કેટલાક લોકો જ્યારે બહાર મળે છે ત્યારે એમ કહે છે કે આ સચિવાલયનો સીન બદલાઈ ગયો છે. પહેલા ટોળે ટોળા જોવા મળતા, ચહેલપહેલ મળતી, એવું લાગતું મને કે આ શેર માર્કેટ છે કે શાકમાર્કેટ છે, આ બધું કેમ બદલાઈ ગયું?

**સભાપતિશ્રી** : તમને બેસાડી દેવા પડે એ સારું નહીં દેખાય

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માત્ર ટૅક્નૉલૉજીનો ઉપયોગ ગુજરાત સરકારે કર્યો છે. અંદાજપત્રને સૌનું અનુમોદન મળે, સમર્થન મળે એવી મારી લાગણી વ્યક્ત કરું છું.

**શ્રી શૈલેશ મ. પરમાર(શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. જે રીતે સમગ્ર ગુજરાતની અંદર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના ૧૫લાખ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષા આપી રહ્યા હોય ત્યારે આ ગૃહ માટે ખૂબ ગૌરવની વાત છે. કે આ સભાગૃહના એક સન્માનનીય ધારાસભ્યશ્રી પણ ધોરણ-૧૦ની પોરબંદર ખાતે પરીક્ષા આપી

રહ્યા છે. આ સભાગૃહ માટે ગૌરવની વાત છે. સાથે દુ:ખની પણ વાત છે કે આ ધારાસભ્યશ્રી જે પરીક્ષા આપી રહયા છે એ પોતે જાતે નહીં પણ એ ડમી ઉમેદવાર દ્વારા ખોટું સર્ટિફિકેટ રજૂ કરીને આ સ્વર્ણિમ ગુજરાતની અંદર આ પરીક્ષા આપી રહ્યા છે. આજની પરિસ્થિતિની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી (અંતરા) માનનીય નાણામંત્રીશ્રીએ (અંતરાય)

**સભાપતિશ્રી** : નો ઈન્ટરફીયર બોથ ધ સાઈડ, જયંતિભાઈ સીટડાઉન

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરાવાના આધારે બોલુ છું. હું ખોટી વાત કરતો નથી. જયંતિલાલ તમારી જેમ (સતત અંતરાય) માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે આજે ગુજરાતમાં. (અંતરાય)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : માનનીય શૈલેષભાઈ, આપે કહ્યું ડમી ઉમેદવાર છે તો એના પુરાવા આપની પાસે હોય તો રજૂ કરશો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : હું ટેબલ ઉપર રજૂ કરીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ હમણાં કહેતા હતા કે દલિત ધારાસભ્ય છે એટલે ડિસ્ટર્બ કરે છે તો આ દલિત નથી? અને એટલે જ ડિસ્ટર્બ કરવાના છે? હકીકત એ છે કે ધારાસભ્યશ્રી ત્યાં પરીક્ષા ન આપતા હોય અને આપ પુરાવા માગો તો બરાબર છે. ધારાસભ્યશ્રી પરીક્ષા આપે છે, ડમી ઉમેદવારથી આપે છે એ ફેક્ટસ ન હોય અને એ ડીનાઈ કરે તો મારા ધારાસભ્યશ્રી વિગતો પૂરી પાડશે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ક્લેરિફિકેશન કરવું છે. જે ધારાસભ્યશ્રી પરીક્ષા આપી રહ્યા છે એમના અંગૂઠા ઉપર ઈજા થઈ છે, ફ્રેક્ચર થવાના કારણે (અંતરાય) મારી વાત પૂરી કરવા દો, માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમો પ્રમાણે જ્યારે કોઈપણ વ્યક્તિ માગે તો આખા ગુજરાતમાં એને ડમી રાઈટર આપવામાં આવે છે. આ ડમી રાઈટરના પણ નિયમો છે અને નિયમો એવા છે કે જે પણ વિદ્યાર્થી લખવાવાળો હોય, જેનું પેપર ચાલતું હોય એનાથી બે ક્રમ નીચે એ પ્રકારનો વિદ્યાર્થી લખતો હોય છે. ધારો કે ૧૦ની પરીક્ષા આપવાની હોય તો ૮મા ધોરણનો વિદ્યાર્થી સિવિલ સર્જનના પ્રમાણપત્રના આધારે. આ ક્લેરિફિકેશન છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ભૂતકાળમાં ડમી રાઈટર કૌભાંડ પકડાયું છે ત્યારે મારા ધારાસભ્યશ્રીએ કહ્યું એમાં કંઈ આપવાનું રહેતું નથી. માનનીય મંત્રીશ્રીએ સ્વીકારી લીધું કે પરીક્ષા ટાણે કાંઈક અંગૂઠે થઈ ગયું અને એટલા માટે એને મંજૂરી આપી દીધી. મારું એટલું જ છે કે મારી માગણી છે કે પૅનલ ઑફ ડોકટર્સ પાસે in front of media are you ready to examine the injury of the M.L.A.?

**શ્રી રમણલાલ વોરા :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના તમામ નીતિ નિયમો પ્રમાણે આ રાજ્ય સરકાર કરવા બંધાયેલી છે. કોઈપણ વ્યક્તિને, આવી ખોટી વ્યક્તિઓને આ રાજ્ય સરકાર છાવરવા માગતી નથી. એની સામેની પૂરતી કાર્યવાહી કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : આપનો પ્રશ્ન રહેતો નથી. આગળ ચલાવો. જે ધારાસભ્યશ્રી છે એ ત્યાં ધારાસભ્ય તરીકે પરીક્ષા આપતા નથી. કરશનભાઈ તરીકે આપે છે. વિદ્યાર્થી તરીકે તે બોર્ડના નિયમો પ્રમાણે વિદ્યાર્થી છે. (અંતરાય) મેં સાંભળ્યું છે. કાલ સવારે તમે બી.એ. એલ.એલ.બી.ની પરીક્ષા આપો છો તો બાકી રહ્યું હોય એ આગળ ભણે. સાક્ષરતા અભિયાનનો એક ભાગ છે. આપ આપની વાતને આગળ ચલાવો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો અભિનંદન આપ્યાં છે. માનનીય નાણામંત્રીશ્રી ખૂબ સિનિયર છે. ભૂતકાળમાં ૧૫ કે ૧૬ અંદાજપત્રો રજૂ કર્યા છે ત્યારે મારી જાતને ગૌરવ અનુભવું છું કે મારા પિતાશ્રીએ એમના અંદાજપત્રની ચર્ચામાં ભાગ લીધો હતો અને આજે હું પણ એમાં ભાગ લઈ રહ્યો છું. માનનીય નાણામંત્રીશ્રીનું એવું છે કે,

"હૈ બર્ષા તુ ઈતના બરસ કે વો આ ના શકે ઔર
બર્ષા તુ ઈતના બરસ કે વો આને કે બાદ જા ના શકે. "

માનનીય અધ્યક્ષશ્રી, એમાં એવું છે કે ૨૦૦૦ થી ૨૦૦૧ માં ૩૪૪૫૯ કરોડનું દેવું કર્યુ. એટલે એ દેવું થયા પછી આજની પરિસ્થિતિમાં ૨૦૧૦-૨૦૧૧ માં ૧,૧૨,૪૬૨ કરોડ જેટલું દેવું આજે ગુજરાત સરકારના માથે થઈ રહ્યું છે જે પરિસ્થિતિ ગુજરાત રાજ્યમાં છે એ રીતે કહેવા માગુ છું કે આજે હમણાં છેલ્લા પેપરમાં વાંચ્યું હતું કે, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતની અંદર મહિલા સંમેલનો થયો. એ મહિલા સંમેલનોની અંદર યશોદા એવોર્ડ આપવામાં આવ્યો. ગુજરાત સરકારની એક ખૂબ સારી યોજના છે ચિરંજીવ યોજના જેની અંદર ગુજરાત સરકાર દ્વારા પૈસા આપવામાં આવ્યા છે. મારે આ સભાગૃહને કહેવું છે કે જે રીતે ગુજરાત સરકારનું દેવું વધતું જાય છે અને (અંતરાય) હા, ભાઈ માતા યશોદા એવોર્ડ અને ચિરંજીવ યોજનામાં જે પૈસા આપવામાં આવે છે એ સાથે સરકાર એને કહેવા પણ માગે છે કે હે દીકરા, હે દીકરી તારો જન્મ તો ભલે ગુજરાતમાં થયો પણ તારા

માથે ૧૯૪૨૩ રૂપિયાનું દેવું પણ લઈને તુ જન્મી છે આ વસ્તુ હું કહેવા માગુ છું. ગુજરાતની અંદર જે રીતની પરિસ્થિતિ છે માનનીય જયનારાયણભાઈ પ્રવાસન મંત્રી છે અને જે રીતે પ્રવાસન કરીને ગુજરાતની અંદર રણમહોત્સવ હય, પતંગ મહોત્સવ હોય કે બીજા ગરબા મહોત્સવ કરતા હોય પ્રવાસનને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છૈ. પ્રવાસનની અંદર ૨૦૦૮-૦૯ માં ગુજરાત સરકારે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. ૨૦૦૯-૦૧૦ માં માનનીય નાણામંત્રીશ્રીએ ૧૬૫ કરોડ વાપર્યા હતા. મારે દુ:ખ સાથે આ સભાગૃહને કહેવું છે કે પ્રવાસનની અંદર અમિતાભ બચ્ચન જેવાને જ્યારે એમ્બેસેન્ડર તરીકે ગુજરાત સરકાર નિમતી હોય એ પ્રવાસનને મહત્વ આપવા માટે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે અંદાજપત્ર મેં વાંચ્યું છે એમાં જે આંકડા છે ફકત ૨૬ કરોડ રૂપિયાની જોગવાઈ જ પ્રવાસન વિભાગમાં કરવામાં આવી છે. આ ૨૬ કરોડ રૂપિયા અમિતાભ બચ્ચનને આપવાના છે કે પ્રવાસીઓ માટેની યોજના કરવામાં આવશે? માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં મને કાંઈ ખુટતું દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા બિલની વાત થઈ. આ સભાગૃહની અંદર ખાસ્સી એવી મહિલાઓ છે. જે રીતે સ્વ. રાજીવ ગાંધીએ એક સ્વપ્ન સેવ્યું હતું કે ગ્રામ પંચાયતથી લોકસભા સુધી મહિલા અનામતનો ખરડો દાખલ થાય અને ગઈ કાલે રાજ્યસભામાં દાખલ થયો.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ..

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મને ૧૦ મિનિટ આપી છે.

**અધ્યક્ષશ્રી** : ૧૦ મિનિટ થઈ ગઈ.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૧-૧૨ મિનિટે ઊભો થયો.

**અધ્યક્ષશ્રી** : ૧૦ મિનિટ થઈ ગઈ. ૧૧-૦૮ મિનિટે શરૂ કર્યુ હતું. ૧૧-૧૮ મિનિટ થઈ છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર અને સરકારની વાત કરું છું ત્યારે આ દેશની સંસ્કૃત્તિ ઋષિ અને કૃષિની છે એની સાથે સાથે સહકારની પણ સંસ્કૃત્તિ છે. ગામડાની વાત કરીએ તો ગામડાની અંદર ખેડૂતો પણ સહકારથી એકબીજા કામ કરતા હતા. સહકાર સિવાય બધું અધુરું છે. સહકારની વાત કરીએ તો ગુજરા સહકારી પ્રવૃત્તિમાં પ્રથમ હરોળમાં છે.માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે મારા વિસ્તારની અંદર ૧૯૦૫ની અંદર સેવા સહકારી મંડળી રચાઈ હતી એને આજે ૧૦૫ વર્ષ પૂરા થાય છે. સેવા સહકારી મંડળી એ વિસલપુર ગામની અંદર આના રજીસ્ટર નંબર-૨ આખા દેશની અંદર પહેલી આંધ્રમાં બની અને બીજી ગુજરાતમાં વિસલપુર ગામમાં બની. જયારે સહકારી પ્રવૃત્તિની વાત કરીએ ત્યારે મહદ અંશે લોકોને સ્પર્શતી પ્રવૃત્તિ છે. આર્થિક ઉત્થાન માટેની લોકશાહી ઢબે ચાલતી સંસ્કાર સાથેનો સહકાર એવી આ એક પદ્ધતિ છે. તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ એક રાજય સરકારી બેંક, એક રાજય કૃષિ બેંક, ગ્રામીણ બેંક, ઔદ્યોગિક બેંક, ૨૧ જિલ્લા સહકારી સંઘો, ૧૮ જિલ્લા સહકારી સંઘો, ૮૨૪૦ પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી, ૫૧૧૧ બિનધિરાણ અધિકારી મિત્રો, ૪૪૫૮ પ્રાથમિક ઔદ્યોગિક મંડળીઓ અને કુલ મંડળીઓ ગણીએ તો ૬૩૪૩૩ સહકારી મંડળીઓ છે. આ સહકારી મંડળીઓ એ લોકોના ઉત્થાન માટેનું કામ કરી રહી છે. સહકાર મંત્રીશ્રીએ ખૂબ ધ્યાન આપી સહકારી સંઘો ઉપર પણ નિયંત્રણ કરી સારી રીતે સંઘ ચાલી રહયા છે આ સંઘ એ ગુજરાત રાજયની સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૬૯ એ ગુજરાત રાજયની સહકારી મંડળીઓ પાસેથી શિક્ષણ ફંડ ઉઘરાવે છે અને પ્રચાર અને પ્રસાર માટેની પ્રવૃત્તિ કરે છે. સહકારીની વાત કરીએ તો આખા દેશની અંદર ગુજરાતની એ.પી.એમ.સી. પ્રથમ હરોળમાં ચાલી રહી છે. પહેલા ૭૮૬૧કરોડનું ગુજરાત એ.પી.એમ.સી.નું ટર્ન ઓવર હતું. આજે બમણું થતાં ૧૪૦૦૦કરોડનું ટર્ન ઓવર થયું છે. દેશની અંદર રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા સાથે એમ.ઓ.યુ. કરીને નાગરિક સહકારી બેંકોએ રાજયમાં નબળી પડતી બેંકોને જોડાણ કરીને ૨૦ બેંકોને મર્જ કરી છે. કિસાનની યોજના ધિરાણ માટે ઉપયોગી પણ બની છે અને ૩૨૪૬કરોડનું એમાં ધિરાણ થયું છે. બીજી એ.પી.એમ.સી.ની સાથે સાથે ગુજરાત ડેરી ઉદ્યોગ પણ ખૂબ ફુલ્યોફાલ્યો છે. ગુજરાત સહકારી દુધ ઉત્પાદન મંડળીઓ ૧૪ જિલ્લામાં ૧૨૮૯૪ જેટલી મંડળીઓ છે જેમાં પશુપાલક સભાસદો પણ છે. આ મંડળીઓ ખૂબ સારું ઉત્પાદન કરી રહી છે અને એ ખૂબ સારો વ્યવસાય બની રહયો છે. મારે એક વાત કરવી છે કે હું સાયલાની ચુંટણીમાં ગયો હતો ગોરીલા ગામ ત્યાં એ ગામની અંદર દુધ ઉત્પાદક મંડળી દુધ એકઠું કરતી હતી અને ભગવાનનો ભાગ કાઢતી હતી ત્યારે મેં પૂછેલું તો કહે આ ગામની અંદર ગરીબ, આંગણવાડીમાં જતા હોય એમના માટે કાઢીએ છીએ ત્યારે ગામના મુખીનો દીકરો આનો ચેરમેન હતો પણ મુખી દુ:ખી હતો. મુખીએ મને વાત કરી કે સાહેબ, હું દુ:ખી છું. મેં કીધું કેમ ભાઈ? તો કહે આખી જીંદગી હું આ કોંગ્રેસને થબેડીને ફર્યો. આખી જીંદગી અને સુત્રો પોકાર્યા "આધી રોટી ખાયેંગે ઈન્દીરા કો લાયેંગે" મિત્રો, આજે આ મોંઘવારીએ આધી રોટી પણ ના રહેવા દીધી પણ અમે નિર્ણય કર્યો છે કે "આખો રોટલો ખાવો અને ભા.જ.પા.ને લાવો."

રેવન્યુની વાત કરીએ તો રેવન્યુની અંદર અત્યાર સુધી એટલું અટપટું હતું અભિમન્યુના કોઠા જેટલું જુની શરત અને નવી શરત પણ કલેકટરમાં છ મહિના થાય. રેવન્યુમાં એટલા બધા તુમાર પડયા હતા કે જેના ભારથી

રેવન્યુ ડિપાર્ટમેન્ટ દબાઈ ગયું હતું આટલા બધા તુમાર પડયા હતા. એનું કારણ શું હતું. ગઈ ચૂંટણી વખતે મિત્રોની સરકારની અંદર એન.ઓ.સી. અપાતી હતી. (સમય સૂચક ઘંટડી) ૨૬ની એન.ઓ.સી., આટલો બધો સમાજ એન.ઓ.સી. ઉપર ફરતો, એટલે વિકાસ અને તુમારોની કોઈ ચિંતા નહોતી.(સમય સૂચક ઘંટડી) આ રેવન્યુ વિભાગમાં એટલા બધા તુમારો પડ્યા હતા કે આ સરકારે મહેસૂલ વિભાગની છબી સુધારી મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આજદિન સુધીના લાખો તુમારો નિકાલ કરી લગભગ ઝીરો સુધીનો નિકાલની કામગીરી કરી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ગોવિંદભાઈ, ગોવિંદભાઈ જોડે નક્કી કરી લો. ગોવિંદભાઈ ના બોલતા હોય તો તમને બધો સમય આપી દઉં. શ્રી ગોવિંદભાઈ.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે અમારા રાજકોટના અને સમગ્ર ગુજરાતનું ગૌરવ છે. ૧૬મું બજેટ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે એના સમર્થનમાં શહેરી વિકાસ અને મહેસૂલ વિકાસ માટે હું બે શબ્દો કહેવા માટે ઊભો થયો છું. અહીથી મારા હરીફ પક્ષની પાટલી ઉપરથી બે દિવસથી ચર્ચા ચાલે છે. એમાં કેટલીક વાત એવી કરવામાં આવે છે કે ગુજરાત એ સ્વર્ણિમ વર્ષ ઉજવી રહ્યું છે. ૫૦મી સાલ ઉજવી રહ્યું છે, ત્યારે એ ૫૦મી સાલને શોભે એ પ્રકારની બજેટની અંદર જોગવાઈ રાખવામાં આવેલ નથી. હું કેટલાક આંકડાઓ આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરીને એને ન્યાય આપવાનો પ્રયાસ કરું છું. આ મિત્રો જ્યારે આ બાજુની પાટલી ઉપર બેઠેલ હતા એ ૧૯૮૨ ની શરૂ કરીને ૧૯૯૫ સુધીનું ૧૩ વર્ષનું શહેરી વિકાસનું બજેટ ૮૨૪.૭૮ કરોડ હતું. ૨૦૦૯-૧૦ માં ૨૭૩૯.૨૮ કરોડ હતું અને ચાલુ વર્ષે ૩૦૧૫ કરોડનું બજેટ છે. ૧૩ વર્ષનું ૮૨૪ કરોડ અને ૨૦૧૦-૧૧ માં ૩૦૧૫ કરોડ એ પણ જો આ મિત્રોને ન દેખાતું હોય તો મને લાગે છે કે જરા * (xxxx) **અધ્યક્ષશ્રી** : નંબર ચેક કરાવી લે એ અરૂચિકર શબ્દ છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : સારું, પાછા ખેંચી લઉં છું. જે પ્રકારે શહેરી વિકાસ શહેરી વિસ્તારનો વિકાસ વધી રહ્યો છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. એના માટે આ રાજ્ય સરકારે મને કહેતા આનંદ થાય છે કે ચાલુ વર્ષના બજેટમાં રાજકોટ શહેરનો જે પ્રકારે વિકાસ વધી રહ્યો છે. ચારેબાજુ રાજકોટનો વિસ્તાર વધ્યો છે. એને પહોંચી વળવા માટે પાણીની મહત્ત્વની આવશ્યકતા હોય છે. આને પહોંચી વળવા માટે ચાલુ વર્ષના બજેટમાં ૧૫૦ કરોડની જોગવાઈ રાખવામા આવી છે. ગરીબોની વાત માત્ર ગરીબી હટાવવાના નારાથી ગરીબી દૂર થતી નથી. એના માટેનું કોંક્રિટ વર્ક કરીને એને હટાવવા માટેનો પ્રયાસ કરવો પડે છે. શહેરી વિસ્તારની અંદર જે ગરીબો વસે છે, એને આવાસ માટેની યોજના ભૂતકાળની સરકારમાં કોંગ્રેસના શાસનમાં ૧૯૮૮ થી ૧૯૯૩ ના પાંચ વર્ષના ગાળામાં શહેરી ગરીબો માટે આવાસોની કુલ સંખ્યા ૪,૯૬૩ મકાનો બન્યા હતા. કુલ પાંચ વર્ષમાં ૨૦૦૯-૧૦ ના વર્ષના ગાળા દરમ્યાન ૧૪,૦૦૦ મકાનો આ રાજ્ય સરકારે ગરીબો માટે બનાવ્યા છે અને ચાલુ વર્ષમાં ૪૫૦૦૦ મકાનો બનાવવાની ૩૬૦ કરોડની બજેટની જોગવાઈ આ ચાલુ વર્ષના બજેટમાં રાખવામાં આવી છે.માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાં વસતા ગરીબ માણસોને રોજીરોટી માટે અને તેમના આર્થિક ઉત્કર્ષ માટે આજદિવસ સુધી કોઈ જોગવાઈ હતી નહીં. છેલ્લા બે વર્ષમાં આ ગરીબોનો ઉદ્ધાર માટે જુદી જુદી યોજનાઓ દ્વારા તેમને રોજીરોટી મળી રહે તેટલા માટે ઉમીદ યોજના જાહેર કરી તેના દ્વારા રાજય સરકારે ૧૪૫ કેન્દ્રો ખોલી ૭૦ થી ૭૫ હજાર લોકોને ટ્રેઈન્ડ કરીને ૬૦ થી ૬૫ હજાર લોકોને રોજીરોટી મળી રહે તે માટે આ વર્ષના બજેટમાં પ્લાનિંગ કરવામાં આવેલ છે. સાગરખેડુ યોજનામાં ૩૩ શહેરોમાં ૧૫૯૭૫ લોકોને ટ્રેનિંગ આપવામાં આવેલ છે અને ૧૨૭૮૦ લોકોને રોજગાળી મળી રહે તે માટેના પ્રયાસો રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. સાહેબ, હું મહેસૂલ વિભાગ માટે એક જ મિનિટમાં મારી વાત કરીશ. (સમયસૂચક ઘંટડી) માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. આપના તરફથી ગુજરાતની અંદર...

**અધ્યક્ષશ્રી** : ફારુકભાઈ આપ હજ પઢીને આવ્યા છો એટલે મારે તમને હાજી ફારુકભાઈ કહેવું જોઈએ. મારે તમને હાજી ફારુકભાઈ કહેવું જોઈએ એટલું હું સુધારીને કહું છું.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને તેમના મંત્રીશ્રીઓ જે રીતે જાહેરાત કરે છે કે ગુજરાતમાં શાંતિ છે, શાંતિ છે. શાંતિ આઠ વર્ષથી છે. તો આ શાંતિ કયાં સુધી? હું માનનીય નાણામંત્રીશ્રીને કહેવા માગું છું કે જયારે ૧૯૮૯માં કોંગ્રેસની સરકાર હતી ત્યારે અશાંત ધારો લાવ્યા હતા. કોઈ કોમને નુકસાન ન થાય તેના માટે આ કાયદા ઘડવામાં આવ્યા હતા. સાહેબ આજે ૨૦ વર્ષ થવા આવ્યા છતાં તે અશાંત ધારો અમલમાં છે. આજે તો આપણે ત્યાં જંતરીના હિસાબે દસ્તાવેજ બને છે. જંતરી વગર કોઈ દસ્તાવેજ થતો નથી. પહેલાં જંતરી વગર દસ્તાવેજ થતા હતા પણ તેમાં કલેકટરની સંમતિ લેવામાં આવતી હતી અને

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કલેકટર અભિપ્રાય આપે તો જ દસ્તાવેજ થતા હતા. આજે સાહેબ કરોડો અને અબજોની મિલકતો પાવર ઓફ એટર્ની ઉપર છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં કોટ વિસ્તારની અંદર * (xxxx)

**અધ્યક્ષશ્રી** : મને સંબોધીને ન કહી શકો. મારા ઉલ્લેખો પણ ના કરી શકો. મારા જે ઉલ્લેખો થયા છે તે હું કાઢી નાંખું છું.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે કરોડો અને અબજો રૂપિયા દસ્તાવેજના અટવાઈ પડયા છે તેનું આપણને નુકસાન છે. આપણે દેવામાં ચાલી રહયા છે. તે અશાંત ધારો કયાં સુધી અમલમાં રહેશે? તે કલીયર કરો. હવે તો કોઈને નુકસાન નથી. જંતરીના આધારે જ બધું થાય છે. તો આપને મારી રીકવેસ્ટ છે, અપીલ છે કે વહેલામાં વહેલી તકે આ અશાંત ધારો નાબૂદ કરવામાં આવે. બીજું અમદાવાદ શહેરની અંદર ટેક્સની વાત કરું તો ૧૮ ટકા વ્યાજ લેવાય છે. ૧૮ ટકા વ્યાજ માટે જયારે કોર્પોરેશનમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ભાજપ અને કોંગ્રેસે બંને મળીને ઠરાવ પસાર કર્યો હતો કે આ ૧૮ ટકા વ્યાજ છે તેના બદલે ૭ ટકા લેવામાં આવે તો અમદાવાદની પ્રજા તાત્કાલિક ટેક્સ ભરી દેશે. તે ઠરાવ ગુજરાત સરકારને મોકલ્યો. તે સરકારમાં ૨૦૦૪માં અમલ થયો નહીં. પછી ૨૦૦૬માં તે ઠરાવ પાછો ભાજપની કોર્પોરેશન અને કોંગ્રેસે બંને મળી અહીં ઠરાવ મોકલ્યો કે આ ૧૮ ટકા વ્યાજ છે તેને નાબૂદ કરવામાં આવે કાં તો ૭ ટકા લેવામાં આવે. આજ સુધી તેનો કોઈ અમલ થયેલ નથી. અમદાવાદની પ્રજા આ ટેક્સની અંદર રિબાય છે. તેમાં ખોટી આકારણીઓ થાય છે. ત્યાં આગળ સાહેબ જંતરીનો અમલ કરે છે. ટેકસની આકારણી જંતરી પ્રમાણે લે છે. બીજાની અંદર જંતરી પ્રમાણે લેતા નથી. આ અમદાવાદની પ્રજા ઉપર ટેકસ આકાર્યો છે તેની ઉપર રહેમ કરો. ખાસ કરીને અમદાવાદ શહેર મેગાસીટી થયેલ છે. અમદાવાદનો વિકાસ થાય છે. પૂર્વ અને પશ્ચિમમાં થાય છે. મધ્ય અમદાવાદમાં કોઈ જાતનો વિકાસ થતો નથી. આજે અમદાવાદ શહેરની અંદર કોટ વિસ્તાની અંદર આઝાદી પહેલાંની ગટર અને પાણીની પાઈપ લાઈનો છે. આજ સુધી ત્યાં આગળ દર ઉનાળાની સિઝનમાં રોગચાળો ફાટી નીકળે છે. તેની અંદર આપને વિનંતી કરું આપ તેમાં હસ્તક્ષેપ કરી અને ગુજરાત સરકારમાંથી બજેટની ફાળવણી કરો તો અમદાવાદ શહેરની કોટ વિસ્તારની ડ્રેનેજ લાઈન સુધરી શકે. બીજુ ખાસ કે, આ વર્ષ મહિલા વર્ષ ચાલે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય રાકેશભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે

**શ્રી રાકેશ શાહ** : સાહેબ, માનનીય સભ્યશ્રીએ કહયું કે, અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી રોગચાળા ફાટ્યા છે ત્યારે હું આપના માધ્યમથી..

**અધ્યક્ષશ્રી** : એમ નહીં, પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે એ કહો. નો પોઈન્ટ ઓફ ઓર્ડર.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણા ત્યાં મહિલા વર્ષ ચાલે છે, ગઈ કાલે પાર્લામેન્ટની અંદર બહુમતિથી પસાર થયો છે ત્યારે હું માનનીય નાણા મંત્રીશ્રીને કહેવા માગું છું કે ગુજરાતની અંદર રોજ પાંચ થી સાત બહેનો આપઘાત કરે છે, બળે છે ત્યારે એને હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે, ત્યારે સાસરી પક્ષના કે પિયર પક્ષના કોઈ હોતા નથી, એ બેન બિચારા એકલા હોય છે અને એ બેનની સારવાર માટે ડોકટરો આવે છે પણ દવા કોણ આપે એ સવાલ થાય છે, દવાઓ માટે કોઈ બજેટની ફાળવણી થતી નથી અને માનનીય નાણા મંત્રીશ્રી તો સોળ વર્ષથી અહીયાં બજેટ રજૂ કરે છે. એની અંદર આ માટે કોઈ જોગવાઈ હોતી નથી.

**શ્રી સૌરભ પટેલ(બોટાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય માનનીય નાણા મંત્રીશ્રી સોળમી વાર આ વિધાનસભા ગૃહમાં બજેટ લઈને આવ્યા છે તે બદલ હું એમને અભિનંદન આપું છું અને આ બજેટની અંદર રાજયના વિકાસ માટે કઈ કઈ વાતો છે અને વિરોધપક્ષના નેતાશ્રીથી માંડીને અન્ય સભ્યશ્રીઓએ જે જુદી જુદી વિષય ઉપર, સરચાર્જથી માંડી, મોંધવારીથી માંડી ૭૩૦ કરોડ રૂપિયાનો બોજો વધાર્યો, input tax credit, revenue surplus, deficit આ વિષયની જે એમણે વાત કરી તેઓ ખુલાસો કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે ત્રણ વર્ષ પહેલાં જવું છે, આદરણીય ચિદમ્બરમજી જયારે દેશમાં નાણા પ્રધાન હતા ત્યારે જીએસટી નાબૂદ થાય એવી પાર્લામેન્ટની અંદર એમણે ઘોષણા કરી અને એમણે જયારે ઘ ોષણા કરી અને એમપાવર્ડ કમિટીના સભ્ય જોડે બેઠક લીધી ત્યારે એમણે ચોકકસપણે ખાતરી આપી હતી કે જીએસટી આવશે એ પહેલાં સીએસટી આપણે ઓછો કરવાનો અને ચાર ટકાના ત્રણ ટકા અને ત્રણ ટકાથી માંડીને ધીમેધીમે ઓછો કરવાનો એનું સંપૂર્ણપણે compensation કેન્દ્ર સરકાર આપશે. આ જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારનો કાગળ દશ ઓકટોબર, ૨૦૦૭નો છે એની અંદર સ્પષ્ટપણે લખ્યું છે કે Revenue loss to the State Government on account of reduction of CST rate from ૪ per cent to ૩ per cent shall be compensated by the following measures. વન, ટુ, થ્રી measures આપ્યા છે અને છેલ્લો ડી measure આપ્યો છે. Budgetary support during ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ and ૨૦૦૯-૧૦ in case of measure indicated above do not fully recover the revenue losses. માનનીય અધ્યક્ષશ્રી આ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કાગળના આધારે CST compensation ચારનું ત્રણ ટકા કર્યુ છે. આજે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ જે નિર્ણય લીધો એ નિર્ણયનું કેન્દ્ર સરકારે પાલન કર્યું નથી અને ગુજરાતને એનું નુકસાન થયું છે. આનાથી આગળ વાત કરું તો એમણે શું કહયું, એમપાવર્ડ કમિટીની મિટિંગ બોલાવી, ૮મી જાન્યુઆરી, ૨૦૧૦, એટલે કે હમણાં જ, એમપાવર્ડ કમિટીના સભ્યશ્રીએ વિગતવાર કહયું કે અમારા રૂપિયા આપો એટલે નાણા મંત્રીશ્રીએ મિટિંગ બોલાવી અને નાણામંત્રીશ્રીની મિનિટ્સમાં શું છે The Union Finance Minister indicated that because of the economic slow down both center and states were having problems. After taking all the aspects into account the Minister suggested that the balance estimated now to be ૯૦૦૦ crores be met by the Centre and the State in the ratio of ૫૦: ૫૦. માનનીય અધ્યક્ષશ્રી, આ શું કહે છે કે કેન્દ્ર સરકાર પાસે પૈસા નથી, એટલે પચાસ ટકા કેન્દ્ર આપે, પચાસ ટકા રાજય જવા દે, માનનીય અધ્યક્ષશ્રી, એકેએક એમપાવર્ડ કમિટીના સભ્યો કોંગ્રેસના જોડી રહીને એમ કહયું કે, યુનિયન Finance Ministerને કે અમને આ સ્વીકૃત નથી અમારો અધિકાર છે અને આમના કારણે CST compensation સંપૂર્ણપણે જોઈએ છે એના માટે એપ્રિલના પહેલા અઠવાડિયાની અંદર નાણા મંત્રીશ્રી ફરીથી બેઠક યોજવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મોટો અન્યાય, અને આ અન્યાય એટલે કેટલા રૂપિયા થાય છે? ૨૦૦૭-૦૮ના આપણને બાકી છે ૨૬૯ કરોડ, ૨૦૦૮-૦૯ના બાકી છે ૫૯૦ કરોડ અને અત્યારે જાન્યુઆરી દશ સુધીમાં જેટલા થાય છેને એ ૧૩૪૮ કરોડ છે. આજ સુધીમાં જાન્યુઆરીના એક રૂપિયો મળ્યો નથી. એટલે આ બજેટની અંદર વ્યવસ્થામાં જે પ્લાન કર્યુ હતું અને વિધાનસભાની અંદર આવ્યા હતા એના કારણે જે deficit થાય છે એનું એક મુળ કારણ આ છે. એટલે કુલ CST compensation ના ૨૨૦૮ કરોડ રૂપિયા જાન્યુઆરી સુધીના લેવાના છે અને ફેબ્રુઆરી માર્ચના અલગ. આ ઉપરાંત જે ૫૧૧ કરોડ રૂપિયા સી.એસ.ટી. compensation આપ્યું એનું જે ફોર્મ 'ડી' ના હિસાબમાં થોડો ઈસ્યુ છે એ એટર્ની જનરલને એટલે કે એ.જી.ને સોપ્યું એટલે આમે કહ્યું કે, એ.જી. જે નિર્ણય લે એ અમે તૈયાર છીએ પણ આ ૫૧૧ કરોડ ગુજરાતનો હક છે એમ ૨૭૧૯ કરોડ રૂપિયા કેન્દ્રએ આપવાના બાકી છે. આવી જ એક વાત કરું જે અગત્યનો વિષય છે એ રોયલ્ટીનો વિષય છે. ૨૦ વર્ષથી આપણે રોયલ્ટી compensation ની વાતો કરતા હતા, ૧-૪-૯૮ જ્યારે બાજપેયીજીની સરકાર આવી ત્યારે એમણે મોસ્કર કમિટીએ ૧૭-૩-૨૦૦૩ એ અહેવાલ આપ્યો અને ૧-૪-૯૮થી બેક ડેટેડ રોયલ્ટીમાં ફેરફાર કર્યા, ફેરફાર એ કર્યા કે ઓઈલ વેલહેડ પ્રાઈસ ઉપર ૨૦ ટકા રોયલ્ટી મળશે અને વેલહેડ પ્રાઈસ એટલે માર્કેટ ડીટરમાઈન્ડ પ્રાઈસીસ આપણને મળતા રહ્યા. ક્યાં સુધી મળતા રહ્યા? આ જે કર્યું એ ૨૩-૫-૨૦૦૮ સુધી આપણને મળ્યા. એટલે રાજ્ય સરકારને જે ક્રુડ પ્રાઈસ મળ્યા એ માટે ૨૦૦૩માં નિર્ણય લીધો ૯૮થી બેક ડેટેડ આપ્યા પણ ૩૧ માર્ચ ૨૦૦૮ સુધી આપ્યા પણ ૨૩-૫-૨૦૦૮ની અંદર કેન્દ્ર સરકારે નિર્ણય લીધો અને એડમિનિસ્ટ્રેટીવ ઓર્ડર આપ્યો, એડમિનિસ્ટ્રેટીવ એટલે કેબિનેટમાં પસાર કર્યા વગર ઓર્ડર આપ્યો. જે પહેલાનો ઓર્ડર હતો એ ગેઝેટમાં પબ્લિસ થયો હતો, કેબિનેટમાં પસાર થયેલો ઓર્ડર હતો પરંતુ ૨૩-૫-૨૦૦૮ના રોજ જે ઓર્ડર આપ્યો એમાં કહ્યું કે ડિસ્કાઉન્ટેડ પ્રાઈસ એટલે જે આઈ.ઓ.સી.ને ૫૦ ટકા ૪૦ ટકા ડિસ્કાઉન્ટ મળે એ ડિસ્કાઉન્ટ કાપીને આપણને મળશે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી અહીંયા વાતો થઈ કે તમે કેમ કેન્દ્ર સામે સુપ્રિમમાં જતા નથી? સુપ્રિમ કોર્ટમાં જવા માટે અમે લોકોએ પૂરેપૂરા ઓપિનિયન લીધા છે. શ્રી કમલ ત્રિવેદી, એડવોકેટ જનરલ ગુજરાત શું કહે છે? The action of the ONGC claiming the royalty is to be calculated on post discount price is illegal, invalid and wholly unjustified and contrary to the provision of the Oil Field Act.. શ્રી વેણુગોપાલ સિનિયર એડવોકેટ કહે છે, State Government should challenge the communication of the Central Government by way of Article ૨૨૬ of the Constitution before the High Court or approach the Supreme Court under Article ૩૨ of the Constitution. શ્રી એમ.જી.રામચંદ્ર, શ્રી અમરચંદ મંગળદાસ, શ્રી અસીમ કાપડિયા આ બધાના ઓપિનિયન લીધા છે અને અમે જવાના છીએ પરંતુ નવા ચિફ સેક્રેટરી આવ્યા છે એમણે કહ્યું છે કે, આપણે રાજ્ય અને કેન્દ્રના સંબંધો સાચવવા જોઈએ. આપણા વિરોધ પક્ષના નેતા તો નિષ્ણાત લોયર છે, હું એમની મદદ માગુ છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે એમનો લિગલ ઓપિનિયન આપ્યો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જ્યારે નામ લઈને કહ્યું છે ત્યારે મારો લિગલ ઓપિનિયન છે કે, If there are so many opinion in favour file the petition and get the result. Then I will congratulate you.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રિમ કોર્ટમાં અને હાઈકોર્ટમાં પિટિશન કરે એના બીજ જ દિવસે જજમેન્ટ નથી આવી જતા. પાંચ-પાંચ અને સાત-સાત વર્ષ જજમેન્ટ આવતા નીકળી જતા હોય છે. આપે જે આપેલા પ્રોમીશ છે એ આપેલા પ્રોમીશ પાળોને શા માટે સુપ્રિમ કોર્ટમાં લઈ જવાની વાત કરો છો? જે કાયદાથી પ્રસ્થાપિત થયેલી વસ્તુ છે અને જેને કેબિનેટે પસાર કર્યુ છે એ કેબિનેટનો તમારો હુકમ એ એક મંત્રી અને એક વ્યકિત નક્કી કરે અને પછી કહે કે હવે તમે કોર્ટમાં જાવ. તો તો બધી બાબતમાં કહી શકાય. કોઈને અન્યાય

કરીને આપણે કહેવું કે હવે જાવ તમે ન્યાય મેળવવા કોર્ટમાં એ બરાબર નથી. કોર્ટમાં જજમેન્ટ આવતા અને ન્યાય મળતા પાંચ દસ વર્ષ નીકળી જાય.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને અન્યાય થયો ત્યારે હું ગયો છું કોર્ટમાં.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એના કરતાં એમ કહોને અમે કેન્દ્રને કહીશું અને તમારી વાત સાચી હશે તો ભેગા થઈને અમે તમને પૈસા અપાવીશું. આ પૈસા કોઈ ભાજપને નથી મળતા, કોંગ્રેસને નથી મળતા આ પૈસા છે એ ગુજરાત સરકારને અને ગુજરાતની પ્રજાને મળે છે. (અંતરાય) અને પ્રજાના હક અને અધિકાર માટે થઈને કોર્ટમાં જવાનો પ્રશ્ન ન હોવો જોઈએ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વાત તદન ખોટી હોય છે અને. ગુમરાહ કરો છો માટે આ પરિસ્થિતિ થાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ બેસી જાવ. પ્લીઝ. મારી વાત સાંભળો, આપ બેસી જાવ પછી હું આપુ. હા, શકિતસિંહજી આપ કહો શું કહેવું છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી મારો સવાલ એટલો જ છે કે, ગુજરાતના હિતની વાત હોય આપ વિશ્વાસમાં લેવાનો પ્રયત્ન ક્યારેય કરો છો ખરા? કરો અને અમે ન મદદ કરીએ તો જુદી વાત છે ગુજરાતના હિત માટે અમે સંપૂર્ણ તૈયાર છીએ. લિગલ ઓપિનિયન આપની તરફેણમાં હોય, હું એમ નથી કહેતો, હું એમ નહીં કહી શકું કે મંત્રીશ્રી ગૃહમાં ગેરમાર્ગે દોરે છે એ બિનસંસદીય છે.પણ ગૃહમાં અને બહાર આપણે વાત કરતા હોઈએ, આટલા લીગલ ઓપિનિયન આપણી તરફેણમાં હોય તો નામદાર સુપ્રીમ કોર્ટમાં, સરકારમાં પ્રયત્ન આપણે સાચા હોઈએ તો ચોકકસ થાય, સરકારમાં પ્રયત્ન પછી જો આપણને એમ લાગતું હોય તો વિલંબ થવાનો છે એ બીકે સુપ્રીમ કોર્ટમાં ન જવું એ મને લાગે છે કે વાજબી નહીં રહે.

**અધ્યક્ષશ્રી** : એક જ મિનિટ છે. લીગલ ઓપિનિયનની વાત એમણે કરી છે, લીગલ ઓપિનિયન આપે પણ એક એડવોકેટ તરીકે સુપ્રીમ કોર્ટમાં જવાનો આપ્યો છે. ચર્ચાની અંદરથી જે નીકળે તે. શ્રી વજુભાઈનું કહેવાનું એમ છે કે એના સિવાયનો પણ એક માર્ગ છે કે બધા સાથે મળીને કેન્દ્ર સરકાર પાસે જવાનો એક માર્ગ છે. પણ આ બધી જ ચર્ચા એ રાજયના હિતમાં હતી અને રાજયને થતા નુકસાનો માટે જે ભાવ રજૂ થયો એમાંથી હતી, પણ એક શબ્દ આપનો એમાં આવી ગયો, જે આપને કદાચ ઉતાવળમાં આવી ગયો કે આ બધી વાત ખોટી છે. (અંતરાય) એટલે એ સંદર્ભમાં આપ પણ જોઈ લેજો. હું પણ જોઈ લઈશ. એને અત્યારે મુદ્દો નથી બનાવતો. પણ, મુખ્ય મુદ્દો આટલો જ છે કે રાજયની કર વ્યવસ્થાની અંદર અને રાજયના આર્થિક ભારણોની અંદર માનનીય સૌરભભાઈ જે વાત કરતા હતા. જુદા જુદા લીગલ ઓપિનિયનોની, એમાં આપે પણ એમ કહ્યું કે મારો પણ લીગલ ઓપિનિયન આ છે. સુપ્રીમ કોર્ટમાં જતા પહેલા વજુભાઈએ જે કહ્યું કે સુપ્રીમ કોર્ટમાં જઈએ તો વિલંબ થાય. અને વિલંબ થતા પહેલાના જે રેમેડીઝ છે, એનો ઉપાય નીકળે એ ચર્ચાનું હાર્દ છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રીએ જે કીધું, મદદ કરવા તૈયાર છું એને હું આવકારું છું. હું તો એક પગલું આગળ વધવા તૈયાર છું. કે આખો જ રોયલ્ટીનો ઈસ્યુ કોંગ્રેસના મિત્રો જેમને આ રાજયને મદદ કરવા જે ઈચ્છે છે, એમને હું આખું ડિટેઈલમાં કહું, આપણે વકીલોને બોલાવીએ, સમજીએ અને સમજયા પછી એક કમિટી બનાવીએ અને કમિટી બનાવ્યા પછી આપણે કેન્દ્રને રજૂઆત કરીએ એવી મારી આપને નમ્ર વિનંતી છે. બીજું આપને કહું માનનીય અધ્યક્ષશ્રી, આમાં ઘણા બધા ઈસ્યુઝ છે અને અમને સેક્રેટરી હમણા નવા આવ્યા છે, એમણે કીધુ છે કે તમે કોર્ટમાં જતા નહીં, હું મારી રીતે રસ્તો કાઢુ છું. એના કારણે આપણે અત્યારે વાર્તાલાપ દ્વારા આ મુદ્દો ઉકેલવાની કોશિશ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક પગલું આગળ જાંઉ, કે અત્યારે જે સિદ્ધાર્થભાઈ અને બધા મિત્રોએ વાત કરી કે જે રેવન્યુ ડેફિસિટ પ્રપોઝલ ૪૫૦૨ કરોડ છે. આ ૪૫૦૨ કરોડ સંપુર્ણપણે આ વર્ષમાં ઝીરો થઈ શકે તેવી શકયતા છે. સી.એસ.ટી. કોમ્પન્સેશન તો અમે એમ્પાવર કમિટી પાસે જવાના છીએ. અને એમ્પાવર કમિટી ચોકકસપણે આગળ વધવા જી.એસ.ટી. ના વધતા પહેલા સંપુર્ણપણે યુનેનિમસ ડિસિસન લીધું છે. એમાં બધા જ કોંગ્રેસના રાજયો છે કે સી.એસ.ટી. કોમ્પન્સેશન આગળ ના આપે તો જી.એસ.ટી.નું અમલીકરણ કરવું નહીં. આવું મિનિટ્સની અંદર નોંધાયું છે. એટલે અમને એમાં ચાલશે, પણ બીજું આ રોયલ્ટીના મુદ્દામાં મદદ કરો તો સી.એસ.ટી. કોમ્પન્સેશનના ૨૨૦૮ કરોડ અને રોયલ્ટીના મુદ્દામાં ૧૮૩૩ કરોડ. આ બે ભેગું કરીએ તો આ વર્ષે રાજયની આવક ૪૦૪૦ કરોડ જેટલી એક જ વર્ષમાં વધે. હવે ૪૦૪૦ કરોડ માટે હું આપની મદદ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે વાત કરીએ. બીજી બે વસ્તુમાં મદદ માગું. કદાચ વિરોધ પક્ષના નેતાને આ વાત સાંભળીને કદાચ શોકીંગ પણ લાગશે. ઘણા લોકોએ મોંઘવારીની વાતો કરી. ઘણા લોકોએ, ઈકબાલભાઈએ ડિઝલ અને પેટ્રોલની વાતો કરી. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર જે ડિઝલ અને પેટ્રોલના ભાવ નકકી કરે છે. ડિઝલ અને પેટ્રોલ ક્રુડથી ઉત્પાદિત થાય. ક્રુડ કયાં છે? ગુજરાતમાં છે. ક્રુડ કયાંથી આવે છે? કંડલાથી આવે છે. એટલે ગુજરાતને જે પેટ્રોલ અને ડિઝલ મળે છે, એ બરોડા આઈ.ઓ.સી. રીફાઈનરી પાસેથી મળે છે. અને રીફાઈનરીમાંથી દેશમાં બીજી જગ્યાએ જાય છે. બીજું જે ક્રુડ ગુજરાતમાં આવે છે એ ડાયરેકટ પણ દિલ્હી અને બીજા મથુરા રીફાઈનરીમાં જાય છે. મિત્રો, મારે એ જાણવું છે કે આ જે ક્રુડ લે છે, રીફાઈનરીઓ,

અને પછી એ ક્રુડનું જે રીફાઈનીંગ કરે છે, અને જે બેઝિક ભાવ નકકી કરવામાં આવે છે. એસેસેબલ વેલ્યુ જે નકકી કરવામાં આવે છે, ટેકસીસ વગરની જે કિંમત નકકી કરવામાં આવી છે, કેન્દ્રના ટેકસ વગર, સ્ટેટના ટેકસ વગર, ટ્રાન્સપોર્ટેશન વગર જે નકકી કરવામાં આવેલ છે, એ ડિફરન્સ હું આપને આપું. અમદાવાદનો ભાવ છે, પેટ્રોલમાં રૂપિયા ૨૪.૩૭ પૈસા. ત્રિવેન્દ્રમ સૌથી દૂર છે, એના ભાવ શું છે? રૂપિયા ૨૩.૨૦ પૈસા અને બોમ્બેના કેટલા છે? રૂપિયા ૨૩.૫૧ છે. જયપુરમાં રૂપિયા ૨૩.૩૯ છે. આ કઈ જાતનો ન્યાય છે. ગુજરાતમાં ક્રુડ ઉત્પાદન થાય. ગુજરાતમાં રીફાઈનરી હોય અને ગુજરાતના એસેસેબલ ભાવ વધારે. પ્રજા ઉપર આપણે ભારણ નાંખવાનું છે? (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧ રૂપિયો ને ૧૭ પૈસાનો બેઝિકમાં ફરક છે. એક રૂપિયો ને સત્તર પૈસા. (અંતરાય) અરે ભાઈ આગળ સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ વિધાનસભાગૃહમાં આ તફાવતની વાત કરું છું એ ટેકસ વિનાની વાત છે. ૧ રૂપિયો અને ૧૭ પૈસાનું ભારણ છે અને એના કારણે જે પેટ્રોલનો વપરાશ છે એ પેટ્રોલના વપરાશનો આંકડો મૂકીએ તો વાર્ષિક પેટ્રોલ ૧૨૦ કરોડ લિટર વપરાય છે અને એનો આપણી પ્રજા ઉપર બોજો ૨૪૦ કરોડ રૂપિયાનો છે. આજે કેન્દ્ર સરકાર નકકી કરે કે ગુજરાતને ત્રિવેન્દ્રમના ભાવે આપવું છે તો પેટ્રોલમાં ૨ રૂપિયા લિટરે ઘટી જાય. આટલો ગુજરાતને કેન્દ્ર સરકારનો અન્યાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય ખુમાનસિંહભાઈ, રાજયની પ્રજાના હિતમાં વાત થતી હોય તો આપણે શાંતિ રાખવી જોઈએ. (અંતરાય)

**શ્રી સૌરભ ભટેલ**: મારી મદદ કરો, હું સ્વીકારવા તૈયાર છું, આપણે સાથે રજૂઆત કરીશું.

(આ તબકકે શ્રી શકિતસિંહ બોલવા ઉભા થતાં)

**અધ્યક્ષશ્રી:** માનનીય શકિતસિંહજી, આપને ઉભા થઈને બોલવાની હું તક આપીશ એ તમે તમારા સમયમાં પછી વાત કરજો. આમનું પ્રવચન પૂરું થયા પછી આપ વાત કરજો.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું તો મંત્રીશ્રીને મદદ કરવા માટે ઉભો થયો હતો. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વિષય સ્પષ્ટ કરવો જોઈએ કે આ ક્રુડ છે એ એસેસેબલ વેલ્યુનું ક્રુડ છે એના પછી એની ઉપર કેન્દ્ર સરકારનો ટેકસ લાગે, ઓ પછી ગુજરાત સરકારનો ટેકસ લાગે છે. મારે આ વાત બાજુ પર મૂકીને માત્રને માત્ર હું એસેસેબલ વેલ્યુની વાત કરું છું અને એટલા માટે કહું છું કે તમે કહો તો ૨ રૂપિયા લિટરે ઘટાડો કરવાની મારી તૈયારી છે જો તમે ત્રિવેન્દ્રમના ભાવે ગુજરાતને અપાવો તો.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ડીઝલની વાત કરું તો ડીઝલમાં અમદાવાદનો ભાવ લિટરે ૨૬.૨૧ છે, મુંબઈ બહારનો ભાવ ૨૫.૮૦ છે, બોમ્બે અને અમદાવાદનો આટલો તફાવત? ત્રિવેન્દ્રમનો ૨૫.૮૯ છે અને જયપુરનો ૨૫.૦૧ છે. આપણે શું કામ..(અંતરાય)

## પોઈન્ટ ઓફ કલેરિફિકેશન

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, એન.ડી.એ.ની સરકાર વર્ષો સુધી રહી ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અમદાવાદ, મુંબઈ અને ત્રિવેન્દ્રમના ભાવમાં જે તફાવત હતો અને આજનો જે ભાવ છે અને એ વખતે એન.ડી.એ.ની સરકાર વખતનો ડિફરન્સ અને આજનો ડિફરન્સ એમાં ફેરફાર થયો છે કે કેમ અને રાજય સરકાર આપે કહ્યું તેમ ૨૩ અને ૨૪ ની વચ્ચે પેટોલ ગુજરાતમાં કેન્દ્ર સરકાર આપે છે એના ઉપર કેન્દ્રના ટેકસના કારણે કેટલા થયા અને રાજયના ટેકસના કારણે કેટલા થયા?

**શ્રી સૌરભ પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, એના માટેની સભ્યશ્રીએ વધારે ચિંતા બતાવી છે. એન.ડી.એ.ના સમયના ભાવોની સરખામણીની અપેક્ષા રાખે છે અને મારી પાસે એ વખતના અત્યારે ભાવો માગે એ વાજબી નથી, પરંતુ મારે તો કહેવું છે કે આજની તારીખમાં મને મદદ કરવાની મારી વાત છે. મારે એટલા માટે જ કહેવું છે કે હું આપની મદદ માગું છું. હું કોઈ આક્ષેપ કરતો નથી. હું તો માનનીય શકિતસિંહની મદદ માગું છું કે આ ડીઝલ અને પેટ્રોલના ભાવમાં ડીઝલના ૪૧ પૈસા અને કુલ ગણીએ તો ૫૦ પૌનો ફરક પડે છે. ડીઝલ અને. પેટ્રોલના ભાવમાં પ્રજાને આ મોંઘવારીમાં ઘટાડો થાય અને બીજા રાજયોને જે ભાવે આપે છે એ ભાવે આપણને પણ આપવા માટેની વિનંતી કરું છું અને એમાં હું આપની મદદ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ જે બીજી વાત કરું કે હમણાં ઘણાબધા આક્ષેપો ગેસ માટે થયા છે. મિડીયામાં પબ્લિસીટી કરી છે. આ એક એવું રાજય છે કે પાા લાખ ઘરોમાં કનેકશન આપીએ છીએ. કેન્દ્ર સરકાર જે સિલિન્ડર પહોંચાડે છે એના કરતાં પાઈપ લાઈન ગેસમાં ઘટાડો છે. મારી એક જ વિનંતી છે કે સૌથી સસ્તો એ.પી.એમ. ગેસ છે અને દેશમાં એ કેટલો છે તો ૫૪ મિલિયન યુનિટ છે અને એ કયાં આપે છે? તો મહારાષ્ટ્ર મહાનગરને આપે છે, ઈન્દ્રપ્રસ્થ ગેસ, દિલ્હીને આપે છે, એસ્સાર સ્ટીલને આપે છે, રિલાયન્સને આપે છે, આઈ.ઓ.સી. રિફાઈનરીને આપે છે, ઈસ્પાત સ્ટીલને આપે છે, વિક્રમ સ્ટીલને આપે છે અને એના ભાવ છે એ તો

૩ રૂપિયા છે. મારે એટલું જ કહેવું છે કે આ ૫૪ મિલિયનમાંથી આપણને એક મિલિયન અપાવો. આ ગુજરાત રાજયના ખાનગી ઉદ્યોગો લેતા હોય એને કાપીને અપાવો તોપણ મને વાંધો નથી. તમે ગુજરાતના ખાનગી ઉદ્યોગોને કાપીને પણ અપાવો તો આ ૧ મિલિયન ગેસ છે એનાથી જે પાઈપથી ગેસ આપીએ છીએ એના ભાવમાં ૩૦ ટકા ઘટાડો થશે. જે સી.એન.જી.ના સિલિન્ડરો અને સી.એન.જી.ના સ્ટેશનો જે આપણને ગેસ આપે છે તેમાં ૩૦ ટકાનો ઘટાડો થશે. સી. એન. જી. ના સ્ટેશનો જે આપણને ગેસ આપે છે, તેમાં ૩૦ ટકાનો ઘટાડો થશે માનનીય અધ્યક્ષશ્રી, અને હું તૈયાર છું આવવા, આદરણીય મુરલી દેવારાજીને મળવા આવવા તૈયાર છું અને એમાં આપનો સહકાર જોઈએ છે, આપ સમય ગોઠવી આપો, હું આપની જોડે સમય લેવા તૈયાર છું બધા આંકડા આપવા તૈયાર છું. તમે વિચાર તો કરો,૧૩માં ફાઈનાન્સ કમિશનનો રિપોર્ટ આવ્યો, મારા સાથી મિત્રોએ બધાએ બહુ મદદ કરી હતી, બધા કોંગ્રેસના મિત્રોએ અને ભારતીય જનતા પાર્ટીએ રજુઆત કરી હતી, ચેમ્બર ઓફ કોમર્સે પણ રજુઆત કરી હતી, આ રજુઆતો થઈ, શું નિર્ણય આવ્યો? જયારે એન. ડી. એ. ની સરકાર હતી તયારે ૧૨મું ફાઈનાન્સ કમિશન એપોઈનટ કર્યુ હતું અને એ જયારે એપોઈન્ટ થયું ત્યારે ૧૧માં ફાઈનાન્સ કમિશનનો ૨.૮ પરસન્ટ શેર આપણો હતો, એટલે આખા દેશનું જે ડીવીઝેબલ પુલમાં ગુજરાતનો હિસ્સો ૨.૮ પરસન્ટ હતો, એન.ડી.એ. સરકાર આવી અને પછી જે ૧૨મા ફાઈનાન્સ કમિશનનો અહેવાલ આવ્યો તેમાં આપણો શેર ૨.૮ થી વધીને ૩.૫૭ ટકા થયો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ફાઈનાન્સ કમિશન એ કોન્સ્ટીટયુશનલ કમિશન છે તેની ટીકા ન કરી શકાય.

**શ્રી સૌરભ પટેલ** : હું ટીકા કયાં કરુ છું, મેં ટીકા કરી જ નથી. હું માહિતી આપું છું.

**અધ્યક્ષશ્રી** : એમને વિગતો આપતા હું નહીં રોકી શકું. સિધ્ધાર્થભાઈ નાણા મંત્રીશ્રી જે વિગતો આપે છે તેને વિગતો આપવા દો.

**શ્રી સૌરભ પટેલ :** હું વિગતો જ આપું છું સાહેબ. સાંભળો, વાત તો સાંભળો,

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફાઈનાન્સ કમિશન એન. ડી. એ . સરકાર વખતે અને અત્યારની સરકાર વખતે એમ બે સરકારો સાથે સાંકળીને તેમણે વાત કરી છે, ફાઈનાન્સ કમિશન એ કોન્સ્ટીટયુશન ઓથોરીટી છે તેને નથી.

**અધ્યક્ષશ્રી** : વિગતો આપી શકાય, આપ આપની વાત ચાલુ રાખો.

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કહે છે આ તેરમાં ફાઈનાન્સ કમિશનના અહેવાલની અંદર, હું આ કેમ કહું છું કે આ રાજયની આવતા પાંચ વર્ષની આવકમાં ઘણો ફેરફાર થવાનો છે. આપણે બધાએ જે મહેનત કરી, આપણો જે હિસ્સો ૩.૫૭ ટકા હતો તે હિસ્સો ઘટીને ૩.૦૪ ટકા થયો છે. આ બારમાં નાણા પંચની સરખામણી આપણે કરવા જઈએ તો ૧૩માં નાણા પંચના અહેવાલમાં સાડા સાત હજાર કરોડની આવતા પાંચ વર્ષમાં ગુજરાતને આવક ઓછી થવાની છે. આ અગત્યનો વિષય છે, ઘણાં લોકોએ મહેનત કરી પણ સફળતા નથી મળી, અને તેરમાં નાણા પંચનો રિપોર્ટ કેન્દ્ર સરકારે એકસેપ્ટ કર્યો છે અને કેબિનેટમાં સ્વીકાર્યો છે. અને કેબિનેટે સ્વીકાર્યા પછી પાર્લામેન્ટમાં આ બજેટ વખતે મૂકવામાં આવ્યો હતો. ઘણી બધી વાતો કરી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સરચાર્જની વાત કરી કે ૨૫ ટકાનો સરચાર્જ દૂર થવો જોઈએ, ૨૫ ટકાનો સરચાર્જ બીજા કોઈ રાજયમાં લેતા નથી એવી વાત કરી, વિરોધપક્ષના નેતાશ્રીને મારે માહિતી આપવી છે. વેટના ૪ ટકાના ૫ ટકા નકકી કરવા માટે કેન્દ્ર સરકારે એમ્પાવર્ડ કમિટીના સભ્યશ્રીઓને જી.એસ.ટી.ના, સી. એસ.ટી.ના કોમ્પોન્સેસન પેકેજમાં એક કન્ડીશન છે, હું મીનીટસ વાંચી જાઉં, આદરણીય ચીદમ્બરમજીએ મિનિટસમાં ૪ ટકાના ૫ ટકા કરવા માટે કહયું છે, તો જ સી.એસ.ટી. કોમ્પોન્સેસન મળશે તે કન્ડીશન છે, એટલે હું અત્યારે આપ કહેતા હો તો મિનિટસ વાંચી જાઉં.

**અધ્યક્ષશ્રી** : કોઈ કહેતા જ નથી, અને એમને કહેવું હશે. તો ઉભા થઈને કહેશે.

**શ્રી સૌરભ પટેલ :** બીજું કે આ આધારે એમ્પાવર્ડ કમીટીના યુનાનીમસની અંદર નકકી થયું છે કે બધા જ રાજયો ૪ ના ૫ ટકા કરશે. આજની તારીખમાં પંજાબ, કર્ણાટક, દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ, અને આ ઉપરાંત ૧૨ા થી વધારાની વાત કરો છો તો પંજાબે સાડા બારના ૧૩.૭૫ કરી નાખ્યા, કર્ણાટકે ૧૩.૭૫ કરી નાખ્યા, રાજસ્થાને સાડા બારના ૧૪ કર્યા , ઉત્નર પ્રદેશે ૧૩.૫૦ કર્યા, મધ્ય પ્રદેશે. . (અંતરાય).

**અધ્યક્ષશ્રી :** આપને જે કંઈ કહેવું હોય તે પછી કહેજો, વચ્ચે ન કહો. હું રોકું જ છું એમને.

**શ્રી સૌરભ પટેલ** : મારે એટલી જ માહિતી આપવી છે કે આ નિર્ણય છે તે ગુજરાત સરકારનો એકલાનો નથી, કેન્દ્રની કન્ડીશનના આધારે સી. એસ. ટી. ના કોમ્પોન્સેસનના આધારે આ કરવામાં આવ્યો છે અને તેની ગુજરાતે પહેલ કરી અને બીજા બધા રાજયોએ ફોલો કર્યુ છે. એટલું જ મારે કહેવું છે. બીજું કંઈ કહેવું નથી. અહીંયા દેવાની બહુ વાત કરી. મારે એકજ વાત કરવી છે. ફિઝિકલ ડિસિપ્લિન ૧૨માં નાણા પંચે રિપૉર્ટ આપ્યો હતો અને એમણે કહ્યું કે આટલા પૅરા મીટર બરાબર ચલાવશો તો તમારુ રાજય ફિશ્કલ ડિસિપ્લિનમાં આગળ વધ્યું ગણાશે અને આટલા પગલાં કરશો તો કેન્દ્રનું લોન પ્રત્યે વેવર આપશે. આપણે રેવન્યુના જે નોમ્સ નક્કી કર્યા હતા એ સ્વીકારાયા. ફિશ્કલ ડૅફિસિટના નોમ્સ નક્કી કર્યા હતા એ સ્વીકાર્યા. Debt જી.એસ.ડી.પી.ના

જે ટાર્ગેટ નક્કી કર્યા હતા એ કેન્દ્ર સરકારે પ્લાનિંગ કમિશને રીઝર્વ બેંકે સ્વીકાર્યુ એટલે ડેથ ૨૦૦૫-૬માં ૩૭૪ કરોડ વેવ કર્યુ. ૨૦૦૬-૦૭માં ૪૭૨ કરોડ કર્યુ. ૨૦૦૭-૮ ૪૭૨ કરોડ કર્યુ. ૨૦૦૮-૦૯માં ૪૭૨ કરોડ કર્યુ, અને ૨૦૦૯-૧૦માં ૪૭૨ કરોડ કર્યુ. આપણી ફાઈનાન્શિયલ ડિસિપ્લિનના કારણે કેન્દ્ર સરકારે ૨૨૬૨ કરોડ રૂપિયા આપણા માફ કર્યા છે. દેવાની વાત કરીએ છીએ. ખાલી બે ચાર આંકડા આપું મહારાષ્ટ્ર એક લાખ ૫૪ હજાર કરોડ, આંધ્ર પ્રદેશ ૧ લાખ એક હજાર કરોડ, નાનુ રાજસ્થાન ૬૫ હજાર કરોડ, પશ્ચિમ બંગાળ ૧ લાખ ૪૬ હજાર કરોડ આપ જ્યારે વિચાર કરો. બીજું વધારાની એક વાત કરુ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સિદ્ધાર્થભાઈ, વધારે ઉત્સાહિત ન થાવ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું કહેવા માગું છું કે દેવું કેપીટલ વર્થમાં ન જાય, અને જે પાર્ટી સદ્ધર હોય એની ટકાવારી વ્યાજની ઓછી હોય છે. જે આપવાની તાકાત ન હોય એના ભાવ વધારે હોય છે. મારે આપને આંકડા કહેવા છે. Study of the budget ૨૦૦૯-૧૦ રિઝર્વ બેંકે શું કહ્યું, હરિયાણા ૧૦.૨૯ ટકાએ પૈસા લે છે. મહારાષ્ટ્ર ૯.૩૦ ટકાએ લે છે. આંધ્ર પ્રદેશ ૮.૯૯ ટકાએ લે છે. રાજસ્થાન ૧૦.૩૩ ટકાએ લે છે, પંજાબ ૧૦.૦૮ ટકાએ લે છે. ગુજરાત માત્ર ૮.૭૦ ટકાએ લે છે. તાકાત છે એટલે લઈએ છીએ. અરે લોકો આપવા તૈયાર થાય છે એટલે લઈએ છીએ. અને દેશમાં અને રાજયોમાં સૌથી ઓછા વ્યાજે ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો એ ગુજરાતને આપે છે. એવી રીતે બીજી વાત કરું (અંતરાય) ઘણો સમય ગયો છે.

**અધ્યક્ષશ્રી** : સમય જતો નથી. મેં આગળ કહ્યું તેમ ઉત્પાદક ચર્ચા થતી હોય તો આ બાજુથી સમય ઓછો થશે.

**શ્રી સૌરભ પટેલ** : આ સરકાર જવાબદાર સરકાર છે. સરકારે છેલ્લા ઘણા વરસોથી ફયુચર માટેની લાયેબિલિટી એટલે આવતી સરકારની લાયેબિલિટી માટે એક થીન્કીંક ફંડ ઊભું કર્યુ છે. એ ફંડમાં રૂપિયા કેટલા મૂક્યા છે. દર વરસે ૫૦૦ કરોડ રૂપિયા મૂકે છે.એ નૉન પ્લાન એકસ્પેન્ડીચર તરીકે મૂક્યા છે. ખરેખર એ નૉન પ્લાન એકસ્પેન્ડીચર ન ગણાય. એ આપણું સેવિગ્ઝ ગણાય અને આટલા વરસોમાં એ ફંડ ૫૦૦ કરોડથી દર સાલ વધારી કુલ ૪૮૬૭ કરોડ રૂપિયા થયું છે. એટલે આવતી સરકારોને પૈસા ચૂકવવા માટે ૪૮૬૭ કરોડનું બેલેન્સ અમે મૂક્યું છે. નર્મદા બોન્ડના ૨૦૧૩ના પૈસા પણ આપણે ચૂકવી દીધા છે. આપ વિચાર તો કરો કે સરકારમાં પહેલા ગૅરન્ટી ફટાફટ વધતી હતી. આ સરકારમાં ગૅરન્ટી ૧૬ હજાર કરોડની હતી આજે એ ગૅરન્ટીઓ ધીમે ધીમે ઘટાડી દીધી છે. માત્ર સાડા દસ હજાર કરોડની ગૅરન્ટી આવી ગઈ છે. અને આ ગૅરન્ટી આપી છે એના માટે પણ એક ફંડ બનાવ્યું છે. કાલે ઊઠીને સરકારે એની કંપનીમાં ગૅરન્ટી આપી હોય અને કંપની ઊભી થઈ જાય તો સરકારને બોજો ન પડે, એ વખતની સરકારને બોજો ન પડે એના માટે આપણે ગુજરાત ગૅરન્ટી રીનોવેશન ફંડ ઊભું કર્યુ છે એ ફંડમાં દર વરસે પૈસા મૂક્યા આજે ૧૫૪૦ કરોડ રૂપિયા થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, નૉન પ્લાન એકસપેન્ડીચરમાં ઘટાડો કરીએ છીએ. આમાં સૌથી વધારે વાત થઈ એ વ્યાજની વાત થઈ. આ સરકારની તાકાત, ત્રેવડ કેટલી કે ૨૦૦૪-૦૫માં અમારું એવરેજ ઈન્ટરેસ્ટ ૧૦.૭૯ હતું એ ઘ ટાડીને અમે અત્યારે ૮.૮૦ કર્યું. કેટલો મોટો ઘટાડો? એટલે વિચાર કરો બે-બે ટકા વર્ષે ઘટાડો થાય, ૮૦,૦૦૦ કરોડના ૨ ટકા એટલે ૧૫૦૦ કરોડનો રૂપિયાનો ઘટાડો થયો. આ તાકાત, સરકારની નાણાકીય સ્થિતિને કારણે થયો છે. રાજયની આવક વધતી નથી. સૌથી વધારે આવક સ્ટેટ ટેકસીસમાં આપણે દર વર્ષે વધતા જ જાય છે. આવા મંદીના સમયમાં પણ આપણી ૧૧.૯ ટકા આવક વધી છે, તેના આગલા વર્ષે ૭.૬ ટકા વધી છે અને તેના આગલા વર્ષે ૧૮.૫ ટકા વધી છે. એટલે રાજયની આવક પણ સાથે સાથે વધતી જાય છે.

મને કહેતાં આનંદ થાય છે કે આ વર્ષે જે પ્રમાણે પ્લાન સાઈઝમાં વધારો કર્યો છે. આખા દેશના ઈતિહાસમાં બધા રાજયો જોઈ લો. મને ૬,૦૦૦ કરોડનો વધારો તો બતાવો. યાદ કરો ૧૯૯૮ની સરકાર, યાદ કરો ૧૯૯૫ની સરકાર, યાદ કરો ૨૦૦૧-૦૨ની સરકાર. આ વિધાનસભાની અંદર ૬,૦૦૦, ૫,૦૦૦ અને ૪૦૦૦ કરોડના પ્લાન સાઈઝની ચર્ચા થતી હતી. આજે ૬,૦૦૦ કરોડનો વધારો એક વર્ષમાં?

માનનીય અધ્યક્ષશ્રી, બે-ચાર વસ્તુ કહું. આક્ષેપ કર્યા. થોડી વાત કરી લઉં. મારે મારા મિત્ર સિદ્ધાર્થભાઈને કહેવું છે કે આપ શિક્ષિત છો. આપે limestone ઉપર અમારા પર આક્ષેપ કર્યો. તમે જી.આર. વાંચજો. આક્ષેપ કેવો કર્યો? કે મોટાઓનું જ વાંચ્યું. આ Limestone policy. Grant of limestone concession to manufacture cement in the State of Gujarat ૧૮-૧૧-૦૯. આમાં શું લખ્યું છે. છેલ્લું પાનું તમે વાંચ્યું હોત તો આ તમે ન કર્યો હોત. એ છેલ્લું પાનું વાંચીને બતાવું. Limestone Policy PL/ML for captive purpose for existing/expansion. બન્ને આવી ગયું? કોના માટે? All the mini cement plant will be continued to be granted on priority as per GR dated ૧૭-૧૨-૦૫ subject to utilization of existing mines or obtaining new mines. સમય બગાડ્યા વગર આપને મોકલી આપું. આપ વાંચી જજો.

## પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન છે. માનનીય મંત્રીશ્રીએ જ્યારે જી.આર.ને ટાંકીને વાત કરી છે. મારે માત્ર એટલું તેમની પાસેથી જાણવું છે કે હવે પછી નવા જે યુનિટો માગણી કરે તેમાં તમે નાના યુનિટોને પ્રાથમિકતા આપવાના છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : મોટા ઉદ્યોગોને મળે તો મળે, પણ નાના ઉદ્યોગો માટે ઓલરેડી સૂચના અપાઈ ગઈ છે. તેના બ્લૉકો તૈયાર થાય છે. હું આપને ખાતરી આપું. આ જી.આર.માં અમે લોકો મોટા ઉદ્યોગો પાસે limestone આપીશું તો ૩ ટકા સિમેન્ટ મફત માગ્યો છે. નાના પાસેથી નથી માગ્યો. ૩ ટકા સિમેન્ટ મફત માગ્યો છે.

**અધ્યક્ષશ્રી** : મારે આપને નેકસ્ટ કહેવું પડશે. પૂરું કરી દો.

**શ્રી સૌરભ પટેલ** : બે જ મિનિટ. એક બીજો આક્ષેપ કર્યો હતો..

**અધ્યક્ષશ્રી** : મને કોઈ વાંધો નથી. પછી તમારા સભ્યશ્રીઓનો..(અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : એક બીજો ગંભીર આક્ષેપ કર્યો હતો. એટલે વાત કહી દઉં.

**અધ્યક્ષશ્રી** : મને કોઈ વાંધો નથી. જે મિનિટો બાકી બચી છે એ બધી તમે વાપરશો તો પણ વાંધો નથી.

**શ્રી સૌરભ પટેલ** : આ સભાગૃહમાં એમ વાત કરી કે એસ્સાર ઉપર એના ડ્રીલીંગમાં માટી ઉપર આપણે રૉયલ્ટી લેતા નથી. એ દરિયામાંથી કાઢે છે. રાજય સરકારનો કોઈ એમાં અધિકાર નથી. તેના ઉપર રૉયલ્ટી લેવાનો, આપણે જો લેવી હોય તો કેન્દ્ર સરકારમાંથી નિર્ણય મળે તો રાજય સરકારની આવક વધશે. કેન્દ્ર સરકાર કાલે નિર્ણય આપી દે.આ મોટાઓને ફાયદો કોણ કરાવે છે? બીજું એલ એન્ડ ટીની વાત કરી. મારે આજની તારીખમાં કહેવું છે કે, એલ એન્ડ ટી ઉપર કેટલા દરોડાઓ પાડ્યા છે? સુરતની અંદર એમના ઉપર ૨.૪૦ કરોડ, બીજા ૪.૪૨ કરોડ, બનાસકાંઠાની અંદર બ્લૅક ટ્રેપમાં ૧.૧૯ કરોડ, સાબરકાંઠામાં ૧.૯૬ કરોડ, ગોધરામાં ૫૮.૭૩ લાખ એમ કુલ ૮,૭૭,૪૮,૦૭૫ આ ઉપરાંત પેનલ્ટી રિકવરી કરી છે. આ આઠ કરોડની સામે ૫.૭૯ કરોડ રિકવરી કરી છે અને ત્રણ કરોડ બાકી છે. એ રિકવરી અપીલમાં છે. અપીલમાં વહેલામાં વહેલી તકે સુનાવણી થશે અને દોષિત થશે તો એલ એન્ડ ટી ભરશે. અંતમાં મારે એટલું જ કહેવું છે કે, આ બજૅટની અંદર બધી જ ચિંતા કરી છે અને ખાસ કરીને બધા સભ્યશ્રીઓએ પછાત તાલુકાઓ, બેકવર્ડ તાલુકાઓની વાત કરી છે, એની આ સરકારે કેટલી ચિંતા કરી છે? ૧૯૮૪થી ૨૦૦૪ સુધીના ૨૦ વર્ષના ગાળામાં પછાત વિસ્તારો માટે માત્ર ૪૨ કરોડ રૂપિયા ખર્ચાયા હતા અને એમાં આપણા જે કૌલગી સમિતિના જે બેકવર્ડ તાલુકા છે એમાં આ ત્રણ વર્ષની અંદર ૧.૭૨ કરોડ ખર્ચાયા છે. હવે આ પછાત જ રહેને. આ બજૅટની અંદર ખૂબ સારી જોગવાઈ કરી છે. મારી અંતમાં વિરોધપક્ષના નેતાને નમ્ર વિનંતી છે કે, ત્રણ વસ્તુમાં એમની મદદ જોઈએ છે. રૉયલ્ટીમાં મદદ જોઈએ છે, પેટ્રોલ અને ડિઝલના ભાવમાં મદદ જોઈએ છે અને એપીએમ ગેસ જોઈએ છે. એના માટે સર્વપક્ષીય સમિતિ બનાવીએ અને પ્રધાનમંત્રીને મળવું પડે તો એમને મળીએ અને મંત્રીશ્રીઓને પણ મળીએ એવી મારી નમ્ર વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : વિપક્ષ બાજુ ૩૧ મિનિટ છે અને આ બાજુ ૨૨ મિનિટ રહે છે. શ્રી કુંવરજીભાઈ હળપતિ.. ..

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશ):

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ (બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ જે ૧૬મી વખત બજૅટ લઈને આવ્યા છે અને એમાં શ્રી વજુભાઈએ ૧૬મી વખત અમારા હળપતિ સમાજને અન્યાય કરીને આ બિલ લઈને આવ્યા છે એ વાત કરું છું અને હું એમનું ધ્યાન દોરું છું. વિરોધપક્ષના નેતાશ્રી કહેતા હતા કે, હું ખાતો નથી અને ખાવા દેતો નથી. એમાં હું થોડોક ફેરફાર કરું છું. હું હળપતિ ગૃહ નિર્માણ બોર્ડની રચના કરતો નથી અને હળપતિ આવાસ બનાવવા દેતો નથી. ગૃહના નેતાએ એમ કહ્યું હતું કે, ઇન્દિરા આવાસ યોજનામાં ૯૦૦૦૦ રૂપિયાના વધારાની માગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરી. હું એમને પૂછું છું કે, હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ આઝાદીના ૫૦ વર્ષ પછી પણ ચાલતું હતું અને છેલ્લા ૧૨ વર્ષથી એને બંધ કર્યું છે. તમે એના માટે ૯૦૦૦૦ રૂપિયાની નહીં પણ ૯૦ પૈસાની પણ જોગવાઈ આ બજૅટમાં કરી છે એને ચાલુ કરવા? તમે કહેતા હતા કે હું મોદી ભગવાનને મોદીને લાખ લાખ નહીં પણ કોટી કોટી વંદન કરીશ. તમે હળપતિ સમાજને અન્યાય કર્યો છે. એ વાત કહેવી છે. અને બીજું કહેતા હતા કે,

"હતા ઘણા મોંઘા તમે, સસ્તા બની ગયા,
બનવું ન હતું છતાં શિરસ્તો બની ગયો,
તમારું શું થશે બાપુ?
તમે ખુરશી સુધી જવા માટે ગરીબ મેળા કરી ગયા."

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ અહીં કેન્દ્રની ટીકા કરવાને બદલે કદાચ અરીસામાં જોયું હોત તો આપને ખબર પડત કે, ગુજરાતને કોણે અન્યાય કર્યો છે, હળપતિને કોણ અન્યાય કરે છે એ ચોક્કસ ખબર પડત. બીજું આ બજૅટની અંદર વજુભાઈ વાળા શિક્ષણની જોગવાઈ લઈને આવ્યા, ગુણોત્સવ કરવામાં આવ્યો પણ માનનીય રમણભાઈને કદાચ ખબર નહીં હોય કે જે આ રાજયનો શિક્ષક એક વર્ષ સુધી તાલીમ લે છે બી.એડની ૨ વર્ષ સુધી પી.ટી.સી.ની તાલીમ લે એ ૨ દિવસમાં કશુ ઉકાળી શકવાના નથી, પણ આ બજૅટની અંદર તમે ૨૫૦૦ રૂપિયાની જગ્યાએ તમે વધારો લઈને આવ્યા હોત તો વજુભાઈને કોટી કોટી વંદન કરેત. જગતમાં જીર પીવે તે શિવ અને જગતમાં જેર ફેલાવે તે જીવ, અને બજૅટમાં ગરીબ મેળાની મશ્કરી કરે તે સરકાર. પ્રાથમિક શાળાઓમાં જે છાત્રાલયો ચાલે છે, એ છાત્રાલયોની અંદર બજૅટમાં માત્ર ૩૫૦ રૂપિયા ભોજન બિલ આપવામાં આવે, જો આ બજૅટની અંદર ૩૫૦ની જગ્યાએ ૬૦૦ કે ૭૦૦ રૂપિયાનો વધારો લઈને આવ્યા હોત તો અમે આજે તમને સ્વીકારવા તૈયાર હતા. જિલ્લા પંચાયતના ચાલતા છાત્રાલયોની વાત કરુ છું. એમાં તમે વધારો કરો, છાત્રાલય તમે કોઈ દિવસ જોયું છે ખરું આ પ્રાથમિક શાળા છાત્રાલયની વાત કરુ છું, ન જોઈ હોય તો ફકીરભાઈ તમે વીઝીટ મારી આવજો અને પછી મને કહેજો. (અંતરાય) અરે કયાં ૬૦૦ છે આશ્રમશાળામાં ૩૫૦ છે આવો મારા વિસ્તારમાં હું તમને બતાવું. (અંતરાય) આ બજૅટની અંદર જે ટેક્સ નાખવાની વાતો કરવામાં આવી છે પણ હું એમ પૂછું કે ટેક્સના કરવેરા નાખવાને બદલે સુરતના બાબુલાલ કાપડિયા વીજ ચોરીમાં પકડાયા, કરોડો રૂપિયાનો એમને દંડ ફટકારવામાં આવે અને આ સરકાર એને (અંતરાય) એને છાવરીને છોડી દેવામાં આવે અને મારા ગરીબ માણસોને જો એ કરતા હોય તો એમાં કોઈ વજૂદ નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :શ્રી આત્મારામભાઈ અને બાકીના આ બાજુના સભ્યો જેઠાભાઈ, મેં જોયું છે જેઠાભાઈ, આત્મારામભાઈ, કોઈ સભ્યને બેસી જાવ એવું નહીં કહેવું જોઈએ.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં મારા જમણા કાંઠાની કેનાલ .. ..

**અધ્યક્ષશ્રી** : મેં જોયું છે. આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી મુળુભાઈ .. ..

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૦ના વર્ષનું બજૅટ આ માનનીય નાણામંત્રીશ્રી આદરણીય વજુભાઈ લઈને આવ્યા છો એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. આ સ્વર્ણિમ બજૅટમાં જે જોગવાઈઓ કરવામાં આવી છે એ સામાજિક સેવાઓ માટે ૧૨,૮૯૦ કરોડ એટલે ૪૨.૦૩ ટકા સિંચાઇ અને પુર નિયંત્રણ માટે ૫૬૭૦ કરોડ એટલે ૧૯.૨ ટકા અને વાહન વ્યવહાર માટે ૩૧૯૮ કરોડ અને ૧૦.૮ ટકા અને કૃષિ અને અન્ય બાબતો માટે ૨૦૬૪ કરોડની જોગવાઈઓ જે કરવામાં આવી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં પ્રતિપક્ષના મિત્ર અમિતભાઈ ચાવડા રોજગારી વાત કરી રહ્યા હતા, કે બેરોજગારોની સંખ્યામાં વધારો થતો રહે છે. બેરોજગારી બહુ છે. સરકારે રોજગારી માટે કંઈ કર્યુ નથી આવી વાત કરી રહ્યા હતા એમને કહેવું છે કે આ બધી વાત છે એ કદાચ આપણું પાડોશી રાજય મહારાષ્ટ્રની વાત હશે કેમ કે આ સન્માનનીય ગૃહમાં છેલ્લા ૭-૮ વર્ષથી આપણે આંકડાઓ આપતા રહ્યા છીએ, વાત પણ સાંભળી છે કે આપણી જે કેન્દ્ર સરકાર છે એનું શ્રમ મંત્રાલય છે એ દર વર્ષે કૅલૅન્ડર વર્ષ પૂરું થાય ત્યારે જે રોજગાર કચેરીઓના પ્રયત્નોથી બેરોજગારોને રોજી આપવામાં આવી હોય એના આકડાઓ જે છે એ કેન્દ્ર સરકાર કૅલૅન્ડર વર્ષ પૂરું થયા પછી બહાર પાડે છે અને એ આકડાઓની હકીકત એમ કહે છે કે છેલ્લા ૭-૮ વર્ષથી સમગ્ર દેશમાં આપણું ગુજરાત છે એ રોજગારી આપવામાં પ્રથમ નંબરે છે. નંબર-વન છે. નંબર વન કે અભિનંદન કે ઉત્સવ એવી કોઈ વાત આવે ત્યારે આ બધાને તકલીફ થાય છે. પણ મારે કહેવું છે કે આ જે નંબર વન છે એ આપણી ગુજરાત સરકાર કે આપણે નક્કી કરેલા આંકડાઓ પ્રમાણે નથી. આ એના પક્ષની જે કેન્દ્ર સરકાર છે એની સરકારે હમણાં ૨૦૦૭માં કહ્યું છે કે સમગ્ર દેશમાં દરેક જિલ્લાની રોજગાર કચેરીઓ પોતાના પ્રયત્નોથી બેરોજગારોને રોજગારી આપે છે એમાંથી ૭૩ ટકા રોજગારી એકલું ગુજરાત આપે છે. આપણે મહારાષ્ટ્રમાં જોઈએ તો કોંગ્રેસની સરકાર છે. એનો બીજો નંબર છે પણ એની ટકાવારી માત્ર ૯ ટકા છે અને તામિલનાડુંને ત્રીજો નંબર મળે છે અને એની ટકાવારી ૨ ટકા છે. બાકીનાનો કયો ક્રમ હશે એ ખબર નથી. એ બધા ખોવાઈ ગયા છે. આ બધું એમને એમ નથી થતું. આના માટે આપણા દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી અને શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ રોજગાર મેળાઓ પહેલા થતાં હતા એમાં ગોલ્ડન ગોલ નક્કી કરીને ત્રણ-ચાર ગણો વધારો કરીને ઉદ્યોગ ગૃહો પાસે જઈને ત્યાં ખાલી જગ્યાઓ કેટલી છે એ ખાલી જગ્યાઓની વિગતો મેળવીને એક મંચ ઉપર બેરોજગાર હોય એવા યુવક-યુવતીઓ, ઉદ્યોગકારો અને સરકારના રોજગાર અધિકારી એ એક મંચ ઉપર ભેગા થાય અને સ્થળ ઉપર એની પસંદગી કરવામાં આવે અને પ્લેસમેન્ટ આપવામાં આવે. આપણા રાજ્યમાં આઈ.ટી.આઈ. અગાઉ હતી એમાં ખૂબ મોટો વધારો થયો છે. આ વર્ષે શ્રમ અને રોજગાર વિભાગનું ૨૦૦ કરોડનું બજૅટ ૬૮ ટકાના વધારા સાથે આવ્યું છે. એમાં શહેરી વિસ્તારમાં તો આઈ.ટી.આઈ. ઓ બની ગઈ છે પણ શ્રમ મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે હવે જે ગ્રામ્ય વિસ્તાર છે, હું જે વિસ્તારમાંથી ચૂંટાઈને આવું છું એ વિસ્તાર (અંતરાય) (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય કિરણભાઈ....

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતમાં ૪૩ લાખ ૨૪ હજાર હેકટર જમીનમાં વાવેતર કરવામાં આવતું હતું. છેલ્લા ૩૦ વર્ષ પછી ૨૦૦૮-૦૯ની સ્થિતિએ ૧૧ લાખ ૨૫ હજાર હેકટર જમીનમાં વાવેતર કરવામાં ઘટાડો થયો છે. જેના કારણે અન્ન અને ઉત્પાદન ઓછા થતાં એની સુરક્ષાનો પ્રશ્ન ઊભો થયો છે. એના કારણે માનવ વસતિમાં પણ સતત વધારો થતો ગયો છે. આ એક ચિંતાનો વિષય છે. એના ઉકેલ રૂપે ખેતી લાયક જમીન ઉપર ઉદ્યોગોને પરવાનગી આપવી જોઈએ નહીં. બીજું કે રહેઠાણ અને બીજા અન્ય બાંધકામો માટે નિયંત્રણ કરવું જોઈએ અને ત્રીજું સરકાર કન્યા કેળવણી માટે મોટી મોટી વાતો કરે છે તેનો હું દાખલો આપવા માગું છું. રાજ્યમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૮૫ લાખ ૯૨ હજાર છે તેમજ કન્યાઓની સંખ્યા ૩૯ લાખ ૭૫ હજાર છે. આમાં ૪૬.૭૩ ટકા કન્યાઓનું પ્રમાણ છે. જ્યારે રાજ્યમાં કન્યાઓ માટેની શૈક્ષણિક સંસ્થાઓ માત્ર ૬ ટકા જ છે. તો આ સરકારે ખાસ કન્યા કેળવણી માટે કેળવણી આપતી સંસ્થાઓનું પ્રમાણ વધારવા બજૅટમાં કોઈ વધારો કર્યો નથી. બજૅટમાં કંઈક ભૂલ થઈ ગઈ હોય એવું લાગે છે. આ સરકાર મહિલાઓના સંમેલનો યોજે છે તેમાં અનેક વચનો આપતા ભાષણો કરવામાં આવે છે. ખાનગી અને જાહેર ક્ષેત્રમાં રોજગારી મેળવતી મહિલાઓ માત્ર ૧૪ ટકા જ છે. આ સરકાર રાજકીય રીતે ૫૦ ટકા મહિલાઓને અનામત આપવા માગે છે. પરંતુ મહિલા રોજગારી માટે વિશિષ્ટ જોગવાઈઓ ધરાવતી રકમની ફાળવણી કરવામાં આ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. વાહન વ્યવહારની વાત કરું તો વાહન વ્યવહાર માટે ૩૧૧ કરોડની બજૅટમાં જોગવાઈ કરી છે. રાજ્યનું એસ.ટી. તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે. ખખડધજ બસો અને ૨/૩ શિડ્યુલો બંધ, અનિયમિત બસ વ્યવહાર અને કન્યાઓને સ્કૂલે જવાના રૂટ બંધ.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં સમગ્ર ગુજરાતમાં જે એસ.ટી. બસ ડેપો અમારી સરકારે બનાવ્યાં હતા. હાલ આ એસ.ટી. ડેપો એકયા બીજા કારણોસર બંધ કરે છે. રાજ્ય સરકાર આ બજેટમાં નવા બસ ડેપોને અપગ્રેડ કરવા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના આધારે કરવા માગે છે. આમ પ્રાઈવેટ પાર્ટનરશીપને આધાર લઈ રાજ્ય સરકાર જવાબદારીમાંથી છટકી જવા માગે છે ત્યારે મારે એક કહેવું છે કે,

" સતેજ રાખું દ્રષ્ટિ મારી, ખુલ્લા છે મારા કાન
સદેવ સંવેદના રાખું, આળસનું નહિ નામ
હરખ, શોકના ભાવ વગર પવિત્ર ભાવે કરો રાજ
સૌનો સરખો વિકાસ થાય, કોઈથી ના રાખું દ્વેષ કે રાગ."

માનનીય અધ્યક્ષશ્રી, મારા ભરૂચ જિલ્લામાં નર્મદા નદી અને સમુદ્રનું પવિત્ર મિલન થાય છે. જ્યારે ભરતી આવે છે ત્યારે દરિયાના પાણી ૪ થી ૫ કિલોમિટર દૂર ખેતીલાયક જમીનની અંદર ઘૂસી જાય છે અને વધુને વધુ ખેતી ઉપયોગી જમીન ખારાશવાળી બની જાય છે. જ્યારે પાણીના સ્ત્રોતો દરિયાઈ ખારાશ સામે રક્ષણ આપવા જે આયોજન વિચાર્યુ છે તેના માટે જરૂરી અભ્યાસો કરવા ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામે રૂા.૪ કરોડની જે જોગવાઈ કરી છે. તે ખરેખર બરાબર નથી તે વધારવી જોઈએ. આ અગાઉ મારી આગળના ઘણાં ધારાસભ્યશ્રીઓ અને આ ગૃહના કેટલાય ધારાસભ્યશ્રીઓએ અને મેં પણ વારંવાર રજૂઆત કરી છે કે આ જમીન ખારી થતી બચાવો. રાજ્ય સરકાર દ્વારા કહેવાતી ગુજરાતની ધરતીને નવપલ્લવિત કરનાર સૂજલામ્ સુફલામ્ યોજનાના મૂળમાં જ ભ્રષ્ટાચાર છે. આ યોજનામાં ખેત તલાવડી, બોરીબંધ, ચેકડેમ જેવા કામોનો સમાવેશ થાય છે. જ્યાં જ્યાં પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ હોય ત્યાં બોરીબંધ બનાવવામાં આવે છે. આ બોરીબંધમાં પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્લાસ્ટિકની થેલીઓ અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવે છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય પોતાની સ્વર્ણિમ જયંતિ ઉજવી રહ્યું છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે સ્વર્ણિમ બજેટ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યાં છે તેને હું આવકારું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થળે પહેલી જાન્યુઆરીના રોજ વર્તમાન ધારાસભ્યો અને સંસદસભ્યો તથા ભૂતપૂર્વ ધારાસભ્યો અને સંસદસભ્યો આપણે સૌ ભેગા મળીને સ્વર્ણિમ સંકલ્પ લીધો હતો કે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ નંબરે નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રથમ નંબર અપાવવા માટે આપણે સૌએ સંકલ્પ લીધો હતો. એ પ્રસંગે વિશ્વ સમક્ષના જે પ્રશ્નો છે, જે પડકારો છે તેમાં પણ ગુજરાત પોતાનું યોગદાન આપે તે આપણે સૌ સાથે મળીને તે માટે પુરુષાર્થ કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિશ્વ સમક્ષ અત્યારે સૌથી મોટો પડકાર છે એ ગ્લોબલ વોર્મિંગનો પશ્ન છે. આ ગ્લોબલ વોર્મિંગનો જે પ્રશ્ન છે તે હલ કરવા માટે ગુજરાત રાજ્યનું વન અને પર્યાવરણખાતું જે સુંદર કામગીરી કરે છે તેને હું મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. ભારતીય વન મોજણી સંસ્થા ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાએ ઉપગ્રહો દ્વારા લેવાયેલ છબીઓના આધારે કરેલ અભ્યાસ અનુસાર રાજ્યમાં વૃક્ષ હેઠળ આચ્છાદિત વિસ્તાર સને ૧૯૯૧માં હતું તેમાં ૨૪ ટકાનો વધારો થયો છે. આ સિદ્ધિ વનોના સંરક્ષણ અને વિકાસના કામોની સફળતા દર્શાવે છે. આ સફળતા આપણને એમ ને એમ નથી મળી. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારના દરેક વિભાગના જે કાંઈ અધિકારી, કર્મચારીઓ છે તેઓ ફક્ત પોતાની નોકરી કરીને પગાર મેળવે એવું

નહિ. પરંતુ તેઓ એક કર્મયોગી છે. આ કર્મયોગીની તાલીમના આધારે તેમનામાં કર્મયોગીની ભાવના જે ઉજાગર થઈ છે આ ભાવનાના આધારે આપણે આ સિદ્ધિ હાંસલ કરી છે. આ કર્મયોગી તાલીમ જે આપણે આપી એનું એક ઉત્તમ અને આદર્શ ઉદાહરણ એ મારા મતવિસ્તારમાં સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના મેટાસણ મુકામે આપણને જોવા મળશે. જે વન વિભાગનો વિસ્તરણ વિભાગ છે એમાં મેટાસણ પંચાયતમાં ૯ હેકટર જમીનની અંદર ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦ ની અંદર જે વનીકરણ કરવામાં આવ્યું છે. ગ્રામ વનનું જે કામ કરવામાં આવ્યું છે એ ડી-૧ પ્રકારનું મોડલ એને કહેવામાં આવે છે આની અંદર આ જે જમીન હતી એ બિલકુલ બીનઉપજાઉ હતી અને ત્યાં જાળા જાંખરા હતા. ત્યાં જંગલી બાવળ ઉગ્યા હતા ત્યાં ગામ લોકોના સહયોગથી અને બીજી સંસ્થાઓની મદદથી આપણે આ બધું દુર કરી અને તેની અંદર ફળાઉ ઝાડનું વાવેતર કર્યું છે. આઠ-નવ ઝાડ જે આપણે વાવેતર કર્યું એની અંદર આંબા-૬૦૦, સીતાફળ-૩૦૦૦, જામફળ-૨૫૦૦, આંબળાના ઝાડ-૫૦૦૦ એ રીતે જે ફળાઉ ઝાડ છે એ ૧૩૩૦૦૦ જેવા રોપા છે. ગયા વર્ષે આની અંદરથી ૩૦૦૦૦ રૂપિયાની આવક ગ્રામ પંચાયતને થઈ છે. આ જે પ્લોટ છે એની આજુબાજુ જે ખેડૂત રહે છે અને જે જમીન વિહોણા વ્યકિત છે એમના દુધાળા ઢોર માટે આજીવીકાનું સાધન છે. એ માટે આ વિસ્તારમાંથી એમને ૪૦૦૦ કવીન્ટલ જેટલુ વર્ષમાં વિનામુલ્યે ઘાસ લઈ જાય છેઅને પોતાની આજીવીકા ચલાવે છે. અને એક પ્લોટમાં જે હવે વૃક્ષો વાવવામાં આવ્યા છે ત્યાં વન વિસ્તાર તરફથી ચોકીદાર ત્રણ વર્ષ માટે મૂકવામાં આવ્યો છે પરંતુ ફળાઉ ઝાડ પરિપૂર્ણ થતાં ૬ વર્ષ લાગે છે તો આ સમય ૬ વર્ષનો કરવા માનનીય મંત્રીશ્રીને વિનંતી તથા વન ખાતા કર્મયોગીઓ જે સુંદર કામગીરી કરે છે એમને ઘણા વર્ષોથી એવોર્ડ આપવામાં આવ્યા નથી તો તેમને પ્રોત્સાહિત કરવા માટે એવોર્ડ આપવામાં આવે એવી વિનંતી છે. વન વિસ્તાર ખૂબ સુંદર કામગીરી કરે છે એને અભિનંદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે એમાં મારું મંતવ્ય રજૂ કરવા ઉભો થયો છું. આ ગુજરાત મહાત્મા ગાંધીજીનું છે. મહાત્મા ગાંધીજીએ એમના શબ્દોમાં કહયું છે કે માણસને પીઠ પાછળ દેખાતું નથી. એણે બીજાની આંખોથી જોવું પડે છે અને બીજાનું સાચું માનવું પડે છે અને સાચું ન માને તો પણ મનોમંથન કરીને પણ સ્વીકારવું પડે છે. આ ગુજરાતની અંદર છેલ્લા દસ વર્ષમાં જે બોજો પડયો છે. ભલે આંકડાની માયાજાળ વખતોવખત તમે રજૂ કરો એ બોજો સહન કરી શકે તેમ આ પ્રજા નથી. વિકાસના જે આંકડા બતાવ્યા છે એ ગુજરાતની પોતાની તાકાત છે અને એ તાકાતને લીધે ડેવલપ થાય છે. કુદરતી સંપત્તિ પણ પડેલી છે. એ કુદરતી સંપત્તિના આધારે પોતાની તાકાતથી આગળ વધે છે એની અંદર ચંચુપાત આપણે ભારે કરીએ છીએ. વર્ષોથી કોંગ્રેસે અહીંયા રાજય કર્યું છે અને રાજય કરતી વખતે એણે દુરંદેશી રાખી છે અને દુરંદેશી ઓછી નથી રાખી. દુરંદેશીની અંદર આખા ગુજરાતના રસ્તા એણે બનાવ્યા છે. શિક્ષણનો આખો ગ્રાફ એણે દોર્યો છે. જેઓ આજે બોલે છે એ કોંગ્રેસના રાજના શિક્ષણમાં ભણીને બોલે છે.એ યાદ રાખવું જોઈએ. ૨૦૧૦-૧૧માં ૧૭૭૭૨૦કરોડનું દેવું આજે આપણે લઈને અહીંયા બેઠા છીએ. કેટલા ટકાનો વધારો થયો? ૩૦૮ટકાનો વધારો થયો. એ ઓછો નથી અને વધારો થતો રહે છે. આપણે યોજનાઓના એક પછી એક લહાણીના સિમ્બોલ બતાવેલા આપણે જોઈએ છીએ અને છેલ્લા વર્ષમાં પ્રજાની વચ્ચે જુના પાટીયા ઉતારીને કલ્યાણ મેળાનું પાટીયું લગાવ્યું છે આપણે. એનો ખર્ચ ૪૪૦લાખ છે. આપણે શું કામ કરીએ છીએ? ચેક આપવાનું આખા ગુજરાતમાં ગુજરાતનું જ તંત્ર છે એ તંત્ર મારફત ચેક એને મળે જ છે. આટલો ખર્ચ ચેક આપવા પાછળ કરવાનું શું પ્રયોજન?પ્રચારનું માધ્યમ તે પણ આ પ્રજાના જોખમે અને આ પ્રચારની અંદર કદાચ અમારો જે નાનો માણસ એને જો વહેલા ચેક મળતા હોય તો સારી વાત છે. એને કમ્પલીશન સર્ટિફિકેટ મળ્યા પછી ૩-૪ મહિના સુધી ચેકના વિતરણની રાહ જોવી પડે છે અને એને શોષણ કરવું પડે છે, એ માપની બહાર છે. એકબાજુ પ્રજા ઉપર ૪ કરોડનો બોજો પડે છે અને બીજી બાજુ તમે આટલા લેટ ચેક એને આપો છો (અંતરાય) અને મેળાઓ કરો છો. વાંધો નથી. ૪ કરોડનો બોજો પ્રજા ઉપર પડવાનો છે, ત્યારે આ ચિંતાનો વિષય છે. બીજી બાજુ એમ કહો છો કે ૨૪મી તારીખે બંધારણનું સન્માન કર્યુ. બહુ સારી વાત છે. પહેલી વખત જાહેરમાં સન્માન ગુજરાતમાં થયું. મારે એમને કહેવું છે કે ૨૪૪ કલમનો આડેધડ અન્યાય કોણે કર્યો? ૨૪૪ ની અનુસૂચિ-૫ ની વખતો વખત અમે માગણી કરીએ છીએ. શા માટે અમલ નથી કરાતો? અમે જ્યારે જ્યારે આ વાત કરીએ છીએ, ત્યારે કોઈને કોઈ રીતે આડેપાટે લઈ જવામાં આવે છે. આપણે જે બજેટ ફાળવણીએ છીએ, ત્યારે હું મંત્રીશ્રીને પ્રવાસનને આમંત્રણ આપું છું. આપણે ટાંકીઓ બનાવી છે, એનો પ્રવાસ કરી આવે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર)** : માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૧૬મી વખત સ્વર્ણિમ બજેટ લઈને આવ્યા છે, એમના સમર્થનમાં હું બે વાત કરવા માગું છું.

આજે પ્રવાસનનો ગુજરાતની અંદર ખૂબ જ વિકાસ થયો છે. એમાં ટૂંકમાં વાત કરીએ તો જે અનેક યાત્રાધામમાં જોવાલાયક સ્થળોની સરકીટ બનાવીને ગુજરાતની અંદર પ્રવાસીઓને લઈ જવામાં આવે છે, જેમાં ગુજરાતના ગીરના સિંહ દર્શન કાર્યક્રમ હોય, સોમનાથ મંદિર તથા અન્ય જોવાલાયક સ્થળ એમાં આવે છે. સોમનાથની અંદર જ્યારે કેન્દ્રમાં મિનિસ્ટર હતા જગમોહનજી, યાત્રા અને પ્રવાસન ધામ ત્યારે એમણે ૫ કરોડ

રૂપિયા માત્ર સોમનાથ માટે ફાળવેલ. આજે લાઈટ, સાઉન્ડ શો અને સોમનાથની આજુબાજુમાં જોઈ રહ્યા છીએ. ખૂબ જ સારું એવું કામ વિકાસનું થઈ રહ્યું છે. એવી જ રીતે ખૂબ જ ઓછા જાણીતા ડાંગ વિસ્તારમાં રામાયણની સાથે સંકળાયેલ હનુમાનજીનું સ્થળ અગ્નીકુંડ, ગૌતમ ઋષિનો આશ્રમ, એ રીતે રામ-હનુમાન પાવન પથ તરીકે વિકસાવવા નાણામંત્રીશ્રીએ ૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ઘણા બધા વખતથી ગાંધીજીના નામે વાતો થાય છે, પરંતુ આ સરકારે ગાંધીનગરની અંદર મહાત્મા મંદિર માટે મોટો એક હોલ આવી જાય, એના માટે ૧૦૦ કરોડ રૂપિયા સરકારશ્રીએ ફાળવ્યા છે. નરેન્દ્રભાઈ મોદીને આ તબક્કે અભિનંદન પાઠવું છું તેમજ નાણા મંત્રીશ્રીને પણ અભિનંદન પાઠવું છું. પ્રવાસનને મળેલા અનેક એવોર્ડ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ૭ જેટલા એવોર્ડ પ્રવાસન વિભાગને મળ્યા છે. વિશ્વના પ્રવાસનને આકર્ષવા રાજ્યના ઉત્સવો નવરાત્રિ મહોત્સવ, પતંગ મહોત્સવ, વસંતોત્સવ, રણોત્સવ તેમજ તાનારીરી ઉત્સવને કારણે ગુજરાત વિશ્વના પ્રવાસના નકશામાં સ્થાન મેળવ્યું છે. પ્રવાસનને પ્રગતિ તથા ભાતીગળ સંસ્કૃતિથી પ્રભાવિત થઈને ભારતના સુપર સ્ટાર અમિતાભ બચ્ચનને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટે સામેથી ગુજરાતને પહેલ કરી છે અને આજે ગુજરાતની જે કાઈ સિદ્ધિઓ છે, તેના માટે આખા વિશ્વની અંદર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, એના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભજી બની રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની વાત કરું તો જુનાગઢની અંદર દરવર્ષે ૪૫ લાખ જેટલા રાજય, આંતર રાજય, આંતર રાષ્ટ્રીય પ્રવાસીઓ ગિરનાર, સાસણ, સોમનાથની મુલાકાતે આવે છે. તેમાં ગિરનાર ઉપર ગુરુ દત્તાત્રેયનું ખૂબ જ મોટું ધામ આવેલ છે, તેના બેસણા આવેલ છે. આ ઉપરાંત અંબાજી મંદિર પણ આવેલ છે. ૩૩ કરોડ દેવતાઓનો વાસ કહેવાય તેવા ગિરનાર પર્વત ઉપર એક પ્રોજેક્ટ થવાનો છે તેના માટે આપણે ઉષા બ્રેકો કંપનીને નીમેલ છે. તેના માટે ગુજરાતની અંદરથી જ્યારે સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડે મંજૂરી આપી છે આ પ્રોજેક્ટના રોપ-વે માટે અને તેના પછી આ પ્રોજેક્ટ કેન્દ્રની મંજૂરી માટે મોકલેલ છે. કેન્દ્રના વન વિભાગ તરફથી આજની તારીખે એક વર્ષ થવા આવ્યું છતાં આ રોપ-વે પ્રોજેક્ટને મંજૂરી આપી નથી. એટલે આ સામે બેઠેલા મારા મિત્રોને વિનંતી કરું કે જુનાગઢ જિલ્લામાં આટલા પ્રવાસી આવતા હોય તો તેને તાત્કાલિક મંજૂરી મળે તેના માટે પ્રયત્નો કરે. બીજી રીતે વાત કરું તો ગુજરાતમાં અનેક બૌદ્ધ ધર્મના સ્થળો આવેલા છે એટલે તેને બૌદ્ધિક સરકીટ તરીકે વિકસાવવા માટે જુનાગઢ, ઉપલેટા, કચ્છ, દેવની મોરી, વડનગર, વિસનગર, ભરૂચ વગેરેનો સમાવેશ કર્યો છે. વિશિષ્ટ યાત્રાધામોની વાત કરીએ તો પાલીતાણા, સોમનાથ, દ્વારિકા, ડાકોર, અંબાજી, બિંદુ સરોવર તથા ગિરનાર માટે રૂપિયા છ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે. સંત પરંપરાનો આ દેશ એમાં ગાંધીનગરમાં એક વિરાટ સંત નગરી બનાવવાનો નિર્ણય કર્યો છે. ગઈ પાંચ સદીના દેશભરના ૨૫૦૦ જેટલા સંતોના ઉપદેશ અને પરંપરાનો તાદૃશ ચિતાર આપવામાં આવશે. તેના માટે પણ આ બજેટમાં રૂપિયા દસ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એટલે માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી(ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ ૨૦૧૦-૧૧ના સ્વર્ણિમ ગુજરાત વર્ષનું બજેટ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ ૨૯૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ છે. તેમાં જુદી જુદી યોજનાઓ માટે જે નાણાં ફાળવવામાં આવ્યા છે તેમાં ખાસ કરીને જે ખેડૂતો માટે અને કૃષિ તથા તેની સંલગ્ન પ્રવૃત્તિઓ માટે બજેટ ફાળવવામાં આવેલ છે તેમાં ચોક્કસ કહીશ કે આ ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે. હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું ત્યારે ચોક્કસ કહીશ કે કૃષિ અને ધાન્ય પાકોના વિસ્તારોમાં ધીરે ધીરે વાવેતર ઓછું થયું છે. છેલ્લા ત્રીસ વર્ષથી ૨૬ ટકા જેટલો ઘટાડો થયો છે. ત્યારે આ ઘટાડો કેમ થયો તેના પર વિચાર કરવો જોઈએ. મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં બે સિંચાઈ યોજનાઓ આવેલ છે. એક જુઝ ડૅમ યોજના અને બીજી કેડીયા ડૅમ યોજના. છેલ્લા પાંચ વર્ષથી જુઝ ડૅમ યોજનાનો દરવાજો ડૅમેજ થયેલ છે. સતત તેમાંથી પાણી વહી જાય છે. હું ત્રણ વર્ષની આની રજૂઆત કરતો આવ્યો છું ત્યારે મને એક જ જવાબ મળે છે કે રિપેર કરીશું, આ વર્ષમાં પૂરું કરીશું. છેલ્લા પાંચ વર્ષથી આ ડૅમનો દરવાજો રિપેર થયો નથી અને કેટલુંય પાણી તેમાંથી વહી જાય છે. આ ડૅમનો જે કમાન્ડ એરિયા છે તેની ૪૦ ટકા જમીનને આપણે પાણી આપી શકતા નથી. આપના મારફતે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે સિંચાઈ યોજનાઓ દિવસે દિવસે વધવી જોઈએ અને ખેડૂતોને તેમાંથી પાણીની ઉપલબ્ધતા વધારવી જોઈએ તેના બદલે આજે ઘટી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા વિભાગની વાત કરું તો પાણી પુરવઠામાં બજેટ ફાળવેલ છે અને તેના કામે થાય છે. તો હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે કામો થાય છે તે એટલા વિલંબિત સમયમાં થાય છે કે લોકો ટાંકી સામે જુએ છે કે પાણી આમાંથી ક્યારે મળશે?આજે અમુક અમુક વિસ્તારમાં જે ટાંકીઓ થઈ છે, પણ એના નળના જોડાણો છે એ એટલા ખરાબ છે કે જયારે પાણી છોડવામાં આવે છે ત્યારે પાણીના એમાંથી ફુવારા ઉડે છે અને પાણી લોકો સુધી પહોંચતું નથી. એવી કેલિયા પાણી પુરવઠા યોજના અને જૂથ પાણી પુરવઠા યોજના મારા વિસ્તારમાં બે જગ્યાએ ચાલે છે એમાં એટલી હલકી કક્ષાની પાઈપ નાખવામાં આવી છે જેથી પાણી લોકો સુધી પહોંચતું જ નથી ત્યારે

ચોકકસ હું કહીશ કે આ યોજનાઓ માટે માનનીય મંત્રીશ્રીને આપ સૂચના આપો અને જલદી ચાલુ થાય અને લોકો સુધી પાણી પહોંચે એ માટેની વ્યવસ્થા થાય એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગમાં ૪૧૦૩ કરોડ જેટલી રકમ ફાળવી છે ત્યારે આદિજાતિ વિભાગની જે યોજનાઓ છે એ યોજનાઓમાં એમની જરૂરિયાત જે વસ્તુ છે અને ખાસ કરીને જે શિક્ષણની સુવિધાઓમાં જોઈએ તો સ્કૂલો બની છે લોકોમાં શિક્ષણની ભૂખ જાગી છે ત્યારે એ જે માળખાકીય સુવિધાઓ છે, એ માળખાકીય સુવિધાઓમાં હજુ ખૂટે છે, ગામડાંમાં રસ્તા બન્યા છે પણ એની સાથે જે ફળિયે ફળિયે જવાના રસ્તા છે એ રસ્તા હજુ બન્યા નથી એની જે દરેક ફળિયામાં વીજળી આપવાનું આપણે જે કહીએ છીએ કે ૧૮૦૦૦ ગામોમાં વીજળી પહોંચી છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, હું તો કહું છું કે તમે આવો અમારા ગામડામાં, અને ફકત એકાદ ફળિયામાં વીજળી આપી છે, પણ હજુ પેટાપરાં ઘણાં બાકી છે, તો વીજળી પણ એ ગામડાંમાં પહોંચે અને લોકોને એનો લાભ મળે એના માટે હું ચોકકસ કહીશ. સાથે સાથે સ્વાસ્થ્ય માટેની જે સુવિધા છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા આ વિચારો રજૂ કર્યા છે અને હું આ સાથે સહમત થતો નથી.

**શ્રી રમેશ વ. મહેશ્વરી(મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ જે સોળમી વખત બજેટ લઈને આવ્યા છે એ બજેટમાં હું મારા વિચારો રજૂ કરું છું.

રાજયના વિકાસ માટે અને ખેડૂતોના વિકાસ માટે મા નર્મદાની યોજનાઓ અને નર્મદા વિભાગ માટે રાજયના નાણા મંત્રીશ્રીએ જે બજેટમાં જોગવાઈ કરી છે ૩૬૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે, તેમાં સીધો સો કરોડનો વધારો કર્યો છે એ બદલ રાજયના નાણા મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૮-૮૯માં આ નર્મદા યોજના શરૂ કરવામાં આવી હતી. ત્યારે એનું આયોજન અને બજેટમાં જોગવાઈ ૧૫૩.૮૭ કરોડની કરવામાં આવી હતી. છેલ્લા બાર વર્ષ પછી રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને માનનીય વજુભાઈ વાળા સાહેબે વર્ષ ૨૦૦૯-૧૦માં ૩૫૨૫ કરોડની જોગવાઈ કરી આ નર્મદા મૈયા ગુજરાત માટે આ યોજના કેટલી મહત્વની છે એ જે ગામડામાંથી આવતો હોય, છેવાડાના વિસ્તારમાંથી અહીં પહોંચતો હોય એને ખબર હોય છે. નર્મદા બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ની કરવામાં આવી, તેમાં ૫૭૦૦૦ મિલિયન ઘનફૂટ પાણીનો જથ્થો રહે છે. એ જથ્થાનો વપરાશ રાજયના લોકો માટે પીવાના પાણી ઘરઘથ્થું વપરાશ અને જળવિદ્યુત ઉત્પાદન કરવા માટે કરવામાં આવે છે. સરદાર સરોવર યોજનામાં પાવર હાઉસ કાર્યરત કરતાં ૧૪૫૦ મેગાવોટની પ્રસ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવી તેમાંથી ૧૪૧૬ કરોડ વીજવિદ્યુત યુનિટનું ઉત્પાદન થયું જેથી રાષ્ટ્રને ૫૬૪૪ કરોડની આવક થઈ. સરદાર સરોવર નર્મદા યોજના મુખ્ય નહેરની પ્રશાખાઓમાં ૧૮૮૫૫ કિલોમીટરની લંબાઈની નહેરોનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. તેમાં ખર્ચ ૩૦૬૫૬ થયું છે રાજયના ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લાના ૧૩૪, પાટણ જિલ્લાના ૨૭૮ અને બનાસકાંઠા જિલ્લાના ૨૩૫ અને કુલ ૬૪૬ ગામોને કુલ ૪૩૨૭૮૯ હેકટરને પાણી મળશે. મારે કહેવું છે કે, કચ્છ જિલ્લાના જેવા છેવાડા વિસ્તારમાંથી અમે આવીએ છીએ.જેવા છેવાડા વિસ્તારમાંથી અમે આવીએ છીએ ત્યારે કચ્છ અંગે અનેક વિરોધી પાર્ટીઓ ટીકા-ટીપ્પણ કરતી હોય છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી કચ્છને ૯૪૦ કરોડ રૂપિયા આ ગુજરાત વિધાનસભામાં કચ્છના વિકાસ માટે ફાળવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો સંકલ્પ છે કે, ૨૦૧૨ થી ૨૦૧૩માં આ કચ્છની નહેરોમાં નર્મદાનું પાણી કચ્છ સુધી પહોંચાડીશું. અમે અભિનંદન આપીને અને ગૌરવથી કહી શકીએ કે આ કચ્છ માટે એક ઐતિહાસિક ઘ ટના હશે. મેં ગયા બજેટમાં નીતિનભાઈને સાંભળ્યા હતા કે, ભારતની અન્ય નદીઓને રાષ્ટ્રીય નદીઓ તરીકે જાહેર કરવામાં આવી છે ત્યારે આ કોંગ્રેસના સભ્યો અહીંયા બેઠા છે એને કહીએ છીએ કે તમે પણ આ નર્મદા મયાની યોજના છે એને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા માટે તમે કેન્દ્રમાં રજૂઆત કરો.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ખેડૂત આલમમાં એક ચિંતાનો વિષય ઉભો થયો છે. ચિંતાનો વિષય એટલા માટે કે, ગુજરાતમાં જે જમીન હતી એ ધીરે ધીરે ઓછી થતી જાય છે. પહેલા ૪૩ લાખ હેક્ટરમાં ખેતી થતી હતી પણ ધીરે ધીરે જ્યાં ખેતી થતી હતી એમાં આજ સુધી ખેતીની જમીનમાં ઘટાડો થયો છે અને છેલ્લા આંકડા આપણે મેળવીએ તો ૭ લાખ હેક્ટરમાં ખેતી થતી ઓછી થઈ છે એટલે ૪૩ લાખમાંથી ૭ લાખ હેક્ટર ખેતી લાયક જમીન ઓછી થઈ એટલે હવે ખરેખર ૩૨ લાખ હેક્ટર જમીનમાં જ ખેતી થાય છે ત્યારે મારે કહેવું પડે છે કે, આ સરકાર ખરેખર ખેડૂતોની નથી. ગણોત ધારો કર્યો તેની પાછળ એ આશય હતો, ગણોત ધારામાં મારા હરિજનને જમીન મળી હતી, મારા આદિવાસીને જમીન મળી હતી, નાના સિમાંત ખેડૂતોને જમીન મળી હતી કેમ કે, મારો ખેડૂત એમાંથી ઉપાર્જન કરીને પોતાના કુટુંબનું ભરણ પોષણ કરી શકશે. પરંતુ આ સરકાર આવ્યા પછી મેં જોયું છે એમાં કેટલાક નિર્ણયોમાં સુધારા વધારા કર્યા છે. ગણોત ધારો કાઢી નાંખ્યો, ટોચ મર્યાદા કાઢી નાંખી. મારા સરપંચ પાસે જે અધિકાર હતો પડતર જમીન કે ગૌચરની જમીન આપવાનો એ અધિકાર કાઢી નાંખ્યો. ખેડૂત પાસે જે અધિકારો હતા એ પણ કાઢી નાંખ્યા અને એ કાઢયા પછી અંબાજીથી માંડી ઉંમરગાવ સુધી અમારા ખેડૂતો પાસે જમીન રહી નથી. એની પાછળ કારણ એ છે કે ગૂંઠે દસ હજાર, પંદર હજાર, લાખ કે દોઢ લાખ રૂપિયા સુધીની કિંમત ઉપજે છે. પૈસાની લાલચમાં અમારા ખેડૂતો જમીન વેચી દે છે.એ જમીન કોણ રાખે છે?

મોટા ખેડૂતો રાખે છે, બિલ્ડરો રાખે છે, ઉદ્યોગપતિઓ રાખે છે જેના કારણે આજે એ ખેડૂતની હાલત ધીરે ધીરે બગડતી જાય છે. જેને રોજીરોટી માટે જમીન આપી હતી એ રોજીરોટી માટે જમીન એમની પાસે રહેતી નથી ત્યારે આમાં કંઈક વિચાર કરવો પડશે એ ખેડૂતોના રક્ષણ માટે. હું તો માનનીય નાણામંત્રીશ્રીને કહું છું કે, આપ પણ ખેડૂતના દીકરા છો અને ખેડૂતના દીકરા હોય ત્યારે ખેડૂત પાસે જમીન રહે એવું કોઈ આયોજન કરવું જોઈએ. જો ધીરે ધીરે ખેડૂતો પાસે જમીન નહીં રહે, અને હું તો માનુ છું કે, વિકાસના કામો ખૂબ ઝડપથી ચાલે છે. ઓરડાઓ થશે, બંગલાઓ થશે, નહેરો આવશે, બધું આવશે પણ પેલા ખેડૂતનું શું થશે? હા, અમે પણ એક દિવસ સરકારમાં હતા અને સરકારમાં હતા ત્યારે ખેડૂતને રક્ષણ મળે એની પણ તકેદારી રાખતા હતા. ખેડૂત સુખી થાય એના માટે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા કે, 'જ્યાં સુધી આ દેશનો ખેડૂત સુખી નહીં થાય ત્યાં સુધી સ્વરાજ દૂર છે.' એટલે ખેડૂત તરીકે કોઈ ઓળખાયા હોય તો એ શ્રી સરદાર પટેલ ઓળખાયા છે બીજા કોઈ ઓળખાયા નથી. ખેડૂતો માટે એમણે શું નથી કર્યુ? અહીં બેઠેલા મારા સૌ કોઈ સભ્યશ્રીઓને પૂછો કે તમે કઈ સરકારમાં ભણી ગણીને આજે અહીંયા આવ્યા છો? કઈ રીતે તમે ગ્રેજયુએટ થયા? તમે કઈ રીતે વકીલ થયા? કઈ રીતે એન્જીનીયર થયા? ત્યારે આપણે એ પણ વિચારવું પડશે. સાથે સાથે મારે એ પણ કહેવું છે કે જો આપણે નહીં વિચારીએ તો ખેડૂતોની હસ્તી નથી રહેવાની. ખેડૂતો માટે ખાસ હું કહું છું. અને હા, ખેડૂતોના કેટલાક પ્રશ્નો છે. આણંદ અને ખેડા જિલ્લામાં (સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જશોદાબેન.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૧૬મી વખત જે ગરીબો માટે કરોડો રૂપિયાનું બજેટ લઈને આવ્યા છે, તે હું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણા હમણા સ્ટાર્ટમાં જયારે શ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબે જયારે ગરીબોની યોજનાની વાત કરતા હતા ત્યારે સામે બેઠેલા સાહેબોએ એને મશ્કરી સમાન હસતા હતા..

**અધ્યક્ષશ્રી** : એવું કોઈએ ક્હ્યું નથી. અને આપ એમાં ન ઉતરો. આપ સીધે સીધી આપની વાત કરો.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : સોરી સર. અત્યારે સરકારશ્રી તરફથી યોજનાઓ થઈ રહી છે એ વિશે હું આપને કહીશ કે, " છે ગરીબોના કૂબામાં તેલટનું ટીપું દોહ્યલું, ને અમીરોની કબર પર ઘીના દીવા થાય છે." આ પંક્તિને આપણી માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે એને ખોટી ઠેરવી છે અને માનનીય શ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબની સરકારે આ યોજનાઓને, ખરેખર ગરીબોની યોજનાઓને સાચી ઠેરવી અને તેને સારી યોજનાઓ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગરીબોના ઘરમાં આપણે જોવા જઈએ તો ટી.વી. ટેપ અને મોબાઈલ જોવા મળે છે. અત્યારે સામાન્ય માણસોના હાથમાં પણ મોબાઈલ જોવા મળે છે. આ રીતે આપણે એ સાબિત કરી શકીએ કે દરેક ગરીબ લોકોની આર્થિક સ્થિતિ સારી થઈ છે અને તેઓ આર્થિક રીતે પગભર થયા છે. સાથે સાથે ગરીબ લોકો માટે જન્મથી મૃત્યુ સુધીની સહાય માટે કરોડો રૂપિયાની લ્હાણી થઈ છે. આ સરકારે નિરાધાર, વૃદ્ધ, વિકલાંગો, ગરીબોના બાળકો, વિધવા બહેનો અને પોલીયોગ્રસ્ત પેશન્ટને પણ આ ગરીબી યોજનામાં આવરી લેવામાં આવ્યા છે. આ ગુજરાત રાજયની વસતિ જોતા લગભગ એમાં અનુસૂચિત જાતિની ૭.૯ ટકા જેટલી વસતિ છે. આ સમાજ ખરેખર ખૂબ જ કચડાયેલો, શોષિત અને ગરીબ દિશામાં રહ્યો હતો. પરંતુ જયારે આપણું ભારત આઝાદ થયું તે વખતે આપણા બંધારણના ઘડવૈયા માનનીય શ્રી ડો. બાબાસાહેબ આંબેડકરે આ કાયદામાં અનુસૂચિત જાતિનો સમાવેશ કર્યો અને તેઓ આ જ્ઞાતિ સ્વમાનભેર જીવી શકે અને આર્થિક રીતે પગભર થાય તે માટે સારા એવા કાયકદા બનાવ્યા અને તેમાં એમનો સમાવેશ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક જોગવાઈમાં સામાન્ય માણસ, દરેક માણસના છોકરાઓ પાયલોટની તાલીમ લેતા હશે, ખુદ પાયલોટ બન્યા હોય છે, એર હોસ્ટેસ બન્યા હોય છે. જયારે આ સરકારને ગરીબોની ચિંતા થઈ અને તેમણે પાયલોટ બનવા માટે લગભગ ૧૫ લાખની લોન આપવામાં આવી અને તેમને પાયલોટ બનાવવામાં સહાયરુપ થયા. સાથે સાથે વિદેશોમાં જઈ ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે પણ સરકાર તરફથી આપણને દસ

લાખની લોન મળે છે. અને આપણા જે અનુસૂચિત જાતિના અને ગરીબ વિદ્યાર્થીઓ પરદેશ જઈ અને ઉચ્ચ અભ્યાસ કરી શકે છે અને ત્યાં અમેરિકા, ઈંગ્લેન્ડ જેવા દેશોમાં સ્થાયી થયા છે.

શૈક્ષણિક વિકાસ માટે પણ ૫૮૮ જેટલા છાત્રાલયો બાંધ્યા છે. આઠમી, નવમી અને દસમી પંચવર્ષીય યોજનામાં આ જાતિનો સમાવેશ કરીને ૫૦થી ૬૦ ટકાની જોગવાઈ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિનું સાક્ષરતાનું પ્રમાણ લગભગ ૮૨.૫૬ ટકા છે. ગરીબોના છોકરા ભણે તે માટે સરકારશ્રી તરફથી ૭૫થી ૨૦૦ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ મળે છે. ખાનગી સ્કુલોમાં અભ્યાસ કરે તે માટે ૫૦ હજારની જોગવાઈ કરવામાં આવી છે. ગરીબ છોકરાઓને ગણવેશ પેટે ૧૫૦ રૂપિયા આપવામાં આવે છે. ધોરણ ૮ના વિદ્યાર્થીઓને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ આપવામાં આવે છે. ધોરણ ૧૨ના વિદ્યાર્થીને કે જે હાજર હોય તેને ટયુશન માટે લગભગ ૧૦ હજારથી ૧૫ હજારની સહાય આપવામાં આવે છે. સાથે સાથે શૈક્ષણિક ક્ષેત્રે લગભગ ૪૬ સરકારી છાત્રાલયો બાંધવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આપનું વકતવ્ય પૂરું થાય છે. સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ પૂરું થાય છે.

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૦ મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૧૯, ૧૯૩૧ શાકે**
**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું**

**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજકોટ ખાતે આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી પાછળ ખર્ચ

***૧૪૩૩૬ શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજકોટ ખાતેનું પ્રાદેશિક કક્ષાના આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કયા તબકકે છે,
(૨) તે માટે કેટલો ખર્ચ થયેલ છે, અને
(૩) આ કેન્દ્રોમાં કયા પ્રકારનાં વાહનો અને સાધનો કેટલી કિંમતનાં વસાવેલ છે?

**આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી:**

(૧) બાંધકામ પૂર્ણ કરેલ છે.
(૨) રૂા. ૩૬૬.૬૨ લાખનો ખર્ચ થયેલ છે.
(૩) મલ્ટી ફંકશન રેસ્કયુ વ્હીકલ વીથ ક્રેઈન, હાઈ કેપેસીટી પંપ, વોટર ટેન્કર, ફોર્મ નર્સર, ઈમરજન્સી રેસ્કયુ વ્હીકલ, વોટર ટ્રાન્સપોર્ટ યુનિટ, પીકઅપ ટ્રક, યુએસએઆર કન્ટેઈનર, મેડીકલ માસ કેઝયુલીટી કન્ટેઈનર, અંદાજીત રૂા. ૧૭.૭૧ કરોડના.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય મંત્રીશ્રીને આપત્તિ વ્યવસ્થાપન અંગેના રાજકોટ ખાતેના પ્રાદેશિક કક્ષાના રિસ્પોન્સ સેન્ટર અંગેની માહિતી પૂછી હતી એમાં મારે વધારેમાં જાણવું છે કે આ રિસ્પોન્સ સેન્ટરમાં કયા કયા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૦૦૧ માં ભૂકંપ આવ્યો એ પછી રાજય સરકારે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ બનાવ્યો અને એ એકટમાં જોગવાઈ કરવામાં આવી કે સ્ટેટ કક્ષાનું ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર હોવું જોઈએ, બીજાં પાંચ ઝોનલ કક્ષાનાં રિસ્પોન્સ સેન્ટર હોવાં જોઈઅ અને સાથે સાથે દરેક જિલ્લામાં પણ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર હોવાં જોઈએ. એના અનુસંધાનમાં રાજકોટમાં ઝોનલ કક્ષાનું એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર તૈયાર કર્યુ છે અને એની કામગીરી પણ શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં કોઈપણ કુદરતી આપત્તિ આવે અને એની અસર એ આખા જિલ્લામાં થવાની છે અને એટલા માટે પહેલાં તો જિલ્લા કલેકટરશ્રીને એમ જણાય કે જિલ્લા નિવારણ આપત્તિ કેન્દ્ર દ્વારા આપત્તિની પરિસ્થિતિને પહોંચી વળાય તેમ નથી એવા સંજોગોમાં જિલ્લા કલેકટર સ્ટેટ ઈમરજન્સી ઓપરેટિંગ સેન્ટર, ગાંધીનગરના સંકલનમાં રહીને મદદ કરતા હોય છે. બીજું ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરનું કામ સ્ટેટ ઈમરજન્સી સેન્ટર, ગાંધીનગરના સંકલનમાં રહીને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રને મદદરૂપ થવાનું હોય છે. એટલે વચ્ચે કડીરૂપ બનતું હોય છે. જયારે આપત્તિનો વ્યાપ અને અસર વધારે હોય એવા સંજોગોમાં જિલ્લા આપત્તિ નિવારણ કેન્દ્રના સંકલનમાં રહીને તાકીદે શોધ, બચાવ અને રાહતની સેવા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત તાલીમબધ્ધ સ્ટાફ દ્વારા શોધ અને બચાવ કામગીરી માટે આધુનિક રેસ્કયુ વાહનો તેમજ સાધન સામગ્રી દ્વારા તાકીદે સેવા પૂરી પાડવા માટે આ આખુંય સેન્ટર કાર્યરત બનતું હોય છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપત્તિ નિવારણ માટે રાજકોટ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાને કુલ કેટલાં સાધનો આપવામાં આવ્યાં છે અને એની કુલ કિંમત કેટલી થાય છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેતપુર નગરપાલિકાને એક વોટર બ્રાઉઝર અને એની કિંમત ૨૮ હજાર રૂપિયા અને મીની ફાયર ટેન્કર એની કિંમત ૨૧ હજાર એમ કરીને ૪૯ હજાર રૂપિયાનાં સાધનો આપ્યાં હતાં, મોરબીમાં બે વોટર બ્રાઉઝર એની કિંમત પણ એ જ રીતે થાય છે, મીની ટેન્કર એમાં બે એમ કુલ ૪ મોરબીને આપ્યાં છે એની લગભગ કિંમત ૧ કરોડ રપિયાની છે, ધોરાજીમાં એક વોટર બ્રાઉઝર અને એક મીની ફાયર ટેન્કર એમ કરીને એમને પણ ૫૦ લાખ રૂપિયાનાં સાધન આપ્યાં છે, ઉપલેટામાં બે વોટર બ્રાઉઝર, એક મીની ફાઈટર એમ એમને ૭૮ હજારની કિંમતનાં સાધનો આપ્યાં છે, જસદણમાં એક વોટર બ્રાઉઝર અને મીની ફાયર ફાઈટર ટેન્કર એ રીતે તેમને પણ ૫૦ હજાર રૂપિયાનાં

સાધનો આપ્યાં છે અને વાંકાનેરમાં બે વોટર બ્રાઉઝર અને એક મીની ફાયર ટેન્ડર ૭૮ હજારની કિંમતનાં અને જી.આઈ.ડી.સી., રાજકોટમાં એક વોટર બ્રાઉઝર અને એક મીની ફાયર ટેન્કર એમ મળીને કુલ ૪ કરોડ ૫૫ લાખ રૂપિયાનાં સાધનો આપ્યાં છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું તે પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ બન્ને પક્ષના ૭ ધારાસભ્યશ્રીઓને સરવે કરવા માટે વિદેશ મોકલ્યા હતા તે માટે તેમને અભિનંદન આપું છું. આ તાલુકાવાઈઝ સાધનો આપ્યાં છે એમાં વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુપણ જયાં જરૂરિયાત છે ત્યાં એના માટેનાં વધારાનાં સાધનો અને સાથે સાથે લેટેસ્ટ સાધનો ખરીદવાનું નકકી કર્યુ છે અને તેમને જરૂર પડશે એ સાધનો પૂરાં પાડવામાં આવશે.

**પાટણ જિલ્લામાં જમીન ધોવાણની સહાય મેળવવા માટેની અરજીઓ**

***૧૪૨૩૨ શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં જમીન ધોવાણ બદલ સહાય મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને કરવામાં આવ્યો, અને કેટલી અરજીઓ બાકી છે, અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી અને બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટલ જિલ્લો પુર અસરગ્રસ્ત જાહેર થયેલ ન હોઈ અરજીઓ મેળવવામાં આવેલ નથી.

(૨) અરજીઓ મેળવેલ ન હોઈ, નિકાલ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) પાટણ જિલ્લો અસરગ્રસ્ત જાહેર થયેલ ન હોઈ અને અરજીઓ મેળવેલ ન હોઈ સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર એ પાટણ અને મહેસાણા એમ બે જિલ્લાઓ સાથે સંકળાયેલો વિસ્તાર છે, જયારે વરસાદનું પ્રમાણ ગયા વર્ષે ઓછું રહયું ત્યારે નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાટણ અને મહેસાણા જિલ્લાની બધી નદીઓ અને તળાવોમાં નિયમીત પાણી આપવાને કારણે એ વિસ્તારના કાયમી પાણીથી વંચીત રહેતા ગરીબ ખેડૂતોને જે કયારેય પાણી મળતું નહોતું, અને બોરની વ્યવસ્થા હતી તેમાં શ્રીમંત ખેડૂતો પાણી મેળવી લેતા અને ગરીબો સુધી પહોંચતું નહોતું તેમના માટે આ વર્ષે પૂરતું પાણી મળવાને કારણે કૃષિમાં ખૂબ મોટી આવક ખેડૂતોને થઈ છે અને રાજયની સરેરાશ પણ વધી છે. તે માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે પાટણ જિલ્લો ગયા વર્ષે પુર અસરગ્રસ્ત જાહેર નથી થયો અને તેના કારણે જમીન ધોવાણની સહાય મેળવવા માટેની અરજીઓ નથી આવેલી, એટલે ચુકવણું થયું નથી તેમ જણાવેલ છે. તો ૨૦૦૭ કે તેની અગાઉના વર્ષોની સ્થિતિએ આ પ્રકારની કોઈ અરજીઓ આવી હતી કે કેમ અને તેનું ચુકવણું થયું છે કે કેમ ? અને થયું હોય તો કયારે કરવામાં આવ્યું છે?

**શ્રી દિલીપ સંઘાણી** : આમ તો તેના માટે અલગ નોટિસ જોઈએ, પણ છતાં મારી પાસે મર્યાદિત માહિતી છે અને આપ જો પરવાનગી આપો તો માહિતી આપી શકીશ.

**અધ્યક્ષશ્રી** : બે વર્ષ કરતાં વધારે છે? ત્રણ વષૃ સુધી આપણે આપીએ છીએ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષની માહિતી છે, ૨૦૦૭માં ૫૯૮૨૯ અરજીઓ મળેલી હતી એમાંથી ૫૨૦૬૭ અરજીઓ મંજૂર કરવામાં આવેલી હતી. અને ૮,૬૨,૦૦,૦૦૦ (આઠ કરોડ બાસઠ લાખ) ચૂકવવામાં આવ્યા છે, અને એક પણ અરજી હાલ પેન્ડીંગ નથી.

**રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓના મકાનો**

***૧૪૨૦૨ શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં ચાલે છે, અને

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ૧૦૧૪

(૨) ૩૪૯.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં ૩૪૯ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે એમાં જેતપુર તાલુકામાં કેટલી ભાડાના મકાનમાં બેસે છે અને આ વર્ષમાં આગણવાડીઓના મકાનો બાંધવા માટેનું આયોજન છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જેતપુર તાલુકામાં ૧૨૧ આંગણવાડીઓ છે અને ૭૨ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે. આંગણવાડીઓના મકાન બનાવવા માટે ૨૦૦૯-૧૦ના વર્ષમાં સો કરોડ રૂપિયા ફાળવેલ છે. અને ૨૦૧૦-૧૧ના બજેટમાં પણ સો કરોડ રૂપિયા ફાળવેલ છે. એટલા માટે એકલા જેતપુર તાલુકાની જ નહીં પરંતુ ૮૦ આંગણવાડીઓ ૨૦૦૯-૧૦માં મંજૂર કરેલ છે એમાંથી ૨૩ કેન્દ્રો પૂરા થયા છે અને બાકીના આગામી બે-એક મહિનામાં પૂરા કરવામાં આવશે. એ જ રીતે ૨૦૦૯-૧૦માં ૧૨૦ આંગણવાડીઓ મંજૂર કરવામાં આવેલી છે અને સાથે સાથે જિલ્લા પંચાયત પણ ૩ કરોડ રૂીપયા ફાળવેલ છે એટલે આ બધામાંથી થોડીક આંગણવાડીઓ જરૂર થઈ શકશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષના બજેટમાં આંગણવાડીઓ માટે સો કરોડ ફાળવ્યા હતા, એ સો કરોડ પૈકી આ વર્ષના અંત સુધીમાં આ જિલ્લામાં કેટલી આંગણવાડીઓ માટે કેટલો ખર્ચ થયો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આંગણવાડીઓના મકાનો બનાવવામાં એટલા માટે થોડીક વાર થાય છે કે શહેરોમાં જમીન મળતી નથી, ગામડાં હોય અને જયાં આગણવાડી બનાવવાની હોય ત્યાં પણ જમીનો મળતી ન હોય એટલે જમીન શોધવામાં ઘણો બધો સમય જાય છે. બીજું આંગણવાડીઓ જુદા જુદા ગામોમાં બનાવવાની હોય છે એટલે ટેન્ડર બહાર પાડીએ છીએ તો પણ કોઈ ટેન્ડર લેવા માટે તૈયાર નથી થતું. અને લાંબો સમય સુધી કામો કરતા નથી હોતા, એટલા માટે અમે પહેલીવાર પ્રયોગ કર્યો છે કે જે રીતે શિક્ષણ વિભાગમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ પોતાના મકાનો બનાવે છે એ રીતે અમે પણ પહેલીવાર આ સો કરોડ રૂપિયા સર્વ શિક્ષા અભિયાન નીચે મુકયા છે અને અત્યારે કામ ચાલુ થઈ ગયા છે. તો અમે પહેલીવાર સર્વ શિક્ષા અભિયાન નીચે મૂકયા અને અત્યારે એમનું કામ ચાલુ થયું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એક વર્ષ પૂરું થયું છે, આપે કહ્યું તેમ રાજકોટ જિલ્લામાં મુશ્કેલીઓ હશે, ન થયું હોય તો કહે કે આ વર્ષમાં સો કરોડ રૂપિયા ફાળવ્યા પછી એક પણ રૂપિયાનો ખર્ચ થયો નથી. સર્વ શિક્ષા અભિયાનના હવાલે મૂકયા પછી કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હમણાં જ સર્વ શિક્ષા અભિયાનની નીચે સો કરોડ રૂપિયા મૂકયા છે. એમની પ્રગતિ ચાલુ છે. પૈસા જિલ્લા પંચાયતની અંદર ફાળવી દીધા છે. જે ગ્રાન્ટ ગામડાંમાં આપવાની છે ત્યાં આપી દીધી છે. ડિઝાઈન પણ આપી દેવામાં આવેલ છે. પહેલા આંગણવાડી માટે ૨.૫ લાખ રૂપિયા આપવામાં આવતા હતા એનાથી મકાન થતું નહોતું એમાં મિનિ ટોયલેટ, પાણીની સુવિધા થતી નહોતી એટલે એ અઢી લાખની કિંમતમાં વધારો કરીને, ત્રણ લાખ રૂપિયા કર્યા પછી કામ કરવાની શરૂઆત કરી છે.

**ધારી અને બગસરા તાલુકામાં ગામોને ઈ-ધરા યોજના હેઠળ સમાવેશ**

*** ૧૩૩૮૪ શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ધારી અને બગસરા તાલુકામાં ઈ-ધરા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયત કચેરી દ્વારા ૭/૧૨-૮-૬-અ નાં ઉતરા આપવામાં આવે છે, અને

(૩) બાકી રહેલા ગામોમાં ઈ-ધરા યોજના કયારે શરૂ કરવા માગો છો?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧) ધારી અને બગસરા ખાતેના ઈ-ધરા કેન્દ્ર હેઠળ આ બંને તાલુકાના તમામ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) પંચાયત વિભાગના ઈ-ગ્રામ કાર્યક્રમ અંતર્ગત RoR(a)Village યોજના હેઠળ ધારી તાલુકામાં ૨૩ અને બગસરા તાલુકામાં શૂન્ય મળીને કુલ ૨૩ ગ્રામ પંચાયત કચેરીઓથી.

(૩) ઈ-ધરા યોજના તાલુકા કક્ષાએ ઈ-ધરા કેન્દ્ર ખાતે અમલી હોઈ, ગામોમાં શરૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : ધારી અને બગસરા તાલુકાના બધા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે એ બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે ઈ-ધરા કેન્દ્રમાં કેટલો સ્ટાફ કામ કરે છે અને આ કેન્દ્ર દ્વારા કેટલી સેવા આપવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : અમરેલી જિલ્લાની અંદર ધારી તાલુકામાં ઈ-ધરા યોજના હેઠળ કુલ ત્રણ કર્મચારીઓ કામ કરે છે. એક નાયબ મામલતદાર અને બે ઓપરેટરો હોય છે. એ રીતે સુવિધા આપવામાં આવી છે. સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે એમાં ડોમીસાઈટ પ્રમાણપત્ર,સોગંદનામા, આવકનો દાખલો, રેશનકાર્ડની કામગીરી, ઓ.બી.સી.ના દાખલા, જ્ઞાતિના દાખલા, ક્રિમિલીઅરનું પ્રમાણપત્ર, આવી કામગીરી કરવામાં આવે છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : ઈ-ધરા કેદ્ર થતાં ધારી અને બગસરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખૂબ સારી સગવડતા થઈ છે. ત્યારે મારે એ પૂછવું છે કે બગસરા તાલુકામાં ૨૦૦૯ના વર્ષમાં ૭(૧૨), ૮(અ) હક્કપત્રક-૬ ની કેટલી નકલોનું વેચાણ થયું છે અને એની સામે કેટલી આવક થઈ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : બગસરા તાલુકામાં ૧,૦૬૭૩૫ નકલો ૭(૧૨) ની આપી જેમાં ૫,૩૩,૬૭૫ રૂપિયાની આવક થઈ. ૮(અ) ૮૭,૪૪૨ નકલો આપી જેમાં ૪૩૭૨૦ રૂપિયાની આવક થઈ. નંબર-૬ની નોંધ ૬૮૨૧ આપી જેમાં ૩૪૧૦૫ રૂપિયાની આવક થઈ છે. ૩૧-૧૨-૦૯ સુધીની આ પ્રકારની નકલો અપાઈ છે. ૧-૧-૨૦૧૦ થી ૪-૩-૨૦૧૦ સુધીમાં ૭(૧૨)ની નકલો ૧૯૧૬૫ અપાઈ અને ૩૮૩૩ રૂપિયાની આવક થઈ. ૮(અ) ની અંદર ૧૫૨૫૫ નકલો અપાઈ, અને ૩૦૫૧ આવક થઈ છે. નંબર ૬ની નોંધો ૨૬૦૦ અપાઈ અને ૫૨૦ રૂપિયાનીી આવક થઈ છે. આમ ૩૭૦૨૦ નકલો અપાઈ અને ૭૪૦૪ આવક થઈ છે.

**રાજયમાં ટૂકડા ધારા સમિતિનો અહેવાલ**

*** ૧૩૧૬૧ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

રાજયમાં ટૂકડા ધારાના પ્રશ્નના નિકાલ માટેની અધિકારીઓની સમિતિએ તા. ૧૯-૭-૨૦૦૬ ના રોજ સરકારને આપેલ અહેવાલ ઉપર સરકારે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ શાં પગલાં લીધાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

સમિતિની કુલ-૯ ભલામણો પૈકી ૫ (પાંચ) ભલામણો અમલમાં મૂકેલ છે. તેમજ ૪ (ચાર) ભલામણો અન્વયે કાર્યવાહી ગતિમાં છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં ટૂકડા ધારાના પ્રશ્નના નિકાલ માટે જે સમિતિ રચવામાં આવી હતી એ સમિતિએ જે ભલામણો કરી છે એ ભલામણોમાંથી પાંચ ભલામણો અમલમાં મૂકી છે તે પાંચ ભલામણો કઈ કઈ છે, અને જે ચાર ભલામણોની કાર્યવાહી ગતિમાં છે એ કઈ કઈ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક સમિતિ નીમવામાં આવી હતી અને એ સમિતિએ પોતાનો અહેવાલ આપ્યો તેમાં તેમણે ૯ મુદ્દા ઉપર ભલામણો કરેલી હતી અને ૯ મુદ્દામાંથી પાંચ મુદ્દા ઉપર આપણે કાર્યવાહી કરી છે. તેમાં પહેલી સમિતિની ભલામણ એ હતી, લોકોની માગણી હતી કે જર-જમીન માટે બે એકર ટૂકડો, બાગાયત જમીન માટે ૨૦ ગૂંઠા અને ક્યારી માટે ૨૦ ગૂંઠા એ પ્રમાણભૂત ક્ષેત્રફળ ટૂકડા માટે નક્કી થયેલું હતું. લોકોની માગણી હતી કે આ તમારે દૂર કરવું જોઈએ, ક્ષેત્રફળ દૂર કરવું જોઈએ પરંતુ સમિતિએ એમ કહ્યું કે આ જે ક્ષેત્રફળ કરેલું છે તેમાં કોઈ ફેરફાર કરવાની આવશ્યકતા નથી. એટલે અત્યારે હાલ તેના ઉપર કશું કરતાં નથી. બીજી ભલામણ એ હતી અને અહીં સૌ ધારાસભ્યશ્રીઓને ખબર છે કે જ્યારે કોઈ વ્યકિત પોતાની જમીન વારસાઈમાં પોતાના બાળકોને વારસાઈ કરી આપે અને જો ટૂકડો પડતો હોય તો આપણે એ ફેરફાર કર્યો અને તા.૧-૭-૦૯ના દિવસે આપણે ફેરફાર કર્યો કે ટૂકડો પડતો હોય અને જો તેના પરિવારનું કોઈ સંતાન પોતે એમ નક્કી કરે કે મારે આમાં વારસાઈ કરાવવી નથી. મારે ભાગ નથી લેવો. જો એ ભાગ ન લે તો એ ખેડૂત મટી જતો હતો. પરંતુ રાજય સરકારે નિર્ણય કર્યો કે વહેંચણીથી ખાતેદાર પોતાનો ભાગ જતો કરે તો તેને ખેડૂત તરીકેનું પ્રમાણપત્ર આપવું, જેથી કરીને ટૂકડો પડે નહીં અને તેનું કામ સરળ થઈ જાય. આ નિર્ણય આપણે કરી લીધો છે અને સાથે સાથે એ પણ નિર્ણય કર્યો કે પ્રમાણપત્ર મળ્યા પછી જે પહેલાં છ મહિનામાં જમીન ખરીદવાની હતી અને કલેક્ટરની પૂર્વ મંજૂરી લઈને ખરીદવાની હતી. એ જે નિયમો હતા તેને પણ આપણે રદ કર્યા. તેમણે હવે કયાંય પણ કલેક્ટરની મંજૂરી લેવાની જરૂર નથી. ગુજરાતમાં ગમે ત્યાં એ જમીન લે અને ત્યાર પછી જ એ નોંધ કરાવી શકે અને એક વર્ષ કે છ મહિનાની મુદતમાં લેવાની હતી તેના બદલે ત્રણ વર્ષની અંદર એ ગમે ત્યાં જમીન લઈ શકે છે. એવા સુધારા આપણે કરી દીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી ભલામણ એવી હતી કે ટૂકડાની જમીનની લાગુમાં આવેલ જમીન માલિક જમીન ખરીદતો નથી. બાજુમાં આવેલ હોય તો જમીન માલિક ટૂકડો ન ખરીદે અને ખરીદવા જાય તો ઓછી કિંમત આપતો હતો. તેના કારણે ટૂકડો વેચાતો નથી અને ટૂકડાની જમીન કોઈ પણ ખાતેદાર ખરીદી શકે એવો સુધારો કરવો જોઈએ એવી માગણી હતી. મારે આ સભાગૃહને કહેવું છે કે આ કાયદામાં જરૂરી સુધારો કરવા માટે આપણે વિચારણા કરી છે અને આવતા દિવસોમાં તેમાં પણ આપણે ફેરફાર કરીશું. એ જ રીતે બ્લૉક વિભાજન માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી મેળવ્યા પછી જમીન વેચાણ થઈ શકે છે તેના કારણે પરવાનગી ન લીધેલી હોય તો તેવા કેસોમાં કાયદાનો ભંગ થાય અને કાયદાનો ભંગ થાય તો એને સજા થતી હતી. આ કલમ છે ૩૧-બીની નીચે આ કાર્યવાહી થતી હતી તેમાં પણ આ કલમ જે છે તે રદ કરવા માટેની પણ કાર્યવાહી કરવાની શરૂઆત કરી છે. પાંચમો સુધારો એ હતો કે ટૂકડા ધારાનો ભંગ કોઈ કરે કે જમીન વેચી મારે, પરવાનગી લીધા સિવાય, તો ૨૫૦ રૂપિયાનો દંડ કરવામાં આવતો હતો. આ રકમ છે એ બહુ નજીવી હતી. એટલે ભલામણ એવી આવી કે તેમાં કોઈ સુધારો કરવો જોઈએ. એટલે કે દંડ વધારે કરવો જોઈએ. આમાં આપણે ફેરફાર કરવા જઈ રહ્યા છીએ કે કાયદામાં સુધારો કરીને શહેરી વિસ્તાર માટે ૫,૦૦૦ અથવા બજાર કિંમતના ૧૦ ટકા અને અન્ય વિસ્તાર માટે ૨૦૦૦ અથવા બજાર કિંમતના ૧૦ ટકા એ બેમાંથી જે વધુ હોય એટલો દંડ કરવાનો સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ છે. ત્યાર પછીની જે યોજના છે કે પ્રમોલ્ગેશન

થયેલું હોય પરંતુ ટૂકડો એક બીજાને આપી દીધો હોય પરંતુ સુધારો થઈ શક્યો નથી. એ પેપર ઉપર જ રહ્યો છે. ખેડૂતો પોતે પોતાના ટૂકડામાં અત્યારે કામ કરી રહ્યા છે. એટલા માટે એ પણ એમણે નક્કી કર્યું છે કે તેમાં પણ સુધારો કરવો જોઈએ. તો રાજય સરકારે તા. ૨૮-૮-૦૯ના પરિપત્રથી એ સૂચના બહાર પાડી દીધી છે કે પ્રમોલ્ગેશન થઈ ગયું છે. એટલે હવે જે ટૂકડો જેના ભાગમાં એકત્રીકરણમાં ગયો હોય એ એના ખાતે ચડાવી દેવો એવો પણ આપણે સુધારો કરી દીધેલો છે. એ જ રીતે ગુજરાતમાં ૩૩ ગામો એવા છે કે સામાન્ય રીતે જ્યારે એકત્રીકરણ કરવાનું હોય અથવા ટૂકડો નક્કી કરવાનો હોય ત્યારે આખા ગામને ભેગું કરી એમને સમજાવીને પછી આ કામ કરવું પડતું હોય છે એવો જી.આર. છે. પણ ૩૩ ગામોની અંદર આ કાર્યવાહી સામે વિરોધ થયો. એટલે આ ૩૩ ગામો એવા છે કે જેની અંદર આ કાયદો લાગુ કરી શક્યા નથી અને એટલે મહેસૂલ વિભાગે તા. ૨૮-૮-૦૯ના પરિપત્રથી સૂચનાઓ બહાર પાડી છે કે આને ફરીથી કરવું અને લોકોને ભેગા કરીને ફરીથી સમજાવટ કરીને કામ પૂરું કરવું. ૮મો સુધારો એવો હતો કે સખ્તાઈના પગલાં લેવા નહીં. એટલે દંડ કરતા, અન્ય માનસિક ત્રાસ આપતા, એ ન કરવું અને ખેડૂતની ખાતરી મેળવ્યા પછી જ આ કામ કરવું. તેના માટે પણ રાજય સરકારે પરિપત્ર જારી કરી દીધો છે.એ જ રીતે નવમો ફેરફાર છે. એનો જવાબ અગાઉ અપાઈ ગયો છે કે, પ્રમાણભૂત ક્ષેત્રફળ એટલે કે, જે ટુકડો છે. જુદા જુદા સ્તરે જુદી જુદી હોય છે એને એક સમાન કરવું એ અત્યારે લીધું નથી. કલેક્ટર પાસેથી માહિતી મંગાવી છે, એ લોકોનો શું અભિપ્રાય છે, સેટલમેન્ટ કમિશનર એનું કામ કરશે. આમ નવ સુધારામાંથી પાંચ પૂરા કર્યા છે.

**શ્રી મફતલાલ મો. પૂરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મને મળી ગયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯-૭-૨૦૦૬ના રોજ ભલામણ આવી હતી એમાંથી ચાર ભલામણો હજુ વિચારણા હેઠળ છે. સમયની દ્રષ્ટિએ જોઈએ તો ઘણો સમય ગયો છે. મંત્રીશ્રી ચોક્કસ સમય આપી શકશે ખરા? આ ભલામણો સ્વીકારે કે ન સ્વીકારે એ આપનો પ્રિરોગેટીવ છે પણ એના આખરી નિકાલની ચોક્કસ સમય મર્યાદા આપી શકે તેમ છે ખરા?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો હું કહીશ કે, ૧૯૪૭થી આ બધું ચાલે છે. એમને આ સુધારા કરવાની ફુરસદ મળી નહીં. અમે તો ૨૦૦૫ની અંદર ઉચ્ચ કક્ષાની સમિતિ બનાવી, એમણે ચાર મિટિંગો કરી અને ચાર મિટિંગો કર્યા પછી તા.૧૬-૫-૨૦૦૬ના રોજ આ ભલામણ આપી. ત્યાર પછી માત્ર બે વર્ષનો સમય ગયો છે, વધારે સમય નથી ગયો. ૪૫ વર્ષની અંદર આ ટુકડા ધારો રાખી અનેક ખેડૂતોને હેરાનગતિ કરી છે અને હવે સમય મર્યાદા એટલા માટે આપવા નથી માગતી કે, આ સુધારા માટે કેન્દ્ર સરકારમાં જવું પડે, અમે કેન્દ્ર સરકારમાં મોકલવાના છીએ. જો સુધારાને અનુમતિ મળશે તો આવતા સત્રની અંદર આ સુધારો લઈ આવીશું.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ જે મહેસૂલી કાયદામાં સરળીકરણ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ટી.પી. સ્કીમ વિસ્તારમાં ટુકડા ધારા માટે કોઈ છૂટછાટ આપવામાં આવેલ છે કે કેમ અને જો છૂટછાટ આપેલ હોય તો કેવા પ્રકારની?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે તા.૫-૯-૨૦૦૮ના જાહેરનામાથી ટી.પી. વિસ્તારમાં જયાં પ્રિલિમનરી ટી.પી. હોય કે ફાઇનલ ટી.પી. થઈ હોય તો ટુકડા ધારો રહેશે નહીં એવો સુધારો કરી દીધેલ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કોઈ ટૂકડા સહ કોઈ ખેડૂત પોતાનો હક્ક હિસ્સો જતો કરે તો તેનો ખેડૂત તરીકેનો દરજજો ચાલુ રાખવાની વ્યવસ્થા કરી છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જવાબમાં જણાવ્યા પ્રમાણે કોઈપણ ખેડૂત પોતાની જમીન પોતાના વારસદારોને આપતો હોય અને એ સમયે ટુકડો પડતો હોય તો અને ટૂકડો પડે ત્યારે કોઈ વારસદાર પોતાનો જમીન જતી કરે તો તેનો ખેડૂત તરીકેનો દરજજો ચાલુ રહે તે રીતનું, ખેડૂત તરીકેનું પ્રમાણપત્ર આપવાનો રાજય સરકારે નિર્ણય કરી લીધો છે અને તે ખેડૂત તરીકે ચાલુ રહે છે.

**ખેતી વિષયક જંતુનાશક દવાઓની ગુણવત્તા માટે વ્યવસ્થા**

*** ૧૪૨૨૩ શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ગુણવત્તા જાળવવા સરકારે શું વ્યવસ્થા ગોઠવેલ છે, અને

(૨) કેટલા સેમ્પલ લેવામાં આવ્યા?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નાયબ ખેતી નિયામક (વિસ્તણ) હેઠળ ગુણવત્તા નિયંત્રણ તંત્ર દ્વારા બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ગુણવત્તા જાળવવા માટે જિલ્લામાં ઈનપુટસના નમૂનાઓ લઈ

પ્રયોગશાળામાં પૃથ્થકકરણ માટે મોકલવામાં આવે છે અને બિન પ્રમાણિત નમૂનાઓના કિસ્સામાં નિયમોનુસાર કાયદાકીય જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૨) નીચે મુજબના સેમ્પલ લેવામાં આવ્યા.

| ઈનપુટનું નામ | કુલ સેમ્પલની સંખ્યા |
|---|---|
| બિયારણ | ૧૧૩ |
| રાસાયણિક ખાતર | ૨૧૬ |
| જંતુનાશક દવા | ૮૧ |
| કુલ : | ૪૧૦ |

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બનાસકાંઠામાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુણવત્તા નિયંત્રણ માટે સરકાર દ્વારા જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતર અને બિયારણના કેટલા નમૂના લેવાનો લક્ષાંક હતો તેની સામે કેટલી સિદ્ધિ મેળવી?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ વર્ષમાં કુલ ૧૭૭ નમૂના લીધા એક ફેઈલ હતો. ૨૦૦૬-૦૭માં રાસાયણિક ખાતરના ૨૦૦૩ નમૂના લીધા એમાંથી પ્રમાણિત ૧૯૭૬ અને ૨૭ બિન પ્રમાણિત. ૨૦૦૭-૦૮માં ૨૭, ૧.૩૫ ટકા.૨૨૧૨ અને ૨૧૮૬ બિનપ્રમાણિત ૨૬, ૨૦૦૮-૦૯માં ૧૯૮૩ સામે ૧૯૬૦ અને ૨૩ બિનપ્રમાણિત જૂનાગઢ ખાતે, ૩ લૅબૉરેટરી અલગ અલગ આવેલ છે. ત્રણેની રાસાયણિક ખાતર, બિયારણ, જંતુનાશક, ગાંધીનગર, જુનાગઢ અને બારડોલી, બિયારણની ગાંધીનગર, જૂનાગઢ અને નવસારી, અને ગાંધીનગર અને જૂનાગઢ અલગ અલગ લિસ્ટ લાંબુ છે આપ કહો તો ટેબલ ઉપર મૂકું અથવા તો વાંચી જાઉ

**અધ્યક્ષશ્રી** : નહીં, આપનો જે પ્રશ્ન છે એનો જવાબ તો બનાસકાંઠા પૂરતો જ છે. જે ૪૧૦ સેમ્પલની વિગત આપોને.

**શ્રી દિલીપ સંઘાણી** : જૂનાગઢ ખાતે ૨૨૨૮ પ્રમાણિત ૨૨૧૫ બીન પ્રમાણિત, ૧૩ વર્ષ ૨૦૦૭માં ૨૨૨૧ પ્રમાણિત, ૨૨૦૮,.. ..

**અધ્યક્ષશ્રી** : એક જ વર્ષના માગ્યા છે. વધારે માગ્યા નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : સાહેબ ૩ વર્ષનું બોલ્યા એ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન જ એક જ વર્ષનો છે.

**શ્રી દિલીપ સંઘાણી** : પણ પૂછયા ૩ વર્ષના, એમણે ૩ વર્ષના પૂછયા છે. આપે ત્રણ વર્ષના પૂછયાને

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ પ્રશ્ન તમારો એક જ વર્ષનો છે પછી તમે ૩ વર્ષની વિગતો માગો તે યોગ્ય નથી. તમારો પ્રશ્ન એ નથી હું એમને કહું છું. આપનો જે પ્રશ્ન ૪૧૦ નમૂનાઓ છે એ વિશેનો કહોને , પાછલા વર્ષમાં ગયા કરતા. શ્રી અનિલભાઈ તમારો પૂરક પ્રશ્ન ફરી પૂછોને.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી મફતલાલ મો. પૂરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે રાજયમાં રાસાયણિક ખાતર, બિયારણની ચકાસણીની શું સુવિધાઓ છે?

**અધ્યક્ષશ્રી** : આપણે બનાસકાંઠાના બિયારણની અને જંતુનાશક દવાઓ છે એની ગુણવત્તા જાળવવાની વ્યવસ્થાની વાત છે. બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતર અને બિયારણની ચકાસણી માટેની શું સુવિધા છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં ત્રણ લૅબૉરેટરી આવેલી છે. રાસાયણિક ખાતર માટે ગાંધીનગર, જૂનાગઢ બારડોલી, બિયારણ માટે ગાંધીનગર, જૂનાગઢ અને નવસારી અને જંતુનાશક દવા માટે ગાંધીનગર અને જૂનાગઢ એટલે આખા રાજયમાં આ પ્રમાણે લૅબૉરેટરી આવેલી છે. જે અન્ય જિલ્લામાંથી નમૂના લેવામાં આવે છે એ આ લૅબૉરેટરીમાં ચકાસણી કરવા માટે મોકલાવવામાં આવે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે કપાસ, દિવેલા, મકાઈ, બાજરી અને બીજા પાકોમાં ખાનગી કંપનીઓ દ્વારા બીનપ્રમાણિત બિયારણો મોટા જથ્થામાં સંશોધીત જાતો બજારમાં મૂકાઈ છે તેના ઉપર સીડ સર્ટિફિકેટ એજન્સીનો કોઈ અંકુશ હોતો નથી તેથી ઘણા કિસ્સાઓમાં ભૌતિક અને આનુવંશિક શુદ્ધતા જળવાતી નથી અને ખેડૂતો છેતરાય છે તો આવા કિસ્સા અટકાવવા માટે સરકાર શું કરવા માગે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના કૃષિ વિભાગ તરફથી સતત નિયંત્રણ રાખીને બજારમાં અલગ અલગ ખાનગી કે સહકારી કંપનીઓ દ્વારા બિયારણ, કે જંતુનાશક દવા કે ખાતર જે રીતે વેચાય છે એમના નમૂના જિલ્લા દીઠ લેવા માટે વ્યવસ્થાતંત્ર ઊભું છે એના નિયમિત પ્રમાણે નમૂના લેવાય છે અને ઉપરોક્ત મેં કીધું એ લૅબૉરેટરીમાં ચકાસાય છે અને એમાં ચકાસણીમાં નમૂના નામંજૂર થાય તો એની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. નિયમિત રીતે સુવ્યવસ્થિત નમૂના લેવાનું આયોજન રાજય સરકાર તરફથી ગોઠવવામાં આવેલ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ૪૧૦ સેમ્પલ લેવામાં આવ્યા છે એ પૈકી કેટલા સેમ્પલને લૅબૉરેટરીમાં પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યા અને એમાંથી કોઈ બિનપ્રમાણિત જાહેર થયા છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : તમામે તમામ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ૪૧૦ માંથી કોઈ બિન પ્રમાણિત થયા છે?

**શ્રી દિલીપ સંઘાણી** : ના, જી.

**અમરેલી જિલ્લામાં સાવરકુંડલાથી રાજુલા તાલુકાના પીપાવાવને પ્રગતિ પથ હેઠળ સમાવવા બાબત**

* ૧૪૦૧૧ **શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમરેલી જિલ્લામાં સાવરકુંડલા તાલુકાથી રાજુલા તાલુકાના પીપાવાવ સુધીનો સ્ટેટ હાઈવે રોડ આવેલ છે તે રોડને પ્રગતિ પથમાં સમાવેશ કરેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રોડ માટે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવેલ છે,

(૩) રોડનું કામ શરૂ કરવા માટેની શી કાર્યવાહી થયેલ છે, અને

(૪) આ રોડનું કામ શરૂ કરી ક્યારે પૂર્ણ કરવા માંગો છો?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) રસ્તા વાઈઝ રકમ ફાળવવામાં આવતી નથી.

(૩) અને (૪) ટેન્ડર માગેલ છે, જે પ્રક્રિયા થયેથી જેમ બને તેમ જલદીથી.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અમરેલી જિલ્લાના અમરેલી સાવરકુંડલા પીપાવાવના રસ્તાનો છે. મને કહેતા ગૌરવ થાય છે કે ૨૦૦૯ની સુવર્ણ જયંતીની પૂર્વ સંધ્યાએ માનનીય મુખ્યમંત્રીશ્રી અમરેલી પધાર્યા ત્યારે તેમના ભાષણમાં કહ્યું હતું કે લાઠી-સાવરકુંડલા-પીપાવાવ રસ્તાના ૧૧૧ કરોડ રૂપિયા ફાળવવા માટે એમણે જુબાન આપેલ હતી. તેમાંથી લાઠી અમરેલીનું ૨૭ કરોડ રૂપિયાનું કામ પૂર્ણ થવામાં છે. અમરેલીથી સાવરકુંડલાના ૩૨ કરોડના કામો પૂર્ણ થવામાં છે અને હવે મારો જે પ્રશ્ન છે એ કુંડલાથી પીપાવાવ તો પ્રશ્નના જવાબમાં ૫૪ કરોડના કામોના ટેન્ડરો બહાર પડી ગયા છે. આ રસ્તો પીપાવાવ બંદરના કારણે રોજની ૪૫૦ થી ૫૦૦ ગાડીઓ ત્યાંથી નીકળે છે. આ રસ્તો ખૂબ જ ખરાબ હાલતમાં હતો. ૨૦૦૯ની ૧લી મે ના રોજ વચન આપ્યું છે એ પાળ્યું છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારે એટલું જ કહેવું છે કે આ રસ્તાનું ૫૪ કરોડનું ટેન્ડર બહાર પડ્યું છે એ ક્યારે શરૂ થશે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એ વાત સાચી છે કે એક રસ્તા પાછળ ૧૦૦-૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. એનું કારણ એ છે કે પાછલા ત્રણ-ચાર વર્ષથી રાજ્યના મુખ્યમંત્રીશ્રી માર્ગ અને મકાન માટે કરોડો રૂપિયા ફાળવી રહ્યા છે. આ વખતે પણ ૨૬૦૦ કરોડ રૂપિયાનું બજૅટ માર્ગ અને મકાન વિભાગને આપવામાં આવ્યું છે. માનનીય ધારાસભ્યશ્રીનો જે પ્રશ્ન છે અમરેલી જિલ્લાના રાજુલા-સાવરકુંડલા પ્રગતિ પથના સેકશનની કુલ લંબાઈ ૪૦.૬૩ કિલોમીટર છે. આના માટેની તાંત્રિક મંજૂરી રૂા. ૫૧.૯૬ કરોડની આપવામાં આવેલ છે. આ કામના ટેન્ડરો માગવામાં આવેલ છે અને ટેન્ડર સરકાર કક્ષાએ પ્રિક્વોલિફિકેશનની કાર્યવાહી હેઠળ છે. એ પ્રિક્વોલિફિકેશન થશે એટલે બીજા ટેન્ડર ખોલીશું અને જે એલ.૧ હશે એને કામગીરી આપવામાં આવશે અને સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ રસ્તાની કામગીરી કેવી રીતે કરવામાં આવશે, શું યોજના છે અને કેટલી સમયમર્યાદામાં કરવામાં આવશે? (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હું જાતે ખાતમુહૂર્ત કરવા માટે જઈશ. આવી રીતે બેઠા બેઠા કોમેન્ટ કરે છે. હું જાઉ છું અને જઈશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જે બેઠા બેઠા બોલે છે એને જવાબ ન આપો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જ્યાં ૧૦ કરોડ રૂપિયા કરતાં વધારે મંજૂર થયેલ રોડ હોય ત્યાં મંત્રીશ્રીએ જવું જોઈએ. હું જાઉ છું, લોકોને મળીએ છીએ અને કહીએ છીએ કે આઝાદીના આટલા વર્ષો થયા નથી થયું પણ આ મોદી સરકારે કર્યું છે એવું પણ કહું છું અને ભવિષ્યમાં પણ કહીશું. આ રસ્તો છે એ બન્ને બાજુ દોઢ મીટરના સોલ્ડર કરવામાં આવશે. આ રસ્તો ૧૦ મીટર પહોળો કરવામાં આવશે અને બન્ને બાજુએ એક મીટરના હાર્ડ સાઈટ સોલ્ડર કરવામાં આવશે. આ માર્ગમાં ૨૨ નાળા આવે છે એનું કામ કરવામાં આવશે. વચ્ચે માઈનર બ્રીજ પણ છે અને ૧૦ લેબ ડ્રેઈનની સુધારણાનું કામ કરવામાં આવશે. અત્યારે ટેન્ડર પી.ક્યુ. લેવલે છે. એ ઓપન થશે અને જે એલ.૧ હશે એને આપીશું અને હું જાતે જઈને ખાતમુહૂર્ત કરી આવીશ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું એટલું જાણવા માગુ છું કે આ રોડ પ્રગતિપથમાં સમાવેશ કઈ તારીખે કરવામાં આવ્યો? પ્રશ્ન નં.ર આ રોડની TS ક્યારે આપવામાં આવી અને ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યું? આ ત્રણે ત્રણ તારીખ મારે જાણવી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લાઠી-ચાવન રાજકોટ-ભાવગનર એજે મંજૂર થયો ૨૧.૬૦ કિલોમિટરનો ૯,૪૮,૦૦,૦૦૦/- રૂપિયા અને ૧૨ નંબર એની તારીખ ૧૬/૩-૨૦૦૭. તા. ૨૫/૭/૨૦૦૭ ના દિવસે ટેન્ડરની મંજૂરી મળી અને એજન્સીનું નામ જોઈતું હોય તો શીવ બિલ્ડર પણ છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાલી આ પ્રગતિપથનો સાવરકુંડલાથી રાજુલાના રોડની એટલા પુરતી જ ચોક્કસ માહિતી માગુ છું કે આ કઈ તારીખે એને પ્રગતિપથમાં સમાવેશ કરવામાં આવ્યો, ક્યારે કઈ તારીખે TS આપવામાં આવી અને ક્યારે કઈ તારીખે ટેન્ડરની પ્રક્રિયા કરવામાં આવી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રોડ છે એમાં ૫૪.૮૯ કરોડની વહીવટી મંજૂરી આપી એ ૧૪/૯/૨૦૦૯ ના દિવસે આપી. તાંત્રિક મંજૂરી ૫૧.૯૬ કરોડની આપી, તા.૨૯/૧/૨૦૧૦ ના રોજ આપી અને DTP મંજૂર થઈ ૪૮ કરોડની ૧૫/૨/૨૦૦૨.

### રાજ્યના મુખ્યમંત્રી ફંડમાંથી કેન્સર, કિડની તેમજ અન્ય રોગ માટે સહાય

*** ૧૩૨૩૪ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

કેન્સર, કિડની તેમજ અન્ય રોગથી પીડિત ગરીબ દર્દીઓને રાજ્યના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી રાજ્યની સિવિલ, કેન્સર, કિડની તેમજ હ્રદયરોગની હોસ્પિટલખાતે સારવાર લેવા કુલ કેટલા કિસ્સામાં કેટલી રકમની છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ સહાય અપાઈ?

**મહેસૂલ મંત્રીશ્રી** :

કેન્સર, કિડની તેમજ અન્ય રોગથી પીડિત ગરીબ દર્દીઓને રાજ્યના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી તારીખ : ૩૧-૧-૧૦ની સ્થિતિએ વર્ષમાં કુલ ૩૦૧૪ દર્દીઓને રૂા.૧૨,૩૨,૧૭,૧૩૩/- (અંકે રૂપિયા બાર કરોડ બત્રીસ લાખ સત્તર હજાર એકસો તેત્રીસ પૂરા)ની સહાય રાજ્યની સિવિલ કેન્સર, કિડની તેમજ હ્રદય રોગ વગેરેની હોસ્પિટલોને ચૂકવવામાં આવેલ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી કેન્સર, કિડની તેમજ અન્ય રોગના ગરીબ દર્દીઓને સારવાર માટે કેટલી સહાય આપવામાં આવી? માનનીય અધ્યક્ષશ્રી, મેં મુખ્યમંત્રીના આ રાહત ફંડમાંથી ગરીબ દર્દીઓ માટેની ભલામણ છેને એ ફકત મારા મતવિસ્તારમાંય નહિ પણ મેં ચોટિલાની ચૂંટણીમાંય ચોટિલા ગામમાંથી કરી હતી. એક આંકલાવમાંથી કરી હતી, મારા વડોદરા તાલુકામાંથી પણ કરી હતી અને સાથે સાથે મેં એક સાવલી તાલુકાના ટુંડાવમાં ગરીબમાં ગરીબ લઘુમતિની મુસ્લિમ ભાઈની પણ મેં ભલામણ કરેલી અને આ બધાજ દર્દીઓને ગુજરાતના મુખ્યમંત્રીના ફંડમાંથી એને આ જે સહાય મળી. હું માનું છું ગઈ કાલે જ હું વાત કરી રહ્યો હતો હ્રદયની વેદનાની વાત કરતો હતો એ વેદના જેના હ્રદયમાં હોય એવા માણસો જ આ કામગીરી કરી શકે અને કરી છે ત્યારે હું ચોક્કસપણે એમ કહી શકું કે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને એ આશીર્વાદરૂપ ફળ્યું છે. હજુ પણ ફળશે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને બે સવાલ પૂછવા છે. માનનીય મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી કેન્સર, કિડની તેમજ અન્ય રોગોના પીડિત દર્દીઓને સારવાર આપવા માટે રાજ્યમાં અને રાજ્ય બહાર કેટલી હોસ્પિટલોને માન્યતા આપવામાં આવી છે? બીજો સવાલ મારો એ છે કે- આપણે જે આ રાહતફંડમાંથી આ રાહત આપીએ છીએ એમાં કેન્સરના કેટલા દર્દીઓને સારવાર મળી? કિડનીના કેટલા દર્દીઓને સારવાર મળી? અન્ય રોગોના જે પીડિત હતા એમને કેટલી રાહત મળી અને આ રાહતફંડની શરૂઆત ક્યારથી થઈ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે રાજ્યની અંદર અનેક ગરીબ એવા હોય છે કે જે લોકો કેન્સરના ઓપરેશનો, કિડનીના ઓપરેશનો અથવા તો હાર્ટના ઓપરેશનો કરાવી નથી શકતા અને અકાળે મૃત્યુ પામતા હોય છે અને એટલા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્સરના જે રોગીઓ હતા એમાં ૨૦૦૭ ફેબ્રુઆરીથી લઈને જાન્યુઆરી ૨૦૧૦ સુધીમાં કેન્સરના ૯૬ દર્દીઓને રાહત આપવામાં આવી અને એ ૫૫ લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર દ્વારા અપાય. એજ રીતે કિડનીમાં ૩૭૩ દર્દીઓને રાહત આપવામાં આવી. ૩,૬૭,૮૪,૦૦૦/-ની સહાય એમને આપવામાં આવી. હાર્ટનો ડીસીસ હતો એમાં ૨૫૩૦ દર્દીઓને ૭,૬૬,૩૨,૮૩૩/- રૂપિયાની દર્દીઓને સહાય આપી. અનેકવાર નવા નવા રોગો અસ્તિત્વમાં આવતા હોય છે અને અનેક દર્દીઓ આવતા હોય છે અને એટલા માટે હમણાં લિવરનું ઓપરેશન થતું હોય તો પણ આવી સહાય કરવી જોઈએ.એ પણ આપણે ઉમેરો કર્યો અને લીવર અને અન્ય રોગો છે એવા ૧૫ દર્દીઓને આપણે સહાય કરી છે અને ૪૩લાખ રૂપિયા એની પાછળ આપણે ખર્ચ કર્યો છે. આમ કુલ ૩૦૧૪ દર્દીઓને આવી સહાય મળી છે. એની પાછળ કુલ ખર્ચ થયો છે ૧૨૩૨૧૭૧૩૩ રૂપિયાનો રાજય સરકારે ખર્ચ કર્યો છે. એમણે હોસ્પિટલોની વાત કરી છે. આમાં શું થાય છે સાહેબ, કે પહેલા દર્દીઓ ઓપરેશન કરાવી દે છે એટલે થોડીક મુશ્કેલી ઉભી થાય છે.

અમદાવાદની અંદર યુ.એન.મહેતા સિવિલ હોસ્પિટલની અંદર એને માન્યતા મળેલી છે. વી.એસ.હોસ્પિટલ અમદાવાદને માન્યતા મળેલી છે. ધરમસિંહ દેસાઈ હોસ્પિટલ નડિયાદને માન્યતા મળેલી છે અને બી.ડી. મહેતા હોસ્પિટલ સુરતને હૃદય રોગના ઓપરેશન કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. એ રીતે કિડનીના રોગના ઓપરેશન માટે કીડની હોસ્પિટલ અમદાવાદ અને મુળજીભાઈ પટેલ હોસ્પિટલ નડીયાદ આ બંને હોસ્પિટલોને રાજય સરકારે મંજૂરી આપી છે અને કેન્સરના રોગ માટે કેન્સર હોસ્પિટલ અમદાવાદ અને રાજકોટ કેન્સર હોસ્પિટલને કેન્સરના રોગના દર્દીના ઓપરેશન માટે મંજૂરી આપવામાં આવી છે. આમાં ૩૩ટકા ખર્ચ આપવામાં આવે છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ ગરીબ દર્દીને ગંભીર રોગથી બચાવીએ એનાથી મોટી કોઈ સેવા નથી અને આ વિભાગે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય કરી જીવતદાન આપવાની કાર્યવાહી કરી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે કેન્સર, કીડની અને હૃદય રોગ સિવાય બીજા કયા રોગ માટે સહાયનું ધોરણ નકકી કર્યું છે? અને એ સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું એમ કે ડોકટર સર્ટિફિકેટ આપે એ સર્ટિફિકેટના આધારે મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડની અંદર એમને અરજી કરવી પડે છે ત્યારપછી ખર્ચનો અંદાજ આપણને મોકલી આપવામાં આવે છે. ડોકટરનું પ્રમાણપત્ર હોસ્પિટલમાં ઓપરેશન કરવાનું બાકી છે તે મુજબનું ડોકટરનું પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવું પડે છે એટલે કે ઓપરેશન નથી થયું એવું કહેવું પડે છે. આ ઉપરાંત રેશન કાર્ડની સહી સિકકા સાથેની પ્રમાણિત નકલ, આવકનો દાખલો ત્યારપછી સોગંદનામુ કે આપના કુટુંબની વાર્ષિક આવક તથા માહિતી અંગે નકકી કરેલ નિયત નમુના મુજબ રૂપિયા ૨૦ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી અથવા મામલતદાર કોર્ટમાં સોગંદનામુ કરીને લાવવાનું હોય છે જેથી ખોટું સર્ટિફિકેટ આવકનું ન આવે અને ભલામણ પત્ર એમાં ધારાસભ્ય હોય કે કોઈપણ હોય એની પાસે પોતાની ભલામણ કરાવી શકે છે. આ એના નિયમો છે અને સીધો જ કોઈ વાયામીડીયા નહીં સીધો જ સી.એમ.ની ઓફીસની અંદરથી ચેક જે હોસ્પિટલમાં એમણે કરાવ્યો હોય ત્યાં જ ચેક પહોંચે છે. ડોકટરની હોસ્પિટલની અંદર ચેક પહોંચે છે અને બીજું જો તાત્કાલિક ઓપરેશન કરવાનું હોય તો એમને મેસેજ મોકલવામાં આવે છે કારણકે આગલા દિવસે પણ ઘણા દર્દીઓ એવા આવતા હોય છે કે આવતીકાલે જ ઓપરેશન છે અને ઓપરેશન થયા પછી કોઈ માગણી કરે તો નિયમ છે કે નહીં આપવાનું એટલે આવે તો સી.એમ.ઓફીસમાંથી એ હોસ્પિટલની અંદર ડોકટર ઉપર સીધો મેસેજ જાય છે કે તમે ઓપરેશન કરો બે દિવસની અંદર ચેક તમને મળી જશે. આ પ્રકારનું માનવતાભર્યું કાર્ય સી.એમ. ઑફિસ દ્વારા થતું હોય છે.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર.

**અધ્યક્ષશ્રી** : આમાં આભાર માનવાનો ન હોય.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** :હું અભિનંદન આપું છું બીજી વાર વારો વહેલો આવે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પૂછવા માગું છું કે ૩૦૧૪ દર્દીઓને લાભ આપવામાં આવ્યો તો માગણીદારો કેટલા હતા એ જાણવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીદારોનો પ્રશ્ન નથી જે માગણી કરે એને આપી દેવામાં આવે છે જો નિયમ અનુસાર હોય તો જે માગણી કરે છે એને નીતિ નિયમોની ખબર જ હોય છે અને એ આવે છે. આપણે તપાસ કરીએ છીએ અને પછી માગણી સ્વીકારીને આપીએ છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીદાર નિયમમાં આવે છે કે નહીં એ તો આપ નકકી કરો છો. આપણે આપણા પ્રશ્નના જવાબમાં હંમેશા જવાબ આપીએ છીએ કે ૫૦૦૦ ની માગણી આવી પણ નિયમ મુજબના ૪૦૦૦ નહોતા તો ૧૦૦૦ ને આપી. આપની પાસે માગણી કરનાર વ્યકિતઓનું રજીસ્ટર હોય જ કે આટલી માગણી આવી હતી અને અમે આટલાને આપી. માગણીદાર નિયમમાં બેસતા ન હોય અને આપી ન આપી વાંધો નથી પણ આપની પાસે આંકડો તો હોવો જ જોઈએ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અત્યારે આંકડો નથી. હું ધારાસભ્યશ્રીને આપી દઈશ.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય મંત્રીશ્રીએ વાત કરી. હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. કારણ કે આરોગ્ય માટે હું ઘણું બધું ધ્યાન દઉ છું. હું કિડની હોસ્પિટલમાં અવાર-નવાર જઉં છું. ત્રિવેદી સાહેબ મારા ગામના છે. અગાઉના મુખ્યમંત્રીશ્રી કાગળ લખ્યા પછી બબ્બે મહિના, ત્રણ મહિના પાસ થતા..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** :સાચી વાત કરવા દો. અનુભવ કહેવા દો.

**અધ્યક્ષશ્રી** : મારે ૧૦ સભ્યાને હજુ તક આપવાની છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : જેમ મંત્રીશ્રીએ જે કહ્યું ઓપરેશન કર્યુ તો કાગળ મળ્યો અને મેસેજ મળી જાય છે અને અઠવાડિયામાં પૈસા જમા થઈ જાય છે. તેમાં ૩૩ ટકા ભંડોળ આપો છો એ વધારવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જેટલા માગણીદાર હોય છે. આ બધા પરિધીમાં આવતા હોય એ બધાનું કામ કરીએ છીએ, એટલે વધારો કે ઘટાડાનો પ્રશ્ન નથી. વધારો થતો હોય તો આપી દેવાના હોય છે. રકમમાં વધારો કરવાનો પ્રશ્ન નથી. એટલા માટે ઉપસ્થિત નથી થતો. જેટલી વ્યકિતઓ આવતી હોય એ આની અંદર લાયકાત ધરાવતા હોય બધાને આપીએ છીએ ભંડોળ વધે-ઘટે એનો પ્રશ્ન નથી.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : આ કિડની અને કેન્સરના દર્દી રોજબરોજ વધતા જાય છે અને આ સંજોગોમાં બરોડા જિલ્લામાં કેટલાક પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકા આવેલા છે. આ આદિવાસીઓ અમદાવાદ, રાજકોટ અથવા નડિયાદ સુધી નથી આવી શકતા, તો વડોદરામાં કિડની હોસ્પિટલનો નવો વિભાગ શરૂ કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આપનું સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : સૌ ધારાસભ્યોશ્રીઓ આ અંગે જાણવા માગે છે કે આખી યોજના ફોર્મ સાથે આ બધા ધારાસભ્યશ્રીઓને પરિપત્રિત કરશો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આપની સૂચના પ્રમાણે બધા જ ધારાસભ્યો અને એમ.પી. ને પણ વાકેફ કરીશું.

**ભાવનગર જિલ્લામાં રાજય સરકારના મંજૂર થયેલ રસ્તા**

***૧૨૬૨૧ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કયા કયા તાલુકાના રાજ્ય હસ્તકના કયા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ મંજૂર થયેલા રસ્તાઓ માટે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) પત્રક મુજબ

(૨) આ કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ રૂપિયા ૫૮.૨૪ કરોડનો ખર્ચ થયેલ છે.

ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મંજૂર થયેલ રસ્તાની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૧ | ગારીયાધાર | પંચાયત | સમઢીયાળા ભંડારીયા રોડ |
| ૨ | ગારીયાધાર | પંચાયત | ગારીયાધાર લુવારા રોડ (મુજીમાને બેલેઈન કરવાનું કામ) |
| ૩ | ગારીયાધાર | પંચાયત | ગારીયાધાર પચ્છેગામ રોડ |
| ૪ | ગારીયાધાર | પંચાયત | ગારીયાધાર પાંચટોબરા સુરનિવાસ રોડ |
| ૫ | ગારીયાધાર | પંચાયત | ગણેશગઢ પચ્છેગામ રોડ |
| ૬ | ગારીયાધાર | પંચાયત | નાનીવાવડી વિરડી રોડ |
| ૭ | ગઢડા | પંચાયત | ઈતરીયા લીંબાળી રોડ |
| ૮ | ગઢડા | પંચાયત | એસ.આર.ટુ. ચભાડીયા એપ્રોચ રોડ કી.મી. ૩.૦૦ તા. ગઢડા |
| ૯ | ગઢડા | પંચાયત | કન્સ્ટ્રકશન ઓફ ગઢડા સાળંગપરડા રોડ કી.મી. ૫.૦૦ તા. ગઢડા |
| ૧૦ | ગઢડા | પંચાયત | કન્સ્ટ્રકશન ઓફ વિકળીયા લક્ષ્મીપુરા કી.મી. ૨.૦૦ તા. ગઢડા |
| ૧૧ | ગઢડા | પંચાયત | કન્સ્ટ્રકશન ઓફ વિકળીયા મુળીઘાટ કી.મી. ૩.૦૦ તા. ગઢડા |
| ૧૨ | ગઢડા | પંચાયત | સ્ટ્રેન્ગધનીંગ ટુ ગઢડા ગઢાળી લીંમડા રોડ ૦/૦ થી ૧૬/૭ |
| ૧૩ | ગઢડા | પંચાયત | સાંજણાવદર એપ્રોચ રોડ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૧૪ | ગઢડા | પંચાયત | આંકડીયા એપ્રોચ રોડ |
| ૧૫ | ગઢડા | પંચાયત | રોજમાળ રાયપર રોડ |
| ૧૬ | ગઢડા | પંચાયત | તતાણા એપ્રોચ રોડ |
| ૧૭ | ગઢડા | પંચાયત | જલાલપર વિક્ળીયા રોડ |
| ૧૮ | ગઢડા | પંચાયત | રળીયાણા સમઢીયાળા મોટીકુંડલ રોડ |
| ૧૯ | ગઢડા | પંચાયત | ગઢાળી ચીરોડા રોડ |
| ૨૦ | ગઢડા | પંચાયત | ગઢડા હોળાયા રોડ |
| ૨૧ | તળાજા | પંચાયત | ઉંચડી વાવડી રોડ |
| ૨૨ | તળાજા | પંચાયત | દાઠા ટુ સ્ટેશન રોડ રોજીયા |
| ૨૩ | તળાજા | પંચાયત | સાંખડાસર એપ્રોચ રોડ |
| ૨૪ | તળાજા | પંચાયત | તળાજા રામપરા રોડ |
| ૨૫ | તળાજા | પંચાયત | ઠાડચ કુંઢડા રોડ |
| ૨૬ | તળાજા | પંચાયત | વેજોદરી પ્રતાપપરા રોડ |
| ૨૭ | તળાજા | પંચાયત | દિહોર સમઢીયાળા રોડ |
| ૨૮ | તળાજા | પંચાયત | રાજપરા એપ્રોચ રોડ |
| ૨૯ | તળાજા | પંચાયત | મોટી માંડવાળી બાખલકા રોડ |
| ૩૦ | તળાજા | પંચાયત | ટીમાણા શેવાળીયા રોડ |
| ૩૧ | તળાજા | પંચાયત | ભેંસવડી એપ્રોચ રોડ |
| ૩૨ | તળાજા | પંચાયત | તળાજા સરતાનપર રોડ |
| ૩૩ | તળાજા | પંચાયત | હાજીપર ઘાણા છાપરી ઠળીયા રોડ |
| ૩૪ | તળાજા | પંચાયત | કોદીયા બેલડા ઠળીયા રોડ |
| ૩૫ | તળાજા | પંચાયત | સાંગાણા ઠળીયા રોડ |
| ૩૬ | તળાજા | પંચાયત | નેસવડ ભારોલી રોડ |
| ૩૭ | તળાજા | પંચાયત | નેસવડ દિહોર રોડ |
| ૩૮ | ઉમરાળા | પંચાયત | લીમંડા ખીજડીયા રોડ |
| ૩૯ | ઉમરાળા | પંચાયત | ધામણકા એપ્રોચ રોડ |
| ૪૦ | ઉમરાળા | પંચાયત | ઉમરાળા ચોગઠ ચમારડી રોડ |
| ૪૧ | શિહોર | પંચાયત | ખારડી સરકડીયા રોડ |
| ૪૨ | શિહોર | પંચાયત | સણોસરા વાવડી રોડ |
| ૪૩ | શિહોર | પંચાયત | રંડોળા મઢડા ખારી ક્નાડ રોડ ૦/૦ થી ૧૧/૫, સેક્શન ૦/૦ થી ૫/૦ |
| ૪૪ | શિહોર | પંચાયત | રામધરી ચોરવડલા ઢાકણકુડા રોડ |
| ૪૫ | શિહોર | પંચાયત | બેકડી ગુદાળા સરકડીયા ઢુંઢસર રોડ |
| ૪૬ | શિહોર | પંચાયત | વરલ થોરાળી રોડ |
| ૪૭ | શિહોર | પંચાયત | કાટોડીયા વાવ બજુડ રોડ |
| ૪૮ | શિહોર | પંચાયત | શિહોર ખાંભા રોડ |
| ૪૯ | શિહોર | પંચાયત | સાંઢીડા સરવેડી રોડ |
| ૫૦ | શિહોર | પંચાયત | રાજપરા(ખો) એપ્રોચ રોડ |
| ૫૧ | શિહોર | પંચાયત | રાજપરા રાજપરા પ્લોટ રોડ |
| ૫૨ | વલ્લભીપુર | પંચાયત | પાટી એપ્રોચ રોડ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૫૩ | વલ્લભીપુર | પંચાયત | ખેતાટીંબી નવાગામ રોડ |
| ૫૪ | વલ્લભીપુર | પંચાયત | નવાગામ ઈટાલીયા રોડ (કેરી નદી પર પુલ) |
| ૫૫ | વલ્લભીપુર | પંચાયત | નવાગામ કાળાતળાવ દરેડ રોડ |
| ૫૬ | વલ્લભીપુર | પંચાયત | ભોજપરા પીપરીયા રોડ |
| ૫૭ | વલ્લભીપુર | પંચાયત | લાખણકા એપ્રોચ રોડ |
| ૫૮ | વલ્લભીપુર | પંચાયત | દરેડ ચાડા રોડ |
| ૫૯ | વલ્લભીપુર | પંચાયત | રાજસ્થળી એપ્રોચ રોડ |
| ૬૦ | વલ્લભીપુર | પંચાયત | વલ્લભીપુર મારૂતીનગર રોડ |
| ૬૧ | વલ્લભીપુર | પંચાયત | વલ્લભીપુર હળીયાદ રોડ |
| ૬૨ | ભાવનગર | પંચાયત | જુના રતનપર એપ્રોચ રોડ |
| ૬૩ | ભાવનગર | પંચાયત | મીઠાપર એપ્રોચ રોડ |
| ૬૪ | ભાવનગર | પંચાયત | ભૂંભલી રામપર રોડ |
| ૬૫ | ભાવનગર | પંચાયત | અધેલાઈ જસવંતપુર રોડ |
| ૬૬ | ભાવનગર | પંચાયત | ભાવનગર રૂવા એર પોર્ટ રોડ |
| ૬૭ | ભાવનગર | પંચાયત | માઢીયા આણંદપર વલ્ભીપુર |
| ૬૮ | ભાવનગર | પંચાયત | ભાવનગર રૂવા એર પોર્ટ રોડ |
| ૬૯ | ભાવનગર | પંચાયત | ભુંભલી સુરકા રોડ |
| ૭૦ | મહુવા | પંચાયત | બગદાણા રતનપર રોડ |
| ૭૧ | મહુવા | પંચાયત | કલમોદર વાવડી રોડ |
| ૭૨ | મહુવા | પંચાયત | ગુંદરણા ધરાઈ બગદાણા રોડ કિ.મી. ૭/૦ થી ૧૧/૦ ધરાઈ-બગદાણા |
| ૭૩ | મહુવા | પંચાયત | મોટાજાદરા અમૃતવેલ રોડ |
| ૭૪ | મહુવા | પંચાયત | બોરડી રાજાવદર એપ્રોચ રોડ |
| ૭૫ | મહુવા | પંચાયત | ટોલસલડી એપ્રોચ રોડ |
| ૭૬ | મહુવા | પંચાયત | સતરા ભાદ્રોડ રોડ |
| ૭૭ | મહુવા | પંચાયત | બોરડી એપ્રોચ રોડ |
| ૭૮ | મહુવા | પંચાયત | અમૃતવેલ ડુંડાસ લુસડી બાંભણીયા રોડ |
| ૭૯ | મહુવા | પંચાયત | મોટીવડાળ સરેરા કર્લા રોડ ૬/૦ થી ૧૩/૫ |
| ૮૦ | મહુવા | પંચાયત | નાનાજાદરા કુભણરોડ પર માલણ નદી પર નાળુ |
| ૮૧ | મહુવા | પંચાયત | ડુંડાસ જીંજકા રોડ |
| ૮૨ | મહુવા | પંચાયત | કંટાસર છાપરી રોડ |
| ૮૩ | મહુવા | પંચાયત | મોડીવડાળ મોદાળીયા રોડ |
| ૮૪ | મહુવા | પંચાયત | મહુવા કોંજળી તરેડ રોડ ૮/૫ થી ૧૩/૦ |
| ૮૫ | મહુવા | પંચાયત | મહુવા કોંજળી તરેડ રોડ ૧૭/૦ થી ૨૩/૦ |
| ૮૬ | મહુવા | પંચાયત | રાણીવાડા એપ્રોચ રોડ |
| ૮૭ | મહુવા | પંચાયત | અમૃતવેલ ડુંડાસ લુસડી બાંભણીયા રોડ ૦/૦ થી ૧૦/૦ સે. ૩/૦ થી ૭/૦ |
| ૮૮ | મહુવા | પંચાયત | દુધાળા કીકરીયા ખુંટવડા રોડ |
| ૮૯ | મહુવા | પંચાયત | કણકોટ સજનવાવ રોડ |
| ૯૦ | બોટાદ | પંચાયત | ગઢડીયા નાનીવીરવા રોડ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૯૧ | બોટાદ | પંચાયત | સમઢીયાળા ઢીક્વાળી રોડ |
| ૯૨ | બોટાદ | પંચાયત | સરવા એપ્રોચ રોડ |
| ૯૩ | બોટાદ | પંચાયત | ક્ન્સ્ટ્રક્શન ઓફ રોહીશાળા ચક્મપર પાટણા રોડ કી.મી. ૩/૨ થી ૩/૪૦ તા. બોટાદ (વોન્ટેડ કોઝવે અને સ્લેબ ડ્રેઈન) |
| ૯૪ | બોટાદ | પંચાયત | ક્ન્સ્ટ્રક્શન ઓફ શીરવાણીયા ભદ્રાવડી રોડ (તુરખા) કી.મી. ૦/૦ થી ૦/૨૦ માં પાંચગાળાનો સ્લેબ ડ્રેઈન |
| ૯૫ | બોટાદ | પંચાયત | ક્ન્સ્ટ્રક્શન ઓફ બોટાદ ઝમરાળા કેરીયા રોડ કી.મી. ૧૬/૪૦ થી ૧૬/૬૦ માં કોઝવેના બદલે બોક્ષ ક્લવર્ટ |
| ૯૬ | બોટાદ | પંચાયત | બોટાદ તાજપર પાટી નીગાળા રોડ તા. બોટાદ કી.મી. ૮/૮૦ થી ૯/૦૦ માં ત્રણ ગાળાના સ્લેબ ડ્રેઈન તથા કી.મી. ૧૨/૮૦ થી ૧૩/૦ હયાત કોઝવેને બદલે બોક્ષ |
| ૯૭ | બોટાદ | પંચાયત | મોટાછેડા એપ્રોચ રોડ |
| ૯૮ | બોટાદ | પંચાયત | લાખેણી શિયાનગર રોડ |
| ૯૯ | બોટાદ | પંચાયત | કારીયાણી લાખેણી રોહિશાળા રોડ |
| ૧૦૦ | બોટાદ | પંચાયત | ઝીંઝાવદર સાંગાવદર લાખેણી રોડ |
| ૧૦૧ | બોટાદ | પંચાયત | બોટાદ કુરખા રંગપર રોડ ૦/૦ થી ૨૧/૦ સેક્શન ૧૭/૦ થી ૨૧/૦ |
| ૧૦૨ | પાલીતાણા | પંચાયત | ભારાટીંબા એપ્રોચ રોડ |
| ૧૦૩ | પાલીતાણા | પંચાયત | કંજરડા દદરડા રોડ |
| ૧૦૪ | પાલીતાણા | પંચાયત | રાજપરાચોક ચીરોડા રોડ |
| ૧૦૫ | પાલીતાણા | પંચાયત | માળીયા એપ્રોચ રોડ |
| ૧૦૬ | પાલીતાણા | પંચાયત | ચોકીયા પાટી એપ્રોચ રોડ |
| ૧૦૭ | પાલીતાણા | પંચાયત | જાળીયા એપ્રોચ રોડ |
| ૧૦૮ | પાલીતાણા | પંચાયત | પાલીતાણા ડુંગરપુર હાથસણી રોડ |
| ૧૦૯ | પાલીતાણા | પંચાયત | પાલીતાણા ઘેટી રોડ (પાલીતાણા થી ત્રંબક્વાવ) |
| ૧૧૦ | પાલીતાણા | પંચાયત | નોંધણવદર મોતીશ્રી દુધાળા રોડ (સે. નોંધણવદર મોતીશ્રી ચોકડી) |
| ૧૧૧ | પાલીતાણા | પંચાયત | જાળીયા આંકોલાળી રોડ |
| ૧૧૨ | પાલીતાણા | પંચાયત | થોરાળી ગરાજીયા એપ્રોચ રોડ |
| ૧૧૩ | પાલીતાણા | પંચાયત | ચોડા સાતપરા રોડ |
| ૧૧૪ | પાલીતાણા | પંચાયત | લપાળીયા મેઢા રોડ |
| ૧૧૫ | ઘોઘા | પંચાયત | વાવડી પીથલપુર રોડ |
| ૧૧૬ | ઘોઘા | પંચાયત | આલાપર પડવા રોડ |
| ૧૧૭ | ઘોઘા | પંચાયત | ભીકડા ભંડાર રોડ |
| ૧૧૮ | ગારીયાધાર | પંચાયત | ફાચરીયા ગારીયાધાર રોડ (અ.જી.મા.) |
| ૧૧૯ | ગારીયાધાર | પંચાયત | ગણેશગઢ એપ્રોચ રોડ |
| ૧૨૦ | ગારીયાધાર | પંચાયત | મોટાચા રોડીયા સખપુર રોડ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૧૨૧ | ગારીયાધાર | પંચાયત | મોરબા બેલા રોડ |
| ૧૨૨ | ગારીયાધાર | પંચાયત | બેલા સરંભડા રોડ |
| ૧૨૩ | ગારીયાધાર | પંચાયત | આણંદપર સુરનિવાસ રોડ |
| ૧૨૪ | ગારીયાધાર | પંચાયત | માંડવી માનપુર રોડ |
| ૧૨૫ | ગારીયાધાર | પંચાયત | સાંઢખાખરા ચોંડા રોડ |
| ૧૨૬ | ગારીયાધાર | પંચાયત | ઠાંસા ખોડવદરી રોડ |
| ૧૨૭ | ગઢડા | પંચાયત | ધ્રુફણીયા ખાખોઈ રોડ |
| ૧૨૮ | ગઢડા | પંચાયત | જલાલપર વિકળીયા રોડ |
| ૧૨૯ | ગઢડા | પંચાયત | વાવડી માંડવધાર રોડ |
| ૧૩૦ | ગઢડા | પંચાયત | ગઢડા હોળાયા સખપર ધ્રુફણીયા ભીમડાદ રોડ |
| ૧૩૧ | ગઢડા | પંચાયત | પડવદર મોટીકુંડળ રોડ |
| ૧૩૨ | ગઢડા | પંચાયત | ઢસા જલાલપુર |
| ૧૩૩ | ગઢડા | પંચાયત | ઘોઘાસમડી પીપરડી સીતાપર રોડ |
| ૧૩૪ | ગઢડા | પંચાયત | ગઢડા હોળાયા સખપર ધ્રુફણીયા રોડ ૦/૦ થી ૧૯/૦ |
| ૧૩૫ | ગઢડા | પંચાયત | ઉગામેડી લાખણકા રોડ |
| ૧૩૬ | ગઢડા | પંચાયત | ઢસાબુધગરઢાળ થી જલાલપર રોડ |
| ૧૩૭ | તળાજા | પંચાયત | પશવીથી પાદરગઢ રોડ |
| ૧૩૮ | તળાજા | પંચાયત | ત્રાપજ-બપાડા રોડ |
| ૧૩૯ | તળાજા | પંચાયત | દિહોર બાબરીયાત રોડ |
| ૧૪૦ | તળાજા | પંચાયત | સાંગાણા ઘાટરવાળા રોડ |
| ૧૪૧ | તળાજા | પંચાયત | માખણીયા એપ્રોચ રોડ |
| ૧૪૨ | તળાજા | પંચાયત | પાદરગઢ ખારડી રોડ |
| ૧૪૩ | તળાજા | પંચાયત | સાંકડાસર નં. ૨ એપ્રોચ રોડ |
| ૧૪૪ | તળાજા | પંચાયત | હમીપરા એપ્રોચ રોડ |
| ૧૪૫ | તળાજા | પંચાયત | સથરા અલંગશીપ યાર્ડ રોડ |
| ૧૪૬ | તળાજા | પંચાયત | જસપરા ખદડપર પાણીયાળી રોડ |
| ૧૪૭ | તળાજા | પંચાયત | વેળાવદર દેવલી પાદરી મથાવડા |
| ૧૪૮ | તળાજા | પંચાયત | દેવલી પીપરલા રોડ |
| ૧૪૯ | તળાજા | પંચાયત | ફુલસર શેળાવદર રોડ |
| ૧૫૦ | તળાજા | પંચાયત | મહુવા દાઠા ગોપનાથ (દાઠાથી પીથલપુર) |
| ૧૫૧ | તળાજા | પંચાયત | ત્રાપજ ગઢડા રોડ |
| ૧૫૨ | તળાજા | પંચાયત | ત્રાપજ દિહોર રોડ |
| ૧૫૩ | તળાજા | પંચાયત | દેવલી નવીદેવલી રોડ |
| ૧૫૪ | ઉમરાળા | પંચાયત | બોચડવા એપ્રોચ રોડ |
| ૧૫૫ | ઉમરાળા | પંચાયત | ઘારૂકા ટીંબા ડંભાળીયા રોડ |
| ૧૫૬ | ઉમરાળા | પંચાયત | ધોળા ગોદડવા રોડ |
| ૧૫૭ | ઉમરાળા | પંચાયત | હડમતીયા ભુતીયા રોડ |
| ૧૫૮ | ઉમરાળા | પંચાયત | રંઘોળા દેવળીયા રોડ |
| ૧૫૯ | શિહોર | પંચાયત | સણોસરા ઝરીયા રોડ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૧૬૦ | શિહોર | પંચાયત | ટાણા રાજપરા વાવડી રોડ |
| ૧૬૧ | શિહોર | પંચાયત | વાવડી લીમડધાર રોડ |
| ૧૬૨ | શિહોર | પંચાયત | શિહોર ભડલી રોડ |
| ૧૬૩ | શિહોર | પંચાયત | દેવગાણા જાંબાળા રોડ |
| ૧૬૪ | વલ્લભીપુર | પંચાયત | ભોરણીયા એપ્રોચ રોડ |
| ૧૬૫ | વલ્લભીપુર | પંચાયત | નસીતપર હાડીકા લાખેણી રોડ |
| ૧૬૬ | વલ્લભીપુર | પંચાયત | રંગપર જલાલપર તોતણીયાળા |
| ૧૬૭ | વલ્લભીપુર | પંચાયત | પાટણા એપ્રોચ રોડ |
| ૧૬૮ | વલ્લભીપુર | પંચાયત | ચમારડી એપ્રોચ રોડ |
| ૧૬૯ | ભાવનગર | પંચાયત | ભંડારીયા મેલકડી રોડ |
| ૧૭૦ | ભાવનગર | પંચાયત | સમઢીયાળા ખરકડી રોડ |
| ૧૭૧ | ભાવનગર | પંચાયત | માઢીયા સવાઈનગર આણંદપર રોડ ૪/૦ થી ૧૦/૦ |
| ૧૭૨ | ભાવનગર | પંચાયત | ભડભીડ એપ્રોચ રોડ |
| ૧૭૩ | ભાવનગર | પંચાયત | નર્મદ એપ્રોચ રોડ |
| ૧૭૪ | ભાવનગર | પંચાયત | ભાવનગર નારી ક્મળેજ રોડ ૧૨.૦ કિમી. સે ૬/૩ થી ૮/૦ |
| ૧૭૫ | મહુવા | પંચાયત | કુંભણ રૂપાવટી રોડ |
| ૧૭૬ | મહુવા | પંચાયત | ગુંદરણા ભગુડા રોડ |
| ૧૭૭ | મહુવા | પંચાયત | તરેડ તલગાજરડા રોડ |
| ૧૭૮ | મહુવા | પંચાયત | ગુંદરણા માલપરા સાલોલી રોડ |
| ૧૭૯ | મહુવા | પંચાયત | મહુવા-કોજળી-તરેડ-સેંદરડા-બગદાણા રોડ સે. ૧૩/૦ થી ૧૭/૦ અને |
| ૧૮૦ | મહુવા | પંચાયત | મોણપુર-બગદાણા રોડ (બાયપાસ) |
| ૧૮૧ | મહુવા | પંચાયત | કલસાર માળવાવ રોહીશા રોડ |
| ૧૮૨ | મહુવા | પંચાયત | મોણપર ખારી રોડ |
| ૧૮૩ | મહુવા | પંચાયત | જેસર બગદાણા રોડ |
| ૧૮૪ | મહુવા | પંચાયત | નાનાજાદરા ભાણાવાવ રૂપાવટી રોડ |
| ૧૮૫ | મહુવા | પંચાયત | નવાગામ મોદા રોડ |
| ૧૮૬ | મહુવા | પંચાયત | નવાસાંગાણા દેવળીયા |
| ૧૮૭ | મહુવા | પંચાયત | તલગાજરડા રાતોલ રોડ |
| ૧૮૮ | મહુવા | પંચાયત | ઓથા બગદાણા રોડ ૨૦.૦૦ કિમી. સે. ૧૦/૦ થી ૨૦/૦ |
| ૧૮૯ | મહુવા | પંચાયત | મોટા ખુંટવડા ગોરસ રોડ |
| ૧૯૦ | મહુવા | પંચાયત | ચારદીકા બાંભણીયા રોડ |
| ૧૯૧ | મહુવા | પંચાયત | મોટાખુંટવડા નાનાઆસરાણા રોડ |
| ૧૯૨ | બોટાદ | પંચાયત | કેરીયા નં. ૨ એપ્રોચ રોડ |
| ૧૯૩ | બોટાદ | પંચાયત | બોટાદ હડદડ ભદ્રાવડી પાળીયાદ રોડ ૫/૦થી ૧૦/૦ |
| ૧૯૪ | બોટાદ | પંચાયત | હડદડ કાનીયાડ રોડ ૧૦/૦ થી ૧૩/૦ |
| ૧૯૫ | બોટાદ | પંચાયત | હડદડ શીરવાણીયા રોડ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૧૯૬ | બોટાદ | પંચાયત | તુરખા-ખાખોઈ રોડ |
| ૧૯૭ | બોટાદ | પંચાયત | બોટાદ હડદડ ભદ્રાવડી પાળીયાદ રોડ ૦/૦ થી ૫/૦ |
| ૧૯૮ | બોટાદ | પંચાયત | જોટીંગડા સાલેયા રોડ |
| ૧૯૯ | બોટાદ | પંચાયત | ભડલા નાનાછેડા રોડ |
| ૨૦૦ | બોટાદ | પંચાયત | પીપરડી પીપળીયા રોડ |
| ૨૦૧ | પાલીતાણા | પંચાયત | બડેલી ખાખરીયા રોડ |
| ૨૦૨ | પાલીતાણા | પંચાયત | પાલીતાણા મોટીવાવડી રોડ |
| ૨૦૩ | પાલીતાણા | પંચાયત | પાલીતાણા જામવાળી રોડ |
| ૨૦૪ | પાલીતાણા | પંચાયત | ઘેટી દુધાળા રોડ |
| ૨૦૫ | પાલીતાણા | પંચાયત | અયાવેજ એપ્રોચ રોડ |
| ૨૦૬ | પાલીતાણા | પંચાયત | રંડોળા પીપરડી રોડ |
| ૨૦૭ | પાલીતાણા | પંચાયત | લુવારવાવ ભાદ્રાવાવ રોડ |
| ૨૦૮ | પાલીતાણા | પંચાયત | વાળુકડ હણોલ રોડ |
| ૨૦૯ | પાલીતાણા | પંચાયત | નાની રાજસ્થળી ઘેલાપર રોડ |
| ૨૧૦ | પાલીતાણા | પંચાયત | સમઢીયાળા નોંઘણવદર રોડ પર સમઢીયાળા મુલાણી ગામે નાળુ ૩૦મી. |
| ૨૧૧ | પાલીતાણા | પંચાયત | મોખડકા ખીજડીયા રોડ |
| ૨૧૨ | પાલીતાણા | | નોંઘણવદર ખીજડીયા રોડ |
| ૨૧૩ | પાલીતાણા | | પાંચપીંપળા માળીયા જાળીયા રાણપરડા વડીયા રોડ |
| ૨૧૪ | પાલીતાણા | | જામવાળી જામવાળી-૧ રોડ |
| ૨૧૫ | પાલીતાણા | | પાલીતાણા થી હસ્તગીરી રોડ |
| ૨૧૬ | પાલીતાણા | | ત્રંબકેશ્વર થી ઘેટી |
| ૨૧૭ | પાલીતાણા | | ગારીયાધાર ભંડારીયા સાતપડા જાળીયા ઘેટી પાલીતાણા રોડ સે. ૧૩/૫ થી |
| ૨૧૮ | ઘોઘા | | ત્રંબક ભડી રોડ |
| ૨૧૯ | ઘોઘા | | ચિત્રા સીદસર તણસા |
| ૨૨૦ | ભાવનગર | રાજ્ય | રાજ્ય ધોરી માર્ગ પર પરાવર્તીક નિશાની બોર્ડ પુરા પાડવા |
| ૨૨૧ | બોટાદ | રાજ્ય | બોડી-પાળીયાદ-વિછીયા રસ્તાનાં કિ.મી. ૧૪૪/૦ થી ૧૬૭/૦ વચ્ચે રસ્તાનાં ૭.૦૦ કિમી.રસ્તામાં મજબુતીકરણની કામગીરી |
| ૨૨૨ | બોટાદ | રાજ્ય | બોડી-પાળીયાદ-વિછીયા રસ્તાનાં કિ.મી. ૧૪૭/૯ થી ૧૫૧/૧૪ અને ૧૫૩/૬ થી ૧૬૨/૦ વચ્ચે રસ્તાને મજબુતીકરણની કામગીરી |
| ૨૨૩ | ગઢડા | રાજ્ય | ગઢડા નીગાળા રોહીશાળા રસ્તાનાં કિ.મી. ૧૫/૦ થી ૩૫/૦ વચ્ચે રસ્તાને પહોળોકરી મજબુતીકરણની કામગીરી |
| ૨૨૪ | ગઢડા | રાજ્ય | હરીપર એપ્રોચ રોડ, કી.મી. ૦/૦ થી ૫/૬ વચ્ચે મજબુતીકરણનું કામ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૨૨૫ | ગઢડા | રાજ્ય | વનાળી ખોપાળા વીરડી કાપરડી રસ્તાની સુધારણાનું કામ |
| ૨૨૬ | ગઢડા | રાજ્ય | ગઢડા ભડલી રસ્તા પર સાઈડો પુરવી |
| ૨૨૭ એચબી- | ગઢડા | રાજ્ય | ગઢડા ભડલી રસ્તા પર કેરાળા ગામ પાસે કોઝવેની કામગીરી |
| ૨૨૮ | મહુવા | રાજ્ય | જેસર-આશરણા રસ્તાનાં રોડ કીમી. ૧૩/૦ થી ૨૦/૦ વચ્ચે મજબુતીકરણની કામગીરી |
| ૨૨૯ | મહુવા | રાજ્ય | મહુવા કુંડલા રોડ કીમી. ૨૩/૦ થી ૨૪/૦ વચ્ચે મજબુતીકરણની કામગીરી |
| ૨૩૦ | શિહોર | રાજ્ય | શિહોર ટાણા વરલ રોડનાં કીમી. ૧/૦ થી ૨/૦ વચ્ચે ડીપની જગ્યાએ પુલનું બાંધકામ. |
| ૨૩૧ | શિહોર | રાજ્ય | શિહોર ટાણા વરલ રોડ (એમ.ડી.આર,) કીમી. ૨૧/૦ થી ૨૨/૦ વચ્ચે સી.સી.રોડ. |
| ૨૩૨ | તળાજા | રાજ્ય | પાલીતાણા તળાજા રસ્તાનાં ક્મિી. ૧૯/૦ થી ૩૫/૦ વચ્ચે ૧૬.૦૦ કિ.મી. ની લંબાઈનાં સુધારણાની કામગીરી |
| ૨૩૩ | તળાજા | રાજ્ય | પીથલપુર ખંઢેરા રોડ (એમ.ડી.આર.) રસ્તાનું મજબુતીકરણ |
| ૨૩૪ | ઉમરાળા | રાજ્ય | ઘરવાળા એપ્રોચ રોડ, કીમી. ૦/૦ થી ૧/૫૦ વચ્ચે મજબુતીકરણની કામગીરી |
| ૨૩૫ | ઉમરાળા | રાજ્ય | દડવા એપ્રોચ રોડ કીમી. ૦/૦ થી ૧/૫ ની મજબુતીકરણની કામગીરી |
| ૨૩૬ | વલ્લભીપુર | રાજ્ય | વલ્લભીપુર-પચ્છેગામ-રતનપુર રોડ કીમી. ૦/૬ થી ૯/૬ વચ્ચે રસ્તાને પહોળો કરી મજબુતીકરણની કામગીરી |
| ૨૩૭ | પાલીતાણા | રાજ્ય | સોનગઢ-પાલીતાણા રસ્તાનાં કીમી. ૩૪/૦ થી ૪૨/૮ વચ્ચે રસ્તાને મજબુતીકરણની કામગીરી |
| ૨૩૮ | ગઢડા | રાજ્ય | ગઢડા ભડલી જસદણ માર્ગને પહોળો કરી સુધારણાનું કામ |
| ૨૩૯ | ગઢડા | રાજ્ય | રાજકોટ ભાવનગર રસ્તાના કીમી. ૧૦૪/૦ થી ૧૦૫/૦ વચ્ચે આવેલ રેલ્વે ઓવરબ્રીજનાં એપ્રોચનું સુધારણાનું કામ |
| ૨૪૦ | ગારીયાધાર | રાજ્ય | વાવેરા ગારીયાધાર સણોસરા રસ્તા પર ખુટતી કડીનું બાંધકામ |
| ૨૪૧ | તળાજા | રાજ્ય | પાલીતાણા પીંગળી દિહોર રાજપરા રોડ, રસ્તાનું મજબુતીકરણ, સી.સી. રોડ |
| ૨૪૨ | ઉમરાળા | રાજ્ય | નોંધણવદર સણોસરા ધોળા રસ્તા પર રંધોળી નદી પર પુલનું બાંધકામ |
| ૨૪૩ | ઉમરાળા | રાજ્ય | વલ્લભીપુર ઉમરાળા ધોળા રસ્તા પર ધોળા બાયપાસનું બાંધકામ |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૨૪૪ | વલ્લભીપુર | રાજ્ય | ગઢડા નીંગાળા રોડ કીમી. ૨૭/૫ થી ૩૫/૬ વચ્ચે મજબુતીકરણ |
| ૨૪૫ | બોટાદ | રાજ્ય | બોટાદ નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતા છેડા પાળીયાદ બોટાદ રસ્તાના કીમી. ૪૮/૬૫ થી ૫૦/૨ વચ્ચે રસ્તાની સુધારણાનું કામ. |
| ૨૪૬ | ગઢડા | રાજ્ય | ગઢડા અડતાળા લાખણકા ધોળા રસ્તાના કીમી. ૦/૦ થી ૧૫/૦ વચ્ચે રસ્તાની મજબુતીકરણનું |
| ૨૪૭ | ગારીયાધાર | રાજ્ય | ગારીયાધાર નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતા ગારીયાધાર સણોસરા તથા ગારીયાધાર ચારોડીયા રસ્તાની સુધારણા |
| ૨૪૮ | મહુવા | રાજ્ય | મહુવા નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતા તળાજા મહુવા રસ્તાના કી.મી. ૯૨/૦ થી ૯૪/૦ તથા મહુવા વિકટર વચ્ચે રસ્તાની સુધારણાનું કામ. |
| ૨૪૯ | પાલીતાણા | રાજ્ય | પાલીતાણા નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતા પાલીતાણા પરવડી ગારીયાધાર વચ્ચે રસ્તાની સુધારણાનું કામ. |
| ૨૫૦ | શિહોર | રાજ્ય | શિહોર નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતા શિહોર ટાણા વરલ રસ્તાના કીમી. ૦/૦ થી ૧/૦ તથા ભાવનગર રાજકોટના કીમી. ૧૪૯/૮ થી ૧૫૦/૮ અને ૧૫૨/૮ થી ૧૫૩/૮ વચ્ચે |
| ૨૫૧ | ઉમરાળા | રાજ્ય | વલ્લભીપુર ઉમરાળા ધોળા રસ્તા પર કી.મી. ૦/૦ થી ૨૭/૦ વચ્ચે રસ્તાને બે લેઈન જેટલો પહોળો કરવાનું કામ. |
| ૨૫૨ | મહુવા | રાજ્ય | જેસર આસરાણા રસ્તા પર સુરનાળા નદી પર પુલનું બાંધકામ |
| ૨૫૩ | પાલીતાણા | રાજ્ય | પાલીતાણા તળાજા રોડ, કી.મી.૧૧/૦ થી ૧૨/૦ વચ્ચેકોઝવેની કામગીરી. |
| ૨૫૪ | બોટાદ | રાજ્ય | બોટાદ સાળંગપુર રસ્તાના કી.મી. ૫/૨-૪ વચ્ચે મજબુતીકરણનું કામ. |
| ૨૫૫ | ભાવનગર | રાજ્ય | અમદાવાદ ભાવનગર ટૂંકા માર્ગના કી.મી. ૧૩૩/૨-૧૬૮/૨ વચ્ચેના ૧૪૨/૦ થી ૧૪૪/૦ વચ્ચે રસ્તાને મજબુતીકરણની કામગીરી (જોબ નં. એસ.આર.આર./ |
| ૨૫૬ | ઘોઘા | રાજ્ય | ઘોઘા-બુધેલ-વરતેજ રસ્તાના પીપળીયા પૂલથી બુધેલ વચ્ચેનાં કી.મી. ૫/૪ થી ૧૪/૨ વચ્ચે પસંદગીની ૩ કી.મી. ની લંબાઈની મજબુતીકરણની કામગીરી. (જોબ નં. એસ.આર.આર./૨૦૦૯-૧૦/બીવીએન/૩ (ડ)) |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૨૫૭ | પાલીતાણા | રાજ્ય | જેસર- પાલીતાણા રસ્તાના કી.મી. ૧૯/૦ થી ૨૬/૦ વચ્ચે મજબુતીકરણની કામગીરી. (જોબ નં. એસ.આર.આર./૨૦૦૯-૧૦/બીવીએન/૪ (ડ)) |
| ૨૫૮ | ભાવનગર | રાજ્ય | ભાવનગર ઘોઘા રસ્તાના કી. મી. ૦/૦ થી ૧૨/૫ વચ્ચે પસંદગીની ૧૦.૦૦ કી.મી.ની લંબાઈમાં સુધારણા (૫૨/૪૪૧) |
| ૨૫૯ | ગારીયાધાર | રાજ્ય | ગારીયાધાર સણોસરા રસ્તાના કી. મી. ૩/૦ થી ૪/૦ તથા ૯/૦ થી ૯/૨ તથા ૯/૬ થી ૯/૮ વચ્ચે એચ. પી. ડ્રેઈન અને બોક્ષ ક્લવટ્ટની કામગીરી (જોબ નં. |
| ૨૬૦ | મહુવા | રાજ્ય | અખેગઢ એપ્રોચ રસ્તાના કી. મી. ૦/૦ થી ૪/૨૩ વચ્ચે પસંદગીની ૦.૮૦૦ કી.મી. ની લંબાઈમાં મજબુતીકરણની કામગીરી (જોબ નં. |
| ૨૬૧ | મહુવા | રાજ્ય | મોટા આસરાણા ચારદીકા (ગ્રામ્ય માર્ગ) રોડના કી. મી. ૦/૦ થી ૧/૭૫ વચ્ચે મજબુતીકરણની કામગીરી (એસઆરઆર/૨૦૦૯-૧૦/બીવીએન/૧૦/(ડ). |
| ૨૬૨ | મહુવા | રાજ્ય | મહુવા-સાવરકુંડલા રસ્તાના કી. મી. ૩/૦ થી ૬/૦ વચ્ચે મજબુતીકરણની કામગીરી (જોબ નં. એસઆરઆર/૨૦૦૯-૧૦/બીવીએન/૧૧/(ડ). |
| ૨૬૩ | તળાજા | રાજ્ય | તળાજા-ગોપનાથ રા.ધો.મા. નં ૩૧ કી.મી. ૦/૦ થી ૨૨/૦ વચ્ચેની બાકી રહેતી લંબાઈને પહોળી કરી મજબુતીકરણની કામગીરી |
| ૨૬૪ | તળાજા | રાજ્ય | પાલીતાણા-તળાજા રસ્તાના કી. મી. ૨૬/૦ થી ૩૩/૦ વચ્ચે રસ્તાને પહોળો કરી મજબુતીકરણની કામગીરી (૫૨/૪૪૧). |
| ૨૬૫ | તળાજા | રાજ્ય | પીથલપુર-ખંઢેરા-મુ. જી. માર્ગના ૧૧-૦૦ કી. મી. પેકી પસંદગીની બાકીની ૬.૫૦ કી.મી. ની લંબાઈમાં મજબુતીકરણની કામગીરી (જોબ નં.એસઆરઆર/૨૦૦૯-૧૦/બીવીએન/૫/(ડ). |
| ૨૬૬ | ઉમરાળા | રાજ્ય | ગઢડા અડતાળા-લાખણકા-ધોળા-માર્ગના કી. મી. ૦/૦ થી ૧૯/૦ વચ્ચે ૯/૦ કી.મી. માં |
| ૨૬૭ | બોટાદ | રાજ્ય | રતનપર-નસીતપર રસ્તાના કી. મી. ૦/૦-૩/૫ રસ્તાના મજબુતીકરણની કામગીરી (જોબ નં. એસઆરઆર/૨૦૦૯-૧૦/બીવીએન/૨/(ડ). |
| ૨૬૮ | ગઢડા | રાજ્ય | સાવરકુંડલા -રધોળા રોડ કી. મી. ૫૫/૨ થી ૬૫/૫ વચ્ચે રસ્તાને પહોળો કરી મજબુતીકરણની |
| ૨૬૯ | ગઢડા | રાજ્ય | દડવા પ્રવેશ માર્ગ વેન્ટેડ કોઝવેની કામગીરી (જોબ નં. |

| ક્રમ | તાલુકો | રાજ્ય/ પંચાયત | કામનુ નામ |
|---|---|---|---|
| ૨૭૦ | ગઢડા | રાજ્ય | ચીરોડા એપ્રોચ રોડમાં સ્લેબ ડ્રેઈનની કામગીરી (જોબ નં. |
| ૨૭૧ | ગઢડા | રાજ્ય | બોટાદ-ગઢડા-ઢસા રોડમાં કી.મી. ૭૪/૦ થી ૭૫/૦ વચ્ચે નાળાને પહોળું કરવું (જોબ નં.એસઆરઆર/૨૦૦૯-૧૦/બીવીએન/૮/(ડ). |
| ૨૭૨ | પાલીતાણા | રાજ્ય | સોનગઢ-પાલીતાણા રસ્તાના કી.મી. ૩૪/૦ થી ૫૪/૦ વચ્ચેની ૬.૧૦ મી.ની પહોળાઈને ૧૦.૦ મી. સુધી પહોળી કરી મજબુતીકરણની કામગીરી |
| ૨૭૩ | શિહોર | રાજ્ય | રાજકોટ-ભાવનગર રસ્તાના અનુભાગ સોનગઢથી ભાવનગર વચ્ચે કી.મી. ૧૪૪/૦ થી ૧૬૫/૪ વચ્ચે ૬.૧૦ મી. પહોળાઈને ૧૦.૦૦ મી.પહોળો કરવો. (૬૬/૪૪૩) |
| ૨૭૪ | વલ્લભીપુર | રાજ્ય | વલ્લભીપુર -પરછેગામ રસ્તાના કી.મી. ૨/૦ થી ૧૭/૬ વચ્ચે રસ્તાને પહોળો કરી મજબુતીકરણની કામગીરી (૫૨/૪૪૧) |

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય મંત્રીશ્રી આનંદીબેનને અભિનંદન આપું છું. અભિનંદન એ માટે આપું છું કે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી મારા જિલ્લાના છે શક્તિસિંહજી ભાઈ. એમને ખ્યાલ હશે એમના શાસનમાં જેટલા રોડ મંજૂર નથી થયા, એટલા બે વર્ષમાં ૨૭૪ મંજૂર કરવામાં આવ્યા છે. ફરીવાર રાજ્ય સરકારને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં મંજૂર થયેલ રસ્તાઓ પૈકી જે કામો શરૂ થયેલાં નથી, તે કામગીરી કયા સ્ટેજે છે? આ કામો કયારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પાછલા બે વર્ષની સ્ટેટના ૫૫ અને પંચાયતના ૨૧૯ કામો એમ કુલ ૨૭૪ કામો આપણે મંજૂર કર્યા છે. જેની પાછળ ૩૦૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. એમાં ૭૬ રસ્તાઓ જેની લંબાઈ ૩૧૦ કિ.મી.ની છે. ૪૨.૧૩ કરોડના ખર્ચે આ કામ પૂર્ણ કરી દેવામાં આવ્યાં છે. પ્રગતિ હેઠળનાં કામો એમાં પંચાયતના ૪૭ અને સ્ટેટના ૧૧ એમ કુલ ૫૮ સંખ્યા ધરાવે છે. એની લંબાઈ ૨૦૬ કિ.મી. છે. અને અત્યાર સુધીમાં એની પાછળ ૧૭.૭૧ કરોડનો ખર્ચ આપણે કર્યો છે. લગભગ ૧૦ માં મહિના સુધીમાં પ્રગતિ હેઠળનાં કામો પૂર્ણ થઈ જશે. કોઈક આ મહિને, કોઈક એપ્રિલ તો કોઈક મે મહિનામાં થશે એ રીતે કામો પૂર્ણ કરી દેવામાં આવશે. બાકી વધ્યા પંચાયતના ૧૧૩ સ્ટેટના ૨૭ એમ કુલ ૧૪૦ સંખ્યા છે, જેમાં ૫૯૬ કિ.મી.ના રસ્તાઓ છે અને ૨૦૦ કરોડ રૂપિયા એ આ રોડની પાછળ ખર્ચ કરવાનો છે. એમાં જે કામો છે, એમાં ૮૨ કામો ટેન્ડર મંજૂર થઈ ગયેલ છે. કરાર હેઠળ છે. ૭ સરકારમાં મંજૂરી માટે આવ્યા છે. ૭૦ અધીક્ષક ઈજનરે કક્ષાએ પેન્ડિંગ છે. થોડા સમયમાં પૂર્ણ થશે. ૫ જિલ્લા પંચાયત કારોબારીમાં મંજૂર કરવા માટે મુકવામાં આવશે અને ૨૨ કામો ટેન્ડર નિવિદા પ્રક્રિયા હેઠળ છે, જે ટેન્ડરની છેલ્લી તા. ૧૮-૩-૨૦૧૦ છે અને માત્ર ૧૩ કામો એવાં છે કે જે નકશા અંદાજ લેવલે છે. આ કામો જેમ બને તેમ સમય મર્યાદાની અંદર પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ભાવનગર જિલ્લામાં બે વર્ષમાં જે રસ્તાઓ મંજૂર થયા છે તેમાં સ્ટેટ અને પંચાયતના રસ્તાઓ બનાવવા માટે કેટલો ખર્ચ થનાર છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ખર્ચ થશે છે તેમાં ૨૦૦૮ની અંદર સ્ટેટના૩૫ રસ્તાઓ લીધા અને તેમાં લગભગ ૯૭ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. સ્ટેટમાં સાહેબ ૯૭ કરોડ અને ૫૮ હજારના થશે. પંચાયતના બીજા ૧૧૭ રસ્તાઓ હતા તેની પાછળ ૭૪ કરોડ રૂપિયાનો ખર્ચ થશે . હવે ૨૦૦૯ના બીજા ૨૦ રસ્તાઓ છે તેની પાછળ ૫૭ કરોડનો ખર્ચ થશે. પંચાયતના કુલ ૧૦૨ રસ્તાઓ છે તેમાં લગભગ ૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. ૨૭૪ રસ્તાઓ છે. ઘર બનાવે કોઈક અને રંગરોગાન કરાવી આખા ઘરની ક્રેડીટ લેવી. આમાં એ પૂછવા માગું છું

કે આ ૨૭૪માંથી હયાત રસ્તાઓને મરામત કે મજબૂતીકરણના કેટલા છે અને નવો એક કિલોમીટર વધ્યા હોય અને નવા બન્યા હોય તેવા રસ્તાની સંખ્યા કેટલી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાઈન્ડનીંગ કરવાના ૨૮ રસ્તાઓ છે. તેમાં ૨૨૩ કિ.મી.લંબાઈ છે. તેની પાછળ ૧૪૫ કરોડનો ખર્ચ થવાનો છે. રીકારપેટ અને સ્ટ્રેન્ધનીંગ કરવાનું કામ છે તે ૧૭૪ રસ્તાઓનું છે અને તેમાં ૧૧૦ કરોડનો ખર્ચ થવાનો છે. નવા ડામરના ૩૮ રસ્તાઓ છે. જેની પાછળ ૨૬ કરોડનો ખર્ચ થવાનો છે. નાળા અને પુલિયા ૩૪ છે અને તેની પાછળ ૨૬ કરોડનો ખર્ચ થવાનો છે.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, શકિતસિંહ આપે કહ્યું તે બરાબર છે. આ ઘરનો પણ વિભાગ એમનો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, મકાન બનાવ્યું કોઈકે મહેન્દ્રસિંહજી કહેતા હતા. આ તો સાહેબ અમે બનાવ્યા હતા. તમે તો ખાલી કારપેટ કરાવો છો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આખું સાહેબ જિલ્લાનું લીસ્ટ જોઈએ તો ૨૭૪ રોડ છે. મારે સાહેબ માનનીય શકિતસિંહજીએ વાત કરી ત્યારે એમને કહેવું છે કે આમાં ૧૨મા નંબરનો રોડ જોઈ લ્યો. ગઢડા ગઢાળી લીંમડા રોડ ૪ કરોડ રૂપિયા ખર્ચ કરેલ છે. ચાર કરોડ સાહેબ. મારા તાલુકાના બે તાલુકાના લગભગ ૫૦ થી ૬૦ જેટલા રોડો મંજૂર કરવા બદલ હું આ માર્ગ મકાન મંત્રીશ્રીને અભિનંદન આપવા જ પડે. બીજા રોડ અમારે મંજૂર કરાવવાના છે પાછા. મારે એક બીજી વાત કરવી છે કે ખાસ કરીને જયારે આટલા વર્ષોમાં અને બે વર્ષમાં આટલા રોડો કયારેય મંજૂર થયા નથી. કયાંય નથી થયા. ઈતિહાસ જોઈ લો. એ જે રોડોની વાત કરે છે. તેમાં કેવા ખાડા હતા. હું ગઢડાથી...

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો આત્મારામભાઈ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પર જ આવું છું. એટલા માટે કે આ ગઢડા ગઢાડી લીમડાનો એપ્રોચના દસ વર્ષ સુધી નહોતા થયા તે અમે આમાં કરી શકયા છીએ. મારો સાહેબ જે પ્રશ્ન એ છે કે મહત્વનો કે છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલા કામો પૈકી હાલ કેટલા કામો પ્રગતિમાં છે અને બીજો પ્રશ્ન એ છે કે તેમાં કેટલો અંદાજિત ખર્ચ થનાર છે અને આ કામો ક્યારે પૂર્ણ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિ હેઠળ ૫૮ કામો છે ૨૦૬ કિલોમીટરની લંબાઈના કામો છે અને અત્યાર સુધીમાં ૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ આપણે કરી ચૂકયા છીએ અને મેં કહયું એમ ૨૦૧૨ પહેલાં આ રોડ પૂરા થઈ જશે.

## આણંદ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત

*** ૧૪૨૧૩ શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટી વસૂલાતના કેટલા કેસોમાં વસૂલાત કરવાની બાકી છે, અને

(૨) આ વસૂલાત કરવા માટે શું પગલાં લેવામાં આવ્યાં?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૮૫૮૯ કેસોમાં.

(૨) આવા પક્ષકારોને મહેસૂલ અધિનિયમની કલમ - ૧૫૨ મુજબ નોટિસ પાઠવેલ છે, જે પૈકી ૫૩૪૭ કેસોમાં ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીનાં બોજાની નોંધ રેવન્યુ દફતરે કરવા સંબંધિત મામલતદારશ્રીને લેખિતમાં જાણ કરતાં ૧૮૮૬ કેસોમાં બોજાની નોંધ પ્રમાણિત થયેલ છે, જયારે બાકી રહેતા કેસોમાં કાર્યવાહી ચાલુ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, વસૂલાતના કેસોનું પ્રમાણ ખૂબ છે તેના કારણ શું? બીજું, બાકી વસૂલાત દ્વારા તા. ૧-૪-૨૦૦૦ પહેલાંના કેટલા કેસો અને ૧-૪-૨૦૦૦ પછીના કેટલા કેસો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ સ્ટેમ્પ ડ્યુટી કચેરીમાં તા.૧-૪-૨૦૦૦ પહેલાંના બાકી વસૂલાતવાળા કેસોની સંખ્યા ૮૩૬૪ હતા અને આણંદ સ્ટેમ્પ ડયુટી કચેરીમાં તા. ૧-૪-૨૦૦૦ પછીના બાકી વસૂલાતવાળા કેસોની સંખ્યા ૨૨૫ છે, બાકી વસૂલાત કરવા માટેના જે પ્રયાસો કર્યા છે એમાં બાકી વસૂલાતના કેસોની વસૂલાત ઝડપથી થાય અને લોકોને તેમના અસલ દસ્તાવેજો પરત મળી રહે તે માટે ચાર વખત એમ્નેસ્ટી સ્કીમ જાહેર કરેલી હતી જેમાં તા.૧-૪-૨૦૦૦ પહેલાંના કુલ ૧૭૮૪૩૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને તા.૧-૪-૨૦૦૦ પછીના ૧૨૯૦૭ કેસો મળી ૩૧૭૨૧૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને ૧૭૦ કરોડ જેટલી માતબર રકમ સરકારશ્રીની આવકમાં જમા થઈ.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સ્કીમ ફરીથી જાહેર કરવા માગો છો કે નહીં?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, આ સ્કીમ આપણે ફરીથી જાહેર કરવા નથી માગતા પરંતુ નિકાલ કરવા માટે એની વસૂલાત ઝડપી થાય અને મહત્તમ નિકાલ થાય એના માટે નાયબ કલેકટરશ્રીઓની સમીક્ષા બેઠક આપણે અવારનવાર રાખીએ છીએ અને સ્ટેમ્પ ડયુટી અધિનિયમ ૧૮૫૮ની કલમ ૪૬ અન્વયે

જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૫૨ મુજબ જમીન મહેસૂલ બાકી તરીકે વસુલ કરવા નોટિસો આપવામાં આવે છે અને બાકી વસુલદાર હોય તો એ આસામીઓની મિલકત ઉપર રેવન્યુ રેકર્ડમાં બોજાની નોંધ પાડવાની આપણે શરૂ કરી દીધી છે અને એક લાખથી વધુ રકમની બાકી વસૂલાત હોય તેવા આસામીઓના નામો સ્થાનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે અને એને કારણે થોડીક ઝડપ આ વસૂલાત કરવામાં વધી છે.

**શ્રીમતી જયોત્સનાબેન ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં મહિલાઓની તરફેણમાં કેટલા દસ્તાવેજો થયા તેમાં માફી આપવામાં આવી તે નોંધણી ફીની રકમ કેટલી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ વર્ષ ઉપર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ મહિલાઓના સશકિતકરણ માટે આ યોજનાની જાહેરાત કરી હતી અને મારે ગૌરવ સાથે કહેવું છે કે, પાછલા વર્ષોની અંદર મહિલાઓના નામે મિલકતો ખરીદાતી હતી એની સંખ્યા લગભગ ૧૦૦૦૦થી કદી વધી ન હતી પરંતુ ત્રણ વર્ષ ઉપર જયારે આ જાહેરાત કરવામાં આવી કે કોઈપણ પરિવાર મહિલાઓના નામે દસ્તાવેજો કરશે તો હું રજીસ્ટ્રેશન ફીમાંથી મુકિત આપીશ અને એ કારણોવસાત્ અત્યાર સુધીમાં એટલે ટોટલ ગુજરાતની અંદર ૭૯૭૦૦૦ મહિલાઓના નામે દસ્તાવેજો ખરીદાયા છે, અને ૧૯૭ કરોડ રૂપિયા સરકારની આવકમાં ઓછા આવ્યા છે. ૨૦૦૮ની અંદર મહિલાઓના નામે ૨૫૩૩, પેટલાદમાં ૫૦૫, બોરસદમાં ૫૧૧, ખંભાતમાં ૭૪૩ એમ ૪૨૯૨ મહિલાઓના નામે સંપત્તિ ખરીદવામાં આવી અને એમાં જે એમને ફાયદો થયો તો આણંદની અંદર ૬૯ લાખ રૂપિયા, પેટલાદમાં ૭.૩૬ લાખ રૂપિયા, બોરસદમાં ૭.૯૯ લાખ રૂપિયા અને ખંભાતની અંદર ૧૦.૩ લાખ રૂપિયાની રાહત આપણે આપી. ૨૦૦૯ની અંદર આણંદની અંદર ૨૨૩૪ના દસ્તાવેજો થયા, જેની અંદર ૧૦૯.૪૨ લાખની રાહત આપવામાં આવી, પેટલાદની અંદર ૪૧૪ દસ્તાવેજો થયા અને એમાં ૬.૬૪ લાખની રાહત આપવામાં આવી. બોરસદમાં ૫૦૨ દસ્તાવેજો મહિલાઓના નામે થયા અને એમાં ૯.૨૭ લાખ રૂપિયાની રાહત આપવામાં આવી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**જામનગર જિલ્લામાં ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ**

૧૪૨૫૩ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલા તાલુકાઓમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે, | (૧) જામનગર જિલ્લાના કુલ ૦૬ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની નીચે મુજબ શાળાઓ કાર્યરત છે.<br>ગ્રાન્ટેડ: ૦૮, નોન ગ્રાન્ટેડ: ૧૦, કુલ: ૧૮ |
| (૨) કેટલા અને ક્યા તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ નથી, અને | (૨) તમામ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ઉપલબ્ધ છે. |
| (૩) બાકી રહેલ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના ગ્રુપાચાર્યોને બેરર ચેકો આપવા બાબત**

૧૩૪૦૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ૧૨ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાના ગ્રુપાચાર્યોને કેટલી રકમના બેરર ચેકો જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આપવામાં આવ્યા છે, | (૧) બેરર ચેકો આપવામાં આવ્યા નથી પરંતુ કુલ રૂા. ૨,૧૮,૮૨,૭૧૪/-ના ડીમાન્ડ ડ્રાફ્ટ આપવામાં આવ્યા. |
| (૨) આ રકમ ક્યા ક્યા કામો માટે વાપરવામાં આવશે, અને | (૨) વીજળીકરણ તેમજ પાણીની વિશેષ સુવિધા માટે. |
| (૩) દરેક કામો પાછળ કુલ કેટલો ખર્ચ થશે ? | (૩) દરેક માટે રૂા. ૫૦,૦૦૦ની મયાદામાં. |

-------------

## ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન શાળાઓ

૧૩૧૪૧**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં ધોરણ ૧૧-૧૨ની સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ કેટલી છે, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં વધુ ધોરણ ૧૧-૧૨ની વિજ્ઞાન પ્રવાહની સરકારી શાળાઓ ખોલવા સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરી આપી ?

**જવાબ**

(૧) શાળાઓની સંખ્યા

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ તાલુકા | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ શાળાઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૦૪ | ૦૪ | ૦૨ | ૦૩ | ૦૯ |
| ૨ | ભરૂચ | ૦૮ | ૦૩ | ૧૧ | ૨૫ | ૩૯ |

(૨) નર્મદા જિલ્લામાં-૦૦
ભરૂચ જિલ્લામાં-૦૨

-------------

## પંચમહાલ જિલ્લામાં વિધવા સહાયઓને મંજૂરી

૧૨૫૯૫ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા મહિલાઓને સહાય મંજૂર કરી આપવામાં આવી, અને

(૨) અગાઉ જેમને વિધવા સહાય ચૂકવવામાં આવતી હતી તેવી કેટલી સહાયો સમય પૂરો થયા પહેલાં બંધ કરી દેવામાં આવી, અને તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) કુલ ૧૨૫૫ વિધવા મહિલાઓને છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ સહાય મંજૂર કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૨૯૮ |
| ૨ | કાલોલ | ૧૮૧ |
| ૩ | હાલોલ | ૧૬૭ |
| ૪ | ઘોઘંબા | ૬૯ |
| ૫ | મોરવા (હ) | ૭૧ |
| ૬ | જાંબુઘોડા | ૧૭ |
| ૭ | લુણાવાડા | ૧૨૧ |
| ૮ | શહેરા | ૧૭૪ |
| ૯ | ખાનપુર | ૫૮ |
| ૧૦ | સંતરામપુર | ૭૧ |
| ૧૧ | કડાણા | ૨૮ |
| | **કુલ સરવાળો :** | **૧૨૫૫** |

(૨) આવો કોઈ કિસ્સો ધ્યાને આવેલ નથી.

-------------

## દાહોદ જિલ્લાના ગરબાડા ચોકડી તેમજ શાળા નજીક સ્પીડ બ્રેકર મૂકવા બાબત

૧૨૫૪૫**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ગરબાડા હાઈવે ચોકડી તેમજ શાળા નજીક સ્પીડ બ્રેકર મૂકવા માટે અને વાહન અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) કેટલા સમયમાં આવા સ્પીડ બ્રેકર મૂકવા માગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : દાહોદ ગરબાડા અલીરાજપુર રસ્તાને જોડતો ગાંગરડી ગરબાડા જાંબુઆ આગાવાડા રોડ પર શાળા નજીક સ્પીડ બ્રેકર છે તથા જરૂરિયાત મુજબના સુચનાત્મક બોર્ડ લગાડવામાં આવેલ છે.

## રાજ્યમાં ટેક્નોલોજીના ઉપયોગથી પ્રોપર્ટી કાર્ડ તથા જમીન માપણી ઝડપી બનાવવા કામગીરી

૧૪૩૬૯**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યમાં આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી પ્રોપર્ટી કાર્ડ તથા જમીન માપણી ઝડપી બનાવવા કામગીરી હાથ ધરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) **(૧) પ્રોપર્ટી કાર્ડ :-**

- સિટી સરવે ક્ચેરીઓના અંદાજે ૨૩ લાખ મિલક્ત કાર્ડ પેકી એકંદરે ૧૩ લાખ મિલક્ત કાર્ડની ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ થયેલ છે.
- મહાનગર પાલિકા વિસ્તારમાં પ્રજાને મિલક્ત કાર્ડની કમ્પ્યુટરાઈઝડ નક્લ પણ આપવામાં આવે છે.

**(૨) સ્કેનીંગ :-**

- અંદાજે કુલ-૨૩ લાખ મિલક્ત કાર્ડની સ્કેનીંગની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) **બહુમાળી મકાનોની માપણી :-**

- મહાનગર પાલિકા વિસ્તારમાં સીટી સરવે વિસ્તારમાં આવેલ બહુમાળી મકાનોની માપણી કરી કમ્પ્યુટરાઈઝડ સ્કેચ તથા મિલક્ત કાર્ડ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે.

(૪) **જમીન માપણી**

- જમીન માપણીની કામગીરી ઝડપી અને ચોક્કસ બનાવવા માટે આધુનિક માપણીના સાધનો વસાવવામાં આવેલ છે.
- ૨૦ હેકટર કે તેથી વધારે ક્ષેત્રફળ વાળા માપણીના કેસો ફરજીયાત આધુનિક માપણીના સાધનો દ્વારા નિયત દરે કરવામાં આવે છે.
- આધુનિક માપણીના સાધનોથી જમીનોની પુનઃ મોજણી (સરવે) કરી આધુનિક રેકર્ડ તૈયાર કરવા આયોજન કરેલ છે.
- રી સરવેની કામગીરી પાયલોટ પ્રોજેક્ટ તરીકે જામનગર જિલ્લામાં ચાલુ છે, પાટણ તથા ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૦૯-૧૦માં શરૂ કરેલ છે અને ચાલુ છે. તેમજ આગામી પાંચ વર્ષમાં તમામ જિલ્લાઓમાં કરવાનું આયોજન છે.
- માપણી કેસોના ઝડપી નિકાલ માટે કુલ-૧૬૫ ખાનગી વ્યક્તિ/સંસ્થાને લાયસન્સ આપવામાં આવેલ છે.

------------

**સુરતના પાંડેસરા અને ભાટેનામાં આવેલ ખાડીઓમાં દબાણ કરી ફેક્ટરીઓ ઉભી કરવા બાબત**

૧૨૫૫૦**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરતના પાંડેસરા અને ભાટેનામાં આવેલ ખાડીઓમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દબાણ કરી ફેક્ટરીઓ ઉભી કરી હોવાની બાબત સરકારના ધ્યાનમાં આવી છે કે કેમ, અને | (૧) આવી કોઈ બાબત ધ્યાને આવેલ નથી. |
| (૨) જો હા, તો સરકારે આ બાબતે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત નથી. |

**રાજકોટ જિલ્લામાં પશુ દવાખાનાઓની સંખ્યા**

૧૪૨૪૧**ડૉ. ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પશુ દવાખાનાઓની સંખ્યા કેટલી છે, | (૧) ૩૧ (એક્ત્રીસ). |

(૨) શું તેમાં કોઈ ઘટ છે, અને

(૩) જો હા, તો તે ઘટ પૂરી કરવા સરકારે શું પગલાં લીધાં છે ?

(૨) હા, જી.

(૩) આગામી વર્ષોમાં જરૂર જણાયે વિચારણા કરવામાં આવશે.

------------

**ભાવનગર જિલ્લામાં ગઢડા ખાતે સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ શરૂ કરવા બાબત**

૧૨૫૬૪**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ગઢડા ખાતે સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ શરૂ કરવાની તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ ક્યાં તબક્કે છે, અને

(૨) આ વિસ્તારની કોલેજ શરૂ કરવાની સતત માંગ જોતા શું જુન-૨૦૧૦ થી આ કોલેજ શરૂ થઈ શકશે ?

**જવાબ**

(૧) હાલમાં વિચારણા હેઠળ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડાંગ જિલ્લામાં કૃષિ વિષયક સહાય માટે મળેલ અરજીઓ**

૧૪૨૪૬**શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલા ગામોમાંથી કૃષિ વિષયક સહાય માટે ખેડૂતોની કેટલી અરજીઓ આવી,

(૨) આ માટે કેટલા ખેડૂતોની અરજી મંજૂર કરી, અને

(૩) આ પેકી કેટલા ખેડૂતોને સબસીડી ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ડાંગ જીલ્લામાં ૧૮૧ ગામોમાંથી કૃષિ વિષયક સહાય માટે ખેડૂતોની ૧૪૯૨ અરજીઓ આવી.

(૨) આ માટે ૧૪૬૫ ખેડૂતોની અરજી મંજુર કરી.

(૩) આ પેકી ૧૪૬૫ ખેડૂતોને સબસીડી ચૂકવવામાં આવી.

------------

**ભાવનગર જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ ખેડૂતોને લાભ**

૧૩૬૮૩**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને શું લાભ આપવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ ૭૫૭૭ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | છેલ્લા ત્રણ વર્ષમાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૯૧૦ |
| ૨ | ઘોઘા | ૨૪૦ |
| ૩ | વલ્લભીપુર | ૧૦૦૮ |
| ૪ | ઉમરાળા | ૬૦ |
| ૫ | ગઢડા | ૧૦૬૧ |
| ૬ | બોટાદ | ૧૯૩૮ |
| ૭ | પાલીતાણા | ૨૦૭ |
| ૮ | ગારિયાધાર | ૨૦૨ |
| ૯ | શિહોર | ૧૪૮૬ |
| ૧૦ | તળાજા | ૨૨૦ |
| ૧૧ | મહુવા | ૨૪૫ |
| | કુલ : | ૭૫૭૭ |

(૨) સોઈલ હેલ્થ કાર્ડથી ખેડૂતોને નીચેની બાબતે લાભ થયા છે.

૧. જમીનનું વેજ્ઞાનિક પૃથ્થકરણ કરી તે આધારીત રાજ્યના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ અપાયા.

૨. જમીનના વેજ્ઞાનિક પૃથ્થકરણ આધારીત પાક આયોજન કરવું.

૩. આ કાર્યક્રમ હેઠળ જમીન પૃથ્થકરણ આધારીત ગામવાર ક્યા ક્યા પાકો લઈ શકાય અને ક્યા ખાતરો, કેટલા પ્રમાણમાં જરૂરી છે, તે અંગે ખેડૂતોને માર્ગદર્શન મળી રહે.

૪. જમીનના પૃથ્થકરણ આધારીત પાક આયોજન વેજ્ઞાનિકોના પરામર્શમાં રહી થઈ શકે તે મુજબનું સોફ્ટવેર અને નેટવર્ક પ્રસ્થાપિત કર્યું.

------------

**તાપી જિલ્લાના ઉકાઈ જળાશયમાં માછીમારીના ટેન્ડર અંગે**

૧૨૭૯૯ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ):માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લાના ઉકાઈ જળાશયમાંથી માછીમારી માટેના ટેન્ડર કઈ કઈ મંડળી/એજન્સીના મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉકાઈ જળાશયમાંથી કેટલા રૂપિયાની રોયલ્ટી વસૂલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ઉકાઈ જળાશય ધી ટોકરવા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો. ટોકરવા તા. ઉચ્છલ, જિ. તાપીને તા. ૦૬-૦૮-૨૦૦૮થી મંજુર કરવામાં આવ્યા છે.

(૨) રોયલ્ટી ઉપર જળાશય આપવામાં આવેલ નથી. વાર્ષિક ઈજારાની રકમ રૂા. ૧૦.૦૦ લાખ લેખે આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ની પ્રતિ વર્ષ રૂા. ૧૦.૦૦ લાખ લેખે કુલ રૂા. ૨૦.૦૦ લાખની આવક થયેલ છે.

-------------

**વડોદરા જિલ્લામાં વિધવા પેન્શનોની પડતર અરજીઓ**

૧૩૪૫૨**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વિધવા પેન્શન માટેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) બાકી ચૂકવણી હોય તેવી અરજીઓની ક્યારે ચૂકવણી કરાશે ?

**જવાબ**

(૧) ૨૧૮ અરજીઓ.

(૨) ૨૧૮ પડતર અરજીઓ પૈકી પાત્રતા ધરાવતી અરજીઓ મંજૂર કરી સત્વરે સહાય ચૂકવવામાં આવશે.

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં સુવિધા**

૧૩૧૪૪**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી, લાઈટ, શોચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી,

(૨) આવી પ્રાથમિક શાળાઓમાં આવી સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં આવી સુવિધાઓ પ્રાથમિક શાળામાં ઉપલબ્ધ કરાશે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાની તમામ પ્રાથમિક શાળામાં પીવાના પાણીની સુચારું વ્યવસ્થા છે. પરંતુ ૯૨ પ્રાથમિક શાળાઓમાં લાઈટની અને ૪૦ પ્રાથમિક શાળાઓમાં શોચાલયની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ અને શોચાલય માટે આગામી બજેટમાં આયોજન કરવામાં આવેલ છે.

(૩) શોચાલય અને વિજળીકરણની કામગીરી વર્ષ ૨૦૧૦-૧૧માં પૂર્ણ કરવામાં આવશે.

-------------

**ખેડા જિલ્લાની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા**

૧૪૦૦૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધાઓ નથી, અને

(૨) આવી ફાયર સેફ્ટી સુવિધાઓ ઊભી કરવામાં સરકારે ક્યારે આદેશો બહાર પાડ્યા ?

**જવાબ**

(૧) સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ છે.

(૨) ઘણી વખત.

-------------

**નવસારી જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી**

૧૪૩૩૪**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં આગ સામે રક્ષણ માટે સરકાર દ્વારા

**જવાબ**

(૧) જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે,

(૨) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે.

(૩) તે માટેનો ખર્ચ કેટલો છે ?

(૩) રૂા. ૬,૯૦,૨૦૦નો ખર્ચ થયેલ છે.

------------

### વલસાડ જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે ચૂકવેલ સહાય અંગે

: ૧૪૨૨૬**શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા ક્યા પ્રકારની અને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર ચુકવેલ સહાય અને લાભાર્થી ખેડુતોની સંખ્યા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રાજ્ય યોજના હેઠળ | | | | N.H.M. હેઠળ | | | | કુલ | | | |
| | | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ (તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ) | | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ (તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ) | | રાજ્ય યોજના હેઠળ | | N.H.M. હેઠળ | |
| | | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી |
| ૧ | વલસાડ | ૪૩૮૮૯૮ | ૧૫૪ | ૦ | ૦ | ૩૨૫૮૯૮૫ | ૬૫૭ | ૧૬૫૮૭૪૫ | ૩૩૫ | ૪૩૮૮૯૮ | ૧૫૪ | ૪૯૧૭૭૩૦ | ૯૯૨ |
| ૨ | પારડી | ૧૮૫૭૧૧ | ૧૩ | ૦ | ૦ | ૧૫૫૭૮૪૦ | ૩૨૭ | ૧૪૨૮૧૪ | ૨૭ | ૧૮૫૭૧૧ | ૧૩ | ૧૭૦૦૬૫૪ | ૩૫૪ |
| ૩ | ઉમરગામ | ૫૦૭૮૭૫ | ૫૭ | ૧૫૫૮૬૪ | ૪૧ | ૧૫૭૫૯૧૪ | ૧૯૩ | ૧૬૬૭૨૬ | ૩૫ | ૬૬૩૭૩૯ | ૯૮ | ૧૭૪૨૬૪૦ | ૨૨૮ |
| ૪ | ધરમપુર | ૧૭૬૪ | ૧ | ૨૭૬૮૭૪ | ૬૦ | ૨૦૯૪૭૨૦ | ૯૦૩ | ૧૧૩૮૮૩૪ | ૪૪૨ | ૨૭૮૬૩૮ | ૬૧ | ૩૨૩૩૫૫૪ | ૧૩૪૫ |
| ૫ | કપરાડા | ૪૨૩૩૭ | ૧૮ | ૨૭૫૫૧૩ | ૬૫ | ૨૨૯૨૪૮૬ | ૫૯૭ | ૧૬૮૧૭૯૯ | ૪૮૪ | ૩૧૭૮૫૦ | ૮૩ | ૩૯૭૪૨૮૫ | ૧૦૮૧ |
| | કુલ : | ૧૧૭૬૫૮૫ | ૨૪૩ | ૭૦૮૨૫૧ | ૧૬૬ | ૧૦૭૭૯૯૪૫ | ૨૬૭૭ | ૪૭૮૮૯૧૮ | ૧૩૨૩ | ૧૮૮૪૮૩૬ | ૪૦૯ | ૧૫૫૬૮૮૬૩ | ૪૦૦૦ |

------------

### પાટણ જિલ્લાના કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો

૧૪૩૫૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કિસાન વિકાસ પથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો, કેટલી રકમના, મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે કામો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ૩૦ કામો રૂા. ૨૬.૯૪ કરોડના મંજુર કરવામાં આવેલ છે.

(૨) ૯ કામો પૂર્ણ થયેલ છે, ૧ કામ પ્રગતિમાં છે, ૨૦ કામો ટેન્ડર પ્રક્રિયામાં છે.

------------

### પંચમહાલ જિલ્લામાં આનાવારી નક્કી કરવા અંગે

૧૩૪૯૭**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં પંચમહાલ જિલ્લામાં વરસાદનું પ્રમાણ કેટલું છે તે અન્વયે આનાવારી ક્યારે નક્કી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પડેલ વરસાદની વિગતો અને જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં આનાવારી નક્કી થવાની વિગત પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પડેલ વરસાદની વિગતો

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકાવાર સરેરાશ વરસાદનું પ્રમાણ | આનાવારી નક્કી કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | મોરવા (હ) | ૬૭૩ મી.મી. | તા. ૩-૨-૨૦૧૦ |
| ૨ | કાલોલ | ૩૨૩ મી.મી. | તા. ૩-૨-૨૦૧૦ |
| ૩ | ગોધરા | ૩૭૪ મી.મી. | તા. ૩-૨-૨૦૧૦ |
| ૪ | કડાણા | ૮૦૫ મી.મી. | તા. ૩-૨-૨૦૧૦ |
| ૫ | લુણાવાડા | ૫૪૪ મી.મી. | તા. ૧૯-૨-૨૦૧૦ |
| ૬ | જાંબુઘોડા | ૫૯૫ મી.મી. | તા. ૧૯-૨-૨૦૧૦ |
| ૭ | સંતરામપુર | ૪૦૬ મી.મી. | તા. ૧૯-૨-૨૦૧૦ |
| ૮ | શહેરા | ૩૨૪ મી.મી. | તા. ૧૯-૨-૨૦૧૦ |
| ૯ | ખાનપુર | ૪૧૩ મી.મી. | તા. ૧૯-૨-૨૦૧૦ |
| ૧૦ | ધોધંબા | ૬૧૮ મી.મી. | તા. ૧૯-૨-૨૦૧૦ |
| ૧૧ | હાલોલ | ૫૩૦ મી.મી. | તા. ૧૯-૨-૨૦૧૦ |

(૨) ક્યા તાલુકામાં અપૂરતો વરસાદ થયેલ છે ?

(૨) વરસાદની વિગતે એકપણ તાલુકામાં નહીં.

------------

**પાકિસ્તાનની જેલમાંથી માછીમારોને છોડાવવા સરકાર તરફથી પગલા**

૧૨૮૪૬**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે, અને

(૨) તેને છોડાવવા માટે સરકાર તરફથી શાં પગલાઓ લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૩૭૮.

(૨) આ બાબત ભારત તથા પાકિસ્તાન વચ્ચેની રાજદ્વારી બાબત હોઇ, ગુજરાત સરકાર દ્વારા, ભારત સરકારને વખતો વખત રજુઆત કરવામાં આવે છે.

------------

**ખેતી વિષયક જંતુનાશક દવાઓની ગુણવતા માટે વ્યવસ્થા**

૧૪૨૨૧**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં બિયારણ-ખાતર, અને જંતુનાશક દવાઓની ગુણવત્તા જાળવવા સરકારે શું વ્યવસ્થા ગોઠવેલ છે, અને

(૨) કેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) હેઠળ ગુણવતા નિયંત્રણ તંત્ર બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ગુણવતા જાળવવા માટે અસરકારક અમલીકરણ માટે આ ઈનપુટસના નમુનાઓ લેવામાં આવે છે. પ્રયોગશાળામાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવે છે. બિનપ્રમાણિત નમુનાઓના કિસ્સામાં નિયમોનુસાર કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૨) નીચે મુજબ સેમ્પલ લેવામાં આવ્યા.

| ઈનપુટનું નામ | કુલ સેમ્પલની સંખ્યા |
|---|---|
| બિયારણ | ૧૮૮ |
| રાસાયણિક ખાતર | ૩૨૩ |
| જંતુનાશક દવા | ૭૯ |
| **કુલ** | **૫૯૦** |

------------

## વડોદરા જિલ્લામાં જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૩૮૮૯**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

નીચે મુજબ કુલ-૩૫ જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|
| ડી.ઈ.લે.રે. વર્ગ-૨ | ૧ | તા. ૩૧-૩-૦૮ થી ૧ |
| સર્વેયર વર્ગ-૩ | ૩૨ | તા. ૨૧-૩-૦૫ થી ૮<br>તા. ૧-૧-૦૮ થી ૧૮<br>તા. ૧૦-૩-૦૮ થી ૧<br>તા. ૧-૧-૦૮ થી ૧<br>તા. ૨૯-૮-૦૮ થી ૧<br>તા. ૧-૯-૦૮ થી ૨<br>તા. ૧-૧૦-૦૯ થી ૧ |
| ક્લાર્ક વર્ગ-૩ | ૨ | તા. ૧-૨-૦૬ થી ૧<br>તા. ૩૦-૪-૦૯ થી ૧ |

-------------

## અમદાવાદ જિલ્લામાં મુંબઈ શાહુકાર ધારા ભંગ બદલ મળેલ ફરિયાદો

૧૪૨૫૨**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મુંબઈ શાહુકાર ધારા ભંગ બદલની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) તે ફરિયાદો ઉપર રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મુંબઈ શાહુકાર ધારા ભંગ બદલ ૨૦૦૮ના કેલેન્ડર વર્ષમાં ૧૮ તથા ૨૦૦૯ કેલેન્ડર વર્ષમાં ૨૯ મળી કુલ ૪૭ ફરિયાદો મળી.

(૨)

| અ.નં. | કાર્યવાહીની વિગત | ૨૦૦૮ | ૨૦૦૯ |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી પાસેથી જવાબ રજુ કરવા અંગે સમન્સ પાઠવ્યા | ૧૦ | ૧૭ |
| ૨ | તપાસ ચાલુ | ૨ | ૬ |
| ૩ | પોલીસ કેસ નોંધાવ્યા | ૨ | ૧ |
| ૪ | ફરિયાદનો નિકાલ | ૪ | ૫ |
| | **કુલ :** | **૧૮** | ૨૯ |

-------------

## સુરત જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ

૧૪૨૦૩**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ કાર્યરત છે ?

**જવાબ**

(૧) ૨૨૮૮ આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૨) ૨૨૦૧ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

-------------

**પાટણ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો**

૧૪૩૫૫**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ ૫૯ રસ્તાના કામો રૂા. ૪૬.૧૨ કરોડની રકમના મંજૂર કરવામાં આવેલ છે, તે પૈકી ૪૦ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે અને ૧૯ રસ્તાના કામો પ્રગતિ હેઠળ છે.

------------

**મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈના સાધનો માટે અરજીઓ**

૧૪૨૨૨**શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈના સાધનોમાં સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોની અરજીઓ મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કેટલા ખેડૂતોની અરજીઓ નામંજૂર કરવામાં આવી પડતર અરજીઓની સહાય ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈના સાધનોમાં સહાય મેળવવા માટેની કુલ ૯૧ અરજીઓ મળી,

(૨) તે પૈકી કુલ ૩૮ ખેડૂતોની અરજીઓ મંજુર કરી અને કુલ રૂા. ૩,૫૪,૩૩૪/-ની સહાય ચુકવવામાં આવી.

(૩) કુલ ૫ ખેડૂતોની અરજીઓ નામંજુર કરવામાં આવી, ૪૮ પડતર અરજીઓની સહાય ચકાસણી કર્યા બાદ મંજુર થયે સત્વરે.

------------

**સુરત જિલ્લામાં શાહુકાર ધારા ભંગ બદલ મળેલ ફરિયાદો**

૧૪૨૫૦**શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મુંબઈ શાહુકાર ધારા ભંગ બદલની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) તે ફરિયાદો ઉપર રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) ૨૦(વીસ).

(૨) ૨૦ ફરિયાદો પૈકી

**અ)** ૧૦ ફરિયાદોમાં પગલાં ભરવાની કાર્યવાહી ચાલુ છે.

**બ)** ૨ ફરિયાદો પુરાવાના અભાવે દફતરે કરેલ છે.

**ક)** ૬ ફરિયાદોમાં શાહુકાર ધારાની કલમ ૩૫(અ)ની જોગવાઈ મુજબ પોલિસ અધિકારીને કાર્યવાહી માટે મોકલેલ છે.

**ડ)** ૨ ફરિયાદોમાં કોર્ટ કેસની કાર્યવાહી કરેલ છે.

------------

**રાજ્યમાં ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા**

૧૪૨૫૮**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા સન ૨૦૧૦-૧૧નાં શૈક્ષણિક વર્ષ માટે પણ ચાલુ રાખવામાં આવનાર છે તે હકીક્ત

**જવાબ**

(૧) હા, જી.

સાચી છે, અને

(૨) જો હા, તો વિદ્યાર્થીઓ/વાલીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

(૨) વિદ્યાર્થીઓ/વાલીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

૧) વિદ્યાર્થીઓ તથા વાલીઓને ઓનલાઈન એડમીશન પ્રક્રિયાથી પુરા માહિતગાર થઈ શકે તે માટે જીલ્લા તથા તાલુકા લેવલે સંપર્ક કાર્યક્રમો કરવામાં આવશે તથા તમામ માહિતી વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે.

૨) ગત વર્ષ હેલ્પ સેન્ટરની સંખ્યા ૬૮ હતી તેને વધારી ૧૨૫ કરવાનું આયોજન કરેલ છે.

૩) વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન ભૂલ ભરેલું ન થાય તે માટે વિદ્યાર્થી તથા વાલીઓને હેલ્પ સેન્ટર અથવા પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેનાર સંસ્થાઓ પર જાતે જઈ અરજીપત્રક ભરવા જણાવવાનું આયોજન કરવામાં આવશે.

૪) રજીસ્ટ્રેશન ફી ભર્યા બાદ વિદ્યાર્થીને માહિતી પુસ્તિકા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે.

૫) ચોઈસ ફીલીંગની પ્રક્રિયાનું સરળીકરણ કરવામાં આવશે.

૬) ચોઈસ ફીલીંગની પ્રક્રિયા એક વખત ચોઈસ આપ્યા બાદ જો રીશફલીંગ રાઉન્ડ દરમ્યાન જગ્યાઓ ઉપલબ્ધ થશે તો ચોઈસમાં ફેરબદલી કરવાની છૂટ આપવાની બાબત વિચારણા હેઠળ છે.

------------

## વડોદરા અને નર્મદા જિલ્લામાં ખેડૂતોની જમીન વીલના આધારે એન્ટ્રીઓ આપવાની ફરિયાદ

૧૨૫૫૬**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા અને નર્મદા જિલ્લામાં ખેડૂતોની જમીન વીલના આધારે એન્ટ્રીઓ આપવાની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) આ અન્વયે ખોટા ખેડૂતોના નામે એન્ટ્રી બાબતે કેટલા કેસો ક્યારે કરવામાં આવ્યા,

(૩) જે કેસ કરવામાં આવ્યા છે તેની સામે કઈ કઈ કલમો લગાવી છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં ૩ તથા નર્મદા જિલ્લામાં ૧.

(૨) વડોદરા જિલ્લામાં ૨૪ કેસો તથા નર્મદા જિલ્લામાં ૧ કેસ ૨૦૦૯ માં કરવામાં આવેલ છે.

(૩) વડોદરા જિલ્લામાં મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનો બાબતના અધિનિયમ-૧૯૪૮ની કલમ-૬૩ ના ભંગ બદલ કલમ-૮૪(સી) હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. જ્યારે નર્મદા જિલ્લામાં ઈ.પી.કોડ કલમ-૧૨૦-બી, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૨૦૧ લગાડવામાં આવેલ છે.

------------

## ભાવનગર જિલ્લામાં ઘર-દીવડા યોજના હેઠળ મહિલાઓને સહાય

૧૪૧૯૩ **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઘરદીવડા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

ભાવનગર જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં દ ારદિવડા યોજના હેઠળ ૬૪ મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ છે.

------------

## શિહોર અને ગારિયાધાર તાલુકામાં તળાવો ઊંડા કરવા અંગે

૧૪૫૩૭**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિહોર અને ગારિયાધાર તાલુકામાં કેટલા તળાવો ઊંડા ઉતારવામાં આવેલ છે, અને

(૨) તે પેકી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) શિહોર તાલુકામાં ૩૦
ગારીયાધાર તાલુકામાં ૦૪
**કુલ :- ૩૪**

(૨) શિહોર તાલુકામાં રૂા. ૧૨૩.૯૮ લાખ
ગારીયાધાર તાલુકામા રૂા. ૧૯.૮૪ લાખ
**કુલ :- રૂા. ૧૪૩.૮૨ લાખ**

-------------

## કચ્છ જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે ભાડા પટ્ટે આપેલ જમીનોની મહેસૂલી

૧૩૦૫૭**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે રાજ્ય સરકાર ધ્વારા અપાયેલ ભાડા પટ્ટેની જમીનોનું મહેસૂલ (ભાડું) કે મીઠા ઉત્પાદન માટે રાજ્ય સરકારને ઉત્પાદન સામે (ટનદીઠ) રકમ પૂરી વસૂલ આવી નથી, તે હકીક્ત સાચી છે,

(૨) તાલુકાવાર આવી કેટલી જમીનોના લીઝ ધારકો ધ્વારા ઉક્ત સ્થિતિએ કેટ કેટલી રકમ સામે કેટલી રકમ જમા કરાવવામાં આવી, અને

(૩) આ સમયગાળા દરમ્યાન કોઈ લીઝ ધારકો તરફથી જમીન પાછી આપી હોય કે લેવાઈ હોય તેમની બાકી રકમ રહેલી હોય તો વિગત શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામેલ **પત્રક-અ** ના કોલમ-૪માં વર્ષવાર વસુલ લેવા પાત્ર ભાડાની રકમ તથા કોલમ-૫ માં વસુલ આવેલ ભાડાની રકમ જમા કરાવવામાં આવી.

(૩) રકમ વસુલ લેવાની બાકી નથી.

**પત્રક-અ**

| ક્રમ | તાલુકો | ક્ષેત્રફળ એકર | વસુલ લેવા પાત્ર રકમ | | વસુલ આવેલ રકમ | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
| ૧ | ૨ | ૩ | ૪(૧) | ૪(૨) | ૫(૧) | ૫(૨) |
| ૧ | ભચાઉ | ૩૪૬ | ૦ | ૨૨૦૬૫ | ૦ | ૨૧૭૨૦ |
| ૨ | ગાંધીધામ | ૨૧૫ | ૦ | ૨૨૯૮૨ | ૦ | ૨૩૧૦૮ |
| ૩ | અંજાર | ૨૫૫ | ૦ | ૧૬૦૧૩ | ૦ | ૦ |
| ૪ | અબડાસા | ૩૧૦૭ | ૩૩૦૦૫૬ | ૩૩૦૦૫૬ | ૦ | ૦ |
| | કુલ :- | | ૩૩૦૦૫૬ | ૩૯૧૧૧૬ | - | ૪૪૮૨૮ |

-------------

## પરિવહન અને હાઈવે વિભાગ ધ્વારા રસ્તા બનાવવા મંજૂરી

૧૨૫૭૩**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારના પરિવહન અને હાઈવે વિભાગ ધ્વારા તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલા કિ.મી. ના રસ્તા બનાવવા મંજૂરી આપવામાં આવી છે,

(૨) કેન્દ્ર સરકારે આ કામ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) આ રસ્તા કેટલા સમયમાં તેયાર કરવાના છે, અને

(૪) રાજ્ય સરકારે તેના માટે શી વ્યવસ્થા ગોઠવી છે ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : શૂન્ય નવા રસ્તા બનાવવાની મંજુરી આપેલ છે.

-------------

**કચ્છ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો**

૧૪૩૫૩ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ ૬૬ રસ્તાના કામો રૂા. ૫૦ કરોડની રકમના મંજૂર કરવામાં આવેલ છે, ૩૮ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે, ૫ રસ્તાના કામો પ્રગતિ હેઠળ અને ૨૩ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

-------------

**બોરસદ તથા આંકલાવ તાલુકામાં ધોરણ-૧૧ તથા ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવા બાબત**

૧૨૫૪૭**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બોરસદ તથા આંકલાવ તાલુકામાં ધોરણ-૧૧ તથા ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની કેટલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે, અને

(૨) સન ૨૦૦૯-૨૦૧૦માં નવી શાળાઓ ખોલવા શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | કુલ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ |
|---|---|
| બોરસદ | ૦૪ |
| આંકલાવ | ૦૧ |
| | **૦૫** |

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપી નોન ગ્રાન્ટેડ શાળાઓ શરૂ કરવાની દરખાસ્તો મેળવવામાં આવેલ છે.

**રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો**

૧૨૭૪૧**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો માટે તા.૧૫-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કોઇ સર્વે કામગીરી કરાવી છે કે કેમ,

(૨) જો હા, તો સર્વેમાં કેટલા બાળકો કુપોષણથી પીડાતા માલુમ પડયા, અને

(૩) સરકાર આ કુપોષણથી પીડાતા બાળકો માટે શાં પગલાં લઇ રહી છે?

**જવાબ**

(૧) ભારત સરકારના ધોરણો મુજબ દર માસે બાળકોનું વજન કરવામાં આવે છે. આ પૈકી ઓછું વજન ધરાવતા અતિકુપોષિત ગ્રેડ-૩ અને ૪ ના બાળકોને શોધવામાં આવે છે.

(૨) ડિસેમ્બર-૨૦૦૯ અંતિત અતિકુપોષિત બાળકોની સંખ્યા ૨૮,૩૪૮ છે.

(૩) કુપોષણથી પીડાતા બાળકોને સરકારશ્રીના ધારા ધોરણો મુજબ પુરક આહાર ડબલ પ્રમાણમાં આપવામાં આવે છે. જે માટે સરકારશ્રી દ્વારા ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલભોગ તેમજ ૩ થી ૬ વર્ષના બાળકોને ફોર્ટીફાઈડ આટો તથા ન્યુટ્રીકેન્ડી ફાળવવામાં આવે છે આ ઉપરાંત બાળકોનું નિયમિત રીતે મેડીકલ તપાસ કરવામાં આવે છે. અને વધુ સારવારની જરૂર જણાય તો મેડિકલ ઓફિસરની સલાહ મુજબ રીફર કરવામાં આવે છે. આ બાળકોનું નિયમિત વજન કરી ગ્રોથ ચાર્ટમાં નોંધવામાં આવે છે. તેમજ નિયમિત પણે રસીકરણ કરવામાં આવે છે, આવા બાળકોની માતાઓને આરોગ્ય પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.

## દાહોદ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી

૧૩૦૨૩**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી પાછળ રૂ. ૩૧૬૪.૧૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

જે નીચે મુજબ છે.

| તાલુકા | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| દાહોદ | ૬૮૬.૬૯ |
| ગરબાડા | ૩૪૧.૫૯ |
| ઝાલોદ | ૫૨૨.૮૨ |
| ફતેપુરા | ૨૨૭.૫૪ |
| લિમખેડા | ૭૨૦.૪૯ |
| ધાનપુર | ૩૬૭.૯૫ |
| દે.બારીયા | ૨૯૭.૦૬ |
| | ૩૧૬૪.૧૪ લાખનો |

ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## કપડવંજ તાલુકાની ટેક્નીકલ સ્કૂલ બંધ કરવા અંગે

૧૩૧૫૫ **શ્રી મણીભાઇ પટેલ** (કપડવંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કપડવંજમાં આવેલ પી. એન. ટેક્નીકલ સ્કૂલ જૂન-૨૦૧૦થી નવા સત્રથી બંધ કરવાની છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ સ્કૂલ બંધ કરવાનું કારણ શું છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જામનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામતની કામગીરી

૧૩૪૫૦ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા** (જામજોધપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર પંચાયત સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓની મરામત કામગીરી તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧) બે વર્ષમાં તાલુકાવાર મરામત કરેલ રસ્તાઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | રસ્તાઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | રાજ્ય | પંચાયત | કુલ |
| ૧ | જામનગર | ૭ | ૭૦ | ૭૭ |
| ૨ | લાલપુર | ૨ | ૪૭ | ૪૯ |
| ૩ | ધ્રોલ | ૩ | ૨૧ | ૨૪ |
| ૪ | જોડિયા | ૪ | ૨૮ | ૩૨ |
| ૫ | કાલાવડ | ૩ | ૪૩ | ૪૬ |
| ૬ | જામજોધપુર | ૪ | ૨૮ | ૩૨ |
| ૭ | ભાણવડ | ૩ | ૪૩ | ૪૬ |
| ક્રમ | તાલુકો | રસ્તાઓની સંખ્યા | | |
| | | રાજ્ય | પંચાયત | કુલ |
| ૮ | ખંભાળીયા | ૫ | ૩૨ | ૩૭ |
| ૯ | કલ્યાણપુર | ૮ | ૪૪ | ૫૨ |
| ૧૦ | દ્વારકા | ૪ | ૨૭ | ૩૧ |
| | કુલ : | ૪૩ | ૩૮૩ | ૪૨૬ |

(૨) અને (૩) : મરામતની કામગીરી સતત ચાલતી

(૩) એકજ રસ્તો વારંવાર મરામત થયો હોય તેવી કેટલી સંખ્યા છે?

પ્રક્રિયા હોઈ જરૂરીયાત મુજબ રસ્તાઓને મરામત કરવામાં આવે છે. જેનો કુલ ખર્ચ રૂા. ૨૩.૫૧ ક્રોડ થયેલ છે.

------------

**ખેડા જિલ્લામાં મહેસૂલી સંવર્ગની ખાલી જ્ગ્યાઓ**

૧૪૨૧૨ **શ્રી પંકજકુમાર દેસાઇ** (નડીયાદ) **: માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહેસૂલી સંવર્ગની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા માટે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૧૦૨.

(૨) સીધી ભરતીથી જ્ગ્યાઓ ભરવા માટેના માંગણાપત્રક મોક્લી આપવામાં આવેલ છે. અને બઢતી માટેની પસંદગી યાદી તૈયાર ક્રવામાં આવેલ છે.

------------

**અમદાવાદ જિલ્લામાં ક્ન્યાઓને બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લેવા બાબત**

૧૪૧૯૯**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મહિલા અને બાળ ક્લ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ક્ન્યાઓને બાલિકાસમૃધ્ધિ યોજના હેઠળ આવરી લીધેલ છે,

(૨) તે પૈકી કેટલી સહાય ચૂક્વેલ છે,

(૩) કેટલી ક્ન્યાઓને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) તે ક્યારે ચૂક્વવામાં આવશે?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | બાલિકાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધંધુકા | ૫૧૫ |
| ૨ | બરવાળા | ૨૨૦ |
| ૩ | રાણપુર | ૨૧૨ |
| ૪ | દેત્રોજ | ૪૫૧ |
| ૫ | ધોળકા-૧,૨ | ૧૧૭૩ |
| ૬ | માંડલ | ૬૧૬ |
| ૭ | દશક્રોઈ-૧ | ૨૭૪ |
| ૮ | દશક્રોઈ-૨ | ૨૧૫ |
| ૯ | સાણંદ | ૧૩૪૨ |
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **બાલિકાની સંખ્યા** |
| ૧૦ | સીટી | ૨૪૩ |
| ૧૧ | બાવળા | ૨૦૧૦ |
| ૧૨ | વિરમગામ | ૧૮૯૩ |
| ૧૩ | અર્બન-૧ | ૫૭૯ |
| ૧૪ | અર્બન-૨ | ૫૭૭ |
| ૧૫ | અર્બન-૩ | ૪૪૮ |
| ૧૬ | અર્બન-૪ | ૧૬૮ |
| ૧૭ | અર્બન-૫ | ૨૪૯ |
| | **કુલ સરવાળો :** | **૧૧૧૮૫** |

(૨) રૂા. ૪૩,૮૮,૦૦૦/-.

(૩) ૨૪૦૯.

(૪) બાકી રહેલ ક્ન્યાઓને તબક્કાવાર આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખાનગી માધ્યમિક શાળા શરૂ કરવા બાબત**

૧૩૪૪૯**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા(હળવદ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ ક્રવામાં આવી,

(૨) કુલ કેટલી અરજીઓ આવી હતી,

(૩) કેટલી મંજૂર ક્રવામાં આવી,

(૪) કેટલી નામંજૂર ક્રવામાં આવી, અને

(૫) નામંજૂર ક્રવાનાં કારણો શાં છે

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : પત્રક-અ મુજબ

(૫) ૧) શાળાનું મકાન રહેણાંક્ના હેતુ માટે

હોવાથી.

૨) રમતગમતના મેદાન માટે જરૂરી જોગવાઈ ન હોવાથી

૩) ભાડા કરાર નોટરાઈઝ્ડ કરાવેલ ન હોવાથી.

૪) મકાન અંગે સક્ષમ અધિકારીનું બી.યુ. પરિમશન ન હોવાથી

૫) શાળામાં પૂરતા ક્ષેત્રફળના વર્ગખંડો નહી હોવાથી

૬) શાળાની જમીન N.A. થયેલ ન હોવાથી તેમજ મકાન માટેની જોગવાઈઓ નિયમોનુસાર પરિપૂર્ણ થતી ન હોવાથી

૭) એક જ મકાનમાં એક જ માધ્યમની બે શાળાઓને મંજૂરી આપી શકાય તેમ ન હોવાથ

૮) શાળામાં પૂરતી ભોતિક/સુવિધાઓ આરોગ્ય વિષયક સુવિધાઓ નહી હોવાથી

૯) આર્થિક સધ્ધરતા નહીં હોવાથી.

**પત્રક-અ**

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરવા બાબત**

| તાલુકાનું નામ | ૨૦૦૮ | | | ૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|---|
| | આવેલ અરજીઓ | મંજુર થયેલ અને શરૂ થયેલ શાળાઓ | નામંજૂર | આવેલ અરજીઓ | મંજુર થયેલ અને શરૂ થયેલ શાળાઓ | નામંજૂર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| વઢવાણ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૮ | ૦૭ | ૦૧ |
| ધ્રાંગધ્રા | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦૪ | ૦૦ |
| હળવદ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ |
| પાટડી | ૦ | ૦ | ૦૦ | ૦૪ | ૦૩ | ૦૧ |
| ચુડા | ૦ | ૦ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૦ |
| ચોટીલા | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| લીંબડી | ૦૧ | ૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સાયલા | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ :** | **૧૯** | **૧૬** | **૦૩** | **૨૨** | **૧૮** | **૪** |

------------

## પંચમહાલ જિલ્લામાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

૧૪૨૫૫**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહની અને સામાન્ય પ્રવાહની કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે?

**જવાબ**

(૧)

| વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની શાળાઓ | વ્યવસાયલક્ષી પ્રવાહની શાળાઓ | કુલ |
|---|---|---|
| ૧૪૧ | ૦૨ | ૧૪૩ |

(૨)

| ફક્ત વિજ્ઞાન પ્રવાહની શાળાઓ | ફક્ત સામાન્ય પ્રવાહની શાળાઓ | બંન્ને પ્રવાહની શાળાઓ | કુલ |
|---|---|---|---|
| ૨૧ | ૧૧૪ | ૦૬ | ૧૪૧ |

------------

## પંચમહાલ જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી

૧૪૩૩૫**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં આગ સામે રક્ષણ માટે સરકાર દ્વારા તા.૩૧-

**જવાબ**

(૧) જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં

૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે.

આવેલ છે.

(૨) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) તે માટેનો ખર્ચ કેટલો છે?

(૩) રૂા. ૨૨,૫૩,૩૮૪ નો ખર્ચ થયેલ છે.

------------

**વલસાડ જિલ્લાના નાસિક મહારાષ્ટ્રને જોડતા રસ્તાની કાર્યવાહી**

૧૩૩૯૩**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ વલસાડ જિલ્લાના પારડીથી નાના પોંઢાથી નાસિક મહારાષ્ટ્રને જોડતા રસ્તાને ૧૦ મીટરમાં ફેરવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે?

**જવાબ**

૧૦.૦૦ મીટર પહોળો કરવા માટેનો ધારાધોરણ મુજબનો ટ્રાફીક ન હોય હાલ આયોજન નથી.

------------

**સમી-હારીજ તાલુકામાં ગ્રામ વિકાસના મંજૂર થયેલ રસ્તાઓ**

૧૩૯૯૭**શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ સમી-હારીજ તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગ્રામ વિકાસના રોડ મંજૂર કર્યા અને તેની શું સ્થિતિ છે તેમજ નવા બજેટ ૨૦૦૯-૧૦માં ક્યા ક્યા ગામના નવા રોડ મંજૂર કરેલ છે, કે બજેટમાં જોગવાઈ કરેલ છે?

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષમાં સમી-હારીજ તાલુકામાં ૮૬ રસ્તાઓ મંજુર કરવામાં આવેલ છે. તેની સ્થિતિ નીચે મુજબ છે.

| વર્ષ | મંજુર થયેલ રસ્તાની સંખ્યા | પુર્ણ થયેલ રસ્તાની સંખ્યા | પ્રગતિ હેઠળના રસ્તાની સંખ્યા | શરૂ ન થયેલ/ ટેન્ડર પ્રક્રિયા હેઠળ રસ્તાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૫૧ | ૫૧ | ૦ | ૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૬ | ૧૧ | ૫ | ૦ |
| ૨૦૦૯-૧૦ | ૧૯ | ૦ | ૪ | ૧૫ |

વર્ષ ૨૦૦૯-૧૦માં નીચે મુજબના ગામોના નવા રોડ મંજુર કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ગણેશપુરા | ૭ | લોલાડા |
| ૨ | મુર્તુજાનગર | ૮ | તારાનગર |
| ૩ | માલસુંદ | ૯ | ધનોરા |
| ૪ | માનપુર | ૧૦ | ફતેપુરા |
| ૫ | મોટીચંદુર | ૧૧ | રાફુ |
| ૬ | નાનીચંદુર | ૧૨ | તંબોલીયા |

------------

**ભરૂચ જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે ફાળવેલ જમીન**

૧૪૨૧૭**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન ફાળવવામાં આવી ?

**જવાબ**

૪,૫૫૨ ચો. મી.

------------

**મહેસાણા જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મંજૂર મહેકમ**

૧૪૨૫૪**શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાવાર કેટલી છે,

(૨) આ શાળાઓમાં કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) એક પણ નથી.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મંજૂર થયેલ મહેકમ પેકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

------------

**સાબરકાંઠા, બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં કૃષિ મેળા**

૧૪૧૭૫ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા, બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં કુલ કેટલા કૃષિ મેળાઓ ઉજવવામાં આવ્યા,

(૨) એમાં કુલ કેટલો ખર્ચ જિલ્લાવાર કરવામાં આવ્યો, અને

(૩) એનો ખર્ચ ક્યા હેડે પાડવામાં આવ્યો?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા, બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં કુલ ૧૧ કૃષિ મેળાઓ ઉજવવામાં આવ્યા.

(૨) એમાં જિલ્લાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| **અ.નં.** | **જિલ્લો** | **ખર્ચ રૂપિયા** |
|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧,૬૩,૯૯૮ |
| ૨. | બનાસકાંઠા | ૨,૯૯,૩૯૦ |
| ૩. | દાહોદ | ૫,૧૫,૩૮૮ |
| | **કુલ :** | **૯,૭૮,૭૭૬** |

(૩) એનો ખર્ચ નીચે જણાવેલ હેડે પાડવામાં આવ્યો.

૧. હેડ-૨૪૦૧-૭૯૬ (૩)
૨. હેડ-૨૪૦૧-૮૦૦ (૧૧)
૩. હેડ-૨૪૦૧-૮૦૦ (૧૪)

**સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીની સુવિધા**

૧૪૩૫૮**શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની પ્રાથમિક શાળાઓને વીજળીકરણની સુવિધા પૂરી પાડવા સરકારે વ્યવસ્થા કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળામાં વીજળીકરણની સુવિધા પૂરી પાડવામાં આવી,

(૩) કેટલી શાળાઓમાં વીજળીકરણની સુવિધા આપવાની બાકી છે, અને

(૪) બાકી રહેતી શાળાઓમાં વીજળીકરણ માટે વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૪૩૩ શાળાઓમાં વીજળીકરણની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

(૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૪ શાળાઓમાં વીજળીકરણની સુવિધા આપવાની બાકી હતી તે હવે પૂર્ણ કરવામાં આવેલ છે.

(૪) રૂા. ૧૨.૦૦ લાખ.

**જામનગર જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત અરજીઓ**

૧૪૧૯૮**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) ૧૩૩૧ અરજીઓ.

(૨) ૮૦૦ અરજીઓ.

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

(૩) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.
૧. નિયત ઉંમર ધરાવતા ન હોવાથી
૨. વાર્ષિક આવક વધારે હોવાથી
૩. પુખ્ત વયનો પુત્ર હોવાથી
૪. નિયત સમય મર્યાદામાં અરજી કરી ન હોઈ
૫. અન્ય કારણોસર જેવા કે ડુપ્લીકેટ અરજી, અરજદાર સ્થળે ન રહેતા હોય, અવસાન પામેલ હોય વિ.

**જામનગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી**

૧૩૦૬૦ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જામનગર જિલ્લામાં મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર થયેલ નવી સરકારી શાળાઓમાં કુલ કેટલા શિક્ષકોની ઘટ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૬ | ૧૮ | ૫૪ |
| ૨૦૦૮-૦૯ | ૧૬ | ૧૩ | ૨૯ |
| ૨૦૦૯-૧૦ | ૧૨ | ૧૩ | ૨૫ |
| કુલ : | ૬૪ | ૪૪ | ૧૦૮ |

(૨) ૪૨ શિક્ષકો.

**અમદાવાદ જિલ્લામાં માપણીના પેન્ડીંગ કેસો**

૧૪૨૦૪**શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં માપણીના કેટલા કેસો પડતર છે, અને

(૨) માપણીની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) ૫૮૩.

(૨) ૧૯૪ કેસોનો જાન્યુઆરી-૨૦૧૦માં નિકાલ કરવામાં આવેલ છે. અમદાવાદની કચેરીના ડી.ઈ.લે.રે. સુરેન્દ્રનગરને ફાળવેલ સર્વેયર પરત મેળવી બાકીના ૩૮૯ કેસોનો નિકાલ કરવામાં આવશે.

**સાબરકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવમાં થયેલ વધારો**

૧૪૨૨૪**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ ૨૦૦૯માં સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ ઈનપુટ આપવામાં આવ્યા, તેનો કેટલો ખર્ચ થયો,

(૨) સન ૨૦૦૯માં કૃષિરથ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૩) કૃષિ મહોત્સવમાં ખેડૂતોને ક્યા પ્રકારની જાણકારી આપવામાં આવી, અને

(૪) કૃષિ મહોત્સવથી કૃષિ ઉત્પાદનમાં વાર્ષિક અંદાજે કેટલો વધારો થયેલ છે?

**જવાબ**

(૧) કૃષિ મહોત્સવ-૨૦૦૯ દરમ્યાન સાબરકાંઠા જીલ્લામાં કોઈ ખેડૂતને કૃષિ ઈનપુટ આપવામાં આવેલ નથી. જેથી કૃષિ ઈનપુટ માટે ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ""શૂન્ય"".

(૩) તાલુકા કક્ષાના બે દિવસના સેમિનારમાં કૃષિ સંલગ્ન કુલ ૧૭ વિવિધ વિષયો ઉપર વિષયના નિષ્ણાતો/વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન અને જાણકારી આપવામાં આવેલ હતી.

(૪) કૃષિ મહોત્સવથી વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં વધારો થયેલો છે. પરંતુ સાબરકાંઠા જિલ્લા અંગે અધિકૃત સર્વે થયેલ નથી.

**સુરેન્દ્રનગર જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જ્ગ્યાઓ**

૧૪૨૦૦**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જ્ગ્યાઓ કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જ્ગ્યાઓ નીચે મુજબ છે

| અ.નં. | ઘટકનું નામ | આંગણવાડી કાર્યકર | તેડાગર |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૭૧ | ૧૬૧ |
| ૨ | લખતર | ૭૮ | ૭૪ |
| ૩ | પાટડી-૧ | ૧૩૮ | ૧૩૬ |
| ૪ | સાયલા | ૧૦૧ | ૯૩ |
| ૫ | લીંબડી | ૧૪૫ | ૧૪૫ |
| ૬ | ધાંગધ્રા | ૨૦૫ | ૨૦૫ |
| ૭ | વઢવાણ-૧ | ૧૩૯ | ૧૩૮ |
| ૮ | હળવદ | ૧૩૪ | ૧૩૪ |
| ૯ | પાટડી-૨ | ૪૫ | ૪૫ |
| ૧૦ | મુળી | ૮૯ | ૮૯ |
| ૧૧ | ચુડા | ૯૧ | ૯૧ |
| ૧૨ | વઢવાણ-૨ | ૧૩૯ | ૧૩૯ |
| | **કુલ :** | **૧૪૭૫** | **૧૪૫૦** |

(૨) તે પેકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૨) તે પેકી નીચે મુજબ જગ્યાઓ ભરાયેલ છે.

| અ.નં. | ઘટકનું નામ | આંગણવાડી કાર્યકર | તેડાગર |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૪૬ | ૧૪૪ |
| ૨ | લખતર | ૭૨ | ૬૯ |
| ૩ | પાટડી-૧ | ૧૩૦ | ૧૨૯ |
| ૪ | સાયલા | ૯૧ | ૮૪ |
| ૫ | લીંબડી | ૧૪૦ | ૧૩૮ |
| ૬ | ધાંગધ્રા | ૧૯૨ | ૨૦૩ |
| ૭ | વઢવાણ-૧ | ૧૩૬ | ૧૩૬ |
| ૮ | હળવદ | ૧૧૯ | ૧૧૭ |
| ૯ | પાટડી-૨ | ૪૪ | ૪૪ |
| ૧૦ | મુળી | ૮૩ | ૮૩ |
| ૧૧ | ચુડા | ૮૬ | ૮૬ |
| ૧૨ | વઢવાણ-૨ | ૧૩૮ | ૧૩૮ |
| | **કુલ :** | **૧૩૭૭** | **૧૩૭૧** |

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, આ જગ્યાઓ ભરવાનું આયોજન શું છે?

(૩) ૯૮ જગ્યાઓ આંગણવાડી કાર્યકર તથા ૭૯ જગ્યાઓ તેડાગરની ખાલી છે.

આ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------

**મહેસાણા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ તાલીમ**

૧૪૧૯૭**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તાલીમ આપવામાં આવેલ છે, અને

(૧) ૧૧૭૫ લાભાર્થીઓ.

| વર્ષ | તાલીમ લીધેલ વિધવા લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૫૦૦ |
| ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૪૦૦ |
| ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૨૭૫ |
| **કુલ :** | **૧૧૭૫** |

(૨) તે માટે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરેલ છે?

(૨) રૂા. ૮૩.૭૫ લાખ

| વર્ષ | ખર્ચની રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૩૦.૭૫ |
| ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૨૬.૨૫ |
| ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૨૬.૭૫ |
| **કુલ :** | **૮૩.૭૫** |

------------

**ઈ-ગ્રામ યોજના હેઠળ ૭/૧૨ તથા આનુષંગિક રેકર્ડની કામગીરી કમ્પ્યુટરાઈઝડ કરવા બાબત**

૧૩૧૬૪**શ્રી તુષારસિંહ મહારાઉલ (દેવગઢ-બારીયા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સરકારશ્રી ધ્વારા ૭/૧૨ તથા અનુષાંગિક રેકર્ડ કમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે, સદર રેકર્ડ મામલતદાર કચેરીઓ/તાલુકા કચેરીઓ ઉપર ઉપલબ્ધ હોય છે, સરકારશ્રીની ઈ-ગ્રામ યોજના હેઠળ આવા રેકર્ડ સ્થાનીક ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવે છે તથા બીજી

(૧) હા, જી

અનેક ખેતી વિષયક સેવાઓ કેન્દ્ર ઉપર આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ દેવગઢ બારીયા તાલુકાઓના દેવગઢ બારીયા/મોરવા/ગોધરા તાલુકાઓનો કેટલા ગામોમાં ઈ-ગ્રામ યોજના હેઠળ આવા રેકર્ડ સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ છે, કેટલા ગામોમાં આવા રેકોર્ડ મેળવવાની સેવા ઉપલબ્ધ નથી, અને

(૨) દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાની ૭૧ ગામ પંચાયતો પૈકી ૩૫ ગ્રામ પંચાયતોમાં આ સેવાઓ ચાલુ છે, જ્યારે બાકીની ૩૬ ગ્રામ પંચાયતોમાં પ્રીન્ટર બંધ હોવાથી નક્લ આપવા સિવાયની અન્ય સેવાઓ ચાલુ છે.

પંચમહાલ જિલ્લામાં મોરવા હડફ તાલુકાની તમામ ૪૮ ગ્રામ પંચાયતોમાં અને ગોધરા તાલુકાની ૯૪ ગ્રામપંચાયતો પૈકી ૮૮ ગ્રામપંચાયતોમાં આ સેવાઓ ચાલુ છે. અને ૬ ગામોમાં કમ્પ્યુટર ન હોવાથી આ સેવાઓ ઉપલબ્ધ નથી.

(૩) જે ગામોમાં આ રેકર્ડ ઉપલબ્ધ મેળવવાની સગવડ નથી, ત્યાં સરકાર ક્યાં સુધીમાં આ રેકોર્ડ ઉપલબ્ધ કરાવવા માંગે છે?

(૩) દાહોદ જિલ્લામાં જે ગ્રામપંચાયતો ખાતે પ્રીન્ટરો બંધ છે તે પૂરા પાડવા અને ગોધરા તાલુકામાં ૬ ગ્રામપંચાયતોમાં કમ્પ્યુટર પૂરા પાડવાની કાર્યવાહી પંચાયત વિભાગ દ્વારા પ્રગતિમાં છે. જે પૂર્ણ થયે આ રેકર્ડ ગ્રામ પંચાયત ખાતેથી ઉપલબ્ધ થશે.

### જૂનાગઢ જિલ્લામાં માછીમારોને આવાસ યોજના

૧૩૩૯૫**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં માછીમાર આવાસ યોજના અન્વયે વર્ષવાર કેટલી માંગણીઓ મળી,

(૨) મળેલ માંગણીઓ અન્વયે કેટલા માછીમારોને આ આવાસ યોજનાના લાભ આપવામાં આવ્યા, અને

(૩) તાજેતરમાં યોજાયેલ ગરીબ ક્લ્યાણ મેળામાં તે અન્વયે કેટલા માછીમારોને આવાસના લાભો અપાયા?

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ માંગણીની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮ | ૨૫૬ |
| ૨૦૦૯ | શૂન્ય |

(૨) ૮૦ આવાસો મંજુર કરવામાં આવ્યા

(૩) ગરીબ ક્લ્યાણ મેળામાં કોઇ માછીમારને આવાસના લાભ અપાયા નથી.

### ખેડા જિલ્લામાં વિધવા સહાયના લાભો

૧૨૨૪૬**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહિલા બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભો આપવામાં આવશે?

**જવાબ**

(૧) ૩૧૬૨ અરજીઓ.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૬-૧-૦૮ થી ૨૫-૧-૦૯ સુધી | ૨૬-૧-૦૯ થી ૨૫-૧-૧૦ સુધી | બે વર્ષની કુલ એકંદર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૪૭૪ | ૪૦૪ | ૮૭૮ |
| ૨ | કપડવંજ | ૨૨૫ | ૧૯૧ | ૪૧૬ |
| ૩ | કઠલાલ | ૧૬૧ | ૧૮૭ | ૩૪૮ |
| ૪ | બાલાસિનોર | ૧૫૪ | ૮૩ | ૨૩૭ |
| ૫ | ઠાસરા | ૨૪૯ | ૨૬૫ | ૫૧૪ |
| ૬ | વીરપુર | ૬૦ | ૪૬ | ૧૦૬ |
| ૭ | ખેડા | ૭૯ | ૭૧ | ૧૫૦ |
| ૮ | માતર | ૪૪ | ૪૭ | ૯૧ |
| ૯ | મહેમદાવાદ | ૧૪૮ | ૧૫૦ | ૨૯૮ |
| ૧૦ | મહુધા | ૬૪ | ૬૦ | ૧૨૪ |
| | કુલ : | ૧૬૫૮ | ૧૫૦૪ | ૩૧૬૨ |

(૨) તા. ૨૬-૧-૦૮ થી
તા. ૨૫-૧-૦૯ સુધી ૭૪૦
તા. ૨૬-૧-૦૯ થી
તા. ૨૫-૧-૧૦ સુધી ૮૪૭
કુલ : ૧૫૮૭

(૩) સત્વરે નિકાલ કરી પાત્રતા ધરાવનારને લાભ અપાશે.

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસમેન્ટ સમીટમાં ઉદ્યોગો માટે ફાળવેલ જમીનના એમ.ઓ.યુ.**

૧૩૩૯૭**શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસમેન્ટ સમીટ ૨૦૦૭-૦૯માં થયેલ એમ.ઓ.યુ. પૈકી અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ઉદ્યોગોને ક્યા ક્યા ભાવે ક્યા સ્થળે કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૨) જો ના, તો સદરહુ ઉદ્યોગોને જમીન કેટલા સમયમાં ફાળવવા માંગે છે?

**જવાબ**

(૧) ભારત હોટલ્સ પ્રા. લી.ને મોજે હાસોલ તા. સીટીની ૪૪૨૪ ચો.મી. જમીન ચો.મી.ના રૂા. ૬૮૦૦/-ના ભાવે ફાળવવામાં આવેલ છે.

(૨) બાકી રહેલ માંગણી માટે કાર્યવાહી ચાલુ છે.

**ખેડા અને આણંદ જિલ્લામાં પશુ સારવાર નિદાન કેમ્પ**

૧૨૫૬૧**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં સને ૨૦૦૮ અને ૨૦૦૯માં કેટલા પશુ સારવાર નિદાન કેમ્પો યોજવામાં આવ્યા, અને

(૨) આણંદ અને ખેડા જિલ્લામાં કેટલા પશુઓ પશુ સારવાર કેમ્પોમાં આવ્યા?

**જવાબ**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં ૨૦૦૮ અને ૨૦૦૯માં નીચે મુજબના પશુ સારવાર નિદાન કેમ્પ યોજવામાં આવેલ.

| ૭ | વર્ષ ૨૦૦૮ | વર્ષ ૨૦૦૯ |
|---|---|---|
| ખેડા | ૧૯૬ | ૨૨૯ |
| આણંદ | ૧૪૮ | ૨૬૨ |

(૨) આણંદ અને ખેડા જિલ્લામાં ૨૦૦૮ અને ૨૦૦૯માં નીચે મુજબના પશુઓ પશુ સારવાર કેમ્પમાં આવ્યા.

| જિલ્લો | વર્ષ ૨૦૦૮ | વર્ષ ૨૦૦૯ |
|---|---|---|
| ખેડા | ૫૬૧૮૪ | ૬૬૦૮૩ |
| આણંદ | ૩૦૪૩૫ | ૫૮૬૩૦ |

------------

**અમદાવાદ જિલ્લામાં રસ્તાઓના કામમાં ગેરરીતિની ફરિયાદોની તપાસ**

૧૩૫૦૦ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બનતાં માર્ગ અને મકાન વિભાગ હસ્તક જુદી જુદી યોજનાનાં રસ્તાઓમાં થતી ગેરરીતી અંગેની ફરિયાદો કેટલી મળી,

(૨) કેટલી ફરિયાદોની તપાસ કરી શા શા પગલા ભરવામાં આવ્યા,

(૩) કેટલી ફરિયાદમાં તપાસ કરવાની બાકી છે, અને

(૪) બાકી તપાસો કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) ત્રણ ફરિયાદ મળી છે.

(૨) ત્રણે ફરિયાદોની પ્રાથમિક તપાસ કરાવવામાં આવી છે તે પૈકી ૧ ફરિયાદની તપાસ પૂર્ણ થયેલ છે અને તે દફતરે થયેલ છે જ્યારે બે ફરિયાદની તપાસ ચાલુ છે.

(૩) કોઈ નહી.

(૪) શક્ય તેટલી ઝડપથી.

**આણંદ જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના હેઠળ આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને આવરી લેવા બાબત**

૧૪૧૯૬**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના હેઠળ કુલ કેટલી આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો આવરી લીધેલ છે?

**જવાબ**

આંગણવાડી કાર્યકર - ૧૭૪૬
આંગણવાડી તેડાગર - ૧૬૯૬
કુલ - ૩૪૪૨

**આણંદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓ**

૧૨૫૫૯ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાઓ પંચાયત અને સ્ટેટ હસ્તકના કઈ કઈ યોજનામાં ક્યા ક્યા મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૭૯ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા. (પરિશિષ્ટ-*૧ મુજબ)

(૨) તે અન્વયે ૪૨ કામો પૂર્ણ કરેલ છે.

(૩) ૮૦ કામો પ્રગતિમાં.

(* પરિશિષ્ટ **કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી પાછળ ખર્ચ**

૧૪૩૩૭**ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર) :માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતેનું પ્રાદેશિક કક્ષાના આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) તે માટે કેટલો ખર્ચ થયેલ છે તે કામગીરી ક્યારે પૂર્ણ થશે, અને

(૩) આ કેન્દ્રમાં ક્યા પ્રકારના વાહનો અને સાધનો કેટલી કિંમતના વસાવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) પ્રગતિ હેઠળ છે. જેની ભોતિક પ્રગતિ ૨૧% અને નાણાંકીય પ્રગતિ ૧૬% થયેલ છે.

(૨) રૂા. ૬૧.૦૪ લાખનો ખર્ચ થયેલ છે. સપ્ટેમ્બર-૨૦૧૦માં પૂર્ણ થવાનો અંદાજ છે.

(૩) મલ્ટી ફંક્શન રેસ્ક્યુ વ્હીકલ વીથ ક્રેઈન, હાઈ કેપેસીટી પંપ, વૉટર ટેન્કર, ફૉર્મ નર્સર, ઈમરજન્સી રેસ્ક્યુ વ્હીકલ, વૉટર ટ્રાન્સપોર્ટ યુનિટ, પીક-અપ ટ્રક, યુએસએઆર કન્ટેઈનર, મેડીકલ માસ કેઝયુઅલ્ટી કન્ટેઈનર અંદાજીત રૂા. ૧૭.૮૬ કરોડની કિંમતના.

**મહેસાણા જિલ્લામાં આધુનિક પાક બજાર માટે વ્યવસ્થા**

: ૧૪૨૪૮**શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આધુનિક પાક બજાર વ્યવસ્થા પૂરી પાડવા માટે સરકારે શું શું પગલાં લીધા છે?

**જવાબ**

મહેસાણા જિલ્લાની મોટા ભાગની બજાર સમિતિઓ આર્થિક રીતે સધ્ધર છે, તેમજ પાયાની સગવડો ધરાવે છે. વધુ સગવડના ભાગરૂપે સોઇલ ટેસ્ટીંગ લેબોરેટરી, કૃષિ પ્રદર્શન, શોપીંગ મોલની સગવડ, કૃષિ સલાહ કેન્દ્ર ખેડૂતો માટે અદ્યતન ભોજનાલય, કોલ્ડ સ્ટોરેજ તથા પ્રોસેસીંગ યુનિટ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.

------------

**કચ્છ જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ બનાવવા પાછળ ખર્ચ**

૧૩૮૪૪**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા-લખપત અને નખત્રાણા તાલુકામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાઓ મંજૂર કરી,

(૨) આ શાળાઓના મકાનો બનાવવા પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) કેટલી શાળાઓના મકાનો બનાવવાના બાકી છે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ |
|---|---|---|
| અબડાસા | ૦૦ | ૦૩ |
| લખપત | ૦૧ | ૦૩ |
| નખત્રાણા | ૦૩ | ૦૧ |
| કુલ : | ૦૪ | ૦૭ |

(૨) શૂન્ય.

(૩) પ્રાથમિક શાળાઓ - ૦૩.

કચ્છ જિલ્લામાં નવી મંજૂર થયેલી ૭ સહિત કુલ-૧૯ સરકારી માધ્યમિક શાળાઓના મકાન બાંધકામ બાકી છે.

------------

### ગાંધીનગર ખાતે ફરજ બજાવતા બાકી રહેલ બિન બદલીપાત્ર કર્મચારીઓને રાહતના પ્લોટ

૧૨૫૫૧**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા અને બાકી રહી ગયેલ બિન બદલીપાત્ર કર્મચારીઓને રાહત દરના પ્લોટ ફાળવવા બાબતે વિચારણા ચાલુ છે, તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ બાકી રહેલા બિન બદલીપાત્ર કર્મચારીઓને ક્યારે અને ક્યાં સુધીમાં રાહત દરના રહેણાંક્ના પ્લોટ ફાળવવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ બાબતે કર્મચારી મંડળોએ ક્યારે ક્યારે માંગણીઓ કરી છે? | (૩) મંડળો તરફથી તા. ૧૨/૫/૦૭, ૧૭/૭/૦૭, ૩૧/૮/૦૭, ૫/૯/૦૭, ૧૧/૧૦/૦૭, ૨૧/૪/૦૮, ૯/૨/૦૯, ૨૫/૨/૦૯, ૧૬/૬/૦૯, ૧૮/૮/૦૯, ૨૦/૮/૦૯, ૧૩/૧૦/૦૯ ના પત્રોથી રજુઆત કરી છે. |

------------

### ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયો નાબૂદ થતા કામ વગર પગાર લેતા શિક્ષકો

૧૩૭૬૨**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૭ના વર્ષમાં રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી પ્રવાહને ફરજીયાત કર્યા બાદ ધોરણ ૧૨માંથી ગુજરાતી માધ્યમમાંથી હિન્દી વિષયને નાબૂદ કરતાં અને હિન્દી ઉર્દુ, સિન્ધી, મરાઠી જેવા માધ્યમોમાંથી ગુજરાતી વિષય નાબૂદ કરાતાં આશરે પાંચેક હજાર જેટલા શિક્ષકો છેલ્લા કેટલાય વખતથી કામ કર્યા વગર પગાર લઈ રહ્યાહ હોવાનું સરકારના ધ્યાન પર આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) આ નિર્ણયને કારણે રાજ્યના કેટલા શિક્ષકો કેટલા સમયથી કામ વગર પગાર મેળવી રહ્યા છે, અને | (૨) શૂન્ય. |
| (૩) સરકારી નાણાના આ રીતના વ્યય માટે જવાબદારો સામે શું પગલાં લેવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત નથી. |

### આણંદ જિલ્લામાં ગામડાથી ગામડાને જોડતો અને ગામડાથી પરા વિસ્તારને જોડતા કાચા માટીના રસ્તાને પાકા બનાવવા અરજીઓ

૧૩૧૫૩**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ગામડાથી ગામડાને તથા ગામડાથી પરા વિસ્તારને જોડવાના કાચા માટીના રસ્તા પાકા બનાવવાની કેટલી અરજીઓ આવી,

(૧) તા. ૩૧/૧/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ગામડાથી ગામડાને તથા ગામડાથી પરા વિસ્તારને જોડવાના કાચા માટીના રસ્તા પાકા બનાવવાની નીચે મુજબ ૧૦૮ અરજીઓ આવી.

| તાલુકો | અરજીઓ | તાલુકો | અરજીઓ |
|---|---|---|---|
| આણંદ | ૨૫ | પેટલાદ | ૨૦ |
| ઉમરેઠ | ૧૭ | સોજીત્રા | ૬ |
| બોરસદ | ૧૦ | ખંભાત | ૧૦ |
| આંકલાવ | ૧૧ | તારાપુર | ૯ |
| | | કુલ : | ૧૦૮ |

(૨) તાલુકાવાર ક્યા ક્યા રોડ બનાવવાની ક્યા ક્યા હેડ નીચે દરખાસ્ત મંજૂર કરવામાં આવી,

(૨) આણંદ જિલ્લામાં તાલુકાવાર સામેલ પત્રક મુજબ ૩૨ રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા.

| તાલુકો | બઉજો | ખાસ મરામત | ખાસ અંગભૂત | પી.એમ. જી.એસ.વાર ા. | કુલ |
|---|---|---|---|---|---|
| આણંદ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૧૪ |
| ઉમરેઠ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| પેટલાદ | ૮ | ૦ | ૦ | ૦ | ૮ |
| સોજીત્રા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ખંભાત | ૪ | ૦ | ૧ | ૧ | ૬ |
| કુલ : | ૨૯ | ૧ | ૧ | ૧ | ૩૨ |

(૩) તાલુકાવાર કેટલી દરખાસ્તો પડતર છે,

(૩) તાલુકાવાર નીચે મુજબની ૯૩ દરખાસ્તો હાલ મંજુર કરેલ નથી.

(૪)

| તાલુકો | દરખાસ્તો | તાલુકો | દરખાસ્તો |
|---|---|---|---|
| આણંદ | ૩૧ | પેટલાદ | ૮ |
| ઉમરેઠ | ૧૭ | ખંભાત | ૪ |
| બોરસદ | ૧૦ | તારાપુર | ૩ |
| આંકલાવ | ૨૦ | | |
| | | કુલ : | ૯૩ |

(૪) પડતર દરખાસ્તોના રસ્તા સરકાર બનાવવા માગે છે કે કેમ, અને

(૫) જો હા, તો કેટલા સમયમાં?

(૪) અને (૫) ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામ/પરાને પ્રથમવાર પાકા રસ્તાથી જોડવાનું આયોજન છે.

### જામનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યા

૧૨૬૭૯ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરીક્ષકની કુલ કેટલી જગ્યાઓ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે તે ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨-૨૩
પશુધન નિરીક્ષક વર્ગ-૩ -૩૦

(૨) પશુચિકિત્સા અધિકારી -૬ (છ)
પશુધન નિરીક્ષકની -૮ (આઠ)

(૩) (૧) પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી અને એડહોક ધોરણે ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગ તથા નાણા વિભાગના પરામર્શમાં ચાલુ છે.

(૨) રાજ્ય હસ્તકની પશુધન નિરીક્ષક વર્ગ-૩ની ૩૫૦ જગ્યાઓ પૈકી સીધી ભરતી/એડહોક ધોરણે ભરવા માટેની કુલ ૨૦૦ જગ્યાની મંજૂરી મળેલ હોઈ, આ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે જ્યારે પંચાયત હસ્તકની પણ પશુધન નિરીક્ષક વર્ગ-૩ની કુલ ૫ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------

### ગાંધીનગર જિલ્લામાં ઘરેલું હિંસા સામે સ્ત્રીઓનું રક્ષણ

૧૪૧૯૧ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ-૨૦૦૫ હેઠળ કેટલી સંસ્થાઓને શેલ્ટર હોમ તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓને સર્વિસ પ્રોવાઈડર તરીકે મંજૂરી આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડા જિલ્લામાં સગર્ભા મહિલાઓને પોષણક્ષમ આહાર પાછળ થયેલ ખર્ચ**

૧૩૬૭૭ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર સગર્ભા માતાઓને પોષણક્ષમ આહાર આપવા બાબતે કેટલી માતાઓને આ આહાર વર્ષવાર પૂરો પાડવામાં આવ્યો તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧)

| અ.નં. | ઘટકનું નામ | તાલુકાનું નામ | જાન્યુ.-૦૮ થી ડીસે. ૦૮ | જાન્યુ.-૦૯ થી ડીસે. ૦૯ |
|---|---|---|---|---|
| | | | કેટલી સગર્ભા માતાઓને પોષણક્ષમ આહાર પૂરો પાડવામાં આવેલ છે. | |
| ૧ | માતર | માતર | ૫૮૮૨ | ૧૮૧૩૬ |
| ૨ | બાલાસિનોર | બાલાસિનોર | ૫૯૫૬ | ૧૫૧૭૨ |
| ૩ | ઠાસરા-૧ | ઠાસરા | ૮૦૭૯ | ૨૧૦૭૧ |
| ૪ | ડાકોર | | ૭૪૭૪ | ૧૯૮૯૩ |
| ૫ | મહેમદાવાદ-૧ | મહેમદાવાદ | ૧૧૩૦૦ | ૩૦૬૯૮ |
| ૬ | મહેમદાવાદ-૨ | | | |
| ૭ | કપડવંજ-૧ | કપડવંજ | ૯૮૩૯ | ૨૭૬૨૭ |
| ૮ | કપડવંજ-૨ | | | |
| ૯ | કઠલાલ | કઠલાલ | ૧૧૧૯૮ | ૨૬૮૬૪ |
| ૧૦ | નડીયાદ-૧ | નડીયાદ | ૧૯૧૯૯ | ૪૯૩૮૨ |
| ૧૧ | નડીયાદ-૨ | | | |
| ૧૨ | મહુધા | મહુધા | ૮૬૫૫ | ૨૧૯૩૩ |
| ૧૩ | વિરપુર | વિરપુર | ૩૯૨૮ | ૧૦૪૯૮ |
| ૧૪ | ખેડા | ખેડા | ૫૮૮૯ | ૧૫૩૨૫ |
| | | **કુલ :** | **૯૭૩૯૯** | **૨૫૬૭૭૯** |

આ માટે થયેલ કુલ ખર્ચ રૂપિયા ૧,૧૨,૭૬,૦૧૬/-
(અંકે રૂપિયા એક કરોડ બાર લાખ છોતેર હજાર સોળ પૂરા)

(૨) આ ખર્ચમાં રાજ્ય અને કેન્દ્રનો કેટલો હિસ્સો છે?

(૨) આ ખર્ચમાં રાજ્યનો ૫૦% અને કેન્દ્રનો ૫૦% હિસ્સો છે.

**તાપી જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માટેની કચેરીઓ**

૧૨૫૫૭**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માટેની કચેરી માટેની કાર્યવાહી કયા તબક્કે છે?

**જવાબ**

તાપી જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માટેની કચેરી વિભાજન અંગેની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ રજૂ કરેલ નથી.

------------

**અમદાવાદ શહેર ખાતે લઠ્ઠાકાંડમાં નિરાધાર બહેનોને ચૂકવેલ સહાય**

૧૨૦૧૫**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ શહેરમાં સન ૨૦૦૯માં થયેલ લઠ્ઠાકાંડમાં નિરાધાર બનેલી કેટલી બહેનોને ક્યા ક્યા પ્રકારની સહાય તા.૧૫-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યારે ચૂકવી આપવામાં આવી?

**જવાબ**

૩૦ નિરાધાર વિધવા બહેનોની વિધવા સહાય મંજૂર કરવામાં આવી છે.તા. ૧૫-૧-૨૦૧૦ સુધીમાં કોઈ ચૂકવણું થયેલ નથી.

**બનાસકાંઠા જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ લાભ**

૧૨૮૫૧ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ તાલુકાવાર કેટલી બાલિકાઓને લાભ આપવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | બાલિકાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાંતા | ૨૨૦ |
| ૨ | વાવ | ૧૯૭ |
| ૩ | થરાદ | ૫૦૧ |
| ૪ | દિયોદર | ૩૧૩ |
| ૫ | કાંકરેજ | ૪૦૯ |
| ૬ | ધાનેરા | ૯૦૩ |
| ૭ | ડીસા-૧ | ૩૭૩ |
| ૮ | ડીસા-૨ | ૭૫૪ |
| ૯ | પાલનપુર | ૮૯૨ |
| ૧૦ | વડગામ | ૭૧૫ |

| | | |
|---|---|---|
| ૧૧ | અમીરગઢ | ૩૮૦ |
| ૧૨ | ભાભર | ૬૩૮ |
| ૧૩ | દાંતિવાડા | ૫૪૩ |
| | **કુલ સરવાળો :-** | **૬૮૩૮** |

(૨) કેટલી બાલિકાઓ લાભથી વંચિત છે, અને

(૨) ૧૬૫૩૯ લાભથી વંચિત છે.

(૩) બાકી રહેલ બાલિકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે?

(૩) બાકી રહેલ બાલિકાઓને તબક્કાવાર આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

**રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

૧૩૩૮૮ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ તેમજ પ્રાથમિક શિક્ષકોની ઘટ તાલુકાવાર કેટલી છે, અને

(૧) રાજકોટ જિલ્લામાં શિક્ષકોની ઘટ નથી પરંતુ ઓરડાની ઘટ અને શિક્ષકોની ખાલી જગ્યા તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓરડાની ઘટ | શિક્ષકોની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૩૮ | ૦ |
| ૨ | ગોંડલ | ૩૪ | ૦ |
| ૩ | જામકંડોરણા | ૧૫ | ૦ |
| ૪ | જસદણ | ૧૧૦ | ૭૦ |
| ૫ | જેતપુર | ૧૧ | ૦૦ |
| ૬ | કોટડા-સાંગાણી | ૨૦ | ૨ |
| ૭ | લોધિકા | ૧૭ | ૦ |
| ૮ | માળીયા-મીયાંણા | ૫૭ | ૩૫ |
| ૯ | મોરબી | ૭૪ | ૧૫ |
| ૧૦ | પડધરી | ૧૭ | ૦ |
| ૧૧ | રાજકોટ | ૪૬ | ૪ |
| ૧૨ | ટંકારા | ૨ | ૪ |
| ૧૩ | ઉપલેટા | ૨૮ | ૩ |
| ૧૪ | વાંકાનેર | ૧૦૭ | ૩૫ |
| | **કુલ :-** | **૫૭૬** | **૧૬૮** |

(૨) આ બન્ને પ્રકારની ઘટ પૂરી કરવા સરકારે શી વ્યવસ્થા કરી?

(૨) ૨૦૦૯માં ૧૦૪ વિદ્યાસહાયક ભરતીની જાહેરાત આપેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૫૮ અને વર્ષ ૨૦૧૦-૧૧માં નવા ઓરડાઓ બનાવવાનું આયોજન બજેટ મુજબ કરવામાં આવશે.

**જુનાગઢ જિલ્લાના ગામોને જોડતા પેચવર્ક કરવા અંગે**

૧૩૬૯૮**શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ગામને જોડતા રસ્તાઓના પેચવર્ક કરવામાં આવેલ છે અને ક્યા ક્યા રસ્તાના પેચવર્ક થયેલ નથી, અને

(૧) *પત્રક-૧ મુજબ

(૨) નવા બનેલ રસ્તાઓમાં ત્રણ વર્ષની કોન્ટ્રાકટરની પેચવર્કની જવાબદારી અન્વયે ગામ થી ગામને જોડતા ક્યા ક્યા રસ્તાના પેચવર્ક થયેલ છે અને ક્યા ક્યા બાકી છે?

(૨) થયેલ પેચવર્ક *પત્રક-૨ મુજબ છે. બાકીના રસ્તાઓ સારી હાલતમાં છે. જેને પેચ કરવાની જરૂરીયાત નથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**વડોદરા જિલ્લામાં હક્ક પત્રકની બાકી નોંધ**

૧૪૨૦૫ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં હક્ક પત્રકની બાકી નોંધો કેટલી છે,

(૧) ૧૦૧૨૭

(૨) આ બાકી નોંધો કેટલા સમયની છે, અને

(૨)

| | |
|---|---|
| ૩ માસ સુધીની | ૯૯૧૯ |
| ૩ માસ ઉપરની | ૨૦૮ |
| કુલ બાકી નોંધો | **૧૦૧૨૭** |

(૩) આ નોંધોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

(૩) સત્વરે

-----------

## જુનાગઢ જિલ્લામાં જમીન ધોવાણની સહાય મેળવવા મળેલ અરજીઓ

૧૪૨૩૩**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં જમીન ધોવાણ બદલ સહાય મેળવવા કેટલી અરજીઓ આવી, | (૧) ચોમાસુ-૨૦૦૮ તથા ચોમાસુ-૨૦૦૯ અન્વયે ક્લેકટરશ્રી, જૂનાગઢ દ્વારા પુર અતિવૃષ્ટિથી જમીન ધોવાણ અંગે અસરગ્રસ્ત તાલુકા જાહેર થયેલ ન હોય તારીખ ૩૦-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં જમીન ધોવાણ બદલ સહાય મેળવવા કોઈ અરજીઓ મેળવવામાં આવેલ નથી. |
| (૨) આવેલ અરજીઓ પેકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) અરજીઓ આવેલ ન હોય નિકાલ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) કેટલી અરજીઓ બાકી રહી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને બાકી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૪) ક્લેકટરશ્રી, જૂનાગઢ દ્વારા ચોમાસુ-૨૦૦૮ તથા ચોમાસુ-૨૦૦૯ અન્વયે કોઈ પુર અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત તાલુકા જાહેર થયેલ ન હોય સહાય ચૂકવવાનો પ્રશ્ન રહેતો નથી. |

------------

## સાબરકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના નવીન રસ્તા માટેની દરખાસ્ત

૧૩૭૬૪**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પંચાયત તેમજ સ્ટેટ હસ્તકના હોય તેવા કુલ કેટલા રસ્તાઓની ડામર સપાટીનું કામ, નવીન રસ્તાનું કામ, તેમજ માટી મેટલનું કામ થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તક/સ્ટેટ હસ્તકના છેલ્લા બે વર્ષમાં નવીન રસ્તા/ડામર કરવામાં આવેલ છે.

| તાલુકો | નવીન રસ્તાની સંખ્યા | ડામર રસ્તાની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| હિંમતનગર | ૯ | ૭૩ | ૮૨ |
| પ્રાંતીજ | ૧ | ૨૮ | ૨૯ |
| તલોદ | ૨ | ૩૦ | ૩૨ |
| ઈડર | ૨ | ૫૨ | ૫૪ |
| વડાલી | ૨ | ૨૦ | ૨૨ |
| ખેડબ્રહ્મા | ૦ | ૨૪ | ૨૪ |
| વિજયનગર | ૦ | ૧૩ | ૧૩ |
| ભિલોડા | ૩ | ૪૩ | ૪૬ |
| મેઘરજ | ૧ | ૩૮ | ૩૯ |
| મોડાસા | ૭ | ૪૫ | ૫૨ |
| ધનસુરા | ૨ | ૩૧ | ૩૩ |
| માલપુર | ૦ | ૨૭ | ૨૭ |
| બાયડ | ૦ | ૬૨ | ૬૨ |
| **કુલ :** | **૨૯** | **૪૮૬** | **૫૧૫** |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) આ પેકી મેઘરજ-માલપુર-ધનસુરા અને બાયડ તાલુકાઓની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાઓ રીપેરીંગ, ડામર સપાટી કરવાનાં કામોની દરખાસ્ત સરકારમાં પડતર છે, અને<br>(૩) આ પડતર દરખાસ્તો સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે? | (૨) અને (૩) : મળેલ દરખાસ્તો પેકી અનિવાર્યતા અને આવશ્યક્તા મુજબ કામો મંજુર કરેલ છે, જેથી હાલમાં કોઈ દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ નથી. |

## નર્મદા જિલ્લામાં સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી

૧૪૩૩૩**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આગ સામે રક્ષણ મેળવવા માટે સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી છે, | (૧) નર્મદા જિલ્લાની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફટીની સુવિધાઓ ઉપલબ્ધ છે. |
| (૨) આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે માટેનો ખર્ચ કેટલો છે? | |

## સુરત અને તાપી જિલ્લાના રસ્તાઓની મરામતની કામગીરી

૧૪૨૬૬**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર રસ્તાઓની મરામત અંગેની કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આવી મરામત અંગેની કામગીરી થયા પછી ટૂંક સમયમાં જ રસ્તાઓ તૂટી ગયા હોય તેવા કેટલા રસ્તાઓ છે, અને

(૩) આ રસ્તાઓ મરામત કરવાની કામગીરીની ગુણવત્તા ક્યા પ્રકારની હતી?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર રસ્તાઓની મરામત અંગેની કામગીરી પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| જિલ્લો | તાલુકો | થયેલ ખર્ચ રૂ. લાખમાં | જિલ્લો | તાલુકો | થયેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|---|---|
| સુરત | ઓલપાડ | ૧૫૯.૮૩ | તાપી | વ્યારા | ૧૨૫.૪૭ |
| | પલસાણા | ૪૩.૯૩ | | વાલોડ | ૩૨.૮૧ |
| | બારડોલી | ૨૬.૭૩ | | સોનગઢ | ૩૦૧.૪૯ |
| | કામરેજ | ૧૩૧૯.૪૮ | | ઉચ્છલ | ૪૫.૬૩ |
| | મહુવા | ૫૪૧.૨૩ | | નિઝર | ૪૮.૧૬ |
| | માંડવી | ૨૭૦.૪૦ | | **કુલ :** | **૫૫૩.૫૬** |
| | માંગરોળ | ૮૮.૯૩ | | | |
| | ઉમરપાડા | ૨૭.૩૮ | | | |
| | ચોર્યાસી | ૧૬૨.૫૧ | | | |
| | **કુલ :** | **૨૬૪૦.૪૨** | | | |

(૨) અને (૩) : ખાસ મરામત હેઠળ થયેલ કોઈ રસ્તો ટૂંક સમયમાં તૂટી ગયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કુકાવાવ અને વડીયા રોડના સાંકડા પુલ પહોળા કરવા બાબત

૧૩૦૬૨ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુંકાવાવ-વડીયા રોડના સાંકડા પુલ પહોળા કરવા તથા મોટા ઉજળા ગામોનો કોઝવે એક મીટર નાળા સાથે ઉંચો કરવા સરકારનું સન ૨૦૦૯-૧૦માં આયોજન છે કે નહીં,

(૨) આ રોડ સ્ટેટ અને ડબલપટ્ટી હોવા છતાં આ કામગીરી નહી કરવાના કારણો શું, અને

(૩) કેટલા સમયમાં કામ કરવા માંગો છો?

**જવાબ**

(૧), (૨) અને (૩) : (અ) કુકાવાવ-વડીયા રોડ મધ્યમ માર્ગીય છે અને તેનો ટ્રાફિક દ્વિમાર્ગીય માટેના જરૂરી ધારાધોરણ કરતા ઓછો હોઈ, પુલ પહોળા કરવાનું હાલ આયોજન નથી.

(બ) મોટા ઉજળા ગામના કોઝવેની જગ્યાએ નાના પુલનું આયોજન કરેલ છે. જે વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

## કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને માસિક સહાયની રકમ

૧૪૧૯૨**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ નિરાધાર વિધવાઓને માસિક કેટલી રકમ સહાય તરીકે આપવામાં આવે છે, અને

(૨) આ રકમ કેવી રીતે ચૂકવવામાં આવે છે?

**જવાબ**

(૧) લાભાર્થીને માસિક રૂા. ૫૦૦/- મુજબ તેમજ લાભાર્થીના આધારિત બાળકોને (બે બાળકોની મર્યાદામાં) બાળક દીઠ માસિક રૂા. ૮૦/- મુજબ.

(૨) પોસ્ટ ઓફીસના બચત ખાતામાં જમા કરીને ચૂકવવામાં આવે છે.

**વિશ્વની ખ્યાતનામ યુનિવર્સિટીઓ ધ્વારા કોલેજો ખોલવા માટેની દરખાસ્તો**

૧૪૨૫૭ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિશ્વની ખ્યાતનામ યુનિવર્સિટીઓ ધ્વારા રાજ્યમાં કોલેજો ખોલવા માટેની દરખાસ્તો સરકારને મળી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો કઈ કઈ સંસ્થાઓની કેટલી દરખાસ્તો મળી છે?

**જવાબ**

(૧) અને (૨) હાલની કેન્દ્ર સરકારની નીતિ મુજબ વિદેશી યુનિવર્સિટીઓ રાજ્યમાં સીધી કોલેજો ખોલી શક્તા નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વડોદરા જિલ્લામાં રસ્તાઓની મરામત પાછળ થયેલ ખર્ચ**

૧૩૬૮૦**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર રાજ્ય હસ્તકના ક્યા ક્યા રસ્તાઓની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મરામત કરવામાં આવી,

(૨) આ મરામત પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) એકજ રસ્તો વારંવાર કેટલી વખત મરામત થયો?

**જવાબ**

(૧) * પત્રક-૧ મુજબ.

(૨) રૂા. ૨૪૬૮.૦૧ લાખ.

(૩) ખાસ મરામત હેઠળ કોઇ નહિ.

(* પત્રક સચિવશ્રીની ક્યેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**ખેતી વિષયક જંતુનાશક દવાઓની ગુણવત્તા માટે વ્યવસ્થા**

૧૪૨૪૩**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ગુણવત્તા જાળવવા સરકારે શું વ્યવસ્થા ગોઠવેલ છે, અને

(૨) કેટલા સેમ્પલ લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) હેઠળ ગુણવત્તા નિયંત્રણ તંત્ર બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ગુણવત્તા જાળવવા માટે બિયારણ ખાતર અને જંતુનાશક દવાઓના કાયદાઓનું અસરકારક અમલીકરણ માટે આ ઇનપુટસના નમુનાઓ લેવામાં આવે છે. પ્રયોગશાળામાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવે છે. બિનપ્રમાણિત નમુનાઓના કિસ્સામાં નિયમોનુસાર કાયદાકીય જોગવાઇ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) નીચે મુજબ સેમ્પલ લેવામાં આવ્યા.

| ઇનપુટનું નામ | કૂલ સેમ્પલની સંખ્યા |
|---|---|
| બિયારણ | ૧૬૫ |
| રાસાયણિક ખાતર | ૪૦૭ |
| જંતુનાશક દવા | ૧૪૪ |
| **કુલ :** | **૭૧૬** |

------------

**ભરૂચ જિલ્લામાં જંબુસર, આમોદ, વાલીયા અને ઝગડીયા તાલુકામાં પરા/ફળીયાને મુખ્ય રસ્તાથી જોડવા બાબત**

૧૨૬૮૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર-આમોદ-વાલીયા-ઝગડીયા તાલુકામાં પરા/ફળીયાને મુખ્ય રસ્તાથી જોડતા કેટલા રસ્તા (ડબલ્યુ.બી.એમ.) થી જોડવાના બાકી છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં, કેટલી રકમ સાથે પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર, આમોદ, વાલીયા તથા ઝગડીયા તાલુકાના ૩૦ પરા / ફળીયાને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે.

(૨) હાલમાં ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાનું આયોજન છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓ શરૂ કરવાની અરજીઓ**

૧૪૨૫૬ **શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી શાળાઓને મંજૂરી આપવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

**બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓ શરૂ કરવાની અરજીઓ**

| તાલુકાનું નામ | ૨૦૦૮ | | | ૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|---|
| | આવેલ અરજીઓ | મંજુર | નામંજુર | આવેલ અરજીઓ | મંજુર | નામંજુર |
| પાલનપુર | ૫ | ૫ | ૦ | ૦૧ | ૦૧ | ૦ |
| થરાદ | ૬ | ૪ | ૨ | ૧૪ | ૦૬ | ૮ |
| ડીસા | ૪ | ૪ | ૦ | ૦૮ | ૦૫ | ૩ |
| ધાનેરા | ૩ | ૨ | ૧ | ૦૯ | ૦૪ | ૫ |
| દાંતા | ૩ | ૧ | ૨ | ૦૦ | ૦૦ | ૦ |
| વડગામ | ૨ | ૧ | ૧ | ૦૦ | ૦૦ | ૦ |
| અમીરગઢ | ૧ | ૧ | ૦ | ૦૦ | ૦૦ | ૦ |
| વાવ | ૧ | ૧ | ૦ | ૦૧ | ૦૦ | ૧ |
| દીયોદર | ૧ | ૧ | ૦ | ૦૧ | ૦૧ | ૦ |
| દાંતાવાડા | ૧ | ૧ | ૦ | ૦૩ | ૦૧ | ૨ |
| કાંકરેજ | ૦ | ૦ | ૦ | ૦૬ | ૦૨ | ૪ |
| ભાભર | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૧ |
| **કુલ :** | **૨૭** | **૨૧** | **૬** | **૪૪** | **૨૦** | **૨૪** |

------------

**સાબરકાંઠા જિલ્લામાં કૃષિ રથ પાછળ થયેલ ખર્ચ**

૧૪૩૭૧**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯ કૃષિ રથ પાછળ સાબરકાંઠા જિલ્લામાં કેટલો ખર્ચ તા.૩૧-૧-૧૦ સુધીમાં કરવામાં આવ્યો, અને

(૨) તેનાથી ખેડૂતોને શું લાભ થયો છે?

**જવાબ**

(૧) કૃષિ મહોત્સવ-૨૦૦૯ના વર્ષ દરમ્યાન કૃષિ મહોત્સવના ઢાંચામાં ફેરફાર કરી રાજ્યમાં આવેલ કૃષિ યુનિવર્સિટી કક્ષાએ ત્રણ દિવસના અને તાલુકા કક્ષાએ બે દિવસના કૃષિ પ્રદર્શન અને સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેથી કૃષિ મહોત્સવ-૨૦૦૯ દરમ્યાન કૃષિ રથ કાઢેલ ન હોવાથી કૃષિ રથ પાછળ કોઈ ખર્ચ થયેલ નથી.

પરંતુ તાલુકા કક્ષાએ કૃષિ પ્રદર્શન અને સેમીનારનાં આયોજન પાછળ રૂા. ૨૨.૯૯ લાખનો ખર્ચ થયેલો છે.

(૨) કૃષિ મહોત્સવ-૨૦૦૯ દરમ્યાન તાલુકા કક્ષાએ આયોજીત બે દિવસનાં સેમીનારમાં ખેતી વિષયના નિષ્ણાતો/વૈજ્ઞાનિકો દ્વારા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ હતું. જેના લીધે

ખેડૂતોના તાંત્રિક જ્ઞાનમાં વધારો થયેલ છે. અને તેઓએ કૃષિ ક્ષેત્રે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવામાં સફળતા મેળવી છે તેવા તારણો જોવા મળ્યા છે.

------------

**સાવલી વડોદરા જી.આઈ.ડી.સી.ના યુનીટો નિયંત્રણ રેખાના નિયમ વિરૂધ્ધના બાંધકામો**

૧૩૪૦૨**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સાવલી ખાતે સ્ટેટ હસ્તકના રસ્તા ઉપર જી.આઈ.ડી.સી.ના કેટલાક યુનીટો રસ્તાની મધ્યરેખાના નિયંત્રણમાં બાંધેલા છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) નિયંત્રણ રેખાના નિયમ વિરૂધ્ધના બાંધકામો અન્વયે સરકારે તા.૩૧-૧૨-૦૯ સુધીમાં શાં પગલા લીધા?

**જવાબ**

(૧) અને (૨) : આ રસ્તા પર જી.આઈ.ડી.સી.ના કોઈ યુનિટો રેખા નિયંત્રણમાં આવતા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજકોટ કોટડા સાંગાણી અને લોધીકા તાલુકામાં ગામતળ નીમ કરવા બાબત**

૧૨૯૨૬**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ તાલુકો કોટડા સાંગાણી તેમજ લોધીકા તાલુકામાં કેટલા ગામતળ નીમ કરવા દરખાસ્ત આવેલ છે,

(૨) તેમાંથી કેટલા તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) જે ગામોમાં ગામતળ નીમ કરવાના બાકી છે તે ગામો કેટલા સમયમાં નીમ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **દરખાસ્તની સંખ્યા** |
|---|---|
| રાજકોટ તાલુકો | ૩૩ |
| કોટડા સાંગાણી | ૨૧ |
| લોધિકા | ૧૪ |

(૨)

| **તાલુકાનું નામ** | **દરખાસ્તની સંખ્યા** |
|---|---|
| રાજકોટ તાલુકો | ૨૯ |
| કોટડા સાંગાણી | ૨૧ |
| લોધિકા | ૧૩ |

(૩) બનતી ત્વરાએ.

------------

**અમરેલી જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે ફાળવેલ જમીન**

૧૪૨૧૮ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન ફાળવવામાં આવી છે?

**જવાબ**

જુદા જુદા ૨૧ કિસ્સામાં કુલ ૨૫૨૦૬૪ ચો.મી.

------------

**ઉત્તર ગુજરાતના ખેડૂતોને ખેતીના ભાગ આપવા માટેની ફરિયાદો**

૧૩૧૨૪ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાગ રાખીને ખેડૂતોને ત્યાં ભાગમાં ખેતી કરતા ખેડૂતોને પાક તૈયાર થતાં ભાગ આપવો ન પડે તે માટે ખોટાં બહાનાં કાઢીને ભાગીયાને કાઢી મૂક્યાની કેટલી ફરિયાદો

**જવાબ**

(૧) શૂન્ય.

સરકારને મળી છે, અને

(૨) આવા ભાગીયાને અધવચ્ચેથી કાઢી મૂકવાના કિસ્સા રોકવા સરકારે કોઈ વ્યવસ્થા કરી છે ખરી?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવા જિલ્લાની રચના કરવા બાબત**

૧૩૧૬૦**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવા જિલ્લાની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે, અને

(૨) જો હા, તો સૂચિત નવા જિલ્લામાં ક્યા ક્યા તાલુકાનો સમાવેશ કરવા વિચારેલ છે ?

**જવાબ**

(૧) ના. જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમરેલી જિલ્લાના સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાના કામો**

૧૪૦૧૨**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન સ્ટેટના રસ્તા તથા પંચાયત હસ્તકના રસ્તાના કામો છેલ્લા તારીખ ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં બે વર્ષમાં કેટલી રકમના ક્યા તાલુકામાં કેટલા રસ્તાના કામો મંજૂર થયેલ છે, તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી. બે વર્ષમાં તાલુકાવાર મંજૂર થયેલ કામો અને અંદાજી કિંમતની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજુર કામો | અંદાજી કિંમત રૂા. કરોડમાં |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૩૮ | ૯૦.૨૬ |
| ૨ | લાઠી | ૨૬ | ૪૪.૪૧ |
| ૩ | લીલીયા | ૨૧ | ૨૧.૯૨ |
| ૪ | કુંકાવાવ | ૨૭ | ૧૯.૮૫ |
| ૫ | બાબરા | ૨૦ | ૨૨.૫૧ |
| ૬ | બગસરા | ૧૫ | ૧૨.૯૯ |
| ૭ | ધારી | ૪૧ | ૫૫.૬૩ |
| ૮ | ખાંભા | ૨૧ | ૧૩.૪૨ |
| ૯ | રાજુલા | ૨૬ | ૪૪.૩૮ |
| ૧૦ | જાફરાબાદ | ૧૫ | ૧૬.૭૨ |
| ૧૧ | સાવરકુંડલા | ૪૯ | ૭૯.૧૮ |
| | **કુલ :** | **૨૯૯** | **૪૨૧.૨૭** |

(૨) જો હા, તો જિલ્લાના દરેક તાલુકાના મંજૂર થયેલ કામોમાંથી કેટલા કામો પૂર્ણ કરેલ છે, અને

(૨) મંજુર થયેલ કામો પેકી પૂર્ણ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | પૂર્ણ કામો |
|---|---|---|
| ૧ | અમરેલી | ૮ |
| ૨ | લાઠી | ૩ |
| ૩ | લીલીયા | ૨ |
| ૪ | કુંકાવાવ | ૪ |
| ૫ | બાબરા | ૬ |
| ૬ | બગસરા | ૧ |
| ૭ | ધારી | ૭ |
| ૮ | ખાંભા | ૩ |
| ૯ | રાજુલા | ૫ |
| ૧૦ | જાફરાબાદ | ૩ |
| ૧૧ | સાવરકુંડલા | ૧૩ |
| | **કુલ :** | **૫૫** |

(૩) બાકી રહેતા કામો ક્યારે પૂર્ણ કરવા માંગો છો ?

(૩) પ્રગતિ હેઠળના કામો નિયત મર્યાદામાં તથા બાકીના કામો ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયેથી જેમ બને તેમ ઝડપથી.

**વડોદરા જિલ્લામાં મુંબઇ શાહુકાર ધારા ભંગ બદલ મળેલ ફરીયાદો**

૧૪૨૫૧**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં મુંબઇ શાહુકાર ધારાના ભંગ બદલની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) તે ફરિયાદો ઉપર રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) ૧૦ (દસ).

(૨) ૧૦ ફરિયાદો પેકી.

(અ) ૨ ફરિયાદમાં કોર્ટ કેસ કરેલ છે.

(બ) પુરાવાના અભાવે ૩ ફરિયાદો દફતરે થયેલ છે.

(ક) ૫ ફરિયાદમાં પગલાં ભરવાની કાર્યવાહી ચાલુ છે.

**ભૂકંપ સંશોધન ખાતે નવા સંશોધન પ્રોજેક્ટ શરૂ કરવા બાબત**

૧૩૬૧૭**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભૂકંપ સંશોધન કેન્દ્ર ખાતે ક્યાં ક્યાં નવા સંશોધન પ્રોજેક્ટો શરૂ કરવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧)

૧. ગુજરાતમાં સ્ટ્રોગ ગ્રાઉન્ડ મીશન સિનારિયોનો અભ્યાસ.
૨. ગુજરાત રાજ્યમાં સિસ્મોલોજીકલનું એક્ટીવીટીનું મોનીટરીંગ.
૩. ગીફ્ટ સિટીમાં સિસ્મીક માઇક્રોઝોનેશ.
૪. ભૂકંપની આગાહી માટે સંશોધન કરવા મલ્ટી પેરામેટ્રીક જીઓફીઝીકલ ઓબ્ઝરવેશન.
૫. ગુજરાતના દરિયા કિનારાનો ઘસારો અટકાવવા અંગેનો પ્રોજેક્ટ.

(૨) આ પ્રોજેક્ટની કામગીરી ક્યા તબક્કે છે ?

(૨) જુના ડેટા એકત્રિત કરવાની અને જીઓફીઝીકલ, જીઓલોજીકલ તેમજ જીઓટેક્નીકલ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં બોગસ ખાતેદારો સામે ગેરરીતિના પગલાં**

૧૩૪૦૧**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં દરેક તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બોગસ ખેડૂત ખાતેદારો પકડાયા છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | પકડાયેલ બોગસ ખેડૂત ખાતેદારો |
|---|---|
| વડોદરા (શહેર) | ૧૨ |
| વડોદરા (ગ્રામ્ય) | ૭૦ |
| કરજણ | ૦૭ |
| પાદરા | ૫૨ |
| સાવલી | ૦૦ |
| શિનોર | ૦૦ |
| વાઘોડીયા | ૦૦ |
| ડભોઇ | ૦૦ |
| નસવાડી | ૦૦ |
| સંખેડા | ૦૦ |
| છોટાઉદેપુર | ૦૦ |
| જેતપુર પાવી | ૦૦ |
| ક્વાંટ | ૦૦ |
| કુલ : | ૧૪૧ |

(૨) આ બાબતે વીજીલન્સ તપાસ થઇ છે ખરી,

(૨) ખંડ (૧)માં જણાવેલ વડોદરા (શહેર), વડોદરા (ગ્રામ્ય), કરજણ અને પાદરા તાલુકાના કેસોમાં વીજીલન્સ સેલ, મહેસૂલ તપાસણી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તપાસ કરવામાં આવેલ છે.

(૩) જો હા, તો કેવા પ્રકારની ગેરરિતિઓ પકડાઇ છે, અને

(૩) ખંડ (૨)માં જણાવેલ ચારેય તાલુકામાં વીલ યાને વસીયતનામા આધારે ખેતીની જમીન ધારણ કરી હોવાની ગેરરિતિ પકડાયેલ છે.

(૪) જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

(૪) ખંડ (૧)માં જણાવેલ વડોદરા (શહેર), વડોદરા (ગ્રામ્ય) તથા પાદરા તાલુકાઓના કેસોમાં ગણોતધારાની કલમ-૬૩ના ભંગ બદલ ગણોત ધારાની કલમ-૮૪ (સી) હેઠળ જમીનો સરકાર દાખલ કરવા ઠરાવેલ છે. જ્યારે કરજણ તાલુકાના કેસોમાં મામલતદારશ્રી, કરજણ તરફથી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. પાદરા તાલુકાની વીલની નોંધ મંજુર કરનાર કર્મચારીઓને કારણદર્શક સુચના આપી ખુલાસા મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

------------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત ગામો અને પેટાપરાઓ**

૧૩૧૪૨ **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં કુલ કેટલા ગામો/પેટાપરાઓ પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આ ગામોને પાકા રસ્તાની સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લાના ૩૬ ગામ/પરા અને ભરૂચ જિલ્લાના ૩૦ ગામ/પરા પાકા રસ્તાથી વંચિત છે.

| જિલ્લો | તાલુકો | ગામ | પરા | કુલ |
|---|---|---|---|---|
| નર્મદા | નાંદોલ | ૧ | ૨૦ | ૨૧ |
| | દેડીયાપાડા | ૬ | ૧ | ૭ |
| | સાગબારા | ૦ | ૧ | ૧ |
| | તિલકવાડા | ૦ | ૭ | ૮ |
| | કુલ | ૭ | ૨૯ | ૩૬ |
| ભરૂચ | જંબુસર | ૦ | ૧૮ | ૧૮ |
| | આમોદ | ૦ | ૦ | ૦ |
| | ભરૂચ | ૦ | ૦ | ૦ |
| | વાગરા | ૦ | ૦ | ૦ |
| | અંકલેશ્વર | ૦ | ૦ | ૦ |
| | હાંસોટ | ૦ | ૦ | ૦ |
| | વાલીયા | ૦ | ૫ | ૫ |
| | ઝગડીયા | ૦ | ૭ | ૭ |
| | કુલ | ૦ | ૩૦ | ૩૦ |
| | **એકંદરે કુલ...** | ૭ | ૫૯ | ૬૬ |

(૨) હાલ ૨૦૦૧નાં સેન્સસ મુજબ નોર્મલ વિસ્તારમાં ૫૦૦ થી વધુ વસ્તી અને ટ્રાયબલ વિસ્તારમાં ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોને બારમાસી રસ્તાથી જોડવાનું આયોજન વિચારેલ છે.

**દાહોદ જિલ્લાના ગરબાડાથી વાંસીયા ડુંગરી થઈ ધાનપુર તાલુકાને જોડતો ડબલ ટ્રેક રસ્તો**

૧૨૫૪૬ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ગરબાડાથી વાંસીયા ડુંગરી થઈ ધાનપુર તાલુકાને જોડતો રસ્તો ડબલ ટ્રેકમાં કરવાની કાર્યવાહી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) અને (૨)
હાલ આયોજન નથી.

**ભાવનગર જિલ્લામાં ગાળા-સારંગપુર સિંચાઈ યોજનાની ડુબમાં ગયેલ જમીનની કાર્યવાહી**

૧૨૭૫૨ **શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ગઢડા તાલુકાના ગાળા-સારંગપુર સિંચાઈ યોજનામાં ડુબમાં ગયેલ જમીનના બદલામાં રહેણાંકના હેતુ માટેની જમીનની માંગણી ગ્રામજનો તરફથી આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કાર્યવાહી તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) કાર્યવાહી પૂર્ણ થતાં કેટલો સમય લાગશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે, જે તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કલમ -૯ના તબક્કે છે.

(૩) કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

**ડાંગ જિલ્લામાં આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી પાછળ ખર્ચ**

૧૪૩૪૧**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં જિલ્લા આપત્તિ નિવારણ કેન્દ્રને તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ શું સાધન સામગ્રી આપવામાં આવેલ છે, અને

(૨) તે માટેના ખર્ચની વિગતો શું છે?

**જવાબ**

(૧) ઓફિસ ઈક્વીપમેન્ટ, લાઈફ જેકેટ, લાઈફ બોયા, પીપી રોપ, બોટ અને ટેમ્પરરી શેલ્ટર્સ પુરા પાડવામાં આવેલ છે.

(૨) રૂા. ૬.૩૧ લાખનો ખર્ચ થયેલ છે.

**ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન**

૧૩૬૮૪**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી, લાઈટ, શોચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી,

(૨) આવી પ્રાથમિક શાળાઓમાં ઉપરોક્ત સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં આવી સુવિધાઓ ઉપલબ્ધ બનશે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારુ વ્યવસ્થા છે. જ્યારે તાલુકા દીઠ નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં લાઈટ અને શોચાલયની સુવિધા ઉપલબ્ધ નથી.

| અ.નં. | તાલુકો | લાઈટ | શોચાલય |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૦૦ | ૦૨ |
| ૨ | ઘોઘા | ૦૧ | ૦૪ |
| ૩ | તળાજા | ૦૧ | ૦૧ |
| ૪ | મહુવા | ૦૨ | ૦૩ |
| ૫ | પાલીતાણા | ૦૦ | ૦૨ |
| ૬ | ગારીયાધાર | ૦૦ | ૦૧ |
| ૭ | શિહોર | ૦૧ | ૦૩ |
| ૮ | ઉમરાળા | ૦૦ | ૦૦ |
| ૯ | વલભીપુર | ૦૦ | ૦૦ |
| ૧૦ | ગઢડા | ૦૦ | ૦૧ |
| ૧૧ | બોટાદ | ૦૧ | ૦૨ |
| | કુલ... | ૦૬ | ૧૯ |

(૨) લાઈટની સુવિધા પી.જી.વી.સી.એલ. ધ્વારા કરી આપવાનું આયોજન કરેલ છે. જ્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં શોચાલયોની સુવિધા માટે રૂા. ૭.૯૮ લાખની જોગવાઈ કરેલ છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

------------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાઓની ઘટ**

૧૩૪૫૪**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અને ઓરડાઓની કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરાશે?

**જવાબ**

(૧) ૪૧૭ શિક્ષકોની ખાલી જગ્યાઓ છે. જ્યારે ૪૯૪ ઓરડાઓની ઘટ છે.

(૨) વર્ષ ૨૦૦૯ માં ૩૭૨ વિદ્યાસહાયક ભરતીની જાહેરાત આપેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ માં ૧૮૨ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં નવા ઓરડાઓ બનાવવાનું આયોજન બજેટમાં કરવામાં આવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં ઇ-ધરા સેન્ટરોમાંથી મળતી ૭/૧૨, ૮-અ ના હક્કપત્રની નક્લોમાં ક્ષતિઓ**

૧૩૧૪૫**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ઇ-ધરા સેન્ટરોમાં ૭/૧૨, ૮-અ, હક્કપત્રક વિગેરેની નક્લોમાં ક્ષતિઓ હોવાની કેટલા ખેડૂતોની ફરીયાદો મળેલ છે.

**જવાબ**

(૧) નીચે મુજબ :-

| ક્રમ | તાલુકાનું નામ | ફરિયાદો |
|---|---|---|
| ૧. | જૂનાગઢ | ૮૯૫ |
| ૨. | વંથલી | ૦ |
| ૩. | વિસાવદર | ૩૩૬ |
| ૪. | માણાવદર | ૦ |
| ૫. | ભેંસાણ | ૦ |
| ૬. | વેરાવળ | ૪૨૫ |
| ૭. | સુત્રાપાડા | ૨૪૪ |
| ૮. | તાલાલા | ૨૩૨ |
| ૯. | કોડીનાર | ૨૯૫ |
| ૧૦. | ઉના | ૧૬૬ |
| ૧૧. | કેશોદ | ૮૧૩ |
| ૧૨. | માળિયા | ૩૫૮ |
| ૧૩. | માંગરોળ | ૧૩૯ |
| ૧૪. | મેંદરડા | ૬૬ |
| | કુલ | ૩૯૬૯ |

(૨) ઉપરોક્ત મળેલ ફરિયાદો પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે, અને કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | નિકાલ કરેલ ફરિયાદો | પડતર | કેટલા સમયથી પડતર છે ? |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૮૪૬ | ૪૯ | ૪૩-૧ થી ૩ માસ<br>૦૬-૩ થી ૬ માસ |
| ૨ | વંથલી | ૦ | ૦ | ૦ |
| ૩ | વિસાવદર | ૩૩૬ | ૦ | ૦ |
| ૪ | માણાવદર | ૦ | ૦ | ૦ |
| ૫ | ભેંસાણ | ૦ | ૦ | ૦ |
| ૬ | વેરાવળ | ૪૨૨ | ૩ | ૩ -૧ થી ૩ માસ |
| ૭ | સુત્રાપાડા | ૨૪૧ | ૩ | ૧ - ૧ માસ<br>૧ - ૧ થી ૩ માસ<br>૧ - ૩ થી ૬ માસ |
| ૮ | તાલાલા | ૨૩૨ | ૦ | ૦ |
| ૯ | કોડીનાર | ૨૮૨ | ૧૩ | ૦૭-૧ માસ સુધીના<br>૦૨-૧ થી ૨ માસ<br>૦૧-૨ થી ૩ માસ<br>૦૩-૩ માસ ઉપરના |
| ૧૦ | ઉના | ૧૨૨ | ૪૪ | ૪૪-૨ માસ |
| ૧૧ | કેશોદ | ૭૯૮ | ૧૫ | ૧૫-૧ માસથી |
| ૧૨ | માળિયા | ૩૪૪ | ૧૪ | ૧૪-૧૫ દિવસથી |
| ૧૩ | માંગરોળ | ૧૧૨ | ૨૭ | ૨-૧ માસ<br>૭-૨ થી ૩ માસ<br>૧૫-૩ થી ૬ માસ<br>૩-૬ થી ૧૨ માસ |
| ૧૪ | મેંદરડા | ૬૪ | ૨ | ૦૨-૧ થી ૩ માસ |
| | કુલ : | ૩૭૯૯ | ૧૭૦ | |

(૩) ઇ-ધરા સેન્ટરોમાંથી મળતી ૭/૧૨, ૮-અ હક્કપત્રક વિગેરેની નક્લોમાં જે ક્ષતિઓ થાય છે તે ક્ષતિઓ દૂર કરવા ખેડૂત અરજી આપે એટલે દિવસ-૮માં અરજીનો નિકાલ થઇ જાય તેવી વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ ?

(૩) ઇ-ધરા સેન્ટરોમાંથી મળતી ૭/૧૨, ૮-અ હક્કપત્રક વિગેરેની નક્લોમાં જે ક્ષતિઓ થાય છે તે ક્ષતિઓ દૂર કરવા ખેડૂત અરજી આપ્યેથી સત્વરે આવી ભૂલો સુધારી લેવા મહેસૂલ વિભાગના પરિપત્રથી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.

## વલસાડ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા બાબત

૧૪૩૬૦ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન વલસાડ જિલ્લામાં સરકાર ધ્વારા કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે,

(૨) તે ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવી છે, અને

(૩) તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧)

| માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | કુલ |
|---|---|---|
| ૧૭ | ૦૪ | ૨૧ |

(૨) અને (૩) : પત્રક - ૧ મુજબ.

પત્રક-૧

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | ધરમપુર | સરકારી માધ્યમિક શાળા, પીડવળ |
| ૨ | ધરમપુર | સરકારી માધ્યમિક શાળા,જામલીયા |
| ૩ | ધરમપુર | સરકારી માધ્યમિક શાળા, કોસવાડી |
| ૪ | ધરમપુર | સરકારી માધ્યમિક શાળા, તૂતરખેડ. |
| ૫ | ધરમપુર | સરકારી માધ્યમિક શાળા, બોપી. |
| ૬ | ધરમપુર | સરકારી માધ્યમિક શાળા, હનમતમાળ. |
| ૭ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, સુથારપાડા. |
| ૮ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, શાહુડા. |
| ૯ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, વડોલી. |
| ૧૦ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, સિલ્ધા. |
| ૧૧ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, દહીખેડ. |
| ૧૨ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, મેણધા. |
| ૧૩ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, આંબા જંગલ. |
| ૧૪ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, સુલિયા. |
| ૧૫ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, તુક્વાડા. |
| ૧૬ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, કાસ્ટુનિયા. |
| ૧૭ | કપરાડા | સરકારી માધ્યમિક શાળા, વાડધા. |

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | ધરમપુર | સરકારી ઉચ્ચ.માધ્યમિક શાળા, કોરવડ, તા.ધરમપુર |
| ૨ | ધરમપુર | સરકારી ઉચ્ચ.માધ્યમિક શાળા, હનમતમાળ, ધરમપુર |
| ૩ | કપરાડા | સરકારી ઉચ્ચ.માધ્યમિક શાળા, મોટીપલસાણ, તા. કપરાડા |
| ૪ | કપરાડા | સરકારી ઉચ્ચ.માધ્યમિક શાળા, સુથારપાડા |

-----------

## હાલોલ/શામળાજી રોડના ફોરલેન કામ પાછળ થયેલ ખર્ચ

૧૩૪૯૯ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલોલ, શામળાજી રોડનું ફોરલેનમાં કામ કરવાની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામ પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રસ્તાનું બાંધકામ પ્રગતિમાં છે. કરારનામાની જોગવાઇ અનુસાર આ કામ ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) રૂા. ૪૦.૯૮ કરોડ.

**વડોદરા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓ ડામરના કરવા અંગે**

૧૩૮૯૦**શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના રાજ્ય અને પંચાયત હસ્તકના ક્યા ક્યા નવા રસ્તાઓ ડામરના કરવામાં આવ્યા છે, અને

(૨) આ સ્થિતિએ ક્યા ક્યા રસ્તાઓના કામો મંજૂર થયા છતાં કામ શરૂ કરવામાં આવ્યા નથી તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ૧૭ નવા રસ્તાઓ ડામરના કરવા મંજૂર થયેલ જે પેકી લીંગસ્થળીથી બાણજ રસ્તાનું ડામરકામ પૂર્ણ થયેલ છે. બાકીના ૧૬ રસ્તા પેકી ૧૫ રસ્તાના કામો પ્રગતિમાં છે અને ૧. આમતા નિશાના વાડીયા રસ્તાના કામના ટેન્ડર તાજેતરમાં મંજૂર થયેલ હોઇ શરૂ થવાનું બાકી છે.

------------

**સુરત જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો**

૧૪૩૫૧**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો, કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાના કામોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મંજૂર રસ્તા | રકમ રૂા. લાખમાં | પૂર્ણ | પ્રગતિમાં | ટેન્ડર પ્રક્રિયામાં |
|---|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૯ | ૫૫૬.૨૫ | ૯ | ૦ | ૦ |
| ૨૦૦૯-૧૦ | ૧૫ | ૯૨૦.૫૦ | ૦ | ૫ | ૧૦ |
| **કુલઃ** | **૨૪** | **૧૪૭૬.૭૫** | **૯** | **૫** | **૧૦** |

------------

**સુરત જિલ્લાના રસ્તાને પહોળો કરવા આયોજન**

૧૪૩૪૩**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના તરસાડા, કઠોદ, બારડોલી, સરભાણ, નવસારી રસ્તાને સરકાર પહોળો તથા મજબુતીકરણ કરવા માગે છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) તેના ખર્ચનો અંદાજ શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટેન્ડર મંજૂરી હેઠળ છે.

(૩) અંદાજે રૂા. ૨૩.૪૫ કરોડ.

------------

**વડોદરા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો**

૧૪૩૫૨**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો, કેટલી રકમના, મંજૂર કરવામાં આવેલ છે અને તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ ૪૨ રસ્તાના કામો ૨૯૮૮.૨૦ લાખની રકમના મંજૂર કરવામાં આવ્યા, અને આ કામો પેકી ૨ કામો પૂર્ણ થયેલા છે, ૧૮ કામો પ્રગતિ હેઠળ ૨૨ કામો ટેન્ડર અને અંદાજોની મંજૂરી હેઠળ છે.

------------

**ભાવનગર જિલ્લામાં જમીન માપણીની કચેરીમાં સંવર્ગવાર ખાલી જગ્યા**

૧૩૫૦૩**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ જમીન માંપણી ઓફીસમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલા સમયથી છે?

**જવાબ**

તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ જમીન માપણી ઓફીસમાં સંવર્ગવાર નીચે મુજબની કુલ-૩૫ જગ્યાઓ ખાલી છે

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે | |
|---|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૨૪ | તા.૬-૧-૦૬ થી | ૧ |
| | | તા.૧-૫-૦૬ થી | ૧૦ |
| | | તા.૩૧-૮-૦૬ થી | ૧ |
| | | તા.૧૫-૮-૦૭ થી | ૧ |
| | | તા.૧-૯-૦૭ થી | ૪ |
| | | તા. ૪-૧-૦૮ થી | ૧ |
| | | તા.૧-૪-૦૮ થી | ૧ |
| | | તા.૩-૮-૦૮ થી | ૨ |
| | | તા.૩૦-૮-૦૮ થી | ૧ |
| | | તા.૧-૭-૦૯ થી | ૧ |
| | | તા.૧-૩-૦૯ થી | ૧ |
| ક્લાર્ક વર્ગ-૩ | ૨ | તા.૧૨-૫-૦૫ થી<br>તા.૩૦-૯-૦૮ થી | ૧<br>૧ |
| પટાવાળા વર્ગ-૪ | ૯ | તા.૩૦-૪-૦૮ થી<br>તા.૩૦-૪-૦૯ થી | ૭<br>૧ |
| | | તા.૧-૯-૦૯ થી | ૧ |
| કુલ | ૩૫ | | |

------------

## ગાંધીનગરમાં ઉભા કરેલા આઈ.ટી. ઝોનમાં સરકારે ફાળવેલ જમીન

૧૨૫૪૮ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન-૨૦૦૭માં ગાંધીનગરમાં ઉભા કરેલા આઈ.ટી. ઝોનમાં સરકારે કઈ કઈ કંપનીઓને કેટ કેટલી જમીન ફાળવી હતી,

(૨) તે પૈકીની કેટલી કંપનીઓએ તેનો ક્યારે ક્યારે કબ્જો લીધો,

(૩) કેટલી કંપનીઓએ બાંધકામ ક્યારે શરૂ કર્યું, અને

(૪) તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલી કંપની સામે શરતભંગ ગણી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) નીચે મુજબ

| ક્રમ | કંપનીનું નામ | ફાળવેલ જમીન (ચો.મી.) |
|---|---|---|
| ૧ | ટાટા કન્સલ્ટન્ટ સર્વિસીસ લિ. મુંબઈ | ૧૦૩૧૯૪.૮૩ |
| ૨ | ડીએલએફલિ., ગુરગાંવ, હરિયાણા | ૧૦૧૨૦૦ |
| ૩ | જીઆઈડીસી, ગાંધીનગર | ૨૨૨૫૮૫ |
| ૪ | મે. આઈસીઆઈસીઆઈ બેંક | ૭૧૨૬૪ |
| ૫ | સત્યમ કમ્પ્યુટર્સ સર્વિસિસ લિ., | ૧૦૫૨૨૨ |
| ૬ | યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ભારત સરકાર | ૧૦૦૦૦ |
| ૭ | મે. ટોરન્ટ પાવર લિ., | ૧૦૦૦૦ |

(૨) નીચે મુજબ

| ક્રમ | કંપનીનું નામ | કબજો લીધા તારીખ |
|---|---|---|
| ૧ | ટાટા કન્સલ્ટન્ટ સર્વિસીસ લિ. મુંબઈ | ૧૮-૧૦-૦૭ |
| ૨ | ડીએલએફલિ., ગુરગાંવ, હરિયાણા | ૨૬-૨-૦૭ |
| ૩ | જીઆઈડીસી, ગાંધીનગર | ૧૯-૩-૦૮ |
| ૪ | મે. આઈસીઆઈસીઆઈ બેંક | ૧૪-૬-૦૭ |
| ૫ | સત્યમ કમ્પ્યુટર્સ સર્વિસીસ લિ., | ૧૬-૭-૦૮ |
| ૬ | યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ભારત સરકાર | ૩૧-૫-૦૭ |
| ૭ | મે. ટોરન્ટ પાવર લિ., | ૧૫-૯-૦૮ |

(૩)

| ક્રમ | કંપનીનું નામ | બાંધકામની વિગત |
|---|---|---|
| ૧ | ટાટા કન્સલ્ટન્ટ સર્વિસીસ લિ. મુંબઈ | શરૂ કરેલ નથી |
| ૨ | ડીએલએફલિ., ગુરગાંવ, હરિયાણા | શરૂ કરેલ છે |
| ૩ | જીઆઈડીસી, ગાંધીનગર | શરૂ કરેલ નથી |
| ૪ | મે. આઈસીઆઈસીઆઈ બેંક | શરૂ કરેલ નથી |
| ૫ | સત્યમ કમ્પ્યુટર્સ સર્વિસીસ લિ., | શરૂ કરેલ નથી |
| ૬ | યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ભારત સરકાર | શરૂ કરેલ છે |
| ૭ | મે. ટોરન્ટ પાવર લિ., | શરૂ કરેલ છે |

(૪) શૂન્ય.

------------

## દાહોદ શહેર પાસેના રળીયાતી ગામ પાસેના જર્જરીત હાલતના પુલ અંગે

૧૩૦૨૪**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના દાહોદ-વણભોરી-કઠલા રોડ ઉપર દાહોદ શહેરને અડીને આવેલ રળીયાતી ગામ પાસેનો પૂલ ડૂબાઉ અને જર્જરીત હાલતમાં છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા તો, તેના રીપેરીંગ પાછળ છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલો ખર્ચ કરેલ છે, અને

**જવાબ**

(૧) હયાત ડૂબાઉ પૂલ છે પરંતુ જર્જરીત હાલતમાં નથી.

(૨) કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) તેનો ઉંચો-મોટો-નવો બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) તેને ઉંચો-મોટો-નવો બનાવવા હાલ આયોજન નથી.

------------

**જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ**

૧૩૪૫૧**શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકો અને ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ બંને પ્રકારની ઘટ પૂરી કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં શિક્ષકોની ઘટ નથી પરંતુ શિક્ષકોની ખાલી જગ્યા અને ઓરડાઓની ઘટ તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષકની ખાલી જગ્યા | ઓરડાની ઘટ |
|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૫૦ | ૮૩ |
| ૨ | ધ્રોલ | ૨ | ૧૧ |
| ૩ | દ્વારકા | ૪૮ | ૫૯ |
| ૪ | જામકલ્યાણપુર | ૬૪ | ૧૭૦ |
| ૫ | જામખંભાળીયા | ૨૯ | ૧૬૭ |
| ૬ | જામજોધપુર | ૧૮ | ૯૫ |
| ૭ | જામનગર | ૫ | ૨૩૦ |
| ૮ | જોડીયા | ૧ | ૧૦ |
| ૯ | કાલાવડ | ૧૪ | ૬૪ |
| ૧૦ | લાલપુર | ૪૦ | ૮૯ |
| | **કુલ..** | **૨૭૧** | **૯૭૮** |

(૨) વિધાસહાયક ભરતીની જાહેરાત આપેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ માં ૧૮૨ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં નવા ઓરડાઓ બનાવવાનું આયોજન બજેટ મુજબ કરવામાં આવશે.

------------

**ખેડા જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી**

૧૪૩૩૨**શ્રી પંકજકુમાર દેસાઈ(નડિયાદ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં આગ સામે રક્ષણ મેળવવા માટે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) તે માટેનો ખર્ચ કેટલો થવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧) જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં આવી છે.

(૨) આ કામગીર પૂર્ણ થયેલ છે.

(૩) રૂા.૧૫,૭૫,૫૬૦ નો ખર્ચ થયેલ છે.

------------

**ઈજનેરી અનુસ્નાતક અભ્યાસક્રમોની બેઠકોમાં વધારો**

૧૪૩૬૧ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈજનેરી અનુસ્નાતક અભ્યાસક્રમોની બેઠકોમાં વધારો કરવા માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા છે,

(૨) ઉક્ત સ્થિતિએ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં કેટલી બેઠકો ઉપલબ્ધ છે, અને

(૩) સ્વર્ણિમ ગુજરાત ઉજવણી વર્ષ દરમ્યાન વર્ષ ૨૦૧૦-૧૧ માટે કેટલી બેઠકોનો વધારો કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈજનેરી અનુસ્નાતક અભ્યાસક્રમોની બેઠકોમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કુલ ૫ ડીગ્રી ઈજનેરી કોલેજો દ્વારા કુલ ૭૧૪ બેઠકોનો વધારો કરવા એ.આઈ.સી.ટી.ઈ. ને દરખાસ્ત કરવામાં આવેલ હતી.

(૨) કુલ : ૧૫૪૮ બેઠકો ઉપલબ્ધ છે.

(૩) સરકારી ઈજનેરી કોલેજોમાં ૭૫૦ બેઠકોનો વધારો કરવા એ.આઈ.સી.ટી.ઈ., નવી દિલ્હીને દરખાસ્ત કરેલ છે.

------------

**ગાંધીનગર શહેરમાં સેકટરોમાં માલધારીઓ દ્વારા થતા દબાણને દૂર કરવા અંગે**

૧૩૫૦૪ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા(હળવદ) :માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર શહેરના સેકટર-૪, સેકટર-૫ અને સેકટર-૬ ના ખુલ્લા મેદાનોમાં ૧૦-૧૦ વર્ષથી ગેરકાયદે પચાવી પાડેલી સરકારી જમીન કે ખાલી પ્લોટોમાં વસતા માલધારીઓ તેમના પશુઓને રસ્તામાં રખડતા મૂકે છે તેમાં નાગરિકોને પડતી મુશ્કેલીઓ ધ્યાનમાં રાખીને તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં આ માલધારીઓ તેમજ તેમના પશુઓને હટાવવા કેટલીવાર પ્રયત્નો ક્ર્યા, | (૧) કુલ ૭૦ વખત પ્રયત્નો કરવામાં આવ્યા. |
| (૨) આમ છતાં એ જ સ્થળે જે ફરીવાર પકડવા તેની સામે કેવા પ્રકારની કડક જોગવાઈ કરવામાં આવી, અને | (૨) અને (૩) ઢોરોના માલિકો સામે સી. આર. પી.સી. ની કલમ-૧૩૩ હેઠળ મે. સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવે છે. |
| (૩) આવા લોકો કાયમી ક્યાંથી દૂર થાય તે માટે કેવા પગલાં ભરવા સરકાર માંગે છે ? | |

------------

**ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર-રાજપીપળા રસ્તાને પહોળો કરવા આયોજન**

૧૪૩૨૯**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર-રાજપીપળા રસ્તાને સરકાર પહોળો તથા મજબુતીકરણ કરવા માગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) તાંત્રિક મંજુરીમાં |
| (૩) તેના ખર્ચનો અંદાજ શુ છે ? | (૩) રૂ. ૭૦.૯૧ કરોડ |

------------

**પાટણ-ઉંઝાના રસ્તાને પહોળો કરવા આયોજન**

૧૪૩૨૮ **શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ-ઉંઝાના, વિસનગર-વિજાપુર રસ્તાને સરકાર પહોળો તથા મજબુતીકરણ કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર માંગવામાં આવેલ છે. |
| (૩) તેના ખર્ચનો અંદાજ શું છે ? | (૩) અંદાજે રૂ. ૪૨.૬૮ કરોડ. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં અડદ, ચણા અને તુવેરનું વાવેતર કરવા બાબત**

૧૪૧૭૬ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અડદ, ચણા અને તુવેરનું કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું હતું, અને | (૧) તારીખ : ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઉપલબ્ધ છેલ્લા ત્રણ વર્ષની વાવેતરની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | અડદ | ચણા | તુવેર |
|---|---|---|---|
| | વિસ્તાર (હેક્ટરમાં) | વિસ્તાર (હેક્ટરમાં) | વિસ્તાર (હેક્ટરમાં) |
| ૨૦૦૭-૦૮ | ૭૮૦૦ | ૫૩૦૦ | ૨૪૭૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૬૬૦૦ | ૪૧૦૦ | ૨૨૦૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૭૬૦૦ | ૩૨૦૦ | ૧૯૦૦૦ |

(૨) એની સામે વર્ષવાર કેટલું ઉત્પાદન થયું ?

(૨) સાબરકાંઠા જિલ્લામાં થયેલ વાવેતરની સામે અંદાજવામાં આવેલ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | અડદ | ચણા | તુવેર |
|---|---|---|---|
| | ઉત્પાદન (મે.ટનમાં) | ઉત્પાદન (મે.ટનમાં) | ઉત્પાદન (મે.ટનમાં) |
| ૨૦૦૭-૦૮ | ૪૫૦૦ | ૪૩૦૦ | ૨૦૦૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૩૭૦૦ | ૩૩૦૦ | ૧૯૯૦૦ |
| ૨૦૦૯-૧૦ | ઉત્પાદન અંદાજવાની કાર્યવાહી ચાલુ છે. | | |

------------

**જામનગર જિલ્લામાં આંગણવાડીના મકાનો**

૧૩૦૬૧ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી આંગણવાડીના મકાનો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કર્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી આંગણવાડીઓ પોતાના મકાનથી વંચિત છે, અને

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૫૭ આંગણવાડીના મકાનો તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બાંધકામ માટે મંજૂર કરેલ મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દ્વારકા | ૨૧ |
| ૨ | કલ્યાણપુર | ૪૪ |
| ૩ | ખંભાળીયા | ૧૨ |
| ૪ | લાલપુર | ૧૫ |
| ૫ | ભાણવડ | ૧૦ |
| ૬ | ધ્રોલ | ૭ |
| ૭ | જોડીયા | ૭ |
| ૮ | જામજોધપુર | ૧૩ |
| ૯ | કાલાવડ | ૧૩ |
| ૧૦ | જામનગર-ગ્રામ્ય | ૧૫ |
| | **કુલ :** | **૧૫૭** |

(૨) ૮૦૫

(૩) સને ૨૦૦૯-૧૦ માં ૧૨૨ મકાનો અને સને ૨૦૧૦-૧૧ માં ૧૨૮ મકાનો બનાવવાનું આયોજન છે, બાકીના ૫૫૫ મકાનોનું તબક્કાવાર બાંધકામ કરવામાં આવશે.

------------

**અમદાવાદ જિલ્લામાં સેવા સદન બનાવવાની કામગીરી**

૧૪૩૪૫ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ(વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે તાલુકા સેવા સદન સરકાર બનાવવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની આ કામગીરી ક્યા તબક્કે છે,

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) તેના ખર્ચનો અંદાજ શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ કામ માટે જમીન ફાળવણી થયેલ છે. કામ વહીવટી મંજુરી મેળવવાના તબક્કે છે.

(૩) કામગીરી બનતી ત્વરાએ શરૂ કર્યા બાદ ૧૮ માસમાં પૂર્ણ કરવા આયોજન છે.

(૪) રૂ. ૮૫૦.૦૦ લાખ.

------------

**સાબરકાંઠા જિલ્લામાં નવી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો શરૂ કરવા બાબત.**

૧૪૩૬૨ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી નવી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો શરૂ કરવામાં આવી, અને

(૨) આ કોલેજો ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) ૧. કડોલી, તા. હિંમતનગર
૨. જાદર, તા. ઈડર
૩. ઈડર અને
૪. વડાલી, તા. વડાલી.

------------

**જુનાગઢ જિલ્લામાં ટ્રેક્ટર અને પાવર ટ્રેલર યોજના હેઠળ અરજીઓ**

૧૩૩૯૬**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર/પાવર ટ્રેલર યોજના હેઠળ કેટલી અરજીઓ સરકારને મળી.

(૨) મળેલ અરજીઓ પેકી વર્ષવાર કેટલી મંજુર કરી અને તે લાભો આપવામાં આવ્યા, અને

(૩) તાજેતરમાં જુનાગઢ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ બજેટના ક્યા હેડે આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સામેલ પત્રક-૧ મુજબ.

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | ટ્રેક્ટર | પાવર- ટ્રેલર | ટ્રેક્ટર | પાવર- ટ્રેલર |
| ૧ | જુનાગઢ | ૩૨ | ૩ | ૨૮ | ૪ |
| ૨ | ભેંસાણ | ૩૪ | ૨ | ૪૦ | ૩ |
| ૩ | વિસાવદર | ૪૧ | ૩ | ૫૦ | ૨ |
| ૪ | મેંદરડા | ૨૧ | ૧ | ૧૯ | ૧ |
| ૫ | વંથલી | ૧૪ | ૩ | ૧૬ | ૪ |
| ૬ | માણાવદર | ૨૯ | ૧૯ | ૪૯ | ૩૦ |
| ૭ | વેરાવળ | ૧૬ | ૦ | ૧૨ | ૦ |
| ૮ | સુત્રાપાડા | ૧૫ | ૧ | ૧૬ | ૧ |
| ૯ | કોડીનાર | ૧૫ | ૦ | ૨૨ | ૦ |
| ૧૦ | ઉના | ૨૦ | ૧ | ૨૧ | ૧ |
| ૧૧ | તાલાલા | ૧૨ | ૦ | ૧૪ | ૦ |
| ૧૨ | માળીયા | ૨૭ | ૧ | ૨૫ | ૩ |
| ૧૩ | માંગરોળ | ૧૬ | ૨ | ૨૪ | ૦ |
| ૧૪ | કેશોદ | ૩૦ | ૫ | ૩૪ | ૫ |
| | **કુલ** | **૩૨૨** | **૪૧** | **૩૭૦** | **૫૪** |

(૨) સામેલ પત્રક-૨ મુજબ.

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | ટ્રેક્ટર | પાવર- ટ્રેલર | ટ્રેક્ટર | પાવર- ટ્રેલર |
| ૧ | જુનાગઢ | ૧૧ | ૦ | ૮ | ૩ |
| ૨ | ભેંસાણ | ૧૪ | ૦ | ૧૫ | ૧ |
| ૩ | વિસાવદર | ૧૩ | ૦ | ૧૩ | ૨ |
| ૪ | મેંદરડા | ૧૦ | ૦ | ૨ | ૧ |
| ૫ | વંથલી | ૮ | ૨ | ૧ | ૪ |
| ૬ | માણાવદર | ૧૧ | ૧૮ | ૬ | ૨૯ |
| ૭ | વેરાવળ | ૬ | ૦ | ૨ | ૦ |
| ૮ | સુત્રાપાડા | ૬ | ૧ | ૧ | ૧ |
| ૯ | કોડીનાર | ૧ | ૦ | ૨ | ૦ |
| ૧૦ | ઉના | ૨ | ૦ | ૩ | ૧ |
| ૧૧ | તાલાલા | ૨ | ૦ | ૬ | ૦ |
| ૧૨ | માળીયા | ૫ | ૦ | ૨ | ૩ |
| ૧૩ | માંગરોળ | ૪ | ૦ | ૨ | ૦ |
| ૧૪ | કેશોદ | ૭ | ૨ | ૨ | ૫ |
| | **કુલ** | **૧૦૦** | **૨૩** | **૬૫** | **૫૦** |

(૩) જુનાગઢ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૨ ખેડૂતોને આ યોજનાનો લાભ નીચે જણાવેલ બજેટ હેડે આપવામાં આવ્યો.
મુખ્ય સદર - ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા
ગોણ સદર - ૮૦૦ - અન્ય ખર્ચ
પેટા સદર - ૧૧ કાર્ય યોજના દ્વારા રાજ્ય સરકારના પૂરક અને પૂર્ણ પ્રયાસો (મેક્રો પ્રબંધન)

------------

**અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોને તાલુકા ફેર બદલીના પેન્ડીંગ કેસો**

૧૩૦૨૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની તાલુકા ફેર બદલીના દંપતી કેસ તરીકેના કેસો પડતર છે,

**જવાબ**

(૧) શુન્ય.

(૨) દંપતી કેસમાં બદલીમાં સરકારશ્રીના નિયમોમાં હોવા છતાં બદલી નહીં કરવાના કારણો શાં છે, અને

(૩) આવા કેસોનો કટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખેડા અને આણંદ જિલ્લામાં વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન**

૧૨૫૬૨**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) વિદ્યાર્થીને કેટલા પ્રમાણમાં કેટલો ખોરાક આપવામાં આવે છે, અને

(૩) વિદ્યાર્થીદીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં નીચે મુજબ વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | જીલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| ૧. | ખેડા | ૧૨૪૩.૧૦ | ૧૨૬૭.૫૨ |
| ૨. | આણંદ | ૧૦૨૫.૦૦ | ૯૭૬.૯૨ |

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન નીચે મુજબ, ધો.૧ થી ૫ના વિદ્યાર્થીને ૧૮૦ ગ્રામ અને ધો.૬ થી ૭ના વિદ્યાર્થી ૨૩૦ ગ્રામ ખોરાક આપવામાં આવેલ.

| અ.નં. | ખાદ્ય પદાર્થ | જથ્થો | |
|---|---|---|---|
| | | ધો-૧થી ૫ | ધો-૬ થી ૭ |
| ૧. | ઘઉં | ૫૦ ગ્રામ | ૭૫ ગ્રામ |
| ૨. | ચોખા | ૫૦ ગ્રામ | ૭૫ ગ્રામ |
| ૩. | દાળ(કઠોળ) | ૨૦ ગ્રામ | ૨૦ ગ્રામ |
| ૪. | તેલ | ૧૦ ગ્રામ | ૧૦ ગ્રામ |
| ૫. | શાકભાજી/ મરીમસાલા | ૫૦ ગ્રામ | ૫૦ ગ્રામ |
| | કુલ | ૧૮૦ ગ્રામ | ૨૩૦ ગ્રામ |

(૩) વિદ્યાર્થીદીઠ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ.

| ક્રમ | જીલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| ૧. | ખેડા | રૂા. ૨.૭૪ | રૂા. ૨.૮૧ |
| ૨. | આણંદ | રૂા. ૨.૭૧ | રૂા. ૨.૬૮ |

------------

**આણંદ જિલ્લામાં કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડ**

૧૨૫૬૦ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાબોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | કુલ કન્યાઓ | કુલ રકમ રૂા. |
|---|---|---|
| પ્રાથમિક શાળાઓ | ૮૮૨ | ૮.૮૨ લાખના વિદ્યાલક્ષ્મી બોન્ડ |
| માધ્યમિક શાળાઓ | ૮૧ | ૧.૬૨ લાખના વિદ્યાલક્ષ્મી બોન્ડ |

(૨) પ્રાથમિક શાળાઓની કન્યાઓ માટે રૂા. ૧૦૦૦ની રકમના બોન્ડ તથા માધ્યમિક શાળાઓની કન્યાઓ માટે રૂા.૨૦૦૦ની રકમના બોન્ડ.

------------

## કચ્છ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે

૧૩૮૪૫ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ તાલુકવાર છેલ્લા એક વર્ષમાં કેટલી નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવામાં આવી, અને

(૨) આનો લાભ કેટલા ખેડૂતોએ લીધો ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | હે.આરે.ચો.મી. |
|---|---|
| ભુજ | ૪૬૬૧-૦૦-૦૦ |
| માંડવી | ૫૩૪-૦૯-૫૫ |
| મુંદ્રા | ૨૫૩૯-૭૪-૦૯ |
| અંજાર | |
| ગાંધીધામ | |
| ભચાઉ | ૨૧૬૦-૮૫-૧૫ |
| રાપર | ૪૨૩-૬૨-૯૫ |
| નખત્રાણા | ૯૦૬-૧૪-૮૮ |
| અબડાસા | ૧૮૭૫-૪૮-૬૩ |
| લખપત | ૩૧૮૪-૨૯-૫૦ |
| **કુલ :** | **૧૬૨૮૫-૨૪-૭૫** |

(૨) ૬૧૨૯

## આણંદ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ

૧૩૧૫૨**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ સારવારના કેમ્પ યોજવામાં આવ્યા,

(૨) પશુ સારવાર કેમ્પમા તાલુકાવાર કેટલુ ખર્ચ કરવામાં આવ્યું, અને

(૩) તાલુકાવાર કેટલા પશુઓની આવા કેમ્પો દ્વારા સારવાર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં આણંદ જિલ્લામાં યોજવામાં આવેલ પશુ સારવાર કેમ્પની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | એક વર્ષમાં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૮ |
| ૨ | ઉમરેઠ | ૧૮ |
| ૩ | બોરસદ | ૧૬ |
| ૪ | આંકલાવ | ૨૫ |
| ૫ | પેટલાદ | ૨૧ |
| ૬ | સોજીત્રા | ૨૦ |
| ૭ | ખંભાત | ૨૨ |
| ૮ | તારાપુર | ૧૮ |

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | ખર્ચની વિગત (રૂા. માં) |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૧૪૦૦૦ |
| ૨ | ઉમરેઠ | ૧૦૨૦૦૦ |
| ૩ | બોરસદ | ૧૧૮૦૦૦ |
| ૪ | આંકલાવ | ૧૦૨૦૦૦ |
| ૫ | પેટલાદ | ૧૧૪૦૦૦ |
| ૬ | સોજીત્રા | ૯૬૦૦૦ |
| ૭ | ખંભાત | ૧૧૯૦૦૦ |
| ૮ | તારાપુર | ૯૬૦૦૦ |

(૩)

| અ.નં. | તાલુકાનું નામ | સારવાર કરેલ પશુઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૫૧૭૫ |
| ૨ | ઉમરેઠ | ૫૬૧૦ |
| ૩ | બોરસદ | ૩૮૩૧ |
| ૪ | આંકલાવ | ૩૭૬૨ |
| ૫ | પેટલાદ | ૪૭૪૯ |
| ૬ | સોજીત્રા | ૩૮૮૭ |
| ૭ | ખંભાત | ૬૨૮૮ |
| ૮ | તારાપુર | ૪૦૬૪ |

## જામનગર જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો

૧૪૩૬૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લા કલેક્ટરમાં કેટલા મહેસૂલી તુમારો પડતર છે,

(૨) આ તુમારો કેટલા સમયથી પડતર છે, અને

**જવાબ**

(૧) ૩૪૮૭ તુમારો.

(૨) ઉપરોક્ત તુમારો પેકી
૨ વર્ષ ઉપરના- ૯૮

| | |
|---|---|
| ૧ વર્ષથી ૨ વર્ષ વચ્ચેના | ૧૫૭ |
| ૬ માસથી એક વર્ષ વચ્ચેના | ૨૨૬ |
| ૩ માસથી ૬ માસ વચ્ચેના | ૪૯૬ |
| ૩ માસથી નીચેના | ૨૫૧૦ |
| **કુલ :** | **૩૪૮૭** |

(૩) તમામ પડતર તુમારો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) ઉપરોક્ત તુમારો પૈકી જાન્યુઆરી ૨૦૧૦ અંતિત ૧૧૯૭ તુમારોનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી રહેતા ૨૨૯૦ તુમારોના જરૂરી આધારો રજૂ થયેથી તાકીદે નિકાલ કરવામાં આવશે.

------------

**ભાવનગરમાં રામનગર વિસ્તારમાં બિનખેતીની જમીનમાં શરતભંગ માટે લીધેલા પગલાં**

૧૩૬૭૮**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગરમાં આવેલ રામનગર (કાળીયાબીડ) વિસ્તારમાં કેટલી જમીન બિનખેતી થયેલ છે,

(૨) આવી બિનખેતી થયેલ જમીનમાં કેટલામાં શરતભંગ થયો છે, અને

(૩) આ શરતભંગ અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આંગણવાડી વર્કર અને હેલ્પરને માનદ વેતન**

૧૨૮૪૯**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સંકલિત બાળવિકાસ યોજનાને પ્રોત્સાહન આપવા માટે સરકારે આંગણવાડી વર્કર અને તેડાગરના માનદવેતનમાં છેલ્લા બે ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલો વધારો કરેલ છે, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં આંગણવાડી કાર્યકર અને તેડાગરના માનદવેતનમાં નીચે મુજબ વધારો કરવામાં આવેલ છે.

| ક્રમ | કેટેગરી | તા. ૧-૪-૨૦૦૨ થી આપવામાં આવતું માનદવેતન (રૂ.) | તા. ૧-૪-૨૦૦૮ થી ભારત સરકાર દ્વારા આપવામાં આવતું માનદવેતન (રૂ.) | તા. ૧-૧૦-૨૦૦૭ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતું માનદવેતન (રૂ.) | કુલ માનદવેતન (રૂ.) |
|---|---|---|---|---|---|
| **અ** | **આંગણવાડી વર્કર** | | | | |
| ૧ | નોનમેટ્રીક | ૯૩૮/- | ૧૪૩૮/- | ૫૦૦/- | ૧૯૩૮/- |
| ૨ | નોનમેટ્રીક સાથે ૫ વર્ષનો માનદસેવાનો અનુભવ | ૯૬૯/- | ૧૪૬૯/- | ૫૦૦/- | ૧૯૬૯/- |
| ૩ | નોનમેટ્રીક સાથે ૧૦ વર્ષનો માનદસેવાનો અનુભવ | ૧૦૦૦/- | ૧૫૦૦/- | ૫૦૦/- | ૨૦૦૦/- |
| ૪ | મેટ્રિક | ૧૦૦૦/- | ૧૫૦૦/- | ૫૦૦/- | ૨૦૦૦/- |
| ૫ | મેટ્રિક સાથે ૫ વર્ષનો માનદસેવાનો અનુભવ | ૧૦૩૧/- | ૧૫૩૧/- | ૫૦૦/- | ૨૦૩૧/- |
| ૬ | મેટ્રિક સાથે ૧૦ વર્ષનો માનદસેવાનો અનુભવ | ૧૦૬૩/- | ૧૫૬૩/- | ૫૦૦/- | ૨૦૬૩/- |
| **બ** | **આંગણવાડી હેલ્પર** | ૫૦૦/- | ૭૫૦/- | ૨૫૦/- | ૧૦૦૦/- |
| **સી** | **મીની આંગણવાડીના આંગણવાડી વર્કર (તા. ૧-૧-૦૭ થી અમલમાં)** | ૫૦૦/- | ૭૫૦/- | -- | ૭૫૦/- |

(૨) સને ૨૦૦૯-૧૦માં વધારો કરવા માંગે છે કે કેમ ?

(૨) ના, જી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી કર્મચારીઓની કેડરવાઈઝ ખાલી જ્યાઓ**

૧૨૮૫૨**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી કર્મચારીઓની જુદી જુદી કેડરવાઈઝ કુલ કેટલી જ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧), (૨) અને (૩) :

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું, અને

(૩) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા | જગ્યાઓ ખાલી રહેવાના કારણો | ક્યારે ભરવામાં આવશે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મામલતદાર | ૩ | અધિકારીઓની નિવૃત્તિના કારણે | સીધી ભરતીના ઉમેદવારો ઉપલબ્ધ થયેથી અને બઢતી માટેની પસંદગી યાદીને ગુજરાત જાહેર સેવા આયોગની અનુમતિ મળ્યેથી. |
| ૨ | નાયબ મામલતદાર | ૧૯ | નિવૃત્તિના કારણે | સીધી ભરતીના ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |
| ૩ | ક્લાર્ક | ૬ | સહાયક કારકુનો રાજીનામાં આપીને જતા રહેવાથી. | |
| | કુલ.. | ૨૮ | | |

------------

## રાજકોટ જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના મરામતના રસ્તા

૧૩૩૯૦**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓનું મરામત કામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) બે વર્ષમાં તાલુકાવાર મરામત કરેલ રસ્તાઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | રસ્તાઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | રાજ્ય | પંચાયત | કુલ |
| ૧ | રાજકોટ | ૮ | ૩૩ | ૪૧ |
| ૨ | વાંકાનેર | ૮ | ૨૧ | ૨૯ |
| ૩ | પડધરી | ૬ | ૧૨ | ૧૮ |
| ૪ | લોધીકા | ૬ | ૧૭ | ૨૩ |
| ૫ | ગોંડલ | ૯ | ૩૫ | ૪૪ |
| ૬ | કોટડાસાંગાણી | ૫ | ૧૪ | ૧૯ |
| ૭ | જેતપુર | ૯ | ૨૭ | ૩૬ |
| ૮ | ધોરાજી | ૮ | ૯ | ૧૭ |
| ૯ | જામકંડોરણા | ૮ | ૧૭ | ૨૫ |
| ૧૦ | ઉપલેટા | ૯ | ૩૫ | ૪૪ |
| ૧૧ | જસદણ | ૧૦ | ૪૪ | ૫૪ |
| ૧૨ | મોરબી | ૧૧ | ૩૧ | ૪૨ |
| ૧૩ | ટંકારા | ૫ | ૯ | ૧૪ |
| ૧૪ | માળીયા | ૭ | ૭ | ૧૪ |
| | કુલ.. | ૧૦૯ | ૩૧૧ | ૪૨૦ |

(૨) રૂા.૨૪.૩૩ કરોડ.

------------

## જૂનાગઢ જિલ્લામાં ચોમાસુ પાક વીમો આપવા અંગે

૧૩૬૯૯**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૯ ના ચોમાસુ પાક વીમો કેટલા ટકા મળવાપાત્ર છે,

(૨) આ વીમો કઈ તારીખ સુધીમાં ચુકવવામાં આવશે, અને

(૩) આ અંગે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ખરીફ-૦૯ માટે પાક વીમા હેઠળ આવરી લીધેલ ૧૪ પાકોની કટ ઓફ ડેઈટ મુજબ ડીફાઈન્ડ એરીયાવાર હેકટર દીઠ ઉપજ મોક્લાવવાની કામગીરી ચાલુ છે. દાવા મંજૂર થયેથી પાક વીમાના મળવાપાત્ર ટકાની વિગતો ઉપલબ્ધ થશે.

(૨) પાકવીમા ના દાવા મંજૂર થયે ચુકવવામાં આવશે.

(૩) ના, જી.

------------

## અમરેલી જિલ્લામાં પૂલ બનાવવાનું કામ શરૂ થવા અંગે

૧૩૦૬૩ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં જેસીંગપરામાં પૂલ બનાવવા માટેનું ખાત મુર્હૂત ક્યારે અને કઈ તારીખે કરેલ,

(૨) આ કામ ક્યારે શરૂ કરવા માંગો છો, અને

**જવાબ**

(૧) તા.૩-૧-૨૦૦૯ના રોજ ભૂમિ પૂજન કરવામાં આવેલ છે.

(૨) અને (૩) : પ્રથમવાર ટેન્ડર ઉચું આવતાં તથા

| | |
|---|---|
| (૩) તા.૧૫-૧-૨૦૧૦ની સ્થિતિએ શરૂ ન કરવાના કારણો શું ? | ઈજારદારશ્રીએ વાટાઘાટો દરમ્યાન ભાવો ઘટાડેલ ન હોવાના કારણે ટેન્ડર રદ કરી ફરીથી માંગવામાં આવેલ છે, જે પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી. |

------------

**કચ્છ જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી**

૧૪૩૩૧**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાની સરકારી, માધ્યમિક શાળાઓમાં આગ સામે રક્ષણ માટે સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) તમામ શાળાઓને સુવિધા ઉપલબ્ધ કરેલ છે. |
| (૩) તે માટેના ખર્ચનો અંદાજ શું છે ? | (૩) રૂા.૧,૪૩,૭૫૨/- નો ખર્ચ થયેલ છે. |

------------

**નેશનલ પ્રોજેક્ટ ઓન ઓર્ગેનિક ફાર્મીંગ પાછળ થયેલ ખર્ચ**

૧૩૬૮૧ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નેશનલ પ્રોજેક્ટ ઓન ઓર્ગેનિક ફાર્મિંગ યોજના ક્યારથી અમલમાં આવી, | (૧) નેશનલ પ્રોજેક્ટ ઓન ઓર્ગેનિક ફાર્મિંગ યોજના રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮થી અમલમાં આવી છે. |
| (૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ તેના અમલીકરણની કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ તેના અમલીકરણની કાર્યવાહી ત્રીજા વર્ષના તબક્કે છે. |
| (૩) આ યોજનામાં ક્યા ક્યા કાર્યક્રમોનો સમાવેશ થાય છે, અને | (૩) આ યોજનામાં ઓર્ગેનિક ખેતી અંગે ખેડૂત તાલીમ, વિસ્તરણ સ્ટાફને તાલીમ, ઓર્ગેનિક ખેડૂત મેળા, ખેત નિદર્શન, સેમીનાર વિગેરે જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. |
| (૪) આ કાર્યક્રમ પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો? | (૪) આ કાર્યક્રમ પાછળ વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા.૨,૩૭,૦૦૦ અને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂા. ૪૧,૦૦૦નો ખર્ચ થયેલ છે. |

**વડોદરા જિલ્લાના રસ્તાને પહોળા કરવા આયોજન**

૧૪૩૪૪**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના મોડાસર ક્લારાણી રસ્તાને સરકાર પહોળો તથા મજબુતીકરણ કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર માંગવામાં આવેલ છે. |
| (૩) તેના ખર્ચનો અંદાજ શું છે? | (૩) રૂા. ૨૨ કરોડ. |

**બનાસકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો**

૧૪૩૫૪**શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો, કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ ૭૫ રસ્તાના કામો, રૂા. ૫૨.૫૭ કરોડની રકમના મંજૂર કરવામાં આવેલ છે. ૪૧ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે, ૨૧ રસ્તાના કામો પ્રગતિ હેઠળ અને ૧૩ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈના સાધનોની સહાય**

૧૪૩૭૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ સાધનોમાં સહાય માટેની કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ સાધનોમાં સહાય માટેની કુલ ૨૮૭૨ અરજીઓ મળી. |
| (૨) તે પેકી કેટલી મંજૂર કરી, કેટલી ના મંજૂર કરી અને કેટલી પડતર છે, | (૨) તે પેકી કુલ ૪૪૫ અરજીઓ મંજૂર કરી, ૪૩ નામંજૂર કરી અને ૨૩૮૪ પડતર છે. |
| (૩) મંજૂર કરેલ પેકી કેટલાને સહાય આપવામાં આવી, | (૩) મંજૂર કરેલ પેકી ૪૪૫ અરજીઓની સહાય આપવામાં આવી. |
| (૪) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને | (૪) પડતર અરજીઓનો નિકાલ લક્ષ્યાંક અને ખેડૂતોની ક્ષતિપૂર્તતા થયેથી લક્ષ્યાંકોની મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |
| (૫) પડતર રહેવાનાં કારણો શાં છે? | (૫) અધૂરી વિગતની અરજીઓ, અરજદારો તરફથી જરૂરી સાધનિક કાગળો સમયસર રજૂ ન થવાથી, ફાળવેલ લક્ષ્યાંકો કરતા વધુ અરજીઓ આવવાથી. |

------------

**વડોદરા જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન હેઠળ પ્રાથમિક શાળામાં ભૌતિક સુવિધાઓ**

૧૩૪૦૩**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ પ્રાથમિક શાળામાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા શાળાઓને જે ગ્રાન્ટ આપી છે તેમાં વ્યાપક ગેરરીતિની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) કોઈ નહીં. |
| (૨) મળેલ ફરીયાદ સામે સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**માનનીય મુખ્ય મંત્રીશ્રીના કન્યા કેળવણી નિધિમાં જમા થયેલ ફંડ**

૧૪૩૫૭**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મુખ્ય મંત્રીશ્રીના કન્યા કેળવણી નિધિમાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલું ફંડ જમા થયેલ છે, અને | (૧) રૂા.૨૮,૫૭,૨૪,૧૧૬. |
| (૨) આ પેકી છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા.૮,૮૬,૭૧,૨૩૫. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો**

૧૩૧૬૩**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન પથ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કેટલા રસ્તા બનાવવામાં આવ્યાં, અને | (૧) ૨૭ રસ્તાઓ બનાવવામાં આવ્યા. |
| (૨) આ રસ્તાઓ પાછળ સરકારે કેટલો ખર્ચ કર્યો છે ? | (૨) આ રસ્તાઓ પાછળ સરકારે રૂા.૧૮.૯૫ કરોડનો ખર્ચ કરેલ છે. |

------------

## દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં પશુ દવાખાના

૧૩૧૫૮**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં કેટલા પશુ દવાખાના કાર્યરત છે, અને

(૨) પશુ દવાખાનાની સંખ્યામાં વધારો કરવાની જરૂર છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં કાર્યરત પશુ દવાખાનાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દિયોદર | ૨ |
| ૨ | ભાભર | ૧ |
| ૩ | થરાદ | ૫ |

(૨) હા, જી.

## વડોદરા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો

૧૪૩૪૮**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો, કેટલી રકમના મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ ૩૭ રસ્તાઓના કામો, રૂા.૩૪૨૨.૪૦ લાખના મંજૂર કરવામાં આવેલ છે.

| મંજૂરીનું વર્ષ | સંખ્યા | રકમ રૂા.લાખમાં | હાલની સ્થિતિ |
|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૮ | ૮૬૩.૪૦ | ૭ કામો પૂર્ણ<br>૧ પ્રગતિ હેઠળ |
| ૨૦૦૯-૧૦ | ૨૯ | ૨૫.૫૯ | ૧૬ કામ પ્રગતિમાં<br>૧૩ કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ |

------------

## પાલીતાણા જિલ્લામાં ગણોતધારાની પેન્ડીંગ અરજીઓ

૧૪૨૧૪ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાલીતાણા જિલ્લામાં નવી શરત/ગણોતધારાની કેટલી અરજીઓ પેન્ડીંગ છે,

(૨) આ અરજીઓ કેટલા સમયથી પેન્ડીંગ છે, અને

(૩) આ અરજીઓના નિકાલ કેટલા સમયમાં કરવાનું થશે ?

**જવાબ**

(૧) પાલીતાણા સબડિવીઝનમાં ૬૬ અરજી તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ પેન્ડીંગ હતી.

(૨) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૨ (બે) માસથી.

(૩) જાન્યુઆરી-૨૦૧૦ માં ઉક્ત બાકી અરજીઓનો નિકાલ થયેલ છે.

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

૧૩૧૪૩ **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) આ જિલ્લામાં વધુ આવી સરકારી શાળાઓ ખોલવા સન ૨૦૧૦-૧૧ માં સરકારએ કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) નર્મદા

| તાલુકો | માધ્યમિક શાળા | ઉચ્ચ.માધ્ય. શાળા | કુલ |
|---|---|---|---|
| નાંદોદ | ૦૪ | ૦૨ | ૦૬ |
| દેડીયાપાડા | ૦૭ | ૦૩ | ૧૦ |
| સાગબારા | ૦૪ | ૦૨ | ૦૬ |
| તિલકવાડા | ૦૦ | ૦૧ | ૦૧ |
| **કુલ..** | **૧૫** | **૦૮** | **૨૩** |

ભરૂચ

| તાલુકો | માધ્યમિક શાળા | ઉચ્ચ.માધ્ય. શાળા | કુલ |
|---|---|---|---|
| વાલીયા | ૦૨ | ૦૦ | ૦૨ |
| ઝઘડીયા | ૦૪ | ૦૧ | ૦૫ |
| જંબુસર | ૦૧ | ૦૦ | ૦૧ |
| હાંસોટ | ૦૦ | ૦૧ | ૦૧ |
| વાગરા | ૦૦ | ૦૨ | ૦૨ |
| ભરૂચ | ૦૦ | ૦૧ | ૦૧ |
| **કુલ..** | **૦૭** | **૦૫** | **૧૨** |

(૨) હાલ પ્રશ્ન રહેતો નથી.

### ભાવનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીની સુવિધા

૧૪૨૬૧ **શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની પ્રાથમિક શાળાઓને વીજળીકરણની સુવિધા પૂરી પાડવા સરકારે વ્યવસ્થા કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિ ભાવનગર જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળામાં વીજળી કરણની સુવિધા પૂરી પાડવામાં આવી છે,

(૩) કેટલી શાળાઓમાં વીજળીકરણની સુવિધા આપવાની બાકી છે, અને

(૪) બાકી રહેતી શાળાઓમાં વીજળીકરણ માટે સન ૨૦૦૯-૧૦ માં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૦૫૫ પ્રાથમિક શાળાઓમાં.

(૩) ૦૬ પ્રાથમિક શાળાઓમાં.

(૪) બાકી રહેતી શાળાઓમાં પી.જી.વી.સી.એલ. દ્વારા વીજળીકરણ કરી આપવાની વ્યવસ્થા કરેલ છે.

### ભાવનગર જિલ્લામાં દૂધાળા ઢોરની સંખ્યા

૧૩૬૮૫**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગામદીઠ દૂધાળા ઢોર તથા ખેતી કામમાં ઉપયોગી પશુઓની સંખ્યા કેટલી,

(૨) મહુવા તાલુકામાં નિયમ મુજબ કેટલા ઢોર દવાખાના હોવા જરૂરી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ દરેક તાલુકામાં કેટલા ઢોર દવાખાના ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) મહુવા તાલુકામાં દૂધાળા ઢોર કુલ ૬૧,૪૧૧ અને ખેતીકામમાં ઉપયોગી પશુઓની સંખ્યા ૨૪,૯૧૫ છે. જ્યારે ગામદીઠની માહિતીનું *પત્રક-૧ માં જણાવ્યા મુજબ છે.

(૨) ૩૧ (એકત્રીસ) દવાખાના હોવા જોઈએ.

(૩) દરેક તાલુકામાં દવાખાનાની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૩ |
| ૨ | વલ્લભીપુર | ૨ |
| ૩ | ગઢડા | ૩ |
| ૪ | ઉમરાળા | ૨ |
| ૫ | ભાવનગર | ૨ |
| ૬ | ઘોઘા | ૨ |
| ૭ | શિહોર | ૫ |
| ૮ | ગારીયાધાર | ૨ |
| ૯ | પાલીતાણા | ૨ |
| ૧૦ | તળાજા | ૫ |
| ૧૧ | મહુવા | ૬ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### પાદરા તાલુકામાં બાયપાસ રસ્તો બનાવવા દરખાસ્ત

૧૩૮૯૧**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પાદરા તાલુકાના પાદરા શહેર ફરતો બાયપાસ રસ્તો બનાવવા માટેની દરખાસ્ત તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ સરકારની વિચારણા હેઠળ છે કે નહિ ?

**જવાબ**

ના, જી.

### શિહોર અને ગારિયાધાર તાલુકામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

૧૪૫૩૮**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિહોર અને ગારિયાધાર તાલુકામાં કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિહોર અને ગારિયાધાર તાલુકામાં કુલ ૧૨૯૨ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | છેલ્લા બે વર્ષમાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | શિહોર | ૧૦૯૦ |
| ૨ | ગારિયાધાર | ૨૦૨ |
| | કુલ.. | ૧૨૯૨ |

(૨) કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને

(૨) કુલ ૨૦૪૨૨ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | છેલ્લા બે વર્ષમાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | શિહોર | ૭૭૬૯ |
| ૨ | ગારિયાધાર | ૧૨૬૫૩ |
| | કુલ.. | ૨૦૪૨૨૨ |

(૩) બાકી રહેલ ખેડૂતોને કેટલા સમયમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે ?

(૩) બાકી રહેલ ખેડૂતોને જેમ બને તેમ જલ્દી સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે.

**જળાશય અને બંધારાની જમીન સિમેન્ટ ફેક્ટરીને ફાળવવા કાર્યવાહી**

૧૨૭૩૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળાશય કે બંધારાની જમીન કોઇને આપી શકાય નહીં તેવો હાઇકોર્ટે હુકમ કરેલ છે તે હકિકત સાચી છે, અને

(૨) આ હુકમનો અનાદર કરીને ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના સમઢીયાળા બંધારાની જમીન એક સિમેન્ટ ફેક્ટરી ઉભી કરવા ફાળવી દેવાની કાર્યવાહી તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ છે તે વાત સાચી છે ?

**જવાબ**

(૧) નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે. સી. એ. નં. ૧૦૬૨૧/૨૦૦૦ ની પીટીશનમાં તા. ૨-૮-૦૨ના ચુકાદા મુજબ, ""વોટર બોડી"" તરીકે નોટીફાઇડ થયેલ જળાશયોની જાળવણી કરવાનો ડાયરેક્ટીવ હુકમ કરાયેલ છે.

(૨) હુકમનો અનાદર કરેલ નથી. સમઢિયાળા બંધારા નામદાર હાઇકોર્ટના રૂલીંગ મુજબ, જળાશય (વોટર બોડી) તરીકે નોટીફાઇડ જળાશય નથી. માટે હુકમનો અનાદર કરી કોઇ જમીન ફાળવેલ નથી.

**ગાંધીનગર શહેરના સેકટર-૬માં ઝૂંપડપટ્ટી હટાવવાની જવાબદારી**

૧૩૯૯૮**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેરના સેકટર-૬માં આવેલ ખુલ્લા પ્લોટમાં આવેલી ઝુંપડપટ્ટી હટાવવા માટે તા. ૩૧-૮-૦૯ની સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલીવાર દરોડા પાડયાં,

(૨) આ સેકટરના ૩૩૦ મીટરના ખાલી પ્લોટમાં ઉપરોક્ત સમયગાળામાં કેટલીવાર પ્રયત્નો કર્યા,

(૩) આ સેકટરોના ઉપરોક્ત માપના પ્લોટોમાં થયેલી ઝુંપડપટ્ટી હટાવ્યા પછી ફરી આવી ઝૂંપડપટ્ટી ન થાય તે માટે શું વ્યવસ્થા કરી છે, અને

(૪) ઝુંપડપટ્ટી હટાવવાની જવાબદારી ધરાવનાર અધિકારી સામે શું પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પાંચ વખત.

(૨) અને (૩) પ્લોટનો કબજો અપાયા બાદ થયેલ દબાણ જે તે પ્લોટ ધારકે દુર કરવાનું થાય છે, અને ફરી દબાણ ન થાય તેની વ્યવસ્થા પ્લોટ ધારકે કરવાની થાય છે.

(૪) સેકટર-૬માં દબાણો દૂર કર્યા હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા જિલ્લામાં ઘઉં અને ડાંગરનું ઉત્પાદન**

૧૪૧૮૭**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં મકાઇ, ઘઉં અને ડાંગરનું ઉત્પાદન વર્ષવાર કેટલું થયું, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઉપલબ્ધ છેલ્લા ત્રણ વર્ષની ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મકાઇ | ઘઉં | ડાંગર |
|---|---|---|---|
| | ઉત્પાદન (મે.ટનમાં) | ઉત્પાદન (મે.ટનમાં) | ઉત્પાદન (મે.ટનમાં) |
| ૨૦૦૭-૦૮ | ૧૪૬૪૦૦ | ૩૨૩૬૦૦ | ૨૨૪૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૩૦૯૦૦ | ૧૯૮૧૦૦ | ૧૮૪૦૦ |
| ૨૦૦૯-૧૦ | ઉત્પાદન અંદાજવાની કાર્યવાહી ચાલુ છે. | | |

(૨) એમાં વર્ષવાર કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ હતું ?

(૨) થયેલ વર્ષવાર વાવેતરની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મકાઇ | ઘઉં | ડાંગર |
|---|---|---|---|
| | ઉત્પાદન (મે.ટનમાં) | ઉત્પાદન (મે.ટનમાં) | ઉત્પાદન (મે.ટનમાં) |
| ૨૦૦૭-૦૮ | ૧૦૧૧૦૦ | ૧૧૯૪૦૦ | ૧૦૩૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૯૦૩૦૦ | ૯૦૦૦૦ | ૧૦૧૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૮૯૫૦૦ | ૧૨૬૭૦૦ | ૬૪૦૦ |

------------

**ખેડા જિલ્લામાં ટ્રેક્ટર પાવર ટ્રેલર યોજના હેઠળ અરજીઓ**

૧૩૭૬૦**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર પાવર ટ્રેલર યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ સરકારને મળી,

(૧) સામેલ * **પત્રક-૧** મુજબ.

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | ટ્રેક્ટર | પાવર- ટીલર | ટ્રેક્ટર | પાવર- ટીલર |
| ૧ | નડીયાદ | ૧૪ | ૦ | ૧૯ | ૧ |
| ૨ | મહુધા | ૬ | ૦ | ૯ | ૦ |
| ૩ | ખેડા | ૧૫ | ૦ | ૨૨ | ૦ |
| ૪ | મહેમદાબાદ | ૮ | ૦ | ૧૫ | ૦ |
| ૫ | માતર | ૧૩ | ૦ | ૧૯ | ૦ |
| ૬ | કપડવંજ | ૪૫ | ૦ | ૩૦ | ૦ |
| ૭ | કઠલાલ | ૧૯ | ૦ | ૧૮ | ૦ |
| ૮ | બાલાશિનોર | ૭ | ૦ | ૫ | ૦ |
| ૯ | વિરપુર | ૧ | ૦ | ૯ | ૦ |
| ૧૦ | ઠાસરા | ૬ | ૦ | ૧૧ | ૧ |
| | **કુલ :** | **૧૩૪** | **૦** | **૧૫૭** | **૨** |

(૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર પાવર ટ્રેલરના લાભો આપવામાં આવ્યા, અને

(૨) સામેલ * **પત્રક-૨** મુજબ.

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | ટ્રેક્ટર | પાવર- ટીલર | ટ્રેક્ટર | પાવર- ટીલર |
| ૧ | નડીયાદ | ૬ | ૦ | ૪ | ૦ |
| ૨ | મહુધા | ૧ | ૦ | ૩ | ૦ |
| ૩ | ખેડા | ૭ | ૦ | ૩ | ૦ |
| ૪ | મહેમદાબાદ | ૦ | ૦ | ૬ | ૦ |
| ૫ | માતર | ૪ | ૦ | ૫ | ૦ |
| ૬ | કપડવંજ | ૧૦ | ૦ | ૧૦ | ૦ |
| ૭ | કઠલાલ | ૬ | ૦ | ૪ | ૦ |
| ૮ | બાલાશિનોર | ૨ | ૦ | ૨ | ૦ |
| ૯ | વિરપુર | ૦ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | ઠાસરા | ૨ | ૦ | ૧ | ૦ |
| | **કુલ :** | **૩૮** | **૦** | **૩૯** | **૦** |

(૩) તે અન્વયે બજેટના ક્યા હેડે કેટલો ખર્ચ થયો ?

(૩) નીચે જણાવેલ બજેટ હેડે રૂપિયા ૩૪,૬૫,૦૦૦/- ખર્ચ થયો.
મુખ્ય સદર : ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા
ગોણ સદર : ૮૦૦-અન્ય ખર્ચ
પેટા સદર : ૧૧-કાર્યયોજના દ્વારા રાજ્ય સરકારના પૂરક અને પૂર્ણ પ્રયાસો (મેક્રો પ્રબંધન)

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં પશુ સારવાર દવાખાના**

૧૩૦૧૩**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં પશુઓ માટે પશુચિકિત્સક/દવાખાના કેટલા છે,

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં પશુઓ માટે પશુચિકિત્સક/દવાખાનાની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | પશુચિકિત્સક/દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૪ |
| ૨ | ખેડા | ૧૬ |

(૨) કેટલા પશુ દવાખાના આપવામાં આવે છે, અને

(૨) ૨૦૦૮ અને ૨૦૦૯માં આણંદ જિલ્લામાં ૨(બે) અને ખેડા જિલ્લામાં ૪(ચાર) નવા પશુ દવાખાના

આપવામાં આવ્યા.

(૩) ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા પશુચિકિત્સક/દવાખાનાની જરૂર છે ?

(૩) રાષ્ટ્રિય કૃષિ પંચની ભલામણ મુજબ ખેડા જિલ્લામાં ૧૭૬ અને આણંદ જિલ્લામાં ૧૩૬ પશુચિકિત્સક/દવાખાનાની જરૂર છે.

------------

## કચ્છ જિલ્લામાં કાચા રસ્તાને પાકા બનાવવા મંજૂરી

૧૩૮૪૬**શ્રી જયંતિલાલ પ.ભાનુશાળી (અબડાસા): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા કાચા રસ્તાને પાકા બનાવવાની યોજનાને મંજૂરી આપવામાં આવી,

(૨) આ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા કીલોમીટર ના રસ્તાઓ પૂરા કરવામાં આવેલ, અને

(૩) કેટલા રસ્તાઓ બાકી છે અને તે ક્યારે પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

૫ રસ્તાને કાચામાંથી પાકા બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ પેટે રૂ. ૮.૫૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૪ રસ્તાના કામો પ્રગતિમાં છે. જ્યારે ૧ રસ્તાનું કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. આ કામો તેમની નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાનો

૧૩૧૫૪ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે,

(૨) જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનો છે,

(૩) કેટલા કેન્દ્રો પોતાના મકાન ધરાવતા નથી, અને

(૪) કેટલા કેન્દ્રોના મકાનોને મરામત કરાવવાની જરૂર છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર **૧૮૫૧** આંગણવાડીઓ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૩૫ |
| ૨ | ઉમરેઠ | ૧૯૬ |
| ૩ | પેટલાદ | ૨૩૮ |
| ૪ | સોજિત્રા | ૧૦૩ |
| ૫ | બોરસદ | ૩૭૪ |
| ૬ | આંકલાવ | ૧૪૨ |
| ૭ | ખંભાત | ૨૬૬ |
| ૮ | તારાપુર | ૯૭ |
| | કુલ : | ૧૮૫૧ |

(૨) જિલ્લામાં તાલુકાવાર **૭૬૩** આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનો છે.

| અ.નં. | તાલુકા | યોજનાના પોતાના આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૧૧ |
| ૨ | ઉમરેઠ | ૭૨ |
| ૩ | પેટલાદ | ૧૧૬ |
| ૪ | સોજિત્રા | ૫૦ |
| ૫ | બોરસદ | ૧૩૦ |
| ૬ | આંકલાવ | ૫૮ |
| ૭ | ખંભાત | ૧૬૩ |
| ૮ | તારાપુર | ૬૩ |
| | કુલ : | ૭૬૩ |

(૩) ૧૦૮૮ કેન્દ્રોને પોતાના મકાનો નથી.

(૪) ૧૩૭ આંગણવાડી કેન્દ્રોને મરામત કરવાની જરૂર છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકા | રીપેરીંગ કરવાપાત્ર કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૬ |
| ૨ | પેટલાદ | ૧૯ |
| ૩ | સોજિત્રા | ૧૯ |
| ૪ | બોરસદ | ૩૫ |
| ૫ | આંકલાવ | ૧૩ |
| ૬ | આણંદ | ૧૪ |
| ૭ | તારાપુર | ૧૬ |
| ૮ | ઉમરેઠ | ૧૫ |
| | કુલ : | ૧૩૭ |

**મોટેરા આશારામ આશ્રમની દબાણ કરેલ જમીનમાં કબજો પરત લેવા બાબત**

૧૨૮૫૦**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ નજીકમાં મોટેરા ખાતે આશારામ આશ્રમની ફાળવેલ જમીન કરતાં કેટલી વધારાની જમીન ઉપર આશ્રમ દ્વારા ગેરકાયદેસર કબજો તારીખ :
૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કરવામાં આવેલ છે, અને

(૧) કુલ ૬૭,૦૯૯ ચો.મી. જમીનમાં.

(૨) આવી ગેરકાયદેસર રીતે જમીન ઉપર થયેલ દબાણ પૈકી કેટલી જમીન દબાણમુક્ત કરવામાં આવી ?

(૨) આ તમામ જમીન તા. ૦૮-૦૧-૨૦૧૦ ના રોજ દબાણમુક્ત કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લાની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા**

૧૩૯૯૯ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા નથી, અને

(૧) સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ છે.

(૨) આ ફાયર સેફ્ટીની સુવિધાઓ ઊભી કરવામાં સરકારે ક્યારે આદેશ બહાર પાડ્યા ?

૨) ઘણી વખત.

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત હાલતના ઓરડા**

૧૩૭૦૦**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ પ્રાથમિક શાળાના ઓરડાઓ ક્યા ક્યા ગામમાં જર્જરિત છે, અને

(૧) *પત્રક-૧ મુજબ.

(૨) આવા જર્જરિત ઓરડાઓ ક્યાં સુધી ઉતારવામાં આવશે ?

(૨) જેમ બને તેમ જલ્દી આવા ઓરડાઓ ઉતારવાની કાર્યવાહી કરવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**સાબરકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવ**

૧૪૩૭૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કૃષિ મહોત્સવ ૨૦૦૯માં સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને તાલુકાવાર ઈનપુર આપવામાં આવ્યા, અને

(૧) શૂન્ય.

(૨) તેની પાછળ તા. ૩૧-૧-૧૦ સુધીમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કિટસ આપવામાં આવેલ ન હોઈ ખર્ચ થયેલ નથી.

**વડોદરા જિલ્લામાં ખેડૂત પ્રમાણપત્રો બનવા માટે અરજીઓ**

૧૩૪૦૪ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખેડૂત અંગેના પ્રમાણપત્રો માટે કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વડોદરા (શહેર) | ૨૨૫ |
| વડોદરા (ગ્રામ્ય) | ૨૦ |
| સાવલી | ૧૮ |
| કરજણ | ૧૬ |
| પાદરા | ૬૦ |
| શિનોર | ૪૩ |
| વાઘોડીયા | ૧૫ |
| ડભોઈ | ૧૩ |
| નસવાડી | ૦૦ |
| સંખેડા | ૫૬ |
| છોટા ઉદેપુર | ૦૦ |
| જેતપુર પાવી | ૧૩ |
| ક્વાંટ | ૦૦ |
| **કુલ :** | **૪૭૯** |

(૨) તે અન્વયે કેટલા અરજદારોને ખેડૂત પ્રમાણપત્રો આપ્યા, અને

(૨) ૪૬૭.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૩) ૧૨.

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**બાળકોને મધ્યાહન ભોજન પછી ઝાડા ઉલટી અને ચક્કરની ગંભીર અસર થવા અંગે**

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તારીખ ૫-૩-૨૦૧૦ના રોજ ભીલોડા તાલુકાના ચોરીમાલ ગામે ૧૧૫ જેટલા બાળકોને મધ્યાહન ભોજન પછી ઝાડા ઉલટી અને ચક્કરની ગંભીર અસરો થતાં અને તે પૈકી અંદાજે ૨૦ જેટલા બાળકોની તબિયત વધુ બગડતાં તેમને હોસ્પિસટલમાં વધુ સારવાર માટે ખસેડાયા છે. આ રીતે ભોજન પછી બાળકોની તબિયત બગડતાં વાલીઓ અને આમજનતામાં ભય અને ગભરાટનું વાતાવરણ ફેલાયેલ છે, જે દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામે મામલતદારશ્રી ભિલોડાના તપાસ અહેવાલ મુજબ ચોરીમાલા પ્રાથમિક શાળામાં ચાલતા મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર નં.૮૦માં તા. ૫-૩-૨૦૧૦ના રોજ મેનુ મુજબ દાળ ઢોકળીની વાનગી બનાવી બાળકોને જમાડતાં તે જમ્યા પછી જમનાર કુલ ૧૧૨ બાળકો પૈકી કેટલાક બાળકોને પેટમાં દુઃખાવાની અને ઉલટી કરેલ હોવાનો રિપોર્ટ શાળાના આચાર્ય મારફતે સાંજે ૧૭-૦૦ કલાકે મધ્યાહન ભોજન યોજના કેન્દ્રના સંચાલક મારફતે મામલતદાર, ભિલોડાને મળતાં મામલતદારશ્રી ભિલોડાએ ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરી તુરત જ મોબાઈલવાન સાથે શાળાની મુલાકાત લીધેલ અને અસર કરતા બાળકોને કોટેજ હોસ્પિટલ ભિલોડા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચોરીમાલા ખાતે સારવાર આપવામાં આવેલ છે અને અધિક્ષક કોટેજ હોસ્પિટલ ભિલોડા તથા મેડિકલ ઓફિસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચોરીમાલાના તા. ૬-૩-૧૦ના રિપોર્ટ મુજબ સારવાર હેઠળના તમામ બાળકોને રજા આપેલ છે.

૨. દાળ ઢોકળીની વાનગી અર્થે ઉપયોગમાં લીધેલ (૧) ફોર્ટીફાઈડ આટો (૨) ચણાની દાળ (૩) રીફાઈન્ડ કપાસીયા તેલના નમૂના કેન્દ્ર ખાતેથી તેમજ ફોર્ટીફાઈડ આટાના ઉત્પાદક શરાફ એગ્રો પ્રા.લિ.મં.અસાલ, તા.ભિલોડાના પણ ઈન્સ્પેકટરશ્રી ફૂડ એન્ડ ડ્રગ કચેરી, હિંમતનગરે તા. ૬-૩-૨૦૧૦ના રોજ પૃથ્થકરણ અર્થે નમૂના લીધેલ છે તેમજ બીજી ૧૯ શાળાઓના મ.ભો.યો. કેન્દ્રો પૈકી ૧૭ કેન્દ્રો ઉપર આટાનો જથ્થો ઉપલબ્ધ હોય તા. ૭-૩-૨૦૧૦ના રોજ પૃથ્થકરણ અર્થે નમૂના લીધેલ છે જ્યારે બાકીનો આ અંગેનો અહેવાલ ૧૫ દિવસ પછી મળશે. જે ઉપલબ્ધ થયેથી બાળકોને ખોરાકી ઝેરની અસર શેનાથી થયેલ છે તેના કારણો જાણવા મળશે.

**સરકારે લીધેલા પગલાં**

૩. ઉક્ત ઘટના માટે પ્રાથમિક રીતે જવાબદર જણાતા મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્રના સંચાલક, રસોઈયા અને મદદનીશ ત્રણેયને તા. ૬-૩-૨૦૧૦ના નાયબ કલેકટર મધ્યાહ્ન ભોજન યોજનાના આદેશથી છૂટા કરવામાં આવેલ છે તેમજ તેનો ચાર્જ મ.ભો.યો. કેન્દ્ર ૯૫ને સોંપવામાં આવેલ છે.

૪. નાયબ કલેકટર મ.ભો. યો. હિંમતનગર કક્ષાએથી આ બનાવ માટે જવાબદાર જણાતા શાળાના મુખ્ય શિક્ષકશ્રી તથા નાયબ મામલતદાર (તપાસણી) સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે.

૫. મધ્યાહ્ન ભોજન યોજનાની રસોઈ નક્કી કરેલા મેનુ પ્રમાણે જ બને, રસોઈઘરમાં પૂરતી સ્વચ્છતા જળવાય અને શાળાના શિક્ષકો પણ દરરોજ વારાફરતી એક શિક્ષક બાળકો સાથે બેસી ભોજન લે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવેલ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચોરીમાલા પ્રાથમિક શાળામાં જે બનાવ બન્યો ભોજન લીધા પછી, મધ્યાહ્ન ભોજનના રસોઈયા છે એમણે એમના શિક્ષક છે એમનું ધ્યાન દોરેલું કે જે રસોઈ દાળ ઢોકળી બનાવી છે એ ખાધા પછી બાળકોના હાથ કાળા પડી જતા હતા એટલે ધ્યાન દોરેલું અને એવો જ બનાવ ૧૫ દિવસ પહેલા દંડાસણ ગામમાં પણ બનેલો. આમ, બે બનાવો ટૂંકાગાળામાં બનેલા છે ત્યારે આ જે લોટ ફોર્ટીફાઈડ આંટો આપવામાં આવે છે એના ઉત્પાદકો જે છે એ ઉત્પાદકો જે ઘઉં વાપરે છે આટો બનાવવા માટે એ મોટા ભાગે સડેલા હોય છે અને એનું જે પેકીંગ કરવામાં આવે છે એમાં દળવાનો અને પેકીંગ કરવા વચ્ચેનો સમય છે એમાં શું છે કે ઘણી વખત સમય વધારે જતો હોય છે અને એમાં જે ઈનગ્રેડિયન્ટ દાખલ કરવામાં આવે છે આયર્ન જેવા એનું પ્રમાણ ચોક્કસ હોતું નથી ત્યારે આવો પ્રોબ્લેમ મને લાગે છે કે, ઉપસ્થિત થાય છે ત્યારે મંત્રીશ્રી પાસે માહિતી માગવી છે કે એમણે જે રસોઈયા પર અને સંચાલકો પર પગલાં લીધા છે ત્યારે આ લોટ જે છે એ પેકીંગ વાળો હતો એટલે નથી લાગતું કે આ રસોઈયાની ભૂલ હોય કારણ કે પેકીંગ કરેલ લોટ હોય તો એમની જવાબદારી નથી આવતી. પરંતુ આ લોટના ઉત્પાદકો છે એ ઉત્પાદકો એનું પેકીંગ કરે છે ત્યારે કયા અધિકારી એનું ચેકીંગ કરે છે? એમાં જે ઈનગ્રેડિયન્ટ દાખલ કરવામાં આવે છે એનું પ્રમાણ કેટલું હતું? અને એનું ચેકીંગ કોણે કરેલું? અને જે ઉત્પાદક છે એની સામે શું પગલાં લેવામાં આવ્યા, અને એનું લાયસન્સ રદ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જણાવ્યું તે પ્રમાણે આ જે ફોર્ટીફાઈડ આટો, ચણાની દાળ, રીફાઈન્ડ કપાસિયા તેલ જે સપ્લાઈ કરનાર છે એના દ્વારા સપ્લાઈ કરવામાં આવે છે એવા ૨૦ કેન્દ્રો ઉપર આ પુરવઠો સપ્લાઈ કરવામાં આવ્યો છે, ૨૦ કેન્દ્ર પૈકી આ એક જ કેન્દ્ર ઉપર ૨૬ જેટલા ઝાડા ઉલટીના કેસો બન્યા છે એટલે એમણે જે પુરવઠો આપ્યો છે એવો પુરવઠો આવા બીજા કેન્દ્રો પર પણ આપવામાં આવ્યો છે અને એમાંથી કોઈ પણ ફરિયાદ ઉદભવી નથી અને એમણે જે પુરવઠો આપ્યો છે એની સમય મર્યાદાની અંદર એક્સપાયરી ડેઈટ ન થાય એ પહેલાનો પુરવઠો છે એટલે એની અંદર ક્ષતિ રહેવાની સંભાવના નથી. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બાળકોનો પ્રશ્ન છે ત્યારે આ અંગેના જે પણ સપ્લાયર છે એ સપ્લાયરના તમામ નમૂના ગામના રહીશોની હાજરીમાં, એને પોતાને હાજર રાખીને એના માટેના નમૂના નાયબ કલેકટરશ્રી દ્વારા લેવામાં આવ્યા છે, મધ્યાહ્ન ભોજન યોજનાના અધિકારીઓની હાજરીમાં લેવામાં આવ્યા છે અને એનો રિપોર્ટ આવ્યા પછી જે રિપોર્ટ આવશે એમાં જે પણ દોષયુકત હશે એની સામે રાજ્ય સરકાર જરૂરથી કાર્યવાહી કરશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, અહીંયા માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવેલ છે કે, કેન્દ્રના સંચાલક, રસોઈયા અને મદદનીશ ત્રણેય સામે પગલાં લેવામાં આવેલ છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, એમાં * **(xxxx)**

**અધ્યક્ષશ્રી** : * **(xxxx)**આ શબ્દો હું સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરું છું.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, જે એમણે કહ્યું કે સેમ્પલ લેવામાં આવ્યા છે અને સેમ્પલ લીધા પહેલા આ ત્રણેય નાના કર્મચારીઓને અન્યાય કરવામાં આવ્યો છે અને મધ્યાહ્ન ભોજનના નાયબ કલેકટર મધ્યાહ્ન ભોજન યોજનાના આદેશથી એમને છૂટા કરવામાં આવેલ છેતો તેમના કેન્દ્ર સંચાલક, રસોઈયા અને મદદનીશ ત્રણેયને છૂટા કરવામાં આવેલા છે. તો છૂટા કરવાનું કારણ શું? અને આ જે આટો હતો તે કેન્દ્રના સંચાલક કે રસોઈયાએ જાતે ખરીદેલો હતો કે કોઈ એજન્સીએ પૂરો પાડેલો હતો?

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : ફોર્ટીફાઈડ આટો માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે ઘંઉ ખરાબ હતા એવું પણ માનનીય જોશીયારાજીએ કહ્યું, આ ઘંઉ FCI દ્વારા આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આવે છે. ગુજરાત સરકાર એમાં ઉપયોગ કરતી નથી. એમના તરફથી જે આટો આવે છે એમાં ફોર્ટીફાઈડ આટાનું મિશ્રણ કરવામાં આવે છે. મેં અગાઉ કહ્યું તે મુજબ ૨૦ સ્થાનો પર એક જ સપ્લાયરે આપે છે. આ કમનસીબ ઘટના માત્ર એક જગ્યાએ બની છે. અન્ય કોઈ જગ્યાએ આવો બનાવ બન્યો નથી. એટલે પ્રાથમિક તબકકે આ કામ કરવાવાળા રસોઈયા, એના મદદનીશની સામે કાર્યવાહી કરવામાં આવી છે. એ શાળાના મુખ્ય શિક્ષક. એની સામે પણ ખાતાકીય તપાસ કરવા માટે કાર્યવાહી કરવામાં આવી છે. અને સાથે સાથે એની સાથે સંકળાયેલા નાયબ મામલતદાર સામે પણ ખાતાકીય કાર્યવાહી કરવા માટેના પગલાં રાજય સરકારે લીધાં છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તરફથી જે અપાય છે એ જથ્થાને કારણે પ્રોબ્લેમ નથી થતો. આપણે જયારે ફોર્ટીફાઈડ એમાં ઉમેરો કરીએ છીએ અને એ ફોર્ટીફાઈડ બનાવવા પાછળ જે કંઈ વસ્તુ થઈ છે, એના કારણે આજે સામાન્ય માણસ આટો મેળવતો હોય કે મધ્યાહ્ન ભોજનનો સંચાલક હોય, તે તમામ લોકોનો આની સામે વિરોધ આવ્યો છે. ફોર્ટીફાઈડ આટાના નમૂનાઓમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ દેખાય છે, ત્યારે આ ફોર્ટીફાઈડ આટાના ધોરણો બંધ કરીને જે ચોખ્ખું અનાજ આવે છે, એ આપીને કારણ કે ફોર્ટીફાઈડથી કોઈ રીતે પણ ફાયદો થયો હોય એવું કયાંય કોઈ વૈજ્ઞાનિક રીતે પણ નકકી થયું નથી. ત્યારે સીધો આપવાનું કામ કરવા માગીએ છીએ કે કેમ? અને બીજું જયારે આપ તપાસના તબકકે છો, આપે નમૂનાઓ લીધા છે, એ નમૂનાઓનું પૃથ્થકરણ ૧૫ દિવસ પછી આવશે. આપ મુખ્ય વ્યકિતને આજે સજા કરતા નથી. પણ પેલો છેલ્લામાં છેલ્લો માણસ છે, એના ઉપર પગલાં તરત લેવાઈ જાય છે. એ કહે છે કે, જયારે બનાવતા હતા તે વખતે જ આંગળીઓ કાળી થતી હતી. એકપણ વસ્તુ રસોઈયો લાવ્યો નથી. એકપણ વસ્તુ મધ્યાહ્ન ભોજનનો સંચાલક લાવ્યો નથી. તમામ વસ્તુઓ આપે સપ્લાય કરેલી છે. એના આધાર ઉપર એણે એ વસ્તુ બનાવી છે. તો બનાવનાર માણસ ગુનેગાર કેવી રીતે? પોઈઝનસ ફુડ પેદા થયું તો એ મટિરિયલ જવાબદાર હશે. બનાવનાર માણસ કેવી રીતે જવાબદાર થયો?

**શ્રી રમણલાલ વોરા**: આખા દેશમાં મધ્યાહ્ન ભોજન યોજનાના બાળકોને પ્રોટીન યુકત આહાર મળી રહે એટલા માટે માત્ર ગુજરાત સરકારે ૩૦ કરોડના ખર્ચે આ ફોર્ટીફાઈટ આટો આપવાનું નકકી કર્યુ છે. જેને પણ સપ્લાયરને આપવામાં આવે છે. મેં અગાઉ પણ કહ્યું છે કે સીલબંધ પેકેટમાં ૨૦ કેન્દ્રો ઉપર આ માલ સપ્લાય કરવામાં આવ્યો છે. અન્ય કોઈ જગ્યાએ એકપણ ઘટના બની નથી. એની પાછળના સીધેસીધા જવાબદાર જે લોકો છે, મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારી હોય, એની સાથેનો નાયબ મામલતદાર હોય, શાળાનો આચાર્ય હોય, એ બધાની સામે રાજય સરકારે કાર્યવાહી કરી છે. અને મેં પહેલા પણ કહ્યું કે એની પાછળના જે સીલબંધ પેકેટમાં જે

* **(xxxx)**માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

નમૂના લેવામાં આવ્યા છે, એ સીલબંધ નમૂનાનું પૃથ્થકરણ કર્યા બાદ જો સપ્લાયર દોષિત માલૂમ પડશે તો અથવા જે કોઈ પણ વ્યકિત દોષિત માલૂમ પડશે તો રાજય સરકાર એની સામે કડક હાથે કાર્યવાહી કરશે.

**ડૉ. અનિલ જોષીયારા** : આ ફોર્ટીફાઈડ આટામાં જે ingradients આયર્ન દાખલ કરવામાં આવે છે, તે સીલ થયા તે વખતે કોણ હાજર હતા. સીલ થયા ત્યારે કોણે ચેકીંગ કર્યુ? કયા અધિકારીઓ હતા?

**શ્રી રમણલાલ વોરા** : સીલબંધ કવર થવાનું હોય છે એ વખતે પહેલેથી જ એની માત્રા નકકી કરવામાં આવે છે. ફેકટરીમાંથી જયારે નીકળે છે ત્યારે જ એની ગુણવત્તાની ચિંતા કરવામાં આવે છે અને માત્ર આ એક કેન્દ્ર પર નહીં, આખા ગુજરાતની અંદર, આખા રાજયની અંદર આ વસ્તુ સપ્લાય કરવામાં આવતી હોય, એવું કાંઈ ના બનતું હોય અને આ કમનસીબ ઘટના બની એ ફરીથીના બને એના માટે રાજય સરકારની ચિંતા છે.

## માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી સભ્યશ્રીએ કરેલ ખુલાસો

**અધ્યક્ષશ્રી** :શ્રી બાબુભાઈએ મારી પાસે પરવાનગી માગી છે અને એં એમને ખુલાસો કરવાની અનુમતિ આપેલ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે મેં મારા બજેટ પ્રવચન ઉપર બોલતી વખતે એક લોક સાહિત્યના દુહાનો ઉલ્લેખ કરેલ હતો. સામાન્ય રીતે લોક સાહિત્યના દુહાના અર્થઘટનના અનુસંધાને કોઈને ઉતારી પાડવાની વાત થાય એવું ના હોવું જોઈએ અને એનો હું આગ્રહી પણ છું અને એ આગહ આજસુધી જળવાય એની મેં કાળજી પણ લીધી છે તેમછતાં પણ અજાણ્યે આ દુહાનું અર્થઘટન કોઈને ઉતારી પાડે એવું હતું અને એટલે હું આખી રાત ઉંઘી પણ શકયો નહતો અને મેં સવારે જ આવીને જ મેં માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી કે આ મારા દુહાને કારણે કોઈનું દિલ દુ:ખાયું હોય તો અમારા જૈનોમાં મિચ્છામી દુકડમ્ અમે કહીએ છીએ એ વાત હું કહેવા માગું છું. હું તો કચ્છ પ્રદેશમાંથી આવું છું અને સંત મેકરણની વાત કરવા માગું છું કે,

થીયો તો સકકર થીયો
ઝેર મ થીયો મુંજા સેણ
મરી પેંધા માડુઆ
રેધા ભલેજા વેણ

એટલા માટે મારા આ દુહાનું અર્થઘટન કોઈને દુ:ખ પમાડે એવું હોય એટલા માટે મેં મારી સ્પષ્ટતા કરી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈની સંવેદનાને હું આવકારું છું. ગઈકાલે એમણે કહયું એ પછી આજે સવારે એ મારી પાસે આવ્યા હતા અને મને કહયું હતું કે ગઈકાલે સવારે એ જે બોલ્યા એનાથી એમને આખી રાત ઉંઘ આવી નથી. તો આ એમની સંવેદના છે એને હું આવકારું છું. નેકસ્ટ.

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલની રજૂઆત

**શ્રી કાળુભાઈ વીરાણી** (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### બિન-સરકારી સભ્યોના કામકાજ માટેનીસમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી કાળુભાઈ વીરાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબે સતત ૧૬ મી વખત આ બજેટ રજૂ કર્યુ છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે બજેટ ગુજરાત સ્વતંત્ર રાજય તરીકે સ્થપાયું તે વખતે એક નાનકડું રાજય હતું અને એ પગભર કેવી રીતે થશે એમ સમગ્ર દેશ અને અન્ય રાજયો વિચાર કરતાં હતાં, પરંતુ જયારે ૧૯૬૦ માં ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારથી અત્યારસુધીના ગુજરાત રાજયના ૧૮ જેટલા મુખ્યમંત્રીશ્રીઓએ આ ગુજરાતના વિકાસ માટે કોઈ કચાશ રાખી નથી એમ કહું તો ખોટું નથી. એટલા માટે ઘણા લોકો એમ કહે છે કે ગુજરાતની પ્રગતિ કરવામાં અમારો જબરજસ્ત મોટો સાથ છે, પરંતુ મને ખબર છે કે ૧૯૬૫ માં અહીંયાં કેવી રીતની પરિસ્થિતિ હતી ? ૧૯૬૫ માં આ ગાંધીનગરની સ્થાપના પણ થઈ ન હતી. આ ગાંધીનગરની સ્થાપના

કરવામાં મહત્વનો ફાળો સ્વ. બાબુભાઈ જશભનાઈ પટેલનો રહયો અને એના કારણે જ આ ગાંધીનગર આ ગુજરાત રાજયનું પાટનગર બન્યું અને આજે ગાંધીનગરમાં જે કાંઈ સુવિધાઓ ઉપલબ્ધ બની છે અને..અને અત્યાર સુધી ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે, સિંચાઈ ક્ષેત્રે, બાંધકામ ક્ષેત્રે, વીજળીકરણ ક્ષેત્રે જે કંઈ સુલ્વિધાઓ થઈ છે તે અત્યાર સુધીના મુખ્ય મંત્રીશ્રીઓએ જે જબ્બર જસ્ત કામ કર્યુ છે અને કામ કરવામાં કોઈ કચાશ રાખી નથી તેના કારણે થઈ છે. કારણ કે આખરે કોઈ પણ આંબાનું ઝાડ રોપતાની સાથે તરત જ કેરીઓની અપેક્ષ રાખીએ તો કેરીઓ મળતી નથી. એટલે આ આંબાનું ઝાડ ૧૯૬૦માં રોપાયેલું એટલે હવે આ કેરીઓની શરૂઆત થઈ છે. એટલે સ્વાભાવિક રીતે લોકોને એમ લાગે કે આ બધું અમે કર્યુ છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૨૭-૨-૨૦૦૭ના રોજ વિધાનસભામાં નિયમોના નિયમ ૪, અન્વયે નિવેદન કરેલું અને એમણે કહયું હતું કે વન બંધુ યોજના હેઠળ ૧૫૦૦૦ કરોડ રૂપિયા રાજયના ૧૨ જિલ્લાઓ, ૪૩ તાલુકાઓ અને ૫૮૮૪ ગામોના ૭૮ લાખ ૭૬ હજાર જેટલા આદિવાસીઓને યુવાનોને રોજગારી, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી માટેની પાઈપ લાઈન, સિંચાઈની સુવિધા, બારમાસી રસ્તા, વીજળીકરણ, ગરીબો માટે મકાનો, આવક બમણી આ બધું કરવામાં આવશે., તો ૨૭-૭-૨૦૦૭ના રોજ કરેલી વાતને આજે ૩ વર્ષ થયા, મારે એટલી જ વિનંતી કરવાની છે કે છેલ્લા ૩ વર્ષમાં ગજુરાતમાં કોઈસર્વે કર્યો છે ખરો? કે આદિવાસી યુવાનોમાં બેરોજગાર કેટલા છે, ભણેલા કેટલા છે, શિક્ષણ માટે પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓ તથા કોલેજોની સુવિધા કેટલી છે, ૫૮૮૪ ગામોમાંથીકેટલી શૈક્ષણિક સંસથાઓ સ્થપાઈ છે કેટલી બાકી છે, આરોગ્ય ક્ષેત્રે કેટલા દવાખાના છે, પીવાના પાણીની પાઈપ લાઈનની અને સિંચાઈની સુવિધાઓ કેટલી છે? બારમાસી રસ્તાઓ કેટલા અને કયા કયા ગામમાં થયા? વીજળીકરણમાં આજે પણ નસવાડી તાલુકાના ૧૬ જેટલા ગામો ટ્રાયબલના છે જે આજે પણ વીજળીકરણથી વંચિત છે. ગરીબો માટે મકાનો કેટલા બન્યા? આવક બમણી કેટલાની થઈ તેનો સરવે કરવો જોઈએ. મારી વિનંતી એ છે કે આ વખતના બજેટમાં ૧૫ ટકા પ્રમાણે ૪૧૦૩.૯૫ કરોડ રૂપિયા આદિજાતિ વિભાગ માટે માનનીય નાણા મંત્રીશ્રીએ મંજૂર કર્યા છે. પણ ૧૯૯૭માં માનનીય કેશુભાઈ જયારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે મહારાષ્ટ્ર કોંગ્રેસની સરકારનું અનુકરણ કરી ગુજરાત પેટર્ન યોજના એ વખતે દાખલ કરેલી હતી, અને વસતિના ધોરણે ટકાવારી કરતા એમણે બે ટકા વધારે એટલે ૧૫ ટકા હાલ છે તેના બદલે ૧૭.૫૭ ટકા જોવાઈ તે વખતે નકકી કરેલી હતી. એટલે ચાલુ વર્ષના બજેટમાં ૨૯૫૦૦ કરોડની સામે ૪૧૦૩.૯૫ કરોડની જોગવાઈ જે કરી છે એ મારી દ્રષ્ટ્રિએ ૧૭.૫૭ ટકા પ્રમાણે જોઈએ તો ૫૨૦૦ કરોડ રૂપિયા આદિવાસીઓના વિકાસ માટે જોગવાઈ થવી જોઈએ. એમ તો આદિવાસીઓના વિકાસ માટે અનેક જોગવાઈઓ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત ૧૩-૧-૦૯ના રોજ આદિજાતિ વિભાગના સેક્રેટરી અને આદિજાતિ વિભાગ તરફથી ૧૯ જેટલી સંસ્થાઓ સાથે એમ. ઓ. યુ. ૯૦૦ કરોડ રૂપિયાના થયા છે. એમાં ઈન્ટેલ કોરપોરેશન નવી દિલ્હી, સીની જમસેદપુર, મોન્સાન્ટો પ્રાઈવેટ લીમીટેડ, ઈન્બાર્ડ બેસીંગ ચાયના, નેશનલ ઈન્સ્ટીટયુટ મોન્સાન્ટો, દીપક ચેરીટેબલ ટ્રસ્ટ એવા ૧૯ જેટલા ટ્રસ્ટો સાથે જુદી જુદી રીતે ૯૦૦ કરોડના એમ.ઓ. યુ. થયા છે. અત્યાર સુધી ૭ જેટલા ટ્રસ્ટોએ આ જુદી જુદી જગ્યાએ કામો કર્યા છે અને તેની પાછળ ૪૨.૯૨ કરોડ રૂપિયા અત્યાર સુધી ખર્ચાયા છે.હવે સાહેબ આદિવાસીઓને ખરેખર જે રીતે સહાય મળવી જોઈએ, જે યોજનાઓ થવી જોઈએ એ યોજનાઓ આદિવાસી વિસ્તારમાં ન થવાને કારણે ત્યાં બાયસેગ નામની સંસ્થા બનાવી દીધી છે, એના ચેરમેન તરીકે મુખ્ય સચિવ છે. બાયસેગમાં કોઈ દિવસ મંજૂરી લેવાતી નથી. કોઈ ટેન્ડર પાસ થતા નથી. વગર ટેન્ડરે બારોબાર આદિવાસી વિસ્તારમાં કામો આપી દેવામાં આવે છે. આજ સુધી સત્તાના જોરે આદિવાસીઓના વિકાસની વાતો

- (સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને)
- કરવામાં આવે છે. પરંતુ આદિવાસીઓના વિકાસ માટે કોઈને એની ચિંતા નથી. એ જ રીતે રૉસ્ટરની કામગીરી આદિજાતિ વિકાસ વિભાગને ૧-૬-૨૦૦૯થી સોંપવામાં આવી છે. હવે જનજાતિના બેકલોગની કેટલી જગ્યાઓ ૨૦૦૯ સુધી ખાલી છે એ પણ આ વિભાગને ખબર નથી અને અનામતના બેકલોગના કેટલા રજિસ્ટરોનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું તે કામગીરી પણ વિભાગ કરતું નથી. એટલે મારી નમ્ર વિનંતી છે કે રૉસ્ટર રજિસ્ટરો બરાબર રાખવામાં આવે અને અત્યાર સુધી બેકલોગની જગ્યાઓ ખાલી છે એના માટે વિભાગ કાર્યવાહી કરે તેવી મારી વિનંતી છે.
- પાણી પુરવઠા વિભાગ માટે ૧૮૪૯.૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ આ વખતના બજૅટમાં કરવામાં આવી છે. મારી તો વિનંતી છે કે આદિજાતિ વિસ્તારના ગામોમાં પીવાના પાણીના કામો માટે ૩૦૯.૨૫ કરોડની જોગવાઈ કરી છે. મારી નમ્ર વિનંતી છે કે ટ્રાયબલ વિસ્તારના ૫૮૮૪ ગામોની અંદર નર્મદા નદીમાં જે ખરેખર આદિવાસીઓએ પોતાની જમીનો આપી છે તેવા લોકો માટે પીવાના પાણીની સુવિધા થતી નથી. હોફેશ્વર પાણી પુરવઠા યોજના માટે વિભાગે સરવેની કામગીરી કરી હતી. જેમાં કવાંટના ૧૩૩ ગામો, જેતપુર પાવીના ૪૧ ગામો, નસવાડીના ૨૦ ગામો, છોટા ઉદેપુરના ૧૫ ગામો એમ કુલ ૨૦૯ ગામોની યોજના બનાવી હતી. છેલ્લા બે વર્ષથી આની દરખાસ્ત ગુજરાત સરકારમાં પડી છે. તો એની મંજૂરી તાત્કાલિક આપવામાં આવે તેવી વિનંતી છે. ચાલુ વરસે પીવાના પાણી માટે જબરજસ્ત પરિસ્થિતિ ઊભી થઈ

છે, કારણ કે જે હેન્ડપંપ હતા એ પાણીના લેવલ નીચે જવાથી નકામા થઈ ગયા છે. એમ.એલ.એ. એમ.પી.ની ગ્રાન્ટ, આયોજન મંડળની ગ્રાન્ટ, ટ્રાયબલની ગ્રાન્ટમાંથી બનેલા હેન્ડપંપોનું રિપેરીંગ કામ પાણી પુરવઠા બોર્ડ કરતું નથી. ત્રણ હજાર માણસોની વસતિ માટે આ હોફેશ્વર પાણી પુરવઠા યોજના યુદ્ધના ધોરણે બને તો ત્યાંના તમામ આદિવાસીઓને પીવાના પાણીની સુવિધા મળી શકે તેમ છે.

- મીની પાણી પુરવઠા યોજના, પાણીની ટાંકી, આ યોજના ૨૦૦૬-૭થી શરૂ કરવામાં આવી હતી. આ યોજના વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાં ચાલુ કરવામાં આવેલ હતી. ૨૦૦૬-૦૭માં ચાલુ કરેલા કામો આજે પણ અધૂરા છે તેથી આ યોજના યુદ્ધના ધોરણે પૂરી કરવા માટે મારી નમ્ર વિનંતી છે.
- એવી રીતે સરદાર સરોવર નર્મદા નિગમ છે એના માટે ૩૬૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એમાં ઉત્તર ગુજરાતના ૬૪૬ ગામો માટે એક હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર ખેડૂતો માટે પાંચ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા માટે ૨૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ તથા કચ્છ શાખા નહેરના કામો માટે ૯૪૦ કરોડની સુવિધા રાખવામાં આવી છે. મારી એટલી જ વિનંતી છે કે નસવાડી, સંખેડા, કવાંટ, સાગબારા, અને પાવી જેતપુર તાલુકાના ખેડૂતોએ નર્મદા યોજના બનાવવા માટે પોતાની કિંમતી જમીનો આપી છે. ત્યારે આ વિસ્તારના ખેડૂતો માટે હોફેશ્વર વિસ્તારના બધા ગામો આજે વડોદરા જિલ્લાના અસરગ્રસ્ત તરીકે આખે આખી એમની કોલોનીઓ બની છે. ત્યારે હોફેશ્વરમાંથી પાઈપ લાઈન કરીને કવાંટ હેરણ નદીમાં પાણી છોડો અને હેરણ નદીમાં આઠ જેટલા આડબંધો બાંધીને નસવાડી, જેતપુર, કવાંટ અને છોટા ઉદેપુર તાલુકાના ઉપરવાસના ખેડૂતોને પાણી આપવા માટેની મારી માગણી છે. કારણ કે જો નર્મદા યોજના ન બની હોત તો સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનના લોકોને પાણી મળ્યું ન હોત. તો આ બંધ બાંધવા માટે જે તે વખતે સ્વ. ચીમનભાઈને આજે મારે યાદ કરવા જોઈએ. તે વખતે કોઈ જમીનો આપે એવી પરિસ્થિતિ ન હતી. અમે લોકોને સમજાવીને મેઈન કેનાલ જ્યારે શરૂ થઈ ત્યારે પણ જેતપુર-પાવી મારા તાલુકાના રાજબોડેલી ગામથી આ કેનાલ જ્યારે શરૂ થઈ ત્યારે કેવી પરિસ્થિતિ હતી તેના અમે સાક્ષીઓ છીએ. આ જે ૮૦૭ જેટલા વિસ્થાપિતો જે ખેડૂતો છે તેમાં ૧૧૭ ખેડૂતોને નર્મદા કેનાલ અને સુખી સિંચાઈ યોજનાની કેનાલનું પાણી મળે છે. પણ ૬૯૦ ખેડૂતોને પાણી મળતું નથી. એટલે ઉપરવાસમાં આ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી આપણે કરી રહ્યા હોઈએ ત્યારે આ ૬૯૦ ખેડૂતો ટયૂબવેલ કરે યા કૂવા કરે તો તેમને વિદ્યુત જોડાણ તાત્કાલિક આપીને સ્વર્ણિમ જયંતિની ઉજવણી નિમિત્તે ૬૯૦ ખેડૂતોને આ સુવિધા તાત્કાલિક આપે એવી પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરના ભાટ ગામે નર્મદાની કેનાલ જશે એમ કરીને ૨૦ વર્ષ પહેલાં જમીન સંપાદન કરેલી. એ ખેડૂતોની જમીન સંપાદન કરી તેમાં કેનાલ ન ગઈ. બીજી જગ્યાએ કેનાલ ગઈ. ૨૦૦૬માં ખેડૂતોએ જમીનની માગણી કરી. તે વખતે વિભાગ.એમ કહ્યું કે આ જમીનો તમને પરત મળી જશે. એ લેખિત જવાબો છે. આજે આ જમીન ઔદ્યોગિક વિકાસ અને ઈન્ટરનેશનલ સંસ્થાઓને આપી દીધી છે. તો મારી સરકારને વિનંતી છે કે આ જમીન જે હેતુ માટે લીધી, તેમાં ન વપરાઈ હોય તો એ જમીન જે તે ખેડૂતોને આપવા માટે મારી નમ્ર વિનંતી છે.

જળ સંપત્તિ અને કલ્પસર પ્રભાગ હેઠળ ૧૮૯૫ કરોડની જોગવાઈ કરી છે. મારી વિનંતી એટલી જ છે કે સમગ્ર ગુજરાતના ૧૮,૨૭૬ જેટલા ગામોમાં જે તમે બોરી બંધ બાંધો છો તેમાં પંચમહાલ જિલ્લાના ૧૧ તાલુકા છે. ૧૧ તાલુકામાં ૧૧,૩૨૪ બોરી બંધ ૧,૦૫,૮૧,૭૫૮ થેલી, ૯,૯૨,૯૮,૦૦૦નો ખર્ચ થયો. તે જ રીતે વડોદરા જિલ્લામાં ૧૬,૦૩૧ બોરી બંધ બાંધ્યા અને ૯,૨૫,૫૨,૦૦૦નો ખર્ચ, આણંદ જિલ્લામાં ૧,૫૪૮, ખેડા જિલ્લામાં ૮,૭૬૬. મારે એટલું કહેવું છે કે આ બોરી બંધ આજે પણ ગુજરાતમાં ૧૮,૬૭૨ ગામોમાં ગમે તે જગ્યાએ ખાલી ઉભા થઈને પડ્યા છે. તેમાં એક લોટી પણ પાણી નથી. તો તેમાં જે લગભગ ૨૩૪ કરોડ રૂપિયાનો ખર્ચ આપણે કર્યો છે તેના બદલે કોઈ પાકા ચેકડેમો બનાવીને પાણી કાયમી ધોરણે રોકાણ થાય, લોકોને પીવા માટે પાણી મળે, સિંચાઈની સુવિધા મળે તેવું કરવા માટે પણ મારી ખાસ વિનંતી છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૧૬મી વખત જે બજૅટ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને અભિનંદન આપું છું. આજે મને ગૌરવ એ વાતનું પણ છે કે ગઈકાલે આ દેશમાં એક ઐતિહાસિક ઘટના ઘટી. ૩૩ ટકા મહિલાઓ માટે અનામત બિલ રાજસભામાં અટલજીનું સ્વપ્ન સાકાર કરવા માટે મંજૂર થયું. કારણ કે રાજયસભામાં એન.ડી.એ.ની બહુમતી હતી. એટલે ત્યાં મંજૂર કરવા માટે મૂકવામાં આવ્યું અને આજે આપ અધ્યક્ષસ્થાને છો એટલે તેનું પણ મને ગૌરવ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લાવ્યા છે એમાં ગાંધીના રામ રાજયની કલ્પના છે, એમાં સરદાર પટેલના સંકલ્પની દિશા દેખાઈ રહી છે અને ગુજરાતને દરેક ક્ષેત્રમાં એકસેલન્સી તરફ કઈ રીતે લઈ જવું એનો આખો પ્રવાહ દેખાઈ રહ્યો છે. ૨૯૫૦૦ કરોડનું વિકાસલક્ષી બજૅટ અને આ એક જ વર્ષમાં ૬૦૦૦ કરોડનો વધારો, આ કદાચ ઇતિહાસમાં પહેલી ઘટના બની હશે અને એમાં પણ સામાજિક ક્ષેત્રે ૧૨૮૫૦ કરોડની ફાળવણી એ સામાજિક સેવાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમાજ પ્રત્યે ઋણ અદા કરવાની પ્રતિબદ્ધતા બતાવે છે. આજથી લગભગ સોએક વર્ષ પહેલાં એક ક્રાંતિકારી સાધુ થઈ ગયા, જેમણે કહ્યું હતું એ સમયે કે, તેત્રીસ કરોડ દેવતાઓની પૂજા કરવાના બદલે, એ

સમયે તેત્રીસ કરોડની વસતી હતી, તે તેત્રીસ કરોડ લોકોની સેવા કરવાનું શરૂ કરો, ત્યારે આપણને એનું મહત્ત્વ એ વખતે સમજાયું નહોતું. પણ આજે એ જ નામધારી રાજયના મુખ્યમંત્રીએ આ રાજયની સાડા પાંચ કરોડની જનતાની સેવા કરવાનું શરૂ કર્યું અને એના અમે સહભાગી છીએ એનો અમને આનંદ છે. આ બજૅટમાં પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીનો એકાત્મક માનવવાદ દેખાઈ રહ્યો છે. છેવાડાના માનવીને લક્ષમાં રાખીને બજૅટ બનાવવામાં આવ્યું છે. અંત્યોદયની ભાવના સાથેનું આ બજૅટ છે. સેવા એ જ સાધના છે એ મંત્ર છે અને હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્ષ કઈ રીતે ઊંચે લઈ જવો અને એમાં કેવી રીતે સુધારો કરવો એ આ બજૅટમાં ચારે બાજુથી એ દેખાઈ રહ્યું છે. મને યાદ આવે છે. પહેલી જાન્યુઆરી જે વખતે માનનીય રાજયપાલશ્રીની ઉપસ્થિતિમાં, આ ગૃહના તેમજ આ પહેલાંના બધા જ લોક પ્રતિનિધિઓએ સામૂહિક સંકલ્પ કર્યો, આ ગુજરાતની વિકાસની કૂચને આગળ લઈ જવાનો, એ સંકલ્પ એટલા માટે કે, સંકલ્પમાં એક તાકાત હોય છે, સંકલ્પને એક શકિત હોય છે અને જેટલા પણ સંકલ્પ આપણે સામૂહિક રીતે કરીએ તો એના પરિણામ આપણને ચોક્કસ મળે છે. મને એક પડકાર ઝીલનાર કવિની સંકલ્પ પ્રત્યેની પ્રતિબદ્ધતા ટાંકવાનું મન થાય છે,

**" ક્યારેક ઊગે છે આગ ઝરતો સૂરજ, ઊનો ઊનો સૂરજ અને જાજુ તો શું આગ ઝરતા આભમાં શીતળ તળની શોધ, કિરણોના તીરને ઉતરડું, છાયા પડછાયાની ભૂલ ભુલામણી વિંધુ, વિકલ્પોની વણઝાર, આવો પામીએ સંકલ્પને, સંકલ્પોનો પ્રકાર, સંકલ્પની ઊર્જા, સંકલ્પની ઊર્મિ, સંકલ્પનો સંગાથ, ઊડતી રજ આ જ તો છે હેમંતની આભા, શ્રીમંતની શોભા અવતાર ઓશિયાળો કયારેય હોતો નથી, લાચારી મારા લોહીમાં નથી."**

**આ કવિતાની પંકિતઓ " આંખ આ ધન્ય"માંથી લેવામાં આવી છે.**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રી બજૅટ લઈને આવ્યા છે એમાં આ સંકલ્પબદ્ધતા દેખાઈ રહી છે. બજૅટમાં દરેક વિભાગોને ખૂબ સારી રીતે આવરી લેવામાં આવ્યા છે. પણ આરોગ્ય વિભાગના છ બિંદુઓને માનનીય નાણામંત્રીશ્રીએ લીધા એને સ્પર્શ કરવાની ઇચ્છા થાય છે. ૧૯૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ માત્ર આરોગ્ય વિભાગ માટે ફાળવવામાં આવી છે અને એમાં ૫૮ ટકાનો વિક્રમી વધારો છેલ્લા વર્ષે ૪૨ ટકાનો વધારો અને આ વર્ષે ૫૮ ટકાનો વધારો થયો. એનો અર્થ એ થયો કે, છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ટકાનો વધારો આરોગ્ય વિભાગમાં કરવામાં આવ્યો છે. જે ખરેખર આ રાજયના દર્દીઓ પ્રત્યેની સેવાની કટિબદ્ધતા બતાવે છે. જ્યારે દરિદ્ર નારાયણની સેવા કરવાની હોય ત્યારે તબીબોની ઉપલબ્ધતા આવશ્યક હોય છે. તબીબો વગર દર્દીઓની સેવા થઈ શકે નહીં અને આરોગ્ય વિભાગ પ્રીવેન્શનથી લઈને કયોર સુધીની આખી જે રચના કરી છે એ ખરેખર આવકારદાયક છે. તબીબો માટે આપણે જોઈએ છીએ કે, કોઈપણ બાળકને ૯૨ ટકા આવે તો પણ એને પ્રવેશ મળે નહીં, એના માતા-પિતાને ચિંતા હોય, બાળકને ચિંતા હોય, બારમા ધોરણમાં બાળક આવ્યું નથી કે, ટેન્શન શરૂ થઈ જાય છે અને રાજયના સેંકડો વિદ્યાર્થીઓ ૫૦૦, ૭૦૦, ૮૦૦ રાજયની બહાર પ્રવેશ મેળવે અને ત્યાં તેમનું રેગીંગ થાય, ડોનેશન આપવું પડે. એના આરોગ્યની અનેક સમસ્યા ઉભી થઈ જાય એવામાં રાજયના મુખ્યમંત્રીએ દીર્ઘદ્રષ્ટિ્ર રાખી એક મક્કમ નિર્ધાર કર્યો અને આ જ વર્ષે ૩ સરકારી નવી મૅડિકલ કૉલેજો શરૂ કરી છે. અને મને આનંદ એ વાતનો છે કે એ પૈકી એક પાટણ, ગોત્રી અને વલસાડમાં અને પાટણ એટલે કે ઉત્તર ગુજરાતમાં એક નવી મૅડિકલ કૉલેજ શરૂ કરી છે. ઉત્તર ગુજરાતના લોકોની અનેક વર્ષોની આ માગણી હતી. હું આ ઉત્તર ગુજરાતનો ઉલ્લેખ એટલા માટે કરુ છું કે મારું જન્મસ્થળ ઉત્તર ગુજરાતમાં છે એટલે મને આજે ખૂબ આનંદ થાય છે કે ઉત્તર ગુજરાતમાં એક મૅડિકલ કૉલેજ પાટણ ખાતે આવશે અને ઉત્તર ગુજરાતના લોકોની ખૂબ મોટી સેવા થશે. UGમાં પ્રવેશ માટે ૫૦૦ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. કોઈ એક રાજ્યમાં એક સાથે આટલી બેઠકોનો વધારો થયો હોય એ પણ એક ઇતિહાસ છે. PGમાં ૪૦૦ બેઠકોનો વધારો અને સુપર સ્પેશિયાલીટીમાં જે ૨૫ બેઠકો હતી એ વધારીને ૬૯ બેઠકો કરી છે એટલે કે ૩૦૦ ટકાનો વધારો સુપર સ્પેશિયાલીટીમાં કરવામાં આવ્યો છે અને ગુજરાત એ પ્રથમ રાજય બનશે કે જ્યાં ઇમરજન્સી મૅડિકલ સર્વિસીસને પણ પ્રવેશને પાત્ર આપશે. આ ઉપરાંત ડેન્ટલમાં ૨૬૦ બેઠકોનો વધારો, ફીઝીયોથેરાપીમાં ૧૬૫ બેઠકોનો વધારો કરવામાં આવશે અને કદાચ ઇતિહાસમાં પહેલી વખત ગામડાના લોકોની સેવા કરવા માટે રૂરલ મૅડિસિનનો પણ વિચાર કરવામાં આવ્યો છે. ધોરણ-૧૨ પછી સાડા ત્રણ વર્ષનો ઇન્ટીગ્રેટેડ કોર્સ જેના કારણે એક જિલ્લાનો બાળક એ જ જિલ્લાના ગામડામાં જઈને ૫ વર્ષ સુધી મૅડિકલની સેવાઓ આપે અને એલોપથીનો કોર્સ હશે તો કદાચ મને લાગે છે કે આવનારા દિવસોમાં ગામડાઓમાં ડૉકટરો ઉપલબ્ધ થતા નથી એ ભૂતકાળ બની જશે. એ ખૂબખૂબ આવકારદાયક આ રૂરલ મૅડિસિનનો કોર્સ શરૂ થવા જઈ રહ્યો છે. નર્સિંગને પણ પાછળ નથી રાખ્યું નર્સિંગમાં બેઠકોનો વધારો તો કર્યો જ છે પણ નર્સિંગમાં ડિમાન્ડ એટલી બધી છે, વિદેશોમાં પણ ખૂબ ડિમાન્ડ છે એટલે ખાસ કરીને આમાં ૯૫ ટકા નર્સિંગમાં દીકરીઓ જોડાયેલી હોય છે તો જે દીકરીઓને નર્સિંગ કરવું હોય છે અને ગુજરાતમાં પ્રવેશ નથી મળતો તો એ ગુજરાતની બહાર જઈને પણ એડમિશન લે છે. માનનીય અધ્યક્ષશ્રી, કટ ઑફ લાઈન ૫૦ ટકા કરી દેવામાં આવી હતી, કેવી રીતે થઈ એ પણ ખબર નથી પણ આ વખતે માનનીય આ વખતે માનનીય આરોગ્યમંત્રી સાથે ચર્ચા-વિચારણા, વિમર્શો થઈ અને કટ ઑફ લાઈન જે ૫૦ ટકા હતી એને ઘટાડીને ૪૦ ટકા કરવામાં આવી છે એટલે રાજયની દીકરીઓ હવે રાજય બહાર જઈને નર્સિંગનો કોર્સ નહીં કરે પણ રાજયમાં જ નર્સિંગનો કોર્સ કરશે, વિદેશોની પણ ડિમાન્ડ છે અને સપ્લાય આપણે

ખૂબ સારી રીતે બેલેન્સ કરી શકીશું. ૧૯૬૧માં મનુષ્યનું ગુજરાતમાં ખાસ કરીને માણસનું આયષ્ય એવરેજ ૫૦ વર્ષનું હતું તે આજે વધીને ૭૫ વર્ષ થયું છે તે પણ આપણે જોઈ શકીએ છીએ કે ગુજરાતની આરોગ્યની સારી સેવાઓને કારણે આપણે જોઈ રહ્યા છીએ. બીજું બિંદુ જે નાણામંત્રીશ્રીએ આરોગ્ય વિભાગની ચર્ચામાં લીધું છે એ છે ૧૦૮ની સેવાઓ. એના માટે તો જેટલું કહીએ એટલું ઓછું છે. ૧૦૮ એક વરદાનરુપ થઈ રહ્યું છે ગુજરાતમાં,૪૦ ગાડીઓમાંથી આવનારા બજેટમાં ૫૦ ગાડીઓ વધારી ૪૫૦ ગાડીઓ તો કરશે જ અને એના માટે ૫૫.૫ કરોડની ફાળવણી પણ કરવામાં આવી છે. કોઈપણ કોલ કરો એટલે ૭ મિનિટમાં તમારે ત્યાં ગાડી પહોંચી જાય અને કેટલા લોકોને જીવતદાન આપવાની છે. મને એ વાતનો આનંદ છે કે આ ૧૦૮ની સેવાને ૭ એવોર્ડ મળ્યા છે અને ૧,૩૩,૩૩,૧૨,૦૦૦ કોલ એણે એટેન્ડ કર્યા છે અને તે પૈકી ૧,૧૩,૦૦,૦૦૦ માત્ર મૅડિકલના કોલ એટેન્ડ કર્યા છે. ૪૮,૭૯૭ લોકોના જીવ બચાવ્યા છે અને એનાથી પણ આગળ વધીને ૧૦,૦૦૦ બાળકોનું જન્મસ્થળ કયું તો કહે કે ૧૦૮, ૧૦,૦૦૦ બાળકોનું જન્મસ્થળ ૧૦૮ બની છે. હવે આવનારા દિવસોમાં મીનીથીયેટર બનશે અને ત્યાં ઈસીજી, બ્લડટેસ્ટ અને વેન્ટીલેટર્સની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ૧૦૮માં એ આવકારદાયક છે. મૅડિકલ ટુરીઝમને ખૂબ પ્રોત્સાહન મળી રહ્યું છે અને મને એટલો વિશ્વાસ છે કે ૨૦૧૫ અને ૨૦૨૦ની સાલ સુધીમાં મૅડિકલ બીજા બધા ક્ષેત્રો કૃષિ, ઉદ્યોગ કે વેપારને પણ મૅડિકલ ટુરીઝમ પાછળ પાડી દેશે. મને એટલો પૂરો વિશ્વાસ છે. અમદાવાદની સિવિલ હૉસ્પિટલ જે આજે એશિયામાં એક નંબર છે અને આવનારા દિવસોમાં ૪૮૨૦ પથારી સાથે વિશ્વની પહેલી ટેરશ્યરી હૉસ્પિટલ બનવા જઈ રહી છે.એના માટે ૧૦૦૦ કરોડ ફાળવી દીધા છે. કેન્સર હોસ્પિટલમાં પણ સંલગ્ન મેડિકલ કોલેજ બનવા જઈ રહી છે જે વિશ્વ કક્ષાના આર્કિટેક્ટ એમાં કામ કરી રહ્યા છે. યુ.એન.મહેતા હોસ્પિટલમાં ૪૦૦ પથારીનો વધારો થઈ રહ્યો છે. શાળા આરોગ્ય કાર્યક્રમમાં ૧૮૦૦૦ બાળકોને સારવાર આપવામાં આવી છે. (અંતરાય)

છેલ્લું કિડની હોસ્પિટલમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ અને સ્ટેમસેલ થેરાપી થકી અનેક અસાધ્ય રોગોની સારવાર આપવામાં આવી રહી છે. આ હોસ્પિટલમાં એચ.એલ. ત્રિવેદીનું યોગદાન ખૂબ છે. મારા સાથી સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે શ્રી એચ.એલ. ત્રિવેદીનું ડેડીકેશન એટલું છે કે આપણે બધાએ સામૂહિક રીતે એમને પદ્મશ્રી કે પદ્મવિભૂષણ એવોર્ડ એમને મળે એવા પ્રયાસો કરવા જોઈએ. આવા ઋષિ પુરુષ આપણને મળ્યા છે એ આપણા માટે ગૌરવની વાત છે. (અંતરાય) (સમયસૂચક ઘંટડી)

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્વર્ણિમ જયંતી વર્ષમાં રાજ્યના નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના બજેટમાં દરેક ગામનો સંતુલિત વિકાસ થાય, દરેક ગામને જરૂરી સુવિધાઓ મળી રહે, દરેક બાબતમાં ગામ સ્વાવલંબી બને, દરેક ગામ વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બને, ગામડાં તૂટે નહીં પણ ગામડાનો સમતોલ વિકાસ થાય એવી વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ દેખાઈ રહી છે. ગોકૂળ ગામ યોજના હોય, નિર્મળ ગામ યોજના હોય, જ્યોતિગ્રામ યોજના હોય, સુવર્ણ જયંતી ગ્રામ યોજના હોય, રાષ્ટ્રીય ગ્રામીણ યોજના હોય, ઈન્દિરા આવાસ યોજના હોય, વોટર શેડ કાર્યક્રમ અને સખી મંડળો આવી વિવિધ યોજનાઓ દ્વારા શહેર અને ગામડા વચ્ચેની ખાઈને દૂર કરવાના પ્રયત્નો આ સરકાર કરી રહી છે. આ ગામડાઓનો વિકાસ ન થવાના કારણે ગામડા ધીરે ધીરે તૂટતા હતા. ગામડામાં શહેર જેવી સુવિધાઓ ન મળવાના કારણે ગામડાના લોકો શહેર તરફ પ્રયાણ કરતા હતા એ દ્રષ્ટિએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારે ગુજરાતના ગામડાઓનો વિકાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. ગ્રામ વિકાસ એટલે ગામડાનો વિકાસ, ગામડામાં રહેનારા ગ્રામજનોનો વિકાસ, ગામડાના ખેડૂતોનો વિકાસ, ગામડાના મજદૂરોનો વિકાસ, ગ્રામીણ મહિલાઓનો વિકાસ, ગામડામાં રહેનારા અને રોજગારીની સલામતી મળે એ છે ગુજરાત સરકારનો ગ્રામ્ય જીવનનો એક સંકલ્પ. ગામડાને ટકાવવા હશે તો ગામડાના નાનામાં નાના માણસનો વિચાર કરવો પડશે. તેને સુંદર અને સ્વચ્છ આવાસ મળે એ જોવાની આપણા સૌની ફરજ છે. આવી જ એક ઈન્દિરા આવાસ યોજનાના માધ્યમ દ્વારા ગ્રામીણ ગરીબોને આવાસો પૂરા પાડવાની યોજના છે. આ યોજના કેન્દ્ર સરકારની સહાયથી ચાલે છે. પણ મારા મિત્રોને જણાવવાનું કે આમાં તમારો ફાળો ફકત પાવલી એટલે કે ૨૫ ટકા જેટલો જ છે. જ્યારે ગુજરાત સરકાર ૭૫ ટકા જેટલી રકમ વેઠીને પણ ગામડાના વેઠિયા મજૂરો, મારી વિધવા માતાઓ-બહેનો, લશ્કરમાં શહિદ થયેલા જવાનના પરિવારજનોને પ્રાધાન્ય આપવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે. મારે આવાસ યોજનાઓ સાથે સંકળાયેલ શહેરી યોજનાની પણ વાત કરવી છે. દેશને આઝાદી મળ્યા પછી ૫૦ થી ૬૦ વર્ષ થયા છતાં પણ, આ સમય ગાળા બાદ આપણે આપણી માતા અને બહેનોને શરમજનક સ્થિતિમાંથી બહાર લાવવાનો કોઈને જો વિચાર આવ્યો હોય તો એ માનનીય ગુજરાતના મુખ્યમંત્રીને આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીનો આ તકે હું ખૂબ ખૂબ આભાર માનું છું. ગામડાની મોટાભાગની વસ્તીને શૌચાલયો કે સેનિટેશનની સુવિધા મળતી નથી. પુરુષ વર્ગ ગમે ત્યારે રાત્રે કે

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

દિવસે પણ પોતાની દૈનિક ક્રિયા પતાવી શકતો હોય છે. ગામડાની મારી માતાઓ અને બહેનો માટે વહેલી સવાર અને શરૂઆતની રાત્રીનો સમય એમની માન-મર્યાદા સાચવવાનો સમય મળે છે જે સલામતીની દ્રષ્ટ્રિએ પણ

જોખમકારક છે ત્યારે આવી માતાઓ અને બહેનોનો વિચાર કરી સમગ્ર ગુજરાત નિર્મળ બને એવી વાતનો પ્રયાસ કરનાર આ સરકારને અભિનંદન આપું છું. મારે બીજી એ વાત કરવી છે કે ગામડું આવે એટલે ખેડૂત આવે, ખેડૂત આવે એટલે ખેતી આવે, ખેતી આવે એટલે પાક આવે અને પાક આવે એટલે પાણી આવે. ગામડાને ટકાવવું હોય તો ખેતી માટે પાણી કેવી રીતે મળી શકે એનું સરસ મજાનું આયોજન વોટરશેડના માધ્યમથી ગામડામાં ચેકડેમનું નિર્માણ કરીને જળસંચયનું કામ કર્યુ છે. ચેકડેમોના નિર્માણથી વહી જતું પાણી રોકાયું છે. જમીનના તળ ઊંચા આવ્યા છે, કૂવાના પાણીનું લેવલ ઊંચું આવ્યું છે એના પરિણામે ગામડામાં એક પાક પકવતો ખેડૂત આજે ત્રણ પાક પકવતો થયો છે જેના પરિણામે આજે ગુજરાતની કૃષિ આવક ૬૦ કરોડ જેટલી થઈ છે. (સમય સૂચક ઘંટડી) મારે એક વાત તરફ ગૃહનું ધ્યાન દોરવું છે જેનો વિરોધપક્ષના સભ્યો વારંવાર ઉલ્લેખ્ કરી રહ્યાં છે. ગુજરાતના ગામડાના વિકાસ માટે, ખેડૂતોના વિકાસ માટે ગરીબોના આવાસ માટે આ બજેટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી કિરીટભાઈ આપનો સમય પૂરો થયો છે. શ્રી ખુમાનસિંહભાઈ..

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ (સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત ૫૦ વર્ષ પૂરા કરવા જઈ રહ્યું છે ત્યારે ૨૦૧૦-૧૧નું બજેટ માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ આ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે ત્યારે બજેટમાં જે કેટલીક ઉદાસીનતા કે ઉપેક્ષા જે વિભાગો માટે કરવામાં આવી છે તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું આ સરકારનું ધ્યાન દોરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દિન-પ્રતિ-દિન દેવાના ડુંગર નીચે દબાતું જાય છે. છેલ્લાં ૧૦ વર્ષ દરમ્યાન ૨૦૦૧ની સરખામણીએ દેવામાં લગભગ ૩૦૦ ટકાનો વધારો થયો છે. એક ગુજરાતીના માથે લગભગ ૨૦,૦૦૦/- જેટલું દેવું થવા પામે છે. ૨૦૧૨ સુધીમાં આ દેવું કયાં જઈને અટકશે એ એક મોટી ચિંતાનો વિષય છે અને આવનારા દિવસોમાં ગુજરાતના અર્થતંત્ર ઉપર એની મોટી અસર થવાની છે ત્યારે જે સરકારની વાર્ષિક યોજનાનું કદ ૨૯૫૦૦ કરોડનું નિયત કરવામાં આવ્યું છે. પરંતુ ૨૦૧૦-૧૧ની વાર્ષિક યોજનાના સદરવાર ફાળવણીનો મેં અભ્યાસ કર્યો છે અને એના તારણ ઉપરથી મને જે ચિંતા થાય છે એ આ ગૃહ સમક્ષ આપના માધ્યમથી કહેવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખેડૂતના દીકરા તરીકે આ વિધાનસભા ગૃહમાં આવું છું. ખેતી સાથે સંકળાયેલો છું. માનનીય નાણામંત્રીએ કૃષિ અને એની સંલગ્ન પ્રવૃત્તિઓમાં જે ૨૦૬૫.૮૦ કરોડની જોગવાઈ કરી છે એ જોગવાઈ ઘણીજ અપૂરતી કહું તો ખોટું નથી. ગુજરાત હોય કે દેશ હોય એની જો કરોડરજ્જુ હોય વિકાસની હોય તો એ માત્ર ને માત્ર ખેતી છે. ખેતીથી એની સંલગ્ન પ્રવૃત્તિઓથી અર્થતંત્ર હંમેશા મજબુત થતું હોય છે અને એ વિભાગ માટે કદાચ આપણે ચિંતા કરીએ તો મને લાગે છે કે આપણે જ્યારે અહીંયા જે પક્ષમાંથી અથવા તો જે રીતે જે વિભાગમાંથી ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય ત્યારે ગામડાંઓની અંદર આજે પણ ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો વસતા હોય છે અને એવા ખેડૂતોનું આપણે વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરતા હોઈએ ત્યારે આપણે હંમેશા એની ચિંતા કરવી જોઈએ. મને લાગે છે કે હમણાં નાણામંત્રીશ્રીએ થોડી ખેડૂતો પ્રત્યે ઉપેક્ષા કરી હોય, ઉદાસીનતા રાખી હોય એવું લાગે છે. આ સરકાર અમે કહીએ છીએ તેમ ઉદ્યોગપતિઓની છે. મુડીવાદીઓની છે. ખરેખર જો ખેડૂતોની સરકાર હોત તો આજે જે રીતે કુદરતી આફતો આવતી જાય છે. છેલ્લા ૨-૩ વર્ષથી વરસાદ ઓછો થતો જાય છે. આ સરકાર જે ખરાબાની જમીન હતી, ગૌચરની જમીન હતી એ મોટા મોટા ઉદ્યોગપતિઓને આપતી જાય છે એના કારણે ખેડાણની જમીનનો રકબો દિવસે દિવસે ઓછો થતો જાય છે અને એની અંદર જે ખેતપેદાશોની વાત છે એ દિવસે દિવસે ખેતપેદાશોમાં ઓટ આવતી જવાની અને એના કારણે મોંઘવારી, મોંઘવારીની વાતો કરીએ છીએ એ મોંઘવારી ઉપર મોટી અસર થવાની. ખેડૂત સુખી હશે તો દેશ સુખી હશે. કોઈ વ્યકિત સુખી હશે પણ ખેતી નબળી હશે તો કયારેય આપણે વિકાસ નહીં કરી શકીએ. હું તો એટલું જ કહીશ કે નર્મદા યોજના જેવી ગુજરાતની અંદર એક મોટી યોજના થઈ. થોડું પાણી વહેતું થયું.(અંતરાય) તમે નથી કરી. અગાઉના ઘણાબધા કરી ચૂકયા છે. તમારે તો જશ લેવાનો છે. આ ખેડૂતોની જીવાદોરી સમાન નર્મદા યોજનાની અંદર આજે પણ જે ઢાળીયા છે. સબ માઈનોર કેનાલો છે એ તુટી જાય છે. પાણી હજુય કેટલીયે કેનાલોમાં વહયું નથી. વહેવડાવવામાં આવ્યું નથી. પાણી ત્યાં પહોંચ્યુ પણ નથી અને પાણીના સંગ્રહની વાત જે ચેકડેમો, ખેત તલાવડીઓ, આડબંધો દ્વારા કરવામાં આવે છે એના માટે જો સરકાર વધારે ધ્યાન આપે તો પાણીનું લેવલ એનાથી વધારે ઉંચુ આવશે એનાથી ખેતીની અંદર જે ખેડૂતોને છેલ્લા ઘણા સમયથી વીજળીના કનેકશન નથી આપી શકતા. અદાણી પાસેથી લગભગ પાંચથી છ રૂપિયાની વધારે ઉંચી કિંમતે આપણે જે વીજળીની ખરીદી કરી છે ને સાહેબ, એ ઉંચા ભાવે ખરીદી ના કરવી પડી હોત અને ઉંચા ભાવે જે વીજળી ખરીદી છે એના કારણે અદાણીને તો ઘી કેળાં થઈ ગયાં પણ જે ગુજરાતના વપરાશકારો છે. એ વપરાશકારોને આજે ખેડૂતોને વીજળી નથી મળતી અને વપરાશકારોને ઉંચા ભાવે ખરીદેલી વીજળીના કારણે યુનીટનો ભાર વધારે આવે છે અને આજે ગુજરાતના વપરાશકારો ઉંચા ભાવે વીજળી વાપરે છે. જયાં સરદાર સરોવર યોજનાની નહેરો છે એમાંથી બે એચ.પી.ની મોટર મુકીને કદાચ વીજળીના કનેકશનો ખેડૂતોને આપવામાં આવે તો આજે જે ઢાળીયા નથી થઈ શકયા, જે કેનાલો નથી થઈ શકી તો બે એચ.પી.ની મોટર મુકીને પણ આપણે આપણા દુરના ખેતરો સુધી પાણી વહેવડાવી શકયા હોત અને ઉત્પાદનમાં કંઈક વધારો કરી શકયા હોત. આપને મારફતે આ સરકારને હું એ કહેવા

માગું છું કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જેવું કાંઈ રહયું જ નથી. ટી.વી.નું બટન દબાવો, પેપર વાંચો તો ચોરી, લુંટફાટ, ધોળે દિવસે ભરચક વિસ્તારની અંદર ચેન, અછોડા તોડવાના બનાવ બને છે અને એના આરોપીઓ લાંબા સમય સુધી પકડાતા નથી. મોટા પાયે દારૂની હેરાફેરી થાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જયંતિભાઈ, એ એમના વિષય ઉપર બોલે એ તમને નથી ગમતું? (અંતરાય) નહીં મારો સીધો પ્રશ્ન તમને છે કે શ્રી ખુમાનસિંહભાઈ વિષય ઉપર વાત કરે છે એ તમને ગમે એવું બોલે એ જરૂરી નથી. તમને ન ગમતું હોય તો તમે એમને ન સાંભળો પણ વચ્ચે ડિસ્ટર્બ ન કરો. મારી તમને ફરીથી છેલ્લી વિનંતી છે.

**શ્રી ખુમાનસિંહ ચૌહાણ:** પરપ્રાંતની અંદરથી આજે દારૂની મોટા પ્રમાણમાં હેરાફેરી થાય છે અને ગુજરાત પોતાની સંસ્કૃતિમાં આગવી છાપ સમગ્ર ભારત દેશની અંદર જુદી રીતે તરી આવે છે. આજે કૉલેજની અંદર, છાત્રાલયની અંદર જે યુવાન વર્ગ શિક્ષણ લે છે. એ વર્ગ દારૂના રવાડે ચડી ગયો છે. મને લાગે છે કે યુવાશક્તિ જે રીતે દારૂના વ્યસનમાં મશગુલ થઈ રહી છે, ત્યારે ગુજરાતના સંસ્કૃતિની અસ્મિતા આવનારા દિવસોમાં જોખમમાં મુકાવાની છે. આ પરિસ્થિતિમાં હું તો માનનીય ગૃહ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને કહું છું કે કાયદો અને વ્યવસ્થાની બાબતમાં સરકાર કડકપણે વર્તે. એક જ વાત આતંકવાદ, આતંકવાદ, આતંકવાદ. શેનો આતંકવાદ. આ તો આપણે ઊભો કરેલો આ આતંકવાદ છે. આપણે આતંકવાદ ઊભો કર્યો છે. આતંકવાદની સામે આપણે જો ઝઝૂમવું હોય તો કાયદો અને વ્યવસ્થાની બાબતમાં આ પક્ષ હોય કે પેલો પક્ષ આ વ્યકિત હોય કે પેલી વ્યકિત, મારી હોય કે પરાઈ પણ કાયદો અને વ્યવસ્થાની બાબતમાં ચિંતા કરીશું તો મને લાગે છે કે આવનારા દિવસોની અંદર આપણે ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થા જાળવી શકીશું.

અન્ન અને નાગરિક પુરવઠા બાબતમાં ૧૭૪ કરોડની જોગવાઈ છે. બહું જ ઓછી જોગવાઈ એમ કહું તો ખોટું નહિ. ગુજરાતમાં જે રીતે જાહેર વિતરણ વ્યવસ્થાની પદ્ધતિ અગાઉની સરકારોએ દાખલ કરેલી. દિવાળીનો તહેવાર આવે, ટાઢી શીરીનો તહેવાર આવે, હોળીનો તહેવાર આવે, ઉત્તરાણયનો તહેવાર આવે પણ જે નાના નાના બી.પી.એલ. કાર્ડ ધારકો છે, ( સમય સૂચક ઘ ંટડી) એમને તહેવાર ઉપર સસ્તાભાવે તેલ, ખોળ અને અનાજ મળે. કેરોસીન મળે, તેવી જાહેર વિતરણ વ્યવસ્થાની પદ્ધતિ હતી એ તૂટી ગઈ છે. મારા તાલુકામાં રોજેરોજ કેરોસીનના કાળાબજારિયા પકડાતા જાય છે. આ રીતે જાહેર વિતરણ વ્યવસ્થા ફેઈલ થઈ છે માટે આ બજેટને કોઈ કાળે આવકારી શકાય તેમ નથી, એટલી વાત કહીને હું વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી જયનારાયણભાઈ.

**શ્રી જયનારાયણ વ્યાસ (માનનીય આરોગ્ય મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે. એમને હું હ્રદયપૂર્વક આવકાર આપવા માટે ઊભો થયો છું.

બજેટ, અંદાજપત્ર એ કોઈ મહેતાજીનું સરવૈયું નથી. અંદાજપત્ર એ કોઈ હિસાબ કિતાબ કે નાણાકીય લેવડ દેવડના લેખાજોખા નથી. કોઈપણ રાજ્યનું અંદાજપત્ર એ એના દિશા અને દશા નક્કી કરવાવાળું જાહેરાત છે. એ એની દિશા પણ નક્કી કરે છે અને દશા પણ નક્કી કરે છે. સાહેબ, સુવર્ણજયંતીનું આ વર્ષ છે. સુવર્ણ જયંતીના આ વર્ષમાં કમસેકમ એટલા તો નસીબદાર છીએ કે હવે માનનીય સભ્યશ્રીઓ માનતા થયા છે કે જે આંબો રોપાયો હતો, સાહેબ એને ખાતર ઓછું મળ્યું કે ગમે તે હોય, પણ ૫૦-૫૦ વર્ષે કેરી આવવાની શરૂ થઈ છે, એટલું તો અમારા માનનીય સાથી પક્ષો સ્વીકારે છે. હવે કેરી આવે છે એનો આનંદ છે. કેરી ગુજરાતની પ્રજાનું ફળ છે. કેરી એ મનોવાંચ્છાનું ફળ છે, કેરી એ આમ્રફળ તરીકે અમૃત ફળ છે. સુવર્ણ જયંતી વર્ષે ગુજરાતના આ કલ્પ વૃક્ષને ફળ આવવા માંડયા છે અને આ ફળ માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચેના એક હજાર દિવસના વિક્રમી શાસનના પરિપાર્ત રૂપે આવ્યા છે, એનો અમને આનંદ છે. આ વાતની સાથે સાથે ક્યારેક આશ્ચર્ય પણ થાય છે કે આટલું બધું...

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામ બાદ ૫-૦૦ વાગ્યે ફરીથી મળીશું.

**વિરામ સાંજના ૪.૩૦ થી ૫.૦૦**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને**

**શ્રી જયનારાયણ વ્યાસ(ક્રમશ)** માનનીય અધ્યક્ષશ્રી, હું વિરામના સમય પહેલાં એમ કહેતો હતો કે કોઈપણ સરકારનું બજેટ તે વિકાસની દિશા નકકી કરનારું અને તેના માટે નાણાંકીય સાધનોની વ્યવસ્થા કરવાનું અને તે નાણાંકીય સાધનો કયાંથી આવવાના છે તેના માટેના આયોજન સાથે રચવામાં આવે છે. તેની રચના કરવામાં અને આજે આપણે વૈશ્વિકરણના જમાનામાં જીવીએ છીએ ત્યારે વૈશ્વિક અર્થ વ્યવસ્થાના પ્રવાહો, રાષ્ટ્રીય અર્થ વ્યવસ્થાના પ્રવાહો અને ત્યારબાદ રાજયમાં પ્રવર્તમાન અર્થ વ્યવસ્થાની પરિસ્થિતિ આ ત્રણે મુદ્દાને લક્ષમાં લેવા પડે. આ વખતે માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તે કયા પરિપ્રેક્ષ્યમાં આ અંદાજપત્રને આપણે જોવું જોઈએ તેના માટે મારે પ્રથમ આ મુદ્દાની વાત કરવી છે. વિશ્વનો કોઈ દેશ વૈશ્વિક ઘટનાઓથી અલિપ્ત રહી શકતો નથી. ૨૦૦૯નું વર્ષ અમેરિકાની સબપ્રાઈમ કટોકટીનું વર્ષ હતું. પરિણામે વૈશ્વિક મંદીના આ ઝપાટામાં દુનિયાના અનેક દેશો આવ્યા, ભારત પણ આ અસરમાંથી મુકત રહી શકે નહીં અને એટલા માટે આ દેશનું જે

અંદાજપત્ર છઠ્ઠી જુલાઈ ૨૦૦૯ના રોજ રજૂ કરવામાં આવ્યું તે અંદાજપત્રમાં તેનો પડઘો પડે છે. જેનો એક નાનો પેરેગ્રામ ૧૪ નંબરનો મારા વકતવ્યના અનુસંધાનમાં હું ટાંકવા માગું છું. આ અંદાજપત્રમાં એવું લખવામાં આવ્યું છે કે This fiscal accommodation lead to increase of fiscal deficit from ૨.૭% in ૨૦૦૭-૦૮ to ૬.૨% of GDP in ૨૦૦૮-૦૯. The difference between the actual of ૨૦૦૭-૦૮ and ૨૦૦૮-૦૯ constituted ૩.૫% of the GDP. સાહેબ ૩.૫ ટકા જી.ડી.પી.નો ભારત સરકારના અર્થતંત્રમાં ખાધ આવે, તેમની ધારણામાં તે પ્રકારનો ધકકો વાગ્યો અને ૩.૫ ટકા એટલે ૧ લાખ અને ૮૬ હજાર કરોડ રૂપિયા થાય. ગુજરાતના દેવાની વારે ઘડીએ લોકો દુહાઈ આપે છે તેમને એક ઝાટકે ૧ લાખ ૮૬ હજાર કરોડ આટલા વર્ષોનું આ ગુજરાતનું કુલ દેવું છે તેટલો બોજો માત્ર ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાનમાં અર્થ વ્યવસ્થાનું ચલણ રહયું તેના કારણે આ દેશ ઉપર તેના કારણે આટલો એક જ વર્ષમાં બોજો પડયો. ત્યારપછી આગળ આ પરિસ્થિતિ કઈ દિશામાં ગઈ તે જોઈએ તો ચાલુ સાલનું બજેટ, અંદાજપત્ર રજૂ થયું ૨૬-૨-૨૦૧૦ના રોજ. તેમાં એ પરિસ્થિતિની શું અસર થઈ તે અંગેની વાત કહેવામાં આવી છે. તેનો એક પેરેગ્રાફ આપની રજાથી હું ટાંકવા માગું છું. I quote, "In ૨૦૦૯, when I presented interim budget in February and the regular budget in July in this August House, Indian economy was facing grave uncertainties. Growth has started decelerating and the business sentiment was weak. The economic capacity to sustain high growth was under serious threat from the wide spared economic slow down in the developed world. Short term global outlook was bleak and the consensus was that year ૨૦૦૯ would face burnt of the crisis across the world." I unquote. સાહેબ આ પરિસ્થિતિ દેશની અર્થ વ્યવસ્થાની હોય તે પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં જયારે ૨.૭ ટકા નાણાંકીય ખાધ દેશમાં રહેવાની ધારણા હતી તે વધીને ૬.૧ ટકા થઈ જાય. તેનો અર્થ એ થાય કે ૧ લાખ ૮૬ હજાર કરોડ રૂપિયા નાણા ખાધમાં વધી જાય અને ૧.૧ ટકામાંથી મહેસૂલી ખાધ વધીને ૪.૫ ટકા થઈ જાય તેનો અર્થ એ કે ૩.૪ ટકા જી.ડી.પી.ના મહેસૂલી ખાધ એટલે ૧ લાખ ૮૦ કરોડ રૂપિયા વધી જાય. એ પ્રકારની અર્થ વ્યવસ્થાના પરિપ્રેક્ષમાં આ દેશની અર્થ વ્યવસ્થા ચાલે છે અને એ પરિસ્થિતિમાં આ રાજયના બજેટને અને માનનીય નાણા મંત્રીશ્રીને મેં પહેલાં પણ કહયું હતું કે હું અભિનંદન આપવા માગું છું. એમણે સોળ-સોળ બજેટ રજૂ કર્યા છે એ એક વિક્રમ છે પણ એ વિક્રમ ઉપરાંત એક નવું કિર્તીમાન એમણે સ્થાપિત કરેલ છે, આ રાજયની અર્થ વ્યવસ્થાને, આ રાજયની નાણા વ્યવસ્થાને સુપેરે ચલાવવાનો એમણે કિર્તીમાન સ્થાપિત કર્યો છે. આપણા ગુજરાતની પરિસ્થિતિ શું થઈ? મહેસૂલી ખાધ ૨૦૦૭-૦૮ સુધીમાં શૂન્ય કરવાની હતી. રાજયે ૨૦૦૬-૦૭માં મહેસૂલી પૂરાંત હાંસલ કરી, એક વર્ષ પહેલાં આ સિધ્ધિ હાંસલ કરી છે. કેન્દ્ર આ સ્થિતિ નથી ઉભી કરી શકયું, આ રાષ્ટ્રિય અર્થ વ્યવસ્થાના પરિપ્રેક્ષમાં એ નાનીસુની સિધ્ધિ નથી. નાણાં ખાધ ૨૦૦૮-૦૯ સુધીમાં ઘટાડીને ત્રણ ટકા કરવાની હતી. આ લક્ષ્યાંક બે વર્ષ પહેલો ૨૦૦૬-૦૭માં આપણે હાંસલ કર્યો. આ સિધ્ધિના પરિપ્રેક્ષમાં મંદીના વર્ષ ૨૦૦૮-૦૯ જોઈએ તો ૨૦૦૯ના વર્ષમાં ૪૦૦૦ કરોડ રૂપિયાનો બોજ તો છઠ્ઠા પગારપંચનો પડ્યો, ૪૦૦૦ કરોડ રૂપિયાનો બોજ પડ્યો એનો સવાલ નથી પણ આ પગાર પંચ છેને એને સમજવા જેવું છે. પગાર પંચ એ કેન્દ્ર સરકાર પોતે જયારે પોતાના કર્મચારીઓને ત્યારે સ્વાભાવિક રીતે જ એ માટેની રાજયોમાં માગણી થાય છે. કેન્દ્ર સરકારનો બોજો તો મર્યાદિત છે પોતાના કર્મચારીઓ પૂરતો, પણ બધા જ રાજયો જયારે પોતાના કર્મચારીઓને એમના ઉપર ફરજ પડે કે આ આપવું પડે છે ત્યારે કેન્દ્ર કુલ જે આપે છે એના કરતાં વધારે આવકવેરાની આવકને કારણે મેળવે છે એટલે કેન્દ્રએ છઠ્ઠું પગાર પંચ આપીને રાજયોના ઉપર જે બોજો નાખ્યો સાહેબ, એના કારણે એમની તો આવક વધે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૭૨૦ કરોડના સરદાર સરોવરના બોન્ડ, જે વધારે ડીપડિસ્કાઉન્ટ બોન્ડ હતા એને આપણે વહેલા પાછા ખરીદવાનું કામ કર્યુ. પરિણામે ૨૦૦૮-૦૯માં નાણાકીય ખાધ ૩ાા ટકા થવાની હતી અને ૨૦૦૯-૧૦માં વધીને ૪ ટકા થવાની હતી પણ ખરેખર થઈ ૩.૧ ટકા અને ૩.૩૧ ટકા. સાહેબ, નાણા મંત્રીશ્રીને જે અભિનંદન આપવાની વાત કહું છું એ આંકડાઓના આધાર પર કહું છું કે એમણે નાણાકીય ખાધને કાબુમાં રાખવાનું સુંદર કામ આ નાણાકીય વહીવટ થકી કર્યું છે. મંદીની અસર ખારી છે, પગાર પંચનો બોજો પડયો એનો આંચકો પચાવ્યો છે. આર્થિક પ્રગતિ જાળવી રાખી છે અને એનો યશ કોઈને જતો હોય તો આ ગુજરાત રાજયની આર્થિક પ્રગતિને જાળવવા માટે પોતાના એક હજાર દિવસ કરતાં પણ વધુ સમયના વિક્રમી શાસનમાં માનનીય નરેન્દ્રભાઈના રાજય વહીવટમાં વાયબ્રન્ટ ગુજરાત જેને ખૂબ કયારેય કોઈ દિવસ એને ટાંકવા સિવાય અને વખોડવા સિવાયનું કામ નથી થતું. કૃષિ મહોત્સવ, પતંગોમહોત્સવથી માંડીને ગણેશોત્સવ જેવા તહેવારો, આ બધાયે રાજયની અર્થ વ્યવસ્થા પર સવળી અસર કરી છે. આજે જો કોઈ એમ કહેતું હોય આ ઉત્સવો શાના માટે ઉજવ્યા? તો આજે હું જવાબદારીપૂર્વક આ ગૃહમાં કહી શકું છું કે, આ ઉત્સવો ઉજવીને જો રાજયની અર્થ વ્યવસ્થાને રોકાણકારો માટે જીવંત ન રાખી હોત આ રાજયની અર્થ વ્યવસ્થાની દશા પણ દેશ અને દુનિયાની અર્થ વ્યવસ્થાની દશા જેવી થઈ હોત. આપણે એમાંથી આ રાજયને બચાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર રાજયના દેવાની દુહાઈ દેવામાં આવે છે. માનનીય સભ્યશ્રી ખુમાનસિંહભાઈ બોલતા હતા એમણે પણ રાજયના દેવાની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર નથી પડતી કે આ કયા આંકડાને લઈને એ વાત કરવામાં આવે છે? (અંતરાય) કેગના આંકડા તો સાચા છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહજી, (અંતરાય) નહીં, નહીં, તમને પણ જવાબ આપવાનો અધિકાર છે હજી પણ આપણા વકતાઓ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઈ..

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ માટે કહયું છે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી,..

**અધ્યક્ષશ્રી** : એને તો પ્રશ્ન, પોતાના વકતવ્યમાં એમના..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી સાહેબ આજે વ્યથા એટલા માટે છે કે, શ્રી નીતિનભાઈ બેઠા બેઠા ડિસ્ટર્બ કરતા હોય છે, આપ હસો છો, શ્રી ખુમાનસિંહભાઈ ઉપર ગુસ્સે થાઓ છો, મેં એમણે કવેચ્ચન પોઝ કર્યો કવેચ્ચન પોઝ કર્યો એટલે કે મેં માત્ર બેઠાં બેઠાં એટલું કહયું કે કેગના આધાર ઉપર. કેગે ટીકા કરી હોય દેવાની એ મુખ્ય કારણ થયું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કેગની ટીકા સકારણ જ હોય અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે વાત કરી એને હું ખૂબ ખેલદિલીપૂર્વક સ્વીકારું છું. રાજ્યનું દેવું ખરેખર ચિંતાજનક છે, રાજ્યના દેવાનો આંકડો ૨ લાખ કરોડ જેટલે પહોંચ્યો છે પણ મારે માનનીય વિપક્ષના નેતાશ્રીને કહેવું છે કે, કેગની ટીકાથી દૂર રહીને તમારા ખૂદના નાણામંત્રીશ્રીઓ જે બજેટ રજૂ કરે છે એ વાચવાની પણ જરૂરત છે આ દેશનું કુલ દેવું ૩૭ લાખ ૮૦ હજાર કરોડે પહોંચ્યું છે. ગુજરાતના દેવા કરતા ૧૯ ગણુ વધારે દેવું છે અને આ એમના રેફરન્સ માટે જોઈતો હોય તો આપવા તૈયાર છું આ રિપોર્ટ તમારી સરકારે જ બહાર પાડ્યા છે. I am not quoting it from any other document, I am quoting it from Economic Survey which is the most authentic document. ૬૦% of the GDP is the national debt. If the internal debt of nation is ૬૦% of the GDP, Gujarat's ૩૦% GDP debt is very low. અમે એનાથી અડધા પણ નથી સર. અને ગુજરાતના દેવાની દુહાઈ દો છો તમે ત્યારે એમ કહો છો કે, અમે ૨૦ હજાર રૂપિયાનું માથાદીઠ દેવું લોકોના ઉપર નાખી દીધું છે તો દેશે જે માથાદીઠ દેવું નાખ્યું છે એના આંકડા કાઢ્યા છે મેં એ જુઓ, ૫૪,૭૦૦ રૂપિયાનું માથાદીઠ દેવું લઈને આ દેશમાં બાળક જન્મે છે. ૫૪,૭૦૦ રૂપિયાનું દેવું લઈને આ દેશનો નાગરિક જન્મે છે. આ રાજયના માથાદીઠ ૨૦,૦૦૦ ના દેવાની આપણે વાતો કરીએ. રાજ્ય સરકારે છેલ્લા દસ વર્ષમાં રાજ્યની તિજોરીને જાળવી છે નહીં તો રાષ્ટ્રની સાથે સાથે બધામાં સરખામણી કરીને દેવું ત્યાં લઈ ગયા હોતને તો આજે રાજ્યનો બાળક પણ ૬૦,૦૦૦ રૂપિયા માથાદીઠ દેવાનો ભોગ બન્યો હોત એના કરતા ત્રીજા ભાગનું દેવું રાજ્યના બાળકનું છે એનો અમને આનંદ છે. પણ હકીકતો તો સમજવાની જ નહીં. સંસ્કૃતમાં એક શ્લોક હું વાંચતો હતો, એ શ્લોકમાં એવું છે કે, "દેવા પશ્ચયતી લોલૂક: કાકો નક્તમ ન પશ્ચયતે અપુર્વ કો અપિ કામાંદો દેવા નક્તમ ન પશ્ચયતે." કોઈ પણ વાસનાથી આશક્ત થયેલ માણસ હોય, રાજકીય વૃત્તિથી પ્રેરિત માણસ હોય, એક જ દિશામાં જોવા વાળો માણસ હોય એને ન રાતે દેખાય ન દિવસે દેખાય. ઈકોનોમીક સર્વેના આંકડા પણ ન દેખાય એમને. આ તો આખા દેશની વાત આપણે કરી અને એટલા માટે તમે જ્યારે બીજાના સામે આંગળી કરો છો ત્યારે આપણે હંમેશા એ યાદ રાખીએ કે જ્યારે હું એક આંગળી કોઈના સામે કરું છું ચાર આંગળી મારા સામે થાય છે. અને કબીરની પંક્તિઓ માનનીય વિપક્ષના નેતાશ્રી આપ લખો છો તો લખી રાખજો. માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય વિપક્ષના નેતાશ્રીને હું આ કબીરની પંક્તિઓ ભેટ ધરવા માગુ છું. એમણે એવું કહ્યું છે કબીરજીએ કે, "બૂરા ખોજન નિસર્યો બૂરા મિલા ન કોઈ, જબ જબ અંતર ઝાંખિયો મુજસે બૂરા ન કોઈ કબીરા, મુજસે બૂરા ન કોઈ કબીરા, મુજસે બૂરા ન કોઈ." ૫૭ હજારથી ૬૦ હજારનું માથાદીઠ દેવું આ દેશના ઉપર જેમના શાસનમાં ઝીંકાય છે એ લોકો ૨૦ હજારના માથાદીઠ દેવાની ટીકા કરે છે! મારે એમને એવું કહેવું છે કે, જરા તો અંતરમાં ઝાંખો, ક્યાંક તો તમે તમારા આત્માને ઢંઢોળો, ક્યાંક તો તમારી સંવેદનાને પંપાળો. તમે દિલ્હીની નાણા વ્યવસ્થાપન કરતા રાજ્યનનું વ્યવસ્થાપન સારું ચાલે છે એ સ્વીકારો. એ નાણા વ્યવસ્થાપનના દર્પણમાં જોઈએ તો પેલી પંકિતઓ યાદ આવે છે, 'તેરા મન દર્પન કહેલાયે ભલેબૂરે સારે કર્મો કો દેખે ઓર દીખાએ, તેરા મન દર્પન કહેલાયે.' મનના દર્પણમાં જુઓ તમે શું કર્યું છે, માથાદીઠ દેવું દેશનું ક્યાં ઉભું છે, રાજ્યનું ક્યાં ઉભું છે? ક્યાંક સંવેદના જીવંત હોય તો ગુજરાતની નાણા વ્યવસ્થા અને નાણા વ્યવસ્થાપન અતિ ઉત્તમ રીતે ચાલે છે એને સ્વીકારવા સિવાય બીજો કોઈ રસ્તો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના બજેટના ૩૦ ટકા કૃષિ અને સંલગ્ન બાબતો માટે છે. હું આંકડા વાંચતો હતો ઈકોનોમીક સર્વેમાંથી પાના નં.૨૧ પર ૨.૧ નંબરના ટેબલમાં આંકડા છે.દેશનો કૃષિ વિકાસ ૧૯૯૧-૯૨માં -૨ ટકા. ૯૭-૯૮માં -૨.૬ ટકા. ૨૦૦૨-૦૩માં -૭.૨ ટકા. ૨૦૦૮-૦૯માં ૧.૬ ટકા. સાહેબ, આ રાજયે કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ આ બધા અભિનવ પ્રયોગો થકી જે પ્રગતિ કરી છે એને કારણે ગુજરાતનો કૃષિ વિકાસ બે આંકડાની રકમ કરતા વધારે રહ્યો છે. એનું ગુજરાતી તરીકે આપણને ગૌરવ હોવું જોઈએ. માનનીય

અધ્યક્ષશ્રી, આપણે ફૂડ પ્રાઈસ રીસર્ચ ઈન્સ્ટિટયૂટના અવલોકનને જો માનીએ તો ગુજરાત દેશનું સૌથી વધુ પ્રગતિશીલ કૃષિ ક્ષેત્રે કામગીરી કરતું રાજય છે. અને આ બાબતને આપણે લક્ષમાં રાખીએ તો જે જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે, એ કૃષિ સંલગ્ન બાબત માટે ૩૦ ટકા જેટલી જોગવાઈ કરી છે. સામાજીક સેવાઓ માટે ૪૨ ટકા જોગવાઈ કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઈને જોગવાઈ ઓછી લાગી હશે, ૧૫ ટકા થતી હોય તો. એમને સાડા સત્તર ટકા જોઈતી હશે, પણ સાહેબ, પહેલા ૬ ટકા થતી હતી. એ શાસનના ૪૦ વર્ષ યાદ કરો કે જયારે આદિવાસીઓ માટે ૬ થી ૭ ટકાથી વધારે જોગવાઈ થતી નહોતી. અહીંયા તો ૧૫ ટકા કરતા વધારે જોગવાઈ થાય છે. વનબંધુ યોજના નીચે પણ વિશિષ્ટ વિકાસના કામો આ રાજય સરકાર કરે છે,

માનનીય અધ્યક્ષશ્રી, જેને સૌથી પહેલા નર્મદાનું પાણી મળે, ગુજરાતીમાં એક કહેવત છે કે બધા રોવે તો ચાલે પણ સાત છોકરાની માએ મો ના ઉઘાડે? નર્મદા યોજનાના પાણી સૌથી પહેલા સાવલીને મળ્યા. સૌથી પહેલુ સાવલીને મળ્યુ. જયારે ત્યારે, નર્મદા યોજનાને કયારેય રાજકીય મુદ્દો મેં નથી બનાવ્યો. હું ઈચ્છું કે કોઈ ન બનાવે. પરંતુ નર્મદા યોજનાની નહેરો એ જ નર્મદા યોજના છે? નર્મદા યોજના એ બહુહેતુક યોજના છે. આપણે કેમ એ ભૂલી જઈએ છીએ કે નર્મદા યોજનામાં ૧૪૫૦ મેગાવોટ વીજળી આપણે પેદા કરીએ છીએ. છેલ્લા ૩ વર્ષમાં ૬ હજાર કરોડની વીજળી આપણે પેદા કરી છે. અને ૬ હજાર કરોડ રૂપિયાની વીજળી પેદા કરીને ૫૭ ટકા મધ્યપ્રદેશને આપી છે, ૨૭ ટકા મહારાષ્ટ્રને આપી છે. એ એમના શાસિત રાજયોની આડોડાઈના કારણે નર્મદા યોજના મોડી ન થઈ હોત તો કદાચ વહેલી આપી શકાઈ હોત. મધ્યપ્રદેશે જો નર્મદા યોજનામાં સહકાર આપ્યો હોત તો આ યોજના ઘણી વહેલી થાત. ભાઈ દિગવિજયસિંહની વિદાય પછી જ નર્મદા યોજનાનું ગાડું પાટે ચડયું છે, એટલે એનો તો રેફરન્સ જ આપવા જેવો નથી આપણે. નર્મદા યોજનામાંથી ૧૦૦૦૦ ગામડાને પીવાનું પાણી મળવાનું છે. એમાંથી ૪૦૦૦ ગામડાને અત્યારે પીવાનું પાણી આપ્યું છે. ૧૩૫ શહેરોને પીવાનું પાણી મળવાનું છે, એમાંથી અડધોઅડધ શહેરોને પીવાનું પાણી આપ્યું છે.. નર્મદા યોજનાની સિંચાઈની વાત કરીએ તો ૨૦ લાખ હેકટરને સિંચાઈ થવાની હતી, એ ૨૦ લાખ હેકટરમાંથી અઢી લાખ હેકટર થઈ છે. એનો અમારા સાથીઓને વાંધો છે. મારે એમને ખૂબ નમ્રતાપુર્વક કહેવું છે કે ૧૯૫૬માં કાકરાપાર વીઅર બંધાયું ત્યારથી ૨૦૦૮ એટલે કે ખાસ્સા બાવન વર્ષમાં આ રાજયમાં ૧૫ લાખ હેકટર સિંચાઈ ઉભી થઈ. મધ્યમ અને મોટી યોજનાઓમાં. કુલ મળીને બાવન વર્ષમાં ૧૫ લાખ હેકટર સિંચાઈ ઉભી થઈ. નર્મદા યોજના એકલી જ ૨૦ લાખ હેકટરને આપવાની છે, અને ડ્રીપ અને સ્પ્રીન્કલર અપનાવીએ તો કદાચ ૩૫ લાખ હેકટર સુધી જઈ શકાય તેમ છે. મુખ્ય નહેર ૪૫૮ કિલોમીટર અને ૭૫ હજાર કિલોમીટર જેટલા શાખા પ્રશાખાના જાળા કરવાના છે. અઢી લાખ હેકટરને ૩ વર્ષમાં જો સિંચાઈ આપી શકાઈ હોય તો એમણે જે ગતિથી અત્યાર સુધી મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓએ આ રાજયને પાણી આપ્યું છે એના કરતા લગભગ ૪ ગણી ગતિથી નર્મદા યોજનાના સિંચાઈના વિકાસના કામ ચાલી રહ્યા છે એ ઝડપી બનાવવાની બાબતમાં કોઈનો મત બેમત હોઈ શકે, પણ ભૂતકાળની સાથે સરખામણી કરીએ તો તમે ૧૫ લાખ હેકટર ડેવલપ થયા, એના માટે ૫૨ વર્ષ ચાલે અને નર્મદા યોજનાના ૨૦ લાખ હેકટર ડેવલપ કરવા માટે અમે ૫૨ વર્ષ નહીં લઈએ, પણ ૫૨ વર્ષના બદલે ૧૦ વર્ષ નહીં ચાલે. (અંતરાય) હું સિંચાઈ વિભાગની માગણીઓને જસ્ટિફાઈ કરી રહ્યો છું, માનનીય વિપક્ષના નેતાશ્રી.

**અધ્યક્ષશ્રી** : અહીંયા જે ચર્ચા ઉભી થઈ છે, એનો જવાબ..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મારી મુશ્કેલી એ છે કે ડખલ નામનો વાયરસ છે એ એરબોન છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : એને પણ સ્વાઈન ફલુની માફક દફનાવી દઈએ, બીજું શું થાય? (અંતરાય) કોને થયો હતો અને કોને નહોતો થયો એની ચર્ચામાં પડવું નથી કારણ કે અહીંયાં થયો છે, જે જે રોગ એ આપણે કહીશું તો એની જુદી યાદી ખુલશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત કૃષિ ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે, એનું આપણને સૌને ગૌરવ હોવું જોઈએ. આજે ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓ સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર અને જયાં નર્મદાનાં પાણી પહોંચતાં થયાં છે અને રોજનું ૨ કરોડ લિટર દૂધ આ જિલ્લાઓ પેદા કરે છે, ૧૨ હજાર કરોડ રૂપિયાનું દૂધ આ જિલ્લાઓ પેદા કરે છે અને દર મિનિટે ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓ ૨ લાખ રૂપિયાનું દૂધ પેદા કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનાં ફળ જોવાં હોય તો આ બધી જ બાબતો લેવી પડે અને એ નર્મદા યોજનાની જો વાત કરતા હોય અને આપણે આપણી વાતમાં પ્રમાણિક હોય તો આ નર્મદા યોજના બાબતમાં માનનીય નાણામંત્રીશ્રીએ બજેટમાં જોગવાઈ કરી છે એમાં ૧ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે ઉત્તર ગુજરાત માટે અને સૌરાષ્ટ્ર માટે ૨૯૦૦ કરોડ રૂપિયાની અને કચ્છ વિસ્તાર માટે ૯૪૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. આપણે નર્મદા યોજનાની વાત કરીએ છીએ તો વાતો કરવાથી એ નહીં થાય. નર્મદા યોજનાની પૂર્તતા માટે પૂરતી જોગવાઈ કરીને નાણામંત્રીશ્રીએ આ બજેટમાં નર્મદા યોજના માટે સરકારની પ્રતિબધ્ધતાનો પડઘો પાડયો છે એ વાત માન્યા સિવાય ચાલે તેમ નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે જે સમય માગ્યો હતો એ પૂરો જઈ જવા આવ્યો છે. (અંતરાય) મને કોઈ વાંધો નથી, પછી દંડકશ્રી બીજા સભ્યોનો સમય ઓછો કરવો પડશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હા, એકાદ સભ્યશ્રીને ઓછા કરીશું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી બને તેટલી ઝડપથી મારી વાત પૂરી કરીશ. આ નર્મદા યોજનાની પ્રતિબધ્ધતા છે એ નર્મદા યોજના માટે આ બજેટમાં જોગવાઈ કરી છે એ એના ઉપરથી ફલિત થાય છ. તો આ બધું કેમ કરવું પડે છે?

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં વાત કરવામાં આવી કે ૨ ટકા સેસ પાછો ખેંચવામાં આવ્યો છે. તો એના કારણે રાજયના વેપારને અવળી અસર પડશે, રાજયના ઉદોગોને અવળી અસર પડશે, પરંતુ આનું મૂળ શું છે? ૪ ટકા સેન્ટ્રલ સેઇસ ટેકસ ઉઘરાવતું હતું એસેન્ટ્રલ સેલ્સ ટેકસના પૈસા રાજયને પૂરેપૂરા મળતા હતા, કેન્દ્ર સરકારે એમાં ખેરાત કરી અને ૨ ટકા કરી નાખ્યા અને રાજયને પૈસા મળવા જોઈએ એ આપવાની ના કહે તો રાજય પૈસા લાવે કયાંથી? એક બાજુથી રાજયના પૈસા લઈ લો મોં દાબી મરચું દળવવાની વાત કરો એ કઈ રીતે ચાલે.? આ ૪ ટકા વેચાણવેરામાંથી ૨ ટકા કર્યા એનો આનંદ છે, પરંતુ અમારા ૨૨૦૦ કરોડ રૂપિયા તો કેન્દ્ર સરકાર પાસેથી લેવાના નીકળે છે એ ૨૨૦૦ કરોડ રૂપિયા મળવાના હોય તો હું નથી માનતો કે આ ૨ ટકા સેસ પાછો ખેચંવાની, રાહત પાછી ખેંચવાનું પગલું લેવું પડે એ લેવું પડયું ન હોત અને છતાં પણ તેમણે જુલાઈ સુધી રાહ જોવાની ઉદારતાથી તૈયારી બતાવી છે. તો જો આપણે ગુજરાતને આપણું ગુજરાત ગણતા હોય, ખરેખર ગુજરાતની વેપારની અને ગુજરાતના ઉદ્યોગોની ચિંતા કરતા હોય તો ચાલો દિલ્હી જઈને ગુજરાતના હકકના પૈસા લઈ આવીએ. તો એ તો કરવું નથી. ત્યાં આગળ દિલ્હીમાં હાઈ કમાન્ડ સામે તો બોલવાનું કોઈનું ગજું નથી, દિલ્હી જઈને તો કશું કરવું નથી, ગુજરાતના પૈસા લાવવા નથી અને ગુજરાતના પૈસા મળે નહીં અને ગુજરાત ટેકસ નાંખે અને સરવાળે ગુજરાતનો વિકાસ રૂંધાય, આ બધા પ્રશ્નોનું નિર્માણ કરવા માટે કોણ જવાબદાર છે? અને પછી એમ કહેવું કે તમારું ગુજરાત. તો અમારું ગુજરાત છે, સાડી સત્તરવાર અમારું ગુજરાત છે, તમે ગુજરાની પ્રજા પાસેથી તમે અમારું ગુજરાત કહેડાવવા માગો છો અને ગુજરાતની પ્રજાએ એ સ્વીકાર્યુ છે. તમારા હૈયે હોય એ હોઠે આવે. તો અમારા ગુજરાતને આ રીતે અન્યાય કરવામાં આવે છે. કહેણી અને કરણી બન્ને એક હોય તો આ કદાચ ૨ ટકાવાળી વાત છે, આપણને એટલા માટે ચિંતા હોય, વેપાર અનેઉદ્યોગની ચિંતા હોય તો આપણે આ બાબતમાં સાથે જઈને ગુજરાતના આ પ્રશ્નો છે એ ઉકેલવાની ચિંતા કરવી પડશે.. કેટલા લોકોએ કેટલું કામ કર્યુ? તો એમનો જ કેન્દ્રનો દાખલો લઈએ તો કારણ કે રાષ્ટ્રની આબોહવાની અસર આપણને થાય છે.કૃષિ મંત્રી દેશમાં મોંઘવારી વધે ત્યારે ભલે વધે જે થવું હય તે થાય ગરીબ માણસોને માટે પણ ખાંડના ભાવ નહીં ઘટે તેવી વાતને વળગી રહયા છે તેને ચલાવવા પડે છે. રેલવે મંત્રી દેશના નહીં પણ પશ્ચિમ બંગાળના રેલવે મંત્રી હોય તે રીતે પશ્ચિમ બંગાળ માટેની યોજનાઓ જાહેર કરે તેને ચલાવવા પડે, આ બધું એટલા માટે આવે છે કે જો એમના સાથીદારો દક્ષિણ ભારત માટે ૨૦૦ કરોડ રૂપિયા તિરુપુર માટે મંજૂર કરાવી શકતા હોય, તો સુરત માટે કેમ મંજૂર નથી કરાવી શકતા? સાહેબ અમારે કેમ કરવેરા નાખવા પડે છજે માનનીય નાણા મંત્રીશ્રીએ શેના માટે વધારો કરવો પડે છે? અમને લાવી આપો તમે કેન્દ્રમાંથી પૈસા, તમારા પ્રતિનિધિ ત્યાં બેઠા છે, ક્રુડની રોયલ્ટીથી માંડી સેન્ટ્રલ સેલ્સટેકસ સુધી બધી જ બાબતોમાં ગુજરાતને અન્યાય થાય, અને પછી એમ કહેવાનું કે નાણા મંત્રીશ્રીએ વધારાનો બોજો નહીં નાખવો કારણ કે અમને ઉદ્યોગો માટે પ્રેમ છે, અમને ઉદ્યોગો માટે લાગણી છે, તો ઉદ્યોગો માટે અહીં પ્રેમ બતાવવાનો અને કરવાનું કશું નહીં, આ ● **(xxxx)**તો ચાલે નહીં. એટલે ગુજરાતની આ લાગણી છે, અને સાહેબ જો નાણા મંત્રીની વાત કરવી હોય તો છેલ્લે ૨૦૦૫-૦૬માં મહેસુલી આવક ૨૫૦૬૭ કરોડ હતી, ૨૦૧૦-૧૧માં પાંચ વર્ષમાં ૪૯૪૭૭ કરોડ, બમણી કરી છે. કરવેરા વધાર્યા વગર પણ અત્યાર સુધી નાણા મંત્રીશ્રીએ ગુજરાતના નાણા વ્યવસ્થાપનનું નાવ સુપેરે હંકાર્યુ છે. પણ પછી તમે અવરોધો એવા ઉભા કરો કે નાણા મંત્રી પાસે કરવેરા નાખવા સિવાય કોઈ વિકલ્પ જ ન રહે, તો બીજો વિકલ્પ કઈ રીતે રહેવાનો હતો સાહેબ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તમારો હું • **(xxxx)** એ શબ્દ કાઢી નાખું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : થેન્કયુ સર, આઈ વીથ્ડ્રો સર. સાહેબ ૪૨.૩ ટકા સામાજિક સેવાઓ માટે બજેટની ફાળવણી છે. ૩૦ ટકા કૃષિ સંલગ્ન સેવાઓ માટેની ફાળવણી છે, ૭૨.૩ ટકા સામાજિક અને કૃષિ સેવાઓ માટેની આ બજેટમાં જોગવાઈ છે. વારંવાર જયારે જયારે રાજય સરકારની વાત આવે ત્યારે ઉદ્યોગો ઉદ્યોગો ના નામનું રટણ કરવામાં આવે છે. તો આ ૭૨ ટકા બજેટ માત્ર અને માત્ર સામાન્ય માણસ, માત્ર અને માત્ર ખેતી, માત્ર અને માત્ર સિંચાઈ, તેના માટે રાજય સરકારે જોગવાઈ કરી છે. અને તે વાત હું સ્પષ્ટ કરવા માગું છું કે રાજય સરકારનું પ્રથમ અને આખરી કમીટમેન્ટ જે છેવાડામાં છેવાડાના માણસ માટે છે અને એટલા માટે ગઈકાલે મને પૂછવામાં આવ્યું હતું કે પહેલા કેન્દ્ર સરકાર પૈસા આપતી હતી, અત્યારે પણ કેન્દ્ર સરકાર પૈસા આપે છે તમે શું કરો છો? તો એક જમાનામાં એક વડાપ્રધાને એવું કહયું હતું કે કેન્દ્ર સરકાર એક રૂપિયો આપે છે તેમાંથી ૧૫ પૈસા પહોંચે છે સાહેબ અમે રૂપિયાનો રૂપિયો પહોંચાડીએ છીએ, સામે જઈને પહોંચાડીએ છીએ,

• **(xxxx)**માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વચેટીયાઓને દૂર કરીને કોઈ પણ જાતની લાંચ રૂશ્વત કર્યા વગર પહોંચાડીએ છીએ, અને તેમના હાથો હાથ પહોંચાડીએ છીએ જો આ પહેલા થયું હોત તો ગરીબીને હટાવવાની વાત સિધ્ધ થઈ ગઈ હોત, ગરીબી હટાવવાની વાત સિધ્ધ થઈ હોત તો આઝાદી વખતે આ દેશની જેટલી વસતિ હતી એટલી વસતિ આજે ગરીબી રેખાની નીચે જીવે છે તે ન જીવતી હોત, અને ગરીબોના ઘરે સોનાના નળિયા થઈ ગયા હોત. અમે ૨૦ વર્ષથી રાજયમાં સારી રીતે પ્રયત્ન કરીએ છીએ, અને આ વચેટીયાઓને કાઢયા એ જ કયાંક ચચરે છે તકલીફ એ જ થાય છે, અત્યાર સુધી ગરીબોના નામે મત ઉઘરાવાતા હતા ગરીબોના હાથમાં ગલગલીયા કરીને લાડ કરાવતા હતા અમે સાચે સાચ એમના હાથમાં પૈસા આપવા માંડયા તેને કારણે આ બધી તકલીફ થાય છે, આ રાજય સરકારનું આ બજેટ ગરીબ લક્ષી છે, પ્રજા લક્ષી છે કૃષિ લક્ષી છે આ કારણ સર માનનીય અધ્યક્ષશ્રી, હું સંપૂર્ણ અંદાજપત્રને આવકારું છું, અને માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે એમણે આટલું સુંદર, સમતોલ અને આવી વિપરીત પરિસ્થિતિમાં પણ રાજયને સરસ મજાનું બજેટ આપ્યું છે અને પ્રજાની વિકાસની નાવ સુપેરે ચાલે તે માટેના પ્રયત્નો કર્યા છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ રાજયનું અંદાજપત્ર લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

આ બજૅટમાં ૭૫૦ કરોડ રૂપિયાનો બોજો ગુજરાતની પ્રજા ઉપર નાખવામાં આવ્યો છે અને લગભગ ૫૫૮.૪૪ કરોડની ખાધ આ બજૅટમાં દર્શાવવામાં આવી છે. મારા એક પ્રશ્નના જવાબમાં નાણામંત્રીશ્રીએ કબૂલ્યું હતું કે એસ્સાર કંપની પાસેથી વેટના ૨૨૧૩ કરોડ રૂપિયા વસુલવાના બાકી છે. એસ્સાર પાસેથી માનનીય નાણામંત્રીશ્રીએ આ રકમ વસૂલ કરી લીધી હોત તો ન તો ખાધ રહેત કે ન તો બજૅટમાં વેરા નાખવા પડ્યા હોત. પરંતુ આખા ગુજરાતની જનતા જાણે છે કે આ સરકાર તો પાંચ કંપનીઓની સરકાર છે, પાંચ કરોડપતિઓની સરકાર છે અને એટલા માટે આજ પરિણામ હોય. આટલા પૈસાથી એક વર્ષ સુધીનું નર્મદા વિભાગનું બજૅટ થઈ શક્યું હોત એટલી રકમ આ એસ્સાર કંપની પાસેથી લેવાની બાકી છે.

હમણાં મેં માયાબહેનને સાંભળ્યા, શાંતિથી સાંભળ્યા. તેઓ આરોગ્ય વિષયક રાજયમાં કેવી સુવિધા છે એની વાત કરતા હતા. હમણાં જ તમને કહું કે અમારા ધોરાજી તાલુકાના મોટી પરબડીના તીર્થ બાબરિયા કરીને ચાર માસનો છોકરો યુ.એન. મહેતા હૉસ્પિટલમાં દાખલ થયો. એના હદયમાં દસ. એમ.એમ.નું કાણું હતું. ૪૭ દિવસ સુધી એના મા-બાપે આજીજી કરી કે તમે આ છોકરાનું ઑપરેશન કરો પરંતુ કોઈએ એ બાબતમાં ધ્યાન પણ ન આપ્યું અને અંતે એ છોકરો મરી ગયો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. ખોટુ રેકર્ડ ઉપર ન જાય એટલા માટે કહેવા માગું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું પ્રવચન ચાલે છે તેથી વચ્ચે કઈ રીતે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવી શકે?

**અધ્યક્ષશ્રી** : માનનીય જયનારાયણભાઈ, માનનીય સભ્યશ્રીનું પ્રવચન પૂરું થયા પછી જવાબ આપજો, આપને કલેરીફિકેશનની છૂટ છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : રાજયમાં આટલી મૅડિકલ કૉલેજો થઈ આટલી મૅડિકલ સીટો વધી પરંતુ આ બધું કર્યા પછી આજે રાજયના ગરીબ માણસોને સરકારી હૉસ્પિટલમાં સારવાર લેવા જતા એક નયા પૈસાની પણ દવા મળતી નથી. તમામે તમામ દવા બહારથી લેવાનું કહેવામાં આવે છે. એટલા માટે આજે ગરીબમાં ગરીબ માણસો પણ સરકારી હૉસ્પિટલોમાં સારવાર લેવા જતા નથી આવી આપણી આરોગ્ય વિષયક સુવિધા છે.

અમારા જિલ્લાની જી.જી. હૉસ્પિટલનું એક દિવસ સમગ્ર ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે નામ પડતું. આવડી મોટી હૉસ્પિટલ, આવડો મોટો જિલ્લો એમાં એક ન્યુરોસર્જનની વ્યવસ્થા આ સરકાર ન કરી શકતી હોય ત્યારે એમ કહેતા હોય કે અમે તો આવડી મોટી સુવિધા ઊભી કરી છે.

અહીંયા ઘણા સભ્યશ્રીઓએ બોરીબંધની વાત કરી, ભગવાન જાણે કોના મગજમાં તુક્કો સુજયો કે આખા રાજયમાં બોરીબંધ, બોરીબંધ થયા. બોરીબંધથી ફાયદો શું થયો છે એ તપાસો. ખોટો ખર્ચ થયો છે, ભ્રષ્ટાચાર થયો છે. અહીંયા ઉપસ્થિત ગામડાંમાંથી આવતા ખેડૂત ધારાસભ્યોને કહેવા માગુ છું.કે તમે તમારી છાતી ઉપર હાથ મૂકીને અંતરાત્માને પૂછો કે આ બોરીબંધથી પાંચિયાનો ફાયદો થયો છે ખરો? બોરી બંધથી પાણીનું ટીંપું સંગ્રહ થયું છે ખરો ? માત્ર સરકારી પૈસાનો ખોટો દુરુપયોગ કરીને ખોટેખોટા આંકડા દર્શાવવાનું કામ આ બોરીબંધ દ્વારા કરી રહ્યા છે. પીવાના પાણીની વાત કરતા હતા કે રાજયમાં પીવાના પાણીની અમે આમ વ્યવસ્થા કરી છે. મારે કહેવું છે કે ગયા સત્રમાં મારા પ્રશ્નના જવાબમાં માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે તા. ૩૦-૯-૨૦૦૯ સુધીમાં જામનગર જિલ્લાના જે ગામડાંઓને નર્મદાનું નીર મળતું નથી તે તમામ ગામડાંઓને અને શહેરોને અમે નર્મદાનું પાણી પૂરું પાડીશું. હમણાં એક પ્રશ્નના જવાબમાં મેં વાંચ્યું કે તેમાં ૩૧-૩-૧૦ ડેડલાઈન આપી છે. પણ આ બે ડેડલાઈન વચ્ચે પાણી પુરવઠા મંત્રીશ્રી તપાસ કરી જૂએ કે જામનગર જિલ્લામાં એક પણ વધારાના ગામડાંને નર્મદા યોજનાનું પાણી પહોંચાડ્યું છે ખરું? માત્ર જાહેરાતો મેં જોઈ છે. આ બજૅટમાં ઘણાં બધા પૈસા પાણી પુરવઠા યોજનાના વિતરણ માટે ફાળવ્યા છે પણ જો એ ફાળવેલ પૈસાનો

ઉપયોગ ન થાય અને ખાલી વાતો થાય, તેનો પ્રચાર થાય અને ગામડાંના લોકો પાણી વગર ટળવળે તેનો અર્થ શું? આ પાણી પુરવઠાની યોજનાની જો વાત કરતા હોય તો પાણી પુરવઠા બોર્ડ પાસે જરૂરી સ્ટાફ નથી. મટિરિયલના પણ ફાંફા છે. ઝડપથી અને નિર્ધારિત સમયમાં એક પણ કામ પૂરા થતાં નથી અને પરિણામ સ્વરૂપ આ ગુજરાતના ગામડામાં લોકો પીવાના પાણીની તકલીફ ભોગવી રહ્યા છે. કલ્પસર યોજના નામે ઘણી બધી વાતો થતી હતી. વર્ષોથી આ સરકાર વાતો કરતી આવે પણ આ બજૅટમાં કલ્પસર યોજનાના નામનો એક પૈસો પણ મૂકવામાં આવ્યો નથી. એટલું જ નહીં પણ નર્મદા યોજનાનું પાણી સિંચાઈ માટે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પહોંચવાનું નથી. ત્યાં વિશેષ સિંચાઈ માટેની સુવિધા ઉભી કરવા માટે એક પૈસાની પણ જોગવાઈ કરવામાં આવી નથી. મારા મત વિસ્તારમાં ૨૦૦૨માં એક સિંચાઈ યોજનાનું ખાતમુહૂર્ત માનનીય મંત્રીશ્રી કરી ગયા હતા. દુઃખ સાથે હું કહું છું કે આજની તારીખ સુધી તેના પાયામાં એક પાણો પણ મૂકવામાં આવ્યો નથી. માત્ર જાહેરાતો કરવી, મોટી મોટી વાતો કરવી, સ્વર્ણિમ ગુજરાતના નામે મોટા સ્વપ્નો દેખાડવા આ બધી જ માનનીય નાણામંત્રીના બજૅટમાં વાતો છે. માનનીય અધ્યક્ષશ્રી, આવી અવાસ્તવિક ફાળવણી અને અપૂરતી નાણાકીય ફાળવણીના કારણે હું નાણામંત્રીશ્રીના બજૅટને સહકાર આપી શકતો નથી.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સ્વર્ણિમ ગુજરાતનું સ્વર્ણિમ બજૅટ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને વજુભાઈ આ બજૅટ ૧૬મી વખત લઈને આવ્યા છે અને ગુજરાત આ બજૅટથી સોળે કળાએ ખીલી જવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા સાત-આઠ વર્ષથી ગુજરાતનો જે વિકાસ થયો છે એ માનનીય મુખ્યમંત્રી અને માનનીય નાણામંત્રીને ખૂબ જ આભારી છે. કારણ કે ગુજરાતમાં જે સર્વાંગી વિકાસ થયો છે એ ગુજરાતની કલ્પના બહારનો વિકાસ થયો છે. અન્ય રાજયોના લોકો પણ આ ગુજરાતના વિકાસને જોવા માટે આવે છે ત્યારે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થાય છે ત્યારે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે એક ગામમાં ૫૦ કામ કરવાના છે. પણ એ ૫૦ કામ આ વર્ષમાં જ થવાના છે ત્યારે આ ગુજરાત દુનિયામાં એક મોડેલ રાજય બનવાનું છે. ત્યારે ગુજરાતમાં જે વિકાસ થાય છે તે કલ્પના બહારનો વિકાસ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનેક કલ્યાણકારી યોજનાઓ આ સરકારે અમલમાં મૂકી છે અને આ બજૅટમાં ૪૦૦ કરોડ જેવી રકમ આ તરછોડાયેલ બક્ષી પંચની જાતિના વિકાસ માટે આ બજૅટમાં સમાવેશ કરવામાં આવેલો છે. ત્યારે આ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટે શૈક્ષણિક યોજનાઓ અમલમાં આવી છે, આર્થિક યોજનાઓ પણ અમલમાં આવી છે, આરોગ્ય અને ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ આ બજેટમાં સમાવવામાં આવી છે. ત્યારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટે આ સરકાર દ્વારા એકથી ચાર ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ.૧૦૦/- જેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, પાંચથી દસમા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ.૭૫થી રૂ.૧૭૫/-ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ગરીબ માણસોનો જે દીકરો છે એ પૈસાના વાંકે ભણી શકતો ન હોય, એ ગણવેશ ન લઈ શકતો હોય તો એને ગણવેશના રૂ.૧૫૦/- આપવામાં આવે છે. પછાતવર્ગનો કોઈ વિદ્યાર્થી જેને કોમર્શિયલ પાયલોટની ટ્રેનીંગમાં જવું હોય તો એને રૂ.૧૫/- લાખની સહાય આપવામાં આવે છે. એમ ફીલ અને એમ એડ માટે પણ વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા માટે સહાય આપવામાં આવે છે. જયારે કોઈ ગરીબ માણસની દીકરી હોય અને એ સમુહ લગ્નમાં જોડાય તો તેને સમુહ લગ્નના સાત ફેરા યોજના હેઠળ રૂ.૭૦૦૦/-ની સહાય આપવામાં આવે છે અને સમુહ લગ્નનું આયોજન કરે છે એને એક કન્યા દીઠ રૂ.૧૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. જયારે આ સરકાર વિકાસના કામો કરતી હોય, અનેક સામાજીક કામ કરતી હોય ત્યારે સામે બેઠેલા કોંગ્રેસના મિત્રો ટીકા કરે એ વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારી માટે રૂ.૩૦૦૦/-ની સહાય પણ આ સરકાર દ્વારા આપવામાં આવે છે. આવું સુંદર બજેટ લઈને માનનીય વજુભાઈ વાળા આવ્યા છે અને ગુજરાત સોળે કળાએ ખીલવાનું છે ત્યારે નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાને સમર્થન આપું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ શ્રી ભગવાનજીભાઈએ હમણાં કહ્યું કળા કરવાનું, મોરલો કળા કરે. હું હમણાં પ્રવચન વાંચતો હતો ત્યારે મને એક વાત યાદ આવી ગઈ. વાત એવી છે કે, આપણા મૃત્યુ લોકમાંથી એક ભાઈ ગુજરી જાય છે, ગુજરીને ઉપર જાય છે. તો આપણા નિયમ પ્રમાણે યમરાજા એની સુનાવણી કરે છે. કરેલા પાપ અને પુણ્યના બેય બરાબર આવે છે. ત્યારે યમરાજા કહે છે કે, ભાઈ, તારે સ્વર્ગમાં જવું છે કે, નર્કમાં જવું છે? એટલે એ ભાઈ કહે કે મને પહેલાં સ્વર્ગ અને નર્ક જોવા દો પછી નિર્ણય કરીશ. એટલે એ ભાઈને સ્વર્ગ અને નર્ક જોવા મોકલ્યો. સ્વર્ગમાં ગયો ત્યારે બધા સાદા કપડામાં, સાદું ભોજન લઈ રહ્યા હતા, સ્વર્ગવાસીઓ સંત વાણી સાંભળતા હતા. પછી એ ભાઈ નર્કમાં ગયા. નર્કમાં એકદમ ફેશનેબલ કપડા પહેરીને ફરતા હતા, ડીસ્કો કરતા હતા અને જીંદગી જીવવાની જે કલ્પના કરી હોય સ્વપ્ન જોયું હોય એ તમામ પ્રવૃત્તિઓ ત્યાં ચાલતી હતી. આ જોઈને એણે કહ્યું કે મારે નર્કમાં જવું છે. એની માગણી સ્વીકારીને એને નર્કમાં મોકલી દીધો. ત્યાં પહોંચીને એણે

જોયું તો યમદૂતો બધાને મારતા હતા, સોટી અને હંટરથી મારતા હતા, કડકડતા તેલમાં ડુબાડતા હતા. એટલે યમદૂતોને પૂછયું કે તમે મને કયાં લઈ આવ્યા. મેં જોયું એ નર્ક અલગ હતું, એ જોયું હતું એ શું હતું? નર્ક દ્વારા એડવર્ડટાઈઝીંગ ડીપાર્ટમેન્ટ ચલાવવામાં આવે છે એના ગ્રાહકો વધારવા માટે અને એના દ્વારા એડવર્ડટાઈઝીંગનું કેમ્પેઈન કરેલ છે. એ જોઈને તમે અહીં આવો. એવું આ બજેટમાં આપેલ છે. આવા એડવર્ડટાઈઝીંગ ડીપાર્ટમેન્ટ દ્વારા તૈયાર થયેલું આ બજેટ છે. આ બજેટ રજૂ થયું ત્યારે અમારા જૂનાગઢના સોરઠ માટે રૂ.૬૦૦/- કરોડની જાહેરાત કરી હતી. આ એક વર્ષ દરમિયાન એક પણ રૂપિયાનો હજી ખર્ચ કયાંય નથી થયો. અસત્ય બોલવું, તે પણ સત્યના પૂજારીની ભૂમિ ઉપર, સત્યના પૂજારીની વાત એટલે કરું છું કે મહાત્મા ગાંધીની ભૂમિ છે. સોરઠની ભૂમિ એ એની ભૂમિ છે અને તે જગ્યાએ અસત્ય બોલવું એ વાત વાજબી જ નથી. વાત બીજી આમાં આવે છે.તે છે નીતિશાસ્ત્રોની છે. મહાભારતનું યુદ્ધ ચાલુ હતું. કૌરવો અને પાંડવો બેય સામસામે હતા. અર્જુનના સારથી શ્રીકૃષ્ણ ભગવાન હતા, હથિયાર ન ઉપાડવાના સોગંધ ખાધા હતા એમણે પણ જ્યારે વચ્ચે એવી સ્થિતિ આવી, હથિયાર ઉપાડવા પડે એવી સ્થિતિમાં આવીને ઉભા રહી ગયા અને તેની પાસે હથિયાર ન હતું. એટલે રથનું પૈડુ ઉપાડયું, જ્યારે રથનું પૈડુ ઉપાડયું ત્યારે એનું પીતાંબર છૂટી ગયું, પીતાંબર છૂટતા જોઈને ધરતીમાં બોલી ઉઠી હતી કે, તું છૂટી જાય છો, તારું કામ તો શરીર ઢાંકવાનું છે. આબરૂ બચાવવાનું છે. તું ભગવાન શ્રીકૃષ્ણનું શરીર સંતાડવા માટે તું બેઠી છો, આ ટાઇમે તું છૂટી જા એ વાત વ્યાજબી નથી. ત્યારે પીતાંબરે એને જવાબ આપ્યો હતો કે,

બડે લોગ જૂઠે પડે, તાકો સંગ છાડી દીનો, એ નીતિકી નિશાની હે,

અર્થાત્ જ્યારે મોટો માણસ બોલીને ફરી જાય અથવા વચનભંગ કરે તે સમયે તમે કંઈ ના કરી શકો તો છેલ્લે સંગ, સાથ છોડી દેવો જોઈએ, આ ભારતીય નીતિ આપણી સંસ્કૃતિમાં છે. આ ભારતીય નીતિશાસ્ત્રના આધારે હું આ બજૅટને મારો ટેકો આપી શકતો નથી અને વિરોધ કરું છું. સોરઠના મારા વિદ્વાન મિત્રો અહીં બેઠા છે મિત્રોને પણ વિનંતી કરું છું કે ભગવાન શ્રીકૃષ્ણના પીતાંબરમાંથી એક શીખ લો, તમે વિરોધ ના કરો તો કાંઈ નહીં છેલ્લે આમાં તમે તમારો સૂર તો પૂરાવતા જ નહીં, આટલું કહીને બેસી જાઉ છું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, મારે મુશ્કેલી શું છે કે બેઠા બેઠા થતા પ્રેમાલાપ છે ને ઉભા થાય છે એટલે ઉડી જાય છે. તમે બેઠા બેઠા જે પ્રેમ કરો છો તો ઉભા થાવ ત્યારે બતાવોને.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈવાળા ૧૬મી વખત વિક્રમજનક બજૅટ લઈને આવ્યા છે, તેને આવકારુ છું, અભિનંદન આપુ છું પ્રભુને પ્રાર્થના કરું છું કે નાણામંત્રી ખૂબ જ લાંબુ જીવે અને જીવે ત્યાં સુધી આ ગૃહમાં બજૅટ આપતા રહે. ગુજરાતની સ્વર્ણિમ જયંતિ ઉજવણીના વર્ષનું આ બજૅટ છે. સાડા પાંચ કરોડ ગુજરાતીઓની સંકલ્પશકિત અને વિકાસ માટે આ મહત્ત્વનું બજૅટ છે. વર્ષ ૨૦૦૯-૧૦ના માટે રુ. ૨૩,૫૦૦કરોડ હતા તેમાં ૨૫.૫ ટકાનો વધારો કરી આ સુવર્ણ જયંતી વર્ષ ૨૦૧૦-૧૧માં બજૅટ ૨૯,૫૦૦કરોડનું કરવામાં આવેલ છે. તેનાથી ગુજરાતના વિકાસમાં આ વર્ષનું મહત્વનું યોગદાન રહેશે. માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ બજૅટમાં કોઈ ઉડીને આંખે વળગે તેવી વાત હોય તો મહિલા અને બાળ વિકાસ માટે ૮૯૬.૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં ખાસ કરીને ૬૯૫.૯૫ કરોડનો ખર્ચ આંગણવાડીના ભૂલકા માટે સગર્ભા માતાઓ માટે, કિશોરીઓ માટે પોષણયુકત આહાર જેવો કે તૈયાર સુખડી, શીરો ઉપમા, બાળભોગ સ્વાસ્થ્ય માટે કરવામાં આવશે જે ખૂબ જ નોંધનીય બાબત છે. સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત આંગણવાડીના ૩૩૦૦ નંદઘરનું નિર્માણ કરવામાં આવશે. આવો પોષણયુક્ત આહાર ૪૦ લાખ ભૂલકાઓને આપવાનું આયોજન છે તે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. કોઈપણ સમાજના વિકાસ માટે મહિલા એ અગત્યનું પાસું છે. જે સમાજ કે રાષ્ટ્રમાં મહિલાઓ શિક્ષિત હશે તે સમાજ ખૂબ જ ઝડપથી વિકાસ કરશે. સમાજમાં મહિલાઓ અને પુરુષો બન્નેનું પ્રમાણ સમાજ હોય છે માટે મહિલાઓને પણ સમાન હક્ક આપવો જોઈએ. કૅલિફોર્નિયાના એક વિદ્વાન લેખક જેકલીન બેનોલે એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તકે વ્હાલના દરિયા સમી દીકરીની મહત્તાનો પરિચય આપ્યો છે. દીકરી તો શક્તિનો મહાપુંજ છે. આ પુસ્તકનો મેસેજ છે, દીકરી દેવો ભવ. જેકલીન બેલોજે ઉદાહરણ સાથે જણાવ્યું છે કે દીકરી ક્યારેય ગુનાહિત હોતી નથી. સહનશક્તિ એ તેના સંસ્કાર છે. ખરેખર દીકરી ઈચ્છનીય અને પ્રાર્થનીય છે. આ બજૅટમાં નાણામંત્રીશ્રીએ મહિલાઓ માટે બજૅટમાં જે સ્પેશિયલ ફાળવણી કરી છે એના માટે અભિનંદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની સમક્ષ હું મારું મંતવ્ય વ્યક્ત કરવા ઊભો થયો છું. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા વર્ષ ૨૦૧૦-૧૧નું જે અંદાજપત્ર લઈને આવ્યા છે એ અંદાજપત્ર ઉપર હું મારા વિચારો વ્યક્ત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મંત્રીશ્રી આનંદીબેન પટેલ જ્યારે મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રવચન ઉપર બોલી રહ્યા હતા એ વખતે એમણે ૧૫ મિનિટ સુધી ગુજરાતના લઘુમતી સમાજ માટેની જે કાંઈ વાતો કરી એ વખતે હું એમની વાતથી ઘણો પ્રભાવિત થયો હતો અને જ્યારે એ વાત ધ્યાનપૂર્વક સાંભળી

પછી ઘેર જઈને બજેટની ચોપડીમાં જોયું તો ૩૦ હજાર કરોડના બજેટમાં એક પણ રૂપિયાની ગુજરાતના લઘુમતી સમાજના વિકાસ માટે ફાળવણી કરવામાં આવી નથી. જ્યારે આનંદીબેન પટેલ એ વાત વ્યક્ત કરી રહ્યા હતા એ વખતે સચ્ચર સમિતિના અહેવાલને ટાંકીને ગુજરાતનો મુસ્લિમ સમાજ ભારતના તમામ રાજ્યો કરતાં શૈક્ષણિક અને આર્થિક રીતે સૌથી સધ્ધર છે એવી વાત એમણે રજૂ કરી હતી. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે ગુજરાત અને ગુજરાતીના જિન્સમાં તાકાત છે. એનામાં કોઠાસૂઝ છે, સાહસિકતા છે, વેપારી બુદ્ધિ છે એણે ગુજરાતમાં જ નહીં, દેશમાં જ નહીં પણ સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે. મુસ્લિમ સમાજમાં આ ગુણ જિન્સમાં છે એ ગુજરાતનો મુસ્લિમ સમાજ હોય કે ગુજરાતી હોય એનો વિકાસ કોઈ એક નેતા કે કોઈ એક પક્ષના આધારે નથી પણ એના જિન્સના આધારે, એની સાહસિકતાના આધારે છે. ૩૦ હજાર કરોડના બજેટમાં એક રૂપિયાની ફાળવણી કરવામાં આવે નહીં એ દુ:ખદ છે. કેન્દ્ર સરકારની યોજનામાં ૨૫ ટકા ફાળવણી રાજ્ય સરકારે કરવાની હોય છે અને ૭૫ ટકા ફાળવણી ભારત સરકારે કરવાની હોય છે. પ્રિમેટ્રીક સ્કૉલરશિપની યોજના છે એનું પણ રાજ્ય સરકારે અમલીકરણ કર્યું નથી. શિક્ષણમાં પણ ભેદભાવ રાખ્યો છે અને અમને શિક્ષણથી વંચિત રાખવાનો પ્રયાસ કરશો તો ગુજરાતનો વિકાસ આવનારા દિવસોમાં શું થશે એ વિચારી શકાય એમ છે. ગુજરાતના લોકો બહુ માયાળું છે, ગુજરાતના લોકો અહિંસામાં માનનારા છે. ગુજરાતના ગાંધીજીએ સમગ્ર વિશ્વને અહિંસાનો સંદેશ મોકલ્યો છે. આખા વિશ્વનું ધ્યાન અહિંસા તરફ ખેંચ્યું હતું ત્યારે હું કહેવા માગું છું કે ગુજરાતના માયાળું લોકો અને ગુજરાતના અહિંસાવાદી લોકો સાથે રહી મુસ્લિમ સમાજે હિન્દુ સમાજ સાથે ખભેખભા મિલાવી જે કાંઈ પણ પ્રગતિ કરી છે એ હિન્દુ સમાજના સાથ અને સહકારથી કરી છે. ભારત દેશની અંદર વિવિધતામાં એકતાની ભારતીય સંસ્કૃતિ રહી છે. હું એ કહેવા માગુ છું કે આપણે કોઈ એક સમાજને બાજુએ રાખી અને જો એ સમાજને તરછોડવાનું વર્તન કરીશું એમાં આપણે કોઈનું અહિત નહિ પણ સમગ્ર ગુજરાતનું અહિત કરીશું. હું કહેવા માગુ છું કે ગુજરાતનો મુસ્લિમ સમાજ હિન્દુ સમાજને પોતાના મોટાભાઈ સમાજ સમજે છે એટલે પોતાના મોટાભાઈ પાસેથી એ બીજું કાંઈજ નહિ પણ એ જે માગે છે, એ અપેક્ષા રાખે છે એ કાંઈ વિશેષ અધિકાર નથી માગતો. એ માગે છે ગુણવત્તાના આધારે સમાન તક માગે છે. એને સમાન તક જોઈએ છે એને કોઈ વિશેષ અધિકાર નથી જોઈતો કે નથી કાંઈ વધારાનું જોઈએ છે. માનનીય અધ્યક્ષશ્રી, જો આટલું પણ આપી ના શકીએ તો અમે પણ સાડા પાંચ કરોડની વસ્તીની જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વાત કરતા હોય ત્યારે સાડા પાંચ કરોડની અંદર પચાસ લાખ ગુજરાતના મુસ્લિમો પણ એ સાડા પાંચ કરોડની અંદર આવતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોયું કે જે રીતે ભારત દેશની અંદર વિવિધતામાં એકતાના ભારતની અંદર દર્શન રહ્યાં છે. ગુજરાતની જે કમનસીબ ઘટનાઓ બની. જો ગુજરાતની કમનસીબ ઘટનાઓને રોકી હોત તો કદાચ આજે પણ ભારતની અંદર એન.ડી.એ. સરકારનું શાસન હોત. આ ભારતની સંસ્કૃત્તિ રહી છે. ભારતના લોકાએ કદી પણ હિંસાને આશરો આપ્યો નથી, હિંસાને કદી એણે ફેલાવવા દીધી નથી અને માનનીય અધ્યક્ષશ્રી, આપ જોઈ શકો છો કે સમગ્ર ભારતની અંદર આજે જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિનું જો નિર્માણ થયું હોય, એન.ડી.એ.નું જે શાસન ગયું એની પાછળનું જો કોઈ કારણ હોય તો એ ગુજરાતની કમનસીબ ઘટનાઓ હતી અને આજે પણ જેને આપણે નંબર વન મુખ્યમંત્રી કહેતા હોઈએ, જેને આપણે જે પણ કાંઈ કહીએ આ જે એક વાસ્તવિકતા છે એ આપણે સ્વીકારવી પડશે

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

કે આ જે થયું છે એ ભૂતપૂર્વ વડાપ્રધાનને પણ કહેવું પડ્યું હતું કે તમે તમારો રાજધર્મ નિભાવો. આપણે આપણો જો રાજધર્મ નિભાવ્યો હોત સમગ્ર ભારતની અંદર આજે હું કહું છું કે એન.ડી.એ.નું શાસન હોત અને બીજું કોઈ શાસન કરી શક્યું ના હોત પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણે આપણું જે કર્તવ્ય કરવાનું હતું એ કર્તવ્ય ભૂલ્યાં છીએ. આપણે જે આચરણ કર્યુ છે એનાથી સમગ્ર વિશ્વની અંદર આપણને જે નાલોશી મળી છે. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (બેઠા બેઠા) :** તમે ટ્રેઈનમાં થયેલા ગોધરાકાંડને યાદ કરો.

**સભાપતિશ્રી :** નીતિનભાઈ, માનનીય નીતિનભાઈ.. (અંતરાય)

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : હું ગોધરાની ટ્રેઈનની ઘટનાની પણ નીંદા કરું છું નીતિનભાઈ. હું કહું છું કે આતંકવાદીઓનો કોઈ ધર્મ નથી હોતો. હું એટલું જ કહેવા માગુ છું ભાઈ. આતંકવાદીઓને કોઈપણ રીતે ચલાવી લેવાય નહિ. જો આતંકવાદીઓને સામી છાતીએ ચાર રસ્તા ઉપર ઊભા રાખી એમને ગોળીએ દેવા જોઈએ પણ આતંકવાદી ઘટનાઓ જે બનતી હોય ત્યારે આતંકવાદીઓ પર ખુલ્લેઆમ ગોળીઓ ચલાવો. આતંકવાદીઓને કડકમાં કડક સજા આપો. આતંકવાદીઓનો કોઈ ધર્મ નથી હોતો એ પણ આપણે વિચારવું જોઈએ. એ તમામ અમે નથી કહેતા તમારા જ ભૂતપૂર્વ વડાપ્રધાને રાજધર્મ નિભાવવાની વાત કરી છે. એ વાત અમે નથી કરી, જો તમે રાજધર્મ નિભાવ્યો હોત તો આજે ગુજરાતને સમગ્ર વિશ્વની અંદર નાલોશી ના મળી હોત. ગુજરાતની સંસ્કૃતિની વાત કરું છું. ગુજરાતના વિકાસની વાત કરું છું અને ગુજરાતનો અહિંસાનો સંદેશ સમગ્ર વિશ્વને જે મહાત્મા ગાંધીજીએ આપ્યો છે એની વાત કરું છું.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ જે બજેટ લઈને આવ્યા છે એમના સમર્થનમાં કહેવા આજે હું ઊભો થયો છું ત્યારે સમગ્ર ભારતમાં ગરીબી, બિમારી,

કુપોષણ, અસુરક્ષા અને કમરતોડ ગરીબીનો જ્યારે સામનો કરી રહ્યું છે ત્યારે માત્ર ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે વિકાસના આગવા શિખરો સર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ગુજરાત એ સ્વર્ણિમ ગુજરાત તરીકે આપણે જ્યારે ઉજવી રહ્યાં છીએ ત્યારે અનેકવિધ વિકાસલક્ષી યોજનાઓવાળું બજેટ લઈ આદરણીય નાણામંત્રી આવ્યાં છે ત્યારે હું એક ધાર્મિક સંસ્થામાંથી આવું છું ત્યારે મારે કહેવું છે કે આ રાજ્ય સરકાર દ્વારા પવિત્ર યાત્રાધામોના પ્રવાસનના વિકાસની જે વાત કરી છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય પ્રવાસન મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ સંત પરંપરાનો દેશ છે ત્યારે સંતો, મહંતો, ઋષિમુનિઓ અને આચાર્યોના પુણ્ય પ્રતાપથી આંકલાવીત આ ગુજરાતમાં બજેટની અંદર સંતનગરીનું નિર્માણ કરવાની વાત લઈને આવ્યાં છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. આ દેશના ૨૫૦૦ જેટલા સંતો અને એમના જીવન દ્વારા અપાયેલા ઉપદેશો અને પરંપરાના ત્રાદશ્ય ચિતાર દેશભરના યાત્રિકો અને યુવાધન માટે પથદર્શક બની રહે એના માટે આ બજેટની અંદર રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ કરી છે. અંદાજપત્રીય જોગવાઈઓ જે છે એ ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૧૮૩કરોડ રૂપિયાની  જોગવાઈ સૂચવી છે. શ્રીલંકા જેવા દેશોમાં રામાવેલ અને ભગવાન શ્રી રામ સાથે સંકળાયેલા સ્થળોમાં ચાલે છે ત્યારે ગુજરાતની અંદર પણ ભગવાન શ્રી રામચંદ્રજી જેને આપણે મર્યાદા પુરસોત્તમ તરીકે બધા ઓળખીએ છીએ ત્યારે એ ભગવાન સાથે, એમના જીવન સાથે જે ઘટનાઓ, એમના જીવન સાથે સંકળાયેલા જે સ્થળો છે એ સ્થળો જેમ કે અંજની માતાનો કુંડ હોય, અંજની માતાની ગુફા હોય આવા અનેક સ્થળોના વિકાસના કામ માટે  વર્તમાન સમયના બજેટની અંદર ત્યારે મારે કેટલાક કવિઓએ કેટલીક રચના મુકી છે એ રચનાઓ આ તબકકે જયારે હું મારા સૌરાષ્ટ્રમાંથી આવું છું ત્યારે સોરઠા જે છે એમાં આ વાત કહેવાયેલી છે કે" વડલાનો નહીં તું વિઠૃલા, આરોગતા બોર એંઠા, તો શું કરવા છેટા? હવે પ્રભુ રાધેસ્તુ પા લીયા" બીજી પણ એક એવી વાત છે. " રાવણની રાખી નહીં, લુંટી લંકેશની લાજ, કર્યું જાનકીને કાજ, આધર લંકાને પા લીયા" બીજી પણ એક વાત એવી છે કે "બાર વર્ષથી બેઠી રહી, શબરી ઝુંપડીએ શામ અને હૈયુ વર્તે હામ તે દિ પૂરણ કરી હતી પાલીયા" અને એ જ ધામના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે વિચાર લઈને આવ્યા છે ત્યારે મારે બીજો પણ એક સોરઠો કહેવો છે." ચાખી બોર ચવરાવ્યા હતા અને હૃદયથી રામને બોર અને એ શબરી કેરો શ્યામ તેદી પૂરણ ભેટી ગયો હતો પાલીયા" આ શબરી ધામના વિકાસ માટે આ બજેટની અંદર પ્રવાસન યાત્રાધામની અંદર માતા સીતાજીએ જયાં સ્નાન કર્યું હતું, જયાં રામબાણ દ્વારા એ ગુનાહીત ધામને પણ પવિત્ર સ્થળોનો વિકાસ કરવાની યોજના આ સ્થળોને સાંકળી એક એવો સુયોજીત પ્લાન રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આખી દર્શન શ્રૃંખલાને રામ-હનુમાન પવન પથ તરીકે વિકસાવવા માટે સરકાર કટિબદ્ધ છે તેના માટે આગામી વર્ષમાં રૂ.૧૦કરોડની જોગવાઈ કરવામાં આવી છે. હું એક દલીત સંસ્થાનમાંથી આવું છું ત્યારે ગત સમયની અંદર પણ દલીત સમાજના જે આસ્થા કેન્દ્રો આવેલા છે એના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સતત ચિંતન કરી અને આ મંદિરોનો વિકાસ કરવા કટિબદ્ધતા દાખવી છે. આ મંદિરોની અંદર ઝાંઝરકાનું સંત સવૈયાનાથ મંદિર હોય, ચિત્રોડનું સંત ત્રિકમસાહેબ મંદિર હોય, દાસી જીવણનું ભોગાવતાર મંદિર હોય, ભીમસાહેબનું મંદિર હોય, સંત રોહીદાસ મહારાજનું મંદિર સરસાઈ હોય આ દરેક મંદિરોની અંદર એક એક અને બે બે કરોડના વિકાસના કામો કરી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખરેખર અંતિમ છેવાડે બેઠેલા આસ્થા કેન્દ્રોના પણ વિકાસની વાત આ બજેટની અંદર લઈને આવ્યા છે ત્યારે એની અંદર પણ એક અમારા દલિત કવિએ લખ્યું છે કે "ભા.જ.પા. રૂપી ભગવાને ભાંગી ભકતોની ભીડ, પણ મોદી નરેન્દ્ર મંદિર અમે પાલા ગયા હતા પાલીયા". આ વાત જાન્યુઆરી-૨૦૧૦માં વડોદરા ખાતે પૂજય દલાઈ લામાની હાજરીમાં વિશ્વ બુદ્ધિષ્ઠ કોન્ફરન્સ મળી તેમાં ગુજરાત પાસે અનેક પૌરાણિક સ્થળોનો વારસો છે. આ બજેટને સમર્થન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૧૬મી વખત બજેટ લઈને આવ્યા છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું, અભિનંદન પાઠવું છું અને ગુજરાતની સ્વર્ણિમ જયંતિના ૫૦ વર્ષ અને ૫૦ વર્ષના ઈતિહાસમાં આ ગૃહમાં ૧૬ મી વખત વજુભાઈ વાળા બજેટ લઈને આવ્યા છે હું એમને ખૂબ ખૂબ કોટી કોટી વંદન કરું છું.

બધાએ ચર્ચા કરી. ચર્ચાની સાથે ડેરી વિશે મારે મુખ્યત્વે ચર્ચા કરવી છે. ગુજરાત રાજયને આર્થિક, સામાજિક વિકાસમાં પશુપાલકો અને ડેરી વિકાસનું આગવું પ્રદાન છે. રાજયના નાના અને સીમાંત ખેડૂતો અને જમીન વિહોણા મજૂરો માટે પશુપાલકો આર્થિક ઉત્પાદન માટેનો સચોટ વિકલ્પ છે.માનનીય અધ્યક્ષશ્રી બરોડા ડેરીની અંદર બે વર્ષ અમારા ભારતીય જનતા પાર્ટીનું સ્થાન મેળવ્યું. ૫૦ વર્ષ સુધી કોંગ્રેસ શાસન કરતું આવતું હતું અને બે વર્ષના અમારા શાસન દરમ્યાનમાં અમે વડોદરા જિલ્લાના પશુપાલકો કે જે ૨ લાખ પશુપાલકો દૂધના વેપારની  ઉપર જીવી રહ્યા છે.  બે વર્ષનું અમારું અને ૪૮ વર્ષનું તમારું શાસન હતું એ જે તફાવત એ તફાવતની વાત કરવા આવ્યો છું. અમારા ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બરોડા ડેરીની અંદર પહેલું નર્મદાનું પાણી લાવ્યા છીએ, જે મુખ્યમંત્રીશ્રીના આદેશ પ્રમાણે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પરમીશન આપી છે.  વર્ષોથી ટેન્કરથી પાણી લાવીને કરપ્શન કરતા હતા, તે કરપ્શન બંધ કર્યુ. ચોખ્ખું પાણી નર્મદાનું લાવ્યા. પાણી લાવીને મશીનો બબ્બે

વર્ષે બદલવામાં આવતા હતા. પ્લાન્ટ બબ્બે, છ-છ મહિને, બાર-બાર મહિને બદલવામાં આવતા હતા, તે મશીન આજે ૨૫ વર્ષ સુધી ન બદલાયા, તે કામ અમે ભારતીય જનતા પાર્ટીની સરકારે વડોદરા ડેરીની અંદર કર્યુ છે. ૧૧ કિ.મી. દૂરથી લાઈનો લઈને આ વડોદરા જિલ્લાના પશુપાલકો માટેનું હિત કર્યુ છે. એ લોકોને એમના શાસન દરમ્યાન જમીનના કૌભાંડ, નવી શરતની જમીનો સરકારી પશુપાલકોની સંસ્થામાં નવી શરતની જમીન ખરીદી સિલિંગ એકટ લાગી ગયો. એ સિલિંગ એકટના આધારે આ ૮ વર્ષથી આ લોકો ઝઝૂમતા હતા. જ્યારે ભારતી જનતા પાર્ટીનો બરોડા ડેરીની અંદર ભગવો લહેરાયો, ત્યારે સિલિંગ એકટ હટાવ્યો, તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપું છું. સાથે આનંદીબેનને પણ ધન્યવાદ આપું છું. એમણે સ્પેશ્યલ કિસ્સામાં લઈને, પાસ કરીને સાવલીનું સિલિંગ સૅન્ટર અમે ચાલુ કર્યુ  છે. એમના શાસન દરમ્યાનમાં જે કૌભાંડો કર્યા છે. પાઉચ પૅકિંગના કૌભાંડ એ લોકોએ કર્યા છે. એને આખું ઑડિટ બિલો લાવીને મૂક્યા છે. અમે એના માટે લડ્યા છીએ. કોર્ટ મેટર છે. અમે આખું બંચ આપેલું છે.  ટૂંક સમયમાં એની અંદર આ લોકો ચૂંટાયેલા પ્રતિનિધિ એ લોકોએ કરપ્શન કર્યુ છે. અડધા કરોડ રૂપિયાના પાઉચ પૅકિંગની અંદર કૌભાંડ કર્યુ છે. કોંગ્રેસના શાસનવાળાએ. એ કૌભાંડ અમે કાઢ્યું છે.  એની ફાઈલ આપેલી છે. સાથે સાથે ભરતી કૌભાંડ ડેરીમાં ભરતી કૌભાંડ...

**સભાપતિશ્રી** : પ્રવચન પૂરું થાય છે. બે મિનિટ નહિ મળે.

**શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ** : ભરતી કૌભાંડ કોંગ્રેસના શાસનમાં ગરીબોના પાંચ-ત્રણ-ત્રણ લાખ રૂપિયા લઈને ભરતી કૌભાંડ કર્યુ છે. એની ફાઈલ આજની તારીખે તૈયાર છે. નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપું છું.

# Last 48/58

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** :  માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ વાળા નાણા મંત્રીશ્રી અંદાજપત્ર લઈને આવ્યા છે, એમાં મારે બેત્રણ વાતો કરવી છે. (અંતરાય) આપની સમક્ષ અહી વિધાનસભામાં સોગંદ લીધા છે, એટલે સાચી વાત કરવાની છે. પહેલી વાત મારે એ કરવાની કે વિધાનસભામાં જે સન્માનનીય ધારાસભ્યો છે. વિકેન્દ્રીત આયોજનના પ્લાન થાય છે. એનું ધારાસભ્ય આયોજન કરે છે.  હમણા તમામ ધારાસભ્યોને ૫૦ લાખ રૂપિયાનું ભંડોળ મળે છે, પણ આ મોંઘવારી કે બીજાં કોઈ કારણોને લીધે આનું બજેટ છે એ ગઈ વખતથી અમે વાત કરીએ છીએ કે ધારાસભ્યોનું ભંડોળ વધારવા માટે સરકાર કઈ જોગવાઈ કરે અને મંત્રીશ્રી આશ્વાસન આપે તેમ છતાં પણ આ ધારાસભ્યના ભંડોળમાં જોગવાઈ કરવામાં આવતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી કહેવું છે કે ધારાસભ્યશ્રીઓને એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે તો વિસ્તારમાં સારી કામગીરી કરી શકાય. બીજું કહેવું છે કે અંદાજપત્રમાં આદિવાસીઓ માટે  આ વખતે બહું મોટો સૂર્ય બતાવવામાં આવ્યો છે. ચાર હજાર કરોડની વાત કરી છે. આટલો મોટો અંદાજ  જે પૈસા બતાવવામાં આવેલ છે તે પૈસા મુખ્યમંત્રીશ્રીના ગરીબ કલ્યાણ મેળા, વનબંધુ કલ્યાણ યોજનાઓ હોય કે સરકારના બીજા ઉત્સવો હોય તેમાં આ ખર્ચ કરીને કરોડો રૂપિયાનો ખર્ચ ઉધારી દેવામાં આવે છે. જિલ્લાની મિટીંગોમાં અમે જઈએ ત્યારે ટ્રાયબલના ઓફીસરો કહે કે અમે ખર્ચ પાડવા માગતા નથી. મુખ્યમંત્રીના ખર્ચનો. અમે બસો આપવા માગતા નથી તેમ છતાં અમારા નામે જે ભંડોળ બજેટમાં જોગવાઈ કરવામાં આવે તે સીધેસીધી અધિકારીઓને દબાણથી ફાળવી દેવામાં આવે છે. આદિવાસીઓ માટે અપમાનજનક છે. મારે આપના માધ્યમથી બીજી પણ વાત કરવી છે કે ડેડીયાપાડામાં માનનીય મુખ્યમંત્રીનો ગરીબ કલ્યાણ મેળો હતો. મેં વાત કરી હતી કે વિધાનસભામાં મુખ્યમંત્રીને કહેવાનો અધિકાર મળતો નથી તો અમારે ત્યાં આવે છે અને મુખ્યમંત્રીનો અમારે લાભ લેવો છે, અમારા વિસ્તારની યોજનાની વાત કરવી છે ત્યારે અમને ના કહયુ કે તમારે પ્રવચન કરવાનું નથી. મેં સી.એમ. ઓફીસે ફોન કર્યો, રેસીડેન્સ પર ફોન કર્યો, પ્રોટોકોલમાં ફોન કર્યો ત્યારે જવાબ મળ્યો કે તમારે કલેકટરને પૂછવું પડશે અને તેમને ફોન કર્યો ત્યારે કહયું કે અમરસિંહભાઈ તમારે પ્રવચન નથી કરવાનું, અરજ નથી કરવાનું. તમારે તો ઈનામ વિતરણ કરવાનું છે. ત્યારે મેં કહયું હું ડેડીયાપાડાનો અને ગુજરાતનો ધારાસભ્ય છું. હું ગ્રામસેવક નથી. મારે રજુઆત કરવાની છે એટલે મને બોલવા દો એમ કહયું. મને બોલવા દેવામાં ન આવ્યો અને મારી ધરપકડ કરવામાં આવી. ધારાસભ્યનું આટલું અપમાન થાય છે અને અમારે ત્યાં મુખ્યમંત્રી આવે અને અમારે લોકોની વાત કરવાની તો કઈ રીતે કરવાની.

**સભાપતિશ્રી:** અમરસિંહભાઈ આપને એક મિનિટ છે. સમય ફાળવેલ છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : જયનારાયણ વ્યાસભાઈને ખાસ વિનંતી કરવી છે. દસ વર્ષથી વાત કરીએ છીએ કે પ્રવાસન વિભાગમાં આદિવાસી વિસ્તારમાં આદિવાસીની કુળદેવીનું મોટું મંદિર છે. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના પાંચ લાખ લોકો ત્યાં ભેગા થાય છે અને તેને વિકસાવવા માટે તમે નાણાં આપો. ભંડોળ આપો. અમે અરજ કરીએ, પત્ર લખીએ તેમ છતાં અમને એકપણ રૂપિયો આ ગુજરાતની સરકાર ગ્રાન્ટ આપતી નથી. આજે આ યાત્રાધામને...

**સભાપતિશ્રી:** તમારું પ્રવચન પૂરું થાય છે. તમારા દંડકે ફાળવેલો સમય પૂરો થાય છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, કોલગી સમિતિની વાત કરવી છે. કોલગી સમિતિમાં જે નાણાં આવે છે તેમાં ધારાસભ્યોને કંઈપણ પૂછવામાં આવતું નથી અને પ્રભારી સચિવ અને પ્રભારી મંત્રી તેના આયોજન કરે અને ધારાસભ્યશ્રીને પૂછવામાં આવતું નથી. એટલા માટે અમે વિરોધ કરીએ અને અમારા નેતાને રજૂઆત કરીને અરજ કરી છે. તે ધ્યાનમાં લેવામાં આવે.

**સભાપતિશ્રી:** આપ બેસી જાઓ. માનનીય જયંતિભાઈ, માનનીય જયંતિભાઈ સમય મર્યાદામાં સહકાર આપો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દંડકશ્રી હાજર નથી. કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ કહેતા હતા કે અમે સમદ્રષ્ટ્રિ રાખીએ છીએ, સમરસ રાખીએ છીએ. અમારા દંડકશ્રી નથી તો કોંગ્રેસના દંડકશ્રીને વાત કરીશ કે સમદ્રષ્ટ્રિ રાખતા હોવ તો પાંચ મિનિટ તમારો સમય મને બેટીંગ કરવા માટે આપો. આ બોલીંગ કરી છે અને બેટીંગ મને કરવા દો. જો સમરસ હોવ તો. ઈકબાલભાઈ આવું કઈક કરો. માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્યાસુદ્દીન શેખ હમણાં કહેતા હતા અને હું સાંભળતો હતો. ગ્યાસુદ્દીન શેખ મારા નજીકના મિત્ર પણ છે. તે કહેતા હતા પણ એમને ખબર નહોતી કે ૨૦૦૧ની ઘટના પછી બે ચૂંટણીઓ આવી ગઈ. તમે હતા તેમાંય ઘટયા છો. એટલે પ્રજાએ આ ચૂકાદા ઘણી વખત આપી દીધા છે હવે આ વાતો બંધ કરો. થોડા ઘણા કયાંક છો એનો પણ પત્તો જતો રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, મને એક વાત યાદ આવે છે, હું એક ખેડૂત પુત્ર છું અને પોતે હું ખેડૂત છું અને ગામડામાંથી ખેતી કરતો કરતો અહીં આવ્યો છું. મેં કોંગ્રેસના ધારાસભ્યોના બધા ભાષણો નોટિંગ કર્યા છે અને કોંગ્રેસના શ્રી અમીતભાઈ ચાવડા એમ કહેતા હતા કે અમને તમારે કહેવું હશે તો તમારે કાનમાં આંગળીઓ નાખવી પડશે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું, *(**xxxx**) (**xxxx**) માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂત પુત્ર છું, ખેડૂતનો દીકરો છું, હું આ ગુજરાતની અસ્મિતાની વાત કરું છું. આ કોંગ્રેસના મિત્રો બેઠા છે, કોંગ્રેસના મિત્રો ગુજરાતની અસ્મિતાની વાત કરતા હતા. આ ગુજરાતની ખમીરવંતી પ્રજા છે પણ ૧૯૯૦ પહેલાં આ ગુજરાતની કોંગ્રેસની સરકારે છેવાડાના માનવીને ખમીરવંતી નહીં પણ એનું ખમીશ ઉતારી નાખ્યું હતું. આ ગુજરાતની પ્રજાની દુર્દશા તમે કરી છે અને મારે એ કહેવું છે કે, હું એક ખેડૂતનો દીકરો મારી પોતાની વ્યથા કહેતાં મારી આંખમાં જળજળીયાં આવે છે. હું તેર વર્ષનો હતો, ૧૯૬૪માં જન્મ્યો અને ૧૯૭૬માં મેં ખેતરમાં હળ ચલાવ્યા અને હળ ચલાવતાં ચલાવતાં આવા કોઈક દેશી બિયારણ હોય, કોઈ વિદેશી બિયારણ હોય આ બિયારણને અમારે કાઢવા પડે, એટલે હળ ચલાવતાં ચલાવતાં કેટલાય વિદેશી બિયારણોને કાઢ્યા, અને એ વખતે અમારી હાલત શું હતી? હું અને અમારા વડીલો બધા ખેતી કરતા હતા. અમે દુકાન ઉપરથી માલ ઉધાર લેવા જઈએ અને તે વખતે ખેડૂતનો દીકરો દુકાન ઉપર માલ ઉધાર લેવા જાય તો ઉધાર ન મળે, પણ દુકાનવાળો ગામનો ઓળખીતો એટલે બાર મહિનાનું ઉધાર આપે અને અમારા ખેડૂતનો બાર મહિનાનો માલ એ લઈ જાય પછી એક દિવસ એવો વખત આવે કે મારા બાપુજી અને એ દુકાનવાળો સામસામે હિસાબ કરવા બેસે ત્યારે દુકાનવાળો પોતાનો હિસાબ કાઢે, કે બાપા તમે સત્તર હજારની બાજરી, મકાઈ, મગફળી, આ બધો પાક બાર મહિનાનો ૧૭ હજારનો થયો, એ તમારા જમા કર્યા તમે બાર મહિનામાં મારા ત્યાંથી ૧૭૨૦૦ રૂપિયાનો માલ લઈ ગયા. (અંતરાય) ૨૦૦ રૂપિયા દુકાનવાળો બાકી રાખીને બેઠો હોય આ ખેડૂતની દુર્દશા હતી અને આ પિરિયડમાં ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૨૦૦૫થી કૃષિ રથ મોકલ્યો, અને આજે કૃષિ રથ મોકલવાથી હું મારી જાતને ધન્યતા આપું છું કે ૧૯૭૬માં આ કચ્છ છોડીને ખેડૂતના દીકરા તરીકે અલગ અલગ ભૂમિઓ પર હું મજૂરી કરવા માટે નીકળ્યો હતો પણ આજે મને ગર્વ થાય છે કે, ફરી પાછો હું કચ્છમાં એ જ ખેડૂત એ જ ખેતી કરવા માટે આજે પાછો પહોંચ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસની વાતો કરવા જઈએ, આ કોંગ્રેસના મિત્રોની વાતો કરવા જઈએ તમારા રાજયમાં શાસન કેવું વ્યવસ્થિત હતું ? તમારા રાજમાં અત્યારે પણ કેન્દ્રમાં બેઠા છે. આ કસાબો પેદા કયાંથી થયા? આ અફઝલગુરુઓ પેદા કયાંથી થયા? લતીફો કયાંથી પેદા થયા? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને એક બે મિનિટ આપો. મારે એક વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતીભાઈ પ્રવચન પૂરું થાય છે, બેસી જાઓ. માનનીય જયંતીભાઈ, મારે બધા સરખા, બેસી જાઓ.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય વજુભાઈ વાળા સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું કારણ કે, આ બજેટની જોગવાઈમાં પાણી પુરવઠા માટે ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીમાં ૯૫૦ કરોડ ફાળવવામાં આવેલ હતા. ત્યારે આ વખતની જોગવાઈમાં ૧૮૪૯ કરોડ જેવી માતબર રકમ ફાળવી અને ગુજરાતની પ્રજાને શુદ્ધ પાણી મળે એવા આશયથી માનનીય મંત્રીશ્રીએ બજેટમાં સારી એવી વિક્રમી જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ મંત્રીશ્રી રાઘવજીભાઈ હમણાં બોલતા હતા ત્યારે મને એક વાત યાદ આવી ગઈ. રાઘવજીભાઈને ખ્યાલ હશે કે જ્યારે શકિતસિંહભાઈ પણ હતા, માનનીય સ્વ.અમરસિંહભાઈ મુખ્યમંત્રી હતા અને ઉમરાળામાં લાખણદા નામની પાણી પુરવઠાની યોજના હતી એનું વાજતે ગાજતે બધા કોંગ્રેસી મિત્રો

* **(xxxx)**માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ભેગા થયા મંત્રી-સંત્રી બધા આવ્યા અને એનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. પણ આ ખાતમુહૂર્ત કરેલી લાઈન આજની તારીખમાં કોઈ દિવસ ચાલુ થઈ નથી. માનનીય રાઘવજીભાઈ તમે ત્યારે પાણી પુરવઠાના મંત્રી હતા. તો મારે એ કહેવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર જ્યારથી સત્તામાં આવી છે ત્યારથી લોકોને ચોખ્ખુ પાણી આપવાની નેમ લઈને આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદા યોજના ૧૯૯૮માં જ્યારે બની ત્યારે ૯૦ મિટરની હાઈટ નર્મદા ડેમની હતી એ ૯૦ મિટરની હાઈટે ગુજરાતને પીવાનું ચોખ્ખુ પાણી ન મળે ત્યારે એ વ્યવસ્થા હતી કે ટેન્કરોથી પાણી અપાતું અને ટેન્કરોમાં ભ્રષ્ટાચાર થતો અને ગામમાં ઝગડા પણ થતા. માનનીય અધ્યક્ષશ્રી, જે નર્મદામાં બોગદું પાડવામાં આવ્યું અધિકારીઓ બધા હાજર હતા, એ સમયે હું પણ પાણી પુરવઠામાં ડાયરેકટર હતો અમે એક મહિનો ત્યાં રોકાયા અને ૯૦ મિટરની ઉંડાઈએ એક બોગદું કરવામાં આવ્યું પછી એ બોગદામાંથી જ્યારે પાણી નીકળ્યુંને એમાં આખી કોંગ્રેસ એમાં તણાય ગઈ. એવું જબરૂં બોગદું! ત્યાંથી પાણી ચાલું કરવામાં આવ્યું તો એ પાણી કનીવાવ ખંભાત પાસે પરિએજ તળાવમાં નાંખવામાં આવ્યું, પરિએજ તળાવમાંથી પાણી પીપળી આવ્યું, પીપળીથી નાવળા ગયું, નાવળાથી ઘાંઘળી ગયું, ઘાંઘળીથી ચાવંડ ગયું એમ કરતા કરતા આખાય સૌરાષ્ટ્રમાં જેમ આપણા શરીરની નસો છે એ રીતે પાણીની લાઈન પથરાઈ ગઈ. આજે આપણે જોઈ શકીએ છીએ કે ચોખ્ખુ પાણી ગુજરાતમાં જો કોઈ આપી શક્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ આ સરકારનું બજેટ કહે છે અને ૧૮૦૦ કરોડ જેવી માતબર રકમ આમાં આપી છે. હાલની સ્થિતિએ ૧૦૨૪૦ ગામડા અને ૧૨૩ શહેરોને આમાં આવરી લેવામાં આવ્યા છે. આ યોજનાથી ચોખ્ખુ શુધ્ધ અને પવિત્ર પાણી મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા આપણા માનનીય સભ્યશ્રી શેખભાઈ કંઈ વાત કરતા હતા ત્યારે મને વિચાર આવ્યો કે સાડા પાંચ કરોડની જનતા એ ગુજરાતની જનતા છે એમાં પછી હિન્દુ હોય, મુસ્લીમ હોય કે શીખ હોય પણ શરત એટલી છે અમારી કે એ વફાદાર ગુજરાતને હોવો જોઈએ, આ દેશને વફાદાર હોવો જોઈએ. પછી બીજા રાજ્યની વાત કરે અને અહીંયા બીજી વાત કરે તો એ આ સરકાર કોઈ દિવસ ચલાવી લેવા માગતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની એક બીજી ખૂબ સરસ યોજના છે. સ્વજલધારા યોજના. સ્વજલધારા યોજના એવી સરસ બનાવવામાં આવી છે કે, ૯૦/૧૦ની ભાગીદારી વાળી યોજના છે એમાં ૧૦ ટકા લોકોની ભાગીદારી છે અને ૯૦ ટકા રાજ્ય સરકારના છે. કોંગ્રેસના મિત્રો તમે વિચાર કરો કે આ યોજનામાં શરૂઆતમાં ફંડ આપવામાં આવતું હતું આજે સોએ સો ટકા રાજ્ય સરકાર આ ફંડ આપે છે અને ૧૦ ટકા જે રકમ લેવાની થાય છે એ ગ્રામ પંચાયતના ચોરે લોકોને ભેગા કરવામાં આવે છે અને લોકોની વસતિ પ્રમાણે ૧૦ ટકા રકમ લેવામાં આવે છે. મિત્રો આ યોજનાથી એક નાનું એવું ગામડું હોય ત્યાં સ્થાનિક સોર્સ હોય પણ ઘર સુધી લાઈન કે ચકલી ન હોય તો એ પાણી શું કામનું? તો એ આ યોજનાથી, પછી ૧૦ લાખની થાય કે પછી ૫૦ લાખની થાય પરંતુ આ યોજનાથી ગામડામાં અવેડો બને છે, પાણીની ટાંકી બને છે, નળની લાઈનો નંખાય છે અને શૌચાલયો પણ આમાંથી જ બનાવવામાં આવે છે. આ યોજનાનો લાભ આજે ગુજરાતમાં ખૂબ સારી રીતે લેવાઈ રહ્યો છે અને લગભગ આ યોજનામાં ૧૫૭૦૯ સમિતિઓ બનેલી છે, ૭૮૨૨ જેટલી યોજના મંજૂર કરવામાં આવી છે, ૪૮૧૨ જેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે, બીજી ૩૦૧૦ યોજના પ્રગતિમાં છે અને માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ સાહેબનો એમાં આભાર માનુ છું કે, ૧૬૩ કરોડ રૂપિયા નવા ફાળવ્યા છે જેથી કરીને ગુજરાતના ગામડામાં પણ નળથી પાણી ભરી શકીશું. કોંગ્રેસી મિત્રો આ નર્મદાના પાણીથી સરખી રીતે નાહી લેજો, નર્મદા કિનારે નહ્વા જવાની જરૂર નહીં પડે આપણે આપણા બાથરૂમમાં આપણે શુદ્ધ પાણીથી નહાવ એવી અપેક્ષા સાથે હું આ બજેટને સમર્થન આપુ છું. 'અસ્તુ' 'ભારત માતા કી જય'

**શ્રી કાન્તિલાલ ર૧. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૧૬મી વખત આ સન્માનનીય ગૃહ સમક્ષ જે બજેટ લઈને આવ્યા છે, ત્યારે આ બજેટમાં હું મારા વિચારો રજૂ કરું છું અને તેને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને એમાં સંકળાયેલા અનુસૂચિત જાતિ, બક્ષી પંચ, લઘુમતિ આ ૭૦ ટકા વસતિને સ્પર્શતો આ વિભાગ છે. ગુજરાતમાં ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૩૫,૯૩,૦૦૦ ની હતી, જે ૭.૯ ટકા થવા જાય છે. કોઈપણ સમાજનો વિકાસ કરવો હોય તો ૪ મુખ્ય પાસાં છે. શિક્ષણ, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય, ગૃહનિર્માણ અને એનો વહીવટ. અત્યાર સુધી આ દબાયેલા કચડાયેલા વર્ગનો ફકત વોટબેંક માટે જ ઉપયોગ કર્યો છે. લોભામણી લાલચ આપીને જ વોટ લીધા છે. આ ૭૦ ટકા વર્ગ પણ સમજી ગયો છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે આ ગુજરાતનું શાસન ચલાવી રહ્યાં છે, ત્યારે એમની શાસનધૂરામાં વિશ્વાસ મૂકીને અનુસૂચિત જાતિના આ વિભાગમાં આ ગૃહની અંદર ૧૩ સભ્યો છે. ગયે વખતે ૧૩માંથી ૪ કોંગ્રેસના હતા અને ૯ ભાજપના હતા. આ વખતે વધારે થઈ અને ૧૧ ભાજપના થયા છે અને ૨ જ કોંગ્રેસના રહ્યાં છે. આ કચડાયેલા વર્ગને ભારતીય જનતા પાર્ટી તરફ એક આશા ઉભી થઈ છે કે આ જે સરકાર છે, એ અમારું કંઈક ભલું કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ. આ ૨૦ મુદ્દા અમલીકરણ એ કેન્દ્રની અંદર કોંગ્રેસની સરકાર લાવેલી. ત્યારે આ કચડાયેલા વર્ગને એવું લાગેલું કે આ ૨૦ મુદ્દામાં ખાસ કિસ્સામાં આ વર્ગને લાભ મળશે

એવી આશા હતી. પરંતુ એ આશા ઠગારી નીવડી. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સતત ૫ વર્ષ સુધી ૨૦ મુદ્દાના અમલીકરણમાં ગુજરાત પહેલા નંબરે રહ્યું છે. દુ:ખની વાત તો એ છે કે કોંગ્રેસ શાસિત રાજયો પૈકી કોઈપણ રાજય આ ૨૦ મુદ્દાના અમલીકરણમાં પહેલા નંબરે અત્યાર સુધી આવ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં ૨૦૧૦-૧૧માં જે નવી યોજનાઓ દાખલ કરી છે, એમાં અનુસૂચિત જાતિ માટે રાજકોટ ખાતે અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે એક હોસ્ટેલ ઉભી કરવાનું કામ કર્યુ છે. એમાં ૩૦ લાખ રૂપિયા ફાળવ્યા છે. ૮૮ આશ્રમશાળાઓમાં બે બે કોમ્પ્યુટર આપવા માટે ૪૪ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના યુવક યુવતીઓને હાઈસ્કુલની તાલીમ આપવા માટે ૧૦૦૦ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ઈન્ફરમેશન, કોમ્યુનિકેશન અને એજયુકેશન માટે ૧૦૦ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ૫ જિલ્લાની કચેરીઓના આધુનિકરણ માટે ૧૫૦ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આપણા શિક્ષણની અંદર પણ બે જોડી ગણવેશ, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે, એમાં પણ અતિ પછાત વિદ્યાર્થીઓ માટે ૪૫૦ રૂપિયાની કુમારને અને કન્યાઓ માટે ૬૦૦ રૂપિયાની સ્કોલરશીપ. હોસ્ટેલમાં અનુદાન, આશ્રમશાળાઓમાં અનુદાન આદર્શ નિવાસી શાળાઓ હોસ્ટેલના મકાનમાં ગ્રાન્ટ. એથી આગળ વધીને અનુસૂચિત જાતિના છોકરાઓ જે આઈ.એ.એસ. થવા માગે છે, એના માટે તાલીમ માટે પણ એક આયોજન કરવામાં આવ્યું છે. ઉચ્ચ અભ્યાસક્રમના માટે અને વિદેશમાં જવા માટે પણ લોન સહાય મંજૂર કરવામાં આવે છે.

**શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ આ ગૃહમાં સતત ૧૬ મી વખત બજેટ રજૂ કરીને એક વિક્રમ સ્થાપ્યો છે ત્યારે હું તેમને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે સ્વર્ણીમ જયંતી વર્ષ ઉજવી રહ્યા છીએ અને આ સ્વર્ણીમ બજેટ આ માનનીય નાણામંત્રીશ્રીએ ગરીબમાં ગરીબ માનવીની વધુને વધુ ચિંતા કરી છે ત્યારે એના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગમાં માનનીય નાણામંત્રીશ્રીએ ૧૭૩.૮૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે ત્યારે પૂજય મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, છેવાડાના માનવીની સાર સંભાળ લેવી જોઈએ. પૂજય પંડિત દિનદયાળ ઉપાધ્યાયજી કહેતા હતા કે સેવા કરવી હોય તો દરિદ્ર નારાયણની કરવી. આપણા શાસ્ત્રો અન્નભ્રહ્મ છે એ કહે છે કે, ગરીબની આંતરડી ઠરશે એનાથી મોટું કોઈ સત્કર્મ હોઈ શકે નહીં. એક પણ દરિદ્ર નારાયણ ભૂખ્યો ના રહે એ જોવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રતિબધ્ધ છે. ભયંકર મોંઘવારીના મારથી ગરીબોને બચાવવા સરકાર ખૂબ મોટો ભાર જીલ્યો છે ત્યારે ગમે તેવા કપરા સમયમાં પણ ગરીબના ઘરમાં ચૂલો સળગતો રહે એના માટે આ રાજય સરકાર પ્રતિબધ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માટે ગરીબો માટે ૧૩૩ કરોડ જેટલો મોટો બોજો આ રાજય સરકાર વહન કરી રહી છે ત્યારે એની સાથે સાથે ગુજરાત સરકારે ગરીબોને આપવામાં આવતા ખાદ્ય પદાર્થોમાં કોઈ જ બાંધછોડ કરી નથી. ગુજરાતે દેશમાં પ્રથમવાર ફોર્ટીફાઈડ આટો, ખાદ્યતેલ અને આયોડીનયુકત મીઠું પૂર પાડવાનું વચન નિભાવ્યું છે. એટલા માટે કહેવાય છે કે જયાં ટૂકડો ત્યાં હરી ઢૂકડો. આ સરકારે લાખોની સંખ્યામાં ભૂતિયાંક કાર્ડ શોધી કાઢયાં છે. એટલા માટે મારે કહેવું પડે છે કે હું જે ચર્ચા કરી રહ્યો છું આ ગૃહમાં એ અન્ન, નાગરિક પુરવઠા વિભાગની વાત કરું છું. આ સરકારે આ રાજયમાં ભૂતિયાં રેશન કાર્ડ શોધી કાઢીને રદ કર્યા

છે અને સાચા, ગરીબ અને જરૂરિયાત મંદને સીધું અન્ન પહોંચે એવું આ રાજયની ભાતીય જનતા પાર્ટીની સરકારે કાર્ય કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સસ્તા અનાજની દૂકાનોની વાત કરવી છે કે સસ્તા અનાજની દૂકાન હોય ત્યાં આગળ સંઘરાખોરોને ત્યાં દરોડા પાડીને આ સરકારે આખા દેશમાં નંબર વન પ્રાપ્ત કર્યો છે ગરીબોના હકકનું જમી જનાર અને રાષ્ટ્રીય સંપત્તિ સાથે ખિલવાડ કરનારની શાન ઠેકાણે લાવવા માટેનું ગુજરાત સરારે પ્રસંશનીય કામ કર્યુ છે. દરોડા પાડીને આવા વેપારીઓને રૂક જાઓનો આદેશ નહીં, પરંતુ એટલું કહેવાને બદલે એમને જેલના સળિયા પાછળ ધકેલવામાં મારી સરકારે કોઈ કચાશ રાખી નથી. અગાઉ આ દેશમાં અને આ રાજયમાં ગાંધી વૈદ્યનું સહિયારું ચાલતું હતું. એવા સમયે સરકારમાં બેઠેલા લોકો અનાજના સસ્તા ભાવની દુકાનોના માલિક હતા અને એમના સગાંસંબંધીઓ આ સસ્તા અનાજની દુકાનો ચલાવતા હતા ત્યારે આવા લોકોને પકડવાની એમની માનસિકતા નહોતી એના પરિણામે ભૂતકાળમાં કાળાબજારીયાઓ, સંઘરાખોરોએ આ રાજયને અને દેશને ખૂબ મોટું નુકસાન કર્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે કે એ ગરીબમાં ગરીબ માનવીને માટે આ સરકારની એક નેમ છે કે એને ધરા સુધી અને ગગન સુધી મારે જવું છે છેવાડાના માનવી સુધી. આ નેમ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી બેઠા છે ત્યારે આ કેન્દ્ર સરકાર આમ આદમી ઉપર આ મોંઘવારીના ત્રાસમાંથી આ બજેટમાં પણ એમણે એવી કોઈ જોગવાઈ ના કરી કે ગરીબમાં ગરીબ સુધી, ગરીબના જઠર સુધી એની ભૂખ સંતોષાય એ માટેની કોઈ વ્યવસ્થા આ કેન્દ્ર સરકારે કરી નથી ત્યારે મારે ધ્યાન દોરવું છે કે એન.ડી.એ.ની સરકાર હતી અને આજની સરકારમાં કયા કયા આદ્ય પદ્યાર્થોના ભાવમાં કેવો વધારો થયો છે એની માહિતી મારે આ ગૃહમાં રજૂ કરવી છે. હું ઘઉંની વાત કરું તો

ઘઉંમાં ૬૮ ટકાનો વધારો થાય છે, ચોખામાં ૧૦૦ ટકાનો ભાવ વધારો થયો છે, તેલમાં ૨૫ ટકાનો વધારો થયો છે, તુવરદાળના ભાવમાં પણ વધારો ઘણો જ થયો છે...

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણીમ ગુજરાત વર્ષની ઉજવણીના વર્ષમાં માનનીય નાણા મંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉપસ્થિત થયો છું. માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા આ ગૃહમાં સોળમી વાર બજેટ લઈને આવ્યા છે ત્યારે હું એમને લાખ લાખ અભિનંદન પાઠવું છું. આ ભાજપની સરકાર અને નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારની નેમ છે કે ગુજરાતનો એકે એક ગરીબ નાગરીક ભૂખ્યો ન રહેવો જોઈએ અને સૌને પૌષ્ટિક આહાર મળી રહેવો જોઈએ તે માટે આપણી ગુજરાત સરકાર, ભાજપની સરકાર વચનબધ્ધ અને કટીબધ્ધ છે. આજની ભયંકર અને સહન ન કરી શકાય તેવી મોંઘ ાવારીમાં ગરીબોને બચાવવા આ સરકારે ખૂબ મોટો ભાર જીલ્યો છે, ગમે તેવી મુશ્કેલીઓ ગમે તેવા કપરા દિવસોમાં પણ ગરીબના ઘરમાં ચૂલો સળગવો જોઈએ તે માટે આ સરકાર વચનબધ્ધ છે. રાજય સરકારે ગરીબોને ઘઉં અને ચોખાનું પુરતા પ્રમાણમાં વિતરણ કરી શકાય તે માટે સ્વર્ણીમ ઉજવણીના વર્ષના બજેટમાં રૂા. ૧૭૩.૮૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. વચનબધ્ધ સરકારે ગરીબોને ઘઉં અને ચોખાના વિતરણ માટે રૂા. ૧૩૩ કરોડ જેટલો મોટો બોજ વહન કર્યો છે. આ સરકારે ગરીબોને આપવામાં આવતા ખાદ્ય પદાર્થોની ગણુવતામાં કોઈ બાંધછોડ ન કરવાનું ધ્યાન રાખ્યું છે. આ ભાજપની અને મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે દેશમાં પ્રથમવાર ફોર્ટીફાઈડ આટો, ખાદ્ય તેલ અને આયોડીન યુકત મીઠા સુધીની ચીજો પુરી પાડી પોતાનું વચન નીભાવ્યું છે. આજે સુખી પરીવારોમાં સોયાબીનનો વપરાશ સુખી જીવનની નિશાની બની ગયો છે ત્યારે આપણી ગુજરાત

સરકારે બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકોને પૌષ્ટિક આહાર સોયાબીન સાથે ફોર્ટીફાઈડ આટો મળી શકે તે માટે આ વર્ષના બજેટમાં સો કરોડ રૂપિયા જેટલી જોગવાઈ કરી છે. જાહેર વિતરણ વ્યવસ્થા મારફત સબસીડીથી ખાદ્ય તેલ મળી રહે તે માટે આપણે આ બજેટમાં રૂા. ૩૩ કરોડ જેટલી જોગવાઈ કરવામાં આવેલ છો. સરકારે ૨૬ લાખ જેટલા ગરીબી રેખા નીચે જીવતા બી.પી.એલ. કુટુંબ અને વ્યકિતદીઠ એક કિલોગ્રામના રૂા. ૨ ના ભાવથી દોઢ કિલો ગ્રામ અને કાર્ડ દીઠ વધારેમાં વધારે ૯ કિલો ગ્રામ ઘઉંનું વિતરણ કરવામાં આવે છે. પ્રતિ કિલોગ્રામ રૂા. ૩.૪ પૈસા રાજય સરકા સબસીડી ભોગવે છે. માનનીય અળધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ રૂા. ૩ પ્રતિ કિલોના ભાવથી વ્યકિત દીઠ એક કિલો ગ્રામ અને કાર્ડ દીઠ સાડા ત્રણ કિલો ગ્રામ ચોખાનું વિતરણ કરવામાં આવે છે. ૨૦૦૯-૧૦ના વર્ષમાં માહે નવેમ્બર ૨૦૦૯ સુધીમાં આ યોજના હેઠળ કુલ ૧,૯૪,૭૯૩ મેટ્રીક ટન ઘઉં ૧,૦૪,૬૧૬ મેટ્રીક ટન ચોખા, ૧૨૨૫૬ મેટ્રીક ટન મકાઈ, અને ૧૭૨૮૯ મેટ્રીક ટન બાજરીનું વિતરણ કરવામાં આવેલ છે. અંત્યોદય અન્ન યોજનાનો લક્ષ્યાંક કેન્દ્ર સરકારે આપણને ૮.૧૦ લાખ કુટુંબોનો આપવામાં આવેલ હતો. તેની સામે આપણી સરકારે ૮.૧૫ લાખ કુટુંબોને નકકી કરી તમામને રેશન કાર્ડ આપી દીધા છે. અંત્યોદય યોજના હેઠળ દરેક રેશનકાર્ડ ધારકને ૨૫ કિલો ગ્રામ રૂા. બે ના ભાવથી ૨૮ કિલો ગ્રામ ઘઉં, અને પ્રતિ કિલોગ્રામ રૂા. ૩ ના ભાવથી ૭ કિલો ગ્રામ ચોખાનું વિતરણ કરવામાં આવતું હતું. તેમાં જુન ૨૦૦૯ થી ફેરફાર કરી કુટુંબ દીઠ ૧૯.કિલોગ્રામ ઘઉં અને ૧૬ કિલો ગ્રામ ચોખાનું વિતરણ કરવામાં આવે છે. એપ્રિલ ૨૦૦૮ થી આ યોજનામાં ફેરફાર કરી ઘઉંના બદલે ૧૬.૬૬ કિલો ગ્રામ ફોર્ટીફાઈડ આટાનું બેગમાં વિતરણ કરવામાં આવે છે. આ જથ્થામાં વધારો કરી ૧૮.૫૦૦ કિલો ગ્રામ નું વિતરણ કરવામાં આવે છે. નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેને સમર્થન આપી મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧ના અંદાજપત્ર ઉપર આ સભાગૃહના ૭૯ સભ્યશ્રીઓએ ભાગ લીધેલો એટલે કે ટોટલ સંખ્યાના ૪૪ થી ૪૫ ટકા સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. એમાં જે સભ્યશ્રીઓએ આ બજૅટની તરફદારી કરી છે એને હું અભિનંદન આપું છું અને જે સભ્યશ્રીઓએ આ બજૅટ સાથે અસહમતી દર્શાવી છે એને સવિશેષ અભિનંદન આપું છું અને ઈશ્વર તેઓને એવી રીતે અસહમતી આપવા માટે થઈને કાયમ માટે થઈને શકિત આપે તેવી શુભ ભાવના પણ વ્યક્ત કરું છું.

બજૅટ જ્યારે રજૂ થાય છે ત્યારે કેન્દ્ર સરકારનું હોય કે રાજય સરકારનું હોય એમાં કોઈને કોઈ ખામી કે ક્ષતિ રહી ગઈ હોય તો આર્થિક રીતે એનું જે વિશ્લેક્ષણ કરવા વાળા હોય છે, ઈકોનોમિકસો એની કંઈકને કંઈક ટીકા કરતા હોય છે એની આલોચના કરતાં હોય છે. એમાં જે કંઈ ક્ષતિ રહી ગઈ હોય એ બતાવતા હોય છે. પરંતુ ગુજરાતમાં આવી આલોચના કે ટીકા આ બજૅટ ઉપર કરવામાં આવી નથી, એનો અર્થ એ છે કે અર્થશાસ્ત્રીઓએ પણ આ બજૅટને પૂરેપૂરુ સ્વીકાર્યુ છે.

સૌથી પ્રથમ તો હું માનનીય સભ્યશ્રીઓએ મુખ્ય મુખ્ય વાતો કરી છે. જે વિભાગને લગતી વાત છે એ નહિ પરંતુ બજૅટની વાત છે એ અંગે કહીશ. માનનીય વિરોધપક્ષના નેતા શકિતસિંહજીએ પહેલી વાત એ કરી કે વેટ ઉપરનો દર ૨૫ ટકા સરચાર્જ છે એ દૂર કરવો જોઈએ. આ સરચાર્જ ૨૦૦૭-૦૮માં નાખવામાં આવેલો. છેલ્લા બે ત્રણ વર્ષથી આની ચર્ચા ચાલે છે. આ સરચાર્જ નાખ્યો ત્યારે આખા હિન્દુસ્તાનમાં જે બનાવો નહિ બન્યા હોય તેવી હકીકત બની છે. ટેક્સ નાખ્યો ત્યારે કોઈપણ વેપારી વર્ગ તરફથી એનો વિરોધ કરવામાં આવ્યો ન હતો અને આ વાત સ્વીકારી લીધેલી હતી.

બીજી સભ્યશ્રીએ સૅકન્ડ હેન્ડ ગાડીની કરી. સૅકન્ડ હેન્ડ ગાડી ઉપર ટેક્સ લેવાની વાત છે એ ન લેવો જોઈએ એવું અહીંયા કહેવામાં આવ્યું. કાર કયા લોકો વાપરે છે? નવી કાર હોય કે સૅકન્ડ હેન્ડ કાર હોય એ મધ્યમ કક્ષાથી ઉપરવાળો આ કારનો ઉપયોગ કરતો હોય છે અને એની પાસેથી આજે પણ સેકન્ડ હેન્ડ કાર માટેનો ચાર્જ લેવાય જ છે. પરંતુ આ ચાર્જ છે એ ભવિષ્યની અંદર એણે ટોટલ ટેક્સ ભર્યો હોય દા.ત. ૧૦૦ રૂપિયા ટેક્સ ભર્યો હોય તો એના ૧૫ ટકા એની પાસેથી લેવામાં આવશે. એટલે એવો કોઈ હેવી ચાર્જ નાખવામાં આવ્યો નથી. આ મોટર વાપરવા વાળા પૈસાદાર લોકો હોય છે એની પાસેથી ચાર્જ વસૂલ થાય છે.

બીજી વાત એ કરવામાં આવી કે ૭૩૦ કરોડ રૂપિયાનો ટેક્સ નાખવામાં આવ્યો છે. આ ટેક્સ છે એ તમે ૬૮૬ ઉદ્યોગો છે એની પાસેથી વસૂલ કર્યો હોત કે જેની પાસેથી પૈસા લેવાના બાકી છે એની પાસેથી વસૂલ કર્યો હોત તો આ ટેક્સ નાખવાની જરૂરિયાત ન પડત. ૭૩૦ કરોડ રૂપિયાનો ટેક્સ નથી. મેં ૬૦૦ કરોડ રૂપિયા જો સેન્ટ્રલ ગવર્નમૅન્ટે જે કમિટમૅન્ટ આપ્યું હતું તેમાં ૪ ટકાના ૩ ટકા, ૩ ટકાના ૨ ટકા કરી અને ૨ ટકા સેન્ટ્રલ સેલ્સટેક્સ તમે ઓછો લેશો અને એના કારણે જે તમને આવકમાં ખોટ જશે એ ભરપાઈ કરી દેશું પરંતુ ભારત સરકાર આ પૈસા આપતી નથી એના કારણે અમે સ્પષ્ટ કહ્યું છે કે આ ટેક્સ છે એ પહેલા ત્રણ મહિના નહિ લાગે, ભારત સરકાર સાથે વાટાઘાટ કરી અને હાઈ પાવર કમિટીમાં કહ્યું હતું કે આ ટેક્સ અમે આપવાના નથી. કારણ કે જી.એસ.ટી. લાગુ પડ્યો નથી. એટલા માટે આ ટેક્સ નહીં આપીએ. જો સેન્ટ્રલ ગવર્નમૅન્ટ આ ન આપે, તેના કમિટમૅન્ટમાંથી એ પાછા જાય તો જ આ ૬૦૦ કરોડ રૂપિયા થવાના છે. આ ૬૦૦ કરોડ રૂપિયા અત્યારે ટેક્સ નાખ્યો નથી. એ કોઈ નવો ટેક્સ નથી. પરંતુ જે વેપારી રાજયમાં વેપાર કરે છે. રાજયમાંથી માલ લઈને રાજયમાં વેચાણ કરે છે તેને કોઈ અસર થવાની નથી. એટલે મોટા ભાગે જે ૯૦ ટકા વેપારીઓ છે તેને કોઈ આની અસર થવાની નથી. પણ જે ૧૦ ટકા વેપારી છે કે જે આ રાજયમાં માલ ઉત્પાદન કરીને બીજા રાજયમાં વેચે છે એ જે માલ ઉત્પાદન કરે તેના માટે રો-મટિરિયલ લીધું હોય તેના ઉપર જે ૧૦૦ ટકા ખરીદ કરેલ માલ ઉપર ભરેલ વેરો ૧૦૦ ટકા બાદ મળે છે તેના બદલે તેને ૨ ટકા વેરો ઓછો માફ મળશે. ૧૫ ટકા હશે તો તેને ૧૩ ટકા માફ મળશે. ૫ ટકા ટેક્સ ભરતો હશે તો ૩ ટકા ટેક્સ માફ મળશે. બે ટકા નહીં મળે. આના કારણે રાજયનો કોઈ વેપાર-ઉદ્યોગ ખોરવાઈ જશે એવી કોઈ વાત થવાની નથી. તેમણે જે કહ્યું અને બીજાં જે ૬૦૦ કરોડ સિવાય ૧૦૦ કરોડ રૂપિયા જે ટેક્સ નાખ્યો છે એ કહીએ છીએ કે અમે આ ટેક્સ નાખ્યો છે. કોના ઉપર નાખ્યો છે? જે તમાકુ ખાય છે. એના પાસે. જે ખેડૂતો ગુજરાત રાજયમાં તમાકુ પકવે છે અને કાચી તમાકુ છે આ કાચી તમાકુ ઉપર એક પૈસાભારનો ટેક્સ નથી. એ કાચી તમાકુ આજે પણ ટેક્સ મુકિત છે, મુકિત છે અને ભવિષ્યમાં પણ રહેવાની છે. પણ જે લોકો સુગંધી તમાકુ ખાય છે. સિગારેટ પીએ છે. ગુટકા ખાય છે. જે ખરેખર એક વ્યસન છે એ વ્યસનવાળા લોકો ઉપર જ, જે ખાય છે તેવી તમાકુ ઉપર જ ટેક્સ છે. આ કોઈ સામાન્ય માણસ ઉપર આ ટેક્સ નથી એ નિર્વિવાદ વાત છે. તેમણે જે વાત કરી કે ૬૮૬ કેસ છે તેની પાસેથી રકમ લીધી હોત તો આ ટેક્સ નાખવાની જરૂર ન પડત. પણ આ ૬૮૬ જે કેસ છે એ અમારા વખતના ઉભા થયેલા નથી. આટલા વખતથી ચાલ્યા આવે છે. બાબુભાઈના વખતમાં પણ આ ચોપડામાં પૂજાતા જ આવ્યા હતા. આ એ જ વખતના પણ તેમાં નામ ઉમેરો થયો હોય અને કયાંય ઘટાડો થયો હોય, આ જે ટેક્સ છે તેમાંથી ૫૯૮ કેસ તો એવા છે કે જેની સામે મનાઈ હુકમ હોય. જે બી.આઈ.એફ.આર.ની અંદર હોય. જે લીકવીડેટરની પાસે ગયા હોય, જેના ધંધા બંધ થયા હોય, જેને રેવન્યુ રીકવરીના સર્ટિફિકેટ ન મળ્યા હોય આવા પ્રકારના કેસ છે અને ૬૮૬માંથી ફક્ત ૧૨ કેસ એવા છે કે જે હરાજી માથે છે અને ૭૬ કેસની વસૂલાતની કાર્યવાહી ચાલુ છે. એ રીતે જોઈએ તો ફક્ત ૮૮ કેસ જ એવા છે અને તેની રકમ આના પ્રમાણમાં સાવ ઓછી અને નગણ્ય હશે. એટલે જો આ ઉદ્યોગકારો પાસેથી ટેક્સ વસૂલ કર્યો હોત તો આ નવો ટેક્સ નાખવાની જરૂર ન પડત અને નવા ટેક્સની અંદર મેં વાત કરી, ૧૦૦ કરોડ રૂપિયા તમાકુ પાસે છે અને ૩૦ કરોડ રૂપિયા એ વાહન ઉપર છે. પણ વાહનની અંદર પણ જે બીજાં એક પ્રકારના વાહનો છે તેના માથે દર છ મહિને અને ૧૨ મહિને ટેક્સ લેવાતો હતો. તેના બદલે ૬ ટકાના ધોરણે કાયમી ટેક્સ લેવાય એટલે તેની ટેક્સ લેવાની પદ્ધતિમાં ફેર કર્યો છે. ટેક્સ વર્ષે ભરતા હતા એ કાયમી ટેક્સ ભરે એવા ૧૫ કરોડ છે અને ૧૫ કરોડ જે લોકો જૂની મોટર ખરીદ કરે છે તેના માથે ટેક્સ છે. એટલે હું ખરેખર એમ જો કહી શકું કે આ ૭૩૦ કરોડ રૂપિયાનો ટેક્સ નથી. ૧૦૦ કરોડ રૂપિયા તમાકુ ઉપરનો ટેક્સ છે અને ૧૫ કરોડ રૂપિયા નવી મોટર ઉપરનો ટેક્સ છે. ૧૧૫ કરોડ રૂપિયા આ નવા ટેક્સેશનનું માળખું છે. તેનાથી સવિશેષ કંઈ નથી. એ પ્રમાણે જે માનનીય સભ્યશ્રીએ વાત કરી કે આટલી પૂરાંત લઈને આવ્યા છે અને ચોખ્ખા હિસ્સામાં મહેસૂલી ખાધ વધી ગઈ છે. માનનીય સૌરભભાઈએ ડીટેઈલમાં વાત કરી છે. મહેસૂલી ખાધ વધવા માટેના કારણો છે તેમાં જે છઠ્ઠું પગાર પંચ આવ્યું તેના કારણે કર્મચારીઓના પગારમાં જે વાર્ષિક બોજો પડતો હતો એ વાર્ષિક બોજો,એ ઉપરાંત કર્મચારીઓને જે પાંચ હપ્તાની અંદર પાંચ વર્ષની અંદર એને જે વળતર ચૂકવવાનું છે. તા.૧-૧-૨૦૦૬થી આ જ્યાં સુધી આ પગાર આપવામાં આવ્યો ત્યાં સુધી એટલા

વર્ષોનું વળતર પાંચ ભાગની અંદર ચૂકવવામાં આવે એને ૨૦-૨૦ ટકા લેખે રકમ મળે. અત્યારે પગારમાં વધારો થયેલો છે એ વધારો, એ અને પેન્શનરોને જે પેન્શન આપવામાં આવે છે એ તમામ રકમ  લગભગ ૪૫૦૦ કરોડ રૂપિયાનું ભારણ છે. એ જ રીતે માનનીય સૌરભભાઈએ કહ્યું કે, સેન્ટ્રલ સેલ ટેક્સની રકમ કેન્દ્ર સરકાર પાસેથી એણે આપેલ વચન મુજબની ૨૨૦૦ કરોડ રૂપિયાની રકમ બાકી છે અને સીએસટીની રકમ બાકી છે અને નક્કી થયેલી રૉયલ્ટી હતી, એ રૉયલ્ટીની અંદર ડેફિનેશનમાં ફેરફાર કરી અને આપણને ઓછી રકમ આપી છે. એવી ૧૫૦૦ કરોડ રૂપિયાની રકમ ઓછી આપી છે. આ રીતે ત્રણેયનો સરવાળો કરવામાં આવે તો ૮૨૦૦ કરોડ રૂપિયાની મહેસૂલી આવક જે મળવી જોઈતી હતી એ આપણને ઓછી મળે છે અને એમાં ખર્ચ વધારો આવી જાય છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, કૅમીકલ છે એ કલાસીફાઈડ એન્ટ્રીમાંથી કાઢી હટાવી લીધો છે અને એને પાંચ ટકામાંથી કાઢી ૧૫ ટકાના વેટની અંદર લઈ ગયા છો. કૅમીકલની કોઈ ડેફિનેશન નથી. આજે દરેક વેપારી વારંવાર એના ઈન્ટરપ્રિટેશન માટે ઝગડા થતા હતા એટલે એની ડેફિનેશન કાઢી નાખી છે. જુદા જુદા કૅમીકલ ઇન્ડસ્ટ્રીઝ વાળાને કહ્યું કે તમારું લિસ્ટ છે અને એનું આખું લિસ્ટ બનાવી અને આજે એના ૧૫ ટકાને બદલે એનો જી.આર. કરીને અને એના કૅમીકલની ડેફિનેશનમાં લેવી અને એના પાંચ ટકા છે. પહેલાં તો એની વસ્તુ બનાવી અને દીવાલની લાપી બનાવી અને કહે કે લાકડાની અંદર પૂરવાની લાપી બનાવી, આ અમારું કૅમીકલ છે. આવી રીતે જે ઉપયોગ કરીને ૧૫ ટકાને બદલે ૫ ટકા ભરતા હતા. આ એનો ગેરઉપયોગ ન થાય એટલા માટે થઈને કૅમીકલની વાત આ રીતે કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે જે પ્લાન સાઇઝ માટે થઈને એસ.સી.ના લોકો છે એના માટે ફાળવણી કરવા માટેની વાત માનનીય સભ્યશ્રીએ કરી હતી. એના માટે એટલું જ કહીશ કે એસ.ટી.ના લોકો છે એ સંગઠિત રીતે અમુક વિસ્તારની અંદર ભેગા રહે છે અને એસ.સી.ના લોકો છે એ આખા ગુજરાતની અંદર બધી જગ્યાએ પથરાયેલા છે. ધારો કે અમે નક્કી કરીએ કે આ જગ્યાએ સ્કૂલ કરવી છે. તો એ જગ્યાએ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫ની છે તો એના માટે જુદું ન થઈ શકે. જ્યારે એસ.ટી.ના લોકો છે એ ૨૭ તાલુકાની અંદર સંગઠિત રીતે આખા ઝૂમખાના સ્વરૂપમાં ટોટલ વસ્તી લગભગ એસ.ટી.ની હોય છે એના માટે જે વાત છે. એવી રીતે વાત નથી. છતાં સાત ટકાની જાળવણી માટેની વાત એના માટે રાજય સરકારની એની કોશિષ રહેલી છે. એ જ રીતે જે કરવેરાની અંદર જે કેન્દ્રનો હિસ્સો હતો એના માટે સભ્યશ્રીએ વાત કરી કે, એનડીએની સરકારમાં આટલું મળતું હતું અને આ સરકારમાં આટલું મળે છે. એનડીએની સરકારમાં જે ટેકસેસનનું માળખું હતું. નક્કી કરેલા માળખામાંથી ૩.૫૭ ટકા મળતું હતું અને જ્યારે યુપીએની સરકાર વખતે ટેકસેસનના માળખા હતા એની અંદર ૩.૦૪ ટકા મળે છે. જેના કારણે ૦.૫૩ ટકા છે એ ઓછું મળે છે અને ૦.૫૩ ટકા ઓછા મળવાના કારણે તેરમા નાણા પંચની અંદર આપણને ૭૫૦૦ કરોડ રૂપિયા ઓછા મળશે. કેટલી રકમ ઓછી મળશે તેરમા નાણા પંચમાં ૭૫૦૦ કરોડ રૂપિયા. ૦.૫૩ ટકાના કારણે ઓછા મળવાના છે. એ જ રીતે માનનીય સભ્યશ્રીએ વાત કરી હતી. આંગણવાડી માટે સો કરોડ રૂપિયાની વાત કરી હતી. અને બહેનશ્રી આનંદીબેને વાત કરી આ ૩૩૦૦ ઓરડા માટે હતા. આ જે ૩૩૦૦ ઓરડા માટે થઈને સર્વશિક્ષા અભિયાનને આ જે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવી દીધા છે અને સર્વ શિક્ષા અભિયાન મારફત દરેક જે ગ્રામપંચાયત છે એ ગ્રામપંચાયત દ્વારા એ મકાનો થવાના છે એટલે ઓલરેડી એને ૧૦૦ કરોડ આપી દીધા છે અને આગામી વર્ષની અંદરના પૈસા પણ આ જ રીતે વાપરવામાં આવશે.  આ સિવાય માનનીય અર્જુનભાઈએ પણ જે વાત કરી હતી એમના વાતના જવાબની અંદર હું એમ નથી કહેતો કે આ મેળા કરવા છે અને પ્લેન લેવા છે અને આ ડિઝાઇન અને આ અને તેને એવી કોઈ પોલીટીકલ વાતની અંદર નથી પડતો પરંતુ એમણે જે એસ.આર. માટેની એલ.એન્ડ ટી. માટેની વાત કરી, સુરતમાંથી ૭૦હજાર મેટ્રીક ટન રેતી કાઢી લીધી એની વાત કરી, ૨૦૨.૪૦ કરોડની જે નોટિસ આપી હતી રાજય સરકારે એમાંથી આ રજૂઆત કરી એના તમામના જવાબ માનનીય સૌરભભાઈએ આપ્યા હતા એટલે હું વિશેષ એ કોઈ જવાબની અંદર પડતો નથી  અને એ જ રીતે માનનીય સિદ્ધાર્થભાઈ પટેલે પણ જે એમની વાત કરી હતી એમાં એમણે કહ્યું કે રાજયનું દેવુ માર્ચ-૯૫માં ૯૪૦૦ કરોડનું હતું અને આજે ૧૫ વર્ષના અંતે ૯૮હજાર કરોડનો આંક વટાવી ગયો છે અને ૩૫ વર્ષના કૉન્ગ્રેસના શાસનના અંતે ૯૪૦૦થી વધી અને ૧૫વર્ષમાં ૯૮હજાર થયું છે અને એમણે એ પણ વાત કરી કે વ્યાજ અને મુદ્દલ ચૂકવવા માટે થઈને પણ વ્યાજે પૈસા લેવા પડે છે આ જે વાત કરી હતી, એમાં મારે સ્પષ્ટ રીતે માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ કહેવાનું કે આ રાજય સરકારનું દેવું કેટલું છે એના માટેની જે વાત છે એ તો બધી એમના આકડાને જે બજૅટની બુક- માંથી જ કહ્યા છે એટલા માટે થઈને વિશેષ નથી કહેતો.  પરંતુ કોઈપણ રાજયની આવક .. ..

**અધ્યક્ષશ્રી** :ત્રણ મિનિટ બાકી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વહેલુ પૂરું કરી દઉ. જે દેણું છે એ દેણું જે કંઈ ફીસ્કલ ડૅફિસિટ જી.ડી.પી.ના પ્રમાણની અંદર એનું ૩૦ટકા રહેવું જોઈએ એ મર્યાદામાં છે. ફીસ્કલ ડૅફિસિટ ૩ ટકાની મર્યાદામાં રહેવું જોઈએ એટલું જ છે. અને અમારા દેણાના કારણે રાજય સરકાર અમને દર વર્ષે ૨૦૦૬થી માંડીને ૨૦૧૦ સુધી દર વર્ષે ૪૭૨ કરોડ તમારી ફાઈનાન્સીયલ ડીસીપ્લીન સારી છે એટલે ૪૭૨ કરોડનું દેણું માફ કરે છે. કેંદ્ર સરકારની સાથે જો હું આ સરખાવું તો શું છે કે કેંદ્ર સરકાર પાસે જી.ડી.પી.ની ટકાવારીના પ્રમાણમાં જે દેણું છે એ ૫૧.૫ છે અને રાજય સરકાર પાસે દેણું છે એ ૨૫.૮૬ છે એટલે જી.એસ.ડી.પી.ના પ્રમાણની અંદર કેંદ્ર સરકારનું એનું દેણું ડબલ છે અને એ જ રીતે જી.એસ.ડી.પી. પ્રમાણે જો ફીસ્કલ ડૅફિસિટ કહીએ તો એ ૩.૩૧ ટકા રાજયનું છે જ્યારે કેંદ્રનું છે ૬.૭૧ કરોડ છે અને દરેક વખતે સભ્યશ્રીઓ એમ કહે છે કે કેંદ્ર સરકાર તમને ખૂબ પૈસા આપે છે. ખૂબ પૈસા આપે છે તો એમાં મારે એટલું જ કહેવાનું કે કેંદ્ર સરકાર આપે છે એના કરતા કેંદ્ર સરકાર ગુજરાતમાંથી લઈ જાય છે કેટલા એ નક્કી કરો, ૨૦૦૭-૦૮ના આકડા કહીએ તો એમાં ૪૬૯૧૦ કરોડ રૂપિયા કેંદ્ર સરકારે ગુજરાતમાંથી વસૂલ કયા અને એની સામે ૯૧૯૬કરોડ આપ્યા. એટલે પાંચમો ભાગ આપ્યો. ૨૦ ટકા પૈસા આપ્યા, ૮૦ ટકા કેંદ્ર પાસે પૈસા રહ્યા છે. આ રીતે જો જોઈએ તો જે બાકીનું જે હું અત્યારે ૬૯૫૬૫ કરોડનું જે ટોટલ બજૅટ લઈને આવ્યો છું એમાં અમે આયોજન ખર્ચની અંદર ગયા વખત કરતા ૨૫.૫ ટકાનો વધારો કરી ૨૯,૫૦૦ કરોડ રૂપિયાનું બજૅટ મૂક્યું છે અને એમાં વિકાસલક્ષી ખર્ચ પણ ૪૫૮૬૦ કરોડ રૂપિયા મેં રાખ્યું છે. આ દ્રષ્ટ્રિએ વિવિધ યોજનાઓ છે એ બધી મેં મારા બજેટ બુકની અંદર કહ્યું છે અને ખાસ કહીશ કે મહાત્મા ગાંધીજીના મંદિર નિર્માણ માટે ૧૦૦ કરોડ છે. સંતનગરી માટે થઈને પણ મેં અહીં પૈસા ફાળવ્યા છે, શાહપુર અને ડાંગ વિસ્તારમાં હનુમાન પાવનપથના વિકાસ માટે પણ ૧૦ કરોડની જોગવાઈ કરી છે. આ તમામ જોગવાઈઓ કરી અને આ કૃષિ લક્ષી બજૅટ છે. ગરીબ લક્ષી બજૅટ છે. ખેતીલક્ષી બજૅટ છે, આ બજૅટ અત્યાર સુધીના જે બજૅટો છે એની અંદર કહીએ કે સર્વશ્રેષ્ઠ બજૅટ છે.

**અધ્યક્ષશ્રી** :અંદાજપત્ર પરની સામાર્ન ચર્ચા પૂરી થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૧૦ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૨૦, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

***૧૩૭૭૯ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :
(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાઓમાં છેલ્લાં બે વર્ષમાં નાના અને મોટા કુલ કેટલા નવા ચેકડેમો બનાવવામાં આવ્યા અને
(૨) આ ચેકડેમો પૈકી કેટલા ચેકડેમોનું ઉક્ત સ્થિતિએ રિપેરિંગ કામ પેન્ડિગ છે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

(૧) નાના ચેકડેમ-૧૮૪
મોટા ચેકડેમ- ૫
----------
કુલ : ૧૮૯

(૨) એક પણ નહીં.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર જે ગુજરાતમાં છેવાડે આવેલ છે. આપણે ગરીબોની વાતો કરીએ. પાણીની ચિંતા વ્યક્ત કરતા હોય તો, ગ્લોબલ ગામડાની વાત કરતા હોઈએ. મેં અગાઉ કહ્યું હતું તેમ માલપુર-મેઘરજમાં ૫-૫ કિ.મી.થી બહેનોને પાણી લાવવું પડે તેવી પરિસ્થિતિ છે. કુદરતી ભૌગોલિક પરિસ્થિતિના કારણે માત્ર પ્રજાને કુદરત ઉપર અને સરકાર ઉપર આધાર રાખવો પડે છે. એ સંજોગોમાં ચેકડેમ બનાવીએ તે સારી વાત છે. ચેકડેમ બનાવ્યા પછી રિપેર ન કરાતા હોવાથી તેના કારણે પૈસા વ્યર્થ જતા હોય છે. મેં પૂછ્યું છે કે ચેકડેમ કેટલા રિપેરિંગ કર્યા તો જવાબ છે એકપણ રિપેર કર્યા નથી. મારા મત વિસ્તાર મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરામાં ઘણા બધા ચેકડેમ રિપેર કરવાના આજે બાકી છે. નવા ગામ, સતીપુર, પિશાલ, મેઘરજ, કાલિયાકુવા, કુણાદર, ઉભરાણ, પ્રાંતવેલ, ખલીપુર, સરસોલી, રણોદરા, ઘેરાપુર આ દરેક જગ્યાએ ચેકડેમ રિપેર કરવાના બે વર્ષ પછી બાકી છે. ઘણી વખત સક્ષમ અધિકારીને રજૂઆત કરી, છતાં ચેકડેમ રિપેર કરવાના બાકી છે, તો આ માટે કઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : સૌથી પહેલા માનનીય સભ્યશ્રીને એ વાત સ્પષ્ટ કરી દઉં કે આપે પ્રશ્ન પૂછ્યો છે કે તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ-માલપુર-બાયડમાં કેટલા ચેકડેમ બન્યા પછી બીજો પેટા પ્રશ્ન પૂછયો છે કે આ ચેકડેમો પૈકી કેટલા ચેકડેમોનું ઉક્ત સ્થિતિએ રિપેરિંગ કામ બાકી છે, એટલે એ વખતે આ બે વર્ષમાં પ્રશ્નવાળા બે વર્ષમાં કુલ ૧૮૯ ચેકડેમો બનાવવામાં આવ્યા. આ ૧૮૯ માંથી કોઈ ચેકડેમ તૂટેલા નથી, એટલા માટે રિપેર નથી કર્યા. શૂન્ય જવાબ આપ્યો છે. એક પણ નહિ, એ પ્રશ્નવાળા સમય મર્યાદામાં ચેકડેમ ડેમેજ નથી થયા. બીજું સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે એમના વિસ્તારમાં ૧૦૭૨ ચેકડેમ બન્યા હતા, એ પૈકી ૨૩૫ ચેકડેમોના માટીપાળા ધોવાઈ જવાના કારણે. ચેકડેમોમાં બે બાબતો હોય છે. એક સિવિલ વર્ક તો એમાં કોંક્રિટ કરી ચેકડેમ બાંધવામાં આવે છે, પછી એની આજુબાજુ પાણી રોકવા માટે માટીપાળા બનાવવામાં આવે છે. જ્યારે જ્યારે ભારે વરસાદ થાય અને વધારે પાણી આવવાના કારણે આ માટીપાળા ઘણી જગ્યાએ ધોવાઈ જતા હોય છે. આવા માટીપાળાને ફરીથી માટીકામ કરીને રિપેરિંગ કરી આપીએ છીએ. પહેલી સ્પષ્ટતા કરું કે સિવિલ વર્કને કયાંય નુકસાન થતું નથી. મોટા ભાગે જ્યાં ધોવાણ થાય છે, ત્યાં માટી કામનું ધોવાણ થાય છે. માનનીય સભ્યશ્રીના વિસ્તારમાં ૧૦૭૨ પૈકી ૨૩૫ ચેકડેમોના પાળા ધોવાઈ ગયેલા અને એમાંથી ૨૧૫ ચેકડેમના પાળાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકી રહેતા એ આ ચોમાસા પહેલા પૂર્ણ થઈ જશે, એટલે લગભગ મોટા ભાગના તમામ તાંત્રિક રીતે શક્ય છે, તે તમામ ચેકડેમો ચોમાસા પહેલા પાણી ભરાય તેવી વ્યવસ્થા કરી દઈશું.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લાના મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકામાં જે ચેકડેમ બનાવવામાં આવ્યા તેની ગુણવત્તા ઘણી સારી હતી. ચેકડેમ તૂટેલા નથી તે માટે સરકારશ્રીને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે જે સિમેન્ટના ચેકડેમ બનાવ્યા તેની સાઈડો ધોવાઈ ગઈ

છે, એટલે રિપેરિંગનું કામ બાકી છે, તો તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે અને જે નવા ચેકડેમ છે, તે હાલ કેટલા ચેકડેમ પ્રગતિ હેઠળ છે? કેટલાનું આયોજન કરેલ છે અને ક્યારે પૂરા કરવાનું આયોજન છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એકલા સાબરકાંઠામાં નહીં પણ સમગ્ર રાજયમાં જે મોટા ચેકડેમ બનાવ્યા છે તેમાં માટીપાળાના ધોવાણનું કામ ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. સાહેબ સાબરકાંઠામાં તો ખરું પણ સાથે સાથે રાજયમાં પણ આવા કામો હાથ પર લીધા છે. સરકારની સંપૂર્ણ ઈચ્છા છે કે દરેક મોટા ચેકડેમમાં વધુમાં વધુ પાણી ભરાય. તેમણે બીજો પ્રશ્ન પૂછયો જેમાં અત્યારે મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં અત્યારે મોટા ચેકડેમોમાં ત્રણ ચેકડેમના કામ પ્રગતિ હેઠળ છે અને ૨૭ નાના ચેકડેમના કામ પ્રગતિ હેઠળ છે. મોટા ચેકડેમમાં સાહેબ ૫ કરોડ ૧૦ લાખ જેટલો અંદાજિત ખર્ચ થાય છે અને નાના ચેકડેમમાં ૨ કરોડ ૫૨ લાખ જેટલો અંદાજિત ખર્ચ થાય છે. તમામ કામો ચોમાસા પહેલાં પૂર્ણ થાય તેવું આયોજન છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે મોટા ચેકડેમો પાંચ મોટા બનાવ્યા છે તેમાં ચેકડેમ બનાવવા માટે આપવાનું કામ ટેન્ડરથી આપવામાં આવે છે કે કોઈ એજન્સીને આપવામાં આવે છે? તે કયા કયા તાલુકામાં બનાવવામાં આવ્યા છે અને આ જે પાંચ ચેકડેમ આ તાલુકામાં બનાવવામાં આવ્યા તેની સંગ્રહ શકિત કેટલી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ચેકડેમો બનાવવામાં આવ્યા છે તેમાં ૯૦:૧૦ની યોજના નીચે આપણે ૧૫ લાખ સુધીના ચેકડેમો એન.જી.ઓ અથવા સ્થાનિક લોકોને આપતા હોઈએ છીએ. તેનાથી મોટી કિંમતના ચેકડેમો માટે લગભગ એવો નિર્ણય કર્યો છે કે ખૂબ સારી સંસ્થા હોય તો આપવા નહીં તો તમામ ટેન્ડરથી કામ કરાવવા. તેમણે બીજો પ્રશ્ન પૂછયો કે આ ચેકડેમની સંગ્રહ શકિત કેટલી? આની વિગતો જે છે તે પ્રમાણે આપણે હેકટર વાઈઝ અમે ગણતા હોઈએ છીએ. તેની સંગ્રહ શકિત ૧ એમ.સી.એફ.ટી થી વધારે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે આ જે પાંચ ચેકડેમો બનાવ્યા તે ટેન્ડરથી બનાવવામાં આવ્યા કે કોઈ એજન્સી પાસે?

**અધ્યક્ષશ્રી** : ટેન્ડરથી કહ્યું છે કેટલાક ટેન્ડરથી અને કેટલાક એજન્સી દ્વારા જવાબ આપ્યો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેકડેમો ટેન્ડરથી બનાવવામાં આવ્યા છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અને પહેલાં એક વાત મારે કહેવી છે. માનનીય મહેન્દ્રસિંહજીએ કહ્યું કે માલપુર અને મેઘરજ વિસ્તારમાં પીવાના પાણીની ખૂબ મોટી સમસ્યા છે. રાજય સરકારે ચાલુ વર્ષે આ તાલુકામાં પીવાના પાણીનું જે આયોજન કર્યુ છે તે બદલ રાજયના મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. જળ સંચયમાં આ વિસ્તારમાં જે કામ થયું છે તેના લીધે ખેત પેદાશોમાં વધારો થયેલ છે. મારો પ્રશ્ન છે કે સાબરકાંઠામાં જે ટ્રાયબલ તાલુકા છે તેમાં વિજયનગર અને ભિલોડા આ તાલુકાઓમાં નાના ચેકડેમો કેટલા થયા છે અને તેમાં કેટલો ખર્ચ થયેલ છે? મારો બીજો પ્રશ્ન કે મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં નાના ચેકડેમો કેટલા થયા અને તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે આદિજાતિ તાલુકા છે તેમાં ભિલોડા તાલુકામાં ૬૫૫ ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા છે. વિજયનગર તાલુકામાં ૧૭૯ ચેકડેમના કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ખેડબ્રહ્મા તાલુકામાં ૪૦૩ ચેકડેમોના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે અને મેઘરજ તાલુકામાં ૩૧૬ ચેકડેમના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. આમ કુલ ૧૫૫૩ ચેકડેમોના કામ આ વિસ્તારમાં પૂર્ણ કરવામાં આવ્યા છે અને તેની પાછળ અંદાજિત ૩૮૧૪ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ, ખેડબ્રહ્મા અને વિજયનગર ટ્રાયબલ તાલુકા છે. ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓમાં સૌ જાણે છે કે નર્મદાનું પાણી મળી શકે તેમ નથી. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ત્યાં પાણી આપવા માગે રાજય સરકાર કોઈ ખાસ જોગવાઈ કરવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે વિજયનગર તાલુકાની અંદર મોટા ચેકડેમ થઈ શકે તેમ નથી અને કિનારા મળી શકે તેમ નથી તો ત્યાં આગળ ભૂગર્ભ ચેકડેમ સરકારશ્રી કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઈ જોષીયારાજીના અગાઉના એક પ્રશ્નની વિગતોમાં આ જવાબ કર્યો હતો. જયાં આગળ તાંત્રિક રીતે સાઈટ ન મળતી હોય ત્યાં ચેકડેમ ન બનાવી શકાય તે માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. તેવા વિસ્તારોમાં નદીઓનું પાણી વહી જતું હોય તે પાણીને સરફેશ લેવલના ચેકડેમથી ન રોકાય તો અમારી વિચારણા હેઠળ છે કે ભૂગર્ભ ચેકડેમની સાઈટ મળે અને પથરાળ વિસ્તાર હોવાથી ભૂગર્ભ ચેકડેમ કરવા ત્યાં તાંત્રિક રીતે અને ખર્ચની રીતે થોડું મોઘું પડતું હોય છે. જયાં માટીયાર જમીન કે તાંત્રિક રીતે અને યોગ્ય ખર્ચ મર્યાદામાં શકય હશે ત્યાં ચોકકસ વિચારણા કરીશું.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશ્વિનભાઈએ વાત કરી એ સંદર્ભમાં વધુ વાત કરું તો જે વિસ્તાર છે એ માટે નર્મદા યોજનાનું, બીજી યોજના હોય તો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર બધે

પાણીની વ્યવસ્થા કરેલી છે એ જ પ્રમાણે ખેડબ્રહ્મા, વિજયનગર, ભીલોડા અને મેઘરજમાં કઈ કરવા માગો છો કે કેમ? કારણ કે એ જો નહીં કરવામાં આવે તો ઈનબેલેન્સ અને સ્થળાંતર કરવાનો પ્રશ્ન ઉભો થશે એટલા માટે ખાસ કોઈ યોજના કરીને આ મત વિસ્તાર માટે કંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં નથી છતાં મારી પાસે માહિતી છે એટલે આપું છું કે પીવાના પાણી માટે નર્મદાની જે પાઈપલાઈનોથી બંધોમાં પાણી નાખવાનું છે, વાત્રક, મેશ્વો વગેરમાં, એમાંથી પાણી લઈ મોટાભાગના ગામોને આવરી લેવા માટેની અને ચોખ્ખુ પીવાનું નર્મદા આધારિત પાણી આપવાનો અમારો પૂરો પ્રયત્ન છે.

**તાપી જિલ્લામાં ચેકડેમો**

**૧૨૭૧૫ * શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિજર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં તાપી જિલ્લામ કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) તાલુકાવાર બનાવેલ ચેકડેમોમાં કેટલું પાણી સંગ્રહ થયેલ છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૧૦૫ ચેકડેમ અને વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ ૩૦ ચેકડેમ બનાવવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકો | ચેકડેમની સંખ્યા | સંગ્રહ શકિત (મી.ઘન ફૂટમાં) |
|---|---|---|---|
| ૧ | વાલોડ | ૦૧ | ૦૦-૨૪ |
| ૨ | વ્યારા | ૩૬ | ૧૨.૦૨ |
| ૩ | સોનગઢ | ૭૫ | ૨૫.૪૮ |
| ૪ | ઉચ્છલ | ૧૫ | ૦૫.૯૦ |
| ૫ | નિઝર | ૦૮ | ૦૧-૪૪ |
| | કુલ: | ૧૩૫ | ૪૫.૦૮ |

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ૪૨૧૫ના હેડ હેઠળ જે ૨૭૦૧ અને ૨૭૦૨ના સદરે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવા હેડ દીઠ મારી પાસે કોઈ માહિતી નથી.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી, તમે જે પ્રશ્ન પૂછયો છે એની અંદર પૂછોને.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્ન પૂછયો છે કે એ જુઓ સાહેબ, કેટલા ચેકડેમો સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં બનાવવામાં આવ્યા, અને તાલુકાવાર બનાવેલ ચેકડેમોમાં કેટલું પાણી સંગ્રહ થયેલ છે તો આ પ્રશ્નમાં કોઈ હેડની બાબત આવતી નથી અને હેડ તો સિંચાઈ વિભાગના ટ્રાયબલના જુદા હોય, જનરલ જુદા હોય અને જિલ્લા દીઠ જુદા હોય તો આ રીતે કોઈ હેડની બાબતમાં માહિતી નથી.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત સાંભળો, અમારા ઉચ્છલ તાલુકો અને નીઝર તાલુકો (અંતરાય) પૂરક પ્રશ્ન પૂછું છું. ચેકડેમો ત્યાં બે જાતના હેડમાં બને છે ચેકડેમો બન્યા છે નથી બન્યા એવું નથી, પણ કયા કયા હેડ આધારે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એ મારે જાણવું છે. પાણી પુરવઠાની યોજના અને સિંચાઈ વિભાગની યોજના.. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એવું પૂછવું હતું કે કયા કયા હેડ નીચે ફાળવણી કરી તો હું હેડ નીચેની માહિતી આપત. પણ એમણે પૂછયું છે કે કેટલા ચેકડેમો થયા અને પેટા પ્રશ્ન હેડનો કરે છે તો આ બાબત શકય ન બને.

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ, પ્રશ્ન જે પૂછયો છે એમાં હેડવાર નથી પૂછયો.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, કુલ કેટલા ચેકડમો પૂછયા છે, એ હેડવાઈઝ તો આવેને.

**અધ્યક્ષશ્રી** : એમણે જે પ્રશ્ન પૂછયો છે એમાંથી કેટલા ચેકડેમ બન્યા, કેટલા નથી બન્યા, કયા વિસ્તારમાં બન્યા છે, કયા તાલુકામાં બન્યા છે એ સમજી શકાય, પણ માનનીય મંત્રશ્રીશ્રીનું કહેવું સાચું છે કે, કેટલાક આદિવાસી વિસ્તારને કારણે એના હેડ જુદા હોય, એ બજેટના હેડની વિગતો અત્યારે મંત્રીશ્રી પાસે ના હોય,

એટલે તમે જે પ્રશ્ન પૂછયો છે એ હેડવાઈઝ પૂછયો હોત તો હું એમને ચોકકસ કહું કે તમે હેડવાઇઝ માહિતી આપો, આપ હેડવાઈઝના બદલે જે પ્રશ્ન આપે પૂછવો હોય તે પૂછો. સીધો ગામવાર અને તાલુકાવાર પૂછોને. જે વિગતો તમે માગો છો એ પ્રમાણે.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે ચેકડેમો બને છે, ઉચ્છલ અને નીઝર તાલુકો એટલે માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં માનનીય મંત્રીશ્રી જઈને આવ્યા છે અને બે દિવસ રોકાઈને આવ્યા છે ત્યારે અમારે ઉકાઈ ડેમ છે એટલે ઉકાઈ ડેમની હાઈટ ઉપર અમે રહેવાવાળા, એટલે ત્યાં પાણીની ઘણી શોર્ટેઝ પડે છે એટલે પાણીની શોર્ટઝના કારણે ત્યાં ચેકડેમો તો બને જ છે, પરંતું આની સાથે પાણી પુરવઠાના પણ ચેકડેમો બને છે તો આની સાથે કુલ કેટલા ચેકડેમો બન્યા, કુલ ચેકડેમોમાં એ ચેકડેમો આવવા જોઈતા હતા. પાણી પુરવઠાના ચેકડોમોનો આમાં કોઈ ઉલ્લેખ આવ્યો નથી એના કારણે હું પૂછું છું.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું અત્યારે જે માહિતી આપું છું, આજે સિંચાઈ વિભાગની પ્રશ્નોત્તરી છે એટલે સિંચાઈ વિભાગના પ્રશ્નોની માહિતી આપું છું. એટલે સ્વાભાવિક આ ચેકડેમો સિંચાઈ વિભાગ હસ્તક બનેલા છે.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : આ ચેકડેમો બન્યા છે એની પાછળ કુલ ખર્ચ કેટલો કરવામાં આવ્યો છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ વાલોડ તાલુકામાં, વ્યારા તાલુકામાં, સોનગઢ તાલુકામાં, ઉચ્છલ અને નિઝર તાલુકામાં કુલ ૧૩૫ ચેકડેમો બન્યા છે અને એમને પૂછયું હતું કે કેટલી સંગ્રહશકિત છે? તો ૪૫.૦૮ મિ.ઘનફૂટ એમાં સંગ્રહશકિત છે અને ૧૨૭૦ લાખ રૂપિયા આ ચેકડેમો પાછળ ખર્ચ થયેલ છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ વ્યારા વેર-૨માં સિંચાઈના હેડ હેઠળ ૯૦/૧૦ અને ૮૦/૨૦ની ભાગીદારીમાં ચેકડેમ બનાવવા માટે એન.જી.ઓ.ને કેટલા ચેકડેમ ફાળવ્યા, અને એની રકમ કેટલી સરકારે આકારણી કરી છે, અને એમાં કુલ કેટલો ખર્ચ થયો છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : આખા જિલ્લાની કે તાલુકાની વાત કહો છો?

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, ફકત વેર-૨ની વાત કરું છું.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વ્યારા તાલુકામાં ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જે ચેકડેમ બનાવ્યા એ ૨૫ છે અને પછીના વર્ષમાં ૨૦૦૯-૨૦૧૦માં બનાવ્યા એ ૧૧ છે. આ ચેકડેમો રૂા.૨૬૨ લાખ અને બીજા વર્ષે રૂા. ૧૦૨ લાખના ખર્ચે બનાવવામાં આવ્યા છે.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, વ્યારા તાલુકામાં ૩૬ ચેકડેમો બન્યા છે એમાંથી માત્ર ૭ ડેમમાં જ પાણી રહે છે, બાકીના ડેમોની જે એન.જી.ઓ. એ કામગીરી કરી છે એમાં પાણી રહેતું નથી. એવી એન.જી.ઓ.સામે સરકાર પગલાં લેવા માગે છે કે કેમ? અને એ ચેકડેમોની મરામત કરાવવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દરેક ચેકડેમના નામ સહિત મને માહિતી આપશે તો ચોક્કસ લિકેજ હશે તો રિપેર કરાવી દઈશું. (અંતરાય) પહેલા તપાસ તો કરું પછી પગલાંની વાત આવે. પહેલા તપાસ થાય પછી એન.જી.ઓ. દોષિત હોય તો એના ઉપર પગલાં લઈને કાર્યવાહી કરી શકાય.

### આયુર્વેદ કોલેજોમાં બેઠક ક્ષમતા વધારવાની યોજના

***૧૪૫૯૬ શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ(આણંદ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યની આયુર્વેદ કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ ક્ષમતા વધારવા માટે સરકારે આયોજન વિચાર્યું છે તે સાચું છે, અને

(૨) જો હા, તો હાલમાં તેની કામગીરી ક્યા તબક્કે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ બેઠકો વધારવા રાજ્ય સરકાર તરફથી સ્નાતક કક્ષાએ ૪૫ બેઠકો અને અનુસ્નાતક કક્ષાએ ૫૮ બેઠકો વધારવા માટે ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા બેઠકો વધારવાની મંજૂરી માટેની કાર્યવાહી ચાલુ છે..

**શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, છેલ્લા બે વર્ષમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની બેઠકોવાળી કેટલી કોલેજીસ છે, અને છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી બેઠકો સ્નાતક કક્ષાએ વધેલી છે, અને તે ક્યા સ્થળે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં જે.એસ.આયુર્વેદિક કોલેજ નડિયાદ ખાતે સ્નાતક કક્ષાએ ૧૦ બેઠકો વધેલ છે. અત્યારે હયાત આયુર્વેદ કોલેજોની કુલ ૧૧ કોલેજ મળીને ૪૯૫ બેઠકોની ક્ષમતા સ્નાતક કક્ષાએ છે અને અનુસ્નાતક કક્ષાએ ૨ કોલેજ મળીને એક સરકારી અને એક કેન્દ્ર સરકાર સહાયિક એમ ૨ કોલેજ મળીને ૬૧ બેઠકોની ક્ષમતા છે. માનનીય સભ્યશ્રીએ ત્યાર બાદનો જે પ્રશ્ન પૂછ્યો તેમાં આગામી સમયમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કેટલી ક્ષમતા વધવાની છે એ અંગેની માનનીય સભ્યશ્રીએ પૃચ્છા કરી છે. આગામી સમયમાં ના-વાંધા પ્રમાણપત્ર જેને આપ્યા છે એવી સ્નાતક કક્ષાએ સરકારી આયુર્વેદિક કોલેજ વડોદરા ખાતે ૧૫, સરકારી આયુર્વેદિક કોલેજ જૂનાગઢ ખાતે ૧૫, સરકારી આયુર્વેદિક કોલેજ ભાવનગર ખાતે ૧૫ એમ કુલ ૪૫ બેઠકો આયુર્વેદમાં સ્નાતક કક્ષાએ વધવાની છે અને અનુસ્નાતક કક્ષાને લાગેવળગે છે ત્યાં સુધી સરકારી આયુર્વેદિક કોલેજ વડોદરા ખાતે ૧૦, સરકારી અખંડ આનંદ આયુર્વેદિક કોલેજ અમદાવાદ ખાતે ૨૦ અને સરકારી આયુર્વેદિક કોલેજ જૂનાગઢ ખાતે ૧૦ અને આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. જામનગર જે કેન્દ્ર સરકારના સહાયિકમાં ચાલે છે એમાં ૧૮ એમ કરીને કુલ ૫૮ બેઠકો વધવાની છે. એ સિવાય ત્યાર પછીના વર્ષમાં એટલે ૬૧ બેઠકો અનુસ્નાતક કક્ષાએ હતી એમાં સો ટકા વધારો થઈને ૫૮ બેઠક વધીને ૧૧૯ થશે અને ત્યાર પછી હવે પછી ૫૫ બેઠકો વધારીને એને ત્રણ ગણી કરવાનું આયોજન છે એટલે અનુસ્નાતક કક્ષાએ હાલની ક્ષમતા છે એ આગામી ત્રણ વર્ષ સુધીમાં ત્રણ ગણી કરવા માટેનું આયોજન લઈને રાજ્ય સરકાર ચાલે છે.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આયુર્વેદિકનો સ્નાતક છું ત્યારે આ રાજ્યમાં આયુર્વેદ વિભાગની ૪૦ વર્ષમાં કોઈ સરકારે ચિંતા કરી ન હતી. આ રાજયમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ બેઠકો વધારવાનો પ્રયત્ન કરી અને સમગ્ર આયુર્વેદિક જગતનો જુસ્સો, ગૌરવ અને ઉત્સાહ વધારવા બદલ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ રાજ્યમાં અનુસ્નાતક કક્ષાની બેઠકો વધારવા અન્ય કોઈ જોગવાઈ કે એના માટેની કોઈ માળખાકીય સુવિધા વધારવામાં આવી છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ભાવના વ્યક્ત કરી આ સરકારનો આયુર્વેદ માટેનો અભિગમ તેને સંપૂર્ણપણે પ્રોત્સાહન આપવાનો રહેલો છે. સ્વસ્થસ્ય સ્વાસ્થ્યરક્ષિણમ્ અને આતુરસ્ય વિકાસ પ્રસન્નમ્ તે ભાવના લઈને અમે ચાલીએ છીએ. ત્યારે આયુર્વેદ એટલે લાઈફ સાયન્સ તેમાં વધુ બેઠકો વધે તો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રશ્ન એટલા માટે યોગ્ય સ્થાને છે કે અત્યાર સુધી અનુસ્નાતક કક્ષાએ બેઠકો નહીં વધવાને કારણે આ ક્ષેત્રમાં જે ટીચીંગ ફેકલ્ટી જોઈએ તેની એક મોટી ઉણપ આ રાજયમાં રહેવા પામતી હતી. અનુસ્નાતક કક્ષાએ બેઠકો વધવાને કારણે હવે આ જે ઉણપ છે માનનીય અધ્યક્ષશ્રી, તે પૂરી થશે. ત્યાર પછી માનનીય સભ્યશ્રીએ માળખાકીય સવલતોની વાત કરી તો એ બાબતમાં જરૂરી માળખાકીય સવલતો છે આ વધારાની કેપેસીટી મેળવવા માટે તેને જરૂરિયાત એવી છે કે સ્નાતક કક્ષાએ દર બે બેડ દીઠ એક વિદ્યાર્થી અને અનુસ્તાનક કક્ષાએ ૧૫૦ બેડ સેન્ટ્રલ કાઉન્સિલના નોર્મ્સ મુજબ હોય અને આ માટે સરકારી આયુર્વેદિક હૉસ્પિટલ જુનાગઢ અને સરકારી આયુર્વેદિક હૉસ્પિટલ વડોદરા ખાતે ૫૦ પથારી ઉમેરી અને ૧૫૦ બેઠક કરવામાં આવી છે. હવે પછી ભાવનગર ખાતે ૧૦ અને મોડેલ આયુર્વેદિક હૉસ્પિટલ કોલવડા, ગાંધીનગર ખાતે સ્થપાય રહી છે ત્યાં ૪૫ તેમ કરીને ૫૫ બેઠકો બીજી અનુસ્નાતક કક્ષાએ વધે તે પ્રમાણેનું આયોજન લઈને અમારો વિભાગ ચાલે છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, જ્યારે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી થઈ રહી છે ત્યારે આ વર્ષમાં અમારો જિલ્લો લોખંડી પુરુષ સરદાર સાહેબના જન્મનો છે તો આની અંદર સરદાર સાહેબના નામ સાથે જોડી અને અમારા જિલ્લાને સરકારી આયુર્વેદિક કોલેજ નવી આપવા માગે છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે, જે બીજા ક્ષેત્રોની અંદર પી.પી.પી.અને સેલ્ફ ફાયનાન્સ કોલેજો છે તે રીતે આયુર્વેદિક કોલેજો માટે આવી માગણીઓ આવી છે કે નહીં ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો તેના અનુસંધાને આ રાજયમાં પણ જે ૧૧ આયુર્વેદિક કોલેજ છે તેમાં ચાર સરકારી છે, બીજી ચાર ગ્રાન્ટ ઈન એઈડ છે શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક કોલેજ, જામનગર, બાલા હનુમાન આયુર્વેદ કોલેજ, લોદરા અને નાગર આયુર્વેદ કોલેજ, સુરત અને આર્ય કન્યા આયુર્વેદ કોલેજ, વડોદરા તે ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ છે. અને જે.એસ.આયુર્વેદ કોલેજ,નડિયાદ જી.જે.આયુર્વેદ કોલેજ, વલ્લભ વિદ્યા નગર, પારૂલ આયુર્વેદ કોલેજ લીમડા જિલ્લો વડોદરા તે સ્વનિર્ભર આયુર્વેદિક કોલેજ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પી.પી.પી.મોડેલ પર કોલેજ શરૂ કરવાની વાત કરી માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગનો આયુર્વેદ હોય કે મૅડિસિન હોય કે હોમિયોપેથીક હોય

ફિઝિયોથેરાપી હોય કે નર્સિંગ હોય આજે કોઈ પણ ક્ષેત્રમાં ગુજરાતમાં કોઈ પણ કોલેજ સ્થાપવા માગતું હોય તો અમારું તેને ખુલ્લું આમંત્રણ છે અને અમારા વિભાગ તરફથી તેને પૂરેપૂરો ટેકો આપવામાં આવશે.

**સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામોના વિકાસ પાછળ ખર્ચ**

*** ૧૩૪૫૫ શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા(હળવદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પ્રસિદ્ધ યાત્રાધામો આવેલા છે.

(૨) આ યાત્રાધામોના વિકાસ માટે તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા યાત્રાધામોની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) યાત્રાળુઓની કેટલી સુવિધાઓ કરવામાં આવી ?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સરકાર હસ્તકનું કોઈ યાત્રાધામ આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, મેં પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લામાં યાત્રાધામ કેટલા આવેલાં છે તેમ પૂછેલો સરકાર હસ્તક કેટલા આવેલાં છે તે પ્રશ્ન મેં પૂછ્યો નથી. તેણે જવાબ આપ્યો છે આ સરકારમાં આવતું નથી. પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ચોટીલા ધામ છે અને તરણેતરનો મેળો તે આખા વિશ્વમાં પ્રખ્યાત મેળો છે. તે તરણેતરનો મેળો, તરણેતર ધામ કરો અને ચોટીલામાં જે પ્રાઇવેટ ગેસ્ટ હાઉસ છે તે રોજના જે ટુરીસ્ટો આવે છે તેની પાસેથી દિવસના એક હજાર રૂપિયા કે બે હજાર રૂપિયા લે છે. તો આના માટે ચોટીલા ધામ છે તેના માટે સરકાર શું કરવા માગે છે ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન મર્યાદિત યાત્રાધામ પૂરતો હતો તેટલા પૂરતો મર્યાદિત જવાબ આપ્યો છે. કારણ કે યાત્રાધામ વિભાગ હસ્તક આવતાં ધામ ડાકોર, અંબાજી, દ્વારકા, સોમનાથ, ગિરનાર અને પાલીતાણા છે. હું જવાબ આપું. આપનો જવાબ આવી જશે. નહીં આવે તો પછી આપ કહેજો. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી કે આ રાજયમાં ૩૩૯ દેવસ્થાનો એવા છે કે જે સરકારશ્રીના વહીવટ હેઠળ છે. એમાં સુરેન્દ્રનગર જિલ્લાને લાગે વળગે છે ત્યાં સુધી એક દેવસ્થાન કલેકટરશ્રીના તાબા હેઠળ છે. અને એને શ્રી ગુરુ દત્તાત્રેય મંદિરને ૨૦૦૭-૦૮માં ૯૮,૮૦૦નું અનુદાન આપીને ત્યાં વિકાસના કામો કરવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીએ ત્રીજો પ્રશ્ન પૂછયો તરણેતર અને અન્ય દેવસ્થાનોને લગતો. હું એમની લાગણી સાથે સંપુર્ણપણે સહમત છું. કોઈપણ પ્રકારની મર્યાદિત પેલીમાં લીધા વગર જયાં શકય હોય ત્યાં આ સરકારે પ્રવાસન નિગમ અથવા અન્ય હે ડહેઠળ ખર્ચ કરીને આ ધામોનો વિકાસ કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. તરણેતરમાં અત્યાર સુધી ૨૦૦૬-૦૭માં જે કામો પૂરા થયા છે, એમાં સ્ટેટ તથા સ્ટ્રીટ સ્ટ્રકચર તથા તરણેતર મંદિર પાસે વન કુટિર કરવાનું કામ ૫,૮૦,૦૦૦ના ખર્ચે પૂરું કરવામાં આવ્યું છે. ઝીંઝુવાડા રાજેશ્વરી માતાના મંદિર પાસે બગીચો અને બેઠક વ્યવસ્થાનું કામ કરવામાં આવ્યું છે. ઝીંઝુવાડા તેજાનંદ સ્વામીની સમાધિ ફરતે બાઉન્ડ્રીનું કામ કરવામાં આવ્યું છે. ઝીંઝુવાડા સમરસ વાવ રીપેરીંગ તથા વાવ ઉપર લોખંડની જાળી ફીટ કરવાનું કામ કરવામાં આવ્યું છે. ચોટીલા ખાતે માતાજીના ડુંગરની તળેટીમાં વિવિધ સુવિધા તથા એમ્યુઝમેન્ટ પાર્ક માટેનું કામ ૪૮.૫૫ લાખના ખર્ચે હાલ ચાલુ છે, સાહેબ. બાંડીયાબેલી ખાતે ઝરીયા મહાદેવ ખાતે ઈકો ટુરિઝમ હેઠળ ૧૮ લાખનું કામ હાલ ચાલુ છે. સુંદર ભવાની દુધઈ નરાળી અને કાળાસર તીર્થસ્થાનોમાં બેઠક વ્યવસ્થા, પાણીનો બોર અને પીવાના પાણીની ટાંકી કરવા માટે ૨,૮૦,૦૦૦ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. ૨૦૦૭-૦૮માં પાટડી તાલુકામાં વછરાજદાદા દેવસ્થાન ખાતે પ્રવેશદ્વાર, સોલારલાઈટ વગેરેની ૧૦ લાખની કામગીરી કરી છે. હળવદ તાલુકામાં દીપળીયા ગામે શકિત માતાના મંદિરે પ્રવાસી માટેની સુવિધાની કામગીરી પૂરી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મહત્વની કામગીરી પર આવું છું. ૨૦૦૮-૦૯ અને ત્યારબાદ જે કામગીરી હાથ પર લેવામાં આવી છે, એમાં ચોટીલા ખાતે ભકિતવન વિકસાવવા માટે ૧૬૮.૫૦ લાખની કામગીરી, લાછા બેટ તથા વછરાજ બેટના વિકાસ માટે ૧ કરોડ રૂપિયાના ખર્ચે કામગીરી કરવામાં આવશે. પાટડી તાલુકાના ઝીંઝુવાડા ગામે સંત શ્રી તેજાનંદ સ્વામીની જગ્યાની માળખાકીય સુવિધા માટે ૭૭.૪૨ લાખની કામગીરી, ખાસ અંગભૂત યોજના હેઠળ પ્રવાસન નિગમ દ્વારા લીમડી તાલુકાના વજાપુર ગામે સંત શ્રી સવૈયાનાથજીની સમાધિની માળખાકીય સુવિધા પાછળ ૯૫,૩૮,૦૦૦. માનનીય સભ્યશ્રીએ તરણેતરની વાત કરી, એના માટે સુવિધા વિકસાવવા માટે ૩૧૮.૬૦ લાખ અને ચોટીલા ખાતે માતાજીના ડુંગરની તળેટીમાં સુવિધાઓ તેમજ એમ્યુઝમેન્ટ પાર્ક માટે ૪૮.૫૩ લાખ. એમ કરીને લગભગ ૮ કરોડ રૂપિયાના કામ સુરેન્દ્રનગર જિલ્લામાં દેવસ્થાનો સંદર્ભના વિકાસ માટે અમારા વિભાગ તરફથી કામગીરી કરવામાં આવી રહી છે. માનનીય સભ્યશ્રીને હું વિશ્વાસ આપવા માગું છું. એમણે કહ્યું કે દેવસ્થાનો કુલ કેટલા છે? તો સાહેબ, દેવસ્થાન તો દરેક માણસનું હૃદય પવિત્ર હોય તો દરેક માણસના હૃદયમાં છે, એટલે ૫ કરોડ અને ૫૦ લાખ દેવસ્થાન છે, સાહેબ. પણ આ જે માહિતી છે, તે સરકારી દેવસ્થાન, જે સરકાર હસ્તકના વહીવટના દેવસ્થાન છે, એ મેં આપી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લાંબા આંકડાઓની વાત કરી, અમારા માનનીય સભ્યશ્રીએ બહુ જ વાજબી રીતે, સમગ્ર સૌરાષ્ટ્રને અસર કરે એવો એક વાજબી પ્રશ્ન પૂછયો હતો, એના પોઝિટિવ જવાબની અપેક્ષા હતી. ચોટીલા એટલું મોટું, આપના લિસ્ટમાં એ યાત્રાધામ નહીં હોય. લોકોના દિલમાં મોટું યાત્રાધામ છે, એ સંજોગોમાં ચોટીલા માટે જે ગેસ્ટહાઉસોની મુશ્કેલીઓનું છે, એમાં આપ ચોટીલાને આપના યાત્રાધામની યાદીમાં સમાવવા માગો છો કે કેમ? આ એક. અને બીજું. કે ચોટીલા ખાતે, ભલે કદાચ આપ એ ન કરી શકતા હોય તો કમસેકમ યાત્રિકોને રાહત થાય એટલા માટે ટુરિઝમને આપણે બઢાવો આપવાની વાત કરીએ છીએ ત્યારે ત્યાં કોઈ વ્યવસ્થા ઉભી કરીને સસ્તા દરે ત્યાં લોકો રહી શકે એવી વ્યવસ્થા આપણે કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ**: સાહેબ, આમાં એવું છે કે જે કર્યુ તે દેખાતું નથી. કારણ કે સાહેબ 'જાગતાને જગાડવા મુશ્કેલ છે.' અમે જયાં સુધી ચોટીલાને લાગે વળગે છે, ત્યાં સુધી સાહેબ, માનનીય મુખ્યમંત્રીશ્રીની પહેલી લાગણી ચોટીલા માટે રહી છે. સાહેબ, ચોટીલા માટેની લાગણી સૌ કોઈની હોય, મા આદ્યશકિતની એ પીઠ છે, પરંતુ સાહેબ, આપણે ૪૮-૪૮ વર્ષ સુધી કશું જ નહોતું કર્યુ અને અત્યારે અમે કર્યુ ત્યારે તમે જે કરે છે એને પૂછો છો? હજુ તો અમે કરવાની શરૂઆત કરી છે. હજુ બીજી વાત ઉપર આવું તો ચોટીલામાં ભકિત વન અને એમ્યુઝમેન્ટ પાર્ક થઈ રહ્યો છે અને બાકીની સવલતો માટેનું પણ સભ્યશ્રીનું સૂચન છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને આપશ્રીની મારફત કહેવા માગું છું એને તપાસી જવાની અને ચોટીલા માટે એનાથી પણ આગળ જઈને વાત કરવા માગું છું કે આખા ભારતમાં અદ્યતન ટેકનોલોજી સાથેનું પ્રવાસન ધામ વિકસાવવાની વાત કરી છે, યાત્રાળુઓની સુવિધાની વાત કરી છે. તો અદ્યતન ટેકનોલોજી સાથેની ફરીકયુરીન ટ્રેઈન ચોટીલામાં શરૂ થાય એ માટે સંપૂર્ણપણે રાઈડસને કામગીરી સોંપીને આગળ વધવા માગીએ છીએ. આટ આટલું અમે કરીએ છીએ છતાં તમને દેખાતું નથી. પેલા હિન્દી ગાયનની પંકિત છે કે, * **(xxxx)**, તો સાચું તો બોલો?

**અધ્યક્ષશ્રી** : આપની એ પંકિતને હું કાઢી નાંખું છું.

**શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં બાળકોની ચકાસણી**

***૧૪૪૧૪ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ સુરત જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને કઈ-કઈ બિમારીઓની સારવામાં આપવામાં આવી, અને

(૨) તેના માટે પ્રતિવર્ષ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**આરોગ્ય મંત્રીશ્રી:**

**(૧)** તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ એટલે કે વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં સુરત જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ સુરત જિલ્લા અને કોર્પોરેશનમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની ખામી, નાક-કાન-ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગો, શ્વસનતંત્રની ખામી, ચેતાતંત્રના રોગો, અસ્થિતંત્રના રોગો, વિકલાંગતા જેવી બિમારીઓની સારવાર આપવામાં આવે છે. તજજ્ઞો દ્વારા બાળરોગ, આંખરોગ, દાંત રોગ, ચામડી રોગ અને કાન-નાક-ગળાના રોગની સારવાર આપવામાં આવે છે ચશ્માની જરૂરિયાતવાળા બાળકોને વિના મૂલ્યે ચશ્મા પૂરા પાડવામાં આવે છે. તેમજ ગંભીર પ્રકારની બિમારીવાળા બાળકોને હ્દય, કીડની, કેન્સર રોગની સારવાર આપવામાં આવે છે.

**(૨)** સુરત જિલ્લામાં બાળકોની આરોગ્ય તપાસ હેઠળ પ્રતિવષ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૧,૬૦,૪૫,૯૦૧ |
| ૨૦૦૯-૧૦<br>(તા.૩૧-૧૨-૦૯ અંતિત) | રૂા. ૧,૧૪,૧૮,૬૫૪ |

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને જુદા જુદા રોગોની સારવાર આપવામાં આવે છે એવું કહ્યું છે. અત્યારે જ મને મંત્રીશ્રી એમ કહેતા હતા કે તમારા વિસ્તારમાં કોઈ ડોકટર ખાલી જગ્યા હોય તો તમે મને શોધી આપો. તો જો મારે જ ડોકટર આપવાના હોય તો સુરત જિલ્લાનું એક પણ દવાખાનું ડોકટર વિના ખાલી રહ્યું ના હોત.

* **(xxxx)** માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આમાં પ્રશ્ન એ પેદા થતો નથી, શાળા આરોગ્ય કાર્યક્રમ વિશે પ્રશ્ન પૂછો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : હું મૂળ પ્રશ્ન ઉપર આવું તો તો હું પૂછવા માગું છું કે સુરત જિલ્લાના માંડવી તાલુકાના કુલ કેટલા વિદ્યાર્થી ચકાસ્યા અને કેટલા વિદ્યાર્થીઓને બિમારી જણાઈ છે અને માંડવી તાલુકામાં મોટાભાગના ડોકટર જ નથી તો આ બિમારીની તપાસણી કોણે કરી છે એનાં નામ આપશો?

બીજું કે સુરત જિલ્લાના માંડવી તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પાંડુરોગના કુલ કેટલા કેસો તપાસ્યા અને તેમાં સિકલસેલના કેટલા કેસો જણાયા છે અને આ કેસમાં કયા ડોકટર દ્વારા સારવાર કરવામાં આવી છે?

ત્રીજું કે સુરત જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓને મફત ચશ્મા આપવામાં્ આવ્યા અને કઈ કઈ શાળાઓમાં આપવામાં આવ્યા?

**શ્રી જયનારાયણ વ્યાસ** : પહેલો પ્રશ્ન શરૂ થયો એમાં મેં સદ્‌ભાવનાપૂર્વક કહ્યું હતું કે ડોકટરોની કોઈ તંગી હોઈ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે આક્ષેપ કર્યો છે કે ડોકટરો વિના બાળકોની ચકાસણી કેવી રીતે કરી, તો આ આક્ષેપ કેટલો પાયા વિનાનો છે એ તો મને કહેવા દો.

**અધ્યક્ષશ્રી** : હા, કહો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે મારા વિભાગ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે કે ડોકટરો વિના ચકાસણી કેવી રીતેકરી? તો સુરત જિલ્લામાં પી.એચ.સી.ના ૪૯ કેન્દ્ર અને સી.એચ.સી.નાં ૧૩ કેન્દ્ર છે એમાં પી.એચ.સી.માં ૫૦ ઢોકટરો છે અને સી.એચ.સી.માં ૨૯ ડોકટરો એમ કુલ મળીને ૭૯ ડોકટરો સુરત જિલ્લામાં ઉપલબ્ધ છે. એ સિવાયની વિગતો જોઈતી હોય તો સુરતમાં વર્ગવાઈઝ અને તાલુકાવાઈઝ આપું છું, ચિંતા ના કરો.(અંતરાય) માંડવીની પણ આપીશ (અંતરાય) એક જ તાલુકાની આપીશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થઈ જવા દો. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : એક જ તાલુકાની વિગત આપીશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો પ્રશ્નનો જવાબ ચાલુ છે, એ જવાબ આપે છે એ પૂરો થવા દો. (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માંડવી અને સુરતની વિગતો આપો. (અંતરાય)

(આ તબકકે શ્રી શકિતસિંહ ગોહિલ ઉભા થતાં)

**અધ્યક્ષશ્રી**: સુરત જિલ્લાનું કુંવરજીભાઈએ પૂછયું છે એ પૂરું થાય પછી હું કહીશ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સુરત જિલ્લામાં (અંતરાય) હા હું માંડવી તાલુકા ઉપર આવું છું.તમે જનરલ પ્રશ્ન પૂછયો છે તો એ જવાબ આપવા દો. જે આક્ષેપ કરવામાં આવ્યો એનો જવાબ તો મારે આપવો પડે ને?

**અધ્યક્ષશ્રી** : ડોકટર નથી એની વાત કરી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : એમણે કહયું છે કે ડોકટર નથી અને કઈ રીતે તપાસ કરી છે એની વાત કરવામાં આવી છે તો પછી મારે એનો જવાબ આપવો જ પડે. સાહેબ મારે જવાબ તો આપવો જ પડે.

**અધ્યક્ષશ્રી** : ડોકટર નથી તેવી વાત કરી છે તેનો જવાબ તો આપી દેવા દો, પછી પૂછવું હોય તો પૂછજો.

**શ્રી જયનારાયણ વ્યાસ :** આમાં સત્ય કેટલું છે, તેની ખાતરી થઈ જશે, સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ૪૯ જગ્યાઓ કલાસ-૨ ના ડોકટરોની મંજૂર થયેલ છે અને અંમાથી (અંતરાય) પ્રશ્ન આખા સુરત જિલ્લા માટે પૂછયો છે, આક્ષેપ આખા સુરત જિલ્લા માટે કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય કુંવરજીભાઈ, તમારો જવાબ માંડવીનો એમાં આવશે. તમે પહેલા એમ પૂછયું કે સુરત જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં ડોકટરો નહોતા તો કેવી રીતે તપાસ કરી તે પહેલું વાકય છે, (અંતરાય) ૧૧૪ ઉપર હું નથી જતો, પ્રશ્ન ક્રમાંક-૫ ઉપર જ હું છું. ૧૧૪ આવશે ત્યારે એની વાત આવશે, ં માનનીય મંત્રીશ્રી, તેનો ઉલ્લેખ કરી અને પછી માંડવીના પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેનદ્રમાં વર્ગ-૨ ની ૪૯ જગ્યાઓ છે એમાંથી ૪૭ ભરાયેલી છે. માત્ર બે જ ખાલી છે, વર્ગ-૧ ની ૧૪ જગ્યાઓ છે એમાંથી ૪ જગ્યાઓ ભરાયેલી છે, કારણ કે વર્ગ-૧ના ડોકટરો મળતા નથી. હમણાં જ ૩ના હુકમો થયા છે એમાંથી એક એ ગઈકાલે રીઝયુમ કર્યુ છે. સુરત જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આયુર્વેદ અને હોમીયોપેથના ૩૨ અને ૩૦ ડોકટરો બીજા નીમવામાં આવ્યા છે અને પુરતી સંખ્યામાં ડોકટરો છે.

**અધ્યક્ષશ્રી** : શાળા આરોગ્ય કાર્યક્રમમાં સીકલ સેલ વિષેની માહિતી એમણે માગી છે તે આપો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માંડવી તાલુકામાં ડોકટરો નથી, વગર ડોકટરે ચાલે છે એમારો આક્ષેપ છે જ.

**અધ્યક્ષશ્રી** : માંડવી તાલુકાનો જવાબ આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હાઉસ ઓર્ડરમાં આવે તો જવાબ આપું ને સાહેબ (અંતરાય) અમે તો ઓર્ડરમાં જ છીએ. સાહેબ માત્ર માંડવી તાલુકા પુરતો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એમાં જે હૃદય, કીડની અને કેન્સર માટેના કેસીસ છે એ અમે જુદા તારવીએ છીએ, તેની વિગતો છે હૃદય રોગના માંડવી તાલુકામાં ૨૦૦૫-૦૬ માં પાંચ કેસ, કીડનીનો ૧ કેસ, (અંતરાય) હું સીકલ સેલનો પણ જવાબ આપું છું સાહેબ,

**અધ્યક્ષશ્રી** : કુંવરજીભાઈ, તમે બેસી જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમને કેમ નથી કહેતા સાહેબ?

**અધ્યક્ષશ્રી** : તેઓ જવાબ આપે છે, એમણે જે પ્રશ્ન પૂછયો છે, તેનો જવાબ પૂરો થાય તે પછી હું તક આપીશ, તેમણે જે પ્રશ્ન પૂછયો છે તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે છે, જવાબ અપાવવાની મારી જવાબદારી છે, અને માંડવી તાલુકામાં શાળા આરોગ્ય કાર્યક્રમ દરમિયાન કયા કયા દર્દીઓ આવ્યા તે એમણે પૂછયું છે અને ત્રીજો પ્રશ્ન એમણે સીકલસેલનો પૂછયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તે પ્રશ્નની વિગતોમાં સભ્યશ્રીની ઈચ્છા જવાબ મેળવવા પુરતી હોય છે. પ્રશ્નોતરીનો સમય ઓછો જાય તે રીતે જે પૂછયો તેનો જવાબ આપવાનો હોય છે, એમણે બે રોગ અને એક તાલુકાની વાત કરી, એમાં બે રોગ અને એક તાલુકાના બદલે આખા જિલ્લાનું લીસ્ટ હોય તો બાકીનું ટેબલ ઉપર મુકી દે એમને જાહેર કરવું હોય તો, રાજયમાં કેટલી ખેંચ છે તેની પ્રશ્નોત્તરીની બૂકમાં બીજે માહિતી છે આપ રેકોર્ડ મંગાવીને જોઈ લેજો, સભ્યશ્રીએ બહુ સ્પષ્ટ રીને ત્રણ પ્રશ્ન પૂછાય હતા એક તો તાલુકામાં ડોકટરો નથી તો કોની પાસે કરાવ્યું, તો ત્રણ કે ચાર ડોકટરોના નામ આપી શકયા હોત, બીજું તાલુકામાં કેટલા ચશ્માનું વિતરણ કર્યુ, અને ટોટલ કેટલા વિદ્યાર્થીઓને તપાસ્યા અને એમાંથી કેટલા રોગ નીકળ્યા, તે એક જ આંકડામાં આપી શકાય. અને બે રોગ માટેનો એમનો ચોથો પ્રશ્ન હતો, આ બધાનો જવાબ અડધી મિનિટમાં ચારેયનો જવાબ મળી શકે એમ હો.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીનો પહેલો પ્રશ્ન એ હતો કે સુરત જિલ્લામાં ડૉકટરો નથી. બીજો પ્રશ્ન એ હતો કે ચશ્મા કેટલા લોકોને આપવામાં આવ્યા એ તમારી વાત સાચી છે. ત્રીજો પ્રશ્ન એમનો એ હતો કે સિકલશેલના કેટલા કેસો મળ્યા. માનનીય મંત્રીશ્રી, આપે ડૉકટરોની વિગત આપી દીધી છે એટલે હવે ચશ્મા અને સિકલશેલની વિગતો આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : પહેલા સરળ પ્રશ્નનો સરળ જવાબ. સિકલશેલની તપાસ કરવાની હોય તો એમાં લોહી લેવું પડે. શાળા આરોગ્ય કાર્યક્રમમાં બાળકો ગભરાય નહિ એટલે બ્લડ ટેસ્ટ કરવામાં આવતો નથી એ હકીકત છે. બે વર્ષના બાળકનો બ્લડ ટેસ્ટ કરીશું? ઈટ ઈઝ એ સિસ્ટમ. શાળા આરોગ્ય કાર્યક્રમમાં ધેર ઈઝ સેપ્રેટ સરવે ફૉર સિકલશેલ શાળા આરોગ્ય કાર્યક્રમમાં લોહી પરીક્ષણ કરવામાં આવતું નથી ઈટ ઈઝ ફેકટ. એ કરવામાં આવે તો બાળકો ગભરાય.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી સિકલશેલનો જવાબ આપે છે. એમાં તમને ખોટુ લાગતું હોય તો તમે એના વિશે પૂછી શકો છો. સિકલશેલને શાળા આરોગ્ય કાર્યક્રમમાં નથી લીધું એવું એમનુ કહેવું છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : શાળા આરોગ્ય કાર્યક્રમમાં લોહી લેવામાં આવતું નથી. એના કારણો છે. બીજું માંડવી તાલુકામાં વિવિધ તકલીફો કયા કયા રોગની છે. એમાં આંખની ખામી અંગે વાત કરવાની હોય તો માંડવી તાલુકામાં આંખની ખામી અંગેની તપાસણી કરી એમાં ૧૫૪ બાળકોમાં ખામી માલૂમ પડી હતી અને માનનીય સભ્યશ્રીને એ પણ કહીશ કે આ તપાસમાં કેટલા નિષ્ણાંત ડૉકટરો જોડાયા હતા. માંડવી તાલુકાને લાગેવળગે છે ત્યાં સુધી ૨૩ આંખ રોગના નિષ્ણાત ડૉકટરોએ આંખની તપાસણીમાં ભાગ લીધો હતો.

**ફતેવાડી કેનાલ આધારિત સાણંદ અને ધોળકા તાલુકામાં નહેરોની સુધારણા**

*** ૧૪૪૪૮ શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફતેવાડી કેનાલ આધારિત સાણંદ અને ધોળકા તાલુકામાં નહેરોની સુધારણા માટે સરકારે શું પગલાં લીધા છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) ફતેવાડી યોજનાની નહેરોમાં ધોળકા તાલુકામાં ૧૫.૦૦ કિલોમીટર તથા સાણંદ તાલુકામાં ૨૪.૦૦ કિલોમીટર જેટલી નહેરોમાં જંગલકટીંગ અને સાફ સફાઈની કામગીરી પૂર્ણ કરેલ છે.

(૨) બંને તાલુકામાં બાકી રહેતી કામગીરી તબક્કાવાર જરૂરિયાત મુજબ પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વરસે ૨૦૦૯ના ચોમાસામાં જરૂર કરતાં અમુક વિસ્તારમાં ખૂબ ઓછો વરસાદ પડ્યો હતો એવે વખતે સરકારશ્રીના સિંચાઈ વિભાગ દ્વારા સમય સૂચકતા વાપરીને અમારા અમદાવાદ જિલ્લાના હીરાપુર, ચરલ અને બોડ વગેરે ગામોમાં નર્મદા નહેરમાંથી અને ધોળકા શાખા નહેરમાંથી હજારો હેકટરમાં આવેલા ડાંગરના પાક માટે પાણી આપવામાં આવ્યું છે. આ ડાંગરનો પાક બચાવવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સિંચાઇ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. અને સાથે

સાથે ક્રમે ક્રમે આ કેનાલોની અંદર ઊગેલા ગાંડા બાવળો સાફ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને સિંચાઇ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. ધોળકા અને સાણંદ તાલુકામાં કઈ કઈ નહેરમાં કેટલી લંબાઈમાં સુધારણાની કામગીરી કરવામાં આવી. ફતેવાડી યોજનાથી અમદાવાદ જિલ્લાના કયા કયા તાલુકાના કેટલા ગામોને સિંચાઇનો લાભ મળે છે.?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાના *(xxxx) (xxxx) (xxxx) ધોળકા, સાણંદ અને બાવળા તાલુકાઓમાં ફતેવાડી કેનાલ આધારિત સિંચાઈ યોજના અમલમાં છે. સ્વાભાવિક રીતે આ સિંચાઈ યોજનાઓની કેનાલો કાચી હતી. એટલે તેમાં ગાંડા બાવળ, અન્ય વનસ્પતિ, ઘાસ વગેરે ઉગે. માટી ધસી પડે, કેનાલ પુરાણ થાય એટલે છેવાડાના ખેડૂતોને પૂરતું પાણી મળી શકે નહીં. એટલા માટે માનનીય ધારાસભ્યશ્રી કમાભાઈ અને માનનીય ધારાસભ્યશ્રી કાંતિભાઈ લકુમની ભલામણના કારણે રાજય સરકારે આ કેનાલોને પાકી કરવાનું કામ અને તેને સાફસૂફ કરવાનું કામ મંજૂર કર્યું અને તબક્કાવાર ફતેવાડી સિંચાઈ યોજનાની કેનાલોને પહેલાં મુખ્ય કેનાલ અને પેટા કેનાલ અને ધીમે ધીમે બીજી કેનાલોને જંગલ કટીંગ કરીને સાફ કરી અને ખેડૂતોને પૂરતું પાણી મળે એ માટે આયોજન કર્યું છે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, બાવળા, ધોળકા અને સાણંદ તાલુકામાં ફતેવાડી નહેર જે ચાલી રહી છે. પહેલાંના વખતમાં પાણી લેવા માટે ખેડૂતો આંદોલન કરતા અને ગંદું પાણી લેવા માટે આંદોલન કરતા અને ખેડૂતોના ફાયરીંગ કરીને મૃત્યુ થયેલા. એવા વખતમાં છેલ્લા આઠ વર્ષથી આ નર્મદાનું પાણી સાબરમતીમાં નાખી અને ફતેવાડી યોજના દ્વારા બાવળા, ધોળકા અને સાણંદ તાલુકામાં જે પાણી વહેવડાવીને આઠ વર્ષથી ડાંગર, ઘઉં, જીરૂ, કપાસ આ પાક જે થઈ રહ્યો છે અને ખેડૂતો એટલા બધા સદ્ધર થયા છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સિંચાઈ મંત્રીશ્રીનો ખેડૂતો, ખેતમજૂરો તમામ આભાર માને છે. રાઈસ મિલોવાળા પણ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે અને હું પણ તેમનો આભાર માનું છું કે તેમણે આ વિસ્તારને નંદનવન બનાવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારમાં નહેરોની સુવિધામાં જે સિંચાઈ થઈ રહી છે તેમાં હમણાં જ પાંચ કરોડ રૂપિયાનું તેમણે બજૅટ મંજૂર કર્યું છે અને સિંચાઈની વ્યવસ્થા, કેનાલોને રિપેર કરવાનું, ગેટ, નાળા રિપેર કરવા માટે કર્યા છે. આ નાળા વહેલામાં વહેલી તકે ક્યારે શરૂ થશે? અને તેનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ફાળવણી કરી છે, આગળની કાર્યવાહી કરીને શકય તેટલી ઝડપથી કામ પૂરું કરવાનું આયોજન કરીશું.

**શ્રી કાનજીભાઈ ૨ા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા તાલુકામાં ૧૫ કિલોમીટર જંગલ કટિંગ કરવામાં આવ્યું છે. આ કયા કયા ગામની હદમાં કરવામાં આવ્યું છે? કેટલો ખર્ચ થયો છે અને કેટલું બાકી છે? જે બાકી છે ત્યાં કરવા માગે છે કે કેમ? ત્રીજો પ્રશ્ન છે કે જ્યારે પાણીની ડાંગરને ખરેખર જરૂર હતી ત્યારે છેવાડાના ગામડાંમાં પાણી કયાંય મળતું જ ન હતું. વારંવાર કેનાલની ઑફિસે ખેડૂતો સાથે જતા હતા. બોરથી માંડ માંડ ખેડૂતોએ પાણી લઈને ડાંગર પકવી છે અને અહીંયા વાત થાય છે કે ડાંગર ખૂબ પાકી છે પણ ધોળકા તાલુકાના કેટલાય ગામડાંમાં ડાંગરનો પાક સૂકાઈ ગયો છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું એવું ન થાય અને કેનાલો મારફત નિયમિત ખેડૂતોને છેવાડાના ખેતર સુધી પાણી મળે એ માટે સરકાર આ પ્રયત્નો કરે છે. એમાં ખેડૂતોનો પણ સહકાર જોઈએ છે. કારણ કે આગળના ખેડૂતો પહેલાં પાણી વધારે લઈ લે છે. સરકારના નિયમ પ્રમાણે, સરકારની સૂચના પ્રમાણે પાછળના ખેડૂતો માટે પાણી જવા દેતા નથી અને ખેડૂતો જરૂરિયાત કરતા પણ વધુ પાણી આખા રાજયની અંદર મોટા ભાગની સિંચાઈ યોજનાઓમાં વાપરે છે. તો મારી તો દરેક ધારાસભ્યશ્રીઓને વિનંતિ છે કે ખેડૂતોને પણ જોઈએ તેટલું જ પાણી લે અને આખા કમાન્ડ વિસ્તારમાં બધાને મળે તે માટે આપનો પણ સહયોગ આપશો.

માનનીય અધ્યક્ષશ્રી, ધોળકામાં એમણે કહ્યું છે એ પ્રમાણે દઢુસર-આંબારેલી કનેકટીંગ કેનાલ દોઢ કિલોમીટર, ધોળકા-સરન્ડી ક્નેકટીંગ કેનાલ ૨ કિલોમીટર, વૅસ્ટર્ન ડ્રેઈન કેનાલ દોઢ કિલોમીટર, સિંધરેજ-વાલફેરા કનેકટીંગ કેનાલ ૧૦ કિલોમીટર અને દઢુસર-આંબારેલી કનેકટીંગ કેનાલ દોઢ કિલોમીટર આમ ૧૫ કિલોમીટરમાં કામ કરવામાં આવ્યું છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આઠ વર્ષ પહેલાં મારો વિસ્તાર આકાશી ખેતી ઉપર નભતો હતો. આજે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીની મદદથી ખારીકટ કેનાલ, ફતેવાડી કેનાલ, નર્મદા કેનાલ અને ૨૫ તળાવ ભર્યા છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ આપ પ્રશ્ન ઉપર આવો. પ્રશ્ન સાણંદ અને ધોળકા તાલુકા અંગેનો છે.

* **(xxxx)**માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : ખારીકટ કેનાલ મારા વિસ્તારમાં છે. ફતેવાડી કેનાલ મારા વિસ્તારમાં છે. ૨૫ ગામને પાણી આપે છે. એટલે મારે પ્રશ્ન પૂછવો પડ્યો છે.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, ખારીકટ કેનાલ ઉપર એક રોડ બનાવી આપ્યો છે તો બીજો રોડ બનાવવા માગો છો કે નહીં? મારા વિસ્તારમાં ૨૦૦૦ હેકટરમાં ઉનાળુ ડાંગરનું વાવેતર થયું છે. તો એના માટે ૧૫ દિવસ વધારે પાણી આપવામાં આવશે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : ખારીકટ કેનાલનું નથી. એટલે ફતેવાડી કેનાલનું હોય તો આપજો.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણેય સૂચનો ઉપર અભ્યાસ કરી લઈશું.

## બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી

***૧૩૨૨૪ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓને તપાસ્યા/ સારવાર આપવામાં આવી,

(૨) આ તપાસમાં વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારની બીમારીઓ તપાસમાં બહાર આવી છે, અને

(૩) તેને માટે સરકારે શાં પગલાં લીધાં કે લેવા માગે છે?

**આરોગ્ય મંત્રીશ્રી** :

**(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૬૨૯૮૭૨ વિદ્યાર્થીઓને તપાસ્યા/ સારવાર આપવામાં આવી.**

(૨) આ તપાસમાં વિદ્યાર્થીઓમાં પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતના રોગો, આંખના રોગો, નાક-કાન-ગળાના રોગો, પેટના રોગો, ચામડીના રોગો, શ્વસનતંત્રના રોગો, ચેતાતંત્રના રોગો, હાડકાના રોગો, વિકલાંગતા, હૃદય, કિડની અને કૅન્સર જેવા રોગો વિદ્યાર્થીઓમાં જણાયેલ.

(૩) તેના માટે ૬૭૧૦૪ વિદ્યાર્થીઓને સામાન્ય બિમારીમાં સ્થળ પર સારવાર આપવામાં આવી. સંદર્ભ સેવાની જરૂરિયાતવાળા કુલ ૩૬૩૬ વિદ્યાર્થીઓને તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવી. ચશ્માની જરૂરિયાત ધરાવતા ૬૨૫૮ વિદ્યાર્થીઓને વિના મૂલ્યો ચશ્મા પૂરા પાડવામાં આવેલ તેમજ હૃદય, કિડની અને કૅન્સર જેવી ગંભીર બિમારીવાળા વિદ્યાર્થીઓમાંથી ૨૨૯ હૃદયની બિમારી માટે યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી, અમદાવાદ, ૬૧ કિડનીની બિમારીવાળા વિદ્યાર્થીઓને કિડની ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તેમજ ૨ કૅન્સરની બિમારીવાળા વિદ્યાર્થીઓને એમ.પી.શાહ કૅન્સર હૉસ્પિટલ, અમદાવાદ ખાતે સુપર સ્પૅશિયાલિસ્ટ સારવાર આપવામાં આવેલ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, લગભગ ૬.૫ લાખ બાળકોની તપાસણીના અંતે ૭૭૦૦૦ જેટલા બાળકો રોગગ્રસ્ત દેખાયા. એમાંથી હૃદય, કિડની અને કૅન્સર જેવા રોગના ૨૯૨ જેવા દર્દીઓ માલૂમ પડ્યા છે. એમાંથી ૨૨૯ને મહેતા ઇન્સ્ટિટ્યૂટ, ૬૧ને કિડની ઇન્સ્ટિટ્યૂટમાં અને બાકીના ૨ જણને કૅન્સર હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા. આ તમામને સારવારને અંતે જાણવા માગું છું કે, કેટલા સામાન્ય સ્થિતિમાં આવ્યા અને કેટલા સારવાર તળે છે અને એનો અંદાજે ખર્ચ કેટલો થયો છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમ નીચે હૃદય, કિડની કે કૅન્સરની ક્ષતિ જણાય તો એની સંપૂર્ણ સારવારનો ખર્ચ રાજય સરકાર ભોગવે છે. અત્યાર સુધી કિડની પ્રત્યારોપણને શાળા આરોગ્ય કાર્યક્રમ નીચે આવરી લીધું નહોતું. માનનીય સભ્યશ્રીને આપના થકી કહેવું છે કે, હવે કીડની પ્રત્યારોપણ માટે પણ સંપૂર્ણ ખર્ચ શાળા આરોગ્ય કાર્યક્રમ નીચે સરકારે ભોગવવાનું નક્કી કર્યું છે અને એ મુજબ આ સારવાર યુ.એન.મહેતા હૉસ્પિટલ, કિડની ઇન્સ્ટિટ્યૂટમાં થાય છે. ભૂતકાળમાં બેંગ્લોર, નારાયણ વિદ્યાલય ખાતે મોકલવાનો જે તે વખતે રાજય સરકારે ખર્ચ કર્યો છે. એમાંથી કેટલા સાજા થયા? એવો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ કર્યો છે. તો મહદઅંશે આ સારવાર લીધેલા બાળકો છે એમને ફાયદો જોવામાં આવ્યો છે. એના બે કિસ્સા માનનીય સભ્યશ્રીની જાણ માટે નમૂનારૂપ આપું છું. આપની મંજૂરીથી એમને જોઈએ છે એટલે કહેવા માગું છું. બિલ્લાર રફીક શીરોયા, ગામ અસોડા, તા.બનાસકાંઠા, પિતાનું નામ રફીક શીરોયા. એનો સંપૂર્ણ ખર્ચ રૂ.૫,૫૭,૯૧૧/- એને કિડની હૉસ્પિટલમાં સારવાર લીધી એનો રાજય સરકારે કર્યો છે અને એમને જે તકલીફ હતી એમાંથી એ સંપૂર્ણપણે મુકત

થયા છે. એ જ રીતે ધોરણ ૨માં ભણતા શૈલેશ નામના છોકરાને ૨૦૦૮-૦૯ના શાળા આરોગ્ય કાર્યક્રમ દરમિયાન ક્ષતિ જોવામાં આવી હતી અને એને વધુ તજજ્ઞ સેવાઓ અને સંદર્ભ સેવાઓ યુ.એન.મહેતા ખાતે તા.૮-૫-૦૯થી આપેલ અને જરૂર જણાય ત્યારે એને નારાયણ વિદ્યાલય બેંગલોર ખાતે મોકલવામાં આવ્યો અને એની સંપૂર્ણ સારવારનો ખર્ચ રાજય સરકારે ભોગવ્યો છે અને આ બાળકો પણ તેમની બિમારીમાંથી સંપૂર્ણ તાજા થઈને બહાર આવ્યા છે અને આજે ખુશ-ખુશાલ હાલતમાં પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે. આ કાર્યક્રમ હેઠળ જે બાળકોને ટ્રિટમૅન્ટ આપવામાં આવે છે એ બાળકોની તબિયત સુધારા હેઠળ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બાળકોમાં રોગનું વહેલું નિદાન થાય તો રોગ આગળ વધતો અટકી જાય. એ માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે ત્યારે હું જાણવા માગું છું કે, આજે આપણે જોયું છે કે, બાળરોગ નિષ્ણાત ડૉકટરોનું ૧૧૪ નંબરના પ્રશ્નમાં આખું કોષ્ટક આપેલું છે.૧૦ કરતાં વધારે વર્ષોથી બાળરોગના નિષ્ણાત ડાંકટરોની જગ્યા ખાલી છે. આપણે આ બધી વાત કરીએ છીએ ત્યારે આ ખાલી જગ્યાઓ, હું સમજી શકુ છું કે કેટલીક મુશ્કેલીઓ રાજય સરકારની હોય ત્યારે હું સમજી શકુ છું કે સવાલ આ પક્ષના કે તે પક્ષના નહીં, કોઈપણ બાળકના ભવિષ્યની આપણે ચિંતા છે ત્યારે આ જગ્યાઓ ભરાય અને આ જગ્યાઓ ન ભરાય તો વૈકલ્પિક વ્યવસ્થાથી કારણ કે ખાસ કરીને પછાત તાલુકા અને પછાત વિસ્તારોમાં આ જગ્યાઓ વધારે ખાલી છે તો એના માટે કોઈ આ અંગેનું આયોજન કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણપણે જે સ્પિરિટથી આ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો છે માનનીય વિપક્ષના નેતાશ્રી તરફથી એ જ ભાવના સાથે હું એમને કહેવા માગુ છું આ રોગનું મૂળ આપણા ત્યાં પોસ્ટ ગ્રૅજ્યુએટ કક્ષાએ ડાંકટરોની ઓછી સંખ્યામાં સીટો હતી તે હતું, એક જ વર્ષમાં આપણે એમાં ૨૪૫ ગઈ સાલ વધારી હતી અને ચાલુ સાલે વધારો જે કર્યો છે એ થઈને હવે આ રાજયમાં પોસ્ટ ગ્રૅજ્યુએટ કક્ષાની શિક્ષણ માટે લગભગ બમણા જેટલી સીટો છે એ એક જ વર્ષમાં બમણી સીટો કરવામાં આવી છે. આ જે પોસ્ટ ગ્રૅજ્યુએટ કક્ષાએ સીટો છે એ એક જ વર્ષમાં બમણા જેટલી સીટો કરવામાં આવી છે. એમ.સી.એચ.ડી.એમ. એ જે ૨૫ સીટ હતી એ વધારીને ૫૦ કરવામાં આવી છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કોઈ રાજયમાં આટલો વધારો થયો હોય એવું ગુજરાત પહેલું રાજય છે અને આ થવાના પરિણામે આગામી વર્ષમાં આ જે ખોટ છે તે પુરાવાની પૂરેપૂરી શકયતા છે. ત્યાર પછી અત્યારે હાલ પૂરતી શું વ્યવસ્થા કરવામાં આવી છે, તો અત્યારે બે રીતે અમે આ પ્રશ્નને જોઈએ છીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ જે ચિરંજીવી યોજના હતી એની સાથે બાળકના આરોગ્યની ચિંતા કરીને બાળ રોગ નિષ્ણાતને પણ જોડવા માટેની ખાસ યોજના માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરી છે અને એ મુજબ બાળરોગ નિષ્ણાતની સંદર્ભ સેવાઓ પણ ગાયનેકોલોજીસ્ટની સાથે ખાનગી બાળરોગ નિષ્ણાત પાસેથી મળે એ માટે વધારાના પૈસા ૩૦૦ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે અને સેવાઓ એ રીતે આપવામાં આવે છે. ત્રીજું કે સમયદાન કોઈ જગ્યાએ પાર્ટટાઈમ કોઈ સેવાઓ આપવા તૈયાર હોય અને મારે આ સન્માનનીય ગૃહના બધા જ સભ્યશ્રીઓને કહેવું છે કે બાળરોગ નિષ્ણાતથી માંડીને કોઈપણ નિષ્ણાત જો પાર્ટટાઈમ સેવાઓ આપવા તૈયાર હોય અને આપ ભલામણ કરશો તો જે હોસ્પિટલમાં આપ કહો ત્યાં પાર્ટટાઈમ સેવાઓ જ્યાં ખૂટતી હશે ત્યાં એ જ દિવસથી અમે નિમણૂક આપવા માટે તૈયાર છીએ, અને એને નિમણૂક આપીને આ ખોટ પૂરી કરવામાં આવશે. આ સૌની ચિંતાનો વિષય છે. અને ચિંતા એટલા માટે ઉભી થઈ છે કે ભૂતકાળમાં જે રીતે આપણા ત્યાં મૅડિકલ સીટો વધવી જોઈએ એ રીતે સીટો વધી નથી હવે આપણે એને લગતા પગલા લીધા છે અને અપેક્ષા રાખીએ કે ૪-૫ વર્ષ પછી આ પ્રકારની પરિસ્થિતિના બદલે તદ્દન ઉલટી પરિસ્થિતિનું નિર્માણ થાય. છેલ્લે મારે વિપક્ષના નેતાશ્રીને એ વાત પણ કહેવી છે કે મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા હવે એક નવો કોર્સ વિચારી રહ્યું છે જે કદાચ આ સાલથી અમલમાં આવશે એ રૂરલ એમ.બી.બી.એસ.નો કોર્સ એ દરેક જિલ્લામાં મૅડિકલ કૉલેજ કરીને જે તે જિલ્લામાં ડાંકટરોની તંગી છે ત્યાં આ પ્રકારના ડાંકટરો ઉભા કરવા માટેનું પણ આયોજન વિચાર્યુ છે અને એ માટેની પણ પૂર્વતૈયારીઓ કદાચ બીજા રાજયોએ કરી હોય કે ના કરી હોય પણ ગુજરાત રાજયના આરોગ્ય વિભાગે એ માટેની પૂરેપૂરી પૂર્વ તૈયારી કરી લીધી છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી હું જાણવા માગુ છું કે આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ વર્ષમાં કેટલી વાર કરવામાં આવે છે અને કયા મહિનામાં હાથ ધરવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્યતઃ નવેમ્બર મહીનાથી આ ચકાસણીના કાર્યક્રમની શરૂઆત થાય છે અને લગભગ ફેબ્રુઆરીના અંત સુધી આ કાર્યક્રમ ચાલતો હોય છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી મફતભાઈ પૂરોહિત (અંતરાય) જિલ્લાના બાકી છે. આપના નેતાને જવાબ આપ્યો. અરે બનાસકાંઠાના બે સભ્યોના હાથ ઉચા હોય હું એમને પહેલી તક આપું કે ના આપું. જિલ્લાના સભ્ય છે જિલ્લાનો પ્રશ્ન છે એને તક આપવી પડે.

**શ્રી મફતલાલ મો. પૂરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મને મળી ગયો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શાળા આરોગ્ય ચકાસણી છે એ ખૂબ ઉપયોગી કાર્યક્મ છે. પરંતુ આપણા સૌના ધ્યાનમાં આવ્યું છે કે આ શાળા આરોગ્ય ચકાસણીમાં અમૂક જે પછાત વિસ્તારો છે એ પછાત વિસ્તારોની અંદર કાગળ ઉપર ચકાસણી કરી અને એનો અહેવાલ મોકલવામાં આવે છે. અને એના માટે એવું કહેવાય છે કે .. ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરોની સમય પૂરો થાય છે. નેકસ્ટ ..

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**ભાવનગર જિલ્લાના ગોપનાથ બંધારા અંગે**

૧૪૪૫૭**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં ગોપનાથ બંધારાની કામગીરી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ બંધારો પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અંદાજે રૂ. ૨ કરોડ ૭૦ લાખનાં ખર્ચે થનાર આ બંધારાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ૨૮ ટકા કામ થયેલ છે. નવેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**નસવાડી અને ક્વાંટ તાલુકાઓમાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

૧૩૧૭૪**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નસવાડી અને ક્વાંટ તાલુકાઓમાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ બનાવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો આવી જૂથ પાણી પુરવઠા યોજનાઓ ન બનાવેલ હોય તો સરકાર જૂથ પાણી પુરવઠા યોજનાઓ બનાવવા માંગે છે કે કેમ અને કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) નસવાડી તાલુકા માટે જૂથ પાણી પુરવઠા યોજના બનાવેલ નથી અને ક્વાંટ તાલુકા માટે જૂથ પાણી પુરવઠા યોજના બનાવેલ છે.

(૨) નસવાડી તાલુકા માટે આર્થિક/તાંત્રિક પાસાનો અભ્યાસ કરી જરૂરિયાત મુજબ જૂથ યોજના બનાવવાનું વિચારવામાં આવશે.

------------

**ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા અંતર્ગત આરોગ્ય કમિશનર દ્વારા મંજૂરી**

૧૪૪૬૮ ડૉ. **ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કાયદા હેઠળ તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વરસમાં આરોગ્ય કમિશનરશ્રીની કચેરી દ્વારા વર્ષવાર કેટલી મંજૂરીઓ અપાઇ, અને

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આવી મંજૂરી માંગતી કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની મંજૂરીઓ આપવામાં આવેલ છે.

| વર્ષ | કુલ મંજૂરીની સંખ્યા | | કુલ મંજૂરીની સંખ્યા |
|---|---|---|---|
| | કીડની | લીવર | |
| ૩૧-૧-૦૭ થી ૩૦-૧-૦૮ | ૪૩૧ | -- | ૪૩૧ |
| ૩૧-૧-૦૮ થી ૩૦-૧-૦૯ | ૪૮૧ | ૨ | ૪૮૩ |
| ૩૧-૧-૦૯ થી ૩૦-૧-૧૦ | ૫૫૮ | ૯ | ૫૬૭ |
| **કુલ :** | **૧૪૭૦** | **૧૧** | **૧૪૮૧** |

(૨) કીડની પ્રત્યારોપણની-૧ (એક) અરજી પડતર છે.

------------

**સમી-હારિજ તાલુકામાં તળાવો નવા બનાવવા તેમજ તળાવોમાં સુધારા-વધારા બાબત**

૧૩૯૯૫**શ્રી ભાવસિંહભાઈ રાઠોડ(સમી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમી-હારિજ તાલુકામાં સન ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯માં જળસંપત્તિ પ્રભાગ દ્વારા કેટલા નવા તળાવ બનાવ્યા તેમજ કેટલા તળાવમાં સુધારા-વધારા કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો,

**જવાબ**

(૧) સન ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯માં જળસંપત્તિ પ્રભાગ દ્વારા નવા તળાવો બનાવવામાં આવેલ નથી, પરંતુ તળાવોમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

| | **૨૦૦૭-૦૮** | | **૨૦૦૮-૦૯** | |
|---|---|---|---|---|
| | **સંખ્યા** | **ખર્ચ** | **સંખ્યા** | **ખર્ચ** |
| ઉંડાઉતારવાની કામગીરી અને સેફ સ્ટેજની કામગીરી | ૨૦ | ૫૯.૨૮ લાખ | ૩૬ | ૧૦૭.૪૯ લાખ |

(૨) જે એજન્સીઓની નિમણૂક કરી છે તેમાંથી કઇ એજન્સી દ્વારા કામ કરવામાં આવેલ નથી, — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તેની સામે કોઇ ફરિયાદ થયેલ છે કે કેમ, અને — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો થઇ હોય તો શાં પગલાં ભર્યા ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જીણાવાણી અને ભુપત આંબરડી નાની સિંચાઇ યોજના માટે બજેટમાં જોગવાઇ**

૧૩૪૫૯ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની જીણાવાણી અને ભુપત આંબરડી નાની સિંચાઇ યોજના માટે બજેટમાં ક્યારે જોગવાઇ કરવામાં આવી, અને | (૧) જીણાવાણી યોજના માટે વર્ષ ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં અને ભુપત આંબરડી માટે ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં બજેટ જોગવાઇ કરવામાં આવેલ. |
| (૨) તા. ૩૧-૦૧-૧૦ની સ્થિતિએ ઉક્ત યોજનાની કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૨) જીણાવાણી યોજના સર્વેક્ષણ તબક્કે છે અને ભુપત આંબરડી તાંત્રીક અને આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ ન જણાતા યોજના પડતી મુક્વામાં આવેલ છે. |

------------

**રાજકોટ જિલ્લાની ફોફળ-૧ સિંચાઇ યોજનાની નહેરો પાકી કરવા બાબત**

૧૪૪૬૧ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની ફોફળ-૧ સિંચાઇ યોજનાની નહેર સુધારણા કરવાની કોઇ યોજના સરકારે અમલમાં મુકેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. અંદાજે રૂ. ૫૨૭ લાખનાં ખર્ચે નહેર સુધારણાની કામગીરી મંજૂર કરેલ છે. |
| (૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) કામગીરી પ્રગતિમાં છે. |

------------

**ભાવનગર જિલ્લામાં મોટી નદીઓ ઉપર ચેકડેમો**

૧૪૪૪૦**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૭૪ ચેકડેમો. |
| (૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ આ ચેકડેમોની કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) ૫૩ ચેકડેમોનું કામ પૂર્ણ થયેલ છે અને ૨૧ ચેકડેમોના કામ પ્રગતિ હેઠળ. |

------------

**રાજ્યની ટી. બી. હૉસ્પિટલોની ગ્રાન્ટ બંધ કરવા બાબત**

૧૨૭૪૪**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યની કેટલી ટી. બી. હોસ્પિટલોની ગ્રાન્ટો બંધ કરી દીધી છે, | (૧) ૧૧ (અગીયાર). |
| (૨) તેના કારણે ટી.બી.ના દર્દીઓને પડતી હાલાકી દૂર કરવા સરકારે વિક્લ્પે શી કામગીરી શરૂ કરી છે, અને | (૨) ટી.બી.સારવારમાં હાલની ડોટની નવી પધ્ધતિ મુજબ ટી.બી.ના દર્દીઓને કોઇપણ પ્રકારની હાલાકી પડતી નથી, કારણ કે |

- પહેલા આ સારવાર માટે મદ્રાસ જવું પડતુ હતુ જે હવે ટી.બી.સારવારની નવી પદ્ધતિ પ્રમાણે એમ.ડી.આર. (માઇક્રો બેક્ટેરીયમ ટયુબરક્લોસીસ) ટી.બી.ના દર્દીઓનો રીપોર્ટ એક જ દિવસમાં પ્રાપ્ય બને છે. જે અગાઉ ૩ થી ૪ માસમાં મળતો હતો.
- હવે, એક જ દિવસમાં રીપોર્ટ મળી જતો હોઇ આવા દર્દીઓની સારવાર વહેલાસર શરૂ કરી શકાય છે.
- ડોટ પદ્ધતિ હેઠળ તાલીમબદ્ધ ડોટસ પ્રોવાઇડર દ્વારા દર્દીઓને નજર સમક્ષ ૬ થી ૯ માસના સમયગાળા સુધી દવા ગળાવવામાં આવે છે. જેથી દર્દીએ દવા પૂર્ણ કરેલ છે તેની ખાતરી થાય છે.
- આ પ્રકારની સારવાર રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો. જનરલ સીવીલ હોસ્પિટલો ખાતે વિનામૂલ્યે ઉપલબ્ધ થાય છે.
- હાલમાં જે તે જિલ્લા ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ જનરલ હોસ્પિટલ ખાતે ટી.બી.ના દર્દીને દાખલ કરીને પણ સારવાર આપવામાં આવે છે.

(૩) બંધ થયેલ હોસ્પિટલોના સ્ટાફને વૈકલ્પિક રોજગારી આપવા સરકારે શાં પગલાં લીધાં છે ?

(૩) ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાના કર્મચારીઓની જવાબદારી જે તે સંસ્થાની રહેતી હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## પાટાડુંગરી જળાશયમાંથી કાંપ અને માટી દૂર કરવા બાબત

૧૨૭૧૬**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ શહેર નજીક પાટાડુંગરી જળાશયમાં વ્યાપક કાંપ અને માટી ભરાવાથી છિંછરુ થઇ જવાથી પાણીનો પુરતો સંગ્રહ થઇ શક્તો નથી તે અન્વયે તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ જળાશયને ઉંડુ કરવા અને માટી/કાંપ કાઢવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) જો આવી કાર્યવાહી ન થઇ હોય તો કેટલા સમયમાં આવી કાર્યવાહી કરી જળાશયમાં વધુ પાણીનો સંગ્રહ થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : હાલમાં કોઇ આયોજન નથી. પરંતુ જો ખેડૂતો તેમના સાધનોથી માટી લઇ જવા તૈયાર હોય તો સિંચાઇ વિભાગ મશીનો ફાળવીને તળાવમાંથી માટી ખોદીને ખેડૂતોના સાધનોમાં ભરી આપશે તેવી નીતિ અમલમાં મુકી છે.

------------

## શેલ દેદુમલ સિંચાઇ યોજનાને થયેલ નુક્સાન બાબત

: ૧૪૫૮૬ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન અમરેલી જિલ્લાની સાવરકુંડલા તાલુકાની શેલ દેદુમલ સિંચાઇ યોજનાને નુક્સાન થયેલ છે તે હકિક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની મરામત કરવા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) મરામત કામના ટેન્ડર મંજૂરી હેઠળ છે. |

------------

**પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ મળેલ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ**

૧૪૫૯૯ **શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઇ કઇ પ્રવૃત્તિ/પ્રોજેક્ટ માટે રાષ્ટ્રિય કક્ષાના એવોર્ડ મળ્યા છે, અને

(૨) આ એવોર્ડ કોના દ્વારા અપાયા તેમજ કઇ તારીખે અને કોના હાથે અપાયા ?

**જવાબ**

(૧) અને (૨) : પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને ""આર્કિટેક્ચરલ ટ્રેઝર ઓફ ગુજરાત"" કોફીટેબલ બુક માટે એક્ષલન્સ ઈન પબ્લીશીંગનો રાષ્ટ્રિય કક્ષાનો ખાસ એવોર્ડ કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય તરફથી મળેલ છે. વળી આઈબીએન-૭ તરફથી રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ મળેલ છે. વળી પેસીફીક એરિયા ટ્રાવેલ રાઈટર્સ એસોસીએશન તરફથી ""બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઓલ સીઝન"" માટે પટવા આંતરરાષ્ટ્રીય એવોર્ડ આપવાનું જાહેર કરવામાં આવેલ છે.

------------

**કાંસો દ્વારા વરસાદી પાણીનો નિકાલ**

૧૩૦૨૫**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં કાંસ દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) વરસાદી પાણીના નિકાલ માટે કાયમી કોઇ યોજના સરકારે વિચારેલ છે, અને

(૩) વિચારણામાં હોય તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) રૂા. ૮૫૯.૪૫ લાખ.

(૨) અને (૩) : કુલ ૧૯૩૪.૩૮ કિ.મી. ની લંબાઇના કાંસ બનાવેલ છે, તેમાં હાલની સ્થિતિએ હયાત કાંસમાં સુધારણા કરવા માટે તથા નવા કાંસની જરૂરીયાત માટે અભ્યાસ હાથ ધરેલ છે. જે આખરી થયેથી આગળનું આયોજન નક્કી કરવામાં આવશે.

------------

**રાજ્યમાં પીવાના હેતુ માટે નર્મદાનું પાણી**

૧૩૧૬૭**શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં નર્મદાના પાણી અન્વયે કેટલા મોટા શહેરો-નાના શહેરો અને કેટલા ગામોને કુલ કેટલું પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૨) રાજ્યમાં નર્મદા યોજના હેઠળ વાર્ષિક કુલ કેટલું પાણી પીવા માટે ફાળવેલ છે ?

**જવાબ**

(૧) ૧૦૨ મોટા શહેરો-નાના શહેરો અને ૬૦૭૪ ગામોને કુલ ૧૮૦.૩૬ કરોડ લીટર પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

(૨) ૩૬૨.૬૨ કરોડ લીટર.

------------

**સુખી સિંચાઈ યોજના અંતર્ગત બારગામ અને સટુન ગામને જોડતો પુલ બનાવવા બાબત**

૧૩૪૧૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકામાં સુખી સિંચાઈ યોજનામાં આવેલ બારગામથી સટુન ગામને જોડતો પુલ બનાવવાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ આ પુલના બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) બન્ને એબટમેન્ટ, બ્રીજને જોડતા એપ્રોચ રસ્તાની કામગીરી પૂર્ણ થયેલ છે. પીયરની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) શક્ય તેટલું વહેલું.

(૩) રૂા. ૭૧,૯૨,૩૮૯.૦૦.

-------------

## શામળાજી સી.એચ.સી.માં ગરીબ દર્દીઓ પાસેથી ફી લેવા બાબત

૧૪૫૬૭**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં શામળાજી ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કોણ ચલાવી રહ્યું છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં શામળાજી ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઓલ ઈન્ડીયા મુવમેન્ટ ફોર સેવા, ગાંધીનગર ચલાવી રહ્યું છે. |
| (૨) એમાં આદિવાસી ગરીબ બી.પી.એલ. દર્દીઓ પાસેથી પણ ફરજીયાત "ફી" લેવામાં આવે છે, એ સરકારના ધ્યાન પર છે, | (૨) હા, જી. |
| (૩) સરકારે બી.પી.એલ. ગરીબ દર્દીઓ પાસેથી પણ "ફી" લેવા શામળાજી સી.એચ.સી.ને કોઈ લેખીત જાણ કરેલ છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો ના, તો શામળાજી ખાતે આદિવાસી ગરીબ બી.પી.એલ. દર્દીઓ પાસેથી ફરજીયાત "ફી" લેવાનું કારણ શું છે? | (૪) આ સંસ્થાને બી.પી.એલ. અને ગરીબ દર્દીઓ પાસેથી ફી ન લેવાની સુચના તા. ૨૦-૯-૨૦૦૭થી આપેલ છે. |

-------------

## સાપુતારા ગીરીમથક્ના વિકાસ માટે યોજના

૧૪૪૭૮**શ્રી વિજયભાઈ ૨.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પ્રવાસન વિભાગ દ્વારા સાપુતારા ગીરીમથક્ના વિકાસ માટે યોજના બનાવવામાં આવેલ છે તે હકિક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાપુતારા ગીરીમથક્ના વિકાસ માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

સાપુતારા ગીરીમથક્ના વિકાસ માટે ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ યોજના હેઠળ સાપુતારાનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવાની પરિયાજના હેઠળ સાપુતારા ખાતેના તળાવનો વિકાસ જેમાં તળાવને ફરતે રીટેઈનીંગ વૉલ, પાથવે, બાગ બગીચા, બેઠક વ્યવસ્થા, પાર્કીંગ, એમ્ફીથીયેટર, ફુડકોર્ટ, જેટી, ઈલેક્ટ્રીફીકેશન વગેરેની કામગીરી પૂર્ણતાને આરે છે.

જ્યારે સનસેટ પોઈન્ટના વિકાસની કામગીરી જેમાં પાથવે લેન્ડસ્કેપ, ગાર્ડન, વનીકરણ, બેઠક વ્યવસ્થા, વ્યુઈંગડેક વગેરેની કામગીરી શરૂ કરવા માટે એજન્સી નક્કી કરી કરવામાં આવેલ છે. જે કામગીરી ટુંક સમયમાં શરૂ થનાર છે.

નીચે મુજબના સૂચિત વિકાસના કામો કરવાનું વિચારણા હેઠળ છે.

(૧) નવાગામ ખાતે બીજા તબક્કાના તળાવનું કામ
(૨) એમ્યુઝમેન્ટ પાર્ક
(૩) વોટર પાર્ક
(૪) ટોયટ્રેન-માલેગાંવ સાપુતારા
(૫) સ્નોપાર્ક
(૬) હરણ તથા સસલા પાર્ક અને લેપર્ડ સફારી પાર્ક-માલેગાંવ

(૭) શોપીંગ કોમ્પ્લેક્ષ
(૮) મીની થીયેટર
(૯) એર કંડીશન ટાઉનહોલ
(૧૦) રેન બસેરા
(૧૧) ડોમ શેપ સ્નેક્સ આઉટલેટ
(૧૨) તારા મંડળ (પ્લેનેટોરીયમ)
(૧૩) એન્ટ્રન્સ તથા આઉટગેટ
(૧૪) ઈકો પોઈન્ટ
(૧૫) સ્નેક અને બર્ડપાર્ક
(૧૬) ઈન્ટરપ્રીટેશન પાર્ક
(૧૭) વિન્ડ ફાર્મ
(૧૮) સ્વીમીંગ પુલ
(૧૯) સ્કેટીંગ રીંગ
(૨૦) માઉન્ટેનીયરીંગ સંસ્થા
(૨૧) બામ્બુ કેન ક્રાફ્ટ સેન્ટર
(૨૨) લાયબ્રેરી
(૨૩) સાપુતારાને વાઈફાઈ બનાવવા
(૨૪) આંતરિક રસ્તાઓના સુધારા વધારાનું કામ.

-------------

## અમદાવાદ, વડોદરા અને રાજકોટ જિલ્લામાં "૧૦૮" આરોગ્ય સેવાના કોલ

**૧૪૫૮૭શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮ અને ૨૦૦૯ના કેલેન્ડર વર્ષમાં "૧૦૮"ની આરોગ્ય સેવાઓના અમદાવાદ, વડોદરા અને રાજકોટ જિલ્લામાં કેટલા કોલ મળ્યા, અને

(૨) તે પૈકી અકસ્માત, સર્પદંશ અને પ્રસૂતિ સાથે સંકળાયેલા કેટલા કોલ હતા?

**જવાબ**

(૧) સન ૨૦૦૮ અને ૨૦૦૯ના કેલેન્ડર વર્ષમાં ૧૦૮ આરોગ્ય સેવાઓને મળેલ કોલની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લાનું નામ | મળેલ કોલ | |
|---|---|---|---|
| | | સન ૨૦૦૮ | સન ૨૦૦૯ |
| ૧ | અમદાવાદ | ૫૬૯૫૪ | ૮૭૩૭૬ |
| ૨ | વડોદરા | ૨૫૦૫૯ | ૬૩૬૭૩ |
| ૩ | રાજકોટ | ૨૫૬૨૦ | ૪૭૨૪૭ |

(૨) તે પૈકી અકસ્માત, સર્પદંશ અને પ્રસૂતિ સાથે સંકળાયેલ કોલની સંખ્યા નીચે મુજબ છે.

**અમદાવાદ**

| વર્ષ | અકસ્માત | સર્પદંશ | પ્રસુતિ |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૧૫૪૪૧ | ૧૫૭ | ૫૨૮૧ |
| ૨૦૦૯ | ૧૭૪૦૭ | ૧૩૭ | ૧૨૩૨૭ |

**વડોદરા**

| વર્ષ | અકસ્માત | સર્પદંશ | પ્રસુતિ |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૪૬૬૭ | ૩૦૪ | ૮૫૭૬ |
| ૨૦૦૯ | ૮૪૬૯ | ૫૦૨ | ૨૩૫૯૯ |

**રાજકોટ**

| વર્ષ | અકસ્માત | સર્પદંશ | પ્રસુતિ |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૬૮૨૮ | ૨૧૩ | ૫૬૨૨ |
| ૨૦૦૯ | ૮૧૨૩ | ૨૪૧ | ૧૩૭૮૩ |

-------------

## મોજ સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવા બાબત

**૧૪૪૪૭શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લાના મોજ સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવાની કોઈ યોજના સરકારે અમલમાં મૂકી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ કામગીરી હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. મોજ સિંચાઈ યોજના જામનગર જિલ્લામાં નહીં પણ રાજકોટ જિલ્લામાં આવેલ છે.

મોજ સિંચાઈ યોજનાની કેનાલોનું લાઈનીંગ કામ રૂા. ૫૪૩.૭૫ લાખનાં ખર્ચે મંજુર થયેલ છે અને હાલમાં કામો પ્રગતિ હેઠળ છે.

## રાજુલા સી.એચ.સી.માં શબવાહીની ન હોવા અંગે

૧૨૮૬૧**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં શબવાહિની નહીં હોવાના કારણે ઘણી જ મુશ્કેલી ઉભી થાય છે જે બાબત સરકારશ્રીના ધ્યાન પર છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે શું પગલાં લેવા માંગો છો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં શબવાહિની પૂરી પાડવાની કોઈ નીતિ અમલમાં નથી.

------------

## વાલીયા તાલુકાની બલદેવા સિંચાઈ યોજના અંતર્ગત સિંચીત વિસ્તાર

૧૪૪૫૩**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકામાં આવેલ બલદેવા સિંચાઈ યોજના અન્વયે કેટલા હેકટર વિસ્તારમાં સિંચાઈ કરવામાં આવેલ છે ?

**જવાબ**

૫૮૩ હેકટર વિસ્તારમાં સિંચાઈ કરવામાં આવેલ છે.

------------

## બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓને ફાળવેલ ગ્રાન્ટ

૧૨૮૬૬**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાની કઈ કઈ નગરપાલિકાને તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ યોજના તળે કેટલી ગ્રાન્ટો ફાળવવામાં આવેલ છે,

(૨) તે ફાળવેલ ગ્રાન્ટ પેકી કેટલી નગરપાલિકાએ ગ્રાન્ટ મુજબ કામો પૂર્ણ કરેલ છે,

(૩) કઈ નગરપાલિકાએ ગ્રાન્ટ મુજબ કામો પૂર્ણ કરેલા નથી, અને

(૪) ગ્રાન્ટ મુજબ કામો પૂર્ણ ન થવાથી કેટલી નગરપાલિકાની કઈ કઈ યોજનાની ગ્રાન્ટો પરત જમા લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાને તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદી જુદી યોજના તળે ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત પત્રક-અ મુજબ છે. (પત્રક "અ" સામેલ છે.)

(૨) ક્રમ-૧ મુજબ ફાળવેલ ગ્રાન્ટ પેકી નીચે મુજબના કામોની વહીવટી મંજુરી મેળવી કામો શરૂ કરેલ છે તે પેકી પૂર્ણ કામની વિગત.

| ક્રમ | નગરપાલિકા | મંજુર કરેલ કામો પેકી પૂર્ણ કરેલ કામની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૧ |
| ૨ | ડીસા | ૩૧ |
| ૩ | થરાદ | ૨૫ |
| ૪ | ધાનેરા | ૦૭ |
| ૫ | ભાભર | ૧ |
| ૬ | થરા | ૧ |
| | **કુલ :** | ૭૬ |

* ધાનેરા નગરપાલિકાની યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત પાણી પુરવઠાની કામગીરી પ્રગતિમાં છે.

(૩)

| ક્રમ | નગરપાલિકા | બાકી કામોની વિગત |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૦ |
| ૨ | ડીસા | ૨૭ |
| ૩ | થરાદ | ૧૨ |
| ૪ | ધાનેરા | ૧૯ |
| ૫ | ભાભર | ૬ |
| ૬ | થરા | ૨ |
| | **કુલ :** | ૬૬ |

* ધાનેરા નગરપાલિકાની યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત પાણી પુરવઠાની કામગીરી પ્રગતિમાં છે.

(૪) કોઈ નગરપાલિકાની ગ્રાન્ટ પરત લેવામાં આવી નથી.

## પત્રક--""અ""

## બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓને તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદી જુદી યોજના તળે ફાળવવામાં આવેલ ગ્રાન્ટની નગરપાલિકાવાઈઝ વિગત

| ક્રમ | યોજના | પાલનપુર | ડીસા | થરાદ | ધાનેરા | ભાભર | થરા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાજપાઈ નગર વિકાસ યોજના (બીજો તબક્કો) | ૧,૪૫,૭૩,૯૪૨ | ૧,૦૫,૦૫,૩૬૦ | ૧,૨૩,૦૩,૪૦૮ | ૮૦,૦૩,૭૨૯ | ૯૨,૪૬,૫૫૬ | ૯૨,૪૬,૫૫૭ | ૬,૩૮,૭૯,૫૫૨ |
| ૨ | મનોરંજનકર ગ્રાન્ટ | ૭,૯૧,૭૭૮ | ૮,૫૭,૬૩૬ | ૮,૨૬,૫૮૫ | ૧૦,૧૦,૦૩૨ | ૧૦,૦૦,૮૯૦ | ૮,૭૬,૨૨૯ | ૫૩,૬૩,૧૫૦ |
| ૩ | મનોરંજનકર (એસસીએસપી) | ૩,૬૩,૮૫૮ | ૨,૭૪,૭૬૪ | ૭૫,૧૮૦ | ૭૩,૦૬૨ | ૬૦,૪૭૭ | ૫૪,૨૨૨ | ૯,૦૧,૫૬૩ |
| ૪ | મનો.કર પેકીની શહેરી ગરીબ યોજના ગ્રાન્ટ | ૯,૫૨,૦૯૨ | ૭,૧૮,૯૬૪ | ૧,૯૬,૭૨૪ | ૧,૯૧,૬૫૪ | ૧,૫૨,૦૫૦ | ૧,૩૯,૩૧૦ | ૨૩,૫૦,૭૯૪ |
| ૫ | વ્યવસાયવેરા ગ્રાન્ટ (૫૦%) | ૩૮,૫૩,૨૬૩ | ૧૫,૩૯,૯૩૨ | ૧,૭૮,૬૧૬ | ૧,૯૭,૬૮૫ | ૧,૬૭,૩૨૩ | ૫,૬૩,૦૦૩ | ૬૪,૯૯,૮૨૨ |
| ૬ | ૧૨મું નાણાપંચ (પાણી પુરવઠા માટે) | ૪,૬૦,૦૦,૦૦૦ | ૫૦,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦,૦૦૦ | ૨,૧૦,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ | ૧૨,૨૦,૦૦,૦૦૦ |
| ૭ | પે એન્ડ યુઝ ટોયલેટની ગ્રાન્ટ | ૪૪,૦૦,૦૦૦ | ૨૦,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | -- | ૨૫,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ | ૧.૦૫,૦૦,૦૦૦ |
| ૮ | યુ.આઈ.ડી.એસ.એસ. એમ.ટી. યોજના (પાણી પુરવઠા માટે) | -- | -- | -- | ૧,૮૩,૩૬,૦૦૦ | -- | -- | ૧,૮૩,૩૬,૦૦૦ |
| | કુલ : | ૭,૦૯,૩૪,૯૩૩ | ૨,૦૮,૯૬,૬૫૬ | ૨,૩૯,૮૦,૫૧૩ | ૫,૭૮,૧૨,૧૬૨ | ૩,૪૧,૨૭,૨૯૬ | ૨,૨૦,૭૯,૩૨૧ | ૨૨,૯૮,૩૦,૮૮૧ |

------------

## નવસારી જિલ્લામાં સેકટર રિફોર્મ યોજના હેઠળ મંજૂર પાણી પુરવઠાના કામો

૧૪૦૧૩ **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નવસારી જિલ્લામાં રાજ્ય સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ મંજૂર થયેલ ૮૪ પાણી પુરવઠા યોજના પેકી કઈ કઈ યોજના તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ પૂર્ણ થઈ છે અને કઈ કઈ યોજનાઓના કામ હજી બાકી છે ?

**જવાબ**

રાજ્ય સરકારની સેકટર રીફોર્મ યોજના હેઠળ ૮૪ નહી પરંતુ ૧૭૫ યોજનાઓ મંજૂર થયેલ છે. તે પેકી **પત્રક-૧** મુજબ ૮૯ યોજનાઓ પૂર્ણ થયેલ છે અને **પત્રક-૨** મુજબ બાકી રહેતી ૮૬ યોજનાઓના કામો સંલગ્ન પાણી સમિતિ દ્વારા પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે.

## પત્રક - ૧

## નવસારી જિલ્લામાં સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ તા.૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ મંજુર થયેલ ૧૭૫ યોજના પેકી પૂર્ણ થયેલ ૮૯ યોજનાની યાદી દર્શાવતું પત્રક

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| **તાલુકો : ગણદેવી** | |
| ૧ | ભાગળ |
| ૨ | ખેરગામ |
| ૩ | માણેકપોર |
| ૪ | રહેજ |
| ૫ | ધોલાઈ |
| ૬ | ગણદેવા(માહ્યાવંશી ફ.) |
| ૭ | નાદરખા(પટેલ ફ.) |
| ૮ | મોવાસા |
| ૯ | પોંસરી (ભુલીયા, માસ્કરા ફ.) |
| ૧૦ | બીગરી ગામતળ ફ. |
| ૧૧ | વણગામ (હરકણિયા ફ.) |
| ૧૨ | માસા (આર. ઓ.) |
| ૧૩ | પોંસરી (ભુલીયા ફ.) |
| ૧૪ | બીગરી (દ્રઢોરા ફ.) |
| ૧૫ | વણગામ (આહિરવાસ ફ.) |
| ૧૬ | ખાપરવાડા |
| ૧૭ | તોરણગામ (ગામતળ ફ.) |
| ૧૮ | કોથા (ગામતળ ફ.) |
| ૧૯ | કોથા (આહિરવાસ) |
| ૨૦ | તોરણગામ (કોથી ફ./હળપતિવાસ/સુંદર ફ.) |
| **તાલુકો : ચીખલી** | |
| ૨૧ | વંકાલ (મધ્યા ફ. ) |
| ૨૨ | આછવણી (પટેલ ફ.) |
| ૨૩ | આછવણી (બેઝારી ફ.) |
| ૨૪ | ધામધુમા (ડુંગરી ફ.) |
| ૨૫ | ધામધુમા (નિશાળ ફ.) |

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| ૨૭ | ધોલાર (મહાકાલપાડા) |
| ૨૮ | ખુંધ (આઝાદ નગર) |
| ૨૯ | ખુંધ (સહયોગ નગર) |
| ૩૦ | નાંધઈ (મંદિર ફ.) |
| ૩૧ | વાડ (ઝાડી ફ., સરસીયા ફ.) |
| ૩૨ | ખેરગામ (તાડ ફ. સરસીયા ફ.) |
| ૩૩ | વંકાલ સુંદર ફ. |
| ૩૪ | દેગામ (નવા/ગામતળ ફ.) |
| ૩૫ | સમરોલી (રામનગર) |
| ૩૬ | ઘેકટી (આર.ઓ.) |
| **તાલુકો : જલાલપોર** | |
| ૩૭ | અબ્રામા |
| ૩૮ | બોદાલી |
| ૩૯ | ખરસાડ |
| ૪૦ | કરાડી |
| ૪૧ | મંદીર (કાંડીવલી હળપતીવાસ) |
| ૪૨ | સાગરા (આહિરવાસ) |
| ૪૩ | વેસ્મા (આરડી ફળિયા) |
| ૪૪ | વેડછા |
| ૪૫ | સુલતાનપુર (બોરી ફ.) |
| ૪૬ | બોરસી માછીવાડ |
| ૪૭ | ભીનાર (પટેલ ફ.) |
| ૪૮ | પરસોલી |
| ૪૯ | સીમલક |
| ૫૦ | સુલતાનપુર (નાની કકરાડ) |
| ૫૧ | મટવાડ (આવડા ફ. મોખલા ફ.) |
| ૫૨ | સામાપોર |

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| ૨૬ | ઘેકટી |
| ૫૪ | આરોક રણોદ્રા |
| ૫૫ | ચીજગામ |
| ૫૬ | સુલતાનપુર (માંદરિયા ફ.) |
| ૫૭ | પોંસરા |
| ૫૮ | ઉભરાટ |
| ૫૯ | પરસોલી (આર.ઓ.) |
| ૬૦ | ક્નેરા |
| ૬૧ | આટ (આર.ઓ.) |
| ૬૨ | મરોલી |
| ૬૩ | ક્રાંખટ |
| ૬૪ | ભિનાર (પામોલિયા ફ.) |
| ૬૫ | કોલાસણાં-૧ |
| ૬૬ | કોલાસણાં-૨ |
| ૬૭ | દેલવાડા |
| ૬૮ | સાગરા |
| ૬૯ | નિમલાઇ |
| ૭૦ | દેલવાડા (આર.ઓ.) |
| ૭૧ | ઉભરાટ (આર.ઓ.) |
| ૭૨ | દિપલા |

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| ૫૩ | ભાઠા |
| તાલુકો : નવસારી | |
| ૭૩ | આમરી |
| ૭૪ | સુપા |
| ૭૫ | સરોણા |
| ૭૬ | વિરાવળ |
| ૭૭ | અડદા |
| ૭૮ | કુરેલ (રજપુત ફ.) |
| ૭૯ | મોગાર (ગામતળ) |
| ૮૦ | કછોલ |
| ૮૧ | ખેરગામ (હળપતિવાસ/મુસ્લિમ ફ.) |
| ૮૨ | અડદા (માહ્યાવંશી ફ./આહિરવાસ) |
| ૮૩ | પિનસાડ |
| ૮૪ | સિસોદ્રા (ગણેશ) |
| ૮૫ | વછરવાડ |
| તાલુકો : વાંસદા | |
| ૮૬ | આંબાપાણી (નિશાળ ફળિયા) |
| ૮૭ | દુબળ ફળિયા |
| ૮૮ | બીલમોડા |
| ૮૯ | કુરેલીયા ડુંગરી ફ. |

## *પત્રક-૨

## નવસારી જીલ્લામાં સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ તા. ૩૧-૦૧-૨૦૧૦ ની સ્થિતિએ મંજુર થયેલ ૧૭૫ યોજના પેકી પ્રગતિના વિવિધ તબક્કા હેઠળની ૮૬ યોજનાની યાદી દર્શાવતું પત્રક

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| તાલુકો : ગણદેવી | |
| ૧ | ધોલાઈ |
| ૨ | સરીબુજરંગ (હરિજન વાસ/મોરા ફ.) |
| ૩ | રહેજ (પટેલ ફ.) |
| ૪ | ભાટ |
| ૫ | બીગરી (મામાદેવ ફ.) |
| ૬ | વણગામ (ગામતળ) |
| ૭ | ગોંયદી |
| ૮ | ભાઠલા |
| ૯ | સરીખુર્દ |
| ૧૦ | ભાઠા |
| ૧૧ | મોરલી |
| ૧૨ | માસા |
| ૧૩ | ઘેજ  (સામર ફ.) |
| ૧૪ | બામણવાડા (દુકાન ફ.) |
| તાલુકો : ચીખલી | |
| ૧૫ | ભેરવી (હનુમાન ફ. પટેલ ફ.) |
| ૧૬ | પાણી ખડક |
| ૧૭ | પણંજ (નાની કોલવાડ) |
| ૧૮ | વાડ કાવલાખડક |
| ૧૯ | ખેરગામ (ગામતળ ફ.) |
| ૨૦ | નડગધરી બ્રાહ્મણ ફ./પટેલ ફ.) |
| ૪૨ | સિમળગામ |
| ૪૩ | પરથાણ |
| ૪૪ | આસણા |
| ૪૫ | બોદાલી |
| ૪૬ | ઑજલ (આર.ઓ.) |
| ૪૭ | દિપલા (માહ્યાવંશી ફ.) |
| ૪૮ | ભીનાર (રજપુત ફ.) |
| ૪૯ | અલુરા |
| ૫૦ | દિપલા (આરઓ.) |
| ૫૧ | ક્લથાણ |
| ૫૨ | ક્રાખટ (આર.ઓ.) |
| ૫૩ | કોલાસણા (આર.ઓ.) |
| ૫૪ | માંગરોલ |
| ૫૫ | વેસ્મા |
| ૫૬ | મગોબ |
| તાલુકો : નવસારી | |
| ૫૭ | ધારાગીરી |
| ૫૮ | છાપરા શક્તિનગર ફ. |
| ૫૯ | ચોવીસી (કાછીયાવાડી) |

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| ૨૧ | સોલધરા (એસપીનગર/વડ ફ.) |
| ૨૨ | વાવ |
| ૨૩ | ગોથલ (મંદિર ફ./ઝાડી ફ.) |
| ૨૪ | તેજલાવ |
| ૨૫ | ખેરગામ |
| ૨૬ | જામનપાડા |
| ૨૭ | સમરોલી (નવા ફ.) |
| તાલુકો : જલાલપોર | |
| ૨૮ | બોરસી (બોરસી પટેલ ફ.) |
| ૨૯ | તવડી |
| ૩૦ | કોથમડી |
| ૩૧ | ડાબેલ |
| ૩૨ | આટ (રૂપન તળાવ) |
| ૩૩ | આરક સિસોદ્રા |
| ૩૪ | મટવાડ ગામતળ ફ. |
| ૩૫ | એથાણ |
| ૩૬ | પનાર |
| ૩૭ | ઑજલ (માછીવાડ) |
| ૩૮ | વાંસી |
| ૩૯ | ઑજલ (ગામતળ) |
| ૪૦ | એરૂ |
| ૪૧ | ડાલકી |
| ૬૫ | પારડી |
| ૬૬ | પડઘા |
| ૬૭ | આમરી (આર.ઓ.) |
| તાલુકો : વાંસદા | |
| ૬૮ | ઉનાઈ |
| ૬૯ | ખોભલા |
| ૭૦ | ક્ણધા |
| ૭૧ | વણારસી |
| ૭૨ | ખાટાઆંબા |
| ૭૩ | ઉપસળ |
| ૭૪ | લાકડબારી |
| ૭૫ | પાલગભાણ |
| ૭૬ | સિંણધઈ |
| ૭૭ | નાની વઘઈ |
| ૭૮ | કપડવંજ |
| ૭૯ | ઉંમરકુઈ (બરડાકોટ્વાડીયા ફ./માળ ફ.) |
| ૮૦ | રંગપુર (તડાવ ફ./ વડ ફ.) |
| ૮૧ | નવતાડ (ડેરી ફ./દિવિ ફ.) |
| ૮૨ | લાખાવાડી (પટેલ ફ./ ક્વોરી) |

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| ૬૦ | પેરા (આહિરવાસ/હલપતિવાસ) |
| ૬૧ | દંડેશ્વર |
| ૬૨ | વાડા |
| ૬૩ | પડઘા |
| ૬૪ | આમડપોર |

| અ.નં. | ગામ/પરાની યોજના |
|---|---|
| ૮૩ | કાવડેજ (કુડી ફ./પેલાડ ફ./ચિકાર ડુંગરી ફ./કુંડી કડીયામાલ ફ./ચિકાર ફ.) |
| ૮૪ | લાકડબારી (ચીકાર ફ. પટેલ ફ.) |
| ૮૫ | કુકડા (નિચલા ફ. દેસાઈ ફ.) |
| ૮૬ | મહુવાસ (૭ ફળિયાની યોજના) |
| | |

-------------

## ભરૂચ જિલ્લામાં સ્વજલધારા અને બુટ બેઝિઝ આર.ઓ. પ્લાન્ટના કામો

૧૨૭૨૫ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત તથા બુટ બેઝીઝ આર.ઓ. પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ તાલુકાવાર ક્યા ક્યા ગામોની યોજનાઓ મંજૂર થઈ,

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે અને મંજૂર થયા હોય છતાં શરૂ ન થયા હોય તેવા કામોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત તાલુકાવાર/ગામવાર સામેલ પત્રક--૧ મુજબ ૧૮ યોજનાઓ અને બુટ બેઝીઝ આર.ઓ. પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ તાલુકાવાર/ગામવાર સામેલ પત્રક-૨ મુજબ ૧૯ યોજનાઓ મંજૂર થયેલ છે.

(૨) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત બધાજ ૧૮ કામો પૂર્ણ થયેલ છે અને બુટ બેઝીઝ આર.ઓ.પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ ૪ યોજનાઓના કામો પૂર્ણ થયા છે.

(૩) બુટ બેઝીઝ આર.ઓ.પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ ૪ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે અને ૧૧ યોજનાઓના કામો શરૂ થયા નથી.

### પત્રક--૧

### ભરૂચ જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા યોજના કાર્યક્રમ અંતર્ગત આર.ઓ.પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ મંજુર થયેલ યોજનાની ગામવાર યાદી દર્શાવતું પત્રક

| | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ભરૂચ | ઉમરાજ |
| ૨ | ભરૂચ | શુક્લતીર્થ |
| ૩ | ભરૂચ | દેહગામ |
| ૪ | ભરૂચ | સેગવા |
| ૫ | વાગરા | ચાચવેલ |
| ૬ | જંબુસર | કાવલી |
| ૭ | આમોદ | સરભાણ |
| ૮ | હાંસોટ | સુણેવકલ્લા |
| ૯ | હાંસોટ | આમોદ |
| ૧૦ | હાંસોટ | સાહોલ |
| ૧૧ | હાંસોટ | ઘોડાદરા |
| ૧૨ | હાંસોટ | વમલેશ્વર |
| ૧૩ | અંકલેશ્વર | સીસોદરા |
| ૧૪ | અંકલેશ્વર | જુનાદિવા |
| ૧૫ | અંકલેશ્વર | નોગામા |
| ૧૬ | અંકલેશ્વર | ઉટીયાદરા |
| ૧૭ | અંકલેશ્વર | કરમાલી |
| ૧૮ | ઝઘડીયા | ગોવાલી |

### પત્રક-૨

### ભરૂચ જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બુટ બેઝીઝ આર.ઓ.પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ મંજુર થયેલ યોજનાની ગામવાર યાદી દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ભરૂચ | પીપલીયા |
| ૨ | ભરૂચ | કુકરવાડા |
| ૩ | ભરૂચ | ભાડભુત |
| ૪ | ભરૂચ | લુવારા |
| ૫ | ભરૂચ | કેલોદ |
| ૬ | ભરૂચ | નીકોરા |
| ૭ | ભરૂચ | ભોલાવ-૧ |
| ૮ | વાગરા | પણીયાદરા |
| ૯ | જંબુસર | વાવલી |
| ૧૦ | આમોદ | કુરચણ |
| ૧૧ | આમોદ | તણછા |
| ૧૨ | આમોદ | ઈખર |
| ૧૩ | આમોદ | કોઠીવાતરસા |
| ૧૪ | હાંસોટ | કઠોદરા |
| ૧૫ | અંકલેશ્વર | તરીયા |
| ૧૬ | અંકલેશ્વર | સારંગપુર |
| ૧૭ | અંકલેશ્વર | સારંગપુર (સો) |
| ૧૮ | અંકલેશ્વર | સેંગપુર |
| ૧૯ | વાલીયા | સોડગામ |

## અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન તાલુકા

૧૩૫૧૨**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓને ક્યારે ડાર્કઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે,

(૨) આ ડાર્કઝોન હટાવવા અને ડાર્કઝોનમાંથી ઉક્ત તાલુકાઓને બહાર લાવવા છેલ્લા બે વર્ષમાં શી શી કામગીરી કરવામાં આવેલ છે, અને

(૩) આગામી વર્ષમાં શું આયોજન છે?

**જવાબ**

(૧) સરકારશ્રીના તા. ૧૬-૧૨-૨૦૦૩ના ભૂગર્ભ જળના ખેંચાણ પરના નિયંત્રણ અંગેના ઠરાવ મુજબ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકા તેમજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, અમીરગઢ, દાંતીવાડા, ધાનેરા તેમજ ડીસા તાલુકાઓને ડાર્કઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

(૨) ભૂગર્ભ જળ રીચાર્જના કામોને આપેલ પ્રાધાન્ય મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણેના પત્રક મુજબ છેલ્લા બે વર્ષમાં રૂા. ૬૮૦૪.૨૭ લાખના ખર્ચે ૧૯૯૦ કામો કરવામાં આવેલ છે.

(૩) આગામી વર્ષોમાં અમદાવાદ જિલ્લામાં રૂ.૨૨૬ લાખના ખર્ચે ૫૪ કામો તેમજ બનાસકાંઠા જિલ્લામાં રૂ. ૨૦૩ લાખના ખર્ચે ૪૯ કામો એમ મળીને કુલ રૂ. ૪૨૯ લાખના ખર્ચે એકંદરે ૧૦૩ કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| ક્રમ | જિલ્લો | કામોનો પ્રકાર | કામોની સંખ્યા | કામોનો ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| (૧) | **અમદાવાદ :** | | | |
| | ૧ : | સીમતળાવ / ગામ તળાવના કામો | ૪૭ | ૧૪૧.૦૬ |
| | ૨ : | જળસંચયના કામો | ૨૦૭ | ૫૫૩.૭૬ |
| | ૩ : | ચેકડેમો | ૧ | ૧.૭૨ |
| (૨) | **બનાસકાંઠા :** | | | |
| | ૧ : | સીમતળાવ / ગામ તળાવના કામો | ૧૬૧ | ૪૭૯.૦૯ |
| | ૨ : | જળસંચયના કામો | ૮૨ | ૭૩૫.૬૪ |
| | ૩ : | ચેકડેમો | ૧૪૯૨ | ૪૮૯૩.૦૦ |
| | | **કુલ :** | **૧૯૯૦** | **૬૮૦૪.૨૭** |

-------------

## તાપી નદીમાં પૂરના પાણીને અટકાવવા યોજના

૧૪૪૩૭ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે તાપી નદીમાં મળતી ખાડીઓમાં પૂરના સમયે પાણી આવતું હોય તે અટકાવવા કોઈ યોજના હાથ ધરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

રૂા. ૭૫.૮૭ કરોડના કામો માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

(૨) કુલ ૧૫ ખાડીઓ પર સ્લુઈસ રેગ્યુલેટર બાંધવાના કામો ચાર પેકેજો બનાવીને આ તમામ કામો માટે એજન્સી નક્કી કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. આ કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

-------------

## રાજ્યમાં મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવાની કાર્યવાહી

૧૪૪૭૨**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવા માટેની કાર્યવાહી હાલમાં ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજના પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે અને ક્યાં સુધીમાં આ કામગીરી પૂર્ણ થશે?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા મોડેલ આયુર્વેદિક કોલેજ, મોજે કોલવડા તા.જિ. ગાંધીનગર ખાતે સ્થાપવા અંગેની કાર્યવાહીના પ્રથમ તબક્કામાં મોડેલ આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ બાંધવા માટેના નકશા તથા અંદાજો અને માસ્ટર પ્લાન તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) આ યોજના પાછળ રૂા. ૧૫૦/- કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. નકશા તથા અંદાજોની ચકાસણી બાદ બાંધકામ માટેના ટેન્ડરો બહાર પાડવાની પ્રક્રિયા હાથ

ધરીને સમગ્ર બાંધકામ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ગરીબ કલ્યાણ મેળામાં જનની સુરક્ષા યોજના અંતર્ગત લાભ**

૧૩૧૪૮**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૧૦માં પાટણ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જનની સુરક્ષા યોજના અન્વયે કેટલી મહિલાઓને તેનો લાભ આપવામાં આવ્યો, કેટલી રકમના લાભો અપાયા, અને | (૧) કુલ ૪૯૨ મહિલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને તે અન્વયે કુલ રૂા. ૨,૪૬,૦૦૦/-ની રકમનો લાભ આપવામાં આવેલ છે. |
| (૨) આ રકમમાં ભારત સરકારનો ફાળો કેટલો અને રાજ્ય સરકારનો ફાળો કેટલો છે? | (૨) ભારત સરકારનો ૧૦૦ ટકા ફાળો છે જનની સુરક્ષા યોજના અંતર્ગત પુરતી જોગવાઈ હોવાથી રાજ્ય સરકારે અલગથી ફાળો આપવાનો રહેતો નથી. |

-------------

**જૂનાગઢ જિલ્લાની મધુવંતી સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવા બાબત**

૧૪૪૬૦**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાની મધુવંતી સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવાની કોઈ યોજના સરકારે અમલમાં મુકી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) વિગતવાર તાંત્રિક અંદાજ તબક્કે છે. |

-------------

**ચિરંજીવી યોજના અંતર્ગત તબીબોને મહેનતાણું**

૧૨૮૫૩**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માન. આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચિરંજીવી યોજના હેઠળ ગાયનેક ડોકટરોને તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કેટલી રકમ ચુકવવાનું નકકી થયેલ છે, અને | (૧) તા.૮-૯-૨૦૦૬ ના ઠરાવ મુજબ ગાયનેક ડોકટરને રૂા.૧૭૯૫/- ની રકમ ચુકવવામાં આવે છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ડોકટરોને આર્થિક રીતે ઉક્ત રકમ પોષાતી ન હોવાના કારણે કેટલા ડોકટરોએ રાજીનામાં આપ્યા? | (૨) ૧૧ (અગિયાર). |

-------------

**રાજ્યની હોસ્પિટલોમાં ઉચ્ચ ટેક્નોલોજી આધારીત એમ.આર.આઇ. મશીનો**

૧૪૪૬૨**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આરોગ્ય વિભાગે ઉચ્ચ ટેક્નોલોજી આધારીત એમ.આર.આઇ. મશીન રાજ્યની હોસ્પિટલોમાં ઉપલબ્ધ બને તે માટે કરાર આધારીત કોઇ વ્યવસ્થા ગોઠવી છે તે સાચુ છે, | (૧) હા, જી. |
| (૨) આ અંગેની વિગતો શું છે, અને | (૨) રાજ્ય સરકારએ તા.૨૬-૫-૨૦૦૮ ના રોજ અમદાવાદ, વડોદરા, ભાવનગર, ખાતે ઉચ્ચ ટેક્નોલોજી વાળુ ૧.૫ ટેસલા એમ.આર.આઇ. મશીન કરાર આધારીત ઇન્સ્ટોલ કરવા તા.૨૬-૫-૦૮ ના રોજ કરાર કરેલ છે. તેમજ સુરત ખાતે આ જ પ્રકારનું એમ.આર.આઇ. મશીન ઇન્સ્ટોલ કરવા કરાર કરેલ છે. |
| (૩) આ યોજના હેઠળ તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં કઇ કઇ હોસ્પિટલોમાં આ પ્રકારનું મશીન મૂકવામાં આવ્યુ છે? | (૩) (૧) સિવીલ હોસ્પિટલ, અમદાવાદ.<br>(૨) નવી સિવીલ હોસ્પિટલ, સુરત |

-------------

**સરકારી હોસ્પિટલોમાં હડક્વાની રસી**

૧૪૧૫૦**શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ હડક્વાની રસી માટે સરકારી હોસ્પિટલોમાં વ્યવસ્થા કરેલી છે તે હકિક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રસી મફત આપવામાં આવે છે કે તે માટે ચાર્જ વસૂલવામાં આવે છે, અને | (૨) ગરીબી રેખા હેઠળના દર્દીઓ માટે હડક્વાની રસી વિના મૂલ્યે અને અન્ય માટે ચાર્જ વસૂલવામાં આવે છે. |
| (૩) ચાર્જ વસૂલવામાં આવતો હોય તો કેટલો ચાર્જ વસૂલવામાં આવે છે? | (૩) ગરીબી રેખા હેઠળના દર્દીઓ માટે વિના મૂલ્યે અને અન્ય દર્દીઓ માટે હડક્વાની રસી પ્રતિ ડોઝ રૂા. ૧૦૦/- ચાર્જ વસૂલવામાં આવે છે. |

-------------

**આણંદ અને ખેડા જિલ્લામાં વરસાદી પાણીના કાયમી નિકાલ માટે કાંસો બનાવવા બાબત**

૧૩૪૧૫**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે ગામડાઓમાં પાણી ભરાઇ જાય છે એ હકીક્ત સાચી છે, | (૧) ભારે વરસાદ હોય ત્યારે કેટલાક ગામડાઓમાં પાણી ભરાય છે. |
| (૨) ગામડાઓમાં ભરાતા પાણીના કાયમી નિકાલ માટે કોઇ કાંસ બનાવવાની યોજના સરકારે બનાવી છે,<br>(૩) જો હા, તો હાલમાં આ અંગેની યોજનાની વિગતો શું છે અને ક્યારે તે પુરી થશે, અને<br>(૪) ઉક્ત યોજના પાછળ સરકાર કેટલું ખર્ચ કરવા માગે છે? | (૨), (૩) અને (૪) : કુલ ૧૯૩૪.૩૮ કિ.મી.ની લંબાઇના કાંસ બનાવેલ છે, તેમાં હાલની સ્થિતિએ હયાત કાંસમાં સુધારણા કરવા માટે તથા નવા કાંસની જરૂરીયાત માટે અભ્યાસ હાથ ધરેલ છે. જે આખરી થયે ખર્ચના અંદાજ નકકી થશે. |

-------------

**કપરાડા તાલુકાની ઉદવહન સિંચાઇ યોજનાની કામગીરી**

: ૧૪૪૫૨**શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલ ઉદવહન સિંચાઇ યોજનાની કામગીરી તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યાં તબક્કે છે, | (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલ કાકડકોપર ઉદવહન સિંચાઇ યોજનાની ૬૭% કામગીરી પૂર્ણ થયેલ છે, તથા અરણાઇ ઉદવહન સિંચાઇ યોજનાની ૨૫% કામગીરી થયેલ છે. |
| (૨) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) કાકડકોપર યોજના માર્ચ ૨૦૧૦ માં પૂર્ણ કરવાનું આયોજન છે, જ્યારે અરણાઇ યોજના એપ્રિલ ૨૦૧૦માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે? | (૩) કાકડકોપર યોજના પૂર્ણ કરવાથી ૩૧૯.૦૦ હેક્ટર અને અરણાઇ યોજનાથી ૪૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. |

-------------

**કચ્છ જિલ્લામાં મોટા ચેકડેમો**

૧૪૪૩૯**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા મોટા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા ચેકડેમોના કામો હાથ પર લેવામાં આવ્યા, અને

(૩) તે પૈકી કેટલા ચેકડેમોના કામો પૂર્ણ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧), (૨) અને (૩) : વર્ષ ૨૦૦૯ દરમ્યાન, કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮ દરમ્યાન મંજૂર કરવામાં આવેલ ૧૪૯ મોટા ચેકડેમો પૈકી ૧૩૧ ચેકડેમોના કામો હાથ ઉપર લેવામાં આવ્યા, તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તે પૈકી, ૮૬ મોટા ચેકડેમોના કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને બાકીના કામો પૂર્ણતાને આરે છે.

-------------

**સુરત મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે મંજૂર પ્રોજેક્ટો**

૧૪૫૭૨**શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે કેટલા પ્રોજેક્ટો મંજુર કરવામાં આવ્યા,

(૨) આ પ્રોજેક્ટ પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થશે, અને

(૩) તે અંગે રાજ્ય સરકાર અને મહાનગરપાલિકા દ્વારા કેટ કેટલો ફાળો અપાનાર છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે ૩ પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવ્યા છે.

(૨) આ પ્રોજેક્ટો પાછળ કુલ રૂા. ૨૫૪.૩૦ કરોડનો ખર્ચ થશે.

(૩) તે અંગે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૫૦.૮૬ કરોડ અને મહાનગરપાલીકા દ્વારા રૂા. ૭૬.૩૦ કરોડ જેટલો ફાળો અને જરૂરી જમીન આપવામાં આવનાર છે.

-------------

**રાજ્યમાં નવી ટાઉનશીપ પોલીસી**

૧૨૭૨૩**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં નવી ટાઉનશીપ પોલીસી જાહેર કરેલ છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો તેની મુખ્ય વિગતો કઈ કઈ છે, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકારે તા. ૧-૧૨-૦૯ થી રેગ્યુલેશન ફોર રેસીડેન્સીયલ ટાઉનશીપ જાહેર કરેલ છે.

(૨) (૧) ઉક્ત વિનિયમો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ રચાયેલ સમૂચિત સત્તામંડળોના હદ વિસ્તારમાં લાગુ પડે છે.

(૨) ઉક્ત વિનિયમો સંબંધિત સમૂચિત સત્તામંડળની વિકાસ યોજના મુજબના જી.ડી.સી.આર.માં આમેજ કરાયેલ છે. એટલે કે જી.ડી.સી.આર. નો એક ભાગ બને છે.

(૩) અમદાવાદ, સુરત, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર જેવા મહાનગરો માટે ૪૦ હેક્ટર જમીન પર આવી ટાઉનશીપ યોજના રજુ કરી શકાય છે.

(૪) સલામતીના કારણો સિવાય ગમે તે ઝોનમાં આવતી જમીનમાં યોજના રજુ કરી શકાય છે.

(૫) યોજના વિસ્તારમાં નીચે મુજબની જોગવાઇઓ

કરવાની રહે છે.

**૫ ટકા વિસ્તાર શાળા, હોસ્પીટલ અને જાહેર સુવિધાઓ માટે ૫ ટકા વિસ્તાર બાગ બગીચા માટે ૧૦ ટકા વિસ્તાર સામાજીક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે**

**૧૫ ટકા વિસ્તાર રોડ-રસ્તા માટે.**

(૬) વિકાસકારે આંતરમાળખાકીય સવલતોનું વિનિયમો પ્રમાણે આયોજન કરવાનું રહે છે.

(૭) ટાઉનશીપમાં ૭૦ મીટર સુધીની ઉંચાઇના હાઇરાઇઝ બિલ્ડીંગો બનાવી શકાય છે.

(૮) ૧.૦૦ ગ્લોબલ એફ.એસ.આઇ. તથા તેના ઉપર ૦.૫ ની પેઇડ એફ.એસ.આઇ મળી ૧.૫ ની મહત્તમ એફ.એસ.આઇ. અન્ય નિયમોને આધિન મેળવી શકે છે.

(૯) આયોજક/વિકાસકારે યોજના પુરી થયા બાદ સાત વર્ષ સુધી જાહેર હેતુ માટેની માળખાકીય સુવિધાઓની નિભાવણી અને જાળવણી કરવાની રહે છે તથા ત્યારબાદ જાહેર હેતુ માટેની માળખાકીય સુવિધાઓ સહિતની જમીન સમૂચિત સત્તામંડળને તબદીલ કરવાની રહે છે.

(૧૦) હેક્ટર દીઠ ૨૦૦ વૃક્ષોનો ઉછેર અને નિભાવણી કરવાની રહેશે.

(૩) આ નવી ટાઉનશીપ પોલીસીથી ગરીબ અને મધ્યમવર્ગના માનવીઓને ક્યા દરે અને ક્યાં સુધીમાં મકાનો મળી શકે તેમ છે?

(૩) ઉક્ત વિનિયમો મુજબ વિકાસકારે સામાજીક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ૧૦ ટકા મકાનો બનાવવાના રહેશે.

-------------

**સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત વડોદરા શહેર અને જિલ્લામાં ઈસ્યુ કરેલ કાર્ડ**

૧૨૭૨૨ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા શહેર અને જિલ્લામાંથી સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૦-૧-૨૦૧૦ સુધીમાં સુવર્ણ જ્યંતિ વર્ષમાં શહેરી રોજગાર યોજના હેઠળ કેટલા લોકોને કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, અને

(૧) સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના હેઠળ વડોદરા શહેરમાં અત્યાર સુધી તથા વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં (તા. ૩૦-૧-૨૦૧૦) સુધી કોઈ બી.પી.એલ. કોટુંબિક કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ નથી. પરંતુ વડોદરા શહેરમાં સને ૨૦૦૧-૦૨માં બી.પી.એલ. લાભાર્થી માટે સર્વે કરવામાં આવેલ કુલ ૭૦,૫૨૪ કુટુંબો લાભાર્થી તરીકે નોંધાતા તેમના નામો સેવા સદનની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવ્યા અને આ જાહેર કરેલ યાદી પ્રમાણે બી.પી.એલ. કુટુંબોનેતમામ પ્રકારની યોજનાઓનો લાભ આપવામાં આવે છે, વડોદરા જિલ્લામાં સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના હેઠળ જુદી જુદી નગરપાલિકા વિસ્તારમાં ૪૭૮૭ બી.પી.એલ. કોટુંબિક કાર્ડ અત્યાર સુધીમાં ઈસ્યુ કરવામાં આવેલ છે, પરંતુ વર્ષ ૨૦૦૯-૧૦(૩૦-૧-૨૦૧૦ સુધી)ના સમયગાળા દરમ્યાન કોઈ બી.પી.એલ. કોટુંબિક કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ નથી.

(૨) આ કાર્ડ ધારકોને શું શું લાભો આપવામાં આવ્યા?

(૨) સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત શહેરી સ્વરોજગાર કાર્યક્રમ ઘટક હેઠળ સબસીડી, તાલીમ

કાર્યક્રમ ઘટક હેઠળ કોમ્પ્યુટર, મોટર ડ્રાઈવિંગ અને બ્યુટીપાર્લર જેવા જુદા જુદા ટ્રેડની તાલીમ અને વેતન રોજગાર કાર્યક્રમ ઘટક હેઠળ રસ્તા અને ગટરના કામોનો લાભ આપવામાં આવેલ છે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકા પાસે અગ્નિશામક દળ અને જરૂરી સાધનોની ઉપલબ્ધતા**

૧૪૩૭૪**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી નગરપાલિકાઓ પૈકી કઈ કઈ નગરપાલિકા પાસે અગ્નિશામક દળ અને તેના માટે જરૂરી સાધનો અને વાહનો ઉપલબ્ધ છે,

(૨) વસ્તીના આધારે પ્રત્યેક નગરપાલિકા પાસે કેટલા સભ્યોનું અગ્નિશામક દળ અને સાધનો તેમજ વાહનો જોઈએ,

(૩) જે જે નગરપાલિકા પાસે જરૂરી અગ્નિશામક દળ અને સાધનો તથા વાહનો નથી તેમને સરકાર આવી સુવિધા આપવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ નગરપાલિકાઓ પાસે અગ્નિશામક દળ અને તેના માટે જરૂરી સાધનો અને વાહનો ઉપલબ્ધ છે.

(૨) વસ્તીના આધારે પ્રત્યેક નગરપાલિકા પાસે કેટલા સાધનો તેમજ વાહનો હોવા જોઈએ તેના કોઈ ધોરણો નક્કી થયેલ નથી. જ્યારે નગરપાલિકાના સૂચિત લઘુતમ મહેકમના નવા માળખામાં તમામ નગરપાલિકામાં નીચે મુજબનું અગ્નિશામક દળ ઠરાવેલ છે.

| | |
|---|---|
| ફાયર ઈન્સ્પેક્ટર | - ૧ |
| ફાયરમેન | - ફાયર ફાયટર દીઠ-૨ |
| ડ્રાઈવર | - ફાયર ફાઈટર દીઠ-૧ |

(૩) અને (૪) : સાધનો તથા વાહનો ન હોય તેવી નગરપાલિકાની દરખાસ્ત આવ્યેથી નાણાંકિય જોગવાઈ અનુસાર મંજૂરી આપવામાં આવશે.

-------------

**કચ્છ અને અમરેલી જિલ્લામાં નાની, મોટી અને મધ્યમ સિંચાઈના કામો**

૧૩૦૬૬**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ કચ્છ અને અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં બજેટ ગ્રાન્ટમાંથી નાની, મોટી અને મધ્યમ સિંચાઈમાં કુલ કેટલા ડેમો, તળાવો અને ચેકડેમો બાંધવામાં આવ્યા,

(૨) તેમાં કેટલી રકમ વાપરવામાં આવી, અને

(૩) મંજૂર થયેલા બીજા કામો કેટલા?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ૨ (બે) ડેમો, ૧૪૯૬ ચેકડેમ અને ૩૧ તળાવ બાંધવામાં આવ્યા, અમરેલી જિલ્લામાં ૨ બંધારા, ૪૮૦ ચેકડેમો અને ૧૧ તળાવો બાંધવામાં આવ્યા.

(૨) કચ્છ જિલ્લામાં રૂા. ૧૪૭૧૩.૧૨ લાખ અને અમરેલી જિલ્લામાં કુલ રૂા. ૨૪૨૭.૧૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) કચ્છ જિલ્લામાં બીજા ૬૮૬ કામો અને અમરેલી જિલ્લામાં બીજા ૧૮૧ કામો મંજૂર થયેલ છે.

**દાહોદ જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત કામો**

૧૩૦૨૮**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા કામ મંજૂર કર્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) કેટલા કામો બાકી રહેલ છે?

**જવાબ**

(૧) સ્વજલધારા યોજના નહિ પરંતુ રાજ્ય સરકાર પુરસ્કૃત સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૧૬૨ યોજનાઓ મંજૂર કરેલ છે.

(૨) ૨૦ યોજનાઓના કામો.

(૩) બાકી રહેતા ૧૪૨ યોજનાઓના કામો સંલગ્ન પાણી સમિતિ દ્વારા પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે.

**ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના**

૧૪૨૮૧**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન રચવાની કાર્યવાહી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે પહોંચી છે, અને | (૧) બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૨) કેટલા સમયમાં તેની જાહેરાત કરી તેને અમલમાં મૂક્વાનું સરકારનું આયોજન છે? | (૨) સરકારશ્રી દ્વારા નિર્ણય થયેથી. |

-------------

**સાની સિંચાઈ યોજનાની અધુરી કેનાલોનાં કામકાજ બાબત**

૧૨૭૧૨**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં સાની સિંચાઈ યોજનાની અધુરી કેનાલોનું કામ રાજ્ય સરકાર આગળ ધપાવવા માંગે છે કે કેમ, અને | (૧) સાની સિંચાઈ યોજનાની કોઈ કેનાલ અધુરી નથી. |
| (૨) જો હા, તો અધુરી કેનાલોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**હિરણ જળાશય યોજનાની નહેરોની સુધારણાના કામો**

૧૪૪૪૩**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાજેતરમાં વડોદરા જિલ્લામાં આવેલ હિરણ જળાશય યોજનાની નહેરોની સુધારણાનાં કામો હાથ ધરવાની યોજના બનાવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. રૂા. ૫૬૨.૩૦ લાખ યોજનાની તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે. |
| (૨) જો હા, તો આ કામો ક્યારે હાથ ધરવામાં આવશે, અને | (૨) કામો હાથ ધરેલ છે. |
| (૩) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) જુન : ૨૦૧૧માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**જૂનાગઢ જિલ્લાની હિરણ-૨ સિંચાઇ યોજનાની નહેરો પાકી કરવા બાબત**

૧૪૪૫૯**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની હિરણ-૨ સિંચાઇ યોજનાની નહેરો પાકી કરવાની કોઇ યોજના સરકારે અમલમાં મુકી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) વિગતવાર તાંત્રિક અંદાજ તબક્કે છે. |

**ભાણવડ-ખંભાળીયા અને લાલપુર તાલુકામાં સિંચાઇ યોજના માટે સર્વે**

૧૩૪૧૪**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ભાણવડ-ખંભાળીયા અને લાલપુર તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી નવી સિંચાઇ યોજનાનો સર્વે થયેલ છે અને તે યોજનાઓ ક્યાં સુધીમાં શરૂ થનાર | (૧) ભાણવડ તાલુકાની ૨(બે) અને ખંભાળીયા તાલુકાની-૧ (એક) યોજનાનો સર્વે થયેલ છે. જ્યારે લાલપુર તાલુકામાં સર્વે થયેલ નથી. આ યોજનાઓનાં આલેખન અને નકશાઓ આખરી થયે, નાણાકીય |

છે, અને

(૨) ઉક્ત યોજનાઓ પેકી જે યોજનાનું પ્રાથમિક સર્વેનું કામ અને બજેટ જોગવાઇ થયેલ છે તેવી યોજનાઓ કેટલી અને કઇ કઇ છે અને ક્યા તબક્કે છે ?

ઉપલબ્ધી અનુસાર તબક્કાવાર શરૂ કરવામાં આવશે.

(૨) ભાણવડ તાલુકાની રેટા-કાલાવડ સિંચાઇ યોજનાની બજેટ જોગવાઇ થયેલ છે. કામગીરી આલેખન તબક્કે છે.

-------------

**બાલસખા યોજના હેઠળ લાભ**

૧૪૪૬૩ **શ્રી બાબુભાઈ પટેલ(દસકોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આરોગ્ય વિભાગ દ્વારા બાળસખા યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે,

(૨) અમદાવાદ, વડોદરા અને રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો લાભ આપવામાં આવ્યો છે, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) બાલસખા-૧ તેમજ બાલસખા-૨ યોજના હેઠળ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હોસ્પિટલોમાં તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો કે જિલ્લા હોસ્પિટલો સિવાયના સ્થળે જન્મતા ગરીબી રેખા હેઠળ જીવતા તથા આદિજાતિ કુટુંબના ૧-માસ સુધીના બાળકોને કરાર બધ્ધ બાળ રોગ નિષ્ણાંતો દ્વારા નિશુલ્ક સારવાર આપવામાં આવે છે. તેમજ ટાન્સ્પોર્ટેશન ચાર્જ તેમજ સાથે લાવનાર વ્યક્તિને ઇન્સેન્ટીવ આપવામાં આવે છે.

(૨) બાલસખા યોજના હેઠળ અમદાવાદના ૨૪૧૮, વડોદરાના ૨૬૨ અને રાજકોટના ૨૧૯૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

(૩) બાલસખા યોજના હેઠળ કુલ ખર્ચ રૂા. ૩૦,૦૫,૭૫૨/- નો થયેલ છે.

-------------

**જૂનાગઢ જિલ્લાના ગામોને બલ્ક પાઇપ લાઇન દ્વારા નર્મદાનું પાણી આપવા જૂથ પાણી પુરવઠા યોજના**

૧૪૫૮૦**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ જિલ્લાના કેશોદ, ઉના, કોડીનાર, સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના ગામો માટે બલ્ક પાઇપ લાઇન દ્વારા નર્મદાનું પાણી આપવા માટે પાણી પુરવઠા યોજનાઓ બનાવવામાં આવી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાથી કેટલા ગામોને લાભ મળનાર છે, અને

(૩) આ યોજના તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩૪૬.

(૩) બલ્ક લાઇનના કામો પ્રગતિ હેઠળ છે.

-------------

**દાહોદ જિલ્લામાં સ્વજલધારા યોજના**

૧૪૫૬૨**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી સ્વજલધારા યોજનાઓ હયાત છે, અને

(૨) તે પેકી કેટલી યોજનાઓ પુર્ણ થયેલ છે અને કેટલી યોજનાઓ અધૂરી છે ?

**જવાબ**

(૧) સ્વજલધારા યોજના નહિ પરંતુ રાજ્ય સરકાર પુરસ્કૃત સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૧૭૭ યોજનાઓ મંજૂર થયેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ યોજનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૮ |
| ૨ | ગરબાડા | ૧૩ |
| ૩ | લીમખેડા | ૨૮ |
| ૪ | દેવગઢબારીયા | ૧૫ |
| ૫ | ધાનપુર | ૩૧ |
| ૬ | ઝાલોદ | ૪૯ |
| ૭ | ફતેપુરા | ૨૩ |
| | કુલ : | ૧૭૭ |

(૨) ૩૧ યોજનાઓ પૂર્ણ થયેલ છે અને બાકી રહેતી ૧૪૬ યોજના સંલગ્ન પાણી સમિતિ દ્વારા પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે.

-------------

## ઠાસરા તાલુકામાં પીવાલાયક પાણી

૧૩૪૧૧**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ક્યા ક્યા ગામોમાં પાણી પીવાલાયક નથી, અને | (૧) સાંઢેલી અને ભરથરી ગામોને બાધરપુરા જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પીવાલાયક પાણી આપી શકાય તેમ છે પણ ગ્રામ પંચાયત લેવા માંગતી નથી, પાલેયા અને વસોમાં તાજેતરમાં સુધારેલ ધોરણ કરતાં નાઈટ્રેટની મર્યાદા વધારે જણાયેલ છે. |
| (૨) આ ગામોને પીવાલાયક પાણી મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૨) આ ગામો પૈકી સાંઢેલી અને ભરથરીનો બાધરપુરા જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ થયેલ છે. પાલેયા અને વસો ગામમાં તાજેતરમાં રાસાયણિક પૃથ્થકરણ કરાવતા તાજેતરમાં સુધારેલ ધોરણ કરતાં નાઈટ્રેટની મર્યાદા વધારે હોવાનું ધ્યાને આવતા પીવાલાયક સોર્સ આધારિત સ્વતંત્ર યોજના તૈયાર કરવાનું આયોજન છે. |

-------------

## ગોળધા લીંક કેનાલનું કામકાજ

૧૨૮૫૮**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉકાઈ ડેમમાંથી ઉકાઈ જમણા કાંઠા, ગોળધા લીંક કેનાલ યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા. ૨૨-૯-૯૭ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કામાં છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) યોજના માટે જરૂરી જંગલની જમીન મેળવવા માટે બદલાના ધોરણે આપવાની થતી જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. જંગલની જમીન મળ્યેથી તબક્કાવાર કામગીરી હાથ ધરવાનું આયોજન છે, |
| (૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે? | (૩) રૂા. ૫.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. |

---------------

## ઘોઘંબા તાલુકામાં સરદાર સહભાગી જળસંચય યોજના અંતર્ગત બનેલ ચેકડેમો

૧૪૫૭૮**શ્રી ફતેસિંહ ચૌહાણ(રાજગઢ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘોઘંબા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર સહભાગી જળસંચય યોજના હેઠળ કેટલા ચેકડેમનું બાંધકામ કરવામાં આવ્યું, ક્યા ક્યા ગામોમાં, | (૧) ૨૭૫ સામેલ પત્રક-૧ મુજબ. |
| (૨) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા ચેકડેમ ઉક્ત યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૦૯. |
| (૩) ઉક્ત સ્થિતિએ સદર યોજના હેઠળ કેટલા અને ક્યા ક્યા ગામોમાં ચેકડેમનું કામ ચાલુ છે? | (૩) ૮ સામેલ પત્રક-૨ મુજબ. |

**પત્રક-૧**

| ક્રમ | ગામનું નામ | કુલ ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નિકોલા | ૮ |
| ૨ | રાજગઢ | ૧ |
| ૩ | નવાનગર | ૧ |
| ૪ | ભાણપુરા | ૬ |
| ૫ | ખરખડી | ૯ |
| ૬ | ફરોડ | ૮ |
| ૭ | ગજાપુરા (કાનપુર) | ૨ |
| ૮ | ગજાપુરા (કાટુ) | ૪ |
| ૯ | ભોજપુરા | ૮ |

| ક્રમ | ગામનું નામ | કુલ ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૩૭ | વીરાપુરા | ૮ |
| ૩૮ | સરસવા | ૨ |
| ૩૯ | ગુંદી | ૫ |
| ૪૦ | ખરોડ | ૪ |
| ૪૧ | કણબીપાલ્લી | ૧ |
| ૪૨ | જબુવાણિયા | ૧ |
| ૪૩ | નાથકુવા | ૨ |
| ૪૪ | નુરાપુરા | ૩ |
| ૪૫ | રીંછવાણી | ૮ |

| | | |
|---|---|---|
| ૧૦ | ગમાણી | ૩ |
| ૧૧ | વાવકુંડલી | ૭ |
| ૧૨ | ગોરાડા | ૬ |
| ૧૩ | સીમલીયા | ૯ |
| ૧૪ | સાજોરા | ૧૪ |
| ૧૫ | દુધાપુરા | ૮ |
| ૧૬ | રાણીપુરા | ૬ |
| ૧૭ | પાદરડી | ૧૦ |
| ૧૮ | દેવલીકુવા | ૧૦ |
| ૧૯ | દાંતોલ | ૨ |
| ૨૦ | ખડપા | ૨ |
| ૨૧ | મોગાન્દ્રા | ૮ |
| ૨૨ | રૂપારેલ | ૨ |
| ૨૩ | ધનેશ્વર | ૯ |
| ૨૪ | રાયણના મુવાડા | ૪ |
| ૨૫ | જાગાના મુવાડા | ૧ |
| ૨૬ | ગોયાસુંડલ | ૭ |
| ૨૭ | ઝાબકૂવા | ૧ |
| ૨૮ | ચંદ્રનગર | ૬ |
| ૨૯ | કાંટાવેડા | ૧ |
| ૩૦ | તરવારીયા | ૩ |
| ૩૧ | પાલ્લી | ૧ |
| ૩૨ | ઓટાલા | ૮ |
| ૩૩ | ગુણેશીયા | ૪ |
| ૩૪ | ઘોઘા | ૧ |
| ૩૫ | કંકોડાકોઈ | ૩ |
| ૩૬ | કલસર | ૩ |

| | | |
|---|---|---|
| ૪૬ | પીપળીયા (સીમલીયા) | ૩ |
| ૪૭ | ખિલોડી | ૨ |
| ૪૮ | તાડકુંડલા | ૪ |
| ૪૯ | ઘોઘંબા | ૨ |
| ૫૦ | જીતપુરા | ૧ |
| ૫૧ | રીછીયા | ૨ |
| ૫૨ | જોરાપુરા | ૨ |
| ૫૩ | અલબેટા | ૩ |
| ૫૪ | ઉમરીખેડા | ૩ |
| ૫૫ | ધરમખેતર (સીમલીયા) | ૨ |
| ૫૬ | બાઢવા | ૩ |
| ૫૭ | આંબાખુંટ | ૧ |
| ૫૮ | ઝોઝ | ૧ |
| ૫૯ | દાઉદ્રા | ૧ |
| ૬૦ | જમના (નુરાપુરા) | ૧ |
| ૬૧ | ચાઠી | ૩ |
| ૬૨ | રણજીતનગર | ૧ |
| ૬૩ | નવા મોગાન્દ્રા | ૪ |
| ૬૪ | બારીયા ફળી (સીમલીયા) | ૩ |
| ૬૫ | કાંટુ | ૩ |
| ૬૬ | દામાવાવ | ૨ |
| ૬૭ | માલુ | ૩ |
| ૬૮ | ખાનપાટલા | ૧ |
| ૬૯ | આમલીફળિયા (સીમલીયા) | ૧ |
| ૭૦ | વાવ | ૧ |
| ૭૧ | બોર | ૨ |
| | કુલ : | **૨૭૫** |

**પત્રક-૨**

| અ.નં. | ગામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાણપુરા | ૧ |
| ૨ | ખરખડી | ૩ |
| ૩ | વીરાપુરા | ૨ |
| ૪ | કાંટાવેડા | ૧ |
| ૫ | માલુ | ૧ |
| | કુલ : | ૮ |

--------------

## મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મોડેલ હોસ્પિટલ બનાવવા અંગે

૧૪૪૭૪ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતેની મણીબેન હોસ્પિટલમાં સુધારા કરી આ હોસ્પિટલને મોડેલ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવા માટેનું રાજ્ય સરકારનું આયોજન હાલમાં ક્યા તબક્કે છે,

(૨) તે અંગેનો અંદાજીત ખર્ચ કેટલો છે, અને

(૩) ઉક્ત આયોજન અંતર્ગત શું શું કામગીરી કરવામાં આવશે અને કામગીરી ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને સેન્ટર ઓફ એક્સેલન્સી ફોર ન્યુરોલોજીકલ ડીસઓર્ડસ તરીકે વિક્સાવી અદ્યતન બનાવવા માટેનું રાજ્ય સરકારનું આયોજન છે, તે અન્વયે કામના પ્લાનીંગ અને ડિઝાઈન માટે ક્ન્સલ્ટન્ટની નિમણૂંક કરેલ છે. તેના ધ્વારા નકશા અંદાજ બનાવવાની કામગીરી પૂર્ણ થવામાં છે. જે તેયાર થયેથી મંજૂરી મળે જાહેર નિવિદાથી ટેન્ડર માંગી ટૂંક સમયમાં બાંધકામની કામગીરી ચાલુ થશે.

(૨) આ કામનો અંદાજીત ખર્ચ રૂા. ૩.૨૫ કરોડ છે.

(૩) ઉક્ત આયોજન અંતર્ગત હયાત હોસ્પિટલનાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરની સુધારણા તેમજ રેમ્પ, લેબોરેટરી સ્ટોર વિ. ના નવા બાંધકામનો સમાવેશ થાય છે. સેકન્ડ ફ્લોરનું નવીન બાંધકામ કરી મેડીટેશન હોલ, ચીલ્ડ્રન વોર્ડ, સ્પે.રૂમો, સેમી સ્પે.રૂમ, ઓપરેશન થીએટર વિગેરેનો સમાવેશ થાય છે. જેની મંજુરી મળ્યા બાદ કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**કપરાડા તાલુકામાં એન.જી.ઓ.એ બનાવેલ ચેકડેમ**

૧૩૪૦૮ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં એન.જી.ઓ.એ કેટલા ચેકડેમ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવ્યા, | (૧) ૪૦. |
| (૨) તે અન્વયે બનાવેલ ચેકડેમો પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) કુલ ૨૩૬.૬૫ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) હાલના તબક્કે કેટલા ચેકડેમના કામ કાર્યરત છે? | (૩) ૨૯ ચેકડેમો બનાવવાના કામો પ્રગતિ હેઠળ છે. |

--------------

**મોરધુના વોકળા પર થનાર નાની સિંચાઈ યોજના પોષણક્ષમ ન હોવાના કારણો**

૧૩૦૨૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુધાધુના ગામ પાસે મોરધુના વોકળા પર થનાર નાની સિંચાઈ યોજના આર્થિક પોષણક્ષમ ન હોવાના શાં કારણો છે, અને | (૧) વન વિભાગની આશરે ૬૦ હેક્ટર જમીન ડુબાણમાં જતી હોવાથી, યોજના પોષણક્ષમ થતી નથી. |
| (૨) આ વિસ્તારમાં સિંચાઈની અપુરતી સુવિધાને ધ્યાને લઈ આ સિંચાઈ યોજનાથી થનાર લાભો અન્વયે આ યોજના પુનઃજીવીત કરવા સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ? | (૨) ના, જી. |

-------------

**બદલપુર તીથોર સુધીના દરિયાનું ખારુંપાણી અટકાવવા સર્વે**

૧૨૭૩૧**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બોરસદ તાલુકામાં મહી નદી પર બદલપુરથી તીથોરના દરિયાનું ખારુંપાણી જમીનમાં પ્રવેશતું અટકાવવા માટે સર્વે કામ ક્યારે હાથ ધરવામાં આવ્યું, અને | (૧) ઓક્ટોબર-૨૦૦૮માં. |
| (૨) આ સર્વે કામ થયા પછી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે? | (૨) પ્રાથમિક અહેવાલ હાલ ચકાસણી હેઠળ છે. |

-------------

**રેયોલી ગામે ડાયનાસોર મ્યુઝિયમ**

૧૪૫૬૦ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના બાલાશિનોર તાલુકાના રેયોલી ગામે ડાયનાસોર મ્યુઝિયમ બનાવવા બજેટમાં ક્યારે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) ખેડા જિલ્લાના બાલાશિનોર તાલુકાના રેયોલી ગામે ડાયનાસોર મ્યુઝિયમ બનાવવા બજેટમાં અલગ બજેટ સદર હેઠળ રકમ મંજૂર કરવામાં આવી નથી પરંતુ અન્ય બજેટ સદરની જોગવાઈમાંથી કામગીરી કરવામાં આવે છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે? | (૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઈન્ફર્મેશન રીસેપ્શન સેન્ટર, ઈન્ટરપ્રિટેશન સેન્ટર અને મ્યુઝીયમ, કાફેટેરીયા વીથ ડાઈનીંગ હોલ, કંપાઉન્ડ વોલ,પાણીની સુવિધા માટે બોરવેલ, લેબોરેટરી, ઓફીસ, પાર્કીંગ, ટોયલેટ વગેરેની કામગીરી પ્રગતિમાં છે અને પૂર્ણતાને આરે છે.<br>આ ઉપરાંત વન કુટીર-૭ ને લગતું સીવીલ કામ, |

ઈલેકટ્રીક્લ કામ, ફર્નીચરનું કામ, ડેકોરેટીવ ફીક્ચર્સનું કામ, ચાર ટોયલેટ, વનીકરણ, વધારાનો રોડ, પાણીની લાઈન, ડેકોરેટીવ ગ્રીલ અને મુખ્ય રોડની કામગીરી હાથ ધરવામાં આવી છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકજૂથો દ્વારા બનેલ ચેકડેમો**

૧૪૫૫૪૮**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકજૂથો દ્વારા કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા ચેકડેમો હયાત છે અને કેટલા તૂટી ગયા છે?

**જવાબ**

(૧) ૯૧૮.
સામેલ **પત્રક** મુજબ.

(૨) રૂા. ૪૧ કરોડ ૮૮ લાખ.

(૩) બધા જ ૯૧૮ ચેકડેમ હયાત છે. કોઈ ચેકડેમ તુટેલ નથી.

**પત્રક**

| ક્રમાંક | તાલુકો | બનાવવામાં આવેલ ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૦૭ |
| ૨ | ઈડર | ૮૭ |
| ૩ | વડાલી | ૯૬ |
| ૪ | પ્રાંતિજ | ૬૮ |
| ૫ | તલોદ | ૭૧ |
| ૬ | ભિલોડા | ૯૩ |
| ૭ | ખેડબ્રહ્મા | ૯૦ |
| ૮ | વિજયનગર | ૬૦ |
| ૯ | ધનસુરા | ૧૮ |
| ૧૦ | મેઘરજ | ૯૫ |
| ૧૧ | માલપુર | ૨૮ |
| ૧૨ | મોડાસા | ૬૨ |
| ૧૩ | બાયડ | ૪૩ |
| | કુલ : | ૯૧૮ |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી**

૧૪૪૪૪**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા તાલુકાઓમાં નર્મદા કેનાલ આધારીત કઈ કઈ જૂથ યોજના દ્વારા કેટલા ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લાના ૯ તાલુકાઅઓમાં (૧) સુજલામ સુફલામ એસ-૧ (એન.એસ.ડી.-૪) જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા ૧૬૫ અને (૨) સુજલામ સુફલામ એસ-૨ અને એસ.-૩ જૂથ પાણી પુરવઠા યોજના મારફત ૧૪૭ મળી કુલ ૩૧૨ ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે.

-------------

**અમરાપુરથી લોઢવાને જોડતી સરસ્વતી નદી પરથી લીંક મંજૂર કરવા**

૧૪૪૩૫**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના અમરાપુર ગામથી લોઢવા ગામને જોડતી સરસ્વતી નદી ઉપરથી વધારાના પાણી માટે એક લીંક મંજૂર કરવામાં આવી છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) લીંક કેનાલનું કામ પૂર્ણ થયેલ છે. રસ્તાના કામ અંગે અને મજબુતિકરણના કામ અંગે સર્વે ચાલુ છે.

-------------

## સાવરકુંડલા તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠો

૧૪૦૧૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારને પીવાનું પાણી પૂરું પાડવા માટે મહી પરીએજ યોજના કાર્યરત છે, તે હકિક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તાલુકાના ૮૨ ગામોમાંથી તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૨) ૨૫ ગામોને.

(૩) બાકી રહેતા ગામોને પાણી પૂરું પાડવા માટે કેવા પ્રકારનું આયોજન કરેલ છે અને કેટલા દિવસોમાં બાકી રહેતા ગામોને પીવાનું પાણી આપવા માંગો છો ?

(૩) હાલ મહી પરિએજ તળાવ આધારિત નાખવામાં આવેલ બલ્ક પાઇપ લાઇનના નાવડાથી બોટાદ સેક્શન જતી મુખ્ય પાઇપ લાઇનની વહન ક્ષમતા કરતા પાણીની જરૂરિયાત વધુ હોઇ, નાવડાથી બોટાદ સુધીની પાઇપ લાઇન નાખવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ છે અને જૂન-૨૦૧૧ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

-------------

## વારાહી ખાતે સી.એચ.સી. શરૂ કરવા બાબત

૧૪૫૭૬ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં વારાહી ખાતે સી.એચ.સી. (CHC) સેન્ટર ક્યારે શરૂ કરવામાં આવનાર છે, અને

(૧) વારાહી ખાતે સી.એસ.સી. સેન્ટર શરૂ કરવાની બાબત હાલ વિચારણામાં નથી.

(૨) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ તે બાબતે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## જે.એન.યુ.આર.એમ. અંતર્ગત અમદાવાદ શહેરની ચાલીઓમાં નવી ગટર લાઇનો નાખવા બાબત

૧૩૭૬૫**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત શહેરી ચાલીઓમાં જુની હયાત ગટર લાઇનો બદલી નવી ગટર લાઇનો નાખવા માટે તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી,

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ રકમ ફાળવેલ નથી.

(૨) ફાળવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેતી ચાલીઓની આ ગટર લાઇનો કેટલા સમયમાં બદલવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા અંતર્ગત આરોગ્ય કમિશનર દ્વારા મંજૂરી

૧૪૫૯૧**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આરોગ્ય કમિશનરશ્રીની કચેરી દ્વારા વર્ષવાર કેટલી મંજૂરીઓ અપાઇ, અને

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની મંજૂરીઓ આપવામાં આવેલ છે.

| વર્ષ | કુલ મંજૂરીની સંખ્યા | | કુલ મંજૂરીની સંખ્યા |
|---|---|---|---|
| | કીડની | લીવર | |
| ૩૧-૧-૦૭ થી ૩૦-૧-૦૮ | ૪૩૧ | -- | ૪૩૧ |
| ૩૧-૧-૦૮ થી ૩૦-૧-૦૯ | ૪૮૧ | ૨ | ૪૮૩ |
| ૩૧-૧-૦૯ થી ૩૦-૧-૧૦ | ૫૫૮ | ૯ | ૫૬૭ |
| **કુલ :** | **૧૪૭૦** | **૧૧** | **૧૪૮૧** |

(૨) આવી મંજૂરી માંગતી કેટલી અરજીઓ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પડતર છે ?

(૨) કીડની પ્રત્યારોપણની-૧ (એક) અરજી પડતર છે.

------------

## રાજ્યમાં કુટુંબ નિયોજન કાર્યક્રમો

૧૪૫૫૯ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં કુટુંબ નિયોજન માટે ક્યા ક્યા કાર્યક્રમો ચાલે છે,

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના બજેટમાં કેટલી રકમની ફાળવણી ઉક્ત હેતુ માટે કરવામાં આવેલ છે,

(૩) તે અન્વયે કાર્યક્રમવાર કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૪) તેના શાં પરિણામો જોવા મળ્યા ?

**જવાબ**

(૧) કુટુંબ નિયોજન માટે ઓપરેશન તેમજ આંકડી, નિરોધ, ઓરલ પીલ્સ જેવા કાર્યક્રમો ચાલે છે.

(૨) અને (૩) :

| | **ફાળવણી** | **ખર્ચ** |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ માં બજેટ જોગવાઇ | રૂા.૪.૦૦ લાખ | રૂા.૪.૦૦ લાખ |
| -- એન.આર.એચ.એમ | રૂા.૨૫૦૦ લાખ | રૂા.૨૦૫૦.૧૩ લાખ |
| ૨૦૦૯-૧૦માં બજેટ જોગવાઈ | રૂા.૪.૦૦ લાખ | રૂા.૪.૦૦ લાખ |
| -- એન.આર.એચ.એમ | રૂા.૨૩૦૩.૩૧ લાખ | રૂા.૧૩૩૯.૨૪ લાખ |

(૪) રાજ્યમાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમ ૧૯૬૧ થી શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ૩.૦૪ ક્રોડ નવા જન્મો અટકાવી શકાયા.

## પાદરા તાલુકામાં પીવાનું પાણી પૂરૂં પાડવા આયોજન

૧૩૮૯૩ **શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં જે ગામોમાં નર્મદાનું પાણી મળતું નથી તેવા ગામોમાં કઇ કઇ યોજના દ્વારા પીવાનું પાણી પૂરૂં પાડવાનું સરકારે આયોજન કરેલ છે?

**જવાબ**

પાદરા તાલુકાના ૧૩ ગામોને નર્મદાનું પાણી મળતું નથી. આ ગામોને પોતાની સ્વતંત્ર પાણી પુરવઠા યોજના દ્વારા નિયમિત અને પુરતુ પાણી મળી રહે છે.

આ ઉપરાંત પાદરા તાલુકાના ૬૯ ગામોની યોજના નર્મદા નદી આધારિત છે તે પૈકી ૩૬ ગામો સ્વતંત્ર યોજનામાંથી પાણી મેળવે છે આ ગામોને નર્મદાનું પાણી માંગણી આવ્યે આપી શકાય તેમ છે.

## તાપી નદીના પાળાની ઉંચાઇ વધારવા અને પાળાનું મજબુતીકરણ કરવા બાબત

૧૪૪૩૬**શ્રી કિશોરભાઈ વાંકાવાળા(સુરત શહેર પશ્ચિમ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરત શહેરને પૂર સામે સંરક્ષણ મળે તે માટે તાપી નદીના પાળાની ઉંચાઇ વધારવાનું અને મજબુતીકરણ કરવા કોઇ યોજના બનાવેલ છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧-૦૯ની સ્થિતિએ તાપી નદીના કુલ ૧૯૮૯૬ મીટર લંબાઇમાં હયાત માટી પાળાની ઉંચાઇ વધારવાની અને મજબુતીકરણની કામગીરી પ્રગતિમાં હતી. તે પૈકી ૧૬૭૫૩ મીટર લંબાઇમાં કામગીરી પૂર્ણ થયેલ હતી. જ્યારે ૩૮૯૦ મીટર લંબાઇમાં હયાત મેશનરી દિવાલની મજબુતીકરણની કામગીરી પ્રગતિમાં હતી. તે પૈકી ૩૪૫ મીટર કામગીરી પૂર્ણ કરેલ હતી.

**પંચમહાલ જિલ્લામાં ચેકડેમો**

૧૩૫૦૭ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા અને તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ચેકડેમો હયાત છે.?

**જવાબ**

(૧) અને (૨) : પત્રક-૧ મુજબ. છેલ્લા બે વર્ષમાં ૧૧૧૪ ચેકડેમ બનાવવામાં આવ્યા અને રૂા.૫૪.૩૦ કરોડ ખર્ચ થયો તેમજ બધા જ બાંધેલા ચેકડેમ હયાત છે.

**પત્રક-૧.**

| અ. નં. | તાલુકો | પૂર્ણ થયેલ ચેકડેમો | થયેલ ખર્ચ રૂા. લાખ | હયાત ચેકડેમો |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૦૬ | ૯૫૯.૪૮ | ૨૦૬ |
| ૨ | શહેરા | ૧૮૬ | ૧૧૩૭.૩૧ | ૧૮૬ |
| ૩ | લુણાવાડા | ૯૭ | ૬૩૩.૮૮ | ૯૭ |
| ૪ | ખાનપુર | ૧૦૯ | ૪૮૩.૬૫ | ૧૦૯ |
| ૫ | કાલોલ | ૭૪ | ૭૪૯.૨૩ | ૭૪ |
| ૬ | ઘોઘંબા | ૯૫ | ૧૬૭.૬૦ | ૯૫ |
| ૭ | જાંબુઘોડા | ૯૪ | ૩૭૩.૪૦ | ૯૪ |
| ૮ | હાલોલ | ૯૭ | ૩૦૬.૭૮ | ૯૭ |
| ૯ | સંતરામપુર | ૧૧ | ૫૭.૦૫ | ૧૧ |
| ૧૦ | મોરવા (હ.) | ૧૬ | ૪૫.૨૬ | ૧૬ |
| ૧૧ | કડાણા | ૧૨૯ | ૫૧૬.૦ | ૧૨૯ |
| | **કુલ :** | **૧૧૧૪** | **૫૪૨૯.૬૪** | **૧૧૧૪** |

-------------

**કચ્છ જિલ્લામાં પીવાના પાણી માટે નર્મદાનું પાણી પૂરૂં પાડવા આયોજન**

૧૪૨૭૬ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં પીવાના પાણી માટે પાઇપ દ્વારા નર્મદાનું પાણી પૂરૂં પાડવાનું ૨૦૦૯-૧૦ના વર્ષમાં આયોજન સરકારની વિચારણામાં છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) કેટલા ક્યુસેક્સ પાણી ક્યા ક્યા તાલુકાઓમાં ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં નર્મદાનું પીવાનું પાણી અપાઇ રહેલ છે.

(૨) કચ્છ જિલ્લામાં કુલ ૮૮૬ ગામો પૈકી ૭૨૫ ગામોને નર્મદા આધારિત યોજનાથી જોડવામાં આવેલ છે. ૮૬ ગામોને જોડવાના કામો પ્રગતિ હેઠળ છે. ૭૫ ગામોની યોજના તાંત્રિક ચકાસણી હેઠળ છે.

(૩) નર્મદા માસ્ટર પ્લાન મુજબ ભવિષ્યની જરૂરીયાત (વર્ષ ૨૦૨૧) મુજબ તાલુકાવાર નીચે મુજબ પાણી ફાળવવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ફાળવેલ પાણીનો જથ્થો (ક્યુસેકમાં) |
|---|---|---|
| ૧ | ભુજ | ૧૭.૮૮ |
| ૨ | નખત્રાણા | ૪.૯૯ |
| ૩ | અબડાસા | ૩.૭૯ |
| ૪ | લખપત | ૧.૫૨ |
| ૫ | માંડવી | ૮.૧૪ |
| ૬ | મુન્દ્રા | ૩.૨૫ |
| ૭ | અંજાર-ગાંધીધામ | ૨૧.૦૯ |
| ૮ | ભચાઉ | ૫.૬૪ |
| ૯ | રાપર | ૬.૯૦ |
| | **કુલ :** | **૭૩.૨૦** |

ઉપરોક્ત ફાળવણી પૈકી સ્થાનિક સ્ત્રોતમાંથી જરૂરિયાત પૈકીના ખૂટતા પાણીની ઘટ નર્મદા પેયજળ આધારિત યોજનામાંથી પૂરી કરવામાં આવે છે.

-------------

**અમરેલીનું કમ્પોસ્ટયાર્ડ અન્યત્ર બદલવા બાબત**

૧૩૮૧૦ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રદૂષણ અને ગંદકી ફેલાવતું અમરેલીનું કમ્પોસ્ટયાર્ડ અન્યત્ર બદલવા કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) આ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) કમ્પોસ્ટયાર્ડ અન્ય જગ્યાએ બદલવા એક રજુઆત મળેલ છે.

(૨) કલેક્ટરશ્રી, અમરેલી દ્વારા ફાળવેલ જગ્યા પર વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટનું બાંધકામ તા. ૭-૭-૨૦૦૯ થી ઇજારદારને સોંપવામાં આવેલ છે. સ્થાનિક લોકોના વિરોધના કારણે તા. ૩૦-૯-૨૦૦૯ ના રોજ કામ બંધ કરવામાં આવેલ છે. આ પ્રશ્નના નિરાકરણ માટે કાર્યવાહી ચાલુ છે.

**પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને મળેલ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ**

૧૪૪૮૦**શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા પ્રોજેક્ટ/કઈ કઈ પ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યાં છે, અને

(૨) આ એવોર્ડ કોના દ્વારા અપાયા તેમજ કઇ તારીખે અને કોના હાથે અપાયા ?

**જવાબ**

(૧) અને (૨) : પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને ""આર્કિટેક્ચરલ ટ્રેઝર ઓફ ગુજરાત"" કોફીટેબલ બુક માટે એક્ષલન્સ ઈન પબ્લીશીંગનો રાષ્ટ્રીય કક્ષાનો ખાસ એવોર્ડ કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય તરફથી મળેલ છે. વળી આઈબીએન-૭ તરફથી રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ મળેલ છે. વળી પેસીફીક એરિયા ટ્રાવેલ રાઈટર્સ એસોસીએશન તરફથી ""બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઓલ સીઝન"" માટે પટવા આંતરરાષ્ટ્રીય એવોર્ડ આપવાનું જાહેર કરવામાં આવેલ છે.

-------------

**ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત બાંધેલ ચેકડેમો**

૧૨૭૨૯**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા,

(૨) આ ચેકડેમો બાંધવા કઇ કઇ એન.જી.ઓ.ને તાલુકાવાર કેટલી રકમના કામો સોંપવામાં આવ્યા, અને

(૩) આ ચેકડેમોથી કેટલા હેકટર જમીનને સિંચાઈના પાણી આપવામાં આવે છે?

**જવાબ**

(૧) ૬૭.

(૨) એન.જી.ઓ. ને સોંપવામાં આવેલ કામની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | એન.જી.ઓ.નું નામ | ચેકડેમની સંખ્યા | ચેકડેમની રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ઝઘડીયા | શ્રી યદુનંદન એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર | ૦૯ | ૨૬.૭૦ |
| ૨ | વાલીયા | ૧. જય માતાજી એજ્યુકેશન ટ્રસ્ટ, વાલીયા | ૦૨ | ૬.૫૧ |
| | | ૨. આદર્શ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, સુરત. | ૦૯ | ૧૫૦.૭૨ |
| | | ૩. જીવનજ્યોત ગ્રામ વિકાસ ટ્રસ્ટ, સુરત. | ૨૧ | ૨૦૦.૨૧ |

(૩) ૨૮૦ હેક્ટરમાં પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળેલ છે.

-------------

**બાળસખા યોજના હેઠળ લાભ**

૧૪૪૬૪**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આરોગ્ય વિભાગ દ્વારા બાળસખા યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે, | (૧) બાળસખા-૧ તેમજ બાળસખા-૨ યોજના હેઠળ સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હોસ્પિટલમાં જન્મતા અથવા જિલ્લા હોસ્પિટલો સિવાયના સ્થળે જન્મતા ગરીબી રેખા હેઠળ જીવતા તથા આદિજાતિ કુટુંબના ૧-માસ સુધીના બાળકોને કરાર બધ્ધ બાળરોગ નિષ્ણાંતો દ્વારા વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. તેમજ લાવનાર વ્યક્તિને ટ્રાન્સ્પોર્ટેશન તેમજ ઇન્સેન્ટીવ આપવામાં આવે છે. |
| (૨) અમદાવાદ, વડોદરા ને રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો લાભ આપવામાં આવ્યો છે, અને | (૨) બાલસખા યોજના હેઠળ અમદાવાદના ૨૪૧૮, વડોદરાના ૨૬૨ અને રાજકોટના ૨૧૯૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રકમ રૂા. ૩૦,૦૫,૭૫૨/- નો ખર્ચ થયેલ છે. |

-------------

**ફતેવાડી કેનાલ આધારિત ધોળકા તાલુકામાં નહેરોની સુધારણા**

૧૪૫૮૧**શ્રી કાંતિલાલ ૨. લકુમ(બાવળા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફતેવાડી કેનાલ આધારિત ધોળકા તાલુકામાં નહેરોની સુધારણા માટે સરકારે શાં પગલાં લીધા છે, અને<br>(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૧) અને (૨) : ધોળકા તાલુકામાં ફતેવાડી યોજનાની નહેરોમાં જરૂરી તાંત્રિક અને આર્થિક સર્વેક્ષણ કરીને જરૂરીયાત મુજબની કામગીરીને અગ્રતા આપી ૧૫ કી.મી. જેટલી નહેરોમાં જંગલ કટીંગ જેવી સુધારણાની કામગીરી પૂર્ણ કરેલ છે. જરૂરીયાત મુજબની બાકી રહેતી કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**કચ્છ જિલ્લામાં ક્ષાર નિયંત્રણ માટે બંધારા**

૧૪૪૩૮**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ક્ષાર નિયંત્રણ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા બંધારાના કામો ચાલુ છે, અને | (૧) કચ્છ જિલ્લામાં ક્ષાર નિયંત્રણ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૭ (સાત) બંધારાના કામો ચાલુ છે. |
| (૨) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) જે પૈકી ૬ કામો માર્ચ-૨૦૧૦ સુધીમાં તથા ૧ કામ મે-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**માલણ બંધારા અને સમઢીયાળા બંધારા વચ્ચેની વિસ્તરણ નહેરના કામ અંગે**

૧૩૬૮૭**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના મહુવાના માલણ બંધારા, સમઢીયાળા બંધારા વચ્ચેની વિસ્તરણ નહેરના કામ અંગેની કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) તાંત્રિક મંજૂરી અને જમીન સંપાદન તબક્કે. |
| (૨) આ કામગીરી પૂર્ણ કરવા સરકારનું શું આયોજન છે? | (૨) જમીન ઉપલબ્ધ થયે કામગીરી હાથધરી વહેલાસર પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ખાનપુર તાલુકામાં પીવાના પાણીની અછતવાળા ગામો**

૧૨૮૬૨**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના કેટલા ગામો પીવાના પાણીની અછતવાળા છે, અને | (૧) હાલ એક પણ નહીં. |

(૨) ઉક્ત ગામોને કેટલા સમયમાં પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**આયુર્વેદ કોલેજોમાં બેઠક ક્ષમતા વધારવાની યોજના**

૧૪૪૭૫**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની આયુર્વેદ કોલેજોમાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ બેઠક ક્ષમતા વધારવા માટે સરકારે આયોજન વિચાર્યુ છે તે સાચું છે, અને

(૨) જો હા, તો હાલમાં તે અંગેની કામગીરી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ બેઠકો વધારવા રાજ્ય સરકાર તરફથી સ્નાતક કક્ષાએ ૪૫ બેઠકો અને અનુસ્નાતક કક્ષાએ ૫૮ બેઠકો વધારવા માટે ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે, તે અન્વયે કેન્દ્ર સરકાર ધ્વારા બેઠક ક્ષમતા વધારવાની મંજૂરી માટેની કાર્યવાહી ચાલુ છે.

-------------

**રાજ્યમાં મોડેલ આયુર્વેદિક કોલેજની સ્થાપના**

૧૪૫૯૫ **શ્રી પંકજકુમાર દેસાઈ(નડિયાદ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવા માટેની કાર્યવાહી હાલમાં ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજના પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે અને ક્યાં સુધીમાં આ કામગીરી પૂર્ણ થશે?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા મોડેલ આયુર્વેદ કોલેજ, મોજે કોલવડા તા.જિ. ગાંધીનગર ખાતે સ્થાપવા અંગેની કાર્યવાહીના પ્રથમ તબક્કામાં મોડેલ આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ બાંધવા માટેના નકશા તથા અંદાજો અને માસ્ટર પ્લાન તેયાર કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) આ યોજના પાછળ રૂા. ૧૫૦/- કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. નકશા તથા અંદાજોની ચકાસણી બાદ બાંધકામ માટેના ટેન્ડરો બહાર પાડવાની પ્રક્રિયા હાથ ધરીને સમગ્ર બાંધકામ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ફતેપુરા તાલુકામાં પીવાનું પાણી**

૧૩૪૨૧**શ્રી દિતાભાઈ ભી.મછાર(ઝાલોદ ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં કેટલા ગામોને પીવાનું પાણી કઈ યોજનામાંથી આપવામાં આવે છે?

**જવાબ**

ભાણાસીમલ જૂથ યોજના ભાગ-૧ ભાગ-૨ દ્વારા અનુક્રમે ૪૬ અને ૧૫ ગામોને તથા હેન્ડપંપ આધારિત યોજનામાંથી ૩૫ ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે.

-------------

**જલાલપોર તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજૂર કામો**

૧૪૪૪૬**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૨૮ યોજનાઓના કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૧૨ યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

-------------

## તાપી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ હસ્તકની પાણીની ટાંકીઓ

૧૨૭૧૮**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં પાણી પુરવઠા હસ્તકની તાલુકાવાર કેટલી પાણીની ટાંકીઓ છે, અને

(૧) નીચેની વિગતે.

| ક્રમ | તાલુકો | પાણીની ટાંકીઓ |
|---|---|---|
| ૧ | વ્યારા | ૭૫ |
| ૨ | વાલોડ | ૧૪ |
| ૩ | સોનગઢ | ૩૭ |
| ૪ | ઉચ્છલ | ૧૮ |
| ૫ | નિઝર | ૬૮ |
| | કુલ : | ૨૧૨ |

(૨) કેટલી પાણીની ટાંકીઓ કાર્યરત છે અને કેટલી જર્જરિત છે?

(૨) તમામ ૨૧૨ ટાંકીઓ કાર્યરત છે. કોઈ ટાંકી જર્જરિત નથી.

## ઝાંઝેશ્રી સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવા બાબત

૧૪૪૫૮ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લાની ઝાંઝેશ્રી સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવાની કોઈ યોજના અમલમાં મુકવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

(૨) વિગતવાર તાંત્રિક અંદાજ તબક્કે છે.

-------------

## મોરબી સિવીલ હોસ્પિટલના નવીનીકરણ અને સુધારણા બાબત

૧૪૪૭૩**શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના આરોગ્ય વિભાગ હસ્તકની મોરબી ખાતેની સિવીલ હોસ્પિટલના નવીનીકરણ અને સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ નવીનીકરણ અંતર્ગત કઈ કઈ કામગીરી તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં હાથ ધરવામાં આવી છે, અને

(૨) જનરલ હોસ્પિટલ મોરબીના નવીનીકરણ અંતર્ગત હોસ્પિટલના દરેક મજલામાં કબાટ બેસાડવાનું, ખુલ્લા મેદાનમાં સીમેન્ટ ક્રોક્રીંટના ઈન્ટરલોકનું કામ, મુખ્ય પ્રવેશ દ્વારને સુશોભિત કરવાનું કામ, હોસ્પિટલના રહેણાંકના મકાનોની કંમ્પાઉન્ડ વોલની દીવાલ ઉંચી કરવાનું કામ, હોસ્પિટલની બારીઓમાં મચ્છર પ્રુફ જાળી બેસાડવાનું કામ, હોસ્પિટલની બન્ને બાજુ ફુલોની ક્યારી કરવાનું કામ અને ફાયર સેફટીના સાધનો બેસાડવાનું કામ હાથ ધરવામાં આવેલ છે.

(૩) તે અંતર્ગત તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે?

(૩) તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં રૂા. ૩૨,૨૫,૫૯૪.૫૦નો ખર્ચ થયેલ છે.

-------------

## ખાંભા તાલુકામાં મહી પરીએજ આધારિત પીવાનું પાણી

૧૩૧૬૮**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના કેટલા ગામડાઓને મહી પરીએજ આધારિત પાઈપ-લાઈન દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે,

(૨) તે પેકી જે ગામોમાં પાઈપલાઈન હોવા છતાં પાણી ન મળતું હોય તેવા ગામો ક્યા ક્યા છે,

(૧) અને (૨) : ખાંભા તાલુકાના સામેલ પત્રક મુજબ ૫૭ ગામોનો સમાવેશ કરતી યોજનાના કામો હાલ પ્રગતિ હેઠળ છે.

(૩) આ ગામોને ક્યારે પાણી આપવા માંગો છો,

(૩) માહે ૬/૨૦૧૧ સુધીમાં પાણી પુરવઠો શરૂ

અને

(૪) ઉક્ત સ્થિતિએ કઈ યોજના નીચે પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે અને તે નિયમિત અને પૂરતું મળે છે કે કેમ?

કરવાનું આયોજન છે.

(૪) ખાંભા તાલુકાના તમામ ગામો હાલ તેમના સ્થાનિક સોર્સમાંથી પીવાનું પુરતુ પાણી મેળવે છે.

**પત્રક**

**ખાંભા તાલુકાના મહી આધારીત ગૃપ યોજનામાં પ્રગતિમાં હોય તેવા ગામોની વિગત**

| અનુ.નં. | ગામનું નામ | અનુ.નં. | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૨ |
| ૧ | બારમણ મોટા | ૧૦ | નવી વિસાવદર |
| ૨ | બારમણ નાના | ૧૧ | મોટા સમઢીયા |
| ૩ | ભુંડણી | ૧૨ | અનીડા |
| ૪ | મુંજીયાસર | ૧૩ | જામકા |
| ૫ | નીગાળા-૧ | ૧૪ | વાંગધ્રા |
| ૬ | ત્રાકુડા | ૧૫ | ધાવડીયા |
| ૭ | ગોરાણા | ૧૬ | ગીદરડી |
| ૮ | કોટડા | ૧૭ | પીપળવા |
| ૯ | ઇંગોરાળા | ૧૮ | ભાણીયા |
| ૧૯ | લાસા | ૩૯ | ચક્વા |
| ૨૦ | નાનુડી | ૪૦ | દડલી |
| ૨૧ | તાતણીયા | ૪૧ | ધુંધવાણા |
| ૨૨ | ઉમરીયા | ૪૨ | હનુમાનપુર |
| ૨૩ | ભાડ | ૪૩ | જુના માલકનેસ |
| ૨૪ | જીકીયાળી | ૪૪ | કંટાળા |
| ૨૫ | વાંકીયા | ૪૫ | ખડાધાર |
| ૨૬ | નાની ધારી | ૪૬ | ખાંભા |
| ૨૭ | રૂગનાથપુર | ૪૭ | નવા માલકનેસ |
| ૨૮ | દાઢીયાળી | ૪૮ | પચપચીયા |
| ૨૯ | કોદીયા | ૪૯ | પીપરીયા |
| ૩૦ | નેસડી-૨ | ૫૦ | રબારીકા |
| ૩૧ | પાટી | ૫૧ | સાળવા |
| ૩૨ | રાયડી | ૫૨ | તાલડા |
| ૩૩ | સરાકડીયા દિવાન | ૫૩ | ડેડાણ |
| ૩૪ | સરાકડીયા પાટી | ૫૪ | જીવાપર |
| ૩૫ | આંબલીયાળા | ૫૫ | કાતરપરા |
| ૩૬ | બાબરપુર | ૫૬ | સમઢીયાળા-૨ |
| ૩૭ | ભાવરડી | ૫૭ | રાણીંગપરા |
| ૩૮ | બોરાળા | | |

-------------

**વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમો**

૧૪૪૪૧ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મોટા ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૧) ૧૭.

(૨) કેટલા ચેકડેમોની કામગીરી પ્રગતિ હેઠળ છે?

(૨) ૨૦.

**રાજ્યની હોસ્પિટલોમાં ઉચ્ચ ટેક્નોલોજી આધારીત એમ.આર.આઈ. મશીનો**

૧૪૫૮૯**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં આરોગ્ય વિભાગે ઉચ્ચ ટેક્નોલોજી આધારીત એમ.આર.આઈ. મશીન રાજ્યની હોસ્પિટલોમાં ઉપલબ્ધ બને તે માટે કરાર આધારીત કોઈ વ્યવસ્થા ગોઠવી છે તે સાચુ છે,

(૧) હા, જી.

(૨) આ અંગેની વિગતો શું છે, અને

(૨) રાજ્ય સરકારે તા. ૨૬-૫-૨૦૦૮ના રોજ અમદાવાદ, વડોદરા, ભાવનગર ખાતે ઉચ્ચ ટેક્નોલોજી વાળુ ૧.૫ ટેસલા એમ.આર.આઈ. મશીન કરાર આધારીત ઈન્સ્ટોલ કરવા તા. ૨૬-૫-૦૮ના રોજ કરાર કરેલ છે. તેમજ સુરત ખાતે આ જ પ્રકારનું એમ.આર.આઈ. મશીન ઈન્સ્ટોલ કરવા કરાર કરેલ છે.

(૩) આ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૦ની

(૩) (૧) સિવીલ હોસ્પિટલ, અમદાવાદ

સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ હોસ્પિટલોમાં આ પ્રકારનું મશીન મૂકવામાં આવ્યુ છે?

(૨) નવી સિવીલ હોસ્પિટલ, સુરત

-------------

**બનાસકાંઠા જિલ્લામાં "૧૦૮" એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ**

૧૩૧૭૮ **શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સની સુવિધા કરવામાં આવી છે તેનાથી લોકોને સારી સુવિધા ઉપલબ્ધ થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોએ આ સેવાનો લાભ લીધેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમા તાલુકાવાર લાભાર્થીઓની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૧૦૮ સેવાના લાભાર્થીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અંબાજી | ૧૮૧૨ |
| ૨ | અમીરગઢ | ૧૭૨૨ |
| ૩ | ભાભર | ૧૭૫૦ |
| ૪ | ભીલડી | ૧૮૦૧ |
| ૫ | વડગામ | ૧૪૬૯ |
| ૬ | દાંતીવાડા | ૧૨૩૬ |
| ૭ | ડીસા રૂરલ | ૨૧૭૧ |
| ૮ | દીયોદર | ૧૫૪૦ |
| ૯ | ધાનેરા | ૧૬૨૮ |
| ૧૦ | ગઢ | ૧૨૦૪ |
| ૧૧ | લખણી | ૧૩૩૮ |
| ૧૨ | થરાદ | ૨૨૧૨ |
| ૧૩ | થરા (કાંકરેજ) | ૧૮૬૩ |
| ૧૪ | વાવ | ૨૨૨૧ |
| ૧૫ | દાંતા | ૧૯૭૦ |
| ૧૬ | પાલનપુર | ૨૨૧૫ |
| | **કુલ :** | **૨૮૧૫૨** |

-------------

**રાજ્યમાં સ્વાઈન ફ્લૂથી મૃત્યુ**

૧૩૧૭૫ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં સ્વાઈન ફ્લૂથી કેટલાં મૃત્યુ થયાં છે, અને

(૨) ભીડભાડવાળી જ્ગ્યાએ જવાથી સ્વાઈન ફ્લૂનું જોખમ વધે છે તે હકીક્ત સાચી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં સ્વાઈન ફ્લૂથી કુલ ૨૩૬ વ્યક્તિઓના મૃત્યુ થયાં છે.

(૨) ભીડભાડવાળી જ્ગ્યાએ સ્વાઈન ફ્લૂથી અસરગ્રસ્ત વ્યક્તિએ જવાથી સ્વાઈન ફ્લૂ થવાની શક્યતા વધી શકે છે.

-------------

**ઉકાઈ ડાબાકાંઠા નહેરથી સિંચાઈનો લાભ**

૧૪૫૮૨**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જીલ્લાની ઉકાઈ યોજના આધારિત ઉકાઈ ડાબાકાંઠા નહેરથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

૮૮૧૦૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ આપવામાં આવેલ છે.

------------

**બાળસખા યોજના હેઠળ લાભ**

૧૪૪૬૬**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આરોગ્ય વિભાગ દ્વારા બાળસખા યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે,

**જવાબ**

(૧) બાળસખા-૧ અને બાળસખા-૨ યોજના હેઠળ સરકારી સામુહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હોસ્પિટલમાં જન્મતા અને અથવા જિલ્લા હોસ્પિટલો સિવાયના સ્થળે જન્મતા ગરીબીરેખા હેઠળ જીવતા તથા આદિજાતિ કુટુંબ ૧-માસ સુધીના બાળકોને કરાર બધ્ધ બાળરોગ નિષ્ણાંતો દ્વારા વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. તેમજ લાવનાર વ્યક્તિને ટ્રાન્સપોર્ટેશન તેમજ ઈન્સેન્ટીવ આપવામાં આવે છે.

(૨) અમદાવાદ-વડોદરા અને રાજકોટ જીલ્લામાં કેટલા લાભાર્થીઓને તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો લાભ આપવામાં આવ્યો છે, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) બાલસખા યોજના હેઠળ અમદાવાદના ૨૪૧૮, વડોદરાના ૨૬૨ અને રાજકોટના ૨૧૯૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

(૩) રકમ રૂા. ૩૦,૦૫,૭૫૨-નો ખર્ચ થયેલ છે.

------------

**રાજકોટ જિલ્લાના સી.એચ.સી.માં ડોકટરો અને સ્ટાફની ખાલી જગ્યાઓ**

૧૨૭૧૩ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો અને સ્ટાફની જગ્યાઓ ખાલી છે.

(૨) જો હા, તો કેટલી જગ્યાઓ ખાલી છે અને તે ક્યા સંવર્ગની અને કેટલા સમયથી ખાલી છે, અને

(૩) તે પેકી નિષ્ણાત ડોકટરો તથા ટેક્નીશીયનોની ખાલી જગ્યા ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાની માહિતી અને ખાલી જગ્યાની તારીખ દર્શાવતું **પત્રક-અ** આ સાથે સામેલ છે.

(૩) નિષ્ણાંત ડોકટરો તથા ટેક્નીશીયનોની જગ્યાઓ ભરવા નીચે મુજબ આયોજન કરે છે.

-- વર્ગ-૧ અને વર્ગ-૨ ના તબીબની જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે એડહોક ઓપન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આરોગ્ય વિભાગ દ્વારા નિમણૂંક આપવામાં આવે છે.

-- તેમજ સરકારી મેડીકલ કોલેજમાંથી પાસ થતાં બોન્ડેડ તબીબોને નિમણૂંક આપવામાં આવે છે.

-- ગોણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને ટેક્નીશીયનોની જગ્યા ભરવા માટે માંગણા પત્રક મોકલવામાં આવેલ છે.

-- વર્ગ-૩ ના ટેક્નીશીયનોની ખાલી જગ્યાઓ કમિશ્નરશ્રીની કચેરી આરોગ્ય દ્વારા સીધી ભરતીથી ભરવા માટેની દરખાસ્ત સરકારશ્રીમાં મંજુરી અર્થે મોકલી આપવામાં આવેલ છે. જે મંજુરી મળ્યેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે.

-- સેક્રેટરીશ્રી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદને રાજ્યના આરોગ્ય વિભાગ હસ્તકના સામુહિક આરોગ્ય કેન્દ્રો, અને અન્ય સેન્ટરો ખાતે ટેક્નીશીયનોની ખાલી જગ્યાઓ આઉટ સોર્સીંગથી ૧૧ માસ કરાર આધારીત ફીક્સ પગારથી ભરવા જણાવેલ છે.

**પત્રક-અ**

**તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ જિલ્લાના સા.આ.કેન્દ્રોમાં સંગર્વવાર ખાલી જગ્યાની માહિતી તારીખ દર્શાવતું પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | સામુહીક આરોગ્ય કેન્દ્રોનું નામ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મોટી મારડ | | કોલીથડ | | જામકંડોરણા | | જસદણ | | વીછીયા | | વિરપુર | | કોટડા સાંગાણી | | લોધીકા | |
| | | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | અધિક્ષક વર્ગ-૧, | ૧ | ૨૮/૦૨/૮૯ | ૦ | - | ૧ | ૨૬/૦૬/૮૭ | ૦ | - | ૦ | - | ૧ | ૦૫/૦૯/૯૫ | ૧ | ૧૫/૦૫/૦૫ | ૧ | ૦૨/૦૪/૦૪ |
| ૨ | ગાયનેકોલોજીસ્ટ | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૩ | પેડીયાટ્રીશ્યન | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૧૨/૧૧/૮૪ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૪ | તબીબી અધિકારી | ૦ | - | ૦ | - | ૦ | - | ૨ | | ૧ | ૩૦/૧૨/૦૯ | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૫ | વહીવટી અધિકારી | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૬ | સીની. આસી. | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૭ | સીની. ક્લાર્ક | ૧ | ૧૭/૦૧/૦૨ | ૧ | ૨૫/૦૭/૦૪ | ૧ | ૩૦/૦૧/૦૩ | ૦ | | ૦ | - | ૧ | ૧૨/૦૪/૦૭ | ૧ | ૦૫/૦૯/૦૪ | ૦ | - |

| ક્રમ | સંવર્ગનું નામ | સામુહીક આરોગ્ય કેન્દ્રોનું નામ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મોટી મારડ | | કોલીથડ | | જામકંડોરણા | | જસદણ | | વીછીયા | | વિરપુર | | કોટડા સાંગાણી | | લોધીકા | |
| | | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૮ | લેબ.ટેક્ની. | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૯ | એક્સ-રે ટેક્નીસીઅન | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૨૦/૦૬/૦૮ | ૦ | - | ૧ | ૩૦/૦૬/૦૯ | ૦ | - |
| ૧૦ | જુનીયર ફાર્માસિસ્ટ | ૦ | - | ૧ | ૧૭/૦૭/૦૮ | ૦ | - | ૦ | | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૧ | હેડ નર્સ વર્ગ-૩ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૨ | સ્ટાફનર્સ | ૦ | - | ૦ | - | ૨ | ૦૩/૧૧/૦૯ | ૩ | ૩૧/૫/૦૯<br>૫/૬/૦૯<br>૧૪/૬/૦૯ | ૧ | ૦૧/૦૧/૦૯ | | - | ૦ | - | ૩ | ૩૦/૦૬/૦૮<br>૭/૧/૦૯<br>૩૧/૫/૦૯ |
| ૧૩ | હેલ્થ વીઝીટર | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૧૨/૧૧/૮૪ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૪ | ફી. હે. વર્કર | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૫ | ઓ.ટી.નર્સ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૬ | ઓપ્થલ્મિક આસીસ્ટંટ | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૩૧/૦૫/૦૯ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૭ | ડ્રાઈવર | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૮ | ડ્રેસર વર્ગ-૪ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૯ | પટાવાળા | ૦ | - | ૦ | - | ૦ | | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૦ | વોર્ડ સરવન્ટ | ૧ | ૨૯/૦૫/૦૬ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૧ | આયા વર્ગ-૪, | ૧ | ૧૭/૦૬/૦૯ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૨ | સ્વીપર | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૩ | રસોયા | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૪ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૦ | - | ૦ | ૧/૦૪/૯૫ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૫ | પાર્ટ ટાઈમ ચોકીદાર | ૦ | - | ૦ | ૧/૦૪/૯૫ | ૧ | ૦૨/૦૭/૦૩ | ૦ | - | ૦ | - | ૧ | ૨૫/૦૫/૦૨ | ૦ | - | ૦ | - |
| ૨૬ | ઓ.ટી. એટે. | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| | **કુલ :** | **૪** | | **૨** | | **૫** | | **૯** | | **૩** | | **૩** | | **૩** | | **૪** | |

| માણીયા (મીયાણા) | | પડધરી | | ટંકારા | | ભાયાવદર | | વાંકાનેર | | કુવાડવા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૧ | ૧૩/૦૯/૦૨ | ૦ | - | ૧ | ૩૧/૧૦/૦૬ | ૧ | ૨૭/૦૩/૮૯ | ૦ | - | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૦૪/૦૮/૦૦ | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૨૧/૧૨/૯૨ | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | | ૨ | ૦૫/૦૨/૦૯<br>૩૧/૩/૦૯ |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | | ૦ | - |
| ૧ | ૧૬/૦૫/૦૫ | ૧ | ૦૧/૦૮/૦૮ | ૦ | - | ૧ | ૦૩/૦૬/૦૬ | ૨ | ૩૦/૪/૦૭<br>૪/૮/૦૬ | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૩૦/૦૫/૦૪ | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૨ | ૮/૫/૦૪<br>૨/૧૨/૦૯ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૧ | ૧૪/૦૫/૦૪ | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૦૬/૦૭/૦૪ | ૦ | - |
| ૫ | ૧૩/૧૦/૦૮<br>૩૧/૫/૦૯<br>૨૯/૭/૦૯<br>૨૨/૮/૦૯<br>૭/૧/૦૯ | ૦ | - | ૧ | ૨૪/૦૮/૦૯ | ૩ | ૨૩/૧૦/૦૪<br>૧૩/૧૨/૦૮<br>૧/૪/૦૯ | ૩ | ૧૦/૦૬/૦૮<br>૧/૬/૦૯<br>૨૧/૭/૦૯ | ૪ | ૦૫/૦૨/૦૯થી ૪ જ્યા ખાલી છે. |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૧૬/૦૬/૯૬ | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૩૦/૦૯/૦૮ | ૦ | - |
| ૧ | ૧૦/૦૭/૦૭ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૦ | | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૦ | | ૦ | - | ૦ | - | ૧ | ૨૭/૦૩/૮૯ | ૦ | - | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૪ | ૨૧/૩/૯૩<br>૨૪/૩/૯૩<br>૯/૮/૯૬<br>૧૯/૮/૯૬ | ૦ | - | ૦ | - | ૦ | - | ૨ | ૨/૬/૦૪<br>૭/૬/૦૪ | ૨ | ૦૫/૦૨/૦૯<br>૦૫/૦૨/૦૯ |
| ૫ | ૧/૫/૦૦<br>૧૦/૭/૦૦<br>૧૭/૬/૦૨<br>૬/૧૨/૦૫<br>૨૬/૧/૦૭ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૫ | ૩૦/૯/૯૭<br>૨૦/૮/૦૨<br>૭/૮/૦૩<br>૩૦/૯/૦૫<br>૫/૬/૦૬ | ૦ | - | ૦ | - | ૧ | ૩૧-૩-૦૫ | ૨ | ૦૧/૦૧/૦૫<br>૦૧/૦૧/૦૫ | ૧ | ૦૫/૦૨/૦૯ |
| ૧ | ૧૩/૦૨/૮૫ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૨૨/૦૫/૦૭ | ૦ | - | ૨ | ૦૫/૦૨/૦૯ |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૨ | ૦૫/૦૨/૦૯ |

| માણીયા (મીયાણા) | | પડધરી | | ટંકારા | | ભાયાવદર | | વાંકાનેર | | કુવાડવા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૧૭/૦૨/૦૨ | ૦ | - |
| **૨૬** | | **૧** | | **૨** | | **૮** | | **૧૬** | | **૨૦** | |

## પત્રક-અ
## તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ જિલ્લાના સરકારી/કોટેજ હોસ્પિટલોમાં સંવર્ગવાર ખાલી જગ્યાની માહિતી તારીખ દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | સરકારી હોસ્પિટલો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સ.હો.ધોરાજી | | સ.હો.ગોંડલ | | સ.હો.જેતપુર | | કો.હો.ઉપલેટા | |
| | | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ | ખાલી | તારીખ |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૦ | - | ૧ | ૦૮/૦૩/૦૯ | ૦ | - | ૦ | - |
| ૨ | ગાયનેકોલીજસ્ટ વર્ગ-૧ | ૦ | - | ૧ | ૦૧/૦૪/૦૩ | ૧ | ૩૧/૦૫/૦૪ | ૦ | |
| ૩ | પેડીયાટ્રીશીયન | ૧ | ૧૦/૦૫/૦૩ | ૧ | ૦૧/૦૧/૦૧ | ૧ | ૩૧/૦૮/૦૬ | ૧ | ૩૦/૦૪/૦૦ |
| ૪ | ફીઝીશીયન | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૫ | નિવાસ ત.અ.વર્ગ-૧ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૬ | એનેસ્થેટીક વર્ગ-૧ | ૧ | ૦૭/૦૧/૦૮ | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૭ | ઓપ્થલ્મીક સર્જન | ૧ | ૦૪/૦૭/૦૦ | ૧ | ૩૧/૧૨/૦૭ | ૧ | ૦૪/૦૭/૦૦ | ૦ | - |
| ૮ | તબીબી અધિકારી | ૦ | - | ૧ | | ૦ | - | ૦ | - |
| ૯ | સીની. આસી. | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૦ | સીની. ક્લાર્ક | ૧ | ૧૬/૦૬/૦૭ | ૧ | ૧૪/૦૩/૦૮ | ૦ | - | ૦ | - |
| ૧૧ | જુની. ક્લાર્ક | ૧ | ૦૭/૦૧/૦૮ | ૧ | ૩૧/૦૩/૦૮ | ૧ | ૨૪/૦૪/૦૬ | ૧ | ૦૭/૦૭/૦૮ |
| ૧૨ | મેટ્રન વર્ગ-૩ | ૧ | ૨૨/૦૭/૦૮ | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૩ | હેડ નર્સ વર્ગ-૩ | ૨ | ૧૪/૦૬/૦૪<br>૦૧/૦૨/૦૭ | ૧ | ૦૨/૧૧/૦૬ | ૧ | ૩૧/૦૮/૦૬ | ૧ | ૩૧/૦૭/૦૬ |
| ૧૪ | લેબ. ટેક્ની. | ૧ | ૦૧/૧૨/૦૮ | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૫ | લેબ. આસી. | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૧૬ | એક્સ-રે ટેક્નીસીઅન | ૦ | - | ૧ | ૩૧/૦૩/૦૮ | ૧ | ૩૦/૧૧/૦૮ | ૦ | - |
| ૧૭ | એક્સ-રે આસી. | ૦ | - | ૧ | ૩૧/૦૭/૦૪ | ૦ | - | ૦ | - |
| ૧૮ | સીનીયર ફાર્માસિસ્ટ | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૧૨/૧૦/૦૯ |
| ૧૯ | જુનીયર ફાર્માસિસ્ટ | ૨ | ૨૦/૦૫/૦૮<br>૨૬/૦૩/૦૮ | ૨ | ૦૭/૦૩/૦૮<br>૦૭/૦૩/૦૮ | ૩ | ૧૫/૦૩/૦૫<br>૦૧/૦૪/૦૭<br>૩૦/૧૧/૦૮ | ૩ | |
| ૨૦ | ઓ. ટી. નર્સ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૧ | સ્ટાફનર્સ | ૦ | - | ૦ | - | ૧ | ૨૯/૧૨/૦૮ | ૦ | - |
| ૨૨ | ડ્રાઈવર | ૦ | - | ૦ | - | ૦ | - | ૨ | ૨૯/૧૨/૦૯<br>૩૧/૦૮/૦૯ |
| ૨૩ | ઓપ્થલ્મીક આસી. | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૪ | હેલ્થ વિઝીટર | ૧ | ૦૯/૦૧/૯૬ | ૦ | - | ૧ | ૩૧/૦૧/૦૧ | ૧ | ૨૧/૧૨/૯૨ |
| ૨૫ | ફીલ્ડ વર્કર | ૧ | ૦૧/૦૫/૯૬ | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૬ | ફીમેલ હેલ્થ વર્કર | ૦ | - | ૧ | | ૧ | ૩૦/૦૬/૯૮ | ૧ | ૩૧/૦૮/૦૯ |
| ૨૭ | એ.એન.એમ. | ૧ | ૩૦/૧૧/૦૪ | ૦ | - | ૦ | - | ૧ | ૦૫/૦૭/૦૩ |
| ૨૮ | ડ્રેસર વર્ગ-૪ | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | - |
| ૨૯ | પટાવાળા | ૦ | - | ૧ | ૨૮/૦૨/૦૭ | ૦ | - | ૦ | |
| ૩૦ | રસોયા | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | - |
| ૩૧ | આયા | ૦ | - | ૦ | - | ૦ | - | ૦ | |
| ૩૨ | વોર્ડ સરવન્ટ | ૨ | ૦૧/૦૭/૦૬<br>૦૧/૦૭/૦૬ | ૨ | ૩૧/૦૭/૦૭<br>૩૧/૦૧/૦૮ | ૦ | - | ૨ | |
| ૩૩ | ઓ. ટી. એટેન્ડન્ટ | ૦ | - | ૦ | - | ૦ | - | ૧ | ૧૨/૩૧/૦૭ |
| ૩૪ | સ્વીપર | ૩ | ૧૪/૦૬/૦૪<br>૩૦/૦૬/૦૫<br>૦૧/૦૭/૦૬ | ૦ | - | ૦ | - | ૧ | |
| ૩૫ | સ્ટ્રેચર બેરર | ૦ | - | ૦ | - | ૧ | ૦૧/૦૯/૦૩ | ૦ | |
| ૩૬ | ચોકીદાર | ૧ | ૦૪/૧૮/૦૯ | ૨ | ૨૮/૦૨/૦૭<br>૩૧/૧૨/૦૫ | ૧ | ૦૮/૦૩/૦૬ | ૦ | |
| ૩૭ | પાર્ટ ટાઈમ ચોકીદાર | ૦ | - | ૦ | - | ૧ | ૦૬/૨૧/૦૬ | ૦ | |
| | **કુલ :** | **૨૦** | | **૧૮** | | **૧૫** | | **૧૭** | |

---------------

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત સુરત જિલ્લામાં ચેકડેમો

૧૪૪૫૪**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ સુરત જિલ્લામાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા ? | ૨૬ ચેકડેમ બનાવવામાં આવ્યા. |

------------

**અરેઠ સી.એચ.સી.માં મંજૂર મહેકમ**

૧૪૪૧૫**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલ અરેઠ સી.એચ.સી.માં કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલ છે, અને

(૩) હાલમાં કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલ અરેઠ સી.એચ.સી.માં વર્ગ-૧ થી વર્ગ-૪ નું કુલ-૨૫ નું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ વર્ગ-૧ થી વર્ગ-૪ માં કુલ-૧૯ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ સા.આ.કેન્દ્ર અરેઠ ખાતે કુલ-૬ જગ્યાઓ ખાલી છે. તે પૈકી :-

- અધિક્ષક, વર્ગ-૧ ની જગ્યા ખાલી છે. દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવામાં આવશે.
- વર્ગ-૩ ની સ્ટાફનર્સની એક જગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે. એક્સરે ટેક્નીશીયન, જુનીયર ફાર્માસીસ્ટની એક-એક જગ્યા ખાલી છે. ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે જ્યારે વર્ગ-૪ ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી લેવામાં આવે છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાની નહેરોનું કામ**

૧૩૨૨૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતી સુજલામ સુફલામ યોજનાની નહેરોનું કામ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) યોજનાની મંજૂરી વખતે યોજના પૂર્ણ કરવાની સમયમર્યાદા કઈ હતી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના મુખ્ય કામો પૂર્ણ થયા છે અને આનુસાંગિક કામો પ્રગતિમાં છે.

(૨) ડિસેમ્બર-૨૦૦૫.

------------

**સમી અને હારીજ તાલુકામાં પાણી પુરવઠા દ્વારા પાણી મેળવતા ગામો**

૧૩૯૯૬ **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ(સમી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમી-હારીજ તાલુકામાં તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ કેટલા ગામોમાં પાણી પુરવઠા દ્વારા પાણી પૂરૂં પડાય છે તેમજ કેટલા ગામોમાં પાણી પુરવઠા દ્વારા પાણીની પાઈપ લાઈન નથી, અને

(૨) ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧-૧૦ સુધીમાં ક્યા ક્યા ગામોમાં પાઈપ લાઈન મંજૂર કરી છે કે કરવા માંગો છો ?

**જવાબ**

(૧) સમી તાલુકાના ૭૦ ગામ અને હારીજ તાલુકાના ૩૨ ગામો મળી કુલ ૧૦૨ ગામોને જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી પૂરું પાડવામાં આવે છે. સમી તાલુકાના ૨૮ ગામ અને હારીજ તાલુકાના ૭ ગામો સ્વતંત્ર પાઈપ લાઈન પાણી પુરવઠા યોજના દ્વારા પાણી મેળવે છે. આમ બંને તાલુકાના તમામ ગામો પાણીની પાઈન લાઈન પ્રોજેક્ટમાં સમાવિષ્ટ થયેલ છે.

(૨) નીચેના ૨૮ ગામોમાં આંતરિક પાઈપ લાઈન મંજૂર કરેલ છે.

(અ) વર્ષ-૨૦૦૮-૦૯

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | હારીજ | જાસ્કા |
| ૨ | હારીજ | રુગ્નાથપુરા |
| ૩ | હારીજ | પીપલાણા |
| ૪ | હારીજ | ગોવના |
| ૫ | હારીજ | વાંસા |
| ૬ | સમી | મોટા જોરાવરપૂરા |

| | | |
|---|---|---|
| ૭ | સમી | નાના જોરાવરપુરા |
| ૮ | સમી | શેરપુરા |
| ૯ | સમી | ગાજદીનપુરા |
| ૧૦ | સમી | વાઘપુરા |
| ૧૧ | સમી | વાગોસણ |
| ૧૨ | સમી | અનવરપુરા |
| ૧ | ૨ | ૩ |
| ૧૩ | સમી | કોડધા |
| ૧૪ | સમી | કોક્તા |
| ૧૫ | સમી | રસુલપુરા |
| ૧૬ | સમી | દુદખા |
| ૧૭ | સમી | સુખપરા |
| ૧૮ | સમી | અદગામ |
| ૧૯ | સમી | ટુવડ |

(બ) વર્ષ ૨૦૦૮-૦૯

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | હારીજ | સાકરા |
| ૨ | હારીજ | થરોડ |
| ૩ | સમી | બુડા |
| ૪ | સમી | કંચનપુરા |
| ૫ | સમી | દાતીસણા |
| ૬ | સમી | ફતેગંજ |
| ૭ | સમી | અરીઠા |
| ૮ | સમી | મનવરપુરા |
| ૯ | સમી | ખાખબડી |

------------

## જામનગર જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

૧૩૪૫૭ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને નર્મદાનું પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

**જવાબ**

(૧) કુલ ૧૨૮ ગામોને નર્મદા પાઈપલાઈન સાથે જોડવામાં આવેલ છે. જે પૈકી તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ નીચે મુજબ તાલુકાવાર ૮૭ ગામોની માંગણી મુજબ પાણી પૂરું પાડવામાં આવે છે.

| તાલુકો | પાણી અપાતા ગામોની સંખ્યા |
|---|---|
| જામનગર | ૨૪ |
| ધ્રોળ | ૧૧ |
| જોડીયા | ૩૯ |
| લાલપુર | ૦ |
| કાલાવાડ | ૪ |
| ખંભાળીયા | ૯ |
| કુલ : | ૮૭ |

**પ્રશ્ન**

(૨) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં પાણી પૂરું પાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૨) તબક્કાવાર માર્ચ-૨૦૧૦ સુધીમાં આપવાનું આયોજન છે.

------------

## અમદાવાદ પતંગોત્સવ-૨૦૧૦નો ખર્ચ

૧૨૭૪૬**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સાબરમતી રીવરફ્રન્ટ ઉપર સન ૨૦૧૦ના પતંગોત્સવમાં કેટલા વિદેશીઓએ ભાગ લીધો હતો,

(૨) આ પતંગોત્સવ પાછળ કુલ ક્યા ક્યા હેડે કેટલો ખર્ચ થયેલ છે, અને

**જવાબ**

(૧) અમદાવાદ સાબરમતી રીવરફ્રન્ટ ઉપર સને ૨૦૧૦ના પતંગોત્સવમાં ૧૦૫ વિદેશીઓએ ભાગ લીધેલ હતો.

(૨) આ પતંગોત્સવ પાછળ કુલ ખર્ચ રૂા. ૩,૧૧,૨૧,૧૫૨/-.(અંકે રૂપિયા ત્રણ કરોડ અગિયાર લાખ એકવીસ હજાર એકસો બાવન પુરા)નો ખર્ચ નીચેના બજેટ હેડે કરવામાં આવેલ છે.

માગણી ક્રમાંક : ૫૧
મુખ્ય સદર : ૩૪૫૨-પ્રવાસન
પેટા મુખ્ય સદર : ૮૦-સામાન્ય
ગોણ સદર : ૮૦૦-અન્ય ખર્ચ
હેતુ સદર : ૫૦૦૦-અન્ય ખર્ચ
(૩) ટીઆરએસ-૧૮
મેળા અને ઉત્સવો

(૩) આ ખર્ચ કોણે કોણે ભોગવેલ છે?

(૩) આ ખર્ચ ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ ગાંધીનગર દ્વારા ભોગવેલ છે.

------------

**દાહોદ જિલ્લામાં સિંચાઈની સુવિધા**

૧૨૭૧૭ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનને સિંચાઈની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે, અને

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ. ૫૯૭૫૫ હેક્ટર જમીનને પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઈ સુવિધા મળે છે.

**પત્રક-૧**

**દાહોદ જિલ્લામાં સિંચાઈ સુવિધા**

| અ.નં. | તાલુકો | સિંચાઈ સુવિધાવાળા વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|
| ૧ | દાહોદ | ૮૯૧૯ |
| ૨ | ગરબાડા | ૪૬૦૨ |
| ૩ | ધાનપુર | ૭૭૧૩ |
| ૪ | બારીયા | ૭૬૪૦ |
| ૫ | લીમખેડા | ૯૫૮૯ |
| ૬ | ઝાલોદ | ૧૬૨૨૫ |
| ૭ | ફતેપુરા | ૫૦૬૭ |
| | **કુલ :** | **૫૯૭૫૫** |

(૨) આ સિંચાઈની સુવિધા વધારવા અને વધુ પાણી મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) નાના તથા મોટા ચેકડેમો બનાવવા, તળાવો ઉંડા કરવા, ઉદવહન સિંચાઈ યોજનાઓ, સામુહિક કુવા વિગેરેનું આયોજન કરવામાં આવે છે.

------------

**બાર પી.એચ.સી. મકાનનું બાંધકામ**

૧૩૪૧૯ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાવી જેતપુર તાલુકાના બાર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધવા તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) પાવી જેતપુર તાલુકાના બાર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધવા તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાયોજન વહીવટદારશ્રી છોટાઉદેપુર તરફથી ટ્રાયબલ સબપ્લાનમાંથી કુલ રૂા.૪૦.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) અને (૩) : જમીન ઉપલબ્ધ થયેથી તુર્તજ આ કામગીરી શરૂ કરવાનું અને પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ ચેકડેમો અને તળાવો**

૧૪૫૬૫**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧૫ લાખથી ઉપરની કિંમતના કેટલા તળાવો અને ચેકડેમો મંજૂર કર્યા, અને

(૨) એમાંથી ભિલોડા તાલુકામાં કેટલા તળાવો અને ચેકડેમો મંજૂર કરી પૂર્ણ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) ૪ મોટા ચેકડેમ અને ૨ મોટા તળાવો મંજૂર કર્યા, મોટા ચેકડેમ આલેખન હેઠળ છે અને તળાવો ટેન્ડર તબક્કે છે.

**પત્રક**

તા. ૧-૨-૨૦૦૭ થી તા. ૩૧-૧-૨૦૦૮ દરમ્યાન મંજૂર થયેલ રૂા. ૧૫ લાખથી ઉપરની કિંમતના ચેકડેમો

| તાલુકો | સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૩ |
| ધનસુરા | ૧ |

તા. ૧-૨-૨૦૦૮ થી તા. ૩૧-૧-૨૦૦૯ દરમ્યાન મંજૂર થયેલ રૂા. ૧૫ લાખથી ઉપરની કિંમતના ચેકડેમો

| તાલુકો | સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૧૧ |
| ઈડર | ૪ |
| **તાલુકો** | **સંખ્યા** |
| વડાલી | ૨ |
| પ્રાંતીજ | ૬ |
| વિજયનગર | ૧ |
| ખેડબ્રહ્મા | ૫ |
| ભિલોડા | ૪ |
| બાયડ | ૭ |
| માલપુર | ૧ |
| મેઘરજ | ૧૩ |
| ધનસુરા | ૨ |
| મોડાસા | ૨ |

તા. ૧-૨-૨૦૦૯ થી તા. ૩૧-૧-૨૦૧૦ દરમ્યાન મંજૂર

થયેલ રૂા. ૧૫ લાખથી ઉપરની કિંમતના ચેકડેમો

| તાલુકો | સંખ્યા |
|---|---|
| તલોદ | ૬ |

તા. ૧-૨-૨૦૦૮ થી તા. ૩૧-૧-૨૦૦૯ દરમ્યાન મંજૂર થયેલ રૂા. ૧૫ લાખથી ઉપરની કિંમતના તળાવો

| તાલુકો | સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૧૧ |
| ઈડર | ૧ |

તા. ૧-૨-૨૦૦૯ થી તા. ૩૧-૧-૨૦૧૦ દરમ્યાન મંજૂર થયેલ રૂા. ૧૫ લાખથી ઉપરની કિંમતના તળાવો

| તાલુકો | સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૬ |
| ઈડર | ૬ |
| વડાલી | ૩ |
| પ્રાંતીજ | ૨ |
| ભિલોડા | ૨ |
| બાયડ | ૪ |
| ધનસુરા | ૩ |
| મોડાસા | ૩ |

-------------

## રાજ્યની નગરપાલિકાઓમાં કોમન કેડર

૧૨૮૬૮ **શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓમાં કઈ કઈ કેડર કોમન કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકાઓમાં કોમન કેડર કર્યા પછી કોમન કેડરની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : હાલમાં રાજ્યમાં ૧૫૯ નગરપાલિકાઓ છે. આ નગરપાલિકાઓમાં ચીફ ઓફિસર, એકાઉન્ટ ઓફિસર, હેલ્થ ઓફિસર અને એન્જીનીયરની કોમન કેડર કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે પૈકી ચીફ ઓફિસરની કોમન કેડર દ્વારા ૧૫૮ નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની નિમણુંક કરેલ છે. ૧ જગ્યા ખાલી છે. બાકીની ત્રણ કોમન કેડર માટે ભરતી કરવા માટે ભરતી નિયમો આખરી કરવાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારબાદ ભરતી કરીને નિયમિત નિમણૂંક આપવામાં આવશે.

-------------

## ધરમપુર તાલુકામાં ચિરંજીવી યોજના અંતર્ગત ચૂકવણી

૧૪૦૧૪**શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ચિરંજીવી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખાનગી ડોકટરો જોડાયા છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તમામ લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ખાનગી ડોકટરોને ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) ૩ (ત્રણ).

(૨) કુલ રકમ રૂા. ૮,૫૭,૨૫૦/- ચુકવવામાં આવેલ છે, ખાનગી ડોકટરોને કોઈ રકમ ચૂકવવાની બાકીમાં નથી.

-------------

**ભરૂચ જિલ્લામાં કાર્યરત પી.એચ.સી., સી.એચ.સી. અને આયુર્વેદ દવાખાનાઓ**

૧૨૭૨૬**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદ દવાખાના કાર્યરત છે,

(૨) આ દવાખાનાઓમાં સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને આયુર્વેદ દવાખાનાઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પ્રા.આ.કેન્દ્ર | સા.આ.કેન્દ્ર | આયુર્વેદ દવાખાના |
|---|---|---|---|
| અમોદ | ૦૩ | ૦૧ | - |
| જંબુસર | ૦૫ | ૦૧ | ૦૨ |
| વાગરા | ૦૩ | ૦૧ | ૦૨ |
| વાલીયા | ૦૬ | ૦૧ | - |
| ઝઘડીયા | ૦૮ | ૦૧ | ૦૪ |
| હાંસોટ | ૦૨ | ૦૧ | - |
| ભરૂચ | ૦૬ | ૦૧ | ૦૪ |
| અંકલેશ્વર | ૦૫ | - | ૦૩ |
| **કુલ :** | **૩૮** | **૦૭** | **૧૫** |

(૨) સંવર્ગવાર મંજુર અને ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | પી.એચ.સી. | | સી.એચ.સી. | | આયુર્વેદ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ખાલી | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| ૧ | વર્ગ-૧ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૫ | ૦૦ | ૦૦ |
| ૨ | વર્ગ-૨ | ૩૮ | ૦૦ | ૧૯ | ૦૪ | ૧૫ | ૦૯ |
| ૩ | વર્ગ-૩ | ૧૧૪ | ૨૭ | ૧૦૨ | ૧૭ | ૦૮ | ૦૨ |
| ૪ | વર્ગ-૪ | ૧૫૨ | ૮૯ | ૭૯ | ૧૯ | ૧૫ | ૧૦ |

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જુનીયર ફાર્માસીસ્ટ અને લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત ભરૂચ ધ્વારા ગુજરાત પંચાયત સેવા પંસદગી બોર્ડને માંગણા પત્રકો મોકલી આપેલ છે. જેથી, પસંદ થયેલ ઉમેદવારો મળ્યેથી જગ્યા ભરવામાં આવશે. જ્યારે, ડ્રાયવર અને વર્ગ-૪ની જગ્યાઓ ઉપર આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે. સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ની જગ્યાઓ દર મંગળવારે યોજાતા વોક ઈન ઈન્ટરવ્યુંમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

આયુર્વેદ મેડિકલ ઓફિસર, વર્ગ-૨નું માંગણા પત્રકો જાહેર સેવા આયોગને મોકલેલ છે. આયોગ ધ્વારા ઉમેદવારો પસંદગી કરી ફાળવણી કરવામાં આવે તે દરમ્યાન એડહોક ધોરણે નિમણુંક આપવા અંગે જાહેરાત આપી ઉમેદવારોની પસંદગી કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જ્યારે કંમ્પાઉન્ડર, વર્ગ-૩ના માગણા પત્રક ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને મોકલાવેલ છે. મંડળ ધ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

-------------

**રાજ્યમાં હીપેટાઇટીસ રોગના દર્દી**

૧૨૮૫૪ **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં હીપેટાઇટીસ રોગના દર્દીઓ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોધાયા, અને

**જવાબ**

(૧) રાજ્યમાં નીચે મુજબના રોગના દર્દીઓ જિલ્લાવાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોંધાયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ કેસ |
|---|---|---|
| ૧ | આહવા-ડાંગ | ૬૨ |
| ૨ | અમદાવાદ | ૩૬૪૫ |
| ૩ | નવસારી | ૨૩ |
| ૪ | ભાવનગર | ૧૨૩ |
| ૫ | પાલનપુર | ૧૭૫ |
| ૬ | જામનગર | ૩૫૮ |
| ૭ | રાજકોટ | ૨૨૩ |
| ૮ | કચ્છ | ૧૧૨ |
| ૯ | પાટણ | ૧૨૦ |
| ૧૦ | જુનાગઢ | ૩૩૯ |
| ક્રમ | જિલ્લાનું નામ | કુલ કેસ |
| ૧૧ | ગાંધીનગર | ૯૧૫ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧૮૧ |
| ૧૩ | આણંદ | ૫૫ |
| ૧૪ | મહેસાણા | ૨૯૫ |
| ૧૫ | નર્મદા | ૨૪૮ |
| ૧૬ | અમરેલી | ૭૪ |
| ૧૭ | નડીયાદ | ૩૩૫ |
| ૧૮ | વલસાડ | ૫૧૪ |
| ૧૯ | સાબરકાંઠા | ૯૪૦ |
| ૨૦ | તાપી | ૮ |
| ૨૧ | ગોધરા | ૨૭૦ |
| ૨૨ | સુરત | ૫૯૫ |
| ૨૩ | પોરબંદર | ૧૮ |
| ૨૪ | દાહોદ | ૧૪ |
| ૨૫ | ભરૂચ | ૨૧૦ |
| ૨૬ | વડોદરા | ૧૮૬૨ |
| | કુલ : | ૧૧૭૧૪ |

(૨) તે અન્વયે કેટલા મૃત્યું થયા અને ઉક્ત રોગને કાબુમાં લેવા સરકારે શું પગલાં લીધેલ છે ?

(૨) હિપેટાઇટીસ દુષિત પાણી વડે ફેલાય છે તેને કાબુમાં લેવા સરકારે નીચે મુજબ પગલા લીધેલ છે.

- રાજ્યમાં પીવાના પાણીના સ્ત્રોતનું નિયમિત અસરકારક ક્લોરીનેશન, ક્લોરીનેટેડ પાણી જે રહેણાક વિસ્તારમાં ન પહોંચતું હોય ત્યા ઘરે ઘરે ક્લોરીન ટેબલેટનું વિતરણ, પાયાના સ્તર સુધી જરૂરી બ્લીચીંગ પાવડર અને ટેબલેટ ક્લોરીનનો પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. પીવાના પાણીની લાઇનોમાં લીકેજીસ શોધી તેને રીપેર કરાવવામાં આવે છે.
- પીવાના પાણીના કેમીકલ ટેસ્ટ/બાયોલોજીકલ ટેસ્ટ માટે તમામ વિભાગીય સ્તરે તાલીમ તેમજ બ્લોક લેવલે કીટની વહેંચણી કરવામાં આવેલ.
- પાણી જન્ય રોગચાળા દરમ્યાન ટીમો દ્વારા સર્વેલન્સ કીમગીરી, સારવાર તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.
- રોગચાળા અટકાયત માટે નગરપાલીકા, નોટીફાઇડ તેમજ ખોરાક અને ઓષધ વિભાગના સહયોગ દ્વારા અખાદ્ય પ્રદાર્થોનો નાશ કરવામાં આવે છે.
- ચોમાસા દરમ્યાન પાણીજન્ય રોગચાળો ન થાય તે માટે તમામ બી.એચ.ઓ.શ્રીને ઝોન લેવલે પ્રિ-મોનસુન તાલીમ આપવામાં આવી.
- ગુજરાત રાજ્યના વાસ્મો ઓર્ગેનાઇઝેશન દ્વારા ગ્રામ્ય ક્ષાની પાણી સમિતિના સભ્યો દ્વારા ગ્રામ્ય ક્ષાએ અને પ્રાથમિક શાળાઓમાં ક્લોરીનેશનની કામગીરી સઘ ન બનાવવા સારૂ આરોગ્ય વિભાગ દ્વારા ૫૦ લાખ ટેબલેટ ક્લોરીન પુરી પાડવામાં આવી.
- નિરોગી બાળ વર્ષ અંતર્ગત ૬૦૧૪૮ પ્રાથમિક શિક્ષકો અને આંગણવાડી કાર્યકરોને પીવાના પાણીનું ક્લોરીનેશન કરવા માટેની તાલીમ જિલ્લા તંત્ર દ્વારા આપવામાં આવી.

- જ્યારે હિપેટાઇટીસ-બી જે અસુરક્ષિત ઇન્જેક્શન, યોન સંબધ, લોહી ચઢાવવાથી ફેલાય છે. જેને કાબુમાં લેવા ગુજરાત સરકાર દ્વારા નીચે મુજબના પગલા લેવામાં આવે છે.
- ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ ધારા ધોરણ મુજબ મેડીકલ વેસ્ટનો નિકાલ વેજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે. જે સ્થળોએ યોગ્ય નિકાલ કરવામાં ન આવતો હોય તેવા સ્થળોએ સઘ ાન તપાસ આદરી નિકાલ યોગ્ય રીતે કરાવવા ઘટતા પગલાં લેવામાં આવેલ છે. તેમજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલબોર્ડ સુચિત ગાઇડ લાઇનનો ચુસ્ત પણે અમલ ન કરેતો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાએ આઇ.એમ.એ. બ્રાન્ચના સભ્યોને બાયોમેડીકલ વેસ્ટ બાબતેના યોગ્ય નિકાલ તેમજ ઇન્જેક્શન સેફ્ટી માટે વર્કશોપ/તાલીમનું આયોજન કરેલ છે.
- રસીકરણ કાર્યક્રમમાં લાભાર્થી દીઠ ડીસ્પોઝલ સીરઝ નીડલનો ઉપયોગ કરવામાં આવે છે.
- લોકોમાં આ રોગનો ભય દૂર થાય તે હેતુથી ઘનિષ્ટ આરોગ્ય શિક્ષણ માટે હોડીંગ્સ દ્વારા, પત્રિકાઓના વિતરણ દ્વારા, ટી.વી. ચેનલો દ્વારા અને જુથ ચર્ચાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
- જરૂરી તબીબી ડીગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતા હોય તેવા ડોકટરો સામે જરૂરી કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.
- મોડાસા શહેર અને અસરગ્રસ્ત ૪ તાલુકાઓ (મોડાસા, મેઘરજ, માલપુર, ધનસુરા)માં હિપેટાઇટીસ-બી અંગેના વેક્સીનેશનથી તમામ લોકોને ત્રણ ડોઝ માસિક ધોરણે આપી આવરી લેવામાં આવેલ છે. પ્રથમ ડોઝ ૩૮૬૪૪૬, બીજો ડોઝ-૨૬૮૧૫૮ અને ત્રીજો ડોઝ-૨૦૬૯૦૦ વ્યક્તિઓને રસીકરણ કરેલ છે.

## આણંદ ખાતે સરકારી સીવીલ હોસ્પિટલ બાબત

૧૩૪૧૭ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા મથક આણંદ ખાતે સરકારી સીવીલ હોસ્પિટલની સગવડ નથી એ હકીક્ત સાચી છે, | (૧) હા, જી. આણંદ જિલ્લામાં હાલ પેટલાદ ખાતે સીવીલ હોસ્પિટલની સગવડ છે. |
| (૨) જો હા, તો સરકાર જિલ્લા મથકે સરકારી સીવીલ હોસ્પિટલ બનાવવા માંગે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો, હા તો કેટલા સમયમાં ? | (૩) બનતી ત્વરાએ. |

------------

## જે.એન.યુ.આર.એમ. અંતર્ગત રાજ્ય કક્ષાએ મળેલ ગ્રાન્ટ

૧૨૮૬૫ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેરકોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ રાજ્ય કક્ષાએ કેટલા કરોડની ગ્રાન્ટની મંજૂરી મળેલ છે,

(૨) આ મિશન હેઠળ મળેલ ગ્રાન્ટ પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ક્યા ક્યા પ્રોજેક્ટ હેઠળ કેટલી રકમ ફાળવી, અને

(૩) કેટલી રકમ વણ વપરાયેલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ કુલ ૪૩ પ્રોજેક્ટ માટે રૂા. ૩૫૧૯.૯૨ કરોડના કામો મંજુર કરેલ છે અને તેની સામે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય કક્ષાએ કુલ રૂા. ૯૯૩.૧૩ કરોડની ગ્રાન્ટની મંજુરી મળેલ છે.

(૨) આ મિશન હેઠળ મળેલ ગ્રાન્ટ પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ૬ પ્રોજેક્ટ માટે સામેલ પત્રક-૧ મુજબ રાજ્ય સરકાર દ્વારા ૧૫% લેખે મંજૂર કરેલ રૂા. ૧૮૭.૨૨ કરોડ સામે રૂા. ૪૭.૫૯ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેન્દ્ર સરકાર દ્વારા ૩૫% લેખે રૂા. ૪૪૫.૮૧ કરોડની ગ્રાન્ટ મંજુર કરેલ રકમ સામે રૂા. ૧૧૧.૦૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૩) ફાળવેલ રકમ પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વણવપરાયેલી રકમ રૂા. ૨૨.૯૯ કરોડ છે.

### પત્રક
### જે.એન.યુ.આર.એમ. અંતર્ગત રાજ્ય કક્ષાએ મળેલ ગ્રાન્ટ

(રૂા. કરોડમાં)

| અ.નં. | પ્રોજેક્ટ કોડ | પ્રોજેક્ટનું નામ | મંજુર થયેલ રકમ | રાજ્ય સરકારશ્રીના મંજુર થયેલ ફાળાની રકમ (૧૫ ટકા) | કેન્દ્ર સરકારશ્રીના મંજુર થયેલ ફાળાની રકમ (૩૫ટકા) | રાજ્ય સરકારશ્રી વતી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અપાયેલ ગ્રાન્ટ | ન્દ્ર સરકારશ્રી વતી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અપાયેલ ગ્રાન્ટ | ણ વપરાયેલ ગ્રાન્ટની રકમ | હાલની ભૌતિક સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | AMD-૦૪૪ | બસ રેપીડ ટ્રાન્સીટ સીસ્ટમ થ ફેઇઝ-૨ | ૪૮૮.૧૩ | ૭૩.૨૧ | ૧૭૦.૮૪ | ૧૮.૩૦ | ૪૨.૭૧ | ૧૮.૩૦ | ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં છે. |
| ૨ | AMD-૦૪૨ | ઓડાના પૂર્વ વિસ્તાર માટે સુઅરેઝ નેટવર્ક તૈયાર કરવાની યોજના | ૭૭.૬૫ | ૧૧.૬૪ | ૨૭.૧૭ | ૧.૧૬ | ૮.૨૩ | ૧.૧૬ | કામ પ્રગતિ હેઠળ છે. |
| ૩ | AMD-૦૪૩ | ઓડાના પમિ વિસ્તાર માટે સુઅરેઝ નેટવર્ક તૈયાર કરવાની યોજના (ફેઇઝ-૧ તથા ૨) | ૨૩૫.૪૧ | ૩૫.૩૧ | ૮૨.૩૯ | ૩.૫૩ | ૨.૭૧ | ૩.૫૩ | કામ પ્રગતિ હેઠળ છે. |
| ૪ | AMD-૦૩૭ | અમદાવાદ શહેર માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૧૧૮.૮૫ | ૧૭.૮૨ | ૪૧.૬૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦% |
| ૫ | AMD-૦૩૪ | અ.મ્યુ.કો.તથા ઓડા વિસ્તારમાં આવેલ જળ સ્ત્રોત વિકાસ અને પૂર રાહત કામગીરી માટે સ્ત્રાવ વિસ્તારના વિકાસ અને વરસાદી પાણીના નિકાલ કરવા અંગેની યોજના | ૧૦૪.૭૫ | ૧૫.૭૧ | ૩૬.૬૬ | ૭.૮૫ | ૧૮.૩૩ | ૦.૦૦ | ૬૧% |
| ૬ | BUS | બીજા સ્ટીમ્યુલસ પેકેજ અંતર્ગત શહેરી ટ્રાન્સપોર્ટ સેવા માટે બસની ખરીદી | ૨૨૩.૩૦ | ૩૩.૪૯ | ૮૭.૧૫ | ૧૬.૭૫ | ૩૯.૦૮ | ૦.૦૦ | ૪૦% |
| | | કુલ : | ૧૩૪૮.૦૯ | ૧૮૭.૧૮ | ૪૪૫.૮૧ | ૪૭.૫૯ | ૧૧૧.૦૬ | ૨૨.૯૯ | |

------------

## સરકાર હસ્તક બાળરોગ નિષ્ણાતનું મહેકમ

૧૩૦૬૭ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ બાળરોગ નિષ્ણાત ડૉક્ટરો કેટલા છે, અને

(૨) ઉક્ત ડૉક્ટરોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧) ૨૩.

(૨) ૬૦ સામેલ પત્રક મુજબ.

પત્રક

| અ.નં. | હોસ્પિટલ/સા.આ.કે.નું નામ | ક્યારથી ખાલી |
|---|---|---|
| ૧. | જુનાગઢ | તા. ૩૦-૪-૦૯ |
| ૨. | ભુજ | તા. ૫-૨-૦૬ |
| ૩. | લીંબડી | તા. ૪-૮-૨૦૦૦ |
| ૪. | મોરબી | તા. ૨૯-૭-૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૫. | આહવા | તા. ૧૯-૧૨-૦૮ |
| ૬. | વલસાડ | તા. ૬-૧૦-૦૬ |
| ૭. | વિસનગર | તા. ૨૪-૬-૦૨ |
| ૮. | પેટલાદ | તા. ૧૦-૯-૦૮ |
| ૯. | જામખંભાળીયા | તા. ૧૬-૧-૦૧ |
| ૧૦. | રાજપીપળા | તા. ૭-૧-૨૦૦૦ |
| ૧૧. | વાંસદા | તા. ૯-૨-૦૧ |
| ૧૨. | દાહોદ | તા. ૪-૮-૦૫ |
| ૧૩. | દેવગઢબારીયા | તા. ૧૮-૧૧-૨૦૦૦ |
| ૧૪. | ધ્રાંગધ્રા | તા. ૧-૮-૦૧ |
| ૧૫. | ગોંડલ | તા. ૨-૧૧-૦૧ |
| ૧૬. | માંડવી | તા. ૯-૧૦-૨૦૦૦ |
| ૧૭. | ભિલોડા | તા. ૩-૧૨-૯૯ |
| ૧૮. | જેતપુર | તા. ૩૧-૮-૯૩ |
| ૧૯. | ધોરાજી | તા. ૨૫-૪-૦૩ |
| ૨૦. | પાલીતાણા | તા. ૭-૬-૨૦૦૦ |
| ૨૧. | સંતરામપુર | તા. ૩૦-૧૧-૦૧ |
| ૨૨. | ઉપલેટા | તા. ૩૦-૪-૨૦૦૦ |
| ૨૩. | લાઠી | તા. ૧૦-૪-૯૫ |
| ૨૪. | લુણાવાડા | તા. ૪-૩-૦૩ |
| ૨૫. | ધરમપુર | તા. ૨૮-૧૦-૦૪ |
| ૨૬. | ઉંઝા | તા. ૧૬-૧૦-૨૦૦૦ |
| ૨૭. | સાવરકુંડલા | તા. ૧૨-૧૦-૦૫ |
| ૨૮. | વેરાવળ | તા. ૧૫-૧-૦૪ |
| ૨૯. | ગાંધીધામ | તા. ૨૧-૫-૯૯ |
| ૩૦. | સિધ્ધપુર | તા. ૬-૧૦-૨૦૦૯ |
| **અ.નં.** | **હોસ્પિટલ/સા.આ.કે.નું નામ** | **ક્યારથી ખાલી** |
| ૩૧. | વડનગર | તા. ૨૩-૧૧-૦૯ |
| ૩૨. | ધંધુકા | તા. ૨૭-૩-૯૫ |
| ૩૩. | વિરમગામ | તા. ૧૨-૩-૯૬ |
| ૩૪. | રાજુલા | તા. ૧૪-૧-૯૮ |
| ૩૫. | બાબરા | તા. ૨૧-૧૨-૯૨ |
| ૩૬. | જંબુસર | તા. ૩૦-૪-૯૮ |
| ૩૭. | ગઢડા | તા. ૧૦-૧૦-૦૦ |
| ૩૮. | બોટાદ | ત. ૧૬-૭-૦૧ |
| ૩૯. | માણસા | તા. ૯-૧૧-૦૯ |
| ૪૦. | દ્વારકા | તા. ૧૬-૧-૯૯ |
| ૪૧. | માણાવદર | તા. ૫-૯-૯૨ |
| ૪૨. | મેંદરડા | તા. ૬-૧-૯૧ |
| ૪૩. | ઉના | તા. ૧-૭-૦૮ |
| ૪૪. | માંગરોળ | તા. ૧-૪-૯૧ |
| ૪૫. | ડાકોર | તા. ૧૩-૨-૦૬ |
| ૪૬. | અંજાર | તા. ૨૦-૩-૦૧ |
| ૪૭. | ગણદેવી | તા. ૨૯-૩-૯૭ |
| ૪૮. | ચીખલી | તા. ૨૯-૧૨-૦૫ |
| ૪૯. | હાલોલ | તા. ૨૪-૫-૦૮ |
| ૫૦. | રાધનપુર | તા. ૭-૩-૯૯ |
| ૫૧. | જસદણ | (હાલમાં ટ્રસ્ટે હવાલો સંભાળેલ છે) (તા. ૧૨-૧૧-૮૪ થી ખાલી) |
| ૫૨. | વાંકાનેર | તા. ૧૦-૯-૯૫ |
| ૫૩. | ખેડબ્રહ્મા | ઓકટોબર-૯૮ |
| ૫૪. | શામળાજી | ઓકટોબર-૯૮ થી ખાલી (હાલમાં ટ્રસ્ટ હસ્તક હવાલો છે.) (તબીબી વિભાગમાંથી તબદીલ થઇને જગ્યા આવેલ છે.) |
| ૫૫. | માંડવી | તા. ૧-૫-૦૪ |
| ૫૬. | ચોટીલા | તા. ૧-૧૧-૯૯ |
| ૫૭. | ડભોઇ | તા. ૧૮-૨-૦૧ |
| ૫૮. | છોટાઉદેપુર | તા. ૧૨-૧૨-૦૧ |
| ૫૯. | સાવલી | તા. ૨૯-૧૨-૦૨ |
| ૬૦. | દિયોદર | તા. ૨૩-૨-૦૧ |

------------

## દાહોદ જિલ્લામાં પીવાના પાણીની અછત

૧૩૦૩૦ **શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની અછત છે, અને | (૧) હાલ એક પણ ગામમાં નહી. |
| (૨) આવી અછત કાયમી ધોરણે દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) જરૂરિયાત ઉભી થયેથી જરૂરી કામગીરી વ્યવસ્થા કરવામાં આવશે. |

------------

**દ્વારકા ખાતે દરિયાઇ કાંઠાનું ધોવાણ**

૧૪૪૫૫ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના દ્વારકા ખાતે સંગમ નારાયણથી ગાયત્રી મંદિર સુધી દરીયા કાંઠાનું ધોવાણ થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ ધોવાણ અટકાવવા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ધોવાણ અટકાવવા માટેનો અભ્યાસ, સી.ડબલ્યુ.પી.આર.એસ. પુના પાસે પૂર્ણ કરાવી અંદાજીત રૂ. આઠ કરોડ સીત્તેર લાખની રકમના કામના ટેન્ડર માંગવામાં આવેલ છે.

------------

**મુંવાલીયા ડેમ આધારિત સિંચાઇ કેનાલની જમીનમાં દબાણ**

૧૪૫૬૩**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ તાલુકાના મુંવાલીયા ડેમ આધારિત સિંચાઇ કેનાલની દાહોદ શહેરમાં આવેલ મોટા ભાગની જમીનમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દબાણ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ દબાણો દૂર કરવા સરકારનું શું આયોજન છે, અને

(૩) ખરેખર કેટલી જમીનમાં દબાણ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અનઅધિકૃત બાંધકામો અંગે ચોક્કસ માપણી કરી તે દબાણ ખુલ્લું કરવાની કામગીરી કરાવવાનું આયોજન છે.

(૩) માપણી કાર્ય પૂર્ણ થયેથી ચોક્કસ માહિતી મળી શકે તેમ છે.

------------

**સુરત અને તાપી જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાના કામો**

૧૪૧૭૭ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા શુધ્ધ પીવાના પાણી માટે સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી જૂથ યોજનાનું કામ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી પૂર્ણ થઇ અને કેટલી કાર્યરત થયેલ છે, અને

(૩) કેટલી યોજના પ્રગતિના ક્યા તબક્કામાં છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : સુરત જિલ્લામાં માંગરોળ તાલુકાની એક જૂથ યોજના મંજૂર થઇ છે. જે પ્રગતિ હેઠળ છે અને તેની પ્રગતિ ૫૦ ટકા જેટલી થઇ છે.

સુરત અને તાપી જિલ્લાના અન્ય તાલુકામાં કોઇ યોજના મંજૂર થઇ નથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં બાજપાઇ નગર વિકાસ યોજના અન્વયે નગરપાલિકાઓને રકમની ફાળવણી**

૧૪૫૫૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં બાજપાઇ નગર વિકાસ યોજના હેઠળ તાલુકાવાર નગરપાલિકાઓને કેટલી રકમ ફાળવી,

(૨) આ યોજના હેઠળ તાલુકાવાર ક્યા ક્યા કામો

**જવાબ**

(૧) તાલુકા અને નગરપાલિકાવાર ફાળવેલ રકમની વિગતો :

| ક્રમ | તાલુકાનું નામ | નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | હિંમતનગર | ૨૦૦,૨૮,૬૬૨ |
| ૨ | મોડાસા | મોડાસા | ૩૮,૦૩,૨૪૨ |
| ૩ | પ્રાંતિજ | પ્રાંતિજ | ૭૫,૩૨,૬૯૦ |
| ૪ | ઇડર | ઇડર | ૭૭,૭૭,૩૨૨ |
| ૫ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા | ૧૪૨,૬૫,૨૪૪ |
| ૬ | તલોદ | તલોદ | ૬૨,૫૮,૯૩૫ |
| ૭ | બાયડ | બાયડ | ૧૫૪,૮૯,૭૭૫ |
| ૮ | વડાલી | વડાલી | ૧૫૧,૯૦,૩૯૬ |

(૨)

હાથ ધરવામાં આવ્યા, અને

| ક્રમ | તાલુકાનું નામ | હાથ ધરેલ કામોની વિગત |
|---|---|---|
| ૧ | હિંમતનગર | વરસાદી ગટરના - ૧૧ કામો |
| ૨ | મોડાસા | વરસાદી ગટરના-૪ અને રસ્તાના-૭ કામો |
| ૩ | પ્રાંતિજ | |
| ૪ | ઇડર | વરસાદી ગટરના-૩, રસ્તાના-૨૦ અને પાણી પુરવઠાના- ૩ કામો. |
| ૫ | ખેડબ્રહ્મા | રસ્તાના-૧૫, ગટરના-૩ અને પાણી પુરવઠાનું - ૧ કામ |
| ૬ | તલોદ | રસ્તાના-૪, ગટરનું-૧, વીજળીનું-૧ કામ અને સફાઇ સાધનોને લગતા ૩ કામો |
| ક્રમ | તાલુકાનું નામ | હાથ ધરેલ કામોની વિગત |
| ૭ | બાયડ | રસ્તાના-૧૯, પાણી પુરવઠાના-૧૨, વીજળીના-૨, ગંદા પાણી નિકાલના-૭ અને સફાઇ સાધનોને લગતા ૪ કામો. |
| ૮ | વડાલી | રસ્તાના-૩૭, પાણી પુરવઠાના-૯, ગટરના-૧૩ અને જાહેર આરોગ્યના ૪ કામ |

(૩) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૭.૯૮ |
| ૨ | મોડાસા | ૨૫.૮૫ |
| ૩ | પ્રાંતિજ | |
| ૪ | ઇડર | ૬૫.૮૫ |
| ૫ | ખેડબ્રહ્મા | ૨૩.૧૦ |
| ૬ | તલોદ | ૧૭.૩૪ |
| ૭ | બાયડ | ૧૩૨.૨૨ |
| ૮ | વડાલી | ૧૩૭.૭૨ |

------------

## જૂનાગઢ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. બીલ્ડીંગના મંજૂર કામો

**૧૪૪૬૫શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા પી.એચ.સી. અને સી.એચ.સી. બીલ્ડીંગના કેટલા કામ મંજૂર થયેલ છે, અને

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા છે અને કેટલા કામો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના તાલુકાવાર ૧૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૨ સામુહિક આરોગ્ય કેન્દ્રોના બિલ્ડીંગના કામો મંજુર થયેલ છે.

| તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | મંજુર કામો |
|---|---|---|---|
| વિસાવદર | મોટી મોણપરી | | ૨ |
| | કાલસારી | | |
| માળીયા | અમરાપુર | | ૩ |
| | ખોરાસા | | |
| | ભંડુરી | | |
| કેશોદ | કેવદ્રા | | ૧ |
| તલાલા | આંકોલવાડી | | ૨ |
| | સાસણ | | |
| કોડીનાર | પણાદર | | ૧ |
| જૂનાગઢ | બગડુ | | ૧ |
| વંથલી | કણઝા | | ૧ |
| વેરાવળ | | પ્રભાસપાટણ | ૧ |
| સુત્રપાડા | | સુત્રાપાડા | ૧ |
| | | કુલ મંજુર કામો | ૧૩ |

(૨) તે અન્વયે ૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કામો પૂર્ણ થયેલ છે, ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કામો પ્રગતિમાં છે, અને ૨ સામુહિક આરોગ્ય કેન્દ્રોના કામો પ્રગતિમાં છે.

## સાવરકુંડલા સિવીલ હોસ્પિટલમાં ડૉક્ટરોની ખાલી જ્ગ્યા

**૧૪૦૧૭ શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા સરકારી સીવીલ હોસ્પિટલમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા પ્રકારના ડૉક્ટરોની જ્ગ્યા ખાલી છે,

(૨) આ ખાલી જ્ગ્યા ભરવા માટે તાલુકામાંથી

**જવાબ**

(૧)

| ક્રમ | જ્ગ્યાનું નામ | જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ |
| ૨ | બાળરોગ નિષ્ણાંત, વર્ગ-૧ | ૧ |
| ૩ | સ્ત્રીરોગ નિષ્ણાંત, વર્ગ-૧ | ૧ |
| ૪ | તબીબી અધિકારી, વર્ગ-૨ | ૩ |

(૨)

કોના કોના તરફથી માંગણીઓ આવેલ છે, અને

(૧) પ્રમુખશ્રી, અમી ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, સાવરકુંડલા.
(૨) પ્રમુખશ્રી, શહેર ભારતીય જનતાપક્ષ, સાવરકુંડલા.
(૩) શ્રી ધર્મેન્દ્ર પી. મહેતા (પત્રકાર) સદસ્ય, સાવરકુંડલા નગરપાલિકા.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા દિવસોમાં ભરવા માંગો છો ?

(૩) બનતી ત્વરાએ.

-------------

**ગાંધીનગરને મહાનગરપાલિકાના દરજ્જા બાબત**

૧૩૭૬૭**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેન્દ્રના ગૃહ મંત્રાલયે દેશભરમાં નવી વસ્તી ગણતરીની પ્રક્રિયા હાથ ધરવા તેયારીઓ શરૂ કરવા રાજ્યોને આપેલ ચોક્કસ આદેશને પગલે ગાંધીનગરને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની બાબતના સંદર્ભે સરકારે શું નિર્ણય કરેલ છે ?

**જવાબ**

બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

-------------

**જે.એન.યુ.આર.એમ. અંતર્ગત કેન્દ્ર તરફથી મળેલ મંજૂરી અને ગ્રાન્ટ**

૧૪૫૫૭**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન કાર્યક્રમમાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના કામોને મંજૂરી મળી અને કેટલી ગ્રાન્ટ મળી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન કાર્યક્રમમાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂા. ૩૫૧૯.૯૨ કરોડની રકમના કામોને મંજૂરી મળી અને ૯૯૩.૧૩ કરોડની ગ્રાન્ટ મળી.

(૨) તે અન્વયે કુલ રૂા. ૬૮૭.૬૨ કરોડનો ખર્ચ થયેલ છે.

-------------

**પાદરા તાલુકામાં ઉંડા કરેલ તળાવો**

૧૩૮૯૪ **શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કુલ કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૩૦ (ત્રીસ)

(૨) રૂા. ૮૫.૫૨ લાખ

-------------

**પંચમહાલ જિલ્લામાં નાની અને મોટી સિંચાઇ યોજના દ્વારા પિયત માટે પાણી**

૧૩૫૦૮ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી નાની અને મોટી સિંચાઇ યોજના દ્વારા કેટલું પિયતનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

**જવાબ**

(૧) સામેલ * **પત્રક** મુજબ.
૯ મોટી/મધ્યમ અને ૧૨૬ નાની/ઉદ્વહન સિંચાઇ યોજના દ્વારા ૮૮૦૦૭ હેક્ટરમાં પિયત માટે ઉપલબ્ધી મુજબ પાણી આપવામાં આવે છે.

**પત્રક**

| અ.નં. | તાલુકો | નાની સિંચાઇ યોજના | મોટી સિંચાઇ યોજના | સિંચાઇ વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|---|---|
| ૧ | કડાણા | | કેઍલબીસી | ૨૨૫૭ |
| | | | કેઆરબીસી | ૨૩૦૧ |
| | | નાની સિંચાઇ યોજના-૫ | | ૮૮૭ |
| | | ઉદ્વહન સિં. યોજના-૧૨ | | ૮૯૫ |
| ૨ | લુણાવાડા | | પાનમ | ૫૮૮૯ |
| | | | કેઍલબીસી | ૮૮૦૨ |
| | | | ભાદર | ૩૦૨૬ |
| | | નાની સિંચાઇ યોજના-૧૦ | - | ૧૨૨૬ |
| | | ઉદ્વહન સિં. યોજના-૧૦ | - | ૧૮૧૪ |
| અ.નં. | તાલુકો | નાની સિંચાઇ યોજના | મોટી સિંચાઇ યોજના | સિંચાઇ વિસ્તાર (હેક્ટર) |
| ૩ | ખાનપુર | | કેઆરબીસી | ૧૦૪૩ |
| | | | ભાદર | ૩૭૧૬ |
| | | નાની સિંચાઇ યોજના-૭ | - | ૫૯૦ |
| ૪ | મોરવા(હ) | | હડફ | ૫૨૩૮ |
| | | કબુતરી | | ૧૦૫૬ |
| | | નાની સિંચાઇ યોજના-૩ | | ૨૧૦ |
| | | ઉદ્વહન સિં. યોજના-૪ | | ૩૦૯ |
| ૫ | હાલોલ | | સુખી | ૬૭૮ |
| | | | દેવ | ૧૯૯૨ |
| | | | સરદાર સરોવર નર્મદા બંધ | ૫૨૦ |
| | | નાની સિંચાઇ યોજના-૩ | | ૧૨૦૦ |
| | | ઉદ્વહન સિં. યોજના-૪ | | ૨૬૨ |
| ૬ | જાબુઘોડા | | સુખી | ૨૯૨૯ |
| | | | સરદાર સરોવર નર્મદા બંધ | ૨૫ |
| | | નાની સિંચાઇ યોજના-૨ | | ૧૩૮ |
| | | ઉદ્વહન સિં. યોજના-૧ | | ૩૫ |
| ૭ | શહેરા | | પાનમ | ૮૧૫૦ |
| | | નાની સિંચાઇ યોજના-૧૧ | | ૫૬૧ |
| | | ઉદ્વહન સિં. યોજના-૬ | | ૩૭૧ |
| ૮ | ગોધરા | | પાનમ | ૧૩૨૬૫ |
| | | નાની સિંચાઇ યોજના-૭ | | ૩૮૯ |
| | | ઉદ્વહન સિં. યોજના-૩ | | ૨૩૪ |
| ૯ | ઘોઘંબા | | કરાડ | ૧૬૦૮ |
| | | નાની સિંચાઇ યોજના-૯ | | ૧૩૫૮ |
| | | ઉદ્વહન સિં. યોજના-૪ | | ૧૯૨ |
| ૧૦ | સંતરામપુર | નાની સિંચાઇ યોજના-૧૫ | | ૨૩૭૪ |
| | | ઉદ્વહન સિં. યોજના-૧૦ | | ૪૯૧ |
| ૧૧ | કાલોલ | - | પાનમ | ૪૨૧૪ |
| | | - | કરાડ | ૪૫૮૨ |
| | | | સરદાર સરોવર (નર્મદા) | ૩૧૮૦ |
| | **કુલ :** | **૧૨૬** | **૯** | **૮૮૦૦૭** |

(૨) તે અન્વયે જે વિસ્તારમાં પૂરતી સિંચાઇ સવલત નથી ત્યાં વધુ સવલત આપવા સરકારે ૨૦૦૯-૧૦ ના વર્ષમાં શું આયોજન કરેલ છે ?

(૨) ચેકડેમો, ઉદ્વહન યોજનાઓ અને તળાવો ઉંડા કરવાનું આયોજન કરલે છે.

**કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની તપાસ**

૧૪૨૭૪**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓની તપાસ કરી, ક્યા રોગો બાળકોમાં જણાયા, અને

(૨) તેના નિવારણ અંગે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કુલ ૨૦૬૧ શાળાઓમાં શાળા આરોગ્ય તપાસણી કરવામાં આવી.

જેમાં પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતના રોગો, આંખના રોગો, નાક-કાન-ગળાના રોગો, પેટના રોગો, શ્વસનતંત્રના રોગો, ચેતાતંત્રના રોગો, હાડકાના રોગો, વિકલાંગતા, ?દય, કિડની અને કેન્સર જેવા રોગો બાળકોમાં જણાયેલ.

(૨) તેના નિવારણ અંગે ૫૬૦૮૦ બાળકોને

સામાન્ય બિમારીમાં સ્થળ પર સારવાર આપવામાં આવી સંદર્ભસેવાની જરૂરીયાતવાળા કુલ ૩૮૩૮ બાળકોને તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવી. ચશ્માની જરૂરીયાત ધરાવતા ૨૦૬૩ બાળકોને વિના મૂલ્યે ચશ્મા પુરા પાડવામાં આવેલ તેમજ ?દય, કિડની તેમજ કેન્સર જેવી ગંભીર બિમારીવાળા ૧૦૩ બાળકોને હ્નદયની બિમારી માટે યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીઓલોજી, અમદાવાદ, કિડનીની બિમારી માટે કિડની ઈન્સ્ટીટયુટ, અમદાવાદ તેમજ કેન્સરની બિમારી માટે એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ, અમદાવાદ ખાતે સુપર સ્પેશીયાલીસ્ટ સારવાર આપવામાં આવેલ છે.

-------------

**પોરબંદર અને જૂનાગઢ જિલ્લાઓની નદીઓ પર ચેકડેમ-કમ-કોઝવે બાંધવાની દરખાસ્તો**

૧૪૦૧૮ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોરબંદર અને જુનાગઢ જિલ્લાઓની નદીઓમાં ચેકડેમ બાંધવાના કારણે રસ્તાઓ ડુબમાં ગયેલ હોઈ આ રસ્તાઓ ઉપર ચેકડેમ-કમ-કોઝવે બાંધવાની કેટલી દરખાસ્તો મળી, | (૧) કોઈ દરખાસ્ત મળેલ નથી. |
| (૨) આ ચેકડેમ-કમ-કોઝવે બાંધવાની મંજૂરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો મંજૂરી આપેલ ન હોય તો ક્યારે આપવા માંગો છો ? | |

**સ્થંભેશ્વર મહાદેવને યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત**

૧૨૭૩૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ક્યા ક્યા યાત્રાધામના વિકાસ માટે કેટ કેટલી રકમ ફાળવી, અને | (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે કોઈ રકમ ફાળવવામાં આવી નથી. |
| (૨) જંબુસર તાલુકાના સ્થંભેશ્વર મહાદેવને યાત્રાધામ તરીકે વિકસાવવા સરકારે શા પ્રયાસો કર્યા છે ? | (૨) જંબુસર તાલુકાના સ્થંભેશ્વર મહાદેવને યાત્રાધામ તરીકે વિકસાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |

**શેત્રુંજી સિંચાઈ હેઠળ લોંગડી-રાણપરડા-તરેડી નવી કેનાલ અંગે દરખાસ્ત**

૧૩૬૮૮**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં શેત્રુંજી સિંચાઈ હેઠળ મહુવાના લોંગડી-રાણપરડા-તરેડીના નવી કેનાલ બનાવવાની દરખાસ્ત સરકારને મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) : આર્થિક અને તાંત્રિક દ્રષ્ટિએ પોષણક્ષમ નથી. |
| (૩) તે પૂર્ણ કરવા સરકારનું આયોજન શું છે ? | |

**પાવાગઢ દેવસ્થાનની આવક**

૧૨૮૬૩ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાવાગઢ દેવસ્થાનની આવક કેટલી થઈ, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાવાગઢ દેવસ્થાનની આવક રૂપિયા |

| | |
|---|---|
| | ૯,૩૭,૩૩,૧૮૫/- (અંકે રૂપિયા નવ ક્રોડ સાડત્રીસ લાખ તેત્રીસ હજાર એક્સો પંચ્યાસી પુરા)ની આવક થઈ છે. |
| (૨) તે પૈકી આ દેવસ્થાનના જરૂરી વિકાસ માટે ક્યાં ક્યાં કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) આ દેવસ્થાનના વિકાસ તેમજ અન્ય હેતુઓ માટે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે વર્ષમાં રૂા. ૧,૦૯,૮૦,૪૩૭/- (અંકે રૂપિયા એક ક્રોડ નવ લાખ એંશી હજાર ચારસો સાડત્રીસ પુરા) કરવામાં આવેલ છે. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સેકટર રિફોર્મ યોજના અન્વયે મંજૂર કામો**

૧૪૫૭૦**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સેકટર રિફોર્મ યોજના કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) રાજ્ય સરકાર પુરસ્કૃત સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૧૪૬ ગામોની યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ? | (૨) ૫૨ ગામોની યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |

-------------

**#SB/રાજ્યમાં સ્વાઈન ફ્લૂ ના કારણે મૃત્યું**

૧૨૭૧૯**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિઓ રાજ્યમાં સ્વાઈ ફ્લૂનો ફેલાવો અટકાવવા સરકારે શું પ્રતિરોધક પગલાં લીધાં, અને | (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યનાં સ્વાઈન ફ્લૂનો ફેલાવો અટકાવવા સરકારશ્રી દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.<br>-સ્વાઈન ફ્લૂ અટકાયત માટે ગુજરાત રાજ્યમાં સાતત્યપૂર્ણ કામગીરી થઈ રહેલ છે. માન.મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સ્વાઈન ફ્લૂની અટકાયત અંગેની કામગીરી જેવી કે દવાઓ, સાધન સામગ્રી, લેબ.કીટ તથા અન્ય નાણાંકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂ.૧૫.૦૦ ક્રોડ ફાળવવામાં આવેલ છે.<br>-આ મહામારીને નાથવા માટે મહામારીની શરૂઆતથી જ રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર અસરકારક પગલાં લેવામાં આવેલ છે.<br>-અધિક મુખ્ય સચિવશ્રી, (સામાન્ય વહીવટ વિભાગ)ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી સાથે રહી પરિસ્થિતિનો રીવ્યુ કરવા માટે ટાસ્ક ફોર્સ કમિટિની રચના કરવામાં આવી. જે નિયમિત પણે આ અંગે રીવ્યુ કરી જરૂરી પગલાં હાથ ધરે છે.<br>-આઈ.એમ.એ.(ઈન્ડિયન મેડીકલ એસોસીએશન) આઈ.એ.પી. (ઈન્ડિયન એસોસીએશન ઓફ પીડીયાટ્રીશીયન) અને એન.એમ.ઓ. (નેશનલ મેડીકોઝ ઓર્ગનાઈઝેશન)ના ખાનગી તબીબોને સ્વાઈન ફ્લુ અંગે માર્ગદર્શન આપવા માટે અને તેઓને મહામારીને અંકુશમાં લેવા માટે હકારાત્મક ભાગીદારી લેવા રાજ્યમાં તમામ સ્તરે સેમીનાર આયોજીત કરવામાં આવ્યા.<br>-તા.૧૮-૮-૦૯ના રોજ ગુજરાત સરકાર દ્વારા એપીડેમિક એકટ-૧૮૯૭ હેઠળ ઈન્ફલુએન્ઝા-એ (એચ૧એન૧) અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું અને આ બાબતે પગલાં લેવા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને સત્તાઓ સુપ્રત કરવામાં આવી. |

-રાજ્યમાં તમામ તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા કુલ-૬૯૭ પથારી વિવિધ હોસ્પિટલોમાં આ રોગના દર્દીઓની સારવાર માટે અનામત રાખવામાં આવી છે. અને જરૂર જણાય તો હજુ વધુ સુવિધાઓને નિયત કરેલ છે.

-એચ૧એન૧ પરિક્ષણ માટે અદ્યતન લેબોરેટરીની વ્યવસ્થા બી.જે.મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે કરવામાં આવી. ઉપરાંત કેસોની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાનમાં લઈ અમદાવાદ ખાતેની લેબોરેટરીનું ભારણ ઓછું કરવા તેમજ રાજ્ય સરકાર દ્વારા સુરત ખાતે માઈક્રોબાયોલોજી વિભાગ ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરત ખાતે અદ્યતન લેબોરેટરી ચાલુ કરવામાં આવી. અને ""સ્ટેપ-અપ"" નામની ખાનગી લેબોરેટરીને સઘન ચકાસણી બાદ લેબોરેટરી ટેસ્ટીંગની માન્યતા આપવામાં આવી. ઉપરાંત હાલમાં સોરાષ્ટ્ર વિસ્તારમાં વધતાં કેસોને ધ્યાને લઈ મેડીકલ કોલેજ રાજકોટ ખાતે એચ૧એન૧નું પરિક્ષણ થઈ શકે તેવી લેબોરેટરીની વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

-શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઈન્ફ્લુએન્ઝાના દર્દીઓ પણ વિશેષ પ્રમાણમાં મળતા હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેર ખબર અને પ્રેસ વિજ્ઞપ્તિપ્તદ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

-સ્વાઈન ફ્લૂ જેવી મહામારીને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જે પગલાં લેવામાં આવ્યા છે તે પૂરવાર કરે છે કે આ મહામારીને પહોંચી વળવા પૂરતી તબીબી સારવારની સુવિધા ઉપલબ્ધ છે. એન્ટીવાઈરલ દવાઓનો જથ્થો પુરતા પ્રમાણમાં છે સતત મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. તેમજ કેસ અને મરણના આંકડા રોજેરોજ પુરી પારદર્શકતાથી મીડીયાના મિત્રો મારફતે પ્રજામાં જાહેર કરવામાં આવે છે. જેથી જનસમુદાયમાં પણ આ મહામારીને સ્વાભાવિક સ્વરૂપમાં લઈ કોઈ ગભરાટનું વાતાવરણ જોવા મળતું નથી જે પ્રજાની સ્વસ્થતાનું સારૂ લક્ષણ છે.

(૨) તે અન્વયે તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર અને જિલ્લાવાર કેટલા ઈસમોના મૃત્યુ થયા ?

(૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં માસવાર અને જિલ્લાવાર થયેલ મૃત્યુની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | થયેલ કુલ મરણ | માસનું નામ | થયેલ કુલ મરણ |
|---|---|---|---|
| અમદાવાદ | ૫૪ | જાન્યુઆરી-૦૯ | ૦ |
| અમરેલી | ૬ | ફેબ્રુઆરી | ૦ |
| બનાસકાંઠા | ૧૪ | માર્ચ | ૦ |
| ભરૂચ | ૨ | એપ્રીલ | ૦ |
| ભાવનગર | ૮ | મે | ૦ |
| ગાંધીનગર | ૯ | જુન | ૦ |
| જામનગર | ૧૩ | જુલાઈ | ૦ |
| જિલ્લાનું નામ | થયેલ કુલ મરણ | માસનું નામ | થયેલ કુલ મરણ |
| જુનાગઢ | ૧૦ | ઓગષ્ટ | ૮ |
| કચ્છ-ભુજ | ૧૨ | સપ્ટેમ્બર | ૨૫ |
| ખેડા | ૪ | ઓક્ટોબર | ૭ |
| મહેસાણા | ૨ | નવેમ્બર | ૬ |
| પંચમહાલ | ૧ | ડિસેમ્બર | ૭૧ |
| પાટણ | ૩ | જાન્યુઆરી-૧૦ | ૧૧૯ |
| રાજકોટ | ૪૫ | | |
| સાબરકાંઠા | ૩ | | |
| સુરત | ૨૧ | | |
| સુરેન્દ્રનગર | ૬ | | |
| વડોદરા | ૨૦ | | |
| વલસાડ | ૧ | | |
| પોરબંદર | ૨ | | |
| કુલ : | ૨૩૬ | કુલ : | ૨૩૬ |

**માળીયા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અતર્ગત મંજૂર કામો**

૧૪૫૭૧ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૭ ગામોની યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી ? | (૨) ૪ ગામોની યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. |

**કોડીનાર તાલુકામાં સિંચાઈ વિભાગનું ખાલી મહેકમ**

૧૩૧૬૯ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલ સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના પેટા વિભાગ-૩૧, કોડીનાર કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની જગ્યા તા.૨૯-૧૦-૨૦૦૨થી ખાલી છે. તે હકીકત સાચી છે, અને | (૧) સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના પેટા વિભાગ-૩૧, કોડીનાર કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની જગ્યા તા.૨૯-૭-૨૦૦૫ના હુકમ ક્રમાંકઃ એસપીએસ/૧૦૨૦૦૪/૩૧૦/૩૦/ગ-૨થી રદ થયેલ છે. તેથી હાલમાં આ જગ્યા ખાલી ગણી શકાય નહિ. |
| (૨) જો હા, તો ઉપરોક્ત જગ્યા કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) આ જગ્યા રદ થયેલ હોવાથી જગ્યા ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં મોટા ચેકડેમો**

૧૩૧૭૯**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં મોટા ચેકડેમો બનાવવાની બાબત સરકારની વિચારણામાં છે કે કેમ,<br>(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ શી સ્થિતિ છે, અને<br>(૩) આ ચેકડેમો માટે કેટલો ખર્ચ થશે ? | (૧) (૨) અને (૩) : ના, જી.<br>આ વિસ્તારની ભોગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતાં મોટા ચેકડેમો તાંત્રિક રીતે શક્ય નથી. તેથી નાના ચેકડેમ બનાવવામાં આવે છે. નાના ચેકડેમ બનાવવા માટે જ્યાં જ્યાં યોગ્ય સ્થળ હશે ત્યાં બધીજ જગ્યાએ મંજુરી આપવામાં આવશે. તેથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વેર-૨ સિંચાઈ યોજનામાં સમાવિષ્ટ વિસ્તાર**

૧૪૫૮૩**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં આવેલ વેર-૨ સિંચાઈ યોજનાથી કેટલા વિસ્તારમાં સિંચાઈનો લાભ આપવામાં આવેલ છે ? | સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલ વેર-૨ સિંચાઈ યોજના દ્વારા ૨૫૮૭ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળેલ છે. |

**નિર્મળ ગુજરાત વર્ષ અંતર્ગત પે એન્ડ યુઝ ટોયલેટનું નિર્માણ**

૧૩૨૨૬ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નિર્મળ ગુજરાત વર્ષ નિમિતે બનાસકાંઠા જિલ્લાના શહેરી વિસ્તારની સ્વચ્છતા જાળવણી માટે તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પે એન્ડ યુઝ ટોયલેટના નિર્માણનું આયોજન થયું છે ? | કુલ ૩૬ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના નિર્માણનું આયોજન કરવામાં આવેલ છે. |

## જેતપુર-પાવી, છોટાઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકાઓના મીની પાણી પુરવઠા યોજના

**૧૩૪૨૦ શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : ાાનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર-પાવી, છોટા ઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકાઓમાં તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી છે,

(૨) તાલુકાવાર આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી યોજનાઓ કાર્યરત છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ મીની પાણી પુરવઠા યોજનાઓની વિગત નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકા | મંજૂર કરેલ મીની પા.પુ. યોજના |
|---|---|---|
| ૧ | જેતપુરપાવી | ૩૫ |
| ૨ | છોટાઉદેપુર | ૪૪ |
| ૩ | ક્વાંટ | ૮૧ |
| ૪ | નસવાડી | ૨૬ |
| | કુલ : | ૧૮૬ |

(૨) તાલુકાવાર ખર્ચ નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકા | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | જેતપુરપાવી | ૫૬.૭૭ |
| ૨ | છોટાઉદેપુર | ૬૯.૪૧ |
| ૩ | ક્વાંટ | ૧૨૦.૭૮ |
| ૪ | નસવાડી | ૪૩.૫૬ |
| | કુલ : | ૨૯૦.૫૨ |

(૩) કાર્યરત યોજનાની વિગત નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકા | કાર્યરત યોજના | |
|---|---|---|---|
| | | આંશિક | પૂર્ણ |
| ૧ | જેતપુરપાવી | ૦ | ૭ |
| ૨ | છોટાઉદેપુર | ૧૩ | - |
| ૩ | ક્વાંટ | ૩૪ | ૧૦ |
| ૪ | નસવાડી | ૨૦ | ૧ |
| | કુલ : | ૬૭ | ૧૮ |

------------

## ભિલોડા કોટેજ હોસ્પિટલમાં મંજૂર પથારીની સંખ્યા

**૧૪૫૬૬ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકા મથકે આવેલ કોટેજ હોસ્પિટલમાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલી પથારી મંજૂર થયેલ છે,

(૨) એમાં મેડીકલ ઓફિસર વર્ગ-૨ નું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) આ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસરોનું મહેકમ વધારવા હોસ્પિટલમાંથી કેટલી માગણીઓ ઉક્ત સ્થિતિએ આવેલ છે, અને

(૪) એની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૯૫ (પંચ્યાણું પથારી).

(૨) ૩ (ત્રણ).

(૩) માંગણી મળેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જે.એન.એન.યુ.આર.એમ. અંતર્ગત ભરૂચ જિલ્લા માટે ફાળવેલ ગ્રાન્ટ

**૧૨૭૨૭શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જવાહરલાલ નહેરુ અર્બન મીશન યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાના ક્યા ક્યા શહેરો માટે તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટ કેટલી રકમ વિકાસના કામો માટે ફાળવી,

(૨) ફાળવેલ રકમ અન્વયે ક્યા ક્યા કામો પૂર્ણ થયા અને કેટલા પ્રગતિમાં છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન યોજના અંતર્ગત યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. યોજનામાં ભરૂચ જિલ્લાના ભરૂચ શહેર માટે પાણી પુરવઠા પ્રોજેક્ટ માટે રૂ.૧૧૮૭.૨૮ લાખ ફાળવવામાં આવેલ છે.

(૨) ફાળવેલ રકમ અન્વયે પાણી પુરવઠાનું કામ પ્રગતિમાં છે.

(૩) ઉપર્યુક્ત યોજના અન્વયે તા.૩૧-૧૨-૦૯ સુધી કુલ રૂા.૭૨૦.૬૭ લાખનો ખર્ચ થયેલ છે.

## અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા સહાય

૧૨૮૫૫ **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજ્ય સરકારની સહાય યોજના અમલમાં છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, | (૨) ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી, નિયત પાત્રતા ધરાવતી અને નિયત શરતો પરિપૂર્ણ કરતી, સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હાલના મકાનના વિસ્તરણ માટે દસ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. |
| (૩) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવનને બાંધવા કેટલી અરજી મળી, અને | (૩) ૧૦ (દસ). |
| (૪) તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) કરવામાં આવેલ કાર્યવાહીની વિગત નીચે મુજબ છે. |

**મંજૂર કરવામાં આવેલ સહાય.**

| | ગુજરાતી સમાજનું નામ | ચૂકવાયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| (૧) | શ્રી ગુજરાતી સમાજ, ભોપાલ | ૫.૦૦ |
| (૨) | શ્રી ગુજરાતી સમાજ, ચંદીગઢ | ૫.૦૦ |
| (૩) | શ્રી ગુજરાતી સમાજ, ઉજ્જૈન | ૫.૦૦ |

**પૂર્તતા કરવા જણાવેલ.**

(૧) શ્રી ગુજરાતી સમાજ, જોધપુર, રાજસ્થાન.
(૨) શ્રી ગુજરાતી સમાજ, રાયચુર, કર્ણાટક.
(૩) દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ, બેંગ્લોર.
(૪) ભદ્રક ગુજરાતી સમાજ, ઓરીસ્સા.
(૫) શ્રી ગુજરાતી સમાજ શિક્ષણ સંસ્થાન, સાગર, મધ્યપ્રદેશ.
(૬) શ્રી ગુજરાતી સમાજ, જયપુર, રાજસ્થાન.

| | સહાય નામંજૂર કરવામાં આવેલ | નામંજૂર કરવાનું કારણ |
|---|---|---|
| **ગુજરાતી સમાજનું નામ** | | |
| (૧) | શ્રી ગુજરાતી સમાજ, જાલના, મહારાષ્ટ્ર. | શાળાના મકાનના બાંધકામ માટે સહાય માંગી હતી જે મળવાપાત્ર ન થતી હોવાથી. |

------------

## દાહોદ અને ગરબાડા તાલુકામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ મંજૂર ચેકડેમો

૧૩૦૩૧**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા, તેમાંથી કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા અને તે કઈ કઈ એજન્સીઓ દ્વારા બનાવવામાં આવ્યા, અને | (૧) મંજૂર થયેલ ચેકડેમ-૩૮૮<br>બાંધકામ થયેલ ચેકડેમ-૩૬૬<br>પ્રાયોજક અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા બનાવવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી બાકી રહી ગયેલ ચેકડેમોની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) શક્ય તેટલું વહેલું. |

## સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂના રોગથી થયેલ મૃત્યું

૧૪૫૫૬**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કારણે તાલુકાવાર કેટલા લોકોના મૃત્યું થયા,

(૨) આ રોગથી પીડિત કેટલા લોકોને સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા લોકોને બચાવી લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કારણે કુલ-૪ દર્દીઓના મરણ થયેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ મૃત્યુંની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧ |
| ૨ | પ્રાંતિજ | ૧ |
| ૩ | તલોદ | ૧ |
| ૪ | મોડાસા | ૧ |
| | કુલ મરણ | ૪ |

(૨) સ્વાઈન ફ્લૂથી પીડાતા કુલ-૧૨ વ્યક્તિઓને સારવાર આપવામાં આવી.

(૩) સ્વાઈન ફ્લૂથી પીડાતા કુલ-૧૨ વ્યક્તિઓમાંથી ૮ વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા છે.

------------

## મહીસાગર નદી ઉપર નવો આડબંધ બાંધવાનું આયોજન

૧૪૫૫૮ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ મહીસાગર નદી ઉપર ઉમેટા બ્રિજ પાસે નવો આડબંધ બનાવવાનું કે હયાત આડબંધની ઉંચાઈ વધારવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગત શું છે,

(૩) તે અન્વયે ગામોની કેટલી જમીન ડુબાણમાં જશે અને કેટલી જમીન સંપાદન કરી, અને

(૪) ક્યા ક્યા ગામોને તેનાથી લાભ થશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## મહુવા તાલુકામાં સી.એચ.સી. દીઠ સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

૧૪૫૪૦**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)ાાનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર દીઠ તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર દીઠ તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ અન્વયે ભરેલી અને ખાલી જ્ગ્યાની વિગત દર્શાવતું પત્રક-અ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર દીઠ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ અન્વયે ભરેલી અને ખાલી જ્ગ્યાની વિગત દર્શાવતું**

**પત્રક.**

| ક્રમ | સંવર્ગનું નામ | સા.આ.કે. મોટા ખુટવાડા | | | સા.આ.કે. જેસર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | ત.અ. વર્ગ-૨ | ૩ | ૩ | ૦ | ૩ | ૨ | ૧ |
| ૩ | સીની.આસી. વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સીની. ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૫ | એક્સ-રે.ટેક્ની | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૬ | લેબ.ટેક | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૭ | જુનીયર ફાર્માશીસ્ટ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૮ | સ્ટાફ નર્સ | ૭ | ૭ | ૦ | ૭ | ૫ | ૨ |
| ૯ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૦ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૧ | પટાવાળા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | વોર્ડ સર્વન્ટ | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૧૩ | વોર્ડ આયા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૪ | સ્વીપર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૫ | પાર્ટ.ટાઈમ સ્વીપર | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૧૬ | પાર્ટ.ટાઈમ ચોકીદાર | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ |
| | કુલ.. | ૨૭ | ૨૩ | ૪ | ૨૬ | ૧૬ | ૧૦ |

(૨) આ જ્ગ્યાઓ ભરવા સરકારનું આયોજન શું છે ?

(૨) (૧) વર્ગ-૧ અને ૨ તબીબની જ્ગ્યા ભરવા માટે કમિશ્નરશ્રી (આ) ની ક્ચેરી ખાતે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી થયેથી નિમણૂંક આપવામાં આવે છે.

(૨) વર્ગ-૩ ના કર્મચારીઓની સીધી ભરતીથી નિમણૂંક ગોણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આપવામાં આવે છે. વધુમાં, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા ક્રાર આધારીત નિમણૂંક પણ આપવામાં આવે છે. જ્યારે બઢતીથી ભરવાપાત્ર ખાલી જ્ગ્યાઓ ખાતાકીય બઢતી સમિતિની ભલામણ મેળવી કમિશ્નરશ્રી ક્ચેરી દ્વારા ભરવામાં આવે છે.

(૩) વર્ગ-૪ ની ખાલી જ્ગ્યાઓ આઉટ સોર્સથી એજન્સી મારફતે સેવકોની ક્રારના ધોરણે સેવા લેવાનું આયોજન ક્રવામાં આવેલ છે, તથા

(૪) સામુહિક આરોગ્ય કેન્દ્રની સાફ સફાઈ માટે ક્રાર આધારીત નિમણૂંક આઉટ સોર્સથી ક્રવા માટે વાર્ષિક રૂ.૧,૦૦,૦૦૦/- નેશનલ રૂરલ હેલ્થ મિશન મારફતે રોગી ક્લ્યાણ સમિતિને હવાલે મુક્વાનું આયોજન ક્રવામાં આવેલ છે.

**પંચમહાલ જિલ્લામાં શહેરી વિકાસ માટે ફાળવેલ રકમ**

૧૨૮૬૪ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં શહેરી વિકાસ માટે ક્યા ક્યા હેતુઓ માટે કેટલી રકમ ફાળવી, અને

**જવાબ**

(૧) (૧) માળખાક્યિ સુવિધાના કામો માટે ફાળવેલ રકમ (રૂ.લાખમાં)

| નગર-પાલિકા | ફાળવેલ ગ્રાન્ટ | કામોની વિગત |
|---|---|---|
| ગોધરા | ૭૫૭.૯૨ | પાણી, રસ્તા, ગટર, દિવાબત્તી |
| હાલોલ | ૩૭૯.૧૮ | પાણી, રસ્તા, ગટર |
| લુણાવાડા | ૫૮.૫૬ | રસ્તા, હેન્ડપંપ, ગટર, સ્મશાન |
| કાલોલ | ૩૦૩.૫૨ | પાણી, રસ્તા, ગટર |
| સંતરામપુર | ૫૧.૭૨ | ટ્રેક્ટર, હેન્ડપંપ, રસ્તા, ગટર, રેનબસેરા |
| શહેરા | ૬૬.૩૧ | રસ્તા, હેન્ડપંપ, ગટર, ગળનાળું |
| **એકંદરે કુલ :** | **૧૬૧૭.૨૧** | |

(૨) યુ.આઈ.ડી.એસ.એમ.ટી. ના કામો માટે ફાળવેલ રકમ (રૂ.લાખમાં).

| નગરપાલિકા | ફાળવેલ રકમની વિગતો |
|---|---|
| ગોધરા | ૯૭૬.૪૦૩ |
| શહેરા | ૩૩૨.૭૬૬ |
| લુણાવાડા | ૧૦૭.૩૪ |

(૩) આવાસના કામો માટે ફાળવેલ રકમ

(રૂ.લાખમાં)

| નગરપાલિકા | ફાળવેલ રકમ રૂ. |
|---|---|
| હાલોલ | ૪૧૧.૦૮ |
| કાલોલ | ૨૨૬.૬૯ |

(૨) ફાળવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો અને કેટલા કામો પૂર્ણ થયા ?

(૨) (૧) માળખાકિય સુવિધાના કામો માટે થયેલ ખર્ચ (રૂ.લાખમાં).

| નગરપાલિકા | થયેલ ખર્ચ | થયેલ કામગીરી |
|---|---|---|
| ગોધરા | ૫૯.૦૦ | ૩૭ |
| હાલોલ | ૨૫૭.૯૮ | ૪૨ |
| લુણાવાડા | ૭૮.૩૨ | ૧૬ |
| કાલોલ | ૨૮૫.૦૦ | ૩૦ |
| સંતરામપુર | ૧૯.૯૯ | ૧૧ |
| શહેરા | ૩૨.૦૦ | ૧૯ |
| એકંદરે કુલ : | ૭૩૨.૨૯ | ૧૫૫ |

(૨) યુ.આઈ.ડી.એસ.એમ.ટી. ના કામો માટે ફાળવેલ રકમ (રૂ.લાખમાં).

| નગરપાલિકા | થયેલ ખર્ચ | થયેલ કામગીરી |
|---|---|---|
| ગોધરા | ૯૩૬.૨૦ | પ્રગતિમાં છે. |
| શહેરા | ૨૮૬.૫૭ | પ્રગતિમાં છે. |
| લુણાવાડા | ૭.૧૬ | પ્રગતિમાં છે. |

(૩) આવાસના કામો માટે થયેલ ખર્ચ (રૂ.લાખમાં).

| નગરપાલિકા | થયેલ ખર્ચ | થયેલ કામગીરી |
|---|---|---|
| હાલોલ | ૨૩૯ | પ્રગતિમાં છે. |
| કાલોલ | - | પ્રગતિમાં છે. |

------------

## કોડીનાર તાલુકામાં નોંધાયેલ મેડીકલ સ્ટોર્સના લાયસન્સદારો

૧૩૧૭૦ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલાં મેડીકલ સ્ટોર્સના લાયસન્સદાર નોંધાયેલા છે, | (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૪૯ મેડીકલ સ્ટોર્સના લાયસન્સદાર નોંધાયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા મેડીકલ સ્ટોર્સનું ચેકીંગ કરવામાં આવેલ અને તે દરમ્યાન કેટલા સ્ટોર્સમાં ક્યા ક્યા પ્રકારની ગેરરીતિઓ પકડાયેલ અને તે સબબ શું કાર્યવાહી કરવામાં આવી, | (૨) છેલ્લા ત્રણ વર્ષમાં ૨૫ મેડીકલ સ્ટોર્સની તપાસ કરવામાં આવેલ છે. તે દરમ્યાન ૩ (ત્રણ) સ્ટોર્સમાં ફાર્માસીસ્ટની ગેરહાજરી માલુમ પડતા પેઢીના પરવાના સ્થગિત કરવામાં આવેલ અને ૨૨ સ્ટોરમાં ક્ષતિઓ સામાન્ય હોઈ, તે સબબ ખુલાસા મેળવી ભવિષ્યમાં કાળજી રાખવા ચેતવણી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ મેડીકલ સ્ટોર્સના લાયસન્સદાર ૫૦ કી.મી. દૂરના વિસ્તારના હોય તેવા લાયસન્સદારો કેટલાં, | (૩) ""શૂન્ય"". |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લાયસન્સ રીન્યુ ન કરાવેલ હોય તેવાં કેટલાં અને ક્યા ક્યા મેડીકલ સ્ટોર્સ છે, અને | (૪) ""શૂન્ય"". |
| (૫) ઉક્ત સ્થિતિએ લાયસન્સ વગર ચાલતા મેડીકલ સ્ટોર્સની સંખ્યા કેટલી અને આવા બિન કાયદેસર મેડીકલ સ્ટોર્સ સામે શું કાર્યવાહી કરવા માંગો છો ? | (૫) કોઈપણ મેડીકલ સ્ટોર્સ લાયસન્સ વગર ચાલતા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.**

**માગણી નં. ૧૨**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧૩,૫૬,૩૫,૦૦૦/-ની *માગણી ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૩**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨૭,૮૮,૮૯,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૫,૩૮,૨૫,૯૯,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

---

* પહેલા દિવસની માગણીનો રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૦-૧૧ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૪**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતા અન્ય ખર્ચ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪૫,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૩,૦૦,૧૩,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી નં. ૪૯**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૮,૪૯,૯૭,૮૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૫૫,૦૪,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર- ૫૦**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૮૬,૫૭,૨૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂ.૩,૫૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક : ૫૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૫૦ રજૂ કરવામાં આવી.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૧૧-૩-૨૦૧૦ (પહેલા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં.૧૨** | | |
| ૧. | ૨૦૪૫ ચીજવસ્તુઓ......શુલ્ક<br>૧૦૩ વસૂલાત.... શુલ્ક<br>૦૧ વીજળી ......નિરીક્ષક<br>રૂા.૧૩,૫૬,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૫, પા.નં.૬-૭ | ૧૦૦ | વીજ શુલ્કમાં આમજનતાને રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨. | -- " -- | ૧૦૦ | વીજ ગ્રાહકોની હાજરીમાં જ તેમના મીટરોની ચકાસણી થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૩. | -- " -- | ૧૦૦ | વીજળી શુલ્કના મુખ્ય વીજળી નિરીક્ષકની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૪. | -- " -- | ૧૦૦ | નાના અને લઘુ ઉદ્યોગોને વીજ શુલ્કમાં પૂરતી રાહતો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરસિંહ બારડ |
| ૫. | -- " -- | ૧૦૦ | વીજ ગ્રાહકો પોતાના વીજ મીટરો મૂકી શકે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૬. | -- " -- | ૧૦૦ | વીજ વપરાશના સાચી રીતે આંકાડાઓ મેળવવાને બદલે વીજ કંપનીઓને ફાયદો થાય તે રીતની થતી કાર્યવાહી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| | | **માગણી નં.૧૩** | | |
| ૭. | ૨૮૦૧ વીજળી શકિત<br>૮૦ સામાન્ય<br>૧૦૧ વિદ્યુત બોર્ડને સહાય<br>રૂા.૧૨,૧૪, ૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫, પા.નં. ૧૨-૧૩ | ૧૦૦ | વિદ્યુત બોર્ડ દ્વારા વીજ મથકોની જૂની મશીનરી બદલી વીજ ઉત્પાદન વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૮. | -- " -- | ૧૦૦ | ખેડૂતોને સમયસર અને નિયમિત વીજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૯. | -- " -- | ૧૦૦ | વિદ્યુત બોર્ડને દર વર્ષો મોટી સહાય આપવા છતાં વધતી જતી ખાધ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૧૦. | -- " -- | ૧૦૦ | ધરવપરાશના ઉપકરણોને નુકસાન ન થાય તે રીતે વીજ પ્રવાહને સંતુલીત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૧. | -- " -- | ૧૦૦ | ઉનાળામાં ઉભા પાક સૂકાતા હોય ત્યારે ખેડૂતોને વધુ સમય સતત વીજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાધવજીભાઈ પટેલ |
| ૧૨. | -- " -- | ૧૦૦ | કૃષિ વીજ જોડાણોની લાંબી યાદી સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૩. | -- " -- | ૧૦૦ | વીજ ગ્રાહકો પાસેથી નિયમિત સ્વરૂપે વસૂલવામાં આવતું વીજ મીટર ભાડું રદ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૧૪. | -- " -- | ૧૦૦ | ખેતરો વચ્ચે વીજ પોલ ઉભા કરવાથી ખેડૂતોને થતું આર્થિક નુકસાન રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૧૫. | -- " -- | ૧૦૦ | વીજ ફોલ્ટ થાય ત્યારે તાકીદે વીજ હેલ્પરોની સેવા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૧૬. | -- " -- | ૧૦૦ | જર્જરીત વીજ વાયરો સત્વરે દૂર કરી એકધારો વીજ પુરવઠો જળવાઈ રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમરસિંહભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭. | ૨૮૦૧ વીજળી શકિત<br>૮૦ સામાન્ય<br>૮૦૦ અન્ય ખર્ચ<br>૦૩ .ધચ ૨૫ સરદાર..સહાય<br>રૂા. ૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫, પા.નં. ૧૫ | ૧૦૦ | સરકારી સહાય મેળવતી સરદાર પટેલ નવીનીકરણપાત્ર ઉર્જા સંશોધન સંસ્થાની કામગીરી અંગે પ્રજા માહિતગાર થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| | | **માગણી નં - ૧૪** | | |
| ૧૮. | ૨૮૫૨ ઉદ્યોગો<br>૦૪ પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગો<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>૦૧ .ધચ ક્ષ્પ હાઈડ્રોકાર્બન... કચેરી<br>રૂા ૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫, પા.નં. ૨૧ | ૧૦૦ | ૫૧ કૂવાઓમાંથી (બ્લોકસ) કેટલું ઓઈલ/ગેસ મળેલ છે તેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૧૯. | -- " -- | ૧૦૦ | જી.એસ.પી.સી.ને અપાયેલ લોનના નાણા પરત મેળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૦. | -- " -- | ૧૦૦ | કેન્દ્ર સરકાર ારા સસ્તા દરે મળતા ગેસનું વેચાણ ખાનગી કંપનીઓ ારા ઉંચા દરે થતું રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં.૪૯** | | |
| ૨૧. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૨- યદમ.૧૧-કુટિર...કચેરી<br>રૂા.૫,૬૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં. ૩૧ થી ૩૩ | ૧૦૦ | કુટિર ઉદ્યોગ અને ઔદ્યોગિક સહકારી મંડળીઓના નિયામકની કચેરીમાં વર્ષાથી એકજ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓને અન્યત્ર મૂકી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૨૨. | -- " -- | ૧૦૦ | જિલ્લા કક્ષાની કચેરીઓમાં કુટીર-લઘુ ઉદ્યોગોની રજૂઆતો પ્રત્યે પૂરતું ઘ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૩. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૧૦૨-લઘુ ઉદ્યોગો<br>૦૩ યદમ.૧૦ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો<br>રૂા.૧૩,૪૨,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૪-૩૫ | ૧૦૦ | લઘુ ઉદ્યોગોનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિરાભાઈ પટેલ |
| ૨૪. | -- " -- | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૫. | -- " -- | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી કાર્યરત લઘુ ઉદ્યોગો અને બંધ ઉદ્યોગો અંગેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરસિંહભાઈ બારડ |
| ૨૬. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૧૦૨-લઘુ ઉદ્યોગો<br>૧૭. યદમ.૨૬ ગ્રામ.... સહાય<br>રૂા.૧૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં. ૩૪ થી ૩૭ | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપી તેમના માલનું વેચાણ સરળતાથી થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨૭. | ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૧૦૪ હાથ ઉદ્યોગો<br>૦૨ યદમ.૨૧ એ ખરીદ.....ડીપો<br>રૂા.૧૦,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૩૯-૪૦ | ૧૦૦ | ખરીદ વેચાણ ભંડાર અને વેચાણ ડેપોની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૨૮. | ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૧૦૪ હાથ ઉદ્યોગો<br>૦૪ યદમ.૧૭ વડોદરા....કેન્દ્ર<br>રૂા.૪,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૩૯ થી ૪૨ | ૧૦૦ | વડોદરા ખાતે ઢીંગલીઓ અને રમકડાં બનાવવા અંગેના તાલીમ કેન્દ્રમાં વર્ષ દરમિયાન કેટલી વ્યકિતઓને તાલીમ આપી તૈયાર કરવામાં આવી તેની માહિતી પ્રકાશિત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૨૯. | ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૧૦૮ યંત્રશાળ ઉદ્યોગો<br>૦૧ યદમ.૧૨યંત્રશાળ...કાર્યક્રમ<br>રૂા૩૦,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૪૭-૪૮ | ૧૦૦ | પાવરલુમ્સ ઉદ્યોગોના પડતર પ્રશ્નોનું નિરાકરણ કરી આર્થિક પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| | | **માગણી નં-૫૦** | | |
| ૩૦. | ૨૮૫૩-બિન લોહ.....ઉદ્યોગ<br>૦૨-ખાણોનું.....વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-આઈએનડી-૪૩ ભૂસ્તર...<br>....કચેરી | ૧૦૦ | ખાણોમાંથી ગેરકાયદેસર ખોદકામ કરી વેચાણ કરતા માફીયાઓ સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૬૦,૫૦,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પા.નં.૭૯-૮૦ | | | |
| ૩૧. | -- " -- | ૧૦૦ | મોટા ઉદ્યોગો દ્વારા નદીની રેતીનું ગેરકાયદેસર ખોદકામ કરી રોયલ્ટીની કરાતી ચોરી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૩૨. | -- " -- | ૧૦૦ | રોયલ્ટીની વસૂલાત કરવામાં તેમજ ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૩૩. | -- " -- | ૧૦૦ | ખાણોની લીઝો આપવામાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૩૪. | -- " -- | ૧૦૦ | જિલ્લાકક્ષાએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ આયુકતની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૩૫. | -- " -- | ૧૦૦ | ખાણોમાંથી કિંમતી ધાતુઓના વહન માટે અપાતા પાસમાં ચાલતી ગેરરીતિ નિવારવા તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૩૬. | -- " -- | ૧૦૦ | લાંબા સમયથી એકજ જગાએ રહેલા કર્મચારીઓની અન્યત્ર બદલી કરી વહીવટને પારદર્શક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહ વસાવા |

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ પર બોલતા મારે એ કહેવું છે જે રીતના બે દાખલા આજે હું આપવાનો છું એવું કહી શકાય કે આ વિભાગ ભ્રષ્ટાચારીઓનું કલ્યાણ થાય છે અને ગરીબોના તો માત્ર મેળા થાય છે. હું એ વાત કરવા માગું છું કે જી.એસ.પી.સી. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન એણે ૧૦ટકાનું પ્રોડકશન કેરીડ ઈન્ટરેસ્ટ એક એગ્રીમેન્ટ કોના સાથે કર્યું? કેનેડાની એક કંપની જી.ઓ. ગ્લોબલ નામની કંપની સાથે. એની પારદર્શકતા શું? આપે કયા ઈન્ટરનેશનલ ટેન્ડરો મંગાવ્યા હતા શું આપ આ વિધાનસભાના ફલોર ઉપર મૂકવા માગો છો ખરા? એ મંગાવ્યા પછી આપે ૧૦ટકા ઈકવીટી શેના માટે આપી? એ જ જગ્યાએ રીલાયન્સ છે, કોલ ઈન ઈન્ડીયા છે, ઓ.એન.જી.સી. છે. કોઈએ આવો વહીવટ નથી કર્યો. આપણે કર્યો. ૨૧ ઓગષ્ટ,૨૦૦૨ સુધીમાં આ કંપની જેનો ઈન્ટરનેટ ઉપર અવેલેબલ છે એકાઉન્ટ. આ કંપની સદ્ધર કંપની નથી. ૧૩૭કરોડ રૂપિયાની ખોટ બતાવે છે ઈન્ટરનેટ પર એવી કંપની સાથે તમે કરાર કર્યો. આ જે કંપની છે એ કંપની સાથે તમે કયા કરાર કર્યા? અહીંયા મુકો તો ખરા? એ કરાર કેવા હતા કે આપે જી.એસ.પી.સી.એ એમ કહયું કે તમારા પાસેથી ૭૮.૭ મિલિયન યુ.એસ.ડોલર અમારે લેવાના નીકળે છે. ૩૬૫કરોડની આપે માગણી કરી.૨૮ નવેમ્બર, ૨૦૦૮એ આપે કાગળ લખ્યો અને કંપનીએ શું કહયું છે કે મારે પૈસા આપવાના જ નથી તમને. મારો તો કરાર એવો છે કે જયારે પ્રોડકશનમાં જાવ, ઓઈલ ક્રુડ ગેસ વેચાય, એનો મારો નફો આવે તે દિવસે કાપી લેજો અને ૨૦૦૮માં કાગળ લખાયા પછી આ કંપની પાસેથી આપણે એક રૂપિયો વસૂલ કરી શકયા નથી અથવા તો આપણી દાનત નથી અથવા તો આપણે ઈરાદાપૂર્વક એગ્રીમેન્ટ એવો કર્યો હતો. આપનો વિવાદ થશે તો શું થશે? આપ પ્રીવી કોર્ટમાં કેસ ન કરી શકો. આપે લંડન લવાદમાં કેસ કરવા જવાનું. આવા તો કરાર કર્યા છે ત્યારે આ નુકસાની કોના ફાયદા માટે છે? મારે એક બીજો દાખલો આપવો છે. વીજનું ઉત્પાદન કરીએ છીએ એ કેરી ખાવા જેવું હોય છે. આંબો વાવે એ લાંબાગાળાનું આયોજન હોય છે. આપે એના માટે ભાવો મંગાવ્યા. લાંબો ગાળો એટલે ૨૫ વર્ષ સુધી વીજળી મળે એવા ટેન્ડર ભરો. ઘણા લોકોએ ભર્યા. આપે એમાંથી પસંદ કર્યા ૧,૦૦૦ મેગાવોટ માટે અદાણીને પસંદ કર્યા. આમની સાથે મારે પાવર પરચેસ એગ્રીમેન્ટ કરવું છે. ૨.૩૫ પૈ. ભાવથી આપે એગ્રીમેન્ટ કર્યુ. આપના એગ્રીમેન્ટ મુજબ ૨૦૦૭ ફેબ્રુઆરીના એગ્રીમેન્ટ મુજબ ૨૦૧૨ ફેબ્રુઆરીથી ૨૫ વર્ષ સુધી આપને ૨.૩૫ પૈ.થી પાવર આપવાનો હતો.

**શ્રી સૌરભ પટેલ** : માનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આ કેસ જી.આર.સી. માં છે ક્વાશી જ્યુડિશિયલ ઓથોરિટી ગણાય કે ન ગણાય?(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અદાણીને આપના બચાવવાની જરૂર નથી. તમારો કેસ લડું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું જવાબ આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હા, જવાબ આપજોને. આપનો કેસ આપ ગયા છો ત્યાં. આપનો કેસ હું લડું છું ને એમાં આપ જવાબ આપવાના એનો કેસ લડું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અદાણીનો જવાબ અદાણીના વકીલ આપે અહીયાથી કોઈએ આપવાનો છે?

**અધ્યક્ષશ્રી** : અહીયા ગૃહમાં આપશે. અર્જુનભાઈ આ જાતના વક્રોતિ ન કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી એ મને પૂછે છે કે અદાણીનો જવાબ અદાણી આપે કે અદાણીના આંકડા મંત્રીશ્રી આપે. તે મને પૂછે છે. હું કહુ છું કે ન અપાવવા જોઈએ. ન અપાવવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આ કોર્ટ નથી. આ વિધાનસભા ગૃહ છે. અને અહીયા તમે આક્ષેપો અદાણી ઉપર નથી કરતા. સરકાર ઉપર કરો છો, એટલે સરકાર એનો જવાબ આપશે. આપ જયારે બોલતા હોય ત્યારે આપને અર્જુનભાઈ ઈન્ટરવીન કરે તે આપના માટે સારું નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો સમય બચાવવા માટે આગળ જાઉં છું. જે પી.પી.એ. થયું. આ સરકારે કર્યુ. પાવર પરચેસ એગ્રીમેન્ટ કર્યુ ત્યારે કોઈપણ જગ્યાએ એવું નથી લખાયું કે જી.એસ.પી.સી. તમને કોઈ જાતનું ફ્યુલ કે કોલ પૂરું પાડશે. અદાણીને લખ્યું. આઈ.પી.ઓ. માં પણ લખ્યું કે હું ક્યાથી પરચેસ કરીશ? હું કોલ ડોમેસ્ટિક અને ઈમ્પોર્ટેડ પરચેસ કરીશ અને તમને ૧,૦૦૦ મેગાવોટ આપીશ.. એ પછી શું થયું? આપને એક નોટિસ આપે છે. આપને નોટિસ આપે છે કે હવે મને જી.એમ.ડી.સી. કોલ પૂરો પાડવાની નથી, માટે તમારી સાથે મેં એગ્રીમેન્ટ કર્યુ છે એ મારે ફોક કરવું છે. તાકાત છે કોઈ કંપનીની સરકારને કહે અને ગુજરાતમાં ધંધો કરી શકે, શું એટલી નેમ ન હોય કે બ્લેકલિસ્ટ કરી શકીએ. આપણે માત્ર એમને એકાદ કોન્ટ્રાક્ટમાં ગેરલાયક ઠરાવ્યા અને રાજી થઈ જઈએ તેમ નહિ ચાલે. The Company Should be Blacklisted અને એટલા માટે ગુજરાતને કેટલું મોટું નુકસાન થવાનું છે. હું તો આપના જેવો નાણા મંત્રીશ્રી રાજ્ય કક્ષા જેવો ઉદ્યોગોના આંકડાઓને સમજનારો માણસ નથી. મારું સંકુચિત જ્ઞાન છે. એમાં મેં જે જર્કમાં જે પિટિશન ફાઈલ થઈ છે, તેમાં જે પિટિશન એડમિટ થયેલ છે, એમાં એ સમયે કહેવાયું છે કે આમ થવાથી અદાણીને આ કોન્ટ્રાક્ટ રદ કરી દેવાથી તમને જે ૨૫ વર્ષ સુધી ૨.૩૫ પૈ.થી આપવાનું હતું એ નહિ આપવાથી નક્કી કરવાથી જર્કની પિટિશનમાં ઉલ્લેખ છે એ પ્રમાણે ૧૧,૮૨૬ કરોડથી લઈને ૧૯૭૧૦ કરોડ સુધીનો ફાયદો એ માણસને થવાનો છે. આપણે વાત કરીએ છીએ અને આ જે વહીવટ થયો, એમાં જયારે આપણી પાસે અદાણી સાથેનું આપનું ડીલ થયું, ત્યારે આપને ત્યાં પણ સારા અધિકારીઓ છે. આપનું ધ્યાન દોર્યુ ૨૫મી મે ૨૦૦૭ ના રોજ. જી.એમ.ડી.સી. ના અધિકારીએ આપને પત્ર લખ્યો. આની સાથે આગળ વધતા વિચારજો અને સ્પષ્ટતા કરી આપી કે અમે આવા કોઈ કોલ લિંકેજ કે ફ્યુઅલની ખાતરી નથી આપી. એ કયારે કહ્યું ૨૫-૨-૨૦૦૭. આજે આપણે કયાં છીએ? ૨૦૧૦ માં. ફેબ્રુઆરી ૨૦૧૨ માં તમને પાવર મળી જવો જોઈતો હતો. આજે આપણને કહે છે કે મારું આ રદ કરો. બે કારણ લાગે છે મને. એક તો એ કાં તો એને એ જ વખતે ખબર હતી કે હું પાવર પેદા કરવાનો નથી. મારે સરકારને પાવર આપવાનો નથી. પણ હું આ કોન્ટ્રાકટ લઈ લઉં. એટલે બીજો કોઈ માણસ છે એ ૨.૪૦ કે ૨.૪૫ પૈ. કે ગમે તે પૈસામાં માં ગુજરાત સરકાર સાથે કોન્ટ્રાક્ટ કરે નહિ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર નવું વીજ ઉત્પાદન કરે નહીં અને એટલે ટૂંકાગાળાની વીજળી ખરીદવાની છે તે મારા ભાવે હું વેચ્યા કરું અને ગુજરાતની સરકાર જે છે તે મારા પાસેથી મને ફાવે તેવા ભાવે ગુજરાત વીજળી ખરીદે. ૧૦૦૦ મે.વો. ૨૫ વર્ષ સુધી ગુજરાતને વીજળી મળવાની હોય, ત્રણ વર્ષ પછી જેને કોઈ અધિકાર નથી તે માણસ કૉન્ટ્રૅક્ટ રદ કરે અને તેની સામે આપણે માત્ર જર્કમાં એપ્લિકેશન ફાઈલ કરીને આપણે સંતોષ લઈ લેશું કે અમે તેની સામે જઈએ છીએ. શું થાય છે? અમારી વ્યથા શું હોય છે? આવી પીટીશનો થાય જે હોલ આઉટેડલી લડાય નહીં. ઈફ યુ લુઝ ધીસ પીટીશન, ધી એન્ડ રીઝલ્ટ વીલ બી. ૨૫ વર્ષ સુધી ગુજરાતને ૧૦૦૦ મો.વો. પાવર દરવર્ષે ૨.૩૫ પૈસે મળવાનો હતો તે નહીં મળે. કોને કેટલા કરોડનો વહીવટ થશે અને ગુજરાતની પરિસ્થિતિ શું થશે? આજેને આજે નવો પાવર પેદા નહીં કરી શકો. આજે નવો કોન્ટ્રાકટ કરવા જશો તો આપની જે પરિસ્થિતિ છે પરચેઝીંગની. અને આપ પાવર કરશો ત્યારે જે લોસ જવાનો છે તેને આપ મીડવીથ નહીં કરી શકો. મારા પક્ષે સમયની મર્યાદા છે. મારા અન્ય સભ્યશ્રીઓ ભાગ લેવાના છે. એક એક ડોકયુમેન્ટ મારી પાસે છે કે અદાણીની એક દલીલ ટકી શકે તેમ નથી. તેમણે આઈ.પી.ઓ લીધો હોય ત્યારે અને આપણી સાથે કરાર કર્યો હોય ત્યારે અને મારી વિનંતી છે સરકારને આ બાબતમાં આપ જર્કમાં પીટીશન ફાઈલ કરી છે ત્યારે સત્ય હકીકત અને નિષ્ઠાથી આપણે લડીએ. આ માણસને આપણે ગુજરાતમાં બ્લૅક લીસ્ટ કરીએ કે ગુજરાતની અંદર તમે જે અન્યાય કર્યો છે તેને નહીં સાંખી લઈએ અને હું આપને માત્ર એકાદા ટેન્ડરમાં ગેરલાયક કર્યા તે વાતથી નહીં પડે. આર યુ રેડી ટુ બ્લેક લીસ્ટ હીમ. મારા એક વિદ્વાન મિત્ર નામ નહીં લઉં. આ જ ગૃહના સભ્યશ્રીએ બુક મોકલી છે. "માઈનોર હીન્ટ". જ્યારે સયાજીરાવ તે રાજા બન્યા ત્યારે બાળક હતા અને તેને જે હીન્ટ આપી હતી કે તમારે કેવો વહીવટ કરવાનો છે. તેમાં લખેલ છે કે સત્તામાં બેઠેલ વ્યકિતએ કોઈ વેપારી સાથે કોઈપણ જાતના સંબંધ છે તે કયાંય બહાર નહીં દેખાય તેની કાળજી રાખવી પડશે. સત્તામાં બેઠેલા રાજાએ પોતાની સહીથી કાગળ નહીં મોકલવો જોઈએ. સમારંભમાં મળે તો નામથી નહીં બોલાવવો જોઈએ તેને હાથ નહીં મિલાવવો જોઈએ અને તેનાથી દૂર રહેવું જોઈએ. આવો માણસ હોય તેમાં લખેલ છે કે પછી ચાંપલુસ અધિકારીઓ રાજયના જે છે તે વેપારીની સાથે જોડાઈ જશે અને પછી એ રાજયના વફાદાર નહીં રહે. ચાંપલુસ અધિકારી વેપારીના વફાદાર થઈ જશે. કેટલાક સારા અધિકારીઓ છે જેને આ કાગળ લખ્યો છે અને કેટલાક આઈ.એ.એસ. અધિકારીઓ એ ઈન્ડિયન એડમીનીસ્ટ્રેટીવ સર્વિસ નહીં ઈન્ડિયન અદાણી સર્વિસ હોય તે રીતે કામ કરી રહ્યા છે તે શરમજનક બાબત છે તે વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ઉર્જા વિભાગ અને ઉદ્યોગ વિભાગની માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશનું ખૂબ જ આગળ પડતું ઔદ્યોગિક રાજય છે અને તેનું આપણે સતત ગૌરવ લઈએ છીએ. દુ:ખ સાથે નોંધવું પડે કે છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતના ઔદ્યોગિકરણની દિશા જો જોઈએ તો આપણે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને કોરાણે મૂકી અને માત્રને માત્ર મોટી કક્ષાના ઉદ્યોગો, મોટા કદના ઉદ્યોગોની પાછળ એક આંધળી દોટ મૂકી છે અને પરિણામે પરિસ્થિતિ શું થાય છે? નાના અને મધ્યમ કદના ઉદ્યોગો આ રાજયના યુવાનોને રોજગારી આપવામાં સૌથી મોટો ભાગ ભજવતા હોય, એક નાનો અને મધ્યમ કદનો ઉદ્યોગ આવે. એક કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થાય તો અંદર ૨૫-૩૦ યુવાનોને રોજગારી મળતી હોય છે. પરંતુ આપણે એ બધા ઉદ્યોગોની ઉપેક્ષા કરીએ. તેમાંના ઘણા ઉદ્યોગો બંધ પડી જાય તેની ચિંતા ન કરીએ અને આપણે માત્ર મોટા કદના ઉદ્યોગો પાછળ જઈએ...અને એના કારણે આ રાજયના યુવાનોને આટલા મૂડી રોકાણ પછી પણ જે રોજગારીની તકો મળવી જોઈએ એ રોજગારીની તકોથી ગુજરાત રાજયનો યુવાન સાહેબ વંચિત રહેશે. આપણે વાયબ્રન્ટ સમીટ અને એના નામે મોટા મોટા મેળાવડા, છેલ્લા ચાર ચાર વાયબ્રન્ટ સમીટની મોટી મોટી જાહેરાતો, અને પરિણામ શું? ૨૦૦૩નું વાયબ્રન્ટ સમીટ થયું, છાસઠ હજાર અડસઠ કરોડના મૂડીરોકાણોના એમઓયુ કરવામાં આવ્યા, ઈમ્પ્લીમેન્ટેશન ૨૦૦૩ અને ૨૦૧૦ એ સાત વર્ષનો સમય ગયા પછી પણ ઈમ્પ્લીમેન્ટેશન પંચાવન ટકા અને ત્યારે પછી ૨૦૦૫, ૦૭ અને ૦૯ના એમઓયુમાં તો એ ઈમ્પ્લીમેન્ટેશનની ટકાવારી એનાથી પણ વધારે નીચી આવતી ગઈ, ત્રીસ ટકા, એકવીસ ટકા અને ૨૦૦૯માં તો માત્ર હજી સુધી આઠ જ ટકા ઈમ્પ્લીમેન્ટેશનની દિશામાં થઈ શકયા છીએ. બીજા રાજયોને આવા વાયબ્રન્ટ સમીટ કરવાની જરૂર નથી પડતી અને એમ છતાંય મૂડી રોકાણમાં આપણા રાજય કરતાં બીજા રાજયો આગળ વધતા જાય એમનું વાયબ્રન્ટ સમીટ નથી હોતું. ૨૦૦૮-૦૯ના જે આંકડા પ્રસિધ્ધ થયા, આંખ ખોલનારા આંકડા છે. મધ્યપ્રદેશમાં એક લાખ અને છણ્ણુ હજાર કરોડનું નવું મૂડી રોકાણ આવ્યું, છતીસગઢ જેવા રાજયમાં એક લાખ ચોર્યાસી હજારનું મૂડી રોકાણ આવે અને ગુજરાત જે એક નંબર હતું એ ધીમેધીમે પાછળ પડતું જાય અને એ જ ગાળાની અંદર ગુજરાતમાં માત્ર બાણું હજારનું નવું મૂડી રોકાણ આવે અને એ પણ વાયબ્રન્ટ સમીટો પછી, પેલા લોકો વાયબ્રન્ટ સમીટ ન કરે તો પણ મૂડી રોકાણ ત્યાં વધે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગની સાથે સાથે ઉર્જા વિભાગની માગણીઓ જયારે લઈને આવ્યા છે ત્યારે આ સભાગૃહે બહુ ગંભીરતાથી વિચારવું પડશે. સમગ્ર દેશના તમામ રાજયોમાં વીજ ઉપર લેવાતો કર ગુજરાતમાં સૌથી વધારે લેવાય, ૨૬૦૦ કરોડ રૂપિયા જેટલો કર ગુજરાતના વીજ ગ્રાહકો પાસેથી વસૂલ કરવામાં આવે અને ૮૦ લાખથી વધારે વીજ ગ્રાહકો પણ એનું ભારણ પડી રહયું છે. ગુજરાતના લોકો અને સંઘઠનો વારંવાર આની રજૂઆત કરી રહયા છે. એઆરઆર પાસે ત્રીસ જેટલા સંઘઠનોએ રજૂઆત કરી અને વીજ નિયમન પંચે પણ કહયું કે ગુજરાતે પોતાના વીજકરનું માળખું બીજા રાજયોની પેરીટીમાં સુધારવું જોઈએ, આજ સુધી એ અંગે કોઈ નિર્ણય રાજય સરકાર દ્વારા કરવામાં આવતો નથી. આ વખતે અપેક્ષા હતી એ આ બજેટમાં માનનીય મંત્રીશ્રી વીજકરની અંદર રાહતો જાહેર કરશે પણ એ આશા પણ માનનીય અધ્યક્ષશ્રી, ઠગારી નીવડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી ચર્ચાઓ અહીંયા આગલા દિવસોમાં થઈ, ખેડૂતોને છેલ્લા દશકાની અંદર વીજળી ઘટતી ઘટતી એક એક ખેડૂતને મળતી વીજળીમાં ૨૦૦૧ની સરખામણીમાં ૪૧ ટકા સુધી ઘટાડો થયો. એની નોંધ આ સભાગૃહે બહુ ગંભીરતાપૂર્વક લીધી છે એટલે મારે એના વિષયમાં વધારે ઉંડા નથી ઉતરવું, પણ તે દિવસે રાજય સરકાર જે વીજળી ખરીદે અને કેન્દ્ર સરકાર જે વીજળી આપે એના ભાવોની સંદર્ભમાં આ સભાગૃહની અંદર ઘણી બધી વિસ્તૃત ચર્ચા થઈ, કેન્દ્ર સરકારના યુનિટો દ્વારા જે વીજળી રાજય સરકારને આપવામાં આવે છે એનો સરેરાશ દર આપણે જોઈએ તો ખાનગી ક્ષેત્ર પાસેથી ખરીદાતી વીજળીના સંદર્ભમાં ઘણો ઓછો છે અને કેન્દ્ર સરકારે અલ્ટ્રામેઘાપાવર પ્રોજેકટ ટાટા કંપની દ્વારા જે અમલમાં મૂકવામાં આવી રહયો છે ૪૦૦૦ મેગાવોટનો પ્રોજેકટ એમાં ૪૭ ટકા વીજળી રાજયને મળવાની, અને એનો દર કેટલો રખાયો સાહેબ, ૨ રૂપિયા અને ૨૫ પૈસાના દરે આવનારા ૨૫ વર્ષ સુધી ગુજરાતને વીજળી એ પ્રોજેકટમાંથી મળવાની. કેન્દ્ર સરકાર આવો બીજો પ્રોજેકટ નાખવા માટે ગુજરાત સરકાર પાસે માગણી કરી રહી છે બીજો ૪૦૦૦ મેગાવોટનો પ્રોજેકટ કેન્દ્ર સરકાર ગુજરાતમાં નાખવા માગે, રાજય સરકાર એનો હકારાત્મક પ્રતિભાવ હજી આપતાં અચકાય છે એના માટે જગ્યાની ફાળવણી કરતાં એન માટે લોકેશન નકકી કરવા માટે હજી આપણે અચકાઈએ. સાહેબ, આપણે વીજળીની ચિંતા કરીએ. આ ઘટવાળી પરિસ્થિતિમાંથી આપણે બહાર આવવું છે, આપણે ખેડૂતોને વધારે વીજળી આપવી છે, સસ્તાદરની વીજળી આપવી છે પરંતુ એ દિશામાં જે નક્કર કદમો લેવવા જોઈએ એમાં ક્યાંક આપણી સરકાર પાછી પડી રહી છે. નીતિ તો એવી ચાલી છેલ્લા થોડા વર્ષો દરમ્યાન કે, અમે પ્લાન્ટ લોડ ફેક્ટરમાં સુધારો કરીશું, અમે ટ્રન્સમિશન લોસમાં ઘટાડો કરીશું અને આના દ્વારા ગુજરાતની વીજ સમસ્યા અને વીજળીની માગને અમે પહોંચી વળવા માટે સક્ષમ થઈશું. આ પરિસ્થિતિ થોડા વર્ષો ચાલી અને એ વર્ષો દરમ્યાન નવા વીજ ઉત્પાદન ઉપર જે ધ્યાન કેન્દ્રીત કરાવું જોઈતું હતું એ ધ્યાન કેન્દ્રીત કરવામાં આપણી સરકાર નિષ્ફળ નીવડી છે અને હવે છેલ્લા બે વર્ષથી આપણે નવા પ્રોજેક્ટોની વાત કરતા થયા અને એમાં પણ ઈમ્પ્લીમેન્ટેશન જે રીતે થવું

જોઈએ, નિર્ણયો જે ઝડપથી લેવવા જોઈએ એ નિર્ણય લેવામાં આપણે ક્યાંક પાછા પડી રહ્યા છીએ. મારી તો માનનીય મંત્રીશ્રીને આ સભાગૃહ મારફત એટલી જ વિનંતી છે કે, આ પ્રશ્ન એ ગુજરાતના વિકાસનો પ્રશ્ન છે અને એ ગુજરાતના વિકાસના પ્રશ્ન માટે સંપૂર્ણપણે ખુલ્લા મને અને પૂરેપરી વિધેયાત્મક સાથે આ સરકાર આગળ વધે એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી માગણી નં.૧૨,૧૩,૧૪,૪૯ અને ૫૦ લઈને આ સન્માનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલીક ઔદ્યોગિક વિકાસને લગતી વિગતો આ સભાગૃહ સમક્ષ આપુ એ પહેલા એક ઓબ્ઝર્વેશન જે વિપક્ષના માનનીય અગ્રણીએ કર્યું છે એના ઉપર ટૂંકમાં નૂકતેચિની કરીશ. એમનું ઓબ્ઝર્વેશન એ હતું કે આ સરકાર ઉદ્યોગના ક્ષેત્રમાં માત્ર મોટા ઉદ્યોગોને જ પ્રાધાન્ય આપે છે અને મોટા ઉદ્યોગ દ્વારા રોજગારીનું સર્જન મૂડીરોકાણના પ્રમાણમાં નાના ઉદ્યોગોના પ્રમાણમાં ઓછું થતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એ વાત બહુ સ્પષ્ટ છે કે, મોટા ઉદ્યોગો અને નાના ઉદ્યોગો એક બીજાને પૂરક હોય છે. એન્સીલરી ઈન્ડસ્ટ્રીઝનો આખો આધાર મોટા ઉદ્યોગો પર હોય છે અને મોટા ઉદ્યોગો દ્વારા જ્યારે રોજગારીનું સર્જન થઈ આર્થિક પ્રવૃત્તિને વેગ મળે છે ત્યારે જ તેની ખરીદ શકિતમાં જે વધારો થાય છે એના કારણે નાના ઉદ્યોગો અને કુટિર ઉદ્યોગો અને મીઠા ઉદ્યોગો જેવા અગરિયા ગરીબ લોકો દ્વારા ચાલતા ઉદ્યોગો દાખલા તરીને એક મીઠાં આધારિત કેમિકલ ઉદ્યોગ જે મોટા પાયા પર હોય એ અનેક હજારો અગરિયાઓએ પકવેલું મીઠું એ ખરીદીને એ કેમિકલ ઉદ્યોગ નિર્ભર થતો હોય છે અને એના કારણે એ અગરિયાઓને રોજગારી મળતી હોય છે એટલે મારુ તો એટલું જ કહેવું છે કે, આ રાજ્યમાં નમક ઉદ્યોગ મારફતે એક લાખ કરતા પણ વધારે અગરિયાઓ રોજગારી મેળવે એના માટે અગાઉ જ્યારે બે કે પાંચ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી થતી હતી એની સામે છેલ્લા પાંચ વર્ષમાં આ રાજ્ય સરકારે ૧૫૦ કરોડ રૂપિયા કરતા પણ વધારે બજેટની ફાળવણી કરી અને અગરિયાઓના બાળકોને શિક્ષણ અને રસ્તા અને અગરિયાઓને કિટ્સ વગેરે આપીને એમના માટેની ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુ ઉદ્યોગ,માઈક્રો જે સૂક્ષ્મ ઉદ્યોગ માઈક્રો સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝના ક્ષેત્રે પણ આ રાજ્ય સરકારની જે ઉદ્યોગ તરફી નીતિઓને કારણે ત્રણ લાખ કરતાં પણ વધારે રોજગારી આ લઘુ ઉદ્યોગ ક્ષેત્રે આજે અપાઈ રહી છે. લઘુ ઉદ્યોગોની સંખ્યામાં પણ જે આખા દેશમાં સર્વે કરવામાં આવે છે એમાં ગુજરાત એ અવ્વલ નંબરે ત્રણ લાખ કરતા પણ વધારે નોંધાયેલા માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ એ આપણે ત્યાં ખૂબ સફળતાપૂર્વક આપણા ગુજરાતના યુવાનોની જે ઔદ્યોગિક સાહસિકતા છે એ સાહસિકતાને લઈને આ ઉદ્યોગો માત્ર પાંગરી જ રહ્યા છે એટલું નહીં લઘુ ઉદ્યોગો એ આગળ જતા ખૂબ મોટા ઉદ્યોગો તરીકે પણ વિકસ્યા છે એ આપણા રાજ્યની તાસિર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધા પાછળનું જો કારણ હોય તો જે વિવિધ ઔદ્યોગિક નીતિઓ દ્વારા આ રાજય સરકારે જે ઉદ્યોગ તરફી વાતાવરણ ઉભું કરવામાં અને ઉદ્યોગો માટે જે અગાઉ સીધી સહાય કેશ સબસીડી કે સેલ્સ ટેક્સના લાભો મારફતે જે કામગીરી થતી હતી તેના બદલે ઇન્ફ્રાસ્ટ્રકચર એકે એક ઉદ્યોગોને અનુરૂપ વાતાવરણ બનાવવા માટે જે જરૂરી હોય દા.ત. ઉદ્યોગોને ગેસની જરૂરિયાત હોય તો ત્રણ હજાર કિલોમીટરની ગેસ ગ્રિડ લાઈન, પાણીની જરૂરિયાત હોય તો નર્મદા આધારિત ઈન્ડસ્ટ્રીમાંથી પાણી આપવાની વાત, વીજળી માટે આ રાજયની અંદર ઉદ્યોગો એવું કહી શકે છે આખાય દેશના ઉદ્યોગકારો એમ કહે છે કે ગુજરાતની અંદર અમારો ઉદ્યોગ હોય તો એમાં અમારે વીજ કાપ કે એવી કોઈ સમસ્યા અને વીજળીના જોડાણો ઉદ્યોગોને મેળવવા માટેની કોઈ સમસ્યા અમને નડતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, એવું જ જમીન વગેરેની બાબતમાં પણ આ રાજયની અંદર ઉદ્યોગોને ખૂબ સરળતાપૂર્વક એમનો ઉદ્યોગ શરૂ કરવા માટે સરકારની કે અન્ય કોઈ દખલગીરી સિવાય તે કામગીરી કરી શકાય છે. રસ્તાઓ માટે પણ આ વખતે જે પ્રકારનું આયોજન આ બજેટની અંદર કરવામાં આવ્યું છે તે જે ઔદ્યોગિક જે region  જે વિસ્તારો છે તેને નજીકના હાઈવે સાથે અને બંદરો સુધી કનેકટ કરવા માટેની કનેકટીવીટીના પણ ઈન્ફ્રાસ્ટ્રકચરના કામોને વિશેષ રીતે ધ્યાનમાં લેવામાં આવ્યાં છે અને આ જ બતાવે છે કે જ્યારે રસ્તા ગેસ, પાણી, વીજળી, જમીન આ બધા પ્રકારની જ્યારે સુવિધાઓ હોય ત્યારે ગુજરાત બહારના ઉદ્યોગકારો અને પરદેશના ઉદ્યોગકારો પણ આજે ગુજરાતની અંદર પોતાના ઉદ્યોગો સ્થાપવા માટે લાઈન લગાવે છે એમ કહું તો એ અસ્થાને નહીં ગણાય. અને એ જ બતાવે છે કે ૨૦૦૯ના વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમીટની અંદર જ્યારે ૮૦૦૦ કરતાં પણ વધારે પ્રોજેકટોના એમ.ઓ.યુ. ૧૨ લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધારેના મૂડી રોકાણના જે સંજોગો અને ૨૫ લાખ કરતાં પણ નવી રોજગારીનું સર્જન એ આ નીતિ જે રાજયની ઔદ્યોગિક નીતિ જે છે જેને catalyst તરીકેનો રોલ, કારણ કે આ રાજય એમ માને છે અને આ રાજયની પ્રજા પણ એમ માને છે કે ઉદ્યોગો મારફતે રાજયનો જે આર્થિક વિકાસ થશે તેના કારણે જે રાજયનું જે સર્વાંગી વિકાસ કરવાની દિશામાં ગરીબોના વિકાસની દિશામાં પણ જરૂરી આવકનું સાધન જેના દ્વારા આપણે જે અગિયારમી પંચવર્ષીય યોજનામાં ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયા જેટલી રકમ તેની અંદર આપણે કરી શક્યા છીએ. અને આ એ જ બતાવે છે કે NANO જેવા ઉદ્યોગો પણ જે બીજા રાજયમાં પોતે નિરાશ થઈને ગુજરાતની અંદર એ ઉદ્યોગ

સામેથી આપણી સાથે આપણાં રાજયના મુખ્યમંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિના કારણે અને મુખ્યમંત્રીશ્રીની ઉદ્યોગોના મારફતે રાજયના યુવાનોને રોજગારીનું સર્જન કરવાની દિશામાં પગલાં ભરવાની દ્રષ્ટિએ આજે નૈનો પણ આપણાં ગુજરાતની અંદર પોતાનું ઉત્પાદન શરૂ કરવા તરફ જઈ રહી છે. એ જ રીતે Special Investment Region અને Special Economic Zone ની જે અંદર પણ આપણે બહુ proactively regulatory mechanism અને જે જગ્યા વગેરે, જમીન વગેરેની ફાળવણી તેના દ્વારા આજે SIR માટે એમ કહી શકાય કે સમગ્ર દેશમાં કોઈ પણ રાજય હજુ Special Investment Regions માટેનો SIR Act પસાર કર્યો નથી ત્યારે ગુજરાતને તેનો પ્રથમ SIR Act પસાર કર્યો છે અને Special Investment Regions ની અંદર લગભગ ચાર regions ને ઓલરેડી આપણે મંજૂરી આપી છે અને ઉત્તર ગુજરાતની અંદર જે પછાત વિસ્તાર કહી શકાય એવા સાંતલપુર વિસ્તારની અંદર પણ અંદાજે ૧૫૦૦ ચો.કિલોમીટરના વિસ્તારમાં Special Investiment Region દ્વારા મૂડી રોકાણ અને ત્યાંના લોકોને રોજગારી સીધી મળે તે દિશામાં કામગીરી શરૂ થઈ રહી છે ત્યારે DMIC Delhi Mumbai Industrial Corridor અને Dedicated Freight Corridor જે દિલ્હીથી મુંબઈ સુધીનો રેલવે મારફતે ઉત્તર ભારતના માલનું વહન અને ગુજરાતનું વહન જેમાં ગુજરાતની અંદર ૪૦ ટકા જેટલો તેમાંથી કોરીડોર પસાર થાય છે ત્યારે તેના માટેનું આયોજન પણ આપણે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ મારફતે કરવાની દિશામાં રેલવે લાઈનની બન્ને બાજુ સો કિલોમીટરની અંદર અને જે Special Investment Region દા.ત. ધોલેરા કે આપણે જયાં ઈન્ટરનેશનલ એરપોર્ટ લાવીને એ ઈન્ટરનેશનલ એરપોર્ટની સુવિધા પણ એક લોંગ ટર્મ પ્લાનિંગ કે જેની અંદર સાણંદ અને ધોલેરા વિસ્તારની અંદર આ ઈન્ટરનેશનલ એરપોર્ટ આવવાને કારણે પણ અને ડી.એમ. આઈ.સી.ના કારણે પણ આપણા રાજયની અંદર આ ઔદ્યોગિક મૂડીરોકાણ માટે જાપાન અને સાઉથ કોરીયા જેવા દેશો એક વિશેષ રસ લઈ રહ્યાં છે. કારણ કે શીપ બિલ્ડીંગની બાબતમાં આપણે બંદરો અને જે આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કાંઠો છે, એનો વિકાસ કરવા માટે પણ આપણી પોર્ટ અંગેની કામગીરી રાજય સરકારે જે ઔદ્યોગિક વિકાસ માટે કરી છે. એમાં શીપ બિલ્ડીંગના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ૩૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધારેના ખર્ચે એ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બને અને એમાં હજારો સાગરકાંઠાના સાગરખેડૂઓના સુપુત્રો એની અંદર રોજગારી મેળવી શકે એ પ્રકારનું આયોજન આ વિભાગ દ્વારા જયારે કરવામાં આવ્યું છે અને જી.આઈ.ડી.સી. એ વિશેષ કરીને ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરના જે કામો છે,

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ વર્ષ જૂના આપણી જી.આઈ.ડી.સી.ની અંદર એટલી ખરાબ હાલત હતી કે જેને ઈન્ફ્રાસ્ટ્રકચરના ઈમ્પ્રુવમેન્ટ માટે રાજય સરકારના ઉદ્યોગ વિભાગે લગભગ ૧૫૨ પ્રોજેકટ ૧૦૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધારે ખર્ચના મંજૂર કરીને સમગ્ર જી.આઈ.ડી.સી.ને નવીન રુપ આપવા માટે અને દરેક જી.આઈ.ડી.સી.માં લગભગ ૮૫ થી ૯૦ ટકા ફંડ એ સરકાર અને જી.આઈ.ડી.સી. આપે અને ૧૦, ૧૫ ટકા એ ઉદ્યોગકારો મારફતે માત્ર એટલામાં એ પોતે ઔદ્યોગિક વસાહતોનું નવીનીકરણ થાય એ પ્રકારનું ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામ પણ કરવામાં આવ્યું છે. આને કારણે જ ગુજરાત ૧૩ ટકા જેટલો ઔદ્યોગિક વિકાસ હાંસલ કરી શકયું છે. જે સમગ્ર દેશની અંદર પ્રથમ કક્ષાનો ઔદ્યોગિક વિકાસ દર ગુજરાત હાંસલ કરી શકયુ છે. એ આ રાજયની પ્રો-એકટીવ અને કેટાલીસ્ટ તરીકેની ભૂમિકા માટેની જે ઔદ્યોગિક નીતિઓ છે, એને આભારી છે અને એમાં પણ કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ. આ બધા જ ઉદ્યોગોના અંગેનું ખૂબ સુંદર વાતાવરણ જયારે ગુજરાતમાં નિર્માણ થયું છે અને જી.આઈ.ડી.સી. મારફતે સ્કિલ ડેવલપમેન્ટના કેટલાક કામો, જેના દ્વારા યુવાનો રોજગારી પ્રાપ્ત કરી શકે એના માટેની તાલીમ આપવા માટેની વ્યવસ્થા પણ જી.આઈ.ડી.સી.માં ઉભી કરવા માટેનું આ બજેટની અંદર આયોજન કરવામાં આવ્યું છે. પછાત વિસ્તારોમાં લગભગ ૩૦ જેટલી નવી જી.આઈ.ડી.સી. કે જેમાં આદિવાસી વિસ્તાર અને પછાત વિસ્તારોની અંદર કરવા માટેનું આયોજન પણ જયારે કર્યુ છે, ત્યારે માનનીય મંત્રીશ્રી જે આ માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની ઉદાર નીતિ અને દીર્ઘ દૃષ્ટિના કારણે અત્યારે રાજયને ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટમાં જે ફાયદો થયેલો છે, એના કારણે ૬૦ જેટલા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન જેને કહેવાય એ ગુજરાતમાં તૈયાર થવા પામેલા છે. Board of Approval મુજબ કેન્દ્ર સરકારની મંજૂરીમાં ૨,૬૭,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ આ ૬૦ જેટલા SEZ ના અંદર થવાનું છે.

પ્રધાનમંત્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે સમગ્ર વિશ્વ જયારે મંદીમાં સપડાયેલું છે, ત્યારે ભારત એક મજબૂત અર્થતંત્ર સાથે અત્યારે ઉભરી રહેલું છે. ઓબામા જો સ્વીકાર કરતા હોય તો આપણે પણ સ્વીકાર કરવો પડે. અને એટલા માટે અત્યારે જે કાંઈ આપણે જોઈ રહેલા છીએ, એમાં દિલ્હી અને મુંબઈનો જે ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર છે, એ ગુજરાતમાંથી જ માત્ર ૫૩૮ કિલોમીટર પસાર થશે. એની સાથે સાથે ૫૫૦ કિલોમીટરનો બીજો કોરીડોર પસાર થશે. અરવિદંભાઈએ વાત કરી, ૧૦૦૦ થી ૧૧૦૦ કિલોમીટરનો રેલવે કોરીડોર ગુજરાતમાંથી પસાર થાય. ૪૦ ટકા. Forty percent of the total Corridor. This is a great achivement given by the Central Government. અને એને આપણે સ્વીકારવું પડશે. માનનીય મંત્રીશ્રી અહીં ઉપસ્થિત થયા છે ત્યારે મૂડી રોકાણ અંગે ચર્ચા જે થઈ. તો ૨૦૦૩ માં રાજયમાં ૭૬ સમજુતી કરાર કરવામાં આવેલ હતા અને એમાંથી ૭ જ

કરારનો અમલ થયો છે, ૨૦૦૫ માં ૨૨૭ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતા અને એમાંથી ૧૧૨ નો જ અમલ થો છે, ૨૦૦૭ માં ૩૬૩ એમ.ઓ.યુ. કરેલ છે અને એમાંથી ૧૪૯ નો જ અમલ થયો છે, ૨૦૦૯ માં ૮૮૬૦ એમ.ઓ.યુ. થયાં હતાં અને આજે એમાંથી માત્ર ૫૪૩ નો જ અમલ એટલે અત્યારે ઈન્સ્ટોલમેન્ટ થયા છે અને પ્રોજેકટ અમલમાં આવ્યા છે. આ સમજૂતી કરારો પછી જે વાસ્તવિક મૂડી રોકાણ છે એ જોઈએ તો વાસ્તવિક રોકાણમાં ૨૦૦૩ માં ૬૬,૦૬૮ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થયું હતું એની સામે ૩૬,૬૯૬ કરોડ રૂપિયાનું વાસ્તવિક મૂડી રોકાણ, ૨૦૦૫ માં ૧ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થયું હતું એમાંથી માત્ર ૩૨ હજાર કરોડનું ઈન્સ્ટોલમેન્ટ થયું છે. એ જ પ્રમાણે ૨૦૦૭ માં ૪ લાખ ૬૫ હજાર કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરી હતી અને એની સામે માત્ર એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. ૨૦૦૯ માં ૧૨ લાખ ૩૯ હજાર કરોડની સામે ૯૯૦૧ કરોડ નું જ રોકાણ થયું છે. આ આકડાઓ દર્શાવે છે કે જે એમ.ઓ.યુ. થયાં હતાં એની ઉપર વાસ્તવિક મૂડી રોકાણ અને વાસ્તવિક પ્રોજેકટનું ચિત્ર જોઈએ તો એ પ્રમાણેનું નથી. ઈન્ડસ્ટ્રિયલ વિકાસને આપણે આવકારીએ છીએ, પરંતુ આ સાથે કહેવું પડે છે કે નિગમે જમીન સંપાદન કરેલ છે, ગુજરાત સરકાર ખેડૂતોની જમીન સંપાદન કરે છે એ ૩૨૬૮૭ હેકટર જમીન સંપાદન કરી, પરંતુ ખેડૂતોની જમીન સંપાદન કર્યા પછી એના દીકરાઓને આ પ્રોજેકટોમાં નોકરીએ રાખવામાં આવતા નથી, એના દીકરાઓને નોકરીમાં લેવામાં આવતા નથી. મારા દહેજ વિસ્તારમાં ૬૦ હજાર વીઘા જમીન સસ્તા ભાવે સંપાદન કરી, પરંતુ ત્યાં આગળ પત્તો નથી કે કયા ખેડૂતની કેટલી જમીન સંપાદન કરી અને એની સામે કેટલાને નોકરી આપી? આનો કોઈ જ ખુલાસો હું એક વર્ષથી મહેનત કરું છું છતાં કોઈ મને જવાબ મળતો નથી. આ સ્થિતિ રાજયમાં જે વિસ્તારમાં ઉદ્યોગો આવી રહ્યા છે એ વિસ્તારમાં આ સ્થિતિ છે, એ સિવાય ફળદ્રુપ જમીન લઈ લેવામાં આવે છે, જમીન સંપાદન પહેલાં ખેડૂતોને વિશ્વાસમાં લેતા નથી. પેલી ગામની હદ કહેવાય એ ઘર સુધી જમીન સંપાદન કરવામાં આવે છે. (અંતરાય) તો પછી આ ખેડૂતોનાં બાળકો કયાં જશે, એનાં મકાનો કયાં જશે, જી.આઈ.ડી.સી. ગામડાંના છેવાડાની ઘર સુધીની જમીન સંપાદન કરે છે.

**અધ્યક્ષશ્રી**: માનનીય ઈકબાલભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય ધિરસિંહભાઈ બારડ.

**શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મને સમય બહુ ઓછો આપ્યો છે, મારે મારા વિસ્તારની વાત કરવી છે તો મને થોડો વધારે સમય આપજો.

**અધ્યક્ષશ્રી:** મારી પાસે સમયની મર્યાદા બહુ નિશ્ચિત છે.

**શ્રી ધીરસિંહ ક.બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલીક વાત ખાણ અને ખનીજ માટે પણ કરવા માગું છું અને એના મારી પાસે પુરાવા પણ છે. મહિતી અધિકારની ઋએ મને મળેલી માહિતી પ્રમાણે ખાણ અને ખનીજમાં જે અત્યારે ખાણો ચાલે છે તેમાં કેટલાક વર્ષોથી જે સ્ટોન ક્રસર ચાલે છે, માઈન્સ ચાલે છે જેની ફરિયાદો લેખીતમાં કરવા છતાં આજ દિવસ સુધી દેડકાને ડામવામાં આવ્યા છે, પરંતુ જે સિંહના સ્વરૂપમાં અહીંથી આદેશ મળે છે એવું કહીને આ દિવસોથી કરોડો રૂપિયાની ચોરી, બિન કાયદેસર રીતે જેને રેકર્ડ ઉપર કહેવાય એ બિન કાયદેસર ચોરી થાય છે અને એ લોકો એમ કહે છે કે અમારું કોઈ કાંઈ કરી લેવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, પરમ દિવસની વાત કરું, ત્યાંથી કોઈએ એવું કહયું, મામલતદાર સાહેબ અને અધિકારીઓ ત્યાં રૂબરૂ ગયેલા અને એક જ ચકરડી વાળાને પકડવામાં આવ્યો, બાજુમાં જ ચાલતી બીજી અગીયાર ચકરડીઓને છોડી દેવામાં આવી તે વાત પણ હું કહેવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે વધુ સમય નથી, આપનું પ્રવચન પૂરું થાય છે. ૨-૩૦ વાગ્યે મારે પૂરું કરવાનું છે. માનનીય મંત્રીશ્રી, આપની પાસે ૪૦ મિનિટ છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા વિભાગ અને ઉદ્યોગ વિભાગની માગણીઓ લઈને આવ્યો છું ત્યારે મારે આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને આનંદ સાથે કહેવું છે કે ગુજરાત આ બન્ને ફિલ્ડમાં સૌથી પ્રથમ સ્થાન ઉપર છે, આજની તારીખમાં ઉર્જા હોય કે ઉદ્યોગ હોય એ બન્નેમાં ગુજરાત આ દેશમાં પ્રથમ સ્થાને છે. આપણું એક રાજય છે કે દેશના વીજળીના વપરાશ કરતાં ગુજરાતની એવરેજ ડબલ છે. દેશની અંદર સૌથી વધારે ત્રીજા નંબરમાં ઈન્સ્ટોલ કેપેસીટી ગુજરાતમાં છે. કોઈ વીજળીનો લોડ શેડીંગ નથી, ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે, અને આના કારણે અઢાર રાજયોમાંથી ગુજરાતના ઉર્જા વિભાગની સારી કામગીરી જોવા જુદી જુદી ટીમો અહીંયા આવી હતી અને તેની અંદર મહારાષ્ટ્ર પણ હતું, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, કર્ણાટક અને તામલીનાડું પણ હતાં. જો આટલી કામગીરી કરી હોય અને કેન્દ્ર અઢાર ટીમ મોકલતી હોય અને બીજી બાજુ અમારા વિરોધપક્ષના નેતા આક્ષેપો ઉપર આક્ષેપો મોકલે છે. જો આક્ષેપોમાં કોઈને પી.એચ.ડી.આપવાની થાય તો તે એમને જ મળે, આંકડા પણ ગણાય તો કરોડોમાં ગણાય, બે-ચાર દિવસ પહેલા આ જ હાઉસમાં એમણે સ્વાન માટેની વાત કરી હતી, કે સ્વાન એનર્જીએ ૧૨૦૦૦ કરોડ રૂપિયાનો આક્ષેપ મુકયો હતો, અને એમણે હાઉસમાં કહયું કે આ બે પ્રેસ નોટના આધારે હું આ વિગતો આપું છું. મેં જી.એસ.પી.સી. ને કાગળ લખ્યો કે તમે આવી કોઈ પ્રેસ નોટ આપી છે, એમણે મને પ્રેસ નોટની વિગત મોકલી એમાં કોઈ માહિતી નથી, સ્વાન એનર્જી દ્વારા પણ મેં કાગળ લખ્યો એમણે પણ કહ્યું કે આવી કોઈ માહિતી નથી. મેં વિરોધના નેતાશ્રીને વિનંતી કરીને ૪થી માર્ચે કાગળ લખ્યો કે તમે જી.એસ.પી.સી. અને સ્વાને જે ૧૦ મીલીયન

યુનિટ કાર્બન ક્રેડીટ મળશે તેમ પ્રેસ નોટથી જણાવેલ છે, તો એ અંગે પૃચ્છા કરતા જી.એસ.પી.સી. અને સ્વાતે મૌખીક રીતે જણાવેલ કે તેમણે આ બાબતે દસ મિલીયન કર્બન ક્રેડીટ બાબતે કોઈ પ્રેસ નોટ આપેલ નથી, તો આ બાબતે ખાતરી કરવી જરુરી હોય મને ઉકત પ્રેસ નોટની નકલ સત્વરે મોકલવા વિનંતી છે. ચોથી તારીખે મેં લેખિત કાગળ લખ્યો છે કે તમે પ્રેસ નોટ મોકલો જેથી હું આની વધારે ચકાસણી કરું પણ આજની તારીખ સુધીમાં મને પ્રેસ નોટ મળી નથી, એટલે એમના જે આક્ષેપો છે અને આજે પણ કરે છે તે આક્ષેપોમાં આ જુના આક્ષેપોના પ્રમાણમાં કોઈ તથ્ય નથી એની પણ હું વિગતવાર હમણાં વાત કરવા માગું છુ. આ ઉર્જા વિભાગની બધા સભ્યો ચિંતા કરે છે કે કેન્દ્રએ કેટલી વીજળી આપી, કેટલી ઘટી, શું આપણું થયું, મારે આ સભાગૃહના સભ્યશ્રીઓને માહિતી આપવી છે કે હમણાં જ આદરણીય પ્રણવ મુખરજીએ બજેટ રજૂ કર્યુ, કેવું જોરદાર રજુ કર્યુ, અન એલોકેટેડ પાવરમાં જે પહેલા મળતો હતો તે પહેલી માર્ચ ૨૦૧૦ થી બીજો ૫૦ મેગાવોટ ઓછો થઈ ગયો, આ ૫૦ મેગાવોટ પાછો ઓછો કર્યો, જે ઓરિજીનલ ૨૧૨ મેગાવોટ હતો તે કપાઈ કપાઈ ને હવે માત્ર ૫૦ મેગાવોટ આપણી પાસે રહ્યો છે, આનો અર્થ શું થયો બે રૂપિયાની સસ્તી વીજળી બીજા રાજયોને આપી ગુજરાતને અન્યાય? અને આનું ભારણ વાર્ષિક કેટલું થવાનું? ૩૪૯ કરોડ રૂપિયાનું વાર્ષિક ભારણ થવાનુ છે. બીજી વાત કરું આપણે કહીએ છીએ કે વીજળીના ભાવ કેમ વધે છે? મારે કહેવું છે કે આ બજેટની અંદર ૫૦ રૂપિયા મેટ્રીક ટન કોલ ઉપર સેસ નાખ્યો છે, એનું ભારણ કેટલું આવવાનું? વાર્ષિ કગુજરાતને ૧૪૨ કરોડ રૂપિયા ભારણ આવવાનું છે. બીજી વાત કરું આપણે અહીંયા ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન આપીએ છીએ, એસ.ઈ.ઝેડ આપણા સૌથી વધારે ગુજરાતમાં છે. કેન્દ્રએ નીતિ કરી કે આપણે ગુજરાતમાં એસ.ઈ.ઝેડની અંદર નવા ઉદ્યોગો આવે, કસ્ટમ ડ્યૂટી નાખી. એસઈઝેડમાંથી બહાર વીજળી વેચો તો ૧૬ ટકા કસ્ટમ ડ્યૂટી નાખી. ગુજરાત એસઈઝેડમાંથી ગુજરાત એકલી વીજળી ખરીદે છે. દેશમાં કોઈ એસઈઝેડમાં વીજળીનું ઉત્પાદન નથી થતું, એકલા ગુજરાતમાં વીજળીનું ઉત્પાદન થાય છે. એના ઉપર ૧૬ ટકા ટેક્સ નાખ્યો એટલે ૪૬ પૈસા પર યુનિટનો ભાવ વધ્યો. તમે વિચાર તો કરો કોલસામાં ઈમ્પોર્ટેડ ડયૂટી પાંચ, મેન્યુફેકચરીંગમાં ઓછી, કોઈ જગ્યાએ એવું જોયું છે કે કોલસા કરતાં વીજળી ઉપર ડ્યૂટી અને દેશમાં જો પહેલી વખત ઈમ્પોર્ટ ડ્યૂટી નખાઈ હોય તો એ આ સરકારે નાખી છે અને ગુજરાતને અન્યાય કરવા માટે નાખી છે. આનું વાર્ષિક બર્ડન ૩૧૫ કરોડ રૂપિયાનું ગુજરાત ઉપર પડશે.

એ જ પ્રમાણે ૧૫ ટકાના ૧૮ ટકા નેટ કર્યા. એકસાઈઝ ડ્યૂટીમાં આઠ થી દસ ટકા કર્યા એના લીધે ૧૧૬ કરોડ રૂપિયાનું ભારણ, આ બધું ભારણ ગણીએ તો ૫૭૩ કરોડ રૂપિયા આ એકસાઈઝના કારણે ગુજરાતની પ્રજા ઉપર વધારે બોજ પડવાનો છે. એટલે આપણે કુલ જોઈએ. અનએલોકેટેડ પાવર જે ૩૪૯ કરોડ, યુનિયન બજૅટના ૫૭૩ કરોડ આમ ૯૨૨ કરોડ રૂપિયાનો બોજો આ એકજ વર્ષ માટે આ કેન્દ્ર સરકારે એની નીતિના પ્રમાણમાં નાખવામાં આવ્યો છે. વરસોથી આ બોજો તો આપણે સહન કરતાં જ આવ્યા છીએ અને આ વધારાનો બોજો પ્રજા ઉપર આવશે એના કારણે એની અસરો ઘણી બધી થશે.

વિરોધપક્ષના નેતાશ્રીએ ઘણા આક્ષેપો કર્યા. મારે ખાલી એમને એટલું જ પૂછવું છે કે કેન્દ્ર સરકારની આ.એન.જી.સી. છે. કેન્દ્ર સરકારની ગેઈલ છે, કેન્દ્ર સરકારની એચ.પી.સી.એલ. છે, બી.પી.સી.એલ. છે આ બધી જ કંપનીઓ ઑઈલ બ્લૉકમાં ભાગીદાર કરે છે. એ ભાગીદાર લે છે તો બીડ કરીને લે છે એક દાખલો તો બતાવો? એક દાખલો? આ કેમ નથી લેતા એનું કારણ છે કે એકસ્પર્ટાઈઝ માટે ટેકનિકલ પાર્ટનર જોઈએ. કોણ કેટલા કરે છે એટલે આની ચર્ચા પહેલા થાય અને આ તો ઓ.એન.જી.સી. તો ૫૦ વર્ષથી કરે છે, જી.એસ.પી.સી. તો બચ્ચું છે. જી.એસ.પી.સી. એ ૨૦૦૩માં જીઓ ગ્લોબલે લીધું, કેમ લીધું એ વખતે બીડની અંદર બહુ સ્પેસિફિક હતું કે ટેકનિકલ એકસપર્ટાઈઝનું એનાલીસીસમાં પાર્ટનર જોઈએ. આપણી પાસે ટેકનિકલ પાર્ટનર નહોતા એટલે જીઓ ગ્લોબલે લીધું, અને જીઓ ગ્લોબલે જે પ્રમાણે સલાહ આપી એ પ્રમાણે આપણે કે.જી. બેજીનમાં બીડ કર્યુ અને એના કારણે લાખ કરોડનો ગેસ આપણને મળ્યો છે. બીજું મારે ખાલી એટલું જ કહેવું છે કે આ જીઓ ગ્લોબલ કહે છે કે આ કૉન્ટ્રેક્ટ મંજૂર કર્યો એ ડીજીએ મંજૂર કરે છે. આ કોન્ટ્રેક લીધા પછી સેન્ટ્રલની મંજૂરી લીધી છે એટલે કોઈ જગ્યાએ એવો ભ્રષ્ટાચાર નથી અને આ જીઓ ગ્લોબલ અને જી.એસ.પી.સી. ના વિખવાદો છે. જીઓ ગ્લોબલ કહે છે કે મારે પૈસા પછી આપવાના છે. જી.એસ.પી.સી. કહે છે કે તમારે પૈસા અત્યારે આપવાના છે. મારે વિરોધપક્ષના સભ્યશ્રીને ખાતરી આપવી છે કે એક ક્યુબિક મીટર ગેસ જીઓ ગ્લોબલને નહિ આપવામાં આવે. જ્યાં સુધી એના સંપૂર્ણ પૈસા જી.એસ.પી.સી.ને આપે નહિ ત્યાં સુધી અને ટૂંક સમયની અંદર અમે ઓલરેડી એમને નોટિસ આપી દીધી છે અને કહેવામાં આવ્યું છે કે તમે અમારા પ્રમાણે ચાલો જી.એસ.પી.સી. હવે પગ ઉપર ઊભું રહી ગયું છે એની પાસે ટેકનિકલ એકસપર્ટાઈઝ છે, અને હવે ટેકનિકલ એકસપર્ટાઈઝ માટે જીઓ ગ્લોબલની જરૂર નથી અને અમે સ્પષ્ટપણે માનીએ છીએ કે હવે જીઓ ગ્લોબલ હોય કે કોઈપણ કંપની હોય ગુજરાત સરકારના પૈસા, ગુજરાતની પ્રજાના પૈસા હોય એને આપીને જ રહેવું પડશે. હું વિરોધપક્ષના સભ્યશ્રીઓને ચોક્કસ કહીશ કે આપ ચિંતા ન કરશો અમે અમારુ હિત જોઈ લઈશું, પ્રજાનું હિત જોઈ લઈશું.

એવી જ બીજી વાત કરી, એમણે કહ્યું અદાણીના પી.પી.એ.ની વાત કરી. એમને ખબર નથી કે આ જ અદાણીને બે દિવસ પહેલા જ્યારે એમણે બીડ ભર્યુ એ બીડની અંદર આ સરકારે અદાણીને ડિશકવોલિફાઈડ કર્યા,

એ ૨૦૦૦ મેગાવોટના ઉત્પાદન માટે એમની પાસે કોઈ જગ્યાએ કોલસાનો ફયુઅલ સપ્લાય એગ્રીમૅન્ટ હતો નહિ એમણે ચોખ્ખું કર્યુ નહિ એટલે સરકારે કડક નિર્ણય લઈને એમને વિદાય કર્યા છે. એવી જ રીતે પી.પી.એ.ની બે હજાર પહેલાની વાત કરું. આ સરકાર ૨.૩૫ માં લેવા ઇચ્છે છે અને એના માટે પૂરેપૂરી મહેનત કરશે. ઈસ્યુ એ છે કે જી.એમ.ડી.સી. એ એમને કોલ માટેનો કાગળ આપ્યો છે. અદાણીનું એવું કહેવું છે કે મેં બીડ આના આધાર ઉપર કર્યું છે. અદાણીનું એવું કહેવું છે કે મેં આ એગ્રીમૅન્ટમાં મૂક્યું છે.GUVNL અને સરકાર જે કોલ બ્લૉક્સ કેન્દ્ર સરકારે આપ્યા છે તે મોરગા અને નેની એના માટે ઘણી મહેનત કરી અને exploration માટે આગળ વધ્યા. જો એ મોરગા અને નેનીના પ્રશ્નો ઉકેલાઈ જાય તો ચોક્કસપણે આપણને ૨.૩૫ પૈસે ગમે તેમ કરીને આપણને મળે. કેન્દ્ર સરકારમાં અનેક વખત રજૂઆત કરી પણ છેલ્લે હમણાં કેન્દ્ર સરકારમાં વાંધા-વચકા કાઢીને એ લોકોએ આ માઈન્સ ઉપર કોલસાનું exploration બંધ કર્યું છે. અત્યારે અમારી કેન્દ્ર સરકારને રજૂઆત ચાલુ છે. જો વિરોધપક્ષના સભ્યશ્રીઓ મદદ કરી શકતા હોય અને આ મોરગા અને નેનીના બ્લૉક જો છૂટા કરી શકતા હોય તો ગુજરાતને વીજળી ૨.૩૫ પૈસે ચોક્કસ મળશે. બીજું મારે આપને કહેવું છે કે આજની તારીખમાં અદાણીએ જે કહ્યું એ GUVNL એ સ્વીકાર્યું નથી અને અમે લોકોએ GEERCમાં એપ્લીકેશન કરી. મારે માનનીય સભ્યશ્રીઓને જાણ કરવી છે કે GEERCએ ટ્રીબ્યુનલ સ્ટેટસ ધરાવતું બોડી છે. as per the Act, it is competent authority to adjudicate matters of disputes of PPA as per section૨૮ (f) of the Electricty Act, ૨૦૦૩. એટલે પી.પી.એ.ની કોઈ પણ વસ્તુ હોય તો આ GEERC સક્ષમ ઓથોરિટી છે એ મારે સભ્યશ્રીઓને જાણ કરવી છે અને બીજું, આ અમે નથી કહેતા, this has been confirmed by the Supreme Court of India in earlier case એટલે GEERCનું જે આવશે અને બીજું, મને કહેતા આનંદ થાય છે કે આ ડીસ્પ્યુટ માટે GUVNL એ ૧લી ફેબ્રુઆરીએ જે ફાઈલ કરી, Hon'ble Judge ૨૨મી ફેબ્રુઆરીએ ૨૦૧૦માં આનું સંપૂર્ણપણે સાંભળ્યું અને આપણે જે રજૂઆત કરી એનો અદાણીને સ્ટે આપ્યો એટલે status quo maintain કર્યો છે. જે જૂનું હતું એ status maintain કર્યું છે અને આવતા દિવસોમાં GEERCમાં આની એપ્લીકેશન રજૂ થશે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ થાય અમને કે ખોટા ખોટા આક્ષેપો કરવા અને રાજય સરકાર ઉપર ઘણાં લોકો જ્યારે આખા દેશમાં એમ કહેતા હોય કે સારામાં સારી કામગીરી કરતા હોય તો પણ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિરોધપક્ષના નેતાશ્રીને બીજી વાત કરવી છે. આ રાજયમાં આ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં મોટા માથા ગમે તેટલા ન હોય એ લોકોને પણ ન્યાય પ્રજાને મળે એ પ્રમાણે જ મળશે. હું આ દાખલો આપું ૧૯૯૫નો. એસ્સાર સ્ટીલનો. તમારા સમયમાં બનેલી કંપની. Captive Electricity Duty ના વાંધા આ સરકારે ૨૦૦૨માં કાઢ્યા અને ૨૦૦૨માં એ લોકોને કહ્યું કે તમારે ડયૂટી ભરવી પડશે. સરકારે એમની પાસે માગ્યા. કોર્ટમાં સ્ટે મૂક્યો. કોર્ટમાં સ્ટે આવ્યો, કોર્ટમાં સુનાવણી થઈ. સરકારે બહુ જ જોરદાર રજૂઆત કરી અને ૨૫-૨ એ હાઈકોર્ટનું જજમૅન્ટ આવ્યું કે એસ્સાર સ્ટીલ્સને ૧,૧૧૩ કરોડ રૂપિયા ભરવાના આવશે. આ ગુજરાતની સરકાર કરી શકે. મને એક કોંગ્રેસની સરકારમાં તો બતાવો કે જેણે મોટા માથાઓને આવી રીતે સામે લીધા હોય? આજે તકલીફ એ છે કે આટલા મોટા એસ્સાર હોય, રીલાયન્સ હોય, એલ.એન્ડ ટી. હોય, અદાણી હોય, ટોરેન્ટ હોય, આ કોઈ પણ મોટા માથા હોય. અમે લોકો ચોક્કસપણે કહીશું કે વીજળી માટે, સસ્તી વીજળી મળે એના માટે સરકાર કટિબદ્ધ છે અને આ મોટા માથા સાથે લડી લઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિરોધપક્ષના જાણકાર સભ્યશ્રીએ કહ્યું કે Ultra Megawatt બીજું તૈયાર છે. ગુજરાત તૈયાર નથી થતી. પહેલાંની માહિતી છે તમારી પાસે? આ ગુજરાત સરકાર Umtra MegaWatt ને પ્રમોટ કરવા માટે ૧૯૦૦ મેગાવોટનો હિસ્સો લીધો. કોણે બીડ કર્યું? ટાટાએ. ખાનગી કંપની છે. એટલે કેન્દ્ર સરકાર ખાનગી કંપની પાસેથી લઈને ગુજરાતને આપે છે. એટલે પછી ખાનગી કંપનીનો હિસ્સો આવ્યોને એમાં? વધવાનો છે કાલે ઉઠીને ગુજરાતનો. એટલે ગુજરાતનો હિસ્સો વધશે. પણ મારે સભ્યશ્રીને જણાવવું છે અને આ બીડના ભાવ શું છે ખબર છે? ૨ રૂપિયા અને ૨૬ પૈસા. પછી શું? તેના પર ટ્રાન્સ્મીશન કોસ્ટ લાગે. અહીંયા બને છે વીજળી. ભૂજમાં બને છે પણ એના પર ૩૦ પૈસા ટ્રાન્સ્મીશન કોસ્ટ લગાવે કે જાણે બહારથી આવી હોય. આ તમારો નિયમ. એટલે આપણને પડે શું? ૨.૫૦, ૨.૫૫. એ દિવસે ૨.૫૦, ૨.૫૫ની પડી છે. પછી તેના પર એક કલોઝ છે કે "Fuel as per actual" એટલે બેઝ કયો છે? ઈમ્પોર્ટેડ કોલ એટલે ઈમ્પોર્ટેડ કોલનો ભાવ વધે એટલે આપણી વીજળીનો ભાવ વધે. આજની તારીખમાં હજુ પ્લાન્ટ ઓપન થયો નથી. પ્લાન્ટ ૨૦૦૧૧-૧૨માં આવવાનો છે પણ આ ૨૦૧૦ની સાલમાં એનો ભાવ ત્રણ રૂપિયાની ઉપર પહોંચી ગયો હશે. હવે તમે કહો છો કે આ સારું? આ તમે નિર્ણય લીધો એટલે અમે ગયા કેન્દ્ર પાસે. મારો પત્ર છે. મેં આદરણીય મંત્રીશ્રી શીંદેજી સાથે વાત કરી.મેં સીંદેજીને કહ્યું કે, બે નહીં ત્રણ કરીએ અલ્ટ્રા મેગાવોટ. ખાલી એક જ કન્ડીશન સુધારો. જે fixed component કોલસાનો કોમ્પોનન્ટ ફિકસ કરી દો. આ એક વખતે ૨૫૦૦ ભાવ ફિકસ કરી દો. એ દર વખતે ઊંચો જાય કે નીચો જાય. કેન્દ્ર સરકાર હજુ તૈયાર થઈ નથી. છેલ્લા છ મહિનાથી વાર્તાલાપ ચાલે છે. તમે કહો કેન્દ્ર સરકારને કે કોમ્પોનન્ટ ફીકસ કરે. આપણે બીજા બે અલ્ટ્રા મેગા watt લઈ જઈશું. આ ત્રણ રૂપિયા પાંચ

વર્ષ પછી ચાર રૂપિયા થાય અને પાંચ વર્ષ પછી છ રૂપિયા થાય અને આપણે વીજળી ખરીદવાની. આ એના માટે આપણે નથી કર્યું. એટલી જ મારે સભ્યશ્રીને આ બાબતમાં જાણ કરવી છે.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર.. ઑર્ડર.. માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે તો બાકીના સભ્યશ્રીઓ મૌન ધારણ કરીને સહયોગ આપે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા હોય, વિરોધપક્ષના સભ્ય હોય, કેન્દ્ર સરકાર દ્વારા અપાતા ગેસ માટે પણ ઘણી બધી ચર્ચા થઈ છે. મારે વિરોધપક્ષના સભ્યશ્રીઓને કહેવું છે કે, તમે બધા બોલો છો, તો મારે આંકડા જોઈએ અને એના માટે કાગળીયાંનો થોકડો થઈ જાય છે..

**અધ્યક્ષશ્રી** : આપ બોલતા હતા ત્યારે દખલ નથી કરી.. આપ કેપેબલ છો અને બીજા કોઈની જરૂર નથી. આપની પાસે ૨૫ મિનિટનો સમય પૂરતો છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજનું આ જુદુ છે. આ અગત્યનો ઇસ્યુ છે. આ ગેસમાં પેટ્રોનેટ એલએનજી પાસેથી આપણને ૫ મિલિયન ગેસ મળે છે. ૫ million standard cubic meters per day. સભ્યશ્રીએ અહીંયાં કહ્યું કે, ગેસના ભાવ વધાર્યા નથી અને કેન્દ્ર સરકાર વધારવા માગતી નથી. પણ ખાલી સભ્યશ્રીને એટલું જણાવવું છે કે, ફેબ્રુઆરી-૧૦માં ૧૦.૫૨ પૈસા standard cubic meter per day, માર્ચમાં એ ૧૦.૭૪ થયો, એપ્રિલમાં ૧૦.૯૯ થવાનો છે. મેમાં ૧૧.૨૨ જવાનો છે અને માર્ચ ૨૦૧૧માં ૧૩.૭૪ થવાનો છે. આ ભાવોના એમણે જે કરાર કર્યા છે, બહાર ઇન્ટરનૅશનલ કરાર કર્યા છે. પેટ્રોનેટ એલએનજી સાથે આ ભાવ કરાર કર્યા છે. એના કારણે આ વર્ષે ગુજરાતને ૫ મિલિયન ગેસ આપે છે. ગુજરાતના નાના મોટા ઉદ્યોગો માટે આ ગેસ લઈને એમને આપીએ છીએ. પાવર પ્રોજૅકટને આપીએ છીએ. એનો માત્ર એક જ વર્ષમાં આ પેટ્રોનેટ એલએનજીએ કેન્દ્ર સરકારની નીતિના કારણે ૫૦૦.૬૯ કરોડનું ભારણ આવવાનું છે અને તમે કહો છો કે ગેસના ભાવ આપતા નથી. પણ મારે એટલી જ વાત કરવાની કે, આ ગેસ તમે લઈ જાઓ અને અમને રીલાયન્સનો ડી-સીકસ આપી દો, એપીએમ વન મિલિયન આપો અને બાકીનો ચાર મિલિયન તમે રીલાયનસનો આપો. તોય રાજય સરકાર રાજી.. રાજી.. લો. આ ૫૦૦ કરોડનો બોજો ઓછો થઈ જાય. શ્રી ઈકબાઈભાઈથી માંડીને બધા વિરોધપક્ષના સભ્યોને વિનંતી કરવી છે..

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર.. ઑર્ડર.. આપના મંત્રીશ્રી બોલે છે એનો ખ્યાલ રાખો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ઘણા બધા આગળ વધવાના છીએ. સભ્યશ્રીઓને જણાવવાનું કે, આપણે ત્યાં એક વર્ષની અંદર સૌથી વધારે ઉત્પાદન થવાનું છે અને આ ઉત્પાદનના આધારે રાજયની અંદર ખૂબ મોટા પ્રમાણમાં વીજળી બનતી થશે. (અંતરાય) આંકડા બરાબર આપવા પડે. ૧૮૪૭ મેગાવોટનું.. ..

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, નહીં..નહીં.. શ્રી વજુભાઈ જવાબ આપશે ત્યારે તમને જવાબ આપશે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વીજળીનું ઉત્પાદન જોઈએ, વીજળીનું ડિસ્ટ્રીબ્યુશન જોઈએ કે આપણે ટ્રાન્સમીશન જોઈએ તો સારામાં સારું અને સૌથી વધારે કામગીરી તો આ વર્ષમાં થવાની છે. હું ખાલી એટલું જ ધ્યાન દોરું. આ વર્ષે ૧૪૦ નવા સબસ્ટેશનો નાખવાના છીએ. તમે પહેલા જોતા કે દસ દસ મેગાવોટ, દસ દસ સબસ્ટેશન મળતા હતા. પણ આ એક જ વર્ષમાં આખા રાજયની અંદર ૧૪૦ સબસ્ટેશનો નાખવાના છીએ અને એના કારણે આખા રાજયમાં ગુણવત્તાવાળી વીજળી આપીશું. : એની અંદર સબસ્ટેશન જોઈએ તો આદિવાસી વિસ્તારોમાં પણ છે અને સાગરખેડૂ વિસ્તારોમાં પણ છે. ટ્રાન્સમીશનના ક્ષેત્રમાં ૫૫૦૦ કિલોમીટરની લાઈનો નવી નાખવાના છીએ અને આનું કેટલું ૨૨૦૦ કરોડના આધારે આપણે આ કામગીરી કરવાના છીએ, એટલે આટલી મોટી કામગીરી ખાલી ટ્રાન્સમીશન ક્ષેત્રે કરવાના છીએ. અને ૨૦૧૦-૧૧ની અંદર ૨૧૮૧ મેગાવોટ નવું વીજળીનું ઉત્પાદન આવવાનું છે. ૧૪૦૨ મેગાવોટ આ વર્ષે એટલે સ્વર્ણિમ વર્ષની અંદર પૂરું થાય ત્યાં સુધીમાં ૩૫૮૩ મેગાવોટ વીજળીનું નવું ઉત્પાદન ગુજરાતમાં થશે. આપણે જોઈએ તો આ જ પ્રમાણે કેંદ્ર સરકારની સબસીડી પણ બચે. આપણે સૌથી મોટું ગુજરાતમાં જી.એસ.પી.સી.નું ગેસનું નૅટવર્ક ઊભું કરીએ છીએ અને આ એટલું મોટું નૅટવર્ક ઊભુ થવાનું છે કે રાજયની અંદર નહીં પણ દેશની અંદર આપણે ગૌરવ સાથે કહી શકીશું કે ગુજરાત એકમાત્ર દેશ છે કે જેની અંદર ઘરે ઘરે ગેસ આપવાનું પ્લાન કર્યુ છે. ૧૫૮૧ કિલોમીટરની ટ્રાન્સમીશન લાઈનનું ગ્રીડ આપણે નાખી દીધું છે અને બીજા ૭૫૦ કિલોમીટરની લાઈનનું અત્યારે કામ ચાલે છે. ૧૬ જિલ્લાની અંદર આપણે કામ પૂરું કર્યુ છે અને ૩૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આપણે આ કામ કરી રહ્યા છીએ. આ વર્ષે ૨ લાખ ઘરવપરાશ માટે નવા કનેકશનો આપવાનું નક્કી કર્યુ છે. એવી જ રીતે સી.એન.જી.ના સ્ટેશનોની અંદર જોઈએ તો એકઝીસ્ટીંગ ૬૫ છે. આખા રાજયમાં આટલા વર્ષોમાં ૬૫ થયા છે. આ એક જ વર્ષમાં નવા ૮૫ સી.એન.જી. સબસ્ટેશનના ૧૫૦ કરીશું અને ગુજરાત એકમાત્ર રાજય હશે, આવતા ૨ વર્ષની અંદર કે દરેક જિલ્લાની અંદર ગેસ ગ્રીડ હશે. દરેક જિલ્લાની અંદર સી.એન.જી. સ્ટેશન હશે. એટલે આટલી મોટી કામગીરી આપણે આમાં કરવા માગીએ છીએ.

ઉદ્યોગ વિભાગની પણ થોડીક વાત કરી લઉ, ઘણીબધી વાત કરી, એમ.ઓ.યુ. કર્યા નથી ૨૦૦૩ની અંદર ૮૦ એમ.ઓ.યુ.ના પ્રોજેકટ સાઈન થયા હતા. ૨૦૦૫માં ૨૨૭ થયા, ૨૦૦૭માં ૪૫૪ થયા અને

૨૦૦૯માં ૮૭૬૦ થયા. અમલવારીની વાત કરીએ તો દેશની અંદર મારા ખ્યાલ પ્રમાણમાં બીજા રાજયોથી પ્રેકટીકલી ડબલ હશે. અને ૨૦૦૯ના જેટલા પ્રોજેકટો આપણે એને અમલ કર્યાને એમાં ૭૫૩ મીડીયમ અને લાર્જ સ્કેલ પ્રોજૅકટ આઈધર કમિશન કે ઈમ્પ્લીમેટેડ થઈ ગયા છે. આપણે બીજું વાઈબ્રંટ ૨૦૧૧ કરવા જઈએ છીએ અને વર્લ્ડ બીઝનેસ હબ બને અને એના માટે ૬૦ દેશોમાંથી લોકો આવવાના છે અને ૧હજાર ફોરેન ડેલીગેટસ આવે એ પ્રમાણે આયોજન કર્યુ છે અને એના માટે ગાંધીનગરની અંદર મહાત્મા મંદિર ખૂબ મોટું કન્વેન્શન સૅન્ટર આપણે બનાવી રહ્યા છીએ ૬ મહીનાની અંદર, કે જેથી ત્યાં આપણે વાઈબ્રંટ ૨૦૧૧ કરી શકાય. એસ.આઈ.આર રીઝન જોઈએ તો ગુજરાતે આટલી મોટી લીડ લીધી છે, ધોલેરા થયું, ટી.સી.પી.એલ. થયું, અલીયાબેટ થયું, સાંતલપુર થયું. આ ચાર તો ઓલરેડી આપણે ડીકલેર કરી દીધા છે. હાલોલનું ટૂંક સમયમાં અઠવાડીયાની અંદર આપણે નોટિફિકેશન આપીશું એટલે ૫ તો થઈ જશે. અને આ ઉપરાંત બીજા ચારનું એક વર્ષની અંદર આપણે ફીઝીબીલીટી અને કન્સેપ્ટ પ્લાન તૈયાર કરી રહ્યા છે. સાણંદમાં , પીપાવાવ સીમર, નવલખી, ઓખા, અંજાર આ બધાની અંદર પણ મોટા એસ.આર.આર. ઇન્ટરનૅશનલ સ્ટાન્ડર્ડના બને એના માટેની આપણે વ્યવસ્થા ગોઠવી અને અત્યારે આયોજન કરી રહ્યા છીએ. ડી.એમ.આઈ.સી.ની વાત કરી, ડી.એમ.આઈ.સી.માં ગુજરાતને ૩૮ ટકા મળે પણ ગુજરાત જ સારી કામગીરી કરે છે અને એના કારણે જ આપણને લાભ થવાનો છે. ૬ નોડસ આપણે નક્કી કર્યા છે અને એ નોડસ નક્કી ક્ર્યા છે, એરીયાસ નક્કી કર્યા છે. આઈડૅન્ટીફાઈ કર્યા છે અને એને ડૅવલપમેન્ટ કર્યા છે એ એરિયા એક સાંતલપુર છે, ડી.એમ.આઈ.સી. પસાર થાય છે એના વિસ્તારની અંદર સાંતલપુર આપણે લીધો છે, એક ધોલેરા લીધો છે, એક હાલોલ સાવલી લીધો છે, એક દહેજ અંકલેશ્વર લીધો છે એક સુરત હજીરા લીધો છે, એક ઉંમરગામ મોરલી લીધો છે એટલે આ એસ.આઈ.આર. પણ આપણે ડી.એમ.આઈ.સી.ને કેવી રીતે ભાગરૂપ થાય એ પ્રમાણેની આપણે ગોઠવણ કરી રહ્યા છીએ. એવી જ રીતે ડી.એમ.આઈ.સી. કંપનીએ ગુજરાતમાં જે પ્રમાણે સ્પીડ જોઈ છે એ સ્પીડ પ્રમાણે એ લોકોએ બે ગેસ બેઈઝ પાવર પ્રોજૅકટ નાખવાનું વિચારે છે અને સરકાર સાથે વાતચીત કરે છે સરકારે એમને જમીન પણ બતાડી, સરકારે એમને પ્રોજૅકટ પણ નક્કી કર્યો અને આવતા દિવસોની અંદર ડી.એમ.આઈ.સી. કંપની દ્વારા અને ગુજરાત કંપની બે ભાગીદારીમાં એક એક હજાર મેગાવોટના બે પ્રોજૅકટ સ્થાપવા ડી.એમ.આઈ.સી.માં આગળ વધી રહ્યું છે. અનિલભાઈએ જી.આઈ.ડી.સી.ની ઘણીબધી વાતો કરી, મારે ખાલી આપને એટલું જ કહેવું છે કે ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર એટલે આંતર માળખાકીય સુવિધા માટે અને એને અપગ્રેડ કરવા માટે ૧૫૨ પ્રોજૅકટો ૮૪ જી.આઈ.ડી.સી.માં એપ્રુવ થયા, ૧૦૭૬ કરોડ અને આ ૧૦૭૬ કરોડના જે પ્રોજૅકટ એપ્રુવ થયા એમાં ૩૫ પ્રોજૅકટ કમ્પલીટ થઈ ગયા અને ૬૩ પ્રોજૅકટ અન્ડર ઈમ્પ્લિમેન્ટેશન છે. આ બધા પ્રોજૅકટ જ્યારે ઈમ્પ્લિમેન્ટેશન થશે ત્યારે સી કેટેગરીની નગરપાલિકા હોય એ બી માં આવે અને બી કેટેગરીની નગરપાલિકા હોય એ એ કેટેગરીમાં આવે એ પ્રમાણેનો આપણે માસ્ટર પ્લાન કર્યો છે. એટલે ઈન્ટરનેશન સ્ટાન્ડર્ડ પ્રમાણેની આપણી વ્યવસ્થા ગોઠવાઈ છે અને માનનીય સભ્યશ્રીએ જે જમીન સંપાદનની ચિંતા વ્યક્ત કરી, મારે સભ્યશ્રીને ખાતરી આપવી છે કે અમે લોકો જમીનની અંદર કન્સેન્ટ જ કરીએ છીએ. અનેક ખેડૂતોને જમીન લેવા માટે સરકાર જે બજાર ભાવ ચાલતા હોય, કન્સેન્ટ ભાગ થાય અને એ રાજી થાય એ રીતે એમને રાજી રાજી કરીને જ કરીએ છીએ. હમણાં તમે જુઓ જી.આઈ.પી.સી.એલ. ખનીજની જમીન લીધી એમાં આપણે એ ખેડૂતોની જોડે બેસીને ખેડૂતોને જેમાં પ્રમાણે ભાવ જોઈતા હતા એ પ્રમાણે જી.આઈ.પી.સી.એલે જમીનમાં કર્યા. આજે ખેડૂતો પણ રાજી થઈ ગયા અને જી.આઈ.પી.સી.એલ.ને પણ ફાયદો થયો. બીજું, દહેજની પેટર્ન હોય તો દહેજની અંદર આપણે જોઈએ તો જે ખેડૂતોની જમીન જાય છે એ લોકોને આપણે ટ્રેનિંગ આપીએ છીએ અને એ ટ્રેનિંગના આધારે એ લોકોને કંપનીમાં નોકરી મળે એ પ્રમાણેનું કરીએ છીએ. એટલે કન્સેન્ટનો જ આપણે બને ત્યાં સુધી બધી જગ્યાએ ઉપયોગ કર્યો છે. રોજગારીની વાત કરીએ તો આ ઉદ્યોગો લાવ્યા છીએ શા માટે? આપણે રોજગારી માટે લાવ્યા છીએ. સરકારે એક લાખ માણસોને સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝમાં સ્વર્ણિમ ગુજરાતના વર્ષની અંદર રોજગારી આપવા માટેનો માસ્ટર પ્લાન બનાવ્યો છે. માનવ કલ્યાણ યોજના હોય, બાજપાઈ વિકાસ યોજના હોય, સ્કીલ ડેવલપમેન્ટ હોય , અને માર્કેટ સપોર્ટ એના માટે સવા બે લાખ માણસોને સેલ્ફ એમ્પ્લોયમેન્ટ મળે એ પ્રમાણેનો અમારો આ વર્ષનો ટાર્ગેટ છે. પહેલી વખત ૫૦ કુટિર મંદિર એટલે ગામડાઓની અંદર લેબર ડિપાર્ટમેન્ટની સાથે રહીને ૨૦૧૦માં મોટા ગામડાઓની અંદર આ કુટિર મંદિરની સ્થાપના થાય એ પ્રમાણેની આપણે આ વખતે ગોઠવણ કરી છે. માઈનીંગની અંદર પણ વાત કરીએ તો વેલ્યુ એડિશનને પ્રાધાન્ય આપ્યું છે. નવી નવી નીતિ બનાવી, લાઈમ સ્ટોન પૉલિસી બનાવી કે જેની અંદર એક ટ્રાન્સપરન્સી થાય, કોઈ ખોટા વ્યક્તિઓ આવીને લઈ ન જઈ શકે. બોક્સાઈટ અને લિગ્નાઈટ ગાઈડ લાઈન્સ બનાવી અને આ ગાઈડ લાઈન્સ દ્વારા આપણે આવતા દિવસોમાં વેલ્યુ એડિશન કેવી રીતે થાય એ માટે આપણે આગળ વધી રહ્યા છીએ. એમાં ખાસ કરીને નિયમો અને કાર્યવાહીની સરળતા માટે આપણે આગળ વધ્યા છીએ. ઘણી વખત આપણે ટ્રાન્સપરન્સી લેવા અમે લોકો ઈ-રોયલ્ટી પાસ કરીએ છીએ. ઈ-રિટર્ન ફાઈલો કરવાના છીએ. અને એ પ્રમાણે ધીમે ધીમે પારદર્શકતા આવે એ પ્રમાણે આગળ વધી રહ્યા છીએ. આ સભાગૃહની અંદર બે વર્ષ પહેલા ચિંતા વ્યક્ત કરી હતી કે લિગ્નાઈટનું ઉત્પાદન ઘટી ગયું છે. મને સભ્યશ્રીને કહેતા આનંદ થાય છે કે આ વર્ષે ૩૦ ટકા ઉત્પાદન વધ્યું

છે. એટલે લિગ્નાઈટનું જે પહેલા પ્રોડક્શન હતું એમાં વધારો થયો છે અને નવી લિગ્નાઈટ માઈન્સ ઉમરસદ, લખપત, ઢેઢી અને દામલિયા આ ચાર જગ્યાએ આપણે આગળ કામગીરી કરી છે. ૫૦ સ્કીલ અપગ્રેડેશન સૅન્ટર આપણે ઊભા કરી રહ્યા છીએ એ જી.આઈ.ડી.સી.ની અંદર કરીશું. એની સાથે સાથે બીજા ૫૦ નું આયોજન કરી રહ્યા છીએ. આ ઉપરાંત ૧૦૦ સ્કીલ અપગ્રેડેશન સેન્ટર્સ હયાત આઈ.આઈ.ટી. પ્રોવાઈડ કરવાના છે. ઈન્ડસ્ટ્રીઝ હોય એ પ્રમાણે એ લોકોને મેન પાવર મળે એ પ્રમાણેની આપણે વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત ખાનગી ભાગીદારીમાં ૫૦ સૅન્ટર આપણે ઊભા કરીએ છીએ. જે સેન્ટરો એમની ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત પ્રમાણે, દા.ત. ફાઉન્ડ્રી ઈન્ડસ્ટ્રીઝ હોય તો એ ફાઉન્ડ્રી ઈન્ડસ્ટ્રીઝ સાથે આપણે ઊભું કરીએ કે એની જોડે કઈ જાતના લોકોની જરૂરિયાત હોય એ પ્રમાણેની આપણે વ્યવસ્થા ગોઠવી છે. એવી જ રીતે સીરામિક હોય, ટ્રાન્ફોર્મર રીપેરીંગ હોય કે આવા જુદા જુદા લોકોને આપણે આની અંદર જુદા જુદા સૅન્ટર ઊભા કરી અને રોજગારીની વધારે તકો મળે અને ખાસ કરીને ગુજરાતમાં ગુજરાતીઓને વધારે રોજગારી મળે એ પ્રાધાન્ય રાખીને આપણે આગળ વધી રહ્યા છીએ. ઉદ્યોગની અંદર આપણે ચોક્કસપણે કહી શકીએ કે આજે ગુજરાતમાં ઉદ્યોગો માટે નવા લોકો ઈન્વેસ્ટર્સ રોજ અમારે ત્યાં આવે છે. Gujarat is the most invester friendly state in the counrty as on today. અને આની નોંધ બીજા રાજ્યોએ લીધી છે, આની નોંધ કેન્દ્રએ લીધી છે. આનું પરિણામ વાયબ્રન્ટ ૨૦૦૯નું જે આવ્યું છે એ ૨૦૧૧ માં ખૂબ વધશે એવું ચોક્કસપણે હું કહી શકું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું પેટ્રોલિયમ વિભાગની થોડી વધારે માહિતી ગૃહને આપવા માગું છું. જી.એસ.પી.સી. એ ગુજરાતની ફલેગશીપ કંપની છે. જી.એસ.પી.સી. આવતા દિવસોની અંદર આઈ.પી.ઓ. લાવવાનું છે અને આજની તારીખમાં મોટાભાગની કામગીરી એની પૂરી થઈ છે અને દેશની અંદર ઓઈલ અને ગેસ સેકટરની અંદર શ્રેષ્ઠ કામગીરી જો ચોકકસપણે કે.જી. બેઝીનનો ગેસ ગુજરાતને મળશે ત્યારે આપણે એમ કહી શકીશું કે દસ વર્ષની મહેનત આપણી સફળ થઈ છે. આજની તારીખમાં એનું જે દિનદયાળ બ્લોકનું ડેવલપમેન્ટ છે ને કે.જી.નું એ સાતહજાર કરોડનું છે. આજે આપ વિચાર તો એક એક કિલોમીટર નીચેની ઓઈલ અને ગેસ કાઢવો કેવી ટેકનોલોજીની જરૂર છે? જે જગ્યાએ ઓ.એન.જી.સી. ફેઈલ ગઈ હતી. જે જગ્યાએ ઓ.એન.જી.સી.ને કાંઈ મળ્યું નહોતું એ જગ્યાએ આપણે આ જીઓ ગ્લોબલની ભાગીદારીની અંદર એમ કીધું કે આપણે આ જગ્યાએ ગેસ કાઢવો છે અને ત્યાંથી અમે ઓઈલ અને ગેસ કાઢયો. આની સફળતાપૂર્વક કંપનીની અંદર બીજા રાજયો વિચાર કરે છે કે ઓઈલ અને એકસપ્લોરેશનની અંદર સરકારી કંપનીને કેમ આવી સફળતા મળી? એની ચર્ચા બીજા રાજયોમાં થઈ રહી છે. આજ કંપીનનો જે જી.એસ.કે.જી. જે ગેસ ગ્રીડ છે ને આખા દેશની ગેસ ગ્રીડ મુકો રાજયની અંદર કોઈ રાજયમાં આટલી મોટી નથી કોઈ જગ્યાએ નથી અને અમે લોકો એમ વિચારીએ છીએ, અમારું આયોજન છે કે અમારે આ કંપનીને આગળ લઈ જવી છે. એના માટે ચાર નવી ગેસ પાઈપલાઈન માટે અત્યારે વિચારણા ચાલે છે સરકારમાં. મહેસાણાથી ભટીંડા એટલે પંજાબ, ભટીંડાથી જમ્મુ-શ્રીનગર આવા વિસ્તાર માટે આપણે બીડ કરીએ છીએ અને આ બીડ કરવા માટે લાઈન લાગી છે પાર્ટનરની. સરકારી કંપનીઓને આવવું છે. સરકારી કંપની પણ એમ કહે છે કે તમે બીડ કરો તો અમને જોડે રાખો. હવે અમે શું ટેન્ડર બહાર પાડવાના છીએ? ટેન્ડર બહાર ન પાડી શકાય એટલે આ પ્રમાણે આ ધંધાની અંદર બીડ પ્રોસેસ હોતી નથી. ઓ.એન.જી.સી. હોય, ગેલ હોય, એચ.પી.સીએલ. હોય, બી.પી.સી.એલ. હોય કોઈપણ હોય અને આ જે ગેસ ગ્રીડનું અત્યારે આ વર્ષે ૩૫ મિલિયન સ્ટાન્ડર્ડ કયુબીક મીટરનું એક વર્ષમાં ૪૦ મિલિયન સ્ટાન્ડર્ડ કયુબીક મીટર ચોકકસપણે થઈ જશે. મારે આપનું ધ્યાન દોરવું છે કે આજની તારીખમાં જે રાજય સરકારના ગેસ બેઝ પ્રોજેકટ છે એમાં જી.એ.સી.જી. ૩૫૦ મેગાવોટ, જી.પી.પી.સી.૭૦૦ મેગાવોટ અને જી.એસ.પી.એલ. વિન્ડ એનર્જીમાં આપણે ખૂબ આગળ વધી રહયા છીએ અને વીન્ડ એનર્જી માટે જોઈએ તો વીન્ડ એનર્જીમાં આપણે જે પ્રમાણે આગળ વધ્યા છીએ એ પ્રમાણે ૧૬૩૨ મેગાવોટની આપણી કેપેસીટી વધી જવાની. આજની તારીખમાં ગુજરાતમાં ઈન્સ્ટોલ કેપેસીટી ૧૬૩૨ આવતા વર્ષે ૫૦૧૦ મેગાવોટ વધે એ પ્રમાણેનું આપણું આયોજન છે. હવે વિચાર તો કરો. કલીન એનર્જીની વાત કરીએ અમલીકરણ કોણ કરે છે? ગુજરાત કરે છે. સોલાર પોલીસી કાઢી ગુજરાતે કરી અને ગુજરાત પહેલું રાજય હતું કે જેણે સોલાર પોલીસી કાઢી. અને સોલાર પોલીસી કાઢયા પછી ૭૧૬ મેગાવોટ, ૩૪ કંપની નેશનલ અને ઈન્ટરનેશનલ કંપનીઓ જોડે એમ.ઓ.યુ. માટે એમને પી.પી.એ. મોકલ્યા અને પી.પી.એ. માટે આમંત્રણ કર્યું અને ભ્રષ્ટાચારની વાત કરે છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે અમે આ જે કંપનીઓના કરાર કરીએ છીએ ને એ સાડા બાર, તેર રૂપિયામાં કરીએ છીએ. આના પછી કેન્દ્રએ સોલાર મિશન કર્યું શું ભાવ? અઢાર રૂપિયા. છે કોઈ જવાબ? કઈ જગ્યાએ ભ્રષ્ટાચાર થયો? ગુજરાતમાં થયો કે કેન્દ્રમાં થયો? જે અમે સાડા બાર, તેર રૂપિયામાં લાવી શકતા હોઈએ અને સાડાબાર, તેર રૂપિયામાં ૭૧૬ મેગાવોટ કરી શકતા હોઈએ તો કેન્દ્રએ ૧૦૦૦ મેગાવોટ કર્યો એ ૧૮ રૂપિયામાં.(અંતરાય) પણ રેકર્ડ પર લાવો. હું કહું છું તો ખરો. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં દુ:ખ થાય છે કે કેન્દ્ર સરકાર ગુજરાતને કોલસો આપતી નથી. અમારે ઈમ્પોટેડ કોલ લેવા જવું પડે છે. જે કોલ લીંકેજ છે એના પાંચ વર્ષના કેન્દ્ર સરકારના તમે આંકડા કાઢો. ગુજરાતના કોલ લીંકેજમાં વધારો મામુલી હશે અને કેટલો કોલ લીંકેજ એણે પ્રાઈવેટ કંપનીને આપ્યો છે એટલે કેન્દ્ર સરકાર અમને, રાજય સરકારને ફરજ પાડીને બહાર મોકલે છે. એના કારણે ઈન્ડીજીનસ કોલ અમને મળતો નથી.હું આંકડા આપું એક્ચ્યુઅલ જોવા જઈએ ને તો

ઈન્ડીજીનસ કોલ જે મળવાનો હતો તે ઘટ્યો છે. ૨૦૦૭-૦૮ માં ૧૮૪ લાખ ટન હતો. એ ૨૦૦૯-૧૦ માં કેટલો થયો ૧૭૩. ૨૦૦૮-૦૯ માં કેટલો હતો ૧૭૨. એટલે ૧૨ લાખ ટન ઓછો કર્યો અને પછી અમને શું કહે છે. તમે દરિયા કિનારા નજીક છો. એટલે તમે ઈમ્પોર્ટેડ કોલ લો અને ઈમ્પોર્ટેડ કોલ ભારે પડે અને ઈમ્પોર્ટેડ કોલના કારણે જે વાર્ષિક મોંઘવારી થાય છે ને એ કદ બહારની છે. ખાલી છેલ્લા ૪ વર્ષની અંદર કેન્દ્ર સરકાર જ રાજ કરે છે ને. કોલસો, ગેસ, ઑઈલ આ બધી માહિતી કાઢીએ તો કોલસા અને રેલ્વેના કારણે ૨૬૮૧ કરોડ ગેસના પ્રાઈસના કારણે ૪૦૨૧ કરોડ, ઑઈલના કારણે ૪૩૮ કરોડ, બીજા બધા ૪૨૬ એમ કુલ ૭૬૭૧ કરોડ માત્ર ભાવ વધારાના કારણે આવ્યા છે. છેલ્લા ૪ વર્ષમાં (અંતરાય) અને આ ભાવ ઘટાડો હું તમને ગેરંટી આપું છું કે ૫૦, ૬૦, ૭૦ પૈ. તો આમાં રમતા ઓછા થઈ જશે. રમતા રમતા ઓછા થઈ જશે. અને જૂના ભાવો જે એન.ડી.એ. સરકારના હતા એ રાખો, વાંધો નથી એન.ડી.એ. સરકારના ભાવ રાખો. એન.ડી.એ. સરકારમાં જે કોલસો આપતા હતા તે રાખો. અમને વાંધો નથી. જે અન એલોકેટેડ પાવર મળતો હતો તે આપો. કોલસો જે મળતો હતો તે આપો, જે ભાવે મળતો હતો તે આપો. આ ગ્રાહક કન્ઝપ્શન ઉપર ઓછામાં ઓછા ૧ રૂપિયા યુનિટ ભાવ ઓછો થઈ જશે. અરે ભાઈ, ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીની સભ્યે વાત કરી. અરે ભાઈ, મને એક વસ્તુ તો કહો કે ૧૯૬૦ માં ગુજરાતની સ્થાપના થઈ. એ ૧૯૬૦ની અંદર ગુજરાતે ૧૯૬૦ થી ૧૯૯૫ માં તો કોંગ્રેસવાળા હતા, આપણે નહોતા. ૧૯૬૦ થી છેક સુધી તો કોંગ્રેસ ચાલતું હતું. એક દાખલો મને બતાવો મને કોંગ્રેસવાળા રાજયમાં એક દાખલો કે જ્યાં ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી ઘટાડો કર્યો હોય. એક દાખલો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવીને એમણે ૨૦૦૦ થી ૨૦૧૦ સુધીમાં ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીનો ગ્રાફ ઓછો કરતો ગયો છે. કોંગ્રેસે નથી કર્યું.(અંતરાય) ૬૫ ટકા.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ હું ૩ મિનિટ બધાને આપવાનો છું. આપના નેતાને પણ આપવાનો છું.

**શ્રી સૌરભ પટેલ** : ૬૫ ટકા ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી હાઈએસ્ટ હતી. ૬૫ ટકા. એ ઘટાડીને ૨૫ ટકા લાવ્યા. કોણ લાવ્યું? ભાજપ લાવ્યું. આખા દેશમાં ૪ ટકા ટેક્સ લગાવાતો હતો. તે ૪ ટકા નાબૂદ કોણે નાબૂદ કર્યો કાયદો. એ ભાજપ સરકારે કર્યો. ખેડૂત ઉપર કેટલી લગાવાતી હતી? ખેડૂત ઉપર ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી વર્ષોથી લગાવાતી હતી એ ભારતીય જનતા પાર્ટીની સરકારે, નરેન્દ્રભાઈની સરકારે ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી નાબૂદ કરી. એટલે મારે તો બે સભ્યશ્રીઓને એટલી જ વિનંતી કરવાની કે હિતમાં વાત કરો. ગુજરાતના હિતમાં વાત કરો. અમે તૈયાર છીએ. પ્રજાને સસ્તી વીજળી આપવા તૈયાર છીએ. ગુણવત્તાવાળી વીજળી આપીએ છીએ. અમને કોલસામાં મદદ કરો. ગેસમાં મદદ કરો. અમે જે કોઈ તમે આક્ષેપો કરો એ સમજી વિચારીને કરો એટલી મારી આપ સૌને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શક્તિસિંહજી. ઑર્ડર..ઑર્ડર. મારી પાસે સમયની ખૂબ મર્યાદા છે. હજુ પ્રશ્નો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનીય મંત્રીશ્રીએ જે પ્રેસનોટ અને એમના પત્રમાં ઉલ્લેખ કર્યો એ કાલે જ મારા વંચાણમાં લેટર આવ્યો અને તરત જ જવાબ લખ્યો છે અને એની ઓ.સી. મારા હાથમાં છે. એ ઓ.સી. માં મેં લખ્યું છે કે આપનો તા. ૪-૩-૨૦૧૦ નો પત્ર મળ્યો છે. મને અત્યંત નવાઈ લાગી કે જી.એસ.પી.સી. અને સ્વાન એનર્જી બાબતે મૌખિક રીતે આપને એમ જણાવ્યું છે કે ૧૦ મિલિયન કાર્બન ક્રેડિટ બાબતે કોઈ પ્રેસનોટ આપેલ નથી. જી.એસ.પી.સી. અને સ્વાન એનર્જીએ જે પ્રેસનોટ ઈસ્યુ કરેલ છે, તેની નકલો આ સાથે સામેલ છે. જેમાં સ્પષ્ટ રીતે ૧૦ મિલિયન ક્રેડિટ કાર્બન ક્રેડિટનો ઉલ્લેખ છે.આ પ્રેસનોટ લીડીંગ ન્યુઝ પેપરને મોકલવામાં આવી હતી જે અંગે આપશ્રી સરકારી માહિતી ખાતા મારફત અથવા પ્રેસ મીડીયા મારફત તપાસ કરશો તો આપને આ પણ પ્રાપ્ત થશે. સરકારશ્રીના વિવાદ અંગે મંત્રીશ્રીઓને મૌખિક ખોટી માહિતી આપતા હોય તો અત્યંત અશિસ્ત

**અધ્યક્ષશ્રી** : પત્ર મોકલાવ્યો છે તો વાંચવાની જરૂર નથી. પત્ર વાંચવાની જરૂર નથી. પત્ર તમને મળે પછી. પત્ર મોકલી આપો. પ્રશ્ન પૂછો. આપ પ્રશ્ન પૂછી શકો. આપની પાસે લેખિત પત્ર આવ્યો હોય, તે આપની પાસે છે. તેમની પાસે પ્રેસનોટ છે તે તમને મોકલી આપે છે. બે કોપી મને આપી છે. હું આપને મોકલી આપીશ. મારી પાસે સમયની ખૂબ મર્યાદા છે. પત્ર વાંચવા દઉં પત્ર મળ્યો કે ન મળ્યો તેના ઉપર ચર્ચા કર્યા કરતાં આપે ચર્ચામાં ઉપસ્થિત થયેલા મુદ્દા ઉભા કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: મારા બે જ પ્રશ્નો છે એક છે કે આપે બ્લેક લિસ્ટ અદાણીને કરવાની તૈયારી રાખવી જોઈએ. એકાદ કૉન્ટ્રેક્ટમાં માત્ર તેને ડીસ્કવોલીફાય કરશો તો પર્પઝ ના સરે. આપણે ત્યાં એક કોન્ટ્રાકટર ભૂલ કરે તો તેને બ્લૅક લિસ્ટ કરીએ છીએ. ડીસ્કવોલીફાય નથી કરતા. તો અદાણીને બ્લૅક લિસ્ટ કરવા માગો છો કે કેમ? એક મારો પ્રશ્ન પૂરો થવા દો. બીજો મારો પ્રશ્ન છે કે જીઓગ્લોબલ પાસે કરોડો રૂપિયા આપે ૨૦૦૮માં માગ્યા છે. આપે કહ્યું એક પૈસો કોઈનો બાકી નહીં રહેવા દઈએ. આપ ૨૦૧૦માં છીએ. આટલા સમય સુધી જીઓગ્લોબલ પાસેથી કરોડો વસૂલ ન થઈ શકયા તે હકીકત છે અને મેં કહ્યું હતું તે પ્રમાણે આપે એગ્રીમૅન્ટ કર્યુ તેમાં લવાદ આપે છેક લંડન સુધી લાંબા થવું પડે તેવી પરિસ્થિતિ છે કે કેમ? બે વર્ષ સુધી આ જીઓગ્લોબલ પાસેથી પૈસા વસૂલ નથી થયા તે વાત સાચી છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપણે નૅગેટિવ વાત શું કામ કરીએ. તમારી મદદથી આપણે વીજળી લેવાના છીએ. સવાલ જ નથી. અત્યારે

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી મારી પાસે બે મિનિટ છે. પ્રશ્ન ઉપસ્થિત કર્યા છે તેના ટૂંકમાં જવાબ આપો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રેગ્યુલેટરી કમિશન દ્વારા આપણે બહુ કડક રજૂઆત કરવાના છીએ, બહુ સ્ટ્રોંગલી વાત મૂકવાના છીએ. આવતા દિવસોની અંદર ૨.૩૫ પૈસે. પહેલાં તો કોર્ટનું જજમેન્ટ આવે અને તે આવ્યા પછી

**અધ્યક્ષશ્રી** : એમને જવાબ આપવો તે તેમનો અધિકાર છે. શું જવાબ આપવો તે નહીં. જવાબ પૂરો થવા દો. એમનો જવાબ પૂરો થવા દો. જવાબ પછી. આપ જવાબ આપો.

**શ્રી સૌરભ પટેલ** : જી.ઈ.આર.સી. તે કોમ્પીટન્ટ ઓથોરીટી છે. સભ્યશ્રી જાણે છે. જી.ઈ.આર.સી. માં કેસ ચાલતો હોય ત્યારે આપણે વાત ન કરી શકીએ. મારે તો એક પગલું આગળ જવું છે અને કહેવું છે કે ગમે તેમ કરીને આપણને આટલી સસ્તી વીજળી બીજીવાર મળે તેના માટે જે તકલીફો છે તે ભેગા મળી દૂર કરવી જોઈએ. ચોક્કસ કહું કે આના માટે જી.ઈ.આર.સી. ની અંદર બહુ મજબૂત રજૂઆત કરી આ વીજળી મળે તે પ્રમાણે અને જે નિયમોમાં આવશે તે પ્રમાણે કરવા તૈયાર છીએ.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૨, ૧૩, ૧૪, ૪૯ અને ૫૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ ૩.૧૫ કલાકે ફરી મળશે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

# બિન-સરકારી સંકલ્પો

### સૌરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, ક્ષસૌરાષ્ટ્ર અને કચ્છનો વિસ્તાર વરસાદ આધારિત ખેતી ધરાવે છે. ત્યાં સિંચાઈના મોટા ડેમો નથી તેથી વારંવાર દુષ્કાળને કારણે પાણીની અછત સર્જાય છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ ખેડૂત દુ:ખી થઈને આકાશ તરફ મીટ માંડીને બેસે છે.

હાલ સૌરાષ્ટ્રમાં સિંચાઈના મૂળ હેતુ માટે મધ્યમ અને નાની સિંચાઈના જે ડેમો બનાવવામાં આવ્યા છે તે ડેમો લોકોને પીવાના પાણી માટે સંપૂર્ણ અથવા અંશત: અનામત કરવામાં આવ્યા છે, તેથી ખેડૂતોની સિંચાઈ માટેની સુવિધા લગભગ ઝૂંટવાઈ જવા પામી છે અને ખેડૂત લાચાર બન્યો છે. નર્મદા આધારિત યોજનામાંથી સમગ્ર રાજ્યમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે તેવા સંજોગોમાં સૌરાષ્ટ્રના જે મધ્યમ અને નાના ડેમો પીવાના પાણી માટે અનામત રાખવામાં આવ્યા છે તેને તેમાંથી મુક્ત કરી આ ડેમો ફક્ત સિંચાઈ માટે અનામત રાખવામાં આવે અને અછતના સમયમાં જો આ ડેમો ન ભરાય તો ખેતીને જીવિત રાખવા માટે નર્મદાના પાણીથી તે ભરવા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ વિસ્તારોમાં પીવાના પાણી માટે નર્મદા આધારિત પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પાડવા" આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને કચ્છ આ કાયમી અછતગ્રસ્ત વિસ્તારો છે. મોટા ભાગે અછત અને અર્ધઅછતની સ્થિતિ ધરાવતા આ વિસ્તારોમાં સિંચાઈ માટે કોઈ કાયમી સુવિધા નથી. આ વિસ્તારોમાં બારમાસી નદીઓ નથી, મોટી નદીઓ નથી, મોટા ડેમો નથી અને વધારામાં મોટા પ્રમાણમાં દરિયા કાંઠો હોવાના કારણે દરિયાનું ખારૂ પાણી આગળ વધતું જાય છે એટલે તળમાં ખારૂ પાણી ભરાતું જાય છે. સાહેબ, આવા સંજોગોમાં આપણે સૌરાષ્ટ્રના અને કચ્છના ખેડૂતોને સિંચાઈ માટે, પીવાનું પાણી પૂરૂં પાડવા માટે રાજય સરકારે જરૂરી કાર્યવાહી કરવી જોઈએ. હું આ સંકલ્પ એટલા માટે લઈને આવ્યો છું કે સરકાર જયાં નર્મદાનું પાણી સિંચાઈ માટે પહોંચતું નથી એવા સૌરાષ્ટ્રના જે જિલ્લાઓ છે ત્યાંના ખેડૂતોને ખેતી માટે સિંચાઈ માટે પૂરું પાણી મળી રહે એના માટે સરકારે વિશેષ જોગવાઈ કરવી જોઈએ અને આવા વિસ્તારોના ખેડૂતોને સિંચાઈ માટેનું પાણી પૂરું પાડવું જોઈએ. ઉપરાંત, જે જે વિસ્તારોમાં હજી પીવાનું પાણી નર્મદા યોજના દ્વારા પહોંચાડવામાં નથી આવ્યું, તેવા વિસ્તારોમાં પણ પીવાનું પાણી તાત્કાલિક સરકારે પહોંચાડવાની કાર્યવાહી કરવી જોઈએ. ગુજરાતમાં ૪૪ જેટલા ડેમો છે, અને તેમાં ૭૬૦૧ એમસીએમ પાણી છે સૌરાષ્ટ્રમાં ૧૩૧ જેટલા ડેમો છે, એમાં માત્ર ૧૪૯૫ એમસીએમ પાણી ભરાય છે અને કચ્છમાં ૨૦ જેટલા ડેમો છે એમાં માત્ર ૧૬૩

એમસીએમ જેટલું પાણી ભરાય છે. સાહેબ, આના ઉપરથી ખ્યાલ આવે કે સૌરાષ્ટ્ર અને ગુજરાતની સરખામણી પીવાના પાણીના ક્ષેત્રે કરવાથી આપણને સૌરાષ્ટ્ર અને કચ્છની હાલતનો ખ્યાલ આવશે. સાહેબ, વર્ષોથી એક વાત કરવામાં આવે છે કે, નર્મદા યોજનામાંથી જે દરિયામાં પાણી વહી જાય છે, એમાંથી એક એમસીએમ પાણી કચ્છને, એક સૌરાષ્ટ્રને અને એક ઉત્તર ગુજરાતને આપવામાં આવશે. સાહેબ, ઉત્તર ગુજરાતમાં તો પાણીવાળા મંત્રીશ્રીઓ હોય છે, મુરબ્બી શ્રી નરોત્તમ કાકા, શ્રી નીતિનભાઈ, માનનીય મુખ્ય મંત્રીશ્રી સાહેબ, શ્રી જયનારાયણભાઈ,આનંદીબેન આ બધા સક્ષમ અને પાણી વાળા મંત્રીશ્રીઓ હોવાના કારણે ઉત્તર ગુજરાતમાં સુજલામ-સુફલામ યોજનાનો અમલ પણ થઈ ગયો અને આ એક લાખ ફૂટ પાણી વધારાનું લઈ જવાની વાત છે એની અમલવારી પણ ત્યાં થઈ ગઈ. કમનસીબી અમારી છે કે, સૌરાષ્ટ્ર અને કચ્છ માટે આ માટેની કોઈ વ્યવસ્થા હજુ કરવામાં નથી આવી અને ક્યારે કરવામાં આવશે એનો પણ કોઈ અંદાજ કરવામાં નથી આવ્યો. બોટાદ બ્રાન્ચ કેનાલ છે અને વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ છે આની જો કેપેસીટી તાત્કાલીક વધારવામાં આવે તો જ આ વધારાનું પાણી સૌરાષ્ટ્રમાં પહોંચી શકે. મારો આ સંકલ્પ લાવવાનો જે હેતુ છે એ એટલા માટે હું આ સંકલ્પ લાવ્યો છું કે જ્યાં નર્મદાનું સિંચાઈ માટે પાણી મળવાનું નથી એવા વિસ્તારોમાં જે સિંચાઈના ડેમો છે એ ડેમાને પીવાના પાણી માટે જે સંપૂર્ણ રીતે રિઝર્વ રાખવામાં આવ્યા છે એને રિઝર્વેશનમાંથી મુક્ત કરે અને એ જે પાણી છે એ સિંચાઈ માટે આપે કારણ કે, પીવા માટે તો સરકાર ગાઈ-વગાડીને જાહેરાત કરે છે કે આખા ગુજરાતને અમે નર્મદાનું પાણી પૂરું પાડીશું તો અમારા સૌરાષ્ટ્રના જે સિંચાઈના ડેમો છે એને પીવાના પાણીના રિઝર્વેશનમાંથી મુક્ત કરવા જોઈએ. સંપૂર્ણ રિઝર્વેશન હોય કે અંશત: રિઝર્વેશન હોય, અને જો આ ડેમોમાંથી પીવાના પાણીનું રિઝર્વેશન મુકત કરવામાં આવે તો લગભગ સૌરાષ્ટ્રની વધારાની ૫૫ હજાર હેકટર જેટલી જમીન સિંચાઈ મેળવી શકે. એટલે પહેલી માગણી એ છે કે જે સિંચાઈના ડેમો છે એમાંથી પીવાના પાણીનું રિઝર્વેશન તાત્કાલીક રદ કરવામાં આવે અને એવા વિસ્તારોમાં પીવા માટેનું પાણી નર્મદા જૂથ યોજનામાંથી પૂરું પાડવામાં આવે. અમારા વિસ્તારમાં સાહેબ, બારમાસી નદીઓ નથી કે કોઈ મોટી સિંચાઈ યોજનાઓ નથી તેથી અમારા વિસ્તારમાં ખાસ વરસાદના પાણીના સંગ્રહ માટે વધુને વધુ સિંચાઈની યોજના કરવામાં આવે તો હું માનુ છું કે, કાંઈક અમને ન્યાય મળી શકે અને એના માટે સરકારે વિશેષ આ વિસ્તારો માટે આર્થિક ભંડોળ ફાળવવું જોઈએ. મેં આજની પ્રશ્નોતરીમાં એક બે પ્રશ્નો જોયા તો દસ દસ વર્ષથી વિચારણા હેઠળ છે, દસ દસ વર્ષથી બજેટમાં પૈસા ફાળવવામાં આવે છે પણ સૌરાષ્ટ્રની નાની સિંચાઈ યોજનાઓ માટે સરકાર આગળ વધતી નથી. આના ઉપરથી આપણને સૌરાષ્ટ્રના સિંચાઈના પ્રશ્ને સરકારની દાનતનો થોડો ઘણો ખ્યાલ આવી શકે. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ભલે તમે ઉત્તર ગુજરાતમાં લઈ ગયા અને હજુ વધુ લઈ જાવ પણ અમને પણ અમારા હકનું જે છે એ તમે અમને આપો. આવા વિસ્તારોમાં જળ સંગ્રહ માટેની વિશેષ વ્યવસ્થા કરવી જરૂરી છે ઉપરાંત મોટો દરિયા કિનારો સૌરાષ્ટ્રમાં છે એના પરિણામે દરિયાના ખારા પાણી તળમાં આગળ વધતા જાય છે અને જમીનનું તળ ખારું થતું જાય છે ત્યારે આવા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં બંધારા બાંધવામાં આવે તો દરિયાઈ પાણી જે આગળ વધે છે તે અટકે અને વરસાદનું મીઠું પાણી છે એનો સંગ્રહ થાય તો એનાથી મોટા પ્રમાણમાં ફાયદો થાય. વિશેષમાં જેમ ધોળીધજા ડેમ ભરવામાં આવ્યો હતો એવી રીતે માત્ર દેખાવ ખાતર ચૂંટણીને લક્ષમાં લઈ કોઈ ડેમો ન ભરે પણ આખા સૌરાષ્ટ્રના ડેમો કે જે ઓછા વરસાદના કારણે અધૂરા રહી ગયા હોય એવા તમામ ડેમોને જો નર્મદાના પાણીથી ભરી દેવામાં આવે તો હું માનુ છું કે જ્યાં સિંચાઈ માટે નર્મદાનું પાણી પહોંચતું નથી એવા વિસ્તારોમાં અમને સિંચાઈ માટે ન્યાય મળે, અમારા ખેડૂતોને ન્યાય મળે. ઉપરાંત ખાસ મારી વિનંતી કે આવા વિસ્તારોમાં પીવાના પાણી માટે નર્મદા યોજનાની કામગીરી ઝડપથી હાથ ધરાય એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓને પણ મારી વિનંતી છે કે, પક્ષાપક્ષીથી પર રહી કોઈ એક વિસ્તારના ખેડૂતો સિંચાઈથી વંચિત ન રહી જાય એને કોઈ અન્યાય ન થાય એટલા માટે રાજ્ય સરકારનું ધ્યાન દોરવા અને રાજ્ય સરકાર આ માટે કામગીરી કરે ચોક્કસ સમયગાળા દરમ્યાન એના માટે રાજ્ય સરકારને અને માનનીય સિંચાઈ મંત્રીશ્રીને મારી ખાસ વિનૂંતી છે અને સભાગૃહના સૌ સભ્યશ્રીઓને પણ મારી વિનંતી છે કે અમારા સૌરાષ્ટ્રના જે વિસ્તારો નર્મદાના પાણીથી વંચિત રહે છે એવા વિસ્તારો માટે રાજ્ય સરકાર તાત્કાલીક મારી માગણી મુજબ કાર્યવાહી હાથ ધરે એ માટે સૌ સભ્યશ્રીઓ આ સંકલ્પ પસાર થાય એટલા માટે સાથ અને સહકાર આપે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે આ ખરા અર્થમાં આ સંકલ્પ ૧૯૯૭-૯૮માં લાવ્યા હોત તો ખરા અર્થમાં સો ટકા પાસ થઈ શકત અને સાચા અર્થમાં સૌરાષ્ટ્રની ચિંતા કરી લેખે લાગત. મારે એટલી વાત કરવી છે (અંતરાય) આ વિભાગના તે મંત્રી પણ હતા.

**સભાપતિશ્રી** : નીતિનભાઈ, તમારે જવાબ આપવાનો છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ખેડૂતો માટે ખરા અર્થમાં, સાચા દિલથી સેવા કરવા માટે અને કાર્ય કરવા માટે તત્પર છે. મારે એટલા માટે કહેવું છે જો આ ગુજરાતની અંદર ભારતની અંદર પહેલાં વખતે જો રીવર ગ્રિડનો પ્રારંભ થયો હોય તો પહેલાં ગુજરાતમાં થયો.

આ માનનીય માજી વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈજીની જે કલ્પના હતી કે જે વિસ્તારની અંદર પુર આવવાના કારણે અને જે વિસ્તારમાં દુષ્કાળ પડે છે તેમાં જો આ રીવર ગ્રિડ કરવામાં આવે તો સો ટકા આ ભારતના પૂરગ્રસ્ત અને દુષ્કાળગ્રસ્ત રાજયોને ફાયદો થાય. તેના પેટેનું જો પહેલું કામ રીવર ગ્રિડનું કર્યુ કામ જો કોઈએ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે કહેવું છે કે, પાણીના વિતરણ માટે બીજા રાજયોની અંદર પહેલાં લોહી રેડાયા અને પછી પાણી રેડાયા. કાવેરી વિવાદ આપણે જોયો. આ ગુજરાતની જનતાએ તેની ક્ષેલદિલી બતાવી અને રાજય સ્થાને આ નર્મદાનું પાણી આ ગુજરાતમાંથી આપવાનું જો ભગીરથ કાર્ય કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આ ભારતીય જનતા પાર્ટીની એક કલ્પના છે કે ગુજરાતની અંદર વધારેમાં વધારે સિંચાઈ થાય, વધારેમાં વધારે ખેડૂતોને લાભ મળે એના માટેના જો પ્રયત્નો કરવાનું ચાલું કર્યુ હોય તો ગુજરાતની અંદર ૧ લાખ અને ૨૫ હજાર ચેક ડેમ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા. રાઘ ‌વજીભાઈનો તો કાયમી રસ્તો છે અને તેને ખબર છે કે આજી નદી આજે પણ પાણીની આખી ભરેલી છે જે તેના અને મારા મત વિસ્તારના સીમાડે આવેલી છે. આ તમે વિચાર કરો ઉનાળો આવવાની તૈયારી છે અને આજે આજી નદીની અંદર ઓવારણાં થાય એટલું પાણી ભર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની દેન છે. મારે એટલા માટે કહેવું છે આજી નદીનું પાણી પીવા માટે અનામત નથી આજે ૧૫૦-૧૫૦ ચેક ડેમ બન્યાં દોઢ દોઢ કરોડનાં તેના કારણે આજે આખી આજી નદી પાણીની ભરેલી છે. આજે તમારો વિસ્તાર અને મારા વિસ્તારના તમામ ગામડાં ડ્રીપ ઈરીગેશન કરીને પિયત કરી શકે છે આપણે જોઈ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સૌરાષ્ટ્ર માટે આ નર્મદા યોજનામાંથી ૧ મિલિયન ઘન ફૂટ પાણી અનામત રાખેલું કચ્છ માટે અને સૌરાષ્ટ્ર માટે. આના કારણે ચોમાસાની અંદર દરિયામાં જે પાણી વહી જાય છે આ પાણીને સૌરાષ્ટ્રના ડેમોની અંદર ઠાલવી અને સૌરાષ્ટ્રના ખેડૂતોની ખેતી વધારેમાં વધારે કઈ રીતે થઈ શકે તેમાં માટેના સો ટકા પ્રયત્નો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે. બીજા નંબરની અંદર જે આજે માળિયા કેનાલ હોય કે વલ્લભી પુર બ્રાન્ચ કેનાલ હોય તેની અંદરથી પણ અત્યારે ખેડૂતો પાણી લે અને પિયત કરે આપણે બધા જોઈ શકીએ છીએ. આ ખેડૂતો વધારેમાં વધારે પિયત કરી શકે અને સૌરાષ્ટ્રને સારી રીતે પાણી પીવાનું મળી શકે તેના માટે ૪૨૦૦ કરોડના ખર્ચે બલ્ક પાઈપ લાઈન અરે, રાઘવજીભાઈ તમે અને હું બન્ને તેની અંદર ચાલી શકીએ એટલી પાઈપ લાઈન નાંખવાના છીએ. આ સૌરાષ્ટ્રને પાણી આપવા માટેનું આ ખેડૂતોના હિતમાં આ પાઈપ લાઈન નાખવાનો એટલા માટે નિર્ણય કર્યો ખેડૂતોને કેનાલમાંથી પિયત માટે પાણી મળી રહે, લોકોને પીવા માટે પાણી મળી રહે તેના માટે ૪૨૦૦ કરોડ રૂપિયા તમને સામાન્ય લાગે છે ? આ એટલા માટે કહું રાઘવજીભાઈ, આજે તમે બંધારાની વાત કરી આ સરકારે જે નદીઓ દરિયાની અંદર ભેગી થાય છે ત્યાં ખારા પાણીને મીઠાં પાણીને બન્નેને જુદા પાડવા માટે બંધારાનું જો કામ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે તે આપણે બધાં નજરે જોઈ શકીએ છીએ. કે મીઠુ પાણી ખેડૂતો લીફટ કરીને લઈ શકે અને ખારા પાણીનો ખાર જે જમીનમાં આવે છે એને અટકાવવા માટેનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. રાઘવજીભાઈ, આપણે એટલું વિચારીએ કે આ પાણી મળતુ ન થયું હોત તો આપણે ૯,૦૦૦ કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન હતું, એ તો ચોપડે છે. એ આજે ૪૯,૦૦૦ કરોડ સુધી કેવી રીતે પહોંચ્યું? આ પિયતનું પાણી મળવા મંડયું એના કારણે ૪૯૦૦૦ કરોડનું ઉત્પાદન આ ગુજરાતમાં થવા મંડયું. ખાસ કરીને રાઘવજીભાઈ, સૌરાષ્ટ્રમાં ૧૯૯૫ પહેલા તમને અને મને બન્નેને ખબર છે કે આપણા ગામડાની પરિસ્થિતિ કેવી હતી? ગામડામાં ખેડૂતને જો કોઈપણને બહારગામ જવું હોય ને તો બે ઘર સદ્ધર હોય ત્યાં જઈને ૧૦ રૂપિયા ઉછીના લાવે, પછી ગામડે જઈ શકાતું. એક જોડી જ કપડા સારા હોય અને બાકી તો ચોરણીમાં જેટલા કલર હોય ને એ બધા કલરના થીગડાં હોય, ખાતરની થેલી હોય ને, એના થીગડાં મારેલાં આપણે જોયા છે. આપણે આજે ગામડામાં ખેડૂતને સદ્ધર થયેલો જોઈએ છીએ. આજે ગામડામાં એક એક ઘરે ટ્રેકટર અને હોન્ડા મોટર સાયકલ સૌરાષ્ટ્રમાં ૧૯૯૫ પછી આવ્યાં. આજે આ ગામડાનો ખેડૂત ખરા અર્થમાં તમે અને હું બન્ને (અંતરાય) અરે ભાઈ, મણીકા હોય તો ભાવ કામ આવે, મણીકા વગર ભાવ શું કરી દે? (અંતરાય) આ મણીકાના કારણે આ ભાવ કામ કર્યા છે. રાઘવજીભાઈ અને હું બન્ને ધ્રોળમાં સાથે ભણતા. રાઘવજીભાઈ, આપણે ભણતા ત્યારની સ્થિતિનો વિચાર કરો. આપણા ગામડામાં આપણા ઘરે મહેમાન આવે તો ઓલી ટબૂડી ભરીને સંઘરીને લાવતા. આ સ્થિતિ હતી. ખરા અર્થમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગામડાનો જે વિકાસ થયો અને ગામડાં જે સદ્ધર થયા છે. એ તેઓ પણ સ્વીકારી શકે તેમ છે. ખરા અર્થમાં આ સંકલ્પ તમે જો ૯૭-૯૮માં લાવ્યા હોત અને તે દિવસે આ કલ્પના કરી હોત અને વિચાર કર્યો હોત તો ખેડૂતોની સ્થિતિ સુધરી શકી હોત. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોના હિત માટે જયારે ચિંતા કરી રહી હોય ત્યારે આ સંકલ્પ સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નવો નિશાળીયો છું. (અંતરાય) હું નવો નિશાળીયો છું. તો આજે જરા મને બોલવા દેજો. થોડો ટાઈમ સાચવજો.

**સભાપતિશ્રી:** ૫ મિનિટ છે, તે મળશે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : કચ્છ અને સૌરાષ્ટ્રની વાત કરીને રાઘવજીભાઈ સંકલ્પ લઈને આવ્યા છે, એ સંકલ્પ ૧૯૯૦ પહેલાની સરકારોમાં લઈને આવ્યા હોત, તો એ વાસ્તવિકતા હતી. આ વાસ્તવિકતા ગામડામાં રહીને મને ખબર છે કે ગામડાની શું સ્થિતિ હતી. ગામડામાં આમારે ત્યાં કોઈ છોકરાને કોઈ છોકરી ન આપે. કારણ કે છોકરી આપે તો કઈ રીતે આપે? એ કહે. એટલો ઉંડો કૂવો. એકે માથે બેડું પાણી લેવાનું હોય એક છોકરીએ અને બીજી એક સ્પેરમાં રસો લઈને જનારી છોકરી હોય. ત્યારે પાણી ઘરે પહોંચે. એ વખતે કચ્છના ગામડાની આ સ્થિતિ હતી. આજે તો વિકાસ થયો છે એટલે મને બે ત્રણ દિવસ પહેલા કોંગ્રેસના કાર્યકર્તા મળ્યા. ભાઈ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને શકિતસિંહ ગોહિલ બન્ને ભેગાં હતાં. એમની મિટિંગમાં ચર્ચા થઈ અને પછી વાત કરી કે ગુજરાતનો વિકાસ આ ગરીબ કલ્યાણ મેળા અને પાણી પહોંચ્યું એના કારણે હવે કહે કે ગુજરાતને પહોંચી શકાય તેમ નથી. પછી મિટિંગ પૂરી થઈ અને અર્જુનભાઈ બહાર નીકળતા નીકળતા પીકચરનું એક ગીત ગાયું. એ ગીત ગાતા ગાતા એમ કહેતા હતા કે " ચલો દિલદાર ચલે, ગુજરાતકે બહાર ચલે. શકિતસિંહે સૂર પૂરાવ્યો. હમ હૈ તૈયાર ચલે. હમ હૈ તેયાર ચલે, હમ હૈ તૈયાર ચલે. " આ ગીત એટલે ગાવાનું ચાલુ કરી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગામડામાં કચ્છની વાત કરી તો કચ્છને જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એના પહેલા કચ્છમાં ૧૫૦૦ ટેન્કર ચાલતા હતા. ૧૫૦૦ ટેન્કર પીવાના પાણી માટે ચાલતા હતા. આજે ખાલી ૭૪ ટેન્કર ચાલે છે અને એ પણ ટૂંક સમયમાં પૂરા થઈ જશે. આજે પણ અને એ પણ જે ગામડાંમાં પીવાનું પાણી ના પહોંચે ત્યારે ટેન્કરો સ્પેરમાં રાખીને ટેન્કરો દ્વારા પહોંચાડવામાં આવે છે, બાકી તમામે તમામ ગામડાંને આજે પાણી પહોંચી ગયું છે. કચ્છની વાત કરું તો કચ્છને ૧૯૯૦-૯૫ની સરકારોએ નપાણીયું કરી દીધું હતું, કચ્છના માણસોમાં પાણી નહોતું અને આવી પાણી વગરની પ્રજા કચ્છની કરી નાંખી હતી અને આજે તો છેવાડાનો લખપત વિસ્તાર હોય કે સરહદ ઉપરના વિસ્તારનું કોઈ ગામ હોય એ બધાં જ ગામોમાં મા નર્મદાનું પાણી પહોંચે છે. આજે આ તમામે તમામ ગામોમાં પીવાનું શુધ્ધ પાણી પહોંચ્યું છે એટલું નહીં, પરંતુ સિંચાઈની વાત કરું તો કચ્છની એવી કોઈ નદી બાકી રહી નથી કે જે નદીઓ ઉપર આડબંધ બાંધ્યા નથી. હું મારા જ ગામની વાત કરું તો માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ આપને હું અભિનંદન એટલા માટે આપું છું કે અમારા ગામનાં પાણી પાતાળમાં ૫૦૦ ફૂટે પહોંચી ગયાં હતાં (અંતરાય)

**સભાપતિશ્રી**: આપની પાસે હવે એક જ મિનિટનો સમય છે, મારે વિરોધપક્ષને પણ સમય આપવાનો છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : એ પાણી ૫૦૦ ફૂટે પહોંચી ગયાં હતાં, પરંતુ આ આડબંધો બાંધવાને કારણે અમારા અનંતભાઈ દવેને એના ચેરમેન બનાવ્યા એટલે આ આડબંધ બંધાયા અને એ પછી નદીઓમાં કૂવા કરે છે ત્યાં ૮-૧૦ ફૂટે પાણી મળે છે અને એ પાણી ૨૪ એ કલાક ચાલે છે અને સિંચાઈ થઈ શકે છે. તો માનનીય સિંચાઈ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કચ્છની પ્રજાને આવી પાણીવાળી આજે બનાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપની વાત કરું તો ભૂકંપ પછી કચ્છને ૨૯૦ કરોડ રૂપિયા ફાળવ્યા જેનાથી ૨૧,૮૦૦ એકર જમીનને સિંચાઈનું અને પીવાનું પાણી મળ્યું. મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓથી ૨૪,૦૭૮ એકર જમીનને પાણી મળ્યું છે. નર્મદાના પીવાના પાણી માટે કચ્છને ખાસ..

**સભાપતિશ્રી:** માનનીય જયંતીભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બાબુભાઈ આપ આપનું પ્રવચન ચાલુ કરો. પછી મેં મંત્રીશ્રીને પણ સમય આપ્યો છે. બાબુભાઈ, આપે પણ પાંચ જ મિનિટમાં પૂરું કરવાનું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ અત્યંત જરૂરી એવો સંકલ્પ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ ઉપર ઘણા સભ્યે બોલવાનું હોય એટલે સમયની મર્યાદા હોય એટલે એમાં આપણી જે જરૂરિયાતો હોય એ કહેવાને બદલે આપણે જુદું કાંઈ કહીએ એનાથી મને ખૂબ દુ:ખ થાય છે. માનનીય મોહનભાઈ અને માનનીય જયંતીભાઈ આની ઉપર બોલ્યા છે. આંકડા અરીસા જેવા છે. ગુજરાતના મધ્ય ભાગમાં ૪૪ ડેમ છે અને એની કેપેસિટી ૧૩૧૬૦ મિલિયન કયુબીક મિટર પાણીની છે, સૌરાષ્ટ્રમાં ૧૩૧ ડેમ છે અને એની કેપેસિટી માત્ર ૨૩૯૮ મિલિયન કયુબિક મિટર પાણીની છે અને કચ્છમાં ૨૦ ડેમ છે એની કેપેસિટી માત્ર ૩૩૦ મિલિયન કયુબિક મિટર પાણીની છે અને એમાં સપ્ટેમ્બર ૨૦૦૯ માં પાણી ભરાયેલ છે એ ગુજરાતના ડેમમાં ૭૬૦૧ મિલિયન કયુસેક મિટર પાણી ભરાયેલ છે, સૌરાષ્ટ્રમાં ૧૪,૦૯૫ મિલિયન કયુસેક મિટર પાણી ભરાયેલ છે અને કચ્છમાં માત્ર ૧૬૩ મિલિયન કયુસેક મિટર પાણી ભરાયેલ છે. ચોમાસામાં નર્મદાનું પાણી એ પ્રતિ સેકન્ડ જયારે ૨ લાખ કયુસેક મિટર દરિયામાં વહી જતું હોય ત્યારે આ ડેમો પૂરતી ક્ષમતાથી ભરાય તો અત્યારે મળે છે એના કરતાં અનેકગણું ઉત્પાદન મેળવી શકાય. માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈનો આ સંકલ્પ લાવવા પાછળનો મતલબ એ છે કે એક મિલિયન એકર ફીટ પાણી વહી જાય એ સૌરાષ્ટ્રને એક એકર મિલિયન ફીટ, સૌરાષ્ટ્રને એક એકર મિલિયન ફીટ અને ઉત્તર ગુજરાતને એક એકર મિલિયન એકર ફીટ પાણી આપો. ઉત્તર ગુજરાતમાં તો વગદાર મંત્રીશ્રીઓ છે, રાજકીય રીતે ઈચ્છાશકિત પણ છે એટલે એ લઈ શકયા છે, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છનું શું? અમને એક મિલિયન એકર ફીટ પણ પાણી આજે સિંચાઈ માટે આપી શકો છો ખરા? સૌરાષ્ટ્રમાં ઢાંકીની કેપેસિટી ૧૯૯૭ માં ટેન્ડર નીકળ્યા હતા, ૧૯૯૩ માં ટેન્ડર તૈયાર થયા હતા ૧૭૦૦

કરોડના અંદાજે અને એમાં માત્ર વિદેશી કંપનીઓ ભરી શકે અને એમાં સનતભાઈએ ચેઈન્જ કર્યુ અને૧૯૯૭માં માળીયા શાખામાં અને વલ્લભીપુર શાખામાં પાણી આપવા માટે, એનો પણ આપણે ઉપયોગ કરી શકીએ છીએ ખરા? આ રાઘવજીભાઈનો ઠરાવ એટલા માટે છે કે આ સુકી ધરતીને પાણી આપવા માટે આપણી પાસે પુરતું પાણી હોવા છતાં પણ એની વહેંચણીની વ્યવસ્થા જે આપણે ગોઠવી શકતા નથી એ પુરી કરાવે. આજે સિંચાઈના ડેમોમાંથી પીવાનું પાણી અપાય, એ જરૂરી હોય તો આપવું જોઈએ, પરંતુ ૫૪ ડેમ સૌરાષ્ટ્રના જેનું ટેકનીકલ સર્વે થઈ ગયું છે તેના માટે ફાળવણી કરીને ૫૪ ડેમો છે એમાંથી અડધું ખેતી માટે અને અડધું પીવાના પાણી માટે રાખો તો નર્મદા નહેરનું પાણી કયારેક ન હોય ત્યારે એ પાણી કામ આવી શકે. પણ રાઘવજીભાઈનું જે હાર્દ છે કે જે ખેતીના હેતુ માટે થઈને ડેમો થયા હોય તેને એકા એક રીઝર્વ કરી દે, આમાંથી પાણી લેવાનું કોઈ આયોજન ન કરે, એટલા માટે થઈને કે આ પીવાનું પાણી છે તે ફીલ્ટરેશન કરીને આપવાનું હોય તે આપી શકાતું નથી હોતું. અને ઉનાળામાં એકાએક જયારે અછતની પરિસ્થિતિ ઉભી થાય અને એ વખતે જયારે પાણીનું બાસ્પીભવન થઈ જાય તેમ છતાં આપણે પાણી ન આપી શકીએ એ પરિસ્થિતિનું નિવારણ જરૂરી છે. અને માનનીય સિંચાઈ મંત્રી એના ઉપર ધ્યાન આપે. અને ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતોને ઈકવલ પાણીની વહેંચણી માટેનો આ સંકલ્પ છે તેને ટેકો આપું છું.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈ જે બીન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું. જેમ માનનીય મોહનભાઈએ વાત કરી તે પ્રમાણે જો ૧૯૯૭માં કે તે પહેલા આ સંકલ્પ લાવવામાં આવ્યો હોત તો અમે તેને સમર્થન કરી શકત. અત્યારે આ સૌરાષ્ટ્ર વિસ્તારમાં અને કચ્છમાં જે મોટી, મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓ, ચેક ડેમો, તળાવ ઉંડા કરવાનું કામ અને ખેત તલાવડી અને બોરી બંધ, આ બધાના કારણે જે જળસંચયનું કામ થયું છે અને તેને લીધે વરસાદનું પાણી જે દરિયામાં વહી જતું હતું તે પાણી રોકવા માટે લોક ભાગીદારીથી ૧૯૯૯માં શરૂ કરેલી સરદાર જળ સંચય સહભાગી યોજના, એનો વધારેમાં વધારે લાભ એ વખતે જો કોઈએ લીધો હોય તો સૌરાષ્ટ્રમાં પણ રાઘ વજીભાઈ, આપણા જામનગર જિલ્લાએ લીધો છે. ૨૦૦૦માં આ જ સન્માનનીય ગૃહમાં માનનીય રાઘવજીભાઈના વિસ્તારમાં જાંબીડા ગામ છે એમાં હું સરદાર જળસંચય સહભાગી યોજનાનું એકી સાથેદસ ચેક ડેમનું ખાત મુહુર્ત કરવા ગયો હતો અને ત્યારે મેં એમ કહયું હતું કે આ જ વર્ષમાં ૨૦૦ ચેકડેમો જામનગર જિલ્લામાં કરવા છે. ત્યાર પછી આ ગૃહ ચાલુ હતું રાઘવજીભાઈ અહીં બોલ્યા હતા કે મુળુ ભાઈ ભૂલી ગયા હશે, ૨૦૦ ચેક ડેમ નહીં પણ ૨૦ ચેક ડેમ જો આ વર્ષમાં કરી દે તો પણ હું એમને અભિનંદન આપીશ એવી વાત કરી હતી, મારે રાઘવજીભાઈ કહેવું છે કે ત્યારે આપણા જામનગર જિલ્લામાં એ એક જ વર્ષમાં ૮૦૦૦ જેટલા ચેકડેમો થયા છે, અને જાંબીડા ગામની હમણા એક અંગ્રેજી છાપામાં સકસેસ સ્ટોરી હતી કે આખા રાજકોટ શહેરને જે ધોળી શેરડી પુરી પાડે છે તે આ જાંબીડા ગામ પૂરું પાડે છે. અને તેની વસતિ માત્ર ૫૦૦ કરતાં પણ ઓછી છે. હમણાં થોડાક દિવસ પહેલા રાઘવજીભાઈ પીવાના પાણી માટે ચિંતા કરતા હતા અને એમ કહેતા હતા કે નર્મદા આધારીત જે પાઈપ લાઈનનું કામ છે કેનાલ આધારીત, તેના હજુ ઠેકાણા નથી અને પીવાના પાણીની તકલીફ છે. આજે જે પ્રશ્નોત્તરી આજના દિવસની છે એમાં ૧૦૩ નંબરના પ્રશ્નમાં તમે જુઓ તો બ્રીજરાજસિંહ ભાઈનો પૂછેલો પ્રશ્ન છે અને એમાં આપણા રાઘવજીભાઈના વિસ્તારના ૨૪ જામનગર તાલુકના ગામ, જોડીયા તાલુકાના ૩૯ ગામ, અને ધ્રોળ તાલુકામાં ૧૧ ગામમાં પાઈપ લાઈન દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. કાલાવાડના ૪ અને ખંભાળીયાના ૯ ગામને પણ પુરં પાડવામાં આવે છે એમ કુલ ૮૭ ગામમાં પાણી આજે મળી રહ્યું છે. કુલ ૮૭ ગામોને આજે પાણી મળી રહ્યું છે. અહીંયા સિંચાઇ યોજનાઓ સિંચાઇ હેતુ માટે બનાવેલ છે એમાંથી પીવાના પાણી માટે રિઝર્વેશન અટકાવવાની વાત છે. એમાં પણ મારે કહેવું છે કે જ્યારે જ્યારે પીવાના પાણીની તકલીફ પડે ત્યારે ભલે એ ડૅમો સિંચાઇ માટેના હોય કોઈપણ સરકાર હોય એને પીવાના પાણીને પહેલી પ્રાયોરિટી આપવી જ પડે. આજે બહુ ઓછા ડૅમો છે કે જે પીવાના પાણી માટે અનામત રાખવા પડે છે. આપણે ચેકડૅમો, નાની અને મધ્યમ સિંચાઇ યોજનાઓ બનાવી, તળાવો ઊંડા કરવામાં આવ્યા, ખેત તલાવડીઓ કરવામાં આવી એના કારણે પાણીના તળ ઊંચે આવ્યા છે. પહેલા ૫૦૦ કે ૬૦૦ ફૂટે પાણી હતા એના બદલે આજે ૨૦૦ થી ૨૫૦ ફૂટે પાણી અમારા જિલ્લામાં, સૌરાષ્ટ્રમાં અને બીજી અનેક જગ્યાએ મળતા થયા છે. ફરીથી ખેડૂતો કૂવા કરતા થયા છે એનું માત્રને માત્ર કોઈ કારણ હોય તો એ એકજ છે કે જળ સંચયનું ભગીરથ કામ આ સરકારે કર્યુ છે એના કારણે સૌરાષ્ટ્રમાં અત્યારે ૨૮૮ મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ છે જેમાં ૩,૩૫,૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

પીવાના પાણીને પ્રાધાન્ય આપવા માટે સૌરાષ્ટ્રની ૩૨ જેટલી યોજનાઓ પીવાના પાણી માટે બનાવવામાં આવી છે. રાજકોટ, જામનગર, ભાવનગર અને ધોરાજી જેવા અનેક શહેરોમાં, અનેક ગામડાં માટે આ યોજના અત્યારે કાર્યરત છે. દરિયાકાંઠાના વિસ્તારમાં ક્ષાર અંકુશના કામો, કેનાલોના કામો તથા બંધારા યોજનાના કામો સરદાર જળ સંચય સહભાગી સિંચાઇ યોજના હેઠળ કર્યા છે. ૧૯૯૯માં યોજના શરૂ કરી અને એકજ યોજના નીચે ૯૦ હજાર અને બીજી યોજના નીચે ૧ લાખ ૨૫ હજાર ચેકડૅમો સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં બાંધવામાં આવ્યા છે એના કારણે ખૂબ મોટો ફાયદો થયો છે. સિંચાઇ યોજનાઓ પીવાના પાણી માટે

રિઝર્વ રાખવામાં ન આવે તેવી માનનીય રાઘવજીભાઈની વાત છે તેથી માનનીય સભ્યશ્રીના આ બિન સરકારી સંકલ્પ સાથે હું સહમત થઈ શકું તેમ નથી. (અંતરાય)

**સભાપતિશ્રી** : હવે ફક્ત ૧૨ મિનિટ જ બાકી છે એટલો સમય મારે મંત્રીશ્રીને આપવો પડે. મારે ચાર વાગ્યે પુરુ કરવાનું છે. એટલે બીજા સભ્યશ્રીને સમય આપી શકાય તેમ નથી. માનનીય મંત્રીશ્રી,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈ આજે નિયમ ૧૧૭ નીચે સંકલ્પ લઈને આવ્યા છે એમાં આ ગૃહના માનનીય સભ્યશ્રી મોહનભાઈ, માનનીય સભ્યશ્રી જયંતિભાઈ, માનનીય સભ્યશ્રી બાબુભાઈ અને માનનીય સભ્યશ્રી મુળુભાઈએ એમના વિચારો વ્યક્ત કર્યા છે.

માનનીય રાઘવજીભાઈ જે સંકલ્પ લાવ્યા છે એ અર્થમાં એમનો સંકલ્પ લાવ્યા છે, એકબાજુ સંકલ્પમાં રાઘ ાવજીભાઈએ એવું કહ્યું કે સૌરાષ્ટ્ર કચ્છના જે ડૅમો છે એમાં પીવાના પાણી માટે જે રિઝર્વેશન છે એ રિઝર્વેશન રદ કરવું જોઈએ અને પ્રજાને પીવાનું પાણી નહિ આપતા એ ખેતી માટે આપવું જોઈએ. અત્યારે વિધાનસભા ગૃહમાં જે ચાલી રહ્યું છે એમાં જ્યારે જ્યારે પાણી પુરવઠા વિભાગની ચર્ચા આવી, પ્રશ્નો આવ્યા ત્યારે સ્વાભાવિક છે કે અત્યારે ઉનાળાની શરૂઆત થઈ છે તેથી પીવાના પાણી માટેના પ્રશ્નો આવે. આ વરસે અછત અને અનિયમિત વરસાદ થવાને કારણે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, પંચમહાલ અને સાબરકાંઠા વગેરે જિલ્લામાં જે પીવાના પાણીના પ્રશ્નો ઊભા થયા છે અથવા થવાની શક્યતા છે ત્યારે પીવાના પાણીના પ્રશ્ને આગોતરી વ્યવસ્થા કરવા, પીવાના પાણીની સગવડતા જળવાઈ રહે તેવી સભ્યશ્રીઓએ ચિંતા વ્યક્ત કરી અને પોતાના સૂચનો પણ વ્યક્ત કર્યા છે. પીવાના પાણીની જરૂરિયાત મોટે ભાગે સભ્યશ્રીઓ આગોતરુ આયોજન કરવા માટે એના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

જ્યારે એ બધાથી વિરુદ્ધ માનનીય રાઘવજીભાઈનો સંકલ્પ છે કે પીવાનું પાણી આપવાને બદલે ખેતીને પાણી આપવું. આ પ્રકારનો સંકલ્પ કેવી રીતે લઈ શકાય? એ જ અત્યારે તેના ભાગમાં સમજી શકતો નથી. જ્યારે ડૅમ બને, કોઈ પણ સિંચાઈની યોજના બને ત્યારે તેમાં કેટલી ખેતીની જમીનમાં સિંચાઈ આપવાની છે એ માપ નક્કી કરવામાં આવે છે. તેમાં કેટલું પાણી જોઈશે તે જથ્થો નક્કી કરવામાં આવે છે. સાથે સાથે એ વિસ્તારમાં પીવાના પાણી માટે જો કોઈ જરૂરિયાત હોય તો સિંચાઈ વિભાગ પાણી પુરવઠા વિભાગ સાથે પરામર્શ કરીને તેમની જરૂરિયાત હોય એ પ્રમાણે વધારાનું સ્ટોરેજ, હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર એ ખાસ મૂકવા માગું છું કે ખેડૂતોને જે પાણી આપવાનું છે એ પાણી ઓછું કરીને પીવા માટે આપીએ છીએ એવું નથી હોતું. જ્યારે ડૅમ બને છે ત્યારે નક્કી કરવામાં આવે છે કે ૫૦૦ એમ.સી.એફ.ટી. ઈરીગેશન માટે આપવાનું થશે અને ૧૦૦ એમ.સી.એફ.ટી. સિંચાઈ સિવાય પીવાના પાણી માટે જોઈશે. તો ૫૦૦ વત્તા ૧૦૦ એમ ૫૦૦૦ એમ.સી.એફ.ટી.નો બનતો હોય અને ૧૦૦૦ એમ.સી.એફ.ટી. પીવાનું આપવાનું હોય તો ૫૦૦૦ વત્તા ૧૦૦૦ એમ બન્નેની કેપેસિટી એકઠી કરીને એ પાણીનો જથ્થો સંગ્રહ કરવા માટે ડૅમની ડિઝાઈન નક્કી કરવામાં આવે છે. પહેલું સત્ય તો એ છે કે સિંચાઈના પાણીમાં કાપ મૂકીને પીવાના પાણીનું કોઈ રીઝર્વેશન કરવામાં આવતું નથી. સિંચાઈ વત્તા વધારાનો જથ્થો એ પ્રમાણે ડૅમની ડિઝાઈન કરવામાં આવે છે. બીજું આખો દેશ, આખું ગુજરાત જાણે છે કે ભૂતકાળમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી મોટા પ્રમાણમાં પાછલા દાયકાઓમાં જે હિજરત થઈ, આજે સૌરાષ્ટ્રની વસતિ ઘટી. પાછલા દાયકામાં સુરત હોય, અમદાવાદ હોય, મુંબઈ હોય કે બીજાં શહેરોમાં હોય. ગુજરાતના બીજાં શહેરોમાં, તાલુકાઓમાં હોય, મોટા પ્રમાણમાં સૌરાષ્ટ્રના ભાઈઓને, નાગરિકોને રોજી-રોટી માટે સ્થળાંતર કરવું પડ્યું. એટલા માટે કે અછતગ્રસ્ત, દુષ્કાળગ્રસ્ત મોટા ભાગનો વિસ્તાર, કચ્છ તો મોટા ભાગનો રણ વિસ્તાર અને કુદરતી રીતે ૧૦ વર્ષમાં જ્યાં આગળ પાંચથી છ વખત ઓછો વરસાદ પડતો હોય, ભૌગોલિક રીતે એવી જે ભૌગોલિક સ્થિતિ છે તેના કારણે આ પરિસ્થિતિ ઉદ્‌ભવેલી અને આજે ગૃહમાં પણ અમદાવાદમાં રહેતા હોય એવા સૌરાષ્ટ્રના ઘણાં વતનીઓ છે. સુરતમાં લાખો લોકો સૌરાષ્ટ્રના રહે છે. તો શા માટે આ લોકોને સ્થળાંતર કરવું પડ્યું એ એટલા માટે કરવું પડ્યું કે માનનીય મોહનભાઈએ કહ્યું તે પ્રમાણે ભૂતકાળની સરકારોએ સૌરાષ્ટ્ર-કચ્છની પ્રજાની સિંચાઈની કે પીવાના પાણીની કે વીજળીની, રસ્તાની, ઈન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા પૂરી કરી નહીં અને લોકોને રોજી-રોટી, ધંધા વ્યવસાય માટે પોતાનું ઘર-બાર, કુટુંબ કબીલો, ગામ વતન છોડીને બહારના વિસ્તારમાં જવું પડ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ, ભૂતકાળમાં જ્યારે સૌરાષ્ટ્રમાં જરૂર પડે ત્યારે ૫૦-૫૦ હજાર ટૅન્કરો આ લોકોની સરકારો વખતે ચલાવવા પડતા હતા, બાબુભાઈની સરકાર વખતે. (અંતરાય) બાબુભાઈ, તમે નાણામંત્રી રહી ચૂક્યા છો, રાઘવજીભાઈ સિંચાઈ મંત્રી રહી ચૂક્યા છે અને બીજાં મંત્રીઓ પણ અહીં રહી ચૂક્યા છે. ૫૦ વર્ષના આ ગુજરાતના ઈતિહાસમાં ૪૫ વર્ષ સુધી કોંગ્રેસે સળંગ રાજ કર્યું છે. ૪૫ વર્ષમાં તમે આ બધું પૂરું કર્યું હોત તો આજે આ ચર્ચાઓ કરવાની જરૂરિયાત ન પડી હોત. બાબુભાઈ, સમજી લો, કચ્છમાંથી લાખો લોકોએ હિજરત કરવી પડી છે. કચ્છ ખાલી થતું હતું. આ તો ગુજરાતની નરેન્દ્રભાઈ મોદીની સરકારનો આભાર માનો કે કચ્છમાં પાણી આપ્યું, ઈન્ફ્રાસ્ટ્રકચર આપ્યું, ઉદ્યોગો આપ્યા અને આજે કચ્છની જાહોજલાલી ફરી સાબિત થઈ અને કચ્છની વસતિ વધતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજો સમય નથી લેવો. અમારી સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ નર્મદાનું જે પાણી છે આ પણ મારે તમને કહેવું છે. તમે કરી શક્યા હોત. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદામાં પૂર આવે. ડૅમ ઓવરફ્લો થાય અને મોટા જથ્થામાં પાણી દરિયામાં વહી જતું હતું. કડાણા ડૅમ ઓવરફ્લો થાય, મોટા જથ્થામાં પાણી દરિયામાં વહી જતું હતું. ભૂતકાળની સરકારોએ, ભૂતકાળના શાસકોએ આ વહી જતા પાણીને જોયું અને લોકોના આંસુ પડાવ્યા. પણ કોઈના મગજમાં એમ ન થયું કે આ પાણીનો કેવી રીતે સદ્દુપયોગ થાય, માનનીય નરેન્દ્રભાઈ મોદીની ભાજપની અમારી સરકારે જે નર્મદાનું ત્રણ મિલિયન એકર ફીટ પાણી વધારાનું જે પૂરથી પ્રાપ્ત થતું હતું, દરિયામાં વહી જતું હતું, વહી જવાની શક્યતા હતી. એવા પાણીને એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાતને, એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્રને અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને ફાળવવામાં આવ્યું છે. મારે થોડીક શ્રી રાઘવજીભાઈને સમજ આપવી છે, શ્રી બાબુભાઈને કહેવું છે એક ટીંપુ પણ એક મિલિયન એકર ફીટનું પાણી આવ્યું નથી. (અંતરાય) હું એ જ કહું છું. હું હા કહું છું. વધારાનું એક મિલિયન એકર ફીટ પાણી આપવાની વાત છે. કદાચ કોઈ સભ્યશ્રીને જાણ ન હોય. તો જાણકારી માટે કહું. દસ લાખ એકર જમીનમાં એક ફૂટ પાણી ભર્યું હોય એટલો જથ્થો એટલે એક મિલિયન એકર ફીટ પાણી. સૌરાષ્ટ્રમાં અત્યારે જે ડૅમો છે એ ડૅમોમાં કુલ કેટલું પાણી ભરી શકાય છે? ૮૭૫૬૮ એમસીએફટી પાણી ભરી શકાય છે. સૌરાષ્ટ્રને જે પાણી ફાળવ્યું છે એ લગભગ ૪૫૦૦૦ એમસીએફટી જેટલું થશે. સૌરાષ્ટ્રના બધા ડૅમો ભેગા કરીએ એની અડધી જરૂરિયાતનું પાણી એમાં થવાનું છે અને કચ્છ માટે પાણી ફાળવ્યું છે. અત્યારે કચ્છના જુદા જુદા જળાશયો, ડૅમોની સંગ્રહશકિત છે એ ૦.૨૫ ટકા સંગ્રહ શકિત છે. આ પાણી ફાળવ્યું પણ એ પાણીને વહન કરીને લઈ જવું પડે, એની કેનાલ કરવી પડે, નદીમાં નાખવાનું આયોજન કરવું પડે, એના માટેની સ્ટોરેજ વ્યવસ્થા ઊભી કરવી પડે ત્યારે આ પાણી પહોંચાડી શકાય. એના માટેના તમામ સરવે થાય છે, ઉચ્ચ કક્ષાએ ટૅક્નીકલ રીતે ચાલી રહ્યા છે. એનો અભ્યાસ ચાલે છે. એના માટે જમીનો પણ આપવી પડશે. આ બધું કર્યા પછી આ પાણી પહોંચશે. દરરોજ ૧૮૦ કરોડ લિટર નર્મદાનું પાણી આપીએ છીએ. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને અપાય છે. હજુ પીવાનું પાણી આપવાની મોટી જંગી યોજના મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરી છે- સુવર્ણ જયંતી સૌરાષ્ટ્ર પાણી યોજના. એના દ્વારા મોટું કામ કરી, સૌરાષ્ટ્રના એકેએક ગામની અંદર નર્મદાનું આ પાણી આ સરકાર પહોંચાડશે. એની હું ખાતરી આપું છું.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ સંકલ્પમાં સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ શ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી જયંતિભાઈ ભાનુશાળી, શ્રી મુળુભાઈ બેરા, મુરબ્બીશ્રી બાબુભાઈ શાહ, સિંચાઇ અને પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આ ચર્ચામાં ભાગ લીધો છે. આ બધા સભ્યોનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુરવઠા મંત્રીશ્રીને એક-બે વાત કરવી છે. ચેકડેમ આપણે કરી છીએ, ઘણા બન્યા છે, સરકારે કર્યા છે, અમે નથી કર્યા એમ નથી કહેતા. રાજપાની સરકારે ૯૦:૧૦ના ચેકડમ કરવાની વાત કરી હતી. લોકો એટલા એકટીવ નહોતા. પણ રાજયમાં જાગૃતિ ન હતી. લોકો જાગૃત ન હતા. તમારા વખતમાં જાગૃતિ આવી એટલે ચેકડેમો થયા છે. આ ચેકડેમો કર્યા પછી છેલ્લે ૧૫ વર્ષથી સૌરાષ્ટ્રમાં એકપણ મધ્યમ કક્ષાની સિંચાઇ યોજનાના કામ હાથ ધર્યા નથી. એ પણ આપે નોંધવું પડશે. માત્ર ચેકડેમની ચટણી આપી મધ્યમ કક્ષાની સિંચાઇ યોજનાનું કામ નથી થયું. તો સૌરાષ્ટ્રને અન્યાય છે અને બીજું નીતિનભાઈને કહીશ કે, પીવાના પાણીમાંથી ચેકડેમને મુક્ત કરવાની મારી વાત છે. મારી વાતને વળગી રહું છું. પણ સરકાર જાહેર કરે છે. જ્યાં જ્યાં નર્મદાનું પાણી પહોંચ્યું છે એ વિસ્તારોમાં ખેતી માટે ડૅમનું પાણી મુક્ત રાખવું જોઈએ. મારું હાર્દ પણ એ જ હતું. સરકાર મારી સાચી વાત સ્વીકારશે અને કોઈપણ જાતના પક્ષાપક્ષીથી પર રહી આખા રાજયનો સમતોલ વિકાસ થાય અને જ્યાં નર્મદાનું પાણી સિંચાઇ માટે પહોંચતું નથી, નપાણિયા વિસ્તારોના ખેડૂતો માટે મેં મારી વેદના અને લાગણી વ્યક્ત કરી છે. અને નર્મદાની હાઈટ થઈ છે, કચ્છમાં પાણી પહોંચાડવા માટેની મંજૂરી આપી છે. પણ માનનીય મંત્રીશ્રી આ સંકલ્પ સ્વીકારી લે.રાજય સરકાર આ સંકલ્પને સ્વીકારી લે અને અમારા જે નપાણિયા વિસ્તારો છે નર્મદાનું પાણી જ્યાં સિંચાઇ માટે પહોંચતું નથી એવા વિસ્તારોમાં પાણી માટેની વિશેષ જોગવાઈ કરે એવી વિનંતી સાથે હું ફરીથી વિનંતી કરુ છું કે મારું આ બિલ, મારો સંકલ્પ સભાગૃહ સર્વાનુમતે પસાર કરે.

**સભાપતિશ્રી** : સંકલ્પ પાછો ખેંચતા નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર વિસ્તારમાં અબજો રૂપિયાના ખર્ચે પીવાનું પાણી, સિંચાઈની વ્યવસ્થાઓ નર્મદાનું પાણી પહોંચાડવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે, કાર્યશીલ છે, નાણાકીય જોગવાઈઓ કરી છે, આયોજનો કર્યા છે, કામો ચાલુ છે ત્યારે આખા ગુજરાતની પ્રજાને જે નર્મદાનું પીવાનું પાણી અમે આપવાના છીએ એનો તમને લાભ મળવાનો છે માટે તમે સૌરાષ્ટ્રની નપાણિયા પ્રજા ના કરો, સૌરાષ્ટ્રની પ્રજા પાણીદાર જ છે અને એના પાણીનો લાભ ગુજરાતને મળે, માટે રાઘવજીભાઈ તમને વિનંતી કરું છું કે સરકારની આ કામગીરીને ધ્યાનમાં રાખી અને આ સંકલ્પ પાછો ખેંચો એવી મારી તમને વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ એમના શબ્દો પાછા ખેંચે, નપાણિયો વિસ્તાર છે, હતો અને આજે પણ છે.

**સભાપતિશ્રી** : નપાણિયા એટલે પાણી વગરનો

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં, નીતિનભાઈ બોલ્યા છે એ શબ્દો રદ કરો અથવા પાછા ખેંચી લો.

**સભાપતિશ્રી** : હું સાહેબ ગુજરાતી ભણ્યો છું. નપાણીયો એટલે પાણી વગરનો. (અંતરાય) અરે હું પણ ગુજરાતી જાણુ છું ભાઈ. અર્જુનભાઈ ઘણું કહી નાખ્યું છે રહેવા દોને, નપાણીયો એટલે પાણી વગરનો. આ ગુજરાત ભાષામાં દ્વી અર્થ થાય છે. નપાણિયો એટલે પાણી વગરનો .. (અંતરાય) નીતિનભાઈ ડોન્ટ ડિસ્કસ.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સ્વર્ણિમ જયંતીની ઉજવણીઅંગે**

**પ્રો. મંગળભાઈ મા. પટેલ(માણસા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરુ છું કે, આપણે આ વર્ષે સ્વર્ણિમ જયંતિની ઉજવણી કરી રહ્યા છીએ. ગુજરાત તેના વર્ષ પૂરા કરે તેવા પુણ્યપર્વની નજીક છે. પ્રજા અને પ્રજાના પ્રતિનિધિઓ તેની ઐતિહાસિક ક્ષણોને કેવી રીતે પોંખે છે, ઉજવે છે તેના પરથી તેમનું મૂલ્ય નક્કી થવાનું છે. આજે ફરી એકવાર એ પહેલી મે, ૧૯૬૦ની જ્યારે પૂ. રવિશંકર મહારાજે આપણા પૂર્વસૂરિઓને સંકલ્પિત કર્યા હતા - તે ક્ષણોને યાદ કરવાનો અવસર છે.

૫૦ વર્ષનો કાળખંડ એક રાજયના ઈતિહાસમાં કદાચ એટલો મોટો ન ગણાય. ઈતિહાસ તો સદીઓમાં પોતાનું ગણિત બેસાડતો હોય છે. પરંતુ વર્તમાન-ક્ષણનું પણ મહત્ત્વ હોય છે. રાજયની રચના થાય તે પછીના પહેલા પચાસ વર્ષ ઈતિહાસની દૃષ્ટિએ પણ અગત્યના છે. આ ધોરણે ગુજરાતની આજની ઘડી રળિયામણી છે. વિકાસ અને પોતાની ઓળખ માટેની રાજયે જે મથામણ કરી છે તે ભારે અગત્યની છે. ૫૦ વર્ષમાં ગુજરાતે પોતાની અસ્મિતાની ઓળખ જગતને આપી છે. પોતાના વિકાસની ગતિનો પરિચય જગતને કરાવ્યો છે. આ કારણસર આપણે સૌ ગુજરાતીઓના પ્રતિનિધિઓ તરીકે એક ઐતિહાસિક વળાંક પર આવીને ઉભા છીએ.

આ વર્ષના પ્રથમ દિવસે મળેલી સ્વર્ણિમ-સંસદીય સંકલ્પ-પરિષદની એ ભાવવિભોર ક્ષણોને યાદ કરવા જેવી છે. આ પ્રસંગે પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને સામૂહિક સંકલ્પબદ્ધતાનો છે. આ સમય ગુજરાતના ભાવિ પ્રયાણની દિશા નક્કી કરવાનો છે. સમાજ ચેતનાને ઢંઢોળીને રાષ્ટ્રનિર્માણમાં સૌ લાગી જાય તે રીતે પડકારભરી પરિસ્થિતિનો પરિચય કરાવવાનો છે. આ સમય આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સમસ્યાઓનો સામનો કરવાનો સમય છે. આવા સમયમાં રાજયની સ્વર્ણિમ જયંતિની ઉજવણી વેળાએ ગુજરાતના નાગરિકો આપણી સાથે જોડાયા છે. સ્વર્ણિમ જયંતિ રથયાત્રાના પ્રથમ તબક્કામાં બાવન લાખથી વધુ નાગરિક ભાઈ-બહેનોએ વ્યકિતગત અને સામૂહિક જીવનમાં ગુણવત્તાસભર સમૃદ્ધ, શિક્ષિત અને સંસ્કારી ગુજરાતના નિર્માણ માટે સંકલ્પ લીધા છે અને આજે પણ સ્વર્ણિમ જયંતિરથની સાથે રાજયના અબાલવૃદ્ધો સંકલ્પો લઈ રહ્યા છે. આજે આ ગૃહના માધ્યમથી ગુજરાતની પ્રજાને આપણે કંઈક એવો સંદેશ આપીએ કે દૂરગામી બની રહે. આગામી અનેક વર્ષો, દશકાઓ સુધી ગુજરાતની પ્રગતિયાત્રાના મજબૂત પાયા નંખાય તેવા પ્રયત્નો માટે ફરી એકવાર આપણે સંકલ્પબધ્ધ બનીએ. રાજ્યના સાડા પાંચ કરોડ ગુજરાતીઓનો પણ આ અવસર છે. સૌ કોઈ ઉજવણી કરીએ, આનંદ-ઓચ્છવ કરીએ અને સાથે સાથે ગરીબ-વંચિત, દલિત-વનવાસી સૌની ચિંતા કરીએ. સૌને સાથે રાખીએ, વિકાસની ગતિ એવી વધારીએ કે સ્વર્ણિમ જયંતીનો આ અવસર પ્રત્યેક નાગરિકને વિકાસની પ્રક્રિયાનો ભાગીદાર બનાવે, આપણા છેવાડાના નાગરિકને એવો અહેસાસ કરાવે કે રાજ્યને પચાસ વર્ષ થયા તે પ્રસંગે તેના વ્યક્તિગત જીવનમાં પણ એક શુભ વળાંક આવ્યો છે.

રાજ્ય સરકારની યોજનાઓ અને ઉજવણીના ઉત્સાહને એક સ્વરથી, એક લક્ષ્યથી, એક ધ્યેયથી સૌ કોઈ સાથે જોડાઈને ગુજરાત રાજ્યની વિકાસયાત્રાને ઝડપથી આગળ વધારવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

માનનીય અધ્યક્ષશ્રી, મારા મનમાં, મારા દિલમાં જે આનંદની વાત છે એ વાત આજે સભાગૃહ સમક્ષ કરી રહ્યો છું. આપણે કેટલા સદ્નસીબ છીએ અને કેવા સમયમાં એક જવાબદાર સભ્ય છીએ, જ્યારે ગુજરાત રાજ્યને ૫૦ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે ત્યારે આ જુદો અવસર છે, આ આનંદનો અવસર છે. ગુજરાત માટે જેણે કામ કર્યું છે એને બિરદાવવાનો આ અવસર છે. એને યાદ કરવાનો અવસર છે. રાજ્ય માટે જેણે જીવન ઘસી નાખ્યું છે એને પણ યાદ કરવાનો અવસર છે. આપણા યુવાનો જે થનગની રહ્યા છે એ યુવાનોને પ્રેરણા અને પ્રોત્સાહન આપવાનો આ અવસર છે. એ ઉપરાંત જે લોકો આ ગુજરાતમાં છે અને આયોજકો છે જે ભવિષ્યના આયોજનો માટે વિચાર કરે છે એ ભવિષ્યના આયોજનો માટે જોડાવાનો આપણો પ્રયત્ન છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે આપણે અહીંયા આ માત્ર ઉત્સવ નથી. એ વાત સાચી છે, માત્ર ઉત્સવ નથી પણ વિકાસનો પણ સવાલ છે અને એટલા માટે આ વિકાસનો અવસર છે અને વિકાસનો જે માર્ગ છે એ માર્ગ નક્કી કરવાનો સમય અને અવસર છે. આ ગૃહમાં એટલા માટે જ આ સંકલ્પ રજૂ કરતાં મને આનંદ થાય છે. પાંચ દાયકામાં ગુજરાતે જે પ્રગતિ કરી છે એની કલ્પના પણ ન આવે અને બીજા રાજ્યોને કે લોકોને વ્યક્તિગત ઈર્ષા થાય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. એટલું જ નહીં પણ આપણા ખેડૂત ભાઈઓ છે એ ખેડૂત ભાઈઓ પણ દેશના બીજા રાજ્યો છે અને કદાચ પ્રગતિશીલ દેશો છે એની સમકક્ષ સ્થિતિમાં ઊભા રહી શકે એમ છે. આપણા વૈજ્ઞાનિકો, આપણા ડૉકટરો, આપણા એન્જિનિયરો છે અને એ સિવાય જે બીજા તંત્રો છે એ તંત્રોના તજજ્ઞો છે એ તજજ્ઞોએ ગુજરાતનું

નામ રોશન કર્યું છે. આવી સ્થિતિમાં જ્યારે આપણે આ સ્વર્ણિમ ગુજરાત ઉજવી રહ્યા છીએ ત્યારે ૧લી જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ આપણે બધાએ અહીંયા સંસદીય પરિષદ જોઈ હતી. આ ગૃહમાં જોઈ હતી. હકડેઠઠ ભરાઈ હતી અને આપણે જોયું હતું કે ચારેબાજુ બધા મિત્રોને એક જ કલ્પના હતી કે આપણું ગુજરાત કેવી રીતે આગળ વધે. મને એક વાતનો આનંદ છે કે કેટલાય મિત્રોને ગમે કે ન ગમે પણ મારે એક વાત કહેવી છે કે (અંતરાય) તમારી લાગણી છે એટલે કહીશ અને તમે ના કહો તો પણ કહીશ. આપણે નસીબવંતા નાગરિકો છીએ. (અંતરાય)આપણે નસીબવંતા છીએ તમને પણ થશે કે આપણે નસીબવંતા છીએ કારણકે આપણા રાજયની ધુરા જે સંભાળે છે એ માનનીય નરેન્દ્રભાઈ મોદી દ્રષ્ટિવંતા છે, તેજસ્વી છે એ વાતનો સ્વીકાર આપણે બધાએ કરવો પડશે અને એ વાતનો સ્વીકાર કરીને મારે કહેવું છે કે માત્ર દ્રષ્ટિવંતા અને તેજસ્વી છે એટલું જ નહીં પણ સ્વપ્નદ્રષ્ટા પણ છે અને એ સ્વપ્નને પરિપૂર્ણ કરવા માટે, સારકાર કરવા માટે શકિતશાળી રાજનેતા છે. આ વાત હું ફરીથી કહું છું કે તેઓ શકિતશાળી રાજનેતા છે. આપણે જોયું કે થોડા સમય પહેલાં ગરીબ કલ્યાણ મેળા થયા આ મેળામાં જે લોકો ઉમટયા હતા એની કલ્પના પણ ન આવે. આપણે વિચાર્યું પણ ન હોય કે આટલા બધા લોકો આવી શકે. મેળામાં હોય એના કરતા પણ વધારે લોકો આવ્યા હતા. આપણે વિચારીએ કે આટલા લોકો કેમ આવ્યા તો માત્ર ને માત્ર મુખ્યમંત્રીશ્રીની લોકોપ્રિયતાને કારણે અને બીજી એક વાત નકકી થઈ કે ગુજરાતને સ્વર્ણિમ બનાવવાની એમણે જે પ્રતિજ્ઞા કરી છે એના પરિણામે આવ્યા હતા. આ બે વાત એમની લોકપ્રિયતા અને એમની ગુજરાત પ્રત્યેની અભિલગ્નતા કહેવાય એના પરિણામે આ બન્યું એટલું જ નહીં પણ આ ગરીબ લોકો માટે કલ્યાણ મેળા જે હતા એ કલ્યાણ મેળાએ ઈતિહાસ રચ્યો અને સરકાર ગરીબોની પડખે છે. માત્ર ગરીબોની પડખે છે એટલું જ નહીં પણ વિધવાબહેનોની પણ પડખે છે. આવી સરકાર માટે બે બોલ અભિનંદન આપવા હોય તો એનો વિરોધ કરી શકાય? ના કરી શકાય અને છતાંપણ કેટલાક મિત્રો કરે અને કરવાનું ચાલુ રાખે તો શું કહી શકાય? છતાંપણ આવી સરકારને અભિનંદન આપવા જોઈએ. મારે એ પણ કહેવું છે કે આપણે બધા, આ સાડાપાંચ કરોડની જનતાને વિનંતી કરું છું કે આપ બધા એક થઈને આજે સ્વર્ણિમ ગુજરાતની કલ્પના છે એને માટે કામ કરવા માટે આપ જોડાવ એવી મારી અપીલ છે. આપણી બધાની એવી લાગણી હતી કે ગુજરાત એક રથ છે એ રુટીન પ્રકારનો રથ છે. આ રુટીન રથ નથી એમાં માનનીય નરેન્દ્રભાઈ મોદીની કલ્પના જુદી છે કે ગુજરાત સરકાર ગુજરાતના વિકાસ માટે પ્રયત્ન કરે એની સાથેસાથે સાડાપાંચ કરોડ જનતા પણ આ વિકાસમાં જોડાય એવી એમની કલ્પના છે. આ ગુજરાતના સ્વર્ણિમ રથમાં આપણે બધા જોડાઈએ એવી એમની કલ્પના છે અને એ વાત સાચી છે. કેટલી બધી પ્રજા જોડાઈ છે? પહેલો તબકકો છે એ તબકકામાં ૫૧લાખ કરતા પણ વધારે ગ્રામજનો હતા. નાગરિકો હતા એના માટે બધાએ સંકલ્પ લીધો હતો એટલું જ નહીં માનનીય મુખ્યમંત્રીશ્રી એવું માને છે કે વિદ્યાર્થીઓએ તેજસ્વીતાનો સંકલ્પ લે, વેપારીઓ પ્રમાણિકતાનો સંકલ્પ લે અને રાજકીય નેતાઓ આપણે (અંતરાય) હા, હું તો ખરોજ.રાજકીય નેતાઓ પ્રમાણિકપણે પ્રજાની સેવાનો સંકલ્પ લઈએ અને આ પ્રમાણે જો આપણે કામ કરીએ તો મને લાગે છે કે જે આપણે કર્મયોગીઓ છીએ, તે કર્મયોગીઓ પણ સાદગી, નિષ્ઠા અને પ્રમાણિકતાનો સંકલ્પ લઈને ગુજરાતને સ્વર્ણિમ બનાવવામાં લાગી જાય, તો મને લાગે છે કે ગુજરાતનું વાતાવરણ કઈ જુદુ હોય અને ગુજરાતનું વાતાવરણ જો એવું બની જાય તો પછી આપણે જે કરવા માગીએ છીએ, તે ચોક્કસ ઝડપથી કરી શકીએ તેવું મને લાગે છે. એક વાત છે જો એક વ્યકિત એ એક સંકલ્પ લે, તો સાડા પાંચ કરોડ ગુજરાતીઓ છે, એ ગુજરાતીઓ સાડા પાંચ કરોડ પગલાં થઈ જાય તો આ ગુજરાત કેટલું આગળ નીકળી જાય. એક વાત હું કહેવા માગું છું કે આ સંકલ્પની વાત છે, એની અંદર પ્રજા છે. જનશક્તિનો આટલી મોટી સંખ્યામાં જો પ્રયોગ કોઈ હોય તો આ પહેલો પ્રયોગ છે. કોઈ આવો પ્રયોગ આપણે જોયો નથી. જેમાં આટલા બધા આવતા હોય. પહેલીવાર આ પ્રજા આની અંદર આવે છે અને એટલા માટે મને લાગે છે કે કોઈપણ આમાં જોડાનાર જે લોકો આવે છે. જોડાનાર અધિકારી હોય, પદાધિકારી હોય કે નાગરિક હોય તેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મને લાગે છે કે ૨૦૧૦ માં આપણે કરીશું અને આ સરકાર કરશે. એ કામ ગુજરાતની દિશા બદલનારું હશે અને આપણે બધા જ અહીયા ઐતિહાસિક પ્રસંગે સક્રીય રહીને સરકારને પૂરેપૂરો સહકાર આપીએ અને આગામી ૫૦ વર્ષ સુધી જો આપણે કામ કરીએ તો ૨૦૧૦ની કામગીરી દીપી ઊઠે. છેલ્લે હું એક વાત કહેવા માગું છું કે સરકાર પણ દરેક વિભાગ અને દરેક અધિકારીને સ્વર્ણિમ સિદ્ધિ અને સ્વર્ણિમ સોપાન માટે પ્રોત્સાહિત કરે છે. ગુજરાત સરકારના તમામ વિભાગો આ કામગીરીથી ખૂબ જ પ્રભાવિત બની રહ્યા છે. અને મને લાગે છે કે સરકાર જો કર્મયોગીઓ સાથે ચિંતન શિબિર કરે છે તો ચિંતન શિબિરમાં ચર્ચા થાય છે, એની અંદર એકવીસમી સદીના ગુજરાતના નિર્માણની ઝાંખી આપણને જોવા મળે છે. એ ઝાંખી જ્યારે પ્રજાને જોવા મળે છે, ત્યારે પ્રજા તેના તરફ અકર્ષાય છે. એનાથી ખુશ છે. પ્રજાના પ્રતિનિધિ તરીકે સરકારની આ સાચી ઉજવણી છે, એ ઉજવણીને આપણે સહકાર અને સંગઠન આપીએ. આ સરકારને વિનંતી કરીએ કે આપનું આયોજન હશે તેને આ ગૃહ સફળ બનાવશે, તેવી મારી શ્રદ્ધા છે. ૨૦૧૦ નું વર્ષ આપના સંકલ્પને સાકાર કરવાનું વર્ષ છે, તો સાચા પ્રતિનિધિઓ, સાચા જનપ્રતિનિધિઓ થઈને આ કામમાં આપણે બધા દિલ દઈને જોડાઈ જઈએ તે ભાવ સાથે મારી વાત પૂરી કરું છું. જય હિન્દ, જય જય ગરવી ગુજરાત.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડીલ સિનિયર સભ્ય પ્રો.મંગળદાસ પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે. એમાં હું મારા વિચાર વ્યક્ત કરવા ઊભો થયો છું. હું અપેક્ષા એવી રાખતો હતો કે આપણા ભૂતપૂર્વ સ્પીકર છે, શિક્ષક છે, વડીલ છે, એટલે એમનું વ્યકતવ્ય પણ કદાચ સ્વર્ણિમ સંકલ્પ છે, જે પ્રકારે શરૂઆત કરી એની પરિપૂર્તિ કરતું હશે.એટલે મારે તેમાં બહુ કહેવાનું ન હોય. પરંતુ તેમણે જે થોડાક ઉલ્લેખો કર્યા છે તે બાબતમાં હું થોડીક વાત કરવા માગુ છું. ગુજરાત છે તે તો તેના સ્થાપના કાળથી જ સ્વર્ણિમ હતું. આપણે આજે સ્વર્ણિમ જયંતી વર્ષ જરૂર ઉજવીએ છીએ પણ તેની કીર્તિ વિશ્વના એક છેડાથી શરૂ કરીને બીજા છેડા સુધી માત્ર ભારતમાં જ નહીં પણ જે જે દેશોમાં ગુજરાતીઓ ગયા છે તે દેશોમાં ઈતિહાસ બનાવીને ગુજરાતીઓ રહેલા છે અને જે દેશમાં ગયા છે તે દેશને ઉભો કરવાની અંદર ગુજરાતીઓનો અપ્રતિમ ફાળો રહેલો છે. ગુજરાતની શોભા છે તે ગુજરાતીઓ છે. એકલ દોકલ વ્યકિત નહીં પણ છેલ્લા ઘણા સમયથી આ સ્વર્ણિમ સિદ્ધિઓ છે તે કોઈ એકાદ બે વ્યકિતઓના કારણે છે તે પ્રકારે કાં તો કોઈ મોહની અંદર તેના ઉલ્લેખો કરીએ છીએ. કાં તો કહેવામાં આવે કે તમારે આવું બોલવાનું છે એટલા માટે કરીએ છીએ. વાત એવી કરી કે મુખ્યમંત્રીશ્રી આવા હતા, તેવા હતા બરાબર. કહેવું પણ જોઈએ. મુખ્યમંત્રીશ્રી આખરે મુખ્યમંત્રીશ્રી છે. તેને વહીવટ ચલાવવો જોઈએ. તેના નામે કોઈ સિદ્ધિઓ હશે. તે વાત સાચી છે કે ગુજરાતના ઈતિહાસની અંદર પહેલી વખત દુનિયાના ૨૨ જેટલા દેશોએ વિઝાનો ઈન્કાર કર્યો હોય તો તે પણ આ સ્વર્ણિમ વર્ષમાં તે પણ નોંધવું જોઈએ. તેના માટેની આત્મખોજ આપણે કરવી જોઈએ કે આ શું કરવા થયું. માનનીય મુખ્યમંત્રીશ્રી જે પક્ષના છે તેના વડીલોએ પણ એમ કહ્યું કે આ મુખ્યમંત્રીશ્રી રાજધર્મ બજાવતા નથી. તે વાત પણ આપણે નોંધવી પડશે. સ્વર્ણિમ જયંતીમાં કહ્યું તેમ સીધી વાત થઈ હોત તો આ ઉલ્લેખો મારે નહોતા કરવા, પણ જ્યારે વાત થઈ છે ત્યારે જરૂર ઉલ્લેખ કરીશ. ગરીબ કલ્યાણ મેળા તો આજે થાય છે. ગરીબ કલ્યાણ મેળા નહોતા થતા ત્યારે તે યોજનાઓ લોકો સુધી નહોતી પહોંચતી એવું નહીં? યોજનાઓ હતી, ચાલુ યોજનાઓ આજે પહોંચાડવા માટે આપણે ઘરે પહોંચાડવા આજે બોલાવીએ છીએ. મારે ગરીબ કલ્યાણ મેળામાં કોણ જતું હતું? તે મારે કહેવાની જરૂર નથી. માનનીય મંગળદાસભાઈ મુરબ્બી છે. તે પણ એકાદ ગરીબ કલ્યાણ મેળામાં ગયા હશે. વાત એ કરતો હતો કે આ કોઈ એકાદ સ્વર્ણિમ જયંતી વર્ષ છે તે એકાદ મુખ્યમંત્રીશ્રીનું વર્ષ નથી. ગુજરાતના પાયામાં જે લોકો રહેલા છે તે લોકોનું વર્ષ છે. સલામ એ લોકોને કરવા માટેનું વર્ષ છે. આપણા મુખ્યમંત્રીશ્રીનો ઈતિહાસ ફયુચરમાં લખાય ત્યારે ભલે તેની સિદ્ધિઓ લખાય તેનો વાંધો નહીં. અત્યારે સિદ્ધિઓ ગાવી હોય તો તેવા મુખ્યમંત્રીશ્રીઓ છે કે જે પ્રજામાંથી આવેલા હતા અને પ્રજાની વચ્ચે રહી અને આ ગુજરાતને સમૃદ્ધ કરવાનું કામ કર્યું હતુ. જ્યારે ગુજરાતની રચના થઈ ત્યારે ગુજરાત જે ૨૦મા નંબરનું છેવાડાનું રાજય હતું. તે વખતે આપણી ચિંતા હતી કે મુંબઈ આપણામાં નથી. મુંબઈ જેવું સમૃદ્ધ શહેર છે તે ભૌગોલિક કારણે તે મહારાષ્ટ્ર સાથે જોડાયેલ છે અને તેના કારણે જે ગુજરાતની સમૃદ્ધિમાં ખામી આવી હતી અને વિકાસમાં જે પાછળ રહ્યા હતા તે ૨૦ વર્ષની મહેનતને અંતે આપણે ૧૯૮૪ની અંદર પહેલી વખત ઔદ્યોગિક મૂડી રોકાણની અંદર ગુજરાત પ્રથમ સ્થાને આવ્યું. તે પ્રથમ સ્થાન જાળવવાની અંદર આપણે આપણને મુશ્કેલી પડી રહી છે. આપણે ક્યાંક બીજા નંબરે, ત્રીજા નંબરે અને ક્યાંક ચોથા નંબરે આવીએ છીએ. આપણી એ ચિંતા નથી. પણ આપણી ચિંતા તો એ છે કે માત્ર ઉત્સવો ઉજવાય તે જરૂરી નથી. ઉત્સવોની અંદર ભાગ લેનાર તો બહુ થોડા લોકો હશે. આ સ્વર્ણિમ વર્ષમાં આપણા છેવાડાનો જે માણસ છે તેનું જીવન સ્વર્ણિમ બને તેના માટેની પરિકલ્પના કરવાનો આ સંકલ્પની અંદર આપણે સૌએ ચિંતન કરવું પડશે. આજે ૬૦ ટકા આદિવાસી બહેનો, આદિવાસી દીકરોઓ નિશાળનું પગથિયું ન જોઈ શકતી હોય, ૫૬ ટકા બાળકો કુપોષણથી પીડાતા હોય અને જે પરીક્ષા પધ્ધતિઓ આવી છે તેમાં આપણા બાળકોને દબાણને કારણે આપઘાત કરવા પડતા હોય, કાનુન અને વ્યવસ્થાની અંદર લોકોને ભય દૂર થાય એવાં કોઈ પગલાં ન લેવાતાં હોય, એના જીવનની અંદર સોનાનો સુરજ જે દિવસે ઉગે એ બાબતની ચિંતા આપણે સૌએ કોઈ રાજકીય અવલોકનો વગર કરવી પડશે અને એના માટેના સંકલ્પો આપણે એ લેવા પડશે કે આ વર્ષની અંદર જેટલી દીકરીઓ અને જેટલા દીકરા જન્મે છે એ તમામ દીકરા-દીકરોઓને પુરું પોષણ મળે, ભણવાલાયક ઉંમર થાય એમની ત્યારે નિશાળે જાય, નિશાળની અંદર એમની એમણે વ્યવસ્થાઓ મળે, અને તમામ બાળકો આપણા સાક્ષર બને, હોસ્પિટલોની સુવિધાઓ મળે, ખેડૂતોને ખેતર સુધી પાણી મળે અને જેટલા લોકો જીવે છે, માત્ર એક બે લોકોની સલામતી નહીં પણ તમામ જે લોકો રહે છે એમનામાં સલામતની ભાવના ઉભી થાય એ પ્રકારના સંકલ્પો આપણે સૌ સાથે મળીને લાવીએ અને એમાં એકબીજાનો આદર કરતાં શીખીએ તો માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વણિર્મ જયંતિ વર્ષ સાચા અર્થમાં આપણે સૌએ ઉજવ્યું ગણાશે. આ આદરણીય પ્રો. મંગળદાસભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એના હાર્દ સાથે હું સંમત થાઉં છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સિનિયર સભ્ય આદરણીય પ્રો. મંગળદાસભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે, એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,`અસ્મિતા આ ગુર્જરીની બુલંદ થતી જાય છે, વૈશ્વિક સ્તરે ધજા પતાકા ગુજરાતની લહેરાય છે' માનનીય અધ્યક્ષશ્રી, પહેલી જાન્યુઆરી, ૨૦૧૦નો દિવસ ગુજરાતના ઈતિહાસમાં કયારેય ન ભૂલી

શકાય એવો દિવસ. અહીં મહાત્મા ગાંધીજીના ચરણોની અંદર માનનીય અધ્યક્ષશ્રી, આપ બિરાજો છો ત્યાં એની બાજુમાં આપ, મહામહિમ રાજયપાલશ્રી, રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી, કેન્દ્રિય નેતૃત્વ સન્માનનીય અડવાણીજી, સન્માનનીય જેટલીજી, ગુજરાતમાંથી દેશનું દેશની સરકારમાં નેતૃત્વ કરતા માનનીય મંત્રીશ્રીઓ, પૂર્વ સાંસદશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, તમામ આખું ગુજરાત જાણે મહાત્મા ગાંધીજીના ખોળામાં બેઠું હોય એવો દિવસ માનનીય અધ્યક્ષશ્રી હતો અને સૌએ સાથે મળીને એક સંકલ્પ લીધો ગુજરાત માટે અમે બધા એક છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમે અનેક વખત એવું સાંભળ્યું હતું કે, અમેરિકા જેવા દેશ એની પાર્લામેન્ટની અંદર બેસીને બધા લોકો એક સાથે બધા સદસ્યો સંકલ્પ કરે, બધા એક અમારા દેશ માટે અમે એક છીએ. અમે આવી વાત સાંભળતા ત્યારે લાગતું કે અમારા દેશમાં આવું કયારે થશે? પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશને દિશા આપવાનું કામ કોઈએ કર્યુ હોય તો આપણી આ વિધાનસભા ગૃહે કર્યુ, આ જગ્યા ઉપર થયું, આ ઐતિહાસિક ક્ષણના સહભાગી થવાનું જે સૌભાગ્ય મળ્યું છે એ દેવોને પણ દુર્લભ છે. માનનીય અધ્યક્ષશ્રી, કેવું વાતાવરણ હતું? સ્વર્ણ જયંતિ કળશ અને એનું ઉદ્‌ઘાટન કરવાનું હતું, તો રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી બાજુમાં ઉભા હતા અને ભૂતપૂર્વ માનનીય મુખ્ય મંત્રીશ્રી માધવસિંહભાઈ સોલંકી, એમના હાથે એનું ઉદ્‌ઘાટન થાય, કેવું વાતાવરણ હતું? જો માત્ર પ્રસિધ્ધિ કે બાકી લોકો જે વિચારે છે એવું વિચાર્યુ હોત તો રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી બાકી રાજયોની અંદર જે પ્રમાણે માત્ર કાર્યક્રમ કરવો અને એટલાથી સંતોષ માની પોતાનું નામ સતત ચલાવી શકયા હોત, માનનીય અધ્યક્ષશ્રી, એવું નહીં, અહીં આગળ જેટલા સ્વર્ગસ્થ મુખ્ય મંત્રીશ્રીઓ હતા એમના ફોટાનું અનાવરણ કરવામાં આવ્યું. માનનીય મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો 'ગુજરાતની પ્રગતિની અંદર શરૂઆતથી લઈને અત્યાર સુધી જેમણે જેમણે કામ કર્યું છે, ચપરાસીથી લઈને ચીફ મિનિસ્ટર સુધી, ખેતીમાં કામ કરતો ખેડૂત હોય, નર્મદા ડેમ પર કામ કરતો મજદૂર હોય દરેકનું યોગદાન છે અને દરેકને વંદન કરવાનો અભિનંદન કરવા માટેનો અવસર છે.' આ શબ્દો હતા. બધાનો એક સૂર હતો, એક લક્ષ્ય હતું, એક ધ્યેય હતો. એક સૂર, એક લક્ષ્ય અને એક ધ્યેયની અંદર કામ કરવા માટેનું એક આખું વાતાવરણ બન્યું. માનનીય અધ્યક્ષશ્રી, હું તરત જ બીજા દિવસે ગામડામાં ગયો ત્યાં અમારે એક પીપળી ગામની અંદર નાથાલાલ રાવલ કરીને એક વડિલ રહે છે એમણે આ વાત કરી એટલે ખૂબ ખુશ થયા અને કહે આખું ગુજરાત એક થઈ ગયું. એ તો ધન્ય ધન્ય થઈ ગયા અને કહેતા હતા કે આવું બની શકે? આ બધી વાતો અખબારમાં આવેલી પણ એમણે મને એક વાત કરી કે, બધું હતું પણ પેલા અર્જુનભાઈ મોઢવાડિયાએ શું કહ્યું? માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાતમાં નથી પડવું પરંતુ માત્ર એટલી જ વાત કે ત્યાં બેઠેલા વ્યકિત છે મેં એમને પૂછયું કે દાદા કંઈ ખાસ કારણ? તો કહે ના ના, બધા ઉગમણા જતા હોય તો એ... માનનીય અધ્યક્ષશ્રી, એક વ્યકિત જે ગામડામાં બેઠેલ છે એ કેવું વિચારી શકે? બધાને ગૌરવ થતું હતું ગુજરાત માટે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે આજથી નહીં છેલ્લા બે વર્ષથી સતત પુરુષાર્થ કરીને રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ એક આયોજન પ્લાન બનાવીને આ અવસરને માત્ર એક ઉત્સવ તરીકે નહીં પરંતુ ગુજરાતની પ્રગતિનો અવસર બનાવવો, ગુજરાતીઓએ દેશભરમાંથી વિદેશમાં જઈ આખી દુનિયાને પોતાનું ઘર બનાવ્યુ પણ દુનિયાભરના લોકો ગુજરાતને પોતાનું વતન બનાવે એ પ્રમાણેની ગુજરાતની ઉંચાઈ લઈ જવી એ પ્રમાણેના અવસરને એક પ્રગતિમાં પલ્ટાવવા માટેનો સંકલ્પ કર્યો. સૌને સાથે રાખીને આગળ વધવું એ પ્રમાણેનું કામ અત્યારે ગુજરાતના ગામડે ગામડે સુવર્ણજયંતી રથ ફરી રહ્યો છે જ્યારે કદાચ બાકી કોઈ જગ્યાએ આવું બન્યું હોત તો રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો એકનો જ ફોટો હોત પણ અત્યારે આપણો સુવર્ણ જયંતી રથ ફરી રહ્યો છે એમાં આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીઓના ફોટા સાથે આ રથ ફરે છે, વિરોધ પક્ષના નેતાશ્રીનો પણ એની અંદર ફોટો છે. સૌને સાથે રાખીને ચાલવા માટેનો જે સંકલ્પ છે એના કારણે પરિણામ મળશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમને કોનો ફોટો દેખાય એમાં અમારો વાંક ન કહેવાય. પેલો અખાનો છપ્પો તો કહી શકાતો નથી. મારે એટલું જ કહેવું હતું કે, તમામે તમામ ડિપાર્ટમેન્ટોને છેલ્લા એક વર્ષ પહેલા એક ગોલ્ડન ગોલ આપીને ગુજરાતના સ્વર્ણિમ જયંતી વર્ષ નિમિતે આપણે આપણો ડિપાર્ટમેન્ટ ગુજરાતને ઉંચાઈએ લઈ જવા માટે શું કરી શકે? એ પ્રમાણે તમામ ડિપાર્ટમેન્ટને કામે લગાડીને એના ગોલ્ડન ગોલ નક્કી કર્યા. ગુજરાતની પ્રગતિ માટે આખી સરકાર મથે. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર સરકાર એકલી મહેનત કરે એટલું નહીં, તમામે તમામ પ્રજાજનો એના સહભાગી બને અને પ્રજાને પણ આની અંદર સહભાગી થવા માટેનું કામ આપવું અને એને આની અંદર જોડવી અને લોકભાગીદારીનું એક આખું જનઆંદોલન ઉભું કરવું આ પ્રમાણેનો આની અંદર સંકલ્પ થયો.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વતંત્રતા સમયે એક નવી પેઢીને ખબર નહીં હોય કે, તે વખતનો માહોલ કેવો હશે? પરંતુ જ્યારે દેશને આઝાદી મળી ત્યારે આ પ્રકારનું વાતાવરણ હશે એવું અમે અહીંયા અનુભવ્યું. પરંતુ ત્યારે એક વાત સૌના મનમાં દેશની સ્વતંત્રતા માટે હતી કે દેશના એક એક પ્રજાજન માટે એક લક્ષ્ય હતો દેશને આઝાદ બનાવવાનો. એના માટે કરીને તમામ લોકો જોડાયા હતા, માત્ર રજવાડા કામ કરતા હતા દેશની આઝાદી માટે

એવું નહી, આમ આદમી પણ જોડાયો હતો. ૫૦ વર્ષ વિતી ગયા ૫૦ વર્ષ પછી દેશના નાગરિકો માટે કંઈક કરી છૂટવા માટેનું લક્ષ્ય મળ્યું હોય તો આ ગુજરાતની ધરતી ઉપરથી મળ્યું છે અને એ સુવર્ણ જયંતી અવસરના માધ્યમથી. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને લક્ષ મળ્યું છે કે, હું મારા ખેતરની અંદર ખેતી કરતા કરતા પાણીનો બચાવ કેવી રીતે કરું, વેલ્યુએડિશન કરીને દેશના માટે હું કામ કરી રહ્યો છું તો હું મારુ ઉત્પાદન કઈ રીતે વધારી શકું? વિદ્યાર્થીને લક્ષ મળ્યું છે હું મારા દેશ માટે ભણું અને ભણીને આગળ વધી હું મારા દેશ માટે કંઈક કરું, વ્યસન મુકિત માટેનું એક આખું આંદોલન ચાલ્યું છે.

આજથી એકાદ વર્ષ પહેલાં મારા રાધનપુર નગરની અંદર સ્વર્ણિમ્ જયંતી યાત્રા આવી અને ત્યાં આગળ જે સંકલ્પો લીધા ડોકટરોએ એવો સંકલ્પ કર્યો કે અમે મહિનાની અંદર એક દિવસ ફી લીધા સિવાય સારવાર કરાવીશું. માનનીય અધ્યક્ષશ્રી, એક હજાર લોકોને વ્યસન મુક્ત કરવા માટેનો અમે સંકલ્પ લીધો હતો અને ગૌરવ સાથે કહીએ છીએ કે આ એક વર્ષના સમય ગાળાની અંદર ૧૧૦૦ જેટલાં લોકો મારા વિસ્તારની અંદરથી વ્યસન મુક્ત થયા છે. પત્ર લખી અને ફરી પાછું વ્યસન ના કરે તે પ્રમાણેની પણ તેની પત્ર દ્વારા સતત મોનીટરીંગ થઈ રહ્યું છે. આ એક ઘટના આપી છે પરંતુ ગુજરાતના તમામ પ્રજાજનોને સાથે જોડી અને ગુજરાતીઓ માનનીય મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો સાડા પાંચ કરોડ ગુજરાતીઓ એક એક ડગલું આગળ વધે તો ગુજરાત સાડા પાંચ કરોડ ડગલાં આગળ વધી જાય. અને સાડા પાંચ કરોડ ડગલાં આગળ ગુજરાત વધે એટલે ગુજરાત સ્વર્ણિમ્ ગુજરાત બને. ( સમય-સૂચક ઘંટડી )

માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર આજના પ્રસંગે એટલી જ વાત કરવી હતી કે, સહુ આ સ્વર્ણ જયંતી સંકલ્પ આપણે બધાએ આ વિધાનસભા ગૃહની અંદર લીધો છે. એકો એક વ્યકિતનો, એક પક્ષનો, એક સરકારનો નહીં આ તમામ સદસ્યોનો એક સંકલ્પ હતો. આપણે શપથ લીધા છે કે ગુજરાત માટે કરીને આપણે શપથ લીધા છે તે વાતને આપણે બધા સદા યાદ રાખીએ અને ગુજરાતની પ્રગતિ માટે એક બનીએ, નેક બનીએ હવે ગુજરાત માટે કહી શકાય ગુજરાત અમારું સ્વર્ણિમ્ રાહે આગળ વધતું રહેશે, આડા અવળાં અટકચાળાને હવે અટકવું પડશે, સંકલ્પિત સજ્જનતાનો આ છે સીધો પડકાર, થશે સ્વર્ણિમ ગુજરાત અમારું, થશે સ્વર્ણિમ્ ગુજરાત. ધન્યવાદ.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મંગળદાસ પટેલ આપણાં પૂર્વ અધ્યક્ષ જે સંકલ્પ લઈને આવ્યાં છે તે સંકલ્પ ઉપર મારી વાત કહેવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણ જયંતી ઉજવણી તે ગુજરાતના લોક જીવનના એક ભાગરૂપે હોય અને તેની ઉજવણીની સ્વભાવિકતા આપણે સૌ સમજીએ અને આ વર્ષના પહેલાં દિવસે આપે આપના પ્રયત્નથી જે વાતાવરણ ઉભું થયું તે વાતાવરણનો સહુ કોઈએ આનંદ અને સંતોષ વ્યક્ત કર્યો છે. હું પણ તે સંતોષ વ્યક્ત કરું છું. પણ એ દિવસ પૂરતી વાત હતી. એ પછી અમે જ, અમે જ કર્યુ તેની એ પુરાણી વાતો જે છે તેમાં કોઈ ફરક પડ્યો છે ખરો ? આ રાજયના ૫૦ વર્ષની કે પહેલાં સૌરાષ્ટ્ર અને કચ્છ હતું તે બધાના માટેનો આ વર્કશોપની અંદર માનનીય જયનારાયણભાઈ નથી એમણે આખો ઇતિહાસ આપણી ગુજરાતની વિધાનસભાઓનો કહ્યો અને આ કેટલી વિટંબણામાંથી આપણે આ નાવને આપણે ચલાવી રહ્યાં છીએ. અનેક ઝંઝાવાતોની વચ્ચે પણ આ લોકશાહીની રક્ષા કરવી, નિયમ બદ્ધતા બનાવવી તે આપણું કર્તવ્ય આપણે સહુ નિભાવી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના આપણી આઝાદીને ૨૫ વર્ષ ત્યારે પણ જૂની વિધાનસભાની અંદર એ મારા લોક કલાકારોને રતુભાઈ અદાણીએ બોલાવી અને તે ઉજવણીના ભાગરૂપે કર્યુ હતું. આપે આ વખતે અહીં આપણાં ગુજરાતના કલાકારો પુરુષોત્તમ ઉપાધ્યાય હોય, કે બધાના મારફતે જય જય ગરવી ગુજરાત અને પછી આપણી વંદે માતરમ્ પણ આપે રજૂ કરાવ્યું આ સ્પિરિટ અમે પારખી શકીએ છીએ પણ આને આગળ ચલાવવું પડશે, સમજવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ વર્ષ ભારતની આઝાદીને થયા ત્યારે આ સન્માનનીય સભાગૃહની અંદર ૧૯૯૭ના ૧૪મી ઓગસ્ટે, રાત્રે આપણે આ સભાગૃહની અંદર આપણે બધા મળ્યા હતા અને ત્યારે નીચે મેદાનની અંદર કલ્યાણજી આણંદજી જેવા ભાઈઓ અને પ્રફુલ્લ દવે જેવાએ કવિ કાંતની જે રચનાઓ હિંદ દેવ ભૂમિ સંતાન સૌ તમારાં

" હિન્દ દેવ ભૂમિ, સંતાન સૌ તમારા, કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારા."

આ ભાવના સાથે સ્વાતંત્રય સૈનિકોનું સન્માન આપણે કર્યુ. પણ ત્યારે એમાં થોડા વિચારભેદ હતા. ભલે મનભેદ નહીં હોય, પણ મતભેદ તો હતા. પણ આ વર્ષની પહેલી જાન્યુઆરીએ જે પુર્વ ધારાસભ્યશ્રીઓ, પુર્વ સાંસદો, વર્તમાન સાંસદો અને વરિષ્ઠ ગવર્નરશ્રીઓ પણ ગુજરાતના લોક પ્રતિનિધિ તરીકે જે વિરેન શાહ,

બંગાળના ગવર્નર હતા કુમુદિનીબેન, હૈદ્રાબાદ, આંધ્રપ્રદેશના હતા. આ બધાને આ વાતાવરણમાં આ ગૃહમાં જે વાતાવરણ ઉભું કર્યુ છે, એ વર્ષો સુધી બની રહે, એની કાળજી લેવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જ કર્યુ છે, અમે જ કર્યુ છે અને તમે કંઈ નથી કર્યુ એ વાત અહીંયા વાગે ત્યારે થોડું દુ:ખ થાય છે. હું તો બધા પક્ષોમાં રહેલો છું. ભારતીય જનતા પાર્ટીમાં રહેલો છું, રાજપામાં રહેલો છું અને અત્યારે કોંગ્રેસમાં છું. એ બધાની સરખામણી થઈ શકે. આપણે ૯ સભ્યોના ભારતીય જનતા પાર્ટીમાં હતા ત્યારે મુખ્યમંત્રી તરીકે માધવસિંહભાઈ સોલંકી હતા. એમની ખેલદિલી, ધારાસભ્યોને એમના અધિકારોની જાળવણી માટેની વાત આવે ત્યારે સરખામણી કરીએ ત્યારે એમની સારપની વાત કહેવી પડે. ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા, છબીલદાસભાઈ મુખ્યમંત્રી હતા. માનનીય કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે એમની પાર્ટીમાં હું સભ્ય તરીકે સાથે હતો. એ બધાની સરખામણી કરીએ ત્યારે આ ગૃહનું ઔચિત્ય જાળવવા માટે જેમણે જેમણે પ્રયાસો કર્યા છે, જેમણે જેમણે તૈયારી બતાવી છે, એ બધા અનુમોદનાને પાત્ર છે. એટલા માટે જ આપની અનુમતિ લઈને તે દિવસે પોડિયમમાં હું જેમના મુખ્યમંત્રી પદે તેમની સાથે ધારાસભ્ય પદે હતો એમનું કચ્છના પ્રતિનિધિ તરીકે સન્માન પણ કર્યુ. એમાં કોઈ ભેદભાવ હોઈ શકે નહીં. આ મારા અને આ તારા નહીં. આ આપણા સૌનો જે એક વિશ્વાસ સંપન્ન કરેલો હોય અને એટલે જ ગૃહના નેતા તરીકે હોય છે. એનું આદરણીય ઔચિત્ય જાળવવું જોઈએ, એ જળવાય એના માટેની હિમાયત આ ઠરાવના હાર્દમાં છે. એને અનુરુપ આપણે સૌ એને પાળીએ અને જાળવીએ. ગુજરાત સૌ કોઈનું છે, કોઈ એકનું નથી. જયાં જયાં વસે એક ગુજરાતી, વસે સદાકાળ ગુજરાત. કવિ શ્રી ખબરદારની છે અને એની વાતને આપણે વિશ્વભરના ગુજરાતીઓ છે, તે આ ગુજરાતની સ્વર્ણ જયંતિ માટેનું ગૌરવ લે એવું વાતાવરણ ઉભું કરીએ એટલી જ વાત મારે ગૃહને કરવી છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, વડિલ શ્રી પ્રો. મંગળદાસભાઈ પટેલ સ્વર્ણિમ્ સંકલ્પનો પ્રસ્તાવ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારી બે વાત રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજય છે કે જેનો પ્રાગૈતિહાસ ખૂબ જૂનો પુરાણો છે. એના ઈતિહાસમાં જઈએ તો એક સમયે ગુજરાતના સુવર્ણ કાળમાં આ જે ભૂ-ભાગ છે એ વનરાજ ચાવડાથી શરુ કરીને મૂળરાજ સોલંકી તથા સિદ્ધરાજ જયસિંહ અને રાય કરણદેવ વાઘેલા જેવા સમર્થ અને પ્રજા વત્સલ રાજાઓ દ્વારા રાજ કરાયેલી આ ભૂમિ છે. ગુજરાતી ભાષાનું સર્વપ્રથમ વ્યાકરણ આપનાર જૈન મુનિવર શ્રી હેમચન્દ્રાચાર્યજીએ સિદ્ધહેમ જેવા મહાન વ્યાકરણ ગ્રંથની ભેટ આ દેશને આપી છે. એવા મહાપુરુષોથી પલ્લવિત આ ધરતી છે. સમગ્ર ભારત વર્ષમાં પ્રાદેશિક ભાષાઓમાં જો કોઈએ જ્ઞાનકોષ ગ્રંથ આપ્યો હોય તો ગુજરાતના ગોંડલના સમર્થ રાજવી મહારાજ શ્રી ભગવતસિંહજીએ ભગવત ગો મંડળ નામના વ્યાકરણ ગ્રંથની રચના કરીને જે ગ્રંથ કુલ ૯ ભાગમાં આપેલો છે. અને એના વિશે આપણા સૌના પૂજય કે.કા.શાસ્ત્રીજીએ એ સમયે એવું કહેલું કે મહારાજા ભગવતસિંહજીએ આ ગ્રથ રચીને ગુજરાતી ભાષાને અમર બનાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જ ભૂ-ભાગની અંદર આબુમાં રહીને મહારાજા ભતૃહરીએ શૃંગાર શતક, વૈરાગ્ય શતક અને નીતિ શતક જેવા ત્રિ શતકોની ભેટ આ દેશને આપી છે. આ ભૂ-ભાગની અંદર સમગ્ર ભારતમાં જન્મેલા ઈશ્વરીય અંશાવતારો જેમણે અલગ અલગ જગ્યાએ જન્મ લીધો છે. પરંતુ તેમણે કર્મભૂમિ ગુજરાતને બનાવી છે આવા ઈશ્વરીય અવતારો જયાં જયાં અવતર્યા છે તેમણે પોતાની કર્મભૂમિ ગુજરાતને બનાવી એવા ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરીએ તો આપણને સોનાની દ્વારકાનું સ્મરણ આપે છે અને એ સોનાની દ્વારકા સાથેનો જે સ્વર્ણીમ ગુજરાતનો સંકલ્પ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરેલ છે એ આ શાસનકાળ સમરસ થતો લાગે છે. ત્યારે ભગવાન સહજાનંદ સ્વામી પણ આ ગુજરાતને કર્મભૂમિ બનાવી, ભગવાન મહાવીર સ્વામી જેવા દિવ્ય પુરુષોની દિવ્ય ચેતનાથી ધન્ય થયેલ આ ગુજરાતની ધરા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાંથી આવેલ અનેક વીર પુરુષોએ પોતાનાં બલિદાન આપ્યાં છે જેમાં કચ્છમાંથી યાદ કરીએ તો શ્રી શ્યામજીકૃષ્ણ વર્માજી, અમારા ઝાલાવાડમાંથી શ્રી સરદારસિંહ રાણા, પૂજય મહાત્મા ગાંધીજી, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને ડાં. બાબાસાહેબ આંબેડકર જેવા મહાપુરુષોએ પણ વડોદરા નગરમાં કેળવણી મેળવી અને એમનું ઘડતર કરનાર આ ગુર્જરી ધરા છે. આ ભૂમિમાં જન્મનાર મહર્ષિ શ્રી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી અને આર્ય ધર્મની સાચી ઓળખ આ દેશને આપી છે. ગુજરાતના અત્યારસુધીમાં આવેલ તમામ મુખ્યમંત્રીશ્રીઓની શ્રુખલામાં સર્વ શ્રેષ્ઠમુખ્યમંત્રી તરીકે કીર્તિ સ્થાપનાર મંત્રીશ્રી હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે અને આ શાસનકાળમાં આજે ગુજરાત એ પોતાના સુવર્ણ કાળમાં હોય એવું અવશ્ય લાગે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આજે ગુજરાતની સ્વર્ણીમ જયંતી ઉજવી રહયા છે ત્યારે મારા બે ચાર દોહા છે એ પણ મારે કહેવા છે.

માર્ગ અને મકાન અંગેની વાત કરું તો એના સંદર્ભમાં કહું તો-

રસ્તા કર્યા રૂપાળા, સૌ જનની વધારી શોભા, આ માનવતાના મોભા, આ પહેલું લક્ષણ પાલીયા,
કચરું, કંકાસ અને કજીયો, ગુજરાતી હોય એને ના ગમે, એ ભલું કરવા આજે તમે આ મોદી પાલીયા,

ગરીબ કલ્યાણ મેળા થયા છે અને અનેક ગરીબોને આવાસ મળ્યા છે એના અનુસંધાનમાં ગરીબ કલ્યાણ મેળાની વાત કરું તો-

મેળા ભરાય માનવીઓના અને સેંકડો લોકોને મળે સહાય, ભાવ મોદીજીનો ભરવા પ્રેમ ગુજરાતનો પાલીયા,
શહેરોને કર્યા શોભતા, ગામડાને ગોકુળ ગામ, આ નરેન્દ્રજીનું નામ પાણી નર્મદાનું પાલીયા,
પણ અંધન આપે, પાણી નર્મદાનું પાય અને જુઓ આ રહેવા જાય પોતાના આવાસમાં પાલીયા,

આ રીતે ગરીબ કલ્યાણ મેળા થકી અનેક લાખો ગરીબો, હજારો ગરીબોને મકાન અને આવાસ યોજનાથી લાભાન્વિત કર્યા છે.

મોદી ગુજરાત મલકમાં ઠાવકી વાવે ઠીમ, પણ આ સૂકી પડી હતી સીમ એને પાણી પાયુ પાલીયા,
મોદી ગુજરાત મલકમાં નરેન્દ્ર આણ્યા તમે નીર, આ ખાંડ રોટલી અને ખીર આ તો પાણી નર્મદાનું પાલીયા,

માનનીય અધ્યક્ષશ્રી, સૂકી ધરામાં નર્મદાનું પાણી મળવાને કારણે આ ગુજરાતના ખેડૂતોને ખીર, રોટલી અને ખાંડનું ભોજન નર્મદાના નીરથી મળ્યું છે. આ સ્વર્ણીમ સંકલ્પ લઈને આપણા વડીલ શ્રી મંગળભાઈ પટેલ આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના સંકલ્પ ઉપર ગરવી ગુજરાતની વાત, ગુજરાતની અસ્મિતાની વાત અને ગુજરાત ૫૦ વર્ષ જે સ્થાપનાનાં ઉજવવા જઈ રહ્યું છે એ ૧લી મે, ૧૯૬૦ ના રોજ ગુજરાત રાજયની સ્થાપના થઈ અને ૧ લી મે, ૨૦૧૦ ના રોજ આપણે ૫૦ વર્ષ પૂરાં કરી રહ્યા છીએ ત્યારે આપણે એના ઉંડાણમાં વિચારીએ તો ગુજરાતની ભૂમિ એ પૂજય મહાત્મા ગાંધીજીની ભૂમિ, અહિંસાના પુજારી જેને કહેવાય , રાષ્ટ્રના રાષ્ટ્રપિતા જેને કહીએ છીએ અને એમણે અહિંસાનું શસ્ત્ર અંગ્રેજો સામે ઉગામીને એક અબજ ભારતની વસતિને આઝાદી અપાવવાનું જેમણે કામ કર્યુ હતું એ પૂજય મહાત્મા ગાંધીજીની ભૂમિ પોરબંદરની ભૂમિ એ ગુજરાતની ભૂમિ છે એનું આપણને ગૌરવ છે. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એ લોખંડી પુરુષ એ કરમસદની ભૂમિ ઉપર જન્મ્યા હતા અને ભારતનાં દેશી રજવાડાંને ગણતરીના કલાકોમાં જ ડિમોલીશ કર્યા અને ભારતને અખંડ ભારત બનાવવામાં, ભારતને યુનાઈટેડ ભારત બનાવવામાં પોતે જેમણે યોગદાન આપ્યું એમને જન્મ આપનાર એ પણ ગુજરાતની ભૂમિ છે અને આપણને આઝાદી અપાવનાર મહામૂલી ભૂમિના આપણે નાગરિકો છીએ અને એનું આપણને ગૌરવ છે.

આ ભૂમિની ઉપર જયાં રસ્તાઓ નહોતા, જયાં પીવાનું પાણી નહોતું, જયાં વીજળી સંખ્યાબંધ ગામોમાં નહોતી, તેના ઉપર એક પહેલી મેં ૧૯૬૦ થી લઈ અને ૧૯૮૫ નો ઈતિહાસ અને ત્યાર ૧છીના ૧૫ વર્ષના ઈતિહાસમાં, ૫૦ વર્ષના ઈતિહાસમાં એ રસ્તાઓથી જોડી દીધા, એ ઝૂંપડીમાં પાણી પહોંચી ગયું, ત્યાં વીજળી પહોંચી ગઈ, એટલું જ નહીં ૧૭૩ ડેમ ૧૯૬૦ થી લઈ અને ૧૯૯૫ માં બનાવ્યા, ૪૭ લાખ હેકટર જમીનમાં આટલા વર્ષોમાં ડેમો મોટા મોટા બનાવી અને ઉકાઈ જેવા ડેમ, દમણ ગંગા જેવા ડેમ અને બીજા અસંખ્ય ડેમ બનાવી અને એ ધરતીને નવપલ્લવીત કરવાનું કામ કોણે કરેલું હતું ? એટલું જ નહીં ૯૬૦ આશ્રમ શાળાઓ આદિવાસી બેલ્ટમાં ડાંગ-ધરમપુરથી લઈ અને અંબાજી સુધીમાં એ ગરીબ લોકોને આશ્રમશાળાઓ બનાવવાનું કામ કોણે કરેલું હતું? એટલું જ નહીં, ૫૮૮૪ ગામડાં જે છે ધરમપુરથી લઈ અને અંબાજી સુધીના પૂર્વ પટ્ટીના તે આદિવાસી ગામડાંઓને ઉત્થાન કરવાનું કામ કોણે કરેલું હતું? જે ધરતી ઉપર રસ્તાઓ નહોતા, ત્યાં રસ્તાઓ બનાવવામાં આવ્યા, જયાં આગળ શિક્ષણની સગવડો નહોતી ત્યાં શિક્ષણ આપવામાં આવ્યું અને નિવાસી શાળાઓ બનાવવામાં આવી, અને એના પાયાના પત્થરો છે સાહેબ એ જુગતરામ દવે, દિલસાદભાઈ, છોટુભાઈ નાયક, સ્વર્ગસ્થ રત્નસિંઘ મહિડા, ચંદુભાઈ પટેલ, ઠકકર બાપા, આ વિભૂતિઓએ આ ગુજરાતને આર્થિક રીતે તાકાત આપવામાં પોતાનો સિંહ ફાળો આપેલો છે. એમને આપણે લાખ લાખ અભિનંદન આપીએ સલામ કરીએ, એવા મુખ્ય મંત્રીઓ જેના એક સંકલ્પ ઉપર નર્મદા યોજના બને, જેના એક સંકલ્પ ઉપર ગુજરાતની ગરિમા ઉભી થાય, એવા મુખ્ય મંત્રીઓને શ્રધ્ધાંજલિ આપણે આપીએ છીએ અને સ્વર્ણીમ ગુજરાતના સંકલ્પ સાથે કોઈ સાહેબ, પ્રસિધ્ધી માટે નહીં, કોઈ એક વ્યકિતની વાહ વાહ માટે નહીં, પણ ગુજરાતના સાડા પાંચ કરોડની જનતાની વાહ વાહ માટે આપણે સૌ કટ્ટીબધ્ધ બનીએ આપણે સૌ સાથે રહીએ અને જે ૧૮ જેટલા આદરણીય મુખ્ય મંત્રીઓ આપણા ગુજરાતમાં થઈ ગયા, જેમનું આજે દેશના લેવલ પરમ, આંતર રાષ્ટીય લેવલ પર નામ છે, ઈતિહાસના પન્ના ઉપર જેનો સહાદતનો ઈતિહાસ છે, જેનો કલ્પનાઓનો નહીં પણ વાસ્તવીકતાઓનો ઈતિહાસ છે એવા લોકોને વંદન

કરી એવા લોકોને સલામ ભરી અને પચાસ વર્ષના ગુજરાતની અંદર સૌ કોઈ ગુજરાતી સહભાગી બને તેવી શ્રધ્ધા સાથે આપણે આજની આ ચર્ચાને આગળ વધારીએ છીએ.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના આદરણીય સભ્યશ્રી પ્રો. મંગળભાઈ પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું. સ્વર્ણીમ ગુજરાતના સ્વપ્ન સાથે ગુજરાતની સ્વર્ણીમ જયંતિની ઉજવણી, એટલે ગુજરાતનો પ્રત્યેક નાગરિક અબાલ વૃધ્ધ સહિત સૌ કોઈ ગુજરાતની કાયા પલટ કરવા માટે વ્યકિતગત અને સમૂહ જીવનમાં પોતાની શકિત પ્રમાણે આવતી કાલના સમૃધ્ધ ગુજરાતની રચના માટે કશુંક પ્રદાન કરે, ગુજરાતના જળહળતા વિકાસ માટે સંકલ્પબધ્ધ થાય, અને વિકાસમાં વિવાદ નહીં, અને પ્રગતિમાં પક્ષાપક્ષી નહીં એવી ભાવના સાથે ગુજરાત માટે કંઈક કરી છૂટવાની ભાવનાને પ્રગટાવતું પર્વ એટલે સ્વર્ણીમ ગુજરાત. આ સ્વર્ણીમ ગુજરાતના સ્વપ્નદૃષ્ટા આદરણીય મુખ્યમંત્રી માટે કોઈ અભિનંદનની વાત કરે ત્યારે મનમાં એવો ભાવ કેટલાક લોકોના મનમાં જાગે છે કે આ એક વ્યકિત દ્વારા બધું થાય છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસ માટેનું જેને ઘેલું લાગ્યું છે, પ્રબળ પુરુષાર્થ કરી અને ગુજરાત ખરેખર સાચા અર્થમાં સ્વર્ણીમ ગુજરાત બને તે પ્રકારનું કામ દિવસ રાત જોયા વગર જે કરી રહ્યા છે એવા ગુજરાતના સ્વપ્ન દૃષ્ટા આદરણીય નરેન્દ્રભાઈ માટે અભિનંદનની વાત થાય તો એમાં સહેજ પણ અતિશયોકિત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા પૂર્વ વકતાશ્રીએ વાત કરી કે અનેક બાળકો કુપોષણથી પીડાય છે. એમણે શિક્ષણને લગતા પ્રશ્નોની પણ અલગ અલગ વાત કરી. પરંતુ ગુજરાત જે પ્રમાણે વિકાસ કરી રહ્યું છે, ગુજરાત પ્રત્યેક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે મને એક કહેવત યાદ આવે છે. " સત્ય હજુ પગરખા પહેરે ત્યાં સુધીમાં અસત્ય અડધુ જગત ફરી વળે,, વિજય એનો થાય જે સત્ય હોય." એટલા માટે આ ગૃહ સમક્ષ મારે કહેવું છે કે ગુજરાતના સર્વજનોને કોઈ ગાઈ વગાડીને કહેતું હશે કે આ સરકારમાં અને નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિકાસ નથી થયા તો એ વાત ગુજરાતનો કોઈ નાગરિક એટલા માટે માનવા તૈયાર નહિ થાય કારણ કે ગુજરાતની પ્રજા સત્યથી વાકેફ છે. એટલા માટે સ્વર્ણિમ રથયાત્રા જ્યારે ગુજરાતના ગામડે ગામડે ફરી રહી છે અને ગુજરાતના અબાલ વૃદ્ધ સૌ લોકોમાં એક વૈચારિક ક્રાંતિ ઊભી કરવાનું કામ આ રથયાત્રા કરી રહી છે. અત્યારે ગુજરાતના પ્રત્યેક ગામડાંમાં આ યાત્રા ચાલી રહી છે ત્યારે સાત દિવસના કાર્યક્રમો આ યાત્રા મારફત આપવામાં આવ્યા છે. પ્રથમ દિવસે પ્રભાતફેરી હોય, બીજા દિવસે ચિત્ર, નિબંધ સ્પર્ધા વકૃત્વ સ્પર્ધા હોય, ત્રીજા દિવસે મહિલા સંમેલન અને તંદુરસ્ત બાળ હરીફાઇ થતી હોય, ચોથો દિવસ દેશી રમતોનો હોય પાંચમો દિવસ એ સમૂહ સફાઈનો હોય, સ્વસ્થ પશુ હરીફાઇ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે છઠ્ઠો દિવસ ફળવાયો અને સાતમો દિવસ ગ્રામ સુશોભન માટે ફાળવેલો હોય છે. ગામડાંમાં યાત્રા આવે ત્યારે એનું સામૈયું કરવા માટે ઉત્સાહ અને આનંદપૂર્વક ગામના સૌ લોકો એકત્રિત થઈ એને વધાવે છે. આ યાત્રા દરમિયાન અનેકવિધ કાર્યક્રમો થતા હોય ત્યારે આ આખો કાર્યક્રમ સાર્થક થાય, આંખનો ખૂણો ત્યારે જ ભીનો થાય છે કે જ્યારે વયવંદનાનો કાર્યક્રમ થાય. છેલ્લે આ સંકલ્પને સમર્થન આપીને વિરમુ છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, અમારા સૌના આદરણીય પ્રો. મંગળદાસજી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એની વાત કરુ એની પહેલા ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને આધુનિક ભારતના શિલ્પી સરદાર સાહેબને મારે યાદ કરવા છે. આ બે મહાત્માઓએ ગુજરાતને આગવી ઓળખ આપી અને એટલા માટે આજના આ ઐતિહાસિક ક્ષણે હું એમને પ્રણામ કરું છું.

આપ પણ મહાગુજરાતની ચળવળ સાથે જોડાયેલા, પૂજ્ય રવિશંકર મહારાજની છત્રછાયા, ઈન્દુચાચા જેવા સેનાપતિઓની આગેવાની નીચે જે ઐતિહાસિક લડત થઈ અને એ યુવાનોને નાના મોટા આગેવાનોને યાદ કરવા એ આજની મારી પવિત્ર ફરજ બને છે.

પ્રો. મંગળદાસજી જે સંકલ્પ લઈને આવ્યા છે એનું ઘણું મૂલ્ય છે કારણ કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે એના માર્ગદર્શન નીચે પહેલી મે, ૨૦૧૦ની અંદર જ્યારે એની આપણે

ઉજવણી કરવાની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ ત્યારે એમણે જે શબ્દ કહ્યા એની સત્યતાને હું ધન્યતા અનુભવું છું. એમણે કહ્યું કે ઇતિહાસ, વર્તમાન અને ગુજરાતના વિકાસની જે ગતિએ છે એ ત્રણેયને નજર સમક્ષ રાખી એક સ્વરથી, એક લક્ષથી અને એક ધ્યેયથી આપણે સૌએ એની ઉજવણી કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વાનો માને છે કે સમગ્ર વિશ્વને બચાવવું હોય તો ભારતને બચાવવું પડશે. ભારતને બચાવવું હોય તો ગુજરાતને બચાવવું પડશે અને ગુજરાત એ ભારતની રાજકીય પ્રયોગશાળા છે અને આજે જે ગુજરાત કરે છે એ આવતીકાલ સમગ્ર ભારત કરતું હોય છે. ૧લી જાન્યુઆરીએ પૂર્વ મુખ્યમંત્રી આદરણીય માધવસિંહ સોલંકીએ સાચું જ કહ્યું કે ગુજરાત સદાકાળથી ભારતને માર્ગદર્શન આપતું આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણે વિશ્વ સરકાર બનાવીને વિશ્વનું સંચાલન કરવાનું નક્કી કર્યું. ત્યારે તેમણે ગોકૂળ મથુરાથી ગુજરાત-દ્વારકાની વાટ પકડી હતી. મહાભારતના યુદ્ધનું સંચાલન તેમણે ગુજરાતની ધરતીનું ધાવણ પીને કર્યું હતું. કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ગીતાનું અમૃત પાન પણ વિશ્વને તેમણે પહેલાં ગુજરાતની ગોમતીનું પાણી પી અને પછી પાયું હતું. શ્રીકૃષ્ણે સુદર્શન ચક્ર ચલાવ્યું. વાંસળીના સપ્તસૂર છેડ્યા. સારથિની ભૂમિકા પણ ભજવી. તેમાં ગુજરાતીપણાનો સ્પિરિટ રહેલો છે. સોનાની દ્વારિકાનો રાજા શ્રીકૃષ્ણ ગરીબ સુદામાની ભાજી ખાય, અતિથિદેવોની ભાવનાથી એના પગ ધૂએ, એ જ ભાવના આજના ગરીબ કલ્યાણ મેળાઓમાં અભિવ્યક્ત થાય છે. શ્રીકૃષ્ણને મન સુદામા જેવા હતા તેવા એ જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ માટે ૨૦ લાખ ગરીબોને સહાય આપીને તેમણે તેમનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. દ્વારકાના શ્રીકૃષ્ણની આ નવી ઘટના છે. માનનીય અધ્યક્ષશ્રી, પુરાણોમાં ગુજરાત માટે " વિવેક બૃહસ્પતિ " એવો શબ્દ વાપરવામાં આવ્યો છે. આ વિવેક બૃહસ્પતિનો અર્થ એવો થાય છે કે જે પ્રદેશ જ્યાં વિવેકી, શાણા, ઉદાર અને મહાન લોકો હોય. માનનીય અધ્યક્ષશ્રી, અનેક ચર્ચાઓમાં માનનીય મુખ્યમંત્રીશ્રી આ ઉજવણી એ નાગરિકના વિકાસને વેગ આપવા માટેની છે, રાજયના ગરીબો, વંચિતો, દલિતો, વનવાસીઓના વેગને સ્પર્શ કરનારી છે એવું કહી ચૂક્યા છે. આજે આપણે જ્યારે આપણાં પૂર્વજોને યાદ કરીએ છીએ ત્યારે પૂ. રવિશંકર મહારાજ અને ઈન્દુચાચાને યાદ કર્યા. પૂ. રવિશંકર મહારાજના પ્રવચનની મને યાદ આવે છે. સંસ્કૃતિ નામનું માસિક અને જેનું તંત્રીપદ ઉમાશંકર જોષી જેવા કવિ સંભાળતા હતા એમણે મે-૧૯૬૦ના અંકમાં પૂ. રવિશંકર મહારાજનું આખું પ્રવચન ઉદ્‌ઘાટન પ્રવચનના નામે પ્રસિદ્ધ કરેલ છે અને પૂ. રવિશંકર મહારાજે તેમના પ્રવચનમાં કહ્યું હતું, ખરી રીતે જે પૂજ્ય વિનોબાજીએ આપણને ગ્રામ્ય સ્વરાજની રીત બતાવી છે. આપણે ગાંધીજી અને સરદાર પટેલના વારસદારો છીએ. તેમણે આપેલા વારસાને શોભાવવાનો પ્રભુએ આપણને માર્ગ બતાવ્યો છે. ગાંધી ચીંધ્યા માર્ગે રાજય ચલાવવાની શકિત આપે, ધનથી ગરીબ તથા સંસ્કૃતિથી ભવ્ય એવા ભારતના સેવકો થવાની શકિત અને સમુદાયિત્ય આપીને સુપંથે ચાલવાનું પ્રભુ બળ આપે તેવો આપણે પ્રયાસ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સ્વર્ણિમ જયંતિની ઉજવણીમાં રથયાત્રા જે નીકળી રહી છે એ રથયાત્રાની અંદર પણ લોકતંત્રનો પાયો, લોક ભાગીદારી અને રાજય સરકારની ઉજવણીની અંદર સર્વે લોકો સામેલ થાય, સામાન્ય નાગરિક પણ એમ સમજે કે આ ઉત્સવ મારો છે. એ માટેના પ્રયત્ન રાજય સરકાર કરી રહી છે. ૧૨મી ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં પૂ. રવિશંકર મહારાજની પ્રતિમા પાસે મહામહિમ્ રાજયપાલશ્રીના વરદ્ હસ્તે માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રી, અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ જે સ્વર્ણિમ રથો છે તેમને પ્રસ્થાન કરાવવામાં આવ્યું. આ જે ગ્રામ્ય કક્ષાની સંકલ્પ રથયાત્રા છે.ગઈકાલ સુધીની માહિતી મળી છે. ૭૫૮૧ ગામડાઓનું પ્રરિભ્રમણ એમણે કર્યું છે, ૩૬ લાખ લોકોએ એમાં ભાગ લીધો છે, ૧૬ લાખ લોકોએ વ્યકિતગત સંકલ્પ લીધા છે, ૨ લાખ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો છે અને ૯૯૪૯૧ યુવાનોએ આ રાજયના વિકાસમાં ૧૦૦ કલાક યોગદાન આપવા માટેની કટિબદ્ધતા વ્યક્ત કરી છે. અત્યાર સુધી જ્યારે પણ સંવિધાનની વાત આવતી હતી ત્યારે અધિકારની વાતો કરવામાં આવતી હતી. આ પહેલી જ વાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અધિકારની સાથે આપણી કોઈ ફરજ બને છે એ વાતની એમણે અપીલ કરી અને એનું પરિણામ પણ આપણે જોઈ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ જાણે છે કે, આ રાજયનો કસોટી કાળ પણ આવ્યો છે, ધરતીકંપ પણ થયા, દારુણ દુષ્કાળ પણ પડ્યા, પ્રજાએ પોતીકા પુરુષાર્થથી જગતને ગુજરાતનો પરિચય કરાવ્યો. આપત્તિને અવસરમાં બદલવાની ક્ષમતા અભૂતપૂર્વ છે. ધરતીકંપથી જે રીતે મારું માદરે વતન ઊભું થયું એ જગત આખાને ઉદાહરણરુપ છે. આપણી સાહસિકતા, ઉદ્યોગ સાહસિકતા વિશ્વની અંદર વખણાયેલી છે. અઢારમી

સદીમાં સાગરખેડુઓ જ્યારે આફ્રિકા પહોંચેલા અને ત્યાંથી શરૂ કરીને આજે ગુજરાતને આંગણે આવેલો પ્રણવ મિસ્ત્રી સુધીનો એક ગૌરવવંતો ઇતિહાસ છે. અમારો ઇરાદો છે કે, આ બધાને યાદ કરીને પોંખવા અને તેમના કામને બિરદાવીએ અને કેવી રીતે આવતી કાલના ગુજરાતની રચનામાં એમની સંસ્કૃતિ, કલા, વારસો અને કૌશલ્યને જોડવા એ અમારો પ્રયત્ન છે. એક આધુનિક કવિએ એક સુંદર કવિતામાં કહ્યું છે કે,

**" કમ્પ્યુટરમાં કૃષ્ણ નિહાળે, ગરબે અંબા રમતી,**

**દેશ વિદેશે વેબસાઈટમાં ગુજરાતી વિસ્તરતી,**

**સમૂહ જીવનમાં સહુને વહેંચે, કેવા મીઠા સ્પંદન,**

**અભિનંદન, ગુજરાત તને અભિનંદન."**

માનનીય અધ્યક્ષશ્રી, આ બધા કાર્યક્રમો નક્કી થયા છે. એની અંદર સંગીત, નાટક, નૃત્ય, શિલ્પ, ફોટોગ્રાફી, લોક સાહિત્ય, કલા આ બધાને ઉજાગર કરનાર જે જે કલાકારો છે એ સમગ્ર વિશ્વની સમક્ષ ગુજરાતની પ્રજા એને નિહાળી શકે અને ગુજરાતની આ કલા સમગ્ર વિશ્વ જોઈ શકે તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ટી.વી. સિરિયલોના યુગમાં વાંચવાનો સ્વભાવ, ટેવ એ બંધ થતી જાય છે અને વિદ્યાર્થીઓ તથા વિશ્વમાં વસતા તમામ ગુજરાતીઓ પ્રાચીન, મધ્યકાલીન, આધુનિક તથા લોક સાહિત્યની ઉત્કૃષ્ટ કૃતિઓ વાંચે તથા તેનો આસ્વાદ માણે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાંચે ગુજરાત" મહા અભિયાન હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બિન નિવાસી ગુજરાતીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, લેખકો, પ્રકાશકો વગેરે તમામને આ અભિયાનમાં જોડવા માટેનું અમારું આ અભિયાન છે. ગુજરાતી સાહિત્યના ગૌરવ અને ગરિમા રૂપ શબ્દ સ્વામીઓનું તેમના સાહિત્યીક અર્પણ સાથે સન્માન કરવાનું અમે નક્કી કર્યું છે. શ્રી સત્યમ બારોટનું એક સુંદર કાવ્ય ગુજરાત માટે છે.

**"રૂડુ ભલે જગ મહી, કેવું હશે ગુજરાત છે,**

**મા ભોમના સંસ્કારને પાડતું ગુજરાત છે,**

**ગરબા અને તહેવારમાં ગાતું મજાનું ધામ છે,**

**રીતો મજાની પાડતું, એ ઝૂમતું ગુજરાત છે.**

**જાતો ધરમ ભૂલી અમોને માનવીથી જોડતું,**

**જે માનવીને આશરો માનવ બની ગુજરાત છે."**

**રોજી ધરી રોટી ધરી સાથે બધાને ચાલતું,**

**ભેગા મળી કામો કરે એ ભાતનું ગુજરાત છે.**

**સાગર તપે જ્યાં દ્વારીકાને સોમનાથને સૌ ભજે,**

**લોહી બની શ્વાસ મહી જે દોડતું ગુજરાત છે.**

માનનીય અધ્યક્ષશ્રી, એક સુંદર વાતાવરણની અંદર એક સુંદર સંકલ્પ આવ્યો હતો, માનનીય પૂર્વ વિરોધપક્ષના નેતાએ અમૂક જે એની અંદરની જે ટીકા ટિપ્પણી કરી મારે વિશેષ એમને કહેવું નથી પણ કવિ ખલીલ ધનતેજીનો એક સુંદર શેર છે કે, મારી વાત જેને સમજાતી નથી, મારી વાત જેને સમજાતી નથી, બીજું ગમે તે હશે એ ગુજરાતી નથી. આ ઐતિહાસિકપર્વે સ્વર્ણિમ ગુજરાતની રચના માટેના સ્વર્ણિમ જયંતિ ઉજવણીના સંદર્ભમાં પ્રોં. મંગળદાસ દ્વારા જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એનો અમે સ્વીકાર કરીએ છીએ અને મારા કોંગ્રેસના સાથી સભ્યોને પણ હું વિનંતી કરુ છું કે સર્વાનુમતે આ સ્વર્ણિમ સંકલ્પનો આપણે સ્વીકાર કરીએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં હું સ્વર્ણિમ સંકલ્પ લઈને આવ્યો એમાં માનનીય અર્જુનભાઈ, માનનીય શંકરભાઈ, માનનીય બાબુભાઈ, માનનીય શંભુપ્રસાદજી, ઈકબાલભાઈ, રજનીકાન્તભાઈ અને માન. ફકીરભાઈએ જે એમાં ચર્ચા કરી અને અનુમોદન આપ્યું છે અને અર્જુનભાઈ એના હાર્દ સાથે સહમત થયા છે એ બધા મિત્રોનો આભાર માનું છું અને મારી વાત પૂરી કરું છું. હું સંકલ્પને પાછો ખેંચવાની વાત છે એ પાછો ખેંચતો નથી.

**અધ્યક્ષશ્રી** : સ્વીકારાય છે. સ્વીકારવાની વાત છે. ગૃહ સ્વીકારે છે. સંકલ્પનો ગૃહ સ્વીકાર કરે છે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** :ફકીરભાઈએ જે સંકલ્પ સ્વીકાર્યો છે. મે બધાનો આભાર માન્યો.

**શ્રી ઈકબાલ પટેલ** : ગુજરાતના ગૌરવની જ્યારે વાત છે. સ્વર્ણિમ ગુજરાતની જ્યારે વાત છે ત્યારે એમાં કોઈ મતભેદ ના હોઈ શકે. વી મસ્ટ હેવ ટુ બી યુનાઈટેડ અને એનું ગૌરવ છે આપણો સૌને, અમે પણ સંકલ્પને સ્વીકારી અને સહમત છીએ.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે સંકલ્પ સ્વીકારવામાં આવ્યો.**

**સભાગૃહનું આજનું કામકાજ સાંજના ૫-૧૩ કલાકે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા:૧૨મી માર્ચ, ૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર,તા.૧૨મી માર્ચ, ૨૦૧૦**
**ફાલ્ગુન ૨૧, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ગોધરાકાંડ અને ત્યારબાદના તોફાનોની તપાસ માટે નાણાવટી પંચની નિમણૂક**

***૧૩૧૯૪ શ્રી ગ્યાસુદીન હ. શેખ (શાહપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) ગોધરાકાંડ અને ત્યારબાદના કોમી તોફાનોની તપાસ માટે નાણાવટી પંચની નિમણૂક સરકારે કરી છે તે હકીકત સાચી છે,

(૨) આ પંચની નિમણૂક ક્યારે કરવામાં આવી હતી,

(૩) આ પંચે કયાં સુધીમાં તેનો અહેવાલ આપવાનો હતો, અને

(૪) આ પંચે તેનો અહેવાલ આપવાની મુદતમાં વધારો કરવા ક્યારે ક્યારે માગણી કરી છે અને સરકારે ક્યારે ક્યારે કેટ કેટલી મુદત લંબાવી આપેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા,જી.

(૨) કાયદા વિભાગના તા.૬-૩-૨૦૦૨ના જાહેરનામાથી હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી કે.જી. શાહની નિમણૂક કરવામાં આવેલ હતી. ત્યારબાદ પંચને બે સભ્યોનું બનાવી પંચના અધ્યક્ષ તરીકે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી જી.ટી.નાણાવટીની કાયદા વિભાગના તા.૨૧-૫-૨૦૦૨ના જાહેરનામાથી નિમણૂક કરવામાં આવી છે.

(૩) ત્રણ માસમાં

(૪) પત્રક મુજબ

| ક્રમ | પંચની દરખાસ્ત તારીખ | મુદત વધારતા કાયદા વિભાગના જાહેરનામાની તારીખ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | ૨૭-૫-૨૦૦૨ | ૦૩-૦૬-૨૦૦૨ | છ માસ |
| ૨ | ૨૦-૧૧-૨૦૦૨ | ૦૫-૧૨-૨૦૦૨ | છ માસ |
| ૩ | ૦૯-૦૫-૨૦૦૩ | ૦૬-૦૬-૨૦૦૩ | છ માસ |
| ૪ | ૧૪-૧૦-૨૦૦૩ | ૦૧-૧૨-૨૦૦૩ | છ માસ |
| ૫ | ૨૮-૦૪-૨૦૦૪ | ૨૮-૦૫-૨૦૦૪ | છ માસ |
| ૬ | ૨૨-૧૦-૨૦૦૫ | ૨૨-૧૧-૨૦૦૫ | ૩૦-૦૬-૨૦૦૬ |
| ૭ | ૧૫-૦૫-૨૦૦૬ | ૦૭-૦૬-૨૦૦૬ | ૩૧-૧૨-૨૦૦૬ |
| ૮ | ૧૦-૧૧-૨૦૦૬ | ૦૫-૧૨-૨૦૦૬ | ૩૦-૦૬-૨૦૦૭ |
| ૯ | ૧૪-૦૫-૨૦૦૭ | ૧૬-૦૬-૨૦૦૭ | ૩૧-૧૨-૨૦૦૭ |
| ૧૦ | ૧૩-૧૧-૨૦૦૭ | ૨૬-૧૨-૨૦૦૭ | ૩૦-૦૬-૨૦૦૮ |
| ૧૧ | ૨૦-૦૫-૨૦૦૮ | ૦૬-૦૬-૨૦૦૮ | ૩૧-૧૨-૨૦૦૮ |
| ૧૨ | ૧૫-૧૧-૨૦૦૮ | ૧૭-૧૨-૨૦૦૮ | ૩૧-૧૨-૨૦૦૯ |
| ૧૩ | ૦૩-૧૧-૨૦૦૯ | ૧૧-૧૨-૨૦૦૯ | ૩૦-૦૬-૨૦૧૦ |

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ નાણાવટી પંચ પાછળ અત્યાર સુધી કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને રાજય સરકાર જયારે આવો કોઈ બનાવ બનતો હોય છે અને પંચની રચના કરતી હોય છે ત્યારે તેમાં જાહેરનામું બહાર પાડી સમય મર્યાદા આપવામાં આવે છે. આમાં ત્રણ મહિનાની સમય મર્યાદા હતી તેમ છતાં ૧૩-૧૩ વખત સમય મર્યાદા વધારી પ્રજાના નાણાંનો દુર્વ્યય થાય છે તો આગામી દિવસોમાં આવી કોઈ કમનસીબ ઘટના બને ત્યારે જે પંચની રચના કરતી વખતે સમય મર્યાદા નકકી થાય તેના માટે કોઈ યોગ્ય નીતિ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન ખર્ચની બાબતમાં પૂછયો છે તેનો જવાબ આપું છું પણ સૌથી પહેલાં કહયું કે સમય મર્યાદા નિશ્ચિત કરવા માગો છો કે કેમ? જયારે જાહેરનામું બહાર પડતું હોય ત્યારે આની સમય મર્યાદાનો જાહેરનામામાં ઉલ્લેખ કરેલો હોય છે. પરંતુ જાહેરનામું બહાર પાડયા પછી ઈન્કવાયરી ઓફ કમિશન એકટ હેઠળ પંચે એડવર્ટાઈઝ આપવાની હોય છે કે જે જે લોકોએ તેની સામે રજૂઆત કરવાની હોય તે રજૂઆતો આમંત્રવાની હોય છે. તેના પછી રજૂઆતો પબ્લીકમાંથી પંચ સમક્ષ આવે છે. તે રજૂઆતો આવે તો આવી રજૂઆતો કેટલી છે, તેનું કવોન્ટમ કેટલું છે અને રજૂઆતોનો પ્રકાર કયો છે તે જોયા પછી પંચની સમય મર્યાદા નકકી થઈ શકતી હોય છે. આ પર્ટીકયુલર કેસની અંદર સન્માનનીય ગૃહને હું

વિગતો આપવા માગું છું કે નાણાવટી પંચની રચના થયા પછી જસ્ટીસ નાણાવટી પંચ સામે ૪૪૪૭૫ સોગંદનામા રજૂઆતના આવ્યા છે. લેખિત રજૂઆતો અને બીજી રજૂઆતો જુદી. સોગંદનામા પર રજુઆત આવી હોય તેવા સાહેબ ૪૪૪૭૫ રજૂઆતો આવી છે. કુલ ૧૦૧૬ સાક્ષીઓએ તેની સામે પોતાના નિવેદન આપવા માટે પંચને કહયું છે. જુદા જુદા લોકોને નિવેદન માટે બોલાવ્યા છે. સાહેબ આ પંચના અત્યાર સુધીના કાર્યના દિવસો ગણીએ તો ૨૮૫ દિવસો એક વર્ષના થાય અને તે પ્રમાણે આઠ વર્ષ ગણીએ તો ૨૨૮૦ ચોખ્ખા દિવસો મળે. આ ૨૨૮૦ દિવસોની અંદર ૪૪૪૭૫ સોગંદનામાની આ પંચે તપાસ કરી છે. ૧૦૧૬ સાક્ષીઓની ઉલટ તપાસ કરી છે. જે ઘણા દિવસો સુધી ચાલી છે. આ પંચનું રાજયભરનું કાર્યક્ષેત્ર હોવાને લીધે ૨૨૯ જુદી જુદી જગ્યાએ જઈ પબ્લીક હીયરીંગ આપ્યા છે. આ આખી કાર્યવાહી ન્યાયિક રીતે કરવી હોય તો સમય જોઈએ અને એટલા માટે ઈન્કવાયરી કમિશનનો જે કાયદો છે, એકટ છે તે તહત જયારે જયારે પંચે કામના ભારણના આધાર પર વિનંતી કરી છે. ત્યારે રાજય સરકારે આ રજૂઆત માનીને સમય મર્યાદા વધારી છે. આ સમય મર્યાદા વધારીએ નહીં તો જે જે લોકોએ તેની સામે એફીડેવીટ, સોગંદનામા કર્યા છે તે સોગંદનામા પંચ બરાબર તપાસી ન શકે, સ્થળ મુલાકાત ન લઈ શકે અને સ્થળ મુલાકાતો લઈ હકીકત શોધી ન શકે અને પંચની કાર્યવાહી અધૂરી રહી શકે. એટલે ન્યાયના હિતમાં સમય મર્યાદા વધારી છે. બીજો તેમણે ખર્ચનો આંકડો કહયો તો ૩ કરોડ ૫૫ લાખ રૂપિયાનો ખર્ચ અત્યાર સુધી થયો છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નાણાવટી પંચમાં જસ્ટીસ નાણાવટીની નિમણૂકની પદ્ધતિ શું હતી?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ઈન્કવાયરી કમિશન એકટ છે તે એકટ અંતર્ગત રાજય સરકારને આવો કોઈ પ્રશ્ન લાગે કે આમાં ઈન્કવાયરી કમિશન નિમવાની જરૂર છે અને લોકોમાંથી રજૂઆત આવે આના પર ઈન્કવાયરી કમિશન નિમવા જેવું છે. તો રાજય સરકારનો સંપૂર્ણ અધિકાર છે કે નિવૃત્ત થયેલા ન્યાયાધીશને પસંદ કરીને આ એકટની અંદર આ એકટ તહત્ એના પંચની રચના કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગોધરાની ટ્રેન સળગી ગઈ, ૫૭ નિર્દોષ લોકોને સળગાવી દેવામાં આવ્યા, અને પછી જે રમખાણો થયા એના પ્રત્યાઘાતરૂપે એ વખતે સમાજમાંથી એક માગણી ઉઠી, એનજીઓએ માગણી કરી, જુદા જુદા રાજકીયપક્ષોએ કરી, અને મિડિયાના મિત્રોમાં પણ આ ચર્ચા પકડાઈ હતી એટલે સરકારે પંચની નિમણૂક કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ સરકારે પંચની નિમણૂક કરતી વખતે જયાં સુધી ન્યાયમુર્તિનું નામ નકકી કરવાનો સરકારને જે અધિકાર છે એ અધિકારનો ઉપયોગ કરવાની જગ્યાએ ભારત સરકારના કાયદા મંત્રાલયને એક પત્ર લખ્યો હતો, કે તમે ભારતની સુપ્રિમ કોર્ટને વિનંતી કરો કે ભારતની સુપ્રિમ કોર્ટ કોઈપણ એક ન્યાયમુર્તિનું નામ આપે કે જે ન્યાયમુર્તિ આપણા પંચની અધ્યક્ષતા કરે અને એ પત્રના જવાબમાં ભારતની સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તિએ જસ્ટીસ નાણાવટીનું નામ તા. ૧૮-૫-૨૦૦૨ના દિવસે ભારત સરકારને લખીને જણાવ્યું, અને ગુજરાત સરકારને જણાવવામાં આવ્યું એટલે જસ્ટીસ નાણાવટીની નિમણૂક ભારતના સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તિની ભલામણ ઉપર ગુજરાત સરકારે કરી છે ગુજરાત સરકારે પોતાના મનથી કે પોતાની સ્વેચ્છાએ આ નિમણૂક કરી નથી એટલે શરૂઆતથી ખૂબ કાળજીપૂર્વક આની અંદર પારદર્શિકતા રહે અને ન્યાયના બધા જ સિધ્ધાંતો જળવાય એની કાળજી પૂરેપૂરી અહીંથી લેવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી માહિતી માગવા માગું છું કે, આ પંચ સમક્ષ રાજય સરકારના કેટલા અધિકારીઓ સાક્ષી આપવા માટે ગયા, અને આ જે રાજય સરકારના અધિકારીઓ જે સાક્ષી આપવા ગયા એને ટ્યુટર કરવામાં આવેલા અને એને ચોકકસ પ્રકારની બ્રીફ આપવામાં આવેલી કે આ પ્રકારે તમારે ત્યાં નિવેદનો આપવાના છે, એ પ્રકારની રાજય સરકાર પાસે કોઈ માહિતી છે કે કેમ, અને જો એ પ્રકારની માહિતી હોય તો આ પ્રકારે જેમને ટ્યુટર કરવા જેમણે કોશિશ કરી હતી એવા અધિકારીઓ સામે રાજય સરકારે કોઈ પગલાં લીધાં છે કે કેમ? બીજો પ્રશ્ન માનનીય અધ્યક્ષશ્રી, એ છે કે આ પંચનું કાર્યક્ષેત્ર શું? આ બનાવોની અંદર જેમની સામેલગીરી હતી એ તમામ પ્રકારના લોકોની તપાસ કરવાની હતી, અને એમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીથી શરૂ કરીને માનનીય મંત્રીશ્રીની ભૂમિકાઓ પણ તપાસવાની હતી તો આ ભૂમિકાની તપાસ હજી સુધી કોઈ થઈ છે? એમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી કે માનનીય મંત્રીશ્રીઓને બોલવવામાં આવ્યા છે કે કેમ? કારણ કે બીજી જે એજન્સીઓ છે એને માનનીય મુખ્ય મંત્રીશ્રીની ભૂમિકા તપાસવા માટે સમન્સ મોકલવામાં આવે તો આ પંચે મોકલ્યું છે કે નથી મોકલ્યું? આઠ વર્ષનો ગાળો ગયો છે એટલા માટે માહિતી આપના દ્વારા મેળવવા માગું છું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અત્યાર સુધી નાણાવટી કમિશનના બાબતમાં માનનીય સભ્યશ્રીઓએ જે કંઈ પ્રશ્નો પૂછયા એનો જવાબ જે આપ્યો એ માનનીય અધ્યક્ષશ્રી, નાણાવટી કમિશને વખતો વખત એકસ્ટેન્શન માટે જે માહિતી કાર્યવાહીની ગુજરાત સરકારને મોકલી હોય એના સરવાળા અને એનો યોગ કરીને આપ્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આ એક ન્યાયિક પંચ છે એટલે સબજયુડિસની મર્યાદામાં રહીને આપ જવાબ આપજો. એની મર્યાદામાં જ પ્રશ્ન પૂછાવો જોઈતો હતો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી પ્રશ્ન ગમે તે પૂછે, હું મર્યાદા જાળવીશ, સાહેબ, એટલે મેં જે કંઈ અત્યાર સુધી જવાબ આપ્યો છે એ આંકડાકીય માહિતી છે, પંચે વખતો વખત જયારે મુદત વધારવાની હોય ત્યારે એની કાર્યવાહી ને મુદત વધારવાના જસ્ટીફીકેશનના જે આંકડા મારી પાસે મોકલ્યા હોય એનો સરવાળો અને યોગ કરીને મેં આ જવાબ આપ્યો છે. માનનીય સભ્યશ્રીએ પંચની કાર્યવાહી બાબતમાં પણ પ્રશ્ન પૂછયો છે. એ પંચની કાર્યવાહી એ નિવૃત સુપ્રિમ કોર્ટના ન્યાયમુર્તિશ્રી અને હાઈકોર્ટના ન્યાયમુર્તિશ્રી કરી રહયા છે એની વિગત મારી પાસે હોય નહીં અને અખબારોના આધારે હું કોઈ જવાબ અહીં આપી શકું નહીં, માનનીય સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાની છૂટ છે પણ મારે જવાબ આવતી વખતે અખબારોના આધાર ઉપર જવાબ અપાય નહીં, અને એમણે કહયું કે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને બાકીના માનનીય મંત્રીશ્રીઓને સમાવ્યા છે ત્યારે મારે ગૌરવપૂર્વક કહેવું છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પોતે નિર્ણય કર્યો છે, કે મારે કાયદાના દાયરામાં એક સામાન્ય માનવી તરીકે રહેવાનું છે અને હું પોતે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પોતે એનહેન્સમેન્ટ કર્યુ છે. એના કાર્યક્ષેત્રનું અને પોતાની જાતને કાયદાના દાયરામાં મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, આગળના એક પ્રશ્નનો જવાબ આપુ, એમને બોલાવવામાં આવ્યા છે કે નહી, નથી બોલાવવામાં આવ્યા. મારે ખાલી એટલું જ કહેવું છે કે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

**શ્રી અમિત શાહ** : નાના, એમણે પૂછયો છે, એમણે ઉપસ્થિતિ કર્યો છે એટલે જવાબ આપું છું કે, આપણા મનમાં સ્વપ્ન ગમે તે આવતા હોય કે આમાંથી આમ થઈ જશે, આમાંથી તેમ થઈ જશે. હું કાલે અહીંયા આવીને બેસી જઈશ, હું કાલે ત્યાં જઈને બેસી જઈશ તો આવું કશું થાય નહીં વાસ્તવિકતાના આધાર પર જે થાય એજ થાય અને જે સાચું હોય એજ થાય અને આમાં કોઈ વાત માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએ કે કોઈની કક્ષાએ છૂપાવવાની છે નહીં અને એટલા માટે જ આનું કાર્યક્ષેત્ર વધારવામાં આવ્યું છે.

**પોરબંદર શહેર અને જિલ્લામાં થયેલ ખૂન/હત્યાના હત્યારાઓને પકડવાના ગુનાઓ**

***૧૪૧૫૩ શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પોરબંદર શહેર અને જિલ્લામાં ખૂન/હત્યાઓ થયા હોય અને લાંબો સમય વિતવા છતાં કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૨) આવા લાંબા સમયથી ખૂન/હત્યાઓ થયેલ હોય અને ચાર્જશીટ તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ન મૂકાયા હોય તેવા કેટલા કેસો છે, અને

(૩) જો ચાર્જશીટ ન થઈ હોય તો તેના કારણો શાં છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ):**

(૧) માત્ર એક આરોપીને પકડવાનો બાકી છે.

(૨) માત્ર પકડવાના બાકી એક આરોપી પુરતી ચાર્જશીટ મૂકવાની બાકી છે.

(૩) ખૂનનો એક આરોપી નાસતો ફરતો હોઈ પકડાયેલ નથી જેને કારણે તેની વિરુધ્ધ ચાર્જશીટ મૂકવાની બાકી છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, પોરબંદરની અંદર ખૂન/હત્યાઓ કર્યા પછી ગુનેગારો ફરાર હોય એ દરમ્યાન બીજો ગુનો કરવાના કેટલા બનાવો બન્યા છે, ખૂનના/હત્યાના ગુનામાં ધરપકડ થયા પછી પોલીસ કસ્ટડીમાંથી ભાગી જવાના કેટલા બનાવો બન્યા છે, પોરબંદર જિલ્લાની અંદર ખૂન/હત્યા કર્યા પછી હત્યારા લાંબો સમય સુધી પકડાતા નથી તો એને પકડવા માટે સરકાર શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પોરબંદર જિલ્લાના ગુનાઓનો પ્રશ્ન પૂછયો છે. પહેલા તો એમની વાત એ છે કે, પોરબંદરની અંદર હત્યા કર્યા પછી ગુનેગારો પકડાતા નથી એ બિલકૂલ સત્યથી વેગળી છે અને હું બહું દ્રઢતાપૂર્વક કહેવા માગુ છું કે, (અંતરાય) સાંભળો તો ખરા, આંકડા સાંભળીને બેસી નહીં શકો. (અંતરાય) એ પ્રશ્ન મૂવ કરવા વાળા સભ્યશ્રી છે એટલે મારે એમને કહેવું છે કે, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે, આંકડા આપો. આંકડા આપું છું. સૌથી પહેલા એ કહેવા માગુ છું કે ખૂન કર્યા પછી ગુનેગારો પકડાતા નથી એ વાત સત્યથી વેગળી છે. હા, થોડાક સમય પહેલા સત્ય હતું જ્યારે ભારતીય જનતા પાર્ટીનું શાસન ન હતું ત્યારે ગુનેગારો ત્યાં પકડાતા ન હતા. પરંતુ અત્યારે જે આંકડા છે એમાં હું કહું કે, ૨૦૦૫ થી ૨૦૧૦ સુધીમાં ૪૩ ગુનાઓ નોંધાયા છે એમાંથી ૪૨ શોધાય ગયા છે ૪૩ મો ગુનો શોધવાનો બાકી છે એટલે કે એક ગુનો શોધવાનો બાકી છે. ફક્ત એમાંથી બે કેસોની તપાસ બાકી છે એક તો ૧૩૦ આરોપીઓ સંડોવાયેલા હતા એમાંથી ૧૨૬ આરોપીઓ પકડાયા છે અને જે નથી પકડાયા એમાંથી બેના મૃત્ય થઈ ગયા છે એટલે ૧૩૦માંથી નાસતા ફરતા ફક્ત બે જ આરોપીઓ છે અને હું ગૌરવપૂર્વક કહું છું કે પોરબંદર જિલ્લામાં ક્રાઈમ ડિટેકશનમાં આટલી સારી સ્થિતિ ક્યારેય ગુજરાત રાજ્યની સ્થાપના પછી આવી નથી. પહેલી વાર, પહેલી વાર આવી સ્થિતિ છે અને ૧૩૦ માંથી ૧૨૬ આરોપીઓ પકડાયા હોય બે મૃત્યું પામ્યા હોય અને ફક્ત બે જ નાસતા ફરતા હોય એવી સ્થિતિ છે અને ભાગતા ફરે છે એમાં પણ એક આરોપીને તો પોલીસ ટ્રેસ કરી લીધો હતો અને લગભગ ૧૫ થી ૧૬ કિલોમિટર પોલીસ અને એના વાહન વચ્ચે રેસ થઈ પણ પોલીસની ગાડીને અકસ્માત થયો એટલે આરોપી નાસી

છૂટવામાં સફળ થયો અને બીજો જે આરોપી છે એ મધ્યપ્રદેશમાં છે અને એક અંગત અદાવતનું ખૂન છે એની પણ શોધખોળ ચાલુ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રશ્ન જે આરોપી એક ગુનો કરે ખૂન કરે પછી ફરાર રહે લાંબો સમય સુધી અને એ ફરારના સમય દરમ્યાન બીજો ગુનો કરે, ત્રીજો ગુનો કરે ત્યાં સુધી પકડાય નહીં એવી માહિતી માગી હતી. માનનીય મંત્રીશ્રીએ એ માહિતી નથી આપી એટલે એક તો એ માહિતી આપે. બીજું જે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે એક આરોપી પકડવાનો બાકી છે એ આરોપી જે ખૂનના ગુનામાં વૉન્ટેડ છે એ ખૂનના ગુનામાં આરોપીઓ જે હતા એ આરોપીઓમાંથી પોલીસ કસ્ટડીમાંથી કેટલા લોકો ભાગી ગયા? અને આ જે ગુનો બન્યો હતો જેમાં એક આરોપી પકડવાનો બાકી છે.તે પણ એવા વખતે બનેલો હતો કે તેમાં પણ ક્યાંક આરોપીએ ડબલ મર્ડર કર્યા પછી ફરી પાછું મર્ડર કર્યુ. માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે અમે ઘણાં બધાને પકડી લીધાં, ગુન્હા પકડાયા હોય તેની કોઈ ના નથી પરંતુ અમુક જે ગૅન્ગ છે તેને ખાસ સગવડતા આપવામાં આવે કે બીજુ, ત્રીજું ખૂન કરે નહીં ત્યાં સુધી તેને પકડવા નહીં આ પ્રકારની નીતિ છે અને માનનીય મંત્રીશ્રી ભારતીય જનતા પાર્ટીની વાત કરે છે તો મારે એટલું જ કહેવાનું છે કે ૨૦૦૭માં તો ભારતીય જનતા પાર્ટી લગભગ પોણાં ભાગની જેલમાં હતી. વહીવટ ત્યાંથી ચાલતો હતો. આ પ્રકારની માનસિકતામાંથી માનનીય મંત્રીશ્રી બહાર આવી જાય અને હું એક વાત સ્વીકારીશ કે બે વર્ષ પહેલાં પ્રશ્ન હતો એવો આજે નથી. પણ આ જે ચોક્કસ ગૅન્ગ છે હું કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં પોરબંદરનો બનાવ હોય તેમાં તટસ્થતાપૂર્વક વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે બનાવ છે અને તેમાં જે ચોક્કસ ગૅન્ગ છે તે ચોક્કસ ગૅન્ગ આખી સરકાર તેને સહકાર આપવાનું બંધ કરે તો પોરબંદરમાં બીજો કોઈ પ્રશ્ન ઉભો થાય તેમ નથી. એટલે આ ચોક્કસ પ્રકારની ગેંગે છે જે ૪૦૦-૫૦૦ કરોડ રૂપિયાની લાઈમ સ્ટોનથી કરીને અનેક ખુનો કરે છે તેને રોકવા માગે છે કે કેમ તે હું આપના માધ્યમથી પૂછવા માંગુ છુ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ કહ્યું કે પરિસ્થિતિ સુધરી છે એટલે તેમની સ્પિરિટને હું અભિનંદન આપું છું. બીજી વાત તેમણે કરી કે કોઈ એક ચોક્કસ ગૅન્ગને સગવડ કરી આપવામાં આવે છે આ વાત તદ્દન ખોટી છે આવી કોઈ હકીકત છે નહીં. માનનીય અર્જુનભાઈએ ત્રીજું કહ્યું કે ૨૦૦૭માં આખી ભારતીય જનતા પાર્ટી જેલમાં હતી. માનનીય અધ્યક્ષશ્રી, તેમને આખી ભારતીય જનતા પાર્ટીની સમજણ નથી લાગતી. ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ, ભારતીય જનતા પાર્ટી શું તેની વ્યાખ્યા કદાચ હું તેમને ગૃહની બહાર મળીશ ત્યારે સમજાવીશ. ભારતીય જનતા પાર્ટીના સક્રિય સભ્ય હોય એવા ખાલી ત્રણ જ સભ્ય જેલમાં છે. અને ભૂતકાળમાં કોંગ્રેસના સભ્ય રહ્યાં હોય એવા ૨૨ લોકો જેલમાં છે. અને ત્રીજી વાત ભારતીય જનતા પાર્ટીના સભ્યો જેલમાં હોય તો પણ આ જ સરકારે પોતાના સભ્યો હોવા છતાં જેલમાં પૂરવાની હિંમત દાખવી છે, પહેલાં આ નહોતું થતું. પહેલાં પાર્ટીના સભ્યો હોય તો પકડવાની હિંમત નહોતી સરકારોમાં. ગૃહ મંત્રી હિંમત નહોતા કરતા અને પોલીસ પણ હિંમત નહોતી કરતી માનનીય અધ્યક્ષશ્રી, આ એક નરેન્દ્ર મોદીની સરકાર છે જે જોતી નથી ગુન્હેગાર કોણ છે, ગુન્હો કર્યો છે કે નહીં તે જુએ છે અને જે હોય તેને પકડીને જેલમાં મોકલી આપે છે.(અંતરાય).એક ન્યાયિક વ્યવસ્થામાં મૂકે છે.

**અધ્યક્ષશ્રી** : સાચું હોય તો એ કહે, આપે બોલવાની જરૂર નથી. જેલમાં ના હોય તો તમે કહો કે નહોતાં અને તે અર્જુનભાઈ કહેશે આપ શું કામ કહો છો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અને કોઈ તે વાતનો ઈન્કાર કરી શકે તેમ નથી કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અને વિશેષ કરીને નરેન્દ્ર મોદીના શાસનમાં પોરબંદરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જડબેસલાક થઈ છે. એક જમાનો હતો સાહેબ કે આ પોરબંદરનો દરિયા કાંઠો આર.ડી.એક્સ લાવવા માટે ખુલ્લો પડ્યો હતો. એક જમાનો હતો સાહેબ કે આ પોરબંદરનો દરિયા કાંઠો ચાંદીની દાણચોરી માટે ખુલ્લો પડ્યો હતો. એક જમાનો હતો માનનીય અધ્યક્ષશ્રી, કે આ પોરબંદરનો દરિયા કાંઠો નાર્કોટીકસ માટે ખુલ્લો હતો. જેટલા ગુન્હાઓ થયા છે બૉમ્બે ઘરમરોળી નાખવા વાળો બૉમ્બે બ્લાસ્ટનો મોતનો સામાન ગોસાબારાની અંદર થઈને બૉમ્બે પહોંચ્યો હતો અને તે કોંગ્રેસના શાસનની અંદર થયુ હતું. અને આ બધી જ વાતો કોંગ્રેસના શાસનમાં થઈ છે. અને હું અર્જુનભાઈને ખાતરી આપવા માંગુ છું કે અમારા શાસનની અંદર કોઈ ગૅન્ગને રાજકીય સહાય મળવાની નથી એ ગમે તે લોકોની ગૅન્ગ હોય અને તેને સંપૂર્ણપણે નશ્યત કરવા માટે આ સરકાર કટિબદ્ધ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો બહુ સ્પેસિફીક પ્રશ્ન પૂછ્યો કે, આ જે આરોપી પકડાયો છે કે જે પકડવાનો બાકી છે તેના બીજા સાથીઓ કેટલી વખત ભાગી ગયા હતા ? અને એમણે એ ગુન્હો કરેલો હતો ડબલ મર્ડરનો તેના પછી ફરી પાછું મર્ડર કરેલું હતું કે નહીં ? અને કરેલું હતું તો ક્યારે ક્યારે કર્યુ હતું એ માહિતી માગી હતી. માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત એ હતી કે, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે અમારા શાસનમાં સુધર્યું છે આ બધું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જરૂર સુધારેલું હતું. પરંતુ એ ૯૫થી ૨૦૦૦ સુધીના સમયની વાત થાય છે. ૨૦૦૦ પછીનો જે પીરીયડ આવ્યો છે, એમાં તો પોરબંદરની અંદર ગુનાખોરીએ એકદમ માજા મૂકી છે. આ સમય દરમ્યાન જ પોરબંદરમાં સૌથી વધારેમાં વધારે ખુલ્લેઆમ મર્ડર થયા હતા અને એ મર્ડર કરનારા લોકો માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ખુલ્લેઆમ ફરતા હતા.

એ આખા દેશે અને રાજયે નજરોનજર જોયું છે. એટલે એમાં બચાવ કરી શકશો નહીં. હું પોતે એનો સાક્ષી રહ્યો છું, આપ પણ સાક્ષી રહ્યા છો અને માનનીય મુખ્યમંત્રીશ્રી પણ સાક્ષી રહ્યા છે કે ખૂન કરનારા લોકો, વોન્ટેડ લોકો ટી.વી.માં આખા દેશે જોયા હતા. આપની પાસે એની સી.ડી. ન હોય તો હું સી.ડી. આપવા તૈયાર છું.

**શ્રી અમિત શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, ૯૫થી ૨૦૧૦ સુધી ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે. ૯૭થી. અને ભારતીય જનતા પાર્ટીની નીતિ ગુનાઓ ઉપર કડક હાથે કામ લેવાની છે. એમણે ભારતીય જનતા પાર્ટીના શાસનના બે ભાગ પાડયા. એમાં પોરબંદરના પ્રતિનિધિ બદલાવા સિવાય કોઈ કારણ નથી. અહીંથી તો બધું એવું ને એવું જ છે.

**નર્મદાની કેનાલો દ્વારા કચ્છ જિલ્લાને સિંચાઈનું પાણી આપવાનું આયોજન**

***૧૪૭૭૨ શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદાની કેનાલો દ્વારા કચ્છ જિલ્લાને સિંચાઈ માટે કેટલા હેકટરમાં પાણી આપવાનું આયોજન છે, અને

(૨) આ કેનાલો મારફત ખેડૂતોને સિંચાઈ માટે પાણી કયારે આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** (નર્મદા):

(૧) નર્મદાની કેનાલો દ્વારા કચ્છ જિલ્લાને સિંચાઈ માટે ૧,૧૨,૭૭૮ હેકટરમાં પાણી આપવાનું આયોજન છે.

(૨) આ કેનાલો મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણી શકય તેટલી ઝડપથી આપવાનું આયોજન છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે નર્મદાની કેનાલો દ્વારા કચ્છ જિલ્લાને ૧,૧૨,૭૭૮ હેકટરમાં પાણીનું આયોજન કરવામાં આવેલું છે. બીજા પ્રશ્નના જવાબમાં એમણે જણાવ્યું છે કે આ કેનાલો મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણી શકય તેટલી ઝડપથી મળશે. રાજયના મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી નીતિનભાઈએ જે વર્ષ ૨૦૧૦-૧૧માં ૯૪૦ કરોડનું જે નર્મદાના ખર્ચ માટેનું આયોજન કર્યુ છે, એ બદલ હું તેમને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

મારો પેટા પ્રશ્ન એ છે કે કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા અને કેટલી જમીનને સિંચાઈનો લાભ મળવાનો છે? બીજો પેટા પ્રશ્ન એ છે કે કચ્છ જિલ્લામાં શાખા નહેરોનું છેલ્લી પરિસ્થિતિએ કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાના ૭ તાલુકાના ૧૮૨ ગામોમાં કુલ ૧,૧૨,૭૭૮ હેકટર વિસ્તારને નર્મદા યોજનાની સિંચાઈનું પાણી મળનાર છે. એમાં રાપર તાલુકાના ૪૭ ગામોને ૩૮૫૬૧ હેકટર, ભચાઉ તાલુકાના ૩૩ ગામોને ૨૫૯૩૫ હેકટર, ગાંધીધામ તાલુકાના ૮ ગામોને ૪,૧૩૪ હેકટર. અંજાર તાલુકાના ૨૪ ગામોને ૧૩૩૬૭ હેકટર, મુંદ્રા તાલુકાના ૩૪ ગામોને ૧૮૨૪૦ હેકટર, માંડવી તાલુકાના ૩૦ ગામોને ૧૧,૧૯૮ હેકટર અને ભુજ તાલુકાના ૬ ગામોને ૧૩૪૩ હેકટર. આ પ્રમાણે કચ્છ જિલ્લાના ૭ તાલુકાના ૧૮૨ ગામોને ૧,૧૨,૭૭૮ હેકટર વિસ્તારમાં પાણી આપવાનું આયોજન છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માંડવી તાલુકાનું પૂછવું હતું, અને મને જવાબ મળી ગયો છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમની ઉંચાઈ કચ્છમાં પાણી પહોંચાડવા માટે ૩૬૦ ફુટની કેનાલ જો હોય અને આપણને ૪૩૭ હાઈટ મળે છે. કચ્છમાં પાણી પહોંચાડવા માટે કચ્છ જિલ્લામાં કેનાલોના કેટલા કિલોમીટરના કામોની બ્રાન્ચ કેનાલો કે સબ કેનાલો હોય, એના કામો અત્યાર સુધીમાં શરૂ કરવામાં આવ્યા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાથી શરૂ કરીને મુખ્ય કેનાલમાંથી જે કચ્છ બ્રાન્ચનો ફાંટો પડે છે, ત્યાંથી માંડીને છેક કચ્છ જિલ્લાની બોર્ડર સુધી નર્મદા કેનાલની કુલ લંબાઈ ૩૬૦ કિલોમીટર છે. એટલે કે આપણી મુખ્ય કેનાલ એ ૪૫૮ કિલોમીટર છે. કેવડીયાથી રાજસ્થાનની બોર્ડર સુધી. એનાથી લગભગ થોડીક જ નાની એટલે કે ૩૬૦ કિલોમિટરની આ કેનાલ બનાવવાની છે. આપણે સૌ જાણીએ છીએ એ પ્રમાણે આ કચ્છ જિલ્લો એ ગુજરાતનો મોટામાં મોટો ભૌગોલિક જિલ્લો છે. કેરાલા રાજય કરતાં કચ્છનો ભૌગોલિક વિસ્તાર વધારે છે એ પ્રમાણેના જિલ્લામાં આટલી મોટી કેનાલ જયારે બનાવવાની છે ત્યારે એમાં માનનીય બાબુભાઈએ જે પ્રશ્ન પૂછયો કે કેનાલની કામગીરી કયા સ્ટેજે છે? તો એમાં ૦ થી ૩૨ કિલોમિટરનું કામ છે એમાં અત્યારે કામો ચાલે છે, એમાં ૨૩ હજાર હેકટરની સિંચાઈનો સમાવેશ થવાનો છે, જેનું બાંધકામ મંજૂર થઈ ગયું છે, માઈનોરનાં કામો હાથ ઉપર લેવાનું આયોજન છે અને ૦ થી ૩૨ કિલોમિટરમાં ૫૨ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. ત્યારપછી ૩૨ થી ૪૫ કિલોમિટરનો છે ભાગ છે એમાં રિસ્ક અને કોસ્ટે ટેન્ડર માંગવાની પ્રક્રિયા ચાલુ છે અને એમાં ૨૩ કરોડ રૂપિયાનો અંદાજીત ખર્ચ થશે, ૪૫ થી ૫૫ કિલોમિટરનો ભાગ છે એમાં ઈ.પી.સી. કોન્ટ્રાકટ ઉપર કામ આપવાનું વિચારણા હેઠળ છે. આ કામ ૨ વર્ષમાં પૂરું કરવાનું છે અને એની પાછળ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર એ પણ મૂકવાની જરૂર છે કે આ ૪૫ થી ૫૫ કિલોમિટરની લંબાઈ છે એમાં ઘુડખર

અભ્યારણ્યની જમીન આવે છે અને એ જમીન માટે રાજય સરકારે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય પાસેથી મંજૂરી મેળવવાની પ્રક્રિયા અત્યારે ચાલુ છે. બીજું ૫૫ થી ૬૫ કિલોમિટરની રેન્જ છે એનાં ટેન્ડર ૨૦૧૦ માં ઈન્વાઈટ કરવાનું આયોજન છે અને ૩૨ કરોડ રૂપિયાનું આ કામ છે. ૬૫ થી ૮૨ કિલોમિટરનો જે કેનાલનો ભાગ છે એનાં ટેન્ડર એપ્રિલ, ૨૦૧૦ માં બહાર પાડવાનું આયોજન છે અને ૧૩૩ કરોડ રૂપિયાનો એની પાછળ લગભગ અંદાજીત ખર્ચ થશે. ૩૦ થી ૮૨ કિલોમિટરનો જે ભાગ છે એ ઈ.પી.સી. કોન્ટ્રકટ ઉપરકામ આપવાનું આયોજન કર્યુ છે અને એમાં લગભગ ૧૦૪ કરોડ રૂપિયાનો અંદાજીત ખર્ચ થવાની શકયતા છે. ૮૨ થી ૧૧૨ કિલોમિટરનો ભાગ છે એમાં પણ ઈ.પી.સી. કોન્ટ્રેકટ ઉપર ટેન્ડર બહાર પાડવાનું આયોજન છે અને એમાં ૪૩૮ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની શકયતા છે. આ ભાગમાં પણ ઘુડખર અભ્યારણ્ય અને જંગલ વિભાગની જમીન આવે છે એટલે એ બન્ને માટે ભારત સરકાર પાસે મંજૂરી માંગવાની પ્રક્રિયા હાથ ઉપર છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, લાંબું લિસ્ટ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ જ કામનું બાકી છે એ આપી દઉં એટલે આખો ચિતાર આવી જશે. ૯ થી ૩૬૦ કિલોમિટરનું સળંગ બધાની માહિતી આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૧૨ થી ૧૨૨ કિલોમિટરનો ભાગ છે એનું કામ પ્રગતિ હેઠળ છે અને એનો ખર્ચ ૪૨ કરોડ રૂપિયા થવાનો છે. અહીંથી જે કેનાલ ચાલુ થવાની છે ત્યાંથી પંપ થવાનું છે એ ત્રણ તબકકામાં નર્મદા કેનાલમાંથી કચ્છમાં પાણી લિફટ કરવાનું છે એનો આ પહેલો ભાગ છે. પછી ૧૨૨ થી ૧૩૩ કિલોમિટર રેન્જ માટે ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે અને એનો ખર્ચ ૨૮ કરોડ રૂપિયા અંદાજીત થવાનો છે. ૧૩૩ થી ૧૯૦ કિલોમિટર માટે એફ.પી.સી. કોન્ટ્રાકટ ઉપર ટેન્ડર બહાર પાડવાનું આયોજન છે અને ૩૯૮ કરોડ રૂપિયાનો ખર્ચ એની પાછળ થવાનો છે. એવી જ રીતે ૧૯૦ થી ૨૭૩ કિલોમિટર સુધીના ભાગ માટે ઈ.પી.સી. કોન્ટ્રેકટ ઉપર ટેન્ડર બહાર પાડવાનું આયોજન છે એમાં ૪૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે અને ૨૭૩ થી છેક છેલ્લા ૩૬૦ કિલોમિટર સુધીની કેનાલનું પણ ઈ.પી.સી. કોન્ટ્રાકટ ઉપર ટેન્ડર બહાર પાડવાનું આયોજન છે અને એમાં ૪૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. એટલે આ ૩૬૦ કિલોમિટર લાંબી કેનાલ એમાં રણ અને અભ્યારણ્ય અને જંગલ વિભાગની જમીન આ બધા પ્રશ્નો સોલ્વ કરતાં કરતાં સરકાર કામગીરી આગળ વધારે છે.

**અધ્યક્ષશ્રી**: ડૉ. નીમાબેન આચાર્ય.. (અંતરાય)(આ તબકકે બાબુભાઈએ ઉભા થઈને પ્રશ્ન પૂછવાનો આગ્રહ રાખતાં) બાબુભાઈ, મારે આખા કચ્છ જિલ્લાને પૂરેપૂરો ન્યાય આપવાનો છે. એકલા બાબુભાઈ, આપ પ્રશ્ન પૂછો એ બરાબર નહીં, એકલા આપને જ તક આપું તો પૂરું ન ગણાય.. નીમાબેન, આપ પ્રશ્ન પૂછો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : આ નર્મદાની હાઈટ વધારવાનો પ્રશ્ન છે તેને જયારે સેન્ટ્રલ ગવર્નમેન્ટ તરફથી આ નર્મદા ડેમને અન્યાય કરવાની ચેષ્ટા કરવામાં આવી હતી ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૫૧ કલાકના ઉપવાસ કરી અને ૧૨૧ મીટરની હાઈટ બનાવી છે તેના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. સાથે સાથે ૧૨૧ મીટરની હાઈટ થતા કચ્છના લોકોને ખાતરી થઈ ગઈ છે કે નર્મદાનું પાણી આ સરકાર એમને ચોકકસ પહોંચાડશે. ત્યારે નર્મદાનું પાણી નહીં પહોંચે તેવી વાતો કરનારા લોકોની બોલતી બંધ થઈ ગઈ છે. મારો પ્રશ્ન એ છે કે જે રીતે કચ્છના ઉદ્યોગો દ્વારા પ્રદૂષણના લીધે ખેતીને નુકસાન થઈ રહયું છે તો તાત્કાલિક આ કેનાલનું કામ થાય અને પ્રાયોરીટી આપવામાં આવે તેવું માનનીય મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહયું તેમ તબકકાવાર આયોજન ઝડપથી કરવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છને પાણી પૂરું પાડતી કચ્છ બ્રાન્ચ કેનાલની શરૂઆતના ૪૦ કિલો મીટર વિસ્તારમાં પાણી વહેવડાવી અને ત્યાં ઈરીગેશન થયું છે તેના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ વિસ્તારમાં કચ્છની કેનાલના વિસ્તારમાં પાણી વહેવડાવવા માટે રેલવે મંજૂરી નહોતી આપતી એક વર્ષ સુધી રાજય સરકારના નર્મદા નિગમ દ્વારા વારંવાર મહેનત કરી છતાં પ્રશ્ન હલ નહોતો થઈ શકતો આખરે ખેડૂતોએ એક મહિના સુધી આંદોલન કરી અને ઉકેલ લાવ્યા અને પાણી વહેવડાવ્યું છે. મારો પ્રશ્ન એ છે કે પાણીની સૌથી વધારે જરૂરિયાત કચ્છને છે, અને કચ્છ બ્રાન્ચ કેનાલનું જે ઝડપથી નર્મદા નિગમ કામ કરી રહ્યું છે તેમાં બે જગ્યાએ અભ્યારણની ભારત સરકાર પાસેથી મંજૂરી મેળવવી પડશે, એક કચ્છના નાના રણનું ઘુડખર અભ્યારણ્ય અને બાકી જઝામની બાજુમાં આવેલું છે, આ બે વિસ્તારની, તો ફરી ભારત સરકારના કારણે કચ્છના વિસ્તારને પીવાનું અને સિંચાઈનું પાણી મેળવવાથી વંચિત ન રહી જાય એટલા માટે અલગથી એક મોનીટરીંગની વ્યવસ્થા કરી અને સમયસર કચ્છના ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે વ્યવસ્થા કરાવવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નર્મદા યોજના હોય કે રસ્તાઓ હોય વગેરેની કામગીરીમાં જયાં રેલવે લાઈન કે અન્ય ભારત સરકારની એજન્સીઓની જવાબદારી આવતી હોય છે ત્યાં મંજૂરી મેળવવામાં સ્વાભાવિક છે કે સભ્યશ્રીએ કહયું તે પ્રમાણે વિલંબ થતો હોય છે. રાધનપુરમાં રેલવે લાઈનના કારણે નર્મદા કેનાલનું કામ આપણે રોકી દેવું પડયું હતું. અનેક પત્રો લખ્યા મીટીંગો કરી પણ મંજૂરી આપતા નહોતા. મારે માનનીય શંકરભાઈને અભિનંદન આપવા છે કે એમણે ખેડૂતોનું આંદોલન કર્યુ અને રેલવે રોકી અને તરત જ રેલવેએ મંજૂરી આપી

દીધી. સરકાર મિટીંગો કરતી હતી, વિનંતીઓ કરતી હતી માગણી કરતી હતી, ત્યારે રેલવે તરફથી મંજૂરી નહોતી મળતી, અને એમણે ખેડૂતોનું આંદોલન કર્યુ અને આપણને આ મંજૂરીમાં સહકાર આપ્યો છે એટલે એમનો હું આભાર માનું છું. અત્યારે ૯૦ હેકટર જમીન વન વિભાગની છે તે જમીન મેળવવા માટે આપણે ભારત સરકારમાં ૨૦૦૯માં અરજી કરી છે હજુ સુધી તેને મંજૂરી મળી નથી. આપણો ફોલોઅપ ચાલુ છે.

**બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ ભાવનગર જિલ્લાની સહાય મેળવવાની અરજીઓ**

***૧૪૮૨૭ શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા (તળાજા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે ભાવનગર જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા શિક્ષિત બેરોજગારોને કેટલી રકમની સહાય આપવામાં આવી?

**રાજય કક્ષાના કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી :**

(૧) ૪૨૦૩.

(૨) ૨૦૪૦

(૩) ૧૦૫૦ શિક્ષિત બેરોજગારોને રૂા. ૧૪૩.૪૭ લાખની સહાય આપવામાં આવેલ છે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધયક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કુટીર ઉદ્યોગ સ્થાપવા માટે બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ અરજીઓ મંજૂર કરવાનાં ધોરણો શું છે અને રાજય સરકાર દ્વારા મહતમ સબસિડી કેટલી આપવામાં આવે છે? બીજો પ્રશ્ન એ છે કે બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ એસ.સી. અને એસ.ટી.ની કેટેગરી વાઈઝ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને તેના માટે રાજય સરકાર તરફથી ભાવનગરમાં કેટલી ગ્રાન્ટ આપવામાં આવેલ છે? ત્રીજો પ્રશ્ન એ છે કે જિલ્લા કક્ષાએથી તથા બેન્કો દ્વારા અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાજપાઈ બેંકેબલ યોજના એ સેલ્ફ એમ્પ્લોઈમેન્ટ માટેની યોજના છે અને આ યોજનાની અંદર ૩૯૪ પ્રોજેક્ટો એપ્રોક્સીમેટલી પ્રોફાઈલો બનાવી છે. એ પ્રોફાઈલો નાના ઉદ્યોગો હોય કે બીઝનૅસ હોય, સર્વિસ સૅક્ટર હોય કે ઇન્ડસ્ટ્રીઝ હોય એને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે. એની અંદર જે ક્રાઈટ એરિયા છે એ ૧૮ થી ૫૦ વર્ષની ઉંમર હોવી જોઈએ. એમાં એસ.સી.એસ.ટી, એક્સ સર્વિસમેન, હેન્ડીકેપ અને અન એમ્પ્લોઈડ વિમૅન માટે દસ વર્ષની છૂટ રાખવામાં આવી છે. એમાં એજ્યુકેશન ક્વૉલિફિકેશનમાં ૪ પાસ હોવા જોઈએ અથવા કોઈ ટ્રેનિંગ ત્રણ મહિનાની કરેલ હોય કે એક વર્ષનો અનુભવ હોય કે ટ્રેડીશનલ આર્ટીઝન હોય એ લોકોને આની અંદર સમાવેશ કરવામાં આવે છે. કોઈ આવકની મર્યાદા રાખવામાં આવી નથી. વધારેમાં વધારે લોન ઉદ્યોગ માટે પાંચ લાખ, સર્વિસ સેકટર માટે પાંચ લાખ આપવામાં આવે છે. બીઝનૅસ માટે બે લાખ આપવામાં આવે છે. આ બેંક મારફતે લોનો આપવામાં આવે છે. સોથી વધારે આસિસ્ટન્ટ એની પણ મર્યાદા રાખી છે. એની અંદર ત્રીસ હજાર સુધીની હોય તો એસ.ટી.માં ૪૦ ટકા , એસ.સી.માં ૪૦ ટકા અધરમાં ૨૫ ટકા, હેન્ડીકેપમાં ૫૦ ટકા અને ૩૦ હજારની ઉપર હોય તો એસ.ટી.માં ૩૦ ટકા, એસ.સી. ૨૫ ટકા, અધરમાં ૨૦ ટકા અગત્યનું એ છે કે મેકિસમમ આસિસ્ટન્ટ ઉદ્યોગ માટે ૩૦ હજાર આપવામાં આવે છે, સર્વિસમાં ૧૫ હજાર અને બીઝનૅસમાં ૧૦ હજાર આપવામાં આવે છે. ભાવનગર જિલ્લાની અંદર એસ.સી., એસ.ટી. માટેનો સવાલ પૂછ્યો એમાં ૨૦૦૯ના વર્ષમાં એસ.સી.માં ૨૫૮ આપ્યા છે, એસ.ટી.માં ૨ આપ્યા છે. કુલ ૧૭૮૦ અને મહિલાઓ ૨૮૦, ફિઝિકલ હેન્ડીકેપ ૪૪ એમ કુલ ૨૦૪૦ આપવામાં આવી છે. સભ્યશ્રીએ ગ્રાન્ટની વાત કરી તો કુલ છેલ્લા ૨૦૦૯-૧૦માં ટાર્ગેટ આપ્યો હતો ૧૭૯૫ એની સામે એચીવમેન્ટ ૨૦૪૦નું કર્યુ છે. ૧૭૩૨ લાખની કુલ ગ્રાન્ટ ભાવનગર જિલ્લાની અંદર ૨૦૦૯-૧૦માં આપવામાં આવી છે. જે કારણો પૂછ્યા કે શું કારણોસર નામંજૂર કરવામાં આવે છે એની અરજીઓના કારણો આ પ્રમાણે છે. અરજી કરનારે માહિતી પૂરેપૂરી આપી ન હોય એની ઉંમર જે પ્રમાણે કહેલી હોય એ પ્રમાણે ન હોય, ઓછી હોય કે વધારે હોય, શિક્ષણની લાયકાત ન હોય અને એણે જો બીજી કોઈ યોજનામાંથી લાભ લીધો હોય તો એને આપવામાં આવતી નથી. ભાવનગર જિલ્લામાં બેંકો દ્વારા અને જિલ્લા આયોજન દ્વારા અરજીઓ નામંજૂર થઈ છે અને એની પણ વિધાનસભામાં સભ્યશ્રીને માહિતી આપી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં ભાવનગર જિલ્લાનો ટાર્ગેટ ૧૭૯૫ અરજીઓનો હતો એની સામે ૨૦૪૦ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે, એટલે અપેક્ષા કરતાં વધારે કામગીરી કરવામાં આવી છે, અભિનંદન આપવાં જ પડે એટલે હું આ સરકારને અભિનંદન આપું છું, અપેક્ષા કરતાં વધારે કામગીરી કરી છે. મારે આ તબક્કે એ જાણવું છે કે બેરોજગારોને રોજગારી આપીને પગભર કરવા શિક્ષિત બેરોજગારોને રોજગારી મળે તે માટેની યોજના છે. અહીંયા ૨૦૪૦ અરજીઓ મંજૂર થઈ છે અને એટલી જ અરજીઓ નામંજૂર થઈ છે ત્યારે આ અરજીઓમાં જિલ્લા કક્ષાએથી કેટલી મંજૂર થઈ છે અને બેંકો દ્વારા કેટલી નામંજૂર થઈ છે. આ ભાવનગર જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે મારા મત વિસ્તાર ગઢડા

ઉમરાળામાંથી કેટલા યુવાનોને સ્વરોજગારની યોજનાનો, બેરોજગારોને સહાયભૂત થવાની યોજનાનો લાભ મળ્યો એ હું જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : ભાવનગર જિલ્લાની વાત કરીએ તો ડી.આઈ.સી.માં ૪૨૦૩ અરજીઓ આવી એમાંથી ડી.આઈ.સી.એ ૩૪૪૫ અરજીઓ મંજૂર કરી, ૧૬૧ અરજીઓ નામંજૂર કરી અને ૫૯૭ અરજીઓ પેન્ડિંગ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧૨એ જે પેન્ડીંગ હતી ૫૯૭માંથી આજની તારીખમાં એક પણ અરજી ડી.આઈ.સી.માં પેન્ડીંગ નથી. બીજું જે ૩,૫૪૫માં બેંકો ૨,૦૪૦ અરજી મંજૂર કરી. બેંકોએ રીજેકટ કરી ૯૪૬ અને બેંકોની પાસે જે અરજીઓ પેન્ડીંગ છે એ ૪૫૯. માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે ખાસ ગઢડા તાલુકાની અને ઉમરાળા તાલુકાની વાત કરી તો ગઢડામાં ૧૮૬ અરજીઓ ડી.આઈ.સી.માં આવી, ૧૬૨ અરજી ડી.આઈ.સી.એ મંજૂર કરી, પાંચ અરજી રીજેકટ કરી, પેન્ડીંગ ૧૯ હતી એ પૂરું થઈ ગયું. બેંકોએ ૭૨ને સેંકશન આપી અને બેંકોએ જે રીજેકટ કરી એ ૭૦ અને પેન્ડીંગ એપ્લીકેશન બેંકોની અંદર ૨૦ છે. એવી જ રીતે ઉમરાળાની વાત કરીએ તો ઉમરાળામાં ૧૭૮ ડી.આઈ.સી.ને મળી, ડી.આઈ.સી.એ ૧૪૧ મંજૂર કરી, ૧૧ રીજેકટ કરી. પેન્ડીંગ ૨૬ હતી એ પેન્ડીંગ પૂરી થઈ. ૧૦૩ બેંકોએ સેંકશન કરી. ૨૮ બેંકોએ રીજેકટ કરી અને ૧૦ અરજીઓ બેંકોમાં પેન્ડીંગ છે.

### નર્મદા યોજનાના જળવિદ્યુત મથકમાંથી વીજળી ઉત્પન્ન કરવા બાબત

***૧૩૨૧૦ શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

૧. નર્મદા યોજનાના જળવિદ્યુત મથકમાંથી સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી વીજળી વર્ષ વાર ઉત્પન્ન થઈ,
૨. આ ઉત્પન્ન થયેલ વીજળીમાંથી મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને કેટકેટલી વીજળી આપી અને તે અન્વયે કેટલી આવક થઈ અને
૩. ગુજરાતને કેટલી વીજળી મળી?

**મુખ્યમંત્રીશ્રી** (નર્મદા):

૧. તા ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નીચે મુજબ વીજ ઉત્પાદન થયેલ છે.

| વર્ષ | વીજ ઉત્પાદન (કરોડ યુનિટ) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૩૧.૭૬ |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ સુધી) | ૧૭૫.૬૬ |

૨.

| વર્ષ | મધ્યપ્રદેશને આપવામાં આવેલ વીજળી (૫૭ % લેખે કરોડ યુનિટ) | મહારાષ્ટ્ર રાજયને આપવામાં આવેલ વીજળી (૨૭ % લેખે કરોડ યુનિટ) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૩૨.૧૦ | ૬૨.૫૭ |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ સુધી) | ૧૦૦.૧૨ | ૪૭.૪૨ |

આ વીજળી નર્મદા જળ વિવાદ પંચના આદેશ અનુસાર સાથી રાજયોનો હિસ્સો છે. આથી આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૩. ગુજરાત રાજયને ફાળે નીચે મુજબ વીજળી આવેલ છે.

| વર્ષ | ગુજરાત રાજયને ૧૬ % લેખે મળેલ વીજળી(કરોડ યુનિટ) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૩૭.૦૮ |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ સુધી) | ૨૮.૧૦ |

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નમર્દા યોજનામાં જે ટ્રીબ્યુનલનો ચુકાદો આવ્યો એ ચુકાદામાં પાણીનો સૌથી વધારે લાભ ગુજરાતને મળવાનો છે અને વીજળીનો સૌથી વધારે લાભ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતને ૫૭, ૨૭ અને ૧૬ના રેશિયોમાં મળવાનો છે. એટલે વીજળી ઉત્પન્ન થાય, આપણાં રાષ્ટ્રની સંપત્તિ છે અને તેમાં આપણે એમ કહીએ કે એ પણ અમને લાભ મળે. એવા સ્વાર્થી લોકો આપણે નથી. પરંતુ બીજાં રાજયોને પણ તેનો હિસ્સો વીજળીનો જે મળવાપાત્ર છે એ મળવાનો શરૂ થયો છે. આપણો હિસ્સો બહુ નોમીનલ છે. માત્ર ૧૬ ટકા. તો જે વીજળીને પ્રાયોરિટી આપી અને વીજળી મથક ચાલુ કર્યું તે રીતે આપણને જે પાણી મળવાપાત્ર છે એ પાણીનો પણ મહત્તમ ઉપયોગ રાજયને મળે તે માટે નૅટવર્ક જરૂરી છે. એ અધૂરું રહ્યું છે પણ મૂળ પ્રશ્નમાં નથી એટલે તેની વિગતોમાં જતો નથી. પરંતુ મારે આ પ્રશ્નનો પેટા પ્રશ્ન એટલો જ પૂછવાનો છે કે આ યોજનામાંથી જે વીજળી કુલ હેડવર્કસમાંથી ઉત્પન્ન થતી વીજળી અને કેનાલમાંથી ઉત્પન્ન થતી વીજળી એ કેટલી વીજળી મળવાની છે અને તેમાંથી અત્યારે આપણને કેટલી વીજળી મળી રહી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે નર્મદા ડૅમની ઉંચાઈ ઝડપથી વધે તે માટે બધા પક્ષોના સહયોગથી, પ્રજાના સહયોગથી ખૂબ જહેમતથી અત્યારની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર પ્રાપ્ત કરી છે. તેમાં મુખ્ય ઈરાદો આપણો હતો કે ગુજરાતને પાણી મળે એ તો છે જ પણ સાથે સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીની રાષ્ટ્ર પ્રત્યેની જે ભાવના કે એકલું મારા ગુજરાતનું નહીં પણ વીજળી જો ઉત્પન્ન થાય તો તેને કારણે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત ત્રણે રાજયોની જે વીજળીની જરૂરિયાત છે એ પૂર્ણ કરવા માટે આ વીજળી આધારિત ભૂગર્ભ જળ મથક અને રીવર બેઝ જળ મથક બન્ને શરૂ કરવાનું ખૂબ મોટું આયોજન આપણે સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એ પ્રમાણે અત્યારે રીવર બેઝ જે વીજળી ક્ષમતા છે એ ૨૦૦ મેગાવોટના છ એકમો છે. તેમાંથી કુલ ૧૨૦૦ મેગાવોટ વીજળીની ઉત્પાદન ક્ષમતા છે. તેવી જ રીતે કેનાલ બેઝ જે પાવર હાઉસ છે એ ૫૦ મેગાવોટના પાંચ પાવર હાઉસ છે, ટર્બાઈન છે. તેમાંથી ૨૫૦ મેગાવોટ વીજળી આપણે ઉત્પન્ન કરી શકીએ એવી સ્થિતિમાં છીએ.
અત્યારે હાલની સ્થિતિમાં આપણે લગભગ ૧૦૦૦ મેગાવોટ વીજળી આ બન્ને મથકોમાંથી પ્રાપ્ત કરીએ છીએ.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે, સરદાર સરોવરના બન્ને વીજ મથકોની સ્થાપિત ક્ષમતા કેટલી છે? હાલની ઊંચાઈએ કેટલું વીજ ઉત્પાદન થાય છે અને ડૅમની પૂરી ઊંચાઈએ કેટલું ઉત્પાદન થશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો એ મેં અત્યારે આંકડા આપ્યા છે, ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ આધારિત છે. ડૅમની કેપેસીટીમાં પાણી ભરાય એ રીતે એનો જળ વિદ્યુત તરીકે ઉપયોગ કરી શકીએ. તે રીતે ૧૩૮.૬૮ મીટર નર્મદા બંધની કુલ ઊંચાઈ આપણને મળી છે. એના ઉપર ૧૨૧.૯૨ મીટરે ગેટ મૂકવાના કામની માગણી કરી છે. ભારત સરકાર અને કમિટીમાં અત્યારે ચર્ચા વિચારણા ચાલી રહી છે અને અગાઉ કહ્યું તે પ્રમાણે ગુજરાતના નેતાઓ જે દિલ્હીમાં છે- માનનીય અહેમદભાઈ, શ્રી શકિતસિંહ, શ્રી સિદ્ધાર્થભાઈને પણ ગુજરાતના કામ માટે એમને સાથે રાખી આ ગેટની કામગીરી મંજૂર થાય એ માટે પ્રયત્નો કરી રહ્યા છે, તેઓશ્રી પણ આપણને મદદ કરી રહ્યા છે. (અંતરાય) સાચું કહેવામાં, ગુજરાતના વિકાસ માટે કોઈ વાંધો નથી. બધાનો સહયોગ લઈ મુખ્યમંત્રીશ્રી વારંવાર કહે છે કે, તમામનો સહયોગ લઈ અમે ગુજરાતનો વિકાસ કરવા માગીએ છીએ. જો ૧૩૮.૬૮ મીટરની ઊંચાઈ પ્રાપ્ત થાય તો ૨૫૦ મેગા વોટ અને ૧૨૦૦ મેગાવોટ ઉપરની એ પ્રમાણે આપણે પૂરેપૂરી વીજળીનો લાભ મેળવી શકીએ.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જળ વિદ્યુત મથકમાંથી જ્યારે પૂર આવે અથવા તો ઓવર ફલો ડૅમ થતો હોય તો જ વીજળી પેદા કરી શકીએ છીએ એ હકીકત છે. ડાઉન સ્ટ્રીમ સાઈટની અંદર રિઝર્વ બનાવી અને જે પાણી નીચે જતું રહે છે એને ફરીથી ઉપર લાવી અને એને ઉપર લાવી સતત વીજળી પેદા કરવા માટેનો કાર્યક્રમ કરવા સરકાર માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, થોડીક સ્પષ્ટતા કરી લઉં. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, ડૅમ ઓવર ફલો થાય તો વીજળી પેદા કરી શકીએ એ વાજબી હકીકત નથી. ૧૧૦.૬૪ મીટરથી જેટલું વધારાનું પાણી ભરાય એ બન્ને પાણીના જથ્થાનો બન્ને પાવર હાઉસ માટે રીવર બેડ અને કેનાલ બેઝ છે આ બન્નેનો આપણે ઉપયોગ કરી શકીએ અને બન્નેનો ઉપયોગ કરીએ છીએ. સભ્યશ્રીઓની જાણકારી માટે એ બાબત ધ્યાન ઉપર મૂકવી જરૂરી છે કે, ડૅમમાં જે પાણી ભરાય છે એમાંથી કેટલી વીજળી મેળવવી અને ક્યારે પાવર હાઉસ ચલાવવા એ ગુજરાત સરકાર નક્કી કરતું નથી. એના માટે એનસીએના અન્ડરમાં એક કમિટી છે અને એ નિર્ણય લે છે. કયા રાજયને ક્યારે વીજળીની જરૂરિયાત છે અને ત્યારે વીજળી ઉત્પન્ન કરવી જોઈએ અને એના આધારે એમની ડેઈલી ટુ ડેઈલી મોનીટરીંગ થાય છે અને એમાં નક્કી થાય છે કે આ રાજયમાં આટલી વીજળી જોઈએ છે અને એના આધારિત પ્રોગ્રામ આપે છે અને બન્ને પાવર હાઉસ ચલાવી

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, નર્મદા યોજનાથી જે વીજળી ઉત્પન્ન થાય છે એની પ્રોડક્શન કોસ્ટ કેટલી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જળ વિદ્યુત ઘણી સસ્તી પડે છે, પર્યાવરણ માટે પણ ખૂબ ફાયદારૂપ છે. ટ્રીબ્યુનલે આપેલ ચુકાદા પ્રમાણે વહેંચણી થયેલ છે. બજાર કિંમત પ્રમાણે જોઈએ તો અબજો રૂપિયાની કિંમતનું વીજળીનું ઉત્પાદન કર્યું છે. શ્રી અર્જુનભાઈએ કહ્યું કે રાષ્ટ્ર સેવાનું ખૂબ મોટું કામ કર્યું છે. ગુજરાત આ રાષ્ટ્ર સેવાનું કામ કરવા બદલ ગૌરવ અનુભવે છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નદી તળ ભૂગર્ભ જળ વીજ મથકનું એકમ ક્યારે કાર્યાન્વિત કરવામાં આવ્યું અને પાવર પરચેઝ એગ્રીમૅન્ટ કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫થી આ એકમો લગભગ શરૂ કરવામાં આવ્યા છે અને તબકકાદીઠ એનો વપરાશ કરી અને આપણે વીજળી મેળવીએ છીએ અને ૨૦૦૪-૦૫થી શરૂ કરી આજ સુધીમાં આપણે ૧૪૮૧કરોડ યુનિટ વીજળી આમાંથી પ્રાપ્ત કરી છે અને ૪ રુપિયા પ્રમાણે ગણીએ તો જે રકમ થાય એ આપ સમજી શકો છો.

**સાવલી અને વડોદરા વચ્ચે ભારે વાહનોથી થયેલા અકસ્માતોના બનેલા બનાવો**

***૧૩૪૨૭ શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

સાવલી અને વડોદરા વચ્ચે ભારે વાહનોના કારણે ગ્રીટ કપચી ભરેલા વાહનોથી છેલ્લા બે વર્ષમાં તા: ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા અકસ્માતના બનાવો નોંધાયા, અને કેટલા મૃત્યુ પામ્યા?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

સાવલી અને વડોદરા વચ્ચે ભારે વાહનોના કારણે ગ્રીટ કપચી ભરેલા વાહનોથી છેલ્લા બે વર્ષમાં તારીખ: ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અકસ્માતના કુલ:૭ બનાવો નોંધાયા છે અને મૃત્યુ પામેલાની સંખ્યા ૩ છે.

આ સમયગાળા દરમ્યાન સાવલી-વડોદરા રોડનું કામ ચાલતું હતું. રસ્તાની પહોળાઈ, વાહન ચાલકો દ્વારા વધુ સ્પીડથી વાહનો ચલાવવા, ઓવર ટેક કરવાની વૃત્તિ વગેરેના કારણે અકસ્માતો થયા છે. હવે રસ્તાનું કામકાજ પૂરું થવામાં છે. અકસ્માતના બનાવો વખતે, પોલીસ સ્ટાફ તાત્કાલિક અકસ્માતના સ્થળે પહોંચી જાય છે. ૧૦૮ મોબાઈલ સેવાને ઉપયોગમાં લેવામાં આવે છે અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલમાં પહોંચાડવાની વ્યવસ્થા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષ શ્રી, મારા પ્રશ્નના જવાબની અંદર છેલ્લા બે વર્ષની અંદર સાવલી અને વડોદરાની વચ્ચે સાત બનાવો નોંધાયા અને એમાં ત્રણમાં અકસ્માતની અંદર મૃત્યુના કેસ થયા હતા. મારો પ્રશ્ન પૂછવાનું હાર્દ એટલો જ છે કે સાવલી-વડોદરા એ ૩૨ કિલોમીટર લાંબો રસ્તો છે અને સાવલીથી ઉદલપુર, ટીંબા જેને કહીએ, ગોધરા નજીક એ લગભગ ૪૫ કિલોમીટરનો રસ્તો છે. આ જે બનાવો નોંધાયા છે એની અંદર ગ્રીટ કપચીના બનાવો બનેલા છે. ઉદલપુરથી એક ટ્રક ભરીને સીધી વડોદરા જાય છે. ઉદલપુરથી લગભગ એટલી બધી કવોરીઓ આવેલી છે કે રોજના ૫૦૦ વાહનો ગ્રીટ કપચી ભરેલા વાહનો વડોદરા શહેરમાં ગ્રીટ અને કપચી પૂરી પાડે છે. ડ્રાઇવરો પણ અનઅધિકૃત લાઇસન્સવાળા હોય, વધારે પડતું ભારણ ભરીને જતા હોય, નિયમ વિરુદ્ધનું જતા હોય અને એટલું બધું બીન અધિકૃત ખોદકામ ચાલુ થઈ ગયું છે કે જેને કારણે આ ઉદલપુર કવોરીની અંદરથી એટલા બધા વાહનો વડોદરા જાય છે કે રોજ-બરોજના લગભગ અઠવાડિયાની અંદર ૨ મૃત્યુના બનાવો બન્યા છે. આ ૭ બનાવો છે એનું કલેરીફીકેશન થોડું આપની સમક્ષ કરવા માગુ છું કે. એમાં ૪ પોલીસ સ્ટેશન આવે છે, પાંડુ, ભાદરવા, વડોદરા રૂરલ, વડોદરા સીટી આ પાંચ પોલીસ સ્ટેશન છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : પૉઈન્ટ ઑફ ઑર્ડર, માનનીય અધ્યક્ષશ્રી, અધિકારી ગેલેરીની અંદર પગ ઉપર પગ ચડાવીને બેઠા છે (અંતરાય) ..

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન ચાલુ છે. પ્રશ્નોત્તરી પછી ..ચાલુ પ્રશ્નમાં નહિ, પ્રશ્નોત્તરી પછી, હું આપને તક આપીશ. અંતરાય .. પ્રશ્નોત્તરી દરમિયાન નહીં.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** :માનનીય અધ્યક્ષશ્રી, એટલે રોજના અકસ્માતના બનાવો બને છે. એટલે મારો પ્રશ્ન એ છે કે સાવલી ભાદરવા વડોદરા રૂરલમાં કેટલા ગુના નોંધાયા ૭ પૈકી અને એ જે ગુના નોંધાયા છે એમાં આરોપીઓ પકડાયા છે કે કેમ અને બીનઅધિકૃત રીતે આ માલનું વહન કરતા હોય એવા કેટલા કિસ્સા નોંધવામાં આવ્યા છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમના મતવિસ્તાર અને આજુબાજુના વિસ્તારના જે અકસ્માતો છે એમાંથી જે ચિંતા ઉભી થાય છે એ પ્રશ્ન દ્વારા વ્યક્ત કરી છે. હું એમને થોડીક વધારે વિગત આપવા માગુ છું. આ જે રોડનો ઉલ્લેખ માનનીય સભ્યશ્રીએ કર્યો છે એની ઉપર ૧ વર્ષની અંદર લગભગ દોઢ લાખ ભારે વાહનો પસાર થાય છે. અને બધા કુલ વાહનો બીજા વાહનો ૫ લાખ ૧૦ હજાર પસાર થાય છે. આમ કુલ લગભગ ૭લાખ ૮૦હજાર વાહનો આ રોડ ઉપરથી પસાર થાય છે. એમાં અકસ્માતો ૭ થયા છે. મૃત્યુ ૩ થયા છે. હું આની પ્રત્યે કોઈ દુર્લક્ષ સેવવાની વાત નથી કરતો, હું ખાલી વિગત આપવા માગું છું. વાહનની અવરજવર અને અકસ્માતનો રેશીયો એ લગભગ નીચામાં નીચો હોય એ પ્રકારની સ્થિતિ આ રોડ ઉપર છે એક વાત, બીજી વાત કે અત્યારે વાહનોની અકસ્માતની સંખ્યાને થોડાક આવા બનાવો જે સરફેસ ઉપર દેખાય છે એનું કારણ છે કે અકસ્માતો ઘટે એટલા માટે રાજય સરકારે દરેક જગ્યાએ વાહનોની અવરજવર વધારે હોય એવા રસ્તાઓનું સાયન્ટીફીક આઈડેન્ટીફીકેશન કરી અને એમને પહોળા કરવાની કાર્યવાહી હાથ ઉપર ધરી છે અને આ રોડનું પણ ફોરલેન બનાવવાનું કામ અત્યારે ચાલી રહ્યું છે. સ્વાભાવિક છે કે જ્યારે કામ ચાલતું હોય ત્યારે થોડાક ડાયવર્ઝન થાય, થોડાક ઓવરટેકીંગના પ્રશ્નો વધે અને એના કારણે અકસ્માતોની સંખ્યા અત્યારે સરફેસ પર આવી છે. પરંતુ પરિસ્થિતિ એકદમ કંટ્રોલ બહાર છે એવું છે નહીં અને આના નિવારણ માટે પણ સમગ્ર રાજયમાં બનતા અકસ્માતો માટે જેમ રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગે વધુ વપરાશવાળા રોડો આઈડેન્ટીફાય કરીને એને પહોળા કરવાનું, એનું વાઈડનીંગનું કામ, એનું ફોરલેન કરવાનું કામ હાથ પર ધર્યુ છે,એમ પોલીસ વિભાગ પણ રાજ્ય સરકારે જે કૉમ્પ્યુટરો આપ્યા છે એની અંદર જિલ્લાના દરેક અકસ્માતોને કૉમ્પ્યુટરાઇઝડ કરીને અકસ્માતોને નાથવાનું કામ કરે છે અને એના આધારે દરેક જિલ્લાનું એક સોફ્ટવેર તૈયાર કરવાનું નક્કી

કર્યું છે અને દરેક જિલ્લામાં એના માટે શું પગલા ભરવા પડે એના માટેની ઊંડી ચિંતા પોલીસ તંત્ર અને માર્ગ અને મકાન વિભાગ પોત પોતાના વિભાગોમાં સ્વતંત્ર રીતે કરી રહ્યા છે. એના પરિણામ સ્વરૂપે આટલા ઓછા બનાવો નોંધાયા છે. એમની ચિંતા એકદમ વાજબી છે. આ બનાવો ઘટે એના માટે પગલા ભરવા માગીએ છીએ અને પગલા ભરેલ પણ છે. ઓવર લોડના ૧૯ કેસો કર્યા છે. એમના પાસેથી દંડ પણ વસૂલ થયો છે. દરેક ગુનો ઉકેલાઈ ગયેલો છે. ન ઉકેલાયો હોય એવો એક જ ગુનો છે અને વાહન આઈડેન્ટીફાઈ થઈ ગયું છે પણ બહારના રાજ્યનું વાહન છે એટલે પકડવાનું બાકી છે. કાર્યવાહીની દ્રષ્ટિએ કામગીરી બાકી નથી. હું માનું છું કે આ ફૉર લેન થઈ ગયા પછી આ પરિસ્થિતિમાં ઘણી બધી રાહતનો અનુભવ થશે. છતાં પણ એમણે આ ગૃહમાં એમની ચિંતા રજૂ કરી છે એટલે તંત્રને નિશ્ચિત સૂચના આપીશ કે આમાં વધારે કાળજી રખાય અને ઓછામાં ઓછા અકસ્માતો થાય.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : મારે જાણવું છે કે આ અકસ્માતોમાં વાહન ચાલકો હતા કે શ્રમજીવી હતા અને અકસ્માતમાં મૃત્યું પામ્યા છે તેમને આર્થિક રાહત આપવામાં આવી છે કે કેમ? ત્રીજો પ્રશ્ન એ છે કે હેવી વ્હીકલ્સ, જે વ્હીકલ્સને પરવાનગી હોય કે ૧૫ ટનથી વધારે બોજ લઈ જવો નહીં તેમ છતાં ઘણા વાહન ચાલકો વધારે બોજ લઈ જાય છે. તો એમના ઉપર શું કાર્યવાહી કરવા માગો છો?

**શ્રી અમિત શાહ** : વળતરનો સવાલ છે ત્યાં સુધી તો અકસ્માતમાં વળતર આપવાની સરકારમાં કોઈ પદ્ધતિ નથી. એ થર્ડ પાર્ટી વીમો ઉતરાવેલ હોય એમાંથી મૃતકોને સહાય મળતી હોય છે. જ્યાં સુધી ઓવર લોડનો સવાલ છે તો રાજ્ય સરકાર એની અંદર ગંભીર છે અને બધા પગલા લેવાની કાર્યવાહી અત્યારે ચાલું છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : અકસ્માતમાં મૃત્યું પામેલા ત્રણ મજૂરો છે એ મજૂરોને માનનીય નાણામંત્રીશ્રીએ વાત કરી હતી કે એક લાખ રૂપિયા વીમો મળે. તો આ જે ત્રણ મજૂરો મૃત્યુ પામ્યા છે એમને વીમાની સહાય પેટે એક લાખ રૂપિયા મળે કે કેમ?

**શ્રી અમિત શાહ** : પ્રશ્ન મારા વિભાગમાંથી ઊભો થતો નથી એટલે એ અંગે મારી પાસે માહિતી નથી.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : મારી ચિંતાનો વિષય એ છે કે સાવલી વડોદરા ઉપર માનનીય મંત્રીશ્રીએ માહિતી આપી કે ૭ લાખ જેટલા વાહનોની અવરજવર થાય છે. અત્યારે અમારે ત્યાં લગભગ વડોદરા શહેરમાં જે રસ્તાઓ અને મકાનોના બાંધકામ થાય છે એ માત્ર અને માત્ર ઉદલપુર ટીંબા ક્વોરીમાંથી વહન થાય છે. આ રસ્તો મંજુલપુરથી વડોદરા થયો છે. મંજુલપુરથી સાવલી સુધીનું કામ બાકી છે. ટીંબાનું ફૉર લેનનું કામ ચાલું છે. આનંદીબેન તમે ન સાંભળો તો પણ અભિનંદન આપું પણ જે રીતે ટ્રકોનું અવરજવરનું ભારણ વધ્યું છે એની અંદર લગભગ નાના નાના છોકરાઓ વગર લાયસન્સે ડ્રાઈવીંગ કરતા હોય છે. બીજું કે ઓવર લોડ ના કરે, ઘણી વખત ગ્રીટ અને કપચી રસ્તા ઉપર વેરાતી હોય છે અને ઢાંકેલ હોતી નથી તેથી તેના રજકણો ઊડે એના કારણે પણ એટલા બધા બનાવો બને છે કે એવરેજ એક બનાવ કહું તો ખોટું નથી. તો આમાં કડક ચેકીંગ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : હા, જી.

## કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને વીજ બિલમાં સબસિડી

*૧૪૮૪૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ સબસિડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી સબસિડી આપવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે તથા વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઈન્ડિયા, ગેઈલ, ઓએનજીસી તથા પરિવહનના દરો રેલવે ઈન્ડિયા દ્વારા નક્કી કરાય છે. તેમ છતાં ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસિડીરૂપે વહન કરવામાં આવે છે. તદુપરાંત મંજૂર થયેલ ખેતી વિષયક વીજ દરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂત પર નાખવામાં નથી આવતો પરંતુ સરકાર દ્વારા સબસિડી સ્વરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદનુસાર, રાજ્યના માત્ર રાજકોટ જિલ્લામાં જ છેલ્લા ત્રણ વર્ષમાં આશરે ૩૦૦ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાંખતા સરકારે વહન કરેલ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સબસિડી આપવાના કારણો શું છે અને રાજ્ય સરકારને એની પાછળ કેટલો ખર્ચ થાય છે અને કેટલી સબસિડી આપવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોને ૫૭૮૧ કરોડની સબસિડી આપી છે અને ખેડૂતોને સબસિડી આપવાનું કારણ કોલસાનો ભાવ વધારો કેન્દ્રનો, ગેસનો ભાવ વધારો કેન્દ્રનો, રેલવેના ભાવો કેન્દ્રના, એના કારણે ફયુઅલ સરચાર્જની ફોર્મ્યુલા કેન્દ્રએ જે કરી છે એ ફયુઅલ સરચાર્જના આધારે આ સબસિડી આપવામાં આવે છે અને છેલ્લા ત્રણ વર્ષમાં આપણે ફયુઅલ સરચાર્જનો આંકડો જોઈએ તો ૧૩૭૯ કરોડની સબસિડી ખેડૂતોને આપવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજનામાં વિદ્યુતિકરણ માટેની અરજીઓ

૧૪૦૨૨**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વિદ્યુતિકરણ માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) આ પેકી કેટલા ઇસમોને વિદ્યુતિકરણનો લાભ મળ્યો ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યની ""કુટિરજ્યોતિ"" યોજના આદિવાસી વિસ્તારના લાભાર્થીઓ માટે અમલમાં છે. રાજકોટ જિલ્લામાં આદિવાસી વિસ્તાર ન હોવાથી કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વિદ્યુતિકરણની અરજીઓ આવતી નથી. પરંતુ રાજ્યની ""ઝૂંપડા વીજળીકરણ"" યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૪૬૧૩ વીજજોડાણો આપવામાં આવેલ છે.

-------------

### રાજ્યમાં જિલ્લાવાર મીઠાનું ઉત્પાદન

૧૪૮૧૪**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર રાજ્યમાં મીઠાનું વર્ષવાર વાર્ષિક ઉત્પાદન કેટલું થયેલ છે, અને

(૨) રાજ્ય સરકારે મીઠા ઉદ્યોગના વિકાસ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર રાજ્યમાં મીઠાનું વર્ષવાર વાર્ષિક ઉત્પાદન નીચે મુજબ થયેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૮-૦૯ (હજાર ટનમાં) | ૨૦૦૯-૧૦ (હજાર ટનમાં) |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | -- | -- |
| ૨. | આણંદ | ૬.૫૫ | ૧૪.૮૯ |
| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૮-૦૯ (હજાર ટનમાં) | ૨૦૦૯-૧૦ (હજાર ટનમાં) |
| ૩. | અમરેલી | ૭૦૬.૪૨ | ૩૭૭.૫૦ |
| ૪. | ભરૂચ | ૧૨૦૫.૨૩ | ૧૪૧.૩૯ |
| ૫. | ભાવનગર | ૧૫૬૧.૪૦ | ૧૫૬૧.૫૪ |
| ૬. | જામનગર | ૩૦૭૦.૧૧ | ૨૨૨૯.૪૩ |
| ૭. | જુનાગઢ | ૪.૦૮ | ૧૨.૮૨ |
| ૮. | કચ્છ | ૪૮૫૯.૭૨ | ૪૨૫૧.૯૮ |
| ૯. | નવસારી | ૯.૮૦ | ૫.૦૫ |
| ૧૦. | પાટણ | ૬૭૨.૯૯ | ૬૬૨.૭૯ |
| ૧૧. | પોરબંદર | ૩૭.૯૭ | ૨૫.૪૫ |
| ૧૨. | રાજકોટ | ૬૭૦.૧૬ | ૫૧૭.૯૨ |
| ૧૩. | સુરત | ૬૮.૦૬ | ૧૧૭.૧૩ |
| ૧૪. | સુરેન્દ્રનગર | ૧૯૯૪.૬૦ | ૨૧૧૯.૯૪ |
| ૧૫. | વલસાડ | ૩૬.૭૬ | ૪૯.૧૦ |
| | કુલ : | ૧૪૯૦૩.૮૫ | ૧૨૦૮૬.૯૩ |

(૨) રાજ્ય સરકારે મીઠા ઉદ્યોગના વિકાસ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે નવા રોડ બનાવવા, હયાત રોડનું સમારકામ તેમજ મજબુતીકરણ, પાઇપ લાઇન દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા, તેમજ મીઠાના નિકાસ માટે જેટી (રાજકોટ જિલ્લાના બગસરા વિસ્તારમાં) બનાવવાની યોજનાને મંજૂરી આપવી.. વિગેરે પગલાં લીધેલ છે.

## વડોદરા જિલ્લામાં પોલિસનું સ્ટેશનવાર મહેકમ

૧૪૭૧૭**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર સંવર્ગવાર કેટલું મહેકમ સરકારે મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યા ખાલી છે,

(૩) કેટલા પી.એસ.આઇ. જમાદાર ચાર્જમાં કામગીરી કરે છે, અને

(૪) સરકાર ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

(૩) એકપણ નહિ.

(૪) વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઇન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઇન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઇન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડ ૬૮૦ પોલીસ સબ ઇન્સ્પેક્ટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઇન્સ્પેક્ટર, ૪૪ ઇન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા. ૨૦-૦૨-૨૦૧૦થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઇ છે.

**પત્રક**

| અ.નં. | પો.સ્ટે. | મંજુર મહેકમ | | | | | | ખાલી જગ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પો.ઇ. | પો.સ.ઇ. | અ.હે.કો. | અ.પો.કો. | આ.હે.કો. | આ.પો.કો. | પો.ઇ. | પો.સ.ઇ. | અ.હે.કો. | અ.પો.કો. | આ.હે.કો. | આ.પો.કો. |
| ૧ | પાદરા | ૦૧ | ૦૫ | ૧૯ | ૩૭ | ૦૪ | ૧૨ | ૦૦ | ૦૨ | ૦૧ | ૧૧ | ૦૧ | ૦૧ |
| ૨ | કરજણ | ૦૦ | ૦૨ | ૨૧ | ૩૧ | ૦૫ | ૧૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૧ |
| ૩ | વડોદરા તાલુકા | ૦૦ | ૦૨ | ૧૨ | ૧૮ | ૦૨ | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | વરણામા | ૦૦ | ૦૧ | ૧૨ | ૨૨ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૩ |
| ૫ | સાવલી | ૦૦ | ૦૨ | ૧૩ | ૧૭ | ૦૫ | ૧૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૬ | ભાદરવા | ૦૦ | ૦૧ | ૧૧ | ૧૨ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૭ | શિનોર | ૦૦ | ૦૧ | ૧૧ | ૧૪ | ૦૪ | ૧૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૩ |
| ૮ | ડેસર | ૦૦ | ૦૧ | ૧૧ | ૦૮ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | ડભોઇ | ૦૧ | ૦૩ | ૩૪ | ૬૪ | ૦૫ | ૧૭ | ૦૦ | ૦૧ | ૦૫ | ૧૨ | ૦૧ | ૦૧ |
| ૧૦ | વાઘોડીયા | ૦૦ | ૦૧ | ૧૯ | ૨૪ | ૦૫ | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૩ |
| ૧૧ | છોટાઉદેપુર | ૦૦ | ૦૨ | ૨૦ | ૩૨ | ૦૬ | ૩૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૫ | ૦૧ | ૦૩ |
| ૧૨ | રંગપુર | ૦૦ | ૦૧ | ૧૩ | ૧૪ | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૪ |
| ૧૩ | ક્વાંટ | ૦૦ | ૦૧ | ૧૫ | ૨૧ | ૦૩ | ૧૧ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૧૪ | જેતપુર | ૦૦ | ૦૧ | ૧૫ | ૧૯ | ૦૪ | ૧૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૧૫ | કરાલી | ૦૦ | ૦૧ | ૧૧ | ૧૧ | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૨ | ૦૫ |
| ૧૬ | બોડેલી | ૦૦ | ૦૧ | ૧૪ | ૨૭ | ૦૪ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૦ | ૦૦ |
| ૧૭ | સંખેડા | ૦૦ | ૦૧ | ૧૩ | ૨૨ | ૦૫ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ |
| ૧૮ | નસવાડી | ૦૦ | ૦૧ | ૧૫ | ૧૬ | ૦૪ | ૧૧ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ |
| ૧૯ | મહિલા પો.સ્ટે. | ૦૧ | ૦૧ | ૦૩ | ૨૪ | ૪૫ | ૦૦ | ૦૧ | ૦૨ | ૧૯ | ૩૮ | ૦૦ | ૦૦ |

------------

## જુનાગઢ જિલ્લામાં વીજ ગ્રાહકોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર ફિડરોનું વિભાજન

**૧૪૮૪૪શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષ દરમ્યાન જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પુરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તા. ૩૧-૧૨-૦૯ને સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં ૨૨ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બીજા ૧૮ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.આમ તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ ૪૦ ફીડરોના વિભાજન માટે કુલ રૂપિયા ૨૫૫.૫૨ લાખનો ખર્ચ થયેલ છે.

## વલસાડ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ

**શ્રી ૧૩૪૨૨જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ સંવર્ગવાર કેટ કેટલું છે,

(૨) તેની સામે કેટ કેટલી ઘટ કેટલા સમયથી છે, અને

(૩) આ ઘટ પૂરી કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ ***પત્રક** મુજબ.

(૩) વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) ને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડ ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા. ૨૦/૦૨/૨૦૧૦થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

### *પત્રક

| ક્રમ | તાલુકો | મંજૂર મહેકમ | | | | | ખાલી જ્ગ્યા | | | | | ક્યારથી ખાલી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પો.ઈ. | પો.સ.ઈ. | એ.એસ.આઈ. | હે.કો | પો.કો | પો.ઈ. | પો.સ.ઈ. | એ.એસ.આઈ. | હે.કો | પો.કો | ૬ માસ સુધી | ૬થી ૧૨ માસ |
| ૧ | વલસાડ | ૩ | ૨ | ૧૬ | ૧૧ | ૭૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૧૨ | |
| ૨ | વલસાડ રૂરલ | ૦ | ૨ | ૧૪ | ૯ | ૩૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૦ | ૮ |
| ૩ | ડુંગરી | ૦ | ૧ | ૭ | ૪ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | પારડી | ૨ | ૨ | ૧૩ | ૧૧ | ૫૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૬ | ૦ |
| ૫ | વાપી ટાઉન | ૦ | ૨ | ૧૪ | ૧૦ | ૫૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૬ | વાપી ઉ.નગર | ૦ | ૪ | ૧૫ | ૧૪ | ૮૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૩ | ૦ | ૪૩ |
| ૭ | ઉંમરગામ | ૨ | ૧ | ૯ | ૭ | ૪૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૭ | ૮ | ૦ |
| ૮ | ભીલાડ | ૦ | ૧ | ૫ | ૪ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ધરમપુર | ૦ | ૧ | ૧૨ | ૮ | ૩૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૦ | કપરાડા | ૦ | ૧ | ૬ | ૧૧ | ૩૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ |

-------------

## એ.આર.ટી.ઓ. કચેરી જૂનાગઢની આવક

૧૪૭૯૬**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન વાહન વ્યવહાર ખાતાની જૂનાગઢ એ.આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક થઈ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષની નાણાંકીય આવક નીચે મુજબ છે :- (રૂા. લાખમાં)

૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮૨૭૨૩.૧૨

૧-૪-૨૦૦૮ થી ૩૧-૩-૨૦૦૯૩૦૬૯.૬૭

૧-૪-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦ ૨૬૮૮.૭૧

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

-------------

## ખેતીવાડીની વીજ માંગને પહોંચી વળવા ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળી

૧૪૬૦૨**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીવાડીની વિજ માંગને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ ખાનગી વિજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને

(૨) આ ખાનગી વિજ કંપનીઓનો પીકઅપ ભાવ શું છે. ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં વરસાદ ખેંચાય ત્યારે ખેડૂતોની વધારાની વીજ માંગને પૂરી કરવા ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ની જોગવાઈ મુજબ કેન્દ્રીય વીજ નિયમન આયોગે મંજૂર કરેલ ૪૪ જેટલા ટ્રેડીંગ લાયસન્સીઓ પાસેથી ટેન્ડરીંગ પધ્ધતિ મુજબ ભાવો મંગાવી સૌથી નીચા ભાવના વીજ વેચાણકાર પાસેથી તેમજ પાવર એક્ષચેન્જ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. છેલ્લાં ૨ વર્ષમાં આ રીતે ખરીદ કરેલ વીજળીની વિગતો સામેલ *પત્રક **માં દર્શાવેલ છે.** વધુમાં, આ પ્રમાણેની ખરીદી રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ પૂરા થતાં વર્ષમાં થયેલ કુલ વીજ ખરીદીના ૧.૭૮ ટકા તેમજ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પૂરા થતાં વર્ષની કુલ વીજ ખરીદીના ૦.૦૯ ટકા છે. ખાનગી વીજ કંપનીઓના કોઈ પીક-અપ ભાવ હોતા નથી.

વધુમાં, રાજ્યમાં વીજ માંગ ઓછી હોય અને રાજ્ય પાસે વધારાની વીજળી ઉપલબ્ધ હોય ત્યારે વીજળી રાજ્ય બહાર વેંચવામાં આવે છે. આ રીતે ચાલુ વર્ષમાં રાજ્ય બહાર વેંચેલ વીજળીના સૌથી ઉંચા ભાવ પ્રતિ યુનિટ રૂા. ૧૧.૧૮ સુધી મળેલ છે. જે સામે રાજ્ય દ્વારા વધારાની કૃષિમાંગને પહોંચી વળવા જરૂરિયાતના પ્રસંગે ખરીદાયેલ વીજળીનો ચાલુ વર્ષનો સૌથી ઉંચો દર
રૂા. ૭.૧૦ પ્રતિ યુનિટ છે.

***પત્રક**

| | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનીટ | દર રૂા. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | દર રૂા. પ્રતિ યુનીટ |
| | વિજ વેચાણકારો | | | | |
| ૧ | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન | - | - | ૨ | ૬.૫૪ |
| ૨ | એનટીપીસી વિદ્યુત વ્યાપાર નીગમ લી. | ૯૪.૦૦ | ૬.૫૬ | - | - |
| ૩ | અદ્રાણી એક્સપોર્ટ લી. | ૬૫૯.૦૦ | ૬.૨૭ | - | - |
| ૪ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ કંપની લી. | ૧૯૪.૦૦ | ૭.૩૬ | - | - |
| ૫ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૯.૦૦ | ૯.૨૯ | ૪ | ૬.૪૪ |
| ૬ | લાન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૪.૨૮ | ૪.૨૯ | - | - |
| ૭ | કલ્યાણી પાવર ડેવલોપમેન્ટ | ૪.૯૭ | ૮.૪૧ | - | - |
| ૮ | જેએસડબ્લ્યુ પીટીસી | ૦.૭૬ | ૭.૧૩ | - | - |
| ૯ | જીન્દાલ પાવર | - | - | ૨૬ | ૭.૧૦ |
| ૧૦ | પાવર એક્સચેન્જ | ૨.૬૭ | ૮.૧૯ | ૨૦ | ૬.૩૯ |
| | **કુલ** | **૯૮૮.૬૮** | **૬.૬૦** | **૫૨** | **૬.૭૬** |

-------------

## દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં એલ.એસ.ટી.સી. મંજૂર કરવા બાબત

૧૪૬૦૬**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં કેટલા સબસ્ટેશનોમાં એલ.એસ.ટી.સી. (લોડ શેડીંગ ટાન્સર્ફોમ સેન્ટર) મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કઈ કઈ જગ્યાએ એલ.એસ.ટી.સી.ની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, અને

(૩) બાકી રહેતી કામગીરી ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ખેતરો અને વાડીમાં વસવાટ કરતા ખેડૂતોને ઘરવપરાશ માટે સતત ૨૪ કલાક વીજળીનો લાભ મળે તે હેતુથી સ્પેશ્યલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર લગાડવાની યોજના ખર્ચાળ હોવા છતાં સરકારે ખેડૂતોના હિતમાં આ યોજનાનો અમલ કરેલ છે. સમગ્ર દેશમાં આ યોજનાનો અમલ કરનાર ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે. તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં ૨૧ સબસ્ટેશનોમાં ૨૨૩ સ્પેશ્યલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર મંજૂર કરવામાં આવ્યાં, તે પૈકી ૧૫૬ એસ.ડી.ટી.ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે તા. ૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ અન્ય ૫૬ એસ.ડી.ટી.ની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકીના ૧૧ એસ.ડી.ટી. શક્ય તેટલાં વહેલાં લગાવવાનું આયોજન છે.

## જૂનાગઢ જિલ્લાના તાલુકાવાર બંધારણીય કલમ-૩૦૭ હેઠળ નોંધાયેલ ગુનાઓ

૧૩૮૫૬**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઈ.પી.સી.ની કલમ-૩૦૭ હેઠળના કેટલા ગુના નોંધાયેલા છે,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ સુધીમાં આઇ.પી.સી.ની કલમ-૩૦૭ હેઠળના નીચે મુજબના ગુના નોંધાયેલા છે.

| | તાલુકાનું નામ | નોંધાયેલ ગુના |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૪ |
| ૨ | વિસાવદર | ૬ |
| ૩ | મેંદરડા | ૧ |
| ૪ | ભેંસાણ | ૨ |
| ૫ | કેશોદ | ૦ |
| ૬ | વંથલી | ૩ |
| ૭ | માણાવદર | ૦ |
| ૮ | વેરાવળ | ૭ |
| ૯ | સુત્રાપાડા | ૨ |
| ૧૦ | કોડીનાર | ૫ |
| ૧૧ | ઉના | ૩ |
| ૧૨ | તાલાળા | ૩ |
| ૧૩ | માંગરોળ | ૧ |
| ૧૪ | માળીયા | ૧ |

(૨) ૩૦૭ના નોંધાયેલા ગુનામાં કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા છે,

(૨) ૩૦૭ના નોંધાયેલા ગુનામાં કુલ ૨૫૧ ગુનેગારોને પકડવામાં આવ્યા છે.

(૩) કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે,

(૩) કુલ ૨૪ ગુનેગારોને પકડવાના બાકી છે.

(૪) કેટલા ગુનેગારો ફરાર છે, અને

(૪) કુલ ૧૬ ગુનેગારો ફરાર છે.

(૫) કેટલા સમયથી ફરાર છે ?

(૫) કુલ ૪ ગુનેગારો તા. ૩૧-૫-૦૯ થી, ૧ ગુનેગાર તા. ૨૦-૩-૦૮ થી જ્યારે ૧૧ ગુનેગારો એક વર્ષથી ફરાર છે.

નાસતા ફરતા આરાપીઓને પકડવા તેમના ઘરે તથા આશ્રય સ્થળોએ અવાર-નવાર તપાસ કરવામાં આવે છે. આરોપીઓની હકીક્ત નહીં મળવાથી પકડાયેલા નથી. આરોપીઓની વિરૂધ્ધ સી.આર.પી.સી.ની કલમ-૭૦ મુજબ વોરંટ કઢાવવામાં આવેલ છે. આમ, આરોપીઓને પકડવા માટેના સઘન પ્રયત્નો ચાલુ છે.

-------------

**એ.આર.ટી.ઓ. કચેરી જૂનાગઢની આવક**

૧૪૮૦૦**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની જુનાગઢ એ.આર.ટી.ઓ કચેરીની તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષની નાણાકીય આવક નીચે મુજબ છે :- (રૂા. લાખમાં)
૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮૨૭૨૩.૧૨
૧-૪-૨૦૦૮ થી ૩૧-૩-૨૦૦૯૩૦૬૯.૬૭
૧-૪-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦૨૬૮૮.૭૧

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

-------------

**તાપી જિલ્લાના તાલુકાવાર ગામોનું બાકી વિજળીકરણ**

૧૩૭૭૭**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનું વિજળીકરણ કરવાનું બાકી છે, અને

(૨) આ બાકી ગામોના વિજળીકરણ માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ સેન્સસ ૨૦૦૧ મુજબ તાપી જીલ્લાના વસ્તીવાળા તમામ ૪૪૫ ગામોનું વીજળીકરણ થયેલ છે.

**રાજ્યમાં પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંક્ના મકાનોની મરામત**

૧૪૭૮૮**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પોલીસ કર્મચારીઓ માટેનાં રહેણાંક્ના મકાનોના મરામત કામ માટે સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા,જી. આ હેતુ માટે દર વર્ષે રાજ્ય સરકારશ્રી દ્વારા અંદાજપત્રમાં જોગવાઈ કરી પોલીસ આવાસ નિગમ દ્વારા કામગીરી કરવામાં આવે છે. સન ૨૦૦૯-૧૦માં આ માટે રૂા. ૨૨.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

-------------

**વડોદરા જિલ્લાના તળાવો નર્મદા યોજનાની પાઈપ લાઈનથી ભરવા બાબત**

૧૪૪૫૦ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા આધારિત પાઇપ લાઈનથી ૨૦૦૯-૧૦ના વર્ષમાં વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા તળાવો ભરવામાં આવ્યા, અને

(૨) આ તળાવો મારફતે કેટલા હેકટર જમીનને સિંચાઈનો લાભ મળેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : વડોદરા જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત કોઈ પાઈપ લાઈન નથી, પરંતુ ચાલુ વર્ષે નર્મદા ડેમ ઓવરફ્લો થતાં નર્મદા કેનાલની નજીકમાં આવેલા ૭૯ તળાવો વડોદરા જિલ્લામાં ભરવામાં આવેલ છે. આ પાણીથી સિંચાઈમાં સીધો અને આડકતરો લાભ ખેડૂતોને મળેલ છે.

-------------

**નર્મદા યોજના અંતર્ગત ખોરાઘોડા તથા ગોરૈયા શાખા નહેરના કામો**

૧૪૭૭૪**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા શાખા નહેર તથા ગોરૈયા શાખા નહેરના કામો પ્રશાખા સહિત પૂર્ણ કરવાનું આયોજન શું છે. અને

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે?

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા શાખા નહેર તથા ગોરૈયા શાખા નહેરના કામો પ્રશાખા સહિત શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) ખારાઘોડા શાખા નહેર અને ગોરૈયા શાખા નહેરની વિતરણ પધ્ધતિની નહેરોના કામો પૂર્ણ થતાં ખારાઘોડા શાખા નહેરથી ૩૪,૦૪૨ હેકટર તથા ગોરૈયા શાખા નહેરથી ૪૧,૪૯૨ હેકટર મળી કુલ ૭૫,૫૩૪ હેકટર પિયત વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

**વીજળી પરના ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો**

૧૪૮૩૪**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ રાજ્યમાં વીજળી પરના ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેમાં કેટલો ઘટાડો કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે.

નામદાર આયોગના તા. ૨૫-૦૬-૨૦૦૪ના આદેશથી બળતણ ખર્ચ/વીજ ખરીદીનાં ભાવ વધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસૂલ કરવાની ફોર્મ્યુલા પણ નક્કી કરેલી છે. તે પ્રમાણે વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાનાં ભાવોમાં થતો વધારો/ઘટાડો તેમજ આ બળતણોનાં પરિવહન દરોમાં અવાર નવાર થતાં વધારા/ઘટાડાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જમાં, નામ. આયોગની ફોર્મ્યુલા મુજબ વધારો/ઘટાડો કરવામાં આવે છે.

(૨) જાન્યુઆરી-૨૦૦૯ થી જુન-૨૦૦૯ સુધીમાં ફ્યુઅલ સરચાર્જનો દર સોથી ઉંચો એટલે કે રૂા. ૧.૨૯

પ્રતિ યુનિટ થયેલ. તે સમયે ગ્રાહકો પાસેથી સરકારે રૂા. ૦.૯૧ પ્રતિ યુનિટ વસુલ કરી. ગ્રાહકોને રૂા. ૫૧૪/- કરોડની રાહતો આપેલ છે. જાન્યુઆરી-૨૦૧૦થી ફ્યુઅલ સરચાર્જનો દર રૂા. ૦.૯૧ પ્રતિ યુનિટથી ઘટીને રૂા. ૦.૬૨ પ્રતિ યુનિટ થયેલ છે અને તેનાથી ગ્રાહકોને રૂા. ૧૨૫૦/- કરોડ જેટલી વાર્ષિક રાહત થશે.

**ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની યોજના**

૧૪૮૨૧ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે કોઈ યોજનાઓ અમલમાં મૂકી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે સરકારે શું શું પગલાં લીધા છે? | (૨) ઓદ્યોગિક વસાહતોમાં આંતરમાળખાકીય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉદ્યોગોને મળે તો આર્થિક રીતે પોષણક્ષમ ભાવે ઉત્પાદન કરીને રાષ્ટ્રીય સ્તરની હરીફાઈ યુક્ત વેચાણ બજારમાં મહત્વનો હિસ્સો મેળવી શકે તે હેતુથી ઓદ્યોગિક વિસ્તારો, ઓદ્યોગિક વસાહતો અને ઉદ્યોગોના સમૂહને જરૂરી ખુટતી ઓદ્યોગિક આંતરમાળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરવાની યોજના અમલમાં મુકી છે. જેમાં આંતરમાળખાકીય સગવડો જેવી કે, ઓદ્યોગિક વસાહતથી બંદર/એરપોર્ટને જોડતા રસ્તાઓ, રેલ્વે/રસ્તા ઉપર ઓવર બ્રીજ, હયાત રસ્તા સુધારવા/પહોળા કરવા, ગીચતા નિવારવા માટે બાયપાસ રસ્તાની સગવડો, પ્રોડક્ટ ડેવલપમેન્ટ ફેસીલીટી સેન્ટર, ટ્રેનીંગ સેન્ટર, ટેસ્ટીંગ સેન્ટર, આર એન્ડ ડી સેન્ટર જેવી અન્ય કોમન સુવિધાઓ, પાણી ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક તથા તેને લગતી સુવિધાઓનો સમાવેશ થાય છે.<br><br>આ યોજના માટે વર્ષ ૨૦૦૯-૧૦માં રૂા. ૧૫૨.૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. તથા વર્ષ ૨૦૧૦-૧૧માં રૂા. ૧૭૮.૪૪ કરોડની જોગવાઈ કરેલ છે. આ યોજના અંતર્ગત ઓદ્યોગિક વસાહતોમાં આંતરમાળખાકીય સુવિધાઓ સગવડ પુરી પાડવાની ૧૫૯ ઓદ્યોગિક વસાહતોમાં રૂા. ૧૦૯૮.૦૮ કરોડના પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે. જેમાં સહાયની રકમ રૂા. ૫૦૨.૩૨ કરોડ થાય છે. |

**ભાવનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર મંજૂર થયેલ મહેકમ**

૧૩૬૯૧ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટ કેટલું છે,<br>(૨) સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) અને (૨) સામેલ **પત્રક** મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ |

એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડે ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા. ૨૦-૦૨-૨૦૧૦થી શારીરિક ક્સોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

**પત્રક**

| અ.નં. | પો.સ્ટે. | સંવર્ગ | મહેકમ | | | કેટલા સમયથી ખાલી છે | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | હાજર | ખાલી | ૬ માસ સુધીની | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | ૨ વર્ષ ઉપરની |
| ૧ | એ.ડીવી | પો.ઈન્સ. | ૧ | ૦૧ | - | - | - | - | - |
| | | પોસઈ | ૦૫ | ૦૫ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૬ | ૨૬ | +૧૦ | - | - | - | - |
| | | પોકો | ૫૨ | ૪૪ | ૦૮ | ૦૩ | ૦૫ | - | - |
| ૨ | બી.ડીવી | પો.ઈન્સ. | ૧ | ૦૧ | - | - | - | - | - |
| | | પોસઈ | ૪ | ૦૨ | ૦૨ | ૦૨ | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૨૧ | ૨૭ | +૦૬ | - | - | - | - |
| | | પોકો | ૩૫ | ૩૦ | ૦૫ | ૦૫ | - | - | - |
| ૩ | સી.ડીવી | પો.ઈન્સ. | ૧ | ૦૧ | - | - | - | - | - |
| | | પોસઈ | ૫ | ૦૩ | ૦૨ | ૦૨ | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૨૭ | ૨૮ | +૦૧ | - | - | - | - |
| | | પોકો | ૭૮ | ૫૦ | ૨૮ | ૦૮ | ૧૧ | ૦૯ | - |
| ૪ | ડી.ડીવી | પો.ઈન્સ. | - | - | - | - | - | - | - |
| | | પોસઈ | - | ૦૨ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૦ | ૨૧ | +૧૧ | - | - | - | - |
| | | પોકો | ૨૭ | ૨૯ | +૦૨ | - | - | - | - |
| ૫ | વરતેજ | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૩ | ૧૪ | +૦૧ | - | - | - | - |
| | | પોકો | ૧૭ | ૧૫ | ૦૨ | ૦૨ | - | - | - |
| ૬ | ઘોઘા | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૬ | ૧૧ | ૦૫ | ૦૨ | ૦૩ | - | - |
| | | પોકો | ૩૦ | ૧૩ | ૧૭ | ૦૩ | ૦૮ | ૦૬ | - |
| ૭ | મરીન પો.સ્ટે. | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૩ | ૦૬ | ૦૭ | ૦૭ | - | - | - |
| | | પોકો | ૨૩ | ૧૨ | ૧૧ | ૧૧ | - | - | - |
| ૮ | મહીલા પો.સ્ટે. | પો.ઈન્સ. | ૦૧ | - | ૦૧ | - | - | ૦૧ | - |
| | | પોસઈ | ૦૧ | - | ૦૧ | ૦૧ | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૦૩ | ૦૩ | - | - | - | - | - |
| | | પોકો | ૧૦ | ૦૨ | ૦૮ | - | ૦૨ | ૦૬ | - |
| ૯ | મહુવા | પો.ઈન્સ. | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | પોસઈ | ૦૪ | ૦૪ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૨૭ | ૨૬ | ૦૧ | - | ૦૧ | - | - |
| | | પોકો | ૬૭ | ૩૭ | ૩૦ | ૦૪ | ૧૭ | ૦૯ | - |
| ૧૦ | ખુંટવડા | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૦૮ | ૦૭ | ૦૧ | - | ૦૧ | - | - |
| | | પોકો | ૧૧ | ૦૪ | ૦૭ | - | ૦૩ | ૦૪ | - |
| ૧૧ | બગદાણા | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૨ | ૦૯ | ૦૩ | - | ૦૩ | - | - |
| | | પોકો | ૧૬ | ૦૪ | ૧૨ | ૦૫ | ૦૪ | ૦૩ | - |
| ૧૨ | તળાજા | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૨૦ | ૧૦ | ૧૦ | ૦૩ | ૦૫ | ૦૨ | - |
| | | પોકો | ૩૮ | ૨૪ | ૧૪ | ૦૬ | ૦૪ | ૦૪ | - |
| ૧૩ | દાઠા | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૨ | ૦૯ | ૦૩ | - | ૦૩ | - | - |
| | | પોકો | ૧૩ | ૦૬ | ૦૭ | - | ૦૩ | ૦૪ | - |
| ૧૪ | અલંગ | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૦૯ | ૦૮ | ૦૧ | - | ૦૧ | - | - |
| | | પોકો | ૨૨ | ૨૩ | +૦૧ | - | - | - | - |
| ૧૫ | બોટાદ | પો.ઈન્સ. | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | પોસઈ | ૦૧ | ૦૨ | +૦૧ | - | - | - | - |

| અ.નં. | પો.સ્ટે. | સંવર્ગ | મહેકમ | | | કેટલા સમયથી ખાલી છે | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | હાજર | ખાલી | ૬ માસ સુધીની | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | ૨ વર્ષ ઉપરની |
| | | એએસઆઈ/હેકો | ૨૨ | ૨૦ | ૦૨ | - | ૦૨ | - | - |
| | | પોકો | ૫૨ | ૨૮ | ૨૪ | ૦૭ | ૧૧ | ૦૬ | - |
| ૧૬ | પાળીયાદ | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૦ | ૦૮ | ૦૨ | - | ૦૨ | - | - |
| | | પોકો | ૦૮ | ૦૮ | - | - | - | - | - |
| ૧૭ | ગઢડા | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૭ | ૧૧ | ૦૬ | - | ૦૪ | ૦૨ | - |
| | | પોકો | ૩૬ | ૨૦ | ૧૬ | ૦૩ | ૦૮ | ૦૫ | - |
| ૧૮ | વલ્લભીપુર | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૭ | ૦૮ | ૦૯ | ૦૨ | ૦૫ | ૦૨ | - |
| | | પોકો | ૩૨ | ૧૫ | ૧૭ | ૦૬ | ૦૮ | ૦૩ | - |
| ૧૯ | ઉમરાળા | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૫ | ૦૯ | ૦૬ | ૦૪ | ૦૨ | - | - |
| | | પોકો | ૨૭ | ૧૧ | ૧૬ | ૦૮ | ૦૧ | ૦૭ | - |
| ૨૦ | વેળાવદર | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૦૯ | ૦૭ | ૦૨ | - | ૦૨ | - | - |
| | | પોકો | ૦૯ | ૦૭ | ૦૨ | ૦૨ | - | - | - |
| ૨૧ | પાલીતાણા ટાઉન | પો.ઈન્સ. | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | પોસઈ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૯ | ૧૭ | ૦૨ | - | ૦૨ | - | - |
| | | પોકો | ૫૯ | ૨૪ | ૩૫ | ૦૯ | ૧૭ | ૦૯ | - |
| ૨૨ | પાલીતાણા રૂરલ | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૨ | ૧૧ | ૦૧ | ૦૧ | - | - | - |
| | | પોકો | ૧૮ | ૦૮ | ૧૦ | ૦૫ | ૦૫ | - | - |
| ૨૩ | જેસર | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૦૯ | ૦૪ | ૦૫ | ૦૨ | ૦૩ | - | - |
| | | પોકો | ૧૮ | ૦૫ | ૧૩ | ૦૫ | ૦૮ | - | - |
| ૨૪ | શિહોર | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૨૨ | ૨૧ | ૦૧ | ૦૧ | - | - | - |
| | | પોકો | ૪૮ | ૨૨ | ૨૬ | ૧૦ | ૦૭ | ૦૯ | - |
| ૨૫ | સોનગઢ | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૦ | ૦૯ | ૦૧ | ૦૧ | - | - | - |
| | | પોકો | ૧૨ | ૦૮ | ૦૪ | ૦૨ | ૦૨ | - | - |
| ૨૬ | ગારીયાધાર | પોસઈ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૩ | ૦૯ | ૦૪ | ૦૧ | ૦૩ | - | - |
| | | પોકો | ૨૪ | ૧૪ | ૧૦ | ૦૨ | ૦૫ | ૦૩ | - |

નોંધ :- "+"ની નિશાની મંજુર મહેકમ ઉપરાંતનું સંખ્યાબળ દર્શાવે છે.

## બનાસકાંઠા જિલ્લાના જર્જરિત વીજ વાયરો બદલવા બાબત

૧૪૮૪૮**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર બનાસકાંઠા જિલ્લામાં ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર બનાસકાંઠા જિલ્લામાં ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂપિયા ૫.૭૩ લાખના ખર્ચે ૧૯.૦૫ કિ.મી જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા.

## વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯ અંતર્ગત એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગપતિઓએ કરેલ મૂડી રોકાણ

૧૪૨૮૮**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ અંતર્ગત એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગપતિઓએ ઉદ્યોગોમાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલું મૂડીરોકાણ કર્યુ, અને

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ અંતર્ગત થયેલ એમ.ઓ.યુ.માં ફક્ત ૪ મોટા ઉદ્યોગો અને ૫૧ નાના ઉદ્યોગો સિવાય તમામ નિર્ધારિત પ્રોજેકટો પ્રગતિ હેઠળ છે. ૧૯૬૯ પ્રોજેકટોએ ખૂબજ ટુંકા ગાળામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. જેમાંથી તા. ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૯ પ્રોજેકટો કમિશન્ડ થયા છે અને તા. ૩૧-૧-૨૦૧૦ સુધી આ પ્રોજેકટોમાં રૂા. ૬૪૩૧૧.૧૦ કરોડનું મૂડી રોકાણ થયું છે. મૂડી રોકાણ થવાની પ્રક્રિયા સતત ચાલુ છે.

(૨) સરકાર દ્વારા તેઓને ક્યા ક્યા લાભો આપવામાં આવેલ છે?

(૨) રાજ્ય સરકાર દ્વારા કોઈ વિશેષ લાભો આપવામાં આવતા નથી. નિર્ધારીત નીતિ અનુસાર ઉદ્યોગોને સવલતો આપવામાં આવે છે. રાજ્યમાં ઉદ્યોગો માટે ઉત્સાહ પ્રેરક વાતાવરણ નિર્માણ થવાથી ઉદ્યોગકારોનું લક્ષ ગુજરાત તરફ આવે છે.

-------------

**અમદાવાદ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન**

૧૪૮૦૪**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ લોક અદાલતોમાં કેટલી રકમના એવોર્ડ જાહેર કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) (૧) રેગ્યુલર લોક અદાલત-૧૭૬
(૨) જનરલ લોક અદાલત-૧૭૩
કુલ : ૩૪૯

(૨) (૧) રેગ્યુલર લોક અદાલત
રૂા. ૬,૬૮,૭૬,૫૭૪/-
(૨) જનરલ લોક અદાલત
રૂા. ૧,૦૬,૯૨,૮૮૦/-

**બનાસકાંઠા જિલ્લાની થાવર અને ગુંદરી ચેકપોસ્ટની આવક**

૧૩૧૮૨**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાની થાવર અને ગુંદરી ચેકપોસ્ટ ખાતે કોમ્પ્યુટર, મકાન તેમજ અન્ય કોઈ વધારે સગવડતા જેવી મૂળભૂત સુવિધાઓ શું આપવામાં આવી છે, અને

(૨) આ બન્ને ચેકપોસ્ટની સરેરાશ આવક છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી થઈ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાની થાવર અને ગુંદરી ચેકપોસ્ટ ખાતે કોમ્પ્યુટર, મકાન, કોમ્પ્યુટરાઈઝડ વે-બ્રીઝ, પીવાના પાણી અને પાર્કીંગ જેવી મૂળભૂત સુવિધાઓ આપવામાં આવી છે.

(૨) આ બન્ને ચોકપોસ્ટની છેલ્લા બે નાણાંકીય વર્ષમાં થયેલ સરેરાશ આવક નીચે પ્રમાણે છે.

| નાણાંકીય વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૩૪૨.૫૦ |
| ૨૦૦૮-૦૯ | ૨૬૩૧.૬૭ |

-----------

**નર્મદાનું પાણી પાઈપ લાઈનથી કેનાલોમાં પહોંચાડવા બાબત**

૧૪૦૧૫ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાનું પાણી કેનાલો, સબ કેનાલો, માઈનોરોના સબ માઈનોરોની બદલે પાઈપ લાઈનથી પૂરું પાડવાનો નિર્ણય થયેલ છે તે વાત સાચી,

(૨) આ નિર્ણય ક્યારે લેવામાં આવ્યો,

(૩) પાઈપ લાઈનમાં આ કામમાં કેટલા ખર્ચનો અંદાજ છે અને ક્યારે આ કામગીરી પૂરી કરવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સરદાર સરોવર બંધની મુલાકાત**

૧૪૭૬૩**શ્રી પંકજકુમાર દેસાઈ(નડિયાદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેવડીયામાં સરદાર સરોવર બંધની મુલાકાત કુલ કેટલા પ્રવાસીઓએ લીધી, અને

(૨) તે પૈકી અન્ય રાજ્યોનાં કેટલા મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ આ બંધની મુલાકાતે આવ્યા?

**જવાબ**

(૧) ચાર વર્ષ પૂર્વે સરદાર સરોવર બંધ સ્થળને પ્રવાસધામ તરીકે વિકસાવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યુ ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૨૨ લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે. જે પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેવડીયામાં સરદાર સરોવર બંધની કુલ ૪,૦૯,૮૨૩ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.

(૨) તે પૈકી વર્ષ ૨૦૦૯ દરમ્યાન ૧૩૬૦ અન્ય રાજ્યોનાં મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ સરદાર સરોવર બંધની મુલાકાતે પધારેલ હતા.

-------------

**સરદાર સરોવર બંધની મુલાકાત**

૧૪૭૬૭ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેવડીયામાં સરદાર સરોવર બંધની મુલાકાતે કુલ કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી, અને

(૨) તે પૈકી અન્ય રાજ્યોના કેટલા મહાનુભાવો અને કેટલા ઉચ્ચ અધિકારીઓ આ બંધની મુલાકાતે આવ્યા?

**જવાબ**

(૧) ચાર વર્ષ પુર્વે સરદાર સરોવર બંધ સ્થળને પ્રવાસધામ તરીકે વિકસાવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યુ ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૨૨ લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે. જે પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેવડીયામાં સરદાર સરોવર બંધની કુલ ૪,૦૯,૮૨૩ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.

(૨) તે પૈકી વર્ષ ૨૦૦૯ દરમ્યાન ૧૩૬૦ અન્ય રાજ્યોના મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ સરદાર સરોવર બંધ સ્થળની મુલાકાતે આવ્યા હતા.

-------------

**કોડીનાર પોલીસ સ્ટેશનમાં પ્રતિનિયુક્તિથી મુકવામાં આવેલ પોલીસ કર્મચારીઓ**

૧૩૨૦૫**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જીલ્લાના કોડીનાર પોલીસ સ્ટેશનમાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલાં પોલીસ કર્મચારીને પ્રતિનિયુક્તિ પર મુકવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ પ્રતિનિયુક્તિના મુકેલાં પોલીસ કર્મચારીઓની લેખિત માંગણીથી મુકવામાં આવેલ છે કે કેમ?

(૩) ઉપરોક્ત પોલીસ કર્મચારીઓએ પહેલાં કેટલા સમય સુધી કોડીનાર પોલીસ સ્ટેશનમાં નોકરી કરેલ છે, અને

**જવાબ**

(૧) કોડીનાર પો.સ્ટે.માં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચેની સંખ્યામાં પોલીસ કર્મચારીઓ પ્રતિનિયુક્તિનાં ધોરણે ફરજ બજાવતાં હતાં.

| | |
|---|---|
| આર્મ્ડ એ.એસ.આઈ. | ૧ |
| અનાર્મ્ડ પો.એસ.આઈ. | ૧ |
| અનઆર્મ્ડ પો.કો. | ૪ |
| ડ્રાયવર પો.કો. | ૧ |
| કુલ : | ૭ |

(૨) ઉપરોક્ત પૈકીના પાંચ કર્મચારીને તેમની લેખિત માગણીના આધારે તેમજ બે કર્મચારીને મોખિક રજૂઆતના આધારે કોડીનાર ખાતે મુકવામાં આવેલ હતાં.

(૩) સદરહુ કર્મચારીઓએ તુટક-તુટક કુલ મળીને નીચે દર્શાવેલ સમય માટે કોડીનાર પો.સ્ટે.માં નોકરી કરેલ.

| હોદ્દો | ફરજ બજાવેલ | |
|---|---|---|
| ડ્રા.પો.કો. - ૧ | વર્ષ | માસ |
| અના.પો.કો. -૧ | ૦૭ | ૦૩ |
| આ.એએસઆઈ-૧ | ૦૩ | ૦૧ |
| અના.એએસઆઈ-૧ | ૦૩ | ૦૦ |
| અના.પો.કો.-૧ | ૦૬ | ૦૧ |
| અનામ.પો.કો.-૧ | ૧૧ | ૦૭ |
| અના.પો.કો.-૧ | ૦૭ | ૦૨ |

(૪) ઉપરોક્ત પ્રતિનિયુક્તિ પર મુકવામાં આવેલ પોલીસ કર્મચારીઓને તેમની મુળ જ્ગ્યાએ ફરજ પર પરત મૂકવા માંગો છો કે કેમ?

(૪) ઉપરોક્ત તમામ સાત કર્મચારીઓને ફેબ્રુઆરી ૨૦૧૦ માં હુકમો કરીને તેમના મૂળ પો.સ્ટે. ખાતે પરત કરવામાં આવેલ છે આમ, હાલમાં કોડીનાર પો.સ્ટે. ખાતે કોઈ પોલીસ કર્મચારી પ્રતિનિયુક્તિ ઉપર નથી.

**બાજપાઇ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ ભાવનગર જિલ્લાની સહાય મેળવવાની અરજીઓ**

૧૪૮૧૮ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાજપાઇ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે ભાવનગર જિલ્લામાંથી તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા શિક્ષિત બેરોજગારોને કેટલી રકમની સહાય આપવામાં આવી?

**જવાબ**

(૧) ૪૨૦૩.

(૨) ૨૦૪૦.

(૩) ૧૦૫૦ શિક્ષિત બેરોજગારને રૂા.૧૪૩.૪૭ લાખની સહાય આપવામાં આવેલ છે.

**ગોધરા તાલુકાના ઓરવાડા ગામે નવિન પોલીસ આઉટ પોસ્ટ ખોલવા બાબત**

૧૩૮૬૦**શ્રી તુષારસિંહ મહારાઉલ (દેવગઢ-બારીયા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દેવગઢ બારીઆ ગોધરા તાલુકાના ઓરવાડા ગામે નવિન પોલીસ આઉટ પોસ્ટ શરૂ કરવાની જરૂરીયાત છે, આ નવિન આઉટ પોસ્ટ શરૂ થવાથી અંદાજે ૩૦ જેટલા ગામોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળવામાં સુગમતા રહે તેમ છે. સદર ગામમાં પોલીસ ખાતાની જમીન પણ છે તથા પંચાયત પોતાની માલીકીનું મકાન આઉટપોસ્ટ તરીકે આપવા સંમત છે. આ અંગે અગાઉ અનેક રજૂઆતો થયેલ છે. તો સરકાર ઓરવાડા ગામે નવિન આઉટપોસ્ટ ખોલવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં આ આઉટપોસ્ટ શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : ""ઓરવાડા ગામે નવી આઉટ પોસ્ટ શરૂ કરવા માટેની રજૂઆત મળેલ છે. આ બાબતમાં રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગાંધીનગરે, પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલને જરૂરી ચકાસણી કરીને તેમનો અહેવાલ/દરખાસ્ત મોકલી આપવા જણાવેલું છે. આમ, પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલનો અહેવાલ મળ્યેથી આ બાબતમાં આગળ યોગ્ય વિચારણા કરી શકાશે.""

**દાહોદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંકના મકાનો**

૧૪૭૮૭**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે,

(૨) કેટલા મકાનોની ઘટ છે, અને

(૩) આ ઘટ પૂરી કરવા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ-૧૬૫૫ રહેણાંકના મકાનો છે, અને ૭૯૬ મકાનોની દ ાટ છે જેની સામે દાહોદમાં ૧૮૫ અને પંચમહાલમાં-૨૯૫ મકાનો બનાવવાનું આયોજન છે.

### નર્મદા યોજના અંતર્ગત ઈરીગેશન બાયપાસ ટનલના કામો

**૧૪૭૭૬શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત ઈરીગેશન બાયપાસ ટનલના કામો હાલ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ પાછળ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) ઈરીગેશન બાયપાસ ટનલનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં આ કામ પેટે કુલ ખર્ચ રૂા. ૧૮.૪૮ કરોડ થયેલ છે.

-------------

### લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ડી.૬ ઓઈલ ફીલ્ડમાંથી ગેસ ફાળવવા બાબત

૧૪૮૩૯ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ડી-૬ ઓઈલ ફીલ્ડમાંથી ક્યા ધોરણે ગેસ ફાળવવામાં આવે છે,

(૨) આ ગેસ આ સેકટરના ઉદ્યોગો માટે પુરતો છે કે કેમ,

(૩) જો ના, તો તે અંગે કેન્દ્ર સરકારને તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ રજૂઆત કરવામાં આવી છે કે કેમ, અને

**જવાબ**

(૧) એમ્પાવર્ડ ગ્રૃપ ઓફ મીનીસ્ટર્સ દ્વારા તા. ૨૭-૧૦-૦૯ના રોજ ડી-૬માંથી ગેસની ફાળવણી કરી ૬૧.૬ મીલીયન ક્યુબિક મીટર ગેસની ફાળવણી નિર્ધારીત કરી, જ્યારે ૩૦.૦૦ મીલીયન ક્યુબિક મીટર ગેસ અનિર્ધારીત ધોરણે (ફોલ-બેક-બેઝીસ) ફાળવવામાં આવ્યો. તે માટે નીચે દર્શાવ્યા પ્રમાણે અગ્રતાક્રમ નક્કી કરી નીચે મુજબ ફાળવણી કરવામાં આવી.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ફર્ટીલાઈઝર | ૧૫.૫ મીલીયન નિર્ધારીત ધોરણે | ક્યુબિક | મીટર |
| (૨) | વીજ ઉત્પાદન | ૩૧.૧ મીલીયન નિર્ધારીત ધોરણે | ક્યુબિક | મીટર |
| | | ૧૨.૦ મીલીયન અનિર્ધારીત ધોરણે. | ક્યુબિક | મીટર |
| (૩) | શહેરી વિતરણ | ૫.૦ મીલીયન નિર્ધારીત ધોરણે. (તે પૈકીનો ૪.૧ મીલીયન ક્યુબિક મીટર ગેસ બાદમાં સ્ટીલ ઉદ્યોગ માટે ફાળવવામાં આવ્યો) | ક્યુબિક | મીટર |
| (૪) | એલ.પી.જી. રૂપાંતરણ | ૩.૦ મીલીયન નિર્ધારીત ધોરણે. | ક્યુબિક | મીટર |
| (૫) | રીફાઈનરી અને પેટ્રોકેમિકલ્સ | ૬.૯ મીલીયન નિર્ધારીત ધોરણે. | ક્યુબિક | મીટર |
| | | ૬.૦ મીલીયન અનિર્ધારીત ધોરણે. | ક્યુબિક | મીટર |
| (૬) | લઘુ અને મધ્યમ ઉદ્યોગો | ૨.૦ મીલીયન અનિર્ધારીત ધોરણે. | ક્યુબિક | મીટર |
| (૭) | સ્વ-વીજ ઉત્પાદન (સીપીપી) | ૧.૦ મીલીયન અનિર્ધારીત ધોરણે. | ક્યુબિક | મીટર |

તેપૈકી નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આજદિન સુધી કોઈ ફાળવણી થયેલ નથી

(૨) ના જી, ગુજરાતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વણસંતોષાયેલી જરૂરિયાત ૫ મીલીયન ક્યુબિક મીટર છે.

(૩) ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારને નીચે મુજબ રજુઆતો કરવામાં આવી છે.

(૧) માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએ માન.પ્રધાનમંત્રીશ્રીને પત્ર તા. ૨૫-૯-૦૯.

(૨) માન. કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રીશ્રીને માન.રા.ક.મંત્રી (પેટ્રો.) કક્ષાએ તા. ૨-૧૨-૨૦૦૯ના રોજ પત્ર.

(૩) ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ અને નેચરલ ગેસના સચિવશ્રીને મુખ્યસચિવશ્રી કક્ષાએ લખાયેલ તા. ૩-૧૦-૦૯નો પત્ર આ ઉપરાંત વિભાગ કક્ષાએ તેમજ મંત્રીશ્રી કક્ષાએ મોખિક રજુઆત પણ

કરવામાં આવી છે.

(૪) જો હા, તો આ અંગે કેન્દ્ર સરકારનો પ્રતિભાવ શું છે?

(૪) કેન્દ્ર સરકાર દ્વારા કોઈ પગલાં લેવાયેલ નથી.

**જૂનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૧૪૭૮૪**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે,

(૨) કેટલા આવાસોની ઘટ છે, અને

(૩) આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ-૧૩૬૬ રહેણાંકના મકાનો છે, અને ૬૯૫ આવાસોની ઘટ છે, જે પૂરી કરવા આગામી નાણાંકીય વર્ષમાં કુલ-૫૬૪ મકાનો બનાવવાનું આયોજન છે.

**રાજ્યમાં ખેતીવાડી માટે વપરાતી વીજળી પર ઈલેક્ટ્રીસીટી ડ્યુટી વસૂલવા બાબત**

૧૪૮૩૭ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેતીવાડી માટે વપરાતી વીજળી પર ઈલેક્ટ્રીસીટી ડ્યુટી વસુલવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેનો દર શું છે?

**જવાબ**

(૧) ના, જી. રાજ્યના ખેડૂતો પાસેથી ૫% ના દરે આકારાતી ઈલેક્ટ્રીસીટી ડ્યુટી તા. ૧-૭-૦૪ થી રાજ્ય સરકારદ્વારા સંપૂર્ણપણે નાબુદ કરવામાં આવેલ છે. જેને કારણે રાજ્યના ૮ લાખ ખેડૂતોને વીજબીલમાં વાર્ષિક રૂા. ૧૬ કરોડની રાહત આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કલ્પસર યોજના બનાવવાના પ્રથમ દર્શીય અહેવાલ બાબત**

૧૩૫૨૦**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના બનાવવા માટેનો પ્રથમ-દર્શીય અહેવાલ તેયાર કેટલા સમયમાં કરવામાં આવશે,

(૨) આ અહેવાલ તા. ૧૫-૧-૧૦ની સ્થિતિએ કઈ સ્થિતિમાં છે, અને

(૩) કલ્પસર યોજના શરૂ કરવાનું સરકારનું કેટલા સમયમાં અને શું આયોજન છે?

**જવાબ**

(૧) ખંભાતના અખાતના વિકાસની પરિયોજનાનો શક્યતાદર્શી અહેવાલ ૨૦-૧૨-૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) ખંભાતના અખાતના વિકાસની પરિયોજનાના શક્યતાદર્શી અહેવાલ તેયાર કરવા માટે વિવિધ અભ્યાસો હાથ ધરવાના થાય છે. જે અંતર્ગત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની પ્રતિષ્ઠિત સંસ્થાઓની મદદથી બે થેમેટ્રી સર્વે. હાઈડ્રોડાયનેમીક મોડેલ સ્ટડી, પર્યાવરણીય અને સામાજીક અસરો, ટ્રાન્સપોર્ટેશન પર અસર, બંદરો પરની અસરો, ભૂકંપની અસરો, પાણીની ગુણવત્તા પર અસરો, પાણીની ઉપલબ્ધી અંગેનો અભ્યાસ, પુરનો અભ્યાસ, કુદરતી પરિબળોથી થનાર શક્ય અસરો જેવી કે દરિયાઈ જળસપાટી, પવનના મોજાની અસરો વિગેરે સહિત આ પરિયોજનાના શક્યતાદર્શી અહેવાલને માટે જરૂરી અભ્યાસો તા. ૧૫-૧-૨૦૧૦ની સ્થિતિએ પ્રગતિમાં છે.

(૩) શક્યતાદર્શી અહેવાલ પૂર્ણ થયા બાદ કેન્દ્ર સરકાર સ્તરેથી વિવિધ મંજૂરીઓને આધિન યોજના ત્રણ થી ચાર વર્ષમાં શરૂ કરવાનું આયોજન છે.

**કઠલાલ તાલુકાના અપ્રુજી ગામની જમીન નર્મદા કમાન્ડમાં લેવા બાબત**

૧૩૨૨૩**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના અપ્રુજી ગામની કેટલી જમીન નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં આવેલી છે, અને | (૧) ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના અપ્રુજી ગામની કુલ ૬૧ હેકટર જમીન નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં આવેલી છે. |
| (૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં સિંચાઈ થાય છે? | (૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સિંચાઈ માટે પાણી આપી શકાયેલ નથી, ખરીફ ૨૦૧૦ થી પાણી આપવાનું આયોજન છે. |

-------------

**જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવાની યોજના**

૧૪૭૯૦**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવા સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે? | (૨) ભારત સરકારના સહયોગથી જેલ સુધારણા પર્સપેકટીવ એન્ડ એન્યુઅલ પ્લાન સને ૨૦૦૨-૨૦૦૭ અમલમાં મુક્વામાં આવેલ છે. જેમાં કુલ રૂા. ૬૫.૮૮ કરોડના અનુદાનની ફાળવણી નવી જેલોના બાંધકામ, હયાત જેલોનું વિસ્તરણ અને નવીનીકરણ, સ્ટાફ ક્વાટર્સનું બાંધકામ સેનીટેશન અને પાણી પુરવઠો તેમજ સાધન સામગ્રી માટે કરવામાં આવેલ છે. આ યોજના હેઠળરાજ્યની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા વધારવા નવી જેલોનું બાંધકામ તથા હયાત જેલોમાં નવી બેરેકોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. નવી ગોંડલ સબ જેલ કાર્યરત થતાં ૧૫૦ કેદીઓ રાખવાની ક્ષમતા વધેલ છે. તેમજ પાલારા (ભૂજ) ખાતે ૫૩૦ કેદીઓની ક્ષમતાવાળી નવી ખાસ જેલ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |

-------------

**રાજ્યની જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવાની યોજના**

૧૪૭૮૨**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યની જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવા સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે? | (૨) ભારત સરકારના સહયોગથી જેલ સુધારણા પર્સપેકટીવ એન્ડ એન્યુઅલ પ્લાન સને ૨૦૦૨-૨૦૦૭ અમલમાં મુક્વામાં આવેલ છે. જેમાં કુલ રૂા. ૬૫.૮૮ કરોડના અનુદાનની ફાળવણી નવી જેલોના બાંધકામ, હયાત જેલોનું વિસ્તરણ અને નવીનીકરણ, સ્ટાફ ક્વાટર્સનું બાંધકામ સેનીટેશન અને પાણી પુરવઠો તેમજ સાધન સામગ્રી માટે કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ રાજ્યની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા વધારવા |

નવી જેલોનું બાંધકામ તથા હયાત જેલોમાં નવી બેરેકોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. નવી ગોંડલ સબ જેલ કાર્યરત થતાં ૧૫૦ કેદીઓ રાખવાની ક્ષમતા વધેલ છે. તેમજ પાલારા(ભૂજ) ખાતે ૫૩૦ કેદીઓની ક્ષમતાવાળી નવી ખાસ જેલ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

-------------

**અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં ખુન, ધાડ અને ઘરફોડ ચોરીના બનાવો**

૧૪૨૮૨**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા-નખત્રાણા અને લખપત તાલુકામાં તા.૧૧-૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખુન થયા, કેટલી ધાડ પડી, કેટલી ઘ ારફોડ ચોરીઓ થઈ,

(૨) આ અંગે ગુના મુજબ કેટલા શખ્શોની ધરપકડ કરવામાં આવી, અને તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આ શખ્સોને શું સજા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **તાલુકા** | **ખુન** | **ધાડ** | **ઘરફોડ ચોરી** |
|---|---|---|---|
| નખત્રાણા | ૧ | ૦ | ૩ |
| અબડાસા | ૧ | ૦ | ૬ |
| લખપત | ૦ | ૦ | ૭ |

(૨) અને (૩) : ખુનના બે ગુનામાં ૧૩ આરોપીઓ સંડોવાયેલ છે. તે તમામ ૧૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ઘરફોડ ચોરીના ૧૬ ગુનાઓમાં ૧૩ આરોપીઓ સંડોવાયેલ છે. તે તમામ ૧૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ધાડનો એકપણ બનાવ બનેલ ન હોય આરોપીઓની ધરપકડ કરવાની રહેતી નથી. ખુનના ગુનામાં કુલ ૧૩ આરોપીઓ તથા ઘરફોડ ચોરીઓના ગુનામાં કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરી તે તમામ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

-------------

**નર્મદાની કેનાલો ધ્વારા પાટણ જિલ્લાને સિંચાઈનું પાણી આપવાનું આયોજન**

૧૪૭૭૦**શ્રી રજનીકાન્ત સો.પટેલM#> (ચાણસ્મા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાની કેનાલો ધ્વારા પાટણ જિલ્લાને સિંચાઈ માટે કેટલા હેકટરમાં પાણી આપવાનું આયોજન છે, અને

(૨) આ કેનાલો મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણી ક્યારે આપવામાં આવશે?

**જવાબ**

(૧) નર્મદાની કેનાલો દ્વારા પાટણ જિલ્લાના ૨,૦૩,૮૮૮ હેકટર પિયત વિસ્તારમાં પાણી આપવાનું આયોજન છે.

(૨) આ કેનાલો મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણી શક્ય તેટલી ઝડપથી આપવાનું આયોજન છે.

-------------

**ખેતીવાડીની વીજ માંગને પહોંચી વળવા ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળી**

૧૪૬૧૦**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીવાડીની વિજ માંગને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ ખાનગી વિજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં વરસાદ ખેંચાય ત્યારે ખેડૂતોની વધારાની વીજ માંગને પૂરી કરવા, ઈલેકટ્રીસીટી એક્ટ-૨૦૦૩ની જોગવાઈ મુજબ કેન્દ્રીય વીજ નિયમન આયોગે મંજૂર કરેલ ૪૪ જેટલા ટ્રેડીંગ લાયસન્સીઓ

(૨) આ ખાનગી વિજ કંપનીઓનો પીકઅપ ભાવ શું છે ?

પાસેથી ટેન્ડરીંગ પધ્ધતિ મુજબ ભાવો મંગાવી સોથી નીચા ભાવના વીજ વેચાણકાર પાસેથી તેમજ પાવર એક્ષચેન્જ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. છેલ્લાં ૨ વર્ષમાં આ રીતે ખરીદ કરેલ વીજળીની વિગતો સામેલ પત્રક **માં દર્શાવેલ છે.** વધુમાં, આ પ્રમાણેની ખરીદી રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ પૂરા થતાં વર્ષમાં થયેલ કુલ વીજ ખરીદીના ૧.૭૮ ટકા તેમજ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પૂરા થતાં વર્ષની કુલ વીજ ખરીદીના ૦.૦૯ ટકા છે. ખાનગી વીજ કંપનીઓના કોઈ પીક-અપ ભાવ હોતા નથી.

વધુમાં, રાજ્યમાં વીજ માંગ ઓછી હોય અને રાજ્ય પાસે વધારાની વીજળી ઉપલબ્ધ હોય ત્યારે વીજળી રાજ્ય બહાર વેંચવામાં આવે છે. આ રીતે ચાલુ વર્ષમાં રાજ્ય બહાર વેંચેલ વીજળીના સોથી ઉંચા ભાવ પ્રતિ યુનિટ રૂ. ૧૧.૧૮ સુધી મળેલ છે. જે સામે રાજ્ય દ્વારા વધારાની કૃષિમાંગને પહોંચી વળવા જરૂરિયાતના પ્રસંગે ખરીદાયેલ વીજળીનો ચાલુ વર્ષનો સોથી ઉંચો દર રૂ. ૭.૧૦ પ્રતિ યુનિટ છે.

**પત્રક**

| | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનીટ | દર રૂા. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | દર રૂા. પ્રતિ યુનીટ |
| | **વિજ વેચાણકારો** | | | | |
| ૧ | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન | - | - | ૨ | ૬.૫૪ |
| ૨ | એનટીપીસી વિદ્યુત વ્યાપાર નીગમ લી. | ૯૪.૦૦ | ૬.૫૬ | - | - |
| ૩ | અદાણી એક્સપોર્ટ લી. | ૬૫૯.૦૦ | ૬.૨૭ | - | - |
| ૪ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧૯૪.૦૦ | ૭.૩૬ | - | - |
| ૫ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૯.૦૦ | ૯.૨૯ | ૪ | ૬.૪૪ |
| ૬ | લાન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૪.૨૮ | ૪.૨૯ | - | - |
| ૭ | કલ્યાણી પાવર ડેવલોપમેન્ટ | ૪.૯૭ | ૮.૪૧ | - | - |
| ૮ | જેએસડબ્લ્યુ પીટીસી | ૦.૭૬ | ૭.૧૩ | - | - |
| ૯ | જીન્દાલ પાવર | - | - | ૨૬ | ૭.૧૦ |
| ૧૦ | પાવર એક્ક્ષચેન્જ | ૨.૬૭ | ૮.૧૯ | ૨૦ | ૬.૩૯ |
| | **કુલ :** | **૯૮૮.૬૮** | **૬.૬૦** | **૫૨** | **૬.૭૬** |

-------------

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીને કાર્યાન્વિત કરવા અંગે**

૧૪૭૯૧ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સ્થાપના કરેલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ક્યારથી કાર્યાન્વિત કરવામાં આવશે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં આ યુનિવર્સિટીને કાર્યરત કરવા માટે સરકારે શું શું પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) ગુજરાત સરકારે ભારત દેશ તથા અન્ય દેશોમાં જણાઈ રહેલ ગુન્હા ક્ષેત્રના વૈજ્ઞાનીક/ટેક્નીકલ નિષ્ણાંતોની ઉણપ દૂર કરવા માટે એક મહત્વનુ કદમ ઉઠાવી દેશની પ્રથમ એવી ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. આ યુનિવર્સિટી ઓગષ્ટ-૨૦૦૯થી કાર્યાન્વિત થઈ ગયેલ છે. અને કેટલાક અગત્યના કાર્યો ચાલુ પણ કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં આ યુનિવર્સિટીને કાર્યરત કરવા નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.

૧. યુનિવર્સિટીના રૂલ્સ અને રેગ્યુલેશન્સ બનાવવામાં આવ્યા.
૨. બોર્ડ ઓફ ગવર્નર્સની રચના કરવામાં આવી.
૩. પ્રથમ તબક્કે ત્રણ ઈન્સ્ટીટ્યુટો અનુક્રમે રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, ફોરેન્સીક સાયન્સ ઈન્સ્ટીટ્યુટ અને બીહેવીયરલ સાયન્સ ઈન્સ્ટીટ્યુટની રચના કરવામાં આવી. ત્રણે ઈન્સ્ટીટ્યુટના

ડાયરેક્ટરોની નિમણૂંક કરવામાં આવી.
૪. એકેડેમીક કાઉન્સીલની રચના કરવામાં આવી
૫. ત્રણે ઈન્સ્ટીટ્યુટ ની એરીયા કમિટીઓની રચના કરવામાં આવી અને કોર્ષને લગતા સીલેબસ તેયાર કરવામાં આવ્યા.
૬. અલગ અલગ કમિટીઓ જેવી કે, ફી કમિટી, ફાયનાન્સ કમિટી, એક્ઝામિનેશન કમિટીની રચના કરવામાં આવી.
૭. ઈન્સ્ટીટ્યુટોને લગતા શૈક્ષણિક નિષ્ણાંત મહેકમની નિમણૂંકો કરવામાં આવી.
૮. ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ભવનના બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તા. ૨૯-૧-૨૦૧૦ના ઠરાવથી ૫૦ હજાર ચોરસ મીટર જમીન હાલની ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગરના બિલ્ડીંગની નજીક ફાળવેલ તેની સંપાદનની કામગીરી કરવામાં આવી.
૯. યુનિવર્સિટી કેમ્પસ માટે આર્કીટેક્ટ કન્સલટન્ટની પસંદગી કરવામાં આવી.

આ ઉપરાંત નીચે મુજબના કોર્ષો શરુ કરવામાં આવેલ છે.

(૧) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક સાયન્સ
(૨) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક ફાર્મસી
(૩) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક નેનોટેક્નોલોજી
(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ફોરેન્સીક સાયકોલોજી
(૫) ઓનલાઈન સર્ટીફીકેટ કોર્ષ ઈન ઈન્ફરમેશન સીક્યોરીટી
(૬) ઓનલાઈન સર્ટીફીકેટ કોર્ષ ઈન નેટવર્ક સીક્યોરીટી
(૭) ઓનલાઈન ડીપ્લોમા ઈન સાયબર સીક્યોરીટી
(૮) પી.એચ.ડી. કોર્ષ
(૯) પી.જી.ડીપ્લોમા કોર્ષ ઈન ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક મેનેજમેન્ટ
(જી.એન.એલ.યુ.ના સહયોગથી)

-------------

## ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીને કાર્યાન્વિત કરવા અંગે

૧૪૭૮૬**શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સ્થાપના કરેલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ક્યારથી કાર્યાન્વિત કરવામાં આવશે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૬ (છ) માસમાં આ યુનિવર્સિટીને કાર્યરત કરવા માટે શું શું પગલાં લીધલ છે ?

**જવાબ**

(૧) ગુજરાત સરકારે ભારત દેશ તથા અન્ય દેશોમાં જણાઈ રહેલ ગુન્હા ક્ષેત્રના વેજ્ઞાનીક/ટેક્નીકલ નિષ્ણાંતોની ઉણપ દૂર કરવા માટે એક મહત્વનુ કદમ ઉઠાવી દેશની પ્રથમ એવી ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. આ યુનિવર્સિટી ઓગષ્ટ-૨૦૦૯થી કાર્યાન્વિત થઈ ગયેલ છે. અને કેટલાક અગત્યના કોર્ષો ચાલુ પણ કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં આ યુનિવર્સિટીને કાર્યરત કરવા નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.

૧. યુનિવર્સિટીના રૂલ્સ અને રેગ્યુલેશન્સ બનાવવામાં

આવ્યા.

૨. બોર્ડ ઓફ ગવર્નર્સની રચના કરવામાં આવી.

૩. પ્રથમ તબક્કે ત્રણ ઈન્સ્ટીટ્યુટો અનુક્રમે રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, ફોરેન્સીક સાયન્સ ઈન્સ્ટીટ્યુટ અને બીહેવીયરલ સાયન્સ ઈન્સ્ટીટ્યુટની રચના કરવામાં આવી. ત્રણે ઈન્સ્ટીટ્યુટના ડાયરેકટરોની નિમણૂંક કરવામાં આવી.

૪. એકેડેમીક કાઉન્સીલની રચના કરવામાં આવી

૫. ત્રણે ઈન્સ્ટીટ્યુટ ની એરીયા કમિટીઓની રચના કરવામાં આવી અને કોર્ષને લગતા સીલેબસ તેયાર કરવામાં આવ્યા.

૬. અલગ અલગ કમિટીઓ જેવી કે, ફી કમિટી, ફાયનાન્સ કમિટી, એક્ઝામિનેશન કમિટીની રચના કરવામાં આવી.

૭. ઈન્સ્ટીટ્યુટોને લગતા શૈક્ષણિક નિષ્ણાંત મહેકમની નિમણૂંકો કરવામાં આવી.

૮. ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ભવનના બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તા. ૨૯-૧-૨૦૧૦ના ઠરાવથી ૫૦ હજાર ચોરસ મીટર જમીન હાલની ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગરના બિલ્ડીંગની નજીક ફાળવેલ તેની સંપાદનની કામગીરી કરવામાં આવી.

૯. યુનિવર્સિટી કેમ્પસ માટે આર્કીટેક્ટ કન્સલટન્ટની પસંદગી કરવામાં આવી.

આ ઉપરાંત નીચે મુજબના કોર્ષો શરૂ કરવામાં આવેલ છે.

(૧) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક સાયન્સ
(૨) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક ફાર્મસી
(૩) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક નેનોટેક્નોલોજી
(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ફોરેન્સીક સાયકોલોજી
(૫) ઓનલાઈન સર્ટીફીકેટ કોર્ષ ઈન ઈન્ફરમેશન સીક્યોરીટી
(૬) ઓનલાઈન સર્ટીફીકેટ કોર્ષ ઈન નેટવર્ક સીક્યોરીટી
(૭) ઓનલાઈન ડીપ્લોમા ઈન સાયબર સીક્યોરીટી
(૮) પી.એચ.ડી. કોર્ષ
(૯) પી.જી.ડીપ્લોમા કોર્ષ ઈન ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક મેનેજમેન્ટ
(જી.એન.એલ.યુ.ના સહયોગથી)

## અમદાવાદ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

૧૪૮૦૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૨૦૦૯-૨૦૧૦ નાણાંકીય વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું અને | (૧) (૧) રેગ્યુલર લોક અદાલત - ૧૭૬<br>(૨) જનરલ લોક અદાત -૧૭૩<br>કુલ : ૩૪૯ |
| (૨) આ લોક અદાલતોમાં કેટલી રકમના એવોર્ડ જાહેર કરવામાં આવ્યા ? | (૨) (૧) રેગ્યુલર લોક અદાલત રૂા. ૬.૬૮.૭૬.૫૭૪/-<br>(૨) જનરલ લોક અદાલત રૂા. ૧.૦૬.૯૨.૮૮૦/- |

-------------

### ફસ્ટકલાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની જ્ગ્યાઓ ભરવા અંગે

૧૧૪૮૧ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯-૧૦ના વર્ષ દરમ્યાન ૩૧-૧-૨૦૧૦ની સુધીમા ફસ્ટકલાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કેટલી જ્ગ્યાઓ ભરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### દાહોદ જિલ્લામાં તાલુકાવાર માર્ગ અક્સ્માતના નોંધાયેલ કેસો

૧૪૬૧૩**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ અક્સ્માતના કુલ કેટલા કેસો નોંધાયા, અને આવા અક્સ્માતમાં કેટલા લોકોના મૃત્યુ થયા?

**જવાબ**

દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ અક્સ્માતના કુલ નોંધાયેલ કેસો અને અક્સ્માતમાં મૃત્યુ પામેલાની સંખ્યા નીચે પ્રમાણે છે.

| | તાલુકા | અક્સ્માતના કેસો | અક્સ્માતમાં થયેલ મૃત્યુ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૧૮ | ૮૦ |
| ૨ | ગરબાડા | ૧૦૯ | ૩૫ |
| ૩ | ધાનપુર | ૩૯ | ૧૫ |
| ૪ | દે. બારીઆ | ૨૩૨ | ૭૭ |
| ૫ | લીમખેડા | ૧૮૧ | ૬૫ |
| ૬ | ઝાલોદ | ૨૩૦ | ૮૦ |
| ૭ | ફતેપુરા | ૬૪ | ૧૭ |
| | **કુલ :** | **૧૧૭૩** | **૩૬૯** |

જિલ્લામાંથી નેશનલ હાઈવે પસાર થતો હોઈ સારા રસ્તાઓના લીધે વાહનોની વધુ પડતી ઝડપ અને ડ્રાયવરોની બેદરકારીના કારણે પણ જીવલેણ અક્સ્માતો વધુ થાય છે. આમ છતાં, જિલ્લામાં અક્સ્માતો ઓછા બને અને તકેદારી તેમજ સતર્કતા માટે જિલ્લામાં તાલુકા મથકોમાં ટ્રાફીક્ની બ્રીગેડનો સ્ટાફ ગોઠવવામાં આવેલો છે, અવારનવાર ડ્રાઈવ રાખવામાં આવે છે. વધુ ઝડપથી હંકારતા વાહન ચાલકો સામે મોટર વેહીકલ એકટ તેમજ આઈ.પી.સી. હેઠળ પગલાં ભરવામાં આવે છે, અક્સ્માતમાં ઘાયલ થયેલાંને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ૧૦૮ મોબાઈલ કાર્યરત છે, નેશનલ હાઈવે ઉપર મોબાઈલ પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલ છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાફિક નિયમનના ભંગ બદલ જિલ્લામાં કુલ ૪૦૮૧૬ એન.સી. કેસોમાં રૂપિયા ૧,૦૨,૪૪,૪૪૩ દંડ પેટે વસુલ લેવામાં આવેલ છે.

### જેતપુર તાલુકામાં ચોરી અને લુંટફાટના નોંધાયેલ ગુનાઓ

૧૩૨૧૩**શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોરી અને લૂંટફાટના કેટલા કેસો નોંધાયેલ છે,

(૨) તે પેકીના કેટલા કેસોનો ઉકેલ આવેલ છે,

(૩) તે પેકીના પડતર કેસોનો ઉકેલ ક્યારે આવશે,

**જવાબ**

(૧) જેતપુર તાલુકામાં ચોરીના ૧૪૫ અને લુંટફાટના ૦૯ કેસો નોંધાયેલ છે.

(૨) ચોરીના ૪૯ અને લુંટફાટના ૦૬ કેસો શોધાયેલ છે.-

(૩) ચોરીના લુંટના પડતર રહેવા પામેલ કેસોના ઉકેલ માટે નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

આરોપીઓને પકડવા માટે વખતોવખત તપાસ કરવામાં આવે છે. જેમ બને તેમ વહેલી તકે આરોપીઓની ધરપકડ થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

આરોપીઓના સગાવ્હાલાંને ત્યાં ખાનગી વોચ રાખી અવારનવાર તપાસ કરવામાં આવે છે. જરૂર જણાય ત્યાં સીઆરપીસી ૭૦ મુજબ વોરંટ કઢાવી નજીકના દરેક પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવે છે. બાતમીદારો રોકી આરોપીઓના છુપાવાના સંભવિત સ્થળોએ અવાર નવાર વોચ રાખી માહિતી મેળવવા પ્રયત્નો કરવામાં આવે છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) કેટલા ગુનેગાર પકડાયા, અને | (૪) કુલ ૧૨૫ આરોપીઓ પકડાયેલ છે. |
| (૫) કેટલા ગુનેગાર નાસતા ફરે છે? | (૫) એક આરોપી નાસતો ફરે છે. |

-------------

## રાજુલા તાલુકામાં પાવર પ્રોજેક્ટ માટે ટોરેન્ટ પાવર સાથે થયેલ કરારો

**૧૪૩૮૦ શ્રી હીરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા તાલુકામાં પાવર પ્રોજેક્ટ માટે ટોરેન્ટ પાવર સાથે કોઈ કરારો થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમની શું વિગતો છે, અને | (૨) તા. ૨૨-૫-૨૦૦૭ના રોજ ટોરેન્ટ પાવર અને ગુજરાત પાવર કોર્પોરેશન લિ. વચ્ચે અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાના રામપરા-૨ અને ઉચેયા ગામે કોલસા આધારીત ૧૦૦૦ મે.વો.નું વીજમથક સ્થાપવા માટે સમજૂતી કરાર થયેલ. ત્યારબાદ, તા. ૧૧-૧૨-૨૦૦૯ના રોજ ગુજરાત પાવર કોર્પોરેશન લિ. અને ટોરેન્ટ પાવર લિ. વચ્ચે આ વીજ યોજના માટે શેરમૂડી રોકાણ કરાર થયેલ છે. |
| (૩) કેટલા સમયમાં તેની કામગીરી શરૂ થનાર છે? | (૩) આ સંયુક્ત સાહસ દ્વારા માર્ચ-૨૦૧૨ સુધીમાં આ વીજ યોજના સ્થાપવાનો અંદાજ છે. |

-------------

## બનાસકાંઠામાં તાલુકાવાર આપવામાં આવેલ પોષડોડાના લાયસન્સ

**૧૩૪૬૦ શ્રી લીલાધરભાઈ વાઘેલા** (ડીસા) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોષડોડાના કેટલા લાયસન્સ તાલુકાવાર અપાયેલા છે? | બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોષડોડાના તાલુકાવાર એક પણ નવા લાયસન્સ આપવામાં આવેલ નથી. |

-------------

## ભિલોડા તાલુકાના ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવા બાબત

૧૪૭૧૬**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા ગામો આવરી લેવાના બાકી છે, | (૧) અને (૨) : તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં સેન્સસ ૨૦૦૧ મુજબ પરંપરાગત વિજળીકરણ થયેલ તમામ ૧૬૫ |

(૨) સરકાર ક્યાં સુધી બાકીના ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧૦૦ ટકા વિજળીકરણ કરવા માગે છે, અને

ગામોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે અને કોઈ ગામ બાકી નથી.

(૩) આ જ્યોતિગ્રામ યોજના હાલ ચાલુ છે કે કેમ?

(૩) ""જ્યોતિગ્રામ યોજના"" અંતર્ગત વીજળીકરણ કર્યા બાદ પણ હાલ નવા વીજ જોડાણોને ૨૪ કલાક પુરવઠો મળે તે પ્રમાણે જ્યોતિ ગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવે છે.

-------------

**નર્મદા ડેમથી વીજ ઉત્પાદન**

૧૪૭૬૨**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા મુખ્ય ડેમની તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઉંચાઈ કેટલી છે,

(૨) હાલની ઉંચાઈએ બંને વીજમથકમાંથી કેટલું વીજ ઉત્પાદન થાય છે, અને

(૩) ડેમની પૂર્ણ ઉંચાઈ પ્રાપ્ત થશે ત્યારે અંદાજે કેટલી વીજળી ઉત્પન્ન થશે?

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય ડેમની તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર છે.

(૨) હાલની ઉંચાઈએ બંને વીજમથકમાંથી ૨૨૪.૫૧ ક્રોડ યુનિટ વીજ ઉત્પાદન ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન થયેલ છે.

(૩) ડેમની પૂર્ણ ઉંચાઈ પ્રાપ્ત થતાં અંદાજે ૬૩૪.૩ ક્રોડ યુનિટ વીજ ઉત્પાદન થઈ શક્શે.

-------------

**કે.જી. બેઝિનમાંથી બ્લોક મેળવવા બાબત**

૧૪૭૪૨ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય દ્વારા કે.જી. બેઝિનમાં બ્લોક ક્યા વર્ષમાં મેળવવામાં આવ્યા,

(૨) સદર બ્લોક્નો એરીયા કેટલો છે, અને તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેમાંથી કેટલું ઉત્પાદન મળ્યું?

**જવાબ**

(૧) કે.જી. બેઝિનમાં નીચેની વિગતે બ્લોક મેળવવામાં આવ્યા છે.

| | બ્લોક | વર્ષ |
|---|---|---|
| ૧. | કે.જી./ઓએસએન-૨૦૦૧/૩ | ૨૦૦૩ |
| ૨. | કે.જી. /ડીડબલ્યુએન-૨૦૦૪/૧ | ૨૦૦૭ |
| ૩. | કે.જી. /ડીડબલ્યુએન-૨૦૦૪/૨ | ૨૦૦૭ |
| ૪. | કે.જી. /ડીડબલ્યુએન-૨૦૦૪/૩ | ૨૦૦૭ |
| ૫. | કે.જી. /ડીડબલ્યુએન-૨૦૦૪/૫ | ૨૦૦૭ |
| ૬. | કે.જી. /ડીડબલ્યુએન-૨૦૦૪/૬ | ૨૦૦૭ |
| ૭. | કે.જી. /ઓએનએન-૨૦૦૪/૨ | ૨૦૦૭ |
| ૮. | કે.જી. /ડીડબલ્યુએન-૨૦૦૫/૧ | ૨૦૦૮ |
| ૯. | કે.જી. /ઓએસએન-૨૦૦૫/૧ | ૨૦૦૮ |

(૨) ઉપર્યુક્ત બ્લોક્સનો કુલ એરિયા ૬૦૩૬૩ ચો.કિ.મી. છે. તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રૂા.૬૧૯૦.૯૩ ક્રોડનું મૂડી રોકાણ કરવામાં આવેલ છે.

(૩) કે.જી. બેઝિનમાં આવેલા બ્લોકો પેકી જીએસપીસી ઓપરેટેડ બ્લોક નંબર કેજી-ઓએસએન-૨૦૦૧/૩ બ્લોક્માં શારકામ કરેલ છે, તેમાંથી મળેલ ઓઈલ અને ગેસ દીન દયાલ વેસ્ટ ફીલ્ડના ફીલ્ડ ડેવલપમેન્ટ પ્લાનમાં જણાવ્યા અંતર્ગત ૨૦૧૨-૨૦૧૩ થી મળવાનું શરૂ થશે.

ઉક્ત બ્લોક્માં અત્યાર સુધી ૧૬ કૂવાઓનું શારકામ હાથ ધરવામાં આવેલ છે. દીન દયાલ વેસ્ટ ફીલ્ડમાંથી ગેસનું ઉત્પાદન ૨૦૧૨-૧૩થી મળવાનું શરૂ થશે, જે માટે ૧૫ કૂવાઓના શારકામનું આયોજન કરેલ છે. આ પેકી ૪ કૂવાઓનું શારકામ ઉત્ખનન દરમ્યાન પૂર્ણ કરવામાં આવેલ છે. આ ફીલ્ડમાંથી મહત્તમ ઉત્પાદન દૈનિક ૨૦૦ એમ.એમ.એસ.સી.એફ.ડી. ગેસ મેળવી

શકાશે, પ્રવર્તમાન દરે જેની કિંમત રૂા. ૩૪૫૩૯ ક્રોડ જેટલી થવાનો અંદાજ છે. સમગ્ર બ્લોકમાં દીન દયાલ ફિલ્ડના અંતર્ગત દીન દયાલ વેસ્ટ ફીલ્ડ સિવાય સંલગ્ન અન્ય ફીલ્ડો જેવી કે દીન દયાલ નોર્થ, દીન દયાલ ઈસ્ટ, દીન દયાલ નોર્થ-ઈસ્ટ અને દીન દયાલ વેસ્ટ-ડાઉનથ્રોન વગેરેનાં સંભવિત રિઝર્વને ધ્યાનમાં લઈએ તો મહત્તમ ઉત્પાદન દૈનિક ૨૦૦ એમ.એમ.એસ.સી.એફ.ડી. કરતાં પણ વધુ મેળવી શકાશે.

-------------

**પંચમહાલ જિલ્લાના તાલુકાવાર દહેજ બાબતે મારી નાખવાના/આત્મહત્યાના નોંધાયેલ ગુનાઓ**

૧૪૮૬૨**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમા દહેજ બાબતે સ્ત્રીઓને મારી નાખવાના તથા આત્મહત્યાના કેટલા ગુનાઓ નોંધાયા?

**જવાબ**

સ્ત્રીઓને મારી નાખવાનો એક પણ ગુનો નોંધાયેલ નથી. જ્યારે આત્મહત્યાના બનાવો તાલુકાવાર નીચે મુજબ બનેલ છે

| ક્રમ | તાલુકાનું નામ | આત્મહત્યાના બનાવો |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧ |
| ૨ | શહેરા | ૭ |
| ૩ | મોરવા | ૧ |
| ૪ | હાલોલ | ૧ |
| ૫ | કાલોલ | ૭ |
| ૬ | ઘોઘંબા | - |
| ૭ | જાંબુઘોડા | - |
| ૮ | લુણાવાડા | ૪ |
| ૯ | ખાનપુર | - |
| ક્રમ | તાલુકાનું નામ | આત્મહત્યાના બનાવો |
| ૧૦ | સંતરામપુર | - |
| ૧૧ | કડાણા | - |

આવા ગુનાઓ ઈ.પી.કો. કલમ ૪૯૮(ક) ૩૦૬ તથા દહેજ ધારા કલમ ૩, ૪, ૫ અને ૭ હેઠળ નોંધવામાં આવેલ છે.

ઉપરોક્ત ગુનાઓમાં કુલ-૫૬ આરોપીઓ સંડોવાયેલ છે. જે તમામની ધરપકડ કરવામાં આવેલ છે.

-------------

**ખેડા જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજના હેઠળ વિદ્યુતિકરણની અરજીઓ**

૧૪૦૨૫ **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુટીરજ્યોતિ યોજના હેઠળ વિદ્યુતિકરણ માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) આ પેકી કેટલા ઈસમોને વિદ્યુતિકરણનો લાભ મળ્યો?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યની ""કુટિરજ્યોતિ"" યોજના આદિવાસી વિસ્તારના લાભાર્થીઓ માટે અમલમાં છે. ખેડા જિલ્લામાં આદિવાસી વિસ્તાર ન હોવાથી કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વિદ્યુતિકરણની અરજીઓ આવતી નથી. પરંતુ રાજ્યની ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ ખેડા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૪૦૧૨૪ વીજજોડાણ આપવામાં આવેલ છે.

-------------

**પોરબંદર શહેર અને જિલ્લામાં થયેલ ખૂન/હત્યાઓના હત્યારાને પકડવાના બનાવો**

૧૪૧૫૧**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પોરબંદર શહેર અને જિલ્લામાં ખૂન/હત્યાઓ થયા હોય અને લાંબો સમય વિતવા છતાં કેટલા આરોપીઓને પકડવાના બાકી છે

**જવાબ**

(૧) માત્ર એક આરોપીને પકડવાનો બાકી છે.

(૨) આવા લાંબા સમયથી ખૂનો/હત્યાઓ થયેલ હોય અને ચાર્જશીટ તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ન મૂકાયા હોય તેવા કેટલા કેસો છે, અને

(૩) જો ચાર્જશીટ ન થઈ હોય તો તેના કારણો શા છે?

(૨) માત્ર પકડવાના બાકી એક આરોપી પુરતી ચાર્જશીટ મુક્વાની બાકી છે.

(૩) ખૂનનો એક આરોપી નાસતો ફરતો હોઈ પકડાયેલ નથી જેને કારણે તેની વિરુધ્ધ ચાર્જશીટ મુક્વાની બાકી છે.

-------------

**મુંદ્રા તાલુકામાં કોસ્ટલ પાવર સ્ટેશન/ટાટા પાવર સ્ટેશનમાં પકડાયેલ વિદેશી દારૂ**

૧૩૮૫૦**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જીલ્લામાં મુંદ્રા તાલુકામાં કોસ્ટલ પાવર સ્ટેશન/ટાટા પાવર સ્ટેશનના બાંધકામના કોન્ટ્રેકટસ કે પાવર સ્ટેશન ઉભું કરવાના મશીનરી સપ્લાયર વિદેશી કંપનીઓની કોલોની કે આ વિસ્તારમાં ગેરકાયદે લાવેલ કે લવાતો દારૂ કે નશાબંધી અન્વયે પ્રતિબંધીત પીણાનાં પેકીંગ્સ/બોટલ કે કન્ટેઇનર મુંદ્રા/કચ્છની પોલીસે પકડેલ છે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ અન્વયે નશાબંધી ખાતા ધ્વારા દારૂબંધીનો ભંગ કરનાર કોની કોની સામે ક્યા ક્યા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | નોંધાયેલ કેસો | આરોપીઓ |
|---|---|---|
| ૨૦૦૭ | ૫ | ૫ |
| ૨૦૦૮ | ૧૧ | ૧૧ |
| ૨૦૦૯ | ૯ | ૧૨ |
| કુલ : | ૨૫ | ૨૮ |

આ અન્વયે કુલ-૨૮ આરોપીઓએ દારૂબંધીનો ભંગ કરતાં તેઓ તમામ વિરૂધ્ધ કુલ-૨૫ ગુનાઓ પ્રોહી.કલમ ૬૬બી, ૬૫ઇ મુજબ ગુના દાખલ કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ છે.

-------------

**રાજ્યમાં નકલી ચલણ ઘુસાડવાના બનેલા બનાવો**

૧૩૪૨૫ **શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં નકલી ચલણ ઘુસાડવાના કેટલા બનાવો કેટલી રકમના બન્યા, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી?

**જવાબ**

(૧) આવા ૨૪૮ બનાવો બનેલ છે.
અને તે રૂ. ૩૭,૨૨,૩૬૦/- ની રકમના બનેલ છે.

(૨) ૧૨૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. આવા ગુના બનતા અટકાવવા માટે રાજ્ય સ્તરે તેમજ જિલ્લા સ્તરે સમિતિની રચના કરવામાં આવેલ છે. રાજ્ય સ્તરે પોલીસ મહાનિર્દેશક શ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાં વડપણ હેઠળ સમિતિની રચના થયેલ છે. આ મીટીંગ દર ત્રણ મહિને યોજવામાં આવે છે. અને જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવામાં આવેલ છે. આમ બનાવટી નકલી નોટો ના દૂષણને ડામવા ના પ્રયત્નો આ સમિતિમાં કરવામાં આવે છે. આવી જિલ્લા કક્ષાની સમિતિઓ અમદાવાદ, વડોદરા, સૂરત, રાજકોટ, કચ્છ, જામનગર, ભાવનગર, પોરબંદર, ભરૂચ અને ખેડા જિલ્લામાં રચવામાં આવેલ

છે. આવી સમિતિ દર ત્રણ મહિને એક વાર મળશે તેવું ઠરાવવામાં આવેલ છે.

-બેંકોની અંદર ખરી તેમજ ખોટી નોટોથી લોકો છેતરાય નહીં તે સારૂ તેના પોસ્ટરો લગાડવામાં આવેલ છે. તેમજ લોક દરબારો તથા પોલીસ સ્ટેશનોની વિઝીટ દરમ્યાન લોકોને જાગૃત કરવા સુચના કરવામાં આવે છે.

-ખાનગી રાહે હકીક્ત મેળવી શંકાસ્પદ વ્યક્તિઓ ઉપર વોચ રાખવામાં આવે છે.

-પોલીસ સબ ઇન્સ્પેક્ટર થી ઉપર ના અધિકારીશ્રીઓને તપાસ સોંપવામાં આવે છે અને બનાવની ઝીણવટભરી તપાસ થાય તેવા સતત અને સઘ ાન પ્રયત્નો કરવામાં આવે છે.

-------------

## પંચમહાલ જિલ્લામાં મળેલ કુટિર ઉદ્યોગની અરજીઓ

૧૩૫૧૪**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જીલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુટીર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ જિલ્લા કુટીર કેન્દ્ર ને મળી, અને

(૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ.

**જવાબ**

(૧) મળેલ અરજીઓ

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૮ | ૪૩૧૩ |
| વર્ષ ૨૦૦૯ | ૬૫૮૨ |

(૨) મંજૂર કરેલ અરજીઓ

| | |
|---|---|
| ૨૦૦૮ | ૧૧૯૦ |
| ૨૦૦૯ | ૧૯૩૦ |

નામંજૂર કરેલ અરજીઓ

| | |
|---|---|
| ૨૦૦૮ | ૨૩૧૫ |
| ૨૦૦૯ | ૩૮૯૪ |

-------------

## એ.આર.ટી.ઓ કચેરી ભરૂચી આવક

૧૪૭૯૮**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની ભરૂચ એ.આર.ટી.ઓ કચેરીની છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના શા કારણો છે?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષની નાણાંકીય આવક નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| | |
|---|---|
| ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ | રૂા.૩૦૮૫.૬૬ |
| ૧-૪-૨૦૦૮ થી ૩૧-૩-૨૦૦૯ | રૂા.૩૧૯૧.૮૯ |
| ૧-૪-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦ | રૂા.૨૯૨૧.૬૮ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## સુરેન્દ્રનગર જિલ્લાના ધોળી ધજા ડેમમાં નર્મદાનું પાણી નાંખવા બાબત

૧૪૭૬૮**શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ધોળીધજા ડેમમાં નર્મદાના પાણી નાંખવામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો આ પાણીના ઉપયોગ અને વપરાશ માટે સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) પીવાના હેતુસર નીચેની વિગતે
(૧) સુરેન્દ્ર નગર અને વઢવાણ શહેર માટે નગરપાલિકા દ્વારા રોજનું ૩ કરોડ લીટર પાણી ઉપાડવામાં આવે છે. તથા પ્રગતિ હેઠળની સુરેન્દ્રનગર જીલ્લાની સંકલિત પાણી પુરવઠા યોજના હેઠળનાં ૨૨૪ ગામો પેકી ૧૭ ગામો માટે રોજનું ૧૦ લાખ લીટર પાણી ઉપાડવામાં આવે છે.
(૨) બાકીનો પાણીનો જથ્થો પ્રગતિ હેઠળની સુરેન્દ્રનગર જીલ્લાની સંકલિત પાણી પુરવઠા યોજના હેઠળનાં બાકીના ૨૦૭ ગામો અને ૧ શહેરને તબકક્વાર ડીસે.-૨૦૧૦ સુધીમાં પૂરો પાડવાનું આયોજન છે.

(૩) તે માટે અંદાજે કેટલો ખર્ચ થશે?

(૩) નર્મદા કેનાલમાંથી ડેમમાં નાખવાનાં પાણીના જથ્થા માટે રૂા.૧.૫૫ કરોડનો ખર્ચ થવા અંદાજ છે.

-------------

**દાહોદ જિલ્લામાં રોગ ચિકિત્સાના કાર્યક્રમમાં થયેલ પોલીસ ફરિયાદ**

૧૩૨૦૭**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં દાહોદ જિલ્લામાં કાળી કામળીવાળા મહારાજની ઉપસ્થિતિમાં કેટલા રોગ ચિકિત્સાના કાર્યક્રમ સામે કોઇ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે, અને | (૧) ૩ (ત્રણ) પોલીસ ફરિયાદ નોંધાયેલ છે. |
| (૨) જો હા, તો તે સામે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) આ ગુનાઓની તપાસ કરવામાં આવી રહી છે. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૧૪૭૮૫**શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે, | (૧) કુલ - ૧૪૦૩ મકાનો. |
| (૨) કેટલા આવાસોની ઘટ છે, અને | (૨) ૪૬ આવાસો. |
| (૩) આ ઘટ પૂરી કરવા સરકારે શું પગલાં લીધા છે ? | (૩) આવાસોના બાંધકામ માટેની અગ્રતાયાદી, નાણાંકીય જોગવાઇ અને જે તે સ્થળે જમીનની ઉપલબ્ધતા ધ્યાને લઇને આવાસોની ઘટ પૂરી કરવાનું આયોજન કરવામાં આવે છે. |

-------------

**રાજ્યે પીકઅવર્સની ખરીદેલ વિજળી**

૧૪૪૮૫**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં રાજ્ય સરકારે પીકઅવર્સની કેટલી વિજળી કોની કોની પાસેથી શા ભાવે ખરીદી, અને | (૧) રાજ્યની વીજમાંગને સંતોષવા, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ, કેન્દ્રીય સાહસો, ખાનગી સ્વતંત્ર મથકો, રાજ્ય સરકારના સ્વતંત્ર મથકો, પવનચક્કી તેમજ કેપ્ટીવ પાવર પ્લાન્ટ વિગેરેમાંથી ઉપલબ્ધ વીજળી ખરીદ કરવામાં આવે છે. વીજ જરૂરીયાતનું મૂલ્યાંક્ન કરતી વખતે ઉપરોક્ત દરેક સ્ત્રોતો તથા પીક અવર્સની જરૂરીયાત પણ ધ્યાનમાં લેવામાં |

આવે છે. વધુમાં, માત્ર પીક અવર્સમાં વીજળી ખરીદવામાં આવે તેવું હોતું નથી. પરંતુ રાજ્યમાં વરસાદ ખેંચાય ત્યારે રાજ્યના કૃષિકારોની વધુ વીજમાંગને પહોંચી વળવા તહેવારોના પ્રસંગે અને રાજ્ય હસ્તકના વીજ મથકોના સમારકામના કારણો જેવા અનિવાર્ય સંજોગોમાં ઇલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ની જોગવાઇ મુજબ કેન્દ્રીય વીજ નિયમન આયોગે મંજૂર કરેલ ૪૪ જેટલા ટ્રેડીંગ લાયસન્સીઓ પાસેથી ટેન્ડરીંગ પદ્ધતિ મુજબ ભાવો મંગાવી સૌથી નીચા ભાવના વીજ વેચાણકાર પાસેથી તેમજ પાવર એક્ષચેન્જ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે. છેલ્લાં ૨ વર્ષમાં આ રીતે ખરીદ કરેલ વીજળીની વિગતો **સામેલ પત્રકમાં દર્શાવેલ છે.** વધુમાં, આ પ્રમાણેની ખરીદી રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૮-૦૯ના વર્ષમાં થયેલ કુલ વીજ ખરીદીના ૧.૭૭ ટકા તેમજ ૨૦૦૯-૧૦ ના વર્ષમાં ડિસેમ્બર-૦૯ સુધીમાં થયેલ કુલ વીજ ખરીદીના ૦.૧૨ ટકા છે. ખાનગી વીજ કંપનીઓના કોઇ પીક-અપ ભાવ હોતા નથી.

**પત્રક**

| કંપનીનું નામ | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ (ડીસે.-૦૯ સુધી) | | |
|---|---|---|---|---|---|---|
| | મીલીયન યુનીટ | રૂ. કરોડમાં | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | રૂ. કરોડમાં | દર રૂ. પ્રતિ યુનીટ |
| પાવર ટ્રેડીંગ કોર્પોરેશન | | | | ૨ | | ૬.૫૪ |
| એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૯૪ | ૬૧.૬૬ | ૬.૫૪ | | ૦.૯૮ | |
| અદાણી એક્સપોર્ટ લી. | ૬૫૯ | ૪૧૨.૯૨ | ૬.૨૭ | | | |
| રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧૯૪ | ૧૪૨.૭૩ | ૭.૩૭ | | | |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૯ | ૨૬.૯૫ | ૯.૨૮ | ૪ | ૨.૬૮ | ૬.૪૪ |
| લાન્કો ઇલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૪ | ૧.૮૪ | ૪.૨૯ | | | |
| કલ્યાણી પાવર ડેવલપમેન્ટ | ૫ | ૪.૧૮ | ૮.૪૧ | | | |
| જેએસડબલ્યુ પીટીસી | ૧ | ૦.૫૪ | ૭.૧૩ | | | |
| જીન્દાલ પાવર | | | | ૨૬ | ૧૮.૫૭ | ૭.૧૦ |
| પાવર એક્સચેન્જ | ૩ | ૨.૧૮ | ૮.૧૯ | ૨૦ | ૧૨.૮૨ | ૬.૩૯ |
| **કુલ :** | **૯૮૯** | **૬૫૩.૦૦** | **૬.૬૦** | **૫૨** | **૩૫.૦૫** | **૬.૭૬** |

(૨) આ પીકઅવર્સની વિજળીમાંથી ઓદ્યોગિક દ ારવપરાશ અને કૃષિ ક્ષેત્રમાં કેટલું વિજ વિતરણ કરવામાં આવ્યું ?

(૨) જરૂરિયાતના પ્રસંગે થયેલ ટૂંકાગાળાની વીજ ખરીદીમાંથી પીક-અવર્સ દરમિયાન વિવિધ પ્રકારના વીજ ગ્રાહકોને કેટલી વીજળી પૂરી પાડવામાં આવી તે નક્કી થઇ શકે તેમ નથી.

-------------

**અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલા એમ.ઓ.યુ.**

૧૩૫૨૫**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૦૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવાનાં કૂલ કેટલા રૂપિયાનાં એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે પેકી ક્યા ક્યા ઉદ્યોગ માટે કેટ કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા,

**જવાબ**

(૧) તારીખ ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવાના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ સહિત કુલ રૂા. ૨૪૭૨૨૪.૯૭ કરોડના એમ.ઓ.યુ. થયા.

(૨) તે પેકી કુલ ૧૭ સેક્ટરમાં મોટી કક્ષાના ઉદ્યોગોના રૂા. ૨૪૬૩૯૬.૬૪ કરોડના ૧૬૨ એમ.ઓ.યુ. થયા, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોના રૂા. ૮૨૮.૩૧ કરોડના ૨૭૮ એમ.ઓ.યુ. થયા. સેક્ટર વાઇઝ કેટલા રૂપિયાના કેટલા એમ.ઓ.યુ. થયા તેની વિગત આ સાથે **પત્રક-ક માં સામેલ છે.**

(૩) આ ઉદ્યોગ ક્યા ક્યા સ્થળે સ્થાપવાનું આયોજન હતું, અને

(૩) અમદાવાદ જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ. ના ઉદ્યોગો અમદાવાદ જિલ્લાના સીટી, દસ્ક્રોઇ, સાણંદ, ધોળકા અને બાવળા તાલુકામાં સ્થાપવાનું આયોજન કરેલ છે.

(૪) તેની કાર્યવાહી ક્યા ક્યા તબક્કે અને ઉદ્યોગવાર કેટલી રોજગારી ઉત્પન્ન થશે ?

(૪) અમદાવાદ જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ. ના પ્રોજેક્ટોમાં ઉદ્યોગવાર અને અમલીકરણના તબક્કા મુજબ ઉભી થનાર સીધી તેમ જ આડક્તરી રોજગારીની માહિતી નીચે મુજબ છે.

| ઉદ્યોગની ક્ક્ષા | ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગમાં સુચિત રોજગારી | અમલીકરણ હેઠળના ઉદ્યોગમાં સુચિત રોજગારી | પ્રાથમિક તબક્કા હેઠળના ઉદ્યોગમાં સુચિત રોજગારી |
|---|---|---|---|
| મોટા ઉદ્યોગો | ૫૨૧૫ | ૪૫૧૭૮ | ૩૨૦૪૮૫ |
| મધ્યમ અને લઘુ ઉદ્યોગો | ૧૪૮૫ | ૫૧૫૭ | ૩૦૨૫ |
| કુલ : | ૬૭૦૦ | ૫૦૩૩૫ | ૩૨૩૫૧૦ |

**પત્રક - ક**

| સેકટર | મોટા એકમોની ક્ક્ષામાં થયેલ એમ.ઓ.યુ. | | લઘુ અને મધ્યમ ક્ક્ષામાં થયેલ એમ.ઓ.યુ. | |
|---|---|---|---|---|
| | થયેલ એમ.ઓ.યુ. | રૂપિયા કરોડમાં | થયેલ એમ.ઓ.યુ. | રૂપિયા કરોડમાં |
| એગ્રો અને ફૂડ પ્રોસેસીંગ સેકટર | ૩૩ | ૫૯૪૦.૩૨ | ૨૩ | ૪૯.૩૩ |
| બાયોટેક્નોલોજી સેકટર | ૧૫ | ૧૬૩૩.૫૦ | | |
| કેમીકલ અને પેટ્રોકેમીકલ સેકટર | ૩ | ૩૭૬.૦૦ | ૪૭ | ૮૭.૯૨ |
| એંજીનીયરીંગ અને ઓટો સેકટર | ૩૦ | ૬૫૭૯.૫૫ | ૯૮ | ૩૩૦.૬૦ |
| જી.એમ.ડી.સી. સેકટર | ૧૬ | ૨૭૬૦.૦૦ | | |
| ઇન્ફોર્મેશન ટેક્નોલોજી સેકટર | ૧૬ | ૪૫૩૦૭.૨૭ | ૧ | ૦.૧૭ |
| મિનરલ બેઝ્ડ (સિમેન્ટ) સેકટર | ૬ | ૧૭૫૯૫.૦૦ | ૧ | ૫.૦૦ |
| પી.સી.પી.આઇ.આર. સેકટર | ૧ | ૧૨૦.૦૦ | ૩ | ૧૨.૦૦ |
| ફર્માસ્યુટીકલ્સ સેકટર | ૧૩ | ૧૫૪૪.૦૦ | ૧૪ | ૫૬.૫૫ |
| પાવર સેકટર | ૧૨ | ૬૨૮૨૫.૦૦ | ૧ | ૦.૨૦ |
| પાવર રીન્યુએબલ સેકટર | ૬ | ૧૧૭૫૦.૦૦ | | |
| એસ.ઇ.ઝેડ. સેકટર | ૬ | ૧૭૮૪૦.૦૦ | | |
| સ્પેશીયલ ઇવેસ્ટમેન્ટ રીજીઅન સેકટર | ૨ | ૭૦૦૦૦.૦૦ | | |
| ટેક્ષટાઇલ અને એપરલ સેકટર | ૧૪ | ૧૩૧૬.૦૦ | ૨૮ | ૩૧.૨૮ |
| ઓઇલ એન્ડ ગેસ સેકટર | ૨ | ૮૧૦.૦૦ | ૭ | ૧૩.૨૯ |
| અધર્સ સેકટર | | | ૫૧ | ૨૩૪.૬૪ |
| પેપર્સ સેકટર | | | ૪ | ૭.૩૫ |
| કુલ : | ૧૬૨ | ૨૪૬૩૯૬.૬૪ | ૨૭૮ | ૮૨૮.૩૬ |

-------------

## વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનાવો

**૧૪૭૪૬શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટકેટલા ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનાવો નોંધાયા, અને

(૧)

| વલસાડ જિલ્લો | | | | | નવસારી જિલ્લો | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરી | તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરી |
| વલસાડ | ૮ | ૪ | ૩ | ૧૩૬ | નવસારી | ૧૪ | ૬ | ૫ | ૮૯ |
| પારડી | ૨૪ | ૧૦ | ૪ | ૨૯૪ | જલાલપોર | ૪ | ૨ | ૦ | ૧૭ |
| ઉમરગામ | ૧૨ | ૩ | ૩ | ૫૧ | ગણદેવી | ૧૨ | ૩ | ૧ | ૩૨ |
| ધરમપુર | ૪ | ૦ | ૪ | ૧૦ | ચીખલી | ૭ | ૧ | ૧ | ૨૨ |
| કપરાડા | ૪ | ૦ | ૨ | ૧૪ | વાસદ્દા | ૯ | ૦ | ૦ | ૭ |

(૨) વધતી જતી ગુનાખોરીઓને ડામવા સરકારે

(૨) તા. ૧-૨-૨૦૦૮થી તા. ૩૧-૧-૨૦૧૦ ના

ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

ગાળા દરમિયાન વલસાડ અને નવસારી જિલ્લામાં (૫૯૦+૨૨૬) કુલ મળીને ૮૧૬ બનાવો (ગુનાઓ) નોંધાયેલ છે. જ્યારે આ જ સમયગાળાના અગાઉના બે વર્ષના ગાળા દરમિયાન વલસાડ અને નવસારી જિલ્લામાં (૬૨૫+૨૧૬) કુલ મળીને ૮૪૧ ગુનાઓ નોંધાયેલ છે. આમ, પ્રશ્ન હેઠળના સમયગાળા દરમિયાન આ બંને જિલ્લાઓમાં કુલ ગુનાઓમાં કોઇ વધારો નોંધાયેલ નથી. તેમ છતાં, આવા ગુનાઓ બનતા અટકાવવા માટે નીચે મુજબ અસરકારક પગલાંઓ લેવામાં આવે છે.

- વાહન ચેકીંગ સ્કીમ અમલમાં મૂકી ઝૂંબેશ ચલાવવામાં આવે છે.
- નાઇટ રાઉન્ડ સઘન બનાવી અમલમાં મુકવામાં આવે છે.
- અવાર નવાર કોમ્બીંગ નાઇટનું આયોજન કરી, ગુનેગારોના આશ્રય સ્થાનો, દંગાઓ, હોટલો, ગેસ્ટહાઉસો વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે અને "એ" રોલ તથા "બી" રોલ ભરવામાં આવે છે.
- ચોરીના ગુનાઓમાં એમ.સી.આર. કાર્ડવાળા ઇસમો તેમજ હીસ્ટ્રીશીટરોને ચેક કરવામાં આવે છે.
- ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ અહેવાલો અઠવાડીક મંગાવી, સીનીયર સુપરવાઇઝરી અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.
- શહેરોમાં ચાલતા ખાનગી ટ્યુશન ક્લાસો સવારે ૭.૦૦ કલાક પહેલાં, ચાલુ કરવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

--------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતો માટે ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતો માટે વીજ બચત યોજના

૧૪૩૭૬**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરેન્દ્રનગર જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦માં ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતો માટે વીજ બચત કરવાની કઇ યોજના સરકાર દ્વારા કરવામાં આવેલ છે ?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦માં ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે વીજ બચત કરવા માટે હયાત સામાન્ય પમ્પ સેટને બદલી વધારે કાર્યક્ષમ એવા એનર્જી એફીશીયન્ટ પમ્પ સબસીડીથી લગાડવાની યોજના સરકાર દ્વારા કરવામાં અમલમાં મૂકવામાં આવેલ છે.

## ભરૂચ જિલ્લામાં ગોણ ખનીજ પેદાશોની રોયલ્ટીના નાણાં અંગે

૧૩૭૮૭ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં ગોણ ખનિજ પેદાશોની રોયલ્ટીના નાણાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ કઇ પંચાયતોને કેટલી રકમ આપી, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ.

**પત્રક**

તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રેતી, કંકર ગોણ ખનિજની રોયલ્ટી પેટે ચુકવાયેલ રકમ.

| અ. નં. | તાલુકો | ગ્રામ પંચાયતનું નામ | છેલ્લા ત્રણ વર્ષમાં ચુકવાયેલ |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | શુક્લતીર્થ | ૧૬૬૬૯૮૬ |
| | | તવરા | ૩૨૨૨૯૧ |
| | | મંગલેશ્વર | ૩૨૬૩૬૯ |
| | | વેરવાડા | ૨૩૮૩૩૫ |

| | | | |
|---|---|---|---|
| | | વેરવાડા | ૨૩૮૩૩૫ |
| | | દશાન | ૭૭૧૯ |
| | | કરજણ | ૪૨૭ |
| | | ઓસારા | ૪૭૫૦ |
| | | ભરૂચ | ૨૩૭૫ |
| ૨ | ઝઘડિયા | ગોવાલી/ગોવાલી બેટ | ૭૩૬૭૭૯ |
| | | પાણેથા | ૧૬૬૨૫ |
| | | રાજપારડી | ૧૭૬૩૭૩ |
| | | મોટા વાસણા | ૨૩૩૯૮ |
| | | રતનપુર | ૨૭૩૧૩ |
| | | નાનાસાંજા | ૩૦૫૪૩ |
| | | કુવરપરા | ૧૨૦૩૬ |
| | | ભૂંડવાખાડી | ૨૩૭૫ |
| | | તરસાલી | ૬૩૮૯૧ |
| | | આમોદ | ૧૪૬૪૪ |
| | | ટોઠીદરા | ૨૩૭૫ |
| | | ભીમપોર | ૧૧૮૭૫ |
| | | ભીમપુર | ૨૩૭૫ |
| | | મોટા સોરણા | ૪૭૫૦ |
| | | વેલુગામ | ૩૩૨૫૦ |
| ૩ | અંકલેશ્વર | માંડવા | ૩૧૪૩૩૬ |
| | | કાંસીયા | ૧૫૨૮૩૬ |
| | | નોગામા | ૭૧૨૫ |
| | | મોતાલી | ૧૩૦૨૩ |
| | | કરારવેલ | ૪૭૫૦ |
| | | જીતાલી | ૪૭૫૦ |
| ૪ | વાલીયા | નેત્રંગ | ૪૭૫૦ |
| **અ. નં.** | **તાલુકો** | **ગ્રામ પંચાયતનું નામ** | **છેલ્લા ત્રણ વર્ષમાં ચુકવાયેલ રકમ** |
| ૫ | વાગરા | લુવારા | ૪૫૯૬૦ |
| ૬ | જંબુસર | મગણાંદ | ૬૫૪ |
| ૭ | આમોદ | પુરસા | ૧૦૬૮૭ |
| | | કોબલા | ૧૬૬૩ |
| | **ગ્રામ પંચાયતનું કુલ :** | | **૪૨૮૮૩૮૮** |
| **જીલ્લા પંચાયત ભરૂચ સ્વ ભંડોળ રેતી રોયલ્ટી પેટે** | | | **૪૨૮૮૩૮૮** |
| | **એકંદર કુલ :** | | **૮૫,૭૬,૭૭૬** |

(૨) તે અન્વયે કઇ કઇ પંચાયતોને આ નાણાં મલ્યા નથી ?

(૨) આ અન્વયે નાણા મળવાપાત્ર હોય તેવી કોઇ ગ્રામ પંચાયત રહી ગયેલ નથી.

-------------

**પાદરા તાલુકામાં નર્મદાની માઇનોર, સબમાઇનોર, ફીલ્ડ ચેનલના કામો**

૧૩૮૯૫**શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાદરા તાલુકામાં નર્મદાની કેટલી માઇનોર, સબમાઇનોર અને ફીલ્ડ કેનાલના કામો કરવાના બાકી છે, અને

(૨) આ બાકી રહેલા કેનાલોના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાદરા તાલુકામાં ૩૨ માઇનોર નહેરોના અને ૨૮૩ સબ માઇનોર નહેરોના કામો કરવાના બાકી છે. ફિલ્ડ ચેનલના કામો જે તે ખેડૂતોએ સ્વખર્ચે કરવાના હોય છે.

(૨) બાકી કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સચિવાલયમાં ઉપસચિવની જ્ગ્યામાં બઢતી આપવા બાબત**

૧૪૪૧૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સચિવાલયમાં ઉપસચિવ સંવર્ગની કેટલી જ્ગ્યાઓ ખાલી હતી,

(૨) આ જ્ગ્યાના ફીડર કેડરમાં લાયકાત ધરાવતા બઢતીપાત્ર ઉમેદવારો ઉપલબ્ધ હોવા છતાં બઢતી આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ૪૫.

(૨) અને (૩) : ૩૯ જ્ગ્યાઓ તા.૨૪-૨-૨૦૧૦ના રોજ બઢતીથી ભરવામાં આવી છે.

(૩) જો હા, તો સરકાર આ જ્ગ્યાઓ ક્યારે ભરવા માંગે છે ?

-------------

**દહેજ જી.આઇ.ડી.સી. માટે જમીન સંપાદન કરવા બાબત**

૧૩૭૭૧**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દહેજ જી.આઇ.ડી.સી. માટે જમીન સંપાદન કેટલી કરવામાં આવી, | (૧) ૩૨૮૬ હેક્ટર. |
| (૨) હાલ કેટલી જમીન ઉદ્યોગોને ફાળવણી કરવામાં આવેલ છે, અને | (૨) હાલમાં ૧૩૦૨ હેક્ટર જમીન ઉદ્યોગોને ફાળવી આપવામાં આવેલ છે. |
| (૩) કેટલી જમીન વેચાણ વિના પડતર છે ? | (૩) સામાન્ય રીતે જી.આઇ.ડી.સી.ની ઓદ્યોગિક વસાહતોમાં ૩૦ % થી ૩૫ % જમીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને યુટીલીટી માટે વપરાય છે. આ ધ્યાનમાં લઇને બાકીની જમીનનું વેચાણ કરવાની પ્રક્રિયા ચાલુ છે. જે એક સતત ચાલતી પ્રક્રિયા છે. |

**માનવ કલ્યાણ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાંથી આવેલ અરજીઓ**

૧૪૮૨૪**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાંથી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) માનવ કલ્યાણ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ૧૫૮૪ અરજીઓ મળેલ છે. જે નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૫૦ |
| ૨ | માણસા | ૫૦૯ |
| ૩ | કલોલ | ૪૫૪ |
| ૪ | દહેગામ | ૩૭૧ |
| | **કુલ :** | **૧૫૮૪** |

| | |
|---|---|
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૫૭ અરજીઓ મંજૂર કરેલ છે. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) તે પેકી ૪૪૬ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. |

-------------

**સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ**

૧૪૭૫૯**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર વીજ જોડાણ આપવાના બાકી છે.<br>(૨) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે, અને<br>(૩) બાકી રહેવાના શાં કારણો છે ? | (૧), (૨) અને (૩) : તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીની યાદી મુજબની વીજળીકરણ થઇ શકે તેવી તમામ શાળાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે. |

**પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંકના મકાનોની મરામત**

૧૪૭૮૯**શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ)** : **માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ કર્મચારી માટેનાં રહેણાંક્ના મકાનોના મરામત કામ માટે સરકારે કોઇ યોજના અમલમાં મૂકી છે, તે હકીક્ત સાચી છે, અને<br>(૨) જો હા, તો આ યોજનાની વિગત શું છે ? | (૧) અને (૨) : હા, જી.<br>આ હેતુ માટે દર વર્ષે રાજ્ય સરકારશ્રી દ્વારા અંદાજપત્રમાં જોગવાઇ કરી પોલીસ આવાસ નિગમ દ્વારા કામગીરી કરવામાં આવે છે. સન ૨૦૦૯-૧૦માં આ માટે રૂા. ૨૨.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. |

-------------

**અમદાવાદ શહેરમાં ખૂન, ચોરી, લૂંટ, ધાડ, બળાત્કાર અને અપહરણના બનેલા બનાવો**

૧૩૧૮૮**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ સ્ટેશન પ્રમાણે ખૂન, ચોરી, લૂંટ, ધાડ, બળાત્કાર અને અપહરણના કેટલા ગંભીર ગુના બન્યા, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) તેમાં કેટલા આરોપી પકડાયા, કેટલા પકડાયા નથી, અને ન પકડાયા તેના કારણો શા છે, અને | (૨) તેમાં ૩૨૦૧ આરોપી પકડાયા અને ૧૫૨ આરોપી પકડાયા નથી.<br>અધુરા નામ સરનામા ને કારણે, પર પ્રાંતના હોવાના કારણે, નાસતા ફરતા હોવાના કારણે તથા બીજા જિલ્લાના હોવાના કારણે આરોપીઓ પકડાયા નથી,<br>નાસતા ફરતા આરોપીઓના રહેણાંક તેમજ સગા-સંબંધીઓને ત્યાં તથા મળી આવવાના સંભવિત સ્થળોએ તપાસ કરવામાં આવે છે.<br>આરોપીઓની વિરુધ્ધ સી.આર.પી.સી.ની કલમ ૭૦ મુજબ વોરંટ કઢાવી નાસતા ફરતા જાહેર કરવામાં આવેલ છે.<br>આરોપીઓને પકડી પાડવા માટે તમામ સ્તરે સઘન પ્રયાસો ચાલુ છે. |
| (૩) આ ગુનાઓનું પ્રમાણ ઘટાડવા સરકારે ક્યા પગલાં ભર્યા ? | (૩) આ ગુનાઓનું પ્રમાણ ઘટાડવા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે મિલક્ત સંબંધી ગુનાઓમાં પકડાયેલ ઇસમો વિરુધ્ધ પાસા હેઠળ પગલાં લેવામાં આવેલ છે.<br>(૧) અમદાવાદ શહેરમા રાઉન્ડ ધ ક્લોક નાકાબંધી/વાહન ચેકીંગના પોઇન્ટો, વાહન ચેકીંગ ચાલુ છે.<br>(૨) ગુનેગારો આવીને શહેરમાં વસવાટ કરી, ગુનો કરી ભાગી જતા હોય છે. આવી પ્રવૃતિ અટકાવવા સારુ મકાન માલીક પોતાનું મકાન ભાડે આપે ત્યારે જે તે પો.સ્ટે.માં જાણ કરવા અંગેનું જાહેરનામુ અમલમાં છે.<br>(૩) આવા ગુનાઓ બનતા અટકાવવા અસરકારક નાઇટ રાઉન્ડની સ્કીમ પણ અમલમાં મુકવામાં આવેલ છે.<br>(૪) શહેરમાં શરૂ કરવામાં આવેલ પી.સી.આર. વાન દ્વારા પણ અસરકારક પેટ્રોલીંગની કામગીરી કરવામાં આવે છે. |

(૫) આવરનવાર હોટલ/ધાબાઓ, મોલ, ગેસ્ટ હાઉસો, રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટેન્ડો જેવી ભીડવાળી જ્ગ્યાઓ ચેક ક્રવામાં આવે છે અને શંકાસ્પદ ઇસમો ઉપર દેખરેખ રાખવામાં આવે છે.

(૬) આ ઉપરાંત આવરનવાર કોમ્બીંગ નાઇટનું આયોજન ક્રવામાં આવે છે. જેલમાંથી છૂટેલા આરોપીઓ ઉપર વોચ રાખવામાં આવે છે.

**પત્રક**

| અનુ.નં. | પો. સ્ટેશનનું નામ | ખુન | તમામ ચોરીઓ | લૂંટ | ધાડ | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૩ | ૨૭૬ | ૩૫ | ૧ | ૪ | ૭ |
| ૨ | સેટેલાઇટ | ૩ | ૮૪૯ | ૧૧૫ | ૨ | ૩ | ૯ |
| ૩ | એલીસબ્રીજ | ૫ | ૪૮૫ | ૮૨ | ૧ | ૩ | ૫ |
| ૪ | વસ્ત્રાપુર | ૧ | ૭૬૫ | ૧૧૭ | ૧ | ૧ | ૩ |
| ૫ | નવરંગપુરા | ૨ | ૫૬૪ | ૩૪ | ૦ | ૦ | ૨ |
| ૬ | યુનિવર્સિટી | ૦ | ૨૨૪ | ૩૮ | ૧ | ૦ | ૧ |
| ૭ | ઘાટલોડીયા | ૨ | ૧૮૬ | ૩૩ | ૨ | ૨ | ૪ |
| ૮ | સોલા | ૩ | ૧૯૮ | ૨૪ | ૦ | ૧ | ૫ |
| ૯ | નારણપુરા | ૧ | ૪૪૩ | ૮૧ | ૪ | ૨ | ૧૦ |
| ૧૦ | ચાંદખેડા | ૦ | ૫૮ | ૧૬ | ૦ | ૦ | ૩ |
| ૧૧ | સાબરમતી | ૬ | ૧૪૯ | ૩૨ | ૦ | ૬ | ૪ |
| ૧૨ | માધવપુરા | ૨ | ૧૪૬ | ૯ | ૧ | ૧ | ૬ |
| ૧૩ | શાહપુર | ૦ | ૫૭ | ૩ | ૧ | ૧ | ૦ |
| ૧૪ | કારંજ | ૧ | ૧૫૨ | ૮ | ૦ | ૧ | ૬ |
| ૧૫ | કાલુપુર | ૦ | ૧૩૦ | ૩ | ૦ | ૨ | ૧ |
| ૧૬ | શહેરકોટડા | ૩ | ૭૨ | ૧૬ | ૦ | ૧ | ૫ |
| ૧૭ | ખાડીયા | ૧ | ૫૩ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ગા. હવેલી | ૧ | ૭૭ | ૧૧ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | દરિયાપુર | ૧ | ૨૮ | ૧ | ૦ | ૧ | ૨ |
| ૨૦ | શાહીબાગ | ૧ | ૧૭૭ | ૧૦ | ૦ | ૧ | ૩ |
| ૨૧ | સરદારનગર | ૫ | ૧૪૧ | ૨૦ | ૧ | ૦ | ૩ |
| ૨૨ | નરોડા | ૯ | ૨૫૦ | ૪૮ | ૧ | ૪ | ૨૪ |
| ૨૩ | મેઘાણીનગર | ૫ | ૯૫ | ૧ | ૦ | ૧ | ૫ |
| ૨૪ | ગોમતીપુર | ૨ | ૪૩ | ૬ | ૧ | ૧ | ૮ |
| ૨૫ | રખીયાલ | ૦ | ૪૮ | ૨ | ૦ | ૦ | ૧ |
| ૨૬ | બાપુનગર | ૧ | ૧૨૮ | ૧૦ | ૦ | ૧ | ૧૦ |
| ૨૭ | ઓઢવ | ૬ | ૧૮૩ | ૨૧ | ૦ | ૮ | ૧૪ |
| ૨૮ | રામોલ | ૨ | ૧૫૦ | ૨૦ | ૦ | ૦ | ૧૧ |
| ૨૯ | અમરાઇવાડી | ૫ | ૧૦૯ | ૧૧ | ૦ | ૨ | ૯ |
| ૩૦ | કાગડાપીઠ | ૦ | ૧૮૦ | ૪ | ૦ | ૨ | ૫ |
| ૩૧ | દાણીલીમડા | ૨ | ૫૧ | ૯ | ૦ | ૦ | ૬ |
| ૩૨ | મણીનગર | ૩ | ૩૦૦ | ૫ | ૦ | ૧ | ૦ |
| ૩૩ | ઇસનપુર | ૨ | ૧૩૪ | ૫ | ૦ | ૧ | ૨ |
| ૩૪ | વટવા | ૩ | ૮૦ | ૧૩ | ૧ | ૪ | ૨ |
| ૩૫ | જી.આઇ.ડી.સી. | ૨ | ૫૦ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૩૬ | ડી.સી.બી.પો.સ્ટે. | ૦ | ૩ | ૦ | ૦ | ૧ | ૨ |
| | **ટોટલ** | **૮૩** | **૭૦૩૪** | **૮૪૪** | **૧૮** | **૫૬** | **૧૮૧** |

-------------

## રાજ્યમાં જિલ્લાવાર મીઠાનું ઉત્પાદન

૧૪૮૧૩ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર અને વર્ષવાર મીઠાનું કેટલું ઉત્પાદન થયેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર અને વર્ષવાર મીઠાનું ઉત્પાદન નીચે મુજબ થયેલ છે.

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૮-૦૯ (હજાર ટનમાં) | ૨૦૦૯-૧૦ (હજાર ટનમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | - | - |
| ૨ | આણંદ | ૬.૫૫ | ૧૪.૮૯ |
| ૩ | અમરેલી | ૭૦૬.૪૨ | ૩૭૭.૫૦ |
| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૮-૦૯ (હજાર ટનમાં) | ૨૦૦૯-૧૦ (હજાર ટનમાં) |
| ૪ | ભરૂચ | ૧૨૦૫.૨૩ | ૧૪૧.૩૯ |
| ૫ | ભાવનગર | ૧૫૬૧.૪૦ | ૧૫૬૧.૫૪ |
| ૬ | જામનગર | ૩૦૭૦.૧૧ | ૨૨૨૯.૪૩ |
| ૭ | જુનાગઢ | ૪.૦૮ | ૧૨.૮૨ |
| ૮ | કચ્છ | ૪૮૫૯.૭૨ | ૪૨૫૧.૯૮ |
| ૯ | નવસારી | ૯.૮૦ | ૫.૦૫ |
| ૧૦ | પાટણ | ૬૭૨.૯૯ | ૬૬૨.૭૯ |
| ૧૧ | પોરબંદર | ૩૭.૯૭ | ૨૫.૪૫ |
| ૧૨ | રાજકોટ | ૬૭૦.૧૬ | ૫૧૭.૯૨ |
| ૧૩ | સુરત | ૬૮.૦૬ | ૧૧૭.૧૩ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૧૯૯૪.૬૦ | ૨૧૧૯.૯૪ |
| ૧૫ | વસલાડ | ૩૬.૭૬ | ૪૯.૧૦ |
| | કુલ : | ૧૪૯૦૩.૮૫ | ૧૨૦૮૬.૯૩ |

(૨) રાજ્ય સરકારે મીઠા ઉદ્યોગના વિકાસ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યાં છે ?

(૨) રાજ્ય સરકારે મીઠા ઉદ્યોગના વિકાસ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે નવા રોડ બનાવવા, હયાત રોડનું સમારકામ તેમજ મજબુતીકરણ, પાઇપ લાઇન દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા, તેમજ મીઠાના નિકાસ માટે જેટી (રાજકોટ જિલ્લાના બગસરા વિસ્તારમાં) બનાવવાની યોજનાને મંજુરી આપવી.. વિગેરે પગલાં લીધેલ છે.

## આણંદ જિલ્લાના નવા બનેલા તાલુકામાં પોલીસ મથકની વ્યવસ્થા તેમજ સ્ટાફની સગવડો

૧૩૪૬૩ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નવા બનેલા તાલુકા ઉમરેઠ, આંક્લાવ, સોજીત્રા અને તારાપુરમાં તાલુકા કક્ષાના પોલીસ મથકની વ્યવસ્થા અને જરૂરી પોલીસ સ્ટાફ તથા સગવડો છે કે કેમ,

(૩) જો ના, તો સરકાર દરેક તાલુકા મથકે ઉપર જણાવેલ વ્યવસ્થા, સ્ટાફ તથા સગવડ પૂરી પાડવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : આણંદ જિલ્લામાં નવા બનેલા તાલુકા કક્ષાના પોલીસ મથકોમાં

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નીચે પ્રમાણેનો પોલીસ સ્ટાફ, વ્યવસ્થા અને સગવડો ઉપલબ્ધ છે.

| પો.સ્ટે.નું નામ | મંજૂર મહેકમ | ભરેલી જગ્યા | સ્ટાફ માટે ઉપલબ્ધ રહેણાંક મકાનો |
|---|---|---|---|
| ઉમરેઠ | ૯૭ | ૬૧ | ૬૧ |
| આંક્લાવ | ૩૯ | ૩૪ | ૨૯ |
| સોજીત્રા | ૪૧ | ૩૩ | ૩૬ |
| તારાપુર | ૨૯ | ૨૯+૪ | ૨૯ |

ઉપરોક્ત ચારેય પોલીસ સ્ટેશનોને પોલીસ સ્ટેશન માટેના મકાન ઉપલબ્ધ છે.

- દરેક પોલીસ સ્ટેશનને ફેક્સ મશીન, ઝેરોક્ષ મશીન તેમજ કોમ્પ્યુટર પૂરાં પાડવામાં આવેલાં છે.
- આ પોલીસ સ્ટેશનો જીસ્વાન કનેકટીવીટી ધરાવે છે.
- ઉપરાંત નાગરિક સુવિધા કેન્દ્રો ઉભા કરવા માટે જરૂરી સાધન સામગ્રીની ફાળવણી કરવામાં આવી છે.
- ઉમરેઠ અને આંક્લાવ ખાતે સ્ટાફ માટે જેટલાં મકાનો ખુટે છે, તે માટે મકાન બાંધકામ ચાલુમાં છે.
- મંજૂર થયેલ મહેકમની સામે પોલીસ સબ ઈન્સ્પેકટર, હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલની જે જગ્યાઓ ખાલી છે, તે જગ્યાઓ સત્વરે ભરી શકાય તે માટે રાજ્ય કક્ષાએ નીચેની વિગતે ભરતી પ્રક્રિયા ચાલુ છે અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી ખૂટતો સ્ટાફ પૂરો પાડી શકાશે :-

વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડે ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા.૨૦-૨-૨૦૧૦ થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

-------------

## ગારીયાધાર ડીવીઝનનું બે ભાગમાં વિભાજન કરવા અંગે

૧૪૫૪૨**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ વપરાશકારોને ઝડપી અને વધુ સારી સેવા આપવા હેતુ માટે પી.જી.વી.સી.એલ. ના ગારીયાધાર સબડીવીઝનને બે ભાગમાં વિભાજન કરવા અંગેની કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો. તા.૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આ વિચારણા ક્યા તબક્કે છે, અને

(૩) ક્યાં સુધીમાં આખરી મંજૂરી આપવામાં આવશે ?

(૨) અને (૩) : દરખાસ્તની આર્થિક તેમજ તાંત્રિક ચકાસણી કર્યા બાદ મંજૂરી અંગે કાર્યવાહી હાથ ધરી શકાશે.

-------------

**જૂનાગઢ જિલ્લામાં ફિડરોનું વિભાજન**

૧૪૮૪૫ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ ના નાણાંકીય વર્ષ દરમ્યાન જુદી જુદી ક્ક્ષાના વીજ ગ્રાહકોને પુરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી ક્ક્ષાના વીજ ગ્રાહકોને પુરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ જૂનાગઢ જિલ્લામાં કુલ રૂ.૧૧૮.૨૫ લાખના ખર્ચે ૨૨ ફિડરોને વિભાજન કરવામાં આવેલ છે.

-------------

**સાંતલપુર તાલુકામાં ખનિજોનું ઉત્ખનન નું કામ**

૧૪૬૦૯**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા ખનિજોના ઉત્ખનનનું કામ ચાલુ છે, અને

(૨) તે પેકી ક્યા ક્યા ખનિજોની લીઝ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વિવિધ પ્રકારની ઓદ્યોગિક માટી, (Varigated clays) , સામાન્ય રેતી અને સામાન્ય માટી.

(૨) કલર ઓકર, બોલ ક્લે, વ્હાઈટ ક્લે, ચાઈના ક્લે અને રેડ ક્લેની માઈનીંગ લીઝ આપવામાં આવેલ છે.

-------------

**પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનીટી હોલ બનાવવાની યોજના**

૧૪૭૯૨**શ્રી દિલિપસિંહજી પરમાર(મોડાસા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩ (ત્રણ).

-------------

**માનવ અધિકાર પંચના સભ્યોની નિમણૂક કરવા માટે સમિતિની રચના**

૧૩૨૦૧**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય માનવ અધિકાર પંચમાં સભ્યોની નિમણૂક કરવા તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કોઈ સમિતિની રચના કરવામાં આવી છે,

**જવાબ**

(૧) અને (૨) : હા, જી.

પ્રોટેક્શન ઓફ હ્યુમન રાઈટ્સની ક્લમ ૨૨ અન્વયે એચઆરસી/૧૦૯૪/જીઓઆઈ-૧/ન થી નીચે જણાવ્યા

(૨) જો હા, તો ક્યારે કરવામાં આવી, અને

મુજબના સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ છે.
૧. માન. મુખ્યમંત્રીશ્રી -અધ્યક્ષશ્રી
૨. ગુજરાત રાજ્ય વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી -સભ્યશ્રી
૩. માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) -સભ્યશ્રી
૪. માન.વિરોધપક્ષના નેતાશ્રી -સભ્યશ્રી

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) સમિતિની ભલામણ અન્વયે સરકારે તા.૧૮-૮-૦૬ ની અધિસૂચનાથી ચેરમેનની નિમણૂક કરી છે. તેઓએ તા. ૧૨-૯-૨૦૦૬ થી હવાલો સંભાળી લીધો છે, અને ત્યારથી રાજ્ય માનવ અધિકાર પંચ સતત કાર્યરત છે. જ્યારે સભ્યો અંગેની ભલામણ સમિતિ પાસેથી મળ્યેથી ખાલી જગ્યા પર નિમણૂક આપવામાં આવશે.

**અમદાવાદ જિલ્લાના જર્જરિત વીજ વાયરો બદલવા બાબત**

૧૪૮૪૭**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર અમદાવાદ જિલ્લામાં ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) :

રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર અમદાવાદ જિલ્લામાં ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂપિયા ૨૯.૦૫ લાખના ખર્ચે ૧૦૮.૨૧ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા.

**રાજ્યમાં ખેતીવીડી માટે વપરાતી વીજળી પર ઈલેક્ટ્રીસીટી ડ્યુટી વસૂલવા બાબત**

૧૪૮૩૧**શ્રી ભરતસિંહજી શં.ડાભીM#>(ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં ખેતીવીડી માટે વપરાતી વિજળી પર ઈલેક્ટ્રીસીટી ડ્યુટી વસુલવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેનો દર શું છે ?

**જવાબ**

(૧) ના, જી. રાજ્યના ખેડૂતો પાસેથી ૫ ટકા ના દરે આકારાતી ઈલેક્ટ્રીસીટી ડ્યુટી તા. ૧-૭-૦૪ થી રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણપણે નાબુદ કરવામાં આવેલ છે. જેને કારણે રાજ્યના ૮ લાખ ખેડૂતોને વીજબીલમાં વાર્ષિક રૂ. ૧૬ કરોડ ની રાહત આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લાના જર્જરિત વીજ વાયરો બદલવા બાબત**

૧૪૮૪૬**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર વડોદરા જિલ્લામાં ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) :

રાજ્યના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર વડોદરા જિલ્લામાં ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂપિયા ૧૦૬૭ લાખના ખર્ચે ૬૨૨.૮૨૫ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા.

**નર્મદા યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર શાખા નહેરના કામો**

૧૪૭૭૩**શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ સૌરાષ્ટ્ર શાખા નહેરના કામો ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) સૌરાષ્ટ્ર શાખા નહેરની સાં.૦.૦ થી ૭૦.૯૭૬ કિ.મી. ના તમામ કામો પૂર્ણ થયેલ છે તથા સાં. ૭૦.૯૭૬ થી ૧૦૪.૪૬ કિ.મી. ના ભાગમાં

નહેરના અસ્તરકામ સિવાયના કામો પુર્ણતાના આરે છે.

(૨) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) આ કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૩) આ કામો પાછળ રૂા. ૧૩૧૩.૯૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

-------------

**નર્મદા યોજના અંતર્ગત નહેરોના કામો**

૧૪૭૮૦ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯-૧૦ના વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત કઈ કઈ નહેરોના કેટલી રકમના કામો મંજુર કરવામાં આવ્યા, અને

(૨) આ નહેરોનું કામ પૂર્ણ થતાં કેટલા હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૯-૧૦ના વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મુખ્ય નહેર, શાખા નહેરો, વિશાખા, પ્રશાખા અને પ્ર-પ્રશાખા નહેરોના કુલ ૪૩૧.૬૦ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

(૨) આ નહેરોના કામો પૂર્ણ થતાં ૧,૮૩,૯૫૦ હેક્ટરમાં સિંચાઈનો લાભ મળશે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષય વીજ જોડાણોની અરજી**

૧૩૫૧૭**શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષયક કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા,

(૨) આ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ તાલુકાવાર કેટલા સમયથી પડતર છે, અને

(૩) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ ખેત વિષયક વીજ જોડાણોની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|
| દાંતા | ૭૯૨ |
| ડીસા | ૧ |
| થરાદ | ૧ |
| ધાનેરા | ૧ |
| કુલ : | ૭૯૫ |

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખેતીવિષયક વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી પત્રક-૧ મુજબ છે.

**પ ત્ર ક - ૧**

| તાલુકો | ડાર્ક ઝોન વિસ્તારની વર્ષવાર પડતર અરજીઓની સંખ્યા | | | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | |
| પાલનપુર | ૪૦ | ૨૧૯ | ૨૪૬ | ૧૦૯ | ૧૦૨ | ૧૫૮ | ૬૫ | ૧૮૫ | ૧૨૩ | ૧૦૩ | ૭૩ | ૨૩ | ૧૪૩ | ૫૩ | ૧૬૪૨ |
| અમીરગઢ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ | ૨ | ૯ | ૩ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૩૦ |
| દાંતીવાડા | ૩૧ | ૮૪ | ૧૭૪ | ૮૫ | ૫૨ | ૧૫૬ | ૧૫૧ | ૨૮૮ | ૨૯૫ | ૧૨૧ | ૩૫ | ૧૭ | ૭૪ | ૬૨ | ૧૬૨૫ |
| ધાનેરા | ૩૭૮ | ૩૯૭ | ૩૧૦ | ૧૬૬ | ૨૫૦ | ૫૦૧ | ૩૬૦ | ૩૭૫ | ૩૯૭ | ૧૩૧ | ૩૯ | ૩ | ૫૫ | ૮૨ | ૩૪૪૪ |
| વડગામ | ૧૯૮ | ૨૯૪ | ૨૭૪ | ૧૪૨ | ૧૨૧ | ૭૧ | ૫૭ | ૧૧૭ | ૧૩૭ | ૫૩ | ૫૬ | ૨૭ | ૧૧૬ | ૫૯ | ૧૭૨૨ |
| ડીસા | ૩૨૮ | ૬૮૬ | ૪૩૨ | ૧૭૯ | ૨૬૨ | ૪૨૪ | ૪૨૭ | ૬૧૨ | ૪૭૦ | ૨૦૫ | ૭૧ | ૨૫ | ૨૬૫ | ૧૩૪ | ૪૫૨૦ |
| દીયોદર | ૪૧૭ | ૨૪૫ | ૧૧૭ | ૪૩ | ૩૫ | ૪૦ | ૨ | ૧૨૯ | ૫૫ | ૧૭ | ૨૫ | ૧૨ | ૧૪ | ૧૦ | ૧૧૬૧ |
| ભાભર | ૮૩ | ૧૪૪ | ૪૬ | ૩૨ | ૯ | ૨૫ | ૩ | ૮૧ | ૩૭ | ૧૧ | ૨૬ | ૧૩ | ૧૦ | ૨ | ૫૨૨ |
| કાકરેજ | ૧૨૯ | ૨૪૩ | ૯૫ | ૪૩ | ૨૨ | ૫૦ | ૧૨ | ૪૧ | ૫૭ | ૨૦ | ૩૦ | ૯ | ૪ | ૧૨ | ૭૬૭ |
| થરાદ | ૧૫૯૮ | ૫૭૧ | ૩૭૮ | ૧૬૬ | ૨૧૩ | ૧૭૪ | ૬૦ | ૨૮૭ | ૬૫૨ | ૫૪૭ | ૧૦૦ | ૨૯ | ૧૨૮ | ૧૨૦ | ૫૦૨૩ |
| વાવ | ૦ | ૦ | ૪૮ | ૩૨ | ૧૮ | ૫૮ | ૪૦ | ૪૩ | ૩૬ | ૮૩ | ૩૨ | ૧૧ | ૧૫ | ૧૦ | ૪૨૬ |
| કુલ | ૩૨૦૨ | ૨૮૮૪ | ૨૧૨૧ | ૯૯૯ | ૧૦૮૫ | ૧૬૫૯ | ૧૧૭૯ | ૨૧૬૭ | ૨૨૬૨ | ૧૨૯૩ | ૪૮૭ | ૧૭૦ | ૮૨૫ | ૫૪૯ | ૨૦૮૮૨ |
| | આદિજાતિ વિસ્તારની વર્ષવાર પડતર અરજીઓની સંખ્યા | | | | | | | | | | | | | | |
| દાંતા | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | |
| | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯ | ૦ | ૩૫૬ | ૩૭૫ | |
| | સામાન્ય યોજના હેઠળ (નોન ટ્રાયબલ - નોન ડાર્કઝોન) વર્ષવાર પડતર અરજીઓની સંખ્યા | | | | | | | | | | | | | | |
| દાંતા | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | |
| | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬ | ૧૫ | ૯ | ૮૭ | ૨૩ | ૫૧ | ૨૬૦ | ૪૦૬ | ૮૭૭ | |
| | | | | | | | | | | | | સમગ્ર કુલ........ | | ૨૨૧૩૪ | |

(૩) રાજ્ય સ્થાપનાની સ્વર્ણિમજ્યંતિના ઉપલક્ષ્યમાં આદિજાતિ વિસ્તારની ૩૭૫ પડતર

અરજીઓનો નિકાલ તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કરવાનું આયોજન છે. જ્યારે બાકી રહેલ પડતર અરજીઓના નિકાલ વીજ ઉત્પાદન, વીજમાંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજવિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન છે.

**વીજળી પરના ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો**

૧૪૮૩૫**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં વીજળી પરના ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. નામદાર આયોગના તા.૨૫-૦૬-૨૦૦૪ના આદેશથી બળતણ ખર્ચ/વીજ ખરીદીના ભાવ વધારાને કારણે થતા વધારાના ખર્ચને વસૂલ કરવાની ફોર્મ્યુલા પણ નક્કી કરેલી છે. તે પ્રમાણે વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાનાં ભાવોમાં થતો વધારો/ઘટાડો તેમજ આ બળતણોનાં પરિવહન દરોમાં અવારનવાર થતાં વધારા/ઘટાડાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જમાં, નામ આયોગની ફોર્મ્યુલા મુજબ વધારો/ઘટાડો કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેમાં કેટલો ઘટાડો કરવામાં આવેલ છે ? | (૨) જાન્યુઆરી-૨૦૦૯થી જુન-૨૦૦૯ સુધીમાં ફ્યુઅલ સરચાર્જનો દર સૌથી ઉંચો એટલે કે રૂા.૧.૨૯ પ્રતિ યુનિટ થયેલ. તે સમયે ગ્રાહકો પાસેથી સરકારે રૂા.૦.૯૧ પ્રતિ યુનિટ વસુલ કરી ગ્રાહકોને રૂા. ૫૧૪/- કરોડની રાહતો આપેલ છે. જાન્યુઆરી-૨૦૧૦થી ફ્યુઅલ સરચાર્જનો દર રૂા.૦.૯૧ પ્રતિ યુનિટ થી ઘટીને રૂા. ૦.૬૨ પ્રતિ યુનિટ થયેલ છે અને તેનાથી ગ્રાહકોને રૂા. ૧૨૫૦/- કરોડ જેટલી વાર્ષિક રાહત મળશે. |

**એ.આર.ટી.ઓ કચેરી ગાંધીધામ-ભૂજની આવક**

૧૪૭૯૪**ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની ગાંધીધામ-ભૂજ એ.આર.ટી.ઓ કચેરીમાં કેટલી આવક થયેલ છે, અને | (૧) છેલ્લા ત્રણ વર્ષની નાણાંકીય આવક નીચે મુજબ છે. (રૂા. લાખમાં)<br>૧-૪-૨૦૦૭થી ૩૧-૩-૨૦૦૮ રૂ.૭૬૧૮.૮૨<br>૧-૪-૨૦૦૮થી ૩૧-૩-૨૦૦૯ રૂ.૮૯૦૬.૭૦<br>૧-૪-૨૦૦૯થી ૩૧-૧-૨૦૧૦ રૂ.૭૭૯૩.૦૮ |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ? | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |

**ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની યોજના**

૧૪૮૧૭**શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ઓદ્યોગિક વસાહતોમાં આંતર | (૧) હા, જી. |

માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે કોઈ યોજનાઓ અમલમાં મૂકી છે કે કેમ,

(૨) જો હા, તો કઈ કઈ યોજનાઓ અમલમાં મુકી છે, અને

(૩) આ કામગીરી માટે શું શું પગલાં લીધાં છે ?

(૨) ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના અમલમાં છે.

(૩) ઓદ્યોગિક વસાહતોમાં આંતરમાળખાકીય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉદ્યોગોને મળે તો આર્થિક રીતે પોષણક્ષમ ભાવે ઉત્પાદન કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની હરીફાઈ યુક્ત વેચાણ બજારમાં મહત્વનો હિસ્સો મેળવી શકે તે હેતુથી ઓદ્યોગિક વિસ્તારો, ઓદ્યોગિક વસાહતો અને ઉદ્યોગોના સમૂહને જરૂરી ખુટતી ઓદ્યોગિક આંતરમાળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરવાની યોજના અમલમાં મુકી છે. જેમાં આંતરમાળખાકીય સગવડો જેવી કે, ઓદ્યોગિક વસાહતથી બંદર/એરપોર્ટને જોડતા રસ્તાઓ, રેલ્વે/રસ્તા ઉપર ઓવર બ્રીજ, હયાત રસ્તા સુધારવા/પહોળા કરવા, ગીચતા નિવારવા માટે બાયપાસ રસ્તાની સગવડો, પ્રોડકટ ડેવલપમેન્ટ ફેસીલીટી સેન્ટર, ટ્રેનિંગ સેન્ટર, ટેસ્ટીંગ સેન્ટર, આરએન્ડડી સેન્ટર જેવી અન્ય કોમન સુવિધાઓ, પાણી ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક તથા તેને લગતી સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ યોજના માટે વર્ષ ૨૦૦૯-૧૦માં રૂા.૧૫૨.૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. તથા વર્ષ ૨૦૧૦-૧૧માં રૂા.૧૭૮.૪૪ કરોડની જોગવાઈ કરેલ છે. આ યોજના અંતર્ગત ઓદ્યોગિક વસાહતોમાં આંતરમાળખાકીય સુવિધાઓ સગવડ પુરી પાડવાની ૧૫૯ ઓદ્યોગિક વસાહતોમાં રૂા. ૧૦૯૮.૦૮ કરોડના પ્રોજેકટો મંજૂર કરવામાં આવેલ છે. જેમાં સહાયની રકમ રૂા.૫૦૨.૩૨ કરોડ થાય છે.

**ફર્સ્ટક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની જ્ગ્યા ભરવા અંગે**

૧૪૮૦૨**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન ફર્સ્ટક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કેટલી જ્ગ્યાઓ ભરવામાં આવી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આણંદ જિલ્લામાં બંધ થયેલા મોટા ઉદ્યોગો**

૧૩૧૯૮**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા મોટા ઉદ્યોગો બંધ હાલતમાં છે, અને<br>(૨) આવા ઉદ્યોગોને પુનઃ ધમધમતા કરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૧) અને (૨) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કોઈ મોટા ઉદ્યોગો બંધ થયેલ નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**પાટણ જિલ્લામાં નર્મદા યોજનાનું પાણી સિંચાઈ માટે આપવાનું આયોજન**

૧૩૧૭૩**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નર્મદા યોજનાના પાણી સિંચાઈ માટે ક્યારથી આપવાનું આયોજન છે, અને | (૧) પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની નહેરોના કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરી સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે. |
| (૨) તે અન્વયે કામગીરી ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં તે પૂર્ણ થશે ? | (૨) પાટણ જિલ્લામાં ૧૭૧.૮૯૨ કી.મી. લંબાઈના નર્મદાની નહેરોના કામો પૂર્ણ થયેલ છે. બાકી રહેતા કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

## સાબરકાંઠા જિલ્લામાં રેતી તથા કાંકરી ભરવા રોયલ્ટી પાસની વ્યવસ્થા

૧૩૭૬૩**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ નદીઓમાંથી તથા તળાવોમાંથી રેતી તથા કાંકરી ભરવા માટે સરકાર દ્વારા રોયલ્ટી પાસની શું વ્યવસ્થા કરેલ છે, | (૧) નદીઓમાંથી તથા તળાવોમાંથી રેતી તથા કાંકરી ભરવા માટે લીઝ ધારકો તથા પરમીટ ધારકોને બેંકમાંથી ઈ-પેમેન્ટ કરાવી હિંમતનગર તથા ધનસુરા ખાતેથી રોયલ્ટી પાસ ઈશ્યુ કરવાની વ્યવસ્થા કરેલ છે. |
| (૨) આ પૈકી માલપુર અને મેઘરજ તાલુકા મથકે આવી રોયલ્ટી પાસ અંગેની સુવિધાઓ ઉપલબ્ધ છે, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો સરકારની કઈ ઓફીસથી આ રોયલ્ટી પાસ ઈશ્યુ કરવામાં આવે છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો ના, તો તાલુકા મથકે આ વ્યવસ્થા ન હોવાનું કારણ શું છે ? | (૪) હાલ કોઈ ક્વોરીલીઝ અસ્તિત્વમાં ન હોવાથી. |

-------------

## નર્મદા ડેમથી વીજ ઉત્પાદન

૧૪૭૬૬**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા મુખ્ય ડેમની તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ઉંચાઈ કેટલી છે, | (૧) નર્મદા મુખ્ય ડેમની તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર છે. |
| (૨) હાલની ઉંચાઈએ બંને વીજ મથકમાંથી કેટલું વીજ ઉત્પાદન થાય છે, અને | (૨) હાલની ઉંચાઈએ બંને વીજમથકમાંથી ૨૨૪.૫૧ કરોડ યુનિટ વીજ ઉત્પાદન ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન થયેલ છે. |
| (૩) ડેમની પૂર્ણ ઉંચાઈ પ્રાપ્ત થશે ત્યારે કેટલી વીજળી ઉત્પન્ન થશે ? | (૩) ડેમની પૂર્ણ ઉંચાઈ પ્રાપ્ત થતાં અંદાજે ૬૩૪.૩ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થઈ શકશે. |

-------------

## પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનિટી હોલ બનાવવાની યોજના

૧૪૭૮૩ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા કોમ્યુનીટી હોલ બનાવવામાં આવ્યા છે ? | (૨) ૩ (ત્રણ). |

## બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ ખેડા જિલ્લાની સહાય મેળવવાની અરજીઓ

૧૪૮૧૯ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાંથી કેટલી અરજીઓ આવી, | (૧) ૫૨૩૫. |
| (૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૮૦. |
| (૩) કેટલા શિક્ષિત બેરોજગારોને કેટલી રકમની સહાય આપવામાં આવી ? | (૩) ૧૫૦૨ શિક્ષિત બેરોજગારને રૂ.૧૯૬.૩૩ લાખની સહાય આપવામાં આવેલ છે. |

## ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવડ તાલુકામાં કુવાઓ/બોરવેલ ઉપર ૫ હોર્સ પાવર કે તેથી વધુ હો.પા. ની મોટર આપવા બાબત

૧૪૦૧૯**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવડ તાલુકાઓમાં ડિસેમ્બર-૨૦૦૯ ની સ્થિતિએ કુવાઓ/બોરવેલ ઉપર ૫ હો.પા. કે તેથી વધુ હો.પા.ની મોટર મુક્વા વીજ-જોડાણ મેળવવાની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવડ તાલુકાઓમાં ડિસેમ્બર-૨૦૦૯ ની સ્થિતિએ કુવાઓ/બોરવેલ ઉપર ૫ હો.પા. કે તેથી વધુ હો.પા.ની મોટર મુક્વા માટેની પડતર અરજીઓની વિગત સામેલ પત્રક-અ મુજબ છે.

**પત્રક-અ**

| તાલુકો | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ્રોલ | ૧૪ | ૧૦૩ | ૬૭ | ૬૭ | ૨૦૧ | ૨૦૬ | ૨૧૧ | ૨૨૫ | ૧૩૬ | ૬૬ | ૩૨ |
| જોડીયા | ૧૪ | ૩ | ૧૯ | ૨૦ | ૧૩૩ | ૧૪૨ | ૨૨૦ | ૧૯૨ | ૯૧ | ૬૨ | ૧૧ |
| જામનગર | ૧૫ | ૯૫ | ૮૭ | ૬૧ | ૨૨૨ | ૨૧૦ | ૩૨૯ | ૩૪૦ | ૨૭૭ | ૧૯૨ | ૪૧ |
| કાલાવડ | ૨૨ | ૩૪૦ | ૧૯૫ | ૧૪૧ | ૩૩૮ | ૩૫૧ | ૩૨૦ | ૪૦૧ | ૨૫૪ | ૧૪૯ | ૩૮ |
| **કુલ :** | **૬૫** | **૫૪૧** | **૧૬૮** | **૨૮૯** | **૮૯૪** | **૯૦૯** | **૧૦૮૦** | **૧૧૫૮** | **૭૫૮** | **૪૬૯** | **૧૨૨** |

| ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨ | ૭૮ | ૬૪ | ૫૦૮ | ૩૦૯ | ૬૨૩ | ૬૬૯ | ૭૨૮ | ૪૩૪૯ |
| ૪૫ | ૪૭ | ૫૧ | ૧૪૭ | ૨૫૪ | ૨૨૫ | ૪૮૮ | ૪૧૩ | ૨૫૭૭ |
| ૧૨૨ | ૮૩ | ૧૦૦ | ૨૨૦ | ૪૬૨ | ૪૦૦ | ૧૨૭૬ | ૧૦૭૭ | ૫૬૦૯ |
| ૯૭ | ૧૦૩ | ૫૮ | ૨૭૦ | ૫૪૬ | ૭૫૬ | ૧૮૧૯ | ૧૩૨૯ | ૭૫૨૭ |
| **૩૦૬** | **૩૧૧** | **૨૭૩** | **૧૧૪૫** | **૧૫૭૧** | **૨૦૦૪** | **૪૨૫૨** | **૩૫૪૭** | **૨૦૦૬૨** |

(૨) લાંબા સમયથી જે અરજીઓ પડતર છે તેવા ખેડૂતોને વહેલી તકે વીજ જોડાણ મળે તેવું આયોજન સરકાર કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની શી વિગતો છે ?

(૨) અને (૩) : રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પુરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ખેતી વિષયક વીજ જોડાણ ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ, પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ વાર્ષિક લક્ષ્યાંક્ના ક્રમાનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

## એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા થયેલ કેસોના નિકાલ માટે ખાસ અદાલતની સ્થાપના

૧૪૮૦૬**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા થયેલા કેસોના નિકાલ માટે રાજ્યમાં ક્યા ક્યા સ્થળોએ ખાસ અદાલતોની સ્થાપના કરવામાં આવી ?

**જવાબ**

જામનગર અને ભુજ એમ બે સ્થળોએ.

-------------

## વિજ્યનગર તાલુકામાં પેટાપરાંઓનું વીજળીકરણ

૧૪૧૧૦**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજ્યનગર તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકીના પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : આદિજાતિ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિદ્ધ થયેલ બુક્લેટમાં દર્શાવેલ વિજ્યનગર તાલુકાના તમામ પેટાપરાંઓનું અગાઉ વીજળીકરણ કરવામાં આવેલ છે.

-------------

## રાજ્યના બોર્ડરવીંગના જવાનોને છઠ્ઠા પગારપંચના લાભ અંગે

૧૩૩૪૩ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના બોર્ડરવીંગના જવાનોને છઠ્ઠા પગારપંચનો લાભ નહિ આપવાના કારણો શા છે?

(૨) અગાઉ આ વીંગના જવાનોને ચોથા અને પાંચમાં પગારપંચના લાભો અપાયા છે તે હકીકત સાચી છે અને

(૩) જો હા તો, છઠ્ઠા પગારપંચના લાભો કેટલા સમયમાં આ વીંગને આપવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના બોર્ડર વીંગના જવાનોને એ રાજ્ય સરકારના કર્મચારી નથી. પરંતુ બોર્ડરવીંગ જવાનોની સેવા માનદ સેવા છે. આથી આપોઆપ છઠ્ઠા પગારપંચનો લાભ મળવાપાત્ર નથી.
બોર્ડરવીંગના જવાનોને પ્રવર્તમાન મોંઘવારી અને અન્ય માનદ સેવાના વ્યક્તિઓને અપાતા માનદ વેતન ધ્યાને લઇ જે તે સમયે માનદ્ વેતન નક્કી કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## કેલગી સમિતિએ જાહેર કરેલ પછાત તાલુકા

૧૩૧૯૧**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ અતિ પછાત તાલુકાઓમાં પંચમહાલ જિલ્લાના ક્યા ક્યા તાલુકાનો સમાવેશ થયેલ છે અને

(૨) સમાવેશ થયેલ આ અતિ પછાત તાલુકાના વિકાસ માટે સરકારે સન ૨૦૦૯-૧૦માં શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) ગુજરાતના તાલુકાઓના પછાતપણા અંગેની અભ્યાસ સમિતિ-કેલગી સમિતિના અહેવાલના આધારે જાહેર કરેલ ૩૦ અતિ પછાત તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કર્યા છે તે પૈકી પંચમહાલ જિલ્લામાં (૧) સંતરામપુર (૨) શહેરા (૩) કડાણા (૪) ખાનપુર (૫) ઘોઘંબા (૬) મોરવા(હડફ) તાલુકાનો સમાવેશ થાય છે.

(૨) આ ૬ તાલુકાઓના વિકાસ માટે સન ૨૦૦૯-૧૦માં કરેલ આયોજનની વિગતો **પત્રક-૧**માં સામેલ રાખેલ છે.

**પત્રક-૧**

(૧) તાલુકો :- સંતરામપુર

| અ.નં. | કામ/સેક્ટરનું નામ | જોગવાઈ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | આદિજાતિ બાલિકાઓની રેસીડેન્શીયલ સ્કુલ માટે | રૂા. ૭૫.૦૦ |
| (૨) | ડેરી ડેવલપમેન્ટ સેક્ટર | રૂા. ૬૫.૦૦ |
| (૩) | વનબંધુ કલ્યાણ મંડળ (VKM) યોજના | રૂા. ૨૦.૦૦ |
| (૪) | ઉદ્દવહન સિંચાઈ યોજનાઓ | રૂા. ૪૦.૦૦ |
| | **કુલ...** | **રૂા. ૨૦૦.૦૦** |

(૨) તાલુકો :- શહેરા

| અ.નં. | કામ/સેક્ટરનું નામ | જોગવાઈ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | આંગણવાડીના કામો-૧૪ | રૂા. ૩૫.૦૦ |
| (૨) | કુવા ધરાવતાં૧૦૦ (BPL) કુટુંબોને ૫૦% સહાયથી ઓઈલ એન્જીન (મહત્તમ સહાય રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૦.૦૦ |
| (૩) | બાગાયત :- ૧૦૦નાના/સિમાન્ત કુટુંબોને હાઈબ્રીડ મરચીની ખેતી (૧૦ ગુંઠા), વર્મીકમ્પોસ્ટ યુનિટ તથા વેલાવાળા શાકભાજીના માંડવા પાકા સ્ટ્રક્ચર (૫ ગુંઠા), માટે સહાય | રૂા. ૧૫.૫૦ |
| (૪) | ૫૦૦ નાના/સિમાન્ત (BPL) ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાનાં ટીસ્યુ સાગી તતા ક્લોનલ નીલગીરીના વાવેતર માટે રોપા પુરા પાડવાની યોજના (ખેડૂતદિઠ ૭૫ રોપા) | રૂા. ૨૧.૫૦ |

| | | |
|---|---|---|
| (૫) | પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વોલ (૯ પ્રાથમિક શાળા) | રૂા. ૧૧.૦૦ |
| (૬) | પ્રાથમિક શાળામાં ખુટતા હેન્ડપંપો (૪૬ પ્રાથમિક શાળા) | રૂા. ૨૩.૦૦ |
| (૭) | ધામણોદ સિંચાઈ તળાવ પર ઉદવહન સિંચાઈ યોજના | રૂા. ૨૦.૦૦ |
| (૮) | બોરીયા સિંચાઈ તળાવ પર ઉદવહન સિંચાઈ યોજના<br>(સદગુરૂ સંસ્થા મારફતે) | રૂા. ૪૫.૦૦ |
| (૯) | ICDS માટે ગોડાઉન | રૂા. ૭.૦૦ |
| (૧૦) | નગરપાલિકા શહેરાનાં વિવિધ ફળીયામાં પી.વી.સી. પાઈપલાઈનનું કામ | રૂા. ૧૦.૦૦ |
| (૧૧) | નગરપાલિકા શહેરા વિસ્તારનાં આંટા ફળીયામાં હેન્ડપંપના કામો | રૂા. ૨.૦૦ |
| | **કુલ...** | **રૂા. ૨૦૦.૦૦** |

## (૩) તાલુકોઃ- કડાણા

| અ.નં. | ક્રમ/સેક્ટરનું નામ | જોગવાઈ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | આદિજાતિ બાલિકાઓની રેસીડેન્શીયલ સ્કુલ માટે | રૂા. ૭૫.૦૦ |
| (૨) | ડેરી ડેવલપમેન્ટ સેક્ટર | રૂા. ૬૫.૦૦ |
| (૩) | વનબંધુ કલ્યાણ મંડળ (VKM) યોજના | રૂા. ૨૦.૦૦ |
| (૪) | ઉદવહન સિંચાઈ યોજનાઓ/ચેકડેમ | રૂા. ૪૦.૦૦ |
| | **કુલ...** | **રૂા. ૨૦૦.૦૦** |

## (૪) તાલુકો :- ખાનપુર

| અ.નં. | ક્રમ/સેક્ટરનું નામ | જોગવાઈ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | બાગાયત સદરના -વર્મી કમ્પોસ્ટ યુનિટ, મરચાની ખેતી ૧૦ ગુંઠા તથા ટેલીફોનીક પધ્ધતિથી ટામેટાની ખેતી ૫ ગુંઠા | રૂા. ૧૫.૫૦ |
| (૨) | ઉચ્ચ ગુણવત્તાના ટીસ્યુ સાગી કલોનલ નીલગીરી વાવેતરની યોજના (૫૦૦ લાભાર્થી, ૩૭૫૦૦ રોપા, લાભાર્થીદીઠ-૭૫ રોપા | રૂા. ૨૧.૫૦ |
| (૩) | ટીસ્યુ કલ્ચરટીક પ્લાન્ટની ખરીદી, ખોળ ખાતર દવાની ખરીદી મજૂરી પ્લાન્ટીંગ અને સોઈલ વર્કિંગ સાથે કુલ ૧૫ મંડળીઓ (એક મંડળી દિઠ ૫૦ સભ્યો, એક સભ્યને ૩૫ નંગ ટીસ્યુ) | રૂા. ૧૬.૨૭ |
| (૪) | ખેતીવાડી માટે :- | |
| ૧ | ૧૦૦ લાભાર્થીને પાણીની લાઈન ૨૦૦ મીટર લંબાઈ<br>(૫૦% સહાય, લાભાર્થીદીઠ રૂા. ૧૧,૦૦૦/-) | રૂા.૧૧.૦૦ |
| ૨ | ૫૦ લાભાર્થીને સબમર્શીબલ પંપ (લાભાર્થીદીઠ સહાયની રકમ રૂા. ૧૫,૦૦૦/-) | રૂા. ૭.૫૦ |
| ૩ | ૫૦ લાભાર્થીને પોર્ટેબલ એન્જીન (લાભાર્થીદીઠ સહાયની રકમ રૂા. ૧૦,૦૦૦/-) | રૂા. ૫.૦૦ |
| | અ.નં. (૪) - કુલ | રૂા. ૨૩.૫૦ |
| (૫) | ઉદવહન સિંચાઈ યોજના :- | |
| ૧ | અખાડાના દેગમડા ઉદવહન સિંચાઈ યોજના | રૂા. ૨.૦૦ |
| | ચારણના દેગમડા ઉદવહન સિંચાઈ યોજના | રૂા. ૨.૦૦ |
| | અ.નં. (૫)-કુલ | **રૂા. ૪.૦૦** |
| (૬) | નાની સિંચાઈ (નહેર સુધારણા / તળાવ સુધારણાના કામો) | રૂા. ૬૭.૦૦ |
| (૭) | વીજળીકરણના કામો | રૂા. ૫૩.૫૦ |
| (૮) | વિદ્યાર્થીઓને શાળામાં નિયમિત પહોંચાડવા માટે વાહન પુરૂ પાડવા અંગેની યોજના | રૂા. ૧૫.૦૦ |
| | **કુલ...** | **રૂા. ૨૧૬.૨૭** |

## (૫) તાલુકો :- ઘોઘંબા

| અ.નં. | ક્રમ/સેક્ટરનું નામ | જોગવાઈ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | ડેરી ડેવલપમેન્ટ | રૂા. ૭૫.૦૦ |
| (૨) | પશુપાલન | રૂા. ૭.૫૦ |
| (૩) | સિંચાઈ સુધારણાનાં કામો | રૂા. ૩૫.૦૦ |
| (૪) | ઉદવહન સિંચાઈ યોજના | રૂા. ૩૦.૦૦ |
| (૫) | આંગણવાડી કેન્દ્રો-૨૦ | રૂા. ૫૦.૦૦ |
| (૬) | વનીકરણ યોજના | રૂા. ૧૫.૦૦ |
| (૭) | રોજગારલક્ષી તાલીમ | રૂા. ૧૦.૦૦ |
| (૮) | સિંચાઈ કુવાનાં એન્જીન/પાઈપ | રૂા. ૧૦.૦૦ |
| | **કુલ...** | **રૂા. ૨૩૨.૫૦** |

## (૬) તાલુકો :-મોરવા(હડફ)

| અ.નં. | ક્રમ/સેક્ટરનું નામ | જોગવાઈ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | વ્યવસાયલક્ષી તાલીમ (ઈન્ડોજર્મન ટુલરૂમ્સ મારફતે) | રૂા. ૨૦.૦૦ |
| (૨) | પીવાના પાણી માટે હેન્ડપંપ | રૂા. ૪૦.૦૦ |
| (૩) | ચેકડેમનાં કામો | રૂા. ૨૦.૦૦ |
| (૪) | પાનમ યોજનાનું લાઈનીંગ વર્કસ (ગત વર્ષની પડતર દરખાસ્ત) | રૂા. ૧૦.૦૦ |
| (૫) | સખીમંડળ, NGO (GVT) મારફતે હેન્ડપંપ રીપેરીંગ, કડીયા, પ્લમ્બર, સેન્ટીંગ વિગેરેની તાલીમ/ટુલકીટસ સહિતનો પ્રોજેકટ | રૂા. ૨૦.૦૦ |
| (૬) | ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કં઼ું. મારફતે સ્પ્રીન્કલરનો પ્રોજેકટ | રૂા. ૨૪.૦૦ |
| (૭) | આંગણવાડી રીપેરીંગના કામો | રૂા. ૧૫.૦૦ |
| (૮) | મોટી ઉંમરનાં નિરક્ષરોને લખતા/વાંચતા કરવાનો પ્રોજેકટ | રૂા. ૧.૦૦ |
| (૯) | મોરા સબયાર્ડ/મોરવા(હ) માર્કેટયાર્ડનાં ઈન્ફ્રાસ્ટકચરનાં કામો | રૂા. ૨૫.૦૦ |
| (૧૦) | કલોનલ પ્લાન્ટેશનનો પ્રોજેકટ | રૂા. ૨૦.૦૦ |
| (૧૧) | થર્ડ પાર્ટી મોનીટરીંગ/ઈવેલ્યુએશન માટે | રૂા.૫.૦૦ |
| | **કુલ...** | **રૂા.૨૦૦.૦૦** |

------------

**નર્મદા યોજના અંતર્ગત ઈરીગેશન બાયપાસ ટનલના કામો**

૧૪૭૭૯ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઈરીગેશન બાયપાસ ટનલના કામો હાલ ક્યા તબક્કે છે, અને

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) ઈરીગેશન બાયપાસ ટનલનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઈરીગેશન બાયપાસ ટનલ માટે છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૮.૪૮ ક્રોડનો ખર્ચ થયેલ છે.

-------------

**કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને વીજ બીલમાં સબસીડી**

૧૪૮૪૧**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે તથા વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઈન્ડિયા, ગેઈલ, ઓએનજીસી તથા પરિવહનના દરો રેલ્વે ઈન્ડિયા દ્વારાનક્કી કરાય છે. તેમ છતાં ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડી- રૂપે વહન કરવામાં આવે છે. તદઉપરાંત મંજૂર થયેલ ખેતી વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂત પર નાખવામાં નથી આવતો પરંતુ, સરકાર દ્વારા સબસીડી સ્વરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદનુસાર રાજ્યના માત્ર જામનગર જિલ્લામાં જ છેલ્લા ત્રણ વર્ષમાં ૨૨૧ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાંખતા સરકારે વહન કરેલ છે.

**વડોદરા શહેરમાં લુંટ, અછોડા તોડવાના, બળાત્કારના અને ઘરફોડ ચોરીના બનેલા બનાવો**

૧૪૧૫૬ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લૂંટ, અછોડા તોડવાના, બળાત્કારના અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા,

(૨) તે અન્વયે જુદા જુદા ગુન્હાઓમાં કેટલા ગુનેગારો પકડાયા, અને

(૩) આવા બનાવો અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) લૂંટના : ૪૪, અછોડા તોડવાના : ૧૩૨, બળાત્કારના : ૧૪ અને ઘરફોડ ચોરીના : ૬૪૨ બનાવો બનેલ છે.

(૨) લૂંટના : ૭૩, અછોડા તોડવાના : ૫૭, બળાત્કારના :૨૮ અને ઘરફોડ ચોરીના : ૪૩૩ ગુનેગારો પકડાયા.

(૩) આવા ગુનાઓ બનતા અટકાવવા માટે પોલીસ તરફથી અસરકારક પગલાઓ લેવામાં આવે છે.
વાહન ચેકીંગ સ્કીમ અમલમાં મૂકી ઝુંબેશ ચલાવવામાં આવે છે

નાઈટ રાઉન્ડ સઘન બનાવી અમલમાં મૂકવામાં આવે છે. અવારનવાર કોમ્બીંગનું આયોજન કરી ગુનેગારોના આશ્રય સ્થળો, દંગાઓ, હોટલ, ગેસ્ટ

હાઉસો વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે અને "એ" રોલ તથા "બી" રોલ ભરવામાં આવે છે. ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ અહેવાલો અઠવાડિક મંગાવી સીનીયર સુપરવાઈઝરી અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

ગુનેગારો વિરૂધ્ધ પાસા તડીપારના પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

ચોરીના ગુનાઓમાં એમસીઆર કાર્ડવાળા ઈસમો તેમજ હીસ્ટ્રીસીટરોને ચેક કરવામાં આવે છે.

-------------

**લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ડી.૬ ઓઈલ ફીલ્ડમાંથી ગેસ ફાળવવા બાબત**

૧૪૮૩૦**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર):માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ડી.૬ ઓઈલ ફીલ્ડમાંથી ક્યા ધોરણે ગેસ ફાળવવામાં આવે છે,

(૨) આ ગેસ આ સેકટરના ઉદ્યોગો માટે પુરતો છે કે કેમ,

(૩) જો ના, તો તે અંગે કેન્દ્ર સરકારને તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ રજુઆત કરવામાં આવી છે કે કેમ, અને

(૪) કેન્દ્ર સરકારનો પ્રતિભાવ શું છે ?

**જવાબ**

(૧) એમ્પાવર્ડ ગ્રૃપ ઓફ મીનીસ્ટર્સ દ્વારા તા.૨૭-૧૦-૦૯ના રોજ ડી.૬માંથી ગેસની ફાળવણી કરી ૬૧.૬ મીલીયન ક્યુબિક મીટર ગેસની ફાળવણી નિર્ધારીત કરી. જ્યારે ૩૦.૦૦ મીલીયન ક્યુબિક મીટર ગેસ અનિર્ધારીત ધોરણે (ફોલ-બેક બેઝીસ) ફાળવવામાં આવ્યો. તે માટે નીચે દર્શાવ્યા પ્રમાણે અગ્રતાક્રમ નક્કી કરી નીચે મુજબ ફાળવણી કરવામાં આવી.

| | | |
|---|---|---|
| ૧. | ફર્ટીલાઈઝર | ૧૫.૫ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે |
| ૨. | વીજ ઉત્પાદન | ૩૧.૧ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે<br>૧૨.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |
| ૩. | શહેરી વિતરણ | ૫.૦ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે<br>(તે પેકીનો ૪.૧ મીલીયન ક્યુબિક મીટર ગેસ બાદમાં સ્ટીલ ઉદ્યોગ માટે ફાળવવામાં આવ્યો. |
| ૪. | એલ.પી.જી. રૂપાંતરણ | ૩.૦ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે |
| ૫. | રીફાઈનરી અને પેટ્રોકેમિકલ્સ | ૬.૯ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે<br>૬.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |
| ૬. | લઘુ અને મધ્યમ ઉદ્યોગો | ૨.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |
| ૭. | સ્વ-વીજ ઉત્પાદન (સીપીપી) | ૧.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |

તે પેકી નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આજદિન સુધી કોઈ ફાળવણી થયેલ નથી.

(૨) ના, જી. ગુજરાતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વણસંતોષાયેલી જરૂરિયાત ૫ મીલીયન ક્યુબિક મીટર છે.

(૩) ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારને નીચે મુજબ રજૂઆતો કરવામાં આવી છે.

(૧) માન.મુખ્યમંત્રીશ્રી કક્ષાએ માન. પ્રધાનમંત્રીશ્રીને પત્ર તા.૨૫-૯-૦૯

(૨) માન.કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રીશ્રીને માન.રા.ક. મંત્રી (પેટ્રો.) કક્ષાએ તા.૨-૧૨-૨૦૦૯ના રોજ પત્ર

(૩) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ અને નેચરલ ગેસના સચિવશ્રીને મુખ્યસચિવશ્રી કક્ષાએ લખાયેલ તા.૩-૧૦-૦૯નો પત્ર. આ ઉપરાંત વિભાગ કક્ષાએ તેમજ મંત્રીશ્રી કક્ષાએ મોખિક રજૂઆત પણ કરવામાં આવી છે.

(૪) કેન્દ્ર સરકાર દ્વારા કોઈ પગલાં લેવાયેલ નથી.

**સાગબારા તાલુકાના ગામો વીજળીથી વંચિત**

૧૩૪૬૮ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાગબારા તાલુકાના કેટલા ગામો વિજળીકરણથી વંચિત છે, અને

(૨) આ ગામોને સરકાર ક્યારે વિજળીકરણથી જોડવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) :

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાગબારા તાલુકાના તમામ ૯૩ ગામોમાં વિજળીકરણ થયેલ છે.

----------------

**અમદાવાદ શહેરમાં સ્થાવર મિલ્કતને લગતી તકરારમાં પોલિસે ન પડવા બાબત**

૧૩૧૯૫**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ગૃહ વિભાગે તા. ૨૩-૭-૨૦03 ના રોજ પરિપત્ર બહાર પાડી સ્થાવર મિલ્કતને લગતી લોકોની તકરારો સિવિલ મેટર હોવાથી તે પોલીસ અધિકારની બાબત બનતી નથી તેથી પોલીસે આવી તકરારોમાં પડવાનું નથી તેવું જણાવેલ છે તે વાત સાચી છે,

(૨) ગૃહ વિભાગની સ્પષ્ટ સૂચના છતાં તેનું ઉલ્લંઘન કરીને જમીનના કોટુંબિક ઝગડાના કેસમાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ ધ્વારા કાર્યવાહી કરી હોવાના કેટલા કેસો તા.૩૧-૧-૧૦ ના સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગુના બન્યા હોવાનું સરકારના ધ્યાનમાં છે, અને

(૩) રાજ્ય સરકારે તે અંગે ઉલ્લંઘનકર્તાઓ સામે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પોલીસ કર્મચારીઓના આવાસો**

૧૪૪૮૩**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ આવાસો છે,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પોલીસ આવાસો

| તાલુકાનું નામ | આવાસો |
|---|---|
| જૂનાગઢ સીટી | ૭૧૧ |
| મેંદરડા | ૩૩ |
| **તાલુકાનું નામ** | **આવાસો** |
| બીલખા | ૦૦ |
| વિસાવદર | ૪૩ |
| ભેસાણ | ૪૮ |
| કેશોદ | ૨૪ |
| વંથલી | ૦૩ |
| માણાવદર | ૪૦ |
| બાંટવા | ૪૦ |
| માંગરોળ | ૦૨ |
| શીલ | ૧૯ |
| ચોરવાડ | ૨૩ |
| માળીયા હાટીના | ૧૨ |
| વેરાવળ | ૧૨૩ |
| પ્રભાસ પાટણ | ૩૪ |
| સુત્રાપાડા | ૪૬ |
| તલાલા | ૦૮ |
| કોડીનાર | ૫૯ |
| ઉના | ૭૨ |
| ગીરગઢડા | ૨૬ |
| સોમનાથ મરીન | ૦૦ |
| નવાબંદર મરીન | ૦૦ |
| **કુલ :** | **૧૩૬૬** |

(૨) પોલીસ કર્મીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ વધારે પોલીસ આવાસો બનાવવા સરકારે ૨૦૦૯-૧૦ ના વર્ષમાં શું આયોજન કરેલ છે ?

(૨) કુલ - ૬૯૫ મકાનોની ઘટ સામે આગામી નાણાંકીય વર્ષમાં કુલ - ૫૬૪ મકાનો બનાવવાનું આયોજન કરેલ છે.

-------------

**રાજકોટ જિલ્લામાં વીજ ક્ષેત્રની બેદરકારીને લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ**

૧૪૦૨૩**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખુલ્લા વીજ વાયરો તથા ઈલેકટ્રીક્ના સાધનો લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીના કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા.

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકસાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેકટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. છેલ્લા બે વર્ષમાં થયેલ આવા અકસ્માતોની વિગતો **પત્રક-અ મુજબ છે.**

(૨) આ બાબતે કેટલા જવાબદારો સામે શી શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સાઓમાં પુરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સામાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઈ, કોઈની જવાબદારી પ્રસ્થાપિત થતી ન હોઈ, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) વળતર ચૂકવણી પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના અને પ્રાણીઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષક્ના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને રકમ નક્કી થતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેકટ્રીક સાધનોના કારણે થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું રહેતુ નથી. કુલ ૧૬ (સોળ) વ્યક્તિઓના વારસદારોને અને ૧૨૨ (એક્સો બાવીસ) પ્રાણીઓના માલિકોને વળતર ચૂકવવાની વિગતો **પત્રક-બ મુજબ છે.**

(૪) બાકી રહેલા વળતરની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) પ્રાણીઓના અકસ્માતના કિસ્સાઓમાં ૫૦ ટકા રકમ રૂ.૫૦-૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર તેઓને નિયમાનુસાર મળતુ વળતર સ્વીકાર્ય છે, એવી લેખિત બાંહેધરી આપ્યા બાદ ચૂકવવામાં આવે છે. જ્યારે બાકીની રકમ વિદ્યુત નિરીક્ષક્નો અહેવાલ મળ્યા બાદ ચૂકવવામાં આવે છે.

નાગરિકોના અકસ્માતના કિસ્સાઓમાં ""બાઈનંદા"" કેસમાં સુચવેલ માર્ગદર્શીકા મુજબ રકમ ચૂકવવામાં આવે છે. એ માટે અસરગ્રસ્તના કાયદેસરના વારસદારે જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ વળતર ચૂકવવામાં આવે છે. આમ ઉપરોક્ત બાકી રહેતી રકમ પુરતા દસ્તાવેજી પુરાવા મળેથી સંબંધિતને ચુકવી આપવામાં આવશે.

**પત્રક-અ**

| | કુદરતી આફતો/ આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકસાનને લીધે થયેલ અકસ્માતો | | ઈલેકટ્રીક ઉપકરણોને લીધે થયેલ અકસ્માતો | | વીજતંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માતો | | જાન્યુઆરી ૨૦૦૮ થી ડીસેમ્બર ૨૦૦૮ દરમ્યાન કુલ અકસ્માતો | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ |
| જાન્યુઆરી ૨૦૦૮ થી ડીસેમ્બર ૨૦૦૮ | ૧૦ | ૬૪ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૫ | ૬૪ |
| જાન્યુઆરી ૨૦૦૯ થી ડીસેમ્બર ૨૦૦૯ | ૦૬ | ૫૮ | ૨૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૪ | ૫૮ |
| **કુલ :** | **૧૬** | **૧૨૨** | **૪૩** | **૦૦** | **૦૦** | **૦૦** | **૫૯** | **૧૨૨** |

**પત્રક-બ**

| | અસરગ્રસ્તોની સંખ્યા | | વળતર પેટે થયેલ ચૂકવણી | | | | વળતર ચૂકવવા માટે બાકી અસરગ્રસ્તો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નાગરિકો | | પ્રાણીઓ | | નાગરિકો | | પ્રાણીઓ |
| વર્ષ | | | | | | | કોર્ટ કેસ વાળા | બીન પાત્રતા વાળા | |
| | નાગરિકો | પ્રાણીઓ | સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | સંખ્યા | સંખ્યા | સંખ્યા |
| વર્ષ ૨૦૦૮ | ૧૦ | ૬૪ | ૦૦ | ૦૦ | ૨૧ | ૧.૧૫૫ | ૦૫ | ૦૫ | ૪૩ |
| વર્ષ ૨૦૦૯ | ૦૬ | ૫૮ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦.૩૦૫ | ૦૨ | ૦૪ | ૫૧ |
| **કુલ :** | **૧૬** | **૧૨૨** | **૦૦** | **૦૦** | **૨૮** | **૧.૪૬૦** | **૦૭** | **૦૯** | **૯૪** |

-------------

## નર્મદા યોજનાનું ઉદ્યોગ, ખેતી અને ઘરવપરાશ માટે આપવામાં આવેલ પાણી

૧૨૭૫૧**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રાજ્યમાં નર્મદા યોજનાનું પાણી ઉદ્યોગ-ખેતી અને ઘરવપરાશ માટે વાર્ષિક કેટલું આપવાનું નક્કી થયેલ છે, અને

(૨) કેટ કેટલું પાણી આપવામાં આવ્યું, અને

(૩) તે પેકી ઉદ્યોગોને આપેલ પાણી પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નર્મદા જળવિવાદ પંચના ચુકાદા મુજબ રાજ્યને કુલ નવ મીલીયન એકર ફીટ પાણી ફાળવવામાં આવેલ છે. જે સરદાર સરોવર બંધ તેની પૂર્ણ ઉંચાઇએ (૧૩૮.૬૮ મીટર) પહોંચે ત્યારે મળી શકે તેમ છે. બંધની અત્યારની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટર હોઇ, ૧.૨૯ મીલીયન એકરફીટ જેટલો વપરાશપાત્ર પાણીનો જથ્થો બંધમાં સંગ્રહ થઇ શકે તેમ છે. આ ઉપરાંત, બંધમાં આવતા નર્મદા નદીના પાણીના પ્રવાહના આધારે જરૂરિયાત મુજબ ખેતી, ઘર વપરાશ અને ઉદ્યોગોને પાણી ફાળવવામાં આવે છે.

(૨) સને ૨૦૦૮-૦૯માં ખેતી, ઘર વપરાશ અને ઉદ્યોગોના હેતુસર, અનુક્રમે ૨.૭૯, ૦.૪૦ અને ૦.03 મીલીયન એકર ફીટ પાણી આપવામાં આવેલ છે તથા સને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અનુક્રમે ૨.૩૯, ૦.૨૩ તથા ૦.0૧ મીલીયન એકર ફીટ પાણી આપવામાં આવેલ છે.

(૩) ઉદ્યોગોને આપેલ પાણી પેટે નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રૂા. ૧૩૮૯.૮૨ લાખ અને નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ડિસેમ્બર ૨૦૦૯ સુધી રૂા. ૧૫૧૮.૬૨ લાખ વસુલ કરવામાં આવેલ છે.

## સાવલી તાલુકામાં ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પડતર અરજીઓ

૧૩૪૨૮૮**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવલી તાલુકામાં ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણો કેટલાને આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતરમાં છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવલી તાલુકામાં ૧૭૮ ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા અને ૬૦૪ અરજીઓ પડતરમાં છે.

## ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલમાં જજની જ્ગ્યાનું મહેકમ

૧૪૭૧૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલમાં જજની સંખ્યાનું મહેકમ કેટલું છે, અને

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) ૨ (બે).

### વલસાડ જિલ્લામાં તાલુકાવાર પકડાયેલ ઇંગ્લીશ દારૂ

૧૩૪૨૩ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઇંગ્લીશ દારૂ કેટલો પકડાયો અને કેટલા ગુન્હા તે અન્વયે દાખલ થયા ? પકડાયેલ દારૂની કિંમત શું થાય, અને

(૨) પકડાયેલા આ બુટલેગરો સામે કેટલા કેસ કર્યા ? આ દારૂ ક્યાંથી આવ્યો હતો ? તેની તપાસ કરવામાં આવી છે કે કેમ ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ઇંગ્લીશ દારૂના કેસો | ઇંગ્લીશ દારૂનો જથ્થો(બોટલ) | કિંમત |
|---|---|---|---|
| વલસાડ | ૭૮૪ | ૨,૩૯,૪૪૫ | ૧,૨૬,૩૧,૯૧૫ |
| પારડી | ૨૧૮૮ | ૪,૬૭,૪૯૭ | ૪,૩૫,૪૪,૩૮૦ |
| ઉમરગામ | ૨૭૦ | ૬૨,૨૮૩ | ૩૧,૨૧,૪૭૫ |
| ધરમપુર | ૧૬૫ | ૧૮,૪૧૮ | ૮,૪૦,૫૧૫ |
| કપરાડા | ૮૮ | ૩૩,૫૭૦ | ૫,૦૬,૪૪૦ |
| **કુલ :** | **૩૪૯૫** | **૮,૨૧,૨૧૩** | **૬,૦૬,૪૪,૭૨૫** |

(૨) બુટલેગરો સામે કુલ ૩૪૯૫ કેસો કરવામાં આવેલ છે. આ પકડાયેલ દારૂની તપાસ કરતાં દમણથી (રાજ્ય બહારથી) લાવવામાં આવેલ હતો.

-------------

### વડોદરા અને નર્મદા જિલ્લામાં ડિટેઇન કરવામાં આવેલ વાહનો

૧૪૬૦૩ **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા વાહનો ડિટેઇન કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને નર્મદા જિલ્લામાં ડિટેઇન કરવામાં આવેલ વાહનોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | વડોદરા જિલ્લો | નર્મદા જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૧૩૯૭ | ૮૭ |
| ૨ | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧૫૯૧ | ૧૧૬ |
| | **કુલ :** | **૨૯૮૮** | **૨૦૩** |

(૨) તે અન્વયે વડોદરા અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વસુલવામાં આવેલ દંડની રકમ (માંડવાળ ફી) નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | વડોદરા જિલ્લો | નર્મદા જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૮૧,૮૨,૮૪૯/- | ૯,૬૪,૭૯૦/- |
| ૨ | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧,૧૮,૨૨,૨૨૩/- | ૧૦,૮૨,૮૦૦/- |
| | **કુલ :** | **૨,૦૦,૦૫,૦૭૨/-** | **૨૦,૪૭,૫૯૦/-** |

-------------

### નર્મદાની કેનાલો દ્વારા બનાસકાંઠા જિલ્લાને સિંચાઇનું પાણી આપવાનું આયોજન

૧૪૭૭૧**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાની કેનાલો દ્વારા બનાસકાંઠા જિલ્લાને સિંચાઇ માટે કેટલા હેક્ટરમાં પાણી આપવાનું આયોજન છે, અને

(૨) આ કેનાલો મારફતે ખેડૂતોને સિંચાઇ માટે પાણી ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા કેનાલો દ્વારા બનાસકાંઠા જિલ્લાને સિંચાઇ માટે ૧,૬૭,૯૮૫ હેક્ટરમાં પાણી આપવાનું આયોજન છે.

(૨) આ કેનાલો મારફતે ખેડૂતોને સિંચાઇ માટે પાણી શક્ય તેટલી ઝડપથી આપવાનું આયોજન છે.

## જુનાગઢ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજી

૧૩૭૦૧**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર ખેતી વિષયક વિજ જોડાણની કેટલી અરજીઓ મળેલ છે,

(૨) મળેલ અરજીઓમાં ક્યા વર્ષના ક્નેક્શન આપવાના પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેતી અરજીઓ મંજૂર કરી અને કેટલા સમયમાં તમામ ક્નેક્શનો આપી દેવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર ખેતી વિષયક વિજ જોડાણની મળેલ અરજીઓની તથા અપાયેલ ક્નેક્શનના વર્ષની વિગતો પત્રક-અ માં દર્શાવેલ છે.

(૩) બાકી રહેલ પડતર અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજ માંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઇ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન છે.

### પત્રક "અ"

### જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણની મળેલ અરજીઓ તથા ક્નેક્શન આપવાની કામગીરી પૂર્ણ થયેલ છે તેની માહિતી દર્શાવતું પત્રક

| તાલુકો | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભેંસાણ | ૦ | ૧૧ | ૧૧૯ | ૧૧૨ | ૧૨૩ | ૩૨૭ | ૨૬૫ | ૧૭૩ | ૧૮૧ | ૧૩૩ | ૬૭ | ૧૧ | ૩૬ | ૫૪ |
| જુનાગઢ | ૦ | ૫ | ૨૦ | ૩૨ | ૩૨ | ૬૨ | ૧૦૩ | ૧૪૧ | ૧૬૪ | ૧૨૫ | ૬૨ | ૨૯ | ૫૫ | ૬૭ |
| કેશોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૪૨ | ૧૬૫ | ૧૪૮ | ૧૨૦ | ૯૪ | ૨૭ | ૫૪ | ૬૩ |
| માળીયા | ૦ | ૦ | ૧ | ૬ | ૧ | ૭ | ૧૦૪ | ૩૯૫ | ૩૨૭ | ૨૩૭ | ૧૭૬ | ૬૮ | ૧૩૪ | ૨૭૯ |
| માણાવદર | ૫ | ૧૯૯ | ૨૨૯ | ૭૬ | ૮૭ | ૨૧૧ | ૧૯૭ | ૧૪૮ | ૨૭૩ | ૨૬૫ | ૧૪૬ | ૨૯ | ૫૯ | ૭૨ |
| મેંદરડા | ૦ | ૮ | ૫૯ | ૭૫ | ૫૩ | ૯૭ | ૯૭ | ૯૪ | ૧૧૫ | ૮૦ | ૫૯ | ૧૨ | ૪૬ | ૫૫ |
| સુત્રાપાડા | ૦ | ૨૭ | ૨૦૬ | ૧૬૮ | ૧૩૬ | ૧૪૨ | ૬૯ | ૧૦૧ | ૧૩૨ | ૧૩૯ | ૧૨૫ | ૩૬ | ૭૨ | ૯૦ |
| તલાલા | ૦ | ૧૮ | ૨૩૬ | ૧૫૧ | ૨૧૯ | ૨૦૧ | ૨૧૫ | ૩૧૭ | ૩૦૭ | ૨૨૩ | ૯૬ | ૪૩ | ૧૭૦ | ૧૬૬ |
| વંથલી | ૬૬ | ૩૦૬ | ૧૭૩ | ૧૦૫ | ૧૦૯ | ૧૨૫ | ૮૪ | ૧૩૯ | ૧૩૦ | ૧૩૪ | ૧૧૬ | ૩૫ | ૫૪ | ૮૯ |
| વેરાવળ | ૦ | ૦ | ૪૧ | ૫૯ | ૧૦૬ | ૧૧૪ | ૫૭ | ૧૫૩ | ૧૪૯ | ૧૧૭ | ૯૪ | ૨૫ | ૬૪ | ૧૪૭ |
| વીસાદર | ૦ | ૩ | ૧૬ | ૩૮ | ૧૧૦ | ૩૨૬ | ૩૨૧ | ૪૦૬ | ૨૯૯ | ૧૯૮ | ૧૦૩ | ૩૦ | ૧૩૪ | ૧૦૧ |
| માંગરોલ | ૦ | ૧૮૧ | ૧૭૧ | ૯૬ | ૧૦૦ | ૧૨૧ | ૭૪ | ૨૦૭ | ૧૩૧ | ૮૬ | ૯૮ | ૬૦ | ૪૨ | ૪૧ |
| ઉના | ૦ | ૦ | ૨૭૨ | ૨૮૨ | ૨૯૩ | ૪૦૨ | ૪૫૮ | ૬૪૪ | ૩૧૮ | ૧૮૦ | ૧૪૭ | ૪૪ | ૧૭૬ | ૧૨૯ |
| કોડીનાર | ૩૪૧ | ૫૦૬ | ૧૬૫ | ૧૯૮ | ૧૨૮ | ૧૨૪ | ૪૫ | ૧૮૪ | ૧૧૭ | ૧૨૮ | ૧૧૭ | ૩૯ | ૩૦ | ૭૮ |
| કુલ | ૪૧૨ | ૧૨૬૪ | ૧૭૦૮ | ૧૩૯૮ | ૧૪૯૭ | ૨૨૬૧ | ૨૧૩૧ | ૩૨૬૭ | ૨૭૯૧ | ૨૧૬૫ | ૧૫૦૦ | ૪૮૮ | ૧૧૨૬ | ૧૪૩૧ |

* કોડીનાર, માંગરોળ, માણાવદર અને વંથલી તાલુકાઓનો ડાર્કઝોનમાં સમાવેશ થાય છે.

| ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ | ક્યા વર્ષના કામ પૂર્ણ થયેલ છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૪૦ | ૩૩ | ૧૪૭ | ૩૬૪ | ૬૯૧ | ૪૬૮ | ૩૩૫૫ | ૧૯૯૦ |
| ૭૩ | ૮૩ | ૨૩૭ | ૩૬૩ | ૪૩૦ | ૪૭૯ | ૨૫૬૨ | ૧૯૯૦ |
| ૪૫ | ૬૩ | ૨૧૧ | ૧૪૫ | ૩૨૪ | ૭૭૭ | ૨૨૮૦ | ૧૯૯૦ |
| ૬૪ | ૭૧ | ૨૯૯ | ૬૬૮ | ૭૪૧ | ૫૬૯ | ૪૧૪૭ | ૧૯૯૧ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૯૬ | ૧૯૮૯ |
| ૭૧ | ૧૩ | ૯૯ | ૧૭૭ | ૩૨૩ | ૩૧૫ | ૧૮૪૮ | ૧૯૯૦ |
| ૬૮ | ૫૧ | ૧૦૬ | ૧૯૨ | ૧૮૮ | ૩૪૨ | ૨૩૯૦ | ૧૯૯૦ |
| ૮૩ | ૫૧ | ૯૨ | ૮૧ | ૩૦૨ | ૨૭૦ | ૩૨૪૧ | ૧૯૯૦ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬૬૫ | ૧૯૮૯ |
| ૩૫ | ૪૪ | ૧૪૫ | ૯૮ | ૨૬૮ | ૩૦૬ | ૨૦૨૨ | ૧૯૯૧ |
| ૧૫ | ૧૯ | ૨૦૩ | ૬૮૧ | ૭૯૧ | ૫૬૮ | ૪૩૬૨ | ૧૯૯૦ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૦૮ | ૧૯૯૦ |
| ૯૫ | ૧૪૮ | ૧૯૨ | ૨૫૧ | ૫૭૭ | ૫૨૪ | ૫૧૩૨ | ૧૯૯૧ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨૦૦ | ૧૯૮૯ |
| ૫૮૯ | ૫૭૬ | ૧૭૩૧ | ૩૦૨૦ | ૪૬૩૫ | ૪૬૧૮ | ૩૮૬૦૮ | |

**રાજ્યના બોર્ડરવીંગના જવાનોને છઠ્ઠા પગાર પંચના લાભ અંગે**

૧૩૦૮૦ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સ્વીકારેલ છઠ્ઠા પગારપંચ પછી રાજ્યના બોર્ડરવીંગના જવાનોને ચોથું અને પાંચમાં પગારપંચનો લાભ મળેલ છે અને છઠ્ઠા પગારપંચનો લાભ મળેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. રાજ્યના બોર્ડરવીંગ જવાનો રાજ્ય સરકારના કર્મચારી નથી. પરંતુ બોર્ડરવીંગ જવાનોની સેવા માનદ સેવા છે. આથી આપોઆપ પગારપંચનો લાભ મળવાપાત્ર નથી. |
| (૨) જો હા, તો રાજ્યના બોર્ડરવીંગના જવાનોને આ લાભ કેટલા સમયમાં સરકાર આપવા આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**નર્મદા યોજના અંતર્ગત નહેરોના કામો**

૧૪૭૭૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૯-૧૦ માં ૩૧-૧-૨૦૧૦ સુધીમાં નર્મદા યોજના અંતર્ગત કઇ કઇ નહેરોના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) સન ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મુખ્ય નહેર, શાખા નહેરો, વિશાખા, પ્રશાખા અને પ્ર-પ્રશાખા નહેરોના કુલ ૪૩૧.૬૦ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે. |
| (૨) આ નહેરોનું કામ પૂર્ણ થતાં કેટલા હેકટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળશે ? | (૨) આ નહેરોનું કામ પૂર્ણ થતાં ૧,૮૩,૯૫૦ હેકટરમાં સિંચાઇનો લાભ મળશે. |

-------------

**મહુવા તાલુકામાં ખેતી માટેના વીજ ક્નેક્શનો**

૧૩૮૫૫ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં ખેતી માટેનાં કેટલા વિજ ક્નેક્શનો માટે અરજીઓ આવી, (૨) તે પૈકી કેટલીનો નિકાલ થયો અને કેટલી બાકી છે, અને | (૧) અને (૨) તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં ખેતી માટેનાં ૧૭૭૦ વીજ ક્નેક્શનો માટે અરજીઓ મળેલ તે પૈકી ૦૨ અનુસુચિત જાતિના ખેડૂતોને અને અગાઉના વર્ષની પડતર અરજીઓ પૈકી ૫૮૭ એમ કુલ ૫૮૯ વીજજોડાણ આપવામાં આવ્યા છે. |
| (૩) બાકી અરજદારોને ક્યારે વિજ ક્નેક્શન આપવામાં આવશે ? | (૩) બાકી રહેલ પડતર અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજ માંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઇ તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન છે. |

-------------

**મહુધા શહેરમાં પાઈપ લાઈનથી ગેસ**

૧૪૨૯૧**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના મહુધા શહેરમાં ગેસ પાઈપ લાઈનથી ગેસ આપવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) સને ૨૦૧૧-૨૦૧૨ માં મહુધા શહેરમાં ગેસ પાઈપલાઈનથી ગેસ આપવાનું આયોજન છે. |

-------------

**એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા થયેલ કેસોના નિકાલ માટે ખાસ અદાલતની સ્થાપના**

૧૪૮૦૭**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા થયેલા કેસોના નિકાલ માટે રાજ્યમાં ક્યા ક્યા સ્થળોએ ખાસ અદાલતોની સ્થાપના કરવામાં આવી ?

**જવાબ**

જામનગર અને ભુજ એમ બે સ્થળોએ.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં ટપક અને ફુવારા પદ્ધતિ**

૧૨૮૬૭**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં કેટલા ખેડૂતોએ ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવેલ છે,

(૨) ટપક અને ફુવારા પદ્ધતિ અંતર્ગત સીધેસીધી ખેડૂત પોતે, એન.જી.ઓ. કે અન્ય કોઈ સંસ્થા વગર કરવા માંગે તો તે યોજના ખેડૂતને કરવા માટેની કોઈ જોગવાઈ છે કે કેમ,

(૩) આવી કોઈ માંગણીઓ ખેડૂતોની છે કે કેમ, અને

(૪) ખેડૂત પોતે આ યોજના કરવા માંગે તો કેટલી લોન અને સબસીડી આપવાની જોગવાઈ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કુલ ૧૨ તાલુકાઓમાં ૪૯૦૬ ખેડૂતોએ ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૧૩૨ |
| ભાંભર | ૩ |
| તાલુકાનું નામ | ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવેલ ખેડૂતોની સંખ્યા |
| દાંતા | ૨૨ |
| દાંતીવાડા | ૩૩૭ |
| ડીસા | ૧૯૪૩ |
| દીયોદર | ૪૬ |
| ધાનેરા | ૧૩૪૪ |
| કાંકરેજ | ૨૩ |
| પાલનપુર | ૩૨૬ |
| થરાદ | ૩૩૮ |
| વડગામ | ૩૮૫ |
| વાવ | ૭ |
| કુલ.. | ૪૯૦૬ |

(૨), (૩) અને (૪) : ટપક અને ફુવારા પદ્ધતિ અંતર્ગત રાજ્ય સરકારની સહાય યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂત ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીએ ઠરાવેલ અરજીપત્રકમાં અરજી કરે તો થનાર કામની અંદાજીત રકમના ૫૦ ટકા અથવા રૂ.૬૦,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય તેમજ ૪૫ ટકા રકમની લોન, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા બેંકમાં જમા કરાવી, તેમાંથી કામ થયેથી સપ્લાયરને ચુકવણું કરવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાંથી ખેડૂત પોતે ટપક/ફુવારા પદ્ધતિની યોજના કરવા માંગતા હોય તેવી કોઈ અરજી મળેલ નથી.

**બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ સહાય મેળવવાની ખેડા જિલ્લાની અરજીઓ**

૧૪૮૨૩**શ્રી પંકજકુમાર દેસાઈ(નડિયાદ) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે ખેડા જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૫૨૩૫.

(૨) ૨૦૮૦.

(૩) કેટલા શિક્ષિત બેરોજગારોને કેટલી રકમની સહાય આપવામાં આવી ?

(૩) ૧૫૦૨ શિક્ષિત બેરોજગારને રૂ.૧૯૬.૩૩ લાખની સહાય આપવામાં આવેલ છે.

-------------

**ભાવનગર જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૧૩૫૩૦ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા આવાસો છે, અને

(૨) કેટલા આવાસોની ઘટ છે અને ઘટ પૂરી કરવા સરકારે કોઈ પગલાં લીધાં છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પોલીસ કર્મચારીઓ માટે કુલ-૧૫૬૮ રહેણાંકના આવાસો છે. ૪૮૦ મકાનોની હજુ ઘ ટ છે. આ ઘટ આવાસોના બાંધકામ માટેની અગ્રતાયાદી, નાણાંકીય જોગવાઈ અને જમીનની ઉપલબ્ધતા અનુસાર પૂરી કરવાનું આયોજન.

-------------

**દાહોદ ચેકપોસ્ટની આવક**

૧૪૭૯૫**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની દાહોદ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલી આવક થઇ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની નાણાકીય આવક નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| | |
|---|---|
| ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ | રૂા. ૧૩૬૪.૦૮ |
| ૧-૪-૨૦૦૮ થી ૩૧-૩-૨૦૦૯ | રૂા. ૧૫૧૭.૮૮ |
| ૧-૪-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦ | રૂા. ૧૫૯૮.૮૭ |

(૨) આવકમાં કોઇ ઘટાડો થયેલ નથી.

**રાજ્ય દ્વારા ખરીદવામાં આવેલ વીજળી**

૧૩૫૨૧ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલી વિજળી ખરીદવામાં આવી,

(૨) આ વિજળી કઇ કઇ કંપની પાસેથી ખરીદવામાં આવી એક યુનીટના કેટલા રૂપિયા ચુકવવામાં આવ્યા, અને

(૩) કઇ કંપનીઓને કુલ કેટલા રૂપિયા ચુકવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખરીદવામાં આવેલ વિજળીની વિગતો નીચે મુજબ છે :

(મીલીયન યુનીટમાં)

| તા. ૧-૨-૦૭ થી તા. ૩૧-૧-૦૮ | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ |
|---|---|---|
| ૫૩૦૨૯ | ૫૫૪૨૯ | ૫૭૯૫૫ |

(૨) અને (૩) : સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમાંક | કંપનીનું નામ | ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનીટ | રૂ. (કરોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | રૂ. (કરોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | રૂ. (કરોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ |
| (અ) | કેન્દ્રીય સાહસો | | | | | | | | | |
| ૧ | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન-તારાપુર | ૧૧૬૭ | ૧૩૨.૫૭ | ૧.૧૪ | ૧૦૮૬ | ૧૧૧.૩૦ | ૧.૦૩ | ૧૧૩૬ | ૧૦૮.૫૪ | ૦.૯૬ |
| ૨ | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન (૩-૪) | ૧૧૭૩ | ૩૩૮.૯૦ | ૨.૮૯ | ૧૦૩૪ | ૩૦૮.૯૮ | ૨.૯૯ | ૧૦૬૩ | ૨૩૭.૨૦ | ૨.૨૩ |
| ૩ | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન-કાકરાપાર | ૫૪૦ | ૧૨૬.૦૦ | ૨.૩૩ | ૨૨૩ | ૩૫.૮૬ | ૧.૬૧ | ૩૮૧ | ૯૫.૩૭ | ૨.૫૦ |

| ક્રમાંક | કંપનીનું નામ | ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનીટ | રૂ. (કરોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | રૂ. (કરોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | રૂ. (કરોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ |
| ૪ | એનટીપીસી-વિંધ્યાચલ-૧ | ૧૮૦૯ | ૩૨૫.૦૫ | ૧.૮૦ | ૧૮૦૪ | ૩૦૧.૯૬ | ૧.૬૭ | ૧૯૦૯ | ૨૬૮.૬૪ | ૧.૪૧ |
| ૫ | એનટીપીસી-વિંધ્યાચલ-૨ | ૧૯૧૧ | ૩૧૦.૪૭ | ૧.૬૨ | ૧૯૫૭ | ૩૦૯.૨૬ | ૧.૫૮ | ૨૦૧૬ | ૩૮૧.૦૯ | ૧.૮૯ |
| ૬ | એનટીપીસી-વિંધ્યાચલ-૩ | ૧૯૦૨ | ૩૧૯.૦૬ | ૧.૬૮ | ૨૨૪૬ | ૪૩૦.૪૪ | ૧.૯૨ | ૨૨૭૯ | ૪૮૪.૫૯ | ૨.૧૩ |
| ૭ | એનટીપીસી-કોરબા | ૩૦૧૯ | ૩૧૩.૭૮ | ૧.૦૪ | ૩૦૨૫ | ૩૩૮.૩૨ | ૧.૧૨ | ૩૦૮૪ | ૩૧૨.૭૮ | ૧.૦૧ |
| ૮ | એનટીપીસી-ક્વાસ | ૭૯૭ | ૩૬૮.૯૬ | ૪.૬૩ | ૮૪૧ | ૬૩૯.૬૫ | ૭.૬૦ | ૧૧૧૭ | ૪૭૬.૬૦ | ૪.૨૭ |
| ૯ | એનટીપીસી-ગાંધાર | ૧૩૯૦ | ૩૨૯.૩૦ | ૨.૩૭ | ૧૫૪૪ | ૭૨૯.૯૨ | ૪.૭૩ | ૧૫૦૩ | ૫૦૮.૪૦ | ૩.૩૮ |
| ૧૦ | એનટીપીસી-ક્હલગાવ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭૬ | ૩૯.૯૯ | ૨.૨૭ | ૪૯૬ | ૧૧૫.૧૦ | ૨.૩૨ |
| ૧૧ | એનટીપીસી-સીપત | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૭૯૫ | ૧૩૨.૦૪ | ૧.૬૬ | ૨૧૭૯ | ૩૭૭.૨૦ | ૧.૭૩ |
| ૧૨ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૬૯૨ | ૧૪૧.૭૧ | ૨.૦૫ | ૩૫૮ | ૭૩.૨૭ | ૨.૦૫ | ૩૬૩ | ૭૪.૪૭ | ૨.૦૫ |
| ૧૩ | અનસિડ્યુલ ઇનટરચેન્જ (યુઆઇ) | ૭૨ | ૨૬.૫૫ | ૩.૭૧ | ૭૭૭ | ૪૧૮.૯૩ | ૫.૩૯ | ૪૨૨ | ૧૬૧.૮૮ | ૩.૮૪ |
| | **કુલ :** | **૧૪૪૭૧** | **૨૭૩૨.૩૪** | **૧.૮૯** | **૧૫૮૬૫** | **૩૮૬૯.૯૦** | **૨.૪૪** | **૧૭૯૪૯** | **૩૬૦૧.૮૮** | **૨.૦૧** |
| **(બ)** | **ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી.** | | | | | | | | | |
| ૧૪ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. (ગાંધીનગર-૫) | ૧૫૮૫ | ૩૩૯.૪૮ | ૨.૧૪ | ૧૫૮૫ | ૪૦૯.૮૪ | ૨.૫૯ | ૧૫૯૩ | ૪૬૧.૭૫ | ૨.૯૦ |
| ૧૫ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. (વણાકબોરી ૭) | ૧૬૫૮ | ૩૮૭.૬૫ | ૨.૩૪ | ૧૫૮૬ | ૩૬૪.૫૯ | ૨.૩૦ | ૧૬૪૯ | ૪૪૭.૩૩ | ૨.૭૧ |
| ૧૬ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. (ઉત્તરાણ) | ૯૪૫ | ૧૭૩.૧૩ | ૧.૮૩ | ૮૩૪ | ૩૦૫.૬૪ | ૩.૬૭ | ૮૧૭ | ૨૭૯.૦૮ | ૩.૪૨ |
| ૧૭ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. (ધુવારણ) | ૮૪૫ | ૨૬૪.૩૩ | ૩.૧૩ | ૧૧૭૯ | ૬૪૬.૦૯ | ૫.૪૮ | ૧૨૨૭ | ૪૪૮.૭૨ | ૩.૬૬ |
| ૧૮ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. ઉકાઇ | ૪૪૬૩ | ૮૨૯.૦૭ | ૧.૮૬ | ૪૩૬૨ | ૮૬૭.૮૧ | ૧.૯૯ | ૪૩૮૪ | ૧૦૦૮.૪૧ | ૨.૩૦ |
| ૧૯ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. ૧-૪ ગાંધીનગર | ૩૩૬૬ | ૯૦૫.૯૯ | ૨.૬૯ | ૩૭૦૮ | ૧૦૪૪.૩૫ | ૨.૮૨ | ૩૯૨૪ | ૧૩૫૬.૩૯ | ૩.૪૬ |
| ૨૦ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. વણાકબોરી ૧-૬ | ૮૪૪૩ | ૧૮૯૩.૨૨ | ૨.૨૪ | ૮૬૫૧ | ૧૮૮૮.૧૮ | ૨.૧૮ | ૮૫૪૭ | ૨૨૯૩.૫૭ | ૨.૬૮ |
| ૨૧ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. સિક્કા | ૧૩૪૫ | ૩૫૭.૮૯ | ૨.૬૬ | ૧૨૬૬ | ૪૬૦.૬૪ | ૩.૬૪ | ૧૨૫૧ | ૫૪૦.૦૬ | ૪.૩૨ |
| ૨૨ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. ક્ચ્છ લીગ્નાઇટ | ૧૨૫૮ | ૩૭૧.૧૩ | ૨.૯૫ | ૧૧૨૪ | ૨૬૮.૭૩ | ૨.૩૯ | ૮૭૭ | ૨૨૨.૮૯ | ૨.૫૪ |
| ૨૩ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. ધુવારણ ઓલ્ડ | ૧૨૦૨ | ૭૮૩.૧૪ | ૬.૫૨ | ૧૨૦૯ | ૬૮૦.૧૭ | ૫.૬૩ | ૪૯૩ | ૩૯૦.૨૭ | ૭.૯૨ |
| ૨૪ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી.કડાણા હાઇડ્રો | ૨૮૫ | ૭૦.૧૬ | ૨.૪૬ | ૧૨૭ | ૬૩.૬૦ | ૫.૦૨ | ૧૦૦ | ૬૭.૭૬ | ૬.૭૭ |
| ૨૫ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. ઉકાઇ હાઇડ્રો | ૯૦૬ | ૨૬.૫૯ | ૦.૨૯ | ૫૫૧ | ૨૬.૨૯ | ૦.૪૮ | ૩૪૧ | ૨૫.૧૦ | ૦.૭૪ |
| | **કુલ :** | **૨૬૩૦૦** | **૬૪૦૧.૭૯** | **૨.૪૩** | **૨૬૧૮૧** | **૭૦૨૫.૯૨** | **૨.૬૮** | **૨૫૨૦૩** | **૭૫૪૧.૩૨** | **૨.૯૯** |
| **(ક)** | **સરકારી ક્ષેત્રના આઇપીપી** | | | | | | | | | |
| ૨૬ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન-હજીરા | ૧૦૪૪ | ૨૭૭.૩૩ | ૨.૬૬ | ૯૫૫ | ૨૯૮.૧૯ | ૩.૧૨ | ૧૧૨૧ | ૩૨૩.૪૮ | ૨.૮૯ |
| ૨૭ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. (૧૬૦ મે.વો.) | ૧૦૨૧ | ૨૫૧.૧૯ | ૨.૪૬ | ૧૦૬૬ | ૪૦૯.૧૦ | ૩.૮૪ | ૧૦૪૨ | ૨૭૧.૦૪ | ૨.૬૦ |
| ૨૮ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. (એસએલપીપી) | ૧૬૩૭ | ૩૪૩.૫૩ | ૨.૧૦ | ૧૫૪૭ | ૩૧૧.૪૮ | ૨.૦૧ | ૧૬૩૩ | ૩૪૨.૭૧ | ૨.૧૦ |
| ૨૯ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. (૧૪૫ મે.વો.) | ૩૭૮ | ૧૦૧.૪૧ | ૨.૬૮ | ૩૯૩ | ૧૮૯.૬૧ | ૪.૮૨ | ૩૮૦ | ૧૨૨.૪૦ | ૩.૨૩ |
| ૩૦ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૭૫૮ | ૧૫૦.૬૭ | ૧.૯૯ | ૯૦૩ | ૧૭૧.૬૩ | ૧.૯૦ | ૧૧૭૫ | ૨૭૫.૮૧ | ૨.૩૫ |
| | **કુલ :** | **૪૮૩૯** | **૧૧૨૪.૧૪** | **૨.૩૨** | **૪૮૬૪** | **૧૩૮૦.૦૧** | **૨.૮૪** | **૫૩૫૨** | **૧૩૩૫.૪૪** | **૨.૫૦** |
| **(ડ)** | **ખાનગી સાહસો** | | | | | | | | | |
| ૩૧ | એસ્સાર | ૧૯૮૩ | ૫૩૦.૭૮ | ૨.૬૮ | ૧૭૮૧ | ૬૩૫.૨૫ | ૩.૫૭ | ૧૪૩૦ | ૪૯૦.૮૫ | ૩.૪૩ |
| ૩૨ | ગુજરાત પગુથન ઇલેક્ટ્રીસીટી કંપની | ૪૦૮૫ | ૧૬૮૭.૩૦ | ૪.૧૩ | ૩૯૯૮ | ૨૩૨૨.૦૧ | ૫.૮૧ | ૪૫૧૧ | ૧૬૮૩.૦૧ | ૩.૭૩ |
| ૩૩ | અદાણી પાવર લી. (મુન્દ્રા પાવર પ્રોજેક્ટ)*** | | | | | | | ૫૭૩ | ૧૫૫.૧૪ | ૨.૭૧ |
| | **કુલ :** | **૬૦૬૮** | **૨૨૧૮.૦૮** | **૩.૬૬** | **૫૭૭૯** | **૨૯૫૭.૨૬** | **૫.૧૨** | **૬૫૧૫** | **૨૩૨૯.૦૧** | **૩.૫૮** |
| **(ઇ)** | **વીજ વેચાણકારો** | | | | | | | | | |
| ૩૪ | પાવર ટ્રેડીંગ કંપની લી. | ૧૬ | ૧૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૨ | ૦.૯૮ | ૬.૫૪ |
| ૩૫ | એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૪ | ૬૧.૬૬ | ૬.૫૬ | ૦ | ૦ | ૦ |
| ૩૬ | અદાણી એક્સપોર્ટ લી. | ૩૦૧ | ૧૮૪.૨૪ | ૬.૧૧ | ૬૫૯ | ૪૧૨.૯૨ | ૬.૨૭ | ૦ | ૦ | ૦ |
| ૩૭ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧ | ૦.૩૨ | ૪.૯૧ | ૧૯૪ | ૧૪૨.૭૩ | ૭.૩૬ | ૦ | ૦ | ૦ |
| ૩૮ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૬૫ | ૩૭.૩૩ | ૫.૭૦ | ૨૯ | ૨૬.૯૫ | ૯.૨૯ | ૪ | ૨.૬૮ | ૬.૪૪ |
| ૩૯ | લાન્કો ઇલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૧૧ | ૩.૭૩ | ૩.૨૫ | ૪ | ૧.૮૪ | ૪.૨૯ | ૦ | ૦ | ૦ |
| ૪૦ | કલ્યાણી પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. | ૬ | ૩.૪૩ | ૫.૮૫ | ૫ | ૪.૧૮ | ૮.૪૧ | ૦ | ૦ | ૦ |
| ૪૧ | જેએસડબલ્યુ પીટીસી લી. | ૦ | ૦.૦૬ | ૫.૦૦ | ૧ | ૦.૫૪ | ૭.૧૩ | ૦ | ૦ | ૦ |
| ૪૨ | જીંદાલ પાવર લી. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬ | ૧૮.૫૭ | ૭.૧૦ |
| ૪૩ | પાવર એક્સચેન્જ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩ | ૨.૧૮ | ૮.૧૯ | ૨૦ | ૧૨.૮૨ | ૬.૩૯ |

| ક્રમાંક | કંપનીનું નામ | ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | | | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનીટ | રૂ. (ક્રોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | રૂ. (ક્રોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | રૂ. (ક્રોડમાં) | દર રૂ. પ્રતિ યુનીટ |
| ૪૪ | કરમચંદ થાપર | ૫ | ૩.૧૮ | ૫.૮૫ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૫ | મધ્ય પ્રદેશ પાવર ટ્રેડીંગ કંપની લી. | ૬૮ | ૪૧.૭૧ | ૬.૧૮ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૬ | વીનર્જી ઇન્ટરનેશનલ પ્રા. લી. | ૧ | ૦.૪૯ | ૪.૪૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ :** | **૪૭૫** | **૨૮૪.૧૪** | **૫.૯૮** | **૯૮૯** | **૬૫૩.૦૦** | **૬.૬૦** | **૫૨** | **૩૫.૦૫** | **૬.૭૬** |
| **(ફ)** | **અન્ય** | | | | | | | | | |
| ૪૭ | ટોરેન્ટ પાવર (એઇસી) | ૪૩ | ૯.૮૯ | ૨.૩૧ | ૨૪ | ૫.૬૨ | ૨.૩૫ | ૨ | ૦.૩૯ | ૧.૯૨ |
| ૪૮ | પવનચક્કી | ૩૭૮ | ૧૨૪.૨૬ | ૩.૨૯ | ૧૨૧૦ | ૪૦૩.૯૭ | ૩.૩૪ | ૧૪૮૦ | ૪૯૬.૮૬ | ૩.૩૬ |
| ૪૯ | કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૪૫૬ | ૧૨૯.૬૯ | ૨.૮૪ | ૫૧૭ | ૧૮૧.૯૧ | ૩.૫૨ | ૧૪૦૪ | ૫૦૨.૩૬ | ૩.૫૮ |
| | **કુલ :** | **૮૭૭** | **૨૬૩.૮૪** | **૩.૦૧** | **૧૭૫૧** | **૫૯૧.૫૧** | **૩.૩૮** | **૨૮૮૫** | **૯૯૯.૬૨** | **૩.૪૬** |
| | **કુલ :** | **૫૩૦૨૯** | **૧૩૦૨૪.૩૩** | **૨.૪૬** | **૫૫૪૨૯** | **૧૬૪૭૭.૦૬** | **૨.૯૭** | **૫૭૯૫૫** | **૧૫૮૪૨.૩૨** | **૨.૭૩** |

**....નોંધ :** ઉપરોક્ત દર્શાવેલ ૪૦૯ મીલીયન યુનિટ અદાણી પાવર લી. એ મુન્દ્રા પાવર પ્રોજેક્ટમાંથી તા. ૧૬-૧૦-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦ ના સમયગાળા દરમ્યાન કરેલ વીજ સપ્લાય છે અને આ સપ્લાય માટે મે. અદાણી પાવર લી. દ્વારા બીલની ચુકવણી માટેનો ક્લેમ મૂકવામાં આવેલ છે. પરંતુ આ સંદર્ભમાં ઉપરોક્ત ક્લેઈમ વિવાદીત હોવાથી તેની ચૂકવણી કરવામાં આવેલ નથી. આ રકમ સમજૂતી સહ બદલવાને પાત્ર છે.

-------------

## કચ્છ જિલ્લામાં તાલુકાવાર પકડાયેલ દારૂના જથ્થા બાબત

૧૪૨૮૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા): માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૧-૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર કેટલા રૂપિયાનો દારૂનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૨) આ બનાવમાં કેટલા શખ્સો ઝડપાયા અને તેમના સામે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પકડાયેલ દારૂની કિંમત |
|---|---|---|
| ૧ | ભુજ | રૂ. ૨૬,૦૨,૩૦૩/- |
| ૨ | માંડવી | રૂ. ૪૫,૫૦,૨૭૦/- |
| ૩ | મુંદ્રા | રૂ. ૨૪,૪૭,૮૧૦/- |
| ૪ | નખત્રાણા | રૂ. ૨,૦૦,૯૭૦/- |
| ૫ | લખપત | રૂ. ૨,૭૨,૩૦૮/- |
| ૬ | અબડાસા | રૂ. ૧૫,૭૫,૭૪૨/- |
| ૭ | અંજાર | રૂ. ૩૨,૧૧,૮૭૦/- |
| ૮ | ગાંધીધામ | રૂ. ૪૭,૦૯,૬૦૦/- |
| ૯ | ભચાઉ | રૂ. ૫૭,૪૨,૪૭૭/- |
| ૧૦ | રાપર | રૂ. ૨૫,૧૧,૦૦૦/- |

(૨) ઉપરોક્ત બનાવોમાં કુલ-૮૯૬૫ શખ્સો ઝડપાયા, તે પેકી ૮૪૬૮ આરોપીઓ વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જસીટ મુક્તા, ૩૭૧૯ ને સજા થઇ, ૧૮ નિર્દોષ છુટ્યા અને ૪૭૩૧ આરોપીઓ સામે કોર્ટમાં કેસ પેન્ડીંગ છે. ૩૫ ઇસમોને પાસા અને ૬૬ ઇસમોને તડીપાર કરવામાં આવેલ છે તેમજ પ્રોહીબીશન-૯૩ હેઠળ ૧૮૧૨ ઇસમો સામે અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

## ખેડા જિલ્લામાં કાર્યરત સાંધ્ય કોર્ટો

૧૪૬૧૧ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી સાંધ્ય કોર્ટો ક્યા ક્યા સ્થળે કાર્યરત છે, અને

(૨) વધારાની સાંધ્ય કોર્ટ આપવા સરકારે ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) પાંચ સાંધ્ય કોર્ટો નડીયાદ ખાતે બે, ડાકોર ખાતે એક, ઠાસરા ખાતે એક, અને બાલાશીનોર ખાતે એક સાંધ્ય કોર્ટો કાર્યરત છે.

(૨) વડી અદાલત તરફથી સાંધ્ય કોર્ટો સ્થાપવા માટે દરખાસ્તો મળ્યેથી સાંધ્ય કોર્ટો સ્થાપવામાં આવશે. આ માટે વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષમાં નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ છે.

**સરફેસ વોટરથી પંપો દ્વારા સિંચાઇ કરનાર કૃષિ વીજ જોડાણો ઉપર વીજ દરનો વધારો**

૧૪૬૧૪**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરફેસ વોટરથી પંપો દ્વારા સિંચાઇ કરનાર કૃષિ વીજ જોડાણો ઉપર કેટલો વીજ દર વધારો કરવામાં આવ્યો, અને | (૧) હયાત કૃષિ વીજ જોડાણોના વીજ દરોમાં કોઇપણ વધારો કરવામાં આવ્યો નથી. |
| (૨) આ વીજ વધારાની દાહોદ જિલ્લાની કેટલી ઉદ્દવહન સિંચાઇ મંડળીઓને અસર થયેલ છે, અને કેટલો વીજ વધારો કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારી માટેના રહેણાંકના મકાનો બનાવવા બાબત**

૧૩૨૧૬**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો બનાવામાં આવ્યા, | (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેરના ૬૪ પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો બનાવવામાં આવ્યા છે. |
| (૨) કેટલા કર્મચારીઓ હજુ મકાન વિહોણા છે, અને<br>(૩) આ કર્મચારીઓ માટે નવા મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૨) અને (૩) જીલ્લાના હયાત મહેકમ ૩૯૨૦ સામે છેલ્લા એક વર્ષમાં બનાવેલ ૬૪ મકાનો સહિત કુલ ૩૫૧૦ મકાનો ઉપલબ્ધ છે, તે જોતાં હાલ ૪૧૦ મકાનોની ઘટ છે. વધુ મકાનો વર્ષ ૨૦૧૦-૧૧માં બનાવવાનું આયોજન છે. |

**ડીસા ખાતેની જેલ બંધ રાખવા અંગે**

૧૩૪૬૧**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેની જેલ કેટલા સમયથી બંધ છે,<br>(૨) ડીસાની જેલ બંધ રાખવામાં કેમ આવી છે, અને<br>(૩) ડીસાની બંધ જેલ સરકાર ક્યારે ચાલુ કરવા માંગે છે ? | (૧), (૨) અને (૩) ડીસા તાલુકા સબ જેલનું મકાન વર્ષો જૂનું હોવાથી જર્જરીત થયેલ હોઈ વર્ષ ૨૦૦૩થી બંધ છે. આ સબ જેલની છતનો ભાગ તૂટી ગયેલ હોઈ, જાનહાની થવાની સંભાવના હોવાથી આ જેલ બંધ કરવામાં આવેલ, જેનું રીનોવેશન કામ હાલ ગતીમાં છે, જે પૂર્ણ થયેથી ત્વરીત કાર્યરત કરવામાં આવશે. |

-------------

**બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ સહાય માટે નર્મદા જિલ્લાની અરજીઓ**

૧૪૮૨૫ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે નર્મદા જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૧૩૬૬. |
| (૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૧૭. |
| (૩) કેટલા શિક્ષિત બેરોજગારોને કેટલી રકમની સહાય આપવામાં આવી ? | (૩) ૨૯૦ શિક્ષિત બેરોજગારને રૂા. ૨૭.૪૦ લાખની સહાય આપવામાં આવેલ છે. |

## સાયન્સ સીટીને ફાળવેલ ગ્રાન્ટ

૧૪૭૪૪**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયન્સ સીટી અમદાવાદને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) સાયન્સ સીટી, અમદાવાદને છેલ્લા બે વર્ષમાં રૂા. ૩૫૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી ક્યા ક્યા હેડે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં મુખ્ય સદર ૩૪૨૫ અન્ય વૈજ્ઞાનિક સંશોધન, પેટા મુખ્ય સદર ૬૦, ગૌણ સદર ૨૦૦ અન્ય વૈજ્ઞાનિક સંસ્થાઓને સહાય(૧) ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી હેઠળ પ્લાનેટ અર્થના બાંધકામ માટે રૂા.૩૦૦ લાખ અને મુખ્ય સદર ૩૪૨૫ અન્ય વૈજ્ઞાનિક સંશોધન, પેટા મુખ્ય સદર ૬૦ ગૌણ સદર ૬૦૦ અન્ય યોજનાઓ (૧) સાયન્સ પોપ્યુલરાઈઝેશન હેઠળ રૂા.૫૧ લાખ એમ કુલ રૂા.૩૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) પ્રવેશ ફી અને અન્ય આવક કેટલી મળી, અને

(૩) છેલ્લા બે વર્ષમાં પ્રવેશ ફી પેટે રૂા.૭૯.૩૬ લાખ અને અન્ય આવક રૂા.૧૦૨૩.૦૮ લાખ એમ તા.૩૧-૦૧-૧૦ સુધીમાં કુલ રૂા.૧૧૦૨.૪૪ લાખની આવક મળેલ છે.

(૪) પ્રાથમિક શાળાના બાળકો માટે જે ફી નું ધોરણ છે તેમાં ઘટાડો કરવા માંગે છે કેમ ?

(૪) હાલના તબક્કે આવી કોઈ વિચારણા નથી.

## ખેડા જિલ્લામાં ખુલ્લા વીજ વાયરો તથા ઇલેક્ટ્રીક સાધનોને લીધે થયેલ નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ

૧૪૦૨૬ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જીલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખુલ્લા વીજ વાયરો તથા ઈલેક્ટ્રીક્ના સાધનો લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને લીધે કેટલા નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થયા.

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકસાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે, કેટલીકવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેક્ટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. છેલ્લા બે વર્ષમાં થયેલ આવા અકસ્માતોની વિગતો **પત્રક-અ** મુજબ છે.

**પત્રક : અ**

| | કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકસાનને લીધે થયેલ અકસ્માતો | | ઈલેક્ટ્રીક ઉપકરણોને લીધે થયેલ અકસ્માતો | | વીજતંત્રની બેદરકારીને લીધે થયેલ અકસ્માતો | | જાન્યુઆરી ૨૦૦૮ થી ડીસેમ્બર ૨૦૦૮ દરમ્યાન કુલ અકસ્માતો | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ | નાગરિકો | પ્રાણીઓ |
| જાન્યુઆરી ૨૦૦૮ થી ડીસેમ્બર ૨૦૦૮ | ૦૨ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૧૫ |
| જાન્યુઆરી ૨૦૦૯ થી ડીસેમ્બર ૨૦૦૯ | ૦૧ | ૧૨ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ | ૧૨ |
| કુલ | ૦૩ | ૨૭ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૮ | ૨૭ |

(૨) આ બાબતે કેટલા જવાબદારો સામે શી શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સાઓમાં પુરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સામાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઈ, કોઈની જવાબદારી પ્રસ્થાપિત થતી ન હોઈ, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) વળતર ચુકવણી પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના અને પ્રાણીઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને રકમ નક્કી થતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેક્ટ્રીક સાધનોના કારણે થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું રહેતું નથી. કુલ ૩ (ત્રણ) વ્યક્તિઓના વારસદારોને અને ૨૭ (સત્યાવીસ) પ્રાણીઓના માલિકોને વળતર ચુકવવાની વિગતો **પત્રક-બ** મુજબ છે.

**પત્રક : બ**

| | અસરગ્રસ્તોની સંખ્યા | | વળતર પેટે થયેલ ચુકવણી | | | | વળતર ચુકવવા માટે બાકી અસરગ્રસ્તો | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | નાગરિકો | | પ્રાણીઓ | | નાગરિકો | પ્રાણીઓ |
| | નાગરિકો | પ્રાણીઓ | સંખ્યા | રકમ (રૂા. લાખમાં) | સંખ્યા | રકમ (રૂા. લાખમાં) | સંખ્યા | સંખ્યા |
| વર્ષ ૨૦૦૮ | ૦૨ | ૧૫ | ૦૧ | ૨.૮૩૫ | ૦૭ | ૦.૪૯ | ૦૧ | ૦૮ |
| વર્ષ ૨૦૦૯ | ૦૧ | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦.૧૦ | ૦૧ | ૧૧ |
| કુલ | ૦૩ | ૨૭ | ૦૧ | ૨.૮૩૫ | ૦૮ | ૦.૫૯ | ૦૨ | ૦૯ |

(૪) બાકી રહેલા વળતરની રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૪) પ્રાણીઓના અક્સ્માતના કિસ્સાઓમાં ૫૦ ટકા રકમ રૂા. ૫૦/-

ના સ્ટેમ્પ પેપર ઉપર તેઓને નિયમાનુસાર મળતુ વળતર સ્વીકાર્ય છે, એવી લેખિત બાંહેધરી આપ્યા બાદ ચુકવવામાં આવે છે. જ્યારે બાકીની રકમ વિદ્યુત નિરીક્ષકનો અહેવાલ મળ્યા બાદ ચુકવવામાં આવે છે.

નાગરિકોના અકસ્માતના કિસ્સાઓમાં ""બાઈનંદા"" કેસમાં સુચવેલ માર્ગદર્શીકા મુજબ રકમ ચુકવવામાં આવે છે. એ માટે અસરગ્રસ્તના કાયદેસરના વારસદારે જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ વળતર ચૂકવવામાં આવે છે. આમ ઉપરોક્ત બાકી રહેતી રકમ પુરતા દસ્તાવેજી પુરાવા મળેથી સંબંધિતને ચુકવી આપવામાં આવશે.

-------------

## પોરબંદરમાં એન્વાયરમેન્ટની કાર્યવાહી થઇ ન હોય એવી લીઝ ધારકોને લીઝમાંથી ઉત્ખનન ચાલું રાખવા દેવા બાબત

૧૪૧૫૨ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ રેગ્યુલેશન) એકટ, ૧૯૫૭ અને મિનરલ કન્સેશન રૂલ્સ-૧૯૬૦ અને (મિનરલ કન્ઝરવેશન એન્ડ ડેવલપમેન્ટ) રૂલ્સ-૧૯૮૮ની વિવિધ જોગવાઇઓનું ઉલ્લંઘન તા.૩૧-૧-૧૦થી કરીને એન્વાયરમેન્ટની કાર્યવાહી થઇ ન હોય એવી અને છતાં લીઝ ધારકોને લીઝમાંથી ઉત્ખનન ચાલુ રાખવા દેવામાં આવ્યા છે તે હકીક્ત સાચી છે,

(૨) ઉત્ખનન ચાલુ રાખવા છતાં સદરહું ખાણોમાં રોયલ્ટી પાસ ઇશ્યુ કરનારાઓ સામે ક્યાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આવા લીઝ ધારકો સામે ગેરરીતિ આચરવા બાબતે તેઓની લીઝ રદ કરવા અથવા લીઝ રીન્યુ કરતી વખતે નિર્ણયમાં વિલંબ થયો છે તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ, ૧૯૫૭ અને તે હેઠળના નિયમોની જોગવાઇઓના ભંગ બદલ લીઝો ચાલુ રાખવા દેવામાં આવેલ નથી. જ્યારે એન્વાયરમેન્ટની કાર્યવાહી કરેલ હોય પરંતુ ક્લીયરન્સ મળેલ ન હોય તેવી લીઝો ચાલુ રાખવા દેવામાં આવેલ છે.

(૨) જે લીઝ ધારકોએ પ્રવર્તમાન નિયમોની વિવિધ જોગવાઇઓનું ઉલ્લંઘન કરેલ છે તેઓની સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે તથા તેઓને રોયલ્ટી પાસ બુક ઇસ્યુ કરવાનું બંધ કરવામાં આવેલ છે.

(૩) ગેરરીતિ આચરેલ છે તેવા પટ્ટેદારોને એમ.એમ. (ડી.આર.)એકટ ૧૯૫૭ની કલમ ૨૧(૫) હેઠળ બિનઅધિકૃત ખોદકામ અન્વયે ખનિજ કિંમત વસુલાતનો હુકમ કરવામાં આવેલ છે. જેની સામે લીઝ ધારકોએ રીવીઝન અરજી કરેલ હોઇ નિયમોનુસાર મળવા પાત્ર થતો સમયગાળો પૂર્ણ થતા રોયલ્ટી પાસ બુક ઈસ્યુ કરવાનું બંધ કરવામાં આવેલ છે. રીવીઝન અરજી અન્વયે સ્ટે મળેલ ન હોઇ લીઝ રદ કરવાની કાર્યવાહી થનાર છે.

લીઝ રીન્યુઅલનો આખરી નિર્ણય કરતા પહેલા માઇનીંગ પ્લાન, પર્યાવરણ સર્ટીફીકેટ, તાંત્રિક અભિપ્રાય, લીઝ વિસ્તારની માપણી વિગેરે ધ્યાને લેવાના હોય છે. લીઝનું નિરિક્ષણ અને માપણી કરાવવા ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરેલ છે.

-------------

## દાહોદ ચેકપોસ્ટની આવક

૧૩૨૦૮**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની દાહોદ ચેકપોસ્ટની કેટલી આવક થઇ, અને તેમાં અગાઉના વર્ષ કરતા ઘટાડો થયો હોય તો તેના શાં કારણો છે ?

**જવાબ**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ ચેકપોસ્ટ ઉપર થયેલી આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૧૨૦૬.૬૦ |
| ૨૦૦૮ | ૧૬૦૩.૮૪ |
| ૨૦૦૯ | ૧૭૬૬.૫૦ |

તેમાં અગાઉના વર્ષ કરતાં ઘટાડો થયેલ નથી.

-------------

**નર્મદા યોજના બાબતે ટાટા કન્સલ્ટન્સીનો રિપોર્ટ**

૧૪૪૮૬**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજના બાબતમાં ટાટા કન્સલ્ટન્સીનો ૨૦૦૮નો રિપોર્ટ સરકારને ક્યારે મળ્યો, તેમાં નર્મદા યોજનાની કેટલા ખર્ચની યોજના અંદાજવામાં આવી, | (૧) ટાટા કન્સલ્ટન્સીનો ૨૦૦૮નો કોઇ રિપોર્ટ સરકારને મળેલ નથી. |
| (૨) આ રિપોર્ટની મુખ્ય વિગતો કઇ કઇ છે, અને<br>(૩) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ થયો ? | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો**

૧૩૫૨૬**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે સરકાર દ્વારા શા શા આયોજન કરવામાં આવ્યા, અને | (૧) ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે અને બિનજરૂરી વીજ વ્યય ન થાય તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોના હયાત ખેતીવાડી પમ્પસેટ બદલી ઉર્જા કાર્યક્ષમ (એનર્જી એફીશીયન્ટ) પમ્પસેટ લગાડવાની યોજના જુલાઇ-૨૦૦૮માં પ્રાયોગિક ધોરણે પ્રથમ તબક્કામાં રાજ્યના ૬ જિલ્લાઓના ૧૧ તાલુકાઓમાં અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત એનર્જી એફીશીયન્ટ પંપની કિંમતના $^{1}/_{3}$ ભાગ ખેડૂતે ચુકવવાના રહે છે. જ્યારે $^{2}/_{3}$ ભાગ રાજ્ય સરકાર અને સંબંધિત વીજ કંપની સરખે હિસ્સે ભોગવે છે. |
| (૨) તે અન્વયે અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર શી શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) આ યોજના હાલ અમદાવાદ જિલ્લામાં અમલમાં મૂકવામાં આવેલ નથી. |

-------------

**જંબુસર અને આમોદ તાલુકાના તળાવો નર્મદાના પાણીથી ભરવા અંગે**

૧૪૦૯૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ૨૦૦૯-૧૦ના વર્ષમાં ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં અપૂરતા વરસાદના કારણે તળાવો પાણીથી ભરાયા નથી તેવા તળાવોમાં નર્મદાના પાણી નાંખી તળાવો કેટલા સમયમાં ભરવા સરકારનું આયોજન છે ? | વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ૪૦ અને આમોદ તાલુકાના ૯ ગામ તળાવો નર્મદાના પાણીથી ભરવામાં આવેલ છે. |

-------------

**પાદરા તાલુકામાં રાજીવગાંધી વિજળીકરણ યોજના હેઠળ કરવામાં આવેલ વિજળીકરણ**

૧૩૮૯૬**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજીવગાંધી વિજળીકરણ યોજના હેઠળ કેટલા જોડાણો આપવામાં આવ્યા,<br>(૨) આ યોજનામાં ક્યા પરિવારોને સમાવેશ કરવામાં આવે છે, અને | (૧) અને (૨) : વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આર.જી.જી.વી.વાય યોજના હેઠળ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ પરિવારોને ૧૨૦૨ વિજ જોડાણ આપવામાં આવ્યાં છે. |

(૩) વંચિત પરિવારોને કેટલા સમયમાં લાભો આપવામાં આવશે ?

(૩) આ યોજના અંતર્ગત મોટા ભાગના લોકોને વિજ જોડાણ આપી દીધેલ છે. અને કામગીરી પુરજોશમાં ચાલુ છે. તેથી બાકી રહેલાં જોડાણો શક્ય તેટલાં વહેલાં આપી દેવામાં આવશે.

-------------

## માંડવી તાલુકાના ગામોમાં ખેતીની અને ગોચર જમીનમાંથી પથ્થરો કાઢવાની ક્વોરીની કામગીરી

૧૪૪૧૯**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના કેટલા ગામોમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બિન અધિકૃત રીતે ખેતીની અને ગોચર જમીનમાંથી પથ્થરો કાઢવાની ક્વોરીની કામગીરી ચાલે છે,

(૨) આ બાબત સરકારનાં ધ્યાન પર છે, અને

(૩) જો હા, તો આ પ્રવૃત્તિ બંધ કરાવવા માટે ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ભરૂચ જિલ્લામાં તાલુકાવાર માટી કામ, રેતી અને મેટલની લીઝો

૧૩૭૭૨**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર માટી કામ રેતી અને મેટલની કેટલી લીઝની પરમીટ આપવામાં આવી, અને

(૨) આ સમય દરમ્યાન તાલુકાવાર સરકારને રોયલ્ટીની કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧)

| તાલુકો | માટી | રેતી | મેટલ | કુલ |
|---|---|---|---|---|
| ભરૂચ | ૧ | ૧ | - | ૨ |
| ઝઘડિયા | - | ૭ | ૧૧ | ૧૮ |
| અંકલેશ્વર | - | ૧ | - | ૧ |
| **કુલ.** | **૧** | **૯** | **૧૧** | **૨૧** |

(૨) આ સમય દરમ્યાન ઉપર્યુક્ત લીઝમાંથી તાલુકાવાર નીચે મુજબ રોયલ્ટીની આવક થયેલ છે.

| તાલુકો | રોયલ્ટીની આવક (રૂપિયા) |
|---|---|
| ભરૂચ | ૧૦,૦૦૦.૦૦ |
| ઝઘડિયા | ૨૦,૧૫,૯૧૦.૦૦ |
| અંકલેશ્વર | ૨૫,૦૦૦.૦૦ |

-------------

## સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળને કરવામાં આવેલ કામોની દરખાસ્ત

૧૪૭૬૦**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામોની દરખાસ્ત જિલ્લા આયોજન મંડળને મળેલ છે,

(૨) આ પૈકી કેટલા કામોની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : સાબરકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિવેકાધીન અને પ્રોત્સાહક જોગવાઈ સામે જિલ્લા આયોજન મંડળને મળેલ કામોની દરખાસ્તો, વહીવટી મંજૂરી આપેલ કામો અને પૂર્ણ થયેલ કામો અંગેની

(૩) કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યાં ?

વિગતોનું પત્રક સામેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | | વર્ષ ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કામોની મળેલ દરખાસ્ત | વહીવટી મંજૂરી આપેલ કામો | પૂર્ણ થયેલ કામો | કામોની મળેલ દરખાસ્ત | વહીવટી મંજૂરી આપેલ કામો | પૂર્ણ થયેલ કામો |
| ૧ | હિંમતનગર | ૮૮ | ૭૪ | ૬૩ | ૭૮ | ૬૮ | ૪૨ |
| ૨ | પ્રાંતિજ | ૪૦ | ૩૮ | ૩૬ | ૩૫ | ૩૧ | ૨૨ |
| ૩ | ઈડર | ૬૭ | ૬૬ | ૬૪ | ૬૪ | ૬૨ | ૫૪ |
| ૪ | વિજ્યનગર | ૪૧ | ૩૮ | ૩૬ | ૪૯ | ૩૩ | ૧૫ |
| ૫ | ભિલોડા | ૧૦૬ | ૬૭ | ૬૦ | ૭૩ | ૭૧ | ૪૫ |
| ૬ | ખેડબ્રહ્મા | ૫૭ | ૪૯ | ૪૮ | ૬૨ | ૫૬ | ૪૦ |
| ૭ | મોડાસા | ૪૦ | ૩૩ | ૩૨ | ૪૦ | ૩૨ | ૧૭ |
| ૮ | મેઘરજ | ૮૯ | ૬૯ | ૬૮ | ૭૯ | ૬૨ | ૩૨ |
| ૯ | માલપુર | ૮૫ | ૬૯ | ૬૪ | ૭૯ | ૩૬ | ૧૦ |
| ૧૦ | બાયડ | ૫૯ | ૩૬ | ૩૫ | ૪૪ | ૩૬ | ૨૯ |
| ૧૧ | ધનસુરા | ૬૭ | ૩૫ | ૩૪ | ૪૨ | ૪૦ | ૨૭ |
| ૧૨ | વડાલી | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૮ | ૧૮ | ૧૮ |
| ૧૩ | તલોદ | ૪૭ | ૪૦ | ૩૭ | ૪૧ | ૩૮ | ૧૫ |
| | **કુલ..** | **૮૦૪** | **૬૩૧** | **૫૯૩** | **૭૦૪** | **૫૮૩** | **૩૬૬** |

## પાલડી ખાતે આવેલ સુદામા રીસોર્ટ સામે ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ

૧૩૮૯૭**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં પાલડી ખાતે આવેલ સુદામા રીસોર્ટ સામે ગેરકાયદેસર પ્રવૃત્તિ જુગારનો અડ્ડો ચલાવવા સામે કેટલી ફરીયાદ થયેલ છે,

(૨) સંચાલકો સામે શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) રીસોર્ટ સામે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ ભવિષ્યમાં ચાલુ ના થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૦ ફરીયાદ અને ૧૦ કંટ્રોલ મેસેજ એમ કુલ ૩૦ ફરીયાદ મળેલ છે. ફરીયાદ સંદર્ભમાં કુલ ૨૧ રેઈડ કરવામાં આવેલ છે. તથા અવાર નવાર સ્થાનિક પોલીસ મારફત વોચ ગોઠવવામાં આવે છે, પરંતુ ફરીયાદને સમર્થન મળેલ નથી. આથી સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવેલ નથી. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા ખાનગી રાહે વોચ રાખવામાં આવે છે.

-------------

## આણંદ જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટેની અરજીઓ

૧૩૪૬૫ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા તથા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ મળી,

(૨) આવેલ અરજીઓમાંથી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨) :

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૫૮૮ | ૧૨૫૮ |
| ૨ | ઉમરેઠ | ૯૧૭ | ૭૬૦ |
| ૩ | ખંભાત | ૧૨૨૩ | ૯૨૨ |
| ૪ | તારાપુર | ૨૮૧ | ૧૯૪ |
| ૫ | પેટલાદ | ૯૨૯ | ૬૫૯ |
| ૬ | બોરસદ | ૬૨૭ | ૪૩૦ |
| ૭ | સોજીત્રા | ૩૪૭ | ૨૩૩ |
| ૮ | આંકલાવ | ૨૬૦ | ૧૫૧ |
| | **કુલ..** | **૬૧૭૨** | **૪૬૦૭** |

(૩) મંજૂર થયેલ અરજીઓમાંથી કેટલા અરજદારોએ બેંક સહાય મેળવી કુટિર ઉદ્યોગ ચાલુ કરી શક્યા ?

(૩) ૨૬૦૬.

-------------

**ગારીયાધાર તાલુકામાં નવીન જી.આઈ.ડી.સી. બનાવવા બાબત**

૧૪૫૪૪**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકામાં નવીન જી.આઈ.ડી.સી. બનાવવાનું વિચારણામાં છે કે નહીં, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) હા, વિચારણામાં છે.

(૨) જમીન મળતાં બનતી ત્વરાએ ઓદ્યોગિક વસાહત વિક્સાવવામાં આવશે.

-------------

**નર્મદા યોજના અંતર્ગત રાધનપુર, સાંતલપુર અને વાવ તાલુકામાંથી પસાર થતી કચ્છ શાખા નહેરોના કામો**

૧૪૭૬૯**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત રાધનપુર, સાંતલપુર અને વાવ તાલુકામાંથી પસાર થતી કચ્છ શાખા નહેરોના કામો તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વાવ અને સાંતલપુર તાલુકામાંથી પસાર થતી કચ્છ શાખા નહેરના કામો હાથ પર છે. તેની વિતરણ પદ્ધતિના કામો અન્વેક્ષણ તબક્કે છે. કચ્છ શાખા નહેર રાધનપુર તાલુકામાંથી પસાર થતી નથી.

(૨) કચ્છ શાખા નહેરના કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**મુખ્ય મંત્રી અને મંત્રી મંડળના સભ્યોનો કાર્યાલય અને નિવાસ સ્થાનના ટેલીફોનનો ખર્ચ**

૧૩૨૦૩**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધી એમ બે વર્ષમાં માન. મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના મંત્રીઓના નિવાસસ્થાને અને કાર્યાલયના ટેલીફોન બિલ પાછળ કેટ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

બીએસએનએલ ટેલીફોનનો ખર્ચ.

| વર્ષ | નિવાસસ્થાન | કાર્યાલય |
|---|---|---|
| ૨૦૦૮ | રૂ. ૪,૭૧,૧૮૪ | રૂ. ૩,૧૦,૫૬૫ |
| ૨૦૦૯ | રૂ. ૭,૨૪,૫૨૧ | રૂ. ૩,૯૯,૬૧૦ |
| **કુલ..** | **રૂ. ૧૧,૯૫,૭૦૫** | **રૂ. ૭,૧૦,૧૭૫** |

-------------

**એ.આર.ટી.ઓ કચેરી પોરબંદરની આવક**

૧૪૭૯૭**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની પોરબંદર એ. આર. ટી.ઓ કચેરીની છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની પોરબંદર એ. આર. ટી.ઓ કચેરીની છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ થયેલ આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક (રૂા.લાખમાં) |
|---|---|
| ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ | ૧૨૧૯.૫૪ |
| ૧-૪-૨૦૦૮ થી ૩૧-૩-૨૦૦૯ | ૧૩૧૪.૫૯ |
| ૧-૪-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦ | ૧૧૯૦.૬૭ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગની લોન સહાયની અરજીઓ**

૧૩૫૧૯**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટેની લોન સહાય માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને પડતર છે, અને

(૩) બાકીની અરજીઓ નામંજૂર કરવાના કારણો શા શા છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૭૯૦ |
| ૨ | વડગામ | ૯૭૯ |
| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
| ૩ | ધાનેરા | ૭૬૫ |
| ૪ | દિયોદર | ૭૪૩ |
| ૫ | ડીસા | ૧૨૨૯ |
| ૬ | થરાદ | ૫૪૩ |
| ૭ | વાવ | ૯૫૦ |
| ૮ | ભાભર | ૪૮૩ |
| ૯ | દાંતીવાડા | ૩૭૭ |
| ૧૦ | કાંકરેજ | ૬૨૨ |
| ૧૧ | દાંતા | ૨૫૧ |
| ૧૨ | અમીરગઢ | ૪૨૧ |
| | કુલ : | ૯૧૫૩ |

(૨) મળેલ અરજીઓ પૈકી ૬૧૮૧ અરજીઓ મંજૂરી અર્થે બેન્કને ભલામણ કરવામાં આવી. જે પૈકી કુલ ૨૦૬૩ અરજીઓ મંજૂર થયેલ છે. તેમજ બેન્ક કક્ષાએ કુલ ૧૭૮૯ અરજીઓ પડતર છે. જ્યારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ કુલ ૧૪૦૦ અરજીઓ પડતર છે.

(૩) **<u>જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ નામંજૂર કરવાના કારણો</u>**

(૧) અરજદારે જરૂરી સાધનિક પુરાવા પુરા પાડેલ ન હોવાથી
(૨) અરજદારને ઉંમર વધારે / ઓછી હોવાથી
(૩) ધંધાનો અનુભવ / પુરતો અભ્યાસ ન હોવાથી
(૪) અરજદારે અન્ય યોજના હેઠળ લાભ લીધેલ હોવાથી

**<u>બેન્ક કક્ષાએ નામંજૂર કરવાના કારણો</u>**

(૧) ધંધો અર્થ ક્ષમ ન હોવાથી
(૨) અરજદાર તથા તેમના કુટુંબીજનો બાકીદાર હોવાથી
(૩) ધંધાની જાણકારી ન હોવાથી
(૪) અરજદારે બેન્કમાં જરૂરી માહિતી રજૂ કરેલ ન હોવાથી
(૫) બેંકો દ્વારા અગાઉ ધિરાણ કરેલ વસૂલાત ઓછી હોવાથી

**આણંદ જિલ્લાના વિસ્તારને નર્મદા યોજનાનું પિયતનું પાણી આપવા બાબત**

૧૪૨૭૯ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા વિસ્તારને નર્મદા યોજનાનું પિયતનું પાણી આપવામાં આવે છે, અને

(૨) વધુ વિસ્તારને પાણી પૂરૂ પાડવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લાના ૨૦ હેક્ટર પિયત વિસ્તારમાં નર્મદા યોજનાનું પિયતનું પાણી આપવામાં આવે છે.

(૨) સદર વિસ્તાર પૂરગ્રસ્ત હોઈ ત્યાં અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન મારફત સિંચાઈ કરવાનું આયોજન વિચારણા હેઠળ છે.

-------------

**જામનગર જિલ્લામાં ૬૬ કે.વી. ના વીજ સબ સ્ટેશનો**

૧૪૦૨૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦ના વર્ષમાં કેટલા ૬૬ કે.વી. સબ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા ડીસે. ૨૦૦૯ની સ્થિતિએ કાર્યરત થયા અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેલા સબ સ્ટેશનો ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ૬૬ કે.વી.ના કુલ ૩ (ત્રણ) અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ૬૬ કે.વી.ના કુલ ૬ (છ) નવા વીજ સબ સ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પેકી ડીસે. ૨૦૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮-૦૯માં મંજૂર કરવામાં આવેલ બધા જ સબ સ્ટેશનો કાર્યરત કરેલ છે. જ્યારે વર્ષ ૨૦૦૯-૧૦માં મંજૂર કરવામાં આવેલ સબ સ્ટેશનો પેકી ૬૬ કે.વી. મોટાભાંડુકીયા તથા ૬૬ કે.વી. શાપર બેડ, એમ બે સબ સ્ટેશનો કાર્યરત કરેલ છે અને બાકીના સબ સ્ટેશનોના કામ પ્રગતિમાં છે.

(૩) બાકી રહેલા સબ સ્ટેશનોનું કામ માર્ચ-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને વીજ બીલમાં સબસીડી**

૧૪૮૪૨ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે તથા વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઈન્ડિયા, ગેઇલ, ઓએનજીસી તથા પરિવહનના દરો રેલ્વે ઇન્ડિયા દ્વારા નક્કી કરાય છે. તેમ છતાં ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદઉપરાંત મંજૂર થયેલ ખેતી વિષયક વીજ દરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂત પર નાખવામાં નથી આવતો પરંતુ, સરકાર દ્વારા સબસીડી સ્વરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદનુસાર, રાજ્યના માત્ર સાબરકાંઠા જિલ્લામાં જ છેલ્લા ત્રણ વર્ષમાં ૪૩૭ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાંખતા સરકારે વહન કરેલ છે.

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, આગ, બળાત્કાર અને અપહરણના બનાવો**

૧૩૧૯૨**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખૂન-લૂંટ-આગ-બળાત્કાર અને અપહરણના કેટલા કેસો નોંધાયા, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | આગ | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|
| ગોધરા | ૧ | ૬ | ૧ | ૧ | ૮ |
| શહેરા | ૬ | ૧ | ૦ | ૧ | ૩ |
| મોરવા | ૨ | ૧ | ૨ | ૦ | ૦ |
| લુણાવાડા | ૪ | ૧ | ૩ | ૪ | ૫ |
| ખાનપુર (બાકોર) | ૧ | ૦ | ૨ | ૦ | ૬ |
| કડાણા | ૨ | ૦ | ૦ | ૧ | ૦ |
| સંતરામપુર | ૩ | ૨ | ૩ | ૪ | ૭ |
| હાલોલ | ૪ | ૨ | ૦ | ૪ | ૪ |
| કાલોલ | ૭ | ૧ | ૧ | ૨ | ૨ |
| જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઘોઘંબા | ૫ | ૩ | ૨ | ૦ | ૭ |

(૨) તે અન્વયે કેટ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ?

(૨)

| | ખૂન | લૂંટ | આગ | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|
| પકડાયેલ ઈસમો | ૭૫ | ૨૬ | ૨૯ | ૩૩ | ૪૧ |

**કરજણ તાલુકામાંથી પસાર થતી નર્મદા બ્રાન્ચ કેનાલ સાથે જોડાયેલ અટાલી માઇનોર કેનાલનું કામ**

૧૪૧૫૭**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી પસાર થતી નર્મદા બ્રાન્ચ કેનાલ સાથે જોડાયેલ અટાલી માઇનોર કેનાલનું કામ કેટલું બાકી છે,

(૨) આ માઇનોર કેનાલ કેટલા કી.મી. લંબાઇ ધરાવે છે અને આ બાંધકામ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ માઇનોર કેનાલના અધુરા કામ માટે કેટલી ફરીયાદો છેલ્લા એક વર્ષમાં મળી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી પસાર થતી નર્મદા બ્રાન્ચ કેનાલ સાથે જોડાયેલ અટાલી માઇનોર કેનાલનું કામ પૂર્ણ થયેલ છે.

(૨) અટાલી માઇનોરની કુલ લંબાઇ ૩.૬૨ કી.મી. છે અને આ બાંધકામ પાછળ કુલ રૂા. ૫૯.૧૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) આ માઇનોરના અધુરા કામ માટે છેલ્લા એક વર્ષમાં કોઇ ફરિયાદ મળેલ નથી.

**નર્મદા યોજનાના જળવિદ્યુત મથકોમાંથી મળેલ વીજળી**

૧૩૪૬૯ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નર્મદા યોજનાના જળવિદ્યુત મથકોમાંથી સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં કેટ કેટલી વીજળી ઉત્પન્ન થઇ,

(૨) આ ઉત્પન્ન થયેલ વિજળીમાંથી મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને કેટલી વીજળી શા ભાવે આપી તે અન્વયે કેટલી રકમ મળી, અને

(૩) રાજ્યના ફાળે કેટલી વીજળી મળી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નીચે મુજબ વીજ ઉત્પન્ન થયેલ છે.

| વર્ષ | વીજ ઉત્પાદન (કરોડ યુનીટ) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૩૧.૭૬ |
| ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧૨-૦૯ સુધી) | ૧૭૫.૬૬ |

(૨)

| વર્ષ | મધ્યપ્રદેશને આપવામાં આવેલ વીજળી (૫૭ % લેખે) કરોડ યુનીટ | મહારાષ્ટ્ર રાજ્યને આપવામાં આવેલ વીજળી (૨૭% લેખે) કરોડ યુની |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૩૨.૧૦ | ૬૨.૫૭ |
| ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧૨-૦૯ સુધી) | ૧૦૦.૧૨ | ૪૭.૪૨ |

આ વીજળી નર્મદા જળ વિવાદ પંચના આદેશ અનુસાર સાથી રાજ્યોનો હિસ્સો છે. આથી ગુજરાત સરકાર ઉત્પાદનમાંથી સીધો હિસ્સો તે રાજ્યોને આપે છે. તેથી તેમાંથી રાજ્યને આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગુજરાત રાજ્યને ફાળે નીચે મુજબ વીજળી આવેલ છે.

| વર્ષ | ગુજરાત રાજ્યને (૧૬ % લેખે) મળેલ વીજળી (કરોડ યુનીટ) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૩૭.૦૮ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૧૨-૨૦૦૯ સુધી) | ૨૮.૧૦ |

**વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૯માં ઉર્જા ક્ષેત્રે થયેલા એમ.ઓ.યુ.**

૧૪૦૨૪ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં ઉર્જા ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. થયા,

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : સન ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં ઉર્જા ક્ષેત્રે

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ થયેલ એમ.ઓ.યુ. અન્વયે ઉર્જા ઉત્પાદનની કાર્યવાહી ક્યા તબક્કે છે,

(૩) તે પૈકી એમ.ઓ.યુ. કરેલ કઇ કઇ કંપનીઓ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી, અને

(૪) કઇ કઇ કંપનીઓ દ્વારા કોઇ કામગીરી થયેલ નથી ?

રૂ. ૩૨૧૦૪૪ કરોડના મૂડીરોકાણ સાથે થયેલા કુલ ૧૦૨ પ્રોજેક્ટ પૈકીના ૧૦૦ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કા હેઠળ છે. બે પ્રોજેક્ટ સ્થાપનાના અમલીકરણ હેઠળ છે. એમઓયુ કરેલ તમામ કંપનીઓના નામની વિગત સામેલ પત્રક મુજબ છે. એક પણ પ્રોજેક્ટ ડ્રોપ થયેલ નથી.

**પત્રક**

| અ.નં. | ડેવલોપર (પરંપરાગત ઉર્જા) |
|---|---|
| ૧ | એલ એન્ડ ટી પાવર ડેવલપમેન્ટ લિ., મુંબઇ |
| ૨ | યુનીવર્સલ સક્સેસ એન્ટરપ્રાઇઝ લિ., કોલકત્તા |
| ૩ | પીપાવાવ એનર્જી પ્રા.લિ. (વીડીઓકોન ઇન્ડ.લિ.) જી.ઓરંગાબાદ |
| ૪ | શાપુરજી પલોનજી એનર્જી (ગુજરાત) પ્રા.લિ. મુંબઇ |
| ૫ | ટોરેન્ટ પાવર લિ., અમદાવાદ |
| ૬ | જીએમઆર એનર્જી લિ., બેંગલોર |
| ૭ | જે.એસ.ડબલ્યુ એનર્જી .લિ., મુંબઇ |
| ૮ | શ્યામ સેન્ચુરી ઇન્ફ્રસ્ટ્રક્ચર લિ., કોલકત્તા |
| ૯ | પટેલ એનર્જી લિ., મુંબઇ |
| ૧૦ | ઓપીજી પાવર ગુજરાત પ્રા.લિ., ચેન્નાઇ |
| ૧૧ | રીસ્પોન્સીવ ઇન્ડ., મુંબઇ |
| ૧૨ | જગદગુરૂ ટેક્નોલોજી સર્વીસીસ પ્રા.લિ., ચેન્નાઇ |
| ૧૩ | સૌરાષ્ટ્ર પાવર પ્રા. લિ., અમદાવાદ |
| ૧૪ | અભિનવ સ્ટીલ્સ પ્રા. લિ., જોનપુર (યુપી) |
| ૧૫ | રચના ગ્લોબલ, અમદાવાદ |
| ૧૬ | અદાણી પાવર લિ., અમદાવાદ |
| ૧૭ | અદાણી પાવર લિ., અમદાવાદ |
| ૧૮ | અદાણી પાવર લિ., અમદાવાદ |
| ૧૯ | ઇન્ડીયા પાવર લિ., કોલકત્તા |
| ૨૦ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. વડોદરા |
| ૨૧ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. વડોદરા |
| ૨૨ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. વડોદરા |
| ૨૩ | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો. વડોદરા |
| ૨૪ | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો. વડોદરા |
| ૨૫ | બાલાજી ગ્રુપ, કોલકત્તા |
| ૨૬ | બાલાજી ગ્રુપ |
| ૨૭ | રીલાયન્સ સીમેન્ટેશન પ્રા. લિ., મુંબઇ |
| ૨૮ | ટફ એનર્જી પ્રા. લિ., યુ.એસ.એ. વલસાડ, કચ્છ, ભરૂચ |
| ૨૯ | અવન્થા પાવર એન્ડ ઇન્ફ્રા. લિ. દિલ્હી |
| ૩૦ | કેન એશિયા પાવર કોર્પો. લી. કેનેડા |

| અ.નં. | ડેવલોપર (પરંપરાગત ઉર્જા) |
|---|---|
| ૩૧ | સ્ટર્લીંગ પાવર સેઝ લિ. |
| | કુલ (પરંપરાગત ઉર્જા) = ૩૧ |
| **ડેવલપર બિન પરંપરાગત ઉર્જા** | |
| **એ** | **સોલર ફોટોવોલ્ટેઇક પાવર પ્લાન્ટ** |
| ૧ | સોલીટર એનર્જીસ પ્રા. લી. |
| ૨ | સનકોન એનર્જી પ્રા. લી. |
| ૩ | એસ્ટોનફાઇલ્ડ સોલર (ગુજરાત) પ્રા. લી. |
| ૪ | સ્વીસ પાર્ક વાણીજ્ય પ્રા. લી. નં. |

| | |
|---|---|
| ૫ | ઓપીજી એનર્જી પ્રા.લી. |
| ૬ | રીસુન એનર્જી પ્રા. લી. મુંબઇ |
| ૭ | મીલેનીયમ સાયોનેર્જી પ્રા.લી. ૧૦૧ |
| ૮ | મોસર બેયર એનર્જી એન્ડ |
| ૯ | પ્રેસીઓસ એનર્જી સર્વીસ પ્રા. લી. |
| ૧૦ | આર્ચેન ગ્રુપ સર્વીસ પ્રા. લી. |
| ૧૧ | રેફેક્સ એનર્જી પ્રા. લી. ચેન્નાઇ |
| ૧૨. | ટાટા પાવર કંપની પ્રા.લી. |
| ૧૩ | યુનીટી પાવર પ્રા. લી. |
| ૧૪ | વારી એનર્જી પ્રા. લી., ૩૬, |
| ૧૫ | વેલ્સપન ઊર્જા ઇન્ડીયા લી. બી-૯ |
| ૧૬ | વીક્રમ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીયલ |
| ૧૭ | ટોપસન એનર્જી લી. બી-૧૦૧ |
| ૧૮ | સનરાઇસ ટેક્નોલોજી, એ/૩૮ |
| ૧૯ | પીએઇલી., ૬૯ ટરડીઓ રોડ |
| ૨૦ | અબેલ્લોન બાયોએનર્જી લી., |
| ૨૧ | એલપીજી પાવર લી., મુંબઇ |
| ૨૨ | લાંકો સોલાર પ્રા. લી. હેદરાબાદ |
| ૨૩ | કોમનવેલ્થ બીઝનેસ |
| ૨૪ | ઇન્ડોવાઇલ્ડ એનર્જી લી. ચેન્નાઇ |
| ૨૫ | અજ્યોર પાવર ઇન્ડીયા, દિલ્હી |
| ૨૬ | એશિયન ગ્રાનીટો (૧૦ એસ.કે.) |
| | **કુલ માઉસ-સોલર = ૨૬** |
| **બી** | **કંપનીનું નામ** |
| ૧ | નેક્સ્ટ ઝેન સિન્ડીકેટ એએલસી (ન્યુ) |
| ૨ | પાર સોલાર લીમીટેડ, અરોરા હાઉસ |
| ૩ | મુનિ સેવા આશ્રમ, પો. ગોરજ |
| ૪ | એક્મી ટેલી પાવર લી. ડીએલએફ |
| ૫ | યુરો સોલાર પાવર પ્રા. લી. |
| ૬ | વેલ્સપુન ઉર્જા ઇન્ડિયા લી. બી-૭ |
| ૭ | કેરીટસ ઇન્ટરનેશનલ (હોલ્ડીંગ) |
| ૮ | ગાંધીઆ સોલાર એનર્જી સીસ્ટમ |
| ૯ | ઇલેક્ટ્રોથ્રીમ રેન્યબલ્સ લી. |
| ૧૦ | એનતેગ્રા લી. ૫૦૨ રાજા |
| ૧૧ | સૂર્યચક્ર પાવર વેનચૂર |
| ૧૨ | સહજાનંદ લેસર ટેક્નોલોજી |
| ૧૩ | સીસીએલ ઓપટોઇલોક્ટ્રોનીક પ્રા. લી. |
| ૧૪ | શારદા ઇન્વેટેશન, નાસિક |
| **બી** | **કંપનીનું નામ** |
| ૧૫ | હન્ટર ટેલીકોમ ઇન્ડિયા પ્રા. લી. |
| ૧૬ | સૂર્યચક્ર પાવર વેનચૂર |
| ૧૭ | એસર એબનગો સોલાર ગુજરાત |
| ૧૮ | આઇડીએફસી પ્રોજેક્ટ લી. ધ |
| | **કુલ એમ.ઓ.યુ.- સોલાર થર્મલ = ૧૮** |
| | **ગ્રાન્ડ કુલ સોલાર = ૪૪** |
| **સી** | **વીન્ડ ફર્મસ** |
| ૧ | સુઝલોન ગુજરાત વાઇન્ડ પાર્ક લી. |
| ૨ | એબલોન બાઇલોજી લી., સિડની |
| ૩ | વેસ્ટાસ વાઇન્ડ એનર્જી |
| ૪ | ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લી. |
| ૫ | એનીક્રોન ઇન્ડિયા લી., એનિક્રો |
| ૬ | એસ્સીન ગ્રુપ ઓફ કંપની |
| ૭ | એસ્સીન ગ્રુપ ઓફ કંપની |
| ૮ | આદીત્યા પાવર વેનચૂર પ્રા. લી. |
| ૯ | વેઇઝમન એનર્જી લી. ૨૬ |
| ૧૦ | લખજીરાજ વલોપર્સ પ્રા. લી. |
| ૧૧ | મેટ્રોન દાણેક પાવર |
| ૧૨ | ટોરંટ પાવર કોર્પોરેશન |
| ૧૩ | ઇનડોવાઇડ એનર્જી લી. ચેન્નઇ |
| | **કુલ એમ.ઓ.યુ.વીન્ડ = ૧૩** |
| | **બાયોમાસ** |
| ૧ | એબલોન બાઇલોજી લી. સીડની |
| ૨ | ટ્રાન્સેટ્ય ગ્રીન પાવર પ્રા.લી., ૭/૯ |
| ૩ | વાઘસીયા ગ્રુપ.... ૨૦૩ અમૃત |
| ૪ | ટ્રાન્સેટ્ય ગ્રીન પાવર પ્રા. લી. સી-૩૦ |
| ૫ | હાર્વેસ્ટ એનર્જી પ્રા. લી. ઇ-૨/૬૮ એરીયા |
| | **કુલ : એમ.ઓ.યુ. બાયોમાસ = ૫** |
| **ડી** | **અન્ય** |
| ૧ | એબ્લોન બાયો એનર્જી લી. સીડની હાઉસ |
| ૨ | ઓમ સાઇ મંત્ર પાવરગ્રેન પ્રા. લી. એફ-૧ |
| ૩ | પાવર ફાઇનાન્સ કોર્પોરેશન ઉર્જા નીધિ-૧ |
| ૪ | ટાટા પાવર કંપની લી., બિઝનેશ |
| ૫ | સી.ઇ.પી.ટી. યુનિવર્સીટી, અમદાવાદ |
| ૬ | ગ્રો સોલર, ઇઝરાઇલ |
| ૭ | સોલેલ સોલર સિસ્ટમ |
| ૮ | અલેનવુડ કન્સલટન્સી |
| ૯ | આરઇસી |
| | **અન્ય = ૯** |
| | **કુલ પરંપરાગત ઉર્જા = ૩૧** |
| | **કુલ બિન પરંપરાગત ઉર્જા = ૭૧** |
| | **કુલ = ૧૦૨** |

## સુરત જિલ્લામાં હજીરા ખાતે લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા નદીમાંથી રેતી મેળવીને પ્લાન્ટ એરિયામાં વાપરવા બાબત

૧૪૦૨૯**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં હજીરા ખાતે એસ્સાર અને લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા નદીના મુખ વિસ્તારમાંથી રેતી મેળવીને પ્લાન્ટ એરીયામાં વાપરેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) તે અન્વયે અંદાજે કેટલો જથ્થો વપરાયો, તેની કિંમત કેટલી,

(૩) તો અન્વયે રોયલ્ટી વસુલ કરી, અને કેટલી રોયલ્ટી/દંડ સહિત કુલ કેટલી રકમ લેવાની થાય છે,

(૪) ઉપરોક્ત બંને ઉદ્યોગ ગૃહોએ રેતી લેવા માટે પૂર્વ મંજૂરી કે રોયલ્ટી ભરી ઉત્ખનન માટે મંજૂરી લીધી છે કે કેમ, અને

(૫) જો પૂર્વ મંજૂરી લીધી ન હોય તો ઉપરોક્ત ઉદ્યોગ ગૃહો પાસેથી રેતીની કિંમત તથા દંડ વસુલ ન કરવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ ૭૭,૩૪,૬૮૭.૪૫ મે.ટન આ જથ્થો સ્વવપરાશ માટે વાપરેલ હોઇ કિંમત નક્કી કરી શકાય તેમ નથી.

(૩) એસ્સાર કંપની દ્વારા ઓફશોર વિસ્તારમાં કામગીરી થયેલ હોવાથી રાજ્ય સરકારે રોયલ્ટી વસૂલ લેવાની થતી નથી.
એલ.એન્ડ ટી. કંપની પાસેથી રોયલ્ટી પેટે રૂ.૪૮,૪૫,૫૩૦/- વસુલ કરેલ છે. રોયલ્ટી/દંડ પેટે રૂ. ૪,૮૬,૩૨,૮૪૪/- વસૂલ લેવાના થાય છે.

(૪) અને (૫) : એસ્સાર કંપની દ્વારા ઓફશોર વિસ્તારમાં કામગીરી થયેલ હોવાથી રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લેવાની રહેતી નથી.
એલ.એન્ડ ટી. કંપની દ્વારા રેતી લેવા માટે હાલમાં પૂર્વમંજૂરી લેવામાં આવેલ છે. અગાઉ જે સમયગાળામાં પૂર્વ મંજૂરી વિના ખાણકામ કરેલ છે. તે અન્વયે નિયમાનુસારની દંડનીય કાર્યવાહી થયેલ છે. કંપની દ્વારા ગુજરાત ગૌણ ખનીજ નિયમો-૧૯૬૬ હેઠળ આકારણી સામે અપીલ કરેલ છે જેમાં કાર્યવાહી ચાલુમાં હોવાથી પૂર્ણ વસૂલાત થયેલ નથી.

-------------

## વડોદરા જિલ્લામાં ખૂન, લૂંટ, ચોરી, મારામારી અને બળાત્કારના ગુનાઓ

૧૪૭૧૯ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ખૂન, લૂંટ, ચોરી, મારામારી અને બળાત્કારના કેટલા ગુનાઓ બન્યા,

**જવાબ**

(૧)

| પો. સ્ટે. નું નામ | ખૂન | લૂંટ | ચોરી | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| વડોદરા તાલુકા | ૪ | - | ૨૨ | ૨૫ | ૧ |
| વરણામા | ૩ | ૨ | ૧૨ | ૧૮ | - |
| કરજણ | ૫ | ૩ | ૪૫ | ૩૨ | ૧ |
| શિનોર | ૩ | ૧ | ૧૫ | ૭ | ૧ |
| પો. સ્ટે. નું નામ | ખૂન | લૂંટ | ચોરી | મારામારી | બળાત્કાર |
| સાવલી | ૪ | ૧ | ૩૮ | ૪૧ | ૧ |
| ભાદરવા | ૨ | ૨ | ૧૪ | ૪૪ | - |
| ડેસર | ૪ | - | ૧૧ | ૩૮ | ૨ |
| પાદરા | ૧૧ | ૨ | ૪૯ | ૫૯ | ૨ |
| વાઘોડીયા | ૧૫ | ૧ | ૬૧ | ૪૮ | ૧ |
| સંખેડા | ૭ | - | ૩ | ૧૪ | ૧ |
| બોડેલી | ૨ | ૨ | ૩૦ | ૧૦ | ૧ |
| નસવાડી | ૮ | - | ૧૪ | ૨૮ | ૭ |
| ડભોઇ | ૭ | ૨ | ૬૩ | ૪૭ | - |
| છોટાઉદેપુર | ૮ | ૪ | ૩૧ | ૫૨ | ૩ |
| રંગપુર | ૧૮ | ૧ | ૧ | ૭૧ | ૪ |
| ક્વાંટ | ૧૩ | ૨ | ૧૨ | ૫૧ | ૧ |
| જેતપુર | ૧૪ | - | ૩૦ | ૩૭ | ૪ |
| કરાલી | ૩ | - | ૪ | ૨૦ | - |

**પ્રશ્ન**

(૨) કેટલા ગુન્હાઓના ભેદ ઉકેલવામાં આવ્યા, અને

**જવાબ**

(૨)

| ખૂન | લૂંટ | ચોરી | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|
| ૧૧૯ | ૧૩ | ૧૯૩ | ૬૩૯ | ૩૦ |

(૩) કેટલા ગુન્હેગારો પકડાયા અને કેટલા બાકી ?

(૩)

| | ખૂન | લૂંટ | ચોરી | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ગુનેગારો પકડાયા | ૨૫૨ | ૩૨ | ૪૪૦ | ૧૨૪૧ | ૩૯ |

| | ખૂન | લૂંટ | ચોરી | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| પકડવાના બાકી | ૨૪ | – | ૪૯ | – | ૧ |

જે આરોપીઓ પકડાયેલ નથી તે આરોપીઓના સરનામે તપાસ કરતાં મળી આવેલ ન હોઇ સી.આર.પી.સી. ની કલમ ૭૦ મુજબ વોરંટ કઢાવી પોલીસ સ્ટેશનમાં બજવણી અર્થે મોકલવામાં આવે છે.

સી.આર.પી.સી. ની કલમ ૮૨, ૮૩ મુજબ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવે છે.

બાતમીદારો રોકી બાતમી મળ્યેથી અટક કરવાની તજવીજ કરવામાં આવે છે, નાસતા ફરતા આરોપીઓની વિગતો જિલ્લા પોલીસ ગેઝેટ તથા રાજ્ય પોલીસ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબના અસરકારક પગલાંઓ લેવામાં આવે છે.

વાહન ચેકીંગ સ્કીમ અમલમાં મૂકી ઝુંબેશ ચલાવવામાં આવે છે.

નાઇટ રાઉન્ડ સઘન બનાવી અમલમાં મૂકવામાં આવે છે.

અવાર નવાર કોમ્બીંગનું આયોજન કરી ગુનેગારોના આશ્રયસ્થળો, દંગાઓ, હોટલ, ગેસ્ટ હાઉસો વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે અને "એ" રોલ તથા "બી" રોલ ભરવામાં આવે છે.

ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ અહેવાલો અઠવાડીક મંગાવી સીનીયર સુપરવાઇઝરી અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

ગુનેગારો વિરૂધ્ધ પાસા તડીપારના પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

ચોરીના ગુનાઓમાં એમ.સી.આર. કાર્ડવાળા ઇસમો તેમજ હીસ્ટ્રીશીટરોને ચેક કરવામાં આવે છે.

શહેરોમાં ચાલતા ખાનગી ટ્યુશન ક્લાસો સવારે ૭.૦૦ કલાક પહેલાં ચાલુ કરવા પર પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ટ્યુશન ક્લાસીસના સંચાલકો, સ્કુલ, કોલેજના સંચાલકો અને વાલીઓના સંપર્ક કરી માર્ગદર્શન આપવામાં આવે છે.

-------------

## જૂનાગઢ જિલ્લામાં ફિડરોનું વિભાજન

૧૪૮૪૩ **શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષ દરમ્યાન જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં ૨૨ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બીજા ૧૮ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે. આમ તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કુલ ૪૦ ફિડરોના વિભાજન માટે કુલ રૂપિયા ૨૫૫.૫૨ લાખનો ખર્ચ થયેલ છે.

-------------

## તાપી જિલ્લામાં તાલુકાવાર પોલીસ મહેકમ

૧૩૭૭૮**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ સંવર્ગવાર કેટલું છે, અને

(૨)

**જવાબ**

(૧) અને (૨) : સામેલ **પત્રક** મુજબ.

વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ)

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જ્યાઓ કેટલા સમયથી ખાલી છે, આ ખાલી જ્યા ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન દ ાડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડે ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેકટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા.૨૦-૨-૨૦૧૦ થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

**પ ત્ર ક**

| તાલુકો | મંજૂર મહેક્મ | | | | ખાલી જ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પો.ઈ | પો.સ.ઈ | હે.કો | પો.કો | પો.ઈ | પો.સ.ઈ | હે.કો | પો.કો |
| વ્યારા | ૨ | ૨ | ૩૫ | ૬૬ | ૧ | ૦ | ૧ | ૨૯ |
| વાલોડ | ૦ | ૧ | ૧૬ | ૨૫ | ૦ | ૦ | +૨ | ૪ |
| સોનગઢ | ૧ | ૨ | ૩૪ | ૫૪ | ૦ | ૦ | ૧૫ | ૨૪ |
| ઉચ્છલ | ૦ | ૧ | ૧૬ | ૨૬ | ૦ | ૦ | ૨ | ૧૧ |
| નિઝર | ૦ | ૧ | ૧૬ | ૩૩ | ૦ | ૦ | ૧ | ૧૮ |
| કુલ. | ૩ | ૭ | ૧૧૭ | ૨૦૪ | ૧ | ૦ | ૧૭ | ૮૬ |

| સંવર્ગ | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|
| | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી ઉપર |
| પો.ઈ. | ૧ | ૦ | ૦ | ૦ |
| પો.સ.ઈ. | ૦ | ૦ | ૦ | ૦ |
| હે.કો. | ૦ | ૧૦ | ૭ | ૦ |
| પો.કો. | ૦ | ૩૨ | ૫૪ | ૦ |

## ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ આયોજન મંડળે ફાળવેલ ગ્રાન્ટ

૧૪૫૪૫**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આયોજન મંડળ હસ્તકની ૧૫% વિવેકાધિન જોગવાઈ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પેકી કેટલી-કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી, અને

**જવાબ**

(૧) અને (૨) : ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આયોજન મંડળ હસ્તકની ૧૫% વિવેકાધિન જોગવાઈ હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને વણવપરાયેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | વર્ષ ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | ૧૫ % વિવેકાધિન જોગવાઈ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | વણ વપરાયેલ ગ્રાન્ટ | ૧૫ % વિવેકાધિન જોગવાઈ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | વણ વપરાયેલ ગ્રાન્ટ |
| ૧ | ઘોઘા | ૧૫.૮૮ | ૦.૮૯ | ૧૬.૩૫ | ૪.૭૧ |
| ૨ | ઉમરાળા | ૧૮.૪૩ | ૪.૭૫ | ૧૭.૪૮ | ૬.૭૫ |
| ૩ | બોટાદ | ૨૦.૫૩ | ૦.૬૭ | ૧૮.૬૮ | ૩.૫૧ |
| ૪ | વલ્લભીપુર | ૨૪.૬૦ | ૧.૦૯ | ૨૩.૨૨ | ૯.૭૬ |
| ૫ | શિહોર | ૩૩.૮૯ | ૦.૯૬ | ૨૪.૪૭ | ૭.૩૮ |
| ૬ | ભાવનગર | ૩૧.૧૧ | ૧.૪૩ | ૨૭.૯૧ | ૧૬.૧૨ |
| ૭ | ગારીયાધાર | ૩૫.૮૯ | ૪.૪૯ | ૩૩.૫૦ | ૬.૬૩ |
| ૮ | ગઢડા | ૩૮.૨૦ | ૭.૦૦ | ૨૯.૭૯ | ૨૧.૬૧ |
| ૯ | તળાજા | ૪૨.૪૬ | ૧.૮૩ | ૩૧.૨૧ | ૬.૨૭ |
| ૧૦ | પાલીતાણા | ૪૩.૮૭ | ૬.૯૫ | ૩૩.૪૦ | ૧૫.૨૮ |
| ૧૧ | મહુવા | ૪૯.૮૫ | ૬.૨૨ | ૩૬.૮૧ | ૨૭.૮૫ |
| | કુલ | ૩૫૪.૭૧ | ૩૬.૨૮ | ૨૯૨.૮૨ | ૧૨૫.૮૭ |

(૩) વણવપરાયેલી રહેવાનાં કારણો શાં છે ?

(૩) મંજૂર થયેલ કામો પ્રગતિ હેઠળ હોવાના કારણે તથા અન્ય વહીવટી કારણોસર.

## આર.ટી.ઓ. કચેરી ભાવનગરની આવક

૧૩૫૨૮ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી ભાવનગરની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી ભાવનગરની છેલ્લા બે વર્ષની આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૮ | ૩૦૫૦.૫૭ |
| ૨૦૦૯ | ૩૩૪૬.૬૭ |

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેનાં કારણો શાં છે ?

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**અમદાવાદ અને રાજકોટના મલ્ટીપ્લેક્ષ થિયેટરો પાસેથી કરેલ મનોરંજન કરની વસૂલાત**

૧૩૫૨૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટના ક્યા ક્યા મલ્ટીપ્લેક્સ થિયેટરો પાસેથી કેટલી કેટલી રકમનો મનોરંજન કર વસુલવાનો બાકી છે,

(૨) તે અન્વયે કેટલી રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) વસૂલાત ન થઈ હોય તો તેના કારણો શાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ તથા રાજકોટના પાંચ મલ્ટીપ્લેક્સ થિયેટરો પાસેથી નીચે મુજબનો મનોરંજન કર વસૂલવાનો બાકી છે.

(રૂા.લાખમાં)

| અ.નં. | મલ્ટીપ્લેક્સ થિયેટરનું નામ | બાકી રકમ |
|---|---|---|
| ૧. | કોસ્મોપ્લેક્સ, રાજકોટ | ૫૫૮.૫૦ |
| ૨. | વાઈડ એંગલ, અમદાવાદ | ૭૭૨.૫૨ |
| ૩. | દેવી મલ્ટીપ્લેક્સ, નરોડા, અમદાવાદ | ૨૩૩.૯૬ |
| ૪. | સીટી ગોલ્ડ, બાપુનગર, અમદાવાદ | ૪૦૫.૪૦ |
| ૫. | સીટી પલ્સ, કાંકરીયા, અમદાવાદ | ૩૪૬.૭૦ |
| | **કુલ..** | **૨૩૧૭.૦૮** |

(૨) તે અન્વયે નીચે મુજબની રકમ વસૂલ કરવામાં આવી.

(રૂા.લાખમાં)

| અ.નં. | મલ્ટીપ્લેક્સ થિયેટરનું નામ | વસૂલ કરેલ રકમ |
|---|---|---|
| ૧. | કોસ્મોપ્લેક્સ, રાજકોટ | ૦.૦૦ |
| ૨. | વાઈડ એંગલ, અમદાવાદ | ૬૨.૫૩ |
| ૩. | દેવી મલ્ટીપ્લેક્સ, નરોડા, અમદાવાદ | ૪૬.૭૯ |
| ૪. | સીટી ગોલ્ડ, બાપુનગર, અમદાવાદ | ૮૧.૦૮ |
| ૫. | સીટી પલ્સ, કાંકરીયા, અમદાવાદ | ૬૯.૪૮ |
| | **કુલ..** | **૨૫૯.૮૮** |

(૩) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી ખાતે ફાઈલ થયેલ સીવીલ એપ્લીકેશન નં.૬૪૮૫/૨૦૦૯ માં નામદાર સુપ્રિમ કોર્ટે છ ત્રિમાસિક હપ્તામાં આ મનોરંજન કર વસૂલ કરવા માટે તા.૧૮-૯-૦૯ ના રોજ વચગાળાનો હુકમ આપેલ હોવાને કારણે વસૂલાત થઈ શકેલ નથી. નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ મુજબ બે હપ્તા વસૂલ કરવામાં આવેલ છે.

કોસ્મોપ્લેક્ષ-રાજકોટ તથા વાઈડ એંગલ-અમદાવાદની મનોરંજન કરમુક્તિની રકમ અંગેનો કેસ નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદે પ્રવાસન નીતિ અન્વયે પુનઃનિર્ણય લેવા રીમાન્ડ કરેલ હોવાને કારણે વસૂલાત બાકી છે.

-------------

**અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓમાં ઉદ્યોગો માટે ફાળવેલ જમીન**

૧૪૨૮૪**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓમાં છેલ્લા ૨ વર્ષ દરમિયાન ઉદ્યોગો માટે કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓમાં છેલ્લા ૨ વર્ષ દરમિયાન મહેસુલ વિભાગ દ્વારા ઉદ્યોગો માટે નીચે મુજબ જમીન ફાળવી છે.

| **તાલુકો** | **ફાળવેલ જમીન** |
|---|---|
| અબડાસા | ૨૯૭.૫૮૩૨ |
| નખત્રાણા | ૦.૮૮૮ |
| લખપત | ૦.૦૬૬૪ |

(૨) આ દરમિયાન કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,
(૩) કેટલી કંપનીઓ દ્વારા કુલ કેટલું મૂડીરોકાણ થયું, અને
(૪) કેટલા ઉદ્યોગો શરૂ થયા ?

(૨) ૧૦.
(૩) ૧૦ પ્રોજેક્ટમાં કુલ રૂ. ૩૬ કરોડનું મૂડી રોકાણ થયેલ છે અને રોકાણ ચાલુમાં છે.
(૪) એમ.ઓ.યુ. હેઠળના ૧૦ પ્રોજેક્ટો હાલમાં અમલીકરણના વિવિધ તબક્કે છે.

-------------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર આયોજન મંડળના કામો**

૧૪૬૧૫**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા કામોની દરખાસ્ત જિલ્લા આયોજન મંડળને મળેલ છે, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જિલ્લા આયોજન મંડળને મળેલ કામોની દરખાસ્તો અંગેની વિગતો નીચે મુજબ છે :-

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ દરખાસ્તો** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૩૦ |
| ૨ | ગરબાડા | ૭૧ |
| ૩ | ઝાલોદ | ૧૯૬ |
| ૪ | દેવગઢ બારીયા | ૧૨૮ |
| ૫ | ફતેપુરા | ૧૨૧ |
| ૬ | લીમખેડા | ૧૭૩ |
| ૭ | ધાનપુર | ૯૯ |
| | **કુલ :** | **૯૧૮** |

(૨) આ પૈકી કેટલાં કામોની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને કેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યા ?

(૨) કુલ ૩૬૫ કામોને વહીવટી મંજુરી આપવામાં આવી અને ૨૨૨ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

-------------

**રાજકોટ જિલ્લામાં આપવામાં આવેલ દારૂના પરવાના**

૧૩૨૧૭ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં દારૂના પરવાના માટે કુલ કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં દારૂના પરવાના માટે કુલ **૯૭૯૩** અરજીઓ મળી. તે પૈકી **૯૬૦૨** અરજીઓ મંજુર કરવામાં આવી અને **૩૭** અરજીઓ પડતર છે. જેના કારણો નીચે મુજબ છે.

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

અરજીઓ પડતર છે. જેના કારણો નીચે મુજબ છે.

| પડતર રહેવાના કારણો | પડતર અરજીઓ |
|---|---|
| ૧. સરકારી કર્મચારી હોઇ એન.ઓ.સી. રજુ કરવા પર બાકી | ૦૨ |
| ૨. ઉંમર ઓછી હોવાના કારણે | ૦૧ |
| ૩. એરીયા મેડીકલ બોર્ડના સ્પષ્ટ અભિપ્રાય માટે પરત મોકલવા પર બાકી | ૦૯ |
| ૪. એરીયા મેડીકલ બોર્ડ ખાતે હાજર ન રહેતાં, બોર્ડનો અભિપ્રાય મેળવવા પર બાકી | ૦૧ |
| ૫. ફોટો રજુ ન કરવાને કારણે | ૦૩ |
| ૬. સ્ટેટ મેડીકલ બોર્ડની ભલામણ માટે | ૦૪ |
| ૭. આધાર પુરાવા રજુ કરવા માટે | ૧૫ |
| ૮. એરીયા મેડીકલ બોર્ડની ભલામણ માટે મોકલેલ છે. | ૦૧ |
| ૯. અમદાવાદ જિલ્લાનો કેસ હોઇ પેપર મંગાવેલ છે. | ૦૧ |

-------------

## ડીસા તાલુકાના ગામો જ્યોતિ ગ્રામ યોજના થી વંચિત

૧૩૪૬૨**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ડીસા તાલુકાનાં કેટલાં ગામો જ્યોતિગ્રામ યોજનાથી વંચિત છે, અને

(૨) આ ગામોને ક્યાં સુધીમાં જ્યોતિગ્રામ યોજનામાં સમાવી લેવાશે ?

**જવાબ**

(૧) અને (૨) : સેન્સસ-૨૦૦૧ મુજબ તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ડીસા તાલુકાના તમામ ૧૫૦ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

-------------

## વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૯ માં ઉર્જા ક્ષેત્રે થયેલા એમ.ઓ.યુ.

૧૪૦૨૭**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ)** :**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯ માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં ઉર્જા ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ થયેલ એમ.ઓ.યુ. અન્વયે ઉર્જા ઉત્પાદનની કાર્યવાહી ક્યા તબક્કે છે,

(૩) તે પૈકી એમ.ઓ.યુ. કરેલ કઇ કઇ કંપનીઓ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી, અને

(૪) કઇ કઇ કંપનીઓ દ્વારા કોઇ કામગીરી થયેલ નથી ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : સન ૨૦૦૯ માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં ઉર્જા ક્ષેત્રે રૂ. ૩૨૧૦૪૪ કરોડના મૂડીરોકાણ સાથે થયેલા કુલ ૧૦૨ પ્રોજેક્ટ પૈકીના ૧૦૦ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કા હેઠળ છે. બે પ્રોજેક્ટ સ્થાપનાના અમલીકરણ હેઠળ છે. એમ.ઓ.યુ. કરેલ તમામ કંપનીઓના નામની વિગત સામેલ **પત્રક** મુજબ છે. એક પણ પ્રોજેક્ટ ડ્રોપ થયેલ નથી.

**પત્રક**

| અ.નં. | ડેવલોપર (પરંપરાગત ઉર્જા) |
|---|---|
| ૧. | એલ એન ટી પાવર ડેવલપમેન્ટ લિ., મુંબઇ |
| ૨. | યુનીવર્સલ સક્સેસ એન્ટરપ્રાઇઝ લિ. કોલકત્તા |
| ૩. | પીપાવાવ એનર્જી પ્રા.લિ. (વીડીઓકોન ઇન્ડ લિ.) જી. ઓરંગાબાદ |
| ૪. | શાપુરજી પલોનજી એનર્જી (ગુજરાત) પ્રા. લિ., મુંબઇ |
| ૫. | ટોરેન્ટ પાવર લિ. અમદાવાદ |
| ૬. | જીએમઆર એનર્જી લિ., બેંગલોર |
| ૭. | જે.એસ.ડબલ્યુ. એનર્જી લિ., મુંબઇ |
| ૮. | શ્યામ સેન્ચુરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિ. કોલકત્તા |
| ૯. | પટેલ એનર્જી લિ. મુંબઇ |
| ૧૦. | ઓપીજી પાવર ગુજરાત પ્રા. લિ. ચેન્નાઇ |
| ૧૧. | રીસ્પોન્સીવ ઇન્ડ, મુંબઇ |
| ૧૨. | જગદગુરૂ ટેક્નોલોજી સર્વીસીસ પ્રા. લિ. ચેન્નાઇ |

| અ.નં. | ડેવલોપર (પરંપરાગત ઉર્જા) |
|---|---|
| ૧૩. | સોરાષ્ટ્ર પાવર પ્રા. લિ. અમદાવાદ |
| ૧૪. | અભિનવ સ્ટીલ્સ પ્રા.લિ. જોનપુર (યુપી) |
| ૧૫. | રચના ગ્લોબલ, અમદાવાદ |
| ૧૬. | અદાણી પાવર લિ., અમદાવાદ |
| ૧૭. | અદાણી પાવર લિ., અમદાવાદ |
| ૧૮. | અદાણી પાવર લિ., અમદાવાદ |
| ૧૯. | ઇન્ડીયા પાવર લિ., કોલકત્તા |
| ૨૦. | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. વડોદરા |
| ૨૧. | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. વડોદરા |
| ૨૨. | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. વડોદરા |
| ૨૩. | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો. વડોદરા |
| ૨૪. | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો. વડોદરા |
| ૨૫. | બાલાજી ગ્રુપ, કોલકત્તા |
| ૨૬. | બાલાજી ગ્રુપ |
| ૨૭. | રીલાયન્સ સીમેન્ટેશન પ્રા. લિ., મુંબઇ |
| ૨૮. | ટફ એનર્જી પ્રા. લિ., યુ.એસ.એ. વલસાડ, કચ્છ, ભરૂચ |
| ૨૯. | અવન્થા પાવર કોર્પો. લી. કેનેડા |
| ૩૦. | કેન એશિયા પાવર કોર્પો. લી. કેનેડા |
| ૩૧. | સ્ટર્લીંગ પાવલ સેઝ લિ. |
| | કુલ (પરંપરાગત ઉર્જા) = ૩૧ |
| ડેવલપર બિન પરંપરાગત ઉર્જા | |
| **એ** | **સોલર ફોટોવોલ્ટેઇક પાવર પ્લાન્ટ** |
| ૧. | સોલીટર એનર્જીસ પ્રા. લી. |
| ૨. | સનકોન એનર્જી પ્રા. લી. |
| ૩. | એસ્ટોનફાઇલ્ડ સોલર (ગુજરાત) પ્રા. લી. |
| ૪. | સ્વીસ પાર્ક વાણીજ્ય પ્રા. લી. નં. |
| ૫. | ઓપીજી એનર્જી પ્રા.લી. |
| ૬. | રીસુન એનર્જી પ્રા. લી. મુંબઇ |
| ૭. | મીલેનીયમ સાયોનેર્જી પ્રા.લી. ૧૦૧ |
| ૮. | મોસર બેયર એનર્જી એન્ડ |
| ૯. | પ્રેસીઓસ એનર્જી સર્વીસ પ્રા. લી. |
| ૧૦. | આર્યેન ગ્રુપ સર્વીસ પ્રા. લી. |
| ૧૧. | રેફેક્સ એનર્જી પ્રા. લી. ચેન્નાઇ |
| ૧૨. | ટાટા પાવર કંપની પ્રા.લી. |
| ૧૩. | યુનીટી પાવર પ્રા. લી. |
| ૧૪. | વારી એનર્જી પ્રા. લી., ૩૬, |
| ૧૫. | વેલ્સપન ઊર્જા ઇન્ડીયા લી. બી-૯ |
| ૧૬. | વીક્રમ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીયલ |
| ૧૭. | ટોપસન એનર્જી લી. બી-૧૦૧ |
| ૧૮. | સનરાઇસ ટેક્નોલોજી, એ/૩૮ |
| ૧૯. | પીએઇલી., ૬૯ ટરડીઓ રોડ |
| ૨૦. | અબેલ્લોન બાયોએનર્જી લી., |
| ૨૧. | એલપીજી પાવર લી., મુંબઇ |
| ૨૨. | લાંકો સોલાર પ્રા. લી. હેદરાબાદ |
| ૨૩. | કોમનવેલ્થ બીઝનેસ |
| ૨૪. | ઇન્ડોવાઇન્ડ એનર્જી લી. ચેન્નાઇ |
| ૨૫. | અજ્યોર પાવર ઇન્ડીયા, દિલ્હી |
| ૨૬. | એશિયન ગ્રાનીટો (૧૦ એસ.કે.) |
| | **કુલ માઉસ-સોલર = ૨૬** |
| **બી** | **કંપનીનું નામ** |
| ૧. | નેક્સ્ટ ઝેન સિન્ડીકેટ એએલસી (ન્યુ) |
| ૨. | પાર સોલાર લીમીટેડ, અરોરા હાઉસ |
| ૩. | મુનિ સેવા આશ્રમ, પો. ગોરેજ |
| ૪. | એક્મી ટેલી પાવર લી. ડીએલએફ |
| ૫. | યુરો સોલાર પાવર પ્રા. લી. |
| ૬. | વેલ્સપુન ઉર્જા ઇન્ડિયા લી. બી-૭ |
| ૭. | કેરીટસ ઇન્ટરનેશનલ (હોલ્ડીંગ) |
| ૮. | ગાંધીઆ સોલાર એનર્જી સીસ્ટમ |
| ૯. | ઇલેક્ટ્રોથ્રીમ રેન્યબલ્સ લી. |
| ૧૦. | એનતેગ્રા લી. ૫૦૨ રાજા |
| ૧૧. | સૂર્યચક્ર પાવર વેનચૂર |
| ૧૨. | સહજાનંદ લેસર ટેક્નોલોજી |
| ૧૩. | સીસીએલ ઓપટોઇલોક્ટ્રોનીક પ્રા. લી. |
| ૧૪. | શારદા ઇન્વેટેશન, નાસિક |
| ૧૫. | હન્ટર ટેલીકોમ ઇન્ડિયા પ્રા. લી. |
| ૧૬. | સૂર્યચક્ર પાવર વેનચૂર |
| ૧૭. | એસર એબીનગો સોલાર ગુજરાત |
| ૧૮. | આઇડીએફસી પ્રોજેક્ટ લી. ધ |
| | **કુલ એમ.ઓ.યુ.- સોલાર થર્મલ = ૧૮** |
| | **ગ્રાન્ડ કુલ સોલાર = ૪૪** |
| **સી** | **વીન્ડ ફાર્મસ** |
| ૧. | સુઝલોન ગુજરાત વાઇન્ડ પાર્ક લી. |
| ૨. | એબલોન બાઇલોજી લી., સિડની |
| ૩. | વેસ્ટાસ વાઇન્ડ એનર્જી |
| ૪. | ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લી. |
| ૫. | એનીક્રોન ઇન્ડિયા લી., એનિક્રો |
| ૬. | એસ્થીન ગ્રુપ ઓફ કંપની |
| ૭. | એસ્થીન ગ્રુપ ઓફ કંપની |
| ૮. | આદીત્યા પાવર વેનચૂર પ્રા. લી. |
| ૯. | વેઇઝમન એનર્જી લી. ૨૬ |
| ૧૦. | લખજીરાજ ડેવલોપર્સ પ્રા. લી. |
| ૧૧. | મેટ્રોન ધાણેક પાવર |
| ૧૨. | ટોરંટ પાવર કોર્પોરેશન |
| ૧૩. | ઇનડોવાઇંડ એનર્જી લી. ચેન્નઇ |
| | **કુલ એમ.ઓ.યુ.વીન્ડ = ૧૩** |
| | **બયોમાસ** |
| ૧. | એબલોન બાઇલોજી લી. સીડની |
| ૨. | ટ્રાન્સેટેચ ગ્રીન પાવર પ્રા.લી., ૭/૯ |
| ૩. | વાલસીયા ગ્રુપ.... ૨૦૩ અમૃત |
| ૪. | ટ્રાન્સેટેચ ગ્રીન પાવર પ્રા. લી. સી-૩૦ |
| ૫. | હાર્વેસ્ટ એનર્જી પ્રા. લી. ઇ-૨/૬૮ એરીયા |

| અ.નં. | ડેવલોપર (પરંપરાગત ઉર્જા) |
|---|---|
| | **કુલ : એમ.ઓ.યુ. બાયોમાસ = ૧૫** |
| **૩** | **અન્ય** |
| ૧. | એબ્લોન બાયો એનર્જી લી. સીડની હાઉસ |
| ૨. | ઓમ સાઇ મંત્ર પાવરગ્રેન.પ્રા. લી. એફ-૧ |
| ૩. | પાવર ફાઇનાન્સ કોર્પોરેશન ઉર્જા નીધિ-૧ |
| ૪. | ટાટા પાવર કંપની લી., બિઝનેશ |
| ૫. | સી.ઇ.પી.ટી. યુનિવર્સીટી, અમદાવાદ |
| ૬. | ગો સોલર, ઇઝરાઇલ |
| ૭. | સોલેલ સોલર સિસ્ટમ |
| ૮. | એલેનવુડ કન્સલટન્સી |
| ૯. | આરઇસી |
| | **અન્ય = ૯** |
| | **કુલ પરંપરાગત ઉર્જા = ૩૧** |
| | **કુલ બિન પરંપરાગત ઉર્જા = ૭૧** |
| | **કુલ = ૧૦૨** |

-------------

## દાહોદ જિલ્લાના ખેતી વિષયક વીજ જોડાણો

૧૩૪૭૧**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના કેટલા ખેડૂતોએ ખેતી વિષયક વિજ જોડાણ માંગેલ છે.

(૨) તેમાંથી કેટલાને વિજ જોડાણ મળેલ છે અને કેટલા બાકી છે, અને

(૩) જે બાકી છે તેવાને આવા જોડાણ આપવા માટે સરકારે શું વિચારેલ છે ?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ૮૦૨૯ ખેડૂતોએ ખેતી વિષયક વિજ જોડાણ માંગેલ છે.

(૨) અને (૩) તેમાંથી ૨૫૯૬ ખેડૂતોને વીજ જોડાણ આપેલ છે અને ૫૪૩૩ જોડાણો આપવાના બાકી છે.

દાહોદ જિલ્લો આદિજાતિ વિસ્તાર હોઈ, રાજ્યની સ્થાપનાની સ્વર્ણિમ જયંતિ ઉજવણી નિમિત્તે તારીખ ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં નોંધાયેલ બાકી તમામ ખેડૂતોને તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

-------------

## આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર પોલીસ કર્મચારીઓના આવાસો

૧૪૪૮૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ આવાસો છે,

(૨) વધારે પોલીસ આવાસો બનાવવાનું સરકારનું ૨૦૦૯-૧૦ના વર્ષમાં શું આયોજન છે, અને

(૩) કેટલા નવા આવાસોની જરૂરીયાત છે ?

**જવાબ**

(૧) આણંદ ખેડામાં નીચે મુજબના રહેણાંકના આવાસો છે.

| આણંદ | | ખેડા | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **મકાનની સંખ્યા** | **તાલુકાનું નામ** | **મકાનની સંખ્યા** |
| આણંદ | ૩૮૭ | આતરસુંબા | ૩૦ |
| ખંભાત | ૭૨ | બાલાસીનોર | ૭૫ |
| પેટલાદ | ૧૭૮ | બીરપુર | ૨૧ |
| તારાપુર | ૨૪ | ચકલાસી | ૧૪ |
| બોરસદ | ૧૦૪ | માતર | ૧ |
| સોજીત્રા | ૩૨ | ડાકોર | ૬૪ |
| ઉમરેઠ | ૬૦ | નડીયાદ | ૫૯૧ |
| આંક્લાવ | ૨૪ | કપડવંજ | ૬૭ |
| | | કઠલાલ | ૪૫ |
| | | લીંબાસી | ૪ |
| | | મહુધા | ૩૮ |
| | | માતર | ૪૪ |
| | | મહેમદાવાદ | ૮૦ |
| | | ઠાસરા | ૫૫ |
| | | વસો | ૩૭ |
| કુલ | ૮૮૧ | કુલ | ૧૧૬૬ |

(૨) સન ૨૦૦૯-૧૦માં આણંદ ખાતે ૨૯૧ અને ખેડા ખાતે ૨૬૫ આવાસો બનાવવાનું આયોજન છે.

(૩) ખેડા ખાતે ૪૧૮ અને આણંદ ખાતે ૫૧૦ આવાસોની જરૂરીયાત છે.

-------------

## અમદાવાદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણોની અરજીઓ

૧૩૫૨૭ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણો માટેની કેટલી અરજીઓ પડતર છે,

**જવાબ**

(૧) અને (૨)અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણો માટેની પડતર અરજીઓની વિગત **પત્રક-અ** મુજબ છે.

(૨) આ અરજીઓ તાલુકાવાર કેટલા સમયથી પડતર છે, અને

પડતર અરજીઓની વિગત **પત્રક-અ** મુજબ છે.

**પ ત્ર ક - અ**

| તાલુકો | વર્ષવાર પડતર અરજીઓની સંખ્યા | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ |
| બરવાળા | ૦ | ૮ | ૨૫ | ૨૩ | ૯૨ | ૩૫ | ૪૪ | ૫૮ | ૧૫ | ૧૦ | ૮ | ૫૮ | ૫૦ |
| બાવળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ |
| દસક્રોઈ | ૦ | ૩૯ | ૩૦ | ૨૬ | ૩૪ | ૧૬ | ૧૪ | ૨૦ | ૧૪ | ૨૦ | ૮ | ૫૮ | ૪૨ |
| દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધંધુકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધોળકા | ૪ | ૨૭ | ૧૭ | ૩૨ | ૪૩ | ૨૦ | ૧૪ | ૧૯ | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦૨ | ૧૬ |
| માંડલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાણપુર | ૦ | ૨૬ | ૪૨ | ૪૩ | ૧૭૯ | ૭૭ | ૧૧૪ | ૧૬૮ | ૭૨ | ૨૩ | ૧૪ | ૧૮ | ૨૩ |
| સાણંદ | ૧૯ | ૪૮ | ૨૬ | ૨૧ | ૧૦ | ૪ | ૧૪ | ૨૧ | ૯ | ૯ | ૧૮ | ૩૭ | ૨૧ |
| વિરમગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સીટી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ |
| કુલ | ૨૩ | ૧૪૮ | ૧૪૧ | ૧૪૫ | ૩૫૮ | ૧૫૨ | ૨૦૦ | ૨૮૭ | ૧૨૪ | ૭૨ | ૬૩ | ૨૭૪ | ૧૭૧ |

| ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૬૨ | ૯૦ | ૧૦૮ | ૧૨૬ | ૧૯૭ | ૪૩ | |
| ૮ | ૪ | ૭ | ૪ | ૨૫ | ૩૮૦ | ૫૯ | ૧૦૬૨ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૦૩ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૩ | ૧૩ | ૩૨૧ |
| ૨ | ૦ | ૦ | ૧૦ | ૧૬ | ૮૧ | ૪ | ૮૬ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૩ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૪ | ૪ | ૩૩૩ |
| ૭ | ૮૬ | ૧૨૩ | ૩૨૪ | ૧૯૬ | ૩૦૪ | ૮૨ | ૪૮ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | | ૧૯૨૧ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૭ | ૫ | ૨૫૭ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫૨ |
| ૨૭ | ૧૫૨ | ૨૨૦ | ૪૪૬ | ૩૬૩ | ૧૨૨૬ | ૨૧૦ | ૬ |
| | | | | | | | ૪૮૦૨ |

અમદાવાદ જીલ્લામાં દસક્રોઈ, સાણંદ, ધોળકા અને સીટી તાલુકાઓ ડાર્કઝોન વિસ્તારના છે બાકી રહેતા અન્ય તાલુકાઓ સામાન્ય યોજના હેઠળના છે.

(૩) ઉક્ત અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે અને અરજીઓ પડતર રહેવાના કારણો શા છે ?

(૩) બાકી રહેલ પડતર અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજ માંગ ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

## જંબુસર તાલુકાના ગામના તળાવો નર્મદાના પાણીથી ભરવા બાબત

૧૧૯૩૫**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ક્યા ક્યા ગામના તળાવોમાં નર્મદા નહેરથી પાણી નાંખી ભરવાનું આયોજન હતું

(૨) તે અન્વયે ક્યા ક્યા ગામના તળાવો પાણીથી ભરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતા તળાવો ક્યારે પાણીથી ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ગામ તળાવો ભરવાનું કોઈ આયોજન ન હતું આમ છતાં નર્મદા ડેમ ઓવરફ્લો થતાં જંબુસર તાલુકાના ૪૦ ગામ તળાવો ભરવામાં આવેલ હતા.

(૩) ગામ તળાવો ભરવાની સ.સ.ન.નિ.લિ.ની કોઈ કાયમી નીતિ નથી, પરંતુ સામાન્ય રીતે જ્યારે મુખ્ય બંધ ઓવરફ્લો થાય ત્યારે નહેરોમાં પાણી વહેવડાવી તળાવો ભરવાની સરકાર દ્વારા સૂચના આપવામાં આવે છે.

-------------

## સાબરકાંઠા જિલ્લાના તાલુકાદીઠ આયોજન મંડળ દ્વારા ફાળવેલ ગ્રાન્ટ

૧૪૭૬૧**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આયોજન મંડળ હસ્તકની ૧૫ ટકા અને વિવેકાધીન જોગવાઈ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી કેટલી-કેટલી ગ્રાન્ટ વણપરાયેલી રહી, અને

(૩) ગ્રાન્ટ વણવપરાયેલી રહેવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) અને (૨) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આયોજન મંડળ હસ્તકની ૧૫ ટકા અને વિવેકાધીન જોગવાઈ હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને વણવપરાયેલ ગ્રાન્ટ અંગેની વિગતો આ સાથે સામેલ **પત્રક** મુજબ છે.

રૂપિયા લાખમાં

| ક્રમ | તાલુકાનુંનામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | વર્ષ ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | વણ વપરાયેલ ગ્રાન્ટ | ફાળવેલ ગ્રાન્ટ | વણ વપરાયેલ ગ્રાન્ટ |
| ૧ | હિંમતનગર | ૪૧.૨૦ | ૯.૭૬ | ૪૩.૩૯ | ૧૯.૬૮ |
| ૨ | પ્રાંતિજ | ૨૩.૬૫ | ૩.૦૦ | ૨૨.૧૩ | ૭.૧૦ |
| ૩ | ઈડર | ૩૪.૫૮ | ૦.૨૦ | ૩૫.૦૨ | ૧૫.૬૧ |
| ૪ | વિજ્યનગર | ૩૦.૬૮ | ૦.૦૦ | ૩૫.૪૪ | ૭.૪૪ |
| ૫ | ભિલોડા | ૪૨.૮૯ | ૪.૯૧ | ૪૭.૮૯ | ૧૭.૭૩ |
| ૬ | ખેડબ્રહ્મા | ૪૮.૯૬ | ૧.૮૭ | ૫૫.૫૧ | ૭.૬૦ |
| ૭ | મોડાસા | ૨૭.૫૫ | ૦.૯૮ | ૨૯.૩૧ | ૧૧.૭૫ |
| ૮ | મેઘરજ | ૩૪.૮૯ | ૦.૧૪ | ૩૯.૬૬ | ૨૪.૯૬ |
| ૯ | માલપુર | ૩૨.૭૨ | ૦.૪૬ | ૩૬.૩૮ | ૧૪.૫૬ |
| ૧૦ | બાયડ | ૩૦.૪૫ | ૦.૭૬ | ૩૩.૩૦ | ૬.૪૭ |
| ૧૧ | ધનસુરા | ૧૩.૯૭ | ૧.૧૩ | ૧૫.૩૩ | ૧૩.૯૭ |
| ૧૨ | વડાલી | ૧૧.૧૯ | ૦.૦૫ | ૧૧.૬૦ | ૦.૦૦ |
| ૧૩ | તલોદ | ૨૨.૩૭ | ૪.૦૮ | ૨૬.૩૯ | ૧૧.૪૯ |
| | કુલ | ૩૯૫.૧૦ | ૨૭.૩૪ | ૪૩૧.૩૫ | ૧૫૮.૩૬ |

(૩) મંજૂર થયેલ કામો પ્રગતિ હેઠળ હોવાના કારણે તથા અન્ય વહીવટી કારણોસર.

## સાંતલપુર તાલુકામાં ખાસ મૂડીરોકાણ વિસ્તારો બનાવવા બાબત

૧૪૮૨૦**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (એસ.આઈ.આર.) બનાવવા અંગે શું કાર્યવાહી કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (એસ.આઈ.આર.) બનાવવા માટે આ વિસ્તારનો ફીઝીબીલીટી અહેવાલ અને કોન્સેપ્ટ પ્લાન તજજ્ઞ મે. મોટ મેકડોનાલ્ડ દ્વારા તૈયાર કરાવેલ છે. સાંતલપુર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો ડીટેઈલ્ડ

ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે મે. લી.એસોસિએટસને તા. ૧૭-૧૨-૨૦૦૯થી કામ સોંપેલ છે.

(૨) તે ક્યારે શરૂ થશે અને તે અંગેની હાલની પ્રગતિ શું છે ?

(૨) તા. ૩-૨-૨૦૧૦ ના જાહેરનામાથી કુલ ૧૮૯.૨૯ ચોરસ કિ.મી. વિસ્તારને સાંતલપુર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન તરીકે જાહેર કરીને ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમને રીજીયોનલ ડેવલપમેન્ટ ઓથોરીટી તરીકે નિમવામાં આવેલ છે. સાંતલપુર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના ડીટેઈલ્ડ ડેવલપમેન્ટ પ્લાન બનાવવાની કામગીરી મે-૨૦૧૦ સુધીમાં પુરૂ કરવાનું અને વિસ્તારનો સમતલ વિકાસ કરવાનું આયોજન છે.

**કારગીલ યુધ્ધ સમયે ગુજરાતના શહીદ થયેલા જવાનોના પરિવારોને સહાય**

૧૨૦૪૯ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કારગીલ યુધ્ધ સમયે ગુજરાત રાજ્યે ભેગુ કરેલ કારગીલ ફંડની રકમ તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ વ્યાજ સાથે કેટલી રકમ જમાં છે,

(૧) (અ) દાન પેટે રૂ. ૨૨,૭૩,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા બાવીસ કરોડ તોતેર લાખ પુરા.)
(બ) વ્યાજ પેટે રૂ. ૧૫,૦૩,૦૬,૧૩૯-૦૦ (અંકે રૂપિયા પંદર કરોડ ત્રણ લાખ છ હજાર એકસો ઓગણચાળીસ પુરા.)

(૨) તે અન્વયે આ રકમમાંથી મા ભોમની રક્ષા કાજે ગુજરાતના શહીદ થયેલા કેટલા જવાનોના પરિવાર જનોને કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી, અને

(૨) સામેલ પરિશિષ્ટ-૧ મુજબ

| વર્ષ | જવાનોના પરિવારોની સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|
| ૧૯૯૯-૨૦૦૦ | ૩૩ | ૧૦૦૫૦૦૦૦ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૨૧ | ૩૧૬૦૦૦૦ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૫૧ | ૩૩૦૯૬૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૨૪ | ૪૭૬૪૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૫૫ | ૨૩૬૦૧૦૦ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૬૩ | ૧૭૯૧૬૦૦ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૦૦ | ૩૫૨૨૧૦૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૨૦ | ૩૪૯૦૧૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૨૭ | ૩૨૨૩૨૦૦ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૩૧ | ૨૯૧૨૨૦૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૩૬ | ૨૯૯૨૭૦૦ |
| | કુલ : | ૩૭૨૮૮૦૦૦ |

(૩) કેટલા શહીદ જવાનોના પરિવાર જનોને સહાય ચૂકવવાની બાકી છે ?

(૩) શહીદના કોઈ પાત્રતા ધરાવતા પરિવારને આ સહાય ચૂકવવાની બાકી નથી.

**ખેતીની જમીનનો ઉપયોગ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે ન કરવા બાબત**

૧૪૩૬૫**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભારત સરકારના વહીવટી સુધારણા પંચે ખેડૂતોના હિતમાં મોકાની ખેતીની જમીનોનો ઉપયોગ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (સેઝ) માટે ન કરવા સને-૨૦૦૮માં સ્પષ્ટ આદેશ આપ્યો છે તે હકીકત છે,

(૧) ના, જી.

(૨) પંચના આદેશના અમલ માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પંચના અહેવાલના અમલ અંગેનો અહેવાલ ભારત સરકારને ક્યારે મોકલવામાં આવ્યો અને તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કોલગી સમિતિએ જાહેર કરેલ બિનપછાત, પછાત અને અતિપછાત તાલુકા**

૧૩૪૭૦ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કોલગી સમિતિએ રાજ્યના કેટલા તેમજ ક્યા ક્યા તાલુકાઓને બિન પછાત, પછાત અને અતિપછાત જાહેર ક્યારે કર્યા, અને

(૧) (અ) ગુજરાતના તાલુકાઓના પછાતપણા અંગે શ્રી વી.આર.એસ. કોલગીના અધ્યક્ષપદે તા. ૨૫-૧૦-૨૦૦૪ના ઠરાવથી રચવામાં આવેલ સમિતિએ

તાલુકાઓને બિનપછાત, પછાત અને અતિપછાત તાલુકા જાહેર કર્યા નથી. પરંતુ સમિતિએ આપેલ અહેવાલમાં તાલુકાઓની વિકાસની કક્ષા ધ્યાને લઈને આઠ કક્ષામાં વર્ગીકૃત કરેલ છે. આ અહેવાલના આધારે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭-૦૭-૨૦૦૬ના ઠરાવથી રાજ્યના સૌથી પછાત પ્રથમ ૩૦ તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કર્યા છે જે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ક્વાંટ | ૧૬. | શહેરા |
| ૨. | જેતપુર-પાવી | ૧૭. | ખાનપુર |
| ૩. | નસવાડી | ૧૮. | સંતરામપુર |
| ૪. | ધાનપુર | ૧૯. | વાવ |
| ૫. | ગરબાડા | ૨૦. | થરાદ |
| ૬. | ઝાલોદ | ૨૧. | અમીરગઢ |
| ૭. | ફતેપુરા | ૨૨. | ડાંગ |
| ૮. | લીમખેડા | ૨૩. | ઉમરપાડા |
| ૯. | દેવગઢબારીયા | ૨૪. | ઉચ્છલ |
| ૧૦. | કપરાડા | ૨૫. | નિઝર |
| ૧૧. | સાગબારા | ૨૬. | રાપર |
| ૧૨. | દેડીયાપાડા | ૨૭. | સાંતલપુર |
| ૧૩. | ઘોઘંબા | ૨૮. | સમી |
| ૧૪. | મોરવા (હડફ) | ૨૯. | બરવાળા |
| ૧૫. | કડાણા | ૩૦. | કલ્યાણપુરા |

(બ) ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨-૦૩-૨૦૦૯ ઠરાવથી માનવવિકાસ સૂચકાંકોમાં નબળા એવા ૧૧ વધુ તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

(૨) તે પૈકી નર્મદા અને ભરૂચ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓનો તેમાં સમાવેશ થાય છે ?

(૨) કુલ ૪૧-વિકાસશીલ તાલુકાઓ પૈકી નર્મદા જિલ્લામાં સાગબારા અને દેડીયાપાડા અને ભરૂચ જિલ્લામાં વાલિયા તાલુકાનો સમાવેશ થાય છે.

-------------

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન સરકાર અને મંત્રીશ્રીઓને અભિનંદન આપવા અંગે

**અધ્યક્ષશ્રી** : આ સત્રની શરૂઆતમાં તા.૨૫-૨-૨૦૧૦નાં રોજ વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ની ચર્ચા પરી થયા બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજી ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે, પ્રશ્નોત્તરી કાળ એ અમારા સૌના માટે અતિ અગત્યનો છે. પ્રશ્નોત્તરી કાળમાં સ્પેસિફિક પ્રશ્ન પૂછતી વખતે મંત્રીશ્રી કે માનનીય મુખ્યમંત્રીશ્રીને કે સરકારને અભિનંદન આપી શકતા નથી. કારણ કે પ્રશ્નકાળ એ મર્યાદિત હોય છે અને એમાં આ પ્રકારે સમયનો દૂરૂપયોગ ન થવો જોઈએ. આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર શાસક પક્ષના મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું હતું કે, માનનીય વિરોધપક્ષના નેતાએ નિયમ ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવો જોઈએ. સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસને સમર્થન આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી કે મંત્રીને અભિનંદન આપી ન શકાય એવી નિયમોમાં કોઈ જોગવાઈ નથી. એટલું જનહીં પણ સભ્યશ્રીને સરકારની કામગીરી સંબંધમાં પ્રજાની લાગણી વ્યકત કરવાનો અધિકાર છે. શ્રી અમિતભાઈ શાહે એમ પણ જણાવ્યું હતું કે, જ્યારે સભ્યશ્રી સરકારની કામગીરીથી નારાજ થાય તો તે વ્યકત કરવા અથવા તો પ્રજાની લાગણીઓ ગૃહમાં વ્યકત કરવાનો અધિકાર છે. તેવી જ રીતે જો સરકારની કામગીરીથી ખુશી થાય તો પ્રજાની તરફેણમાં તે ખુશી વ્યકત કરવાનો સભ્યશ્રીને અધિકાર છે અને જ્યાં સુધી અભિનંદનનો સવાલ છે ત્યાં સુધી એ તો જે સારી કામગીરી કરે તેને અભિનંદન મળે. તતસમયે બંને પક્ષોની રજૂઆત સાંભળ્યા બાદ મેં મારા નિર્ણયને મુલતવી રાખ્યો હતો જે હું આજે આપું છું.

સંસદીય પ્રણાલિકામાં પ્રશ્નોત્તરી કાળ એ એક જીવંતકાળ છે અને આ સમયથી વિધાનસભાના રોજના કાર્યનો આરંભ થાય છે. પ્રશ્નકાળમાં ધારાસભ્યશ્રી પોતે પોતાના મત વિસ્તારના પ્રશ્નોને વાચા આપીને પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની સાથોસાથ સરકારની કામગીરી પ્રત્યે પ્રજાની લાગણીઓ સરકાર સુધી પહોંચાડવાની ફરજો બજાવે છે, એ એનો સંસદીય ધર્મ છે અને તેથી જ વિધાનસભાઓ અને સંસદનો પ્રારંભ પ્રશ્નકાળથી જાય છે. પ્રશ્નકાળની આ અગત્યતા છે. તેથી પ્રશ્નકાળ માટે આપણે સૌ ગંભીરતા રાખીએ છીએ. આ ગંભીરતાને ખ્યાલમાં રાખી આપણે પ્રશ્નો દાખલ કરતી વખતે વિધાનસભાના નિયમોના નિયમ - ૭૮(૪)ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને પ્રશ્નોમાં દલીલો, અનુમાન, આગળ, વક્રોકિત, વિશેષણો અને બદનક્ષીભર્યા વિધાનોવાળા પ્રશ્નો દાખલ કરતા નથી. પ્રશ્ન તારાંકિત હોય કે અતારાંકિત હોય, પરંતુ મૂળ પ્રશ્ન રજૂ કરતી વખતે વિશેષણો, વક્રોકિત, અનુમાન અને આક્ષેપોથી મુકત હોવો જોઈએ. પ્રશ્ન દાખલ કરવાની ઉપર જણાવેલ પૂર્વ શરત વિધાનસભામાં પ્રશ્નોની ચર્ચા વખતે પણ લાગુ પડે છે, કારણ કે વિધાનસભાના નિયમોના નિયમ-૮૯ની જોગવાઈ મુજબ મૂળ પ્રશ્ન દાખલ કરતી વખતે લાગુ પાડવાના નિયમો પણ પૂરક પ્રશ્નોને લાગુ પડે છે અને તેથીજ વિશેષણો, વક્રોકિત, દલીલો, અનુમાનો અને આડભર્યા વિધાનો પૂરક પ્રશ્નોની ચર્ચામાં થઈ શકે નહીં, એ આપણી સ્વયંસમજનો વિષય છે. કારણ કે પ્રત્યેક ધારાસભ્ય જ્યારે લોકપ્રતિનિધિ બને છે ત્યારે તે સંસદીયસ સંસ્કારથી દીક્ષિત થાય છે. માનનીય શ્રી શકિતસિંહજીએ ઉપસ્થિત કરેલો પૉઈન્ટ ઑફ ઑર્ડર અને તે સંબંધમાં શ્રી જયનારાયણભાઈ વ્યાસ તથા શ્રી અમીતભાઈ શાહે વ્યક્ત કરેલા મંતવ્યો અંગે સમગ્ર પરિપેક્ષ્યમાં મનોમંથન કરતાં મને સ્પષ્ટ જણાય છે કે, છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નોત્તરીના કાળમાં વિશેષણો, વક્રોકિત, ટીકાઓ અને આવકારોના વિવિધ શબ્દપ્રયોગો અને વાક્યો પૂરક પ્રશ્નોની પૂર્વભૂમિકામાં વપરાય છે અને તેના પરિણામે આવી અભિવ્યકિત બંને પક્ષોના સભ્યો તરફથી થાય છે. આપણે જોઈએ છીએ કે, પ્રશ્નોત્તરીના કાળનો સમય આપણા માટે એક કલાકનો મળે છે, આ સમયમાં વિશેષણો અને વક્રોકિતમાં આપણો સમય વ્યર્થ જાય છે. સમય વ્યર્થ ન થાય તે માટે પ્રશ્નોત્તરી કાળમાં આપણે અભિવ્યકિતઓ કરવી જોઈએ નહીં અને તેથી જ મને લાગે છે કે, પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન આપણા દ્વારા પૂછાતા પ્રશ્નોમાં સચોટતા અને તર્કબદ્ધ રીતે આપણે પૂરક પ્રશ્નો પૂછીશું, તો વિધાનસભામાં લોકો માટે પૂછાયેલા પ્રશ્નોને ન્યાય આપી શકીશું. વિધાનસભા ગૃહમાં બીજી અનેક ચર્ચાઓમાં આપણને અભિવ્યકિત કરવાની પૂરતી તક મળે છે અને આપણને અભિવ્યકિત કરવાનો અધિકાર પણ છે. શાસન વ્યવસ્થા પ્રત્યે સંતોષ વ્યક્ત કરવો, ખુશી વ્યક્ત કરવી અને અભિનંદન આપવા તે જેટલું જરૂરી છે એટલું જ શાસન વ્યવસ્થાની ક્ષતિ તરફ નિર્દેશન કરવું અને તેની આલોચના કરવી, રચનાત્મક દ્રષ્ટિકોણ તરફ શાસન વ્યવસ્થાનું ધ્યાન દોરવું એ એક જાગૃત ધારાસભ્યની ફરજ બને છે. લોકસભાના પ્રથમ અધ્યક્ષશ્રી, માનનીય શ્રી જી. વી. માવળંકરના શબ્દોમાં કહું તો, " હરેક વિધાયક કો યાદ રખના હૈ કિ ઉસે એક જિમ્મેદાર મંત્રી કે રૂપમેં કાર્ય કરના હૈ ઔર ઉસકા ક્ષેત્ર છિદ્રાન્વેષણ તથા આલોચના તક હી સિમિત ન રહકર રચનાત્મક સુઝાવો, કાર્ય તક ફૈલા હુઆ હૈ."

દાદાસાહેબના આ માર્ગદર્શનને આપણે સ્વીકારીએ તો આપણા પ્રશ્નકાળનો રચનાત્મક ઉપયોગ કરવો જોઈએ. આપણે સૌ વિશેષણો અને વક્રોકિતથી મુક્ત રહીને, આક્ષેપોથી મુક્ત રહીને દાદાસાહેબ માવળંકરે આપેલી સલાહ પ્રમાણે ચાલીશું તો ઉત્કૃષ્ટ સંસદીય પરંપરા પ્રસ્થાપિત કરીને પ્રશ્નકાળનો મહત્તમ સદુપયોગ કરી શકીશું.

પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ એ સંસદીય લોકશાહીનું સત્વ છે અને એટલે જ પ્રશ્ન કાળ એ પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ પાડનારો એક કલાક છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**૨૦૦૮-૨૦૦૯નો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સને ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**૨૦૦૮-૨૦૦૯નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (પશુપાલનમંત્રીશ્રી)** : : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સને ૨૦૦૮-૨૦૦૯ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**૨૦૦૮-૨૦૦૯નો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સને ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડનો સને ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**૨૦૦૭-૦૮નો ગુજરાત મેરી ટાઈમ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી જયનારાયણ વ્યાસ (બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરી ટાઈમ બોર્ડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

**૨૦૦૭-૨૦૦૮ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સને ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૦૯-૨૦૧૦ ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૦-૨૦૧૧ના અંદાજો તેમજ સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, સુધારેલા અંદાજો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ અધિનિયમ અન્વેની અધિસૂચના**

**શ્રી જયનારાયણ વ્યાસ (બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની

(૧) તા.૪-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીપી-૧૭-એમસીજી-૧૦૦૮-એસએફએસ-૮૯-જે

(૨) તા.૨૬-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીપી-૧૧-એમસીજી-૧૦૦૮-૩૫૪૪-જે

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સિભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની તા. ૭-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીઆઈડીસી-ઈએસટી-લો-એએમડી-૧૨(૫). વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મુકવામાં આવી.**

**સન ૧૯૪૮ના શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થાઓ અધિનિયમ અન્વયેની

(૧) તા.૨૩-૧૦-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર -૨૦૦૯-૧૮૨-બીએસઈ - ૧૯-૨૦૦૮-૫૮૮૦૨૩-એમ-(૩).

(૨) તા.૩૦-૧૧-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર -૨૦૦૯-૧૯૧-બીએસઈ - ૧૯-૨૦૦૮-૫૦૨૦૯૪-એમ-(૩).

(૩) તા. ૩૦-૧૧-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર-૨૦૦૯-૧૯૦-બીએસઈ - ૧૯-૨૦૦૮-૫૯૦૧૪૦-એમ-(૩).

(૪) તા.૧૪-૧૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર -૨૦૦૯-૧૯૯-બીએસઈ - ૧૯-૨૦૦૯-૧૭૯૮૮૭-એમ-(૩).

(૫) તા.૧૬-૧૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર -૨૦૦૯-૨૦૩-બીએસઈ - ૧૯-૨૦૦૯-૬૪૫૦૬૮-એમ-(૩).

(૬) તા. ૫-૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર -૨૦૧૦-૦૧-બીએસઈ- ૧૯-૨૦૦૯-૩૫૫૮૯૪-એમ-(૩).

(૭) તા. ૧૩-૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચઆર -૨૦૧૦-૦૫-બીએસઈ- ૧૯-૨૦૦૭-૩૦૭૭૪૬-એમ-(૩). વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના વિભાગના મેજ ઉપર મુકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

## સામાન્ય વહીવટ વિભાગ

**માગણી નં. ૩૦**

**શ્રી વજુભાઈ વાળા (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ અંગેની ૨,૧૯,૫૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨જૂકરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૩૧**

**શ્રી વજુભાઈ વાળા (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂટણી અંગેની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩૬,૩૭,૨૩,૦૦૦/- ની માગણી ક્રમાંક:૩૧ રજૂ કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.**

## માહિતી અને પ્રસારણ વિભાગ.
## માગણી નં. ૫૪

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ અંગેની ૭૨,૭૭,૯૫,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૫૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક- ૫૪ રજૂ થાય છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

## વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ
## માગણી નં. ૮૯

**શ્રી જયનારાયણ વ્યાસ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫૭,૩૬,૧૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૯ રજૂ કરું છું.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા ૧૨-૩-૨૦૧૦ (બીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં.૩૦** | | |
| ૧. | ૨૦૧૩-મંત્રી પરિષદ<br>૧૦૧-મંત્રીઓ ... પગાર<br>રૂા.૧,૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં.૨૩ | ૧૦૦ | મંત્રીશ્રીઓના કાર્યાલયો દ્વારા પ્રજાના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની ઉદાસનીતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨. | -- " -- | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા નીતિ વિષયક જાહેરાત કરવામાં થતા વિલંબને કારણે બોર્ડ / નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩. | -- " -- | ૧૦૦ | ગ્રામસભા, લોકદરબારમાં સ્થળ ઉપર રજૂ થતા પ્રશ્નોનો મંત્રી પરિષદ દ્વારા નિકાલ કરવામાં ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૪. | ૨૦૧૩-મંત્રી પરિષદ<br>૧૦૪-સરભરા... ખર્ચ<br>રૂા.૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં.૨૩ | ૧૦૦ | મિટીંગો તેમજ અન્ય આતિથ્ય પાછળ થતાં ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૫. | ૨૦૧૩-મંત્રી પરિષદ<br>૧૦૮-પ્રવાસ ખર્ચ<br>૦૧-પ્રવાસ ખર્ચ<br>રૂા.૭૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં.૨૪ | ૧૦૦ | મંત્રીશ્રીઓના પ્રવાસ ખર્ચમાં કરકસર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૬. | ૨૦૧૩-મંત્રી પરિષદ<br>૧૦૮-પ્રવાસ ખર્ચ<br>૦૧-પ્રવાસ ખર્ચ<br>રૂા.૭૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં.૨૪ | ૧૦૦ | મંત્રીશ્રીઓ દ્વારા વિમાન અને હેલીકોપ્ટરોના ઉડ્ડયન પાછળ થતો બેફામ ખર્ચ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિતકુમાર ચાવડા |
| | | **માગણી નં.૩૧** | | |
| ૭. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૧-ચૂંટણી ખર્ચ<br>૦૧-રાજય ચૂંટણી પંચ<br>રૂા.૭,૧૯,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં. ૩૦-૩૧ | ૧૦૦ | મતદારો નજીકના સ્થળોએ જ મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૮. | -- " -- | ૧૦૦ | મતદાન વખતે મતદારોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૯. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૨-ચૂંટણી અધિકારીઓ<br>રૂા.૩,૬૨,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં. ૩૨-૩૩ | ૧૦૦ | મતદાન મથકોમાં થતી ગેરરીતિ અંગેની રજૂઆત બાબતે ચૂંટણી અધિકારીઓ દ્વારા થતું પક્ષપાતી વલણ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૧૦. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૩-મતદાર...છપાવવી<br>૦૨ મતદાર.....સુધારણા<br>રૂા.૨૦,૦૦,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં.૩૪-૩૫ | ૧૦૦ | ક્ષતિરહિત મતદારયાદીઓ સમયસર તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૧૧. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૮-મતદારોને...આપવા<br>રૂા.૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં.૩૮ | ૧૦૦ | મતદારોને ક્ષતિરહિત ઓળખપત્ર આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ ફારૂક શેખ |
| | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં.૫૪** | | |
| ૧૨ | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>૦૧ માહિતી ........ કચેરી<br>રૂા.૧૫,૪૯,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪, પા.નં.૧૫-૧૬ | ૧૦૦ | માહિતી નિયામકની કચેરી દ્વારા વિપક્ષના ધારાસભ્યશ્રીઓની રજૂઆતોનું સાચું પ્રતિબિંબ પ્રજા સમક્ષ મૂકવામાં નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૧૩. | -- " -- | ૧૦૦ | લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારી/ અધિકારીઓની અન્યત્ર ફેરબદલી કરી માહિતી નિયામકની કચેરીના વહીવટને સંગીન | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૬૦-અન્ય<br>૧૧૦ પ્રકાશનો<br>૦૨ ગુજરાત...પ્રકાશનો<br>રૂા.૮,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪, પા.નં.૨૦ થી ૨૫ | ૧૦૦ | ગુજરાત સાપ્તાહિક અને અન્ય પ્રકાશનોમાં સરકારની કામગીરીનો સાચો ચિતાર આપી પારદર્શક વહીવટ પૂરો પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૧૫. | -- " -- | ૧૦૦ | ગુજરાત સાપ્તાહિક અને અન્ય પ્રકાશનો પાછળ થતો બીન જરૂરી ખર્ચ અટકાવી કરકસરના પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| | | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં.૮૯** | | |
| ૧૬ | ૨૦૫૨ સચિવાલય...સેવાઓ<br>૦૯૦ સચિવાલય<br>૦૧ એસ.ટી.પી. ૧૨<br>વિજ્ઞાન....વિભાગ<br>રૂા.૫૧,૮૧,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩, પા.નં.૬-૭ | ૧૦૦ | વિભાગોના પરિપત્રો સમયસર વેબસાઈટ પર મૂકવામાં અને જીસ્વાનને અદ્યતન અને કાર્યક્ષમ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૧૭. | -- " -- | ૧૦૦ | કોમ્પ્યુટરોની યોગ્ય મરામત અને જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૧૮. | -- " -- | ૧૦૦ | સરકારના વિભાગોને કોમ્પ્યુટરાઈઝેશનથી અદ્યતન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૧૯. | -- " -- | ૧૦૦ | સરકારી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે જરૂરી ટેકનીકલ સ્ટાફની ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભગવાનભાઈ બારડ |

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, એ માગણી ઉપર હું ચર્ચા કરવા ઉભો થયો છું.

આજનો દિવસ એ દેશ માટે નહિ, પણ સમગ્ર વિશ્વ માટે મહાત્માજીએ જે ક્રાંતિની દિશા નક્કી કરી, તે દાંડી યાત્રાની શરૂઆતનો દિવસ છે. ૧૨મી માર્ચ, ૧૯૩૦. મહાત્માજીએ સવારે ૬-૩૦ વાગ્યે મહાભિનિષ્ક્રમણ કર્યું અને કહ્યું કે કાગડા કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના પાછો નહિ આવું. એ સમયને આજે ૮૦ વર્ષ પૂરાં થવા આવ્યાં છે. આ પવિત્ર દિવસ છે અને એ પવિત્ર દિવસને એક જ લીટીની અંદર સ્મરણ આવે છે, જે વખતે અમદાવાદની વસ્તી ૮૦,૦૦૦ ની હતી. તે વખતે મહાત્માજીની વિદાય કરવા માટે સાબરમતી આશ્રમથી શરૂ કરી જે પહેલો પડાવ સાયમં પડાવ આવ્યો, ત્યાં સુધી એક લાખ લોકો મહાત્માજીને વળાવા ગયા એ પવિત્ર દિવસ છે આજે આઝાદી સંગ્રામના સૌ લડવૈયાઓને આજે આપણે વંદન કરીએ છીએ. આજે એમના બલિદાનોના કારણે આજે આપણને સૌને જે લોકો ધરતી સાથે જોડાયેલા હતા, જેમણે કલ્પના નહોતી કરી સ્વરાજ્ય કેવું થાય, તેવા સૌ મા-બાપના પુત્રોને, પુત્રીઓને આ ગૃહમાં બેસી આ રાજ્યની ચિંતા કરવા માટેના અધિકારો મળ્યા, તે અધિકાર અપનાવનાર તમામ લોકોને સલામ કરું છું. આજે જે માગણીઓ આવી છે, એ માગણીઓની અંદર સામાન્ય વહીવટ વિભાગ છે એ ખૂબ જ અગત્યનો વિભાગ છે. આખા વહીવટનો જો કોઈ પ્રાણ હોય તો તે સામાન્ય વહીવટ વિભાગ છે અને મંત્રી મંડળ પરિષદ છે એ રાજ્યની દિશા નક્કી કરનારું, રાજ્ય કઈ તરફ જવાનું છે તે નક્કી કરવાવાળું પરિબળ છે. જ્યારે આઝાદી આવી ત્યારે ચિંતા હતી અંગ્રેજોએ ડર બતાવ્યો હતો કે ભારતીય લોકો શાસન ચલાવવા માટે સક્ષમ નથી. પરંતુ પહેલું પ્રધાનમંડળ આવ્યું. જવાહરલાલ નહેરુ વડાપ્રધાન થયા અને સરદાર સાહેબ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી થયા. અને પહેલો નિર્ણય એ કર્યો કે આપણે આપણા દેશના લોકોનું એક એવું માળખું બનાવવાનું છે અને એક એવી મજબૂત શાસન વ્યવસ્થા આપવાની કે જેની દુનિયા અને દેશ નોંધ લે અને એટલા માટે ભારતી સેવાઓ, વહીવટી સેવાઓની અને ભારતી પોલીસ સેવાઓની આખી કેડર ચાલુ કરાઈ અને એ કેડર એવી છે કે આજે એ કેડરમાં એવા અધિકારીઓ છે, જેની દેશ અને દુનિયાએ નોંધ લેવી પડે છે અને આ કેન્દ્રના લોકો જુદા જુદા રાજ્યની અંદર એવી સુદઢ અને મજબૂત શાસન વ્યવસ્થાઓ આપે છે અને આ શાસન વ્યવસ્થા માટે આ સામાન્ય વહીવટ વિભાગ ખૂબ મહત્વનું છે. એની બદલી કરવાથી માંડીને તાલીમ આપવી અને સુચારું વ્યવસ્થા ગોઠવાય એના માટે આ વ્યવસ્થા સામાન્ય વહીવટ વિભાગ કરતું હોય છે.માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું છે કે, આઈ.એ.એસ. ઑફિસર હોય કે આઈ.પી.એસ. અધિકારીઓ હોય તેનું મોરલ આ સરકારમાં નીચું ગયું છે તેટલું મોરલ ક્યાંય નીચું ગયું નથી. આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારીઓ છે તેને ગમે ત્યાં બદલવા માટેની તૈયારી હોય અને એટલા માટે આ અધિકારીઓ છે તે હંમેશાં ગમે ત્યાં જવા માટે તૈયાર છે. તેની જવાબદારી નિયમો, કાયદા કાનૂન પ્રત્યે હોય છે. પરંતુ અત્યારે એવી સ્થિતિ થઈ છે

કે આઈ.એ.એસ. અધિકારીઓ કહેવાય, આઈ.પી.એસ. અધિકારીઓ કહેવાય તેમાંના અમુક અધિકારીઓ,સારા અધિકારીઓ છે તે અધિકારીઓને હું સલામ કરું છું. તેમાંના અમુક અધિકારીઓ એવા છે કે જે ઈન્ડિયન એડમીનીસ્ટ્રેટીવ સર્વિસ નહીં પણ ઈન્ડિયન મોદી સર્વિસ થઈ ગયા છે. જે આવા પ્રકારની સર્વિસ બજાવવા ગયા તેનો દાખલો જો લીધા હોત પણ હજી દાખલો લેવા તૈયાર નથી. એટલા માટે જ ભકિત કરવી હોય તો બંધારણની કરવી જોઈએ, રાજયની પ્રજાની કરવી જોઈએ. વ્યકિત ભકિત ચાલશે નહીં. જે લોકો વ્યકિત ભકિત કરવા ગયા છે તે બધા જ વ્યકિત ભકિત કરનારા લોકો આજે સાબરમતી જેલમાં બેઠેલા છે. કેટલાક લોકો રાહ જોઈને બેઠા છે કે મારો વારો ક્યારે આવશે. આ બોધપાઠ સૌએ લેવાનો હતો પણ હજુ લેવાતો નથી અને માત્ર વફાદાર વ્યકિતગત રીતે કેટલા છે તેને આધારે પોસ્ટીંગો અપાય છે. ગમે તેવા સક્ષમ લોકો હોય તો પણ માત્ર અમારી ભકિત કરતા નથી એટલે આઈ.પી.એસ. અધિકારી હોય તેની બદલી કરીને મુકાય કયાં? ઘેટાં અને ઉન વિકાસ નિગમમાં. અત્યાર સુધી અધિકારી બહુ સારા હતા. મુખ્યમંત્રીશ્રીના એડવાઈઝર હતા પરંતુ ચોક્કસ કિસ્સાની અંદર મુખ્યમંત્રીએ કહ્યું તે પ્રમાણે તપાસ ન કરી એટલા માટે અધિકારી ખરાબ થઈ ગયા? આજે એટલા માટે આવા અધિકારીઓને ૨૦-૨૦, ૨૫-૨૫ વર્ષ પહેલાંના કેસ કાઢી તેની સામે આરોપો મૂકવામાં આવે. આ વારો આવું કરનારા લોકોનો નહીં આવે તેવું માનવાને કારણ નથી. મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓ કેવા હોવા જોઈએ કે જે આખા રાજયના વહીવટ ઉપર નજર રાખે. તેના બદલે એવી નજર રાખે કે પોરબંદરમાં અધિકારીઓની નિમણૂક કરતાં પહેલાં બોલાવે અને કહે કે હમણાં અર્જુન મોઢવાડિયાનું બહુ વજન વધી ગયું છે. તેનું વજન ઓછું કરવાની મુખ્યમંત્રીશ્રીની ઈચ્છા છે. આવા અધિકારીઓનું વજન ઓછું કરવાની ક્ષમતા કોંગ્રેસ પક્ષ અને તેના ધારાસભ્યોમાં છે તે સાંભળી લે આ બધા જ. એટલે કોઈથી ડરવાની...

**અધ્યક્ષશ્રી** : આ બાજુથી મહેરબાની કરીને...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે અધિકારીઓથી નહીં પણ સોપારી દેવાવાળાથી ડર્યા નથી તો અધિકારીઓથી ડરવાવાળા અમે નથી. એટલે સાંભળી લે આ બધા જ કે આ પ્રકારની પ્રવૃત્તિ આવા અધિકારીઓ સાંભળી લે. એક વખત નહીં પચ્ચીસ વખત સાંભળી લે. ઘણા લોકો સાબરમતી જેલમાં ગયા છે. તમે ખાઈ પી ને બહુ ફેટ, ચરબી વધારી છે. કોઈક દિવસ તમારી ચરબી પણ ઉતરી જવાની છે. આ પ્રવૃત્તિ છે તેને કારણે આજે વહીવટીતંત્ર એકદમ નીચું ગયું છે. કોઈ ધારાસભ્ય ફરિયાદ કરે તો ધારાસભ્યને ઉતારી પાડવામાં આવે પણ માનીતો અધિકારી અભિપ્રાય આપે તો તે અધિકાર માનવાનો. મારે એટલી જ વાત કરવી છે. આજે દાંડીયાત્રાનો દિવસ છે. દાંડીયાત્રામાં મહાત્માજી ફકીરની જેમ નીકળ્યા હતા. તે તો સોનાની ચમચી સાથે જન્મેલા માણસ હતા. હું વારંવાર કહું છું કે આજે પણ પોરબંદરમાં મહાત્મા ગાંધીજીનું જન્મ સ્થાન છે, પૈતૃક મકાન છે તેવું મકાન હજુ પોરબંદરમાં કોઈ બનાવી શક્યું નથી. તેવા વ્યકિતને ઘરે જન્મ્યા હતા. સરદાર સાહેબનું મકાન કરમસદમાં છે એવું મકાન હજું કોઈ બનાવી શક્યું નથી. જવાહરલાલ નહેરુંનું આનંદ ભવન તે વખતે દેશમાં એવું મકાન ન હતું. છતાં બધા ફકીર થઈને રહ્યા. આપણે બધા તો એવા હતા કે કપડાંની બીજી જોડ ન હતી. મારી પાસે ન હતી બીજી કપડાની જોડ જ્યારે ભણવા ગયો ત્યારે. રાત્રે ધોઈ નાખવા પડતા હતા. આમાં ઘણા બધા માનનીય મુખ્ય મંત્રીશ્રી સહિતના એવા છે કે એમની પાસે ન હતા, હું બધાની મહેનતની કદર કરું છું કે એમની મહેનતથી બધા જ લોકો આ ગૃહની અંદર આવ્યા કોઈ મુખ્ય મંત્રી બન્યા, કોઈ ધારાસભ્ય બન્યા પણ હવે આપણને બધાને મહાત્મા ગાંધીજીની વાત જરૂર કરીએ પણ એમની સાદાઈ ફાવતી નથી. ગાંધીજીએ કોઈ દિવસ એવું નહોતું કહયું કે હું ભગવાન છું. કયારેય હતોનું કહયું, કોઈ દિવસ દાવો નહોતો કર્યો, કયારેય નહીં અને એમણે તો બીજા જનમ લેવાની વાત કરી હતી, એમણે એમ કહયું હતું કે મારે દલિતના ઘરે જનમ લેવો છે, એટલા માટે કે એની તકલીફ કેવી છે એ મારે જાણવું છે પણ અત્યારે તો બધા એવા છે કે, એ પોતે જાતે ભગવાન બની બેસે. મારા મિત્ર આત્મારામભાઈ નથી, મોદી ભગવાન, ત્યાં સુધી વાત પહોંચી ગઈ. હું એમ કહું છે કે ભાઈ, તમે તો ના કહો, અમે મોદી નથી કહેતા. મોદી સાહેબ ભગવાન. માનનીય અધ્યક્ષશ્રી, આ ભગવાનો કેવા છે? મારે એની પણ વાત કરવી હતી કે ભાઈ, સાદાઈમાં રહે છે. રાજકીય માણસોની બહુ ટીકા થાય, થોડુંક કંઈક, થોડીક, કંઈક વ્યવસ્થા રાખે. હું એમ કહું કે મંત્રીશ્રીઓને પણ કામ કરવા માટેની વ્યવસ્થા હોવી જોઈએ. એમની ઓફિસ સારી હોવી જોઈએ એ હું સ્વીકારું છું. રહેવા માટેની એમની વ્યવસ્થા સારી હોવી જોઈએ એ હું સ્વીકારું છું. એમને પ્રવાસ કરવાનો છે, એમણે ગાડીઓ કેમ લીધી એની ટીકા નહીં કરું. ટીકા ભલે બીજા કરતા હોય, હું કહીશ કે ભલે સારી ગાડીઓ લે, પણ ગાડીઓમાં પ્રવાસ કરે લોકોની વચ્ચે જઈ, એની સાથે અમને કોઈ તકલીફ નથી અને એમાં થોડો ઘણો ખર્ચ આવતો હોય તો એમાં કોઈ વાંધો નહીં. એ તો હોવું જોઈએ, મીનીમમ સગવડ છે પણ સારા બંગલા આપ્યા હોત, તો એક વખત તો એવો હતો કે સાંજના પાંચ વાગ્યા પછી ફાટેલાં તૂટેલાં કપડાં વાળો માણસ છે એ મંત્રીશ્રી પરિસરમાં આંટા મારતા હોય અને આ મેં જાતે જોયેલું છે કે જયારે સ્વર્ગસ્થ અમરસિંહ ચૌધરી મુખ્ય મંત્રી હતા ત્યારે અને વિરોધપક્ષના નેતા હતા ત્યારે, માનનીય અમરસિંહભાઈને હું યાદ એટલા માટે કરું છું કે, એમની પાસેથી જો કોઈ શીખવા જેવું હોય તો કદાચ હું ગયો હોઈશ અને મને રાહ જોવડાવી હશે પણ નાની પોતડીવાળો માણસ હશે એને કોઈ દિવસ પોતાના આંગણેથી પાછો નહીં જવા દીધો હોય એના માટે ગમે તેને ફોન કરવો પડયો હોય તો એમણે કર્યો છે. આજે મારે પ્રશ્ન પૂછવો છે કે, આ મંત્રીશ્રી પરિસરની અંદર કેટલા

લોકો આવે છે? બંગલાઓ સરસ બનાવ્યા છે, આવકાર્ય છે, પણ એની અંદર એ લોકોને કોઈક દિવસ તો પ્રવેશ આપો. ચાલો, એનાથી વાંધો નહીં, ગાડીઓ સારી લીધી કોઈ તકલીફ નથી અમને, બીજા ટીકા કરતા હોય તો જવાબ પણ આપીશું કે નહીં, એમને પ્રવાસ કરવા જવું છે, અહીંયાથી કચ્છ જવું હોય અને પાછું આવવું હોય તો એ પણ માણસ છે અને મંત્રીશ્રીઓની ઉંમર એવરેજ ૫૦ વર્ષ કરતાં વધારે હોય તો થોડુંક કમ્ફર્ડ હોય એ વાજબી છે એમાં કોઈ વાંધો નહીં પણ માનનીય અધ્યક્ષશ્રી, જેને ભગવાન કહો છો, એ ભગવાનને તો ગાડીના કાપમાંથી પણ સંતોષ નથી. માનનીય મંત્રીશ્રી એક દિવસ વાત એમ કરતા હતા કે, મારી પોલીસ પાસે બંદુક છે પણ મારી પોલીસ પાસે પ્રજાનું રક્ષણ કરવા માટે ગોળી નથી. અરે, ગોળીઓ ન હોય તો રાજીનામુ આપી દેવું જોઈએ, શું કરવા શાસનમાં બેઠા છો? પ્રજાના રક્ષણ માટે તમે ફલોર ઉપરથી એમ કહો કે મારી પોલીસ પાસે ગોળી નથી શું તમે મેસેજ આપવા માગો છો? ગોળી નથી એમ કહે, એમ કહે કે મારે કોસ્ટલ સીકયોરીટીની અંદર લેવા માટે મારી પાસે હેલિકોપ્ટર નથી, માનનીય અધ્યક્ષશ્રી, આ એ જ સરકારો હતી, કે ભૂતકાળની અંદર, શ્રી દિલીપભાઈ આપને ખબર છે, કે ગુજરાત એગ્રો કોરપોરેશન પાસે હેલિકોપ્ટર હતું એ શું કરવા? મંત્રીશ્રીઓને ફરવા માટે નહીં, પણ ખેડૂતોના ખેતરની અંદર દવાનો છંટકાવ કરવા માટે, મારો ઘેડ વિસ્તાર હતો, ૧૯૯૦ સુધી ભાલ વિસ્તારને, ઘેડ વિસ્તારની અંદર દર વખતે ચણાનો પાક આવે અને ઈયર આવે એટલે ત્યાં પ્લેન પહોંચી ગયું હોય અને ડોગરા જે એના પાયલોટ હતા એને નાનામાં નાનો ખેડૂત પણ ઓળખતો, આજે એના માટે નહીં આવતું હેલિકોપ્ટર, અને છતાંય હું એમ કહું કે, મુખ્ય મંત્રી હેલિકોપ્ટર અને પ્લેન વાપરે એનો સમય કિંમતી છે એમાં હું ના નહીં પાડું. માનનીય અધ્યક્ષશ્રી, હવે તો એવું થયું છે કે અહીંયાથી દિલ્હી-મુંબઈ જવું હોય તો ૧૮ શિડ્યુલ મળે આવવા-જવાના તો પણ એમાં ફાવે નહીં અને સરકારી પ્લેન જે છે એમાં પૂરી સગવડતાઓ નહીં એટલે એમાંય ન ફાવે. તો કોનું? તો કહે ઉદ્યોગપતિઓનું જે લકઝરી જેટ છે કિંમતીમાં કિંમતી એ જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, હું થોડા આંકડા આપવા માગુ છું કે, પહેલા શું શું થતું હતું, હું બહુ દૂર પણ નથી જવા માગતો રાજ્યની બહારના આંકડા આપવા માગુ છું કે, ૨૦૦૩માં માનનીય મુખ્યમંત્રીશ્રી પાંચ જ વખત પ્લેનમાં પ્રવાસ કરવા ગયા હતા અને હું છેલ્લા આંકડા આપુ છું એમાં ૨૦૦૭માં સાત મહિનાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૩૪ વખત રાજ્યની બહાર પ્રવાસ કર્યો અને ૧૨ વિદેશ પ્રવાસ કર્યા એમાંથી ૯ વિદેશ પ્રવાસ ચાર્ટડ પ્લેનમાં કર્યા અત્યાર સુધીના કોઈ મુખ્યમંત્રીશ્રીએ નહોતા કર્યા અને એકલા નહીં કોની કોની સાથે એનું લિસ્ટ પણ મારી પાસે છે એ પછી આપુ છું. એ પછી ૧લી જાન્યુઆરીથી ૨૦મી મે ૨૦૦૮ આ ચાર મહિનામાં ૧૩૦ દિવસમાં ૧૮ રાજ્ય બહારના પ્રવાસો થયા. આ રાજ્ય બહારના પ્રવાસો આટલા થયા એમાં પહેલા તો ઉદ્યોગપતિઓ પ્લેન આપતા હતા અને મેં આનો સરવાળો કર્યો કે આ જો પ્લેન ભાડે કર્યું હોત તો કેટલો ખર્ચ થાત એનો સરવાળો કર્યો તો આ ચાર વર્ષમાં ૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ  થયો હોત જો એનું ભાડું ચૂકવાયું હોત તો પણ એ ઉદ્યોગપતિએ ચૂકવ્યું છે. ૫૦૦ની અને ૧૦૦ રૂપિયાની ચિજવસ્તુ આપણે તોષાખાનામાં જમા કરાવીએ અને આ ૧૬ કરોડ રૂપિયા ક્યાં ગયા? માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી બહુ મહત્વની વાત, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એના પછી કદાચ નિર્ણય ફેરવ્યો હશે. મને એક માહિતી મળી છે અને માહિતી એવી છે કે, ૧-૧-૨૦૦૮થી ૨૪-૫-૨૦૦૮ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ક્યાં ક્યાં પ્રવાસ કર્યો? તો કહે અમદાવાદથી-મુંબઈ-અમદાવાદ ૬-૧-૨૦૦૮ના રોજ સ્ટેટ એરક્રાફ્ટમાં ગયા બરાબર છે એણે વાપરવું જોઈએ પોતાનું એરક્રાફ્ટ છે. મુંબઈ તો એમનમ જઈ શકાય પણ છતાં એરક્રાફ્ટમાં ગયા, પછી ૧૩-૧-૦૮ અને ૧૪-૧-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદથી એનારકુલંમ-ચેન્નઈ-અમદાવાદ કેટલું ભાડું ચૂકવાયું? ૧૯,૯૫,૪૬૩ રૂપિયા, ૧૬-૧-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-રાયપુર-અમદાવાદ કેટલું ભાડું ચૂકવાયું? ૧૫,૬૯,૫૩૭ રૂપિયા, ૨૦-૧-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-દિલ્હી-અમદાવાદ, અમદાવાદ-દિલ્હી-અમદાવાદ તો ફ્લાઈટ જાય છે છતાં, કેટલું ભાડું ચૂકવાયું? ૬,૯૪,૯૩૫ રૂપિયા, ૧૬-૨-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-દિલ્હી-અમદાવાદ ખર્ચ ૭,૮૮,૮૪૫ રૂપિયા, ૧૧-૩-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-દિલ્હી-અમદાવાદ ખર્ચ ૧૨,૦૬,૧૫૮ રૂપિયા, ૧૨-૩-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-મુંબઈ-અમદાવાદ ખર્ચ ૫,૪૩,૮૫૩ રૂપિયા, ૧૪-૩-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમાદાવાદ-દિલ્હી-અમદાવાદ ખર્ચ ૮,૨૮,૮૪૧ રૂપિયા, ૧૫-૩-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-જામનગર-અમદાવાદ ખર્ચ ૩,૫૭,૧૯૪ રૂપિયા, ૧૬-૩-૦૮ અને ૧૭-૩-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-બેંગલોર-હુગલી-અમદાવાદ ખર્ચ ૧૩,૭૪,૬૯૩ રૂપિયા, ૨૯-૩-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ ખર્ચ ૧૨,૨૫,૦૨૪ રૂપિયા, ૨૯-૩-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-દિલ્હી-અમદાવાદ ૧૧,૬૯,૬૮૪ રૂપિયા, ૧-૪-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ અમદાવાદ-દિલ્હી-અમદાવાદ ખર્ચ ૧૪,૬૫,૨૫૦ રૂપિયા, ૧૮-૪-૦૮ ચાર્ટડ એરક્રાફ્ટ દિલ્હી-બરોડા-દિલ્હી ખર્ચ ૮,૬૭,૮૩૦ રૂપિયા, ૨૬મી તારીખનો પ્રવાસ છે તે સ્ટેટ એરક્રાફટનો છે અમદાવાદ ઈન્દોર અમદાવાદ. ૨૯-૪-૦૮ ચાર્ટર્ડ એરક્રાફટ, અમદાવાદ દિલ્હી અમદાવાદ ૧૨,૪૨,૦૪૯. આ ટોટલ ખર્ચ કેટલો થયો ચાર મહિનાનો ? તેમાં એક તરફ આખું મંત્રી મંડળ, આખી વિધાનસભાનો ખર્ચ અને એક તરફ આ આત્મારામભાઈના ભગવાનનો ખર્ચ. કેવો વહીવટ આપીશું આપણે ? કેવા અધિકારીઓથી કામ લઈએ છીએ આપણે ? કેવો મેસેજ આપીએ છીએ ? (અંતરાય) ચૂંટાયેલા પ્રતિનિધિ હોય તેને કામ કરવા માટે મોકલાય તેનો કોઈ વાંધો નહીં પણ ધારાસભ્ય એમ કહે મને સેકન્ડ એ.સી.ના બદલે ફર્સ્ટ એ.સી.રેલવેનું તો કરાવી આપો અમને. આખું ચાર્ટર્ડ એરક્રાફટની અંદર ૧૫-૧૫ ઉદ્યોગપતિઓ સાથે હોય તો પણ વાંધો નહીં પણ તેમના ચાર

પરિવારજનો વધારાના લેવાના હોય તો તકલીફ. સરકારી કર્મચારી એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય તેને વધારાનું ભથ્થું જોઈતું હોય તો પણ તકલીફ, કયાં સુધી ચલાવીશું ? અને છતાં અમુક અધિકારીઓ હોય, કે અમુક લોકો હોય તેમના માટે આવા લોકો ભગવાન છે. આવા લોકોથી ગુજરાતને ભગવાન બચાવે એટલી જ મારી પ્રાર્થના છે. અને વહીવટ સુદ્રઢ અને સારી રીતે ચાલે એટલા માટે આમાં સુધારો થાય એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧ના વર્ષના સામાન્ય વહીવટ વિભાગ, માહિતી પ્રસારણ અને સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગના અનુદાનની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે તેમને હું મારું અનુમોદન આપવા ઉભી થઈ છું. રાજયનો સુચારું વહીવટ આજે લોકમુખે પ્રભાવિત થઈને ચર્ચાનો વિષય રહ્યો છે ત્યારે હું મુખ્યમંત્રીશ્રી મોદીજી અને અમારી સરકારના તમામ મંત્રીશ્રીઓને અભિનંદન આપું છું અને આ વહીવટ વધુ સુચારું રૂપે ચાલે તે માટેના તેમના પ્રયત્નો માટે શુભેચ્છા પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌ સભ્યો વહીવટી ક્ષેત્રના અને મંત્રીશ્રીઓ એક શકિત કુંજ બનીને કેન્દ્ર સ્થાને સ્વ નહીં સ્વરાજ્ય, સ્વ નહીં જય જય ગરવી ગુજરાત માટે સમર્પિત ભાવનાથી કામ કરી રહ્યાં છે

**સભાપતિશ્રી ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

રાજયની વ્યવસ્થાને અને આખું તંત્ર અલૌકિક રીતે કામ કરી રહ્યું છે શ્રી રવિ શંકર મહારાજે કહ્યું છે એવું એક પરિવર્તન ગુજરાતમાં આ સ્વર્ણિમ ગુજરાતના સંદર્ભે સૌને લાગી રહ્યું છે મારું શું થશે એ નહીં પરંતુ હું શું કરી શકું તેમ છું. ગુજરાત માટે સેવા કરવાના સંકલ્પો રાજયના સૌ નાગરિકો, સૌ પ્રજાજનો લેવા માંડ્યા છે. વહીવટની સાથે સંસ્કારી ગુજરાત, સાંસ્કૃતિક ગુજરાત બને અને તેના માટેનું જન જાગરણ આખા ગુજરાતમાં એક આંદોલનાત્મક રીતે ચાલી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો વહીવટ આજ સુધી કચેરીઓની ચાર દીવાલોની વચ્ચે રહ્યો હતો. તે સંતાયેલો હતો. આ વહીવટને માનનીય મુખ્યમંત્રીશ્રીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીના સચોટ માર્ગદર્શન હેઠળ પારદર્શી બનાવીને, ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા ઉત્સવ પ્રિય પ્રજાને સંસ્કારિતાએ આજે ગુજરાતને આ રાજયનું એક અનોખું રાજય બનાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે ૧૨ માર્ચને યાદ કરી વિપક્ષના સભ્યશ્રીએ દાંડીકૂચને યાદ કરાવી. સારી વાત છે. આ દેશના આઝાદીના લડવૈયાને વંદન આપણે કરીએ છીએ પરંતુ મને ત્યારે મનમાં વ્યથા હતી કે બે વર્ષ પહેલાં આ દાંડી યાત્રા વિપક્ષના સભ્યો દ્વારા, તેમના પદાધિકારીઓ દ્વારા આ દાંડી યાત્રાનું આયોજન ગુજરાતમાં થયું હતું. અને ત્યારે આ દાંડી યાત્રાની અંદર શું થયું હતું ? ત્યારે આઝાદીના લડવૈયાઓને કેમ યાદ નહોતા કર્યા ? ત્યારે મહાત્મા ગાંધીજી યાદ નહોતા આવ્યાં ? નડિયાદની ભાગોળેથી આ દાંડી યાત્રાને વેર વિખેર કરી નાંખવી પડી હતી. અને જો યાદ ના હોય તો આજે પણ ખેડા જિલ્લાના લોકોને જઈને પૂછે કે એ દાંડી યાત્રાનું સ્વરૂપ કેવું હતું ? અને ત્યારે હું પણ નડિયાદ હતી ત્યારે એ વ્યથા આપણાં મનમાં થાય અહીંયા બોલવાની વાત અલગ છે અને વિચારવાની વાત અલગ છે તે સામાન્યત: જણાઈ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે કોંગ્રેસ એ દેશની સ્વતંત્રતા માટેનું દેશની પ્રજાનું સંગઠન છે. આઝાદી પ્રાપ્ત થઈ, આ કોંગ્રેસને વેરવિખેર કરી નાંખવાની વાત હતી. માત્ર સત્તા લાલસાના કારણે આ વાત મનમાં લીધી ન હતી. મહાત્મા ગાંધીજીનો આદર કરીએ છીએ. એમના વિચારોનું પાલન કયાં થયું? મારે વિશેષ વાત ટીકાત્મક નથી કરવી. હું મારી સરકારની વાત જ ફલક ઉપર લાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી વિભાગ દ્વારા સ્વર્ણિમ્ ગુજરાત સુવર્ણ જયંતિ મહોત્સવના ગોલ્ડન ગોલ્સ, ૨૦૧૦ના જે છે, આ નિર્ધારીત છે. રાજયભરમાં સંકલ્પ જયોત યાત્રા ફરી રહી છે. એનું પરિભ્રમણ થઈ રહ્યું છે. માહિતી ખાતાએ આ સમગ્ર યાત્રા દરમ્યાન ગુજરાત શું છે? ગુજરાતને કયાં લઈ જવું છે. આની વિશેષ માહિતી પ્રજાને ગામડે ગામડે, ઘર, ઘર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. એક નવી કાર્યપદ્ધતિ આ વિભાગની અંદર દાખલ થઈ છે. મિડિયા પ્લાનિંગ, લાયેઝનિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ઈવેન્ટ કેલેન્ડર, ડેટા બેન્ક, ફોટો ગેલેરી, માસ ઈ-મેઈલ અને વિધાનસભાની તમામ કામગીરી, અહીંયા શું થઈ રહ્યું છે એ બધી જ વાત પ્રજા સુધી પહોંચાડવાનું પ્રશંસનીય કામ આ વિભાગ દ્વારા થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વહીવટની વાત થતી હતી. રાજયના વહીવટી ક્ષેત્રે અસરકારક કામ કર્યુ છે. આ વહીવટની અંદર જે પરિવર્તનો આવ્યા છે, આજસુધી કોઈ સરકારે આ વિચાર કર્યો નથી. શેના માટે આ પરિવર્તનો આવ્યા છે, એની વાત હું કરવા માગીશ. આ એક એવું રાજય છે કે જયાં વર્ષમાં એક વખત સામૂહિક ચિંતન મુખ્યમંત્રીશ્રી, અમારા મંત્રીશ્રીઓ, અધિકારીશ્રીઓ સાથે થાય છે. આખા વર્ષ દરમ્યાન કામનું સરવૈયુ થાય છે. પાછલા વર્ષની અંદર શું થયું અને આગલા વર્ષની અંદર આપણે શું કરવાનું છે? કેવા પડકારો આપણી સામે આવશે? એ પડકારોના સામના કરવા માટે આપણે શું કરવું પડશે એની પદ્ધતિસરની પ્રક્રિયા એ આજે વહીવટનો એક ભાગ બની ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૮૪ ટકા અધિકારીઓ તેમની ફરજથી સંતુષ્ટ છે. મારે અનેક અધિકારીઓ સાથે વાત કરવાનું થયું છે. રાજયના મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ પોતાના પણ વ્યકિતત્વનો વિકાસ કરીને આ રાજયની સેવા માટે કર્મયોગી બન્યા છીએ. આ વાત અધિકારીઓના મોઢે પણ છે. ૮૪ ટકા અધિકારીઓ તેમની

ફરજથી સંતુષ્ટ છે. જયારે પ્રજામાં જવાનું થાય છે, ત્યારે ૮૦ ટકા લોકો સરકારના કામથી સંતુષ્ટ છે. ૮૦ ટકા લોકો. એ નાનીસૂની વાત નથી. મોટા ભાગના અધિકારીઓ માને છે કે વધુ સારી કામગીરી કરવી હોય તો રાજયના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું માર્ગદર્શન આવશ્યક છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ યોગ્ય સંસ્કારી માર્ગદર્શન, એક સંસ્કારી કાર્યપદ્ધતિ ડેવલપ કરીને કર્યુ છે. સરકાર પોતાનો એમાં કયાંય પ્રચાર કરતી નથી.

અભ્યાસપૂર્ણ અવલોકનો થાય. એનું ગહન ચિંતન થાય. અને એના બાદ સકારાત્મક પરિણામો આવે છે. અને આખું ગુજરાત, આપણો દેશ અને આખું વિશ્વ ગુજરાતની આ સફળતાને જોઈ રહ્યો છે. અમારા કર્મચારીઓ એ કર્મયોગી બન્યા છે. ગુજરાતની સેવા કરવી એ એમની સાધના બની ગઈ છે. અમે પણ કાર્યક્રમમાં જઈએ છીએ. અમે જોતા હોઈએ છીએ. આ કર્મચારીઓ, જયારે કોઈ કાર્યક્રમો હોય, ગરીબ કલ્યાણ મેળા હોય, કે મહિલા સંમેલનો હોય, ત્યારે આ કર્મચારીઓ સવારથી સાંજ સુધી ખાતા પણ નથી. નાનું અમથું લંચબોકસ લાવીને ખાઈને કર્મયોગી બનીને આ રાજયની સેવા કરવા માટે તત્પર બન્યા છે. અત્યાર સુધી અમે તો એમ કહીએ છીએ. "લોકા સવત્ર સુખીન ભવન્તુ:" અત્યાર સુધીનો જે વહીવટ હતો ને, એ દુ:ખીના ભવન્તુ: નો હતો. જે કર્મકાંડો ભૂતકાળમાં થયા છે, એની પીડા લોકોને છે. એની પીડા લોકોએ અનુભવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે, સ્પીપાની. વહીવટી પ્રશિક્ષણ કેન્દ્ર, સ્પીપાના કૌશલ્ય નિર્માણના પ્રયાસોથી આખાયે તંત્રની અંદર એક ગુણાત્મક પરિવર્તન લાવી શકયા છીએ. છેલ્લા કેટલાયે સમયથી આ સ્પીપાના કલેવરમાં આમૂલ પરિવર્તનો આવ્યા છે. જયારે વિદ્યાર્થી જગતમાં જઈએ છીએ ને, ત્યારે સ્પીપાની વાત કરતા વિદ્યાર્થીઓ થયા છે. કોઈ જાણતુંયે નહોતું કે સ્પીપા શું છે. રાજય સરકારની અપેક્ષા સાથે કદમ મિલાવવા અને રાજય સરકારના કલ્યાણ રાજયના ખ્યાલને સાચા અર્થમાં સાકાર કરવા માટે આ સંસ્થા કામ કરી રહી છે. એક નવો જ દૃષ્ટિકોણ અને એને અમલમાં મૂકવા માટેનો પ્રયત્ન સ્પીપા દ્વારા કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી મોદીજીએ કહ્યું છે. કે રાજયની આ અદ્‌ભુત પ્રગતિ અને વિકાસની જો સફળતા હોય અને રાષ્ટ્રભરમાં આ વિકાસ તરફ લોકોનું ધ્યાન ગયું છે, તેનું શ્રેય હોય તો આ પ્રશાસનિક માનવ શકિતને જાય છે. એટલે કે અમારા અધિકારીઓ અને લોક ભાગીદારીથી પ્રજાના કામ કરનારી પ્રજાને ફાળે જાય છે. આ જ તંત્ર હતું, આ જ કાયદાઓ હતા અને આ જ નીતિ નિયમો હતા એ વર્ષોથી ચાલતા આવ્યા હતા. આ રાજય બન્યું ત્યારે કોણે એ બનાવ્યા હતા? આ જ લોકોનો ઉપયોગ કરીને એ બનાવવામાં આવ્યા હતા. આ જ લોકોનો ઉપયોગ કરીને આજે જે પથ બન્યા છે એ એ પથ ઉપર ભવિષ્યની પેઢીને ચાલવું પડશે એ વાત આ સરકારે નકકી કરેલ છે. એક વિશિષ્ટકાર્ય સંસ્કૃતિ બની છે કે ગુજરાત એ દેશનું નહીં, પણ દુનિયાને પણ રાહ બતાવનાર ગુજરાત બન્યું છે. બે દિવસ પહેલાં હું કહેતી હતી કે ઘણા લોકો કહે છે કે સચિલાયનો સીન બદલાઈ ગયે છે. તો શું સીન બદલાય એટલે. એના કલર અને રંગ રોગાન થયા એમ નથી, અમે પણ આ સચિવાલયમાં આવતાં હતાં, તો ત્યાં લોકોનાં અગાઉ ટોળેટોળાં હોય, ચહલ પહલ હોય, ભાગાદોડ હોય અને કોઈ મળી શકતું નહોતું અને ભીડભાડ જોવા મળતી હતી ત્યારે એક શાકમાર્કેટમાં ગયા હોય તો એમાં શું લાગે છે એવું શેરબજાર અને શાકમાર્કેટ જેવું તંત્ર હતું.તો આજે બધું થવાનું કારણ શું ? એ બધું બદલાઈ જવાનું કારણ શું ? વહીવટમાં ટેકનોલોજીનો ઉપયોગ થવાને કારણે સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન પધ્ધતિ હેઠળ ૭૫૩૨ વોઈસ કનેકશન કાર્યરત છે. અમેરિકામાં યોજાયેલ વલ્ડ ગુજરાતી કોન્ફરન્સ અને કોપનહેલમાં વલ્ડ કલાઈમેન્ટ ચેઈન્જ સમિટને માનનીય મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરમાં બેઠાં બેઠાં સંબોધન કરી શકે એનું કારણ શું છે? એનું કારણ એ છે કે ગુજરાતમાં આપણે વિડિયો કોન્ફરન્સની સુવિધા ઉભી કરી શકયા છીએ. આ નાની મોટી ઘટના નથી. અહીં બેઠાં બેઠાં સંબોધન ચાલતું હોય અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ત્યાંના લોકો સાંભળે અને એમની ઉપર અભિનંદનની વર્ષા થતી હોય.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાગત, ઈ-ધરા, ઈ-ગ્રામ અને ઈ-સીટી વગેરે કાય્રક્રમો ગુજરાતના ગામડે ગામડે કાર્યરત છે. આખા ગુજરાતને ડીઝીટલ લોડથી આ સરકારના વહીવટ દ્વારા જોડી શકયા છીએ. ઈ-ગર્વનન્સ ક્ષેત્ર ગુજરાત રાજય એક અનોખું રાજય થયું છે. મને પ્રશ્ન એ થાય છે કે ભારતમાં કોંગ્રસ શાસિત અનેક રાજયો છે તો એ રાજયોમાં શું કામ આ રીતનો વહીવટ દેખાતો નથી? ન્યાય માટે ઝઝૂમતા સામાન્ય માનવીને જયારે એમની છેલ્લી આશા આપણા મુખ્યમંત્રીશ્રીનો ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ એટલે કે સ્વાગત કાર્યક્રમ છે એમાં ગાંધીનગરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી બેઠા હોય અને ગામડાંના લોકો એમની સાથે ઓન લાઈન વાત કરી શકે અને એ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે હાજર રહીને એ નાગરિકોના પ્રશ્નોનું નિવારણ કરે. બધા જિલ્લાના કલેકટરશ્રી અને ડી.ડી.ઓ.ને આ કાર્યક્રમ હેઠળ લોકોના પ્રશ્નોના નિવારણ માટે કડકમાં કડક સૂચનાઓ આપવામાં આવે છે અને વિદેશમાં રહેતા નાગરિકોનો કોઈ પ્રશ્ન હોય અને માનનીય મુખ્યમંત્રીશ્રીની ઓફિસમાં કોઈ મેસેજ મોકલે ત્યારે ૫-૭ મિનિટમાં એને એનો જવાબ મળી જાય છે, એના પ્રશ્નને સમજવા માટે ફોન ચાલુ થઈ જાય છે. તો આવા નરેન્દ્રભાઈને ભગવાન કહીએ તો શું ખોટું છે? આ કામ એ જ કરી શકે. એટલે આવી ટીકાટીપ્પણ કર્યા વિના વહીવટને આળખવાની આવશ્યકતા છે એમ મનેલાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જામનગરમાં નાગરિક સુવિધા માટેનાં અનેક કોલ સેન્ટરોકાર્યરત થયાં છે. આજસુધી સામાન્ય માનવી હોય એને અધિકૃત માહિતી જોઈતી હોય તો એ અધિકૃત માહિતી લેવા માટે ઓફિસના ધકકા ખાવા પડતા હતા. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ૧૦ મિનિટ થઈ નથી.

**સભાપતિશ્રી**: આપના સમય કરતાં બે મિનિટ વધારે થઈ છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : સામાન્ય માનવીની અપેક્ષા હોય અને એમનેઆવી અધિકૃત માહિતી મઈતી નહોતી અને ૧૦-૧૦ વખત ધકકા ખાવા પડતા હતા. અમારા જેવા નોકરિયાતને પણ ચાર-ચાર વખત જવું પડે આ પરિસ્થિતિ હતી અને હવેતો એક જ સ્થળથી એકબારી પધ્ધતિના અમલીકરણને કારણે થોડા સમયમાં જ એનું આખું કામ પૂરું થઈ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નોલેજ કોરીડોરની વાત કરું તો ગુજરાતમાં રોજગારીની વાતો થતી હતી, આખા સત્ર દરમ્યાન રોજગારી મળતી નથી એવી વાત થતી હતી.તો આજે તો ગુજરાતમાં રોજગારીની વિપુલ તકો ઉભી થઈ છે. (અંતરાય)

**સભાપતિશ્રી**: માનનીય વસુબેન, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય શંકરભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની સામાન્ય વહીવટ વિભાગની માગણીઓની અંદર હું સમર્થન કરવા માટે ઉભો થયો છું. સામાન્ય વહીવટ વિભાગની અંદર જે અલગ અલગ પ્રભાગો છે એમાંનો એક માવન વિકાસ પ્રભાગ, માનવ વિકાસ નિયામકની કચેરી, અને એના આનુસાંગિક વિષય ઉપર મારે વાત કરવી છે. રાજયની અને રાષ્ટ્રની સાચી સંપતિ એ જન સમુદાય છે, અનેક રીતે પ્રગતિ અને વિકાસના માપદંડો નકકી કર્યા પછી, કોઈ જગ્યાએ ઈન્ફ્રાસ્ટ્રકચરને વિકાસનો માપ દંડ માન્યો, કોઈ જગ્યાએ બાકી અન્ય ફેસીલીટીને વિકાસનો માપ દંડ માન્યો, પરંતુ સાચા અર્થમાં આ બધી જ વિકાસની કડીઓમાં માનવને કેન્દ્ર સ્થાને રાખી અને તેના મુળભૂત અધિકારો, તેની સ્વંત્રતાઓ, આને આનુસાંગિક અલગ અલગ ડિપાર્ટમેન્ટોની થયેલી કામગીરી અને તેનું સંકલન અને તેના અનુસંધાને ગુજરાત સરકારે ખૂબ સારી પહેલ કરી, આ વર્ષના બજેટની અંદર પણ એ આપણે માગણીઓ જે મૂકી છે તેની અંદર પણ આ પ્રભાગ માટે વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષ માટે રૂપિયા ૬૮૪.૮૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ગયા વર્ષે પણ જે જોગવાઈઓ કરી હતી એની અંદર પણ ૯૯.૧૯ ટકા જેટલો ખર્ચ થયેલ છે. માનવ વિકાસના કેટલાક પાસાઓ છે, ઈકોનોમી, હેલ્થ કેર, એજયુકેશન, માનવ અધિકાર, આપત્તિ વ્યવસ્થાપન, જાતિ ભેદ, વિદેશી સહાય, બાંધકામ વ્યવસ્થા, બાળક વિકાસ, આ બધા પાસાઓને સંકલિત કરીને તેના અધાર ઉપર યુનાઈટેડ નેશન દ્વારા એક પ્રોગ્રામ ચાલે છે. યુનાઈટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ, યેએન.ડી.પી. ના નામથી જે ઓળખાય છે, અને આ સંસ્થા માનવના વિકાસનું મુલ્યાંકન કરીને એનો ક્રમ આપે છે. વર્લ્ડ બેંક અને બાકી પણ આની અંદર સહયોગી બનતા હોય છે. આ મુલ્યાંકનમાં ૨૦૦૧માં જે મૂલ્યાંકન થયું, ત્યારે ગુજરાત આ દેશમાં છઠ્ઠા ક્રમે હતું. હમણાં છેલ્લે જે મૂલ્યાંકન કરવામાં આવ્યું ચાર-પાંચ વર્ષ પહેલા એમાં વધીને પાંચમા ક્રમે ગુજરાત પહોંચ્યું છે તેનો ગૌરવ અને આનંદ છે. આટલેથી પૂરું ન થતાં એક એક બાબતની ઝીણવટપૂર્વક કોઈ પણ વિષય બાકી ન રહી જાય તે માટે રાજય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પણ માત્ર તેનું મોનીટરીંગ થતું હોય તો કેટલું ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થયું એ પ્રમાણે નહીં પણ આ બધા મુદ્દાઓને ધ્યાને રખી અને માનવ સૂચકાંક કઈ રીતે આગળ વધારી શકાય તે પ્રમાણે આખી સરકાર મહેનત કરે છે. રાજયના બહુ સિનિયર એક અધિકારીના અધ્યક્ષ સ્થાને એની કમિટી બનાવવામાં આવી છે. અત્યારે છેલ્લા કેટલાક વર્ષની અંદર કેટલાક પ્રોગ્રામો રાજય સરકારે કર્યા, માનવનું જીવન બચાવવા માટેની વાત હોય, ૧૦૮ની સુવિધા રાજય સરકારે કરી, તો માણસનું શરેરાસ જીવન કઈ રીતે વધારી શકાય, એક આ વાત, બાળક અને માતા એ બન્નેને બચાવી શકાય તે માટે ચીરંજીવ યોજના મૂકી, અને ચીરંજીવ યોજનાના કારણે અત્યારે આખા રાજયનો જે માતા અને બાળક બન્નેના મૃત્યુનો જે રેશીયો હતો, જે આંકડો હતો તેની અંદર ખૂબ મોટા પ્રમાણમાં સુધારો કરવામાં આવ્યો છે. બીજું મહિલાઓને પણ પૂરતા પ્રમાણમાં અધિકાર મળે તે માટે કરીને દીકરી એનું સન્માન થાય, તેનું ગૌરવ થાય, સમાજમાં પણ એક આખી માન્યતા એ પ્રમાણેની બને કે દીકરી એ સાપનો ભારો નથી, દીકરી એ પારકી થાપણ નથી, દીકરી એ કૂળનું ગૌરવ છે, દીકરી ઘરના આંગણાનો તુલસીનો કયારો છે.દીકરી એ ઘરનો દીવો છે, સામાજિક જાગૃતિના માધ્યમથી રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક આખું જન આંદોલન પ્રજાની અંદર મૂક્યું એના કારણે સૅક્સ રેશિયામાં જે ડિફરન્ટ આવતો હતો એમાં બહુ મોટા પ્રમાણમાં છેલ્લા ત્રણ ચાર વર્ષની અંદર એની અંદર સુધારો આવ્યો છે.

એજ્યુકેશનની અંદર જોઈએ તો દીકરીઓનું શિક્ષણ અને એની અંદર ગુણવત્તા સુધરે એટલા માટે નામંકન દીકરીઓનું આજથી પાંચ સાત વર્ષ પહેલા કે દસ વર્ષ પહેલાની ગણતરી હતી સરેરાશ એનો ગ્રાફ અપ થતો ગયો છે. માત્ર નામાકરણ વધ્યું એટલું નહિ પરંતુ રાજય સરકારના પૂરતા પ્રયત્નને કારણે અને આખી સરકાર ઉનાળાની અંદર મુખ્યમંત્રીશ્રીથી  માંડીને આખી સરકાર ગામડાંની અંદર એકે એક સ્કૂલ સુધી પહોંચે એના કારણે નામાકરણ વધ્યું એટલું નહિ સ્ટ્રાઈક રેઈટ પણ વધ્યો છે અને જેના કારણે ડ્રોપ આઉટ રેઈટ હતો એ કયારેય નહોતો એ પ્રમાણે ઘટ્યો છે.  અને દીકરીઓનું શિક્ષણ વધવાની બાબતમાં ગુજરાત ખૂબ ઝડપથી આ

દિશાની અંદર આગળ વધી રહ્યો છે. અત્યારે ગુજરાતમાં માનવ સૂચક આંક કહેવાય એ ૦.૩૬ ની જગ્યાએ અપ જઈને ૦.૬૫.૫ થયો છે. અને એ અત્યારે વિશ્વના પરિપેક્ષમાં જોઈએ તો આ એચ.આઈ.ડી. પાકિસ્તાન, બાંગલાદેશ, નેપાળ, ભૂતાન, મ્યાનમાર આ બધા દેશો કરતાં આપણી સ્થિતિ ગુજરાતને સરખાવીએ તો ખૂબ સારી થઈ છે અને હજી નજીકના દિવસની અંદર રાજયની ત્રણ યુનિવર્સિટીને આ પ્રમાણેના સરવેનું કામ પાંચ જેટલા જિલ્લાનું. પાંચ જિલ્લામાં માવન સૂંચક આંક શું છે અને એને સુધારવા માટે શું કરવું. સ્પીપા નામની આપણી સંસ્થા છે એને પણ આ કામ સોંપવામાં આવ્યું છે. તો અલગથી એનું રીસર્ચ થાય સંશોધન થાય અને એના ઉપરથી રાજય સરકાર એ દિશાની અંદર અલગ અલગ વિભાગોએ કેમ કામ કરવું અને એનું તાત્કાલિક અમલીકરણ કરી શકાય એમાં રાજય સરકાર ખૂબ જાગૃતતા પૂર્વક ખૂબ સભાનતાપૂર્વક કામ કરી રહેલ છે.

હમણાં જ માનવ સૂચક આંકની અંદર સૌથી એક અગત્યનો વિષય રહ્યો છે એજ્યુકેશન, એજ્યુકેશનની અંદર કેટલું નામાંકન થયું કેટલું સ્થાઈકરણ થયું એટલું નહિ પરંતુ કવોલિટી એજ્યુકેશન થઈ શકે એટલે પ્રાઇમરી સ્કૂલની અંદરથી જ શરૂઆત થઈ શકે એટલા માટે રાજય સરકારે ગુણોત્સવની શરૂઆત કરી. કયાં ખામી રહી જાય છે એ ખામી દૂર કરવા માટે આખી સરકારને કામે લગાડીને આવતી કાલનું ભવિષ્ય જે બનવાનું છે આજનું બાળક એને યોગ્ય કવોલિટી એજ્યુકેશન આપી શકાય વર્લ્ડ કક્ષાએ હરીફાઈ કરી શકે એ પ્રમાણેનું એજ્યુકેશન આપી શકાય એ પ્રમાણેના પ્રયત્નો આદર્યા છે એમાંની ખામીઓ શોધવા માટે એક મોટા અભિયાન તરીકે રાજય સરકારે લીધું છે અને જેના કારણે ખૂબ મોટા પ્રમાણની અંદર પરિવર્તનો આવ્યા છે એ પરિવર્તનોને કારણે શરૂઆત અત્યારથી જ થઈ ગઈ છે. ગયા વરસે ગુણોત્સવ ઊજવાયો એના પછી એમાં ધ્યાને આવ્યું કે પાંચ, છ અને સાતના વિદ્યાર્થી છે એના માટે ટીચર વધારે કવોલિફાઈડ જોઈએ વધારે ટેલેન્ટ જોઈએ. એટલે માત્ર પી.ટી.સી. લેવલના જ નહિ પરંતુ બી.એડ કરેલા હોય બી.એ.સી. બી.એડ કરેલા હોય, બી.એ. બી.એડ ઈંગ્લીશ હોય તો બાળકના તૈયાર કરેલા સેલેબસ પાંચ છ સાત ધોરણમાં હોય એને અનુલક્ષીને એને ટેલેન્ટ એજ્યુકેશન શિક્ષક પણ આપી શકે એ દિશાની અંદર ધ્યાનમાં રાખીને આઠમાં ધોરણને પ્રાથમિક શાળાની અંદર લઈને હવે જે જે એકથી સાત હતું એની અંદર છ, સાત અને આઠ આ પ્રમાણેના ધોરણ કરીને એ બધા ધોરણોની અંદર બી.એડ કરેલા શિક્ષકોને મૂકીને કવોલિટી એજ્યુકેશનની દિશાની અંદર ખૂબ સારો પ્રયત્ન રાજય સરકાર કરી રહી છે. બીજો એક છે એના જે સૂચક આંક છે એના કેટલાક પાસાઓ છે એમાંનો કુપોષણ પણ એક વિષય છે. સગર્ભા મહિલા હોય તો એને પોષણ કઈ રીતે આપવું એના માટેની એક વ્યવસ્થા બાલવાડીના માધ્યમથી અને બીજું બાળક ઘેરથી બહાર નીકળીને બાલવાડીમાં જતું હોય ત્યારે એને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે કરીને બાલવાડીની અંદર જ ખૂબ સારુ એને પોષણ મળે એ માટેની પણ વ્યવસ્થા થઈ છે. પહેલા શું ખવડાવતા ભગવાન જાણે પરંતુ અત્યારે શીરો, સુખડી ધાત્રી માતા અને બાળક, અને બાળક જ્યારે સ્કૂલમાં જાય ત્યારે એને પોષણક્ષમ આહાર મળી રહે એ માટેની એની અંદરથી વ્યવસ્થા કરવામાં આવી છે.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે, વિરામબાદ સભાગૃહ ૧૧-૦૦ વાગ્યે ફરી મળશે. માનનીય શંકરભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**સભાપતિશ્રી**: મારી એક વિનંતી છે કે બધાને દંડકશ્રીએ સમય મર્યાદામાં સમય અંકિત કર્યો છે એ સમય મર્યાદામાં બધા પૂરું કરે. કોઈ ટીકા-ટિપ્પણ કે ટોકવા ન પડે એવી મારી વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક-૩૦,૩૧ માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક-૫૪ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી ક્રમાંક-૮૯ લઈને આવ્યા છે તેના ઉપર મારી વાત કહેવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટમાં મંત્રી પરિષદ, ચૂંટણી માટેની આ માગણીઓ જે છે તે સામાન્ય વહીવટ વિભાગમાં જે આપણી કૅડર છે. ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ સર્વીસ, ગેસ કૅડર જે છે તેના અને અન્ય રાજયોના પ્રમાણમાં પે સ્કેલ વધાર્યા નહોતા. આ રજૂઆત મેં પણ આ સન્માનનીય ગૃહમાં કરેલી. પરામર્શ સમિતિમાં પણ કરેલી અને એ પછી તા. ૨૧-૨-૦૯ના ઠરાવથી વધારાના બે સ્કેલ આપવાનું અન્ય રાજયોની સરખામણીમાં ઓછું પગાર ધોરણ મળતું હોવાનો સ્વીકાર કરીને કરવામાં આવ્યા. તેનો અમલ આજ દિવસ સુધી થયો છે ખરો? આવી જ રીતે ૧૯૯૭માં સચિવાલય કૅડરના અધિકારીઓ કે જેમણે ચાર વર્ષ ફિલ્ડમાં કામ કર્યું હોય એમને સચિવની સેવાઓ લેવામાં આવે તેવું નક્કી કરાયું હતું. પણ આનો અમલ થયો છે ખરો? માનનીય મુખ્યમંત્રીશ્રી તેમના વિભાગ ઉપર કેટલું ધ્યાન આપે છે એ આ બે વાતની જો મૂલવણી કરશે તો તેનું અમલીકરણ ન કરવા માટે કોણ જવાબદાર છે એને શોધી શકશે. એટલા માટે આપને હું આ વાત કરું છું. અર્જુનભાઈએ જે કહ્યું એ પ્રમાણે કે લાખો રૂપિયાના ખર્ચે ચાર્ટર્ડ વિમાનોમાં પ્રવાસ કરતા, હવામાં ઉડતા મુખ્યમંત્રીશ્રી થોડા જમીન ઉપર આવીને ધરતીનો અહેસાસ કરે એ ખૂબ જરૂરી છે. આ સન્માનનીય ગૃહના ધારાસભ્યો તેમની પાસે વારંવાર રજૂઆત કરે કે ધારાસભ્યોને ૧૦ વર્ષથી તેમના વિસ્તારની અંદર જે ખર્ચવાની રકમ આપવામાં આવે, આયોજન વિભાગ તરફથી એની વ્યવસ્થા કરવામાં આવે છે. તેમાં કોઈ વધારો થાય નહીં અને આ બજૅટમાં જે કહેવામાં

આવ્યું છે કે આયોજન ખર્ચની અંદર ૬૬ ટકાનો વધારો અને વિવેકાધીન ગ્રાન્ટમાં ૧૫૦ ટકા કરતા વધુ વધારો થયો છે. આ આંકડાઓ આ કામગીરી અંદાજપત્રમાં જે આપેલા છે એ આંકડાઓમાં જોઈએ તો એવો કોઈ વધારાનો અહેસાસ આમાં બતાવેલો નથી. વિવેકાધીન ગ્રાન્ટની ૯૯ કરોડ રૂપિયાની ગ્રાન્ટ વધારીને તમે ૧૧૭ કરોડ રુપિયાની કરી. આમાં ૧૫૦ ટકાનો વધારો કયાં આવ્યો? ઓવરઓલ જે આયોજનની ગ્રાન્ટ હતી ૨૯૪ કરોડની, તેની સામે ૩૩૩ કરોડ રૂપિયાની કરવામાં આવી અને એ તો વધારો શેમાં કરવામાં આવ્યો? લગભગ ૨૦ કરોડ રૂપિયાનો વધારો ગુજરાત સ્થાપના દિનની ઉજવણી માટેનો તેમણે વધારો સૂચવેલો છે. ધારાસભ્યોની ગ્રાન્ટમાં પછાત તાલુકાના વિકાસની વ્યાખ્યામાં કોઈ વધારો આ આયોજન વિભાગે સૂચવેલો નથી. તે તરફ આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું અને આ માગણી વખતે જાહેર કરે કે ધારાસભ્યોની ગ્રાન્ટ વધારવી ખૂબ જરૂરી છે. રાજયોમાં એક કરોડ રૂપિયાની, ક્યાંક ક્યાંક તો બે કરોડ રૂપિયાની ઉત્તરપ્રદેશ જેવા રાજયોમાં ધારાસભ્યોના વિસ્તાર વિકાસ માટે થઈને બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવતી હોય છે.માનનીય અધ્યક્ષશ્રી, ૨૯૦૦૦ કરોડનું બજૅટ હોય તો સાત ટકા વિકેન્દ્રીત આયોજન માટેની જે ગાઈડલાઈન છે. એને અનુસરીએ તો ૨૦૦૦ કરોડ તો વિકેન્દ્રીત આયોજન માટે રાખવા જોઈએ તે તરફ પણ હું આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું અને મારે દરેક પાર્ટીના ધારાસભ્યો આમાં પક્ષાપક્ષી ન હોય એના વિસ્તારના વિકાસની અંદર ખર્ચવાના છે એ સામાન્ય વાત માનનીય મુખ્યમંત્રીશ્રી શા માટે સમજતા નથી? એ મને સમજાતું નથી. પ્રોટોકોલની અંદર ધારાસભ્યોનું માન અને ઔચિત્ય જળવાય એ જરૂરી છે. કેન્દ્ર સરકાર એનો કોઈપણ કાર્યક્રમ હોય એના વિસ્તારના સંસદસભ્યો અને ધારાસભ્યોના નામ કાર્ડમાં લખતી હોય છે અને એને સન્માન આપતી હોય છે. ત્યારે આ રાજય સરકારનો અનુભવ છે. ભૂતકાળમાં તે વખતની સરકારો હતી ત્યારે અને અમે વિરોધપક્ષમાં હતા ત્યારે પણ અમને અનુભવ થયેલો છે અને ત્યારે અમને ખૂબ સન્માન સાથે બોલાવવામાં આવતા હતા, આજે અહીં બોલાવવામાં આવે અને પછી સમારંભમાં જતા રોકવામાં આવે છે એવા કિસ્સાઓ નિવારવા જોઈએ, એવું જણાવવા માગું છું. પંચાયતની ચૂંટણીઓ ૨૦૧૦ના ઑકટોબરમાં આવવાની છે. મારો રાપર વિસ્તાર છે ત્યાં ૨૦૦૨ અને ૨૦૦૩માં ભારતીય જનતા પાર્ટીની સરકારે કેન્દ્રમાં સુધારો કર્યો. એના કારણે જે ટ્રાઈબના લોકો હતા કોળી, દેવીપૂજક જેવા લોકો હતા એના અધિકારો છીનવાઈ ગયા છે. આ ૨૦૦૧ની વસ્તી ગણતરીના ધોરણે કરવામાં આવ્યું છે. એના કારણે રિઝર્વેશન હજુય ચાલે છે. એની વસ્તી નથી, ટ્રાઈબની વસ્તી ત્રણ આંકડામાં થતી નથી. ૧૦૦૦નો આંકડો નથી થતો. મારા વિસ્તારમાં ૧૮૫ની સંખ્યા હોય અને જિલ્લા પંચાયતની પાંચ શીટો હોય, તાલુકા પંચાયતમાં પણ એનાથી વધુ શીટો હોય, ગ્રામ પંચાયતની શીટોની અંદર એ ભીલ ભાઈઓ ન હોય અને સીદી ભાઈઓ ન હોય અને એમની શીટો ખાલી રહી જતી હોય છે. આથી ચૂંટણી પંચ, ગુજરાતનું ચૂટણી પંચ છે એને આ માટે રજૂઆતો આવી છે એને ધ્યાનમાં લઈને જિલ્લા તંત્ર સાથે પરામર્શ કરીને આમાં જરૂરી સુધારો કરે એ યોગ્ય રહેશે. એ આજના તબક્કે કહેવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગમાં ગુજરાતી ચલચિત્રોની ચિંતા કરવામાં આવે છે. પણ આજે કઈ હાલત થઈ છે. એક જમાનામાં ૧૯૮૦ના દાયકામાં ગુજરાતી ચલચિત્રોનો એક જમાનો હતો અને તેના કારણે તે વખતના આપણા શ્રેષ્ઠ કલાકારો લોકસભામાં પણ ગયા અને આ ધારાસભામાં શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી જેવા ઉત્કૃષ્ટ અભિનય સમ્રાટ આવ્યા. શ્રી નરેશ કનોડીયા જેવા કલાકાર પણ આવ્યા અને શ્રી મહેશ કનોડીયા, શ્રી અરવિંદ ત્રિવેદી જે લંકેશ તરીકે જાણીતા છે એવા કલાકારો લોકસભામાં ગયા. આ ગુજરાતના કલાકારોની લોકપ્રિયતા હતી. આજે ગુજરાતની લોકપ્રિયતા સ્વર્ણિમ ગુજરાતની વાત કરીએ ત્યારે એવું કોઈ પૅકેજ આપવામાં આવે અને જેથી કરીને ગુજરાતી ચલચિત્રો વિષય છે એ વટ, વચન અને વ્યવહારની વાત લઈને ગુજરાતી ચલચિત્રો આવેલા છે અને ફરીથી એનો સુવર્ણ કાળ આવે એ માટે એના ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી ચિંતા કરે એ વાત મારે કહેવાની છે. આજે મનોરંજન કરનું પ્રમાણ ખૂબ ઘટતું જાય છે ત્યારે આ મનોરંજન કમિશનરની જગ્યા જે છે એના સ્ટેટસ પ્રમાણેની આવકો કોઈ નથી અને મેં અગાઉ પણ કહ્યું છે કે, માનનીય નાણામંત્રીશ્રીને મનોરંજન કરમાં કોઈ રસ નથી. કારણ કે, કોઈક જગ્યાએ એમનું નામ જાણ્યે અજાણ્યે આવતું હોય છે અને એની એ અનુમોદના કરે છે અને અગાઉ પણ કહ્યું હતું કે, રાજકોટમાં કાલાવડ રોડ ઉપર જતો હતો અને મેં પૂછ્યું કે આ જગ્યા કયાં છે તો મને કહ્યું કે ત્યાં વજુભાઈના ખેતરની સામે છે મલ્ટીપ્લેક્ષની અંદર, આજે ગુજરાતની અંદર..

**સભાપતિશ્રી** : આપની એક જ મિનિટ બાકી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : જ્યારે અધિકારીઓની નિમણૂક થતી હોય ત્યારે યોગ્ય એમની ફરજો કરી શકે એવી જગ્યાએ મૂકવા જોઈએ. અગાઉ અર્જુનભાઈએ ચિંતા કરેલી.કે કોઈ આઈ.પી.એસ. અધિકારીને ઘેટા વિકાસ નિગમની અંદર મૂકવામાં આવે એનાથી માત્ર ગુજરાતની જ નહીં આ
કેડરની અંદરના જ્યાં જ્યાં લોકો છે ને એ લોકોને પણ આશ્ચર્ય થયું છે. માનનીય અધ્યક્ષશ્રી,

**સભાપતિશ્રી** : માનનીય વિભાવરીબેન (અંતરાય) નોટ એલાઉડ

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એક જ મિનિટ લઈશ માનનીય અધ્યક્ષશ્રી, આપે રૂલ્સ ઓફ બિઝનેશ (અંતરાય)**સભાપતિશ્રી** : નોટ એ સેકન્ડ, ના ના બાબુભાઈ, સાહેબ મેં તમને પહેલા વિનંતી કરી હતી તમારા સાથી સભ્યશ્રીઓને અન્યાય થાય છે. ના ચાલે બાબુભાઈ ..

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હું એક જ મિનિટ લઈશ આજે રુલ ઓફ બીઝનેસ છે એના નિયમો જે સંદર્ભમાં વિચારવામાં આવેલા એનો અમલ થયો ખરો(અંતરાય)

**સભાપતિશ્રી** : ના ચાલે બાબુભાઈ, હું બેઠો ત્યારે પહેલી મેં વિનંતી કરી હતી કે તમારા દંડકે જે રીતે સમય આપ્યો હતો એ સમયમાં પૂરું કરવું પડે. તમારા દંડકે આપેલ છે. વિભાવરીબેન.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની સામાન્ય વહીવટ ઉપરની માગણી ઉપર હું મારી વાત મૂકવાની છું એ પહેલા ૧૨મી માર્ચની આજની દાંડી યાત્રાને જ્યારે મારા વિપક્ષી સભ્યે યાદ કર્યુ છે ત્યારે હું એ યાદ કરાવું કે ગાંધીજીએ જે આ દાંડીયાત્રા કાઢેલી એ માત્ર સ્વરાજય માટે નહીં પરંતુ સ્વરાજયની સાથે સાથે સુરાજયની પણ એમણે ખેવના કરેલી, એમણે ભાવના કરેલી. મને કહેતાં એ બાબતનું ગર્વ છે કે સ્વતંત્રતાના આટલા વર્ષો થયા પરંતુ ગુજરાતની પ્રજા છેલ્લા ૧૦ વર્ષની અંદર સ્વરાજય અને સુરાજય બંનેનો અનુભવ કરી રહી છે અને ગાંધીજીએ જે સ્વપ્ન જોયું હતું એ સાકાર થઈ રહેલું ગુજરાતમાં જણાઈ રહ્યું છે. આ ગાંધીનગર નામ આપવામાં આવ્યું, જ્યારે આપણે સ્થાપના થઈ ત્યારે આ શહેરનું નામ, પાટનગરનું નામ ગાંધીનગર આપવામાં આવ્યું, પરંતુ ૪૦-૪૦ વર્ષની અંદર એવું કોઈ સ્મારક, એવી કોઈ વ્યવસ્થા કે એમના જીવન વૃત્તાંત ઉપરથી પ્રજાજનોને કોઈ બોધપાઠ અથવા કંઈ મળી શકે એવું કોઈ આયોજન કરવામાં આવેલ નહીં, પરંતુ આ સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે આદરણીય નરેન્દ્રભાઈના સ્વપ્નદૃષ્ટા ગાંધીજીના માટે થઈને મહાત્મા મંદિરનું આયોજન આ સ્વર્ણિમ જયંતિ વર્ષ નીમિત્તે કર્યુ છે. દાંડી યાત્રાના આ દિવસે સાચી શ્રદ્ધાંજલિ ગણાય અને આ મહાત્મા મંદિર માટે ૧૦૦ કરોડ રુપિયાની ફાળવણી કરી છે અને અદ્યતન કન્વેન્શન સૅન્ટરની સાથે સાથે ૩૬૫ દિવસ સુધી દરરોજ ગાંધીજીના જીવન વૃત્તાંત ઉપર રોજે લોકોને એને તાદૃશ્ય અનુભવ થાય એવું જનતા સમક્ષ મૂકવાનું પણ આની અંદર આયોજન છે. એટલે લોકો ભલે એવું કહે કે નરેન્દ્રભાઈ લોકો માટે ભગવાન છે, પરંતુ નરેન્દ્રભાઈ માટે ગાંધીજીને ભગવાનરુપી સમજી અને મહાત્મા મંદિર બનાવી અને નરેન્દ્રભાઈ મોદીએ આજે આ સાચી શ્રદ્ધાંજલિ આપી છે. ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું કાર્ય નરેન્દ્રભાઈ મોદીએ આજના આ સ્વર્ણિમ જયંતિ વર્ષે કર્યુ છે. માત્ર મત મેળવવા માટે નહીં પરંતુ ગાંધીજીના રસ્તે ચાલવાની આ ખેવના નરેન્દ્રભાઈએ જે રાખી છે એ માટે આખા ગૃહ વતી હું એમને અભિનંદન આપુ છું અને આભારની લાગણી વ્યકત કરું છું. આના માટે એક પંકિત કહી શકાય,

**દોષ કરે અન્ય લોકો પર એવા હજારો લોક છે, પણ**
**દૃષ્ટિ કરે નીજ દોષ પર એવા વિરલાઓ કોક છે,**

મને એવી આશા છે કે વિપક્ષના સભ્યો આમાંથી બોધપાઠ લઈ અને પોતાના દોષ ઉપર દૃષ્ટિકોણ કરે અને પોતાના દોષની નજર રાખે અને પોતે જોવે કે. ગાંધીજી માટે એમણે શું શું કર્યુ છે. આજની જે માગણી છે એ માગણીની અંદર સામાન્ય વહીવટની અંદર પણ વસ્તી ગણતરીને સમાવવામાં આવે છે. આ વસ્તી ગણતરી આ ૨૦૦૧ની અંદર થઈ છે અને ૨૦૧૧ની અંદર થવાની છે એટલે કે દર ૧૦ વર્ષે વસ્તી ગણતરી થતી હોય છે. આ વસ્તી ગણતરીના ૧૦ વર્ષના આકડાઓ ઉપર આખા રાજયના અને રાષ્ટ્રના વિકાસનો લેખ લખાતો હોય છે, વિકાસની ગાથા લખાતી હોય છે. ચૂટણીઓની જો વાત કરીએ તો આવતા વર્ષે આવી રહેલા વર્ષની અંદર ૨૦૮ તાલુકા પંચાયત ૨૪ જિલ્લા પંચાયત, ૫૩ નગરપાલિકા અને ૬ મ્યુનિસિપલ કૉર્પોરેશનની આવનારી ચૂંટણીઓનો પણ આ વિભાગ ઉપર ખર્ચ વધનાર છે. રાષ્ટ્રીય તહેવારો- અત્યાર સુધી રાષ્ટ્રીય તહેવારો માત્ર પાટનગરની અંદર ઊજવાતા હતા, આ રાષ્ટ્રીય તહેવારો એમાં ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઑગસ્ટ અને પહેલી મે સ્થાપના દિન અને આ બધા જ દિવસો વિવિધ શહેરોની અંદર જઈ અને ઉજજવાનું આરદણીય નરેન્દ્રભાઈ મોદીએ પોતાના શાસનમાં આવ્યા પછી જે શરૂ કર્યુ છે અને એના કારણે રાજયના તમામ શહેરોની અંદર આજે આ બાબતની રાષ્ટ્રીય ભાવના જાગી છે, સ્થાપના દિનની- ગુજરાતના ગૌરવની જે ભાવના જાગી છે એના માટેનું મુખ્ય કારણ હોય તો આ છે. ટ્રાફીક સેન્સેસ એટલે કે ગુજરાત રાજયના રાષ્ટ્રીય ધોરી માર્ગો ઉપર જે વાહનો અવરજવર કરતા હોય છે એ રોડ રસ્તા ઉપરના હોય દરિયાઈ માર્ગ ઉપર હોય કે રેલ્વે ઉપર હોય.આ બધા જ માર્ગો ઉપર કેટલી અવર-જવર છે એની ગણતરી એપ્રિલ અને ઑકટોબર એમ વર્ષમાં બે વખત થતી હોય છે. એના ઉપર આખા રાજ્યનો વિકાસ દર નક્કી થતો હોય છે. આ રીતે વિકાસના કાર્યને મદદરૂપ થતી આ કામગીરી છે એની અંદર રાજ્યનો જી.ડી.પી. ગ્રોથ રેટ નક્કી કરવાનું કામ આ વિભાગ દ્વારા થતું હોય છે. નરેન્દ્રભાઈ વિકાસની જે હરણફાળ ભરી રહ્યા છે એ વિકાસના કામમાં મદદ કરતો એક વિભાગ છે. કઈ જગ્યાએ કેટલા વિકાસની જરૂર છે એ વિકાસ આ વિભાગની મદદથી આંકડાકીય માહિતી પૃથ્થકરણ અને અહેવાલો ઉપરથી અપાતો હોય છે. હમણાં અગાઉ વાત કરી કે માનવ સૂચકાંક. અત્યારે દેશ અને દુનિયામાં માત્ર આર્થિક વૃદ્ધિ જ નહીં પરંતુ માનવને ધ્યાનમાં રાખીને વિકાસ કરવાની વાત કરે છે પણ અમારા પંડિત દીનદયાળના એકાત્મ માનવવાદની વાત કરી છે, એમાં પણ માનવને કેન્દ્રમાં રાખીને વિકાસ કરવાની વાત કરી છે અને વિકાસની હરોળમાં ઊભેલા છેલ્લા માણસને

આ વિકાસનો લાભ મળે એની ખેવના કરવાની વાત કરી છે. એ દ્વારા જ આજે ગુજરાતનું શાસન ચાલી રહ્યું છે અને ગુજરાતના શાસનમાં આ માનવ કલ્યાણની વાત કરીએ તો ગુજરાત સરકારે અનેક યોજનાઓ મૂકી છે, પૅકેજ નક્કી કર્યા છે. એ ગરીબ સમૃદ્ધિ યોજના હોય, વન બંધુ યોજના હોય કે સાગર ખેડૂ યોજના હોય એ કરી છે. આ ઉપરાંત ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને આ ગુજરાત સરકારે માનવ સૂચકાંક ઊંચો લાવવા માટે વિકાસની લાઈનમાં ઊભેલા છેલ્લા માણસને વિકાસનો એટલો જ હક્ક મળે, એટલી જ વિકાસની પાત્રતા મળે કે જેટલો બીજા લોકોને મળે છે. આ માનવ સૂચકાંકને ધ્યાને રાખીને જ્યારે આ બજૅટ બનતું હોય છે, આ વિભાગ પણ માનવ સૂચકાંકને ધ્યાનમાં રાખીને પૃથ્થકરણ કરીને આંકડાઓ આપે છે. એના દ્વારા વિકાસ સાધી રહ્યા છે. આ વિકાસના કાર્યમાં જે કાંઈ કામગીરી થઈ રહી છે એના માટે એક પંક્તિ કહીશ કે,

**આંખમાં જળહળતું આકાશ લાવ્યો છું હું,**
**સૂર્ય છું, સૂર્ય જેવો વિકાસનો પ્રકાશ લાવ્યો છું હું,**
**સેંકડો જોજન હતું લક્ષ ભલે દૂર તેથી શું થયું,**
**કોઈપણ ભોગે લક્ષને પાસ લાવ્યો છું હું.**

આ વાત સાથે માગણીના સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગની માગણી ક્રમાંકઃ ૮૯ લઈને આવ્યા છે ત્યારે મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સાચે જ કહે છે કે આગામી ૨૧મી સદી એ જ્ઞાનશક્તિની સદી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નવતર અભિગમથી સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી અને ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી જેવા વિષયોનો પૂરેપૂરો ઉપયોગ કરી ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. જેના કારણે રાજ્યને વિભાગો કે એકમોના જાહેર વહીવટમાં ટૅક્નૉલૉજીના ઉત્કૃષ્ટ ઉપયોગ માટે ૧૩ જેટલા વિવિધ એવોર્ડો પણ પ્રાપ્ત થયેલા છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ડૅવલપમેન્ટ એટલે માત્ર સોફ્ટવેર બિઝનેસ કંપની એવો મર્યાદિત કન્સેપ્ટ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને મંજૂર નથી. ૨૧મી સદીમાં વિશ્વના સમાજ જીવનમાં ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના પ્રયત્નો સાર્વત્રિક છે ત્યારે ટૅક્નૉલૉજી દ્વારા ગુજરાતના સામાન્ય માનવીના જીવનમાં બદલાવ આવે એ દિશામાં ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો મહત્તમ ઉપયોગ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણા આપી અને પરિણામલક્ષી પ્રયાસો પણ કર્યા છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના સંદર્ભમાં વાત કરીએ ત્યારે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ઈન્ફાસ્ટ્રકચર અને બાયો ટૅક્નૉલૉજી. વિશેષ કરીને મારે વાત કરવી છે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી સૅકટરની. રાજ્યમાં જી.સ્વાનનું એક નેટવર્ક છે. ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક, ઈ-ગવર્નન્સના આધાર સમુ આ નેટવર્ક દેશભરની ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી નેટવર્ક કંપનીઓ પૈકી સૌથી વિશાળ નેટવર્ક એ જી.સ્વાન નેટવર્ક છે. આ નેટવર્કને ઊભું કરવા માટે ૬૫૦૦૦ કિલોમીટરની લંબાઈનો ઓપ્ટીકલ ફાયબર કેબલ નાખવામાં આવેલ છે. આ સુવિધા હેઠળ રાજ્યના ૨૫ જિલ્લા અને ૨૨૫ તાલુકાઓને જોડવાની કામગીરી મહદ્અંશે પૂર્ણ કરવામાં આવી છે અને જે તાલુકા કક્ષાએ કેટલીક કચેરીઓમાં કામગીરી બાકી છે એના માટે ચાલું વર્ષે ૩૮૪૩ લાખની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના સેકટરમાં જી.આઈ.એલ. એ હું માનું છું કે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીની સ્પાઈન છે. જી.આઈ.એલ. એ વિકાસના ક્ષેત્રમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ હેતુ માટે જી.આઈ.એલ. Awareness Programme Workshop કરે છે. ટેકનોલોજી સેમિનાર જેવી અનેક પ્રોસાહિત પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં આઈ.ટી.ક્ષેત્રે વિપુલ પ્રમાણમાં મૂડીરોકાણ થાય અને અને એ હેતુથી આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સનું આયોજન કરવાની વિચારણા કરવામાં આવેલ છે અને એના માટે ૩૫૦ લાખ રૂપિયાની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જીશ્વાનના માધ્યમથી વિડિયો કોન્ફરન્સની સુવિધા રાજ્યના ૨૫ જિલ્લા અને ૨૨૫ તાલુકામાં ઉપલબ્ધ થઈ છે પણ એવા કેટલા એરિયા છે જે રિમોટ એરિયા છે જે એરિયામાં વિડિયો કોન્ફરન્સીંગ અથવા તો રાજ્ય સરકારના વિવિધ કાર્યક્રમો છે એ કાર્યક્રમોનું સુચારુપે ત્યાં તે કાર્યક્રમોની માહિતી પહોંચાડી શકાતી નથી આવા અંતરિયાળ ભાગોમાં આ સુવિધા પૂરી પાડવા માટે બે વી.સેટ વાનનું આયોજન કરવામાં આવેલ છે અને બે વી.સેટ વાનને સુસજ્જ કરવા માટે આ ચાલુ વર્ષે લગભગ ૪૫ લાખની જોગવામાં કરવામાં આવેલ છે. રાજ્યના સરકારી કર્મચારી/અધિકારીઓ મિત્રો અને વિશેષ કરીને સચિવાયના અધિકારી/કર્મચારી મિત્રોને આ IWDMS વિકસાવવામાં આવેલ છે. ૨૦૦૭-૦૮ સચિવાલયની દૈનિક કામગીરીને ઝડપી બનાવવા માટે આ સિસ્ટમનો ઉપયોગ થાય છે. ટપાલનો ઝડપી નિકાલ કરી શકાય. આ પ્રોજેકટથી Digital Support System અને Automation Component દ્વારા કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા માટેનો આ એક ઉદ્દેશ છે. આગામી વર્ષોમાં આ connectivity ખાતાના વડા સુધી પહોંચવાનું આયોજન પણ કરવામાં આવેલ છે અને આ વર્ષે આ કામગીરી માટે લગભગ ૨૫૦ લાખની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. આ information technology** ના માધ્યમથી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીની જે કલ્પના છે ગુજરાનું આઈ.ટી.infrasctructure એટલે સામાન્ય માનવીની ફરિયાદોનો ઉકેલ અને એ કાર્યક્રમ અંર્તગત મુખ્યમંત્રીશ્રી

સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ છે મારે એમ ચોક્કસ કહેવું પડે કારણ કે મને આજ સચિવાલયમાં રાજ્યના મંત્રીશ્રીના કાર્યલયમાં, મંત્રીશ્રીના અંગત સ્ટાફ તરીકે કામ કરવાનો મોકો મળેલો છે. સાહેબ, ભૂતકાળને હું એટલા માટે યાદ કરું છું કે સચિવાલયમાં કોઈનું એક નાનકડું કામ હોય, છેવાડાનો બિચારો ગરીબ અને અભણ માણસ હોય  અથવા તો કોઈ ભણેલો-ગણેલો માણસ હોય એની કોઈ નાની મોટી ફરિયાદ હોય તો એ પોતાને કોઈ એક વચેટિયો લઈને આવવું પડે, બીજા ચાર-પાંચ માણસ હોય એનું જીપનું ભાડું ખર્ચાવાનું, ધાડેધાડા સચિવાલયમાં આવે અને એના કારણે આ સચિવાલયમાં જે અધિકારી છે, સચિવો છે અને મંત્રીશ્રીઓને જે પોતાને નીતિ વિષયક કામગીરી કરવાની છે એ કામગીરીમાં પણ વિક્ષેપ પડતો. કેટલા માનવદિન બેકાર થાય.

**સભાપતિશ્રી** : પ્રફુલભાઈ એકાદ મિનિટ જ બાકી છે. (અંતરાય) જરા પણ રિલેક્સેશન નહિ.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : સાહેબ, આ સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ થવાના કારણે રાજ્યનો સામાન્યમાં સામાન્ય નાગરિક માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે સીધો સંપર્ક કરી શકે છે અને આ સ્વાગત ઓન લાઈન કાર્યક્રમના માધ્યમથી આજદિન સુધીમાં ૮૮૦૦૦ કરતા વધારે ફરિયાદો રજૂ થઈ એના ૮૩ ટકા જેટલો સ્થળ ઉપર પ્રશ્નનો નિકાલ કરી આદરણીય મુખ્યમંત્રીશ્રીના આ કાર્યક્રમથી આઈ.ટી.ક્ષેત્રથી આ સામાન્ય માનવીને કેવી રીતે ઉપોગી થઈ શકાય આ એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. મારે આગળ વધીને એક વાત કરવી છે કે સમગ્ર વિશ્વ જ્યારે ગ્લોબલ વોર્મિંગ  અને Climate change થી ચિંતિ છે એવા સમયે વિશ્વના તમામ દેશોના પ્રતિનિધિઓએ કોપન હેગન ખાતે એક બેઠક કરી હતી. આનો સચોટ અને કાયમી ઉકેલ શોધવા માટે આ કોપન હેગનમાં જ્યારે બધા એકત્રિત થયા હતા ત્યારે દેશના પ્રતિનિધિઓ તો હતા પણ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ(અંતરાય) સાહેબ, મને એક મિનિટ કહેવા દો..(અંતરાય)

**સભાપતિશ્રી** : No request. નો, નો, બાબુભાઈ વોઝ એ સિનિયર મેમ્બર એન્ડ મિનિસ્ટર ઓલસો. છતાં મેં એમને એક સેકન્ડ પણ વધારે નથી બોલવા દીધા. આઈ. એમ. વેરી સોરી. મારે બીજા ઊભા છે એનું નામ દેવાનું હોય ને. માનનીય લાલસિંહભાઈ. તમારા દંડકે આપેલ મિનિટો હું આપું છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ તથા માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે (અંતરાય) સાહેબ, જેઠાભાઈ પજવે ના એવી કાંઈક વ્યવસ્થા કરો. સામાન્ય વહીવટ વિભાગ હેઠળ(અંતરાય)

**સભાપતિશ્રી** : જેઠાભાઈ નો ડિસ્ટર્બન્સ, ઈવન નો મર્મરિંગ.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : કર્મચારી ગણ વિભાગ હેઠળ જે સ્વાતંત્ર્ય સેનાનીઓને પેન્શન આપવાની યોજના છે અને હાલ જે ૮૫૦/- સ્વાતંત્ર્ય સેનાનીઓ અથવા તો એમના આશ્રિતોને પાંચ હજાર રૂપિયા સુધીનું જે પેન્શન આપવામાં આવે છે તો એમાં જો આ સરકાર વધારો કરી અને એમને વધારે પેન્શન આપવાની જો સગવડ કરે એવો આ સરકારને મારો અનુરોધ છે. કારણ કે, લગભગ અત્યારે જે જીવિત સ્વાતંત્ર્ય સેનાનીઓ હશે એ ૮૦ વર્ષથી મોટી ઉંમરના હશે તો એમને જો આર્થિક સહાયતા મળે તો એ વધારે યોગ્ય ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, સચિવાલયમાં કર્મચારીઓની ફીટનેસ માટે જે બ્લૉક નંબર-૭ અને બ્લૉક નંબર-૧૧માં ભોંયતળિયાના ભાગે જે ફીટનેસ સૅન્ટર બનાવવામાં આવ્યું છે એવા જ ફીટનેસ સૅન્ટરો સચિવાલય સિવાયના ગાંધીનગરની અંદર જે કચેરીઓ છે એમના કર્મચારીઓ માટે પણ આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો માત્ર આ સચિવાલયના જ નહીં પણ બધા જ કર્મચારીઓ આ લાભ લઈ શકે એ માટે આ પ્રકારની પણ વ્યવસ્થા કરવા મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે મતદાર યાદીઓ તૈયાર થાય છે એમાં ઘણી વખત આખી સોસાયટીની સોસાયટીઓના મતદારો એમાંથી નીકળી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત લોકસભામાં માણસ મત આપે છે, વિધાનસભામાં મત આપે છે પણ નગરપાલિકા અને તાલુકા પંચાયતો કે જિલ્લા પંચાયતોની ચૂંટણી આવે તો એ મતદાર યાદીમાંથી નીકળી જતા હોય છે તો હવે પછી જે મતદાર યાદીઓ તૈયાર કરવામાં આવે એમાં ચીવટ રાખવા તમામ મતદારો, મતદાર યાદીમાં સમાવિષ્ટ થાય એવી જો ચિંતા સરકાર રાખશે એવો મારો અનુરોધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કે અન્ય ચૂંટણીઓની અંદર મતદાર ફોટો ઓળખ કાર્ડ એ સામાન્ય રીતે મતદાર જ્યારે મત આપવા જાય તે વખતે એને આપવાનું હોય છે પરંતુ સરકાર તરફથી સૂચનાઓ આપવા છતાં પણ એના સિવાયના જે ૧૪ મુદ્દાઓ દર્શાવેલા હોય એવા પણ ઓળખપત્રો જો મતદાર લઈ જાય તે ચલાવી લેવામાં આવતા હોય છે પણ ઘણા જક્કી પ્રિસાઈડીંગ ઑફિસરો હોય છે કે માત્ર મતદાર ફોટો કાર્ડનો જ આગ્રહ રાખતા હોય છે, એની જગ્યાએ હવે પછી જે ચૂંટણીઓ થાય એમાં આ જે ૧૪ મુદ્દાઓને સાંકળતી જે ઓળખ માટેના નક્કી કરેલી સર્ટિફાઈડ કોપી હોય એને પણ માન્ય રાખે અને મતદારને મતદાનથી વંચિત ન કરવા દે એ માટેની પ્રક્રિયા કરવા પણ મારો અનુરોધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રહેમરાહે જે નોકરીઓ આપવામાં આવે છે એમાં વિલંબ બહુ થાય છે. જ્યારે શ્રી શંકરસિંહ વાઘેલા, સી.એમ. હતા ત્યારે એક જ ઝાટકે ગુજરાતના જેટલા રહેમરાહે નોકરી મેળવવા માટેના અરજદારો હતા એ બધાને નોકરી આપી દેવામાં આવી હતી અને આજે ૧૪ વર્ષે પણ એમને એ માટે યાદ

કરવામાં આવતા હોય છે, તો આ સરકારમાં રહેમરાહે નોકરી મેળવવાવાળા જેટલા પણ કર્મચારીઓના આશ્રિતો છે એમને આ નોકરી મળે એ માટે વહેલાસર પ્રક્રિયા થાય એવો મારો અનુરોધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટડી સૅન્ટર દ્વારા જે ૧૯૯૨થી આઈ.એ.એસ. ટ્રેનિંગ સૅન્ટર શરૂ કરવામાં આવ્યું છે, લગભગ ૭૨ જણાને પ્રવેશ પરીક્ષા દ્વારા એમાં ટ્રેનિંગ માટે પસંદ કરવામાં આવે છે પણ મારું એવું માનવું છે કે, આઈ.એ.એસ. બનવામાં ગુજરાતીઓની સંખ્યા જ્યારે ખૂબ ઓછી હોય.ત્યારે ૭૨ની જગ્યાએ પ્રવેશ પરીક્ષા દ્વારા ૧૫૦ની સંખ્યામાં જો વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે તો ૧૯૯૨ થી ૨૦૦૯ સુધીમાં આ ૧૭ વર્ષમાં માત્ર ૫૩ જ આપણા ગુજરાતીઓ આઈ.એ.એસ. તરીકેની સેવામાં દાખલ થઈ શકયા છે તો એમાં પણ વધારો થઈ શકે. બીન નિવાસી ભારતીય પ્રભાગ હેઠળ બીન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનની જે રચના થઈ છે એની અંદર ગુજરાતીઓના જીવન સંપર્ક માટેનો જે ગુજરાતી ભાષા સંસ્કાર સાથેનો એન.આર.આઈ.નો સંપર્ક જળવાઈ રહે એ માટે સરકાર દ્વારા પ્રયત્ન થાય છે પણ મારે સરકારનું ધ્યાન દોરવું છે કે જે આપણા યુવાનો ભણવા માટે કે રોજગારી મેળવવા માટે ઈંગ્લેન્ડ, કેનેડા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અથવા ગલ્ફ રાજયોમાં જાય છે તો ઘણી વખત બોગસ કોલેજની યુનિવર્સિટીમાં એમને એડમીશન મળી જવાના કારણે અથવા તો જે એજન્સી દ્વારા એમની સર્વીસ નકકી થઈ હોય એમાં છેતરપીંડી થવાને કારણે એમને તાત્કાલીક વિદેશમાંથી પરત આવવું પડે છે. પરંતુ એન.આર.જી. વિભાગ દ્વારા એ જે દેશની અંદર ગયો હોય ત્યાં જ એને માર્ગદર્શન મળી રહે અને જે હેતુ માટે એ ગયો છે એ હેતુ પરિપૂર્ણ કરી શકે એ માટે સરકારશ્રી દ્વારા યોજના બનાવી અને મદદરૂપ થવાનો પ્રયત્ન થાય એવો મારો અનુરોધ છે. આ વિભાગ દ્વારા ભારતી અંદર જુદાજુદા રાજયોમાં જે ગુજરાતી ભણવા આવેલા છે એને મદદરૂપ થવાનો પ્રયત્ન થાય છે પણ એ સાથેસાથે જે રાજયોમાં ગુજરાતી સમાજ આવા ભવન ચલાવતા હોય અને એમણે મદદ ન માગી હોય તો એમને શોધી કાઢીને એને પણ આ સરકાર દ્વારા મદદ થાય એવો મારો અનુરોધ છે. ચુંટણી પ્રભાગ દ્વારા જે ફોટો ઓળખકાર્ડ આપવામાં આવે છે એમાં ૯૨.૬૯ટકાના ફોટા પાડયા છે પણ હજુ ૭.૩૧ટકા બાકી છે જે ૨૬૬૫૬૦૦ જેવા છે તો એ લોકોના પણ ફોટા વહેલાસર પડી રહે અને ઘણી વખત એવું બને છે કે પુરના કારણે, કુદરતી હોનારતને કારણે ગરીબ લોકોના કાર્ડ નાશ પામે છે. અત્યારે કાર્ડ ૨૫ રૂપિયે આપવામાં આવે છે. મારો સરકારને અનુરોધ છે જો ગરીબ હોય અથવા બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોય એવા લોકોને મફત કાર્ડ આપવાની યોજના બનાવવામાં આવે તો એ વધારે ઉચિત ગણાશે. વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી ખાતા દ્વારા જે ધરતીકંપને અનુલક્ષીને એના નિયંત્રણ માટે, એની જાણકારી અગાઉથી મળી જાય એ માટે જે પ્રયાસો થાય છે એની અંદર ગુજરાતના જે પાંચ ભાગ છે મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત એ બધાની અંદર આ પ્રકારના સેન્ટરો બને અને ત્યાં આગળ જેમ ચીલીની અંદર આટલો મોટો ધરતીકંપ થયો આપણે ઈચ્છતા નથી કે આપણે ત્યાં આવા કોઈ પ્રકારની હોનારત થાય પણ ભવિષ્યમાં સાવચેતીના પગલાં રૂપે આના માટે વધારે કાળજી રાખી અને માહિતી અને પ્રસારણની અંદર જે ડોકયુમેન્ટરી બને છે એની અંદર...

**સભાપતિશ્રી** : પૂરું કરો.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૫૪ રૂપિયા ૭૨,૭૭,૯૫,૦૦૦ ની લઈને આ સન્માનનીય ગૃહમાં આવ્યા છે, તેના સમર્થનમાં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી વિભાગનું આયોજન બજેટ રૂપિયા ૫૦ કરોડનું છે, જે ચાલુ વર્ષની નાણાકીય જોગવાઈ રૂપિયા ૨૪.૧૦ કરોડની સામે ૫૦ ટકા કરતા વધારે રકમનો વધારો સૂચવ્યો છે. જે માહિતી, પ્રસારણ વિભાગની અગત્યતા અને જરૂરિયાત કેટલી છે તે દર્શાવે છે. માહિતી પ્રસારણ વિભાગ એ સરકારની પારાશીશી સમાન છે. ખૂબ જ અગત્યનો વિભાગ છે. માહિતી પ્રસારણના વિભાગ મારફત આપણે સરકારની નીતિઓ, સરકારના કાર્યક્રમો, અમલની જાણકારી વગેરે બાબતો પ્રજામાં પહોંચાડા છે તેમજ સરકાર આ વિભાગ દ્વારા પ્રજાના પ્રતિભાવો જાણી શકે છે. આપણા ભાજપના અને આપણા માનવવંતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર જ્યારથી ગુજરાતમાં કાર્યભાર સંભાળ્યો છે. ત્યારથી આપણે જોઈ રહ્યા છીએ તેમ ગુજરાતની પ્રજામાં એક પ્રકારની જાગૃતિ આવી છે, ચેતના અને જોમ આવી ગયો છે. કોંગ્રેસે આઝાદીના ૪૫ વર્ષ કરતા વધારે શાસન કર્યુ, સરકારની યોજનાઓ શું છે, સરકારના કાર્યક્રમો શું છે? સરકાર કયા પ્રકારના લાભો જનતાને આપવા માગે છે? તેની જાણકારી પ્રજામાં કયાંય જોવા મળતી ન હતી. કોંગ્રેસના શાસનમાં ગામડામાં કાયદો અને વ્યવસ્થા હોય, સરકારની યોજના હોય, સરકારના કોઈ કાર્યક્રમો હોય, વિધાનસભા કે લોકસભાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણી હોય, તેવા તમામ પ્રકારના વહીવટ ગામના મૂખી પટેલ, પોલીસ પટેલો ચલાવતા હતા. આજે આપણી ભાજપની સરકારે આ માહિતી વિભાગ દ્વારા સરકારની વિવિધ યોજનાઓ, જાહેર કરેલા કાર્યક્રમો, પ્રજા કલ્યાણ લક્ષી યોજનાઓ તથા સરકારની નીતિની જાણકારી પ્રજાને સીધી રીતે મળી રહે તેવી અગત્યની કામગીરી કરી છે. ગુજરાતના બેરોજગાર યુવાન, યુવતિઓ, કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, બોર્ડ અને કૉર્પોરેશન સંસ્થામાં ખાલી પડતી જગ્યાઓની જાહેરાત ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી એની જાણકારી આપવામાં આવે છે. જેથી લાખો બેરોજગાર યુવક અને યુવતિઓને આની અંદર રોજગારી મળી શકે છે. ભાજપ સરકારની વિવિધ લોકપયોગી યોજનાની, પ્રજા કલ્યાણલક્ષી કાર્યક્રમની જાણકારી, યાત્રાધામ અંગેની જાણકારી, પ્રવાસનને લગતી માહિતીઓ મળે તે માટે યાત્રાધામો જેવા કે વીરપુર, સોમનાથ, દ્વારકા, અંબાજી, પાલીતાણા, દાંડી, ડાકોર

ખાતે કાયમી પ્રદર્શન વિભાગ ગોઠવવાની કામગીરી કરેલ છે, જેથી રાજયના વિકાસની જાણકારી યાત્રાળુઓ મેળવી શકે. આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણને અનેક ઉત્સવો આપી ગુજરાતની યશગાથાની પ્રજાને જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. આવા ઉત્સવો ગુજરાત સ્થાપના દિવસ, કૃષિ મહોત્સવ, અષાઢી બીજ, સૂર્ય ગ્રહણ, સ્વતંત્ર પર્વ, નિરોગી બાળવર્ષ, વસંતોત્સવ, નવરાત્રિ મહોત્સવ, દીપોત્સવી પર્વ, સત્યને જાણો, ફોર્ટીફાઈડ આટા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ કલ્યાણ યોજનાઓ, સ્વર્ણિમ રથયાત્રા, ગ્લોબલ વોર્મિંગ, રણોત્સવ વગેરે જેવા ઉત્સવો કાર્યક્રમોથી ગુજરાતના વિકાસની યોજનાઓ અને કાર્યક્રમોની જાણકારી આપણા ગુજરાતની પ્રજાને અને અન્ય રાજ્યના નાગરિકોને, દેશવિદેશના નાગરિકોને મળી રહે અને તેઓ રાજ્યના સર્વાંગી વિકાસના ભાગીદાર બની રહે તેવા ઉત્સવો કર્યા છે. આ ઉપરાંત ગુજરાત સરકારે કૃષિ વિકાસ, શૈક્ષણિક વિકાસ, સ્વાઈન ફ્લુ અંગેની જાણકારી, યાત્રાધામ વિકાસ, ગૌરવ પથ માર્ગ વિકાસ, જળસંચય, આરોગ્ય, વાઈબ્રન્ટ ગુજરાત, પ્રવાસન નીતિ, મહિલા અને બાળ કલ્યાણ વિકાસ, કન્યા કેળવણી, ઊર્જા, બંદરોનો વિકાસ, વન બંધુ કલ્યાણ યોજના, સાગર ખેડુ યોજના, શહેરી ગરીબી સમૃદ્ધિ યોજના, સંદર્ભમાં હોર્ડિંગ્સ અને પ્રવર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરીને અને આ યોજનાની જાણકારી પ્રજામાં થાય તેવા પ્રયત્નો કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને ૨૦ લાખ જેટલા નાગરિકોને ૨૭૦૦ કરોડ રૂપિયાની રકમના રોજગાર લક્ષી સાધનો, નાણાની વહેંચણી કરી છે, જેનાથી રાજ્યના નાગરિકોમાં યોજનાની બહોળા પ્રમાણમાં જાણકારી મળી રહેલ છે. આ માગણીઓ લઈને આવ્યા છે તેમને અનુમોદન આપી હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આયોજન પંચના તત્કાલિન સભ્ય ડો.વી.કે.આર.વી.રાવના અધ્યક્ષપણા નીચે વર્કીંગ ગૃપ ઓન ઈવેલ્યુશન ઈન ધી સ્ટેટસ, ૧૯૬૪ની ભલામણના આધારે વિવિધ રાજયોમાં મૂલ્યાંકન તંત્ર ઉભા કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં પણ આ ભલામણના આધારે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૩૦-૩-૧૯૬૫ના રોજ આ પ્રકારના મૂલ્યાંકન તંત્રની રચના કરવામાં આવી. રાજય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ જન સામાન્યના ઉપયોગ માટે, માનવ સૂચકાંક વધે તેના માટે, સામાન્ય માનવીનું જીવન સ્તર ઊંચું આવે તેના માટે આપવામાં આવતી હોય છે અને આ પ્રકારના અનેક કાર્યક્રમોનું પણ આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવતું હોય છે. આ યોજનાઓનો હેતુ સિદ્ધ થાય અને યોજનાઓનો લાભ જે તબક્કે પહોંચવાનો છે તે તબક્કા સુધી સરળતાથી અને સારી રીતે યોજનાઓ પહોંચે, સમય મર્યાદામાં પહોંચે, સાચા અર્થમાં આ યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચે તે પ્રકારની કામગીરી માટે આ મૂલ્યાંકન કાર્યાલય ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે. મૂલ્યાંકન કાર્યાલય દ્વારા આવી જે યોજનાઓ છે તે યોજનાઓની માહિતી માગવામાં આવે છે અને કહેવામાં આવે કે યોજનાઓના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ કઈ છે તે મુશ્કેલીઓ કઈ રીતે પૂરી કરવી, તેમાં સુધારા કરવા અને તેના આધારે યોજનાઓ ઝડપથી સમય મર્યાદામાં, સાચા અર્થમાં નીચે સુધી પહોંચે તે પ્રકારની ભલામણો આ મૂલ્યાંકન કાર્યાલયને કરવામાં આવે તો તેના દ્વારા દરવર્ષે વિવિધ વિભાગો તેને જણાવે તો તેના દ્વારા આવી યોજનાઓનું મૂલ્યાંકન કરી કહેવામાં આવે છે કે આ પ્રકારે આગળ વધશો તો આ યોજનાઓ નીચે સુધી પહોંચશે. રાજય સરકાર દ્વારા આયોજિત વિકાસના કાર્યક્રમો અને વિવિધ યોજનાઓનું ઝડપથી અમલીકરણ થાય તેટલા માટે અને તે હેતુઓ સિદ્ધ થાય તેના માટે આ પ્રકારનું મૂલ્યાંકન વિવિધ તબકકે કરવામાં આવે છે. તેમાં અભ્યાસનું આયોજન થાય, કાર્યપદ્ધતિ નક્કી થાય તેના માટે જરૂરી પત્રકો તૈયાર કરવાના થાય તે તેના દ્વારા કરવામાં આવે છે. ક્ષેત્રીય કાર્ય દ્વારા માહિતીનું એકત્રીકરણ થાય, કૌષ્ટકીકરણ થાય, પૃથ્થકરણ થાય અને અહેવાલ લેખન થાય અને કુલ મળી યોજનાઓ નીચે સુધી કઈ રીતે પહોંચે તેનું આયોજન મૂલ્યાંકન કચેરી દ્વારા નકકી કરવામાં આવે છે. તેના આધારે બધી યોજનાઓ નીચે સુધી સારી રીતે પહોંચે, સામાન્ય જનતાને જે લાભ મળવાનો છે તે લાભ સારી રીતે અને સમય મર્યાદામાં પહોંચે તે તેનો મુખ્ય હેતુ છે. આ કાર્યાલય હસ્તક અત્યારે ઘ ણી બધી યોજનાઓનું મૂલ્યાંકન ચાલી રહ્યું છે. તેમાંથી ત્રણ મૂલ્યાંકનના અભ્યાસો મૂલ્યાંકન સમિતિને મંજૂરી અર્થે અત્યારે છે અને ચાર મૂલ્યાંકનના અભ્યાસો સંબંધિત વિભાગોની ખાતાકીય મૂલ્યાંકન સમિતિની મંજૂરી અર્થે છે. બે અભ્યાસો અમલીકરણ કચેરીને સૂચનો અર્થે છે, એક અભ્યાસ અહેવાલ લેખનના તબકકે છે અને આ પ્રકારે વિવિધ જે મૂલ્યાંકનો કરવા માટે વિવિધ યોજનાઓને જે આ કચેરીને મોકલવામાં આવ્યા છે એ વિવિધ તબકકે એની કાર્યવાહી ઝડપથી પૂર્ણ થાય એ દિશામાં તેઓ આગળ વધી રહયા છે આ પ્રકારે વિવિધ કાર્યક્રમો અને આનું મૂલ્યાંકન થઈ અને આ જે યોજનાઓ છે એ યોજનાઓ છેક નીચે સુધી ઝડપથી પહોંચે એ પ્રકારની મુખ્ય કામગીરી આ વિભાગ દ્વારા જે કરવામાં આવે છે એના માટે પૂરતા પ્રમાણમાં નાણાકીય જોગવાઈ આ વખતે બજેટમાં પણ કરવામાં આવી છે. અને કુલ મળીને એનો મુખ્ય હેતુ જે છે તે માનવ સૂચકાંક એના આધારે જે જળવાવો જોઈએ એ જળવાય અને યોજનાઓનો લાભ સીધેસીધો નીચે સુધી પહોંચે એ પ્રકારનું આ ખાતા દ્વારા આયોજન જે કરવામાં આવે છે એના સમર્થનમાં મારી વાત કરીને વિરમું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ (બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારત દેશ જયારે અંગ્રેજોની ગુલામીની જંજીરોમાં ઝકડાયેલો હતો ત્યારે આ ભારત દેશને જે આઝાદી અપાવનારા લોકો હતા છ લાખ યુવાનોએ

બલિદાન આપ્યાં, કેટલાય યુવાનોએ એમની જીંદગીનું સર્વસ્વ દેશની આઝાદી માટે સમર્પણ કરી દીધું. એવા જે સ્વાતંત્ર્ય સેનાનીઓ છે એમાં રાજયની અંદર જે સ્વાતંત્ર્ય સેનાનીઓ છે એમાં રાજય સરકાર પાસેથી જે સ્વાતંત્ર્ય સેનાનીઓ પેન્શન લે છે એમને આ રાજય સરકાર પાંચ હજાર રૂપિયા પેન્શન આપે છે પણ જે સ્વાતંત્ર્ય સેનાનીઓ કેન્દ્ર સરકારમાંથી એમનું પેન્શન લે છે અને ૧૨૪૦૭ રૂપિયા એક સ્વાતંત્ર્ય સેનાનીને કેન્દ્ર સરકાર આપે છે, જે સ્વાતંત્ર્ય સેનાની કેન્દ્રમાંથી પેન્શન લે છે એને રાજય સરકાર શું આપે છે? ફકત ૨૦૦ રૂપિયા. મારે આ સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે, જો એક વ્યકિત એક દિવસના ખાલી ઉડવાના એક એક લાખ રૂપિયા વાપરતા હોય તો આ સ્વાતંત્ર્ય સેનાનીઓનું પેન્શન વધારવામાં આપણને શું વાંધો છે?

માનનીય અધ્યક્ષશ્રી, આપણો નિયમ છે કે જે લોકાયુકતની નિમણૂક કરવામાં માનનીય રાજયપાલશ્રી એમની બેઠક બોલાવે છે, ચીફ જસ્ટીસને બોલાવે છે, વિરોધપક્ષના નેતાને બોલાવે છે અને લોકાયુકતની નિમણૂક કરવામાં આવે છે, પણ આપણે બહાર પ્રવચનો કરીએ કે, હું ખાતો નથી ખાવા દેતો નથી, કોઈને ખાવા દેતો નથી. તો પછી આ લોકાયુકતની નિમણૂક કરવામાં આપણને શું તકલીફ છે? કંઈક તકલીફ ખરી? જે મંત્રીશ્રીઓ છે, મુખ્ય મંત્રીશ્રી છે, જે બોર્ડ નિગમના કોરપોરેશનના ડાયરેકટરો છે એના અધ્યક્ષો છે એમની સત્તાનો દુરપયોગ થાય, ભ્રષ્ટાચાર થાય તો એની ન્યાયિક તપાસ થાય અને એ ખાનગી થાય છે. તો લોકાયુકતની નિમણૂક કરવા, આપણે ખાતો નથી ખાવા દેતો નથી તમે જે બહાર પ્રવચનો કર્યા હતા તો આ વાસ્તવિકતા જે છે એ કરવા માટે આપણને શું તકલીફ છે?

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીમાં નિવાસી આયુકતશ્રીની કચેરી છે અને આ કચેરીને સંપૂર્ણ સંકલન કરવાનું હોય છે એમાં રાજયના રાજયસભાના સભ્યો અને સંસદસભ્યશ્રીઓને પૂછો, આ કચેરી એક વ્યકિત સિવાય કોઈનું કરે છે? આ રાજયના પ્રશ્નોનું કે આનું સંકલન થાય છે? ગુજરાત ભવન જે દિલ્હીમાં છે, એનો વહીવટ કઈ રીતે ચાલે છે? સ્વર્ણિમ ગુજરાતની વાતો થાય છે, પણ ત્યાં કાઉન્ટર ઉપર બેઠેલા કોઈ વ્યકિત ગુજરાતીઓ છે? ગુજરાત ભવનનો વહીવટ આર એન્ડ બી ને સોંપવાને બદલે સામાન્ય વહીવટ વિભાગને સોંપ્યો. ત્યાંનું જમવાનું વ્યવસ્થિત છે? ત્યાંની રૂમની સર્વિસો વ્યવસ્થિત છે? ત્યાં જે ૨૫ રૂમનું એક ગેસ્ટ હાઉસ તૈયાર થયું છે એ ફકત લાઈટના વાંકે એક એક વર્ષથી આ પડી રહયું છે તો મારી વિનંતી છે કે આનો વહીવટ પણ સારો થાય એના માટે આરએન્ડબીને સોંપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયની અંદર ગયા વર્ષે ડીટીએચનો બસો રૂપિયાનો ટેક્સ નાખ્યો. જે ડાયરેકટ ટુ હોમ ચેનલ કનેકશન લેતા હોય એના પર ૨૦૦ રૂપિયાનો વાર્ષિક ટેક્સ નાંખ્યો, આવા ૪ લાખ કનેકશનો છે રાજ્યની અંદર પાંચ કંપનીઓ દ્વારા અને આ ૪ લાખ કનેકશનો ફક્ત શહેરોમાં જ નહીં ગામડામાં પણ છે આમાંથી જે ગામડામાં કેબલ ઓપરેટરો છે એના પર ટેક્સ નથી પણ શહેરોમાં ટેક્સ છે અને ૪૦ ટકા વસતિ આ રાજ્યની શહેરોમાં રહે છે અને ૪ લાખ કનેકશન ડી.ટી.એચ.ના છે એવું સરકારના ચોપડે રેકર્ડ ઉપર છે તો આ સવા બે કરોડની વસતિ શહેરમાં રહે છે એમાંથી ૧૦ લાખ ૩૬ હજાર કનેકશનોનો જ ટેક્સ ઉઘ ારાવાય છે ૫૦ થી ૫૫ લાખ કુટુંબો શહેરમાં રહે છે તો ૧૦ લાખ ૩૬ હજાર કુટુંબો જ કેબલ ઓપરેટરનો ટેક્સ આપે છે તો બાકીના ૪૨ થી ૪૩ લાખ જે કનેકશનો છે આ કનેકશનોની કરચોરી થાય છે અને મનોરંજન વિભાગ દ્વારા આ કર ઉઘરાવવામાં આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે આપણે જે મલ્ટીપ્લેક્ષ થિયેટરનો ટેક્સ છે એમાં આજની જ પ્રશ્નોતરીમાં મારા પ્રશ્ન ક્રમાંક ૧૭૦માં સરકારે જવાબ આપ્યો છે અને એમાં મલ્સટીપ્લેક્ષમાં આપણે નિયમ નક્કી કર્યો છે સરકારે કરાર કર્યા છે કે, દસ વર્ષ અથવા વહેલામાં વહેલો ટેક્સ ઉઘરાવાય જાય ત્યાં સુધી એને મુકિત પણ પછી એને ટેક્સ આપવાનો આવે છે અને બે અઢી વર્ષમાં પૂરેપૂરો ટેક્સ મળી જાય પછી પણ ટેક્સ નહીં ભરવા માટે કોર્ટ મેટર કે ગમે તે કરીને આ આ રાજ્યના કરોડો રૂપિયા ટેકસના મલ્ટીપ્લક્ષ થિયેટરના જે લોકો પાસેથી ઉઘ ારાવીને જે એના માલિકોએ જે પૈસા પોતાની પાસે રાખ્યા છે એ પૈસા આ રાજ્ય સરકાર વસુલ કરી શકતી નથી. સુપ્રિમ કોર્ટે પણ કલેક્ટરોને હુકમ કર્યો છે કે આ પૈસા તાત્કાલીક ઉઘરાવો.

માનનીય અધ્યક્ષશ્રી, ૧લી મે, ૨૦૦૮ના રોજ મુખ્યમંત્રીશ્રી અમરેલીમાં ૧લી મે ઉજવવા આવ્યા અને એમણે એવી જાહેરાત કરી કે, હું સમગ્ર એશિયામાં ઈ-ગ્રામ તરીકે અમરેલી જિલ્લાને જાહેર કરું છું. બે દિવસ પહેલાના પ્રશ્નની અંદર સરકારે જવાબ આપ્યો છે એ જાણવા જેવો છે એમાં ધારીના ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે, ધારી-બગસરામાં કેટલા ગામમાં ઈ-ગ્રામથી ૭/૧૨ અને ૮(અ)ના ઉતારા નીકળે છે? માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, બગસરામાં શૂન્ય અને ધારીના ૮૫ ગામમાંથી ૨૩ ગામ. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ વ્યકિત ચાલીને આખા એશિયાનો પ્રવાસ કરીને પાછો આવી જાય તોય અહીંયા દાખલો નીકળતો નથી. આ ૨૩ ગામમાંથી એક ગામમાં એક દાખલો નીકળ્યો છે એટલે ૨૩ ગામ બતાવ્યા છે. આપણે પેપરલેસ વહીવટ કરવાની વાત કરીએ છીએ. આ રાજ્યની સરકાર પેપરલેસ વહીવટ કરવા માગે છે પણ જે સચિવોએ એમની ફાઈલ એમના કોમ્પ્યુટર દ્વારા મંત્રીશ્રીને ઈ-મેલથી મોકલી દીધી હોય એમાંથી તમે તમાસ કરો કેટલા મંત્રીઓએ પોતાના કોમ્પ્યુટર ખોલ્યા છે, અને કેટલા મંત્રીઓએ કોમ્પ્યુટરથી એ ફાઈલને ક્લિયર કરી? (અંતરાય) હું મંત્રી હતો ત્યારે ન હતું આ નહીંતર ખોલી નાખત, જેઠાભાઈ. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ઉપગ્રહ આધારિત બે V-સેટ વાન સરકારે ખરીદ્યા છે. V-સેટ વાન શેના માટે ખરીધ્યા છે? દુર્ગમ વિસ્તારોમાં અને દૂરદૂરના વિસ્તારો સુધી પ્રચાર-પ્રસારણ કરવામાં અત્યંત ઉપયોગી થાય એના માટે. માનનીય અધ્યક્ષશ્રી, આ V-સેટ વાનનો એક વ્યકિતના પ્રચાર સિવાય ક્યાંય ઉપયોગ થયો હોય એવો એક દાખલો સરકાર બતાવે. આ V-સેટ વાનનો એક વ્યકિત સિવાય ક્યાંય ઉપયોગ કયો છે ખરો?

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ સીટી, જે બાળકોને મનોરંજન આધારિત વિજ્ઞાનનું શિક્ષણ પૂરું પાડવા માટે સાયન્સ સીટી આપણે બનાવ્યું. હવે સાયન્સ સીટીમાં ૫૨ હજાર વિદ્યાર્થીઓ પાસેથી લગભગ ૨૦૦ રૂપિયા જેવી ફી ઉઘરાવવામાં આવી. જે બાળકો આવતું આપણું ભવિષ્ય છે, જે બાળકો આવતી કાલના ભારત દેશના નાગરિક છે અને જેને આપણે વિજ્ઞાન-સાયન્સમાં આગળ વધારવાના છે આ બાળકોને જ્યારે શિક્ષકો પ્રવાસમાં લઈને આવે છે ત્યારે અમૂક શિક્ષકો તો આ સાયન્સ સીટીથી દૂર રહે છે કેમ કે એ કહે છે કે, અમારે વાલીઓને શું જવાબ આપવો કે આ સાયન્સ સીટીમાં આટલા બધા રૂપિયા કેમ ભરવા પડ્યા? આપણે આટલો આટલો ખર્ચ કરીએ અને આપણે રાજ્યની અંદર  મેળાઓ-ઉત્સવો અને એક વ્યકિતના પ્રચાર માટે કરોડો અને અબજો રૂપિયાનો ખર્ચ કરીએ છીએ તો આ રાજ્યના બાળકોને આપણે મફત સાયન્સ સીટી બતાવી ન શકીએ?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ ટેકનોલોજી જે વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે ૧૮ જિલ્લાના મુખ્ય મથકોએ વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરી છે. ૧૮ જિલ્લાઓમાં સ્થાપના કરી છે તો બાકીના ૮ જિલ્લાઓમાં શા માટે નથી કરવામાં આવી?

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

તો ૧૮ જિલ્લાઓમાં સ્થાપના કરી તો બાકીના ૮ જિલ્લામાં શા માટે નથી કરવામાં આવી ? આ સ્થાપના રાજયના તમામ જિલ્લાઓમાં થવી જોઈએ. જે પરિપત્રો બહાર પાડવામાં આવે છે તેમાં ૧૮૨ ધારાસભ્યો આ સરકારનો ભાગ છે તો પરિપત્રો જે ( સમય-સૂચક ઘંટડી ) .. સાહેબ એક જ મિનિટમાં પૂરું કરું છું. જે પરિપત્રો બહાર પાડવામાં આવે છે તે તમામ ધારાસભ્યોને મળવા જોઈએ. અને હમણાં એક પરિપત્ર એવો બહાર પાડવામાં આવ્યો કે સરકારી દવાખાનાઓમાં કોઈ પત્રકારો પ્રવેશ ના કરી શકે. જે લોકશાહીનું જે હ્દય છે જે લોકશાહીની સાચી વિગત આ રાજયની અંદર આ પત્રકારો કાંઈ બૅકટેરીયા લઈને અંદર જાય છે કે આ બૅકટેરીયા કોઈ દર્દીને અંદર જઈને લગાડી દે છે. આ પણ દૂર થવું જોઈએ. જે ચૂંટણીની અંદર જે ઓળખ કાર્ડો આપવામાં આવે છે મારા ધ્યાનમાં આવ્યું કે એક વ્યકિતની ૨૪૫ વર્ષ ઉંમર બતાવવામાં આવી, સ્ત્રીનો ફોટો હોય ત્યાં પૂરુંષનો મૂકે, પૂરુંષનો હોય તો ત્યાં સ્ત્રીનો મૂકે, વીસ વર્ષનો યુવાન હોય તો તેની સામે ૮૦ વર્ષની ઉંમર લખવામાં આવે, નામ કાંઈ હોય અને કાંઈ જોડવામાં આવે અને આ બધા જે ઓળખ કાર્ડો છે તે મામલતદાર ઑફિસમાં પડ્યાં રહે છે તો આ પણ તાત્કાલિક બધા લોકોને મળે અને સુધારો થાય અને આપવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ (દાંતા)** : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, આજનો દિવસ એટલે કે એક ઐતિહાસિક દિવસની યાદ અપાવતો દિવસ છે. સને ૧૯૩૦માં ૧૨મી માર્ચના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ બુદ્ધ ભગવાનના મહાવિનીષક્રમનની યાદ અપાવે તેવી ઐતિહાસિક દાંડીકૂચનો પ્રારંભ સાબરમતી આશ્રમથી ૨૪૧ માઇલની પગપાળા ધર્મ યાત્રા શરૂ કરીને ૬ એપ્રિલે સમુદ્ર સ્થાને સ્નાન કરી ચપટી મીઠું હાથમાં લઈ મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો અને તેમણે સંકલ્પ કર્યો હતો કે હું બ્રિટિશ શાસનનો અંત લાવીશ. ગાંધીજીના શબ્દોમાં દાંડી તો મારું હરદ્વાર છે. આ તો ધર્મ યાત્રા છે. આ તો ધર્મયુદ્ધ છે.

માનનીય અધ્યક્ષ શ્રી, આજે આ સ્વર્ણિમ સંકલ્પ જયંતિના વર્ષની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રપિતા ગાંધીજીને સ્મરણ કરી તેમને વંદન કરી આપણે સૌ પણ ગાંધીજીના સંકલ્પોમાંથી ગુજરાતની જન સેવા એજ પ્રભુ સેવા ના સંકલ્પને ઉજાગર કરીએ એજ સાચો સ્વર્ણિમ સંકલ્પ આપણાં સૌના માટે બની રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦-૧૧નું ઐતિહાસિક બજેટ માનનીય નાણામંત્રીશ્રી દ્વારા ૧૬મી વખત સન્માનનીય ગૃહમાં રજૂ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે. આ બજેટ ગુજરાતની સ્વર્ણિમ જયંતિની ઉજવણીનું બજેટ છે. જે દિવસે ગુજરાત સ્વતંત્ર રાજય તરીકેની સ્થાપનાનું એક સ્વપ્ન હતું અને આ નાનકડું વેપારી રાજય કેવી રીતે પગભર થશે તેવા પ્રશ્નો ઉઠવા પામ્યા હતાં ત્યારે ગુજરાત આજે ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસમાં દેશમાં સર્વોચ્ચ શિખરે બેઠું છે. માનનીય મંત્રીશ્રી આ ગૃહમાં અનુદાનો જે લઈને આવ્યાં છે તેમાં મારો સૂર પુરાવું છું. રાજયની દશમી પંચવર્ષીય યોજનાનું કુલ ખર્ચ ૪૭૦૦૦ કરોડ સામે ૪૯૪૧૩ કરોડ રૂપિયા ખર્ચ થયેલ હતો. અગિયારમી પંચવર્ષીય યોજનાનું કુલ ખર્ચ ભારત સરકાર દ્વારા ૧,૧૧,૧૧૧નું નિયત થયેલ હતું. જેમાં વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૩૫૦૦ અને ૨૦૧૦-૧૧માં ૨૯ હજાર કરોડ રૂપિયા થયુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટમાં સામાજિક સેવાઓના સદર પાછળ ૧૨૮૯૦.૪૧ કરોડની ફાળવણી કરી છે જે કુલ બજેટના ૪૩.૮૨ ટકા જેટલી માતબર રકમ ફાળવી પીવાના પાણી, પ્રાથમિક આરોગ્ય સંભાળ, પ્રાથમિક શિક્ષણ, આવાસન અને પોષણ તથા ગ્રામીણ વીજળીકરણનો સમાવેશ કરીને સરકાર રાજયના સામાજિક ક્ષેત્રે કાર્ય કરવામાં ભગીરથ કાર્ય કરેલ છે તે ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા વિકેન્દ્રીત જિલ્લા આયોજનમાં સરકારશ્રી દ્વારાની જોગવાઈ અને અનુદાનો ઉપર મારા વિચારો રજૂ કરું છું. સાથે સાથે આ વિકાસના ફળ છેવાડાના ગામડાંના માનવીને મળી રહે અને ગામડું સમૃદ્ધ થાય, સુખી થાય અને કદમ મિલાવતું થાય તેવા સંકલ્પ સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આયોજનને ખૂબજ મહત્ત્વ આપ્યું છે અને એકવીસમી સદીના પ્રથમ દસકામાં ખૂબ જ મોટી હરણ ફાળ ભરી છે તે માટે હું માનનીય મુંખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના છેવાડાના નાના ગામોમાં પણ આંતર માળખાકીય સુવિધાઓના ખૂટતી કડીરૂપ પાયાના વિકાસના કામો ઝડપથી હાથ ધરી શકાય તે માટે રાજયના તમામ તાલુકાઓમાં વધારે ફંડ ઉપલબ્ધ થાય તે હેતુથી વર્ષ ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં ટોટલ રૂપિયા ૪૮૯.૬૦ કરોડની જોગવાઈ કરી હતી. જે ગત વર્ષની જોગવાઈ રૂપિયા ૩૦૨.૫૮ કરોડ કરતાં આશરે ૬૨ ટકા જેટલી વધારે છે. આજે આયોજન મંડળ હસ્તકની ૧૫ ટકા વિવેકાધીન અને ૫ ટકા પ્રોત્સાહક ગ્રાન્ટમાં ગત વર્ષ કરતાં આશરે ૧૬૧ ટકા કરતાં પણ વધારાનો નોંધપાત્ર વધારો કરી સ્વર્ણિમ જયંતિ વર્ષમાં ગામડાંઓને ધબકતાં રાખીને સ્થાનિક રોજગારીમાં અને આર્થિક સમૃદ્ધિમાં વધારો કરવાનો નક્કર અભિગમ આ સરકારે દાખવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રીઓના ધ્યાન ઉપર એ વાત હું મૂકવા માંગુ છું કે, વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ૧૯૮૦-૮૧ થી આ ગ્રાન્ટ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારે ૧૯૮૦થી ૧૯૯૦ના ૧૦ વર્ષમાં ફકત ૩૬૨ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. ૧૯૯૧થી ૨૦૦૦ સુધીના ૧૦ વર્ષમાં ૯૧૮ કરોડની રકમ ફાળવવામાં આવી હતી. જયારે આ સરકારના સુશાસનમાં વર્ષ ૨૦૦૧થી ૨૦૦૯-૧૦ સુધીના વર્ષોમાં રૂા. ૨૦૧૧ કરોડ જેટલી રકમ સામુદાયિક વિકાસના પાયાના કામો માટે આ સરકારશ્રીએ ફાળવીને ગામડાઓની ગરીબી હટાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે.

પછાત વિસ્તારો અને તાલુકાઓના વિકાસની વાતો કરનાર અગાઉની સરકારોમાં ૫૬ પછાત તાલુકાઓ માટે ૧૯૮૪ થી ૨૦૦૪ સુધીમાં એટલે કે ૨૦ વર્ષના ગાળામાં આશરે ફકત રૂા. ૪૨ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી હતી. તેની સરખામણીમાં આ સરકારે સ્વર્ણિમ બજેટના વર્ષમાં ૪૧ તાલુકાઓમાં માનવ વિકાસના ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિ કરવા રૂા. ૮૨ કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૪૧ વિકાસશીલ તાલુકાઓ માટે ૧૭૨ કરોડ જેટલી રકમની ફાળવણી વિકાસશીલ તાલુકાઓને વિકસીત તાલુકાઓની હરોળમાં મૂકવા માટે કરી છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગરીબોને પાયાની સગવડો પૂરી પાડવા નિષ્ઠાભર્યા પ્રયત્નો કર્યા છે. આ આંકડાઓની વિગતો જોતાં એ ફલિત થાય છે કે આ સરકાર વિવાદથી દૂર રહી વિકાસનું રાજકારણ રચે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે આ સરકારે જાહેર કરેલા ૪૧ વિકાસશીલ તાલુકાઓમાં બનાસકાંઠા જિલ્લામાં પણ મારા મત વિસ્તારમાં દાંતા તાલુકો, વાવ, થરાદ, અમીરગઢ, ભાભર, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૭ તાલુકાઓમાં ૧૪ કરોડ કરતા પણ વધારે પૈસા ફાળવ્યા છે

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પાયાના આયોજન દ્વારા ગરીબી સામે યુદ્ધ માંડીને ગામડાઓમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવીને ગાંધીજીના સ્વપ્નનું રામરાજયનુ સ્વપ્ન સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં સિદ્ધ કરવાનું બીડું ઝડપ્યું છે, ત્યારે એક કવિની પંકિતઓ કહીને મારું અનુમોદન પૂરું કરું છું.

**" ગામડે ગામડે, ગાંધી જગાડો, બારણે બારણે બુદ્ધ, અહો ભાઈ, યુદ્ધની સામે યુદ્ધ**
**આવો ભાઈ, સાથે મળીને શુદ્ધ મનના વિચારોથી કરીએ ગુજરાતને સમૃદ્ધ "**

**અધ્યક્ષશ્રી** : માનનીય વસંતભાઈ, હવે પછી વાંચવાનું નહીં. ગોખીને આવશો તો વાંધો નહીં. પણ આખું લખીને વાંચો નહીં. શ્રીમતી વર્ષાબેન.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સાયન્સ એન્ડ ટેકનોલોજીની માગણીઓ લઈને આવ્યા છે તેના અનુમોદનમાં વાત કરવા ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આ સદી જ્ઞાનની સદી છે. આ સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. જેની પાસે જ્ઞાન હશે, માહિતી હશે, તે આ વિશ્વ ઉપર રાજ કરશે. અને એટલે જ આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ વિજ્ઞાન અને વિજ્ઞાન આધારિત પ્રોજેકટ ઉપર વિશેષ મહત્વ આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિને કારણે આજે ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ માટેનું ચોકકસ પ્રકારનું માળખું તૈયાર થયું છે. જેના ફળ આવતા દિવસોમાં ચોકકસ મળવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકાર આઈ.ટી. ઉપરાંત બાયોટેકનોલોજી, બાયો ઈન્ફરમેટીકસ, સ્પેસ એપ્લિકેશન્સ, ફોરેન્સિક સાયન્સ, નેનો ટેકનોલોજી, રીમોટ સેન્સેસીક, જીઓ ઈન્ફરમેટીકસ, સીસ્મોલોજીકલ ટેકનોલોજી તેમજ જીનેટીક ટેકનોલોજી જેવા વિજ્ઞાન અને ટેકનોલોજીના તમામ ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રીત કરીને જે રીતે સંપુર્ણ વિકાસ તરફની આ ગતિ થઈ રહી છે, ત્યારે મારે ગૌરવ સાથે કહેવું છે કે ગુજરાત દેશમાં જ નહીં, પરંતુ વિશ્વમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના હબ તરીકે ઓળખાશે તેમાં બેમત નથી. સાયન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રે કરવામાં આવતી કોઈ ઉત્તમ કામગીરી હોય તો આપણું ગુજરાત કાઉન્સિલ ઓફ સાન્યસ સિટી છે. બાળકો ગમ્મત સાથે જ્ઞાન, પ્રત્યક્ષ જ્ઞાન, ભણતર સાથે ગણતર અને સ્વ અનુભવે કરેલા કાર્યોની એક અનોખી છાપ બાળ માનસ

ઉપર પડતી હોય છે. બાળકમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને વિજ્ઞાન પ્રત્યે રસ જાગે તે હેતુથી આ સાયન્સ સિટીની સ્થાપના કરવામાં આવી છે. જયારથી સાયન્સ સિટી કાર્યાન્વિત થઈ છે, ત્યારથી દર વર્ષે તેમાં નવા નવા સંશોધનો અને નવા નવા સોપાનો ઉમેરાતા જાય છે. આ સાયન્સ સિટીમાં પેવેલિયન અર્થ, સ્પેસ પેવેલિયન, હોલ ઓફ સાન્યસ, થ્રીડી આઈમેકસ થીએટર, મ્યુઝિકલ ફાઉન્ટન વગેરે વિજ્ઞાન આધારિત આકર્ષણોએ વિદ્યાર્થીઓને વિજ્ઞાન માટે જાગૃત કર્યા છે. અને રસ અને રુચિ વધારી છે. માત્ર શહેરના જ વિદ્યાર્થીઓ નહીં, પરંતુ ગ્રામ્ય વિસ્તારના અનેક શાળાના વિદ્યાર્થીઓ સાયન્સ સિટી જોવા માટે પધારે છે. સાયન્સ સિટી પોતે પણ વિદ્યાર્થીઓને સાયન્સ સિટીની મુલાકાત લેવા આવવાનું નિમંત્રણ પાઠવે છે, ત્યારે લગભગ સાડાપાંચ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ દસકાની અંદર આ સાયન્સ સિટીની મુલાકાત લીધી છે. સાયન્સ સિટી દ્વારા વિજ્ઞાનની લોકપ્રિયતા માટેના કાર્યક્રમોના ફળ સ્વરુપે રાજયમાં વિજ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓ રસ લેતા થયા છે. સાયન્સ સીટી દ્વારા માર્ગદર્શન મળવાને કારણે અમદાવાદની એક શાળાના વિદ્યાર્થીને તાઈવાન ખાતે યોજાયેલ ઈન્ટર નેશનલ અર્થ સાયન્સ ઓલેમ્પેડમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે એ આપણા સૌ માટે ગૌરવની બાબત છે. આ ઉપરાંત આઈસબ્રિગેન ખાતે યોજાયેલ છઠ્ઠા આંતર રાષ્ટ્રીય જૂનિયર સાયન્સ ઓલમ્પેડમાં આપણા ગુજરાત રાજયના નવસારી શહેરના વિદ્યાર્થીએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. તા. ૨૨ મી જુલાઈ, ૨૦૦૯ ના રોજ સૂર્ય ગ્રહણના દિવસે કે જેનું ઉદ્ગમ સ્થાન સૂરત હતું અને સૂરતના લોકો આ ઘટનાને વધારે સારી રીતે નિહાળી શકે એ માટે સાયન્સ સીટી દ્વારા એનો પ્રચાર અને પ્રસાર થયો એના કારણે લગભગ ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અને જનતા આ સુર્યગ્રહણની ઘ ટનાને નિહાળી શકયા હતા. આ ઉપરાંત ૮૪ જેટલા વિદેશી સહેલાણીઓ પણ ત્યાં આગળ આવેલ હતા અને એમણે પણ આનો લાભ લીધો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ સીટીના પ્રાંગણમાં હમણાં જ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખતે રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવપૂર્ણ કહી શકાય એવી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનું અધિવેશન યોજાઈ ગયું અને આ ૧૭ મા નેશનલ અધિવેશનમાં એશિયન દેશોના ૧૧ પ્રતિનિધિઓ તેમજ રાષ્ટ્રભરના ૬૦૦ બાળ વૈજ્ઞાનિકો સહિત ૫૨ હજાર જેટલા લોકોએ એમાં ભાગ લીધો હતો.

માનનીય અધ્યક્ષશ્રીપ મને જણાવતાં આનંદ થાય છે કે રાજયમાં જે રીતે વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ વિકસી રહી છે એના કારણે રાજયના અલગ અલગ આપણા શહેરોના લગભગ ૫૫ જેટલા બાળકોને નાસા જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાની મુલાકાત લેવાનો અવસર મળ્યો છે. આગામી વર્ષ દરમ્યાન પૃથ્વી અને તેની જીવ સુષ્ટિ, નિર્જીવ સુષ્ટિની ભવ્ય સંપત્તિ, કુદરતી આપત્તિ અને ટેકનોલોજીની પ્રગતિ અંગેની સચોટ જાણકારી માટે પ્લેંનેટ અર્થ પેવેલીયન ખુલ્લો મૂકવામાં આવનાર છે જે શિક્ષણ જગત માટે સૌથી આનંદની વાત છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ સાયન્સ સીટી અને ચાઈના લાઈટ એન્ડ પાવરના સહયોગથી ઈલેકટ્રીસીટી પેવેલીયન ખુલ્લું મૂકવા જઈ રહયા છીએ. આ ઉપરાંત બીગલાઈટ ઈન્ટર નેશનલ ટેકનોલોજી પેવેલીયન અને ઈલેકટ્રોનીકસ એન્ડ રોબોટિકસ પેવેલીયન, કોમ્યુનિકેશન પેવેલીયન તથા લૂકીંગ એહેડ જેવા ચાર પેવેલીયન ૨૦૧૦-૧૧ ના વર્ષમાં શરૂ કરી રહયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ વિજ્ઞાન ટ્રેઈન આ સાયન્સ સીટીને આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારને રજૂઆત કરી છે. આપણે આશા રાખીએ કે આ અણમોલ ભેટ આપણા વિદ્યાર્થીઓને મળે. આપણા રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ જે વિજ્ઞાન અને ટેકનોલોજીના અત્યંત જીજ્ઞાસુ છે એમણે આ એક પ્રસશંનીય કામગીરી આરંભી છે તેમને હું હ્દયથી બિરદાવું છું અને માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ પોત પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એ કર્મચારીઓની ભરતીના નિયમો અને તેમના માટેની ખાતાકીય પરીક્ષાઓ લેવાનું કામ કરે છે. અમારો વિસ્તાર એ ટ્રાયબલ વિસ્તાર છે અને જંગલ વિસ્તાર છે એમાં એક કર્મચારી વારે ઘડીએ જોવા મળે છે. મેં તેને પૂછયું કે ભાઈ, તું કઈ જગ્યા ઉપર છે? તો એ કહે કે હું પાડો છું. તો મેં તેને પૂછયું કે તું પોતાની જાતને આમ પાડો કેમ કહે છે? તો એ મને કહે કે મને નોકરીમાં ૨૫ વર્ષ થવા છતાં હું આજે એકની એક જ જગ્યા ઉપર છું. તો આવા અનેક કર્મચારીઓ છે કે જેમને સમયસર બઢતી મળતી નથી એના કારણે એમને એકની એક જગ્યા ઉપર રહેવું પડતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર આ જે મેળાઓ અને સંમેલનો કરે છે એના કારણે આ સરકારી કર્મચારીઓની કામગીરી એટલી બધી વધી ગઈ છે કે જેના કારણે આ કર્મચારીઓ પોતાની ઓફિસમાં રહેતા નથી, તેમને ઓફિસમાં રહેવાનો સમય જ મળતો નથી. એના લીધે પ્રજાનાં કાર્યો રખડી જાય છે. ઘણા કર્મચારીઓ એવા છે કે એમને શની-રવીની રજા કે જે એમની હક્કની રજા છે, આ રજાના દિવસો એમના હક્કના દિવસો છે એ દિવસોએ પણ સરકાર એમની પાસે પક્ષનું કામ કરાવતી હોય છે એના લીધે ઘણા કર્મચારીઓ ડાયાબીટીસ અને હાઈપર ટેન્શન અને હાર્ટ એટેક જેવા રોગોનો ભોગ બનતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર કર્મચારીઓને તાલીમ પણ આપતી નથી અને તાલીમ આપે છે તો એવા કર્મચારીઓને તાલીમ આપે છે કે જે ૬ મહિનામાં રિટાયર થવાના હોય છે. તો આવા કર્મચારીઓને તાલીમ આપવાથી સરકારના પૈસાનો વ્યય થાય છે. સરકાર જી.પી.એસ.સી.ની પરીક્ષા લે છે અને ૨૦૦૬ માં જી.પી.અ.સ.સી.એ વર્ગ-૧ અને વર્ગ-૨ ની પરીક્ષા લીધી છે એનું હજુપણ પરિણામ આપી શકે નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરું તો સિવિલ હોસ્પિટલોમાં પત્રકારોને જતા રોકવામાં આવે છે. તો આ પત્રકારિત્વ એ તો ત્રીજું શસ્ત્ર કહેવાય અને જે કાંઈ સાચી માહિતી હોય એ પ્રજા સમક્ષ એ લાવી શકે છે અને આ પત્રકારો એ પોતાના જાનના જોખમે કાર્ય કરતા હોય છે ત્યારે એમને એવોર્ડ આપવા માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ એના બદલે એમને આ રીતે સવિલ હોસ્પિટલોમાં જતા રોકવામાં આવે છે, એમનું પરિવાર પણ જઈ શકતું હશે એ પણ ખ્યાલ નથી. તો આવા માણસોને પણ અને ખાસ કરીને આ પત્રકારોને જે એક્રેડિટેશન કાર્ડ આપવામાં આવતું નથી. આજે પત્રકારોની સંખ્યા વધી ગઈ છે ત્યારે એમને આ એક્ર.ડિટેશન કાર્ડ પણ આપવાં જોઈએ.

સાહેબ, અગાઉ જે રોજગાર માહિતીનું સાપ્તાહિક આવતું હતું તે થોડા સમયથી જોવા મળતું નથી. એટલે બંધ કર્યુ છે કે કેમ તેની ખબર પડતી નથી. કારણ કે સરકાર જાણે છે કે નવ યુવાનો, શિક્ષીત બેરોજગારો માહિતી માગશે એટલા માટે આ બંધ કર્યુ હોય તેવું લાગે છે. (ઘંટડી) સાહેબ બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : હું શું કરું, સમય નથી મારી પાસે, તમારી ફરિયાદ સાચી છે પણ પહેલેથી છેવાડાના માનવી સુધી જતા સમય ઘટી જાય છે. તમારી વાત સાચી છે પણ મારે સમય મર્યાદામાં પુરું કરવાનું છે અને આજે બે મંત્રીશ્રીઓ જવાબ આપવાના છે. માનનીય ભરતભાઈ.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી માહિતી અને પ્રસારણ વિભાગના અનુદાન માટેની માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત કરું છું. મુળભૂત રીતે સરકારની પ્રજા કલ્યાણ યોજનાનાં કાર્યક્રમોની માહિતી એના લાભાર્થીઓ પ્રજાજનો સુધી અસરકારક રીતે પહોંચાડવાની અને તે વિષે પ્રજા મત એટલે કે લોક લાગણી અને તેના્ ફીડબેક સરકનારને મેળવી આપવાની કામગીરી કરતું માહિતી ખાતું રાજય સરકાર અને લોકોની વચ્ચે જોડતી એક કડી રૂપ ખાતું છે. પ્રચાર પ્રસારની કામગીરી માટે અનેક વીધ માધ્યમોનો ઉપયોગ આ વિભાગે કર્યો છે. આજના ઈન્ફોરમેશન અને ટેકનોલોજીના વિકાસે તો પ્રચાર અને પ્રસારની ભાષાને અને કાર્યશૈલીને બદલી જ નાખ્યો છે. આજે ૨૪ કલાક સમાચાર અને માહિતી આપતી અનેક ટી.વી. ચેનલો અસ્તીત્વ ધરાવે છે. આ માધ્યમોનો પણ માહિતી ખાતાએ અસરકારક ઉપયોગ કર્યો છે. આજે દરેક જિલ્લામાં ટી. વી. કેમેરા, કુશળ ઓપરેટરો દ્વારા મહત્વના પ્રસંગોનું કવરેજ, ટી. વી. ચેનલોને સમાચારો પુરા પાડવામાં આવે છે. પરંપરાગત માધ્યમોમાં ભવાઈ, લોક ડાયરા, હરીકથા, નાટકો, લોક નૃત્ય, પપેટ શો આ બધા ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર પ્રસારના હાથ વગા માધ્યમો માહિતી ખાતા માટે બની રહયા છે. જે તે વિસ્તારની પરંપરા શું હતી. એ પરંપરા આજના આધુનિક યુગમાં લોકો ભુલવા માંડયા છે ત્યારે મારે કહેવું છે કે મારો પંચાળ વિસ્તાર તેની શું પરંપરા હતી, કે "ખડ પાણી ને ખાખરા પાણાનો નહીં પાર, વગર દીવે વાળું કરે એ આ દેવકો પંચાળ", આ આપણી સંસ્કૃતિના વારસો વિસરાય નહીં તેની જવાબદારી પણ આ વિભાગે નીભાવી છે. થોડા વર્ષો અગાઉ આ ખાતાએ ઈલેકટ્રોનીક વોટીંગ મશીનથી ગ્રામ્ય પ્રજાને માહિતગાર કરવા માટે ભવાઈ અને નાટકનો ઉપયોગ કર્યો હતો અને આના લીધે સાચા અર્થમાં લોકશાહીનો નિર્ણય થાય તે બાબતનો ગ્રામ્ય પ્રજાને ખ્યાલ આવ્યો હતો. ગુજરાત રાજય સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવી રહયું છે ત્યારે રાજય સરકારે વર્ષ ૨૦૧૦ ના ગોલ્ડન ગોલ નિર્ધારીત કરીને વિકાસના પ્રત્યેક ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરે તે દિશામાં નકકર આયોજન કર્યુ છે.સમય બધ્ધ સંશોધનો દસ્તાવેજી કરણ તથા અનેક ગુજરાતની યશગાથા સુવર્ણ અક્ષરે લખાય તેના માટે માહિતી ખાતું ખુબ જ મોટું યોગદાન આપી રહયું છે. મને એ વાત કહેતા ગૌરવ થાય છે કે સ્વર્ણીમ જયંતી સંદર્ભે રાજયમાં પ્રથમ તબકકાના ભાગ રુપે રાજયના શહેરી વિસ્તારોમાં સ્વર્ણીમ સંકલ્પ જયોત રથ યાત્રાનું આયોજન કર્યુ અને અનેક શહેરી નાગરીકોને સંકલ્પ લેવડાવ્યા, બીજા તબકકામાં ગ્રામ્યકક્ષાએ આ રથ યાત્રાનું આયોજન કર્યુ અને જેમાં ગામડાંના ગરીબ પીડીત, અશિક્ષિત અને ડુંગરો અને કોતરોની વચ્ચે જયારે કોઈ રાજયસરકાર પહોંચી નથી તે છેવાડાના માનવીની વચ્ચે જઈ અને તેને શિક્ષણના સંકલ્પ કરાવ્યા, મારે એક ઉદાહરણ આપવું છે કે ગામડાંના મદારી અને વાદી સમાજને શિક્ષણ માટેના સંકલ્પ લેવડાવ્યા અને એ મદારીનો છોકરો સાપ અને એરુ સાથે રમતો છોકરો આજે કોમ્પ્યુટરના માઉસ સાથે રમે છે અને એ ગુજરાતના ગૌરવની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, સમય સાથે સજજતા કેળવવી એ આ ખાતાનો મુદ્રાલેખ છે ટુંક સમયમાં બનતી આકસ્મીક ઘટનાઓ જેમ કે કચ્છના છેવાડામાં થયેલો ભૂકંપ હોય કે અતિવૃષ્ટિ હોય કે પછી સુરતમાં આવેલ પુર હોય, ગજરાત સરકાર દવારા છેવાડાના અને ગરીબ માનવીને રાજયસરકારની વિવિધ યોજનાઓમાંથી મળતા લાભ માટેના ગરીબ કલ્યાણ મેળા હોય આ દરેક વખતે આ ખાતાએ ઘડીના છઠ્ઠા ભાગમાં ગુજરાતના એકે એક ગુજરાતીને જાણ કરી છે.

**અધ્યક્ષશ્રી** : ડોકટર ભરતભાઈ આપનું પ્રવચન પુરું થાય છે. સામાન્ય રીતે જમીને જતા રહેવાની પ્રથા ચલાવી શકાય, પણ બોલીને ગેરહાજર રહેવું એ બરાબર નથી. શ્રી પ્રફુલભાઈ નથી દેખાતા, શંકરભાઈ ચૌધરી

નથી દેખાતા, બાબુભાઈ નથી દેખાતા અને અર્જુનભાઈ નથી દેખાતા, આપણે ત્યાં ચર્ચામાં ભાગ લીધા પછી આપણે સૌ હાજર રહીએ છીએ, જેઓ બોલે છે તે હાજર રહેતા જ હોય છે, પરંતુ આજે આ ચારેય સભ્યશ્રીઓને અથવા હવે પછી જે સભ્યો ચર્ચામાં ભાગ લે, તે હાજર રહે તો એ આ સભાગૃહનું સૌજન્ય ગણાશે. માનનીય મંત્રીશ્રી.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ ઉપર જે જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એ તમામ સભ્યશ્રીઓને હું મારા વતી અભિનંદન આપું છું, ભલે એણે ટીકા કરી હશે હું એ ટીકાને ટીકા નથી સમજતો પરંતુ એની • **(xxxx)** દૂર કરવા માટે થઈને.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કોઈપણ સભ્યશ્રી ચર્ચામાં ભાગ લે ત્યારે એમને યોગ્ય લાગે એ રીતે વાતનું નિરૂપણ કરતા હોય છે, એને એમ કહેવું કે સભ્યશ્રી **(xxxx)** આ રેકર્ડ ઉપર જાય છે. એ ચાલી શકે નહિ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દ હોય તો એ કાઢી નાખજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કેબિનેટમાં નંબર ટુનું સ્થાન ધરાવે છે ત્યારે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ પોતે એ શબ્દો પાછા ખેંચી લીધા છે.

**શ્રી વજુભાઈ વાળા** : શરૂઆતમાં જ માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ વાત કરી એ પ્રમાણે ખરેખર આજે દાંડીયાત્રાનો દિવસ છે, સમગ્ર રાષ્ટ્ર માટે આ ગૌરવનો દિવસ છે અને એમાં પણ આ રાષ્ટ્ર માટે થઈને જે જે લોકોએ આહુતિ આપી એ તમામ લોકોને આપણે સૌ વંદન કરીએ છીએ અને એમાંથી આપણા જીવનમાં માર્ગદર્શન મળે તેવી આપણે સૌ ભાવના વ્યક્ત કરીએ.

માનનીય અર્જુનભાઈએ શરૂઆતમાં વાત કરી કે આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓનું મોરલ નીચુ ગયું છે. આ આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓની વાત કરીને કહ્યું કે આ ઇન્ડિયન મોદી સર્વિસ છે એમ વાત કરી. હું સભ્યશ્રીને એટલું જ કહીશ કે સત્તા ઉપર રહેલા લોકોને કઈ વ્યકિતને કયાં મૂકવા એનો પૂરેપૂરો હક્ક અને અધિકાર છે. એમાંથી કોઈ એમ કહે કે આ ચાપલૂસી કરનાર છે એને તમે સારી જગ્યાએ મૂક્યો અને આ ચાપલૂસી નથી કરતો એને ઘેટા અને ઊન નિગમમાં મોકલી આપો છો. આ ખરેખર અધિકારીઓનું અપમાન કરવા બરાબર છે. એમાં કોઈને કંઈ ફરિયાદ હોય તો એ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરી શકે છે. પરંતુ તમામ અધિકારીઓનું અપમાન કરવાનો અહીં બેઠેલા તમામનો હક્ક અને અધિકાર નથી એનો પણ ખ્યાલ રાખવો જોઈએ. બીજી વાત પોરબંદરની કરી, પોરબંદરમાં અધિકારી મુકાય ત્યારે અર્જુન મોઢવાડિયા વિશે ઉલ્લેખ કરીને વાત કરવામાં આવે છે. અમે તો અર્જુનભાઈને કહીએ છીએ કે તમને કાંઈ મુસીબત ન પડે એના માટે જવાબદારી અમારી અને ઈશ્વર કાયમ માટે થઈને એ જગ્યા ઉપર બેઠા રાખે તેવી પણ અમારી શુભ ભાવના વ્યક્ત કરીએ છીએ. માનનીય અર્જુનભાઈએ એમ પણ કહ્યું કે પોલીસ પાસે બંદૂક છે પણ ગોળી નથી. મારે એટલું જ કહેવાનું કે આ ગોળી બજારમાંથી મળતી નથી, રાજય સરકાર એને બનાવી શકતી નથી. કેન્દ્ર સરકારના નિયંત્રણ નીચે આ ગોળીઓ બનતી હોય અને કેન્દ્ર સરકાર જ આપણને આપતી હોય છે. કેન્દ્ર સરકાર પાસે વારંવાર માગણી કરવા છતાં પણ જો ગોળીઓ ન મળે તો ખરેખર બંદૂકનો જેટલો ઉપયોગ કરવો જોઈએ એટલો થઈ શકતો નથી એટલા માટે થઈને આ રાજય સરકાર તરફથી માગણી છે અને જ્યારે ગુજરાતની અંદર ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો આવેલો છે, પાકિસ્તાનની સરહદની નજીકનું રાજય છે. આતંકવાદીઓના ધાડા અહીંથી પસાર થતાં હોય છે તેવા સમયે ગોળીઓની માગણી કરવી એ કોઈ રીતે ગેરવ્યાજબી નથી. આજે સૈન્ય હોય એને ગોળીની જરૂર હોય છે. પોલિટિકલ વાળા તો વગર ગોળીએ કંઈકને વિધિ નાખે છે. એના માટે વિશેષ નહિ કહું ભૂતકાળમાં અહીં બેઠા હતા અને અહીં બેસવાનો વારો આવી ગયો. એવી કોઈ વાત હું કરવા માગતો નથી. પરંતુ ગોળી છે એ રાષ્ટ્રના સૈનિકોને રાષ્ટ્રનું રક્ષણ કરવા માટે જરૂર છે. આને ગંભીરતાથી કેન્દ્ર સરકારે પણ રાજયને તેનું પ્રોડક્શન વધારીને પણ જેટલી જોઈએ, પૂરતા પ્રમાણમાં ગોળી સપ્લાય કરવી જોઈએ. બીજી તેમણે વાત કરી કે..

## પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પોતે લેખિત કેગ પાસે સ્વીકાર્યું છે કે અમારી પાસે ૨૦૦૮-૦૯માં ભંડોળ ઓછું હતું માટે અમે ગોળીઓ ખરીદી શક્યા નથી. ૨૦૦૯માં અમે માગણી કરી છે. આપના આ કેગના રિપૉર્ટમાં આપનો પત્ર છે અને છતાં પણ એમ કહો છો કે કેન્દ્ર સરકાર..

**શ્રી વજુભાઈ વાળા** : કેગના રિપૉર્ટમાં અને એમાં ડિટેઈલ ચર્ચામાં નથી જવું. જે એમણે કહ્યું છે તેનો જવાબ આપું છું.

---

• **(xxxx)**માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું આપને એમ કહું છું કે આપનો જવાબ જે છે, સત્ય હકીકત આ છે. હું બોલું કે આપ બોલો એ નહીં. કેગના રિપૉર્ટમાં કહ્યું છે કે આપે પૈસા ભર્યા નહોતા, ભંડોળ નહોતું અને પછી પોલીટીકલ ઓબ્ઝર્વેશન? હાઉ ઈટ કેન બી પરમીટેડ સર?

**શ્રી વજુભાઈ વાળા** : કયાં પોલીટીકલ વાત કરી?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કેન્દ્ર સરકારે મોડું કર્યું જ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : કેન્દ્ર સરકાર નથી આપતી ગોળી.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહજી, આપણે સમય એક વાગ્યા પછી વધારવાના નથી. આ અગાઉ પણ આ વાતનું કલેરીફીકેશન ગૃહમંત્રીશ્રીએ કર્યું છે. પ્રશ્ન એ પેદા થયો કે અર્જુનભાઈએ ગોળીઓ નથી એ વાત એમના પ્રવચનમાં આજે કહી તેનો એ જવાબ આપે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, એના જવાબમાં એ કેન્દ્ર સરકાર કહે છે.

**શ્રી વજુભાઈ વાળા** : જવાબનો જવાબ ન હોય..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : રાજય સરકાર જવાબદાર છે અને એ હું નથી કહેતો આ કેગનો રિપૉર્ટ કહે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ પૂરું થાય છે. આપ આપની ચર્ચા ચાલુ રાખો.

**શ્રી વજુભાઈ વાળા** : હવે એ તો એક એક પ્રશ્ન માટે થઈને કેગના રિપૉર્ટ અને એ બધા ઉભા થાય.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જેટલી વખત આપ ખોટું બોલશો એટલી વખત આવશે.

**અધ્યક્ષશ્રી** : આપ ચર્ચા ચાલુ રાખો. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : ખોટું બોલો છો એમ કહે છે? તમારા શબ્દો પાછા ખેંચો.

**અધ્યક્ષશ્રી** : આપ ચર્ચા ચાલુ રાખો.

**શ્રી વજુભાઈ વાળા** : મને શું કહો છો? બોલવાવાળાને કહો ને પહેલાં? બોલતાં પહેલાં ધ્યાન રાખે.

**અધ્યક્ષશ્રી** : એક બાજુ પ્રશ્ન ઉભો થયો,..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ તમે કહ્યું છે, એ તો બોલે જ ને પછી? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહજી, આપ એમને પ્રવચન પૂરું કરવા દો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે એમણે વાત કરી કે વારંવાર પ્લેનમાં અને હૅલિકૉપ્ટરમાં પ્રવાસ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્લેનનો પ્રવાસ છે, હૅલિકૉપ્ટરનો પ્રવાસ કરવામાં આવે છે એ રાજયના વિકાસના કામ માટે થઈને પ્રવાસ કરવામાં આવે છે. એમાં એવો એક પણ બનાવ નથી કે મુખ્યમંત્રી આજે આરામ કરવા માટે થઈને ચાર દિવસ કાશ્મીરમાં ગયા હોય કે એના મિત્રને મળવા માટે થઈને એમણે પ્લેન કે હૅલિકૉપ્ટરનો ઉપયોગ કર્યો હોય એવો એક પણ બનાવ કયારેય બન્યો નથી. જ્યારે ગયા છે ત્યારે હંમેશા રાજયના વિકાસના કામ માટે જ થઈને ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનનીય બાબુભાઈએ પણ વાત કરી કે ધારાસભ્યોને આયોજનમાં જે રકમમાં ૫૦ લાખ કરતા વધારો કરવો જોઈએ. તો મારે તમામ સભ્યશ્રીઓને કહેવાનું કે આ ધારાસભ્યોને આપેલી રકમ ત્રણ-ત્રણ વર્ષ સુધી વપરાતી નથી હોતી અને તેમાં આજે સ્થિતિ એવી છે કે આ ચાલુ વર્ષની અંદર પણ ૫૦ ટકા રકમ હજી વાપરી નથી અને ઘણાં ધારાસભ્યોએ તો બહુ નોમીનલ જ રકમ વાપરી છે પણ એ તો રાજય સરકાર વારંવાર પરિસ્થિતિ પ્રમાણે જે ૧૦ લાખ હતા તેમાંથી ૫૦ લાખ સુધી આજે રકમ કરી છે અને ભવિષ્યમાં નહીં વધે એવું હું કહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે કેન્દ્ર સરકાર એમ કહે કે કોઈ કાર્યક્રમ હોય તેમાં ધારાસભ્યોને કહે છે. તો અહીં જે સરકારી કાર્યક્રમ હોય તો જે તે વિસ્તારના ધારાસભ્યોને પણ કહેવામાં આવે છે. (અંતરાય) પકડી લે છે એટલા માટે થઈને કે આંદોલનની ચીમકી આપી હોય છે. તમે ઘરે બેઠાં હોય ને એકેયને પકડ્યા નથી.

**અધ્યક્ષશ્રી** : વચ્ચે નહીં.. શ્રી અર્જુનભાઈ.. શ્રી વજુભાઈ, આપ આપનો જવાબ ચાલુ રાખો. અર્જુનભાઈ, આપ બેસી જાવ. શ્રી અંબાલાલભાઈ, આપ વચ્ચે ન બોલો. આપના મંત્રીશ્રી જવાબ આપે છે.

**શ્રી વજુભાઈ વાળા** માનનીય અધ્યક્ષશ્રી ચૂંટણી માટે બાબુભાઈએ વાત કરી કે ચૂંટણી પંચ છે એ જે સલાહ આપે છે, ચૂંટણી પંચ જે માર્ગદર્શન આપે છે એ જ પ્રમાણે કાર્યવાહી થાય છે. બાકી એમણે જે મનોરંજન કર માટેની વાત કરી, તો સામાન્ય રીતે મનોરંજન કર માટે થઈને બીજાં રાજયોમાં કરનું માળખું કેટલું છે એ પ્રમાણે આપણે નક્કી કરીએ છીએ. આપણાં રાજયમાં ભૂતકાળમાં ૧૬૫ ટકા ટેક્સ હતો. થિયેટરની ટિકિટ ૧૫ રૂપિયા અને એના ઉપર ૨૫ રૂપિયા ટેક્સ. એટલે ૧૬૫ ટકા ટેક્સ હતો. એ બીજાં રાજયોની સરખામણીમાં કરતા કરતા એ ઓછો કરવામાં આવેલ છે. એ જ રીતે જે ચૂંટણી અંગેની એમણે વાત કરી તેમાં તો મેં વાત કરી દીધી છે. એ જ પ્રમાણે માનનીય શ્રી ગુલસિંહભાઈ રાઠવાએ, માનનીય બાવકુભાઈ ઉધાડે જે વાત કરી છે.કેન્દ્ર સરકાર રૂ.૧૨૦૦૦/- પેન્શન આપે છે અને રાજય સરકાર રૂ.૫૦૦૦/- આપે છે. તો ખરેખર આ પેન્શન માટેના કેન્દ્ર અને

રાજયોના નોર્મ્સ જુદા જુદા હોય છે. એક જ પેન્શનરને બે જગ્યાએથી પેન્શન મળતું હોય તો કેન્દ્રનું પેન્શન પહેલાં લે, રાજયનું પછી લે. કેન્દ્રના પેન્શનની ડેફિનીશનમાં નથી આવતા એને રાજય સરકાર આપે છે. ઉપરાંત રૂ.૨૦૦/- એટલા માટે આપીએ છીએ કે આપણને કેટલા લોકો છે એની ખબર પડે. એક વ્યકિતને બે જગ્યાએથી પેન્શન મળે નહીં. એટલા માટે જ થઈને અહીંયાં પણ વાજબી જ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી કે, ખાતો નથી અને ખાવા દેતોય નથી. ભૂતકાળમાં કહેતા હતા અને આજે પણ છાતી ઠોકીને કહીએ છીએ અને ભવિષ્યમાં પણ કહેવાના છીએ. જેનામાં ત્રેવડ હોય એ વ્યકિત પાસેથી એક રૂપિયો લીધો હોય એના માટે થઈને બતાવે. કોઈને સ્વપ્ન થતું હોય તો એના માટે મારી પાસે કોઈ દવા નથી અને એમાં લોકાયુકત માટેની વાત કરી છે. તો આપને ખબર નહીં હોય, વિશેષ નહીં કહું લોકાયુકતની નિમણૂકની સત્તા ગવર્નરશ્રીને હોય છે. એના માટે થઈને આ પ્રશ્ન લોકાયુકતની નિમણૂક કેમ નથી થઈ એની વાત હાઉસમાં થઈ ગઈ છે અને પ્રશ્નોત્તરીમાં આ જ પ્રશ્નો આવવાના છે. એ જ પ્રમાણે મલ્ટીપ્લેક્ષ માટે થઈ ગયું છે. એના ટેક્સની વાત કરી છે. હાઈકોર્ટે જજમૅન્ટ આપ્યું, એ રાજય સરકારને યોગ્ય ન લાગ્યું, એટલે રાજય સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ અને સુપ્રીમ કોર્ટમાં તે કેસ પેન્ડીંગ છે. એની જેટલી રકમ વસૂલ કરવાની હોય એ બધા પાસેથી વસૂલ થઈ છે અને હજુ પણ એ કેસમાં જે કોઈ નિરાકરણ આવશે એ રીતે ચાલવાની વાત છે. આ સિવાય શ્રી અનિલભાઈ જોષીયારાએ કહ્યું કે સરકારી મેળાઓ વધતા જાય છે અને ઑફિસોમાં સરકારી કર્મચારીઓ રહેતા નથી. એટલું કહીશ કે, જે સરકારી મેળાઓ છે એ ૧૫મી ઑગસ્ટ હોય, ૨૬મી જાન્યુઆરી હોય, પહેલી મેના કાર્યક્રમો કરીએ છીએ, રાષ્ટ્રીય પર્વ હોય કે રાજયનું પર્વ હોય એમાં કર્મચારીઓ વધુ મહેનત કરે તો ખરેખર એ બધા કર્મચારીઓ આનંદિત હોય છે, કોઈ કર્મચારી નારાજ છે એ કહેવું પડે એવી વાત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે જીપીએસસીની પરીક્ષા લીધી પણ એનું પરિણામ આપતા નથી. જીપીએસસી સ્વતંત્ર બોડી છે એટલે એને કહી શકાય નહીં. માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એની મેં આ સ્પષ્ટતાઓ કરી છે અને મારા વિભાગની અંદર સામાન્ય વહીવટ વિભાગ, તમામ ચૂંટણી ક્ષેત્રનું કામ છે એ સંતોષકારક રીતે ચાલે છે એટલે વિશેષ માટે કાંઈ કહેવાનું નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને માહિતી વિભાગને લગતી માગણીઓ લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક સભ્યશ્રીઓએ એની તરફેણમાં અને ક્યારેક એમના માર્મિક અવલોકનોથી કેટલીક બાબતો પ્રત્યે અમારું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો છે, એમને હું આવકારું છું. લોકશાહીનું પહેલું પગથિયું એ છે કે, જે વાત આ સન્માનનીય સભાગૃહમાં ચર્ચાય તે વાત ગુણદોષ આધારિત હોવી જોઈએ, તથ્ય આધારિત હોવી જોઈએ અને જે પ્રજાકીય હિત માટે આપણે સૌ આ સન્માનનીય ગૃહના સભ્યો બન્યા છીએ એ પ્રજાકીય હિતને ધ્યાનમાં રાખીને ચર્ચાયેલી હોવી જોઈએ. મારે સન્માનનીય સભાગૃહને અત્યંત ગંભીરતા સાથે કહેવું છે કે, આવનાર સમય કેવો આવવાનો છે એ બાબતના કેટલાક મુદ્દાઓ તાજેતરમાં, આગામી ૨૫ વર્ષ કેવા આવશે એનો વૈશ્વિક અહેવાલ બહાર પડ્યો છે. એના કેટલાક તારણો માનનીય સભ્યશ્રીઓના ધ્યાને મૂકવા માગું છું. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની પ્રગતિએ વધુ વેગ પકડ્યો છે એમ કહેતાં કેટલીક આગાહીઓ કરવામાં આવી છે.માનનીય અધ્યક્ષશ્રી, પહેલી આગાહી એ છે કે ૨૦૧૧ની સાલ સુધીમાં આઈ.બી.એમ. દર સેકન્ડે ૨૦હજાર ટ્રીલીયન એટલે કે બે કરોડ અબજ ગણતરીઓ કરી શકે. માણસનું મગજ જે ઝડપે ચાલે છે તે ઝડપે ગણતરી શકે તેવું કૉમ્પ્યુટર બજારમાં મૂકશે અને એ કૉમ્પ્યુટર બજારમાં આવશે તે દિવસે આજના જે મોટામાં મોટા કૉમ્પ્યુટરો છે એ નાનામાં નાનું કૉમ્પ્યુટર દેખાય એ પ્રકારની ગણતરીની ક્ષમતા એ આપણી પાસે ઉપલબ્ધ બનશે. નવો જીનેટીક કોડ લખાઈ રહ્યો છે જેનાથી હવે એ પ્રકારના ઝાડપાન વિકસાવાશે કે જે ઓક્સિજનના બદલે હાઇડ્રોજન હવામાં મૂકશે અને હવામાં જે પ્રદૂષણનું પ્રમાણ છે તે ઘટાડવામાં બહુ મોટો ફાળો આપશે. એ દિવસો દૂર નથી જ્યારે નેનો મૅડિસિન શરીરના નુકસાન પામેલા કોષને એટમ બાય એટમ ફરી તૈયાર કરી આપશે. આ બે કે ત્રણ વર્ષમાં બને તેવી શક્યતા છે. નેનો ટૅક્નીક સંચાલિત રોબોટ, માણસની રક્ તામાં આપણે ત્રણ કે ચાર વર્ષથી વધારે લાંબા સમયની રાહ જોવી નહીં પડે અને બાયપાસ અને એન્જીયોગ્રાફી કે એન્તવાહિનીઓમાં જઈને Plaque Pathogen એટલે કે રોગના જીવાણુ અને કૅન્સરનો નાશ કરશે. કદાચ કૅન્સર ઉપર વિજય મેળવવમ વ્જીયોપ્લાસ્ટીની જે અત્યારે જરૂરિયાત પડે છે એ વાતો કદાચ ૪ કે ૫ વર્ષમાં ભૂતકાળ બની જાય તે પ્રકારની પરિસ્થિતિ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ જે દિવસે વિશ્વને ઈન્ટરનેટ આવ્યું અને વિશ્વ આશ્ચર્યચકિત થયું હતું એ જ રીતે નેનો સીન્થેટીક બાયોલોજી આવી રહી છે અને નેનો સીન્થેટીક બાયોલોજી આવશે ત્યારે માણસ મૃત્યુ ઉપર વીજય પામી ચૂકયો હશે. આપણે મહાભારતમાં ભીષ્મપિતામહના ઇચ્છામૃત્યુની વાત સાંભળી છે એ જ સ્થિતિમાં આવનાર ૧૦ કે ૧૫ વર્ષમાં માણસ પહોંચે તેવી પૂરી શક્યતાઓ આજે ક્ષિતિજ ઉપર દૃષ્ટિગોચર થઈ રહી છે. આ બધીએ બાબતોને ધ્યાનમાં લઈએ તો વૈશ્વિક મંદી હતી છતાં પણ વિશ્વમાં વૈજ્ઞાનિક સંશોધનો પાછળ ગયા વર્ષ કરતા ૩.૨ ટકા વધુ ખર્ચ થયો છે. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનું બજૅટ શા માટે મહત્ત્વનું છે, શા માટે આપણા સૌએ એને ગંભીરતાથી લેવું જોઈએ તેના માટે મુદ્દો અગત્યનો છે. સાયન્સ અને ટૅક્નૉલૉજીના સંશોધનોમાં વધુ સારું ઈન્સ્ટ્રુમેન્ટેશન, વૈજ્ઞાનિકો વચ્ચેનો સતત સંવાદ, નેનો ટૅક્નૉલૉજી,

બાયોટેકનોલોજી, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી, કોગ્નીટીવ સાયન્સ, તેમજ Quantum ટૅક્નૉલૉજીના પરસ્પર સહયોગને કારણે સમગ્ર માનવ જાત માટેની ભાવી શક્યતાઓ બદલાઈ જશે. એક અદ્દભુત શક્યતા આકાર લઈ રહી છે. અત્યાર સુધી આપણે ઊર્જાની બાબતમાં જ્યારે જ્યારે ચર્ચા કરીએ ત્યારે કોલસો ખલાસ થઈ જશે, પૅટ્રોલિયમ ખલાસ થઈ જશે અને આ દુનિયા ઉપર ઊર્જાની ભયંકર કટોકટી સર્જાશે એવી વાત કરીએ છીએ ત્યારે સમાચાર એ છે કે ૨૦૩૦ સુધીમાં સોલાર સેટેલાઈટ સિસ્ટમ થકી વાયરલેસ ટ્રાન્સમીશનથી પોતાની ગ્રીડમાં વીજળી જાપાન મોકલવા માટેનો આખો પ્રયોગ હાથ ધરી રહ્યું છે અને કદાચ આ શક્યતા ન સમજાતી હોય તો હવાઈ ટાપુઓ વચ્ચે ૧૪૮ કિલોમીટર વાયરલેસ ટ્રાન્સમીશનથી વીજળી ટ્રાન્સમીટ કરવામાં આવી છે એટલે આગામી સમયમાં ઊર્જાને લાગે વળગે છે ત્યાં સુધી અવકાશમાંથી ગ્રીડમાં સીધી વાયરલેસ વીજળી સોલાર એનર્જી થકી ઉત્પન્ન થઈ અને ટ્રાન્સમીટ થતી હોય તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થશે. આમ છતાંય વિજ્ઞાન અને ટેકનોલોજીનો વૈશ્વિક વ્યાપ અને ગતીશીલ વિકાસ સાથે કદમ મેળવવા તેમજ તેના કારણે ઉભી થતી નકારાત્મક અસરોને ખાળવા માટે રાજય વ્યવસ્થાઓએ તૈયાર થવું પડશે. માત્ર એના ફાયદા જ થશે એવું નહીં થાય એની નકારાત્મક અસરોને ખાળવા માટે પણ રાજય વ્યવસ્થાઓએ તૈયાર રહેવું પડશે અને એટલે જ ડેનીસ સ્વેટલીએ એનું અતિપ્રસિદ્ધ પુસ્તક એમ્પાયર્સ ઑફ માઈન્ડમાં માં લખ્યું છે કે હવે પછીના વિશ્વમાં પૈસો અથવા મિલિટ્રી તાકાત નહીં પણ જ્ઞાન એ સંપત્તિ હશે અને તેના ઉપરથી સામ્રાજ્યોની ક્ષમતા નક્કી થશે. એ જ રીતે Elvin Toffer કહ્યું છે કે જ્ઞાન એ શકિત હશે. Knowledge will be the power and who has earliest access of the knowledge shall be more powerful.જે જ્ઞાનને પહેલા પહોંચી શકશે તે સૌથી વધારે ક્ષમતાવાળી રાજય વ્યવસ્થા હશે. અને આ કારણથી જે વિભાગનું હું અંદાજપત્ર લઈને આવ્યો છું, માગણીઓ લઈને આવ્યો છું એ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી વિભાગ આગામી સમયમાં આવનારા રાજય વ્યવસ્થામાં વધુ ને વધુ અગત્યનું સ્થાન પ્રાપ્ત કરતો જવાનો છે. આવનાર સમયની સરકારો અને તેની તાકાત સૈન્યથી નહીં મપાય, એની પાસે કેટલી પોલીસ છે એનાથી નહીં મપાય.એની પાસે કેટલી ગોળીઓ કે બંદૂક છે એનાથી નહીં મપાય પણ એની તાકાત એણે વિજ્ઞાન ક્ષેત્રે કેટલી પ્રગતિ કરી છે અને જ્ઞાનની સંપત્તિ ઉપર એનો કેટલો કાબુ છે એના ઉપરથી મપાશે. એટલા માટે જે દિશામાં આજે રાજ્ય સરકાર ચાલી રહી છે એ સાચી દિશા છે. આ બાબતને લક્ષમાં રાખીને આ વખતે વિજ્ઞાન અને ટેકનોલોજી એટલે કે પ્રાદ્યોગિકી વિભાગની ફાળવણી છે એમાં પણ માનનીય નાણામંત્રીશ્રીએ સારો એવો વધારો કરવાનું મંજૂર રાખ્યું છે અને એ માટે માનનીય નાણામંત્રીશ્રીને પણ હું અભિનંદન આપું છું. આપણા ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી I think as every Gujarati, as everybody sitting in this House આ ગૃહમાં બેઠેલા એકેએક સન્માનનીય સભ્ય, એકેએક ગુજરાતી એ ગૌરવથી કહી શકે કે આ રાજ્યને લાગે વળગે છે ત્યાં સુધી આઈ.ટી.નો ઉપયોગ કરવામાં ગુજરાતની રાજ્ય વ્યવસ્થા દેશની એક અગ્રિમ રાજ્ય વ્યવસ્થા છે. કોઈપણ રાજ્યે આઈ.ટી.નો સૌથી વધારે અને સારો ઉપયોગ કર્યો હોય, એના માટેના જી.સ્વાનથી માંડીને આઈ.ડબલ્યુ.ડી.એમ.એસ. સુધીના નેટવર્ક એણે તૈયાર કર્યા હોય, એની વ્યવસ્થાઓ કરી હોય તો ગુજરાત એવું રાજ્ય છે કે જેણે એવી વ્યવસ્થાઓ કરી છે. આ રાજ્યનો સમતોલ વિકાસ integrated workflow અને ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત જે માહિતીની આપલે થાય તેના કારણે મેનેજમેન્ટમાં પણ ખૂબ મોટું પ્રદાન કરે તે પ્રકારની ક્ષમતા આપણે ઊભી કરી છે અને સ્વભાવિક રીતે જ આ કામગીરી છે એ રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેક્ટિવિટી પુરી પાડનારું ગુજરાત આ દેશનું પહેલું રાજ્ય છે. તમામ ગ્રામ પંચાયતોને આવરી લેતું જો કોઈ રાજ્ય હોય કે જેણે ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેક્ટિવિટી પુરી પાડી હોય એવું આ પ્રથમ રાજ્ય છે. માનનીય સભ્યશ્રી બાવકુભાઈ ભાષણ કરતા હતા ત્યારે એમણે અમરેલીની વાત કરી. એમને મારે કહેવું છે કે એક ખૂબ પ્રચલિત વાક્ય છે. હેરોલ્ડ જેનીનનું અને હેરોલ્ડ જેનીન એટલે દુનિયામાં એક આગળ પડતા મેનેજમેન્ટ ગુરુ ગણાય છે. મારે બાવકુભાઈને કહેવું છે કે larger is the system, larger are the layers of the inefficiency જ્યારે તમારી કોઈપણ વ્યવસ્થા મોટી હોય ત્યારે ક્યાંક ક્યાંક શરૂઆતમાં એની વ્યથાઓ અને એની કથાઓ અને એમાં ખોટકાઓ આવવાના અને એના માટે થઈને આપણે એ સમગ્ર પ્રથા નકારી કાઢીશું તો મને લાગે છે કે આવનાર ભાવિ પેઢી માટે જબરદસ્ત પાછા પગલાં ભરવાનું કામ આપણે કરીશું. એટલે ભૂલ હોય તો અમારો વિભાગે સુધારવાની જરૂર છે અને અમારે ભૂલ સુધારવી જોઈએ. આપે કહ્યું એ ગંભીરતાથી અમે લઈએ છીએ. સાથો સાથ સભ્યશ્રીઓને વિનંતી છે કે take this technology positively. આપણે કેમ એનો મહત્તમ ઉપયોગ કરી શકીએ, આના માધ્યમ થકી છેક છેવાડાના માનવ સુધી કેવી રીતે પહોંચી શકીએ કે કઈ રીતે માહિતીનો ઉપયોગ કરીને ટેલિ મેડિસીન વિકસાવી શકાય, આપણે ગામડામાં ડૉક્ટરો પહોંચતા નથી એની ફરિયાદ કરીએ છીએ તો આનો ઉપયોગ ટેલિ મેડિસીન વિકસાવવામાં કઈ રીતે કરી શકીએ, કઈ રીતે મહત્ત્વના રેવન્યુ દસ્તાવેજો આ માધ્યમ થકી આપણે સરળીકરણની પ્રક્રિયામાં લાવીને વહીવટી પારદર્શિતા લાવી શકીએ. જેટલો ટેકનોલોજીનો ઉપયોગ ઝડપથી કરતા થઈશું, સારી રીતે કરતા થઈશું I can assure you કે આ સમગ્રતયા આગળ જતા પ્રજાના હિતમાં હશે. માટે સિસ્ટમને ન વખોડીએ, સિસ્ટમમાં ખામીઓ હોય તો આપણે સાથે બેસીને દૂર કરવાની તૈયારી રાખીએ તો મને લાગે છે કે ગુજરાતના સમગ્રતયા ભાવિ માટે એ ઉપકારક નીવડશે. આ વ્યવસ્થા કેવી છે એ આપણે ગમે તે કહીએ, આપણને ગમે કે ન ગમે, એને જે એવોર્ડો મળ્યા છે. Skoch

Challenger Award ૨૦૦૮, Capam Certificate of Achievement-૨૦૦૮, Computer Society of India એટલે આનું આખું Apex body છે આખા દેશના કમ્પ્યુટર તજજ્ઞોનું એના દ્વારા રાષ્ટ્રીય કક્ષાના આઉટસ્ટેન્ડીંગ પ્રોજેક્ટ તરીકે બેસ્ટ ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ-૨૦૦૮ તરીકેનો એવોર્ડ આપણા નેટવર્કને મળ્યો છે. ત્યારે ઘરકા જોગી જોગડા ઓર ગાંવકા પીર, આપણા ઘરના છોકરા આપણને રૂપાળા નહીં લાગે તો કોના લગાડવાના છે? એટલે માનનીય બાવકુભાઈ, દ્રષ્ટિ બદલો એટલે સૃષ્ટિ બદલાઈ જશે એવી આપને મારી વિનંતી છે. (અંતરાય) સીદી ભાઈને સીદકા વ્હાલા એ વાત સાચી છે. કારણ કે સીદી ભાઈ કોઈના છોકરા ઉછીના લઈને પ્રેમ ન કરે. એટલે બાવકુભાઈને મારે એ જ કહેવું છે કે આપણે સીદકા વ્હાલા લગાડીએ.માનનીય અધ્યક્ષશ્રી, Science Cityની ચર્ચામાં હું નહિ પડું. કારણ કે Science City itself ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાતમાં Science Cityનો આખો એક પ્રકલ્પ છે એ પ્રકલ્પ એક અદ્‌ભુત પ્રકલ્પ તરીકે આકાર લઈ રહ્યું છે. એમાં આગામી વર્ષ દરમ્યાન જે International Childrens Science Congress યોજાઈ એ એના માટે શિરમોર સમાન સિદ્ધિ છે અને એના માટે સૌ ગુજરાતીઓને ગૌરવ થાય તેવી સિદ્ધિ છે. Are we not proud? આપણે આ ગૃહના સન્માનનીય સભ્ય તરીકે આપણને ગૌરવ નથી થતું કે આ રાજ્યના Science Cityમાં આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન કોંગ્રેસ યોજવા માટે આપણા ગુજરાતની પસંદગી થાય. આમ તો કેન્દ્ર સરકારમાં ગુજરાતનું કાંઈ દસાડાના દફતરમાંય નામ નથી હોતું અને એમાં પહેલી ગુજરાતની પસંદગી થાય, અહીંયા સરસ રીતે સાયન્સ કોંગ્રેસ યોજાય. લગભગ ૫૦૦૦૦ જેટલા આપણા વિદ્યાર્થીઓ એમાં ભાગ, એને જોવા લઈ શકે એની સાથે interaction કરી શકે It is a matter of pride for anybody અને જ્યાં સુધી Science Cityને લાગે વળગે છે ત્યાં સુધી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બાવકુભાઈને મારે એટલું જ કહેવાનું છે કે ધીરજના ફળ મીઠા. બહુ ઉતાવળ ના કરીએ. ત્યાં જવામાંય આપે બહુ ઉતાવળ કરી છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, વાંધો નહિ, ચાલે ક્યારેક ભૂલ થાય. ચાર નવા પેવેલીયન અહીંયા થઈ રહ્યાં છે Big Bite Information Technology Pavilion, Electronics and Robotics Pavilion, Comunication Pavilion, Looking ahead જેવા ચાર નવા પેવેલીયન આકાર લઈ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફીની વાત કરવામાં આવી છે. સાહેબ, ખૂબ ફી છે, એટલી બધી ફી છે કે કોઈ વિદ્યાર્થીઓ Science City જોવા જતો નથી. આ ફી ઘટાડવાની ખૂબ જરૂરિયાત છે. એટલે કાઢી નાખો સાહેબ. કારણ કે, આ દેશમાં લોકશાહી આવી ત્યારથી આપણા બધાજ રાજકીય પક્ષોની આ વૃત્તિમાંથી બધાએ બહાર આવવાની જરૂર છે. આ દેશમાં જ્યારથી આઝાદી આવી ત્યારથી દરેક સરકારોએ, દરેક રાજકીય પક્ષોએ જાણે એક મુદ્દો પકડ્યો છે કે બધું સરકાર મફત આપશે અને તમારે માત્ર આ દેશની વસ્તી વધારવાની પવિત્ર કામ સિવાય બીજું કાંઈ કામ કરવાનું નથી. આ Science Cityમાં એક રૂપિયો ફી છે. અરે, સાહેબ, ઘટાડી નાંખીને ૫૦ પૈસા કરીએ તો તકલીફ એ પડશે કે ૫૦ પૈસા છુટા નથી આપતા સાહેબ. એક રૂપિયો વિદ્યાર્થી દીઠ ફી છે. હું તો એમ માનું છું કે આપણને જરૂર લાગે તો થોડી વધારે ફી લો પણ આંતરરાષ્ટ્રીય કક્ષાની સવલતોય વિકસાવો એ મનોવૃત્તિથી આપણે ચાલવું જોઈએ. આવા ક્ષુલ્લક મુદ્દાઓ ઉપર આપણે ચર્ચા કરીએ એ મને લાગે છે કે મારા મત પ્રમાણે યોગ્ય નથી. Science Cityની ફી વિદ્યાર્થી દીઠ એક રૂપિયો છે અને એક રૂપિયાની કિંમતમાં તો એક પૂરી-પકોડીય નથી આવતી. એક રૂપિયામાં આપણને વિજ્ઞાન માટેનું જ્ઞાન અને મફત રાખીએ તો એની કિંમત નહિ સમજાય. એક રૂપિયો ટોકન ફી રાખી છે જેથી ગણતરીથી થાય. વિદ્યાર્થીઓ વધારેમાં વધારે લાભ લે એ પ્રકારનો અમારા પ્રયત્નો છે. International Childrens Science Congressનો લાભ ૪૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લીધો છે. કોઈ શિક્ષકો વિદ્યાર્થીને પાછા લઈ જતા નથી. આ બાબત આપણે લક્ષમાં લેવી રહી અને આ બાબતમાં તથ્ય હોય તો આ International Childrens Science Congress માં ૪૫૦૦૦ છોકરાઓ જોવા માટે ના આવ્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી કેટલાક મુદ્દાઓ હું સમયની મર્યાદાને લીધે એના ઉપર નહિ જાવ પણ Bhaskaracharya Institute of Space Application and Geo-informatics વિષે તો મારે વાત કરવી પડશે. સાહેબ, અદ્‌ભુત કામ આ સંસ્થા દ્વારા થઈ રહ્યું છે અને સેટેલાઈટ મેપિંગથી માંડીને જે વીસેટ થકી, communication ના માધ્યમ થકી શિક્ષાના પ્રયોગો અને એ થકી છેક ગામડા સુધી, છેક કલાસરૂમ સુધી પહોંચવાનું જે કામ આ સંસ્થા કરી રહી છે. મને લાગે છે કે દેશની કોઈ સંસ્થા BISAG જેટલું સારું કામ કરતી હોય એવું મારા જાણમાં નથી અને જો એવી કોઈ સંસ્થા હોય માનનીય સભ્યશ્રીઓના જાણમાં તો જણાવે. આપણે એનાથી પણ સારું કામ કરવાનો પ્રયત્ન ચોક્કસ કરવો જોઈએ. સુધરવામાં કોઈ વાધો નથી હોતો. Even if we are doing the best, there is no problem for doing better than the best. પણ સાહેબ બાયસેકને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી અથવા વી-સેટ વાનોને એને લાગે વળગે છે ત્યાં સુધી એનો ઉપયોગ સરકાર માત્ર પ્રચાર માટે જ કરે છે એ હકીકત સાવ એની સાથે સુસંગત નથી, એનો ઉપયોગ જાહેર જનતાને માહિતી આપવા માટે પણ થાય છે, એનો ઉપયોગ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે પણ થાય છે, એનો ઉપયોગ વિષય નિષ્ણાંતોને બોલાવીને, સાહેબ પેલા ટ્યુશન ક્લાસમાં ટ્યુશનીયા શિક્ષકો કરતાં અહીંયા વિષય નિષ્ણાંતો આવીને ભણાવે એના માધ્યમ થકી છેક કલાસરૂમ સુધી શિક્ષણ લઈ જવા માટે એનો ઉપયોગ થાય છે, એ ઉપયોગ મને

લાગે છે કે, એ કોઈ પણ ગુજરાતીને ગૌરવ અપાવે એવો ઉપયોગ છે અને એટલા માટે બાયસેકની જે કામગીરી છે એનો હું ઉલ્લેખ કર્યા વગર રહી શકતો નથી. સાહેબ એટલી જ અગત્યની કામગીરી ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીકલ રીસર્ચ કરે છે, રાયસણમાં આ સંસ્થાનું મકાન આવેલું છે. માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરીશ કે ક્યારે સમય મળે તો એકાદ સમયે જાવ અને ત્યાં જે કામગીરી થઈ રહી છે એ આપણે સૌએ જાહેર હિતમાં પણ જોવી જોઈએ. સાહેબ વર્ષો પહેલા આ દેશના પાટનગરમાં ભૂકંપ માપન માટેની ગ્રિડ કરવાનો પ્રોજૅકટ શરૂ થયેલો, એના સામેની માઈક્રો ઝોનેશન માટેની કામગીરી શરૂ થયેલ, હજુ સુધી એનું કોઈ ઠેકાણું પડ્યું નથી. સાહેબ ૨૦૦૧માં ભૂકંપ આવ્યો આપણે ત્યાં ત્યાર પછી આપણે ભૂકંપ અંગેની સંશોધન કરતી જે સંસ્થા શરૂ કરી છે એ દેશમાં નહીં વિશ્વની એક સર્વશ્રેષ્ઠ સંસ્થા તરીકે ગણી શકાય તેવી કામગીરી કરે છે. માનનીય સભ્યશ્રીઓને મારે કહેવું છે કે, આખા ગુજરાત રાજયનું ૨૫૦ મીટર બાય ૨૫૦ મીટર એટલે ૨૫૦ મીટર એટલે લગભગ ૮૦૦ ફૂટ બાય ૮૦૦ ફૂટમાં આખી ગ્રિડ તૈયાર કરી છે. કારણ કે જમીનનો જે પ્રકાર હોય તે પ્રકારે ધરતી કંપની અસરો થતી હોય છે. એટલે અમદાવાદમાં પણ આપણે જોયું તો ભૂકપંની એક જગ્યાએ વધારે અસર થઈ બીજી જગ્યાએ ઓછી અસર થઈ તો ૨૫૦ બાય ૨૫૦ મીટરના આખા ગ્રિડમાં સમગ્ર રાજયને ડિવાઈડ કરવામાં આવ્યું છે અને તમારા શહેરમાં પણ કઈ જગ્યાએ, કયાં, શું અસર થઈ શકે, કયા ઝોનમાં આવે છે ? આપણે જી-૫ ઝોનમાં છીએ ત્યારે આ બાબત જાણીને તમે એનાથી જો માહિતગાર બનો તો આવનાર સમયમાં ક્યારેક ન કરે નારાયણ અને આ પ્રકારની આપત્તિ ઊભી થાય તો એ સામે મને લાગે છે કે, ૨૦૦૧ના ભૂકંપ પછી ભૂકંપના સામે સંરક્ષણ માટેના વિવિધ પગલા જે કોઈ રાજયોએ લીધા, ભૂકંપો તો અનેક રાજયોમાં આવ્યા છે, લાતૂરમાં પણ આવ્યો અને બીજે પણ ભૂકંપો આવ્યા છે પણ ભૂકંપમાંથી આપત્તિને અવસરમાં પલટાવવાનું કામ જો કોઈ રાજયે કર્યુ હોય અને જો કોઈ સરકારે કર્યુ હોય તો હું દાવા સાથે કહું છું કે, માનનીય નરેન્દ્ર મોદીની આગેવાની નીચેની ભારતીય જનતા પક્ષની આ સરકારે છેલ્લા સાત વર્ષમાં કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, અને એ પ્રકારની કામગીરી કરી છે કે, આજે ઈરાનમાં જો ભૂકંપ આવે તો ઈરાનના ભૂકંપના કારણે જો સુનામી ઊભો થાય, જે થોડાક વર્ષો પહેલાં આપણે સુનામીની અસર પણ આ દેશ પર દક્ષિણના રાજયોમાં આપણે જોઈ છે, તો જો ઈરાનમાં આવે ભૂકંપ અને એ ભૂકંપના કારણે જો સુનામી ઊભી થવાની શક્યતા હોય તો એની પણ આગાહી કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા આ સંસ્થાએ એનું આખું મોડેલ ડેવલપ કરીને કરી છે. બે કલાલ એને અહીં પહોંચતા એને લાગે એ દરમિયાનમાં આપણે એના દરેક આગોતરા પગલા લઈ શકીએ તે પ્રકારની વ્યવસ્થા અને મોડેલીંગ એ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીક્લ રિચર્સે કર્યુ અને એ વ્યવસ્થા જોવા જેવી છે. મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, આપને અનુકૂળતા હોય, જ્યારે પણ જવું હોય, જો અમને જાણ કરશો તો અમે પણ વ્યવસ્થા ગોઠવી આપીશું.

**અધ્યક્ષશ્રી** : આપનો વિભાગ જ સાયન્સ સીટી, બાયસેક અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીકલ એ ત્રણેયની મુલાકાત એ ગોઠવે તો બધા સભ્યોશ્રી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હા જી સર, We will be happy to do. અમે ચોક્કસ સાહેબ ગોઠવીશું અને સાહેબ એમાં બાવકુંભાઈને કન્શેશન, આપણે ફી પણ નહીં રાખીએ.

**અધ્યક્ષશ્રી** : ના, ના બધા જ, બંને પક્ષોની સંમતિ છે એટલે સરસ રીતે ગોઠવાશે. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ જયંતિભાઈના સજેશનો જોખમી હોય છે, બધા સાથે સંમત થવાય એવું નથી હોતું.

**અધ્યક્ષશ્રી** : ના, એટલે મેં, મારી જે સંમતિ મેળવવાનો પ્રયત્ન કરે, એ છે કે, સાયન્સ સીટી, બાયસેક અને ત્રીજી જે સંસ્થા જે આપે કહી છે એ ત્રણેય.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ આપનું સૂચન છે સ્વીકાર્ય છે.

**અધ્યક્ષશ્રી** : આપનો વિભાગ ગોઠવે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય જયંતિભાઈ જે સૂચન કરતા હતા એ સાહેબ જોખમી હતું એટલે મેં નથી સ્વીકાર્યુ.

**અધ્યક્ષશ્રી** : ગુજરાતી સાહિત્યમાં એક પાત્ર છે આ નામનું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે પછી જે જમાનો આવી રહ્યો છે, એ બાયો ટૅક્નૉલૉજીનો જમાનો આવી રહ્યો છે. આગામી સમયમાં બાયો ટૅક્નૉલૉજી એ દરેક ક્ષેત્રમાં ભવિષ્ય બદલી નાખવાની છે અને કદાચ આપને જાણીને આનંદ થશે કેગુજરાતમાં આ ક્ષેત્રમાં પણ ઘણા મોટા કામો થયા છે. આપણી કૃષિ યુનિવર્સિટીએ જે Genetic Code Assembling કામ કર્યું છે. આણંદની કૃષિ યુનિવર્સિટીએ એ બેનમુન કામ છે અને આ ક્ષેત્રે જે રીસર્ચ થઈ રહયું છે અને વધારે વેગ મળે એ માટે બાયોટેકનોલોજી મીશન ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મીશન થકી કામગીરી કરવામાં આવે છે. સામુહિક ક્ષેત્રે Marine Bio-research Centre આરોગ્ય ક્ષેત્રે Genetic diagnostic Centre બાયો ઈન્ફર્મેટીક ક્ષેત્રે VIT Virtual Institute વન્ય ક્ષેત્રમાં Biodiversity Gene Bank કૃષિ ક્ષેત્રમાં DNA Finger Printing Centre વગૈરે પ્રોજેકટો અત્યારે અમલીકરણના તબકકે છે એટલે વિજ્ઞાન અને ટેકનોલોજીને લાગે વળગે છે ત્યાં સુધી પેટ્રોલિયમ ટેકનોલોજીથી

માંડી બાયોટેકનોલોજી, ઈન્ફર્મેશન ટેકનોલોજી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી આજે વિશ્વમાં પ્રથમ છે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી એ પ્રકારની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી વિશ્વમાં પ્રથમ છે અને અત્યારે એવો યુગ આવ્યો છે સાયબર સ્પેસનો યુગ વધતો ચાલ્યો છે. એને સાઈબર ક્રાઈમ એટલે ડેટા સિકયોરીટી કઈ રીતે રાખવી, નેટવર્ક સિકયોરીટી કઈ રીતે રાખવી અને તમારા કોમ્પ્યુટરમાંથી કોઈ એનો દુરઉપયોગ કરીને કોઈ માહિતી કાઢી ન જાય વિગેરે બાબતો અંગેનો કોર્સ અહીં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં પણ ચાલુ કર્યો છે એટલે જમાનાની સાથે અને હું તો એક કદમ આગળ જઈને કહીશ બે દુનિયા જે દિશામાં ચાલે છે તેમાં કદાચ આ દેશ નહીં દુનિયામાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી એ ગુજરાતની પહેલી પહેલ છે અને સાઈબર ક્રાઈમ આવનાર દિવસોમાં મોટો પ્રશ્ન બનવાનો છે ત્યારે સાઈબર ક્રાઈમના ક્ષેત્રે આ પ્રકારના કોર્સ શરૂ કરનાર જો કોઈ રાજય હોય તો એ ગુજરાત, ગરવી ગુજરાત પ્રથમ રાજય છે. ત્યારપછી લાલસિંહજીની વાત ઉપર આવું. લાલસિંહજીએ ખૂબ સારા સૂચનો કર્યા છે. નોન રેસીડન્સ મુળ સાહેબ, આ અમારા બંને મિત્રો હજુય અમારા માટે કુણી લાગણી રાખે છે માનનીય બાવકુભાઈ અને લાલસિંહભાઈ. (અંતરાય) હા, બાબુભાઈ તો છે બાબુભાઈ પણ ખરા.(અંતરાય) એમાં શરમાવાની જરૂર નથી. રાજય બહાર (અંતરાય) અર્જુનભાઈ, આપણે પછી ચર્ચા કરી લઈશું. માનનીય અધ્યક્ષશ્રી, રાજય બહાર જે ગુજરાતીઓ વસે છે એ ગુજરાતની મુડી છે. રાજય બહાર જે ગુજરાતીઓ ગયા છે વિદેશમાં જે ગુજરાતીઓ ગયા છે એમણે માત્ર આર્થિક ક્ષેત્રે જ પ્રગતિ નથી સાધી. વિશ્વભમાં પોતપોતાના ક્ષેત્રમાં ટોચના નામ ગણાય છે. ગઈકાલે જ જે પ્રણવ મિસ્ત્રી જે મારી જ કોલેજના પોસ્ટ ગ્રેજયુએટ છે એનું પ્રેઝન્ટેશન જોયું. Virtual sex નો એમનો જે આખો પ્રોજેકટ છે એ આપણે ગઈકાલે જોયો. સામપિત્રોડા છે. અર્થશાસ્ત્રની વાત કરીએ તો ડો. જગદીશ ભગવતી છે આવા અનેક ગુજરાતીઓ છે કે જેમણે ધંધાકીય ક્ષેત્રે સાયન્સ ટેકનોલોજીમાં અથવા તો પોતપોતાના ક્ષેત્રમાં બહુ મોટુ ગજુ કાઢયુ છે. એ જ રીતે રાજય બહાર પણ અનેક ગુજરાતીઓ વસે છે જેમણે ધંધાકીય ક્ષેત્રે અને અન્ય રીતે સમાજમાં બહુ મોટું નામ ઉભુ કર્યુ છે. આ બધા ગુજરાતીઓ આપણી મુડી છે એવું રાજય માને છે અને એટલા માટે પહેલી વાર રુબરુ મુલાકાત લઈને આ દેશમાં વસતા ૭૦૦૦૦થી વધારે ગુજરાતી અગ્રણીઓની ડેટા બેંક એમના ઈમેલ આઈ.ડી. અને ટેલીફોન સાથે અમે તૈયાર કરી છે.This is for the first time that authentic data bank is prepared as far as the Gujaratis residing outside the State. અને ગુજરાતી ગુજરાત બહાર રહે છે એની પણ ગલ્ફ કન્ટ્રીઝ, અમેરિકા અને યુ.કે.ની આ જ પ્રકારની માહિતી મેળવીને અમે લાલસિંહજીભાઈ એની ડિરેકટરી તૈયાર કરી રહયા છીએ. મારે આપને કહેવું છે કે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ તરીકે કોઈપણ એન.આર.આઈ. અહીંયા આવે અને એને સરકારી કચેરીમાં કે અન્યત્ર ધકકા ન ખાવા પડે એટલે ઘણીબધી ચેમ્બર ઓફ કોમર્સે પોતાને ત્યાં એન.આર.આઈ. આસીસ્ટન સેન્ટર ઉભા કરવાનું નકકી કર્યુ છે. અને એમાંનુ પહેલું એ વડોદરા ખાતે છે. વડોદરામાં સૌથી પહેલું આવું સેન્ટર છે હમણાં એક મહિના પહેલા એનું ઉદઘાટન થયું છે. એ સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીના મકાનમાં કાર્યરત બન્યું છે. -Gujarat Chamber of Commerce and Industryનું આવું જે સેન્ટર તૈયાર થઈ ગયું છે અને ટુંક સમયમાં જ આપણે એને કાર્યરત બનાવીશું.Southern Gujarat Chamber of Commerce and Industry આવું સેન્ટર કરી રહી છે. આણંદમાં પણ આવું સેન્ટર તૈયાર થઈ રહયું છે. રાજકોટમાં પણ આવું સેન્ટર તૈયાર કરવાની દરખાસ્તની અમે ચર્ચા કરી રહયા છીએ.એટલે ગુજરાતમાં બહારથી કોઈ ગુજરાતી આવે તો એને પિલ્લર ટુ પોસ્ટ ન જવું પડે અને એમને Corporate Environment એક જ જગ્યાએથી માહિતી મળી રહે, આસિસ્ટન્સ મળી રહે, કોઈ પ્રકારનું એ લોકોને કઈ પોતાના ગામમાં કશો પ્રોજેકટ કરવો હોય તો એ માટેનું કઈ યોગદાન કરવું હોય તો એ માટેની સહાય મળી રહે, એ માટે રાજ્યમાં એક એન.આર.જી. એન.આર.આઈ. આસિસ્ટન્સ સેન્ટરની એક આખી ગ્રીડ આપણે ઉભી કરી રહ્યા છીએ અને મારી આપ સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે આમાં જે કઈ સૂચનો યોગ્ય લાગે તેની મુલાકાત લઈને કરશો. બે નાના મુદા માહિતી ખાતા વિશે છે, તો મારે એટલું જ કહેવું છે કે પોઈન્ટ ૧૬ ટકા છે બજેટનો. એટલે એક રૂપિયાનો પોઈન્ટ ૧૬મો ભાગ. ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે અને કોઈપણ સરકાર હોય એ એની યોજનાઓ, એની જે જનતા માટેની કામગીરી છે, એની માહિતી જનતા સુધી ન પહોંચાડે તો લોકશાહીનું પેલું સૂત્ર છે for the people, by the people and of the people. એ ક્યારેય સિદ્ધ થઈ શકે નહિ, એટલે આ જોગવાઈ મારા મત પ્રમાણે ખૂબ અપૂરતી છે, આમ છતા અમે સારામાં સારું કામ કરીએ છીએ. બે મુદા ખાસ જવાબ આપવો છે.

**અધ્યક્ષશ્રી** : બે જ મિનિટ આપની પાસે રહે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હું બે જ મિનિટમાં પૂરું કરું છું. માનનીય બાવકુભાઈ અને માનનીય ડો.જોષિયારા સાહેબે પત્રકારો માટેની ખૂબ એમની લાગણી હતી. હું દ્રવી ગયો કેમ કે મારી પાસે પણ ગુજરાત મીડિયા ક્લબનું સભ્યપદ છે. હું પણ પત્રકાર જ છું અને મને આનંદ છે મારે સાહેબ એટલું કહેવું છે કે જે માનવ અધિકાર પંચ છે, એણે કેટલીક સૂચનાઓ કરી છે. દર્દીઓ અમુક બોમ્બ બ્લાસ્ટ થયો હોય કે એની અમુક વોર્ડમાં અમૂક પ્રકારની ફોટોગ્રાફી નહિ કરવી જોઈએ, એના સંદર્ભમાં એ સર્ક્યુલર ઈસ્યુ કરવામાં આવ્યો હતો અને એ પણ અમને જયારે લાગ્યું કે એમાં ચર્ચાને અવકાશ છે તો અમે પત્રકાર મિત્રો સાથે બેસીને ચા પીને એને મોકૂફ રાખ્યો છે, પછી આગળ વધીશું. અમે તો સાહેબ લોકશાહીમાં માનવવાવાળા છીએ. (અંતરાય) અમે સાહેબ, આ

પત્રકારોની ચિંતા કરવા વાળાઓને(અંતરાય) સાહેબ આ મારા સમયમાં જતું રહે છે. મારે છેલ્લું એક વાક્ય કહેવું છે. પત્રકારોની ચિંતા કરવાવાળાઓને મારે એટલું જ કહેવું છે કે ઈમર્જન્સીમાં, કટોકટીમાં પ્રેસ સેન્સરશીપનો કાળો કાયદો લાવનાર તમે લોકો, જેના કારણે એડિટોરિયલ કોરા મૂકાયા હતા. તમે કયા મોઢે Devil is quoting Scriptures. વાત કરો છો પત્રકારોની. તમે તો પત્રકારોને જેલમાં પૂર્યા હતા અને પત્રકારો ઉપર ગોળીબાર કર્યા છે. તમે કયા મોઢે પત્રકારોની સિમ્પથી લેવા નીકળી પડ્યા છો.

**અધ્યક્ષશ્રી** : આપની ચર્ચાનો સમય પૂરો થાય છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : You people have no right to speak about journalists and journist's freedom. Please don't do it.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭,૧૮,૧૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માંગણી ક્રમાંક : ૩૦,૩૧, ૫૪,૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૫૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, ૧૫મી માર્ચ, ૨૦૧૦ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૧ |
| ક્રિમીલેયરની આવક મર્યાદામાં સુધારો કરવા અંગે | ૩૨ |
| પ્રિ-મેટ્રિક અને પોષ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અન્વયે કેન્દ્ર સરકારની મળેલ રકમ | ૪૬ |
| બાળકોને મધ્યાહન ભોજન પછી ઝાડા ઉલટી અને ચક્કરની ગંભીર અસર થવા અંગે | ૩૪૬ |
| ભિલોડા કોટેજ હોસ્પિટલમાં મંજૂર પથારીની સંખ્યા | ૪૩૬ |
| ભિલોડા તાલુકાના ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવા બાબત | ૫૦૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૭ |
| શામળાજી સી.એચ.સી.માં ગરીબ દર્દીઓ પાસેથી ફી લેવા બાબત | ૩૮૯ |
| સાબરકાંઠા જિલ્લામાં અડદ, ચણા અને તુવેરનું વાવેતર કરવા બાબત | ૩૩૧ |
| સાબરકાંઠા જિલ્લામાં ઘઉ અને ડાંગરનું ઉત્પાદન | ૩૪૨ |
| સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ ચેકડેમો અને તળાવો | ૪૨૧ |
| સાબરકાંઠા જિલ્લામાં રોપાઓ ઉછેરવા બાબત | ૧૭૧ |
| સાબરકાંઠા જિલ્લામાં વાહનો ધ્વારા થતી લાકડાની ચોરી | ૨૦૦ |
| સાબરકાંઠા જિલ્લામાં સંગ્રહખોરો સામે પડેલ દરોડાઓ | ૧૯૦ |
| સાબરકાંઠા, બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં કૃષિ મેળા | ૩૦૮ |
| **અનિલકુમાર અ. માળી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૭ |
| ખેતી વિષયક જંતુનાશક દવાઓની ગુણવત્તા માટે વ્યવસ્થા | ૨૭૫ |
| દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં પશુ દવાખાના | ૩૪૦ |
| દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં મોટા ચેકડેમો | ૪૩૫ |
| દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં એલ.એસ.ટી.સી. મંજૂર કરવા બાબત | ૪૯૦ |
| નર્મદાની કેનાલો દ્વારા બનાસકાંઠા જિલ્લાને સિંચાઇનું પાણી આપવાનું આયોજન | ૫૩૫ |
| બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવા જિલ્લાની રચના કરવા બાબત | ૩૨૩ |
| બનાસકાંઠા જિલ્લામાં "૧૦૮" એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ | ૪૧૫ |
| બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો | ૧૨૩ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| ઔદ્યોગિક ક્ષેત્રે માનવદિનની સંખ્યામાં રાજયનો ક્રમ | ૮ |
| ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત | ૧૨૯ |
| પ્રવચન વાંચીને કરવા અંગે | ૨૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૮ |
| **અભેસિંહ મો. તડવી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૮ |
| નર્મદા ડેમથી વીજ ઉત્પાદન | ૫૦૮ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૬ |
| બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ સહાય માટે નર્મદા જિલ્લાની અરજીઓ | ૫૪૨ |
| બાળસખા યોજના હેઠળ લાભ | ૪૧૫ |
| વડોદરા જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો | ૧૫૮ |
| વડોદરા જિલ્લામાં હક્ક પત્રકની બાકી નોંધ | ૩૧૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ ૨ા. વસાવા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૪ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા | ૧૬૩ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત ગામો અને પેટાપરાઓ | ૩૨૫ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૩૪૦ |
| નર્મદા જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ. સંસ્થાઓ | ૩૯ |
| નર્મદા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૭ |
| નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ | ૧૮૬ |
| નર્મદા યોજનાના જળવિદ્યુત મથકોમાંથી મળેલ વીજળી | ૫૫૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૬ |
| ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન શાળાઓ | ૨૯૩ |
| રાજ્યમાં પીવાના હેતુ માટે નર્મદાનું પાણી | ૩૮૮ |
| સાગબારા તાલુકાના ગામો વીજળીથી વંચિત | ૫૩૨ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૪૮ |
| આણંદ અને ખેડા જિલ્લામાં જમીનની કોમ્પ્યુટરાઈઝ નકલો અંગે | ૧૫૩ |
| આણંદ જિલ્લામાં મજૂરીમાંથી મુક્ત કરાયેલ બાળમજૂરો | ૩૯ |
| આણંદ જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ | ૫૧ |
| કે.જી. બેઝિનમાંથી બ્લોક મેળવવા બાબત | ૫૦૮ |
| જે.એન.યુ.આર.એમ. અંતર્ગત કેન્દ્ર તરફથી મળેલ મંજૂરી અને ગ્રાન્ટ | ૪૩૦ |
| મહીસાગર નદી ઉપર નવો આડબંધ બાંધવાનું આયોજન | ૪૩૮ |
| રાજ્ય સરકારને પેટ્રોલ અને ડીઝલ ઉપર વેટ અને સેસની થયેલ આવક | ૧૫ |
| રાજ્યમાં કુટુંબ નિયોજન કાર્યક્રમો | ૪૦૮ |
| સાયન્સ સીટીને ફાળવેલ ગ્રાન્ટ | ૫૪૩ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| દાહોદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંકના મકાનો | ૪૯૮ |
| પંચમહાલ જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી | ૩૦૬ |
| પંચમહાલ જિલ્લામાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામ હેઠળ શૌચાલય બનાવવા બાબત | ૧૨૭ |
| પંચમહાલ જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઉપર થયેલ હુમલાઓ | ૧૭૫ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| અંદાજપત્રના પત્રકો સભ્યશ્રીઓને સમયસર નહિ મળવા અંગે | ૮૭ |
| અમરેલીનું કમ્પોસ્ટયાર્ડ અન્યત્ર બદલવા બાબત | ૪૧૦ |
| કેન્દ્ર સરકારની નેશનલ રોજગાર ગેરંટી યોજનામાં બોરીબંધ બાંધવા બાબત | ૧૯૧ |
| દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં રોજગારીનું આયોજન | ૧૭૨ |
| નર્મદા યોજનાનું ઉદ્યોગ, ખેતી અને ઘરવપરાશ માટે આપવામાં આવેલ પાણી | ૫૩૪ |
| નર્મદા યોજનાના જળવિદ્યુત મથકમાંથી વીજળી ઉત્પન્ન કરવા બાબત | ૪૮૨ |
| પોરબંદર અને જૂનાગઢ જિલ્લાઓની નદીઓ પર ચેકડેમ-કમ-કોઝવે બાંધવાની દરખાસ્તો | ૪૩૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૧ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૩૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૭૧ |
| રાજયમાં વીજ ઉત્પાદન સામે વીજ માંગ | ૮૦ |
| રાજ્ય સરકારનું દેવું તેમજ ચૂકવેલ વ્યાજ | ૧૫ |
| રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો | ૩૦૩ |
| સુરત જિલ્લામાં હજીરા ખાતે લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા નદીમાંથી રેતી મેળવીને પ્લાન્ટ એરિયામાં વાપરવા બાબત | ૫૫૪ |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૬૬ |
| **અશ્વિન કોટવાલ** | |
| નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની ક્ચેરીમાં પેન્શનના પડતર કેસો | ૪૯ |
| સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળને કરવામાં આવેલ કામોની દરખાસ્ત | ૫૪૬ |
| સાબરકાંઠા જિલ્લાના તાલુકાદીઠ આયોજન મંડળ દ્વારા ફાળવેલ ગ્રાન્ટ | ૫૬૩ |
| સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ | ૫૧૭ |
| સાબરકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના માટેની અરજીઓ | ૧૫૪ |
| સાબરકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવ | ૩૪૫ |
| સાબરકાંઠા જિલ્લામાં કૃષિ રથ પાછળ થયેલ ખર્ચ | ૩૨૧ |
| સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા થયેલ વૃક્ષોનું વાવેતર | ૧૮૪ |
| સાબરકાંઠા જિલ્લામાં બાજપાઇ નગર વિકાસ યોજના અન્વયે નગરપાલિકાઓને રક્મની ફાળવણી | ૪૨૮ |
| સાબરકાંઠા જિલ્લામાં મજૂરીમાંથી મુકત કરાયેલ બાળમજૂરો | ૪ |
| સાબરકાંઠા જિલ્લામાં વૃધ્ધોને પેન્શન યોજનાની મળેલ અરજીઓ | ૩૪ |
| સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસોની અરજીઓ | ૧૯૮ |
| સાબરકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકજૂથો દ્વારા બનેલ ચેકડેમો | ૪૦૬ |
| સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈના સાધનોની સહાય | ૩૩૯ |
| સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂના રોગથી થયેલ મૃત્યું | ૪૩૮ |
| **આત્મારામ મ. પરમાર** | |
| ભાવનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીની સુવિધા | ૩૪૧ |
| ભાવનગર જિલ્લામાં ગઢડા ખાતે સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ શરૂ કરવા બાબત | ૨૯૫ |
| ભાવનગર જિલ્લામાં ગાળા-સારંગપુર સિંચાઈ યોજનાની ડૂબમાં ગયેલ જમીનની કાર્યવાહી | ૩૨૫ |
| ભાવનગર જિલ્લામાં વિકલાંગોને આપેલ ઓળખપત્રો | ૧૬ |
| ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં થયેલ વાવેતર | ૧૪૪ |
| **આર.સી. પટેલ** | |
| જલાલપોર તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્મ હેઠળ મંજૂર કામો | ૪૧૨ |
| નવસારી જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૫૩ |
| નવસારી જિલ્લામાં સિંચાઈના શેષની ગ્રાન્ટ | ૧૩૬ |
| ફર્સ્ટક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની જગ્યા ભરવા અંગે | ૫૨૫ |
| બક્ષીપંચ જ્ઞાતિ માટે ક્રિમીલેયરની આવક મર્યાદા | ૨૯ |
| બક્ષીપંચની કારીગર જ્ઞાતિને ક્રિમીલેયરમાંથી મુક્તિ ન આપવાના કારણો અંગે | ૪૪ |
| **ઈકબાલ પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૯૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઈકબાલ પટેલ** | |
| જે.એન.એન.યુ.આર.એમ. અંતર્ગત ભરૂચ જિલ્લા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૪૩૬ |
| દહેજ જી.આઇ.ડી.સી. માટે જમીન સંપાદન કરવા બાબત | ૫૧૭ |
| પ્રવચન વાંચીને કરવા અંગે | ૨૦૮ |
| ભરૂચ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં ટ્રેડ વાર વિદ્યાર્થીઓ | ૫૫ |
| ભરૂચ જિલ્લામાં કાર્યરત પી.એચ.સી., સી.એચ.સી. અને આયુર્વેદ દવાખાનાઓ | ૪૨૩ |
| ભરૂચ જિલ્લામાં તાલુકાવાર માટી કામ, રેતી અને મેટલની લીઝો | ૫૪૬ |
| ભરૂચ જિલ્લામાં સ્વજલધારા અને બુટ બેઝિઝ આર.ઓ. પ્લાન્ટના કામો | ૩૯૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૯ |
| રાજ્ય સરકારનું જાહેર દેવું તેમજ ચૂકવેલ વ્યાજ | ૩૩ |
| વેટની થયેલ આવક તેમજ વેટના દરો અંગે | ૪૯ |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૭૦ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૬ |
| અમદાવાદ પતંગોત્સવ-૨૦૧૦નો ખર્ચ | ૪૨૦ |
| અમદાવાદ શહેર અને જિલ્લામાં અનાજ અને ખાંડનો ગેરકાયદેસર જથ્થો પકડવા બાબત | ૧૫૧ |
| નર્મદાનું પાણી પાઈપ લાઈનથી કેનાલોમાં પહોંચાડવા બાબત | ૪૯૬ |
| પરિવહન અને હાઈવે વિભાગ ધ્વારા રસ્તા બનાવવા મંજૂરી | ૩૦૨ |
| રાજ્યની ટી. બી. હોસ્પિટલોની ગ્રાન્ટ બંધ કરવા બાબત | ૩૮૬ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| વિજયનગર તાલુકામાં પેટાપરાંઓનું વીજળીકરણ | ૫૨૮ |
| સાબરકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવમાં થયેલ વધારો | ૩૦૮ |
| સાબરકાંઠા જિલ્લામાં નવા રેશન કાર્ડ માટેની અરજીઓ | ૧૫૭ |
| સાબરકાંઠા જિલ્લામાં નવી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો શરૂ કરવા બાબત. | ૩૩૩ |
| સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ | ૨૩ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૯ |
| નર્મદા યોજના અંતર્ગત નહેરોના કામો | ૫૩૭ |
| રાજ્યના મુખ્યમંત્રી ફંડમાંથી કેન્સર, કિડની તેમજ અન્ય રોગ માટે સહાય | ૨૭૮ |
| વડોદરા જિલ્લાના તળાવો નર્મદા યોજનાની પાઈપ લાઈનથી ભરવા બાબત | ૪૯૨ |
| વડોદરા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો | ૩૪૦ |
| વડોદરા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો | ૧૫૮ |
| વડોદરા જિલ્લામાં મુંબઇ શાહુકાર ધારા ભંગ બદલ મળેલ ફરીયાદો | ૩૨૩ |
| વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાઓના ભંગની મળેલ ફરીયાદો | ૨૬ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૨ |
| મહેસાણા જિલ્લામાં આધુનિક પાક બજાર માટે વ્યવસ્થા | ૩૧૩ |
| મહેસાણા જિલ્લામાં સખી મંડળોને ધિરાણ આપવા બાબત | ૧૩૨ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| જુનાગઢ જિલ્લાના ગામોને જોડતા પેચવર્ક કરવા અંગે | ૩૧૭ |
| જુનાગઢ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજી | ૫૩૬ |
| જૂનાગઢ જિલ્લાના તાલુકાવાર બંધારણીય ક્લમ-૩૦૭ હેઠળ નોંધાયેલ ગુનાઓ | ૪૯૦ |
| જૂનાગઢ જિલ્લાની મધુવંતી સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવા બાબત | ૩૯૬ |
| જૂનાગઢ જિલ્લામાં ચોમાસુ પાક વીમો આપવા અંગે | ૩૩૭ |
| જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત હાલતના ઓરડા | ૩૪૫ |
| જૂનાગઢ જિલ્લામાં ફિડરોનું વિભાજન | ૫૫૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૮ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| ૧૨મા નાણા પંચની ગ્રાન્ટમાંથી ભાવનગર જિલ્લા પંચાયતને આપેલ ગ્રાન્ટ | ૧૯૧ |
| ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ આયોજન મંડળે ફાળવેલ ગ્રાન્ટ | ૫૫૬ |
| ભાવનગર જિલ્લામાં દૂધાળા ઢોરની સંખ્યા | ૩૪૧ |
| ભાવનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર મંજૂર થયેલ મહેકમ | ૪૯૩ |
| ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન | ૩૨૬ |
| ભાવનગર જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ ખેડૂતોને લાભ | ૨૯૫ |
| મહુવા તાલુકામાં ખેતી માટેના વીજ ક્નેક્શનો | ૫૩૭ |
| મહુવા તાલુકામાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામમાં આપેલ લાભ | ૧૭૨ |
| મહુવા તાલુકામાં સી.એચ.સી. દીઠ સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ | ૪૩૮ |
| મહુવા શહેર અને તાલુકામાં કેરોસીન આપવા બાબત | ૨૦૧ |
| માલણ બંધારા અને સમઢીયાળા બંધારા વચ્ચેની વિસ્તરણ નહેરના કામ અંગે | ૪૧૧ |
| શેત્રુંજી સિંચાઈ હેઠળ લોંગડી-રાણપરડા- તરેડી નવી કેનાલ અંગે દરખાસ્ત | ૪૩૨ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અમદાવાદ જિલ્લામાં ઈન્દિરાઆવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત | ૧૩૪ |
| અમદાવાદ જિલ્લામાં કેન્સરના દર્દીઓને ચૂક્વેલ સહાય | ૩૩ |
| અમદાવાદ જિલ્લામાં માપણીના પેન્ડીંગ કેસો | ૩૦૯ |
| અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ થયેલ વાવેતર | ૧૭૬ |
| અમદાવાદ જિલ્લામાં સેવા સદન બનાવવાની કામગીરી | ૩૩૨ |
| પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંક્ના મકાનોની મરામત | ૫૧૮ |
| ફતેવાડી કેનાલ આધારિત સાણંદ અને ધોળકા તાલુકામાં નહેરોની સુધારણા | ૩૮૧ |
| **કલ્યાણસિંહ દે. ચૌહાણ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૨૦ |
| ગાંધીનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર | ૧૬૮ |
| પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ રાજ્યને મળેલ રાષ્ટ્રીય ક્ક્ષાના એવોર્ડ | ૪૧૦ |
| **કાંતિભાઈ રા. પટેલ** | |
| પાટણ-ઉંઝાના રસ્તાને પહોળો કરવા આયોજન | ૩૩૧ |
| ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીને કાર્યાન્વિત કરવા અંગે | ૫૦૪ |
| મહેસાણા જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મંજૂર મહેકમ | ૩૦૭ |
| મહેસાણા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૪૩ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| ઔદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની યોજના | ૫૨૪ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૩૦ |
| **કાનજીભાઈ ૨ા. તળપદા** | |
| અમદાવાદ જિલ્લામાં તલાટીઓની ખાલી જગ્યાઓ | ૧૭૩ |
| અમદાવાદ જિલ્લામાં વૃધ્ધ પેન્શનના લાભાર્થીઓ | ૨૪ |
| ધોળકા અને બાવળા તાલુકામાં મોટા ખેડૂતોને કેરોસીન ન આપવા બાબત | ૧૯૩ |
| ધોળકા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી | ૨૦૩ |
| રાજ્યના બોર્ડરવીંગના જવાનોને છઠ્ઠા પગારપંચના લાભ અંગે | ૫૨૮ |
| વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસમેન્ટ સમીટમાં ઉદ્યોગો માટે ફાળવેલ જમીનના એમ.ઓ.યુ. | ૩૧૨ |
| **કાન્તિલાલ ૨ા. લકુમ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૭ |
| અમદાવાદ જિલ્લાના જર્જરિત વીજ વાયરો બદલવા બાબત | ૫૨૨ |
| અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને અલગ રેશનકાર્ડની અરજીઓ | ૧૮૩ |
| અમદાવાદ જિલ્લામાં સરદાર આવાસ યોજનાના મકાનોમાં રહેવા ન જવા બાબત | ૧૫૨ |
| અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૮ |
| ફતેવાડી કેનાલ આધારિત ધોળકા તાલુકામાં નહેરોની સુધારણા | ૪૧૧ |
| મોરબી સિવીલ હોસ્પિટલના નવીનીકરણ અને સુધારણા બાબત | ૪૧૩ |
| **કાળુભાઈ વીરાણી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૮ |
| અમરેલી જિલ્લાના સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાના કામો | ૩૨૩ |
| અમરેલીથી સાવરકુંડલા સ્ટેટ હાઈવે રોડના કામમાં નડતરરૂપ વૃક્ષો | ૧૬૦ |
| અમરેલી જિલ્લામાં સાવરકુંડલાથી રાજુલા તાલુકાના પીપાવાવને પ્રગતિ પથ હેઠળ સમાવવા બાબત | ૨૭૭ |
| જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવાની યોજના | ૫૦૧ |
| જૂનાગઢ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. બીલ્ડીંગના મંજૂર કામો | ૪૨૯ |
| બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલની રજૂઆત | ૩૪૮ |
| સાવરકુંડલા તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠો | ૪૦૭ |
| સાવરકુંડલા તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાની મકાન બાંધકામની મળેલ માંગણીઓ | ૩૨ |
| સાવરકુંડલા તાલુકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે ચૂકવેલ સહાય | ૪૫ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| અંક્લેશ્વર તેમજ ઝગડીયા દહેજ ખાતે જી.આઈ.ડી.સી.માં મજૂરોના વેતન અંગે | ૫૩ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૫ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૨૩૨ |
| જંબુસર અને આમોદ તાલુકાના તળાવો નર્મદાના પાણીથી ભરવા અંગે | ૫૪૫ |
| જંબુસર તાલુકાના ગામના તળાવો નર્મદાના પાણીથી ભરવા બાબત | ૫૬૩ |
| ભરૂચ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ માધવી ગ્રામ ઉદ્યોગ મંડળીને પ્રોજેક્ટ આપવા બાબત | ૧૪૬ |
| ભરૂચ જિલ્લામાં ઓ.બી.સીના નવા છાત્રાલયો શરૂ કરવા કરેલ આયોજન | ૨૬ |
| ભરૂચ જિલ્લામાં ગોણ ખનીજ પેદાશોની રોયલ્ટીના નાણાં અંગે | ૫૧૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| ભરૂચ જિલ્લામાં જંબુસર, આમોદ, વાલીયા અને ઝગડીયા તાલુકામાં પરા/ફળીયાને મુખ્ય રસ્તાથી જોડવા બાબત | ૩૨૧ |
| ભરૂચ જિલ્લામાં નવા છાત્રાલયો શરૂ કરવા અંગે | ૪૨ |
| ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજના નીચે બી.પી.એલ. લાભાર્થીઓને આવાસ આપવા બાબત | ૧૮૧ |
| ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો | ૧૯૭ |
| ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત બાંધેલ ચેકડેમો | ૪૧૦ |
| સ્થંભેશ્વર મહાદેવને યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત | ૪૩૨ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૫૨ |
| ઉકાઈ ડાબાકાંઠા નહેરથી સિંચાઈનો લાભ | ૪૧૫ |
| નર્મદા યોજના અંતર્ગત ઈરીગેશન બાયપાસ ટનલના કામો | ૫૩૦ |
| વેર-૨ સિંચાઈ યોજનામાં સમાવિષ્ટ વિસ્તાર | ૪૩૫ |
| સુરત જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૧૬૯ |
| **કિશોર વાંકાવાલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૭ |
| તાપી નદીના પાળાની ઉંચાઇ વધારવા અને પાળાનું મજબુતીકરણ કરવા બાબત | ૪૦૮ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૧ |
| રાજ્યમાં ખેતીવાડી માટે વપરાતી વીજળી પર ઈલેક્ટ્રીસીટી ડયુટી વસૂલવા બાબત | ૫૦૦ |
| સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત | ૧૪૭ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૩ |
| અરેઠ સી.એચ.સી.માં મંજૂર મહેકમ | ૪૧૯ |
| તાપી અને સુરત જિલ્લામાં રહેમરાહે નોકરીના કેસો પડતર રહેવા બાબત | ૧૭૨ |
| બારડોલી અને માંડવી તાલુકામાં ગ્રામવનોમાં વાવેતર કરવા બાબત | ૧૯૧ |
| માંડવી તાલુકાના ગામોમાં ખેતીની અને ગોચર જમીનમાંથી પથ્થરો કાઢવાની ક્વોરીની કામગીરી | ૫૪૬ |
| શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં બાળકોની ચકાસણી | ૩૭૯ |
| સચિવાલયમાં ઉપસચિવની જગ્યામાં બઢતી આપવા બાબત | ૫૧૬ |
| સુરત અને તાપી જિલ્લાના રસ્તાઓની મરામતની કામગીરી | ૩૧૯ |
| સુરત અને તાપી જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટ આપવા બાબત | ૨૦૨ |
| **કેશુભાઈ નાકરાણી** | |
| ગારીયાધાર ડીવીઝનનું બે ભાગમાં વિભાજન કરવા અંગે | ૫૨૦ |
| ગારીયાધાર તાલુકામાં નવીન જી.આઈ.ડી.સી. બનાવવા બાબત | ૫૪૮ |
| ભાવનગર જિલ્લામાં જમીન માપણીની કચેરીમાં સંવર્ગવાર ખાલી જગ્યા | ૩૨૮ |
| ભાવનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ | ૧૯ |
| શિહોર અને ગારિયાધાર તાલુકામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ | ૩૪૧ |
| શિહોર અને ગારિયાધાર તાલુકામાં તળાવો ઊંડા કરવા અંગે | ૩૦૧ |
| **કેશુભાઈનાકરાણી** | |
| ભાવનગર જિલ્લામાં મોટી નદીઓ ઉપર ચેકડેમો | ૩૮૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૫૩ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૨૩૨ |
| વડોદરા જિલ્લામાં ખેડૂત પ્રમાણપત્રો બનવા માટે અરજીઓ | ૩૪૫ |
| વડોદરા જિલ્લામાં સરદાર આવાસ બનાવવામાં હલકા પ્રકારની કામગીરીની ફરિયાદો | ૧૮૭ |
| વડોદરા જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન હેઠળ પ્રાથમિક શાળામાં ભૌતિક સુવિધાઓ | ૩૩૯ |
| વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનના નવા પરવાના આપવા બાબત | ૧૬૬ |
| સાવલી અને વડોદરા વચ્ચે ભારે વાહનોથી થયેલા અકસ્માતોના બનેલા બનાવો | ૪૮૪ |
| સાવલી તાલુકામાં ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પડતર અરજીઓ | ૫૩૪ |
| સાવલી વડોદરા જી.આઈ.ડી.સી.ના યુનીટો નિયંત્રણ રેખાના નિયમ વિરૂધ્ધના બાંધકામો | ૩૨૨ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| રાજ્યમાં જિલ્લાવાર મીઠાનું ઉત્પાદન | ૪૮૬ |
| શ્રમયોગીઓના સ્વાસ્થ્ય અંગે કરેલ કામગીરી | ૧૪ |
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત સુરત જિલ્લામાં ચેકડેમો | ૪૧૮ |
| સુરત જિલ્લાના રસ્તાને પહોળો કરવા આયોજન | ૩૨૮ |
| **ગીતાબેન યો. પટેલ** | |
| અમદાવાદ જિલ્લામાં કન્યાઓને બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ આવરી લેવા બાબત | ૩૦૫ |
| અમદાવાદ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન | ૪૯૬ |
| ઈજનેરી અનુસ્નાતક અભ્યાસક્રમોની બેઠકોમાં વધારો | ૩૩૦ |
| એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા થયેલ કેસોના નિકાલ માટે ખાસ અદાલતની સ્થાપના | ૫૩૮ |
| મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મોડેલ હોસ્પિટલ બનાવવા અંગે | ૪૦૪ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૩ |
| **ગુલસીંગભાઈ રં. રાઠવા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૮ |
| ખેતી વિષયક જંતુનાશક દવાઓની ગુણવત્તા માટે વ્યવસ્થા | ૩૨૦ |
| ગાંધીનગરને મહાનગરપાલિકાના દરજ્જા બાબત | ૪૩૦ |
| દાહોદ ચેકપોસ્ટની આવક | ૫૩૯ |
| નર્મદા યોજના અંતર્ગત ઈરીગેશન બાયપાસ ટનલના કામો | ૪૯૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૨ |
| વડોદરા જિલ્લાના રસ્તાને પહોળા કરવા આયોજન | ૩૩૮ |
| વડોદરા જિલ્લામાં મોટા ચેકડેમો | ૪૧૪ |
| વડોદરા જિલ્લામાં શ્રમ કાયદાઓના ભંગની મળેલ ફરીયાદો | ૧૬ |
| વડોદરા જિલ્લામાં સખી મંડળોની રચના | ૧૫૩ |
| **ગોવિંદભાઈ ઉ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૬ |
| ગુમાવેલ માનવદિનની સંખ્યામાં ઘટાડો કરવા અંગે | ૧૮ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૫ |
| રાજકોટ ખાતે આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી પાછળ ખર્ચ | ૨૭૧ |
| રાજ્યમાં જિલ્લાવાર મીઠાનું ઉત્પાદન | ૫૧૯ |
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | |

| વિષય | પાના નંબર |
| --- | --- |
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૦ |
| બનાસકાંઠા જિલ્લાના જર્જરિત વીજ વાયરો બદલવા બાબત | ૪૯૫ |
| બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત | ૧૩૮ |
| બનાસકાંઠા જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત | ૧૭૭ |
| રાજ્યમાં ગુમાવેલ માનવદિનની સંખ્યામાં ઘટાડો કરવા અંગે | ૧૪ |
| **ગોવિંદભાઈ મા.પ્રજાપતિ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૯૪ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | |
| અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા સહાય | ૪૩૭ |
| ખેડા જિલ્લાની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા | ૨૯૬ |
| ખેડા જિલ્લામાં ખુલ્લા વીજ વાયરો તથા ઇલેક્ટ્રીક સાધનોને લીધે થયેલ નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ | ૫૪૩ |
| ખેડા જિલ્લામાં ગાંડા બાવળના કારણે રસ્તાઓ બંધ/સાંકડા થવા બાબત | ૧૮૩ |
| ખેડા જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજના હેઠળ વિદ્યુતિકરણની અરજીઓ | ૫૦૯ |
| ખેડા જિલ્લામાં પેન્શનરોને સમયસર પેન્શન ચૂકવવા અંગે | ૪૧ |
| ખેડા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ નીચે મહિલા જૂથોની રચના | ૧૫૨ |
| ખેડા જિલ્લામાં વનીકરણ કરવા બાબત | ૧૯૮ |
| ચિરંજીવી યોજના અંતર્ગત તબીબોને મહેનતાણું | ૩૯૬ |
| રાજ્યમાં હીપેટાઇટીસ રોગના દર્દી | ૪૨૩ |
| રૂા. એક કરોડથી વધુ બાકી વેચાણવેરાના એકમો | ૨૨ |
| વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૯ માં ઉર્જા ક્ષેત્રે થયેલા એમ.ઓ.યુ. | ૫૫૯ |
| **ગ્યાસુદીન હ. શેખ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૨ |
| અમદાવાદ શહેરમાં સ્થાવર મિલ્કતને લગતી તકરારમાં પોલિસે ન પડવા બાબત | ૫૩૨ |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયો નાબૂદ થતા કામ વગર પગાર લેતા શિક્ષકો | ૩૧૪ |
| ગોધરાકાંડ અને ત્યારબાદના તોફાનોની તપાસ માટે નાણાવટી પંચની નિમણૂક | ૪૭૫ |
| જે.એન.યુ.આર.એમ. અંતર્ગત અમદાવાદ શહેરની ચાલીઓમાં નવી ગટર લાઇનો નાખવા બાબત | ૪૦૭ |
| તહેવારો દરમ્યાન ભાવોને કાબુમાં લેવા પામોલીન તેલ ખરીદવા બાબત | ૧૩૦ |
| **ચંદુભાઈ ડાભી** | |
| કરજણ તાલુકામાંથી પસાર થતી નર્મદાબ્રાન્ચ કેનાલ સાથે જોડાયેલ અટાલી માઇનોર કેનાલનું કામ | ૫૫૧ |
| નેશનલ પ્રોજેકટ ઓન ઓર્ગેનિક ફાર્મીગ પાછળ થયેલ ખર્ચ | ૩૩૮ |
| વડોદરા જિલ્લામાં ગામોને ઈ-ગ્રામ તરીકે જાહેર કરવા બાબત | ૧૭૦ |
| વડોદરા જિલ્લામાં નવિન આઈ.ટી.આઈ.માં શરૂ કરેલ નવા કોર્ષ | ૪૩ |
| વડોદરા જિલ્લામાં રસ્તાઓની મરામત પાછળ થયેલ ખર્ચ | ૩૨૦ |
| વડોદરા જિલ્લામાં વેટના વસૂલાતના બાકી એકમો | ૫૩ |
| વડોદરા શહેર અને જિલ્લામાં માનવ ગરીમા યોજનાના લાભાર્થીઓ | ૨૯ |
| વડોદરા શહેરમાં લુંટ, અછોડા તોડવાના, બળાત્કારના અને ઘરફોડ ચોરીના બનેલા બનાવો | ૫૩૦ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ચંદુભાઈ ડાભી** | |
| સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજનાઅંતર્ગત વડોદરા શહેર અને જિલ્લામાં ઈસ્યુ કરેલ કાર્ડ | ૩૯૯ |
| **ચંદ્રિકાબેન છ. બારીયા** | |
| દાહોદ જિલ્લાના ગરબાડા ચોકડી તેમજ શાળા નજીક સ્પીડ બ્રેકર મૂકવા બાબત | ૨૯૩ |
| દાહોદ જિલ્લાના ગરબાડાથી વાંસીયા ડુંગરી થઈ ધાનપુર તાલુકાને જોડતો ડબલ ટ્રેક રસ્તો | ૩૨૫ |
| દાહોદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જ્ગ્યાઓ | ૧૬૮ |
| દાહોદ જિલ્લામાં તાલુકાવાર મુક્ત કરાયેલ બાળમજૂરો | ૧૭ |
| દાહોદ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને આપવામાં આવતો અનાજનો જથ્થો | ૧૮૮ |
| દાહોદ જિલ્લામાં સિંચાઈની સુવિધા | ૪૨૧ |
| પાટાડુંગરી જળાશયમાંથી કાંપ અને માટી દૂર કરવા બાબત | ૩૮૭ |
| **છનાભાઈ કા. ચૌધરી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૭ |
| ધરમપુર તાલુકામાં ચિરંજીવી યોજના અંતર્ગત ચૂકવણી | ૪૨૨ |
| નવસારી જિલ્લામાં સેકટર રિફોર્મ યોજના હેઠળ મંજૂર પાણી પુરવઠાના કામો | ૩૯૨ |
| વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનાવો | ૫૧૪ |
| **જયંતીલાલ પ. ભાનુશાલી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૫ |
| અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓમાં ઉદ્યોગો માટે ફાળવેલ જમીન | ૫૫૮ |
| અબડાસા, નખત્રાણા અને લખપતતાલુકામાં ખુન, ધાડ અને ઘરફોડ ચોરીના બનાવો | ૫૦૨ |
| અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં હરિયાળી યોજનામાં આવરી લીધેલ ગામ | ૧૩૮ |
| કચ્છ જિલ્લામાં કાચા રસ્તાને પાકા બનાવવા મંજૂરી | ૩૪૪ |
| કચ્છ જિલ્લામાં તાલુકાવાર પકડાયેલ દારૂના જથ્થા બાબત | ૫૪૧ |
| કચ્છ જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ બનાવવા પાછળ ખર્ચ | ૩૧૩ |
| કચ્છ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે | ૩૩૫ |
| કચ્છ જિલ્લામાં પીવાના પાણી માટે નર્મદાનું પાણી પૂરૂં પાડવા આયોજન | ૪૦૯ |
| કચ્છ જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા બાબત | ૧૭૭ |
| કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ જોબકાર્ડ | ૧૯૬ |
| કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની તપાસ | ૪૩૧ |
| કચ્છ જિલ્લામાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અન્વયે મંજૂર કરેલ સહાય | ૧૧ |
| લખપત તાલુકાને કરેલ સહાય | ૩૮ |
| સૌરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત | ૪૫૯ |
| **જયનારાયણ વ્યાસ** | |
| ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબીશૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ અધિનિયમ અન્વેનીઅધિસૂચના | ૫૬૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૫૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૯૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૬૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૬૯ |
| **જયોત્સનાબેન ર. પટેલ** | |
| આણંદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ નીચે સખી મંડળોની રચના | ૧૪૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જયોત્સનાબેન ર. પટેલ** | |
| આણંદ જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના હેઠળ આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને આવરી લેવા બાબત | ૩૧૨ |
| ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીને કાર્યાન્વિત કરવા અંગે | ૫૦૩ |
| **જયોત્સનાબેન ર.પટેલ** | |
| આયુર્વેદ કોલેજોમાં બેઠક ક્ષમતા વધારવાની યોજના | ૩૭૬ |
| **જવાહરભાઈ પે. ચાવડા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૧ |
| **જશોદાબેન ચ. પરમાર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૯ |
| ફસ્ટક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની જગ્યાઓ ભરવા અંગે | ૫૦૬ |
| મહેસાણા જિલ્લામાં ટી.બી. ના દર્દીઓને આપેલ સહાય | ૨૨ |
| મહેસાણા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ તાલીમ | ૩૧૦ |
| મહેસાણા જિલ્લામાં સખી મંડળોને ધિરાણ | ૧૫૩ |
| **જસુબેન સ. કોરાટ** | |
| જેતપુર તાલુકામાં ચોરી અને લુંટફાટના નોંધાયેલ ગુનાઓ | ૫૦૬ |
| જેતપુર તાલુકામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ | ૨૦૦ |
| રાજકોટ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના ઘરથાળના પ્લોટ આપવા બાબત | ૧૬૭ |
| રાજકોટ જિલ્લામાં આપવામાં આવેલ દારૂના પરવાના | ૫૫૮ |
| રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારી માટેના રહેણાંક્ના મકાનો બનાવવા બાબત | ૫૪૨ |
| રાજકોડ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબ કાર્ડ આપવા બાબત | ૧૮૮ |
| રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓના મકાનો | ૨૭૨ |
| રાજકોટ જિલ્લાના સી.એચ.સી.માં ડોકટરો અને સ્ટાફની ખાલી જગ્યાઓ | ૪૧૬ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | |
| કપરાડા તાલુકામાં એન.જી.ઓ.એ બનાવેલ ચેકડેમ | ૪૦૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૦ |
| વેટના દરમાં ઘટાડો કરવા અંગે | ૧૭ |
| વલસાડ જિલ્લાના નાસિક મહારાષ્ટ્રને જોડતા રસ્તાની કાર્યવાહી | ૩૦૭ |
| વલસાડ જિલ્લામાં તાલુકાવાર પકડાયેલ ઇંગ્લીશ દારૂ | ૫૩૫ |
| વલસાડ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ | ૪૮૮ |
| વલસાડ જિલ્લામાં નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા કરેલ આયોજન | ૫૧ |
| વલસાડ જિલ્લામાં મુક્ત કરાવવામાં આવેલ બાળમજૂરો | ૪૦ |
| **જીતેન્દ્ર સુખડીયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૦ |
| રાજ્યમાં ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા | ૩૦૦ |
| વડોદરા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો | ૩૨૮ |
| સરદાર સરોવર બંધની મુલાકાત | ૪૯૭ |
| હિરણ જળાશય યોજનાની નહેરોની સુધારણાના કામો | ૪૦૧ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | |
| પંચમહાલ જિલ્લાના તાલુકાવાર દહેજ બાબતે મારી નાખવાના/આત્મહત્યાના નોંધાયેલ ગુનાઓ | ૫૦૯ |
| પંચમહાલ જિલ્લામાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૩૦૬ |
| **જોધાજી ગુ. ઠાકોર** | |
| ગરીબ કલ્યાણ મેળામાં જનની સુરક્ષા યોજના અંતર્ગત લાભ | ૩૯૬ |
| પાટણ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં નિરાધાર વૃધ્ધ સહાયના લાભાર્થીઓ | ૨૩ |
| પાટણ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં સખી મંડળોને આપવામાં આવેલ સહાય | ૧૭૭ |
| પાટણ જિલ્લામાં નર્મદા યોજનાનું પાણી સિંચાઈ માટે આપવાનું આયોજન | ૫૨૫ |
| પાટણ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના વધુ છાત્રાલયો ખોલવા કરેલ આયોજન | ૪૧ |
| પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ | ૧૩૮ |
| **તુષારસિંહ ક. મહારાઉલ** | |
| ઈ-ગ્રામ યોજના હેઠળ ૭/૧૨ તથા આનુષંગિક રેકર્ડની કામગીરી કમ્પ્યુટરાઈઝડ કરવા બાબત | ૩૧૦ |
| ગોધરા તાલુકાના ઓરવાડા ગામે નવિન પોલીસ આઉટ પોસ્ટ ખોલવા બાબત | ૪૯૮ |
| રમત માટેની હોસ્ટેલ સુવિધા શરૂ કરવા અંગે | ૨૮ |
| વેતન દરમાં તફાવત હોવા બાબત | ૧૫૨ |
| **દિનેશભાઈ બી. પટેલ** | |
| નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો | ૩૮ |
| પાદરા તાલુકામાં ઉંડા કરેલ તળાવો | ૪૩૦ |
| પાદરા તાલુકામાં નર્મદાની માઇનોર, સબમાઇનોર, ફીલ્ડ ચેનલના કામો | ૫૧૬ |
| પાદરા તાલુકામાં પીવાનું પાણી પૂરૂં પાડવા આયોજન | ૪૦૮ |
| પાદરા તાલુકામાં બાયપાસ રસ્તો બનાવવા દરખાસ્ત | ૩૪૧ |
| પાદરા તાલુકામાં રાજીવગાંધી વિજળીકરણ યોજના હેઠળ કરવામાં આવેલ વિજળીકરણ | ૫૪૫ |
| વડોદરા જિલ્લામાં જમીન માપણી કચેરીમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૯૯ |
| વડોદરા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓ ડામરના કરવા અંગે | ૩૨૮ |
| વડોદરા જિલ્લામાં બક્ષીપંચ વિદ્યાર્થીઓના છાત્રાલયોની સંખ્યા | ૧૩ |
| વડોદરા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત ચૂકવેલ સહાય | ૫૦ |
| વડોદરા જિલ્લામાં સ્મશાન સગડી આપવા બાબત | ૧૬૮ |
| **દિલીપસિંહ વ.પરમાર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૫ |
| પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનીટી હોલ બનાવવાની યોજના | ૫૨૧ |
| સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીની સુવિધા | ૩૦૮ |
| સાબરકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોની સંખ્યા | ૧૪૫ |
| સાબરકાંઠા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૭૯ |
| **દીતાભાઈ ભી. મછાર** | |
| ફતેપુરા તાલુકામાં પીવાનું પાણી | ૪૧૨ |
| **દુષ્યંતભાઈ ર. પટેલ** | |
| એ.આર.ટી.ઓ કચેરી ભરૂચી આવક | ૫૧૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૩ |
| ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર-રાજપીપળા રસ્તાને પહોળો કરવા આયોજન | ૩૩૧ |

| વિષય | પાના નંબર |
| --- | --- |
| **દુષ્યંતભાઈ ર. પટેલ** | |
| ભરૂચ જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે ફાળવેલ જમીન | ૩૦૭ |
| ભરૂચ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર | ૧૭૪ |
| વાલીયા તાલુકાની બલદેવા સિંચાઈ યોજના અંતર્ગત સિંચીત વિસ્તાર | ૩૯૧ |
| **દેવજીભાઈ ગો. ફતેપરા** | |
| ગાંધીનગર શહેરના સેકટર-૬માં ઝૂંપડપટ્ટી હટાવવાની જવાબદારી | ૩૪૨ |
| ગાંધીનગર શહેરમાં સેકટરોમાં માલધારીઓ દ્વારા થતા દબાણને દૂર કરવા અંગે | ૩૩૧ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ માટેની અરજીઓ | ૧૮૭ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ખાનગી માધ્યમિક શાળા શરૂ કરવા બાબત | ૩૦૫ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ | ૧૯૯ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૫૪ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ | ૪૬ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામો શરૂ કરવા બાબત | ૧૬૭ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં વિદ્યાર્થીઓના ગણવેશ પાછળ કરેલ ખર્ચ | ૩૩ |
| સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામોના વિકાસ પાછળ ખર્ચ | ૩૭૮ |
| **દેવુસિંહ જે. ચૌહાણ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૬ |
| ખેડા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ મંજૂર કરવા બાબત | ૧૪૮ |
| બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ ખેડા જિલ્લાની સહાય મેળવવાની અરજીઓ | ૫૨૬ |
| વિશ્વની ખ્યાતનામ યુનિવર્સિટીઓ ધ્વારા કોલેજો ખોલવા માટેની દરખાસ્તો | ૩૨૦ |
| **દોલતરાય ના. દેસાઈ** | |
| પ્રવચન વાંચીને કરવા અંગે | ૨૧૭ |
| **ધનજીભાઈ ગો. સેંધાણી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૧ |
| કચ્છ જિલ્લામાં ક્ષાર નિયંત્રણ માટે બંધારા | ૪૧૧ |
| કચ્છ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો | ૩૦૩ |
| કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો | ૧૭૩ |
| કચ્છ જિલ્લામાં અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ | ૨૩ |
| **ધીરસિંહભાઈ ક. બારડ** | |
| કોડીનાર તાલુકાના ગોહીલની ખાણ ગામે ગામતળના સર્વે નંબર ૧૩૬-અ માં કંપની ધ્વારા થયેલ પેશકદમી | ૧૪૪ |
| કોડીનાર તાલુકાના સિંધાજ ગામે ગામતળ અને સરકારી જમીનમાં થયેલ દબાણ | ૧૯૬ |
| કોડીનાર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનામાં બનાવેલ મકાનો | ૧૭૯ |
| કોડીનાર તાલુકામાં નોંધાયેલ મેડીકલ સ્ટોર્સના લાયસન્સદારો | ૪૪૦ |
| કોડીનાર તાલુકામાં સિંચાઈ વિભાગનું ખાલી મહેકમ | ૪૩૫ |
| કોડીનાર પોલીસ સ્ટેશનમાં પ્રતિનિયુક્તિથી મુકવામાં આવેલ પોલીસ કર્મચારીઓ | ૪૯૭ |
| ખાંભા તાલુકામાં મહી પરીએજ આધારિત પીવાનું પાણી | ૪૧૩ |
| જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગારોને આપેલ રોજગારી | ૫૪ |
| જૂનાગઢ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં વ્યાખ્યાતાઓની જગ્યાઓ ભરવા બાબત | ૩૦ |
| જૂનાગઢ જિલ્લામાં ઇ-ધરા સેન્ટરોમાંથી મળતી ૭/૧૨, ૮-અ ના હક્કપત્રની નકલોમાં ક્ષતિઓ | ૩૨૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ધીરસિંહભાઈ ક. બારડ** | |
| જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનુ મામેરું યોજના અન્વયેના લાભાર્થીઓ | ૪૫ |
| જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં સુવિધા | ૨૯૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૫૦ |
| **ધીરૂભાઈ ચુ. ભીલ** | |
| ખેતીવાડીની વીજ માંગને પહોંચીવળવા ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળી | ૪૮૯ |
| નસવાડી અને ક્વાંટ તાલુકાઓમાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૩૮૫ |
| વડોદરા અને નર્મદા જિલ્લામાં ખેડૂતોની જમીન વીલના આધારે એન્ટ્રીઓ આપવાની ફરિયાદો | ૩૦૧ |
| વડોદરા અને નર્મદા જિલ્લામાં ડિટેઇન કરવામાં આવેલ વાહનો | ૫૩૫ |
| **નટવરસિંહ ફુ. ઠાકોર** | |
| અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોને તાલુકા ફેર બદલીના પેન્ડીંગ કેસો | ૩૩૩ |
| ખેડા જિલ્લામાં કેરોસીન આપવા બાબત | ૧૫૯ |
| ખેડા જિલ્લામાં ટ્રેક્ટર પાવર ટ્રેલર યોજના હેઠળ અરજીઓ | ૩૪૩ |
| ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૩૭ |
| ખેડા જિલ્લામાં વિધવા સહાયના લાભો | ૩૧૧ |
| ખેડા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા | ૧૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૮ |
| મહુધા શહેરમાં પાઈપ લાઈનથી ગેસ | ૫૩૭ |
| રાજ્યમાં માથાદીઠ આવક તેમજ દેવું | ૫૦ |
| વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯ અંતર્ગતએમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગપતિઓએ કરેલ મૂડી રોકાણ | ૪૯૫ |
| **નરેશભાઈ મ. પટેલ** | |
| ૨૦૦૮-૨૦૦૯નો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૫૬૭ |
| નવસારી અને વલસાડ જિલ્લામાં વોટરશેડ યોજના અંતર્ગત કામગીરી | ૧૭૩ |
| નવસારી જિલ્લામાં ગ્રામ વન હેઠળ કરવામાં આવેલ વાવેતર | ૧૯૧ |
| **નાનુભાઈ ભ. વાનાણી** | |
| ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની યોજના | ૪૯૩ |
| તાપી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૧૮૭ |
| તાપી નદીમાં પૂરના પાણીને અટકાવવા યોજના | ૩૯૫ |
| રાજ્યમાં સહભાગી વન વ્યવસ્થાની યોજના | ૧૬૫ |
| **નારાયણભાઈ લ. પટેલ** | |
| પાટણ જિલ્લાના કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો | ૨૯૭ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૫ |
| પ્રવચન વાંચીને કરવા અંગે | ૨૧૮ |
| મહેસાણા જિલ્લામાં અંત્યોદય યોજના નીચે અનાજ આપવા બાબત | ૧૩૨ |
| **નિરંજન પટેલ** | |
| આણંદ જિલ્લાના વિસ્તારને નર્મદા યોજનાનું પિયતનું પાણી આપવા બાબત | ૫૪૯ |
| આણંદ જિલ્લામાં કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડ | ૩૩૪ |
| આણંદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓ | ૩૧૩ |
| આણંદ જિલ્લામાં બંધ થયેલા મોટા ઉદ્યોગો | ૫૨૫ |
| આણંદ જિલ્લામાં બક્ષીપંચ તથા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપેલ શૈક્ષણિક લોન | ૩૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **નિરંજન પટેલ** | |
| આણંદ જિલ્લામાં બોરીબંધ બનાવવા બાબત | ૧૨૪ |
| આણંદ જિલ્લામાં વેટ ચોરીના પાડેલ દરોડા | ૧૪ |
| ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના | ૪૦૧ |
| રાજ્યની માથાદીઠ આવક તેમજ દેવું | ૫૧ |
| **નીતિનભાઈ ર. પટેલ** | |
| અંદાજપત્રની ચર્ચાના કાર્યક્ષેત્ર અંગે | ૨૪૩ |
| સૌરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત | ૪૬૨ |
| **નીમાબેન બી. આચાર્ય** | |
| એ.આર.ટી.ઓ કચેરી ગાંધીધામ-ભૂજની આવક | ૫૨૪ |
| કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી પાછળ ખર્ચ | ૩૧૩ |
| કચ્છ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત | ૧૬૭ |
| **પંકજકુમાર વી. દેસાઈ** | |
| ખેડા જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી | ૩૩૦ |
| ખેડા જિલ્લામાં મહેસૂલી સંવર્ગની ખાલી જગ્યાઓ | ૩૦૫ |
| બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ સહાય મેળવવાની ખેડા જિલ્લાની અરજીઓ | ૫૩૮ |
| રાજ્યમાં મોડેલ આયુર્વેદિક કોલેજની સ્થાપના | ૪૧૨ |
| સરદાર સરોવર બંધની મુલાકાત | ૪૯૭ |
| **પરેશભાઈ ગો. વસાવા** | |
| તાપી જિલ્લામાં ચેકડેમો | ૩૭૫ |
| પોરબંદર શહેર અને જિલ્લામાં થયેલ ખૂન/હત્યાઓના હત્યારાને પકડવાના બનાવો | ૫૦૯ |
| પોરબંદરમાં એન્વાયરમેન્ટની કાર્યવાહી થઇ ન હોય એવી લીઝ ધારકોને લીઝમાંથી ઉત્ખનન ચાલું રાખવા દેવા બાબત | ૫૪૪ |
| **પુનાભાઈ ઢે. ગામીત** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૭ |
| કેન્દ્ર સરકારની રોજગારી ગેરંટી યોજનામાં બોરીબંધ બાંધવા બાબત | ૧૯૯ |
| તાપી જિલ્લાના તાલુકાવાર ગામોનું બાકી વિજળીકરણ | ૪૯૧ |
| તાપી જિલ્લામાં આદિજાતિ વિકાસવિભાગની ગ્રાન્ટમાંથી શૈક્ષણિક સાધનોની ખરીદી કરવા બાબત | ૧૮૫ |
| તાપી જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માટેની કચેરીઓ | ૩૧૬ |
| તાપી જિલ્લામાં તાલુકાવાર પોલીસ મહેકમ | ૫૫૬ |
| તાપી જિલ્લામાં એન.જી.ઓ. ને કામો સોંપવા બાબત | ૧૬૧ |
| તાપી જિલ્લામાં નવા છાત્રાલયો શરૂ કરવા કરેલ આયોજન | ૩૯ |
| તાપી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ હસ્તકની પાણીની ટાંકીઓ | ૪૧૩ |
| રાજ્યના બોર્ડરવીંગના જવાનોને છઠ્ઠા પગાર પંચના લાભ અંગે | ૫૩૭ |
| રાજ્યમાં પેટ્રોલ ડીઝલ અને અનાજ ઉપરના વેટથી થયેલ આવક | ૧૬ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં સેકટર રિફોર્મ યોજના અન્વયે મંજૂર કામો | ૪૩૩ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૩૮ |
| **પ્રફુલભાઈ ખો. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **પ્રફુલભાઈ ખો. પટેલ** | |
| ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા અંતર્ગત આરોગ્ય કમિશનર દ્વારા મંજૂરી | ૪૦૭ |
| લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ડી.૬ ઓઈલ ફીલ્ડમાંથી ગેસ ફાળવવા બાબત | ૫૩૧ |
| સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત | ૧૫૧ |
| **પ્રભુભાઈ ના. વસાવા** | |
| ગોળધા લીંક કેનાલનું કામકાજ | ૪૦૩ |
| તાપી જિલ્લાના ઉકાઈ જળાશયમાં માછીમારીના ટેન્ડર અંગે | ૨૯૬ |
| રાજપીપળા પમિ વન વિભાગમાં જિલ્લા/તાલુકાનો સમાવેશ | ૧૮૩ |
| સુરત અને તાપી જિલ્લામાં જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મહેકમ | ૧૫૦ |
| સુરત અને તાપી જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાના કામો | ૪૨૮ |
| સુરત અને તાપી જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૯ |
| **પ્રવિણભાઈ મો. માકડિયા** | |
| રાજકોટ જિલ્લાની ફોફળ-૧ સિંચાઇ યોજનાની નહેરો પાકી કરવા બાબત | ૩૮૬ |
| રાજકોટ જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના | ૧૮૬ |
| રાજકોટ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી ગેરંટી યોજનામાં રોજગારી આપવા બાબત | ૧૬૫ |
| વીજળી પરના ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો | ૫૨૪ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | |
| અમદાવાદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો | ૧૫૬ |
| અમદાવાદ જિલ્લામાં મુંબઈ શાહુકાર ધારા ભંગ બદલ મળેલ ફરિયાદો | ૨૯૯ |
| અમદાવાદ જિલ્લામાં લોક અદાલતોનું Eાયોજન | ૫૦૫ |
| **ફકીરભાઈ ર. વાઘેલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૩૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૪૨ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૩૯ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૪૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૩૯ |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૭૧ |
| **ફતેસિંહ વ. ચૌહાણ** | |
| ઘોઘંબા તાલુકામાં સરદાર સહભાગી જળસંચય યોજના અંતર્ગત બનેલ ચેકડેમો | ૪૦૩ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૨ |
| **બચુભાઈ ના. કિશોરી** | |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૨૩૧ |
| દાહોદ જિલ્લામાં તાલુકાવાર આયોજન મંડળના કામો | ૫૫૮ |
| દાહોદ જિલ્લામાં તાલુકાવાર માર્ગ અકસ્માતના નોંધાયેલ કેસો | ૫૦૬ |
| દાહોદ જિલ્લામાં સ્વજલધારા યોજના | ૪૦૨ |
| મુંવાલીયા ડેમ આધારિત સિંચાઇ કેનાલની જમીનમાં દબાણ | ૪૨૮ |
| સરફેશ વોટરથી પંપો દ્વારા સિંચાઇ કરનાર કૃષિ વીજ જોડાણો ઉપર વીજ દરનો વધારો | ૫૪૨ |
| **બાબુભાઈ જ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **બાબુભાઈ જ. પટેલ** | |
| અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ | ૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૭ |
| બાલસખા યોજના હેઠળ લાભ | ૪૦૨ |
| **બાબુભાઈ જે. દેસાઈ** | |
| બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગની લોન સહાયની અરજીઓ | ૫૪૯ |
| બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષય વીજ જોડાણોની અરજી | ૫૨૩ |
| બનાસકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ તરીકે જાહેર કરવા બાબત | ૧૬૦ |
| રાજ્યમાં ટેક્નોલોજીના ઉપયોગથી પ્રોપર્ટી કાર્ડ તથા જમીન માપણી ઝડપી બનાવવા કામગીરી | ૨૯૩ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૬ |
| **બાબુભાઈ મે. શાહ** | |
| કચ્છ જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે ભાડા પટ્ટે આપેલ જમીનોની મહેસૂલી | ૩૦૨ |
| પ્રવચન વાંચીને કરવા અંગે | ૨૧૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૭૭ |
| માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી સભ્યશ્રીએ કરેલ ખુલાસો | ૩૪૮ |
| મુંદ્રા તાલુકામાં કોસ્ટલ પાવર સ્ટેશન/ટાટા પાવર સ્ટેશનમાં પકડાયેલ વિદેશી દારૂ | ૫૧૦ |
| સૌરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત | ૪૬૦ |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૬૮ |
| **બાવકુભાઈ ના. ઉંધાડ** | |
| અમદાવાદ અને રાજકોટના મલ્ટીપ્લેક્ષ થિયેટરો પાસેથી કરેલ મનોરંજન કરની વસૂલાત | ૫૫૬ |
| અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરમાં જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં પડતર કેસોના નિકાલ અંગે | ૫૦ |
| અમરેલી જિલ્લામાં પૂલ બનાવવાનું કામ શરૂ થવા અંગે | ૩૩૭ |
| કચ્છ અને અમરેલી જિલ્લામાં નાની, મોટી અને મધ્યમ સિંચાઈના કામો | ૪૦૦ |
| કલ્પસર યોજના બનાવવાના પ્રથમ દર્શીય અહેવાલ બાબત | ૪૯૯ |
| કુકાવાવ અને વડીયા રોડના સાંકડા પુલ પહોળા કરવા બાબત | ૩૧૯ |
| છઠ્ઠા પગારપંચ અન્વયે પડતર માગણીઓના હલ અંગે | ૩૭ |
| પ્રવચન વાંચીને કરવા અંગે | ૨૨૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૩ |
| રાજ્ય દ્વારા ખરીદવામાં આવેલ વીજળી | ૫૩૯ |
| રાજ્ય સરકારનું દેવું | ૧૩ |
| સરકાર હસ્તક બાળરોગ નિષ્ણાતનું મહેકમ | ૪૨૬ |
| **બ્રિજરાજસિંહ હે. જાડેજા** | |
| જામનગર જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી | ૪૨૦ |
| જામનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામતની કામગીરી | ૩૦૪ |
| જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૩૩૦ |
| જીણાવાણી અને ભુપત આંબરડી નાની સિંચાઇ યોજના માટે બજેટમાં જોગવાઇ | ૩૮૬ |
| **ભગવાનજીભાઈ લા. કરગટીયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભગવાનજીભાઈ લા. કરગટીયા** | |
| જુનાગઢ જિલ્લામાં જમીન ધોવાણની સહાય મેળવવા મળેલ અરજીઓ | ૩૧૮ |
| જૂનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો | ૫૦૦ |
| જૂનાગઢ જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત | ૧૫૮ |
| ઝાંઝેશ્રી સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવા બાબત | ૪૧૩ |
| માળીયા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અતર્ગત મંજૂર કામો | ૪૩૫ |
| **ભગવાનભાઈ ધા. બારડ** | |
| અમરાપુરથી લોઢવાને જોડતી સરસ્વતી નદી પરથી લીંક મંજૂર કરવા | ૪૦૬ |
| જુનાગઢ જિલ્લામાં ટ્રેક્ટર અને પાવર ટ્રેલર યોજના હેઠળ અરજીઓ | ૩૩૩ |
| જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પોલીસ કર્મચારીઓના આવાસો | ૫૩૨ |
| જૂનાગઢ જિલ્લામાં માછીમારોને આવાસ યોજના | ૩૧૧ |
| પોરબંદર શહેર અને જિલ્લામાં થયેલ ખૂન/હત્યાના હત્યારાઓને પકડવાના ગુનાઓ | ૪૭૭ |
| **ભરત બારોટ** | |
| ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના | ૧૩૬ |
| રાજ્યની જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવાની યોજના | ૫૦૧ |
| રાજ્યમાં કાર્યરત ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓની સંખ્યા | ૨૮ |
| **ભરતભાઈ ખો. બોઘરા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૮ |
| રાજકોટ જિલ્લામાં પશુ દવાખાનાઓની સંખ્યા | ૨૯૪ |
| રાજકોટ જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો | ૧૫૫ |
| રાજકોટ જિલ્લામાં વિક્લાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ | ૨૨ |
| ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા અંતર્ગત આરોગ્ય કમિશનર દ્વારા મંજૂરી | ૩૮૫ |
| **ભરતભાઈ વ. ખોરાણી** | |
| સુરેન્દ્રનગર જિલ્લાના ધોળી ધજા ડેમમાં નર્મદાનું પાણી નાંખવા બાબત | ૫૧૧ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલનું વિતરણ કરવા બાબત | ૧૭૯ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત | ૧૯૬ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં થયેલ વાવેતર | ૧૪૪ |
| **ભરતસિંહજી શં. ડાભી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૫ |
| મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈના સાધનો માટે અરજીઆ | ૩૦૦ |
| મહેસાણા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૩૦ |
| મહેસાણા જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૮૯ |
| રાજ્યમાં ખેતીવીડી માટે વપરાતી વીજળી પર ઈલેકટ્રીસીટી ડયુટી વસૂલવા બાબત | ૫૨૨ |
| **ભાનુબેન મ. બાબરીયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૪ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૫ |
| અમદાવાદ, વડોદરા અને રાજકોટ જિલ્લામાં "૧૦૮" આરોગ્ય સેવાના કોલ | ૩૯૦ |
| ક્ષેત્રિય વન વિભાગ દ્વારા રાજકોટ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૧૫૧ |
| માનનીય મુખ્ય મંત્રીશ્રીના કન્યા કેળવણી નિધિમાં જમા થયેલ ફંડ | ૩૩૯ |
| રાજકોટ કોટડા સાંગાણી અને લોધીકા તાલુકામાં ગામતળ નીમ કરવા બાબત | ૩૨૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભાનુબેન મ. બાબરીયા** | |
| રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત | ૧૮૩ |
| **ભારતીબેન અ. રાઠોડ** | |
| જુનાગઢ જિલ્લામાં વીજ ગ્રાહકોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર ફિડરોનું વિભાજન | ૪૮૮ |
| સુરત જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો | ૩૨૮ |
| સુરત જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ | ૨૯૯ |
| સુરત જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૧૬૩ |
| સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર | ૧૮૫ |
| **ભારતીબેન અ.રાઠોડ** | |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૫ |
| **ભાવનાબેન રા. મકવાણા** | |
| બાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ ભાવનગર જિલ્લાની સહાય મેળવવાની અરજીઓ | ૪૮૧ |
| ભાવનગર જિલ્લામાં ઘર-દીવડા યોજના હેઠળ મહિલાઓને સહાય | ૩૦૧ |
| ભાવનગર જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૫૮ |
| **ભાવસિંહ ડા. રાઠોડ** | |
| સમી અને હારીજ તાલુકામાં પાણી પુરવઠા દ્વારા પાણી મેળવતા ગામો | ૪૧૯ |
| સમી-હારિજ તાલુકામાં તળાવો નવા બનાવવા તેમજ તળાવોમાં સુધારા-વધારા બાબત | ૩૮૫ |
| સમી-હારીજ તાલુકામાં ગ્રામ વિકાસના મંજૂર થયેલ રસ્તાઓ | ૩૦૭ |
| સમી-હારીજ તાલુકામાં વોટરશેડ યોજનામાં થયેલ કામ | ૧૪૪ |
| **ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૯૩ |
| નર્મદા જિલ્લામાં સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી | ૩૧૮ |
| નર્મદા ડેમથી વીજ ઉત્પાદન | ૫૨૬ |
| **મંગળભાઈ મા. પટેલ** | |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૭૩ |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૬૪ |
| **મંગુભાઈ છ. પટેલ** | |
| ૨૦૦૮-૨૦૦૯નો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૫૬૭ |
| **મણીભાઈ દે. પટેલ** | |
| કઠલાલ તાલુકાના અપ્રુજી ગામની જમીન નર્મદા કમાન્ડમાં લેવા બાબત | ૫૦૧ |
| કપડવંજ તાલુકાની ટેક્નીકલ સ્કૂલ બંધ કરવા અંગે | ૩૦૪ |
| કપડવંજ તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજનાના લાભાર્થીઓ | ૩૩ |
| ખેડા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ પ્રવૃત્તિ | ૪૭ |
| રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યાઓ | ૧૮૧ |
| રાજ્યમાં સ્વાઈન ફ્લૂથી મૃત્યુ | ૪૧૫ |
| વાઘજીપુર ગામની રેન્જ ફોરેસ્ટ ઓફિસ હસ્તકના વનવિભાગે કરેલ કામો | ૧૪૬ |
| **મનસુખભાઈ પાં. ભુવા** | |
| અમરેલી જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૧૭૦ |
| અમરેલી જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે ફાળવેલ જમીન | ૩૨૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મનસુખભાઈ પાં. ભુવા** | |
| ધારી અને બગસરા તાલુકામાં ગામોને ઈ-ધરા યોજના હેઠળ સમાવેશ | ૨૭૩ |
| શેલ દેદુમલ સિંચાઇ યોજનાને થયેલ નુક્સાન બાબત | ૩૮૭ |
| **મફતલાલ મો. પુરોહિત** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૬ |
| બનાસકાંઠા જિલ્લાની થાવર અને ગુંદરી ચેકપોસ્ટની આવક | ૪૯૬ |
| બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓને ફાળવેલ ગ્રાન્ટ | ૩૯૧ |
| બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કેડરવાર ખાલી જ્ગ્યાઓ | ૧૪૫ |
| બનાસકાંઠા જિલ્લામાં ટપક અને ફુવારા પદ્ધતિ | ૫૩૮ |
| બનાસકાંઠા જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ લાભ | ૩૧૬ |
| બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી કર્મચારીઓની કેડરવાઈઝ ખાલી જ્ગ્યાઓ | ૩૩૬ |
| બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામગીરી | ૧૮૦ |
| રાજ્યની નગરપાલિકાઓમાં કોમન કેડર | ૪૨૨ |
| **મહંમદજાવીદ અ. પીરઝાદા** | |
| પાટણ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના વધુ છાત્રાલયો ખોલવા કરેલ આયોજન | ૪૨ |
| રાજકોટ જિલ્લાની શાળાઓમાં ફાયર સેફટીની સુવિધા | ૩૪૫ |
| રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજનામાં વિદ્યુતિકરણ માટેની અરજીઓ | ૪૮૬ |
| રાજકોટ જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તક્ના મરામતના રસ્તા | ૩૩૭ |
| રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ | ૩૧૭ |
| રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ | ૧૩૯ |
| રાજકોટ જિલ્લામાં લઘુમતીઓના ક્લ્યાણ પાછળ કરેલ ખર્ચ | ૨૫ |
| રાજકોટ જિલ્લામાં વીજ ક્ષેત્રનીબેદરકારીને લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ | ૫૩૩ |
| વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૯માં ઉર્જા ક્ષેત્રે થયેલા એમ.ઓ.યુ. | ૫૫૧ |
| **મહેન્દ્રસિંહ પ. સરવૈયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૬ |
| આર.ટી.ઓ. ક્ચેરી ભાવનગરની આવક | ૫૫૭ |
| પાલીતાણા જિલ્લામાં ગણોતધારાની પેન્ડીંગ અરજીઓ | ૩૪૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૩ |
| બાજપાઇ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ ભાવનગર જિલ્લાની સહાય મેળવવાની અરજીઓ | ૪૯૮ |
| ભાવનગર જિલ્લાના ગોપનાથ બંધારા અંગે | ૩૮૫ |
| ભાવનગર જિલ્લામાં તલાટીઓની ઘટ | ૧૭૬ |
| ભાવનગર જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો | ૫૩૯ |
| ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ માટેની અરજીઓ | ૧૯૫ |
| ભાવનગર જિલ્લામાં રાજય સરકારના મંજૂર થયેલ રસ્તા | ૨૮૦ |
| ભૂકંપ સંશોધન ખાતે નવા સંશોધન પ્રોજેક્ટ શરૂ કરવા બાબત | ૩૨૪ |
| **મહેન્દ્રસિંહ શં. વાઘેલા** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૭૩ |
| મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્મ હેઠળ શોચાલય બનાવવા બાબત | ૧૭૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મહેન્દ્રસિંહ શં. વાઘેલા** | |
| મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવેલ અરજીઓ | ૧૩૩ |
| સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાના લાભાર્થીઓ | ૩૪ |
| સાબરકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના નવીન રસ્તા માટેની દરખાસ્ત | ૩૧૮ |
| સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ ન થવા બાબતની ફરિયાદો | ૧૯૫ |
| સાબરકાંઠા જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨ |
| સાબરકાંઠા જિલ્લામાં રેતી તથા કાંકરી ભરવા રોયલ્ટી પાસની વ્યવસ્થા | ૫૨૬ |
| **માનસિંહ કો. ચૌહાણ** | |
| ખેડા જિલ્લામાં કાર્યરત સાંધ્ય કોર્ટો | ૫૪૧ |
| ખેડા જિલ્લામાં ખાદ્યતેલ-અનાજના સંગ્રહખોરો ઉપર પાડેલા દરોડાઓ | ૧૫૬ |
| ખેડા જિલ્લામાં મુક્ત કરાયેલ બાળમજૂરો | ૧૮ |
| ખેડા જિલ્લામાં સગર્ભા મહિલાઓને પોષણક્ષમ આહાર પાછળ થયેલ ખર્ચ | ૩૧૬ |
| રૈયોલી ગામે ડાયનાસોર મ્યુઝિયમ | ૪૦૫ |
| **માયાબેન સુ. કોડનાની** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૫૧ |
| **મૂળુભાઈ હ. આયરબેરા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૪ |
| જામનગર જિલ્લામાં આંગણવાડીના મકાનો | ૩૩૨ |
| જામનગર જિલ્લામાં ચેરનું વિતરણ | ૧૬૦ |
| જામનગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી | ૩૦૯ |
| જામનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજનાની મળેલ અરજીઓ | ૧૬ |
| દ્વારકા ખાતે દરિયાઇ કાંઠાનું ધોવાણ | ૪૨૮ |
| ભાણવડ-ખંભાળીયા અને લાલપુર તાલુકામાં સિંચાઇ યોજના માટે સર્વે | ૪૦૧ |
| રાજ્યમાં પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંકના મકાનોની મરામત | ૪૯૧ |
| સૌરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત | ૪૬૧ |
| **મેઘજી ડા. કણઝારીયા** | |
| એ.આર.ટી.ઓ કચેરી પોરબંદરની આવક | ૫૪૮ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૧ |
| જામનગર જિલ્લામાં ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | ૨૯૨ |
| જામનગર જિલ્લામાં ટેરેસ તલાવડી યોજના | ૧૮૦ |
| જામનગર જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૪૬ |
| નર્મદા યોજના અંતર્ગત સોરાષ્ટ્ર શાખા નહેરના કામો | ૫૨૨ |
| સાની સિંચાઈ યોજનાની અધુરી કેનાલોનાં કામકાજ બાબત | ૪૦૧ |
| **મોહંમદ ફારૂક હુ. શેખ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૬ |
| અમદાવાદ શહેરમાં ખૂન, ચોરી, લૂંટ, ધાડ, બળાત્કાર અને અપહરણના બનેલા બનાવો | ૫૧૮ |
| અમદાવાદ શહેરમાં વેટના પાડેલ દરોડા | ૨૨ |
| પાલડી ખાતે આવેલ સુદામા રીસોર્ટ સામે ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ | ૫૪૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મોહંમદ ફારૂક હુ. શેખ** | |
| સુરતના પાંડેસરા અને ભાટેનામાં Eાવેલ ખાડીઓમાં દબાણ કરી ફેકટરીઓ ઉભી કરવા બાબત | ૨૯૪ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | |
| કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને વીજ બિલમાં સબસિડી | ૪૮૫ |
| તારાંકિત પ્રશ્નો | ૧ |
| બાળસખા યોજના હેઠળ લાભ | ૪૧૧ |
| રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની અરજીઓ | ૧૨૮ |
| સૌરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત | ૪૫૮ |
| **મોહનસિંહ છો. રાઠવા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૪૯ |
| આદિજાતિ વિકાસ વિભાગ સાથે કરેલ એમ.ઓ.યુ. | ૧૭૮ |
| ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલમાં જજની જગ્યાનું મહેકમ | ૫૩૪ |
| જેતપુર-પાવી, છોટાઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકાઓના મીની પાણી પુરવઠા યોજના | ૪૩૬ |
| ડી. સેંગની ગવર્નીંગ બોડીની મિટીંગો | ૧૪૧ |
| બાર પી.એચ.સી. મકાનનું બાંધકામ | ૪૨૧ |
| વડોદરા જિલ્લામાં ખૂન, લૂંટ, ચોરી, મારામારી અને બળાત્કારના ગુનાઓ | ૫૫૪ |
| વડોદરા જિલ્લામાં નિવૃત્ત પેન્શનરોને રીવાઈઝ પેન્શન ચૂકવવાના પડતર કેસો | ૩૭ |
| વડોદરા જિલ્લામાં પોલિસનું સ્ટેશનવાર મહેકમ | ૪૮૭ |
| વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના ગ્રુપાચાર્યોને બેરર ચેક આપવા બાબત | ૨૯૨ |
| વડોદરા જિલ્લામાં બોગસ ખાતેદારો સામે ગેરરીતિના પગલાં | ૩૨૪ |
| વડોદરા જિલ્લામાં ખેતમજૂરોના આકસ્મિક મૃત્યુ અન્વયે સહાયની મળેલ અરજીઓ | ૯ |
| સુખી સિંચાઈ યોજના અંતર્ગત બારગામ અને સટુન ગામને જોડતો પુલ બનાવવા બાબત | ૩૮૮ |
| **રજનીકાંત સો. પટેલ** | |
| નર્મદાની કેનાલો ધ્વારા પાટણ જિલ્લાને સિંચાઈનું પાણી આપવાનું આયોજન | ૫૦૨ |
| પાટણ જિલ્લામાં જમીન ધોવાણની સહાય મેળવવા માટેની અરજીઓ | ૨૭૨ |
| પાટણ જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત | ૧૪૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૩ |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૭૦ |
| **રણછોડભાઈ ક. મેર** | |
| અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન તાલુકા | ૩૯૫ |
| અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલા એમ.ઓ.યુ. | ૫૧૩ |
| અમદાવાદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણોની અરજીઓ | ૫૬૧ |
| અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૭ |
| અમદાવાદ જિલ્લામાં રસ્તાઓના કામમાં ગેરરીતિની ફરિયાદોની તપાસ | ૩૧૨ |
| અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાના લાભાર્થીઓ | ૪૨ |
| આદિજાતિ વિકાસ વિભાગનાં સરકારી કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવા બાબત | ૧૪૮ |
| ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો | ૫૪૫ |
| વન અને પર્યાવરણ વિભાગના સરકારી કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવા બાબત | ૧૮૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **રણજીતભાઈ મં. ગિલીટવાલા** | |
| >સુરત જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૬૬ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૦ |
| સુરત મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે મંજૂર પ્રોજેક્ટો | ૩૯૮ |
| **રમણલાલ વોરા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૯૬ |
| **રમણલાલ ના. પાટકર** | |
| આદિજાતિ વિસ્તારમાં ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો | ૧૬૪ |
| ઉમરગામ તાલુકામાં મીતના શબ્દ સુધારવા અંગે | ૩૨ |
| કપરાડા તાલુકાની ઉદવહન સિંચાઇ યોજનાની કામગીરી | ૩૯૭ |
| નર્મદા યોજના અંતર્ગત નહેરોના કામો | ૫૨૩ |
| બાળકોને મધ્યાહન ભોજન પછી ઝાડા ઉલટી અને ચક્કરની ગંભીર અસર થવા અંગે | ૩૪૬ |
| વલસાડ જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે ચૂકવેલ સહાય અંગે | ૨૯૭ |
| વલસાડ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા બાબત | ૩૨૭ |
| વલસાડ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે કરવામાં આવેલ વાવેતર | ૧૮૬ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૮ |
| **રમેશ વ. મહેશ્વરી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૮ |
| કચ્છ જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી | ૩૩૮ |
| કચ્છ જિલ્લામાં મોટા ચેકડેમો | ૩૯૮ |
| કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૧૬૦ |
| કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને માસિક સહાયની રકમ | ૩૧૯ |
| નર્મદાની કેનાલો દ્વારા કચ્છ જિલ્લાને સિંચાઈનું પાણી આપવાનું આયોજન | ૪૭૯ |
| **રાઘવજીભાઈ હં. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૫૯ |
| ખેતીની જમીનનો ઉપયોગ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે ન કરવા બાબત | ૫૬૪ |
| જામનગર જિલ્લામાં ૬૬ કે.વી. ના વીજ સબ સ્ટેશનો | ૫૫૦ |
| જામનગર જિલ્લામાં ખેત મજુરોના મૃત્યુ અન્વયે ચૂકવેલ વીમાની રકમ | ૫૨ |
| જામનગર જિલ્લામાં ગોચરના દબાણો | ૧૯૩ |
| જામનગર જિલ્લામાં પડતર મહેસૂલી તુમારો | ૩૩૫ |
| જામનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-રની ખાલી જ્ગ્યા | ૩૧૫ |
| જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં રોજગારી આપવા બાબત | ૧૭૪ |
| જામનગર જિલ્લામાં એસ્સાર જૂથની કંપનીઓનો બાકી વેટ | ૪૦ |
| ધોળકા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી | ૨૦૩ |
| ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવડ તાલુકામાં કુવાઓ/બોરવેલ ઉપર ૫ હોર્સ પાવર કે તેથી વધુ હો.પા. ની મોટર આપવા બાબત | ૫૨૭ |
| મોરધુના વોકળા પર થનાર નાની સિંચાઈ યોજના પોષણક્ષમ ન હોવાના કારણો | ૪૦૫ |
| સૈરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત | ૪૫૭ |
| સૈરાષ્ટ્રના મધ્યમ અને નાના ડેમોને સિંચાઈ માટે અનામત રાખવા બાબત | ૪૫૭ |
| **રાજસીભાઈ વી. જોટવા** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **રાજસીભાઈ વી. જોટવા** | |
| એ.આર.ટી.ઓ. કચેરી જૂનાગઢની આવક | ૪૯૧ |
| જૂનાગઢ જિલ્લાની હિરણ-૨ સિંચાઇ યોજનાની નહેરો પાકી કરવા બાબત | ૪૦૧ |
| જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ | ૧૭૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૩ |
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | |
| આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર પોલીસ કર્મચારીઓના આવાસો | ૫૬૧ |
| આણંદ જિલ્લામાં બોગસ રેશનીંગકાર્ડ પકડવા બાબત | ૧૮૯ |
| આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી | ૧૬૯ |
| ગાંધીનગરમાં ઉભા કરેલા આઈ.ટી. ઝોનમાં સરકારે ફાળવેલ જમીન | ૩૨૯ |
| જળાશય અને બંધારાની જમીન સિમેન્ટ ફેક્ટરીને ફાળવવા કાર્યવાહી | ૩૪૨ |
| નર્મદા યોજના બાબતે ટાટા કન્સલ્ટન્સીનો રિપોર્ટ | ૫૪૫ |
| બોરસદ તથા આંકલાવ તાલુકામાં ધોરણ-૧૧ તથા ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવા બાબત | ૩૦૩ |
| રાજ્યે પીકઅવર્સની ખરીદેલ વિજળી | ૫૧૨ |
| **રામસિંહ પ્ર. પરમાર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૩ |
| ખેડા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓની ખાલી જગ્યાઓ | ૧૬૬ |
| ગાંધીનગર ખાતે ફરજ બજાવતા બાકી રહેલ બિન બદલીપાત્ર કર્મચારીઓને રાહતના પ્લોટ | ૩૧૪ |
| ઠાસરા તાલુકામાં પીવાલાયક પાણી | ૪૦૩ |
| રાજ્યમાં નકલી ચલણ ઘુસાડવાના બનેલા બનાવો | ૫૧૦ |
| **લક્ષ્મણભાઈ પ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૧૬ |
| જૂનાગઢ જિલ્લામાં ફિડરોનું વિભાજન | ૫૨૧ |
| નવસારી જિલ્લાની સરકારી શાળાઓમાં આગ સામે રક્ષણની કામગીરી | ૨૯૬ |
| નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર | ૧૭૮ |
| **લાલજીભાઈ પ્રે. સોલંકી** | |
| કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને વીજ બીલમાં સબસીડી | ૫૩૦ |
| ખેતી વિષયક જંતુનાશક દવાઓની ગુણવતા માટે વ્યવસ્થા | ૨૯૮ |
| જામનગર જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૧૮૬ |
| જામનગર જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શોચાલયો બનાવવા બાબત | ૧૬૪ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૫ |
| પ્રવચન વાંચીને કરવા અંગે | ૨૧૯ |
| મોજ સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવા બાબત | ૩૯૦ |
| **લાલસિંહ ઉ. વડોદીયા** | |
| આણંદ અને ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ચાલુ ન હોવા બાબત | ૧૪૮ |
| આણંદ અને ખેડા જિલ્લામાં વરસાદી પાણીના કાયમી નિકાલ માટે કાંસો બનાવવા બાબત | ૩૯૭ |
| આણંદ ખાતે સરકારી સીવીલ હોસ્પિટલ બાબત | ૪૨૫ |
| આણંદ જિલ્લાના નવા બનેલા તાલુકામાં પોલીસ મથકની વ્યવસ્થા તેમજ સ્ટાફની સગવડો | ૫૨૦ |
| આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાનો | ૩૪૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **લાલસિંહ ઉ. વડોદીયા** | |
| આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવેલ અરજીઓ | ૧૮૨ |
| આણંદ જિલ્લામાં કોમર્શિયલ પાયલોટના તાલીમ માટે લોનની મળેલ અરજીઓ | ૪૧ |
| આણંદ જિલ્લામાં ગામડાથી ગામડાને જોડતો અને ગામડાથી પરા વિસ્તારને જોડતા કાચા માટીના રસ્તાને પાકા બનાવવા અરજીઓ | ૩૧૪ |
| આણંદ જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટેની અરજીઓ | ૫૪૭ |
| આણંદ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ | ૩૩૫ |
| આણંદ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત | ૧૯૭ |
| આણંદ જિલ્લામાં મકાન બાંધવા આપેલ સહાયની મળેલ અરજીઓ | ૨૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૧ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૭ |
| **લીલાધરભાઈ ખો. વાઘેલા** | |
| ઉત્તર ગુજરાતના ખેડૂતોને ખેતીના ભાગ આપવા માટેની ફરિયાદો | ૩૨૨ |
| કાંકરેજ તાલુકાના વડા ગ્રામ પંચાયતની વિભાજનની દરખાસ્ત | ૧૩૧ |
| ડીસા ખાતેની જેલ બંધ રાખવા અંગે | ૫૪૨ |
| ડીસા તાલુકાના ગામો જ્યોતિ ગ્રામ યોજના થી વંચિત | ૫૫૯ |
| બનાસકાંઠા જિલ્લામાં શોધી કાઢેલ બાળમજૂરો | ૬ |
| બનાસકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત | ૧૭૫ |
| બનાસકાંઠા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો | ૩૩૯ |
| બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ | ૩૬ |
| બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ બી.પી.એલ. કાર્ડ | ૧૯૪ |
| બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી | ૩૮૩ |
| બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાની નહેરોનું કામ | ૪૧૯ |
| બનાસકાંઠામાં તાલુકાવાર આપવામાં આવેલ પોષડોડાના લાયસન્સ | ૫૦૭ |
| રાજયમાં ટૂકડા ધારા સમિતિનો અહેવાલ | ૨૭૪ |
| નિર્મળ ગુજરાત વર્ષ અંતર્ગત પે એન્ડ યુઝ ટોયલેટનું નિર્માણ | ૪૩૫ |
| **વંદનાબેન મ. મકવાણા** | |
| એ.આર.ટી.ઓ. કચેરી જૂનાગઢની આવક | ૪૮૯ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૪ |
| જામનગર જિલ્લાની દિગ્વીજય સિમેન્ટ કંપની પાસેથી વસૂલવાની બાકી વેટની રકમ | ૧૮ |
| જૂનાગઢ જિલ્લાના ગામોને બલ્ક પાઇપ લાઇન દ્વારા નર્મદાનું પાણી આપવા જૂથ પાણી પુરવઠા યોજના | ૪૦૨ |
| મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે થયેલ વાવેતર | ૧૭૦ |
| શબ્દો દૂર કરવા અંગે | ૨૨૮ |
| **વજુભાઈ વાળા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૯ |
| અંદાજપત્રની ચર્ચાના કાર્યક્ષેત્ર અંગે | ૨૪૩ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૨૩૧ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૨૩૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **વજુભાઈ વાળા** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૭ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૭ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૮ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૮ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૬૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૬૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૯ |
| **વજેસિંગભાઈ પા. પણદા** | |
| દાહોદ અને ગરબાડા તાલુકામાં સરદારપટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ મંજૂર ચેકડેમો | ૪૩૭ |
| દાહોદ ચેકપોસ્ટની આવક | ૫૪૪ |
| દાહોદ જિલ્લાના ખેતી વિષયક વીજ જોડાણો | ૫૬૧ |
| દાહોદ જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી | ૩૦૪ |
| દાહોદ જિલ્લામાં પીવાના પાણીની અછત | ૪૨૭ |
| દાહોદ જિલ્લામાં રોગ ચિકિત્સાના કાર્યક્રમમાં થયેલ પોલીસ ફરિયાદ | ૫૧૨ |
| દાહોદ જિલ્લામાં રોપા ઉછેર નર્સરી કેન્દ્રો આપવા | ૧૯૮ |
| દાહોદ જિલ્લામાં રોપા રોપવા બાબત | ૧૮૨ |
| દાહોદ જિલ્લામાં વનતલાવડી, ચેકડેમ અને જૂથ કૂવાના કામ કરવા બાબત | ૧૪૯ |
| દાહોદ જિલ્લામાં સ્વજલધારા યોજના અંતર્ગત કામો | ૪૦૦ |
| દાહોદ શહેર પાસેના રળીયાતી ગામ પાસેના જર્જરીત હાલતના પુલ અંગે | ૩૨૯ |
| દાહોદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની મળેલ અરજીઓ | ૭ |
| **વર્ષાબેન ન. દોશી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૦ |
| આયુર્વેદ કોલેજોમાં બેઠક ક્ષમતા વધારવાની યોજના | ૪૧૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૬ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૫ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જગ્યાઓ | ૩૦૯ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં મંજૂર કરેલ કામ | ૧૫૭ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં સેકટર રિફોર્મ યોજના અન્વયે મંજૂર કામો | ૪૩૩ |
| **વલ્લભભાઈ ગો. કાકડિયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૧ |
| અમદાવાદ શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવા બાબત | ૧૬૫ |
| રાજ્યની હોસ્પિટલોમાં ઉચ્ચ ટેક્નોલોજી આધારીત એમ.આર.આઇ. મશીનો | ૩૯૬ |
| લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ડી.ડ ઓઈલ ફીલ્ડમાંથી ગેસ ફાળવવા બાબત | ૪૯૯ |
| **વસંતકુમાર પ. ભટોળ** | |
| પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ મળેલ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ | ૩૮૮ |
| બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ | ૧૭ |

| વિષય | પાના નંબર |
| --- | --- |
| **વસંતકુમાર પ. ભટોળ** | |
| બનાસકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો | ૩૩૮ |
| બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત | ૧૭૩ |
| બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો | ૫૧૨ |
| બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓ શરૂ કરવાની અરજીઓ | ૩૨૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૫ |
| **વસુબેન ત્રિવેદી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૨ |
| ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના | ૧૯૨ |
| જામનગર જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત અરજીઓ | ૩૦૮ |
| જામનગર જિલ્લામાં સખી મંડળોની રચના | ૧૭૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૭૪ |
| રાજ્યમાં મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવાની કાર્યવાહી | ૩૯૫ |
| **વિજયભાઈ ર. પટેલ** | |
| આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ અંગે સહાય | ૧૬૪ |
| ડાંગ જિલ્લામાં આપત્તિ નિવારણ કેન્દ્રની કામગીરી પાછળ ખર્ચ | ૩૨૫ |
| ડાંગ જિલ્લામાં કૃષિ વિષયક સહાય માટે મળેલ અરજીઓ | ૨૯૫ |
| સાપુતારા ગીરીમથક્ના વિકાસ માટે યોજના | ૩૮૯ |
| **વિભાવરીબેન વિ. દવે** | |
| ક્ષેત્રિય વન વિભાગ દ્વારા ભાવનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૧૭૫ |
| પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનિટી હોલ બનાવવાની યોજના | ૫૨૬ |
| ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો મંજૂર કરવા બાબત | ૧૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૭૯ |
| **શંકરભાઈ દે. વાઘેલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૬૮ |
| આણંદ અને ખેડા જિલ્લા પંચાયતનું મહેકમ | ૧૭૬ |
| આણંદ અને ખેડા જિલ્લામાં પશુ સારવાર દવાખાના | ૩૪૩ |
| કાંસો દ્વારા વરસાદી પાણીનો નિકાલ | ૩૮૮ |
| ખેડા અને આણંદ જિલ્લામાં પશુ સારવાર નિદાન કેમ્પ | ૩૧૨ |
| ખેડા અને આણંદ જિલ્લામાં વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન | ૩૩૪ |
| ખેડા અને આણંદ જિલ્લામાં સખી મંડળોની રચના | ૧૩૫ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | |
| નર્મદા યોજના અંતર્ગત રાધનપુર, સાંતલપુર અને વાવ તાલુકામાંથી પસાર થતી કચ્છ શાખા નહેરોના કામો | ૫૪૮ |
| પાટણ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના રસ્તાના કામો | ૩૦૦ |
| પાટણ જિલ્લામાં ગરીબ કુટુંબોને તહેવારમાં સસ્તા દરે પામોલીન તેલ આપવા બાબત | ૧૬૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૭૬ |
| વારાહી ખાતે સી.એચ.સી. શરૂ કરવા બાબત | ૪૦૭ |
| સાંતલપુર તાલુકામાં ખનિજોનું ઉત્ખનન નું કામ | ૫૨૧ |
| સાંતલપુર તાલુકામાં ખાસ મૂડીરોકાણ વિસ્તારો બનાવવા બાબત | ૫૬૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **શંકરભાઈ લ. ચૌધરી** | |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૬૬ |
| **શંભુજી ઠાકોર** | |
| ગાંધીનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૧૬૫ |
| માનવ કલ્યાણ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાંથી આવેલ અરજીઓ | ૫૧૭ |
| **શંભુપ્રસાદ બ. ટુંડિયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૬૩ |
| નર્મદા યોજના અંતર્ગત ખોરાઘોડા તથા ગોરૈયા શાખા નહેરના કામો | ૪૯૨ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૪ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી | ૪૦૬ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મકાનો મંજૂર કરવા બાબત | ૧૩૭ |
| સ્વર્ણિમ જયંતીનીઉજવણીઅંગે | ૪૬૯ |
| **શક્તિસિંહ હ. ગોહિલ** | |
| અંદાજપત્રના પત્રકો સભ્યશ્રીઓને સમયસર નહિ મળવા અંગે | ૮૮ |
| અંદાજપત્રની ચર્ચાના કાર્યક્ષેત્ર અંગે | ૨૪૨ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૪૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૪૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૮૯ |
| **શિરિષકુમાર મ. શુકલ** | |
| આણંદ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત | ૨૯૧ |
| ગુજરાત પેટર્ન યોજનામાં નાણાંકીય જોગવાઈ | ૧૬૪ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૬૯ |
| રાજ્યની હોસ્પિટલોમાં ઉચ્ચ ટેક્નોલોજી આધારીત એમ.આર.આઈ. મશીનો | ૪૧૪ |
| વીજળી પરના ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો | ૪૯૨ |
| **શૈલેષ મ. પરમાર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૩ |
| અમદાવાદ શહેર ખાતે લઠ્ઠાકાંડમાં નિરાધાર બહેનોને ચૂકવેલ સહાય | ૩૧૬ |
| અમદાવાદ શહેરમાં બેરોજગારોને રોજગારી | ૨૮ |
| આંગણવાડી વર્કર અને હેલ્પરને માનદ વેતન | ૩૩૫ |
| કારગીલ યુધ્ધ સમયે ગુજરાતના શહીદ થયેલા જવાનોના પરિવારોને સહાય | ૫૬૪ |
| જે.એન.યુ.આર.એમ. અંતર્ગત રાજ્ય કક્ષાએ મળેલ ગ્રાન્ટ | ૪૨૬ |
| મોટેરા આશારામ આશ્રમની દબાણ કરેલ જમીનમાં કબજો પરત લેવા બાબત | ૩૪૫ |
| માનવ અધિકાર પંચના સભ્યોની નિમણૂક કરવા માટે સમિતિની રચના | ૫૨૧ |
| મુખ્ય મંત્રી અને મંત્રી મંડળના સભ્યોનો કાર્યાલય અને નિવાસ સ્થાનના ટેલીફોનનો ખર્ચ | ૫૪૮ |
| રાજ્ય સરકાર દ્વારા લીધેલ લોન | ૪૩ |
| રાજ્યમાં નવી ટાઉનશીપ પોલીસી | ૩૯૮ |
| રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ | ૧૫૦ |
| **સિધ્ધાર્થ ચી. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૩૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **સિધ્ધાર્થ ચી. પટેલ** | |
| પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન | ૨૬૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૭ |
| રાજ્ય સરકારનું જાહેર દેવું તેમજ ચૂકવેલ વ્યાજ | ૧૫ |
| રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે જિલ્લાવાર ફાળવેલ રકમ | ૧૮૪ |
| વડોદરા જિલ્લામાં તલાટી-ક્મ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૧૫૭ |
| વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાઓની ઘટ | ૩૨૬ |
| વડોદરા જિલ્લામાં વિધવા પેન્શનોની પડતર અરજીઓ | ૨૯૬ |
| **સી.કે. રાઉલજી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૮ |
| પંચમહાલ જિલ્લામાં આનાવારી નક્કી કરવા અંગે | ૨૯૭ |
| પંચમહાલ જિલ્લામાં ચેકડેમો | ૪૦૯ |
| પંચમહાલ જિલ્લામાં નાની અને મોટી સિંચાઇ યોજના દ્વારા પિયત માટે પાણી | ૪૩૦ |
| પંચમહાલ જિલ્લામાં મળેલ કુટિર ઉદ્યોગની અરજીઓ | ૫૧૧ |
| પંચમહાલ જિલ્લામાં વનાધિકાર કાયદાના અમલ પછી થયેલ દાવાઓ | ૧૬૭ |
| રાજ્યમાં વન ગામોને મહેસૂલી ગામોમાં ફેરવવા બાબત | ૨૦૦ |
| વનાધિકાર કાયદાના અમલ માટેનો ખર્ચ | ૧૮૮ |
| હાલોલ/શામળાજી રોડના ફોરલેન કામ પાછળ થયેલ ખર્ચ | ૩૨૭ |
| **સુરેશકુમાર ચ. પટેલ** | |
| કલોલ તાલુકામાં તલાટીઓની ઘટ | ૧૭૨ |
| સરકારી હોસ્પિટલોમાં હડકવાની રસી | ૩૯૭ |
| **સૌરભ પટેલ** | |
| ૨૦૦૭-૨૦૦૮ના ગુજરાત ઔદ્યોગિકવિકાસ નિગમના વાર્ષિક હિસાબો તથા ઓડિટઅહેવાલ | ૫૬૭ |
| ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૫૬૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૪૨ |
| રાજયમાં વીજ ઉત્પાદન સામે વીજ માંગ | ૮૧ |
| **હરીલાલ મો. પટેલ** | |
| સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકા પાસે અગ્નિશામક દળ અને જરૂરી સાધનોની ઉપલબ્ધતા | ૪૦૦ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં કેરોસીન ફાળવવા બાબત | ૧૯૬ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતો માટે Tીતી વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતો માટે વીજ બચત યોજના | ૫૧૫ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ચેકડેમો અને વન તળાવો બનાવવા બાબત | ૧૭૮ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં બોરીબંધ બાંધવા બાબત | ૧૪૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **હર્ષદભાઈ ચુ. વસાવા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૦૬ |
| **હીરાભાઈ ઓ. સોલંકી** | |
| જૂનાગઢ જિલ્લાના વાંક્યિા પાસેના સાણા ડુંગરની જાળવણી અંગે | ૪૪ |
| પાકિસ્તાનની જેલમાંથી માછીમારોને છોડાવવા સરકાર તરફથી પગલા | ૨૯૮ |
| રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ગ્રામ પંચાયતોને પંચાયત ઘર ન હોવા બાબત | ૧૪૭ |
| રાજુલા વિસ્તારના ઓદ્યોગિક એકમોમાં આપેલ સ્થાનિક લોકોને રોજગારી | ૨૯ |
| રાજુલા સી.એચ.સી.માં શબવાહીની ન હોવા અંગે | ૩૯૧ |
| **હીરાભાઈ સોલંકી** | |
| રાજુલા તાલુકામાં પાવર પ્રોજેક્ટ માટે ટોરેન્ટ પાવર સાથે થયેલ કરારો | ૫૦૭ |
| **હીરાભાઈ હ. પટેલ** | |
| કોલગી સમિતિએ જાહેર કરેલ પછાત તાલુકા | ૫૨૮ |
| ખાનપુર તાલુકામાં પીવાના પાણીની અછતવાળા ગામો | ૪૧૧ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૨૩૧ |
| પંચમહાલ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં સાયકલોની ફાળવણી અંગે | ૨૦ |
| પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, આગ, બળાત્કાર અને અપહરણના બનાવો | ૫૫૦ |
| પંચમહાલ જિલ્લામાં વિધવા સહાયઓને મંજૂરી | ૨૯૩ |
| પંચમહાલ જિલ્લામાં શહેરી વિકાસ માટે ફાળવેલ રકમ | ૪૩૯ |
| પાવાગઢ દેવસ્થાનની આવક | ૪૩૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૭૪ |